ॐ परब्रह्मणे विश्वात्मनेऽन्तर्यामिणे नमः ।
अनादिश्रीकृष्णनारायणाय धर्ममूर्तये ॥

ભારતીય સંસ્કૃત એવમ્ સંસ્કૃતિના ઉદ્ધારક શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ

વિદ્વાનો દ્વારા સમર્પિત

અભિનંદન ગ્રંથ





પરમધામાધિપતિ પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ

આંતરરાષ્ટ્રીય વિદ્વાન વિશ્વવંદનીય પ્રકાંડ પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ
(M.A., Ph.D., D.Phil., D.Litt)

: સંકલન :
શ્રીહરિ શરણાગતિ મંડળ (મહારાજના ભક્તો)

: પ્રાપ્તિ સ્થાન :
પરમધામ સ્મૃતિ મંદિર-ગાદી સ્થાન, જુનાગઢધામ

: પ્રકાશક :
શ્રીકૃષ્ણપ્રકાશ સ્વામી (મો. ૯૯૭૪૩ ૬૨૧૦૮)

© આ ગ્રંથના સર્વહક પ્રકાશકને આધિન છે. - પ્રકાશન : ઈ.સ.૨૦૨૪

પ્રસ્તાવના

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું દિવ્ય જીવન તેમજ અનેક સદ્‌ગુણો

'સ્વદેશે પૂજ્યતે રાજા, વિદ્વાન સર્વત્ર પૂજ્યતે'

રાજા માત્ર પોતાના રાજ્યમાં પૂજાય છે, પરંતુ વિદ્વાન તો સમસ્ત વિશ્વમાં પૂજાય છે.

ભારત પરમ પૂણ્ય ભૂમિ છે. વિદ્યાલય સંબંધ, ગુરુ પરંપરા, શાસ્ત્રોની સમાનતા, ઋષિ પરંપરાની સુરક્ષા વગેરેને કારણે વૈદિક આચાર તથા વિવિધ અવતારોની ભક્તિથી પવિત્ર બનેલી ભૂમિ એટલે ભારત દેશ.

ભારતની બે પ્રતિષ્ઠાઓ છે, એક દેવભાષા સંસ્કૃત અને બીજી ધાર્મિક સંસ્કૃતિ. ભારત વર્ષમાં ભગવાન શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસજીના સમય પછી જગતને શાસ્ત્રીય સંશુદ્ધ-સંસ્કારિત શુદ્ધ ધન સાહિત્યરૂપે અર્પણ કરી ભારતની બંને પ્રતિષ્ઠા સંસ્કૃત અને સંસ્કૃતિના ઉદ્ધારક જો કોઈ થયા હોય તો તે આંતરરાષ્ટ્રીય વિદ્વાન પ્રકાંડ પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ થયા છે.

જ્યારે કોઈ રાષ્ટ્રના પૂર્વ સંચિત પૂણ્યનો ઉદય થાય છે ત્યારે એ રાષ્ટ્રનાં વિદ્યા, શૌર્ય, ચારિત્ર્ય, જ્ઞાન, ધર્મ અને સુસંસ્કારનો અદ્‌ભૂત વૈભવ લઈને કોઈ એવા મહાપુરુષ અવતરિત થાય છે, જે પોતાના નિષ્કલંક ચારિત્ર્ય, અલૌકિક પ્રતિભા અને અનંત જ્ઞાન-ગરિમાથી પોતાના રાષ્ટ્ર અને સમાજને સર્વકાલીન પુણ્યભાવિત કરી જાય છે. આ પુણ્યશાળી મહાનુભાવ એવું જંગમ તીર્થ હોય છે કે, કોઈપણ જીવ અલ્પકાળ માટે પણ એના સંપર્કમાં આવે તો તે જીવ તેજ સમયે ધર્મવર્ચસ્વ અને જ્ઞાનવર્ચસ્વનો અલૌકિક ચમત્કાર પામીને કથીરમાંથી સુવર્ણ બન્યા વિના રહેતો નથી.

એવી જ ઉદ્ગાત સાત્ત્વિક પરંપરાના મુર્ધન્ય પરમપુરુષ એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ (પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ)ના પ્રાગટ્ય વડે સૌરાષ્ટ્રનું કુંકાવાવ ગામ, તેમનું દેવાણી પટેલ કૂળ પવિત્ર બન્યું છે, તેઓશ્રીના માતા કંભરાલક્ષ્મી અને પિતા ગોપાલકૃષ્ણ પણ કૃતાર્થ બન્યા છે. તેમજ સ્વયં પૃથ્વી દેવી પણ વિશેષ પુણ્યશાળી બની છે.

મહારાજ બાળપણથી જ યોગીરાજ જેવા સુખ-શાંતિવાળા દૈવીમૂર્તિ, તેજસ્વી મૂર્તિ હતા. ભગવાનની મૂર્તિ પાસે બેસી તાલી પાડી ભજન કરતા, પાંચમા વર્ષથી જ પૂજા કરતા.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રતીભાશાલી મહાન લેખક છે, ગૌરવશાળી સંત છે, ભારતીય સંસ્કૃતિના પરમ પવિત્ર મહાત્મા છે તથા સંસ્કૃત સાહિત્ય, વ્યાકરણ, કાવ્ય, પુરાણ, ઈતિહાસ, ધર્મશાસ્ત્ર, ન્યાય, તર્ક, વેદાંત, મિમાંસા, સાંખ્ય, યોગ તેમજ વેદોનાં અવિવાદાસ્પદ તેજસ્વી મહાન સ્કોલર પણ છે. તેથી મહારાજની ગણના વિશ્વના પ્રથમ કોટિના વિદ્વાનો, મહાકવિઓ અને સંસ્કૃતના પ્રકાંડ પંડિતોમાં થાય છે.તેમજ તેમની લેખિની બધાં તત્ત્વજ્ઞાનોની અભિવ્યક્તિ કરવામાં અપ્રતિહત સફળ ગતિવાળી છે.

મહારાજે સંસ્કૃતના શાસ્ત્રોનાં અધ્યયન, અધ્યાપન, લેખન, વ્યાખ્યાન આદિ ખૂબ કુશળતાપૂર્વક કર્યા છે, તેમજ કઠિનમાં કઠિન ગણાતા ગહન વિષયોને પોતાની કુશળતા વડે સર્વ સામાન્યને માટે પ્રભાવશાળી રીતિઓ વડે સર્વ સુલભ બનાવ્યા છે.

આપણાં દેશમાં મહાપુરુષોની ખાણો છે, પણ વિદ્વતા, સર્વશાસ્ત્રીય વિદ્વતા, ભક્તિમત્તા, નૈષ્ઠિકતા, શાસ્ત્રરચયિતૃતતા, સારસ્વતોપાસના, વૈષ્ણવતા, સાત્ત્વિકતા, નિર્વ્યસનિતા, શુદ્ધિ, પંચદેવોપાસના, ધાર્મિકતા, દ્વિજતા, કલ્યાણ વ્રતિમત્તા આવા અમૂલ્ય ગુણો જેમાં મળે તે તો ઈશ્વરનો પણ ઈશ્વર છે માટે જ મહારાજના જ્ઞાન-કર્મ-ભક્તિનાં પવિત્ર ત્રિવેણી સંસ્પર્શથી જ સમગ્ર વાતાવરણ પવિત્ર થઈ જાય છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં હજારો સંતોમાં એકમાત્ર સ્વામીશ્રી સંસ્કૃતના તમામ વિષયોમાં આચાર્ય થઈ મહાન વિદ્વાન બન્યા, જેથી તેઓ 'આચાર્ય' પદ્વીને પ્રાપ્ત કરીને 'શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ' એવાં શુભ નામથી સંપ્રદાયમાં તેમજ વિશ્વમાં પ્રસિદ્ધીને પામ્યા છે.

મહારાજના અદ્ભૂત શાસ્ત્રો ભારતીય સંસ્કૃત તેમજ સંસ્કૃતિનું રક્ષણ કરનારા તેમજ ગૌરવ વધારનારા હોવાથી આવા સર્વશ્રેષ્ઠ વિદ્વાન સંત સરકારને અને દેશને સદા માન્ય થયા છે.

મહારાજનું જીવન ત્યાગી સંત તેમજ મુમુક્ષુ બંને માટે જબરદસ્ત પ્રેરણાદાયક છે.

જે રાષ્ટ્રની સંસ્કૃતિ તેમના તત્ત્વચિંતકો પાસેથી સંસ્કારો મેળવે છે તેમજ મહારાજ જેવા સંતોના મહાન કાર્યોને બિરદાવે છે, તે રાષ્ટ્ર ચોક્કસ મહાન જ હોય છે. તેમાં બે મત નથી.

એક તરફ ન્યાય તાર્કિક, બીજી તરફ શ્રુતિ વૈદાંતિક, ત્રીજી તરફ સાંખ્ય યૌગિક, ચોથી તરફ મીમાંસાનુષ્ઠાનિક, પાંચમી તરફ ઐતિહાસિક, છઠ્ઠી તરફ સર્વ દાર્શનિક અને સાતમી તરફ કાવ્યક્ષેત્રિક એવા સંસ્કૃતના ગહન વિષયોમાં જેમની તલસ્પર્શી ગતિ છે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ કેવલ સ્વામિનારાયણ સંપ્રદાયના અલંકાર છે એમજ નથી, પણ સમસ્ત વિદ્વાન મંડલોના તેમાં પણ પૃથ્વીના અને વિશેષપણે ભારતના મહાઅલંકાર છે, એમાં અતિશયોક્તિ નથી માટે જ મહારાજના આદર્શ વ્યક્તિત્વ તથા કુશળ કર્તૃત્વ વિશે ક્યા બુદ્ધિશાળીને ગર્વ ના થાય ?

સંસ્કૃત જગતમાં વિદ્વાનો તો ઘણાં હોય છે, તેઓ કોઈ એક, બે કે ત્રણ વિષયમાં જ વિદ્વાન હોય છે. તેમજ ઘણાં વિદ્વાનો પોતાની વિદ્યાનો શાસ્ત્ર દ્વારા લોકકલ્યાણ માટે ઉપયોગ પણ નથી કરી શકતા પરંતુ મહારાજ તો સંસ્કૃતના સાંખ્યયોગ, દર્શન, મીમાંસા, વેદાંત, ન્યાય આદિક તમામ વિષયોમાં વિદ્વાન છે અને એ તમામ વિષયો પર લોકકલ્યાણાર્થે એમણે અદ્ભૂત શાસ્ત્રો પણ રચ્યા છે, એ મહારાજનું વ્યાસપણું સિદ્ધ કરે છે.

મહારાજની અવગણના કરનારા ઘણાં તેજોદ્વેષી વલખાં મારે છે, પણ મહારાજના

કોઈ પ્રબળ સામર્થ્યને કારણે જેઓ પોતે જ હલકાં બનતાં જાય છે.

વિખ્યાતી પામેલા મહારાજને પાછા પાડવા અનેક ડોળિયા ઈર્ષ્યુકોએ વાવાઝોડાં ઉપદ્રવો ઉપજાવ્યા, ખોટાઈઓ પ્રેરી પણ તેઓ તેમની જ કપટ-માયામાં, ઈર્ષ્યામાં, બળતરામાં દાઝીને કોલસા જ બની રહ્યાં. પણ મહારાજની વિદ્યાને તથા કીર્તિને કોઈ પહોંચી શક્યા નહિં.

યુગનાં વર્તમાન પ્રતિનિધિ એજ મહાપુરુષ છે કે, જે પોતાના પૂર્વાચાર્યોથી પ્રાપ્ત જ્ઞાનની સાથે જીવનભરની આધ્યાત્મિક સાધનાઓ દ્વારા અનુભૂત વિજ્ઞાનને પણ એ જ પરંપરામાં પોતાની કલમ દ્વારા પ્રગટ કરે છે, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પણ આજ ભારતીય દર્શનના એક એવા જ યુગ પ્રતિનિધિ મહાપુરુષ તેમજ પરમપુરુષ પરમાત્મા છે.

મહારાજે પોતાનાં સ્વયં સિદ્ધ દિવ્ય જ્ઞાન દ્વારા આખા જગતને પ્રકાશિત કરીને યુગો સુધી પોતાનો પ્રભાવ છોડી ગયા છે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે નિજ જીવનમાં સંહિતા, શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ, સૂત્ર, ભક્તિશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર આદિનાં ૧૦૮ પારાયણ સંપૂર્ણ કર્યા છે. તેમજ કુરાન, બાઈબલ, ગુરૂગ્રંથસાહેબ વિશ્વપટ્ટદર્શન, જૈનતત્ત્વપ્રકાશ, ભારત વર્ષના તમામ ઉપાસક સંપ્રદાય વગેરેનો ઊંડો અભ્યાસ કરી તેમના પર વ્યાખ્યાનો પણ આપ્યા છે, ઘણાંય તપસ્વી અનુષ્ઠાનો કર્યા છે, ઘણે સ્થળે સ્વામિનારાયણ મંદિરના જીર્ણોદ્ધાર તેમજ સભામંડપો કરાવ્યા છે.

મહારાજમાં જ્ઞાન-વિજ્ઞાન સાગર સાથે મુનિવ્રત, શક્તિઓ સાથે ક્ષમાવ્રત, ત્યાગશીલતાઓ સાથે અપ્રશંસાવ્રત, સન્માનો હોવા છતાં નિર્માનવ્રત, આજીવન નૈષ્ઠિકશીલવ્રત, સંજ્ઞસ્થિતી, ભાગવતી ભક્તિ, ગ્રંથવિદ્યા, પરિશીલન, ભજન-કિર્તન, નિયમ-રક્ષણ તથા પરોપકારી વિદ્યા ભણાવવી, ઉપદેશ કથા પારાયણ વગેરેમાં જીવનવ્રતવાળા છે.

મહારાજની પ્રતિભા તેમનું વ્યક્તિત્વ અને કૃતિત્ત્વની વિશાળતા અને પ્રગલ્ભતા તેમને આ યુગના વ્યાસ તરીકે તો ઓળખાવે જ છે. પરંતુ અસંખ્ય લોકોએ તેમનામાં ભગવાનપણાના તમામ ગુણો, ઐશ્વર્યો, લીલાચરિત્રો તેમજ ચિહ્નોના કરેલા સાક્ષાત દર્શન એ મહારાજને સ્વયં જાણે અનંત જીવાત્માઓનું કલ્યાણ કરવા માટે પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ જ આ પૃથ્વી પર કૃપા કરીને પરમધામથી પધાર્યા હોય તેવું અવશ્ય લાગે છે.

અહીં ગ્રંથની પ્રસ્તાવનામાં મહારાજના દિવ્ય જીવનચરીત્ર અનેક ગુણો તેમજ તેમની વિદ્વતા-શાસ્ત્રો કોનું કેટલું વર્ણન કરવું ? જેટલું વર્ણન કરીએ એટલું ઓછું છે. આ અભિનંદન ગ્રંથ સંપૂર્ણ મહારાજના ગુણાનુવાદથી ભરપૂર સુસમૃદ્ધ છે માટે સર્વવાચક મિત્રોને અતિ ધ્યાનપૂર્વક આ સંપૂર્ણ અભિનંદનગ્રંથનું વાંચન, મનન કરવા અમારી નમ્ર વિનંતી છે.

સંસ્કૃત વિદ્યાભ્યાસ તેમજ શાસ્ત્રોનો મહિમા

ભારતના પ્રસિદ્ધ વિદ્વાન, સર્વશાસ્ત્ર સંપન્ન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે જગતના અને ભારતભરનાં ઉપકાર માટે ૫૭ જેટલા ગ્રંથો સંસ્કૃત-હિન્દી-ગુજરાતી આદિકમાં લખ્યાં છે.

ભારતના પરીક્ષા વિભાગમાં કેટલાક ગ્રંથો પ્રચલિત છે. ઈંગ્લેન્ડ, જર્મની, ફ્રાન્સ, ઈટલી, અમેરિકા, જાપાન, સિલોન આદિના સંસ્કૃત વિભાગોમાં વિશ્વની પ્રસિદ્ધ લાયબ્રેરીઓમાં આ ગ્રંથો સ્વીકૃત છે. ઓક્સફર્ડ, કેમ્બ્રિજ આદિ યુનિવર્સિટીઓમાં કોઈને કોઈ ગ્રંથોએ ખ્યાતિ પ્રાપ્ત કરી છે. બનારસ, કલકત્તા, નદીયા, અમૃતસર, પૂના, દ્રાવિડ, મદ્રાસ, વડોદરા આદિ વિદ્યા શિક્ષાની પરીક્ષા સંસ્થાઓમાં પણ ઘણાં ગ્રંથો માનપાત્ર થયા છે.

મહારાજના તમામ શાસ્ત્રો સમસ્ત જગત માટે અવશ્ય ઉપકારી નિવડે તેવા છે.

મહારાજના ગ્રંથોએ પ્રાચ્ય અને પાશ્ચાત્ય બંને સંસ્કૃતિની સમાન સેવા કરી છે. તેમજ રાષ્ટ્ર અને ધર્મની પણ સમાન સેવા કરી છે.

વિદ્વાનોને તો મહારાજના શાસ્ત્રોની યાદી જોતાં જ એમની શાસ્ત્રજ્ઞતા અને વિદ્યાપાસના માટે આદર ઉપજે છે.

ભારતના મનીષિઓ ભારતીય સંસ્કૃતિના જે ઉચ્ચ સંસ્કારો ઊગતી પેઢીઓમાં સિંચવા ઈચ્છતા હતા અને દેશાંતરને પણ આપવા ઈચ્છતા હતા તે જ વસ્તુ મહારાજના ગ્રંથોએ વિશ્વને તેમજ ભારતને આપી છે.

ભગવાન ધનવન્તરીએ જે કાર્ય આયુર્વેદ માટે કરેલ છે તથા અશ્વિનીકુમારોએ જે ઔષધીઓ ખોળી છે, તેવું રસપ્રદ અમર કામ જ્ઞાનૌષિધિઓની શોધ, મહારાજે સંસ્કૃત સાહિત્ય માટે સંપૂર્ણ કરેલી છે.

એમણે શાસ્ત્રોની નવી રચનાઓમાં વેદ વ્યાસનું તથા શંકરાચાર્યજીનું તથા રામાનુજાચાર્યજી જેવું અજોડ અદ્‌ભુત કાર્ય કરેલ છે.

મહારાજે અનેક રાષ્ટ્રીય માન-સન્માન પ્રાપ્ત કર્યા છે. અનેક પ્રાચીન ગ્રંથો પર ટીકાઓ લખીને સ્વામીશ્રીએ ખૂબ મોટું અને ચિરંજીવ સર્જન કાર્ય કર્યું છે. તર્ક, સાંખ્ય, યોગ, મીમાંસા, અને ન્યાયશાસ્ત્ર પર એમણે કરેલું કાર્ય સદાકાળ યાદગાર રહેશે. એમના પ્રયત્નોથી, અનેક વિષયો પર એમણે કરેલા કાર્યથી અનેક અભ્યાસીને સરળતા પ્રાપ્ત થઈ છે. જે ભારતીય સંસ્કૃતિ પર મહારાજનો મોટો ઉપકાર છે.

મહારાજના ઘણાં તાત્ત્વીક દાર્શનીક ગ્રંથો ભણીને ઘણાં વિદ્વાનો, સાધુઓ, સન્યાસીઓ, યતિઓ, આચાર્યો, મુનિઓ, જતિઓ, સાધ્વીજીઓ પણ નિજ નિજ સંપ્રદાયના ધર્માનુયાયિપણાંને ટકાવવા સમર્થ થયા છે.

મહારાજે પોતાના શાસ્ત્રો દ્વારા હિન્દુઓના આચાર ધર્મ, ભાગવત ધર્મ, શરણાગતિ

ધર્મ, બ્રહ્મસંબંધ ધર્મ, શુદ્ધાદ્વૈત ધર્મ, પ્રેમ ધર્મ, ઉપાસનાધર્મ, ભક્તિ ધર્મ, સર્વાર્પણ ધર્મ, ગુરૂ ધર્મ, સેવા ધર્મ વગેરે હિન્દુ સમાજમાં પૂરેપૂરો પ્રવર્તાવ્યો કે જેની અત્યંત આવશ્યકતા હતી. હવે આનાથી અનેક માનવો સૈદ્ધાંતિત ઉપાસના વડે ગોલોક, વૈકુંઠ, કૈલાસ આદિક બ્રહ્મલોકની મુક્તિ મેળવશે.

મહારાજ રચિત સાહિત્ય ફક્ત સંસ્કૃતને જ નહિ, કિંતુ સર્વપ્રકારના વિદ્યાપ્રેમીઓને પ્રેરણા આપનારું છે. તેમની અનેક કૃતિઓ સર્વ પ્રકારના સાહિત્ય માટે પૂર્ણ નિર્દેશન અને માર્ગદર્શન પુરું પાડનારી છે.

ભારતીય સંસ્કૃત ભાષાને જીવતી રાખવા માટે મહારાજનો પ્રયત્ન ખૂબ જ સ્તુત્ય છે; તેમના રચિત શાસ્ત્રો દ્વારા રાષ્ટ્રીય સંસ્કૃતિની અવિચળ ઉપયોગીતા ખૂબ જ વધતી રહેશે.

વાતચીતમાં વખત જાય તે તેટલી ક્ષણ પુરતો ઉપયોગી થાય, પણ તે વખત લેખનમાં સાર્થક થાય તો ભવિષ્યમાં કરોડોને ઉપયોગી થાય. ગીતા અર્જુનને ઉપયોગી થઈ, પણ વ્યાસજીએ લખી તો વિશ્વને ઉપયોગી થઈ પડી છે. આમ ક્ષણનું મૂલ્ય સમજનારા મહારાજે જગતને ઉપયોગી એવા ગ્રંથો રચી આપ્યા છે.

મહારાજનાં વિદ્વતાપૂર્ણ શાસ્ત્રો પરથી 'ધર્માચાર્ય જગદ્‌ગુરૂ શંકરાચાર્યજી મહારાજ તેમજ અનેક વિદ્વાન પંડિતોએ સ્વામીશ્રીને 'શ્વેતાયન વ્યાસ' માન્ય ગણ્યા છે.

મહાધર્મગ્રંથ શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાનો મહિમા

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે વિદ્વત્તાપૂર્ણ ગ્રંથો, સમીક્ષાત્મક ટીકાઓ તથા લાક્ષણિક કૃતિઓમાં પણ સર્વાધિક મહત્ત્વપૂર્ણ શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા (શ્રીશ્વેતાયન સંહિતા) નામના કલ્યાણકારી મહાધર્મગ્રંથની રચના ૧,૨૬,૦૦૦ (એક લાખ છવ્વીસ હજાર) શ્લોકોમાં કરી છે.

આ મહાસંહિતામાં મહારાજે ભારતીય દર્શન, તત્ત્વજ્ઞાન, પરમાર્થચિંતન, વેદ, શાસ્ત્ર, ઉપનિષદ આદિ સમગ્ર ભારતીય જ્ઞાન-વિજ્ઞાનનું દોહન કરીને કૃતયુગ સંતાન, દ્વાપરયુગ સંતાન, ત્રેતાયુગ સંતાન તથા તિષ્યયુગ સંતાન નામના ચાર ખંડોમાં સમગ્ર ભારતીય ઈતિહાસ અને દર્શનને ગાગરમાં સાગર સમાન ભરી દીધું છે. મહાભારતનાં સંદર્ભમાં જે ઉક્તિ પ્રસિદ્ધ છે તે આ મહાસંહિતાના સંદર્ભમાં પણ કહી શકાય તેમ છે. 'યાદિહાસ્તિક પદન્યત્ર, યન્નેહાસ્તિ ન કુત્રચિત્' જે અહીં છે તે અન્યત્ર પણ છે અને જે અહીં નથી તે ક્યાંય પણ નથી. ભગવાન શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસના મહાભારત પછી આ ધરતીના સમસ્ત દેશોમાં આટલું શસક્ત અને વિશાળકાય મહાકાવ્ય બીજું અને બીજે ક્યાંય લખાયું નથી કે જેના છંદ, છંદમાં કાવ્ય કૌશલની સંપૂર્ણ ગરિમા, અપ્રતિમ માધુર્ય અને અર્થગાંભીર્ય શબ્દ અને પંક્તિઓમાં છલકાઈ રહ્યું હોય.

મહાભારત પછી શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા એ અજોડ ઈતિહાસ છે. માટે જ વિદ્વાનોના મતે ચાર વેદ પછી પાંચમો વેદ મહાભારત પછી છઠ્ઠો વેદ એ શ્રીલક્ષ્મીનારાયણ

સંહિતા છે.

મહારાજે એક જ દશકાના પાંચ જ વર્ષમાં લખેલી શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા ભારતીય સંસ્કૃતિનું પાયાદાર પવિત્ર નવીન મહાભારત છે.

મહારાજે શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા સર્વેને ઉપાસના માર્ગદર્શન માટે રચી છે, જે દેશી-વિદેશી જિજ્ઞાસુ વિદ્વાનોને તેમજ કથાકારોને પણ હજારો પ્રકારના જીવનદાન આપનારી છે. ભવિષ્યમાં શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા પરથી અનેક પ્રકારના નાટકો, સિરિયલો તેમજ ધાર્મિક ફિલ્મો પણ અવશ્ય બનશે જ એ નિઃસંદેહ વાત છે. કારણ કે, સર્વપ્રકારના રસોથી ભરપૂર આ મહાન શાસ્ત્રમાં એવી અદ્‌ભૂત કરામત છે.

મહારાજે પ્રાચીન, અર્વાચીન, પારંપરિક વૃત્તાંતોને તાજા રાખવા માટે સારસ્વત ઐતિહાસિક સૃષ્ટિભરનો મહા ઈતિહાસ આપણને આ મહાન ગ્રંથ રૂપે આપ્યો છે માટે જ નોબલ પુરસ્કાર કમિટીએ પણ આ સંહિતાની પ્રશંસા કરી છે.

વિદ્વાનો દ્વારા સમર્પિત 'અભિનંદન ગ્રંથ'નું મહત્ત્વ

ભારતમાં અનેક પ્રકારના શાસ્ત્રો લોકકલ્યાણ માટે પ્રવર્તિત થયા છે જેમ કે, સુખપૂર્વક જીવન વ્યતિત કરવા માટેનું નીતિશાસ્ત્ર, અનેક બીમારીઓના રસ્તા વર્ણવતું આયુર્વેદ શાસ્ત્ર, કાયદાઓના નિયમો વર્ણવતું રાજશાસ્ત્ર વગેરે. એ જ રીતે કોઈ મહાન વ્યક્તિના સદ્‌ગુણ સત્કાર્યો, સૌજન્ય, ઉત્કર્ષ વગેરે દર્શાવતું શાસ્ત્ર એટલે 'અભિનંદન શાસ્ત્ર'.

આ સૃષ્ટિમાં નવીન રચના કાર્યમાં જે ઉત્તીર્ણ-પ્રવીણ છે તે અભિનંદનને પાત્ર છે.

મહારાજના જીવન-ગુણો તેમજ મહાવિદ્વત્તાને દર્શાવતા તથા તેમના લિખિત ગ્રંથોનો પરિચય આપતા 'અભિનંદન ગ્રંથ'માં ધર્મગુરુઓ, મહામંડલેશ્વરો, સંતો-મહંતો, રાજકીય મહાનુભાવો તેમજ દેશ-વિદેશની અનેક યુનિવર્સિટીઓ, સંસ્કૃત મહાવિદ્યાલયો તેમજ કોલેજોના વિદ્વાન પંડિતો, ચાન્સેલરો, રીડરો, પ્રોફેસરો, પ્રિન્સિપાલો, ડાયરેકટરો તેમજ અધ્યાપકોના ગહન કિંમતી લેખો-અભિપ્રાયો મહારાજ પ્રત્યે છે.

વિદ્વાનો તરફથી સમર્પિત થયેલો 'અભિનંદન ગ્રંથ' એ મહારાજના શાશ્વત સ્મરણ માટે જગતને નિઃસંદેહ ઉપકારક થશે.

જગતમાં હાલના વર્તમાન સમયમાં અંગ્રેજી ભાષા ઠેર ઠેર વધી પડવાથી સંસ્કૃત ભાષા નિર્બળતાને પામી છે, પરંતુ ભવિષ્યમાં લાંબા કાળે વિશ્વની જનતા મહારાજની ગંભીર વિદ્વતાને તેમના શાસ્ત્રો તેમજ અભિનંદન ગ્રંથ દ્વારા પણ ઓળખતી થશે તે પ્રમાણે વિદ્વતા મેળવતી થશે અને સંસ્કૃતના જીવનને પોષણ આપતી થશે. ત્યારે ફરી સર્વ જગતમાં સંસ્કૃત જીવન ચાલુ થશે અને વિદ્વાનોની દુનિયા તૈયાર થશે.

મહારાજના અભિનંદન ગ્રંથ પરથી પ્રેરણા લઈને ભવિષ્યમાં અનેક ભારતીય લેખકો તેમજ મોટા વિદ્વાનો થશે અને ભારતની સેવા કરી મોક્ષ પણ મેળવશે.

મહારાજે પોતાના ભક્તોને એક પત્ર લખી તેમાં જણાવ્યું હતું કે, 'પરમપુરુષ એવા

અમને અભિનંદન ગ્રંથમાં વિદ્વાનોએ પ્રગટ પ્રભુ, ઈશ્વર, સરસ્વતી, શંકર, વાચસ્પતિ, બ્રહ્મ, નારાયણ, વ્યાસ આદિ અનેક સ્વરૂપે ઓળખ્યા લખ્યા છે માટે ઘરમાં ભગવાનને વિશેષપણે રાખવા હોય તેણે આ ગ્રંથ ઘરે રાખવા જેવો છે.' માટે જ નિઃસંદેહ સ્વામીશ્રી આ અભિનંદન ગ્રંથમાં પ્રગટ રહ્યા થકા અનંત જીવાત્માઓનું આત્યંતિક કલ્યાણ કરશે જ.

અભિનંદન ગ્રંથ દ્વારા વિદ્વાનો 'શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના સન્માનની સાથો સાથ ભારતીય સંસ્કૃત, સંસ્કૃતિ, શાસ્ત્ર સમૂહ તેમજ વિદ્યાઓ'નું પણ અભિનંદન કરી સ્વયં પણ અભિનંદ્ય થયા છે.

વિદ્વાનો દ્વારા મહારાજનું અભિનંદન એ ભારતના ગૌરવ માટે અને ભારતીય વિદ્યાઓની કીર્તિ વધારનારું થયું છે.

ભારતમાં મહારાજ જેવા સત્યતીર્થનું સન્માન એ આંતરરાષ્ટ્રીય મહાન યુગપુરુષનું સન્માન છે, તેથી જ ભારતનું સન્માન પણ ગૌરવભર્યું છે. મહારાજ માત્ર ભારતના જ નહિ પરંતુ વિશ્વના કિંમતી મહારત્ન છે, વિશ્વવિભૂતી છે.

ભવિષ્યમાં આ અભિનંદન ગ્રંથ એ 'અનેક વિદ્વાનો ઉપજાવવાની' દેશને પ્રેરણા કરશે.

અતિ આશ્ચર્યની વાત એ પણ છે કે, પ્રત્યક્ષ દર્શન વિના પણ મહારાજના વિદ્વતાપૂર્ણ અદ્‌ભુત ગ્રંથોથી પ્રભાવિત થયેલા વિદ્વાનોએ અંતરથી સ્વીકાર્યું કે 'સ્વયં ઈશ્વર સિવાય આવી શાસ્ત્રરચના તેમજ ગુણો-કાર્યો શક્ય નથી'. માટે જ દેશ-વિદેશના અનેક વિદ્વાનો મહારાજને અભિનંદન આપ્યા વિના ન રહી શક્યા.

શ્રીહરિશરણાગતિ મંડળ દ્વારા અભિનંદનગ્રંથનું પ્રકાશન

ભારતની ભાવિ પેઢી હંમેશા યુગો-યુગો સુધી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનો યથાર્થ મહિમા જાણી શકે માટે 'મહારાજની જન્મભૂમિ સૌરાષ્ટ્રનાં અમરેલી જિલ્લાના મોટી કુંકાવાવ ગામના જાગૃત નાગરિક સરપંચ શ્રી લક્ષ્મણભાઈ પટેલે કુંકાવાવ ગામના પાદરમાં જ મહારાજનું એક રાષ્ટ્રીય સ્મૃતિ મંદિર બનાવવાનો તેમજ વિદ્વાનો કૃત 'અભિનંદન ગ્રંથ' મહારાજના ચરણોમાં અર્પણ કરવાનો દૃઢ સંકલ્પ કર્યો.'

સરપંચ શ્રી લક્ષ્મણભાઈ પટેલના આ દૃઢ શુભ સંકલ્પમાં તેમની સાથે કુંકાવાવની હાઈસ્કૂલના પ્રિન્સિપાલ ડૉ.મનુભાઈ સૌ પ્રથમ જોડાયા ત્યારબાદ આ બંને મહાનુભાવોએ સાથે મળી મહારાજ સાથે અતિ નિકટના સંબંધો ધરાવતા ત્રીસ જેટલા મહાન વિદ્વાનોની 'અભિનંદન ગ્રંથ' માટે સૌ પ્રથમ એક સંયોજક અને સંપાદક મંડળની રચના કરી અને દેશ-વિદેશના અનેક વિદ્વાનોને પત્ર દ્વારા 'મહારાજમાં રહેલા અનેક સદ્‌ગુણો, પવિત્ર જીવન તેમજ વિદ્વતાપૂર્ણ શાસ્ત્રો વિષે' અભિનંદન પત્ર લખી મોકલાવવા પ્રાર્થના કરી. જેથી પત્ર મળતાં જ જાણે કે, વિદ્વાનોને સ્વયં પરમેશ્વરના પૂજનનો દિવ્ય લ્હાવો મળી રહ્યો હોય, તેમ અતિ આનંદ અને ઉત્સુકતાથી મહારાજના સર્વ પ્રકારના ગુણાનુવાદના અભિનંદન પત્રો

લખી પરત ગ્રંથના સંયોજક-સંપાદક મંડળને મોકલાવ્યા. તેમજ આ અતિ આવશ્યક એવા યશસ્વી કાર્યના શ્રીગણેશ કરવા બદલ તેમને પણ અનેક શુભેચ્છા અને આશીર્વાદ આપ્યા.

સંસ્કૃત, હિન્દી, ગુજરાતી, અંગ્રેજી આદિક ભાષામાં ધીરે ધીરે દેશ-વિદેશના અનેક સુપ્રસિદ્ધ વિદ્વાનોના અભિનંદન પત્રો એકત્રીત થયા. ત્યારબાદ 'વિદ્યાભૂમિ કાશીનગરી પણ જાણે આ અનેરો લાભ લેવામાં વંચિત રહેવા ન માંગતી હોય તેમ 'શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના - અભિનંદન ગ્રંથના પ્રકાશનનું સંપૂર્ણ કાર્ય કાશી-વારાણસીના વિદ્યાવિલાસ પ્રેસમાં વિ.સં. ૨૦૩૮ના અષાઢ સુદ, ગુરુપૂર્ણિમાના તા.૧૯-૯-૧૯૯૧ના રોજ શ્રીહરિ શરણાગતિ મંડળ હસ્તક પૂર્ણ થયું. ત્યારબાદ આ મહાન કલ્યાણકારી 'અભિનંદન ગ્રંથ' મહારાજના પાવનકારી શ્રીચરણોમાં અર્પણ કરી સર્વ વિદ્વાનો પણ મહારાજના આશીર્વાદરૂપે આ અભિનંદન ગ્રંથમાં જ પ્રત્યાભિનંદનના વિશેષ કૃપાપાત્ર બન્યા.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સ્થાપિત શ્રીહરિશરણાગતિ મંડળનો પરિચય

અભિનંદન ગ્રંથના કાર્યની પૂર્ણતાની પહેલાં જ 'કુંકાવાવ ગામમાં મહારાજના રાષ્ટ્રીય સ્મૃતિ મંદિરના નિર્માણ કાર્યમાં સરપંચશ્રી લક્ષ્મણભાઈ પટેલના આયોજનથી અને સ્વામીશ્રીના શિષ્ય-ભક્તો એવા શ્રીહરિશરણાગતિ મંડળના તન-મન-ધનના સાથ સહકારથી અને જામવણથલીના મિસ્ત્રી ભગવાનજી રાજા જાવિયા હસ્તક આ મંદિરના નિર્માણ કાર્યને પૂર્ણ કરાવી, વિ.સં. ૨૦૩૨ની આસો વદ આઠમ, મહારાજની ૭૨મી જન્મજયંતિના પવિત્ર દિવસે તેમના સ્વરૂપ સમાન આરસની સુંદર દિવ્ય મૂર્તિની વેદોક્ત વિધિથી પ્રાણ-પ્રતિષ્ઠાનો મહામહોત્સવ ખૂબ જ ધામધૂમપૂર્વક ઉજવીને સૌ ભક્તો 'શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ'ની અતિ પ્રસન્નતા અને કૃપાપાત્ર બન્યા.

મહારાજમાં પરમપુરુષ સમાન દિવ્યજીવન, પવિત્રતા, વચનસિદ્ધતા, વિદ્વતાની સાથો સાથ શાસ્ત્રીય રીતે અવતારી ભગવાનપણાના તમામ ગુણો-ઐશ્વર્યો તેમજ ચિન્હ-ચરિત્રોના પણ જેમણે નજરો નજર સાક્ષાત દર્શન કરેલા છે એવા શ્રીહરિશરણાગતિ મંડળના અનેક ભક્તો મહારાજને 'અનંત જીવાત્માઓનું આત્યંતિક કલ્યાણ કરનારા સ્વયં પરમધામાધિપતિ પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ' માની તેમની શરણાગતિ સ્વીકારીને તેમની સેવા-ઉપાસના-ભક્તિ કરીને પવિત્ર રીતે શાસ્ત્ર મર્યાદામાં જીવન વ્યતિત કરી મહાસુખીયા થઈ રહ્યા છે.

શ્રીહરિશરણાગતિ મંડળના સૌ ભક્તો સાથે મળી હિન્દુ ધર્મના પવિત્ર તહેવારો જેવા કે, 'શ્રાવણમાસ, અધિકમાસ, જન્માષ્ટમી, ગુરુપૂર્ણિમા તેમજ મહારાજની જન્મજયંતી-આસો વદ આઠમ અને સ્વધામગમન તિથી- મહા વદ ચોથ ' આદિક પવિત્ર દિવસોએ કથા-વાર્તા, સત્સંગ, ધૂન-કિર્તન, યજ્ઞ અને મહાપ્રસાદ-જમણવાર આદિક આયોજનો કરી ધામધૂમપૂર્વક મહામહોત્સવો પણ ઉજવે છે તેમજ અનેક પ્રકારનાં શૈક્ષણિક અને સામાજીક સેવાકીય કાર્યોમાં પણ અવશ્ય મદદરૂપ થાય છે.

વર્તમાન સમયમાં મહારાજના બે ભવ્ય શિખરબંધ મંદિરો કુંકાવાવ તેમજ જામવંથલીમાં છે. તેમજ જૂનાગઢ, રાજકોટ, ખજૂરીપીપળીયા, અંજાર-કચ્છ, સુરત, મુંબઈ, પુના, ભંડારા, અગરવાડા (મધ્યપ્રદેશ) અને આલુર (આંધ્રપ્રદેશ) આદિક સ્થળોએ નાના હરિમંદિરો છે. શિખરબંધ મંદિરોમાં મધ્ય શિખરમાં મહારાજની પંચધાતુની મૂર્તિ તેમજ હરિમંદિરોમાં આરસની મૂર્તિ અને ચિત્ર પ્રતિમાની મૂર્તિ ભક્તોએ પધરાવી છે. પોતાની મૂર્તિમાં પ્રગટપણે રહી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સૌ ભક્તોને સર્વપ્રકારે મહાસુખીયા કરી, સૌનું કલ્યાણ કરે છે. ભારતમાં અનેક સંપ્રદાયો છે, તેમાનો આ પણ એક મહારાજનો 'અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સંપ્રદાય' છે, તેનું તમામ પ્રકારનું સંચાલન શ્રીહરિશરણાગતિ મંડળના ભક્તો કરી રહ્યા છે.

નૂતન અભિનંદનગ્રંથમાં સેવા આપનાર ભક્તોનો આભારદર્શન

આ અભિનંદન ગ્રંથના કાર્યમાં શરૂઆતથી જ ટાઈપિંગ તેમજ પ્રૂફરિડિંગ આદિક કાર્યોમાં મદદરૂપ થયેલા મહારાજના કૃપાપાત્ર શિષ્યોમાં જૂનાગઢના શાસ્ત્રી શ્રી ઈન્દુભાઈ કીકાણી, પ્રોફેસર શ્રી રામજીભાઈ વાગડિયા, સાહેબ શ્રી કેશવજીભાઈ પીપલોતર, વેદાંત ઓફસેટના સંચાલક શ્રી પરેશભાઈ જાની, શ્રી સચિનભાઈ જાની તેમજ અમદાવાદના પરમ ભક્ત શ્રી વિજયભાઈ સોલંકીનો હાર્દિક આભાર વ્યક્ત કરીએ છીએ તેમજ આ સેવાભાવી ભક્તો ખૂબ જ સુખી થાઓ, તેવી પ્રગટ ભગવાનના શ્રીચરણોમાં અમે પ્રાર્થના કરીએ છીએ.

આ શુભ પ્રસંગે હું જરૂર યાદ કરીશ, 'શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના અતિ કૃપાપાત્ર શિષ્ય 'સંસ્કૃતના પ્રખર વિદ્વાન પૂજ્ય વેદાંતાચાર્ય ડૉ.હર્ષદભાઈ સતાસીયા'ને. જેઓશ્રી વર્તમાન સમયમાં મહારાજ રચિત 'શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા'નું યથાર્થ વિદ્વતાપૂર્ણ ગુજરાતી ભાષાંતરનું અજોડ અને મહાકલ્યાણકારી સત્કાર્ય કરી રહ્યા છે. ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરનાર આવા મહાન શાસ્ત્રનાં અતિ ગહન કાર્યને રાત-દિવસ મહેનત કરી પાર પાડવા બદલ આ મહાન સત્પુરુષ એવા ડૉ.હર્ષદભાઈ સતાસીયાને પણ મહારાજના શાસ્ત્રની સાથે યુગો યુગો સુધી ભારતની નવી પેઢી સ્મરણ કરી અભિનંદન તેમજ આશીર્વાદને પાત્ર અવશ્ય બનાવશે. આ નિઃસંદેહ વાત છે. ભગવાન શ્રીહરિ તેમજ પરમકૃપાળુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના દિવ્ય ચરણોમાં પ્રાર્થના છે કે, 'ભક્તરાજ શ્રી હર્ષદભાઈ અને તેમના ધર્મપત્ની પારૂલબેન તેમજ સુપુત્ર શ્યામકુમાર અને તેમના સંસ્કારના વારસદાર પરમાત્માના અંશ' સૌની પ્રગટ ભગવાન સર્વપ્રકારે રક્ષા કરે, એમના સર્વસંકલ્પો અવશ્ય પૂર્ણ થાય અને મહારાજના અનેક સત્કાર્યો, પણ આ ભગવત્ પરિવાર દ્વારા અવશ્ય થાય, એવી પણ પ્રગટ ભગવાન પાસે પ્રાર્થના છે.'

અતિ આનંદની વાત એ પણ છે કે, આજથી વર્ષો પહેલાં મૂળ અભિનંદનગ્રંથના પ્રકાશનની સેવા મહારાજની પ્રેરણાથી અમરેલી જિલ્લાના નાના ગોખરવાળા ગામના

ભક્તરાજ શ્રી મનજીભાઈ પુનાભાઈ સાંગાણીના પરિવારે કરી હતી. આજ ફરી વર્ષો પછી મહારાજની દિવ્ય પ્રેરણાથી એ જ પરિવારના ભક્તરાજ શ્રી હરજીભાઈ મનજીભાઈ સાંગાણીના અધ્યક્ષસ્થાને તેમના પરિવારના શ્રી ભગવાનભાઈ હરજીભાઈ સાંગાણી, શ્રી જગદીશભાઈ હરજીભાઈ સાંગાણી, શ્રી રમેશભાઈ હરજીભાઈ સાંગાણી (હ.-કુ. રવિના), શ્રી પ્રભુલાલ ભગવાનભાઈ સાંગાણી (હ.જયદિપ, હસ્તી), શ્રી મનોજભાઈ ભગવાનભાઈ સાંગાણી (હ.-અંશ), શ્રી પ્રગટકુમાર જગદીશભાઈ સાંગાણી (મુળ ગામ : નાના ગોખરવાળા, હાલ : સુરત) સર્વભક્તોએ આ કલ્યાણકારી 'અભિનંદન ગ્રંથ'માં સેવાનો લાભ લઈ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને ફરી ખૂબ જ પ્રસન્ન કર્યા છે, આવી મહાન યશસ્વી કલ્યાણકારી સેવાના ફળ સ્વરૂપે આ યજમાન પરિવાર આ લોક તેમજ પરલોકમાં મહાસુખીયા થાય, એવી પ્રગટ ભગવાનના દિવ્ય ચરણોમાં અમે પ્રાર્થના કરીએ છીએ.

અભિનંદનગ્રંથના પ્રકાશન બદલ આશીર્વાદની અભિલાષા

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું પ્રાગટ્ય સૌરાષ્ટ્રમાં મોટી કુંકાવાવ ગામની દિવ્યભૂમિ પર તા.૨૧-૧૦-૧૯૦૫ના રોજ દેવાણી પટેલ કૂળમાં માતા કંભરાલક્ષ્મી તેમજ પિતા ગોપાલકૃષ્ણના ખોળે થયું. ત્યારબાદ ૮૧ વર્ષ સુધી લોકકલ્યાણાર્થે દિવ્ય જીવન જીવી, તા.૨૮-૨-૧૯૮૬ના રોજ જૂનાગઢના શ્રીસ્વામિનારાયણ મંદિરમાં પોતાના નિવાસસ્થાન શ્રીબાલમુકુંદભવનમાં સ્વેચ્છાએ પોતાના પંચભૌતિક દિવ્યદેહનો ત્યાગ કરી ધામમાં સિધાવ્યા.

સંયોગવશ ભારતીય સંતો, મહાત્માઓ, તપસ્વીઓ અને સાધકોની મહાન પરંપરા અનુસાર મહારાજ પણ જૂનાગઢ જેવા દૂરના એકાંત સ્થળે સાધનારત રહ્યા હતા. એટલા માટે એમના જેવા તેજસ્વી વિદ્વાનની જેટલી વ્યાપક પ્રસિદ્ધિ થવી જોઈએ એટલી પ્રસિદ્ધિ ન થઈ અને જેટલું સાર્વજનિક સામાજીક સન્માન થવું જોઈએ એ પણ ન થયું. જો તેઓ જીવનભર કાશી જેવી સિદ્ધ પીઠમાં વસ્યા હોત તો ખૂબ જ વહેલા સમયમાં એમની ઉજ્જવળ કીર્તિ દિગંતો પાર કરીને પ્રસરી ગઈ હોત, તેમજ તેઓશ્રી કોઈ સર્વોચ્ચ સ્થાને બિરાજ્યા હોત. પરંતુ જૂનાગઢ જેવા એકાંત સ્થાનમાં સમાધિસ્થ રહીને મહારાજે વર્ષો સુધી અનેક મહત્ત્વપૂર્ણ ગ્રંથોની રચનાઓ આટલા વેગથી, આટલી ગતિથી અને આટલી વિશાળતાથી જો કાશી નિવાસ કર્યો હોત તો થઈ શકી ન હોત. પણ આનંદની વાત તો એ છે કે, 'યુગો યુગો સુધી મહારાજના ગ્રંથો તેમજ શ્રીહરિશરણાગતિ મંડળ હંમેશા તેમની યશઃપતાકા લહેરાવતા રહેશે.

દેશ-વિદેશનાં વિદ્વાન પંડિતોના મતે આંતરરાષ્ટ્રીય વિદ્વાન વિશ્વવંદનીય પ્રકાંડ પંડિત પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનો આ ભારત દેશ સદાય ઋણી રહેશે અને સમગ્ર ભારતવર્ષમાં ભારતીય સંસ્કૃત અને સંસ્કૃતિના ઉદ્ધારક તરીકે આ પરમપુરૂષ

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ અમર બનીને ભારતભૂમિને હંમેશા પ્રકાશિત કરતા જ રહેશે.

આ અભિનંદન ગ્રંથમાં દેશ-વિદેશના અનેક વિદ્વાનોનાં અભિપ્રાયો પરથી 'શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ' એ માત્ર શાસ્ત્રોની રચના કરનાર માત્ર મહાન વિદ્વાન જ નહિ પરંતુ અનંત જીવાત્માઓનું આત્યંતિક કરનારા સર્વગુણ, ચિહ્ન ઐશ્વર્યસંપન્ન, સ્વયં પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ જ હતા.' જેમને માત્ર મુમુક્ષુ પવિત્ર જીવાત્મા, બુદ્ધિશાળી વ્યક્તિ કે વિદ્વાન પુરુષ જ પરિપૂર્ણ ઓળખી શકે. મંદમતિ કે અવગુણીયા કે અપવિત્ર જીવાત્મા કદાપી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનો યથાર્થ મહિમા નહિ જાણી શકે.

એક વ્યક્તિમાં તમામ વિદ્યાઓને સ્થાન હોય તે સર્વજ્ઞ વ્યક્તિ ઈશ્વરાંશ આચાર્ય વિદ્યા સજીવનાર્થ પ્રગટ થયા ગણાય છે.

અસીમ વિદ્યાઓ છે, તે તમામ વિદ્યાઓને માનવ એક જન્મમાં મેળવી શકતો નથી. સ્વામીશ્રીમાં પ્રાગ્ભવીય વિદ્યાઓ નૈસર્ગિક છે જ નિત્ય સર્વજ્ઞને ભણવું પડતું નથી, માત્ર લોકરીતિ દેખાડે છે.

મહારાજના વિષયમાં જે કાંઈ લખવું તે તો સૂર્યને પ્રકાશ કરવા પતંગિયા તથા ટૂંભારણા દેખાડવા જેવું ગણાય. મહારાજની કર્મશક્તિનું ગહન પરિમાપન કોઈપણના સામર્થ્યથી બહાર છે. મહારાજની પ્રશંસામાં વાણી વિરામ પામે છે. મહારાજના શાસ્ત્રોનું જીવનનું પૂર્ણ સદ્‌ગુણોનું વર્ણન કદાચ ન પણ થઈ શકે તો આશ્ચર્ય વિષય નથી.

કાશી-વારાણસીથી પ્રકાશિત 'અભિનંદન ગ્રંથ'ની પ્રથમ આવૃત્તિમાં અલગ અલગ વિદ્વાનોનાં હિન્દી, ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત આદીક ભાષાઓમાં પત્રો હોવાથી આમ ભક્તો એનું વાંચન-મનન નહોતા કરી શકતા. માટે જ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનો યથાર્થ મહિમા તેમજ દિવ્ય જીવન જાણવા માટે અતિ ઉત્સુક અનેક જીજ્ઞાસુ ભક્તોની લાગણીને માન આપી 'વિદ્વાનોના તમામ પત્રો અને લેખોને ગુજરાતી ભાષામાં અનુવાદ કરાવીને ટુ-કલર, ૭૦૦થી વધુ પેઈજમાં એ તમામનો સમાવેશ ખૂબ જ સુંદર રીતે કરવામાં આવ્યો છે. તેમજ ૧૨૦ ફોર કલર પેઈજમાં મહારાજનાં સચિત્ર જીવનચરિત્રનો પણ આ નૂતન 'અભિનંદન ગ્રંથ'માં સોનામાં સુગંધની જેમ સમાવેશ કરવામાં આવ્યો છે.

આ નૂતન અભિનંદનગ્રંથ દ્વારા હવે શ્રીહરિશરણાગતિ મંડળનો પાયો અતિ દ્રઢ અને મજબૂત બની ગયો છે જેથી અમને અંતરમાં અપાર શાંતિ અને આનંદ વર્તે છે.

આ અભિનંદન ગ્રંથના અતિ ધ્યાનપૂર્વકના વાંચન બાદ કોઈપણ બુદ્ધિશાળી પવિત્ર વ્યક્તિને અંતરમાં મહારાજ પ્રત્યે અવશ્ય ભગવાનપણાંનો પૂજ્યભાવ પ્રગટ થાશે જ. આ નિઃસંદેહ વાત છે.

મહારાજના ગૃહસ્થાશ્રમી શિષ્ય શ્રીહરિશરણાગતિ મંડળના ભક્તો તો હજારોની સંખ્યામાં છે. પરંતુ મહારાજના ત્યાગાશ્રમી સંતમંડળમાં માત્ર ૫ શિષ્યો હતા. જેમાંના મુખ્ય શિષ્ય પુ. શ્રીસ્વયંપ્રકાશ સ્વામી, પુ.શ્રીદેવપ્રકાશ સ્વામી, પુ.શ્રીજ્ઞાનપ્રકાશ સ્વામી,

પુ.શ્રીઆત્મપ્રકાશ સ્વામી તેમજ પાર્ષદ પુ.શ્રીહેમંત ભગત. આ મારા વડીલ ગુરુજનોમાં વર્તમાન સમયમાં કોઈ હયાત નથી. સૌ પ્રગટ પ્રભુના ધામમાં સિધાવ્યા છે.

સતત ત્રણ વર્ષની મહામહેનતના ફળ સ્વરૂપે પરમધામાધિપતિ પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ - શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ, તેમના શ્રીહરિશરણાગતિ મંડળના ભક્તો તેમજ મારા વડીલ ગુરુજનો - મારા ગુરુભાઈઓ અને મારા ગુરુ પૂજ્ય શ્રીઆત્મપ્રકાશદાસજીસ્વામી સૌની કૃપાદૃષ્ટિ તેમજ અંતરના આશીર્વાદથી અતિ સુંદર રીતે આ કલ્યાણકારી 'અભિનંદન ગ્રંથ'નું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થયું છે અને પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની ૧૧૩મી જન્મજયંતિના મહોત્સવ પ્રસંગે તેમના કલ્યાણકારી દિવ્યચરણોમાં આ 'અભિનંદન ગ્રંથ' કૃષ્ણાર્પણ કરી અને શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ રચિત તમામ ૫૭ શાસ્ત્રો તેમજ તેમના જીવન વિષેના તમામ નૂતન સાહિત્યોનું સુંદર રીતે પ્રકાશન કરી શકું. આવા અનેક સત્કાર્યો કરવાની શક્તિ અને સાથે ભક્તિ પણ મને આપે' એવા અંતરના આશીર્વાદની આશા સાથે વિરમું છું.

લિ. શ્રીકૃષ્ણપ્રકાશસ્વામી - જૂનાગઢધામ

❋ અનુક્રમણિકા ❋

ક્રમ	નામ	સ્થળ	પેઈજ નં.
૧.	શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રત્યે દેશ-વિદેશના વિદ્વાનોના સંક્ષિપ્ત અભિનંદન		૧ - ૬૬
ધર્મગુરૂઓના અભિનંદન :-			
૨.	જગદ્‌ગુરૂ શંકરાચાર્યજી શાંતાનંદ સરસ્વતીજી મહારાજ	જયોતિર્મઠ, બદ્રિકાશ્રમ	૬૭
૩.	શ્રી૧૦૦૮ જગદ્‌ગુરૂ શંકરાચાર્યજી મહારાજ	જગન્નાથપુરી	૬૭
૪.	જગદ્‌ગુરૂ અભિનવ સરસ્વતીજી મહારાજ	શારદાપીઠ, દ્વારકા.	૬૮
૫.	જગદ્‌ગુરૂ શંકરાચાર્યજી મહારાજ	શ્રૃંગેરીમઠ, હિમાલય.	૬૮
૬.	જગદ્‌ગુરૂ શાન્તાનંદ સરસ્વતીજી મહારાજ	જ્યોતિર્મઠ, બદરિકાશ્રમ	૬૯
૭.	શ્રી શંકરાચાર્ય અભિનવસચ્ચિદાનંદજી	દ્વારકા	૬૯
૮.	જગદ્‌ગુરૂ શંકરાચાર્યજી મહારાજ	જગન્નાથપુરી	૭૦
૯.	જગદ્‌ગુરૂ શંકરાચાર્ય સ્વરૂપાનંદ સરસ્વતીજી	જયોતિર્મઠ, બદરિકાશ્રમ	૭૦
૧૦.	જગદ્‌ગુરૂ શંકરાચાર્યજી મહારાજ	દ્વારકા	૭૧
૧૧.	મહામહિમોપાધ્યાય શ્રીશુકદેવશાસ્ત્રી	જમ્મુ	૭૧
૧૨.	શ્રી૧૦૦૮ ગોવિંદલાલજી મહારાજ ગોસ્વામી	નાથદ્વારા	૭૩
૧૩.	પ્રાધ્યાપક શોભાનંદ ઝા	દ્વારકા	૭૩
૧૪.	શ્રી ૧૦૮ શ્રીસ્વામી રામસ્વરૂપજી મહારાજ	હરિદ્વાર	૭૪
૧૫.	શ્રીસ્વામી યતિરાજ રામપ્રપન્નાચાર્ય	શ્રૃંગપુર	૭૪
૧૬.	મહામંડલેશ્વર ભાગવતાનન્દજી મહારાજ	અહમદાવાદ	૭૫
૧૭.	મહામંડલેશ્વર શ્રીબ્રહ્માનંદજી મહારાજ	મુંબઈ	૭૫
૧૮.	શ્રી૧૦૮ શ્રીસ્વામી મહેશ્વરાનન્દપુરીજી મહારાજ	મુંબઈ	૭૬
૧૯.	મહામંડલેશ્વર સ્વામી ગણેશાનંદજી મહારાજ	હરિદ્વાર	૭૬
૨૦.	મહામંડલેશ્વર સ્વામી પૂર્ણાનન્દગિરિજી મહારાજ	હરિદ્વાર	૭૭
૨૧.	રાજા રામચન્દ્રાચાર્યજી ભંડારી	ડાકોર	૭૮
૨૨.	સ્વામી મીનાક્ષી ભાસ્કરાચાર્ય	ચિદંબરમ્.	૭૯
૨૩.	સ્વામી ચિદાનંદપુરી	બંગાલ	૭૯
૨૪.	પ્રણવાનન્દજી મહારાજ કાશીજી	ટેઢીનીમ	૮૦
૨૫.	સ્વામી અભેદાનંદજી	મુંબઈ	૮૦
૨૬.	શ્રીસ્વામી રઘુનાથગિરિજી મહારાજ	હરિદ્વાર	૮૧
૨૭.	સ્વામી કૈવલ્યાનન્દસરસ્વતી	કનખલ	૮૧
૨૮.	સ્વામી મીનાક્ષી ભાસ્કરાચાર્ય	ચિદમ્બરમ્	૮૨
૨૯.	સ્વામી પ્રણવાનંદજી	ધર્મારણ્યમ્	૮૨
૩૦.	યોગીરાજ ભગવત્પ્રતન્નાચાર્ય	શીમલા	૮૩
૩૧.	સ્વામી હરિસિંહજી	પંજાબ	૮૩
૩૨.	સ્વામી હંસપ્રકાશ	દેહરાદુન	૮૪
૩૩.	મહામંડલેશ્વર સ્વામી ગણેશાનંદજી	કનખલ	૮૪
૩૪.	શાસ્ત્રાચાર્ય જ્ઞાનપ્રકાશશાસ્ત્રી	ગઢપુર	૮૫
૩૫.	શાસ્ત્રી હરિપ્રકાશ	ગાંધીનગર	૮૬

ક્રમ	નામ	સ્થળ	પેઈજ નં.
૩૬.	શ્રી કિર્ત્યાનંદ ઝા શાસ્ત્રી	બોટાદ	૮૭
૩૭.	શાસ્ત્રી શ્વેતવૈકુંઠદાસજી	વડતાલ	૮૯
૩૮.	શાસ્ત્રી સ્વામી શ્રીગોપાલચરણદાસજી	ચરાડવા	૯૩
૩૯.	શાસ્ત્રી શ્રીકૃષ્ણકેશવદાસજી	વડતાલ	૯૪
૪૦.	સ્વામી ધર્મજીવનદાસજી	કચ્છ-ભુજ	૯૫
૪૧.	શાસ્ત્રી ભક્તિપ્રિયદાસજી	ગઢપુર	૯૬
૪૨.	સદ્‌ગુરૂ સ્વામી અક્ષરપુરૂષદાસજી	જૂનાગઢ	૯૭
૪૩.	શાસ્ત્રી ભક્તિપ્રિયદાસજી	ગઢપુર	૯૮
૪૪.	કવિ સ્વામી ભક્તિપ્રિયદાસજી	જૂનાગઢ	૯૯
૪૫.	વેદાન્તાચાર્ય સાધુ ભક્તિપ્રિયદાસજી	મુંબઈ	૧૦૦
રાજકીય મહાનુભાવોના અભિનંદન :-			
૪૬.	ડૉ.જાકીર હુસેન	નવી દિલ્હી	૧૦૧
૪૭.	ડૉ. ફકરૂદીન અલી અહમદ	નવી દિલ્હી	૧૦૧
૪૮.	શ્રીમતી ઈંદિરાબેન ગાંધી	નવી દિલ્હી	૧૦૧
૪૯.	બાબુભાઈ જશભાઈ પટેલ	ગાંધીનગર	૧૦૨
૫૦.	કે.કે. વિશ્વનાથન	મુંબઈ	૧૦૨
૫૧.	વિશ્વનારાયણ શાસ્ત્રી	નવી દિલ્હી	૧૦૩
૫૨.	ગુલઝારીલાલ નંદા	નવી દિલ્હી	૧૦૪
૫૩.	ડી.કે. લાડવા	રાજકોટ	૧૦૪
વિદેશની યુનિવર્સિટીના વિદ્વાનોના અભિનંદન :-			
૫૪.	ડૉ. જયોર્જ ગાર્ડોના	અમેરિકા	૧૦૫
૫૫.	ડૉ.માઈકલ ટેંક	ટાન્ઝાનિયા	૧૦૭
૫૬.	યુ.વી. લંડન	ઓસ્ટ્રેલીયા	૧૦૮
૫૭.	માઈકલ લોરેન્સ	આફ્રિકા	૧૦૮
૫૮.	સોલ્થોટ રે-મીનર	રશિયા	૧૦૯
૫૯.	ડૉ.જંગશાહી સુલતાના	સાઉદી અરેબિયા	૧૧૦
૬૦.	લામા અભિતાપ ચૌખાપા.	ચીન	૧૧૧
૬૧.	બેરિસ્ટર એન.કે.ઈ.	ઈંગ્લેન્ડ.	૧૧૨
૬૨.	વિશ્વેશ ચતુર્વેદી	લાશિયો-બર્મા	૧૧૫
૬૩.	મહામહિમોપાધ્યાય પ્રભાકર દેવર્ષિ	બ્રહ્મદેશ	૧૧૫
૬૪.	કુમારદત્ત કાનડી	શ્રીલંકા	૧૧૬
ભારતની યુનિવર્સિટીના વિદ્વાનોના અભિનંદન :-			
૬૫.	ડૉ. રામજી ઉપાધ્યાય	સાગર	૧૧૭
૬૬.	ડૉ.મુકુંદ માધવ શર્મા	આસામ	૧૧૭
૬૭.	ડૉ. સુરેશચંદ્ર શિવાસ્કર	અલાહાબાદ	૧૧૮
૬૮.	ડૉ. કલ્યાણકુમારદાસ	કલકતા	૧૧૮
૬૯.	ડૉ. એસ.વેંકટ. સુબ્રહ્મણ્યમ	કેરલ	૧૧૯

ક્રમ	નામ	સ્થળ	પેઈજ નં.
૭૦.	ડૉ. ડી.સી. નાયક	ઓરિસ્સા	૧૧૯
૭૧.	ડૉ. એસ. રાઘવાચાર્ય	મદ્રાસ	૧૧૯
૭૨.	ડૉ. વી. સુબ્બારાવ	આંધ્ર	૧૨૦
૭૩.	ડૉ. વ્રજનંદન મિશ્ર	હોંશિયારપુર	૧૨૦
૭૪.	ડૉ. મેંકર	બોમ્બે	૧૨૧
૭૫.	ગોરધનનાથ શુકલ	અલીગઢ	૧૨૧
૭૬.	મુકુંદમાધવ શર્મા	આસામ	૧૨૨
૭૭.	ડૉ. યુ. એન. ધલ	ઉત્કલ	૧૨૨
૭૮.	ડૉ. હિરણીય	બેંગલોર	૧૨૨
૭૯.	ડૉ. ટી.વી. વ્યાસ	જામનગર	૧૨૩
૮૦.	ડૉ. એલ.બી. ઠક્કર	જામનગર	૧૨૩
૮૧.	ડૉ. ધર્મેન્દ્ર શાસ્ત્રી	કુરૂક્ષેત્ર	૧૨૩
૮૨.	ડૉ. ટી. એમ. પી. મહાદેવન	મદ્રાસ	૧૨૪
૮૩.	ડૉ. જી. ઈ. નાયક	ભુવનેશ્વર	૧૨૪
૮૪.	ડૉ. ગોવિંદચંદ્ર પાંડે	જૈપુર	૧૨૪
૮૫.	વાઈસ ચાન્સેલર	તિરૂપતિ	૧૨૫
૮૬.	રામશરણ ત્રિવેદી	બેંગલોર	૧૨૫
૮૭.	ડૉ. ધર્મેન્દ્રકુમાર ગુપ્તા	હરિયાણા	૧૨૫
૮૮.	ડૉ. બાબુલાલ શુકલ	ઈન્દૌર	૧૨૬
૮૯.	કે. ૨. જોષી	નાગપુર	૧૨૬
૯૦.	ડૉ. આનંદ	અલીગઢ	૧૨૬
૯૧.	નાગરાજ માઈસોર	મૈસુર	૧૨૭
૯૨.	ડૉ. ડાંગે	મુંબઈ	૧૨૭
૯૩.	ડૉ. મેંઈનકર	બોમ્બે	૧૨૭
૯૪.	ડૉ. વર્ણેકર	નાગપુર	૧૨૮
૯૫.	ડૉ. ગૌરીભાઈ ભટ્ટ	રાજકોટ	૧૨૮
૯૬.	ડૉ. પ્રભાકર ડોંગરે	વડોદરા	૧૨૮
૯૭.	શ્રી હરસુખભાઈ સંઘવી	રાજકોટ	૧૨૯
૯૮.	ડૉ. જાવડેકર	વડોદરા	૧૨૯
૯૯.	ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા	વડોદરા	૧૩૦
૧૦૦.	શ્રી યશવંત શુકલ	રાજકોટ	૧૩૦
૧૦૧.	ડૉ.તપસ્વી નાંદી	અમદાવાદ	૧૩૧
૧૦૨.	ડૉ. કે.રંગનાથન	બેંગલોર	૧૩૧
૧૦૩.	ડૉ. વર્ણેકર	નાગપુર	૧૩૧
૧૦૪.	ડૉ. શિવમંગળસિંહ સુમન	ઉજ્જૈન	૧૩૨
૧૦૫.	ડૉ. કે.રા. જોષી	નાગપુર	૧૩૨
૧૦૬.	ડૉ. એસ. કાન્જે	બોમ્બે	૧૩૩

ક્રમ	નામ	સ્થળ	પેઈજ નં.
૧૦૭.	સત્યવ્રત પ્રોફેસર	દિલ્હી	૧૩૩
૧૦૮.	ડૉ. જી.સી. નાયક	ઓરિસ્સા	૧૩૪
૧૦૯.	વેન્કિટ સુબ્રહ્મોનિયા ઐયર	કેરાલા	૧૩૪
૧૧૦.	સુરેશચન્દ્ર શ્રીવાસ્તવ	અલ્લાહબાદ	૧૩૫
૧૧૧.	એસ. એસ. રાઘવાચાર	માઈસોર	૧૩૬
૧૧૨.	ડૉ. પ્રભાકર કે. ડોંગરે	બરોડા	૧૩૭
૧૧૩.	ડૉ. કે. કૃષ્ણામૂર્થી	કર્ણાટક	૧૩૮
૧૧૪.	ડૉ. ડી. સી. સિરકાર	કલકતા	૧૩૮
૧૧૫.	ડૉ. એસ. જી. કાંટાવાળા	વડોદરા	૧૩૯
૧૧૬.	લલ્લનજી ગોપાળ	વારાણસી	૧૪૦
૧૧૭.	ડૉ. યુ.એન. ઢાલ	ભુવનેશ્વર	૧૪૦
૧૧૮.	આર.કે. ત્રિપાઠી	વારાણસી	૧૪૧
૧૧૯.	જી. માડ્ડલા સિધ્ધેયાહ	માયસોર	૧૪૧
૧૨૦.	કે.રી. પાંડુરંગી	બેંગ્લોર	૧૪૨
૧૨૧.	ડૉ. રામગોપાળ	પંજાબ	૧૪૨
૧૨૨.	ડૉ. વી. આઈ. સુબ્રહ્મોનીયમ	કેરાલા	૧૪૩
૧૨૩.	અશોક ચેટરજી શાસ્ત્રી	કલકતા	૧૪૩
૧૨૪.	એસ. એન. ઘોસલ	કલકતા	૧૪૪
૧૨૫.	એ. એમ. શાસ્ત્રી	વડોદરા	૧૪૫
૧૨૬.	ડૉ. સીતાનાથ ગોસ્વામી	કલકતા	૧૪૫
૧૨૭.	ડૉ. કાલીચરણદાસ	ગૌહાટી	૧૪૬
૧૨૮.	ડૉ. કે. કુંજુન્ની રાજા	મદ્રાસ	૧૪૭
૧૨૯.	આર. આર. વર્મા	લખનૌ	૧૪૮
૧૩૦.	ઉપેન્દ્ર ઠાકુર	બિહાર	૧૪૮
૧૩૧.	મહોપાધ્યાય વાસુદેવ વેંકટરાજ શર્મા	કેરાલા	૧૪૯
૧૩૨.	શ્રીદયાકૃષ્ણપ્રાચાર્ય	જયપુર	૧૪૯
૧૩૩.	ડૉ. આર. સી. દ્વિવેદી	રાજસ્થાન	૧૫૦
૧૩૪.	ડૉ. યુ. એન. ધલ	ઓરિસ્સા	૧૫૦
૧૩૫.	પ્રોફેસર વેલુરી સુબ્બારાવ	આંધ્રપ્રદેશ	૧૫૦
૧૩૬.	ડૉ. પી.એન. કવઠેકર	ઈન્દોર	૧૫૧
૧૩૭.	ડૉ.વેંકટાલયમ્	ઉજ્જૈન	૧૫૧
૧૩૮.	ડૉ. કપિલદેલ શાસ્ત્રી	કુરૂક્ષેત્ર	૧૫૨
૧૩૯.	ડૉ. રામસુરેશ ત્રિપાઠી	અલીગઢ	૧૫૨
૧૪૦.	ડૉ. વૈદ્ય પ્રકાશ શર્મા	રાજસ્થાન	૧૫૨
૧૪૧.	ઈશ્વરલાલ દવે	રાજકોટ	૧૫૩
૧૪૨.	અનંતરાય રાવલ	અમદાવાદ	૧૫૩
૧૪૩.	ડૉ. ડી. એન. શાસ્ત્રી	દિલ્હી	૧૫૩

ક્રમ	નામ	સ્થળ	પેઈજ નં.
૧૪૪.	ડૉ. એસ.પી. સિંહ	બોધગયા	૧૫૪
૧૪૫.	રામશરણ ત્રિવેદી	બેંગલોર	૧૫૪
૧૪૬.	કલ્યાણકુમારદાસ ગુપ્તા	કલકતા	૧૫૫
૧૪૭.	ડૉ. જી.સી. નાયક	ઓરિસ્સા	૧૫૫
૧૪૮.	ગિરીશચંદ્ર દીક્ષિત	જામનગર	૧૫૬
૧૪૯.	શિવચરણ ધ્યાની	જામનગર	૧૫૬
૧૫૦.	વૈદ્યરાજ ત્રિલોકચન્દ્ર જૈન	જામનગર	૧૫૭
૧૫૧.	કવિ ડૉ. શ્રીધર ભાસ્કર વર્ણેકર	નાગપુર	૧૫૮
૧૫૨.	ડૉ. જયમન્ત મિશ્ર	બિહાર	૧૫૯
૧૫૩.	શ્રીમુકુંદમાધવ શર્મા	ગૌહાટી	૧૫૯
૧૫૪.	રામજી ઉપાધ્યાય	સાગર	૧૬૦
૧૫૫.	શ્રીનિવાસ શાસ્ત્રી	કુરુક્ષેત્ર	૧૬૦
૧૫૬.	ડૉ. ગોવર્ધનનાથ શુકલ	અલીગઢ	૧૬૧
૧૫૭.	ડૉ. રવીન્દ્ર ભ્રમર	અલીગઢ	૧૬૧
૧૫૮.	ડૉ. રામચંદ્ર દ્વિવેદી	ઉદયપુર	૧૬૧
૧૫૯.	પંડિત શોભિત મિશ્ર	વડોદરા	૧૬૨
૧૬૦.	હરિન્દ્રભૂષણ જૈન	ઉજ્જૈન	૧૬૨
૧૬૧.	શ્રીકૃષ્ણકાન્ત ચતુર્વેદી	જબલપુર	૧૬૩
૧૬૨.	મહાવીરદાસ જૈન	જબલપુર	૧૬૩
૧૬૩.	ડૉ. અયોધ્યાનાથ શાસ્ત્રી	વર્ધમાન	૧૬૪
૧૬૪.	ડૉ. રમેશકુમાર શર્મા	શ્રીનગર	૧૬૪
૧૬૫.	રામજી ઉપાધ્યાય	સાગર	૧૬૫
૧૬૬.	ગોવિંદ ચંદ્ર પાંડે	જયપુર	૧૬૫
૧૬૭.	ડૉ. શિવમંગળસિંહ સુમન	ઉજ્જૈન	૧૬૬
૧૬૮.	ડૉ. વી. શ્રીવાકણકર	ઉજ્જૈન	૧૬૬
૧૬૯.	ડૉ. ભગીરથ મિશ્ર	સાગર	૧૬૭
૧૭૦.	ડૉ. પ્રભાકર કાવડેકર	ઈન્દૌર	૧૬૭
૧૭૧.	ડૉ. ભગીરથ મિશ્ર	સાગર	૧૬૮
૧૭૨.	રામ સુરેશ ત્રિપાઠી	અલીગઢ	૧૬૮
૧૭૩.	ડૉ.શિવપ્રસાદ ભારદ્વાજ શાસ્ત્રી	પંજાબ	૧૬૮
૧૭૪.	ડૉ. વ્રજવિહારી ચૌબે	પંજાબ	૧૬૯
૧૭૫.	ડૉ. વ્રજનંદન મિશ્રા	પંજાબ	૧૭૦
૧૭૬.	ડૉ. શ્યામલાલ શર્મા	પંજાબ	૧૭૧
૧૭૭.	પંડિત વેદાનંદ ઝા	દિલ્હી	૧૭૧
૧૭૮.	ડૉ. વ્રજમોહન ચતુર્વેદી	દિલ્હી	૧૭૨
૧૭૯.	ડૉ. કૃષ્ણલાલ	દિલ્હી	૧૭૨
૧૮૦.	ડૉ. વિજયેન્દ્ર	દિલ્લી	૧૭૩

ક્રમ	નામ	સ્થળ	પેઈજ નં.
૧૮૧.	ડૉ. વ્રજમોહન ચતુર્વેદી	દિલ્હી	૧૭૪
૧૮૨.	ડૉ. ઓમપ્રકાશ	દિલ્હી	૧૭૪
૧૮૩.	ડૉ. સત્યવ્રત શાસ્ત્રી	દિલ્હી	૧૭૫
૧૮૪.	ડો. ધર્મેન્દ્રકુમાર ગુપ્તા	પંજાબ	૧૭૬
૧૮૫.	ડૉ. કૃષ્ણલાલ	દિલ્લી	૧૭૬
૧૮૬.	ડો. ધર્મેન્દ્રકુમાર ગુપ્તા	પંજાબ	૧૭૬
૧૮૭.	ડૉ. કૃષ્ણલાલ	દિલ્લી	૧૭૬
વિદ્યાભૂમિ કાશી-વારાણસીની યુનિવર્સિટીના વિદ્વાન પંડિતોના અભિનંદન :-			
૧૮૮.	રેવાપ્રસાદ દ્વિવેદી	કાશી-વારાણસી	૧૭૭
૧૮૯.	કેદારનાથ ત્રિપાઠી	કાશી-વારાણસી	૧૭૮
૧૯૦.	સુબ્રહ્મણ્ય શાસ્ત્રી	કાશી-વારાણસી	૧૭૯
૧૯૧.	શ્રીમૂલશંકર શાસ્ત્રી	કાશી-વારાણસી	૧૭૯
૧૯૨.	ડૉ. સત્યસ્વરૂપ મિશ્ર	કાશી-વારાણસી	૧૮૦
૧૯૩.	કમલેશદત્ત ત્રિપાઠી	કાશી-વારાણસી	૧૮૦
૧૯૪.	રામનરેશ વર્મા	કાશી-વારાણસી	૧૮૧
૧૯૫.	પ્રેમલત્તા શર્મા	કાશી-વારાણસી	૧૮૧
૧૯૬.	દેવસ્વરૂપ મિશ્ર	કાશી-વારાણસી	૧૮૨
૧૯૭.	મીઠાલાલ હિમ્મતરામ ઓઝા	કાશી-વારાણસી	૧૮૩
૧૯૮.	ડૉ.મનોહરલાલ દ્વિવેદી	કાશી-વારાણસી	૧૮૪
૧૯૯.	ભૂપેન્દ્રપતિ ત્રિપાઠી	કાશી-વારાણસી	૧૮૪
૨૦૦.	પંડિત સાર્વભૌમ શ્રીકાલીપ્રસાદ મિશ્ર	કાશી-વારાણસી	૧૮૫
૨૦૧.	શ્રી કરૂણાપતિ ત્રિપાઠી	કાશી-વારાણસી	૧૮૫
૨૦૨.	જગન્નાથોપાધ્યાય	કાશી-વારાણસી	૧૮૬
૨૦૩.	શ્રી બદ્રીનાથ શુકલ	કાશી-વારાણસી	૧૮૭
૨૦૪.	એન. કે. દેવરાજ	કાશી-વારાણસી	૧૮૮
૨૦૫.	મનહરલાલ દ્વિવેદી	કાશી-વારાણસી	૧૮૮
૨૦૬.	ડૉ. સામવ્રતસિંહ	કાશી-વારાણસી	૧૮૮
૨૦૭.	શ્રીગુરુ ગણેશજી બટુકનાથ શાસ્ત્રી	કાશી-વારાણસી	૧૮૯
૨૦૮.	શ્રી બદરીનાથ શુકલ	કાશી-વારાણસી	૧૮૯
૨૦૯.	ડૉ. રામનાથ વેદાલંકાર	હરિદ્વાર	૧૯૦
૨૧૦.	ડૉ. ગોવિંદપ્રસાદ શર્મા સુવેદી	વારાણસી	૧૯૧
૨૧૧.	ડૉ. વિનોદચંદ્રસિંહા	હરિદ્વાર	૧૯૧
૨૧૨.	ડૉ. રામનાથ વેદાલંકાર	હરિદ્વાર	૧૯૨
૨૧૩.	ડૉ. વિનોદચંદ્ર સિંહા	હરિદ્વાર	૧૯૨
૨૧૪.	ડૉ. અભેદાનંદશાસ્ત્રી	હરિદ્વાર	૧૯૩
ભારતની સંસ્કૃત મહાવિદ્યાલયોના વિદ્વાનોના અભિનંદન :-			
૨૧૫.	વેદાનંદ ઝા	નવી દિલ્હી	૧૯૪

ક્રમ	નામ	સ્થળ	પેઈજ નં.
૨૧૬.	મચ્છારામ દ્વિવેદી	મુંબઈ	૧૯૫
૨૧૭.	લક્ષ્મીશંકર ગૌ. શુકલ	વડોદરા	૧૯૬
૨૧૮.	વિદ્યારત્ન પરશુરામ શાસ્ત્રી	વારાણસી	૧૯૭
૨૧૯.	શ્રી રાજેશ્વર શાસ્ત્રી દ્રાવિડ	વારાણસી	૧૯૭
૨૨૦.	રામપ્રસાદ ત્રિપાઠી	વારાણસી	૧૯૮
૨૨૧.	ડૉ. નરેન્દ્રનાથ શર્મા	મધ્યપ્રદેશ	૧૯૯
૨૨૨.	ડૉ. નરેન્દ્રકુમાર શર્મા	શિવની	૨૦૦
૨૨૩.	જવાલાપ્રસાદ ગૌડ	ઉત્તરપ્રદેશ	૨૦૦
૨૨૪.	જયરામ શાસ્ત્રી	કાશ્મીર	૨૦૧
૨૨૫.	પંડિત વંસીધર વશિષ્ઠ	ઉજ્જૈન	૨૦૨
૨૨૬.	કૃષ્ણશાસ્ત્રી કાનિટકર	ઈન્દૌર	૨૦૨
૨૨૭.	ડૉ. જયનારાયણ રા. પાઠક	વડોદરા	૨૦૩
૨૨૮.	શાસ્ત્રી કાન્તિલાલ યાજ્ઞિક	પેટલાદ	૨૦૩
૨૨૯.	સ્વામી રામેશ્વરાનન્દાચાર્ય	અહમદાવાદ	૨૦૪
૨૩૦.	પં. વ્રજકાન્ત ઝા	અહમદાવાદ	૨૦૪
૨૩૧.	ભગવાન દત્તમિશ્ર	કલકત્તા,	૨૦૫
૨૩૨.	પં. હરિહરાચાર્ય	અમરાવતી	૨૦૫
૨૩૩.	શાસ્ત્રી દયાશંકર રેવાશંકર	અમદાવાદ	૨૦૬
૨૩૪.	તારાનાથ ચેટર્જી	મણીપુર	૨૦૭
૨૩૫.	મીઠાલાલ ઓઝા	વારાણસી	૨૦૭
૨૩૬.	પરિમલ સતીશ ભટ્ટાચાર્ય	દેહરાદુન	૨૦૭
૨૩૭.	પં. નંદકિશોર શાસ્ત્રી	ઉજ્જૈન	૨૦૮
૨૩૮.	પંડિત હરિરામ શુકલ	કાશી	૨૦૮
૨૩૯.	સૂર્યનારાયણ મિશ્ર	આયોધ્યા	૨૦૮
૨૪૦.	શાસ્ત્રીલાલજી ના. મોઢા	જામનગર	૨૦૯
૨૪૧.	શાસ્ત્રી વાસુદેવપ્રસાદ ત્રિભુવન પંડ્યા	ખેડા	૨૧૦
૨૪૨.	શાસ્ત્રી લાલજી નારાયણજી મોઢા	જામનગર	૨૧૦
૨૪૩.	શ્રીવાસુદેવ શાસ્ત્રી	ડાકોર	૨૧૧
૨૪૪.	બળવન્તરાય શાસ્ત્રી	ભાવનગર	૨૧૧
૨૪૫.	કૃષ્ણશંકર શાસ્ત્રી	અમદાવાદ	૨૧૨
૨૪૬.	ડૉ. રામચન્દ્ર પાંડે	કાશ્મીર	૨૧૨
૨૪૭.	કૃષ્ણશંકર શાસ્ત્રી	અમદાવાદ	૨૧૩
૨૪૮.	શ્રી શંકરપ્રસાદ બ્યાનાર્જી	ખડગપુર	૨૧૩
ભારતની સંસ્કૃત વિદ્યાપીઠના વિદ્વાનોના અભિનંદન :-			
૨૪૯.	ડૉ. શ્રી ઉંમારણ ઝા	કાશ્મીર	૨૧૪
૨૫૦.	ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી	નવી દિલ્હી	૨૧૫
૨૫૧.	ડૉ. અમરનાથ પાંડે	કાશી	૨૧૬

ક્રમ	નામ	સ્થળ	પેઈજ નં.
૨૫૨.	અજયમિશ્ર શાસ્ત્રી	નાગપુર	૨૧૬
૨૫૩.	એમ. ડી. બાલસુબ્રહ્મણ્યમ	તિરૂપતિ	૨૧૭
૨૫૪.	પંડિત અનંતાચાર્ય જયસ્વાલ	પટણા	૨૧૭
૨૫૫.	ડૉ. રામચંદ્ર પાંડે	જમ્મુ-કાશ્મીર	૨૧૮
૨૫૬.	ડૉ. અમરનાથ પાંડે	વારાણસી	૨૧૮
૨૫૭.	ડૉ. ચન્દ્રકિશોર ગોસ્વામી	રાજસ્થાન	૨૧૮
૨૫૮.	ડૉ. ચક્રધર બિજલ્વાન	નવી દિલ્હી	૨૧૯
૨૫૯.	અનંતલાલ દેવશર્મા ઠાકુર	પટણા	૨૧૯
૨૬૦.	શ્રીઅમરનાથ પાંડે	વારાણસી	૨૨૦
૨૬૧.	ડૉ. રૂદ્રદેવ ત્રિપાઠી	નવી દિલ્હી	૨૨૧
ભારતની સંસ્કૃત કોલેજના વિદ્વાનોના અભિનંદન :-			
૨૬૨.	પં. શિવદત મિશ્ર	કાશી	૨૨૨
૨૬૩.	પંડિત છબીલાલ યોત્રેલ	બંગાલ	૨૨૨
૨૬૪.	મહામહોપાધ્યાય માધવશાસ્ત્રી ભંડારી	કાશી	૨૨૩
૨૬૫.	એમ. એમ. ગોપીનાથ કવિરાજ	કાશી	૨૨૩
૨૬૬.	શ્રી આશુતોષ ભટ્ટાચાર્ય	કલકતા	૨૨૩
૨૬૭.	શ્રી મોહન શર્મા	કલકતા	૨૨૪
૨૬૮.	પંડિત દર્શનસિંહ	પંજાબ	૨૨૪
૨૬૯.	દેવકીનંદન શાસ્ત્રી	કાશી	૨૨૪
૨૭૦.	રઘુનાથ ઐરી	ઈન્દોર	૨૨૫
૨૭૧.	ડૉ. કર્ણસિંહ	મેરઠ	૨૨૫
૨૭૨.	ડૉ. કાલીકુમાર દત્ત	કલકતા	૨૨૬
૨૭૩.	આશુતોષ ભટ્ટાચાર્ય	કલકતા	૨૨૬
૨૭૪.	ડૉ. કાલીકુમાર દત્ત	કલકતા	૨૨૭
૨૭૫.	એચ.ડી. સાંકલિયા	પૂના	૨૨૭
૨૭૬.	પાંડુરંગ શાસ્ત્રી ગૌસ્વામી	પૂના	૨૨૮
૨૭૭.	હુકમચન્દ પટિયાલ	પૂના	૨૨૮
૨૭૮.	ડૉ. મિહેન્દલે	પૂના	૨૩૦
૨૭૯.	ડૉ. વી.પી. ઝવેરી	ધોલકા	૨૩૦
૨૮૦.	ડૉ. એમ. ટી. બુચ	જામનગર	૨૩૧
૨૮૧.	ડી. કે. લાડવા	રાજકોટ.	૨૩૨
૨૮૨.	સી. વી. ઠકરાલ	પોરબંદર	૨૩૩
૨૮૩.	ડૉ. સુદર્શન મજિઠિયા	ભાવનગર	૨૩૩
૨૮૪.	ડૉ. બીપીન ઝવેરી	ધોળકા	૨૩૩
૨૮૫.	ડૉ. ઈસ્ટેલ્લર	મુંબઈ	૨૩૪
૨૮૬.	પ્રો. ડૉ. એમ. વી. જોષી	સુરેન્દ્રનગર	૨૩૫
૨૮૭.	ડી. આર. શદાશિવ એ. કાન્ગે	મુંબઈ	૨૩૫

ક્રમ	નામ	સ્થળ	પેઈજ નં.
૨૮૮.	રમેશ બેટાઈ	દ્વારકા	૨૩૬
૨૮૯.	ડૉ. શોભાનંદ ઝા	દ્વારકા	૨૩૬
૨૯૦.	ડૉ. ઉપેન્દ્ર પંડ્યા	રાજકોટ	૨૩૬
૨૯૧.	ડૉ. ન.મ. કંસારા	અમદાવાદ	૨૩૭
૨૯૨.	સી.એલ. શાસ્ત્રી	અમદાવાદ	૨૩૭
૨૯૩.	ડૉ. ન. મ. કંસારા	અમદાવાદ	૨૩૮
૨૯૪.	પંડીત રામાનંદ ઝા	જૂનાગઢ	૨૩૮
૨૯૫.	ડૉ. વસંત ગી. પરીખ	અમરેલી.	૨૩૯
ભારતની વિવિધ સંસ્થાઓના સંચાલક વિદ્વાનોનાં અભિનંદન :-			
૨૯૬.	જે. એલ. કે. જલાલી	જમ્મુ-કશ્મીર	૨૪૦
૨૯૭.	રાજનારાયણ શાસ્ત્રીજી	વારાણસી	૨૪૧
૨૯૮.	ડૉ. સૂ.ના. વ્યાસ	ઉજ્જૈન	૨૪૧
૨૯૯.	ત્રિલોચનસિંહ બિન્દ્રા	પંજાબ	૨૪૨
૩૦૦.	મહેન્દ્ર પંડ્યા	ભોપાલ	૨૪૩
૩૦૧.	બાબુલાલ શુકલ	ઉજ્જૈન	૨૪૩
૩૦૨.	જે. પી. ઠાકર	વડોદરા	૨૪૪
૩૦૩.	એ. એન. જાની	બરોડા	૨૪૪
૩૦૪.	જી. એમ. કાલે	ગોવા	૨૪૫
૩૦૫.	ડૉ. જી. કે. પાઈ	કોચીન	૨૪૫
૩૦૬.	એસ. એ. ઉપાધ્યાય	મુંબઈ	૨૪૫
૩૦૭.	બી. સુબ્બારાયન	મદ્રાસ	૨૪૬
૩૦૮.	શ્રી વરદરાજ	કલકત્તા	૨૪૬
૩૦૯.	ડૉ. જી. કે. ભટ્ટ	પૂના	૨૪૭
૩૧૦.	ડૉ. વિનોદચંદ્ર સિંહા	હરિદ્વાર	૨૪૮
૩૧૧.	ડૉ. એસ. એ. ઉપાધ્યાય	મુંબઈ	૨૪૮
૩૧૨.	વી. વી. ગીરી	મદ્રાસ	૨૪૮
૩૧૩.	તેલુગુ ભાષા સમિતિ	મદ્રાસ	૨૪૯
૩૧૪.	પંડિત રામકૃષ્ણ શાસ્ત્રી	કાશી	૨૪૯
૩૧૫.	દલસુખ માલવિયા	અમદાવાદ	૨૫૦
૩૧૬.	પં. શ્રીધરશાસ્ત્રી	અમદાવાદ	૨૫૦
૩૧૭.	એલ. બી. ઠાકર	જામનગર	૨૫૦
૩૧૮.	સૂર્યનારાયણ મિશ્ર	અયોધ્યા	૨૫૧
૩૧૯.	ડૉ. હરીશંકર શાસ્ત્રી	જામનગર	૨૫૧
૩૨૦.	સ્વામી ગોપાલદત્ત શાસ્ત્રી	આરા	૨૫૨
૩૨૧.	ટી.વી. વ્યાસ	જામનગર	૨૫૨
૩૨૨.	પં. સુરચૈતન્યમ્	મદ્રાસ	૨૫૨
૩૨૩.	એમ.વી. શાહ. - લક્ષ્મણજી ભગત	કુંકાવાવ	૨૫૩

ક્રમ	નામ	સ્થળ	પેઈજ નં.
૩૨૪.	ડૉ. એસ. એ. ઉપાધ્યાય	મુંબઈ	૨૫૪
૩૨૫.	શ્રી જમનાશંકર દેવશંકર શાસ્ત્રી	ખંભાત	૨૫૩
૩૨૬.	ડૉ. ઓમપ્રકાશ	દિલ્હી	૨૫૪
૩૨૭.	ડૉ. પદ્મશ્રી વિ. સી. વરૂણકર	ઉજ્જેન	૨૫૫
૩૨૮.	મહામહોપાધ્યાય શ્રીગણપતિશાસ્ત્રી	ત્રિવેન્દ્રમ	૨૫૫
૩૨૯.	અનંતરાય રાવલ	અમરેલી	૨૫૫
૩૩૦.	ડૉ. આર.એસ. શિવગણેશ મૂરથી	ઈન્દોર.	૨૫૬
૩૩૧.	પં. બુદ્ધિપ્રકાશ શાસ્ત્રીજી	દેહરાદુન	૨૫૭
૩૩૨.	પ્રભાકર માચવે	સિમલા	૨૫૭
૩૩૩.	ડૉ. કરણસિંહ	મેરઠ	૨૫૭
૩૩૪.	ડૉ. કે. વી. અભયંકર ભંડારકર	પૂના	૨૫૭
૩૩૫.	આત્મલીલા યોગીની	રૂદ્રારણ્ય	૨૫૮
૩૩૬.	મહંત શાંતિપ્રસાદ	જામનગર	૨૫૯
૩૩૭.	ડૉ.શ્યામલાલ શર્મા	પંજાબ	૨૬૦
૩૩૮.	પ્રભુદત બ્રહ્મચારી	ઝુસી	૨૬૦
૩૩૯.	વિશ્વેશ્વરાનંદ વૈદિક શોધ સંસ્થા	પંજાબ	૨૬૧
૩૪૦.	કા. ચે. ત્રિવેદી	વડીયા	૨૬૧
૩૪૧.	શ્રી ધીરજધારી શાસ્ત્રી	મથુરા	૨૬૨
૩૪૨.	શ્રી રામમૂર્તિ	વિશાખાપટ્ટનમ્	૨૬૨
૩૪૩.	ડૉ. જગપુર્ણદાસ શાસ્ત્રી	જમ્મુ-તાવી	૨૬૩
૩૪૪.	શાસ્ત્રી કેશવ શર્મા	ખેડા	૨૬૪
૩૪૫.	રામકૃષ્ણશાસ્ત્રી અવ્યય	જમ્મુ-તાવી	૨૬૫
૩૪૬.	દલસુખભાઈ માલવાણિયા	અમદાવાદ	૨૬૫
૩૪૭.	ડૉ. જી.પી. શર્મા, સુવેદી	વારાણસી	૨૬૫
૩૪૮.	ડૉ. જગપૂર્ણદાસ શાસ્ત્રી	જમ્મુ-તવી	૨૬૬
૩૪૯.	પ્રા. ડૉ. મ. વ્ર. જોશી	સુરેન્દ્રનગર	૨૬૭
૩૫૦.	પંડિત હંસરાજ તોલારામ	કલકત્તા	૨૬૭
૩૫૧.	શાસ્ત્રી કેશવરામ કાશીરામ	અમદાવાદ	૨૬૮
૩૫૨.	પંડિત માધવાચાર્ય શાસ્ત્રી	દિલ્હી	૨૬૮
૩૫૩.	યુ. એન. ઢેબર	રાજકોટ	૨૬૯
૩૫૪.	ડૉ. સ્વામી શ્રીશ્યામનારાયણ	પંજાબ	૨૬૯
૩૫૫.	ગોપીકામોહન ભટ્ટાચાર્ય	કુરુક્ષેત્ર	૨૬૯
૩૫૬.	વૈદ્યશાસ્ત્રી વ્રજલાલ નાનજી ત્રિવેદી	રાજકોટ	૨૭૦
૩૫૭.	ડૉ. કૃષ્ણકાંત ચતુર્વેદી	બિહાર	૨૭૧
૩૫૮.	ડૉકટર વિશ્વનાથ બેનર્જી	વેસ્ટ બંગાલ	૨૭૨
૩૫૯.	કેશવરામ કાશીરામ શાસ્ત્રી	અમદાવાદ	૨૭૨
૩૬૦.	મનસુખલાલ એ. મહેતા	જૂનાગઢ	૨૭૩

ક્રમ	નામ	સ્થળ	પેઈજ નં.
ભારતના વિદ્વાન પંડિતો, પ્રોફેસરો, લેક્ચરરો તેમજ લેખકોના અભિનંદન			
૩૬૧.	લાભશંકર શાસ્ત્રીજી	મોરબી	૨૭૪
૩૬૨.	શ્રી લાભશંકર શાસ્ત્રી	મોરબી	૨૭૭
૩૬૩.	વૈજનાથપુરીજી	લખનૌ	૨૭૮
૩૬૪	રાજકવિ માવદાનજી ભી. રત્નુ	કાલાવડ	૨૭૯
૩૬૫.	કવિ શ્રી નાથાલાલ દવે	ભાવનગર	૨૮૧
૩૬૬.	મહામહોપાધ્યાય મ.વ. ઉપાધ્યાય	વડોદરા	૨૮૨
૩૬૭.	મહામહોપાધ્યાય શ્રીવામાચરણ ભટ્ટાચાર્યજી	કાશી	૨૮૨
૩૬૮.	ડૉ. આર. એસ. બેટાઈ	દ્વારકા	૨૮૩
૩૬૯.	રામસિંહ તોમર	પશ્ચિમ બંગાળ	૨૮૪
૩૭૦.	પદ્મભૂષણ શ્રી કે.કા. શાસ્ત્રી	અમદાવાદ	૨૮૫
૩૭૧.	પંડિત શાંતાનંદજી મહારાજ	તર્કતીર્થ	૨૮૬
૩૭૨.	જે. એલ. કે. જલાલી	શ્રીનગર	૨૮૭
૩૭૩.	પ્રો. ત્રિલોચનસિંહ વિન્દ્રા	પંજાબ	૨૮૮
૩૭૪.	રૂકિમણીકાંત લાલજી ગોસ્વામી	કટક	૨૮૮
૩૭૫.	મોહન વિહારીલાલજી	ચિતોડ	૨૮૯
૩૭૬.	વિધેશ્વર શિવાચાર્ય	કડાપ્પા, પૂર્વ	૨૮૯
૩૭૭.	પંડિત સોમશિવ વેદાંતી	કાશ્મીર	૨૯૦
૩૭૮.	પંડિત કમલનયનાચાર્યજી	કાશી	૨૯૦
૩૭૯.	મૃડાંગપલ્લી શાસ્ત્રી	મદ્રાસ	૨૯૧
૩૮૦.	શ્રી નિવાસાચાર્ય	તામિલનાડુ	૨૯૨
૩૮૨.	હરિહરાનંદ બ્રહ્મચારી	કાશી	૨૯૩
૩૮૩.	મીમાંસા ભાસ્કર કાશીનાથ શાસ્ત્રી	છાતા	૨૯૪
૩૮૪.	ચક્રધર બિજલ્વાન	દિલ્હી	૨૯૫
૩૮૫.	ડૉ. ક્ષીરોદબંધુ	ઈન્દૌર	૨૯૬
૩૮૬.	શાંતિલાલ શાસ્ત્રી	જુનાગઢ	૨૯૭
૩૮૭.	શાસ્ત્રી ચંદ્રેશ ભટ્ટજી	વારાણસી	૨૯૮
૩૮૮.	ડૉ. મહેન્દ્રાચાર્ય	પશ્ચિમ કાશી	૨૯૯
૩૮૯.	મનહરલાલજી શાસ્ત્રી	કાશી	૨૯૯
૩૯૦.	સત્યવ્રત કૌણ્ડિન્ય	વિજયનગર	૩૦૦
૩૯૧.	પંડિત ભાગવતાચાર્ય, સર્વદર્શનાચાર્ય	કનખલ	૩૦૦
૩૯૨.	પ્રો.રમેશચંદ્ર વ્યાસ	કુંકાવાવ	૩૦૦
૩૯૩.	ડૉ. વિદુષી સુષમા સક્સેના	પ્રયાગરાજ	૩૦૧
૩૯૪.	પંડિત સૂરચૈતન્ય	દક્ષિણ ભારત	૩૦૧
૩૯૫.	પંડિત લક્ષ્મણ શાસ્ત્રી	હૈદ્રાબાદ	૩૦૨
૩૯૬.	પંડિત નારાયણ, શ્રીધરશાસ્ત્રી	નાસિક	૩૦૨
૩૯૭.	ડૉ. સત્યકામ્ વિદ્યાલંકાર	બોમ્બે	૩૦૨
૩૯૮.	વૈદ્ય હરિપ્રસાદ શર્મા	રાજસ્થાન	૩૦૩

ક્રમ	નામ	સ્થળ	પેઈજ નં.
૩૯૯.	ડૉ.શ્રીરામ શર્મા	હૈદરાબાદ	૩૦૩
૪૦૦.	ડૉ. ભૂલાનાથ તિવારી	દિલ્હી	૩૦૩
૪૦૧.	શાસ્ત્રી શાન્તિલાલ વ્યાસ	જૂનાગઢ	૩૦૪
૪૦૨.	કૌણ્ડિન્ય શાસ્ત્રી	જામનગર	૩૦૫
૪૦૩.	શ્રી બી. એમ. બધેકા	પાલીતાણા	૩૦૬
૪૦૪.	શ્રી નરહરિ શાસ્ત્રી	સિદ્ધપુર	૩૦૬
૪૦૫.	સાર્વભૌમ ભાગવતાચાર્ય	કનખલ	૩૦૭
૪૦૬.	મનહરલાલજી શાસ્ત્રીજી	જામનગર	૩૦૭
૪૦૭.	પંડિત સીતારામ ચતુર્વેદી	વારાણસી	૩૦૮
૪૦૮.	શાસ્ત્રી બળવંતરાય	ભાવનગર	૩૦૮
૪૦૯.	એચ. ટી. દવે	બોમ્બે	૩૦૯
૪૧૦.	એમ. બી. સુબ્રહ્મણ્યમ	તિરુપતિ	૩૦૯
૪૧૧.	પંડિત બદરીનાથજી કાશીનાથ શાસ્ત્રી	વડોદરા	૩૧૦
૪૧૨.	પ્રણવાનંદજી	ધર્મારણ્યમ.	૩૧૦
૪૧૩.	ડૉ. જૈમનનાથ મિશ્ર	કાઠમંડુ	૩૧૦
૪૧૪.	પંડિત લક્ષ્મણ શાસ્ત્રી	કાશી	૩૧૧
૪૧૫.	ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા	વડોદરા	૩૧૧
૪૧૬.	મહેન્દ્રેશ્વર યોગી	ગૌહાત્તી	૩૧૧
૪૧૭.	ડૉ. એમ. એ. ઢાંકે	વારાણસી	૩૧૨
૪૧૮.	ડૉ. ગોરધન શર્મા	ગાંધીનગર	૩૧૨
૪૧૯.	ડૉ. મિથિલેશ ચતુર્વેદી	દિલ્હી	૩૧૨
૪૨૦.	પરશુરામ શાસ્ત્રી	જમ્મુ-કાશ્મીર	૩૧૩
૪૨૧.	પંડિત ગંટુરી ભાનુમૂર્તિ	રાજમહેન્દ્રી	૩૧૩
૪૨૨.	ડૉ. રામસિંહ તોમર	બોલપુર	૩૧૩
૪૨૩.	નરહરિ શાસ્ત્રી	સિધ્ધપુર	૩૧૪
૪૨૪.	ડૉ. રામકૃષ્ણ મિશન	દેહરાદૂન	૩૧૪
૪૨૫.	ડૉ.રામવિલાસ શર્મા	આગ્રા	૩૧૫
૪૨૬.	ડૉ.ગંગાદત્ત શાસ્ત્રી	શ્રીનગર	૩૧૫
૪૨૭.	ડૉ.રઘુનાથ એરી	પંજાબ	૩૧૫
૪૨૮.	ડૉ. એસ્ટેલર સોલોમન	અમદાવાદ	૩૧૬
૪૨૯.	પંડિત શાંતાનંદજી	નદિયાશાંતિ	૩૧૬
૪૩૦.	ડૉ. બી.એન. બધેકા	પાલીતાણા	૩૧૬
૪૩૧.	ડૉ. બલદેવપ્રસાદ જોષી	પ્રયાગરાજ	૩૧૭
૪૩૨.	પંડિત વસંત અનંત	પૂના	૩૧૭
૪૩૩.	વિજયસિંહજી રતનસિંહજી	લોધિકા	૩૧૭
૪૩૪.	ડૉ.ગ.વ. કવીશ્વર	ઈન્દૌર	૩૧૮
૪૩૫.	પંડિત નંદનંદન સરસ્વતી	વારાણસી	૩૧૮

ક્રમ	નામ	સ્થળ	પેઈજ નં.
૪૩૬.	પદ્મવિભૂષણ સુખલાલજી	અમદાવાદ	૩૧૮
૪૩૭.	ઉછરંગરાય ઢેબર	રાજકોટ	૩૧૯
૪૩૮.	ડૉ. તપસ્વી નાંદી	અમદાવાદ	૩૧૯
૪૩૯.	ધીરજધારી શાસ્ત્રી	મથુરાવાસી	૩૧૯
૪૪૦.	પંડિત શાન્તિપ્રસાદજી	જામનગર	૩૨૦
૪૪૧.	ડૉ. વસંત પરીખ	અમરેલી	૩૨૦
૪૪૨.	શ્રી મહાશંકરભાઈ	જામનગર	૩૨૧
૪૪૩.	હરિવલ્લભ ભાયાણી	અમદાવાદ	૩૨૧
૪૪૪.	ડૉ. વિશ્વનાથ બેનર્જી	કાશી	૩૨૨
૪૪૫.	પંડિત બટુકનાથ શાસ્ત્રી, ખ્રિસ્તે	વારાણસી	૩૨૩
૪૪૬.	સુ.ના. વ્યાસ	કાશી	૩૨૪
૪૪૭.	ડૉ.કૃષ્ણકાંત ચતુર્વેદી	વારાણસી	૩૨૪
૪૪૮.	ડૉ. બાબુલાલજી શુકલ	ઈન્દૌર	૩૨૫
૪૪૯.	ડૉ. ઈશ્વરલાલ દવે	રાજકોટ,	૩૨૫
૪૫૦.	ડૉ. એસોર સોલોમન	અમદાવાદ	૩૨૬
૪૫૧.	શાસ્ત્રી અનુપરામભાઈ	અમદાવાદ	૩૨૬
૪૫૨.	સત્યકામ વિદ્યાલંકાર	મુંબઈ	૩૨૭
૪૫૩.	ડૉ. ભોલાનાથ તિવારી	દિલ્હી	૩૨૭
૪૫૪.	ડૉ. પંડિત રામમૂર્તિ ત્રિપાઠી	ઉજ્જૈન	૩૨૮
૪૫૫.	ડૉ.હજારીપ્રસાદ દ્રિવેદી	વારાણસી	૩૨૮
૪૫૬.	શાસ્ત્રી હરિપ્રસાદજી	નાસિક	૩૨૯
૪૫૭.	ડૉ.સત્યવ્રત સિંહ	લખનઉ	૩૨૯
૪૫૮.	આચાર્ય કામેશ્વર	શુકલતીર્થ	૩૩૦
૪૫૯.	મણિશંકર વસંતરામ ઉપાધ્યાય	વડોદરા	૩૩૧
૪૬૦.	ડૉ.રામચંન્દ્ર બિલ્લૌર	ઈન્દોર	૩૩૧
૪૬૧.	સીતારામ ચતુર્વેદી	બેનિયા બાગ	૩૩૨
૪૬૨.	વિદ્યામાર્તણ્ડ, જે.ડી.લાડુ	કાશ્મીર	૩૩૩
૪૬૩.	ડૉ. કર્ણસિંહ ચંદ્રિકા	મેરઠ	૩૩૩
૪૬૪.	ગંગાદત શાસ્ત્રી	જમ્મુ	૩૩૪
૪૬૫.	કૃષ્ણદેવ શાસ્ત્રી	યુ.પી.	૩૩૪
૪૬૬.	શ્રી ગુરૂલિંગ ન્યાયાચાર્ય	તામિલનાડુ	૩૩૫
૪૬૭.	ચંદ્રમણિ શાસ્ત્રી	પંજાબ	૩૩૫
૪૬૮.	વિજયકુમાર શાસ્ત્રી	દાર્જિલિંગ	૩૩૬
૪૬૯.	ઓમપ્રકાશ શાસ્ત્રી	દિલ્હી	૩૩૭
૪૭૦.	પંડિત શ્રી વ્રજકાન્ત ઝા	જૂનાગઢ	૩૩૮
૪૭૧.	શ્રીમાન માધવાચાર્ય ગોસ્વામી દામોદર શાસ્ત્રી	કાશી	૩૩૯
૪૭૨.	શંકર ચૈતન્ય ભારતી	કાશી	૩૩૯

ક્રમ	નામ	સ્થળ	પેઈજ નં.
૪૭૩.	સુબ્રહ્મણ્ય શાસ્ત્રી	વારાણસી	૩૪૦
૪૭૪.	ઢુણ્ઢિરાજ શાસ્ત્રી	સપ્તતીર્થ	૩૪૦
૪૭૫.	ડૉ. વાસુદેવ કૃષ્ણ ચતુર્વેદી	કાશી, વારાણસી	૩૪૧
૪૭૬.	શ્રી વિનાયક શાસ્ત્રી	ઉજ્જૈન	૩૪૨
૪૭૭.	બહાદુરચંદ્ર છાબડા	દક્ષિણ ભારત	૩૪૨
૪૭૮.	દયાશંકર વાજપેયી	ઉજ્જૈન	૩૪૩
૪૭૯.	ડૉ. શ્રીગોપાલચંદ્ર મિશ્ર	કાશી	૩૪૪
૪૮૦.	ડૉ. રાજમણિ પાંડેય	ઈલાહાબાદ	૩૪૪
૪૮૧.	શ્રી જી. ભાનુમર્તિ શાસ્ત્રી	આન્ધ્રપ્રદેશ	૩૪૫
૪૮૨.	પી. એન. પટ્ટાભિરામ શાસ્ત્રી	વારાણસી	૩૪૫
૪૮૩.	નારાયણ શ્રીધર શાસ્ત્રી વારે	નાસીક	૩૪૬
૪૮૪.	ભક્તરાજ ઘનશ્યામ ભટ્ટ	કાશી, વારાણસી	૩૪૬
૪૮૫.	વિજયસિંહજી રતનસિંહજી	લોધિકા	૩૪૭
૪૮૬.	સત્સંગી મંડળ રામપુરા	સુરત	૩૪૭
૪૮૭.	રેવાશંકર જીવરામ ભટ્ટ	ધારી	૩૪૮
૪૮૮.	બચુલાલ સવજી	નાસિક	૩૪૮
૪૮૯.	શાસ્ત્રી શાંતિલાલ મટુલાલ વ્યાસ	જૂનાગઢ	૩૪૯
૪૯૦.	કરશનદાસભગત	મુંબઈ	૩૫૦
૪૯૧.	શ્રીહરિશરણાગતિ મંડળ	મુંબઈ	૩૫૧
૪૯૨.	સેવક કેશવજી હરિભાઈ	મુંબઈ	૩૫૧
૪૯૩.	શ્રીહરિશરણાગતિ મંડળ	મસ્કત	૩૫૨
૪૯૪.	શ્રીહરિશરણાગતિ મંડળ	પૂના	૩૫૨
૪૯૫.	શ્રીહરિશરણાગતિ મંડળ	જામવંથલી	૩૫૩
૪૯૬.	રાધિકેશ ભટ્ટાચાર્ય	ઢાકા	૩૫૩
૪૯૭.	યમુનાશંકર શાસ્ત્રીજી	ખંભાત	૩૫૪
૪૯૮.	શ્રી ઘનશ્યામ લક્ષ્મીશંકર ભટ્ટ	રાજકોટ	૩૫૫
૪૯૯.	શાસ્ત્રી વ્રજભવનદાસ ગુપ્તા	કાશી- વારાણસી	૩૫૬
૫૦૦.	શ્રીસ્વામિનારાયણ મંદિર, ટેમ્પલ કમિટી	જૂનાગઢ	૩૫૬

❋ ભારતના વિદ્વાન પંડિતો, સંતો, તેમજ ભક્તોની દૃષ્ટિએ સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ❋

ક્રમ	નામ	સ્થળ	પેઈજ નં.
સર્વગુણ સંપન્ન, મહાન વિદ્વાન, અદ્‌ભૂત શાસ્ત્રોના રચયીતા વિશ્વવંદનીય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ			
૫૦૧.	ડૉ. એમ.બી. શાહ	મોટી કુંકાવાવ	૩૫૭
વિશ્વવિભૂતિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું સંક્ષિપ્ત દિવ્યજીવન તેમજ સત્કાર્યો...			
૫૦૨.	છગનલાલભાઈ બ્રાહ્મણ	મોટી કુંકાવાવ	૩૫૯
સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ - તેઓનું પ્રદાન...			
૫૦૩.	શાસ્ત્રી બળવંતરાય ચુનીલાલ ત્રિવેદી	ભાવનગર	૩૬૬
પૂજ્ય સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના જીવનના અનુભવ અને ગુણગ્રાહિતા...			
૫૦૪.	પં. હરિહરાચાર્ય વેદાન્તધૂપ શિરોમણી	અમરાવતી	૩૬૮
શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની ભક્તિ અને તપ...			
૫૦૫.	યોગિરાજ ભગવત્ પ્રપન્નાચાર્ય	પંજાબ	૩૭૧
શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી એક મહાન તપસ્વી છે...			
૫૦૬.	મહામંડલેશ્વર બુદ્ધિપ્રકાશ સ્વામી	દેહરાદૂન	૩૭૪
ભારતીય ગૌરવમૂર્તિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સંતરૂપમાં...			
૫૦૭.	સ્વામી મીનાક્ષી ભાસ્કરાચાર્ય ચિદમ્બરમ્	મદ્રાસ	૩૭૮
ભારતીય સંત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ...			
૫૦૮.	મહામહોપાધ્યાય પંડિત રામકૃષ્ણ શર્મા	જમ્મુ	૩૮૨
ભગવાન શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસ પછી વ્યાસમૂર્તિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજી સાક્ષાત્ વ્યાસજી...			
૫૦૯.	પંડિત સૂરચૈતન્ય	કાશી	૩૮૬
સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું જીવનદર્શન...			
૬૦૦.	પંડિત રામશરણ ત્રિવેદી	બેંગ્લોર	૩૯૦
વેદાન્તવાદી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામીજી સર્વવિદ્ય વેદાન્તમૂર્તિ છે...			
૬૦૧.	પંડિત શ્રી પ્રણવાનંદજી	ધર્મારણ્યમ્	૩૯૪
જગત ઉપકારક શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ...			
૬૦૨.	પંડિત શાંતાનંદજી	નદીયાશાન્તિ	૩૯૭
પૂજ્ય સ્વામીશ્રી એક તેજસ્વી સ્કોલર પ્રતિભાશાલી વિદ્વાન...			
૬૦૩.	સ્વામી કૃષ્ણકેશવ શાસ્ત્રી	વડતાલ	૪૦૦
ભારતીય વિદ્યાલયોને શ્રીસ્વામીશ્વરની દેન...			
૬૦૪.	વિદૂષી શિષ્યા ડૉ. સુષ્મા સકસેના	પ્રયાગરાજ	૪૦૩
શ્રીસ્વામીજી દ્વારા સંસ્કૃત-હિન્દી-ગુજરાતી ભાષામાં સાહિત્યસેવા...			
૬૦૫.	તર્કાદિવાચસ્પતિ સ્વામી હરિસિંહજી	કાશી	૪૦૪
દિગ્દર્શક ડાયરેક્ટર, સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી...			
૬૦૬.	પંડિત સીતારામ ચતુર્વેદી	વારાણસી	૪૦૬
શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજી મહારાજની દૃષ્ટિમાં અન્ય ધર્મ...			
૬૦૭.	શાસ્ત્રાધ્યયનાધ્યક્ષ પરિમલ સતીશ ભટ્ટાચાર્ય	દેહરાદૂન	૪૦૮
સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ભારતના મહાન તત્ત્વચિન્તક...			
૬૦૮.	પંડિત કુમારદત્ત કાનડી	સિલોન	૪૧૧
ભારતીય સંસ્કૃત અને સંસ્કૃતિના ઉદ્ધારક પૂજ્ય સ્વામીશ્રી ચિત્ર-વિચાર-ચર્ચા-પ્રસ્તુતકર્તા...			
૬૦૯.	શ્રી વિનાયકશાસ્ત્રી ટિલ્લુ	ઉજ્જૈન	૪૧૫

ક્રમ	નામ	સ્થળ	પેઈજ નં.
શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ વિષે પ્રશસ્તિ - રત્નમાલા...			
૬૧૦.	પંડિત રતીનાથ શાસ્ત્રી	વારાણસી, કાશી	૪૧૭
સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી - અભિનંદનમ્...			
૬૧૧.	સુધીરકુમાર ગુપ્ત	જયપુર	૪૧૯
સ્વામીશ્રી કૃષ્ણવલ્લભાચાર્ય, અભિનંદન ગ્રન્થ વિમર્શ...			
૬૧૨.	વૈદ્યશાસ્ત્રી પંડિત પ્રેમવલ્લભ શર્મા	સિંહપુર	૪૨૦
પૂજ્ય સ્વામીશ્રી ભગવાન્ મહર્ષિ શ્વેતાયન વ્યાસ...			
૬૧૩.	સ્વામી હરીપ્રકાશજી	ગાંધીનગર	૪૨૧
શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ રચિત 'શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા' ભૂમિકા...			
૬૧૪.	ડૉ.પંડિત મહેન્દ્રાચાર્ય	કાશી	૪૨૨
પરમપુરૂષ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને અભિનંદન...			
૬૧૫.	કરશનદાસભાઈ હરિલાલ વેલજીભાઈ	મુંબઈ	૪૨૬
વિશ્વવિભૂતીના રૂપમાં સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી...			
૬૧૬.	શાંતિલાલ મટુલાલભાઈ શાસ્ત્રીજી	બગસરા	૪૨૯
મહાપુરૂષના રૂપમાં પૂજ્ય શ્રીસ્વામી મહારાજ...			
૬૧૭.	કેશવજી હરિભાઈ	દુબઈ	૪૩૬
યુગપુરૂષના રૂપમાં વંદનીય મહારાજશ્રી...			
૬૧૮.	ભરતકુમાર રતિલાલભાઈ કામદાર	જામનગર	૪૩૭
પરમપુરૂષ પરમેશ્વરરૂપમાં શ્રીસ્વામીજી મહારાજ...			
૬૧૯.	વેલજી રવજી ચૌહાણ	પુના	૪૩૯
પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને વિશે પ્રત્યભિનંદન...			
૬૨૦.	મિથિલાવાસી પંડિત રામનંદન ઝા	જૂનાગઢ	૪૪૫
❋ ❋ ❋ ❋ ❋			
શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના વિદ્વાનોને પ્રત્યભિનન્દન...			
૬૨૧.	શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનો સર્વ વિદ્વાનો પ્રત્યે 'પ્રત્યભિનન્દનનો વિશાળ લેખ...		૪૫૧
યુગ પરિવર્તન-સત્યુગ સ્થાપના...			
૬૨૨.	શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ		૪૮૩
❋ ❋ ❋ ❋ ❋			
૬૨૩.	પૃથ્વી પરના પૌરાણિક અનાદિ અડસઠ (૬૮) તીર્થો		૪૮૭
૬૨૪.	શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જન્મભૂમિ કુંકાવાવનો મહિમા (લ.સં.કૃ.સં.અ.૫૬)		૪૮૮
૬૨૫.	શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા અંતર્ગત દ્વાપરયુગ સન્તાન અધ્યાય-૧૪૧		૪૯૦
૬૨૬.	શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા અંતર્ગત ત્રેતાયુગ સંતાન અધ્યાય-૫૩૪		૪૯૪
❋ ❋ ❋ ❋ ❋			
૬૨૭.	શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જન્મકુંડળીના દર્શન		૪૯૮
૬૨૮.	શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું સવિસ્તાર જીવન ચરીત્ર		૪૯૯
૬૨૯.	શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું લખેલ ટૂંકમાં જીવનચરિત્ર		૫૨૧
❋ ❋ ❋ ❋ ❋			

ક્રમ	નામ	સ્થળ	પેઈજ નં.
૬૩૦.	ભક્તોને શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજમાં થયેલા ભગવાનપણાનાં ૩૯ ગુણોના દર્શન...		૫૪૨
૬૩૧.	ભક્તોને શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજમાં થયેલા અનંત ઐશ્વર્યના દર્શન...		૫૪૬
૬૩૨.	ભક્તોને શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની દિવ્ય મૂર્તિમાં થયેલા અનેક ચિહ્નોના દર્શન...		૫૫૨
	❖ ❖ ❖ ❖ ❖		
૬૩૩.	શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને દોહા-ચોપાઈ દ્વારા અભિનંદન...		૫૬૫
૬૩૪.	શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને પ્રાપ્ત થયેલ 'ડિગ્રી-સર્ટિફિકેટો, પદવીઓ, ખિતાબો તેમજ વિશેષ સન્માનો'ની વિગતો...		૫૬૮
૬૩૫.	ન્યૂઝ પેપરોની કલમે 'શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય જી મહારાજના ગુણો તેમજ સત્કર્મો'નું વર્ણન...		૫૭૧
૬૩૯.	શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે કરેલ પ્રવચન, વ્યાખ્યાનનાં પીઠ સ્થળોની ટૂંકમાં માહિતી...		૫૮૨
	❖ ❖ ❖ ❖ ❖		
૬૪૦.	સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું અદ્ભૂત યોગદાન...		૫૮૪
૬૪૧.	દોઢસો વર્ષોનો શ્રી રાધારમણદેવનો મહાનપાટોત્સવ મુખ્ય પ્રમુખ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ મોટાશાસ્ત્રીજી મહારાજ હસ્તક થયો...		૫૮૯
૬૪૨.	જૂનાગઢ મંદિરમાં ભગવાન શ્રીસ્વામિનારાયણનો ૨૦૦ વર્ષનો પ્રાગટ્યનો મહામહોત્સવ મુખ્ય પ્રમુખ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ મોટા શાસ્ત્રીજી મહારાજ હસ્તક થયો...		૫૯૫
	❖ ❖ ❖ ❖ ❖		
૬૪૩.	ભારતમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની લોકકલ્યાણાર્થે સંસ્કૃત સાહિત્યમાં અમૂલ્ય સેવા...		૫૯૯
૬૪૪.	શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ રચિત કલ્યાણકારી ૫૭ શાસ્ત્રોનો સંક્ષિપ્ત પરીચય...		૬૦૨
૬૪૫.	ભારતના એક વિદ્વાન સંત અને પંડિતના મતે સ્વામીશ્રીની અમૂલ્ય સાહિત્ય સેવા...		૬૧૬
૬૪૬ .	શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસ સાથે શ્રીકૃષ્ણશ્વેતાયન વ્યાસ (શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી)ની સરખામણી...		૬૨૮

❋ સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી - ભારત અને વિદ્વાનોની દૃષ્ટિએ ❋

અભિનંદન ગ્રંથ

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ગુણાનુવાદનો અભિનંદન ગ્રંથ સૌ પ્રથમવાર કાશી-વારાણસીના વિદ્યાવિલાસ પ્રેસમાં વિક્રમ સંવત ૨૦૩૮ના અષાઢ સુદ-ગુરુપૂર્ણિમાના તા.૧૯-૦૯-૧૯૯૧ના રોજ શ્રીહરિ શરણાગતિ મંડળ દ્વારા પ્રકાશિત થયો હતો. તેમાં સંયોજક તેમજ સંપાદક મંડળ તરીકે જે વિદ્વાનોએ સેવા આપી હતી તેમની શુભ નામાવલી નીચે પ્રમાણે છે.

સંપાદકીય

ડો. એમ.બી. શાહ, (એમ.એ., (અં.) એમ.એ. (હિન્દી) એમ.એડ્., પીએચ.ડી., સાહિત્યરત્ન **રા.ભા. રત્ન,** પ્રિન્સિપાલ, કે.બી.હાયર સેકન્ડરી કુંકાવાવ, જી.અમરેલી, ગુજરાત.

પં. સીતારામ ચતુર્વેદી, એમ.એ. (ત્રિતય), બી.ટી. ઉત્તર બેનિયાબાગ, વારાણસી.

સંયોજક સંપાદકશ્ચ :-

(૧) **શ્રી મધુસૂદન ભટ્ટાચાર્ય,** ન્યાયાચાર્ય, ભારતીય દર્શનના અનુસંધાનાચાર્ય, પી.જી.ટી. કેન્દ્ર, સંસ્કૃત કોલેજ, કલકતા.

(૨) **ડો.અશોક ચેટર્જી શાસ્ત્રી,** એમ.એ., ડી.ફીલ., ડી.લિટ્., સંસ્કૃત વિભાગાધ્યક્ષ, કલકતા યુનિવર્સિટી, કલકતા.

(૩) **ડો.એન. જાની,** એમ.એ., પીએચ.ડી., ડી.લિટ્., નિદેશક, ઓરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા.

(૪) **ડો. ગોપાલચંદ્ર મિશ્ર,** એમ.એ., પીએચ.ડી., આચાર્ય-અધ્યક્ષ, વેદ-ધર્મશાસ્ત્ર-મીમાંસા, સંપૂર્ણાનંદ વિશ્વવિદ્યાલય, વારાણસી.

(૫) **ડો. એમ.બી. શાહ,** એમ.એ., (અં.), એમ.એ. (હિ.), એમ.એડ., સાહિત્યરત્ન, પીએચ.ડી., પ્રિન્સિપાલ, કે.વી. હાયર સેકન્ડરી, કુંકાવાવ.

(૬) **ડો. સત્યવ્રત શાસ્ત્રી,** વ્યાકરણાચાર્ય, એમ.એ., એમ.ઓ.એલ., પીએચ.ડી., સંસ્કૃત વિભાગાધ્યક્ષ, દિલ્હી વિશ્વવિદ્યાલય, દિલ્હી.

સંપાદક મંડળ :-

(૧) **પં.બદ્રીનાથ શુક્લ,** આચાર્ય-અધ્યક્ષ, ન્યાય-વૈશેષિક વિભાગ, સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલય, વારાણસી.

(૨) **ડો. કાલીકુમાર દત્ત,** એમ.એ., શાસ્ત્રી, ડી.ફીલ., કાવ્યસાંખ્યતીર્થ, સંસ્કૃત સાહિત્ય વિભાગાધ્યક્ષ, પી.જી.ટી. સેન્ટર, કલકતા.

(૩) **સ્વામી બ્રહ્માનંદજી મહારાજ,** મહામંડલેશ્વર, વેદાંતાચાર્ય, સંન્યાસાશ્રમ, મુંબઈ.

(૪) **મહામહોપાધ્યાય પાંડુરંગ શાસ્ત્રી ગોસ્વામી,** ડેક્કન કોલેજ, પૂના-૬.

(૫) **ડો. વી. રાઘવન,** ડી.લિટ્., સંસ્કૃત વિભાગાધ્યક્ષ, મદ્રાસ યુનિવર્સિટી, મદ્રાસ.

(૬) **પં. લાભશંકર શાસ્ત્રી,** વ્યાકરણાચાર્ય, વેદાંતાચાર્ય, મોરબી.

(૭) **પં.મહાશંકરન ત્રિવેદી,** વેદાંતશાસ્ત્રી, કાવ્ય-સાંખ્યયોગતીર્થ, જામનગર.

(૮) **શ્રી રાજનારાયણ શાસ્ત્રી,** મંત્રી, કાશી વિદ્વત્પરિષદ્, શાસ્ત્રાર્થ મહાવિદ્યાલય, દશાશ્વમેધ ઘાટ, વારાણસી.

(૯) **પ્રો.ડો.લલ્લનજી ગોપાલ,** એમ.એ., ડી.ફિલ., પીએચ.ડી. (લંડન), એફ.આર.એ.એસ., વિભાગાધ્યક્ષ, પ્રાચીન ભારતીય ઈતિહાસ, સંસ્કૃતિ એવં પુરાતત્ત્વ, બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલય, વારાણસી.

(૧૦) **ડો.હજારીપ્રસાદ દ્વિવેદી,** ડી.લિટ્., હિન્દી વિભાગાધ્યક્ષ, કાશી હિન્દુ વિશ્વવિદ્યાલય, વારાણસી.

(૧૧) **ડો.પી.એન. પટ્ટાભિરામ શાસ્ત્રી,** વિદ્યાસાગર, વાચસ્પતિ શાસ્ત્ર રત્નાકર, ૪/૭ હનુમાનઘાટ, વારાણસી.

(૧૨) **ડો.એસ્ટલર,** પીએચ.ડી., ડી.લિટ્., સેંટ ઝેવિયર કોલેજ, મુંબઈ.

(૧૩) **પદ્મભૂષણ ડો. સૂ.ના.વ્યાસ,** ડી.લિટ્., ભારતી ભવન, ઉજ્જૈન.

(૧૪) **ડો. રામમૂર્તિ ત્રિપાઠી,** એમ.એ., પીએચ.ડી., ડી.લિટ્., અધ્યક્ષ, હિન્દી અધ્યયન કેન્દ્ર, ડીન, કલા સંકાય, વિક્રમ વિશ્વવિદ્યાલય, ઉજ્જૈન.

(૧૫) **પં.ગણપતિ ત્રિપાઠી,** ઉજ્જૈન.

(૧૬) **પં.સીતારામ ચતુર્વેદી,** એમ.એ. (ત્રિતય), બી.ટી., ઉત્તર બેનિયાબાગ, કાશી.

(૧૭) **સ્વામિ હરિપ્રકાશ,** ઋગ્વેદ શાસ્ત્રી, શાસ્ત્રાચાર્ય, એમ.એ., ગાંધીનગર (ગુજરાત).

(૧૮) **ડો. મનુભાઈ બી. શાહ,** એમ.એ. (અં.), એમ.એ. (હિન્દી), એમ.એડ., સાહિત્યરત્ન, પ્રિન્સિપાલ, કે.વી. હાયર સેકન્ડરી કોલેજ, કુંકાવાવ.

(૧૯) **શાસ્ત્રી ભક્તિપ્રિયદાસજી,** સાંખ્યયોગતીર્થ, વેદાંતતીર્થ, સાહિત્યરત્ન, સ્વામિનારાયણ મંદિર, ગઢડા, (ગુજરાત).

(૨૦) **ડો. પ્રભાકર કે. ડોંગરે,** એમ.એ., એમ.એડ્., પીએચ.ડી., પ્રિન્સિપાલ, સંસ્કૃત મહાવિદ્યાલય, વડોદરા.

(૨૧) **ડો. બી.સી. છાબરા,** એમ.એ., ઓ.એલ., પીએચ.ડી., એફ.એ.એસ., ઉત્તાકામંડ.

(૨૨) **ડો. વિશ્વનાથ બેનર્જી,** ડી.ફિલ., ડી.લિટ્., વિભાગાધ્યક્ષ, સંસ્કૃત-પાલિ-પ્રાકૃત, વિશ્વભારતી શાંતિનિકેતન.

(૨૩) **વિદ્યારત્ન પરશુરામ શાસ્ત્રી,** વ્યાકરણાચાર્ય, ભૂતપૂર્વ રાજપંડિત, જમ્મુ-કાશ્મીર, પ્રધાનાચાર્ય, રઘુનાથ સંસ્કૃત મહાવિદ્યાલય, જમ્મુ.

(૨૪) **ડો. સત્યવ્રતજી શાસ્ત્રી,** વ્યાકરણાચાર્ય, એમ.એ., એમ.ઓ.એલ., પીએચ.ડી., સંસ્કૃત વિભાગ, દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી.

(૨૫) **પં.નીલકંઠ ઓઝા સિહાલ,** જ્યોતિષાચાર્ય, એમ.એ., તીર્થ પ્રાધ્યાપક, સંપૂર્ણાનંદ, સંસ્કૃત વિશ્વવિદ્યાલય, વારાણસી.

(૨૬) **પંડિતરાજ મહામહોપાધ્યાય પં.રાજેશ્વર શાસ્ત્રી દ્રવિડ,** રાજપુરોહિત, રામનગર, વારાણસી.

(૨૭) **પં.મૂલશંકર શાસ્ત્રી,** કાશી હિન્દુ વિશ્વવિદ્યાલય, વારાણસી.

(૨૮) **ડો.શિવમંગલસિંહ 'સુમન',** કુલપતિ, વિક્રમ યુનિવર્સિટી, ઉજ્જૈન.

(૨૯) **ડો.રામનાથ વેદાંતકાર,** ડી.લિટ્., કુલપતિ, ગુરુકુળ કાંગડી વિશ્વવિદ્યાલય, હરદ્વાર.

(૩૦) **ડો.આર.આર. વર્મા,** ડી.ફિલ., ડી.લિટ્., દર્શનાવિભાગાધ્યક્ષ, લખનૌ, યુનિવર્સિટી લખનૌ.

(૩૧) **ડો.જી.કે.ભાઈ,** ડાયરેક્ટર, શુકરોદ્ર ઓરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, કોચીન.

વિશ્વવંદનીય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ગુણાનુવાદનો ગ્રંથ એટલે 'અભિનંદન ગ્રંથ' ❋



ભારતના મહાન સંત, વિશ્વના સર્વોત્કૃષ્ઠ વિદ્વાન, સંસ્કૃતના પ્રતિભાશાળી તેજસ્વી મહાપંડિત સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના જીવન, સાહિત્ય તથા ભવ્ય અને અલૌકિક ગ્રંથો સંબંધી ભારત તથા વિશ્વના મહાન પંડિત, પ્રખર વિદ્વાનો, પ્રોફેસરો, ડાયરેકટરો, પ્રિન્સિપાલો, લેખકો, રાજનેતાઓ સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી માટે અત્યંત ભવ્ય, ઉત્કૃષ્ઠ, પવિત્ર અને મહાન અભિપ્રાય ધરાવે છે. ભારતના આ ગૌરવમય સંતનું સન્માન ભારતની આ પવિત્ર વિભૂતિઓ કેવા સુંદર અને ભવ્ય રીતે પોતાના વિચારોમાં પ્રકટ કરે છે તેની આ સંક્ષિપ્ત ઝલક છે. જેથી સ્વામીના સ્નેહીજનોને ખ્યાલ આવે કે સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી ફક્ત સ્વામિનારાયણ સંપ્રદાયના જ મહાન વિભૂતિ નથી. પરંતુ આંતરરાષ્ટ્રીય મહાન યુગપુરુષ અને મહાન વિદ્વાન છે, ભારત આવા સંતના જન્મથી ગૌરવાંન્વિત થયું છે. સ્વામી વિશ્વનું કિંમતી રત્ન છે. એ વાતની સાક્ષી વિદ્વાનોના અભિપ્રાયો ઉપરથી ફલિત થાય છે.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીના ન્યાયના ગ્રંથો ન્યાયશાસ્ત્રીનું વિપુલ અમૃત છે. એમની દરેક કૃતિ-એમનો લખેલો દરેક ગ્રંથ સ્વામી જેટલો જ મહાન અને પવિત્ર છે. સ્વામીનું અભિનંદન- ભારતીય સંસ્કૃતિ અને વિદ્યાનું અભિનંદન છે.

- ડૉ. દેવસ્વરુપ મિશ્ર...
આચાર્ય, સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલય કાશી.

સંતો સમાજના સંસ્કારોના રખેવાળ છે. તેમનું સન્માન કરવું એ સમગ્ર દેશના વિદ્વાનોનું સન્માન કરવા બરાબર છે, તેઓ પવિત્રતા અને પાવનતાના પ્રતિક છે.

- શ્રીમતિ ઈન્દિરા ગાંધી...
ભારતના વડાપ્રધાન,
રેલ ભવન, નવી દિલ્હી.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીનું સન્માન સમગ્ર રાષ્ટ્રનું સન્માન છે. વિદ્વાનો, સંતો, મહાપુરુષો ઉપર ફક્ત એક જ દેશનો અધિકાર હોઈ શકે નહીં તેઓ સમગ્ર વિશ્વના હોય છે. સ્વામી જન્મે ભારતીય છે પરંતુ સમસ્ત વિશ્વ તેમના જેવા ગૌરવશાળી સંત ઉપર ગર્વ લઈ શકે, તેમને મારા અભિનંદન.

તા.૩-૫-૭૬

- ડૉ. ફખરુદ્દીન અલી અહેમદ...
રાષ્ટ્રપતિ, રાષ્ટ્રપતિ ભવન,
ભારત સરકાર, નવી દિલ્હી.

ભારતીય સંસ્કૃતિ, રાષ્ટ્રીય એકતા, માનવતા અને જ્ઞાન સાધનાનો સમન્વય સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીમાં જોવા મળે છે. આ શુભ પ્રસંગે મારા તેમને પ્રણામ.

- વી. વી. ગિરિ...
ભારતના ભૂતપૂર્વ
રાષ્ટ્રપતિ, મદ્રાસ.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી મારા ગુરુ, આત્મિય સ્વજન અને ભારતના મહાન સંત છે તેમને મારા પ્રણામ.

- ગુલઝારીલાલ નંદા...
નવી દિલ્હી.

સ્વામીજીના બ્રહ્મોપનિષદ્ બ્રહ્મરસાયણ ભાષ્ય, અખિલ ભુમંડલયુક્તિ વ્યવસ્થા, સમસ્ત જગત માટે ઉપકારી નિવડશે.

- પં. મંછારામ દ્વિવેદી...
ભારતીય વિદ્યાભવન, મુંબઈ.

'સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીએ રચેલા સાંપ્રદાયિક ગ્રંથો પણ બીજા ગ્રંથોની જેમજ હરિભક્તો માટે ઉપકારક થઈ પડશે.'

- સાધુ ભક્તિપ્રિયદાસજી...
વેદાંતાચાર્ય, દાદર, મુંબઈ.

ભારત માટે, ભારતના સાહિત્ય માટે સ્વામીનું સાહિત્ય મહાન ગૌરવવંતી ભેટ છે.

- તેલુગુ ભાષા સમિતિ...
મદ્રાસ.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી જેવા સંસ્કૃત ભાષાના વિવિધ શાખાના વિદ્વાનો આ વિશ્વ માટે દુર્લભ છે. તેમના ગ્રંથો અન્ય દેશો માટે દુર્લભ વસ્તુ છે. ભારતને ગૌરવ છે આવા મહાન વિદ્વાનો ઉપર.

- ક.ન. વરદરાજય...
આચાર્ય, સંપાદક, 'સુધર્મ'.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી આ યુગના સર્વશ્રેષ્ઠ મહાન અને પ્રતિભાશાળી વિભૂતિ છે. ન્યાય, યોગ, સાંખ્ય તથા વેદ જેવા ગહન વિષયો ઉપર એક સાથે આટલા બધાં ગ્રંથોનું પ્રકાશન ખરેખર અદ્‌ભૂત વસ્તુ છે.

- ડૉ.કે.ટી. પાંડુરંગી...
બેંગલોર યુનિવર્સિટી.

સ્વામિનારાયણ સંપ્રદાય, સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીની સાહિત્ય સાધના જ્ઞાન અને ભક્તિ માટે તેમના જેવા સંત માટે ગૌરવ અનુભવે છે.

- સ્વામી દેવનંદનજી...
રાજકોટ.

'સંતો જન્મે છે, સંતો બનતા નથી.' સ્વામીજીના સાહિત્યને જોઈને આ બાબત પોતે જ સ્પષ્ટ થઈ જાય છે.

- ડૉ.જી.એમ. કાલે...
ગોવા.

સ્વામીની અસાધારણ પ્રતિભા, અલૌકિક શક્તિ, રાષ્ટ્રીય ભાવના તથા અલૌકિક પ્રતિભા ભારત માટે ગૌરવની વસ્તુ છે.

- પંડિત મધુસૂદન ભટ્ટાચાર્ય...
પ્રોફેસર, સંસ્કૃત કોલેજ, કલકત્તા.

ભારતીય દર્શનના મહાન તત્ત્વચિંતક સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી પોતાની વ્યાપક જીવનની અનુભૂતિઓના કારણે દૈવીપુરુષ છે, તેમાં કોઈ શંકા નથી. પોતાના ભાવ સંસ્કાર વડે માનવજીવનમાં અમૃતનું સિંચન કરનારા આ દૈવી પુરુષને મારા પ્રણામ.

- ડૉ. અશોક ચેટર્જી...
એમ.એ., ડી.ફિલ. જનરલ પીએચ.ડી.,
ડી.ડી. લિટરેચર, સંસ્કૃતના પ્રોફેસર,
કલકત્તા વિદ્યાલય, કલકત્તા.

વામાચરણ ભટ્ટાચાર્યના પરમ તેજસ્વી શિષ્ય સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી ભારતીય રત્નોમાંના એક તેજસ્વી રત્ન છે.

- રાજેશ્વર શાસ્ત્રી દ્રવિડ...
(કાશી નરેશના ગુરુ), વારાણસી.

જીવન મૂલ્યોની શોધમાં આત્મ અન્વેષણની ક્રિયા સત્યં વ શિવમ્ રૂપમાં સ્વામીના સાહિત્યમાં વ્યક્ત થઈ છે.

- ડૉ. અયોધ્યાનાથ શાસ્ત્રી...
વ્યાકરણાચાર્ય, રીડર,
સંસ્કૃત વિભાગાધ્યક્ષ,
વર્ધમાન વિશ્વવિદ્યાલય.

જુનાગઢના મહાન સંતને મારા હાર્દિક પ્રણામ.

- ડૉ. કે. રંગનાથન...
સંસ્કૃત વિભાગાધ્યક્ષ,
બેંગલોર યુનિવર્સિટી,
બેંગલોર.

મહાન દૃષ્ટિ, ગહન પરિષ્કાર અને સંસ્કારનું પવિત્ર સંગમ સ્વામીના ગ્રંથોમાં જોવા મળે છે. સ્વામી પાસે પ્રજ્ઞાજ્યોતિ અને પવિત્ર આત્મશક્તિ છે જ તેના દર્શન તેમના ગ્રંથોમાં થાય છે.

- પંડિત જ્વાલાપ્રસાદ ગૌડ...
પ્રિન્સિપાલ,
સન્યાસી સંસ્કૃત મહાવિદ્યાલય,
કાશી.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી, સંસ્કૃત સાહિત્ય અને સ્વામિનારાયણ સંપ્રદાયના તેજસ્વી સિતારા અને કિંમતી રત્ન છે.

- ડૉ. ગોપાલમંડ મિશ્ર...
અધ્યક્ષ- વેદ વિભાગ,
સંસ્કૃત વિશ્વવિદ્યાલય,
વારાણસી.

સ્વામીની કૃતિઓમાં આત્મપ્રકાશના તેજસ્વી કિરણોના તેજમાં જીવન, દર્શન, ભક્તિ, જ્ઞાન અને વિશ્વાત્માની કરુણાની સાથે સાથે જીવનનું તત્ત્વજ્ઞાન પણ પ્રગટ થાય છે.

- પંડિત બટુકનાથ શાસ્ત્રી...
સંપૂર્ણાનંદ વિશ્વવિદ્યાલય, વારાણસી.

સ્વામી જીવન દૃષ્ટા, મહાન ફિલ્સુફ, પરમ જ્ઞાની તથા સત્યના આરાધક હોઈ આત્મ સંસ્કારની શોધમાં અમૃતમય જીવન જીવનારા આ યુગના સર્વશ્રેષ્ઠ અને પવિત્ર વિભૂતિ છે તેમાં બે મત નથી.

- ડૉ. દેવસ્વરૂપ મિશ્ર...
સંસ્કૃત વિશ્વવિદ્યાલય, કાશી.

ધર્મ અને સંસ્કૃતિ, માનવતા અને પવિત્રતા, સ્નેહ અને ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય, તપ અને સાધનાનો સુંદર સમન્વય સ્વામિજીના ગ્રંથો તથા જીવનમાં સ્પષ્ટ દેખાય છે.

- પંડિત બદ્રીનાથ શુકલજી...
સંસ્કૃત વિશ્વવિદ્યાલય, વારાણસી.

પરમસિંહ, પરમ પવિત્ર સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીનું અભિનંદન આખા ભારત વર્ષનું અભિનંદન છે. સર્વ સંસ્કૃતના મહાન પંડિતોનું અભિનંદન છે.

- શ્રી કાલીપ્રસાદ મિશ્ર...
સંસ્કૃત મહાવિશ્વવિદ્યાલય,
કાશી.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી જેવા પ્રતિભાશાળી વિદ્વાનનો પરિચય આપવાનો ન હોય, તે તો ભારતીય દર્શનના તેજસ્વી સૂર્ય છે. તેમના ગ્રંથો તેમની પ્રજ્ઞાથી પ્રકાશમાન છે જ. અમને તેમના ગ્રંથોનો અભ્યાસ કરવાની તક મળી છે તે અમારું સૌભાગ્ય છે.

- ડૉ. વિશ્વનાથ બેનર્જી...
શાંતિ નિકેતન, કલકત્તા.

ન્યાય ગ્રંથો પ્રત્યે મને પ્રીતિ છે, કારણ તે ગ્રંથોમાં સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી વસે છે.

- ડૉ. આશુતોષ ભટ્ટાચાર્ય...
સંસ્કૃત કોલેજ, કલકત્તા.

સ્વામી વિવિધ શાસ્ત્રોમાં નિષ્ણાત તથા ષટ્દર્શનના મહાન પંડિત છે.

- મોહનતર્ક વેદાંતતીર્થ...
સંસ્કૃત કોલેજ, કલકત્તા.

અદ્‌ભુત બુદ્ધિ અને અદ્‌ભૂત પ્રતિભાના ધણી સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીને મારા પ્રણામ.

- પં.બાલકૃષ્ણ શાસ્ત્રી...
મદ્રાસ સંસ્કૃત કોલેજ, મદ્રાસ.

પ્રતિભાશાળી વિદ્વાનોનાં જગતમાં સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી ચંદ્રની જેમ શિતળ અને અમૃત વર્ષા કરનારા છે.

- ડૉ. કાલીકુમાર દત્તા...
સંસ્કૃત કોલેજ, કલકત્તા.

સ્વામી જેવા વિતરાગી તપસ્વી સંતનું જેટલું સન્માન કરવામાં આવે એ ઓછું જ છે.

-સ્વામી અભેદાનંદ...
મુંબઈ.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીએ સંસ્કૃત સાહિત્યની, ભારતીય દર્શનની જે સેવા કરી છે તે માટે વિદ્વાનોનો સમાજ હંમેશા તેમનો ઋણી રહેશે.

- મહામંડલેશ્વર સ્વામી બ્રહ્માનંદજી...
મુંબઈ.

વિશ્વની વિભૂતિ પરમ પૂજ્ય આચાર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શાસ્ત્રીજી મહારાજને હું જ્યારથી તેઓશ્રી વારાણસીમાં અભ્યાસ કરતાં હતાં ત્યારથી જ હું તેમને ઓળખું છું. સ્વામીજીની વિદ્વતા, બુદ્ધિમત્તા, બહુશ્રુતતા જેવા ઉચ્ચ ગુણો ખૂબ જ અલૌકિક છે.

- મહામહોપાધ્યાય પાંડુરંગ શાસ્ત્રી ગૌસ્વામી...
પૂના યુનિવર્સિટી, પૂના.

ભારતીય તત્ત્વજ્ઞાન તથા તત્ત્વચિંતકોને સ્વામીએ સંસ્કૃતિનું અમૃત આપ્યું છે.

- ડૉ. આર. કે. ત્રિપાઠી...
એમ.એ.ડી.લિટ્, પ્રોફેસર,
દર્શન વિભાગ, વારાણસી.

જગતના ચરણે પોતાનું જીવન ધરી દેનારા સ્વામી, સૌમ્યતાના અવતાર અને પવિત્રતાના પરમ પવિત્ર મૂર્તિ છે.

- મીઠાલાલજી ઓઝા...
સિદ્ધાંત જ્યોતિષાચાર્ય તીર્થ,
એમ.એ., સંસ્કૃત વિશ્વ
વિદ્યાલય, વારાણસી.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી વિવિધ શાસ્ત્ર પારંગત સ્વામિનારાયણ સંપ્રદાયના પરમ ભક્ત તથા ભારતના એક ઉચ્ચકોટિના સંત છે.

- મનહરલાલ દ્વિવેદી...
B.L.S.C., Ph.D.,, સંસ્કૃત
વિશ્વવિદ્યાલય, વારાણસી.

લોક પરોપકારક, જ્ઞાની, ત્યાગની મૂર્તિ, માનવ ચેતનાના સૂક્ષ્મ સંવેદન સુધી ભક્તિ અને કર્મનો સંદેશ પહોંચાડનારા સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી આ યુગના વિરલ પુરુષ જ છે.

- પંડિત સુરેન્દ્રનાથ શાસ્ત્રી...
વૈદાંતતીર્થ, ન્યાય વેદાંતાચાર્ય,
સંસ્કૃત વિશ્વવિદ્યાલય, વારાણસી.

સ્વામી એક યુગ પુરુષ છે જે યુગવાણીને- આ જગતના લોકો સુધી પહોંચાડવા અવતરે છે.

- ડૉ. ગોવિંદપ્રસાદ શર્મા સુવેદી...
સંસ્કૃત વિશ્વવિદ્યાલય, વારાણસી.

સ્વામીજીનું જીવન ઊગતી નવી પેઢી માટે - નૈતિક અને ધાર્મિક સંસ્કારો માટે- જીવન ઘડવા માટે દૃષ્ટાંતરૂપ છે.

- સ્વામી ધર્મજીવનદાસજી...
ભુજ.

સ્વામીનું પરોપકારી જીવન, તેમના સદ્‌ગુણો, સ્વામિનારાયણ સંપ્રદાય માટે શાંતિ, ભક્તિ અને પવિત્રતાનો સંદેશ લઈને આવેલ છે.

- સ્વામી ગોપાલચરણજી...
ચરાડવા.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીના નામની કોલેજ- ભારતીય સંસ્કારો અને પરંપરાનું રક્ષણ કરનારી નીવડશે જ તેવી મને ખાત્રી છે.

- ડૉ. શિ. દ. જોશી...
ડી.લીટ, પૂના યુનિવર્સિટી.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીનો યશ તેમની કીર્તિ, તેમનું ગૌરવ ભારતીય પવિત્રતા અને ઉચ્ચતાનું પ્રતિક છે.

- ડૉ. નાગરાજ...
મૈસૂર યુનિ., મૈસૂર.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી આ યુગના મહાન તત્ત્વચિંતક, તેજસ્વી સ્કોલર, મહાન સાધક તથા ગહનયોગી છે.

- ડૉ. કુંજુ રાજા...
એમ.એ., પીએચ.ડી.,
ડી.લીટ, મદ્રાસ યુનિ.

સ્વામીશ્રી ભારતના એક ગૌરવશાળી મહાન સંત અને વૈભવશાળી મહાત્મા છે.

- વૈદ્ય-શાસ્ત્રી વ્રજલાલજી ત્રિવેદી...
રાજકોટ.

ચુમ્માલીસ મહાન ગ્રંથના લખનારા પંડિતવર્ય સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીને મારા પ્રણામ.

- યશવંત શુક્લ...
વાઈસ ચાન્સેલર,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

આજની ઊગતી પેઢીના જીવનમાં ઉચ્ચ મૂલ્યો વિષે સાચી સમજણ જાગે ને વિદ્યારૂપી પરમ અમૃત દ્વારા નવયુવકોનું જીવન નિર્ભય, નિર્વિકાર અને નિષાન્ત બને એ માટે સ્વામીજીએ પોતાનું સંપૂર્ણ જીવન અર્પિત કરી દીધું છે.

- ડૉ.ઉપેન્દ્ર પંડ્યા...
ધર્મેન્દ્ર કોલેજ, રાજકોટ.

અમારા વારાણસીના મહાન વિદ્વાનનું આવું સ્વાગત થાય છે તે અમારા જેવા માટે ઘણો જ આનંદનો વિષય છે. આપશ્રીએ અનેક પુસ્તકોની રચના કરીને સારસ્વત મંદિરમાં ભગવતી ભક્તિનો પ્રચાર તથા સેવા કરી છે.

- લાભશંકર શાસ્ત્રી...
વ્યાકરણાચાર્ય, વેદાંતાચાર્ય,
મોરબી.

સંસારના ભૌતિક સુખોનો ત્યાગ કરી જનકલ્યાણ હિતાય આ દૈવી પુરુષે ભક્તિ અને ઉપાસના વડે ખૂબ જ ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

- શાસ્ત્રી મહાશંકર...
વેદાંતશાસ્ત્રી, સાંખ્યયોગ તીર્થ,
જામનગર.



સ્વામીની કિરણાવલી તત્ત્વમુક્તાવલી યુગો યુગો સુધી ગીતાની જેમ વિદ્વાનો માટે ઉપયોગી રહેશે.

- પંડિત બ્રજકાંત ઝા...
કાશી વિશ્વનાથ મહાવિદ્યાલય,
અમદાવાદ.



સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીના ગ્રંથો વિચારણીય અને મનનીય છે. આવા વિદ્વાનો વડે ભારતીય સંસ્કૃતિ સમૃદ્ધ અને સંપન્ન બને તેવી પ્રભુને પ્રાર્થના.

- પંડિત રાજારામચંદ્રચાર્યજી ભંડારીજી...
વેદાંત મીમાંસા, શાસ્ત્રી,
રણછોડરાય મંદિર, ડાકોર.



સ્વામિનારાયણ સંપ્રદાયના ભૂષણરૂપ પૂજ્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી એ સંસ્કૃતના ન્યાય દર્શનશાસ્ત્ર, તર્કશાસ્ત્ર વગેરે અનેક ગ્રંથોની ટિપ્પણીઓ કરી છે. એમની જેટલી પ્રશંસા કરું એટલી ઓછી છે.

- પંડિત હંસરાજ તોલારામ...
કાવ્યતીર્થ, મુંબઈ.



ભારતીય આદ્યાત્મિકતાના મહાન ચિંતક સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીના ચુમ્માલીસ ગ્રંથો મને તેમના પ્રત્યે ઊંડો પ્રેમ અને ભક્તિથી નતમસ્તિષ્ક કરી દે છે.

- ડૉ. જે. પી. ઠાકર...
ઓરિયેન્ટલ ઈન્સ્ટિટ્યૂટ,
વડોદરા.

હું સ્વામીને તેમના સાંખ્ય, ન્યાય, વેદાંત અને મીમાંસા તથા દર્શનના વિવિધ ગ્રંથો માટે તેમને શ્રદ્ધાપૂર્વક નમન કરી અભિનંદન આપું છું.

- ડૉ. એ. એન. જાની...
ઓરિયેન્ટલ ઈન્સ્ટિટ્યૂટ,
વડોદરા.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી અભિનંદન ગ્રંથનું પ્રકાશન પરમ આનંદનો વિષય છે.

- ડૉ. જાવડેકર...
એમ.એસ.યુનિવર્સિટી,
વડોદરા.

અત્યાર સુધી મને એમ જ હતું કે સંસ્કૃત વિદ્વાનો પ્રગતિશીલ નથી હોતા પરંતુ સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના સંસ્કૃત સાહિત્ય માટે કરેલા પ્રયત્નો જોઈ મારો આ ભ્રમ ભાંગી ગયો છે. મને ચોક્કસ ખાત્રી છે એમના અવલંબનથી ભાવિ ભારતીય જનતા અસામાન્ય પ્રગતિ કરી આત્માનુભૂતિને પ્રાપ્ત કરી શકશે.

- મહામહોપાધ્યાય, મ.વ. ઉપાધ્યાય...
વડોદરા.

પંડિતવર્ય સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના ચરણકમલોમાં મારા સહસ્નેહ પ્રણામ.

- ડૉ.પ્રભાકર ડોંગરે...
એમ.એસ. યુનિવર્સિટી,
વડોદરા.



સ્વામીના નામે શરૂ થતાં સંસ્કાર મંદિર માટે મારી શુભેચ્છાઓ સ્વામીના અભિનંદન ગ્રંથ માટે મારી શુભ ભાવનાઓ.

- શાસ્ત્રી શ્વેતવૈકુંઠદાસ...



દર્શન, ભક્તિ તર્ક ન્યાય, યોગ અને સંસ્કારના ઉપાસક તથા સંસ્કૃતના મહાપંડિત સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું થતું સન્માન ભારતીય સંસ્કૃતિ અને પૂજા માટે ગૌરવવંતો પ્રસંગ છે.

- ડૉ. બિપીન ઝવેરી...
M.A., Ph.D., M. Phil.
સાયન્સ આર્ટ્સ કોલેજ,
ધોળકા.



સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીની સંસ્કૃત સાહિત્ય અને સંસ્કૃત દર્શનને આપેલી જ્ઞાનની ભેટ આપણાં બધાનાં સમૃદ્ધ પ્રેમની અધિકારીણી છે.

- ડૉ. મરોડસિદ્ધિયા...
ડાયરેકટર, ડી.ફિલ.,
મૈસૂર.



સંસ્કૃત ભાષાના અને સ્વામિનારાયણ પરંપરાના આવા વિદ્વાનોનું સન્માન થાય તે ઘણું જ યોગ્ય છે.

- હરિવલ્લભ ભાયાણી...
અમદાવાદ.

પંડિતવર્ય-જ્ઞાનશ્રેષ્ઠી સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી ભારતીય સંસ્કૃતિના આદ્ય શંકરાચાર્ય છે. તેમના જ્ઞાનની ગહનતા અને સ્વભાવની મધુરતા-બધાને આકર્ષે તેવી છે.

- શ્રી વાસુદેવ શાસ્ત્રી...
પ્રાચાર્ય, ડાકોર-સંસ્કૃત પાઠશાળા.

પરમ આદરણીય પરમ પવિત્ર સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ મારા પરમગુરુ, મહાન સંત, પવિત્ર મૂર્તિ તથા મહાન ત્યાગી સંત છે. તેમને મારા પ્રણામ.

- પંડિત શાંતિપ્રસાદજી વેદાંતાચાર્ય...
વ્યાકરણાચાર્ય, જામનગર.

સર્વશાસ્ત્ર પારંગત, અનેક મૂલગ્રંથોના રચયિતા અને ભારતરત્ન સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીને મારા પ્રણામ.

- પંડિત સુબ્રમણ્યમ્ શાસ્ત્રી...
બનારસ હિંદુ વિશ્વવિદ્યાલય.

અભ્યાસ દરમ્યાન તેમની પ્રતિભા, વિભિન્ન દર્શન શાસ્ત્રના દુર્લભ ગ્રંથોનું સરળ પારાયણ તથા પ્રૌઢ કાવ્ય નિર્માણ સામર્થ્ય, ન્યાય સાંખ્ય યોગ વગેરે શાસ્ત્રોની મૌલિક વ્યાખ્યા કરવાની કુશળતા અમને અમારા હૃદયમાં સ્વામી માટે માન અને આદર જન્માવે છે.

- મૂળશંકર શાસ્ત્રી...
કાશી હિન્દુ વિશ્વવિદ્યાલય,
વારાણસી.

સ્વામિનારાયણ સંપ્રદાયના વિશેષ-ધર્મગુરુ પ્રકાંડ વિદ્વાન, ધર્મ જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની સભાન સાકાર મૂર્તિ, પરબ્રહ્મ સ્વરૂપ સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી પ્રભુના સાક્ષાત્ અવતાર અને આ વિશ્વની એક મહાન વિભૂતિ છે.

- પં. કેદારનાથ ત્રિપાઠી...
કાશી હિન્દુ વિશ્વવિદ્યાલય, વારાણસી.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી મહાન પંડિત, મહાન તત્ત્વચિંતક તથા સંસ્કૃત સાહિત્ય જગતના પરમ પવિત્ર શ્રદ્ધેય સંત છે.

- પં. કમલેશદત્ત ત્રિપાઠી...
હિન્દુ વિશ્વવિદ્યાલય, વારાણસી.

સ્વામીએ ન્યાય મિમાંસા વેદાંતના અનેક ગ્રંથોની રચના કરી વિશ્વના પ્રત્યેક વિદ્વાનોનું સન્માન પ્રાપ્ત કરેલ છે. દેશ-વિદેશની વિવિધ સંસ્થાઓમાં આપના ગ્રંથો સમ્માન પામ્યા છે.

- પં. રામપ્રસાદ ત્રિપાઠી...
અધ્યક્ષ- પ્રાચીન વ્યાકરણ,
સંસ્કૃત વિશ્વવિદ્યાલય, વારાણસી.

જે ભૂમિના ઉદ્ધાર માટે ભગવાન સહજાનંદ સ્વામી પોતે સૌરાષ્ટ્રમાં અવતર્યા એજ ભૂમિ ઉપર પોતાની દૈવિક શક્તિઓની સાથે, લોકકલ્યાણ માટે સહૃદય શિરોમણી રત્ન યશપૂંજ સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી અવતર્યા છે.

- પં. રાજનારાયણ શાસ્ત્રી...
અધ્યક્ષ-કાશી વિશ્વવિદ્યાલય.



સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી કાશી હિંદુ વિશ્વવિદ્યાલયના એક તેજસ્વી વિદ્યાર્થી તો હતા જ પરંતુ સાથે સાથે એવા વ્યક્તિ પણ છે જેમનામાં સ્કોલર અને સંતના ગુણો એક સાથે આવ્યા છે. તેમના પ્રસિદ્ધ થયેલા કિંમતી ગ્રંથો ભારતીય રત્નો છે જે વિદેશમાં ભારતીય વિદ્વાનોનું સન્માન વધારવામાં ઉપયોગી થયા છે, તેમને મારા પ્રણામ.

- ડૉ. લલ્લનજી ગોપાલ...
M.A., D.Phil, Ph.D., F.R., A.S.,
કાશી હિન્દુ વિશ્વવિદ્યાલય, વારાણસી.



ગુર્જર દેશના વિદ્વત્સાર્વભૌમ સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીએ સંસ્કૃત જગતમાં સ્પૃહણીય કાર્ય કરેલ છે. સાધુ થઈ સાધુજીવન જીવનારા સંસ્કૃતના આવા પ્રકાંડ વિદ્વાનને મારા પ્રણામ.

- પં. વી.એ.પટ્ટાભિરામ શાસ્ત્રી...
વિદ્યાવાચસ્પતિ, વારાણસી.



ગુર્જર દેશના પરમ પવિત્ર સંત સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી લોક કલ્યાણકારી જગતના હિતકારી સંસ્કૃતના ઉચ્ચકોટિના વિદ્વાન છે.

- ભૂપેન્દ્રપતિ ત્રિપાઠી...
સંપૂર્ણાનંદ વિશ્વવિદ્યાલય,
વારાણસી.



કવિ-તાર્કિક-ચક્રવર્તિત્વં મહાપાર્ણીતા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યનો પ્રતિભા વૈભવ તેમના ગ્રંથોમાં મોતીની કાંતિની જેમ ઝળકી રહ્યો છે.

- પંડિત જગન્નાથોપાધ્યાય...
વિભાગાધ્યક્ષ, પાલિ.

સાંખ્ય, યોગ, વેદાદિ અને ન્યાયના પરમ પ્રકાંડ વિદ્વાન સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી સ્વભાવે ભોળા, નીતિ અને ધર્મની દૃષ્ટિએ મહાન, વ્યવહારની દૃષ્ટિએ પવિત્ર અને જ્ઞાનની દૃષ્ટિએ મહાજ્ઞાની છે.

- પંડિત રામકૃષ્ણ શાસ્ત્રી 'અવ્યય'...
રણવીર સંસ્કૃત અનુસંધાન પુસ્તકાલય.

આ ભૌતિક વૈજ્ઞાનિક યુગમાં જ્યારે માનવ પ્રકૃતિ વિવિધ વૃત્તિઓ તરફ આકર્ષવાની બની રહે છે ત્યારે સ્વામિજીએ નિગ્રહ બ્રહ્મચર્ય અને આત્મસંયમ વડે જ્ઞાનના દીપકને પ્રજ્વળિત રાખ્યો છે.

- પં. કરુણાપતિ ત્રિપાઠી...
સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલય,
વારાણસી.

પંડિત કૃષ્ણવલ્લભાચાર્યજીના અભિનંદનનું આયોજન પરમ આનંદનો વિષય છે. સ્વામિજીએ અત્યાર સુધી ચુમ્માલીસ ગ્રંથોની રચના કરી છે. આપશ્રી ન્યાય, વેદોની સાંખ્ય, યોગ જેવા વિવિધ દર્શનોના મર્મજ્ઞ આચાર્ય પણ છો. ભક્તિશાસ્ત્રના પણ આપ નિષ્ણાત વિદ્વાન છો. હું સ્વામીજીનો મહાન પ્રશંસક છું.

- ડૉ. હજારીપ્રસાદ દ્વિવેદી...
બનારસ વિશ્વવિદ્યાલય, વારાણસી.

ઓજશ પ્રભાવિત દિવ્યદર્શન, દયાળુ દાતાર છે ॥
'જ્ઞાનસાગર' ગર્વ નહિં મહામુક્તના અવતાર છે ॥
કાશીના પંડિતની મહાસભામાં સન્માન છે ॥
શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી વિદ્વાન સંત સુજાન છે ॥

- રાજકવિ ભાવદાનજી-લી-રત્નુ...
કાલાવાડ.



મારા દીર્ઘ જ્ઞાનમાં, પ્રબળ આત્મવિશ્વાસમાં, ગહન વિષયો પ્રત્યે આકર્ષણ જન્માવવાની વાતમાં સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીનો ફાળો ઓછો નથી.

- ડૉ. એસ્ટેલર...
સેંટ ઝેવિયર્સ કોલેજ,
મુંબઈ



શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી જેવા તેજસ્વી ગુરુજનોએ જ્ઞાન અને ભક્તિ બંને ક્ષેત્ર સમાન સાહજીકતાથી સિદ્ધ કર્યા છે. પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનો વિવિધ શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ તેમના ગ્રંથરાશિમાં ચમકી રહ્યો છે. ષટ્દર્શનના ગ્રંથો પર રચેલા તેમના ભાષ્યો હિન્દુ ધર્મ તત્ત્વચિંતનને પુષ્ટ બનાવે છે અને સાથે સાથે એમના સ્રોતો અને ભક્તિ સાહિત્યમાં જાગૃતિ લઈ આવે છે.

- ડૉ. વસંત પરીખ...
અમરેલી.



હું બનારસમાં હતો ત્યારે મેં ઘણાં સંસ્કૃતના વિદ્યાર્થીઓને સ્વામી શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી નવ્યન્યાય અને બીજા દાર્શનિક ગ્રંથોની ટિપ્પણી વાંચતા જોયા છે, કઠણ વિષયને પણ સરળમાં સરળ રીતે વ્યક્ત કરવાની તેમની શૈલી અદ્‌ભુત છે.

- ડૉ. દલસુખ માલવીયા...
ભારતીય સંસ્કૃતિ મંદિર, અમદાવાદ.

પંડિત કૃષ્ણવલ્લભાચાર્યજી સરસ્વતીના સરસ ઉપાસક, સાધક, વિવિધ વિષયોમાં મર્મજ્ઞ મનીષિ છે. તેમનું હાર્દિક અભિનંદન થવું જ જોઈએ.

- ડૉ. સૂર્યનારાયણ વ્યાસ...
ડિ.લિટ., ભારતી ભવન, ઉજ્જૈન.

પૂ. પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની વિદ્યાસેવા વિપુલ અને બહુમૂલ્ય છે. તેમને ગુજરાતી હિંદી અને સંસ્કૃતમાં તત્ત્વજ્ઞાન વિષયક શાંતિગ્રંથો અને કાવ્યની રચના કરી છે.

- ડૉ. તપસ્વી નાંદી...
અમદાવાદ

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીના ગ્રંથોની ઉત્કૃષ્ટતા, સ્નિગ્ધતા અને વિદ્વતા દરેકને આકર્ષે તેમ છે.

- ડૉ. વેંકટાયલમ...
ઉજ્જૈન યુનિવર્સિટી.

સંસ્કૃત સાહિત્યના આ વિદ્વાનનું અભિનંદન ભારતીય સંસ્કૃતિનું અભિનંદન છે.

- ડૉ.એમ.એ. મહેન્દલ...
ડેક્કન કોલેજ, પૂના.

સંસ્કૃતના મહાન વિદ્વાનને પરમ તૃપ્તિ આપનારા સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીના વિવિધ શાસ્ત્રોના ગ્રંથો ભારતનું ગૌરવ છે.

- શ્રી વિશ્વનારાયણ શાસ્ત્રી...
મેમ્બરર્સ ઓફ પાર્લામેન્ટ, દિલ્હી.

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ફક્ત સંસ્કૃત શાસ્ત્રના જ પ્રખર સ્કોલર નથી પરંતુ સાથે સાથે ભારતીય દર્શનની વિવિધ શાખાઓના પણ પ્રબુદ્ધ વિદ્વાન છે.

- ડૉ.એસ.જી. કાંટાવાલા...
એમ.એ., પીએચ.ડી.,
એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા.

સંસ્કૃત સાહિત્યના ધૂરંધર પ્રખર વિદ્વાન અને મનીષિ પંડિત પ્રવર સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી ષડ્દર્શનાચાર્ય, સાંખ્યતીર્થ, વેદાંતતીર્થના સન્માનમાં જે શિક્ષણ સંસ્થાઓ ઊભી કરવામાં આવી રહી છે તે ખરેખર તેમની વિદ્વત્તા પ્રત્યે સાર્વજનિક શ્રદ્ધા અભિવ્યક્ત કરવા માટેનો એક શુભ પ્રયાસ છે.

- પં.સીતારામજી ચતુર્વેદી...
વારાણસી.

વિદ્વદવરેણ્ય ષડ્દર્શનાચાર્ય પં. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ભારતના ગણ્યા ગાંઠ્યા સમર્થ વિદ્વાનોમાંના એક છે. સંસ્કૃત જગતના પ્રખર તેજસ્વી સૂર્ય છે. ગુજરાતનું ભૂષણ છે, અને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના શિરોમણી છે. આ સંપ્રદાયમાં સ્વામિ સહજાનંદથી માંડીને આજ સુધીમાં આવા વિદ્વાન કોઈ થયા નથી અને ભવિષ્યમાં થાશે કે નહીં તે અનિશ્ચિત છે.

- મહંત શાંતિપ્રસાદ વેદાંતાચાર્ય...
આણંદબાવા સેવા સંસ્થા,
જામનગર.

ભારતીય વિદ્વાનોના સમાજમાં કમળની જેમ પવિત્ર અને આનંદકારી સ્વામીને મારા વંદન.

- પં. લક્ષ્મણ યાત્રી...
કપણન્તુલ.

વિશ્વની આ મહાન વિભૂતિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને અમારા પ્રણામ.

- ડૉ. ડી.સી. સરકાર...
કલકત્તા યુનિવર્સિટી.

ભારતીય યુવા પેઢીના ચરિત્ર ઘડતર અને વ્યવસ્થા ઘડતર માટે સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીની સાહિત્યિક સેવાઓ વરદાન સિદ્ધ થઈ પડશે. સંસ્કૃતના આ મહાન સ્કોલર અને મહાત્માને મારા પ્રણામ.

- ડૉ.એસ.એ. ઉપાધ્યાય...
ડાયરેકટર, ભારતીય વિદ્યાભવન,
મુંબઈ.

સંસ્કૃત શાસ્ત્રના આ મહાન સ્કોલરનું સન્માન ખૂબ જ ભવ્ય અને સર્વોત્કૃષ્ઠ હોવું જ જોઈએ.

- ડૉ. કે.કૃષ્ણમૂર્તિ...
કર્ણાટક યુનિવર્સિટી, ધારવાર.



સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીનું ભાવભીનું અભિનંદન કરીને આપણે સૌ આપણી વિદ્યા સંપત્તિને સવિશેષ માતબર બનાવી રહ્યાં છીએ.

- ડૉ.ભોગીલાલ જ. સાંડેસરા...
વડોદરા.



સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીના પવિત્ર અભિનંદન ગ્રંથ માટે મારી શુભેચ્છાઓ.

- ડૉ. ગૌરીભાઈ ભટ્ટ...
કુલપતિ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
રાજકોટ.



સંતોએ આ લોક અને પરલોકમાં કેમ વર્તવું જોઈએ, તે માટે સ્વામીજીનું જીવન એક દૃષ્ટાંત છે.

- પં. ક. ચ. ત્રિવેદી...
સૂરગવાળા હાઈસ્કૂલ, વડીયા.



આ જગતે ઘણાં વખત પછી આવા મહાન સંત જેને આપણે ભગવાન મહર્ષિ શ્વેતાયજીવ્યાસ કહી શકીએ, મળ્યા છે જે પોતાની સિદ્ધિ અને દિવ્ય જ્ઞાનના અલોકથી સમગ્ર વિશ્વને પ્રકાશમાન કરી જગતને અલૌક્તિ કરી જાય છે.

- સર્વશાસ્ત્ર નિષ્ણાંત સ્વામી હરિપ્રકાશજી...
ગાંધીનગર.

પૂજ્ય મહારાજશ્રીના અભિનંદન ગ્રંથ અંગે મારી શુભકામનાઓ પાઠવું છું. આપનાં સૌના પુરુષાર્થો સફળ થાઓ.

- ઉછરંગરાય ઢેબર...
રાજકોટ.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીના અભિનંદનના આ ઉમદા કાર્યની સફળતા ઈચ્છતો તેમને મારા પ્રણામ.

- શ્રી હરસુખભાઈ સંઘવી...
કુલપતિ, સૌરાષ્ટ્ર યુનિ., રાજકોટ.

વિચક્ષણ બુદ્ધિવાળા તેજસ્વી વિદ્વાન સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી પરમ પવિત્ર અને ઈશ્વરના સાચા સેવક છે. ઝડપથી વિકસિત થતાં જગતમાં ધર્મને શાંતિ માટે કાર્ય કરવાની તક આપવી, ધર્મને રાષ્ટ્રીયતાનો અંશ બનાવવો નાની સૂની વાત નથી.

- ડૉ. પ્રભાકર ડોંગરે...
એમ.એસ. યુનિ., વડોદરા.

સરસ્વતીના મહાન ઉપાસક, મહાન સાધક, મહાન સંત અને અમૃત પુરુષ સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીને મારા શત્ શત્ પ્રણામ.

- ડૉ. જયનારાયણ રા. પાઠક...
વડોદરા.

મહાન, પ્રજ્ઞાવાન, તેજસ્વી પંડિત સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી મહાન સારસ્વત અને અદ્‌ભુત વિભૂતિ છે.

- ડૉ. બી.સી. છાબરા...
ડિ.લિટ્., ડાયરેકટર, ઉત્તાકામંડ.

પંડિત સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીએ પોતાના વૈદુષ્ય, કૃતિત્વ અને સાહિત્યથી સમાજની ખૂબ જ મોટી સેવા કરેલ છે. એમણે પોતાના અદ્‌ભુત ગ્રંથો વડે સંસ્કૃત દર્શન અને ભક્તિની શ્રીવૃદ્ધિ કરી છે.

- ડૉ. રામચંદ્ર ત્રિવેદી...
ઉદયપુર યુનિવર્સિટી.

ગુજરાતના આ પવિત્ર સંતના અભિનંદનના આ પાવન પ્રસંગે મારી શુભેચ્છાઓ પાઠવું છું.

- કે.કે. વિશ્વનાથન...
ગુજરાતના રાજ્યપાલ.

આજના વૈજ્ઞાનિક યુગમાં જ્યારે વિદ્યાનો વિકાસ થઈ રહ્યો છે. સાક્ષર અને પ્રગતિશીલ વિદ્વાનોએ ભારતીય દર્શન શાસ્ત્રોના વિવિધ ભાગોને સરળતાથી સમજાવવા ભાષ્યો, ટીકાઓ રચી આધ્યાત્મિક તત્ત્વમાં નવી ચેતના અર્પી છે. આ સૈકાઓના અનેક મહાપુરુષોમાં સ્વામીજીનું સ્થાન અગ્રેસર છે.

- શાસ્ત્રી ભક્તપ્રિયદાસજી...
સાંખ્યયોગ તીર્થ, વેદાંતાચાર્ય, ગઢડા.

આચાર્યશ્રીના સન્માનમાં યોજાનારા, આવનાર આ પ્રસંગે મારી શુભેચ્છાઓ પાઠવું છું.

- બાબુભાઈ જશભાઈ પટેલ...
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય.

પવિત્ર જીવન, ઉત્તમ ઉપાસના, ગહન સાધના શ્રી સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીએ પોતાના આત્માના કલ્યાણની સાથે સાથે જગતનું પણ કલ્યાણ કર્યું જ છે.

- પ.ધીરજધારી શાસ્ત્રી...
મથુરાવાસી.

સંસ્કૃત સાહિત્ય અને શાસ્ત્રના વિદ્વાન છાત્રો માટે ન્યાય કિરણાવલી, મુક્તાવલી, ન્યાયના અભ્યાસ માટે વરદાન છે.

- ડૉ. વાસુદેવ વેંકટરાજ શર્મા...
પ્રિન્સિપાલ, સંસ્કૃત કોલેજ, ત્રિવેન્દ્રમ.

પરમ આદરણીય સૌજન્યમૂર્તિ સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી કેવલ સ્વામિનારાયણ સંપ્રદાયના જ અલંકાર નથી. પરંતુ સમસ્ત વિદ્વદ્ પરિષદ્વ વિદ્વાન, સમાજના સન્માનીય નેતા છે.

- શાસ્ત્રી કાંતિલાલ યાજ્ઞિક...
પેટલાદ.



સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીને મેં વારાણસીમાં સાંભળ્યા છે. તેમની અદ્ભૂત કૃતિ લક્ષ્મીનારાયણ સંહિતાના કેટલાક અંશો વાંચ્યા છે, તેમના ગ્રંથોમાં ગહનતાને અભિવ્યક્ત કરવાની સરળ પદ્ધતિ, વિષયને સરળ રીતે સમજાવવાની પદ્ધતિ ભાગ્યે જ બીજા વિદ્વાનોમાં જોડી શકાય તેમ છે. મારા તેમને પ્રણામ.

- ડૉ.રેવાપ્રસાદ ત્રિવેદી...
કાશી યુનિવર્સિટી.



હું સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીને વારાણસીથી જ ઓળખું છું. તેમની પ્રતિભા, તેમનું જ્ઞાન, તેમની વિદ્વતાથી હું અત્યંત પ્રભાવિત છું.

- ડૉ. કૃષ્ણશાસ્ત્રી કોનેટકટ...
ઈન્દોર.



આપણા દેશના આ પવિત્ર સંત અને ઉજ્જવલ ચરિત્ર મહાત્માને મારા વંદન.

- ડૉ. ગ.વ. કવિશ્વર...
ઈન્દોર.



દિક્ષા, શિક્ષા અને સાધાના વડે જગતકલ્યાણ કરનારા આ યુગપુરુષને આખું વિશ્વ હંમેશા સ્મરણ કરશે.

- ડૉ. દયાશંકર બાજપેયી...
એમ.એ., સાહિત્યચાર્ય, ઉજ્જૈન.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીએ જે વિદ્યાઓનો અભ્યાસ કર્યો છે. એ જે વિદ્યાઓના અભ્યાસ થકી આટલું ઉચ્ચ વ્યક્તિત્વ મેળવેલ છે. એજ વિદ્યાઓની સેવા તેમના વડે થવી જોઈએ.

- જગદ્‌ગુરૂ શંકરાચાર્ય...
જગન્નાથપુરી.

સ્વામીજીના ગ્રંથોમાં તેમની પ્રતિભા, પાંડિત્ય અને પ્રગાઢ વ્યક્તિત્વ પ્રગટ થાય છે.

- ડૉ.પ્રેમલત્તા શર્મા...
સંગીત વિદ્યાલય, કાશી.

ગુર્જરભૂમિના રત્ન અને સંત શિરોમણી પરમ પવિત્ર ભક્ત અને સંત સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીને મારા અભિનંદન.

- પદ્મવિભૂષણ, પં. સુખલાલજી (મહાપંડિત)...
અમદાવાદ.

સ્વામીની સર્વતોમુખી પ્રતિભા, સંસ્કૃત શાસ્ત્રોની વિદ્વત્તાપૂર્ણ ટીકાઓ વિશ્વના એક યુગપુરુષનો પરિચય આપી જાય છે.

- પં.નંદનંદ સરસ્વતી...
ભૂ.પૂ. સંસદસભ્ય, વારાણસી.



મહામહિમાવંતા પરમપવિત્ર સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીના ગ્રંથોમાં જ્ઞાનની મુગ્ધતા વિદ્વાનોના આકર્ષણનું કેન્દ્ર છે.

- ડૉ. અવધપ્રસાદ શર્મા...
અલ્હાબાદ યુનિવર્સિટી.



શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ ભારતીય દર્શનના વિવિધ ગ્રંથો ઉપર જે સંસ્કૃત અને હિંદી તથા ગુજરાતીમાં ટીકાઓ લખી છે તે અદ્‌ભૂત છે. એટલે પ્રભુને પ્રાર્થના કરું છું કે આવા મહાન વિદ્વાન ચિરકાળ સુધી ભારતીય દર્શનની સમૃદ્ધિમાં પોતાનો ફાળો આપતા રહે.

- ડૉ.ગોપિકા મોહન ભટ્ટાચાર્ય...
એમ.એ., ડી.ફીલો. ડિ.લિટ્.,
કુરુક્ષેત્ર યુનિવર્સિટી.



ભારતીય વિદ્વાન સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીના અભિનંદન ગ્રંથની સફળતા માટે મારી શુભેચ્છાઓ પાઠવું છું.

- ડૉ. વી.વી. ગિરિ...
રાષ્ટ્રપતિ, ભારત સરકાર.



ભૌતિકના અંધકારમાં સાત્વિકતા અને પવિત્રતાનો દીપ પ્રગટાવી માનવજીવનને આધ્યાત્મિક ભક્તિનો જે પવિત્ર માર્ગ સ્વામી બતાવી રહ્યા છે તે માટે તેમને અભિનંદન.

- ડૉ. ટી. બિલ્લોરે...
એમ.એ., પીએચ.ડી.,
ઈન્દોર.

'સ્વદેશે પૂજ્યતે રાજા, વિદ્વાન સર્વત્ર પૂજ્યતે' સ્વામીજીનું વિદ્યાનું ક્ષેત્ર એટલું બધું વ્યાપક છે કે સૂર્ય માટે અગમ્ય ગુહાન્ધકારનો નાશ પણ સ્વામીના જ્ઞાનનો સૂર્ય કરી રહ્યો છે. આ મહોત્સવથી સંપૂર્ણ દેશમાં ચેતના આવશે. સ્વામીજીના આશીર્વાદથી જ ભારત વર્ષમાં સંસ્કૃત પુનર્જાગરણ વિદ્યાનું થઈ શકશે, નવીન પેઢીમાં પણ ભારત અતિત ગૌરવના પ્રત્યે નિષ્ઠા વધશે.

- ડૉ. પ્રભાકર કાવઠેકર...
એમ.એ., પીએચ.ડી., ડિ-લિટ્.,
ઈન્દોર વિશ્વવિદ્યાલય, ઈન્દોર.

અમે અભિનંદન ગ્રંથ વડે અભિનંદન કરીએ છીએ રાષ્ટ્રના સંતનું સન્માન કરી ગૌરવ મેળવીએ છીએ દેશનું. શ્રદ્ધાંજલિ આપી આશીર્વાદ મેળવીએ છીએ સંતોના.

- ડૉ. વર્ણેકર...
એમ.એ., ડિ.લિટ્,
નાગપુર યુનિ., નાગપુર.

સાંખ્ય-યોગતર્ક ભક્તિ મીમાંસા જેવા ગહન વિષયો ઉપર જ નહીં પરંતુ ભક્તિધારણમાં પણ આચાર્યજીની વાણી માધુર્યથી ભરેલી છે. તેમના વિચારો પાવન અને ઉચ્ચ છે.

- ડૉ. ડાંગે...
મુંબઈ યુનિ., મુંબઈ.

હે દયાળુ ! હું કૃપાને પાત્ર થતો હોઉં તો મને આશીર્વાદ પત્ર લખવા કૃપા કરશો, મહારાજની સાથે તમારી પૂજા કરું છું.

- હરિભક્ત જીવરાજ આણંદ કાબરીયા... 
કેરાલા.



સ્વામીના ગ્રંથો, જીવન-કવન, તપસ્યા, દર્શન સંબંધી કાંઈ પણ કહેવું એ હૃદયને અમૃતના આસ્વાદનના આનંદથી ભરી દેવા સમાન છે.

- સ્વામી કીર્તિયાનંદ શાસ્ત્રી... 
બોટાદ.



શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પોતે જ ભારતીય સંસ્કૃતિના પ્રતીક છે. પોતે જ પવિત્ર મહામાનવ છે. પોતે જ ભારતીય આત્મા છે.

- ડૉ. આનંદ... 
એમ.એ., ડિ-લિટ્,
અલીગઢ યુનિવર્સિટી.



સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી પોતે જ અધ્યયન, અધ્યાપનમાં પોતાને માટે એક સર્વોત્કૃષ્ટ અને સફળ શિક્ષક સિદ્ધ થઈ ચૂક્યા છે.

- પં. ગૂ.ભ. તેલંગ... 
ઉજ્જૈન.



સ્વામીના ગ્રંથોનું અવલોકન કર્યા પછી- કોઈ પણ વિદ્વાન તેમની પ્રતિભાની- તેમની વિદ્વતાની પ્રશંસા કર્યા વગર રહે નહીં.

- પં. વંશીધર વસિષ્ઠ...
ઉજ્જૈન.

સંસ્કૃત સાહિત્યતા વિદ્યા વાચસ્પતિ સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીના જ્ઞાનનો સૂર્ય, ભક્તિરૂપી ધરા ઉપર શુભ, સુંદર અને સૂસંસ્કૃત વિચારોનું વહન કરશે.

- ડૉ.કે.ર. જોશી...
ડિ.લિટ્, નાગપુર યુનિ.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીની જેમ મહાપુરુષો જન્મતા નથી અવતાર ગ્રહણ કરે છે, અને પોતાની ભક્તિ, સાધના અને યોગથી આ જગતની ભૂમિને પાવન કરી જનકલ્યાણકારી કાર્યો પોતે જ હાથ ધરે છે, તેમના વિચારો, તેમની વાણી, તેમનો પ્રભાવ યુગો યુગો સુધી વિશ્વના જીવોને પવિત્રતાનો માર્ગ બતાવતો રહે છે.

- પં. મહાશંકર શાસ્ત્રી...
જામનગર.

રત્નોની પૂજા રાષ્ટ્રનું કર્તવ્ય છે, સંતોની પૂજા હરિભક્તોનું કર્તવ્ય છે પરંતુ વિદ્યાની પૂજા વિદ્વાનો પોતે જ કરે છે, આ વાતને સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીએ સિદ્ધ કરી બતાવી છે.

- પં. વસંત અનંત ગાડગીલ...
પૂના.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીને સંસ્કૃત સાહિત્ય અને ભારતીય સંસ્કૃતિના અભ્યુદય અને સંવર્ધનના માટે અસાધારણ પ્રતિભા અને મમતા પ્રાપ્ય છે.

- ડૉ. રામજી ઉપાધ્યાય...
સાગર વિશ્વ વિદ્યાલય,
સાગર, એમ.પી.



સ્વામીજીના ૪૫ અમૂલ્ય ગ્રંથો- સંસ્કૃત, હિન્દી અને ગુજરાતીનો કિંમતી ભંડાર છે, દેશ એમની સેવાઓની હંમેશા કદર કરશે જ.

- ડૉ. ઉપેન્દ્ર ઠાકુર...
ડિ.લિટ્., મગધ યુનિ.



ભારતીય સંસ્કૃતિનું ગૌરવ વધારનારા, રાષ્ટ્રીયતાના પરમ ઉપાસક, મહાપંડિત સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી ભારતભૂમિનું ગૌરવ છે.

- ડૉ. વૈંકટ સુબ્રમણ્યમ્...
M.A.,Ph.D., D-Lit.,
કેરાલા યુનિવર્સિટી, ત્રિવેન્દ્રમ.



આચાર્ય પ્રવર કૃષ્ણવલ્લભાચાર્યજી સંપૂર્ણ ભારતના સુવિખ્યાત વિદ્વાન અને સત્પુરુષ છે, એમના દાર્શનિક ગ્રંથો ભવ્ય છે. દર્શનના ગહન તત્ત્વોમાં પ્રવેશ કરી તત્ત્વના સારને ખેંચી કાઢવાની સૂક્ષ્મ દૃષ્ટિ બીજામાં જોવા નથી મળતી, આવા તેજસ્વી મનસ્વીને મારા પ્રણામ.

- ડૉ. કૃષ્ણકાંત ચાતુર્વેદી...
કાશી, વારાણસી.



સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીના અનેક ગ્રંથોનો અભ્યાસ કરવાની તક મને મારા છાત્ર જીવન દરમ્યાન મળી છે. હું તેમની તેજસ્વી બુદ્ધિ, સાત્વિક જીવન અને પ્રતિભાથી ખૂબ જ પ્રભાવિત થયો છું.

- ડૉ. બાબુલાલ શુકલ...
ડિ.લિટ્, ઈન્દોર.

સંસ્કૃતના પ્રકાંડ પંડિત સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી રાષ્ટ્રીય સર્વગુણ સંપન્ન અત્યંત પવિત્ર મહાપુરુષ છે.

- એસ.પી. સિંગ...
એમ.એ., ડી.ફીલ,
મગધ યુનિવર્સિટી, ગયા.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી પવિત્ર આચાર્ય મહાન દાર્શનિક સફળ લેખક અને યશસ્વી કવિ છે.

- ડૉ. અમરનાથ પાંડે...
એમ.એ., ડિ.ફીલ.,
કાશી વિદ્યાપીઠ.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીના ગ્રંથો જયપુર યુનિવર્સિટી લાયબ્રેરીમાં જો આવશે- તો યુનિવર્સિટીની શોભા બની જાશે.

- ડૉ. દયાકૃષ્ણજી...
રાજસ્થાન યુનિ., જયપુર.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી સંસ્કૃત અને સંસ્કૃતિના ઉપાસક છે, તર્ક શુદ્ધ તેમની દલીલ, વેદાનુગામી તેમનું વિવેચન, ભક્તિપૂર્ણ નિરૂપણ, સિદ્ધાંત પ્રતિપાદન, પ્રતિભા સ્વપક્ષ રક્ષણમાં સભાનવૃત્તિ આવા તો અસંખ્ય ગુણો તેમનામાં બિરાજે છે.

- કૃષ્ણશંકર શાસ્ત્રી...
ભાગવત્ વિદ્યાપીઠ,
અમદાવાદ.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીનું અભિનંદન સમગ્ર વિદ્વાનોનું અભિનંદન છે.

- ડૉ.વાસુદેવ કૃષ્ણ ચતુર્વેદી...
એમ.એ., પીએચ.ડી., ડિ-લિટ્,
પ્રાચ્યદર્શન મહાવિદ્યાલય, વૃંદાવન.

સ્વામીના ગ્રંથોએ પ્રાચ્ય અને પાશ્ચાત્ય બંને સંસ્કૃતિની સમાન સેવા કરી છે. રાષ્ટ્ર અને ધર્મની સમાન સેવા કરી છે.

- પ્રો. નર્મદાશંકર શાસ્ત્રી...
ભાવનગર.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી પ્રથમ કોટિના સ્કોલર, મહાન ગુરુ, આધ્યાત્મિક નેતા, તથા પરમપવિત્ર ભારતીય મહાપુરુષ છે.

- ડૉ.કલ્યાણકુમાર દાસગુપ્તા...
એમ.એ., ડિ.ફિલ.,
કલકત્તા યુનિવર્સિટી, કલકત્તા.

સ્વામીની મહાનતા તેમનું જીવન છે, સ્વામીની પવિત્રતા તેમની ભક્તિ છે, સ્વામીની ઉપાસના તેમનું જ્ઞાન છે, સ્વામીનું દૈવત્ય તેમની પવિત્રતા છે. આવા પવિત્ર દૈવીપુરુષના દર્શનથી જ જીવન ધન્ય બની જાય છે.

-રમેશ બેટાઈ...
દ્વારકા કોલેજ.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીના અમૂલ્ય ગ્રંથો તેમના જીવનના કીર્તિ સ્થંભો છે.

-કવિશ્રી નાથાલાલ દવે...
મોરબી.

રામાનુજાચાર્યની માફક સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીએ ભારતની યાત્રા કરી વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કરી પોતે જ ભક્તિ અને જ્ઞાનનો પ્રચાર કર્યો.

- ડૉ. બી.એન. બધેકા...
સાહિત્યચાર્ય, પાલિતાણા.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી જેવા સંતને અભિનંદન આપવામાં પણ હૃદય આનંદ અનુભવે છે.

- શાસ્ત્રી કેશવ શર્મણ...
ડાકોર.

ખૂબ આનંદનો વિષય છે કે સત્યના મહાન શોધક સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીનું અભિનંદન થઈ રહ્યું છે.

- ડૉ.જે.એલ.કે. જલાલી...
શ્રીનગર.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી ફક્ત સંત અને ધાર્મિક નેતા જ નથી પરંતુ સાથે સાથે પ્રશંસા કરી શકાય તેવા મહાન સ્કોલર, ફિલોસોફર અને ઉચ્ચ કોટિના દર્શનાચાર્ય પણ છે. આચાર્યજી ભારતીય સંસ્કૃતિના એક અંગ છે. એવી સંસ્કૃતિના અંશ છે જે ભારતની અત્યંત પ્રાચીન અને ગૌરવમયી રહી છે.

- ડૉ.જે.એલ.કે. જલાલી...
પ્રેસીડેન્ટ, ઓલ ઈન્ડિયા સારસ્વત
કલ્ચર ઓર્ગેનાઈઝેશન, શ્રીનગર,
જમ્મુ-કાશ્મીર.

અમને જાણીને ખૂબ જ આનંદ થાય છે કે ગુજરાતના પ્રખર તેજસ્વી સંતના અનુયાયીઓ ગુજરાતના મહાન સંત ફિલોસોફર અને ધાર્મિક તથા આધ્યાત્મિક ગુરૂ સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીનું અભિનંદન કરવા આયોજન કરી રહ્યા છે. સ્વામીજી સંસ્કૃતના અદ્‌ભૂત સ્કોલર છે. તેમના દર્શનના ગ્રંથો સંસ્કૃત સાહિત્ય માટે વરદાન છે.

- ડૉ. જી.કે. ભાટ્ટ...
ભંડારકર ઓરિયેન્ટલ
રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, પુના.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીની અપ્રકાશિત બ્રહ્મભાષ્યની રચનાને મેં પોતે જોઈ છે, અને જોઈને અમને સ્વામીજીમાં ભગવાન વેદવ્યાસની અનુભૂતિ થઈ છે. જે બ્રહ્મસૂત્ર ભાષ્યથી કદમાં ડબલ છે. આ રીતે સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીએ સ્વામિનારાયણના દાર્શનિક સિદ્ધાંતના સૂત્રોની રચના કરી, ભગવાન વેદવ્યાસજીનું અને ભાષ્યકાર શંકરાચાર્યજી અને રામાનુચાર્યજી બંનેનું કાર્ય કરેલ છે, આ અદ્વિતીય સંતના ચરણોમાં મારા પ્રણામ.

- શાસ્ત્રી હરિપ્રકાશ...
શાસ્ત્રનાચાર્ય, એમ.એ.,
ગઢડા.

સંસ્કૃત ભાષા, ન્યાય, વેદાંત, કાવ્ય પ્રતિ સમાજના પવિત્રજનોનાં મનમાં મમતા ઉત્પન્ન કરી સ્વામીશ્રીએ જે આકર્ષણ જન્માવ્યું છે તે માટે ધન્યવાદને પાત્ર છે.

- ડૉ. ધર્મેન્દ્રકુમાર ગુપ્તા...
વિદ્યાવાચસ્પતિ, એમ.એ.,
એમ.ઓ.એલ., પીએચ.ડી.,
પંજાબ યુનિવર્સિટી, હરિયાણા.

વિશ્વના જીવોના કલ્યાણ માટે વૈદિક સંસ્કૃતિના પ્રકાંડ પંડિત જ્ઞાન સુધા સિન્ધુમાં સંપૂર્ણ વિશ્વને રસાસ્વાદન માટે સંસ્કૃત સાહિત્ય સુલભ કરી આપવા માટે સ્વામીજીએ ભગીરથ પુરુષાર્થ કર્યો છે.

- ૧૦૦૮ જગદ્‌ગુરૂ શંકરાચાર્ય...
સ્વામી શાંતાનંદ સરસ્વતી,
જ્યોતિર્મઠ (હિમાલય).

ભારતમાતાના પવિત્ર સેવક, ભારતીય વિદ્યાઓના પવિત્ર પ્રાણ, ભારતીય વિદ્વાનોને તત્ત્વચિંતન અને ભારતીય વિદ્યાઓના જ્ઞાનનું આસ્વાદન કરાવી રહ્યા છે તે ખરેખર ગૌરવની વાત છે.

- પં.કુમારદત્ત કાનડી...
વેદમૂર્તિ મહાચાર્ય, કોલંબો.

ભારતને અનેક પવિત્ર ગ્રંથો આપનાર સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીએ ભારતવાસીઓને જીવન અમૃતનું પાન કરાવેલ છે. ભારતીયોમાં સંસ્કાર સિંચનનું કાર્ય કરેલ છે.

- પં. રામશરણ ત્રિવેદી...
દર્શનાધ્યાપક,
યુનિવર્સિટી બેંગલોર.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી ન્યાયશાસ્ત્રના મહા તેજસ્વી અને પ્રકાંડ પંડિત છે.

- હરિભાઈ શાસ્ત્રી...
નવાનગર.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી ભારતીય સંસ્કૃતિના મહાન આચાર્ય અને પવિત્ર સંત છે.

- મહામંડલેશ્વર ભાગવતાચાર્ય...
કનખલ (ભારત).

પરમાત્માએ અથવા સરસ્વતીએ, બૃહસ્પતિએ અથવા પુણ્યપતિએ સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીના રૂપમાં એક વિદ્યામૂર્તિ મહાદિવ્ય શક્તિ ભારતને આપેલ છે.

- કૃષ્ણકેશવ શાસ્ત્રી ન્યાયાચાર્ય...
વૃત્તાલય.

સાહિત્યમાં ઓતપ્રોત થયેલા સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી આજે શ્વેતાયન વ્યાસ સ્વરૂપમાં બિરાજે છે.

- શાન્તાનંદજી દર્શનાચાર્ય...
નદિપાશાંતિ.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી ગૌતમાવતાર મહાપવિત્ર વિભૂતિ છે.

- સ્વામી મીનાક્ષી ભાસ્કરાચાર્ય...
ચિદમ્બરમ્.

સંસ્કૃત ભારતીય સંસ્કૃતિની વાટિકા છે. સંસ્કૃતના આ વિદ્વાનનું સન્માન કરીને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ભારતીયજનો આપણી સંસ્થા અને નિષ્ઠાને દૃઢ બનાવી રહ્યા છીએ.

- ડૉ.દર્શનસિદ્ધ...
એમ.એ., પીએચ.ડી.,
વૈદિક અનુસંધાન કેન્દ્ર,
હોંશિયારપુર.

વિદ્યમાન વિદ્વાનોમાં પ્રાચીન વિદ્યાશાખાની વિદ્વતા અને શાસ્ત્રીય કોટિ કોડપત્ર તર્ક પરંપરા વડે પ્રશસ્ત પ્રકાંડ પાંડિત્યના પ્રતીક સ્વામીજી હાર્દિક રીતે કોમળ સરળ સ્વભાવ અને ઉદાર મનોવૃત્તિ વડે ગુજરાતને ગૌરવશાળી બનાવી રહ્યા છે.

- ડૉ. ગિરીશચંદ્ર દિક્ષિત...
ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી,
જામનગર.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીના પવિત્ર સ્મરણ માત્રથી મન આનંદિત થઈ જાય છે.

પં. અનંતાચાર્ય...
જયસ્વાલ વિદ્યાપીઠ, પટના.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીની સર્વતોમુખી પ્રતિભા, એમનું વ્યાખ્યાન કૌશલ્ય જોઈને મને અનહદ આનંદ થયો છે.

- પં. બલર્જિન્નાથ પંડિત...
હિમાચલ પ્રદેશ યુનિવર્સિટી,
સિમલા.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીના સંસ્કૃત પુસ્તકોની યાદી જોતાં એમની શાસ્ત્રજ્ઞતા અને વિદ્યોપાસના માટે આદર ઉપજે છે.

- અનંતરાય રાવળ...
ગુજરાતના મહાન લેખક.

શ્રી લક્ષ્મીનારાયણ સંહિતા, પોતે જ એક મહાન અને ગહન ગ્રંથ છે. એમના બીજા પણ ગ્રંથો વૈવિધ્યપૂર્ણ અને ગહન છે.

- ડૉ.જે.ડી. લાડો...
શ્રીનગર, કાશ્મીર.

કાવ્ય ન્યાય દર્શનના પુણ્યશ્લોક વંદન ધર્મમૂર્તિના ભવ્ય ભાલ ઉપર અનંત ચંદન જાગૃત જ્યોતિ જગાવે, જનજનના જીવનમાં કૃષ્ણવલ્લભાચાર્યજીને શત્ શત્ અભિનંદન.

- ડૉ. રવિન્દ્ર ભ્રમર...
અલીગઢ યુનિવર્સિટી.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી જેવા સંસ્કૃતના મહાન પંડિત અને તેજસ્વી સ્કોલરનું સન્માન કરતા શ્રી વેંકટેશ્વર યુનિવર્સિટી ગૌરવ અનુભવે છે.

- વાઈસ ચાન્સેલર...
વેંકટેશ્વર યુનિવર્સિટી, તિરૂપતિ.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીના આશિર્વાદ અને માર્ગદર્શનથી શરૂ થનારી નવી કોલેજો નોંધનીય રીતે વિકાસ સાધશે, અને બાળકોના ચારિત્ર્ય ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપશે તેમાં બે મત નથી.

- ડૉ. એસ.એ. ઉપાધ્યાય...
ડાયરેકટર, ભારતીય વિદ્યાભવન.



મારા માટે આ આનંદ અને સન્માનની વસ્તુ છે કે મને ભારતના એક મહાન અને ગૌરવશાળી સંત સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીને અભિનંદન આપવાની તક મળી છે. તેમનું જીવન બીજાઓનાં માટે દૃષ્ટાંતરૂપ છે, હું તેમની કુશળતા ઈચ્છું છું.

- જ્યોર્જ કાડોના...
પેન્સિલ્વેનિયા યુનિવર્સિટી,
અમેરિકા.



ભારતના મહાન સંત, સંસ્કૃતના વિશ્વ વિખ્યાત તેજસ્વી પંડિત સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીના અભિનંદનનો પ્રયત્ન શ્લાધનીય છે.

- મહામંડલેશ્વર, સ્વામી ગણેશાનંદજી મહારાજ...
હરિદ્વાર.



જગતના મહાન સંતો અને ઉચ્ચ કોટિના વિદ્વાનોના અભિનંદનનું કાર્ય સ્વતઃ એક પ્રકારે સાહિત્યની સેવા જ છે.

- ડૉ.જી.ઈ. નાયક...
એમ.એ. ડિ.લિટ્.,
ઉત્કલ યુનિવર્સિટી,
ભુવનેશ્વર.



આદર્શ સંસ્કાર જ્ઞાનવર્ધક વિચારો અને પવિત્ર જીવન એ જ સ્વામીનો સંદેશ છે.

- શાસ્ત્રી બળવંતરાય...
ભાવનગર.

સ્વામીજીના લખાયેલા મૌલિક પુસ્તકો અને પ્રાચીન ગ્રંથોના અવલોકનથી આ સ્પષ્ટ થઈ જાય છે કે શિક્ષણ જગતમાં તેમની સેવાઓ ઉચ્ચ કોટિની છે. એટલે જ એમની સ્મૃતિને ચિર સ્થાયી બનાવવા માટે આપના બધા જ પ્રયત્નો માટે ગુરૂકુલ કાંગડી વિશ્વવિદ્યાલય હાર્દિક શુભકામનાઓ મોકલાવે છે.

- ડૉ. રામનાથ વેદાલંકર...
ઉપકુલપતિ, ગુરૂકુલ કાંગડી,
વિશ્વવિદ્યાલય, સહારનપુર.

સહજાનંદ સ્વામીના પવિત્ર ઉપદેશોને જનજીવન સુધી પહોંચાડનાર સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીને મારા પ્રણામ.

- ડૉ. નારાયણસ્વામી...
અક્ષર પુરુષોત્તમ મંદિર, દાદર.

વિશ્વની મહાન વિભૂતિઓનું વિશ્વના લોકો વડે કરવામાં આવેલું સન્માન વિશ્વનું પોતાનું સન્માન છે.

- ડૉ. અમરનાથ પાંડે...
એમ.એ., ડી.ફીલ,
કાશી વિદ્યાપીઠ, વારાણસી.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી સાર્વભૌમ જ નથી, સહૃદય શિરોમણી અને સદાચારની પ્રતિમૂર્તિ છે. આવા મહાપુરુષના અભિનંદનનું કાર્ય પરમ પવિત્ર કાર્ય છે.

- ડૉ. રામનરેશ વર્મા...
એમ.એ., પીએચ.ડી.,
કાશી હિન્દુ વિશ્વવિદ્યાલય,
બનારસ.

આપના અભિનંદન ગ્રંથની સ્વામીના ઉત્કૃષ્ટ સન્માનની પવિત્ર શ્રદ્ધાંજલિ સાથે શુભેચ્છા અને સફળતા ઈચ્છુ છું.

- ડૉ. ટી.એમ.પી. મહાદેવન...
મદ્રાસ યુનિવર્સિટી, મદ્રાસ.

સ્વામી ભલે ગુજરાતમાં જન્મ્યા હોય છતાં પણ આખા દેશને તેમના ઉપર ગર્વ છે તેમની પવિત્ર સ્મૃતિમાં વિદ્યામંદિરની સ્થાપના સર્વથા યોગ્ય જ છે. તેમનું જીવન તપ, અને ત્યાગનું જીવન રહેલ છે. આવનાર હજારો વર્ષો સુધી તેઓ આપણાં બધાં માટે પ્રેરણાનું સ્તોત્ર બની રહેશે.

- ડૉ. વિનોદચંદ્ર સિંહા...
એમ.એ., પીએચ.ડી.,
ડાયરેકટર, ગુરુકુળ કાંગડી,
વિશ્વવિદ્યાલય, હરિદ્વાર.

ત્રિવિધ પાવન ભક્તિની પવિત્રધારા વહેવડાવીને જનમનમાં શાંતિ, ભક્તિ અને સંતોષની જે ત્રિવેણી સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી વહેવડાવી રહ્યા છે તે માટે અમારા તેમને પ્રણામ.

- ડૉ. રમેશકુમાર શર્મા...
પીએચ.ડી.,
કાશ્મીર વિશ્વવિદ્યાલય, શ્રીનગર.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી જેવા પવિત્ર સંતોના આશીર્વાદથી સાહિત્ય પણ પવિત્ર થઈ જાય છે. સ્વામીમાં તો બંને ગુણો એક સાથે જોવા મળે છે. શાસ્ત્રી અને સંસ્કાર, ભક્તિ અને જ્ઞાન, સાધના અને સેવાનો આવો સુંદર સંગમ ખૂબ જ ઓછો જોવા મળે છે.

- ડૉ. સામવૃત્તસિંહ...
એમ.એ., પીએચ.ડી., ડિ.લિટ્.,
સંસ્કૃત વિશ્વવિદ્યાલય, વારાણસી.

સંસ્કૃત સાહિત્યના ગહન વિષયોનો લાભ સર્વ સાધારણને મળી રહે તે માટેના સ્વામીજીના પ્રયત્નો પ્રશંસનીય છે.

- ડૉ. એસ્ટેલર સોલોમન...
અમદાવાદ.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી તપોનિષ્ઠ સાધક હોવાની સાથે સાથે પરમશ્રુત પણ છે. એ ભારતીય વિદ્યાઓના પ્રકાંડ પંડિત તથા સંસ્કૃતના પ્રખર વિદ્વાન છે. એમને અમર બનાવવા માટે તેમનો એક જ ગ્રંથ (લક્ષ્મીનારાયણ સંહિતા) પૂરતો છે.

- અભેદાનંદ શાસ્ત્રી...
એમ.એ., પીએચ.ડી.,
વેદાંત દર્શનાચાર્ય,
ગુરૂકુળ કાંગડી, હરિદ્વાર.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીનું અભિનંદન સમૃદ્ધ રીતે થવું જોઈએ જ.

- ડૉ. ઈશ્વરલાલ દવે...
એમ.એ., પીએચ.ડી.,
સૌરાષ્ટ્ર યુનિ., રાજકોટ.

વિવિધ વિષયોના મહાન પંડિત શાસ્ત્રી, સમાજ અને રાષ્ટ્રના પરમ પવિત્ર સેવક છે.

- ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી...
નવી દિલ્હી.

પ્રકાશને ગોતવો હોય તો સ્વામીના ગ્રંથીમાં પડેલી તેજસ્વીતામાં ગોતો, રત્નોને શોધવા હોય તો સ્વામીના હૃદયરૂપી આકાશમાં વિહરો.

- ડૉ.શિવપ્રસાદ ભારદ્વાજ...
M.A., M.O.L. Ph.D.,
પંજાબ વિશ્વવિદ્યાયલય,
હોંશિયારપુર.

આશા છે સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીના આધ્યાત્મ સાધના વડે સમ્પન્ન જીવનની દીપ્તિ હરહંમેશ અલોક પથરાતી રહેશે.

- પં.શ્રીધરશાસ્ત્રી...
ભારતી પરિષદ વિભાગ.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીનું અભિનંદન ભારતીય સાહિત્ય અને દર્શનશાસ્ત્રને સુસંસ્કૃત કરવું છે, હિન્દુશાસ્ત્ર દર્શન ઉપર તેમની વિવેચાત્મક કૃતિઓ મૌલિકતા, સુબોધિતા અને વિષય પ્રવેતા ક્ષમતાથી ભરપુર છે.

- ડૉ. રઘુનાથ એરી...
M.A., Ph.D., H.E.S.,
હોંશિયારપુર.

વિશ્વવિખ્યાત વિદ્વાન મહાપંડિત પરમ પૂજ્ય પરમ માનનીય પરમશ્રેય શ્રી સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી ન્યાય, મિમાંસા, યોગ, તર્ક, ધર્મ, દર્શન વેદાંતાદિક અદ્‌ભુત ગ્રંથોની રચના કરી વિશ્વમાં અમર થઈ ગયા છે.

- નારાયણ શ્રીધર શાસ્ત્રી વારે...
નાસિક.

ગુણ સંપન્ન, પ્રતિભા સંપન્ન તથા પવિત્ર સંત સ્વામી કો મેરા પ્રણામ.

- ડૉ. જી.કે. પાઈ...
કોચીન.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીનું ગૌરવમય અભિનંદન આપણા ભારતના બધા જ તેજસ્વી વિદ્વાનોનું અભિનંદન છે.

- ડૉ. હુકુમચંદ વટયાલ...
ડેક્કન કોલેજ, પૂના.

સ્વામીએ જે વિદ્વતા અને સાહિત્ય સેવા વડે અનેક જિજ્ઞાસુઓની તૃપ્તિ માટે સફળ પ્રયત્ન કર્યા છે.

- ડૉ. ગોવિંદચંદ્ર પાંડે...
કુલપતિ, જયપુર યુનિ., જયપુર.

આપણા બધા માટે આ ગૌરવની વાત છે કે સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીની સામાજિક, ધાર્મિક અને સાહિત્ય પ્રવૃત્તિઓ પણ સ્વામીજીની જેમ જ ભવ્ય અને પવિત્ર છે.

- ડૉ. એ.એમ. શાસ્ત્રી...
યુનિવર્સિટી, કાશી.



સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિનારાયણ સંપ્રદાયના અદ્વિતીય તથા માન્યવર ગુરૂ છે. હિંદુ ધર્મના સંવર્ધન અને વિકાસ માટે તેમના પ્રયત્નો અમૂલ્ય છે.

- ડૉ. વૈજનાથપુરી...
લખનઉ.



સ્વામીજી પ્રતિભાશાળી અને તેજસ્વી સંત છે.

- ડૉ. સૂર્યનારાયણ મિશ્ર...
સંસ્કૃત શક્તિ, અયોધ્યા.



વિશ્વની આ પવિત્ર વિભૂતિને, ભારતના આ રત્નને, રાષ્ટ્રના આ મહાન પ્રતીકને, સંસ્કૃતિના જીવન અને આત્માને, સ્વામીને મારા પ્રણામ.

- ડૉ.સત્યવૃત શાસ્ત્રીજી...
M.A., M.O.L., Ph.D.,
દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી.



પ્રતિભાશાળી તેજસ્વી વિદ્વાનોનું વિશ્વ સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીનું અભિનંદન કરી ગૌરવ અનુભવે છે.

- કલકત્તા યુનિવર્સિટી...



વિશ્વવિખ્યાત, સંસ્કૃત ભાષાના ધૂરંધર વિદ્વાન તથા લેખક શ્રી સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીએ સંસ્કૃતના જે પ્રગાઢ અને વિદ્વતાપૂર્ણ ગ્રંથોની રચના કરી અને ટીકાઓ લખીને સંસ્કૃત સાહિત્યની અદ્‌ભુત સેવા કરેલ છે.

- ડૉ.ગંગાદત્ત શાસ્ત્રી...
એમ.એ., વેદાંતાચાર્ય,
શ્રીનગર.

સ્વામીજીનું જીવન સેવા-ત્યાગ અને તપસ્યાનું સાક્ષાત્ દૈવીક શક્તિઓનું પ્રતીક છે.

- ડૉ. વિનોદચંદ્ર સિંહા...
ગુરૂકુળ કાંગડી વિશ્વવિદ્યાલય,
હરિદ્વાર.

આ જાણીને ખૂબ જ આનંદ થાય છે કે ભારતના પરમ પવિત્ર સંઘ મેઘાવી અને અસાધારણ વિદ્વાન શ્રી સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીની પવિત્ર પ્રેરણાથી ઓતપ્રોત અભિનંદન ગ્રંથ પ્રકાશિત કરવામાં આવી રહ્યો છે તે ગૌરવની વાત છે.

- ડૉ. કપિલદેવ શાસ્ત્રી...
કુરુક્ષેત્ર વિશ્વવિદ્યાલય,
કુરુક્ષેત્ર.

ભારત અને વિશ્વની સંસ્કૃતિ સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીનાં ન્યાય, સાંખ્ય, યોગ, મીમાંસા અને વેદાંતના ક્ષેત્રે મેળવેલી ઉચ્ચ સિદ્ધીઓને હંમેશ બિરદાવતી રહેશે.

- ડૉ. એમ. ડી. બાબા...
કેન્દ્રીય સંસ્કૃત વિદ્યાપીઠ, તિરૂપતી.

કોઈ પણ દેશની ખરી વિભૂતિ એના સંત, વિદ્વાન તથા લેખક હોય છે. સ્વામીજીના શાંત અને તેજસ્વી વ્યક્તિત્વમાં ઉપરનાં ત્રણેય ગુણો જોવા મળે છે.

- ડૉ. એન.કે. દેવરાજ...
બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલય.

ભારતના પ્રતિભાશાળી આ સંતને મારા વંદન.

- ડૉ. સત્યસ્વરૂપ મિશ્રા...
કાશી વિશ્વવિદ્યાલય.

ભારતના બહુમૂલ્ય રત્ન સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીને મારા અભિનંદન.

- ડૉ.રામવિલાસ શર્મા...
આગ્રા.

વિદ્વતા અને પ્રતિભાના ધણી સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી પોતે જ દૈવી શક્તિઓથી પૂર્ણ એક તેજસ્વી સંત છે, તેમાં બે મત નથી.

- ડૉ.વી.આઈ. સુબ્રમણ્યમ...
ડિ.લિટ્, કેરાલા યુનિવર્સિટી.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીને અભિનંદન વિશ્વના વિદ્વાનોને ભારત તરફ આકર્ષિત કરી, પૂર્વ અને પાશ્ચાત્ય સંસ્કૃતિ વચ્ચે સેતુનું કાર્ય કરશે.

- ડૉ. પ્રભાકર માચવે...
રાષ્ટ્રપતિ નિવાસ, સિમલા.

આ વિશ્વના કલ્યાણ અને જ્ઞાનની સતત સાધના માટે સ્વામીજી પોતે સંતના રૂપમાં દૈવીશક્તિના સાક્ષાત્ અવતાર છે.

-ડૉ.શ્યામસુંદર...
ગીતા પ્રેસ, ગોરખપુર.

સ્વતંત્ર રાષ્ટ્રના શુભ અને સુંદર કર્તવ્યોને ભારતીય વિદ્વાનોએ પોતાના આત્માનો એક અંશ માની સ્વીકાર કરેલ છે. તેથી જ તેમના ગૌરવમય ગ્રંથોમાં રાષ્ટ્રીય ચેતના અભિવ્યક્ત થાય છે.

- ડૉ.જગપુરણદાસ શાસ્ત્રી...
વાચસ્પતિ, સંસ્કૃત પરિષદ, જમ્મુ.

જે વ્યક્તિ કાવ્ય વડે જીવના તત્ત્વજ્ઞાનને આત્માના અંશમાંથી સરળ રીતે અભિવ્યક્ત કરી શકે તે જીવનરંગ મંચનો સંપૂર્ણ સંસ્કારોમાં પ્રવીણ લોક કલ્યાણકારી યુગ પુરુષ છે, તેની વાણીમાં માનવ જીવનના રહસ્યો પવિત્ર રીતે પ્રગટ થાય છે.

- પં.સીતારામ ચતુર્વેદી...
બેનીયાબાગ, વારાણસી.

સ્વામી મહારાજની જે વિદ્વતાના દર્શન તેમણે લખેલા દાર્શનિક ગ્રંથોમાં થાય છે તે જોઈને દર્શનના વિદ્યાર્થીઓ આ સર્વ પ્રતિભા સંપન્ન સંતના મૌલિક કાવ્ય રચના તથા કવિ પ્રતિભા માટે તેમના ચરણોમાં શ્રદ્ધા પુષ્પો અર્પિત કરી પોતાનું અહોભાગ્ય માને છે.

-ડૉ. બ્રજબિહારી ચૌબે...
એમ.એ., પીએચ.ડી.,
પંજાબ વિશ્વવિદ્યાલય.

ષડદર્શનાચાર્ય, દાર્શનિકપંચાનન્ સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીએ ગુજરાતી હિન્દી અને સંસ્કૃતના ૪૪ ગ્રંથોની ગૌરવશાળી રચના કરીને તેમજ વિશ્વને લક્ષ્મીનારાયણ સંહિતાના રૂપમાં ૧ લાખ ૨૬ હજાર શ્લોકવાળું અદ્‌ભુત અને મહાનગ્રંથ આપી આ મનિષીએ ભારતનું ગૌરવ વધારેલ છે.

- શ્રી ૧૦૦૮ શ્રીગોવિંદલાલજી મહારાજ...
મોતી મહેલ, નાથદ્વારા.

પોતાના પરમ પવિત્ર સંસ્કાર ગુરૂનું પવિત્ર સ્મરણ પ્રત્યેક પુરુષોત્તમ માટે પરમ પાવન પ્રસંગ છે.

- ડૉ. હરિશંકર શર્મા...
દેવજ્ઞભૂષણ, જામનગર.

પંડિતવર્ય સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીની ગહન અને વ્યાપક વિદ્વતાને જોઈને આ જગતનો કોઈપણ સંસ્કૃત વિદ્વાન સ્વામીની સાહિત્ય સેવાથી પ્રભાવિત થયા વગર રહી શકે નહીં.

- ડૉ. ધર્મેન્દ્ર શાસ્ત્રી...
M.A., M.O.L., D.LiT.,
કુરુક્ષેત્ર યુનિવર્સિટી.

ભારતના મનીષિઓ ભારતીય સંસ્કૃતિના જે ઉચ્ચ સંસ્કારો ઊગતી પેઢીમાં સિંચવા ઈચ્છતા હતા તેજ વસ્તુ સ્વામીજીના ગ્રંથોએ ભારતને આપી છે.

- ડૉ.કૃષ્ણપ્રસાદ મિશ્રા...
ઉત્કલ યુનિવર્સિટી,
ભૂવનેશ્વર, ઓરિસ્સા.

લેખકની પ્રતિભા સમાજના જીવનને વ્યક્ત કરનારી સંસ્કારમય પરંતુ યથાર્થ અભિવ્યક્તિ છે. વિચારો અને આચારોનું બંધન લેખનમાં સમન્વય સાધી જીવનના અમૃતને માનવતાના પૂજારીઓ સુધી પહોંચાડી દે છે. આ તેમની મોટામાં મોટી સિદ્ધી છે.

- ડૉ. કૃષ્ણલાલ...
એમ.એ., પીએચ.ડી.,
દિલ્હી વિશ્વવિદ્યાલય.



સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી ભારતની મહાન વિભૂતિઓમાંના એક છે જે સેંકડો વર્ષોમાં એકાદ વખત જ જન્મ લે છે.

- ડૉ.હરિમોહન મિશ્રા...
ભાગલપુર યુનિવર્સિટી.



સંતો, સંસ્કૃતિના એ ઋષિઓ છે જે પોતાના જ્ઞાન અને સાધના વડે સંપૂર્ણ માનવ જ્ઞાતિનું કલ્યાણ કરી પોતાના આત્માનો ઉદ્ધાર કરે છે. સ્વામીજીએ સરસ્વતીની સાધનામાં જીવનનો જે બહુમૂલ્ય ભાગ વ્યતિત કરેલ છે તે અમારા બધા માટે ગૌરવની વાત છે.

- જગદ્‌ગુરુ શંકરાચાર્ય...
શ્રૃંગેરી મઠ.



સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીનું અભિનંદન ભારતીય વિદ્વાનોનો કિર્તી સ્થંભ છે.

- ડૉ. ડી. એન. મુકરજી...
અલ્હાબાદ યુનિવર્સિટી.



સંતોના મહાન કાર્યોને જે રાષ્ટ્ર બિરદાવે છે. તે રાષ્ટ્ર મહાન જ હોઈ શકે તેમાં બે મત નથી. જે રાષ્ટ્રની સંસ્કૃતિ તેમના તત્ત્વચિંતકો પાસેથી સંસ્કારો મેળવે છે તે ચોક્કસ મહાન જ હોય છે તેમાં બે મત નથી.

-ડૉ.રામગોપાલ...
એમ.એ., પીએચ.ડી.,
પંજાબ યુનિવર્સિટી.

સ્વામીજીએ જ્ઞાનની સાધના દ્વારા ધાર્મિક, દાર્શનિક, નૈતિક, પૌરાણિક અને મૌલિક સંસ્કારોનો પોતાના ગ્રંથોમાં સંપાદન કરેલ છે.

-મહામહોપાધ્યાય જયરામશાસ્ત્રી...
જમ્મુ-કાશ્મીર.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીની પ્રતિભા તેમનું વ્યક્તિત્વ અને કૃત્તિત્વની વિશાળતા અને પ્રગલ્ભતા સ્વામીને આ યુગના વ્યાસ તરીકે ઓળખાવે તો તેમાં અતિશયોક્તિ નથી.

- ડૉ.કર્ણસિંહ...
મેરઠ-કોલેજ.

સ્વામીના વ્યક્તિત્વમાં વિદ્વાનોને આનંદ આપનારા વિવિધતા ભર્યા અનેક પાસાંઓના દર્શન થાય છે. જે વિદ્વાન તેમની કૃતિના જે પાસાને સ્પર્શ કરશે તે પાસું જીવન પર્યંત તે વ્યક્તિને પ્રેરણા અર્પતું રહેશે.

-ડૉ. રામસિંહ તૌમાર...
શાંતિનિકેતન, બોલપુર.

સ્વામીજીની કૃતિઓ સંસ્કાર ગંગાનું પવિત્ર અમૃત છે.

- ડૉ. બલદેવ પ્રસાદ જોષી...
પ્રયાગ.

સ્વામીજીએ જ્ઞાનનો જે સંદેશ માનવજાત માટે અર્પિત કરેલ છે તે જીવન જીવવાનો પવિત્ર સંદેશ છે.

- ડૉ. એલ.બી. ઠક્કર...
આયુર્વેદ યુનિ., જામનગર.

ભગવાન ધનવંતરીએ જે કાર્ય આયુર્વેદ માટે કરેલ છે તે જ કાર્ય સ્વામીજીએ સંપૂર્ણ સંસ્કૃત સાહિત્ય માટે કરેલ છે.

- ડૉ. ટી. વી. વ્યાસ...
આયુર્વેદ યુનિ.,જામનગર.

સંસ્કૃતના પ્રકાંડ વિદ્વાન અને પ્રસિદ્ધ સંત સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીનું સન્માન વિદ્વાન સમાજનું ગૌરવ છે.

- ડૉ.હિરણમય...
બેંગ્લોર યુનિવર્સિટી.

સિદ્ધી અને સાધના સંતોના મંગલકારી પ્રભાવનું એવું બળ લઈને જન્મે છે જે શાંત સુખાય પરિજન હિતાય હોય છે.

- ડૉ. ધર્મકુમાર ગુપ્ત...
પંજાબ યુનિવર્સિટી.

આચાર્યજીના ઉજ્જવલ તથા વિરાટ વ્યક્તિત્વથી જો ભાવિ પેઢી પ્રેરણા મેળવી તેમણે સ્થાપેલા જ્ઞાનદંડ સુધી પહોંચવાનો પ્રયત્ન કરશે તો તેમની વિદ્યા સફળ થશે.

- ડૉ. વી.જે. ઠાકર...
ડાયરેકટર વિશ્વબંધુ,
જામનગર યુનિવર્સિટી.

અમે આશા રાખીએ છીએ અને સ્વામીજીને પ્રાર્થના કરીએ છીએ કે ભવિષ્યમાં પણ આપની ગૌરવશાળી લેખિની જ્ઞાન વિજ્ઞાનના ક્ષેત્રોમાં પરમ પવિત્ર ફાળો આપતી રહેશે.

- ડૉ.શિવચરણ ધ્યાની...
આયુર્વેદ યુનિ., જામનગર.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી અધિકારી મહાપુરુષ છે. ગુરુકૃપાથી દિવ્ય દૃષ્ટિ સંપન્ન આ મહાપુરુષે ભગવાન સ્વામિનારાયણની જેમ સૌરાષ્ટ્રમાં જન્મ લઈ તેને સુશોભિત કરી ધર્મના ઈતિહાસમાં એક સુવર્ણયુગનો અભ્યુદય કરેલ છે. સૂર્યને આપેલો અર્ઘ્ય સૂર્ય માટે નથી હોતો પરંતુ અર્ઘ્ય આપનારના કલ્યાણ માટે હોય છે.

- ડૉ.રામકૃષ્ણ મિશન...
દેહરાદુન.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી પ્રાચીન પરંપરા અને આધ્યાત્મિક ચિંતનના મહાન પંડિત છે. આટલા વિશાળ સંસ્કૃત, હિન્દી, વાંગમયના નિર્માણકર્તા સ્વામીજી ઋષિકલ્પ છે. તેઓએ આધ્યાત્મ જેવા કઠણ અને દૂરુહ વિષયને અત્યંત સફળ અને સુબોધ રીતે સમજાવવા પ્રયત્ન કરેલ છે.

- ડૉ.કૃષ્ણકાંત ચતુર્વેદી...
એમ.એ., પીએચ.ડી.,
જબલપુર વિશ્વવિદ્યાલય.

સ્વામીજીની લક્ષ્મીનારાયણ સંહિતા ભારતીય સંસ્કૃતિ, ઈતિહાસ, દર્શન, વેદ, ભાષા અને સંસ્કારોનું પવિત્ર સંગમ કરનારું મહાકાવ્ય છે.

- પં.નરહરિ શાસ્ત્રી...
સિદ્ધપુર.

આ જાણીને આનંદ થયો કે ભારતના પ્રખ્યાત સંત અને પ્રતિભાશાળી વિદ્વાનનું અભિનંદન કરવામાં આવી રહ્યું છે તે આનંદની વાત છે.

- ડૉ. માધવી જૈન...
જબલપુર યુનિવર્સિટી.

હું સ્વામીજીના અદ્‌ભૂત વૈદુષ્યથી પ્રભાવિત થયો છું, હું તેમની લોકોત્તર એ પ્રતિભાથી પરિચિત છું જે સંસ્કૃત સાહિત્યનું ગૌરવ વધારી શકે.

- શ્રીમંત સ્વામી રઘુનાથજી મહારાજ...
આદ્યાત્મિક પીઠ, હરિદ્વાર.

મારા હૃદયની ગહન પ્રશંસાને હું સ્વામીજીની ગહન પ્રતિભાથી રચાયેલા દર્શનના ઉચ્ચ ગ્રંથોને જોઈ રોકી શકતો નથી. સ્વામીના બહુલ્ય પૂર્ણ ગ્રંથોની સંખ્યા સ્વામીની સર્વોતોમુખી પ્રતિભાનું પ્રતિક છે.

- ડૉ. કે.સી. દાસ...
એમ.એ., ડી.ફિલ.,
ગૌહાતી યુનિ., આસામ.

સ્વામીની દરેક કૃતિ નવસર્જનાત્મક સાહિત્ય માટે પ્રેરણા આપી શકે તેમ છે.

- ડૉ. યુ.એન. ધલ...
ઉત્કલ યુનિવર્સિટી.

શાસ્ત્રીજીના ગ્રંથો જ્ઞાનસાગરના અમૃત મંથનમાંથી નીકળેલા એ રત્નો છે જે ધારણ કરનારને પ્રજ્ઞામય અને તેજસ્વી બનાવી દે છે.

- પં. ગુણટુરી ભાનુમૂર્તિ...
રાજમહેન્દ્રી.

સંસ્કૃત સાહિત્યના અપાર જ્ઞાનસેતુ સ્વરૂપ કલયુગમાં વેદવ્યાસ સમાન મહામનિષિ કૃષ્ણવલ્લભાચાર્યજીને હું અભિનંદન કરું છું.

- ડૉ. રામચંદ્ર પાંડે...
રણવીર કેન્દ્રીય સંસ્કૃત વિદ્યાપીઠ,
જમ્મુ-કાશ્મીર.

લક્ષ્મીનારાયણ સંહિતા ભારતીય સંસ્કૃતિનું સંસ્કારમય જ્ઞાનનીય અને પવિત્ર મહાભારત છે.

- પરશુરામ શાસ્ત્રી...
જમ્મુ-કાશ્મીર.

સાહિત્યના દરેક ગ્રંથો વિદ્વાનો માટે નવસંશોધનના વિષયો પ્રદાન કરવાની ક્ષમતા ધરાવે છે.

- ડૉ. મિથિલેશ ચતુર્વેદી...
દિલ્હી.

વેદાંતવાદી સ્વામી વૈદિકયુગના એ આદેય મહાપુરુષ છે, જે યુગે યુગે જગતના સંસ્કારોના સંસ્કરણ માટે યુગે અવતરીત છે.

- ડૉ.મુકુંદ માધવ શર્મા...
એમ.એ., પીએચ.ડી. ડિ.લિટ્,
ગૌહાતી યુનિવર્સિટી, આસામ.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજીનું સ્થાન વૈદિકયુગમાં પ્રાચીન મહર્ષિઓમાં આધુનિક સંતની જેમ સંસ્મરણીય છે.

- ડૉ. રામજી ઉપાધ્યાય...
સાગર યુનિવર્સિટી.

સ્વામીજીના આધ્યાત્મિક વિષયોના અભૂતપૂર્વ મૌલિક ગ્રંથો આ સૃષ્ટિ-આત્મા-પરમાત્મા, પ્રકૃત્તિ જેવા રહસ્યના વિષયોનું તાર્કિક વિવેચન કરી સરળ બનાવી આપે છે.

- ડૉ. ત્રિલોકચંદ જૈન...
આયુર્વેદ યુનિ., જામનગર.

સ્વામીજીના ગ્રંથોનું અવલોકન અને મનન એટલો જ આનંદદાયી વિષય છે જેટલો કોઈ ગ્રંથની સમીક્ષા.

- ડૉ. ગોરધન શર્મા...
ગાંધીનગર.

આ જાણીને અમોને હાર્દિક આનંદ થાય છે કે વિશ્વવિખ્યાત સંસ્કૃતના મહાન વિદ્વાન અને ભારતીય પરંપરાના સિદ્ધપુરુષનું અભિનંદન ભારતીય દર્શન અને સંસ્કૃત સાહિત્યનું અભિવાદન છે.

- ડૉ. રામચંદ્ર દ્વિવેદી...
રાજસ્થાન, સંસ્કૃત પરિષદ.

મારા હૃદયની શુભેચ્છાઓ સ્વામીજીના દીર્ઘાયુષનું નિમિત્ત બને તેવી પ્રભુ પાસે પ્રાર્થના.

- ડૉ. મહેન્દ્રેશ્વર નોગી...
ગૌહાતી યુનિવર્સિટી, આસામ.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી દાર્શનિક જગતના તેજસ્વી સ્થંભ, સંસ્કૃત ભાષા અને કાવ્યના સર્વોપરિ વિદ્વાન અને સંત છે.

- ડૉ. કૌશલ્યા બલી...
જમ્મુ-કાશ્મીર.

સ્વામીજીના ગ્રંથોમાં તેમની વિદ્વતાના જે દર્શન થાય છે તે આનંદની વાત છે.

-સ્વામી મહેશ્વરાનંદજી...
ઘાટકોપર, મુંબઈ.

સ્વામીજીના ગ્રંથો પ્રાચીન અને અર્વાચીન ભારતને જોડતા સંસ્કૃતિના એ સેતુ છે. જેમાં જીવનનું તત્ત્વજ્ઞાન અને માનવીની આકાંક્ષાઓનો ઈતિહાસ વ્યક્ત થાય છે.

- ડૉ.એમ.ડી. સાંકલીયા...
ડેક્કન કોલેજ, પૂના.

મીમાંસા સિંધુના મંથન નિપૂર્ણ સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી વૈષ્ણવ-વિદ્વાનોના પરમ પવિત્ર રાજા છે.

- પં. માધવાચાર્ય શાસ્ત્રી...
દિલ્હી.

મારું દુર્ભાગ્ય છે કે જે સંતના મહાનગ્રંથોનો અભ્યાસ મેં મારા જીવનમાં કર્યો પરંતુ તેમના પ્રત્યક્ષ દર્શન હું કરી શક્યો નથી.

- ડૉ.એમ.એ. ઢાંકે...
અમેરિકન ઈન્સ્ટિટ્યૂટ ઓફ
ઈન્ડિયન સ્ટડી, વારાણસી.

સ્વામીના ગ્રંથોનું આસ્વાદન ફક્ત ઉચ્ચ કોટીના વિદ્વાનો માટે જ શક્ય છે.

- ડૉ. મહેદુલ...
ડેક્કન કોલેજ, પૂના.

અભિનંદનના પુનિત પ્રસંગે સ્વામીને મારી પુષ્પાંજલી.

- ડૉ. જૈમનનાથ મિશ્રા...
કાઠમંડુ, નેપાલ.

ન્યાય સિદ્ધાંત સાંખ્યયોગી સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી જે વિદ્વાનોમાં સાર્વભૌમ છે, તેમજ ભારતીય સંસ્કૃતિના રાષ્ટ્રમણિ છે.

- મહામંડલેશ્વર સ્વામી રામસ્વામીજી...
હરિદ્વાર.

લક્ષ્મીનારાયણ સંહિતા આ યુગનો અદ્‌ભૂત ચમત્કાર હોવાથી વિશ્વ સ્વામીજીની આ કૃત્તિ માટે હંમેશ ઋણી રહેશે.

- એમ.બી. સુબ્રમણ્યમ...
તિરુપતી.

સ્વામીએ વિશેષરૂપથી દર્શન અને આધ્યાત્મિક ક્ષેત્રે જે ગુરૂત્તમ અને ગંભીર કાર્ય કરેલ છે એ સુખદ અને આશ્ચર્યનો વિષય છે.

- ડૉ. ગોરધનનાથ શુક્કલ...
અલિગઢ યુનિવર્સિટી.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમાં જ્ઞાન વિજ્ઞાનનો મહાસાગર ભરેલો છે. ભગવાન વ્યાસના સર્વજ્ઞ ગુણોથી પૂર્ણ સ્વામિજીમાં જ્ઞાન વિજ્ઞાનનો સાગર ભરેલો છે.

- પં. સૂરચેતન્ય...
તર્કદર્શનરત્ન,
ગુરુકુલ, મદ્રાસ.

સ્વામીજીના અભિનંદન ગ્રંથમાં આર્ટીકલ લખવાના મારા અધિકારને મારા જીવનનાં સૌથી પવિત્ર અને આનંદમય પ્રસંગ તરીકે બિરદાવી મારી શુભેચ્છા પાઠવું છું.

- ડૉ. કે.વી. શર્મા...
વિશ્વબંધુ પંજાબ યુનિ.

સંસ્કૃત ભાષાના પ્રકાંડના પંડિત, ભારતીય દર્શનના અભિનવ વ્યાખ્યાતા, વિદ્વદ શિરોમણિ સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી ભારતની એક અમૂલ્ય નિધિ છે. ભારતીય સંસ્કૃતિના આ મહર્ષિને મારા પ્રણામ.

- ડૉ.હરિન્દ્ર ભૂષણ જૈન...
વિક્રમ યુનિવર્સિટી, ઉજ્જૈન.

સ્વામી આ યુગની મહાન વિભૂતિ છે જેમણે પૃથ્વી ઉપર વિખરાયેલા જ્ઞાનનું સંકલન કરી વેદોને સંહિત કર્યા છે. સ્વામી જ્ઞાન ક્ષિતિજના એ આદ્ય સૂર્ય છે જે અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી શકે છે.

- મ.મ.૧૦૮, સ્વામી પૂર્ણાનંદજી મહારાજ...
કનખલ, હરિદ્વાર.

આ મહાવિદ્વાન અને તત્ત્વચિંતકનું અભિવાદન જ્ઞાન અને સાધનાનું અભિવાદન છે.

- સ્વામી ગોપાલદત્ત શાસ્ત્રી...
બલરામ પીઠ, આરા.

સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું અમોઘ પાંડિત્ય પોતે જ અભિનંદનનું અધિકારી છે.

- સ્વામી વલ્લયાનંદ...
સરસ્વતી, હરિદ્વાર.

સ્વામીજીની ન્યાયસિદ્ધાંત મુક્તાવલીની ટીકા ભારતના પ્રકાંડ પંડિતો માટે દર્શન ક્ષેત્રે બહુમૂલ્ય ભેટ છે.

- લાલજી મોઢા...
જામનગર.

દેશ-વિદેશના વિદ્વાનો, પંડિતો, રાજકીય મહાનુભાવો, મહામંડલેશ્વરો, સંતો-મહંતો, ધર્મગુરૂઓ તેમજ અનેક યુનિવર્સિટીઓ- સંસ્કૃત મહાવિદ્યાલયો- કોલેજો- અન્ય સંસ્થાઓના સંચાલકશ્રીઓ દ્વારા સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને સંક્ષિપ્ત અભિનંદન અર્પણ...

❋ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ - અભિનંદન ગ્રંથ ❋

અનંતશ્રી વિભૂષિત શ્રી૧૦૦૮ જગદ્ગુરૂ શંકરાચાર્યજી શ્રીસ્વામી શાંતાનંદ સરસ્વતીજી મહારાજ

જ્યોતિર્મઠ, બદ્રિકાશ્રમ, હિમાલય.

પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ વૈષ્ણવસમાજના ભૂષણ છે અને સરસ્વતીદેવીના વરદ પુત્ર છે, વિદ્વતા અને નમ્રતા તથા સાધુતા તે તો તેમનામાં મણિકાંચન અને નિર્મલતાના સુયોગ છે, એમના દર્શનો દુનિયાના ઉજ્જવલ નક્ષત્રો છે. તેઓ વિદ્વાનોના હૃદયના વૈજયંતિ હાર છે, તેમજ સંસ્કૃત વિદ્યાના પ્રકાંડ વિદ્વાન છે, **એમનું વ્યક્તિત્ત્વ ત્યાગી સંત અને મુમુક્ષુ ગૃહસ્થ, બંને માટે જબરદસ્ત પ્રેરણાપ્રવાહ છે.** શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આચાર્યશ્રીએ આજે જે વિદ્યાવૈભવો વડે આટલું ઉચ્ચ વ્યક્તિત્ત્વ પ્રાપ્ત કર્યુ છે, તેવા વિદ્યાનિધિ એવી તેમની અભિનંદન વડે સેવા તે તો ભારતના વિદ્વાન આચાર્યોની સેવા તથા શ્રીસરસ્વતીદેવીની સેવા છે, તે તેઓ તથા સેવકો કરતા રહે એવી અમારી શુભેચ્છા છે. **આવા મહાન આચાર્યના અભિનંદન તે શ્રીસરસ્વતીના અભિનંદન છે.**

- જ.ગુ. શંકરાચાર્યજી...

શ્રી૧૦૦૮ જગદ્ગુરૂ શંકરાચાર્યજી મહારાજ

જગન્નાથપુરી.

વિશ્વનાજીવોનાકલ્યાણાર્થેવૈદિકસંસ્કૃતિનાપ્રકાંડપંડિતવર્યજ્ઞાનવિજ્ઞાનસુધાસાગરમાં વિશ્વને રસાસ્વાદન આપવા સંસ્કૃતસાહિત્યને સુલભ કરવા નવા દર્શન રચવા શ્રીસ્વામીજીનો ભગીરથ પ્રયત્ન છે, **આવા આચાર્યવર્ય યુગોયુગોમાં સૈકે સૈકે ભારતમાતા ઈચ્છે છે, તે આ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વયમ પ્રગટ થએલા પ્રજાના આચાર્ય છે,** તેઓને અમારા ઘણાં ઘણાં અભિનંદન. શ્રીશંકરાચાર્યોએ જેમને આચાર્ય સન્માન આપ્યા તે તેમના જેવાજ જગદ્ગુરૂ આચાર્ય છે, આવા આચાર્યો ભારતભુમિની સેવા કરતા રહેજો એ અમારા અભિનંદન છે.

- જ.ગુ. શંકરાચાર્યજી...

શ્રી૧૦૦૮ જગદ્‌ગુરૂ શંકરાચાર્યજી
સ્વામીશ્રી અભિનવ સરસ્વતીજી મહારાજ
શારદાપીઠ, દ્વારકા.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ અનેક શાસ્ત્રો જાણનારા વિદ્વાન છે, તેમણે ન્યાયસિધ્ધાંતમુકતાવલીની કિરણાવલીટીકા, તર્કસંગ્રહ, દીપિકાકિરણાવલી ટીકા, સાંખ્યકિરણાવલી ટીકા, તત્ત્વમુક્તાકલાપકિરણાવલી, અર્થસંગ્રહ કિરણાવલી આદિ રચ્યા છે, અને બીજા ઘણા માર્મિક તાત્ત્વિક ગ્રંથો રચ્યા છે, મહા કવિશ્વર છે. ન્યાય, તર્ક આદિ ગ્રંથોમાં તેઓ શ્રેષ્ઠ કોટિના વિદ્વાન ગણાય છે, **તેમના ગ્રંથો વિદ્યાર્થીઓ અને વિદ્વાનોના પરમોપકાર માટે થએલા છે, તેઓ વિદ્વાનોમાં અને વિદ્યા પ્રાપ્તિમાં પણ મોટા છે અને એક પ્રતિભાશાળી વ્યક્તિત્ત્વ ધરાવે છે.** તેમનું સન્માન કરનારા વિદ્વાનો તથા તેમના જન્મસ્થાન કુંકાવાવના નગરજનો તથા દેશવાસીઓ તેમને અભિનંદન અર્પણ કરે છે તે તેમના માટે જ નથી કિન્તુ શારદાદેવી માટે દેશ માટે વિદ્વાનોના અને પોતાના ગૌરવ માટે પણ છે, તે સર્વેને અમારા શુભાશિર્વાદો છે. શ્રીસ્વામીજી આચાર્ય દીર્ઘજીવી હો.

- જ.ગુ. શંકરાચાર્યજી...

શ્રી૧૦૦૮ જગદ્‌ગુરૂ શંકરાચાર્યજી મહારાજ
શ્રૃંગેરીમઠ, હિમાલય.

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ભારતની મહાન વિભૂતિઓમાંના એક છે જે સેંકડો વર્ષોમાં એકાદ વખત જ જન્મ લે છે, તેઓ નિજ વિદ્યાઓ વડે જગતને સચેતન કરીને કલ્યાણપથ સજીવન કરીને વિરામ આપે છે. **વૈષ્ણવાચાર્ય જગદ્‌ગુરૂ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે જગતના તમામ આચાર્યોને સ્વકૃતિઓ વડે રાજી કરી દીધા છે.** સંતો સંસ્કૃતિના મહર્ષિઓ છે, નિજ વિજ્ઞાન સાધના વડે વિશ્વ જનતાનું કલ્યાણ કરીને બ્રહ્મમાં લીન થાય છે. શ્રીસ્વામીજીએ સરસ્વતિની સાધનામાં જીવન વ્યતિત કર્યુ છે તે તમામ આચાર્યોને માટે ગૌરવની વાત છે. ઘણું જીવો સત્ય આચાર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ, આપને અમારા અનેક અભિનંદન.

- જ.ગુ. શંકરાચાર્યજી...

અનંત શ્રીવિભૂષિત શ્રી૧૦૦૮ જગદ્‌ગુરુ શ્રીશંકરાચાર્ય શ્રીસ્વામી શાન્તાનંદ સરસ્વતીજી મહારાજ,

જ્યોતિર્મઠ બદરિકાશ્રમ, હિમાલય.

વર્તમાન સમયમાં પણ ભારતમાં ઘણાં ઘણાં ગ્રંથોના રચનારા એવા શ્રીવ્યાસજી સમાન વિદ્વાન વિરાજે છે એથી હું ખૂબ ખૂબ પ્રસન્ન થાઉં છું અને સર્વ વિશ્વાસી થઈએ છીએ કે, 'આપણી વૈદિક સંસ્કૃતિ જીવે છે, અને પ્રકાણ્ડ પાણ્ડિત્યરૂપ સૂધાના બિન્દુઓ વડે પ્રાચીન અર્વાચીન અને હવે પછીના તમામ વિદ્વાનોના સમૂહોરૂપી વિશાલ લતાઓનાં સમુદાયોને અભિષેક કરે છે.' **શ્રીકૃષ્ણને વ્હાલા એવા સર્વ પ્રિયાત્મા તથા ધન્ય વદાન્ય સત્પુરૂષ સર્વ સારી વાણીનાં પ્રશંસાપાત્ર એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહોદય પંડિત સ્વામીજી શુદ્ધ સંત મહાવિદ્વાન આપ દીર્ઘાયુષ્ય રહો,** એમ નિજની આધ્યાત્મિક વિદ્યા દ્વારા આત્મવિદ્યા ભક્તિ દ્વારા ભગવાન શ્રીબદરીપતિ નારાયણ પરબ્રહ્મને પ્રાર્થના કરીને છીએ કે, આપને અનુગૃહીત વધારે કૃપાપાત્ર તરીકે સ્વીકારે.'

તા.૯-૫-૭૬

- જ.ગુ. શંકરાચાર્યજી...

શ્રી ૧૦૦૮ શ્રી શંકરાચાર્યસ્વામીશ્રી, અભિનવસચ્ચિદાનંદ સરસ્વતીજી મહારાજ

દ્વારકા (સૌરાષ્ટ્ર).

અનેક શાસ્ત્રોના રચયિતા, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યના ન્યાયસિદ્ધાંત મુક્તાવલી, કિરણાવલી, તર્કસંગ્રહ દિપિકા-કિરણાવલી વગેરે ગ્રન્થો ન્યાયવિષયક ગ્રન્થો ન્યાયનો અભ્યાસ કરવા ઈચ્છનાર વિદ્યાર્થીઓ માટે અત્યંત ઉપકારક છે. આવા **અનેક ગ્રન્થો રચનાર તથા પ્રતિભાશાળી એવા તેઓશ્રીનું જ આ સન્માન નથી પરંતુ વિદ્યાનું પણ સન્માન છે.** સન્માન કરનારા એવા તેની જન્મભૂમિ કુંકાવાવ નિવાસીઓને હાર્દિક શુભાશીર્વાદ.

- જ.ગુ. શંકરાચાર્યજી...

શ્રી૧૦૦૮ જગદ્‌ગુરૂ શંકરાચાર્યજી મહારાજ,
જગન્નાથપુરી.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની ન્યાયકિરણાવલી, સાંખ્યકિરણાવલી અદ્વૈત વેદાંતના ટીકા-ટિપ્પણીઓ વિગેરે તો અમૂલ્ય નિધિરૂપ છે જ તેમજ **શ્રીસ્વામીજીના ભારતીય દર્શન ગ્રંથો તો ભારતીય સંસ્કૃતિ માટે દર્પણરૂપ છે.** આવા ગ્રંથ લેખક સંત સન્યાસી વૈષ્ણવને મારી વધાઈ પાઠવું છું, આપ સંસ્કૃત સંસ્કૃતિની સેવા કરો એવા મારા અભિનંદનો સાથે આશીર્વાદ છે.

- જ.ગુ. શંકરાચાર્યજી...

જગદ્‌ગુરૂ શંકરાચાર્ય,
શ્રીસ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીજી મહારાજ
જ્યોતિર્મઠ, હિમાલય, બદરિકાશ્રમ.

સમાદરણીય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સંસ્કૃત વાણીમય અવકાશમાં પુષ્પિત ફલિત ચંદ્રમણ્ડળની પેઠે વેદાંતાદિ સકલશાસ્ત્રોના સમૂહોને પ્રકાશ પમાડતા થકા વિદ્યાર્થીઓના તેમજ વિદ્વાનોના પણ માનસ દ્રવિત કરી દે છે. **આવા મહાવિદ્વાનનો અલૌકિક ધીવૈભવ તથા દાર્શનિક તત્ત્વોના નિરૂપણનું નિપુણપણું શબ્દશાસ્ત્રોમાં પ્રવેશેલું તલસ્પમિપણું, પ્રતિવાદીઓના સમૂહને પરાજીત પમાડી મહામહોપાધ્યાય ભારત ભૂષણ આદિ મહાપદવીઓ પ્રાપ્ત કરવાપણું, એ આદિ મહાપ્રતાપો, તે કયા વિદ્વાનને મોદ-પ્રમોદ ન ઉપજાવે ?** હું વિદ્વદ્વરેણ્ય એવા આ સંત વિદ્વાનની પ્રશસ્તિમાં જે કાંઇ કહું છું તે તેમનાં અપૂર્વ વૈદુષ્ય ભરેલ વિવિધ વિદ્વાનોએ તેમના ગ્રંથોમાં જોયેલ વાંચેલ પ્રકાશિત જ છે. આથી હું આશીર્વાદો વડે તેઓને સમ્માન આપી દીર્ઘાયુષ્ય ઈચ્છું છું. સંસ્કૃતવાણીના પ્રચારનું સામર્થ્ય આપું છું. આમ ઈચ્છા ધરાવતા જયોતિષ્પીઠાધીશ્વર સ્વરૂપાનંદસરસ્વતી મહારાજશ્રીના આદેશ વડે લખીને પ્રેષક...

તા. ૨૦-૭-૭૭

- શ્યામલાલ શર્મા...
પ્રાધાનાચાર્ય ધર્મસંઘ મહાવિદ્યાલય,
૭, શંકરાચાર્ય માર્ગ, દિલ્લી-૫૪.

જગદ્‌ગુરૂ શંકરાચાર્યજી મહારાજ.

ગલાવરૂ ઓફ શ્રૃંગેરી મઠ - શ્રીશ્રૃંગેરી જગદ્‌ગુરૂ મહાસંસ્થાન શારદાપીઠમ્,
શ્રૃંગેરી કંડૂર, કર્ણાટક રાજ્ય, પ્રાઇવેટ સેક્રેટરી, ટુ હીઝ હાઇનેસ, શારદાપીઠમ્. દ્વારકા.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી અભિનંદન સમિતિ વિષયમાં અમારી આદરણીય વિજ્ઞપ્તિ એ છે કે, 'ન્યાયાદિ દર્શનોમાં પરમ પ્રાવીણ્ય પામેલા વિદ્વતા તલસ્પર્શી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પોતે પંડિત મંડલીના સારા પરિચિત છે. આવા પ્રખ્યાત વિદ્વાનને અભિનંદન ગ્રંથના પ્રકાશ માટે ઘણા મહાજનો સમિતિ દ્વારા પ્રયત્ન કરી રહયા છો, એ અતિ આદરણીય છે. **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી વિરચિત ગ્રંથો લક્ષ્મીનારાયણ સંહિતા આદિક તે જગદ્‌ગુરૂ શ્રીશંકરાચાર્યજી મહારાજે જોયેલા છે, જ્ઞાનભક્તિ પ્રધાન આપના ગ્રંથમાં હજારો પ્રકાર જાણવા યોગ્ય છે.** આપ સર્વનો એવો આ મહાન સાગરસમ પ્રયત્ન ફલપ્રદ હો. એમ શ્રીશંકરાચાર્યજી મહારાજ ઈચ્છે છે.

તા. ૨૭-૫-૭૬

- ગિરિધર શાસ્ત્રી...

મહામહિમોપાધ્યાય શ્રીશુકદેવશાસ્ત્રી.

કેનાલ રોડ, કૃષ્ણનગર, કનીઉમ્, જમ્મુ.

॥ ભાવ પુષ્પાંજલિ ॥

શ્રી૧૦૦૮ ગુરૂજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજી મહારાજ સમ્માનમાં, યશમાં, વિદ્વતામાં, પૂજ્યપણામાં, ધર્મકાર્યોમાં પણ સર્વને અતિપ્રિય એવા વરતે છે.

(૧) આ પરમ પવિત્ર ત્યાગી શીલવ્રતી સંત પરિવ્રાટ્ એવા સ્વામીજીએ પોતાનું સર્વસ્વ જીવન પણ ત્યાગાશ્રમના હોમમાં હોમી દીધું છે.

(૨) દુઃખિજનોનાં વિશેષ રક્ષણમાં કરુણાગુણવાળા રક્ષક છે, તથા શરણાગતના પ્રતિપાલ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજી શ્રીશિવજી જેવાં શિબિરાજ જેવાં છે.

(૩) **આ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી એવાં શક્તિશાળી, છે 'કે કેમ જાણે મહામુનિ અગસ્ત્ય હોય જે અગસ્ત્યે અગાધ સાગર પીધો હતો, તેમ આ સંતવર્યે શાસ્ત્રોરૂપી મહાસાગર પી લીધો છે.**

(૪) શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પોતાનાં પક્ષમાં, પૂર્ણપ્રતીકારમાં સ્વયં વિશ્વામિત્ર મહર્ષિ સ્વરૂપ છે, તથા શાસ્ત્રાર્થ કરવામાં તેમણે પ્રતિવાદીઓને નિસ્તેજ કર્યા છે તેથી પ્રિયકૃષ્ણ સ્વરૂપ થયાં છે,

(૫) **જગતના વલ્લભ પ્રિય એવા સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ અલભ્યરત્નની પેઠે શાસ્ત્રીઓરૂપી સાગરનાં મધ્યમાંથી ખોળી લેવા યોગ્ય છે.**

(૬) પ્રખ્યાત વિદ્વાનોમાં અતિ પ્રખ્યાત એવાં આ પ્રિય સ્વામીજી વલ્લભ સંત તે સ્યમન્તક મણિ સ્વયં છે, તથા સુવર્ણ સમાન અને વીજલી સમાન ઉજ્જવલ મુક્તામણિ સમાન નિજ ગ્રંથો વડે ખૂબજ શોભે છે.

(૭) **શ્રી સ્વામીજી વિદ્વાનોરૂપી સૂર્યોના મંડળ મધ્યે મૂર્ધન્ય છે, ધન્ય છે. પૃથ્વીતલમાં સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વયં શિવાંશ અવતાર છે.**

(૮) આવા વિદ્વાન સંન્યાસી સંતો વડે ભારતભૂમિ જો રહિત થઈ જાય તો જાણવું કે, 'સંસ્કૃત સરસ્વતીનાં કલ્પવૃક્ષો રહિત ખારભૂમિ થઈ ગયેલી ભારતભૂમિને જાણવી.'

(૯) પોતાની લેખિની કલાવડે જેઓ ભારતીયભૂમિને શાસ્ત્રરેખાઓ વડે અંકિત કરે છે, લખે છે, આવા જન્મભૂમિ, ભારતભૂમિનાં પુત્રો તે વિરલા જ હોય છે, આમાં સંશય નથી.

(૧૦) સ્વતંત્ર એવું દૈવીપણું પણ, સર્વેમાં ધાર્યા પ્રમાણે વસતું હતું, તે કલારૂપે વ્યાપ્ત થતું હતું, પણ આ જમાનામાં તે સંસ્કૃત સંસ્કૃતિ કલાઓ અદ્રશ્ય થઈ જેથી દૈવીપણું, વિધુર-કલાશૂન્ય જ બની રહ્યું છે, એજ કષ્ટપ્રદ ગણાય.

(૧૧) ભારતીવિદ્યા અને ભારતભૂમિ વિદ્વાનોની કલાઓ રહિત થવાથી વિધવા થઈ થકી રુદન કરે છે કે, 'પાલન કરનારને પતિ કહેવાય છે તેવા વિદ્યાપાલક, કલાપાલક વિના બીજો કોણ પતિ કહેવાય? તેથી વિપતિકા થઈ ગઈ છું.

(૧૨) પણ આવા જગવિખ્યાત વિદ્વાન વડે મહાકવિ એવા જગદ્રત્ન વડે ગ્રંથોનો ખજાનો આપવા વડે તેમની થયેલી કીર્તિ ને સ્થિર કરવા માટે અમો સર્વે તેમને અભિનંદન આપીએ છીએ.

(૧૩) **હે, માનવો, તમો ઊંચા સ્વરે બોલો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જય અને શ્રધ્ધા વડે તેમને હૃદયનાં ભાવરૂપી પુષ્પાંજલી અર્પો... શાન્તિ :**

- શુકદેવ શાસ્ત્રી...

શ્રી૧૦૦૮ ગોવિંદલાલજી મહારાજ ગોસ્વામી

મોતી મહલ, નાથદ્વારા.

સંતરૂપપ્રભુએ-૪૭ગ્રંથોઆઅવતારમાંલખ્યાં. ઉપનિષદ્વેદ, વેદાંતતત્ત્વપ્રભાવલી તથા કિરણાવલીઓ, સાંખ્યયોગના ભાષ્યો તથા કિરણાવલીઓ, મીમાંસાની કિરણાવલી તથા પરિષ્કારો, તત્ત્વપદાર્થો, કાવ્યો, સંહિતાઓ, ધર્મશાસ્ત્રો, વિજ્ઞાનની ફિલોસોફીઓ વિગેરે વિગેરે લખીને નવો યુગ સ્થાપન કર્યો છે, નાસ્તિક્તા આવા દીધી નથી, ભક્તિ વધારી છે, ધર્મની પુષ્ટિ કરી છે, સેવા રીતિ પ્રવર્તાવી છે, નર-નારીઓનો ભાગવત્ ધર્મ ઉજળો સત્સંગ પ્રવર્તાવ્યો છે, આચાર્યપણું સત્ય કર્યું છે, મહાપ્રભુજીપણું જાળવી રાખ્યું છે, મૂર્તિપૂજન, ઉપાસના, વ્રતપાલન વગેરે વધાર્યું છે. **આખો ભારત દેશ ઈશ્વરના મંદિરોથી ભર્યો છે, તે તમામના હાલમાં પ્રતિનિધિ મહાચાર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પ્રગટ વિરાજે છે. આ યુગના મહાપ્રભુજી સંતરૂપે પરમાચાર્ય શ્રીકૃષ્ણ ભગવાન, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી છે.** તેમણે સરસ્વતીને લેખની બનાવી છે, લક્ષ્મીને આશિષો બનાવી છે, રાધિકાજીને વાણીની સિદ્ધિઓ બનાવી છે, રૂકમણીને સમૃદ્ધિઓ બનાવી છે, સતીને સંતતા બનાવી છે, શારદાને કવિતા બનાવી છે, બ્રહ્મને મૂર્તિ બનાવી તેમાં પરબ્રહ્મ આત્મા તરીકે રાખ્યા છે, આવા સર્વાત્મક સ્વામીજી સર્વના સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આજે કુંકુમવાપી, કુંકાવાવમાં રાષ્ટ્રીય ભવન મહામંદિરમાં બિરાજે છે તેમને અમારા અસંખ્ય અભિનંદનો છે.

- ગોવિંદલાલજી મહારાજ...

॥ શ્રી દ્વારકાધીશ વિજયતે ॥

પ્રાધ્યાપક શોભાનંદ ઝા. (વ્યા-ન્યા.વેદાંતાચાર્ય),

શ્રી દ્વારકાધીશ સંસ્કૃત વિદ્યાપીઠ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, દ્વારકા (સૌરાષ્ટ્ર)

ભારતમાં શ્રીમાન્ પંડિતપ્રવર સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામિનારાયણ સંપ્રદાયના આચાર્ય હોવા છતાં ભારતના તથા વિદેશના વિદ્વાનોએ તેમણે વિશ્વ સમુદાય માટે રચેલા ગ્રન્થોને અનુલક્ષીને તેઓનું 'અભિનવ શ્વેતાયન વ્યાસ' એવાં ઉપનામથી અભિનંદન કર્યું છે તેની સાથે હું સમ્મત છું.

તા. ૯ - ૧૨ - ૭૬

- શોભાનંદ ઝા...

શ્રીમાન પરમહંસપરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીગુરુમંડલ પીઠાધીશ્વર મહામણ્ડલેશ્વર

શ્રી ૧૦૮ શ્રીસ્વામી રામસ્વરૂપજી મહારાજ

ૐ ગુરુમંડલ આશ્રમ હરિદ્વાર.

ન્યાયના સિદ્ધાંતોમાં નિષ્ણાંત, સાંખ્યયોગાદિકમાં અમાપ પરિશ્રમી, કાશીજીમાં વિદ્યાભ્યાસ કરનારા, વાદ સંવાદોમાં ખજાનારૂપ, સદા પ્રસન્ન મુખવાળા, વિદ્વાનોમાં વિદ્વાન, નમ્રભાવવાળા ન્યાયનીતિજ્ઞ, સરસ્વતી દેવીનાં વિદ્યાસાગરમાં ઉતમોત્તમજ્ઞાની, ઉંચીમૂર્તિ અમૃતભરેલા, ચન્દ્રસ્વરુપ, સિધ્ધાંત કાર્ય ગ્રહણ કરવામાં ડહાપણવાળા, શમ-દમ નિયમવાળા, જૂનાગઢમાં વસનારા શ્રીસ્વામિનારાયણના અનુયાયી એવા **પંડિતજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ભારતમાં સૌરાષ્ટ્ર દેશમાં જન્મ-મરણ સંસારના સમગ્ર કલેશોના નાશ માટે વાસ કરનારા, ગુજરાત દેશના માણિકયરત્ન સમાન એવાં દીર્ઘસમય પ્રકાશિત હોતા રહો.**

- એમ.એમ. સ્વામી રામસ્વરૂપ વેદાંતાચાર્ય...

શ્રીમત્પરમહંસ પરિવારવ્રાજકાચાર્ય,

શ્રીસ્વામી યતિરાજ રામપ્રપન્નાચાર્ય યોગીન્દ્ર
શ્રીસ્વામી રામાનન્દપીઠાધીશ્વર ષડ્દર્શનકેસરી

શ્રૃંગપુર, પો.મુ. શેષમઠ શિંગડા, વિશ્રામ દ્વારકા, વાયા પોરબંદર.

પંડિતપ્રવર શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામી શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં, દાર્શનિકજગત્માં એક વિશિષ્ટસ્થાનને શોભવે છે, પાશ્ચાત્ય સંસ્કૃતિના સંસ્કારોમાં ડૂબવાના સ્નાનના સ્વભાવવાળા પણ આધુનિક કાળમાં અનાદિ વૈદિક સત્સિદ્ધાન્ત વિશિષ્ટાદ્વૈત સંરક્ષણ ચતુર અનેક ગ્રંથરચનામાં તત્પર વર્તે છે એ મહાપ્રમોદ વિષય છે. અખિલબ્રહ્માંડનાયક શ્રીરામચન્દ્ર આ વિદ્વાન સંતને દીર્ઘાયુ તથા સદ્ધર્મ રક્ષણ સામર્થ્ય વધારે અર્પો એમ ઈચ્છુ છું.

- આચાર્ય યોગિરાજ...

શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય, શ્રોત્રિયલ - બ્રહ્મનિષ્ઠ,

શ્રીમાન ૧૦૮ શ્રીસ્વામી ભાગવતાનન્દજી મહારાજ મહામંડલેશ્વર

કાવ્ય-સાંખ્ય-યોગ-ન્યાય-વેદાંત- વેદાદિતીર્થ, વેદાંતવાગીશ, મીમાંસાભૂષણ, વેદરત્ન, દર્શનાચાર્ય, ભારતીય વિદ્યાભવન, કનખલ, હરિદ્વાર, જિલ્લા સહારનપુર, તથા કાશીદેવીની પાસે મઠ-૬૨/૧૪૫, સપ્ત સાગર, વારાણસી, તથા મણકીવાળા સંન્યાસ આશ્રમ, ગોમતીપુર, અહમદાવાદ ૨૧. સમ્મતિપત્ર.

શ્રીમાન વૈષ્ણવવિદ્વત્વસાર્વભૌમ, દાર્શનિકપંચાનન, ષડ્દર્શનાચાર્ય, નવ્યન્યાયાચાર્ય, સાંખ્યયોગ, વેદાંત મીમાંસાતીર્થ, કાવ્યકુશલ, આદિ ઉપાધિ વિભૂષિત શ્રીમાન પંડિતવર્ય સ્વામી **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ભારતીય વિદ્વાનોમાં ઉચ્ચકોટિનાં પ્રતિભાશાલી મહાવિદ્વાન છે. આપે અનેક ઉચ્ચ કોટિના ગ્રંથો ઉપર ભાષ્ય ટીકા ટિપ્પણીઓ લખી છે. આપે રચેલા તથા વ્યાખ્યાત ગ્રંથોનાં વિદ્વત્સમાજમાં પઠન પાઠન પ્રચલિત છે. સાથે પ્રશંસનીય આપશ્રીની રચનાઓ દ્વારા સંસ્કૃત સાહિત્યની અપૂર્વ સમૃદ્ધિ વધારી છે,** અને લક્ષ્મીનારાયણ સંહિતા નામનો અપૂર્વ મહાગ્રંથરત્ન પ્રકાશિત કરીને અપૂર્વ સંસ્કૃત સાહિત્યની ઐતિહાસિક સમ્પતિ સંસ્કૃત સાહિત્યમાં વધારી છે, આપની રચના ઉપર સરસ્વતી નૃત્ય કરે છે, આપ કુદરતી સર્વજ્ઞ જણાઓ છો. આ આપના ગ્રંથો દ્વારા નક્કી પ્રમીત થાય છે, અમો શ્રીનારાયણ પાસે આવી પ્રાર્થના કરીએ છીએ કે, 'આપના અભિનંદન સારી રીતે થાઓ, આપ દીર્ઘાયુ હો અને હજુ પણ અનેક ગ્રંથ રચના દ્વારા સરસ્વતી ભંડારને વિશાલ કરતા રહો.'

- સ્વામી ભાગવતાનન્દજી...

૧૦૮ સ્વામી શ્રીબ્રહ્માનંદજી મહારાજ મહામંડલેશ્વર, વેદાન્તાચાર્ય,

અધ્યક્ષ શ્રીમત્પરમહંસ. (પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ),
વિલેપાર્લા, મુંબઇ.

ભારતીયસંસ્કૃતિઅનેદર્શનવિદ્યાઓઆદિકનાધુરંધરવિદ્વાન**શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે સંસ્કૃત સાહિત્ય તથા સંસ્થાઓની સેવા કરી છે તેને માટે વિદ્વત્સમાજ તથા ભક્તજનો સદા તેમના ઋણી રહેશે.** મારા હાર્દિક આપશ્રીને અભિનંદન. આપને લઇને ચતુર્થાશ્રમીઓ આજ ઉજળા છે.

- સ્વામી બ્રહ્માનંદજી મહારાજ...

હીઝ હાઇનેસ રેવરેન્ડ એમ.એ., દર્શનવેદન્યા આચાર્ય, મહામંડલેશ્વર,

શ્રી૧૦૮ શ્રીસ્વામી મહેશ્વરાનન્દપુરીજી મહારાજ

સંન્યાસ આશ્રમ, સંન્યાસ રોડ, કનખલ હરિદ્વાર તથા વેદાંત કુટીર, વિપુર, ૧૭૩, ગરોડીયાનગર, ઘાટકોપર, બોમ્બે ૪૦૦ ૦૭૭.

વાસ્તવિક તો એ છે કે મહાવિદ્વાન, કોઈપણ દેશ કોમ જાતિ સંપ્રદાયના સીમાડાઓમાં બંધાતા નથી, એમની દષ્ટિ સર્વાંગણ વ્યાપ્ત હોય છે, તો પણ તેઓ અસીમ જ્ઞાન વિજ્ઞાનને દેશકાળ પ્રમાણેની આવશ્યકતાઓની સાથે સમન્વિત કરીને ઉપયુકત પ્રસારિત કરે છે. આજ રાષ્ટ્રને એવા સમન્વયની અને એકતાની આવશ્યકતા છે, બધા ધર્મોના અને બધા દર્શનોના તમામવાદોના, સાચા પરમ સત્યને દષ્ટિમાં રાખીને નાની નાની વિભિન્નતાઓને ગૌણ કરીને સમન્વય સ્થાપિત કરવાની આજ પરમાવશ્યકતા છે. આવા સત્યને અત્યંત સરળ ભાષામાં જનતા સામે સ્થાપિત કરવું, એ મારી હાર્દિક ઈચ્છા છે. **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના ગ્રંથોથી જ એમની મહા વિદ્વતા અને સરળ સુબોધ શૈલીનો હું પરિચિત છું, તથા પ્રભાવિત થયો છું, વિશ્વાસ છે કે શ્રીસ્વામીજી થકી જનતાને ઉચિત અભ્યુદય લોકહિતમાર્ગ મળ્યા કરશે.** હું પંડિતાચાર્ય, મહાચાર્ય, ધર્માચાર્ય, સન્યાસાચાર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું હૃદયથી અભિનંદન કરું છું. આ પરમસંતવર્યની દીર્ઘાયુની કામના સમર્પિને વિરમું છું.

-સ્વામી મહેશ્વરાનન્દજી...

મહામંડલેશ્વર સ્વામી ગણેશાનંદજી મહારાજ,

હરિદ્વાર.

ભારતમાં સન્યાસ તે બ્રહ્મસ્થિતિમય છે, વિદ્યાને બ્રહ્મસ્થિતિમાં ઉતારવી તે મહાન સંયમી સંતોનું કામ છે, ભારતના મહાન વિદ્વાન સંત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ સંસ્કૃત બ્રહ્મવિદ્યા આપને અર્પીને બ્રહ્મમય બનાવ્યાં છે. એવા સંસ્કૃતના વિખ્યાત તેજસ્વી પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને અભિનંદન અસંખ્યવાર અર્પણ કરૂં છું. **ભારતમાં સંસ્કૃત સન્યાસીઓમાં આ દાખલો છે. આવા સંન્યાસીઓ જગતને દર્શન માત્ર વડે કલ્યાણ આપનારા થશે, મોક્ષ આપનારા થશે.** અમારા આવાં અપરોક્ષાનુભુતિ સ્વરૂપ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને અભિનંદન સાથે ઓમ્ બ્રહ્મસ્મરણો અર્પણ.

- મહામંડલેશ્વર સ્વામી ગણેશાનંદજી મહારાજ...

શ્રી૧૦૮ મહામંડલેશ્વર સ્વામી પૂર્ણાનન્દગિરિજી મહારાજ

શ્રીકૃષ્ણ નિવાસ આશ્રમ, કનખલ હરિદ્વાર, જીલ્લા સહારનપુર, ઉત્તરપ્રદેશ.

॥ ભારતનાં યુગીય મહાઋષિ સંતની પ્રશસ્તિ અભિનંદનમાં બે શબ્દ ॥

ભારતભૂમિ શ્રીરામ, શ્રીકૃષ્ણની જનની છે, આનાં ખોળામાં ગૌતમ, કણાદ, પતંજલિ, જૈમિનિ, કપિલ આદિ ઋષિઓએ જ્ઞાન ગંગાઓના પ્રવાહો ચલાવ્યા છે, આ પાવન ભૂમિ ઉપર શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસજી અવતર્યા છે, જેમણે છિન્નભિન્ન થયેલા વિજ્ઞાનોનું સંકલન કર્યું, વેદોનો વિકાસ કર્યો. પુરાણ, મહાભારત, વેદાંત, દર્શન આદિ ગ્રંથોની રચના કરી. **ઈશ્વરની શક્તિ કોઈ ને કોઈ સ્વરૂપમાં અવતરિત થાય છે, આજ શ્રીસ્વામીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના સ્વરૂપમાં તે પરમેશ્વરીય શક્તિનું પ્રત્યક્ષ દર્શન થાય છે. જેઓએ પોતાની દૈવિક શક્તિનું પ્રદર્શન અનેક ગ્રંથોના સંકલનમાં કરાવ્યું છે, જે વિશ્વભરમાં અભૂતપૂર્વ શક્તિ છે. મહાભારતના સમકક્ષથી અધિકક્ષાવાળો ગ્રંથ રચવો તે સાધારણ માનવીય શક્તિનું કામ નથી તે તો પરમેશ્વરીય શક્તિ છે.** વિદ્યાલયનું સ્વરૂપ વિદ્વાન, તેનું સ્વરૂપ વિદ્યાલય છે, શિક્ષાપ્રણાલી માનવપ્રણાલીનું નિર્માણ કરે છે. પ્રાચીન ભારતમાં ધર્મ સ્વાતંત્ર્ય અને શિક્ષાસ્વાતન્ત્રય તથા બીજા સ્વાતંત્ર્યો પણ હતા, ભારતના ઋષિઓ એકાંત સેવી, નિર્લોભી તપ સ્વાધ્યાય પરાયણ, સાંસારિક સુખોને તિલાંજલિ દેનારા, આધ્યાત્મિક જીવન તથા સત્કર્મ પરાયણ યોગી માનસ શિક્ષણમાં પ્રેમી રહેતા હતા. યોગાભ્યાસી રહેવાથી તેમના અન્તઃકરણો દેવ લોકો સાથે સંબંધવાળા હતા. દૈવી દેવર્ષિઓની પ્રેરણાઓ વડે સદા લોકકલ્યાણ શાસ્ત્રરચના વિદ્યાધ્યયન કરતા થકા ઋષિઓ મર્ત્ય લોકને ધન્યતાપાત્ર બનાવતા હતા. વિદ્યા પ્રચાર અને લોક શિક્ષા એ તેમના જીવનમાં લક્ષ્ય હતા, આ પ્રકારે વર્તમાન યુગમાં પણ દેવર્ષિ નારદજી 'નાર જ્ઞાનં દદાતિ' તે નારદ ભગવદ્ભક્ત છે. **શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના રૂપમાં શ્રીનારદજી અંશાવતાર ભારતમાં અવતરિત થયા છે. તેમણે વૈદિક સાહિત્યના આધારે ભારતને જ્ઞાન-વિજ્ઞાનની અતુલ્ય સંપતિ આપી છે, જેને વિશ્વના માનવ ઋષિમુનિઓ આ સ્વામીજીની જ્ઞાન વિજ્ઞાન સંપત્તિને થાપણ તરીકે સુરક્ષિત સાચવશે.**

અહીંના માનવોએ શ્રીકણકાદિ મહર્ષિના જ્ઞાન ધર્મ રક્ષણનું અનુસરણ કર્યુ છે, જેનાથી અભ્યુદય અને મોક્ષની સિદ્ધિ થાય તે ધર્મ કહેવાય. પૂજયપાદ મહર્ષિઓનો આ સિદ્ધાંત હતો, અજ્ઞાન તે માણસની અવિદ્યા માતા છે, અને જ્ઞાન તે વિદ્યા માતા છે. અવિદ્યાને જેટલી દૂર કરીએ તેટલી વિદ્યા માતાની જ્યોતિ વિકસીત થાય છે, વિદ્યા લાભમાં ધ્યેય પણ અભ્યુદય અને નિઃશ્રેયસ બંને હતા. પ્રાચીનોનાં પણ એક જ અનુસંધાન હતા 'અહં' ની પ્રતીતિ જેને લીધે થયા કરે છે. એની આલોચના ચિંતનશીલ વ્યક્તિઓ કરતા

હતા, જે તપસ્વી, યોગી હતા, તે યોગ બળ વડે ઈન્દ્રિય અંતઃકરણની ઉત્કૃષ્ટતા સાધીને લૌકિક, અલૌકીક પ્રત્યક્ષ મેળવતા હતા. દોષ, આવરણ, કલુષિતતા, મલીન સંસ્કાર આદિ નિર્મલ દર્શન થવા દેતા નથી, માટે પૂર્વ મહર્ષિઓ નૈતિક શુધ્ધ જીવન, સમાધિના અભ્યાસ, સંયમઆદિને આવશ્યક મેળવતા હતા. આવી રીતે **વર્તમાન શ્વેતાયન મહર્ષિ સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ મહાવિદ્વાન સંતે પોતાની દિવ્ય શક્તિ દ્વારા અભ્યુદય અને નિઃશ્રેયસની સ્થિતિ મેળવી છે, તેમના અભિનંદન દ્વારા તેમની પ્રશંસા કઈ લખવી ? એ મૂર્તિ તો અપ્રતિમ છે, તેમની પ્રશંસા તો ભારતી ક્ષિતી જનતા તેમના વિજ્ઞાનનો અભ્યાસ કરી સુરક્ષિત રાખે એમાં છે, અને શ્રીશાસ્ત્રીજી મહારાજીની પેઠે જીવન પણ સતી સરસ્વતીજીની સેવામાં રાખે અને બ્રહ્મમાં તદાકાર થાય એમાં છે.**

- સ્વામી પૂર્ણાનન્દજી કનખલ...

રાજા રામચન્દ્રાચાર્યજી ભંડારી

રણછોડરાય મંદિર, વેદાન્ત મીમાંસા શાસ્ત્રી, ડાકોર.

આ ભારત વિદ્વાન મહર્ષિઓની ખાણ છે, તેમાં વિદ્વાનો સમય સમય પ્રમાણે પ્રગટે છે, કાશીજીમાં ઓપાય છે, દેશોમાં પંકાય છે અને જનતાને કાંઈક નવીન આવિષ્કાર આપે છે. **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ ભારતને કિરણાવલીઓ, તત્ત્વપ્રભાવલીઓ, કિરણો, ભાષ્યો, વેદાંતો, સંહિતાઓ, કાવ્યો, ટીકાઓ આદિ આદિ જે આપ્યાં છે, તે યુગો યુગો સુધી ગીતાની જેમ વિદ્વાનો માટે ઉપયોગી રહેશે.** પંચતત્ત્વ નિર્ણય, ગુણાતીતબ્રહ્મોપનિષત્, ખ્યાતિવિમર્શ, સત્સંગભાષ્ય, બ્રહ્મરસાયન ભાષ્ય, ઈત્યાદિકતો વિદ્વાનોમાં વસીને વિદ્વત્પરંપરાઓ ઉપજાવ્યા કરશે. આપમાં કવિત્વ, તાર્કિત્વ, પરિષ્કારિત્વ, જટિલ પદાર્થ ઉન્મેષિત્વ, આદિ સામર્થ્યો જોવામાં આવ્યા છે. મેં જૂનાગઢ મંદિરની પાઠશાળામાં રહી આપનો સાક્ષાત્નુભવ કર્યો છે, **આપને સમદૃષ્ટિ છે, સર્વ સિદ્ધાન્તો ઉપર તેની રીતિને અનુસારે વ્યાપક ભાવના છે, ભણાવતી વખતે ગ્રંથ સિદ્ધાંત રૂપ થઈને ભણાવો છો, આ વિશેષતા ઈશ્વરમાજ હોઈ શકે.** આપને અમારા અનેક અભિનંદન અર્પીએ છીએ.

- રાજા રામચન્દ્રાચાર્યજી ભંડારી...

સ્વામી મીનાક્ષી ભાસ્કરાચાર્ય,

ચિદંબરમ્.

ન્યાયશાસ્ત્ર ગૌતમઋષિએ ભારતને આપ્યું, ભારતના વિદ્વાનો ન્યાયિકો તાર્કિકો તે શાસ્ત્રના આધારે મહાવિદ્વાનો થવા લાગ્યા, તે શાસ્ત્રને વાત્સ્યાયન્ તથા કાણાદ સૂત્રોના ભાષ્યકારોએ પણ વિકસીત કર્યુ, તેના ક્રમબદ્ધ અભ્યાસ માટે તેને આધારે ન્યાયલીલાવતી, ન્યાયસિદ્ધાંત મુક્તાવલી, તત્ત્વચિંતામણી, આદિ ગ્રંથો રચાયાં. આ નવ્યન્યાય તરીકે પરિષ્કૃત ન્યાયશાસ્ત્ર જાહેર થયું, તત્ત્વચિંતામણિમાં આવિષ્કાર યુક્તિઓ ઉપર મથુરાનાથ ગદાધર બચ્ચાઝા વામાચરણભટ્ટાચાર્ય આદિ અનેક વિદ્વાનોએ નવ્ય ન્યાય વિસ્તાર્યો. તેનો અભ્યાસ કૉલેજોમાં કાશી વિશ્વવિદ્યાલયોમાં પૃથક સુરક્ષિત કરાયો, તેમાંજ મહાન વિદ્વાન નિષ્પન્ન થવા લાગ્યાં, તેમાં શ્રીસ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ તનતોડ અભ્યાસ કર્યો, નવ્યન્યાય પ્રાચીન ન્યાય તર્કશાસ્ત્ર વિગેરેના પ્રકાંડ પંડિત થયાં, જેમને ન્યાય સરસ્વતી મુખજિહ્વા પર છે. આવા નવ્યન્યાયના પ્રકાંડ પંડિતે સાંખ્ય, યોગ, વેદાંત, મીમાંસા, સાહિત્ય આદિ તમામ અભ્યાસો કર્યા, તેમણે ભારતીય જનતાને માટે નવ્યન્યાય કિરણાવલી ટીકાઓ સર્વમૂર્ધન્ય લખી, જે વર્તમાન યુગમાં સંસ્કૃત શિક્ષણમાં અતીવ ઉપયોગિની થઇ પડી છે, પંડિત અને વિદ્યાર્થી બંને માટે ઉપયોગી છે. **શ્રીસ્વામીજી મહારાજ ગૌતમાવતાર મહાપવિત્ર વિભૂતિ છે, તેમણે નવ્યન્યાયનો એક મહાગ્રંથ તત્ત્વચિંતામણી સમકોટિનો લખ્યો છે, જે વિશિષ્ટં ન્યાયશાસ્ત્રં તત્ત્વપ્રભાવલી નામ રાખેલ છે. ભવિષ્ય માટે ન્યાયશાસ્ત્રના સ્વરૂપને શ્રીસ્વામીજીએ આવા ગ્રંથો વડે ભારતીય વિદ્યાને દીર્ઘજીવન આપ્યું છે,** આવા સ્વામીજીને શાસ્ત્રોના અધિકારી વિદ્વાનને મહા સમ્માન સાથે આપણે ઘણાં અભિનંદન આપી રહ્યાં છીએ. સંત અને વિદ્વાન વૈષ્ણવધર્મી કોના પૂજનીય ન હો ! મારા આપને અપાર અભિનંદન છે.

- સ્વામી મીનાક્ષી ભાસ્કરાચાર્ય, ચિદંબરમ્...

સ્વામી ચિદાનંદપુરી

શ્રીરામકૃષ્ણો શાન્તિકુંજ, તૈપુર ગ્રામ, જિલ્લો બાંકુરા, બંગાલ.

આપ મહાગુજરાતના સૌરાષ્ટ્રમાં એક મહાપ્રભુજી પ્રગટ્યા છો, જરૂર પરમેશ્વર છો, એમ આપના સંસ્કૃત ગ્રંથોથી મહર્ષિ પૂજય છો, એવા કીર્તિમાન માલુમ પડો છો. **આપના અનેક વૈદિક સાહિત્ય માટે અભિનંદન સમર્પુ છું, આપ જગતભરના મોટામાં મોટા વિદ્વાન સંત ત્યાગી આચાર્ય જગદ્‌ગુરૂને વારંવાર પ્રણામ કરું છું.** પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ વૈષ્ણવાગ્રણ્ય મહાપ્રભુજીને વારંવાર અભિનંદન સમર્પુ છું.

-સ્વામી ચિદાનંદપુરી...

પ્રણવાનન્દજી મહારાજ કાશીજી

ટેટીનીમ.

બ્રહ્મમાં એકાગ્રતાઓના અભ્યાસી સન્તજનો પ્રતિભાજ્ઞાનમય મૂર્તિ થઈ જાય છે, સમ્પ્રજ્ઞાત તો તેમને સહેલી છે, અસમ્પ્રજ્ઞાતમાં વર્તતા હોય ત્યારે સૃષ્ટિ ત્રિકાલની પ્રત્યક્ષદર્શી હોય છે, બ્રહ્મચક્ષુ વડે બધું દેખે છે, અન્તર્યામી ચક્ષુ વડે તેમને બધું ભાસે છે, તેવી સ્થિતિવાળા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને સર્વથા સર્વ વિષય પ્રત્યક્ષ દ્રશ્ય હોવાથી તમામ શાસ્ત્રોનાં સૂક્ષ્મતત્ત્વોને લખીને પ્રજાજનને આપે છે, પરમ કારૂણિકમુનિવર્ય શ્રીસ્વામીજી મહારાજે તત્ત્વ ચિંતનદાસ સંસ્કૃતિનું અમૃતપાન કરાવ્યું છે, સંસ્કૃતના પ્રચંડ પંડિત ભારતીય દર્શનોના મહાનચિંતક શ્રીસ્વામીજીને અભિનંદન સમર્પણ મહાઆનંદનો વિષય છે, તેઓશ્રી જ્ઞાનવિજ્ઞાનનાં મહાસાગર છે. એમની કૃતિઓ નાઈલ, ગંગા અને બ્રહ્મપુત્રા જેવી સાગરાન્ત, વ્યોમાન્ત, બ્રહ્મમાણ્ડાન્ત પહોંચનારી છે. **સ્વામીજી મહારાજ ભારતીય સંસ્કૃતિના રાષ્ટ્રમણિ છે, વિશ્વવિખ્યાત સંસ્કૃતના મહાન વિદ્વાન છે, નવીન સંશોધક છે, આધુનિકયુગના વેદવ્યાસ છે, સંસ્કૃત સાહિત્યના ધન્વંતરિ છે, આયુર્વેદનું કાર્ય ધન્વંતરિ પ્રભુએ કર્યુ તેમ સંસ્કૃત સાહિત્યનું વિશાલકાર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ કર્યું તેથી ભારત સર્વોતમતા પામે છે,** તેથી આપને અભિનંદન કરું છું.

- પ્રણવાનન્દજી મહારાજ કાશીજી...

સ્વામી અભેદાનંદજી

મુંબઈ

ભારતમાં સન્યાસી સંતોએ જેટલા ગ્રંથો સંસ્કૃત તત્ત્વોનાં લખ્યાં તેટલા ભાગ્યેજ બીજા લખી શકયાં હશે. વિતરાગી સંતો, આચાર્યો, ભક્તો, સતત સંયમીઓ નિજ સમય તત્ત્વ વિચારમાં આપે છે. તેઓ ભિક્ષા ભોજનથી જ તૃપ્ત હોય છે, બ્રહ્મચિંતનમાં મગ્ન હોય છે, મોક્ષસાધન ભક્તિજ્ઞાનમાં ગરકાવ રહે છે, નવા અર્થો તેમને ભાસે છે. **સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી જેવા વિતરાગી તપસ્વી સંતે ભારતનું સન્માન વધાર્યું છે, ભારતીય વિદ્વાનોના ગ્રંથોને આધારે ભૌતિક વિકાસ વધ્યો, પણ આત્મજ્ઞાનીય વિકાસ તેથી વધારે વધ્યો છે. આવા વિતરાગી તપસ્વી સંતનું જેટલુ સન્માન કરવામાં આવે તે ઓછું જ છે,** એમને મારા બ્રહ્મસંબંધ સાથે અભિનંદનમ્.

- સ્વામી અભેદાનંદજી...

શ્રીસ્વામી રઘુનાથગિરિજી મહારાજ

વેદાંત આયુર્વેદ સાંખ્ય યોગાચાર્ય, શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય, શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ, ભૂપતવાળા કલા, મોતીચૂરકે પાસ, હરિદ્વાર (ઉત્તર પ્રદેશ).

ઘણાં વર્ષો પહેલા વારાણસીમાં રહેતા સુપ્રસિધ્ધ વિદ્વાન શ્રીવામાચરણ ભટ્ટાચાર્યજીથી પરિચય મેળવતાં જે સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું અદ્‌ભુત વૈદુષ્ય જોઈને હું પ્રભાવિત થયો હતો, તે સમયમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની ન્યાયમુકતાવલી સાંખ્યકારિકા આદિકની ટીકાઓ જોઈ, ત્યારથી વધારે પરિચય થતો ગયો, એમની લોકોત્તેર પ્રતિભા સંસ્કૃત વાંડન્મયના ગૌરવને વધારનારી છે, માટે જ **સ્વામીશ્રી ભારતની અનુપમ વિભુતિ અને સરસ્વતીના વરદાનપાત્ર સુપુત્ર છે જ, તેઓ અનંતકાળ સુધી જનસમાજનું સ્વકૃતિઓ દ્વારા કલ્યાણ કરતા રહેશે,** એવી અભિનંદન સાથે અમારી શુભ હાર્દિક શુભેચ્છા છે.

તા. ૧૨- ૭-૭૬

- ભવદીય સ્વામી રઘુનાથ ગિરિ...

સ્વામી કૈવલ્યાનન્દસરસ્વતી

ઠે. સુખગિરી બંગલા, કનખલ. (ઉત્તર પ્રદેશ).

આ વૃતાંન્ત જાણીને અત્યંત હર્ષ અનુભૂત થાય છે જે- અનેક સંસ્કૃત હિન્દી અને ગુજરાતી ગ્રંથોના રચયિતા પ્રકૃષ્ટ તેજસ્વી મહામાન્ય પંડિતવર્ય અનંતશ્રીવિભૂષિત **શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયાચાર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ધર્મધુરંધર જ્ઞાનવિજ્ઞાનસાગર એવા મહાવિદ્વાનના અમોઘ પાંડિત્યને જોઈને તેઓશ્રીને વિશ્વભરના વિશિષ્ટ વિદ્વાનો અભિનંદન કરે છે, અને તે ભારત માટે તથા સાધુ સમાજ માટે તો ખાસ કરીને બહુ જ ગૌરવની વાત છે,** હું પણ આવા વિદ્વાન ત્યાગી આચાર્યશ્રીજીનું હાર્દિક પ્રેમભર્યુ અભિનંદન સમ્માન કરું છું, તથા આપના સુયશ સત્કીર્તિ આદિ અનંતશ્રીની અભિવૃદ્ધિ માટે સર્વાન્તરમાં પ્રભુથી શુભ કામના કરું છું, આપના શુભાભિલાષી.

- સ્વામી કૈવલ્યાનન્દ સરસ્વતી...

વિદ્વદ્વિધેય સ્વામી મીનાક્ષી ભાસ્કરાચાર્ય,

ચિદમ્બરમ્

ભારતીય યુનિવર્સિટીઓમાં ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ગ્રંથોના પઠન, પાઠન ચાલુ છે, તે ગૌરવનો વિષય છે, ભણાવનારા અધ્યાપકો પણ આપ ભગવાનના ન્યાય વૈશેષિક તર્ક, સાંખ્ય, યોગ, વેદાંત, સાહિત્ય દર્શનોના ગ્રંથોને અવલંબીને ભાષ્ય ટીકાઓને આધારે ભણાવે છે, તેમાંથી નવું શીખી લ્યે છે, અને ગ્રંથો તથા ગ્રંથકારની પૂરી પ્રશંસા કરવામાં થાકતા નથી, કોલંબાના ત્યાગી સ્વામીજીએ તો ભારતમાં ગૌતમવતાર વિદ્યમાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને કહ્યાં છે. આપ ભારતીય ગૌતમ કણાદ કપિલ પતંજલિ જૈમિની વ્યાસ એવા શ્રીશ્વેતાયનવ્યાસજીને અમારા અનેક પ્રકારના અભિનંદન છે.

- સ્વામી મીનાક્ષી ભાસ્કરાચાર્ય...

સ્વામી પ્રણવાનંદજી

તર્કવેદાંત તીર્થ,

ધર્મારણ્યમ્.

સદ્‌ગુરૂ સંતમૂર્તિ સન્યાસમગ્ન બ્રહ્મપરાયણ શબ્દબ્રહ્મ આત્મબ્રહ્મ પરબ્રહ્મસ્વરૂપ સ્વયં **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે જયાં કૃષ્ણમૃગના દર્શન થાય તેવા આર્યાવર્તમાં પ્રગટ થઈ, સુરાષ્ટ્રને સૌરાષ્ટ્ર બનાવ્યો છે, ભગવાનની હાજરીવાળો ચાલુ રાખ્યો છે, તેઓશ્રી વેદાંતોની બ્રહ્મમૂર્તિ છે, વેદાસાક્ષાત્દર્શી છે, મહાન દેવર્ષિ છે, વેદ વેદાંતાચાર્ય પ્રત્યક્ષદર્શી છે, વૈદિક પ્રક્રિયાના સત્ય તમામ ગુણાશ્રિત ગુણાશ્રય અભિન્ન બ્રહ્મ પ્રણવબ્રહ્મ પોતે જ છે.** સર્વસાકાર મૂર્તિઓમાં પણ વેદામૂર્તિ, નારાયણમૂર્તિ, શંકરમૂર્તિ, વિષ્ણુમૂર્તિ, સારસ્વતમૂર્તિ, વિજ્ઞાનનિત્યમૂર્તિ, સત્યમ્ જ્ઞાનમ્ અનંતમ્ બ્રહ્મ મૂર્તિ છે. આપને માનવ સ્વરૂપમાં અનેક અભિનંદન છે, જે સંસારને સ્વપ્ન સૃષ્ટિમાં સંભાળતા આવો છો તે આપ છો, આપના ચરણોમાં આતુર.

- સ્વામી પ્રણવાનંદજી...

યોગીરાજ ભગવત્પ્રતન્નાચાર્ય.

કાવ્યપુરાણતીર્થ,
(શીમલા, હિમગીરી).

પૂજય આચાર્યજીની દીર્ઘદૃષ્ટિ સાત્ત્વિકજીવન સત્વપ્રકાશ જ્ઞાન ચૈતન્ય પ્રકાશ સાક્ષિતા, પરમપુરૂષાચાર્યમાં સર્વપુરૂષાર્થ સિધ્ધિમતાં, મહાસમર્થ વ્યક્તિ, તત્ત્વવાળી સાધુતા, નૈષ્ઠિકવર્ય બ્રહ્મચારિતા, યમનિયમ સંયમિત તીર્થ પવિત્રતા, દાસભક્તિમતા, ગહન તાર્કિકતા, તત્ત્વપદાર્થગ્રાહિતા, સર્વ પ્રત્યક્ષદર્શિતા, નેત્રોને મીંચી કાલાંતરીય, દેશાંતરીણ તત્ત્વવૃતાંત દર્શિતા, જીવનમાં સદા નિરોગિતા, શિવવત્ત ધ્યાનિતા, યોગીવત ચિરંજીવિતા, સંતવત સમતા આવા સદ્‌ગુણો પરમપુરૂષ પરબ્રહ્મના ગુણો જોઈને એક બ્રહ્મસાક્ષિતા સાબિત થઈ ચૂકી છે. **આપનું અભિનંદન એટલે ભગવાનના અવતારનું એક મૂળ સ્વરૂપનું અભિનંદન છે, તમે તે અવતારી પુરૂષ વિશ્વમાં પ્રગટ થયા છો,** આપને ઘણાં ધ્યાન, માન, સન્માન સાથે અમારા અભિનંદન અર્પણ છે.

- યોગીરાજ ભગવત્પ્રપન્નાચાર્ય...

સ્વામી હરિસિંહજી.

નવ્ય ન્યાયતર્કા, દિવાચસ્પતિ,
પંજાબ.

પંડીતજી સંત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ન્યાયાચાર્યે પોતાના ગ્રંથો 'ન્યાય વેદ મીમાંસા વેદાંત કાવ્ય વ્યાકરણ સંહિતા સાંખ્ય યોગ આદિક આદિક ઉપર લખ્યા છે' તે વિદ્વન્મંડળ માટે ઘણી ઉપકારક સેવા કરી છે. આપ કાશીમાં ખૂબ રહ્યાં છો, તમામ શાસ્ત્રો ભણીને પ્રથમ શ્રેણીના પ્રથમાંકમાં ગણત્રી પડે તેવી વિદ્વતા સ્થિતિ મેળવી છે. **આપ સંસ્કૃત વ્યાખ્યાનોમાં ઘણાં યશસ્વી ગણાયા છો. આપના તાર્કિક રીતિના પદાર્થ સિધ્ધિઓના શાસ્ત્ર લેખન અંગો ઉચ્ચકોટિના છે. આપે સંસ્કૃત દ્વારા વિશ્વની વિશાળ સેવા કરી છે,** તે બદલ આપને ઘણાં અભિનંદન છે.

- સ્વામી હરિસિંહજી...

સ્વામી હંસપ્રકાશ, વેદાંતાચાર્ય, (એમ.એ.)
તદવતી આચાર્ય સ્વામી ગોવિંદ પ્રકાશજી મહારાજ, (વેદાંતાચાર્ય)

પરમાધ્યક્ષ, રામતીર્થ મિશન, દેહરાદુન.

॥ શુભ કામના ॥

ભારતીય સંસ્કૃતિના વિકાસમાં ગુર્જર મહાપ્રાંતનું વિશિષ્ટ યોગદાન થતું જ રહ્યું છે. ભારતની સંસ્કૃતિના અમર ઉદ્‌ઘોષક શ્રીકૃષ્ણ ભગવાને સ્થાયીવાસ દ્વારિકામાં કર્યો હતો. તેમના સિદ્ધાંતોના પ્રચાર માટે અયોધ્યા પ્રાંતના છપૈયા ગામના ભગવાન શ્રીસ્વામિનારાયણે પણ ગુજરાત સૌરાષ્ટ્રમાં નિજ સ્થાયી વાસ કરેલ છે, તે સ્વામીશ્રીની પરંપરામાં **સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી એક અધિકાધિક મહાપુરૂષ છે. પરમગુરૂ કૃપાવડે દિવ્ય દ્રષ્ટિવાળા આ પરમપુરૂષે સૌરાષ્ટ્રને પોતાના પ્રાગટય વડે સુશોભિત કરી ભારતવર્ષના ઈતિહાસમાં એક કડી વધારે જોડી દીધી છે. વિદ્વતા અને નમ્રતાને રાત્રિ દિવસ જેટલું અંતર હોય છે પરંતુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમાં વિદ્વતા અને નમ્રતા બન્ને સાથે વસેલી છે.** ભારતીય સંસ્કૃતિમાં જીવનને સુગંધિત તો સચ્ચરિત્ર કરે છે, શ્રીસંતના લક્ષણ સચ્ચરિત્ર છે. વાલ્મિકી રામાયણમાં કહ્યું છે, સંત સત્ ચારિત્રના જ ભૂષણવાળા છે. આવા સદ્‌ગુણો પ્રાપ્ત કરી આચાર્યશ્રીએ પોતામાં રાખીને તેને જીવનમાં સીમિત નથી રાખ્યા, કિન્તુ તેમણે શાસ્ત્ર સાહિત્ય જનતાને આપીને તે ગુણો લુંટાવી પણ દીધાં અને અસીમ પણ રાખ્યાં છે. એવા સર્વભૂતોના હિતમાં પ્રીતિમાન મહાપુરૂષ પોતાના જીવન સમયમાં જ અવશ્ય અભિનંદનને પાત્ર છે, સૂર્યને માટે સૂર્યને અર્ઘ્ય નથી પણ દેનારના કલ્યાણ માટે છે તો આવા અભિનંદન અર્પણ પણ અર્પકોને માટે થાય છે. હું પરમ પિતા ભગવાનના ચરણોમાં પ્રાર્થના કરું છું, 'જે આચાર્યશ્રીને શરીર સ્વાસ્થ્ય આપો તથા સેંકડો વર્ષ જનસેવા કરવાની શક્તિ વાળા હો'. એવી કામનાવાળા આપના.

તા. ૧૮-૫-૭૬

- હરિઓૅ રામતીર્થ મિશન...

મહામંડલેશ્વર સ્વામી ગણેશાનંદજી

સાધના સદન, કનખલ

ભારતના મહાન સંત, સંસ્કૃત સાહિત્યના વિશ્વવિખ્યાત તેજસ્વી પંડિત સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના અભિનંદન ગ્રંથ પ્રકાશનનો પ્રયાસ પ્રશંસનીય છે. આ કાર્યમાં સફળતા મળો, આ મારી શુભ કામના છે. **આ અભિનંદન ગ્રંથ દ્વારા તે વિદ્વાન પંડિતનું સન્માન તો થશે જ, તદોપરાંત આ ગ્રંથ દ્વારા ભારતીય સાહિત્યની શોભાવૃદ્ધિ પણ થશે.**

તા.૨૮-૪-૭૬

- સ્વામી ગણેશાનંદજી...

શાસ્ત્રાચાર્ય જ્ઞાનપ્રકાશશાસ્ત્રી (વેદાંતાચાર્ય, એમ.એ., વેદાચાર્ય),
સ્વામિનારાયણ મંદિર, જિલ્લો ભાવનગર, સૌરાષ્ટ્ર.
ગઢપુર.

ભારતીય દર્શનોના મહાવ્યોમમાં અસંખ્ય ઋષિમુનિના સૂત્રકાર, ભાષ્યકાર, વૃત્તિકાર, ટીકાકાર, વાર્તિનકકાર, કિરણાવલીકાર, મહા મહા વિભૂતિઓ, વિદ્વાનો ચળકતા પ્રકાશતા ઉપજતા આવે છે. તેવા વિદ્વાન મહર્ષિઓની શ્રેણીમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આજ પ્રથમ શ્રેણીના જ્યોતિર્ધર દિવ્યપુરૂષ અવતરિત છે. આપે ન્યાય તર્ક વૈશેષિક સાંખ્ય યોગ વેદાંત મીમાંસા સાહિત્ય કાવ્યસંહિતાઓ ઘણી રચી. અનેક ગીતાઓ મહાગ્રંથો રચી તથા શ્રીસ્વામિનારાયણ ભગવાનના વચનામૃતો ઉપર બ્રહ્મરસાયન ભાષ્ય તથા બીજા ભાષ્યો તથા ભગવત્સમકાલીન વિભૂતિસ્વરૂપ સંતોના ઉપદેશામૃતોને હૃદયંગમ કરીને તેમના રહસ્યો નિજ ગ્રંથોમાં વ્યવસ્થિત પ્રકાશિત કર્યા. શ્રીસ્વામીજી આચાર્યવર્ય દર્શનશાસ્ત્રોમાં ગંભીર ગહન માર્ગ, તત્ત્વ, સંશોધક છે. તેમજ નિર્ભિક સ્વતંત્ર તત્ત્વ અન્વેષક, અંતસ્તત્ત્વાંત, સમ્માર્ગક સૂક્ષ્મ વિવેચક સશક્ત પ્રતિભાશાલી બ્રહ્માકાંશ સંપન્ન વિદ્વાન છે. સૌષુપ્ત તત્ત્વોના પણ વર્ણન કરનારા પ્રત્યક્ષદર્શી ઈશ્વર પુરૂષ છે. ભારતીય દર્શનોના નવા યુગના વેદવ્યાસ છે. આકાશગતિ ગ્રહોમાં ગતિ, સાગર તલગતિ, અરણ્ય પર્વતોમાં ગતિક યંત્રો સત્યુગી બન્યાં છે. આકાશ છત્રી ગતિ, વિમાન સૃષ્ટિગતિ, દૂરદર્શન, દૂરશ્રવણ, દૂરધ્વનિ પ્રાપ્તિ ગર્ભપદાર્થ સાક્ષાત્કાર, સ્થૂલ સૂક્ષ્મ કારણ પરમાણું દ્વયણુક નિગૂઢ ગુણ તત્ત્વ શક્તિ, તત્ત્વ શોધક યંત્ર, રસાયન શોધક યંત્ર, આદિ **નવાયુગના કૃતયુગના આ યુગમાં ભૌતિક વિકસોમાં સંસ્કૃત વિકાસ સાંસ્કૃતિક નિર્ગુઢાન્વેષણ કર્તા વ્યાસ વિના જો સારસ્વત સંશોધનની અપૂર્તિ રહી જાય તો સત્યયુગી નવા મહાપ્રવાહોના સમયમાં અધુરાપણું રહી જાય, તેની પૂર્તિ બીજા કોઈ ન કરી શકે. ઈશ્વરાવતાર શ્રીવ્યાસ જ કરી શકે, સાર્વજ્ય સૃષ્ટિવાળો સર્જનહાર કરી શકે, તેની ખામી સ્વયં પ્રભુએ સંતરૂપે અવતરી શ્વેતાયન વ્યાસસ્વરૂપે થઈ કોઈને ખબર ન પડે તેમ સત્યયુગી શાસ્ત્રો રચી વિકાસ કરી જગતને આપ્યાં. ફલ વડે કારણનું યથાર્થ્ય સિદ્ધ થાય છે, તેમ આજ સ્વામીજીમાં વેદવ્યાસ અવતારીપણું સિદ્ધ થાય છે, જેણે નવાયુગ માટે તમામ શાસ્ત્રો સ્વલેખિનીએ રચી આપ્યાં આવા તે માનવપ્રભુને ભાષ્યકાર નવાયુગના ધર્માચાર્યને અમારા અનેક ધન્યવાદો સાથે અભિનંદન સ્વીકૃત હો.**

- શાસ્ત્રાચાર્ય જ્ઞાનપ્રકાશશાસ્ત્રી...

શાસ્ત્રી હરિપ્રકાશ, (શાસ્ત્રાચાર્ય, એમ.એ.),
સત્સંગ શિક્ષાપરિષત્, સ્વામિનારાયણ ગુરૂકુલ,
જી.એચ.રોડ, સેકટર-૨૨, ગાંધીનગર, ગુજરાત.

તત્ત્વદ્રષ્ટા સંત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ન્યાયાચાર્યજી મહારાજ સ્વામી શતાબ્દિના વર્તમાન યુગમાં, સંસ્કૃત ભાષા તથા દર્શનશાસ્ત્રોના અને નવ્ય તર્કોના સર્વોત્તમ શ્રેષ્ઠ પ્રકાંડ પણ્ડિતપ્રવર વિદ્વત્સાર્વભૌમ, પરમપૂજય સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનો અભિનંદન ગ્રંથ પ્રકાશિત થાય છે, મને ઘણોજ આનંદનો અનુભવ થઈ રહયો છે. **પૂજય સ્વામીશ્રીની બ્રહ્મરસાયન - ભાષ્યની રચના મેં પોતે જ દેખી અવલોકી છે, તે જોતાં મને શ્રીસ્વામીજીમાં ભગવાન વેદવ્યાસની અનુભુતિ થઈ આવી છે, તેમાં શ્રીશાસ્ત્રીસ્વામીજીએ ભગવાન શ્રીસ્વામિનારાયણના દાર્શનિક સિધ્ધાંતના સૂત્રો સવા બે હજારની રચના તથા તે ઉપર વિશાલકાય બ્રહ્મરસાયન મહાભાષ્યમૂલ છ હજાર પેજોમાં લગભગ સાગર સમાન છે, આ રીતે શ્રીસ્વામીજીએ ભગવાન વેદવ્યાસજી તથા ભાષ્યકાર શંકરાચાર્યજી તથા રામાનુજાચાર્યજી આદિનું વિશેષ સંવર્ધિત કાર્ય કર્યું છે,** આ ભાષ્યમાં સંસ્કૃત વાઙ્મય તમામ તત્ત્વો વિવેચિત કર્યા છે. દાર્શનિક, વૈજ્ઞાનિક, તાર્કીક, આલંકારિક, આધ્યાત્મિક કોઈ તત્ત્વ પ્રસંગોપાત્ત બાકી રહેવા દીધું નથી. બધાં ભાષ્યો કરતાં શાબરભાષ્ય મહાકાય છે, પણ તે આ બ્રહ્મરસાયન પાસે સાગર પાસે ખાડી થઈ જાય તેટલું વિશાલ મહાસાગર ભાષ્ય છે. તે ભગવાન વેદવ્યાસ પ્રભુની પ્રતિભાની પ્રતીતિ કરાવે છે, એવા અદ્વિતિય સર્વશ્રેષ્ઠ સંતવર્ય મહાપુરૂષના ચરણોમાં અભિનંદન સહિત હું મારી શ્રદ્ધાંજલિ સમર્પિત કરું છું. દક્ષિણ બંગાલ, મૈથિલ, સૌરાષ્ટ્રના આવા વિદ્વાનો વડે ભારત પોતાનું ગૌરવ ધરાવે છે. સ્વામીજીએ ન્યાય તત્ત્વચિન્તામણિ સમાન તત્ત્વપ્રભાવલી નામક નૂતન ગ્રંથ રચી વિદ્વાનોની સેવા કરી છે.

- શાસ્ત્રી હરિપ્રકાશજી...

શ્રી કિર્ત્યાનંદ ઝા શાસ્ત્રી.

વિદ્યાલંકાર, સાહિત્યાચાર્ય, રત્ન કાવ્ય તીર્થ,
વ્યાકરણશાસ્ત્રી, રાષ્ટ્રભાષા રત્ન, બોટાદ.

॥ પંડિતવર્ય સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શ્રીમાન દાર્શનિકપંચાનન,
ષડ્દર્શનાચાર્ય, સાંખ્ય વેદાંતતીર્થ, કાવ્ય ન્યાય વૈશેષિક શાસ્ત્રી
વિદ્વત્સાર્વભૌમને આપવા અભિનંદન પત્રમાં પ્રશસ્તિપત્રમ્ ॥

જેમના નેત્રના ખૂણાના સંચારણમાં આખું વિશ્વમંડળ રચાયું સ્થિર થયું છે, એવા શ્રીસ્વામિનારાયણ ભગવાન વિજય પામે છે. આચાર્ય મહોદય જગત્માં છ દર્શનશાસ્ત્ર અને ખાસ કરીને નવ્ય ન્યાયમાં તથા સાંખ્ય યોગ વેદાંત આદિ શાસ્ત્રોમાં પણ કિરણાવલી દ્વારા નવીન પ્રકાશ પાડનારા સૂર્ય સમાન પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યશાસ્ત્રીજી મહારાજની સેવામાં શ્રદ્ધા, સત્કાર, સ્નેહ, સુહૃદયતા, ઉત્સુકતા અને સમ્માનનાં બે ચાર પુષ્પોની સુગંધ લઈને પૂજા કરવા માટે આ પ્રશંસા પત્ર દ્વારા ઉપસ્થિત થયેલ છું. સર્વતોમુખી પ્રતિભા સંપન્ન પંડિતવર્ય શ્રીમાન્ આપને માટે અમારા હૃદયમાં જે જે ભાવોના ઉછાળા થઈ રહયા છે તેને પ્રદર્શિત કરવામાં શબ્દશક્તિ તો કુંઠિત જ દેખાય છે. **આપ દર્શનશાસ્ત્ર, જીવન સત્કર્મ , કાવ્યદોહન, સાહિત્ય, સાધના તપસ્યા, ભક્તિ દ્વારા અમને પુલકિત, પ્રમોદિત, ઉદ્યત અને ઉત્સાહિત કરતા રહો છો, તેથી અમારા વડે આપના પૂર્ણ સદ્ગુણોનું વર્ણન કદાચ ન પણ થઈ શકે તો આશ્ચર્ય વિષય નથી. આપની આગળ અમો કોણ ?** સંસ્કૃત ભાષા અને દર્શનશાસ્ત્રોના વિકાસની આ સંતોષવાળી અવસ્થાની સાથે આપની તપસ્યા, સાધના, વિદ્વતા, દક્ષતા, તત્પરતા, આદિના એવા સંબંધો સ્થપાઈ ગયા છે જે આ યુગની ઉત્કૃષ્ટ રચના 'કિરણાવલી' કૃતિનો ઈતિહાસ આપની ઉદ્યમશીલતાનો ઈતિહાસ છે. આપની ન્યાયસિદ્ધાંત મુકતાવલીની કિરણાવલી એ તો ગ્રંથની અને ગ્રંથ ભણનારાઓની પણ રચના કરી છે, આ વાતનો મને મધ્યમા તથા શાસ્ત્રી પરીક્ષા બનારસ દેવી તે સમયે કિરણાવલી ભણતા ભણતા અનુભવ થયેલ છે.

આપે ગુરૂવર્ય શ્રીવામાચરણભટ્ટાચાર્યજીને કિરણાવલી સમર્પણના શ્લોકો લખ્યા છે કે-

''કણાદ ગૌતમના શાસ્ત્રો ઉદયનાચાર્ય દિગંનાગ અને પક્ષધરમિશ્રાદિકૃના શાસ્ત્રો, ગંગેશ ઉપાધ્યાયની સાર્વભૌમ તત્ત્વચિંતામણિશાસ્ત્ર, રઘુનાથ શિરોમણિની ટીકાઓ, ગાદાધરીના કોડ શાસ્ત્રાર્થો, માથુરી જાગદીશી વિગેરે શાસ્ત્રો, ભાષ્યો, ટીકાઓ, જેમને હથેળીમાં બોરફળની પેઠે દેખાય છે. જેઓ સાંખ્ય સ્મૃતિમાં, વેદાંતમાં, યોગશાસ્ત્રમાં, શબ્દ વ્યાકરણમાં, મીમાંસામાં, કાવ્યમાં, બૌદ્ધ જૈન આદિકના યુક્તિવાદ શાસ્ત્રોમાં તથા શાસ્ત્રાર્થોમાં, તર્કવાળી અપ્રતિહતમતિ જેમની છે એવા સર્વતંત્ર સ્વતંત્ર, એવા વિદ્વદવૃંદોમાં અગ્રગણ્ય અપ્રતિમ વિદ્વાન આચાર્યવર્ય જય પામો છો. અધ્યાપનમાં જેઓની

કુશળતા સ્પષ્ટ અદ્વિતીય છે, ગ્રંથો રચવામાં ચમત્કૃતિ ઉપજાવતું સામર્થ્ય જેમનામાં છે, એવા વિદ્યાગુરૂ શ્રીવામાચરણભટ્ટાચાર્યજીના કરકમળોમાં કિરણાવલી ટીકા સવિનય અર્પુ છું. આ રીતે અર્પણ કરેલ છે. '' તેના અભ્યાસ વડે સૂચિત થાય જ છે કે- ગુણવાન હોય તેમ આપ ગુણગ્રાહી પ્રકાણ્ડ વિદ્વાન છો. આપનું સ્મરણ કરવું તે પણ કસ્તૂરીની સુગંધ કાંઈ સમખાવા વડે સાબિત નથી કરાતી, તેની પેઠે વાણી સ્તુતિ તો ગુણિયલના પવિત્ર પ્રતિષ્ઠાનાં ગુણાનુંવાદ કરવા માત્ર જ છે. કસ્તુરીની સુગંધની પેઠે ગુણોની સિધ્ધિ તો જ્ઞાની-અજ્ઞાની તમામને થઇ જ હોય છે. **આપશ્રીએ તમામ સેવકો માટે યથારૂચી શાસ્ત્રપ્રસાદ વહેંચી આપેલ જ છે. હિતોપ્રદેશ ગ્રંથની હિન્દીમાં ટીકા, શિક્ષાપત્રીની કિરણાવલી ટીકા, સંસ્કૃત, ગુજરાતી સ્વરૂપમાં મોટા મોટા સ્વયંપ્રશસ્તિના ઉદાહરણો છે જ. જેતપુરમાં પ્રકાશીત કિરણાવલી શિક્ષાપત્રીમાં મંગળમાં આપે લખેલ છે જે - જીવ, ઇશ્વર, બ્રહ્મમુકત, પરબ્રહ્માદિ અગણિત ચિદ્વર્ગ તથા માયા આદિ અમીત વર્ગ તથા તેમાં વ્યાપક એવા અવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન તેમાં મુખ્ય તાત્પર્ય વાળી વિશદ્ કિરણાવલી નામક વ્યાખ્યા કરું છું. તેથી સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન ઈષ્ટ પ્રસન્ન હો. તથા આપે દીક્ષાગુરૂના વિષયોમાં લખેલ છે કે શ્રીમન્નીર્ગુણ મૂર્તિ એવા અસંખ્ય મુકત પુરૂષોએ જેના ચરણો વન્દ્યાં છે, તથા નિત્ય અનંત ગુણોનું સ્થાન અને સર્વ આવિર્ભાવોના હેતુ તથા વિભુ, એવા પરબ્રહ્મ તેમનાં શિષ્ય એવા બ્રહ્મ તેમના પરમ શિષ્ય સંત અગ્રણી એવા શ્રીમદ્ બાળમુકુંદદાસજી સ્વામીશ્રીમહારાજના ચરણો મોક્ષ આપનારાને હું વંદુ છું. આ શ્લોકો દ્વારા ઈષ્ટદેવની સાધના તથા તપસ્યા ગુરૂકૃપા, આદિની પાત્રતા તમારામાં ચળકે છે.** સુજ્ઞોમાં બહુ ન કહેવાય, શ્રીકાળીદાસ કવિવરે પોતાના રઘુવંશ ૧૦માં સર્ગમાં ભગવાન માટે કહ્યું છે જે, તમારા ગુણોનાં વર્ણનમાં મહીમા કહીને વચનનું વિરામ કરું છું, તે તો તેના અંતને તપાસીને થાકીને વિરામ કરું છું. કાંઈ તેનો છેડો લઈને વિરામ કરું છું એમ નથી, તમારા ગુણોનો છેડો જ નથી તેવી જ રીતે હું પણ મારી વાણીનો ઉપસંહાર કરું છું. અંતમાં નમ્ર મસ્તક વડે ભક્તિ પ્રણવ ચિત વડે પ્રેમ ગદ્ગદ્ વાણી વડે **ભગવાન સચ્ચિદાનંદ પરમાત્મા ગોપ-ગોપીકાનાથ એવા ઘનશ્યામ મહારાજને પ્રાર્થના કરું છું - જે વિદ્વાન સમુદાયોમાં ઉત્તમ રીતે સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ આવા તપસ્વી વિદ્વાન ઉપજતા રહો, જેમણે સરસ્વતી ભગવતિ ભારતી સદા પરમ્ ઉન્નત તપસ્યા સ્થાનાપન્ન આનંદથી પ્રચુર પ્રચાર પમાડીને ભારત વર્ષનું ગૌરવ સદા વધારેલું છે.** શ્રીકાલિદાસ કવિવર ના શબ્દો વડે 'સરસ્વતી શ્રુતિ' મહામોટી વધતી જ રહો. આમ અભિનંદન અર્પુ છું.

તા. ૩-૪-૭૬

- ભવદીય શ્રીકીર્ત્યાનંદ ઝા...

શાસ્ત્રી શ્વેતવૈકુંઠદાસજી.

પ્રાચીન ન્યાયાચાર્ય, વેદાંતતીર્થ, સાંખ્યયોગ વારિધિ,
સ્વામિનારાયણ મંદિર વડતાલ, વાયા : નડિયાદ.

શ્રીમાન માનનીય મહોદય પરમપૂજનીય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના ૭૧માં વર્ષમાં અભિનંદન સ્મૃતિ ગ્રંથ પ્રકાશન થશે, આ કાર્ય વડે સમગ્ર વિદ્વત્સમુદાયને અદ્વિતીય આનંદાતિશય થશે એમ માનું છું. જગતમાં મહાસમર્થ વિદ્વાનના અભિપ્રાય પ્રકાશન કાર્ય વડે મહામના શાસ્ત્રીજીના મહાઉત્કર્ષ વડે સધાયેલ તે કાર્ય યોગ્ય છે. **પરમ પૂજનીય વંદનીય પ્રાતઃ સ્મરણીય સમગ્ર વેદશાસ્ત્ર પુરાણાદિના તત્ત્વવેતા હોવાથી સર્વજ્ઞતુલ્ય વર્તતા એવા મહાશય પણ્ડિત પ્રવર શ્રીમાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને સહસ્ત્રશઃ અભિનંદન અર્પુ છું, અતિપ્રશસ્તકીર્તિવાળા શાસ્ત્રીજીએ ન્યાયસિદ્ધાંત મુક્તાવલીની કિરણાવલી તથા તર્ક સંગ્રહ દીપિકાની કિરણાવલી તથા શ્વેતાયનસંહિતા એવા એવા ૪૩ ગ્રંથો લખ્યાં છે આવા કાર્ય વડે અનુમાન કરાય છે કે આ ભાગ્યવંત મનુષ્યાત્મા નથી પણ અક્ષરના મુકતાત્મા છે જ, માનવશક્તિ ઉપરવટના ગ્રંથો રચ્યા છે. માટે, અથવા બીજા વ્યાસજી પોતે અવતર્યા છે એમ દેખાય છે. વળી સ્વામીજી મહારાજનો એક પણ ગ્રંથ જેમણે જોયો તે પંડિત પ્રવર મણ્ડલીને આશ્ચર્યપૂર્વક આહ્લાદજનક નથી થતો. એમ નથી જ, કિન્તુ સર્વે ગ્રંથો તત્ત્વબોધક હોવાથી બાલકથી આરંભીને મહામહોપાધ્યાય પંડિત પ્રવરોને પણ આનંદકારક જ છે વળી વિવાદકર્તાઓને તો ભયંકર અને જીજ્ઞાસુઓને સંશયન શક શાન્તિકારક છે, તેથી જ મહાનુભાવ શાસ્ત્રી સ્વામીજી સૂર્ય ચન્દ્રની પેઠે સંતાપ અને શાન્તિ કરનારા પ્રકાશે છે.** વિજ્ઞાનની અધિષ્ઠાત્રી સરસ્વતીજીના ઉપાસક ઘણા પંડિતો છે તેઓનું સારભૂત તત્ત્વ તો જૂનાગઢવાસી બ્રહ્મનિષ્ઠ બ્રહ્મચારી શ્રીબાલકૃષ્ણાનંદજી, તથા વડોદરા સંસ્કૃત મહાવિદ્યાલયના દક્ષિણી પંડિત, તથા કાશીસ્થ કિવન્સ કોલેજના વિદ્વાનોથી રાત-દિવસ સતત અભ્યાસ વડે સમગ્ર શાસ્ત્રાબ્ધિ મંથન કરીને દુગ્ધસાગરથી અમૃતની પેઠે વિદ્યાતત્ત્વ અમૃત આપે મેળવેલું છે. તત્ત્વજ્ઞાન ગ્રહણ કરીને વીજળીના પ્રદીપ સમાન એવા શ્રીસત્સંગિજીવન સુધાસિન્ધુ આદિ ગ્રંથોની કથાઓ તથા ભાષ્યો રચીને જગત્તમાં માનવસમુદાયનો આંતર સ્થિત અજ્ઞાન જનિત મહા મોહાન્ધકાર નષ્ટ કર્યો છે. તેણે કરીને ભૂમણ્ડલો ઉજળા કર્યા છે. **અસંખ્યેય ગુણગણ સમલંકૃત પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના ગુણગણના કરવા હું અસમર્થ છું. તેમનામાં અનંતગુણો છે, શ્રીસ્વામીજી અનેક ઉત્કૃષ્ટ કાર્યો કરી રહ્યાં છે. વૃત્તાલય લક્ષ્મીનારાયણ દેવ પીઠાધીશ્વર આચાર્યશ્રીના પુત્રના વિવાહ સમયે પંડિતસભામાં આપ સ્વામી શ્રીજીનો શાસ્ત્રજનિત જ્ઞાન વિલાસ જોઈને પંડિત સમૂહે "વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ" એવી પદવી અર્પણ કરી છે.** આપનું 'કવિકાવ્ય ગૌરવમ્' જોઈને વારાણસીના સંસ્કૃત વિશ્વવિદ્યાલયના સમ્માનિત પ્રાધ્યાપક શ્રીન્યાયાચાર્ય શ્રીશ્રીશિવદત્ત મિશ્રે પણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય શાસ્ત્રી

મહોદયમાં અપૂર્વ વૈદુષ્ય પ્રતીતિ વિષય થાય છે એમ પ્રશંસા કરી હતી, તેવી જ રીતે અનેક પંડિતો આપના પાંડિત્યને વખાણે છે. **સર્વજાતિમાં જે ઉત્કૃષ્ટ હોય તે રત્ન કહેવાય છે. પંડિતોમાં પંડિતપ્રવર, સાધુઓમાં સાધુશિરોમણી, વ્યવહારદક્ષોમાં વ્યવહારનિપુણા એવી ગુણશ્રેષ્ઠતા સ્વામીશ્રીમાં વર્તે છે જ માટે હજારો ધન્યવાદ સાથે અભિનંદન કરું છું.**

- વિદુષામ્ અનુચર શાસ્ત્રી શ્વેતવૈકુંઠદાસ...

શ્રીશ્વેતવૈકુંઠ શાસ્ત્રી

પ્રાચીન ન્યાયાચાર્ય વેદાંતતીર્થ સાંખ્યયોગ વારિધિ,
વડતાલ.

॥ વૃતાલયસ્થઃ શ્રીહરિને ઉપાસિએ છીએ ॥

ભગવાનના સ્વરૂપના નિર્ણયમાં શ્રૂતિઓ પણ નિજ અસામર્થ્ય કહે છે, ભગવાન અપાર છે પણ અવતારી પ્રભુ અવતરી તે ભૂમિમાં માનવ સ્વરૂપે રહે છે. તે શ્રીસ્વામિનારાયણ નામ વડે અત્યારે પ્રખ્યાત છે. **દિવ્યસાકાર માનવાકાર બંન્ને એક જ છે એ હરિસ્વરૂપ નિર્ણય ગ્રંથનો વિષય છે. આ ગ્રંથનું સત્સંગ ભાષ્ય, શ્રીદાર્શનિકપંચાનન, ષડ્દર્શનાચાર્ય, નવ્યન્યાયાચાર્ય, સાંખ્ય યોગ વેદાંત મીમાંસાતીર્થ વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ કાવ્યકુશલ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામી એ રચ્યું છે.** શ્રીહરિનું અનાદિ સિધ્ધ દિવ્યાકૃતિપણું અને દિવ્યમાં માનુષમાં દિવ્યભાવ, દિવ્ય અને માનુષ એકભાવ, આ પ્રમાણે શ્રૂતિમૂલક તર્ક ન્યાયાદિ વડે સાધિત છે. સર્વે વેદાંતાદિક વિષયો તથા તેની વિપ્રતિપત્તિઓ અવતારિત કરી છે, સર્વવિધ દાર્શનિક સિધ્ધાંતો પૂર્વોતરપક્ષ રચના વડે પ્રતિપાદિત કર્યા છે. આ ગ્રંથ વિશિષ્ટબ્રહ્માદ્વૈત સ્વરૂપ સાંપ્રદાયિક મહાસિદ્ધાંત સાગર સ્વરૂપ છે, સર્વે વૈષ્ણવોના સિધ્ધાંતોનો સંપોષક છે, ભાષ્ય બહુજ ઉપકારક છે. **પંડિતમાન્ય મહાવિદ્વાન સર્વવિદ્યા નિધાન મહાસત્પુરૂષ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામીવર્ય લાખો અભિનંદન અને ધન્યવાદના પાત્ર છે.**

તા. ૧૦-૧૦-૭૦

- શાસ્ત્રી શ્વેતવૈકુંઠદાસ...

સ્વામી શ્રીશ્વેતવૈકુંઠ શાસ્ત્રી.

ન્યાયાચાર્ય - વેદાંતતીર્થ - સાંખ્યયોગવારિધિ,

વૃત્તાલય.

શ્રીસ્વામિનારાયણભગવાનનાંવિભૂતિસ્વરૂપએવાપંડિતપ્રવરશ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં અલૌકિક જીવનચરિત્રનું આલેખન કરવા હું સમર્થ નથી છતાં થોડો પ્રયત્ન કરું છું.

જેમ ભગવાનનો જન્મ અનેક જીવોનાં કલ્યાણ માટે થાય છે તેમ ભગવાનની વિભૂતિ સમાન આવા વિદ્વાનો પણ પોતાના ઉપદેશ દ્વારા જનસમુદાયનાં અંતઃકરણમાં વ્યાપેલી માયા-અજ્ઞાનનો નાશ કરે છે. **આ મહાપુરુષનો જન્મ કુંકાવાવમાં શ્રીગોપાલ નામના પિતા તથા કંભરા નામનાં માતાના ગૃહે સંવત્ ૧૯૬૧માં થયો. બાલ્યાવસ્થામાં સર્વજનો તથા માતા-પિતાના આનંદદાયક બન્યા. પ્રાથમિક શિક્ષણ પોતાનાં ગામમાં પૂર્ણ કર્યું. એકવાર શ્રીગુણાતીતાનંદ સ્વામી સંપ્રદાય પરંપરાના સ્વામી શ્રીબાલમુકુંદદાસ તે ગામમાં પધાર્યા. તેઓશ્રી પાસેથી ઉપદેશ પ્રાપ્ત કરીને ગુરુ પ્રેરણા વડે વૃત્તાલય (વડતાલ) પીઠના અધિપતિ શ્રીપતિપ્રસાદ મહારાજ પાસેથી ભાગવતી દીક્ષા મેળવીને 'શ્રીકૃષ્ણવવલ્લભાચાર્ય' એવું શુભ નામ ધારણ કર્યું. ત્યાર બાદ જે જ્ઞાન વડે અનેકાનેક જન્મોમાં પાપોનો ક્ષય થાય તેવું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે તેઓશ્રીએ સદ્‌ગુરુની સંમતિ મેળવીને બ્રહ્મચર્ય વ્રતધારી એવા શ્રીબાલકૃષ્ણાનંદની પાસે સંસ્કૃતના અભ્યાસનો આરંભ કર્યો. તેઓશ્રીએ જૂનાગઢ, વડતાલ, કાશી વગેરે સ્થાનોએ પણ સંસ્કૃત વિદ્યાભ્યાસ કર્યો. ત્યાંના અધ્યાયકોને પણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીનું કાવ્ય, વ્યાકરણ, ન્યાય, વેદાંત, સાંખ્યયોગ, મીમાંસા વગેરે શાસ્ત્રો ઉપરનું પ્રભુત્વ જોઈને અત્યંત આશ્ચર્ય થયું.** તેઓશ્રીએ લગભગ તેતાલીસ ગ્રન્થોની રચના કરી. સંવત ૨૦૨૪માં મુંબઈમાં સો વર્ષના પાટોત્સવ નિમિત્તે શતકુંડી મહોત્સવનું આયોજન થયું હતું. તે દિવસ વૈશાખ સુદ બારસનો હતો. આ પ્રસંગે દેશ-વિદેશથી અસંખ્ય વિદ્વાનો, સંતો-મહંતો, વૈષ્ણવજનો પધારેલા. તેઓની વિનંતીથી વડતાલના શ્રીલક્ષ્મીનારાયણ પીઠાધીશ્વર શ્રીનરેન્દ્રપ્રસાદ મહારાજ પધારેલ. ત્યાં મળેલી સભામાં વ્યાસાસને વિરાજમાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યે શ્રીસ્વામીનારાયણ ભગવાને ઉપદેશેલી શિક્ષાપત્રી ઉપર અત્યંત સુંદર અને ભક્તજનોને પરમ શાંતિદાયક વ્યાખ્યાન કર્યું.

પ્રખર વિદ્વાનોએ સ્વામીશ્રી કૃષ્ણવલ્લભાચાર્યને પંડિતરાજ તરીકે, ભક્ત સમૂહે પરમ ભક્ત તરીકે, સંન્યાસીઓએ સંન્યાસી તરીકે, વૈરાગીઓએ પરમ વૈરાગ્ય સ્વરૂપ તરીકે, વ્યાખ્યાન કરનારોએ દ્વિતીય વ્યાસ અથવા બૃહસ્પતિ તરીકે તથા કરોડો લોકોએ મૂર્તિમંત વેદ તરીકે માન્યા. આપે જ્યાં જ્યાં સત્સંગિજીવન તથા શિક્ષાપત્રી આદિ ગ્રન્થો ઉપર વ્યાખ્યાન આપ્યાં ત્યાં ત્યાં ભક્તજનો અતિહર્ષાન્વિત થયા. જૂનાગઢમાં દરરોજ મંદિરમાં થતી પ્રાતઃકાલીન તથા સાયંકાલીન સભાઓમાં તેઓશ્રી વિદ્વતાપૂર્ણ વ્યાખ્યાન આપતા. આપશ્રી શ્રીસ્વામિનારાયણ ભગવાનની જપમાલા ફેરવતાં શ્રીહરિનાં સોળચિહ્નો, જેવાં કે સ્વસ્તિક, યવ, જંબૂ, ધ્વજ,

અંકુશ, અંબુજ, અષ્ટકોણ, વજ્ર, ઊર્ધ્વરેખા, મીન, ત્રિકોણ, વ્યોમ, ગોપદ, કલંશ, અર્ધચન્દ્ર, ધનુષ નામનાં સોળ ચિહ્નોનું ચિંતન કરીને પ્રત્યેક અંગ દ્વારા શ્રીહરિનું સેવન કર્યું. જેમ કે શ્રવણેન્દ્રિય વડે કથા શ્રવણ, ત્વચા દ્વારા ભગવાનનો ચરણસ્પર્શ, નેત્રેન્દ્રિય વડે ભગવાનનાં દર્શન, રસના દ્વારા ભગવાનનાં પ્રસાદનો સ્વીકાર, નાસિકા વડે ભગવાનની સ્વાભાવિક સુગંધનું ગ્રહણ, બંને હાથો વડે ભગવાનની ચરણસેવા, બંને ચરણો વડે ભગવાનનાં મંદિર પ્રતિ ગમન ઈત્યાદિ પ્રકારે પોતાની ભગવાન પ્રત્યે ભક્તિ પ્રકટ કરી. **સૂર્ય જેવી રીતે પોતાનાં કિરણો વડે ગાઢ અંધકારને ભેદે છે તેવી રીતે આપશ્રીએ આપની વિદ્વત્તા તથા વ્યાખ્યાનો દ્વારા અનેક ભક્તજનોના માનસપટ ઉપર વ્યાપ્ત અજ્ઞાન રૂપી અંધકારનું ભેદન કર્યું છે. અસંખ્ય પંડિતોએ આપશ્રીના ગ્રન્થોનો અભ્યાસ કરીને આપશ્રીનાં જ્ઞાનની મુક્તકંઠે પ્રશંસા કરી છે. મહાન કવિઓ પણ આપની કૃતિઓમાં વર્ણિત હાસ્યરસ, અદ્‌ભુતરસ, શાન્તરસ, શ્રૃંગારરસ વગેરેનો આસ્વાદ માણીને તથા દ્રુતવિલંબિતવૃત્ત, લલિતવૃત્ત, વસંતતિલકાવૃત્ત વગેરે વિવિધ વૃત્તોનું પઠન કરીને અત્યંત આનંદિત થયા છે.**

એક વખત વડતાલનાં શ્રીલક્ષ્મીનારાયણ, શ્રીહરિકૃષ્ણમહારાજ આદિના મંદિરમાં ચૈત્ર સુદ પૂર્ણિમાના દિવસે પ્રાતઃકાળ સમયે દેશ-દેશાંતરથી પધારેલા સંત, પાર્ષદ, હરિભક્તો, પંડિતો વગેરેની મોટી સભા ભરાઈ હતી, તેમાં સુશોભિત સિંહાસન ઉપર ધર્મધૂરંધર શ્રીઆનંદપ્રસાદજી મહારાજ વિરાજમાન હતા, ત્યારે ત્યાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યે 'ઈતિઅક્ષરમુપાસીત' એવી રીતે આરંભ કરીને પરા-અપરા વિદ્યાની ચર્ચા કરીને વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત પ્રમાણે વેદાંતમતનું પ્રતિપાદન એટલું સુંદર રીતે કર્યું કે ત્યાં ઉપસ્થિત પંડિતો અતિ પ્રસન્ન થયા તથા ઉચ્ચ સ્વરે આપશ્રીની મુક્ત કંઠે પ્રશંસા કરી. આપશ્રીના વચનામૃતનાં શ્રવણ માત્રથી અસંખ્ય લોકોના વ્યાપ્ત વિષયવાસનાઓનો અંધકાર નાશ પામ્યો. **જેવી રીતે શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસે મહાભારત, અઢાર પુરાણો, બ્રહ્મસૂત્રો વગેરે જેવા ગ્રન્થો રચીને 'વ્યાસ' એવું પ્રખ્યાત નામ પામ્યા. તેવી રીતે આપશ્રીએ સર્વ શાસ્ત્રોના સારરૂપ ૪૩ ગ્રન્થોની રચના કરીને 'શ્વેતાયન વ્યાસ' એવા નામથી લોકોમાં પ્રસિદ્ધિ પામ્યા.** સત્સંગિજીવન પારાયણીટીકા, પુરાણો, યોગસૂત્રો, સ્વામિનારાયણ ભાષ્ય, સાંખ્યાકારિકા ઈત્યાદિ અસંખ્ય ગ્રન્થોનું આપશ્રીએ સંપાદન કરેલ છે.

આપશ્રીનો વિદ્યાપ્રેમ, વિદ્વત્તા, અસંખ્ય શાસ્ત્ર ગ્રન્થોનું આપશ્રીએ કરેલું વિવેચન જોતાં આપશ્રીને મળેલી 'આચાર્ય' એવી પદ્‌વી સંપૂર્ણપણે યથાર્થ છે. આપશ્રીને વિદ્વતાનું વર્ણન મારી બુદ્ધિથી થઈ શકે તેમ નથી. આપશ્રીનાં ચરણારવિંદને શિષ્યરૂપે સાષ્ટાંગ પ્રણામ કરીને તથા આપશ્રીના આશીર્વાદ યાચીને હું અત્રે વિરમું છું.

-શાસ્ત્રી શ્વેતવૈકુંઠદાસ...

સ્વામી શ્રીશ્વેતવૈકુંઠ શાસ્ત્રી. (ન્યાયાચાર્ય),

વડતાલ.

આજે સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઘણાં વિદ્વાનો છે, પણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તે એકજ સર્વતોમુખી વિદ્વાન, સર્વશાસ્ત્ર નિષ્ણાત, તમામ શાસ્ત્રોના વિવેચક, વિદ્યાઓના ખજાના શૈવધિ તો એ એક જ છે. કેટલા જન્મ લે ત્યારે એટલી વિદ્યાઓ આવે, પ્રાગ્ભવના **સંસિદ્ધ શ્રીશાસ્ત્રીજી મહારાજે કાશી જે વિદ્વાનોની ખાણના સ્થળમાં, સભાઓમાં, કોલેજોમાં, મેળા મહોત્સવોમાં, મહાકીર્તિ મેળવી છે, આપે ઘણા ગ્રંથો, અજોડ ગ્રંથો લખ્યાં છે. હાલમાં નવા ફિલોસોફર તમે છો, ભવિષ્યમાં પણ નવા ફિલોસોફર ગણાશો.** સ્વામીશ્રીના અભિનંદન માટે મારી અભિનંદન શુભ ભાવનાઓ છે.

- શાસ્ત્રી શ્વેતવૈકુંઠદાસ...

સદ્‌ગુરૂ શાસ્ત્રી સ્વામી શ્રીગોપાલચરણદાસજી.

શ્રીસ્વામિનારાયણ મંદિર, ચરાડવા.

સદ્‌ગુરૂ સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે સંપ્રદાય માટે અને વિદેશી સારસ્વત સંસ્થાનો માટે અપાર બુધ્ધિવડે ગ્રંથો દ્વારા અનુપમ સેવા કરી છે. હજુ વાર્ધકયમાં પણ તેમની લેખની સેવા કરતી જ જાય છે, જેટલા કઠિન ભાગો અભ્યાસમાં ગણાય છે તેવા તેવા ગ્રંથો રચી વિષયો સરળ બનાવ્યાં છે. નવીન તો એમની ધગશ જોતા માલુમ પડે છે કે સપ્તમ-દર્શન શ્રીસ્વામિનારાયણ દર્શન તથા વિશિષ્ટ ન્યાયશાસ્ત્ર, તત્ત્વપ્રભાવલી તથા ખ્યાતિવાદ, પ્રમાત્વવાદ, શ્રુતિતાત્પર્ય નિર્ણય, કિરણાવલી, શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા આવા આવા અજોડ ગ્રંથો રચીને સમાજને આપ્યાં છે. આપે સામી છાતીએ પરમેશ્વર પાસે જવાય એવા કાર્ય કરી સેવા બજાવી છે, આપ પરોપકારી જીવન, સાધુ સદ્‌ગુણો, શીલવ્રત, શાંતિ, ભક્તિ, તાર્કિકપધ્ધતિ નવીન આવિષ્કાર વિગેરે વિગેરે પવિત્રતાનો સંદેશો લઈને બ્રહ્મલોક થકી આવેલ છો. આપ ભગવાન શ્રીસ્વામિનારાયણની આજ્ઞા પ્રમાણે કાર્ય કરીને જગત્કલ્યાણ કરતા થકા આજ્ઞાપિત સ્થલમાં ચાલ્યા જશો. વ્યાકરણ, કાવ્ય, સાહિત્ય, પુરાણ, ઈતિહાસ, સંહિતા, વેદ-વેદાંગ, ધર્મશાસ્ત્ર, ખગોળ-ભૂગોળ, આરણ્યક, ઉપનિષદ્, વેદાંત, ન્યાય, તર્ક, મીમાંસા, સાંખ્ય, યોગ, દર્શનશાસ્ત્રો, આગમ-નિગમશૈવ, વૈષ્ણવ, શાકત, તીર્થંકર, ફિરસ્તા, ઓલિયા, ઈશાન, યુગધર્મીય દૈવી અવતારો એ આદિકના તમામ જ્ઞાન-વિજ્ઞાન

સાધન દ્વારા ફલોમા પ્રવિષ્ટ **સાર્વભૌમ વિદ્યાઓમાં પ્રવીણ એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સમાન જલ્દી નવાયુગમાં વિશાલતામાં પથરાએલો વિદ્વાન પુરૂષ મળવો મુશ્કેલ છે,** અમારા તેમને અનેકાનેક ધન્યવાદ સ્વાગત અને અભિનંદનો સાથે પૂજન પ્રાપ્ત હો.

- શાસ્ત્રી ગોપાલચરણદાસજી...

શાસ્ત્રી શ્રીગોપાલચરણદાસજી.

ચરાડવા સ્વામિનારાયણ મંદિર, મોરબી, જિ. રાજકોટ.

અખિલગુણમહોદધિ વેદ-વેદાંગ સંપન્ન, શ્રીજી કૃત મર્યાદાપાલક, ઉદ્ધવ સંપ્રદાય ઉત્તેજક શ્રૌત શ્રી બ્રહ્મનિષ્ઠ ગુણમહોદધિ **પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય આપશ્રીનું અત્યંત પરોપકારી જીવન સદ્‌ગુણો વડે સંપ્રદાયના તથા મારા આત્માને પરમ શાન્તિ થાય છે.**

શ્રીજી મહારાજે આપનામાં જે કલ્યાણકારી સદ્‌ગુણોની સ્થાપના કરી છે, તેનું વર્ણન થઈ શકે તેમ નથી, આપશ્રીએ સાધુતા દીપાવી છે. શ્રીજી મહારાજની આજ્ઞાનું બરાબર પરિપાલન કરેલું છે જેથી આપ આગળ આવેલા છો. તમારા પ્રતિ અતિશય અનહદ પ્રેમની ભાવના દિન-પ્રતિદિન વૃદ્ધિ પામતી જાય છે, તેવી ભાવના દરેકની હોવી જોઈએ, એવી શ્રીજી પાસે પ્રાર્થના છે.

- શાસ્ત્રી ગોપાલચરણદાસજી...

શાસ્ત્રી શ્રીકૃષ્ણકેશવદાસજી. (ન્યાયાચાર્ય).

શ્રીસ્વામિનારાયણ મંદિર, વડતાલ.

સર્વ સંપ્રદાયોના મહાચાર્યો કરતા પણ વિદ્વત્તા અને ભક્તિ વડે ઉચ્ચ કોટિના વિદ્વાન આબાલ નૈષ્ઠિક, સારસ્વત નૈષ્ઠિક, શાસ્ત્રરચના નૈષ્ઠિક, કલ્યાણનૈષ્ઠિક, દીક્ષા-ભિક્ષા નૈષ્ઠિક, મોક્ષ નૈષ્ઠિક, ભક્તિ નૈષ્ઠિક, અધ્યયન અધ્યાપન નૈષ્ઠિક, એવા જનસમાજના ભારતના નૈષ્ઠિક, ભગવાન બૃહસ્પતિ, ગણપતિ, ભૂતપતિ, પાર્ષદપતિ, ભક્તપતિ, મુકતપતિ, સૃષ્ટિપતિ, વિદ્યાસાગર ઈશ્વરમૂર્તિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને અમારા કોટિ સમ્માન સાથે અભિનંદન છે.

- શ્રીકૃષ્ણકેશવ શાસ્ત્રી...

શાસ્ત્રી કૃષ્ણકેશવદાસજી (ન્યાયાચાર્ય).

વૃતાલય, (શ્રીસ્વામિનારાયણ મંદિર - વડતાલ)

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના શરણમાં રહી કાશીમાં મેં ન્યાય તર્કનો અભ્યાસ કર્યો, હું ન્યાયાચાર્ય થયો, બીજા પણ ગ્રંથો ભણ્યો, તે સમયે અલૌકીક સામર્થ્યો ઘણાં જોયા. શ્રીસ્વામીજી મહારાજ કાંઈ અનેક તનુધારી ઈશ્વર હોય તેવા મને જણાતાં હતાં. તેઓ મહાન વિદ્વાન તેજસ્વી સંત સ્કોલર શ્રેષ્ઠ ઉચ્ચ કોટિના વ્યાસ આદિ વ્યાસજી છે, તેમજ સંસ્કૃતના એવા પંડિત છે જે સ્વયં પ્રણવબ્રહ્મ પરાબ્રહ્મ વિમર્શ સરસ્વતીબ્રહ્મ ચૈતન્ય બ્રહ્મ છે, જેને લઈને વિશ્વને તથા ભારતને મહાગૌરવપણું છે. આપને અમારા ઘણાં ઘણાં અભિનંદન છે.

- શ્રીકૃષ્ણકેશવ શાસ્ત્રી...

સ્વામી ધર્મજીવનદાસજી.

શ્રીસ્વામિનારાયણ મંદિર, કચ્છ-ભુજ.

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં રહીને મહત્તા મેળવનારા **(શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું વિદ્યાર્થી તપોમયજીવન તો ઊગતી પેઢી માટે નૈતિક, ધાર્મિક, સંસ્કાર આપનારું દ્રષ્ટાંતરૂપ છે. સ્વયં થાકેલાને કહેતા જે, 'થાક કે આલસ્ય આવે ત્યારે મને કાર્યકર્તાએ સંભારવો, તમારો થાક આલસ્ય ઊડી જશે, ગભરાયણમાં મને સંભારવો, તમારી ગભરામણો ચાલી જશે, આપત્કાલમાં મને સંભારવો, આપત્કાલ તમોને અસર નહિ કરે, વિદ્યા ભણવામાં મને સંભારવો, તમો ભણવામાં આગળ વધશો, પરીક્ષાઓમાં જતા લખતી વખતે મારા દર્શન કરવા તમારા પ્રશ્ન પેપરોના વિષયોની જલ્દી સુઝ પડશે. મારું લેખન સંભારશો તો તમારી અકર્મણ્યતા નાશ થશે'.** આપ આચાર્યશ્રી તથા અન્ય ધર્મ સંસ્થાપકોએ ધર્મપ્રચારાર્થે જરૂર આ યુગમાં દેશોમાં સાથે ફરવું જોઈએ. આપ શાસ્ત્રીજીને અમારા ઘણાં અભિનંદનો છે.

- સ્વામી ધર્મજીવનદાસજી...

શાસ્ત્રી ભક્તિપ્રિયદાસજી.

સાંખ્યયોગી વેદાંતતીર્થ, સાહિત્યરત્ન
શ્રીસ્વામિનારાયણ વિદ્યામંદિર, ગઢપુર.

આપણો ભારત વર્ષ તત્ત્વ દૃષ્ટાઓ, અર્થાત ઋષિ મુનિઓનો દેશ છે. અતિ તત્ત્વજ્ઞાની પરંપરા અતિ દીર્ઘ અવિચ્છિન્ન રુપે ચાલી આવી છે જે પરંપરાને આપણે ત્યાં સંપ્રદાય એવું નામ પણ અપાય છે. તત્કાલીન દાર્શનિકોએ જીવનભરની આરાધના અધ્યયન અને અધ્યાપન, આદિ દ્વારા અનુભૂત નક્કર સત્યોને લેખિની મુખે પ્રકટ કરી, ભારતીય તત્ત્વજ્ઞાન નિધિને સર્વાધિક સુસમૃદ્ધ કર્યો છે.

આવા **અતિરોહિત તથ્યોને પ્રકટ કરતા અનેક મહાપુરુષો પૈકીના પરમ પૂજ્ય સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આજે આપણી સમક્ષ વિદ્યમાન છે. સ્વામીજીએ બાલ્યવયમાં જ ગૃહ પરિજનોનો ત્યાગ કરી, વિશુદ્ધ ભાગવતી દીક્ષા સ્વીકરી હતી, અનેક વર્ષ પર્યંત કાશી વાસ કર્યો હતો. આ સમયમાં તેમણે કઠોર પરિશ્રમપૂર્વક દર્શનોદધિનું મંથન કરી સાંખ્યયોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વ મીમાંસા અને ઉત્તર મીમાંસા વેદાંતરૂપ ષડ્દર્શનોની ઉપર અનેકવિધ ભાષ્ય, વ્યાખ્યા, વિવેચન, ટીકા અને ટીપ્પણી આદિ લખી પરવર્તી વ્યુત્પત્તિ માર્ગને સુગમ અને સુબોધ બનાવ્યો છે. ત્યાગ અને તપઃ પ્રધાન જીવન વિતાવતા સ્વામીજીએ અધ્યયન કાર્ય પૂર્ણ કર્યા પછી અનેક શહેરોમાં અસંખ્ય જિજ્ઞાસુઓની સભાઓમાં તે શાસ્ત્રોના સિદ્ધાંતને અને તેના સારરુપ ભગવાન શ્રીસ્વામિનારાયણના સ્વરૂપના મહિમાને પ્રતિપાદિત કરી શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયનું ગૌરવ વધાર્યું છે, તેમણે સંપ્રદાયની પરંપરાગત પ્રણાલિકાને અનુરુપ સર્વધર્મ સમન્વયની ભાવનાને જનતાની સમક્ષ સુરમ્ય રીતે છટાદાર સ્પષ્ટ શબ્દોથી પ્રકટ કરીને સંપ્રદાયની વિકાસ યોજનાને પણ સફળ બનાવી છે. પૂ. સ્વામીજીનું જીવન એક પરમ ભાગવત સંતનું જીવન છે. સદાચાર તો માનો તેમનો જીવનઆધાર છે. જ્ઞાન તો તેમના જીવનમાં એટલું વણાઈ ગયું છે એ માનો સ્વયં જ્ઞાનનિધિ હોય. વૈરાગ્યથી જ તેમનું આધ્યાત્મિક તેજ ચમકી રહ્યું છે. માહાત્મ્યપૂર્વકની પ્રેમ સહિત સેવા, જેને ભક્તિ કહેવાય છે, તે તો સ્વામીજીના જીવનમાં પ્રાણ સમાન અવિરત વિરાજી રહી છે. જેમ કે પ્રાતઃ સમયે સ્નાનાદિથી નિવૃત્ત થઈ ભગવદર્થે ચંદન, પુષ્પ, ધૂપ દિપાદિ, પૂજા દ્રવ્યોને સંપાદન કરવામાં તો અતિશય દાસવત્ નિર્માનીપણાંને આચર્યા હોય છે.**

સ્વામીજીએ પોતાના શારીરિક સુખને માટે કોઈ પણ વ્યક્તિની પાસે કોઈપણ વસ્તુની અપેક્ષા જણાવી નથી. ભગવત્-સ્વરુપમાં તેમને આકિંચન્ય અને અનન્યભાવ તો સતત જાગ્રત રહે છે. પરમાત્મા સ્વરુપમાં તૈલ ધારાવત્ અખંડવૃત્તિ રાખનારા આવા કલ્યાણ ગુણાશ્રય શ્રીગુરુજીના શ્રીચરણોમાં આશ્રય પામી તેમની પાસેથી સાંખ્ય, યોગ, વેદાંત અને મીમાંસા વગરે દર્શનોનું અધ્યયન કરીને મેં મારા જીવનને કાંઈક અંશે ઘડ્યું છે. તે પરમ પૂજ્ય શ્રીગુરુ ચરણોમાં કોટિ કોટિ વાર પ્રણામું છું.

-શાસ્ત્રી ભક્તિપ્રિયદાસજી...

શાસ્ત્રી ભક્તિપ્રિયદાસજી.

સાંખ્યયોગતીર્થ, વેદાંતતીર્થ,
શ્રીસ્વામિનારાયણ વિદ્યા મંદિર - ગઢડા

આજના વૈજ્ઞાનિક યુગમાં જ્યારે વિદ્વાનોનો વિકાસ થઈ રહયો છે, સાક્ષર અને પ્રગતિશીલ વિદ્વાનોએ ભારતીય દર્શનશાસ્ત્રોના વિવિધ ભાગોને સરળતાથી સમજાવવા ભાષ્યો, ટીકાઓ રચી આધ્યાત્મિક તત્ત્વમાં નવી ચેતના અર્પી છે. આ સૈકાના અનેક મહાપુરૂષોમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું સ્થાન આગળ છે. સામર્થ્યો, ઐશ્વર્ય, વિદ્યા, કલા, બુદ્ધિ, જ્ઞાનદાન એ બધા જનતાના હૃદયોમાં વ્યક્તિને અગ્રસ્થાન અપાવે છે. શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમાં બ્રહ્મનિષ્ઠતા, સાધુવ્રતા, શીલવ્રનિતા, દયાળુતા, નૈષ્કાપટ્ય, પરમેશચિન્તિતવા, પરોપકારિતા, ભક્તિ, નિર્લેપતા, અનહં અમમત્વ આદિ આદિ અનેક પરમેશ્વરની વિદ્યા ભણીને ગુણો પૂજનીયતાને અગ્રસ્થાનતાને પમાડનારા છે, તેમનાથી વિદ્યા ભણીને મારામાં સાત્ત્વિકભાવ પ્રગટ્યાં છે, તેમને મારા કોટિ દંડવત્ સાથે અભિનંદનો છે.

- શાસ્ત્રી ભક્તિપ્રિયદાસજી...

સદ્‌ગુરૂ સ્વામી અક્ષરપુરૂષદાસજી.

શ્રીસ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શાસ્ત્રીજી મહારાજ આપે સદ્‌ગુરૂ શ્રીગુણાતિતાનંદ સ્વામીશ્રીની ઉપદેશ વાર્તાઓ પાંચ પ્રકરણોને સંસ્કૃત શ્લોકોમાં બનાવી તેથી હું બહુ જ રાજી થાઉં છું. સદ્‌ગુરૂ શ્રીગોપાળાનંદ સ્વામીજીની ઉપદેશ વાર્તાઓ ત્રણ પ્રકરણોને સંસ્કૃત શ્લોકોમાં કરી તેથી પણ ખૂબ જ પ્રસન્ન થાઉં છું. બંને ગ્રંથો મુખ્ય ઉપદેશોના છે. શ્રીગુણાતિતાનંદ સ્વામીશ્રીની વાર્તાઓના અભ્યાસવડે બ્રહ્મરૂપ થવાય છે, અને શ્રીગોપાળાનંદસ્વામીશ્રીની વાર્તાઓના અભ્યાસ વડે શ્રીહરિના જ બ્રહ્મલોક જવાય છે, તેમજ મૂર્તિમાં જોડાવાય છે. આવા સંસ્કૃતના શ્લોકોમાં કથા ગ્રંથો મૂલ સ્વરૂપ થયા તેથી આપે શ્રીહરિના સત્સંગની ઉન્નતિની સેવા બજાવી છે, તેથી શ્રીહરિ, સદ્‌ગુરૂઓ અને સંતો રાજી થઈએ છીએ, આશીર્વાદ - અવિચળ કીર્તિવાળા હો.

- સદ્‌ગુરૂ સ્વામી અક્ષરપુરૂષદાસજી...

શાસ્ત્રી ભક્તિપ્રિયદાસજી.

સાંખ્યયોગતીર્થ, વેદાંતતીર્થ, સાહિત્યરત્ન,
શ્રીસ્વામિનારાયણ વિદ્યા મંદિર, ગઢડા.

આજના વૈજ્ઞાનિકયુગમાં વિદ્યાનો વિકાસ થઈ રહ્યો છે. સાક્ષર અને પ્રગતિશીલ વિદ્વાનોએ ભારતીય દર્શન શાસ્ત્રોનાં વિવિધ ભાગોને સરળતાથી સમજાવવા ભાષ્યો-ટીકાઓ રચી આધ્યાત્મિક તત્ત્વમાં નવી-નવી ચેતના આપી છે. આ સૈકામાં અનેક વિદ્વાનો થયાં. તેમાં પૂજ્ય શાસ્ત્રીજી 'શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામિનારાયણ'નું સ્થાન અગ્રેસર રહ્યું છે. શાસ્ત્રીજીએ સતત વીસ વર્ષ કાશીમાં વાસ કરી દર્શન શાસ્ત્રો ઉપર ષડ્દર્શનાચાર્ય અને નવ્યન્યાયાચાર્ય જેવી મહત્ત્વની ઉપાધીઓ મેળવી એક નામાંકિત ધૂરંધર વિદ્વાન તરીકે બહાર પડી શાસ્ત્રોમાં અનેક વાર વિજય મેળવી દાર્શનિક પંચાનન જેવી ઉપાધી મેળવી સનાતન ધર્મના વિકાસ માટે વિવિધ શહેરોમાં અને વિદ્યાધામોમાં જાહેર સભાઓ યોજી વૈષ્ણવ સંપ્રદાયના આધાર સ્તંભરૂપ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયની જ્યોત પ્રગટાવી 'વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ' ઉપાધી પ્રાપ્ત કરી ભાવિ વિદ્વાનોના વિકાસાર્થે દાર્શનિક તત્ત્વોના ગહન ગ્રન્થો ઉપર ટીકા - ભાષ્યો રચી સનાતન ધર્મના આચાર્યાની પ્રતિભાને વિસ્તારી સ્વયં ધર્માચાર્ય રૂપે પ્રસિદ્ધ થયા છે. આવા ભારતીય દર્શનશાસ્ત્રના અજોડ વિદ્વાન પંડિત વર્ય પૂજ્ય શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની પાસેથી વિદ્યાભ્યાસ કરી જગપ્રસિદ્ધ બનેલા ઘણાં વિદ્વાનો તેમની ઉજ્જવળ કીર્તિને વિસ્તારી રહ્યાં છે.

આ રીતે ભગવાત્ પરાયણ જીવન જીવી બ્રહ્મનિષ્ઠ સ્થિતિને અનુભવતા, જગતના માનવીઓ ઉપર જ્ઞાનપ્રભાને વિસ્તારતા પૂજ્ય શાસ્ત્રીજીને અમારા કોટિ-કોટિ વંદન સાથે અભિનંદન છે.

- શાસ્ત્રી ભક્તિપ્રિયદાસજી...

કવિ સ્વામી ભક્તિપ્રિયદાસજી.

શ્રી સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ.

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સંસ્કૃત વાણી તે દેવવાણી છે, તેને ગ્રહણ કરવાથી અનેક વિદ્વાનો થયા છે. તેમાં પણ સદ્‌ગુરૂ શાસ્ત્રી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તો પૂર્ણ વિદ્વાન થયા છે. ભારત ભૂમિમાં ભગવાનના અનેક અવતારો થયા છે, તેમાં શ્રીસ્વામિનારાયણ ભગવાન તો સર્વોત્તમ અવતારી થયા તેમના આ સદ્‌ગુરૂ શાસ્ત્રી ઉપાસક છે.

શાસ્ત્રો પણ અનંત છે, તેમાં આહરિ સંભવ મહાકાવ્યમાં પર બ્રહ્મ અવતારી શ્રીસ્વામિનારાયણ શ્રીહરિના જન્મ કર્મ ગુણાનુવાદ હોવાથી તેમનું સંશોધન તથા પ્રસ્તાવના આપ જેવા વિદ્વાનોએ લખી તેથી સર્વ કાવ્યમાં સર્વોપરી કાવ્ય થયું તેનો લાભ હજારો વિદ્વાનો તથા સંતો, હરિભક્તો લેશે તે નિમિત્તે આપને મારા હૃદયના પ્રેમથી અભિનંદન.

સત્સંગી હોય તે જાણે છે, જાણે છે ને સંભારે છે, સત્સંગી હોય તે જાણે છે.
મહિમા સુણાવું નિજ મંદિર નો, સૌ સાંભળો સત્સંગી જનો,
શ્રીજી પ્રતાપે નિજ મંદિર નો, વ્યવહાર રુડો ચાલે છે, સત્સંગી... (૧)
નિજ મંદિર કામ પુરું રે થયું, ત્યારે શ્રીજી તણું સામૈયું થયું,
મોટર, ગાડી, વાજાથી થયું, સાથે સંતોને બેસાડ્યા છે, સત્સંગી... (૨)
નિજ મંદિરના કોઠારીજી, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી,
ષોડ્‌શોપચારે પૂજન કીધું, જેના આજ સત્સંગ ઋણી છે, સત્સંગી... (૩)
બે હજાર આઠના શુભ વર્ષ, માગશર શુદ આઠમના દિવસે,
રૂડા એવા ગુરૂ વારે, ઉત્સવ પ્રતિષ્ઠાનો ઉજવાણો છે, સત્સંગી... (૪)
મૂર્તિ પધરાવી સિંહાસને, આરતી ઉતારી પ્રભુતાનનો,
આચાર્ય મહારાજ શ્રીનાથને, શુભ દિવસ આજનો, મનાયો છે, સત્સંગી... (૫)
મધ્ય શિખરમાં વિરાજે છે, લક્ષ્મીનારાયણ સાથે સ્વયં છે,
ડાબી બાજુ ધર્મ ભક્તિ હરિકૃષ્ણ છે, જમણી બાજુ ઘનશ્યામ વિરાજે છે, સત્સંગી... (૬)
સેવા હોય જેની નિજ મંદિરમાં, થોડાં તનમાં કે ધનમાં,
તેને માટે શ્રીજીના મનમાં, રુડો આશીર્વાદ લખાયો છે, સત્સંગી... (૭)
આ મહિમા નિજ મંદિર તણો અમારી બુદ્ધિ પ્રમાણે ગવાયો ઘણો,
ક્ષતિયોની માફી યાચવા તણો, ઉત્સવ મંડલીયે નિરધારેલ છે, સત્સંગી... (૮)

તા.૨૭-૮-૧૯૬૮

- કવિ ભક્તિપ્રિયદાસજી...

વેદાન્તાચાર્ય સાધુ ભક્તિપ્રિયદાસજી.

પ્રધાનાચાર્ય, બી.એ.પી.એસ., શ્રીસ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળા, મુંબઈ.

અનન્ત કલ્યાણ ગુણગણનિધિ પૂર્ણપુરૂષોત્તમનારાયણ, શ્રીસ્વામિનારાયણ, શ્રીસહજાનંદસ્વામી સર્વોપરિ ભગવાન અનેક કોટિજીવોના ઉદ્ધાર માટે, કલ્યાણ માટે આ ભારતમાં અક્ષરમુક્તો ઐશ્વર્યો અને પાર્ષદો સહિત પ્રગટ થયા છે. તેમણે સર્વોપરિ સંપ્રદાય સ્થાપ્યો છે. સર્વોપરિ આચાર્યો અને સર્વોપરિ મન્દિરો સ્થાપ્યા છે. **ભગવાન્ સ્વામિનારાયણના આશ્રિત તથા ગુરુકૃપા મેળવનારા નવ્યન્યાય વેદાંત સાંખ્ય મીમાંસાદિ શાસ્ત્રોમાં આચાર્ય પદવી મેળવનારા, ષડદર્શનાચાર્ય, અદ્વિતીય વિદ્વવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજ અનુપમ વૈદુષ્ય વડે અનન્ય ગુણગૌરવ વડે પ્રખ્યાત નામધારી વર્તે છે. આ પ્રાજ્ઞોત્તમ અંતે ભગવાન શ્રીસ્વામિનારાયણના સિદ્ધાંતોને અનુસારે સંપ્રદાયના જ્ઞાન વિતરણ માટે વિવિધ શાસ્ત્રાત્મક નિજકૃતિ વિષય ગ્રંથોને રચી કેવલ સ્વામિનારાયણ સંપ્રદાય જ નહિ કિન્તુ વિશ્વનાં સંસ્કૃત સમાજ પર મહાન ઉપકાર કરેલો છે. અમારી પાઠશાલાના છાત્રોને શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજીએ તત્ત્વજ્ઞાન ન્યાય વેદાંતાદિ વિષયોના પ્રશ્નોના વિવેચનો પ્રત્યુત્તરો પ્રેમપૂર્વક સંતોષકારક કર્યા છે અને કરે છે, તે વડે જ પોતાના વૈદુષ્યગુણનું સરલપણું અપરિચિતો ને પણ અનાયાસે જ ખ્યાપન કરે છે.** શ્રીસ્વામીજી મહારાજે તત્ત્વજ્ઞાન સંબંધી શાસ્ત્રોમાં ભગવાન સ્વામિનારાયણના, તથા બ્રહ્મ પરબ્રહ્મ, તથા આત્મા પરમાત્માનાં તથા અક્ષર અક્ષરાતીતના સર્વોપરિ સિદ્ધાન્તો અને રહસ્યમયમ્ વિશિષ્ટાદ્વૈતમાં પણ વિશિષ્ટ બ્રહ્માદ્વૈતત્ત્વ પ્રતિપાદન કરેલું છે તે મુમુક્ષુ વિદ્વાનો માટે તો મહાન ઉપકારક છે.

સંપ્રદાય તથા અન્યને માટે પરમ ઉપયોગી સેવા કરવા માટે ભગવાન સ્વામિનારાયણ પરમાત્મા શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજી શાસ્ત્રીજી મહારાજને કુશળતા સાથે સો વર્ષ હયાત રાખે એવી શુભેચ્છા સાથે હું વિરમું છું.

તા. ૧-૧-૭૬

- સાધુ ભક્તિપ્રિયદાસજી...

❋ રાજકીય મહાનુભાવોના શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને અભિનંદન ❋

ડો.જાકીર હુસેન.

ભારત સરકાર, રાષ્ટ્રપતિ, નવી દિલ્હી.

ભારતના ઉપકારક મહાન વિદ્વાન સંત પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને મારા અનેક સન્માન સાથે અભિનંદન પ્રાપ્ત થાઓ.

- ડો.જાકીર હુસેન...

ડો. ફકરૂદીન અલી અહમદ.

ભારત સરકાર, નવી દિલ્લી.

સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું સન્માન એ સમગ્ર રાષ્ટ્રનું સન્માન છે. વિદ્વાનો, સંતો, મહાપુરૂષો એ સર્વે દેશનાં સહિયારા છે તેથી તે ઉપર કોઇ એક જ દેશનો અધિકાર હોઇ શકે નહિ, **સ્વામીશ્રી જન્મે ભારતીય છે, પણ સમસ્તવિશ્વ તેમના જેવા ગૌરવશાલી સંત ઉપરથી ગર્વ લઇ શકે અપનાવી શકે અને બોધપાઠ શીખી શકે, એવા સંત ઓલિયાને મારા અભિનંદન છે.**

તા.૩-૫-૭૬

- ડો. ફકરૂદીન અલી અહમદ...

શ્રીમતી ઇંદિરાબેન ગાંધી.

વડાપ્રધાન, ભારત સરકાર, નવી દિલ્હી.

મહા કવિવર પંડિતવર સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ જામનગરમાં નિજ ભવનમાં બિરાજીને એકાગ્રતામાં વર્તીને શ્વેતાયન વ્યાસ સ્વયં નામ ધારણ કરીને શ્રીશ્વેતાયનસંહિતા લખી, જે લક્ષ્મીનારાયણસંહિતા નામથી પ્રસિદ્ધ છે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વયં શ્વેતાયનવ્યાસજી વર્તમાન યુગમાં જ વિદ્યમાન છે. **સંતો સમાજમાં સંસ્કારોના સંરક્ષકો છે, તેમનું સન્માન કરવું સમગ્ર દેશના વિદ્વાનોનું સન્માન કરવા બરાબર છે, તેઓ પવિત્રતા અને પાવનતાના પ્રતિકો છે. ભારતના આ પવિત્ર સેવકને યુગો યુગો સુધી ભારતની નવી પેઢી સ્મરણ કરતી રહેશે,** એમને મારા અભિનંદન છે.

- શ્રીમતી ઇંદિરાબેન ગાંધી...

બાબુભાઇ જશભાઇ પટેલ.

મુખ્યમંત્રી, ગુજરાત રાજય. ગાંધીનગર.

શ્રીસ્વામિનારાયણ ધર્મ સંતો વડે બ્રહ્મનૈષ્ઠિકો વડે ઉજળો છે, સંતોમાં તમામ ઉત્તમ ધર્મો વ્યાપેલા છે. એક પછી એક પ્રખ્યાત વિદ્વાનો થતા આવે છે. વર્તમાન યુગમાં સર્વશાસ્ત્રોના પાર પામેલા મહામહોપાધ્યાય ન્યાયાચાર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામીશ્રી તાર્કિક ન્યાયિક, ધુરંધર જૂનાગઢ સૌરાષ્ટ્રમાં વિરાજે છે. **આવા વિદ્વાનો સંપ્રદાયના ધ્રુવતારા છે, સૂર્ય છે, અંજવાળા આપે છે, જનતાને પવિત્ર રાખે છે, દેશના વિદ્વાનોમાં ઉચ્ચકક્ષાના આવા વિદ્વાનને ભારતીય વિદ્વાન સમ્માન આપે છે.** શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના સન્માનની યોજનામાં શુભપ્રસંગે મારા અનેકાનેક અભિનંદનો પાઠવું છું, મારા સદંડવત્ પ્રણામ, જય સ્વામિનારાયણ.

- બાબુભાઈ જશભાઈ પટેલ...

કે.કે. વિશ્વનાથન.

ગુજરાતના રાજ્યપાલ. મુંબઇ.

આલોક પરલોકની વિચક્ષણ બુધ્ધિવાળા તેજસ્વી વિદ્વાન સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પરમેશ્વરના સાચા સેવક છે, ઝડપથી દોડતા આવા યુગમાં માનવોને શાંતિ આપવી તે આધ્યાત્મિક સાધન વિના થઈ શકે નહિ. **રાષ્ટ્રને શાંતિ આપનારા આ મહાપુરૂષ સરસ્વતીના મહાન ઉપાસક, સાધક, અમૃતપુરૂષ સંત, મહાપ્રજ્ઞાશીલ તેજસ્વી સારસ્વત અદ્‌ભુત વિભૂતિ છે. એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ શાસ્ત્રો દ્વારા, ભક્તિદ્વારા, ત્યાગાશ્રમ દ્વારા સમાજની ઘણી સેવા કરી રહ્યાં છે. ભારતની શ્રીદીપાવી છે.** ગુજરાતના આવા પવિત્ર સંતના અભિનંદનના આવા પાવન પ્રસંગે મારી શુભેચ્છાઓ પાઠવું છું, આપ સમાજ સેવા વધારે કરો.

- કે.કે. વિશ્વનાથન...

વિશ્વનારાયણ શાસ્ત્રી.

લોકસભા સદસ્ય, નવી દિલ્હી.

નિરંતર વિદ્યાના વ્યસની, પદ-વ્યાકરણ, વાકય-મીમાંસા, પ્રમાણ, ન્યાયશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, અલંકાર સાહિત્યકાર, કાવ્યશાસ્ત્રી, ઈતિહાસ પુરાણ અને કથાનકો રૂપી મહાસાગરોના પાર લેનારા, એવા **પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીશ્રી ભાગવતવંશ, મહર્ષિવંશ, વિદ્વદ્વંશોની પારંપરિક કર્તવ્ય રીતિને અનુસરીને બાદરાયણ વ્યાસ તથા જૈમિનીય ઋષિ સાથે ગૌતમના ન્યાય જિજ્ઞાસાવાળા વિનેય વિદ્વાનોને શાસ્ત્રીય સંપત્તિ પ્રત્યક્ષ કરી દેખાડતા એવા તેઓ નૈસર્ગિક નિજધી બુદ્ધિ પ્રતિભાઓ વડે નિજનામધન્ય પ્રશંસાપાત્ર વિરાજે છે. જે શાસ્ત્રો ટીકાને આધારે ગમ્ય થાય એવા શાસ્ત્રોમાં પોતાના વિશાલ તાર્કિક જ્ઞાનને ઉપર્યુકત કરીને તે તે શાસ્ત્રો ઉત્સુક વિદ્વાનોને ઉપયોગી કર્યા છે, એટલું જ નહિ પણ મંદમતિવાળાઓને પણ ઉપયોગી કરી દીધા છે.** શ્રીસ્વામીજી સ્વયં તપ વડે પરિશ્રમ વડે ગીર્વાણવાણીમાં કાયમી પરિશીલતાવાળા થઈ જે રીતે તે ભાષામાં જ સર્વ તત્ત્વજાલ સરલપણે સ્પષ્ટ સમજી શકાય તેવી રીતે ભાષ્ય ટીકાઓ રચનારા થયા છે. ગુર્જર, હિન્દી, સંસ્કૃત આદિ ભાષાઓમાં શાસ્ત્રીય જ્ઞાન સર્વેને સુખથી પ્રાપ્ત થાય એમ શાસ્ત્રોને સુબોધ્ય કરે છે, આવા પરમ પૂજનીય સ્વામીશ્રીના સમ્માનવર્ધન માટે અભિનંદનનું જે આયોજન કરાય છે, તે આયોજક એવા તમો સર્વે પૂજનીયની પૂજાનો ઉત્સવ કરો છો, તે બરાબર છે અને પૂજનીય પૂજાનો વ્યતિક્રમ એવું લખાણ તો શબ્દમાં જ રહેલુ કર્યું છે અર્થમાં નહિ, અર્થમાં તો પૂજનીયનો સત્કાર બરાબર છે, આમ આચરણમાં પ્રવૃત્ત તમો બધા ધન્યવાદને યોગ્ય છો, હું પણ તેમાં છું, તેઓ તમોને આમાં વિશેષ શ્રદ્ધા વડે અભિનંદનીય અંજલિ અર્પુ છું.

- વિશ્વનારાયણ શાસ્ત્રી...

વિશ્વનારાયણ શાસ્ત્રી.

મેમ્બર ઓફ પાલમિન્ટ, નવી દિલ્હી.

સ્વામીજી મહારાજે શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસ ભગવાન પછી પાંચ હજાર વર્ષોના વચગાળામાં થયેલા વિભિન્ન આચાર્યોના સંસ્કૃત પ્રસ્થાનોથી વધારે પ્રભાવિત દર્શન શાસ્ત્રો તમામ ઉપર અદ્વિતીય અપાર વિચાર ભર્યા મૌલિક ભાષ્યો અને ગ્રંથો ટીકાઓ લખી સારસ્વત જગતની સેવા કરી છે. તે સેવા બદલ શારદાદેવી આપને માટે મહા યુગાંત પર્યંત મહાકીર્તિમાં વળતર આપે એવી શ્રદ્ધેય ભાવના સમર્પણ કરું છું, **આપ અવિનાશી અવતારી પુરૂષ છો, આપનો આશ્રય કરશે આપના ગ્રંથોને વાંચશે તથા આપને સેવશે તે તમામ નિઃશ્રેયસમાં જશે** એવી ભાવના ધરાવતો.

તા. ૧૫-૨-૭૬

- ભવદીય વિશ્વનારાયણ શાસ્ત્રી...

ગુલઝારીલાલ નંદા.

નવી દિલ્હી.

ભારતીય સંસ્કૃતિ, રાષ્ટ્રીય એકતા, માનવતા અને જ્ઞાન-વિજ્ઞાનની સાધના, ભક્તિ તથા ત્યાગિતા, એ બધાનો સમન્વય સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમાં જોવા મળે છે. આપ મુંબઈમાં મારે બંગલે પધાર્યા હતાં, મને ઘણો ઉપદેશ આપ્યો હતો, દર્શનોના અને સંપ્રદાયના તત્ત્વો સમજાવ્યાં હતાં, મને અને દમયંતીને ઘણું ધાર્મિક જ્ઞાન જાણવા મળ્યું હતું. સંપ્રદાય તથા શાખા પણ સમજાણી હતી, મેં ઘણી શુધ્ધિ, જ્ઞાનશુધ્ધિ મેળવી હતી, આપ મને આશીર્વાદ આપી ઉભાં થયાં, મેં મારી મોટરમાં તમોને તીસરા ભોયવાડાનાં મંદિરે પહોચાડ્યાં હતાં. તે દિવસથી મને એવી ઓળખાણ થાય છે, જે **અનેક વિદ્વાનો આવા એક સંત વિદ્વાનમાં સમાઈ જાય તેમાં પણ વિદ્વાન સંતમાં તો સમગ્ર વાડમય જગત સમાઈ જાય છે,** આવા આપ સંતને મારા હજારો અભિનંદન છે.

- ગુલઝારીલાલ નંદા...

ડી.કે. લાડવા.

એમ.એ., આસિસ્ટન્ટ ડાયરેક્ટર, એસ.એસ. ફાઈનાન્સ ડિપાર્ટમેન્ટ,ગુજરાત સરકાર.

સ્વામી શાસ્ત્રી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી જ્ઞાનમાં આધુનીક યુગનાં પથદર્શક છે. તેમણે દર્શનશાસ્ત્રમાં આપેલો ફાળો તેમજ ધાર્મિક તાત્ત્વિક પુસ્તકોની શ્રેણી માત્ર એક ધર્મમાં કે તત્ત્વદર્શનમાં સિમાસ્તંભ નથી પરંતુ બંને પૂર્વીય અને પશ્ચિમી વિશ્વ માટે નવી પેઢી માટે પ્રેરણાસ્ત્રોત રહેશે. જે પ્રેરણા, ઉજાસ, શાંતિ સ્થાપશે.

હકિકતે તેમનો સમૃધ્ધ અને વૈભવશાળી ફાળો આજનાં પૂર્વીય તત્ત્વચિંતક અને ધર્મમાં વિશાળ સ્વરૂપે રહેલો છે. જેથી તે અનહદ ઉત્કટતા બહાર પણ જેવા કે પૂર્વિય પ્રદેશોમાં પણ સ્વીકારાઈ છે. તેઓ પણ મોટા પૂજ્યભાવ રૂપે તેને સ્વીકારતાં અને સમજતાં થયાં છે. આવી મહાન વ્યક્તિને ખૂબ જ આદરભાવ અને વંદન. તેઓ ગૌરવશાળી અને દૈવીકૃપાયુક્ત વ્યક્તિ છે. તેમની પ્રાથમિક્તા તેઓ વિદ્વાન છે. તેઓ તે ઉપરાંત સ્વીકારવાવાળા, કદર કરવાવાળા અને આદર ભાવવાળાં છે. માત્રને માત્ર એક તત્ત્વચિંતક નથી. તેઓ વધારે ગુણિયલ, પારદર્શિત અને સહજ જીવનને સમર્પિત તેમજ તે બધા ગુણ ઉદાહરણ રૂપે સાચા જીવનનાં સંત તરીકે ઓળખાય છે. ખરેખર **એક મહાન મનુષ્ય હજારો વર્ષોમાં એક વખત જન્મે છે. તે ભારત માટે ગર્વ લેવા સમાન બાબત છે કે આવો એક મહાન પુત્ર ભારતની ધરતી પર જન્મ્યો છે.** મારા ક્ષુદ્રના તેમને (મહાન વ્યક્તિને) સલામ છે.

- ડી.કે. લાડવા...

❋ વિદેશની યુનિ.ના વિદ્વાનોના શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને અભિનંદન ❋

ડો. જ્યોર્જ ગાર્ડોના.

યુનિવર્સિટી ઓફ પેન્સાઇલવેનિયા, ફિલોડેલ્ફિયા, (અમેરિકા).

પંડિતજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને સન્માન અને અભિનંદન અર્પીને પણ તેમના સદા ઋણી જ છીએ. આપે અમારા માટે, ભારત માટે, વિશ્વ માટે, સંસ્કૃતના અથાહ અભિનવ ગહન ફિલોસોફીઓના ગ્રંથો લખી આપ્યાં છે, જે તમામ વિદ્યાઓના મૂર્ધજન્ય છે, તમામ વિદ્વાનોને અતિ ઉપયોગી છે. આત્મજ્ઞાનમાં સત્પ્રમામાં અતિશય સૂર્યવત્પ્રકાશક છે. આપશ્રીનું વિદ્વાન સંત નૈષ્ઠિક વિદ્યામય જીવન બીજાને દાખલારૂપ થશે જ, આપ અઢાર કલાક સતત લેખનમાં જ મગ્ન રહો છો, આપની આ સુવાસ દેશોના વિદ્વાનોમાં પ્રસરી છે. નેત્રે જોયેલી સ્થિતિ વખણાય છે. **આપ વિશ્વના કલ્યાણ કર્તા છો, દેવોને નિંદ્રા નહિ, તેમ આપને સ્વપ્ન નહિ, આપ શારદાસિધ્ધ મહાયોગી ઈશ્વર છો,** આપને માટે અમારે સર્વસ્વાર્પણપૂર્વક નમ્રાભિનંદન હો.

- જ્યોર્જ ગાર્ડોના...

ડો. જ્યોર્જ ગાર્ડોના.

યુનિવર્સિટી ઓફ પેન્સાઇલવેનિયા, ફિલોડેલ્ફિયા, (અમેરિકા).

યોગી પરમપુરૂષ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને મારા જ્ઞાન, ભક્તિ અને શ્રદ્ધાવાળા અભિનંદન સમર્પુ છું. આપને સમ્માનતા મને ઘણો આનંદ થાય છે, **આપે સંસ્કૃત અભ્યાસ કરી ગ્રંથો દ્વારા જ્ઞાન આપી જનસમાજને તે માર્ગે દોરવા પ્રયત્ન કર્યો છે, આપનું જીવન બીજાને દૃષ્ટાન્ત લેવા લાયક છે.** આપને સદાને માટે મારી નમ્ર શુભ ધારણાઓ ફળીભૂત હો.

- જ્યોર્જ ગાર્ડોના...

ડો. જ્યોર્જ ગાર્ડોના

યુનિવર્સિટી ઓફ પેન્સાઈલવેનિયા,
આર્ટ્સ એન્ડ સાયન્સ વિલિયમ્સ હોલ, સીયુ. (અમેરિકા).

આપની ઘણી કૃપા માટે હું આપને ઘણાં ઘણાં ધન્યવાદ આપું છું, કે જે તમોએ પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના સમ્માનમાં એક અભિનંદન ગ્રંથ તમામ શિક્ષિત જગત તરફથી તૈયાર કરી રહ્યા છો તેમાં મને યાદ કરેલ છે, હું ઘણી ખુશાલી સાથે જણાવું છું જે, આપે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ દુનિયાના મહાન આચાર્યશ્રીને એક સમ્માનિત અભિનંદન અર્પણ કરવા ધારેલ છે. **સ્વામીશ્રી સ્વયં સંસ્કૃતના મહાન અભ્યાસી છે અને ફિલોસોફર તથા લિટરેચર છે, તથા તેમણે બીજા પણ ઘણા ગ્રંથો લખ્યા છે, આ વિદ્વાનની જીંદગી, જીવન, સત્કર્મ, આખા સંસારને નિજ આધ્યાત્મિક ઉદ્યમમાં ઉપયોગી દાખલારૂપ થશે.** આવા પ્રણયી, સંયમી, બ્રહ્મવતી, સારસ્વત વિદ્યાનિધિ, આચાર્ય સંતવર્ય ત્યાગી પરમ પુરૂષને હું સારી શ્રદ્ધાયે શાશ્વતકીર્તિ માટે, સ્વાસ્થ્ય માટે અને હિતકર પ્રવૃત્તિ કૃતિઓ માટે સદા દીર્ઘજીવી ઈચ્છું છું. ફરીથી આપ વિદ્વાનોને ધન્યવાદ આપું છું. મારી શુભ ભાવનાઓ સાથે વિનીત.

તા. ૬-૩-૭૬

- જ્યોર્જ ગાર્ડોના...

ડો. જ્યોર્જ ગાર્ડોના

પેન્સાઈલવેનિયા, યુનિવર્સિટી, (અમેરિકા).

મારા માટે તો આનંદ અને સમ્માનની વસ્તુ એ છે જે, મને ભારતના એક મહાન ગૌરવશાલી વિદ્વાન પુરૂષની સેવા ભાવના મળી અને તેમને અભિનંદન આપવાની તક મળી. **આ સંતનું જીવન સારસ્વત સેવા પરાયણ છે, પોતે બ્રહ્મપરાયણ છે, તેમનો અધ્યાપ્ય વર્ગ જગતભરની શાળાઓમાં સંસ્કૃત ગ્રંથો ભણે છે.** આપને પ્રભુ કુશળ રાખે, આપ દ્વારા સેવાઓ કરાવે, એવા અભિનંદન અર્પું છું.

- જ્યોર્જ ગાર્ડોના...

ડૉ. માઇકલ ટૅંક (ડી.લિટ્).

ટાન્ઝાનિયા.

સત્સંગ સાથે વિદ્વતા હોય તો ભક્તિ પુષ્ટ થાય તો ભકતાત્મા વિજ્ઞાની બ્રહ્મભૂય થઈ જાય અને ઉત્કૃષ્ટ અવસ્થામાં પહોંચી જાય છે. જ્ઞાન, ભક્તિ, સેવા, સંસ્કૃતત્ત્વચિંતન, પદાર્થજ્ઞાન, અધ્યાત્મપ્રભા, આદિકનો ઉપયોગ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ દેશના ઉદ્ધાર માટે કર્યો છે. **પરદેશના લોકોને પણ ભારતીય ઉપાસનાના તરીકાનો લાભ મળે તે માટે શ્રીશાસ્ત્રીજીએ ઘણાં ઉપદેશો પણ આપ્યા છે, સૂક્ષ્મઉપદેશો પણ આપ્યા છે. તીક્ષ્ણ બુધ્ધિવાળાઓને માટે તીક્ષ્ણ જ્ઞાનવાળા ભાષ્યો ટીકાઓ પણ રચી આપ્યાં છે. પૃથ્વીમાં ક્યાંય પણ નિજથી અજાણ્યા ન રહેવા માટે નવાયુગમાં શ્રીઆચાર્યજી શ્વેતાયન મહર્ષિએ તમામ ખંડોના દેવીવૃત્તાંતો પણ લખ્યા છે.** ઓસ્ટ્રેલિયા, જાવા, સુમાત્રા, શ્યામબ્રહ્મદેશ, ઈન્ડો ચાઈના, ચીન, જાપાન, રશિયા, વિલાયતના ભાગો ઉરલપર્વત, હિમાલય પર્વત, કારાકોરમ પર્વત, ભારત, લંકા, આફ્રિકા, આર્ટિક ઈંગ્લાંડ, આયર્લેન્ડ, ગ્રીનલેન્ડ, કેનેડા, ઉત્તર દક્ષિણ અમેરિકા, અરબસ્તાન તે સિવાયના ઉપસાગર, મહાસાગરો, સ્વર્ગ, મર્ત્ય, પાતાલ, ઋષિ, દેવ, પિતૃ, આવરણ, ઈશ્વરલોક, બ્રહ્મલોક આદિ તમામ વિષયોને આવરીને તેની પ્રજાઓ તેમના ધર્મોજ્ઞાતિ વિગેરે વિગેરે વિષયો ધ્રુવ ગ્રહો સપ્તર્ષિઓ તીર્થો તમામના ગીતિકાઓ જ્યોશ્ચક્રૌ, વિધિઓ અને વિમાનો આદિ આદિ અસંખ્ય ચીજોને શ્રીશ્વેતાયનસંહિતામાં ઉપદેશ્યા છે. આવી બાબત શ્રીકૃષ્ણની પરાશક્તિ વિના કે શ્રીરામની સીતા શક્તિ વિના કે શ્રીનારાયણની લક્ષ્મીશક્તિ વિના કે શ્રીબ્રહ્માની સરસ્વતી શક્તિ વિના કે શ્રીશંકરની પારવતી શક્તિ વિના કે શ્રીવિષ્ણુની રમાશક્તિ વિના કે શ્રીસૂર્યની પ્રભાશક્તિ વિના કે શ્રીમહાપુરૂષની પ્રકૃતિ શક્તિ વિના કોઇ કાર્ય લખી શકે નહિ. તે તમામમાં પહોંચેલા **પરબ્રહ્મ, સગુણબ્રહ્મ, સુમૂર્ત નારાયણબ્રહ્મ, નૈષ્ઠિકવ્રત, બ્રહ્મચર્ય વ્રતધારી, સ્વયં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી છે. તેઓશ્રી વિશ્વમાં બ્રહ્માણ્ડોમાં સર્વત્ર યથોપેક્ષા પ્રગટ થતાં આવે છે, તેમણે આપણને જે જ્ઞાન આપ્યું છે તે ખૂટે એવું નથી. તેમના મહિમામાં આપણો મોક્ષ થઈ જાય તેવું આપેલ છે, તેવી સમજણ તેવો સ્નેહ ભક્તિ સેવા વિગેરે આપણે આ પરમપુરૂષમાં કરી લેવા અને એમની પ્રસન્નતા મેળવવી તેમના નિજ મંદિરોમાં તેમને સેવવા તેમની દિવ્યમૂર્તિને ધારવી, ધ્યાનમાં રાખી સમાધિ મેળવવી આ બધા અભિનંદન છે. ભવિષ્યમાં જેમ જેમ ગ્રંથોના વાંચનારા થતા જશે તેમ તેમ તેઓના અભિનંદન પણ થતા જશે.** અમારા પણ અભિનંદન આપને મળો. આપનો ઉપાસી પ્યાસી.

- ડૉ. માઇકલ ટૅંક...

યુ.વી. લંડન (શાસ્ત્રાધ્યાપક).

વિકટોરીયા, ઓસ્ટ્રેલીયા.

સ્વયંબ્રહ્મ, સગુણસ્વરૂપ, સ્વામીશ્વર, મહાપંડિત, મંડલીશ્વર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી વેદ, વેદાંગ, દર્શનશાસ્ત્ર, પુરાણતર્ક, ન્યાય વૈશેષિક, વેદાંત, મીમાંસા, ધર્મશાસ્ત્ર, ઈતિહાસ, કાવ્ય, તત્ત્વજ્ઞાન વિગેરેના પ્રકાંડ વિદ્વાન છે. મહાન ભાષ્યકાર તત્ત્વવેતા છે, ગહન તત્ત્વચિંતક નવીન આવિષ્કારક, નવ્ય પ્રતિભાશાલી, **ભારતના દુર્લભ રત્નપુરૂષ છે, જે હજારો વર્ષોમાં કયારેક જ જન્મ લે છે. તેવા મહાન બ્રહ્મઋષિ, સર્વશાસ્ત્ર નિષ્ણાત અધ્યાત્મચિંતક, ધારણા ધ્યાનાભ્યાસી એકાગ્રતાયોગી સિદ્ધમુનિ, બ્રહ્મવ્રતી શીલપરક, પ્રકાંડવિદ્વાન, વિશ્વકલ્યાણ ચિંતક, શુધ્ધ પુરૂષોત્તમ અવતારી, જ્ઞાની, સર્વજ્ઞ પવિત્ર સંતસ્વરૂપ છે, ભારતના વ્યાસજી સ્વરૂપમાં જન્મ લીધેલા શ્વેતાયન વ્યાસજી છે,** ન્યાય સમ્યગ્યોગના આચાર્ય છે તથા સંસ્કાર, સંસ્કૃતિ, સાધુતાના પરમપવિત્ર ત્રિસાગર છે, પ્રભુની નજદીક છે, તેમને અભિનંદનાર્પણમાં મારા અગણિત પ્રણામ. શુભ કરો, શ્રેયઃ કરો, નિઃશ્રેયમાં પહોંચાડો.

- યુ.વી. લંડન...

માઈકલ લોરેન્સ.

સંસ્કૃત કોલેજ, ટાન્ઝાનિયા (આફ્રિકા).

॥ શુભ અભિનંદન ॥

વેદાભ્યાસી ભારતીય પ્રજા ઘણું કરીને ભારતમાં તથા અન્ય સ્થળે પણ જઈને વસ્યા છે. ત્યાં પણ તેઓ પોતાનું ભારતીય વિજ્ઞાન, વ્યવહાર તથા સ્વાભાવિક એવી ઈશ્વર પરાયણતા ભૂલ્યા નથી. આજે પણ સૌરાષ્ટ્ર તથા કચ્છના લોકો આફ્રીકામાં વસે છે, તેઓ પોતાના ઉદ્યોગ-ધંધા કરતાં ભગવદ્ ભક્તિને વધારે પ્રાધાન્ય આપે છે. આ પોતાની જન્મભૂમિના સંસ્કાર તથા સંપ્રદાયનો પ્રભાવ છે. સ્નાન, સંધ્યા, જપ, હોમ, સ્વાધ્યાય, તર્પણ, પરોપકાર, સત્સંગ, ઉપાસના, ઈશ્વર શરણાગતિ, મોક્ષ પ્રત્યે અભિરુચિ તેઓના સ્વભાવમાં છે. તેઓ માટે આજીવિકા તથા અર્થપ્રાપ્તિ ગૌણ છે. ધર્મશાસ્ત્રોનાં શ્રવણ તથા વાંચનને કારણે તેઓ ધર્મમાં અનાસક્તિમાં તથા સેવાભક્તિમાં દૃઢ શ્રદ્ધા ધરાવે છે. અહીં **લોકો સ્વામી રામકૃષ્ણ, વિવેકાનંદ તથા મહર્ષિ વ્યાસના ગ્રંથોનું તથા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના ગ્રંથોનું વાચન કરે છે, તેના કારણે સૌને ઉન્નતિની પ્રાપ્તિ થશે.** આવા સર્વ ભારતીય વિદ્વાનોનાં અભિનંદનનું આયોજન થાય છે. તે યશસ્કર નીવડે તેવી શુભેચ્છા પાઠવું છું.

- માઈકલ લોરેન્સ...

સોલ્થોટ રે-મીનર (વેદાંતાચાર્ય, ન્યાયાચાર્ય).

મોસ્કો, રશિયા.

રાજ્યાચાર્યો ઘણા હોય, પરંતુ દેવાચાર્ય કે પરલોકાચાર્ય હોતા નથી. દેવલોક કે પરલોકનું આલંબન માત્ર માનસિક છે, શારીરિક નહીં. પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવો તે બીજાનું અનિષ્ટ કરવા સમાન છે. સમતા દૃષ્ટિ તૃષ્ણારહિત તથા સુખકારી તથા શ્રેયસ્કરી છે. દેશ અન્ન વિનાનો ન રહે, માનવ ઉદ્યમ રહિત ન રહે, સ્ત્રીઓ આળસુ ન રહે, પરિવાર ભારરૂપ તથા દુઃખ કર ન બને, અનાજ, પાણી, વસ્ત્રો, નિવાસ સ્થાન ઈત્યાદિ વિશે કોઈ ચિંતા ન રહે, લોકો કામધંધા કે આધાર વિનાના તથા નિરાશ ન રહે, સર્વે લોકો સુખપૂર્વક જીવન વ્યતીત કરે, રાજ્ય સિવાય કોઈ ધનવાન ન રહે, પૃથ્વી (જમીન) રાજ્યની હોય, માણસો રાજ્યના હોય, આવક-ખર્ચ તથા ઉદ્યોગો રાજ્યના હોય, બધું જ રાજ્યની માલિકીનું હોય, રાજા પ્રજાપ્રેમી, ન્યાયી તથા સમાન દૃષ્ટિવાળા હોય, લોકોને આજીવિકા મળી રહે, ચોર લોકો ન હોય, આળસુ ન હોય, સંઘરાખોરો ન હોય, કોઈ કલેશથી દુઃખી ન હોય, કોઈ અસુરક્ષિત ન રહે, વ્યક્તિ પોતે જ પોતાનો રાજા હોય, રાજા એ જ રાજ્ય, રાજ્ય એટલે જનતા અને જનતા એટલે વ્યક્તિઓ, રાજ્યના આદેશનું પાલન એ જ ધર્મ, રાજ્યમાં પ્રજા પોતે જ રાજા છે છતાં જે બળવાન છે તે જ રાજા, બળવાનનું શાસન હોય, નિર્બળનું નહીં, આથી બળવાન નિર્બળને પીડે છે. પરંતુ રાજનીતિ બળવાન છે. રાજ્યના નિયમો-કાયદાઓ બળવાન છે, વ્યક્તિ બળવાન નથી. બધા એ કાયદાનું પાલન કરવાનું હોય છે. રાજ્યમાં અનેક અંગો વિભાગો હોય છે. જેની જેમાં યોગ્યતા હોય તેની તેમાં નિયુક્તિ થાય છે. કઠિયારાની નિયુક્તિ કાષ્ઠ કાર્યમાં, પશુપાલકની નિયુક્તિ પશુપાલનમાં, ખેતી કરનારની નિયુક્તિ ખેતીનાં કાર્યમાં, ઉદ્યાનપાલક (માળી)ની નિયુક્તિ ઉદ્યાનમાં, ગૃહનિર્માણ કરનાર (કડિયા)ની નિયુક્તિ ગૃહનિર્માણ કાર્યમાં, વણકરની નિયુક્તિ વસ્ત્ર બનાવવામાં, નીતિ જાણકારની નિયુક્તિ ન્યાયાલયમાં, ક્રૂર(શૂરવીર)ની નિયુક્તિ સીમાનાં રક્ષણમાં, ઔષધિના જાણકારની નિયુક્તિ દવાનાં કાર્યમાં, વિદ્વાનોની નિયુક્તિ વિદ્યાલયોમાં, વિદ્વાનશાસ્ત્રીઓની નિયુક્તિ શિક્ષણકાર્યમાં. આ પ્રમાણે રાજ્ય યોગ્ય કાર્યમાં નિયુક્તિ કરે છે. બધાં જ સાધનોની સમૃદ્ધિ રાજ્યની છે. પ્રજાનું ધન, સાધનો, નાણાં વગેરે રાજ્યનું હોય છે. ભોજનાદિ રાજ્યની સંમતિ મુજબનું હોય છે. બધી જ વ્યક્તિઓને સરખું મળી રહે. તેથી વિષમતા ક્યાંથી રહે ? માત્ર શારીરિક બંધારણ પૂરતી વિષમતા રહે. જેમ કે સ્ત્રીનું કાર્ય ગર્ભધારણ કરવાનું તથા પુરુષનું કાર્ય બીજપ્રદાન કરવાનું હોય છે. આ પ્રમાણે આવી **સમતા-સમાનતા શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય જેવા ત્યાગીઓમાં પણ દૃષ્ટિગોચર થાય છે. સર્વ પ્રાણીઓને સમદૃષ્ટિથી જોવાની તેઓની વૃત્તિ છે. બાળકો, સ્ત્રીઓ, પશુ-પ્રાણી આદિ પ્રત્યે તેઓશ્રીની સમદૃષ્ટિ છે. ભારતીય લોકો ભાગ્યશાળી છે કે, આવા મહાવિદ્વાન અને સમદૃષ્ટિવાળા સંત ભારતમાં થઈ ગયા. તેઓ સર્વદા-સર્વથા વિજયી બની રહે તેવા મારા અભિનંદન પ્રાર્થના છે.**

- સોલ્થોટ રે-મીનર...

ડો.જંગશાહી સુલતાના.

તકીયા, સાઉદી અરેબિયા.

ભારતીય સૂર્યાવતાર, ઈશ્વર, ખુદાવિંદ શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણવલ્લભ આચાર્ય શેખ સાહેબ તમામ પ્રજાને ચાહે કુરાની, બાઈબલી, પૌરાણીક, વૈદિક, આગમિક, નૈગમિક, કુલાર્ણવિક, કોઈ પણ પ્રજા હો તેમને માટે પંડિતજીએ આદ્યાત્મિક નાઈલ નદી વહાવી આપી છે. માટે બધા જ આ નવા યુગમાં તેના પ્રવાહોમાં પડી રસ પીઈ પીઈને આદ્યાત્મિક દૃષ્ટિઓ થઈને ઉપલા અનહદ લોકમાં પહોંચશે, પંડિત, લામા, પોપ, ફકીરો, ગણ, ભૂત, પાર્ષદ, સંત, શેખ તમામની ઉર્ધ્વગતિ સુધરી જશે. આવા **જગતવન્દ્ય વિશ્વગુરૂ મહામુનિ સર્વદર્શી સર્વવ્યાપક સર્વગુરૂ એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના પ્રતાપે મુક્તિમાં પહોંચશે. એવા સૌરાષ્ટ્રીય અલ્લાહ પરવરદિગારને અમારા અસંખ્ય દેદાર અભિનંદન. ગુનાહ બક્ષિસ કર કદમ પર ઝૂંકે.**

-ડો.જંગશાહી સુલતાના...

જહાંશાહીનૂર સુલતાનાશ્રય.

મદીના, આરબી કોલેજ, સંસ્કૃત વિભાગ, અરેબિયા.

॥ સર્વાભિનંદન ॥

સત્યમાં વિશ્વાસ ધરાવનાર તથા વિદ્વાન એવા હે અરેબિયા-નિવાસીઓ, અરબસ્તાન ભારતની પશ્ચિમે અરબી સમુદ્ર પરિસરમાં આવેલ હોવા છતાં ભારતના ધર્મ, કર્મ, આચરણાદિ મર્યાદાનું પાલન કરે છે, ભારતનું જ્ઞાન સંસારના બંધનોને છેદનારું છે. આ વિદ્યાના અભ્યાસથી આત્માની પવિત્રતા પ્રાપ્ત થાય છે. વિશ્વના અન્ય દેશોમાં પણ ભારતીય જ્ઞાન ફેલાયેલું છે. તે વિદ્યાના અભ્યાસથી આત્મજ્ઞાન થાય છે. **ભારતની સર્વવિદ્યાઓના જ્ઞાતા તથા મહાવિદ્વાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ભારતના સૌરાષ્ટ્ર પ્રદેશમાં અભિનંદનને પાત્ર બન્યાં છે. વિદ્વાનોમાં તેઓશ્રીના ગ્રંથ અત્યંત પ્રખ્યાત થયા છે. તેઓશ્રી અરબસ્તાનના લોકોનાં અભિનંદનને પાત્ર છે.** સર્વે વતી હું તેઓને અભિનંદન પાઠવું છું તથા તેઓ દિર્ઘ જીવન પ્રાપ્ત કરે તેવી પ્રાર્થના.

-જહાંશાહીનૂર સુલતાનાશ્રય...

લામા અભિતાપ ચૌખાપા.

ચાંગસેઈ, ચીન.

ભારતરત્ન પદ્મશ્રી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ભારતીય તથા સાર્વભૌમીય સંસ્કૃત તત્ત્વજ્ઞાનની ફિલોસોફિઓના એક જ મહાવિદ્વાન આ ઝડપી યુગમાં એકાગ્રતા અને નિરોધયોગના સાધક વિદ્યાઓના નિષ્પાદક, તત્ત્વાન્વેષક, તાર્કિક મહાસંત દૈવી સંપત્તિવાળા ઈશ્વરભક્ત એક જ છે. **તેમનું પ્રભુત્વ સારસ્વત મંડળમાં ખૂબ જ ઊંચુ છે, તેમનું વ્યક્તિત્ત્વ માનવ સમાજમાં ઘણું ઉત્કૃષ્ટ છે, તેમનું સંતજીવન સદ્‌ગુરૂ લામાઓમાં ઘણું સ્તુત્ય છે, તેઓ રાજાઓમાં સાર્વભૌમ છે, શાસ્ત્રોમાં આચાર્ય છે, શુભકાર્યોમાં ગણપતિ સ્વરૂપ છે, ઉપાસ્યમાં શ્રીકૃષ્ણ સ્વરૂપ છે, આવા વિશ્વવંદ્ય ત્યાગી સંતગુરૂ વિદ્વાનને અમારા ઘણાં ઘણાં અભિનંદન છે. આપ શાસ્ત્ર સાગરોમાં રત્નસમ, તારામંડળોમાં ચંદ્રસમ, ગ્રહમંડળોમાં સૂર્યસમ, ભૂમંડળોમાં વ્યાસજી સમ ચળકી રહ્યા છો, પૃથ્વીને ખૂણે ખૂણે આપના તત્ત્વજ્ઞાનની સુવાસ પ્રસરી રહી છે,** માટે જ પરોપકારી સંત આપશ્રીને શરણે અમારા અસંખ્ય અભિનંદન છે.

- લામા અભિતાપ ચૌખાપા...

હેરમ્બલ કુટિંગ.

લામા, તિબ્બત.

શાસ્ત્રોમાં પરમાત્મા, આત્મા, સાધન, મોક્ષ, બ્રહ્મલોક આદિ વૈદિક સિદ્ધાંતિત તત્ત્વોના સ્થિર અસ્તિત્ત્વ વિવેચિત કરેલા છે, જ્યારે તે પ્રણાલીથી બાહ્ય એવા સર્વક્ષણિક, સર્વ અભાવરૂપ, અપ્રત્યક્ષનું અસ્તિત્ત્વ, એવા મતવાદિઓ બૌધ્ધ જૈન ચાર્વાક વિગેરે કલ્પિત આધાર પર પોતાના સિદ્ધાંતો ઉપર પાલવા જતા પણ આત્માને સ્વર્ગ મોક્ષ ભાગિત્વહાનિ કૃતકર્મફલ ભોગાડનનુંષંગિતા માતા, પિત્રાદિ વિષયમાં અપ્રામાણિકતા આદિ અનેક દોષ દુષિત એવા તે મતોના સિદ્ધાંતોને અવગાહત કરનારા પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે નિજ ગ્રંથોમાં પ્રસંગે પ્રસંગે તે તે મતોનું સાધક પ્રમાણ, સપ્તભંગીત્વ, સાક્ષાદ્ વ્યવહારાદિકમાં પણ તે તે સિદ્ધાંતિત ન્યાય લાગુ પાડવાથી ન્યાયત્વ વિધુર કુન્યાય પણ ક્ષણિકત્વાદિ સંગિત્વાદિ અપ્રત્યક્ષત્વાદિકમાં ઝડપાઈ જતા સાધકાભાવે સાધ્યાડસિધ્ધો અશાસ્ત્રીયત્વ તે તે સાધકોને લાગુ પડી જાય છે. આવી જ રીતે અનેક પૂર્વપક્ષ તથા તેના વિમર્શ અને અસત્વ નિજ ગ્રંથોમાં ખૂબ જ વર્ણિત કર્યા છે, આવા **પ્રદુષ્ટ અવૈદિક મતોના પણ વિદ્વાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સર્વજ્ઞકલ્પ પ્રભુના અવતાર સ્વરૂપને વિદ્વાનોના અભિનંદન સાથે અમારા અભિનંદન છે.**

- હેરમ્બલ કુટિંગ...

બેરિસ્ટર એન.કે.ઈ.

લેસ્ટર, ઇંગ્લેન્ડ.

મહાગુરુદેવ પ્રભુજી પરમેશ્વરતુલ્ય સર્જક રક્ષક ધારક આશીર્વાદક શ્રીહરિ સ્વરૂપ વિશ્વવંદનીય પ્રખ્યાત કીર્તિ પરાત્પર પંડિત ત્રિકાલદર્શી શ્રીસ્વામીજી શાસ્ત્રીજીમહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ભારતના મહાચાર્ય સર્વ વિદ્યાઓના મહાસાગર ભગવાનના ગુણો વડે સુશોભિત મૂર્તિ, આપના ચરણોના દાસ સેવકના દંડવત્ પ્રણામ સહિત સર્વાર્પણ ભક્તિ સ્વીકારશોજી. આપે મને મારા કુટુંબને ઘણે ઊંચે દરજ્જે પહોંચાડેલ છે, મારા માવતર આપની ભક્તિ કરે છે, કાયમ સંભારે છે, આપની મૂર્તિની પૂજા સેવા દર્શન, થાળ વગેરે દરરોજ કરીએ છીએ. આપે અમારી ઘણી રક્ષા કરી છે, અમે આપના જ છીએ, આપ ઉગારજો. **આપે સાંપ્રદાયિક તથા ધર્મોના ઘણાં મોટા કામો કર્યા છે, કાશીજીના મંદિર નિમિત્તે મહાવિદ્વાનોની સભાઓ બોલાવી યશ વધાર્યો છે. અભ્યાસના ગ્રંથો શિક્ષણ વિભાગમાં આપી કીર્તિ મેળવી છે, મહાવિશાળ ઈતિહાસ, ફિલોસોફીઓ લખી જગતને આશ્ચર્યમાં ગરકાવ કર્યું છે. વિલાયતમાં પણ આપના ગ્રંથો જર્મન, અમેરિકામાં મળે છે, સંસ્કૃત વિભાગમાં આપ જગદ્વંદ્ય એક મહાન વિદ્વાન વર્ગ અને શિક્ષણ સંસ્થાઓ વિદ્યાલયો જેમને ઓળખે વખાણે જરૂર ઈશ્વરાંશી દૈવી પુરુષ હોય છે, આપ એ રીતે વિદ્વાનો દ્વારા યશસ્વી વર્તો છો. મુંબઈના મહા પાટોત્સવમાં શતવર્ષીય મહા મહોત્સવમાં આપે વ્યાસપીઠ શોભાવી સંપ્રદાય ધર્મની કીર્તિ વધારી હતી. રાજ્યપાલ વિશ્વનાથન્ મહોદયે સ્વયં તે સભામાં સંપ્રદાયની સ્થિતિ સાથે આપણા ધર્મને ઘણો વખાણ્યો હતો, ભારતીય સમાચાર પત્રકારોની મહાસમિતિએ ઘણા સ્તુત્ય વિષયો જાહેર કરેલા સમસ્ત દુનિયાના અંગ્રેજી દૈનિકોમાં પ્રગટ થયેલા આપના નામ સહિત વાંચવામાં આવ્યા હતા. આપશ્રીના ગ્રંથો તથા મહાનિબંધ કાવ્યની જાહેરાત તથા આપના અભિનંદનની જાહેરાતો તથા આપના દૈવીપણાની જાહેરાત વિશ્વભરના દૈનિકોમાં પ્રસિદ્ધ થયેલી વંચાય છે. મોટી મોટી લાયબ્રેરીઓમાં આપના ગ્રંથો વાંચવા મળે છે, આપ જગત ઉપર સૂર્ય સમાન પ્રકાશિત છો એમ આ યુગ આપને વધાવે છે. પ્રભુ સિવાય આટલી શક્તિ પ્રશસ્તિ બીજા કોઈને મળતી નથી.** આપના આમંત્રણ પત્રો મળ્યા તથા દેશવાસીઓના પત્રો પણ મળ્યા કરે છે, જૂનાગઢમાં નવો સભામંડપ રચવામાં પ્રમુખપદે આપે બીરાજી તેનું પૂરું કાર્ય તથા ઉદ્ઘાટન આપના શુભ હસ્તે જ થયેલ છે. અમારા તરફથી તેમાં ચિત્ર-પ્રતિમા ઉપાડ કામ સાથે કરાવેલ છે તે વિદિત થયું, શ્રીસ્વામિનારાયણ ભગવાને જૂનાગઢ મંદિરમાં શ્રીરાધા-રમણદેવ આદિ દેવોની મૂર્તિ પ્રતિષ્ઠા કરી તેને ૧૫૦ વર્ષ પૂર્ણ થયા તેના નિમિત્તે મહામહોત્સવ, મહાપાટોત્સવ કરાવવા તથા જૂનાગઢના ત્યાગી ગૃહસ્થો વગેરેની મહાસભાઓ આપે છ મહિના અગાઉથી બોલાવી એમાં સર્વશ્રેષ્ઠ પ્રમુખપદ આપે સ્વીકારી તેની મહામહોત્સવ સમિતિ રચી અને પેટા સમિતિઓ વિશેષ રચી, મહામહોત્સવના તમામ કામો આપે સોંપ્યા અને ત્યાગી, ગૃહી તમામે તમામ કાર્યો ઉપાડી

લીધા, જૂનાગઢના રાજ્યાધિકારી નાગરિકોએ, સત્તાધીશોએ નિજ સભા આપના આમંત્રણ વડે યોજિત કરી અને તેમાં મહોત્સવ માટે શહેર શણગારવું, જળ પૂરું પાડવું, વીજળી પૂરી પાડવી, બસો અને રેલવે પૂરી પાડવી, વીજળી લાઈટો પૂરી પાડવી, સમિયાણો, તંબુઓ, રાવટીઓ પૂરા પાડવાં, રસોઈના વાસણો, રસોઈયા પૂરા પાડવા, સ્વયંસેવકો પૂરા પાડવા, શહેરમાં અનેક સુસ્થાનોમાં ઉતારા પૂરા પાડવા, પોલીસ સ્ટાફ સર્વત્ર પૂરો પાડવો, વાહનો પૂરા પાડવા, ભોજન-પાણી, ચાહ-નાસ્તા, પાગરણ પૂરાં પાડવાં, રેડિયો, કથા, વ્યાખ્યાનો પૂરા પાડવા, યજ્ઞમાં પાંચસો બ્રાહ્મણો વિદ્વાનો યજમાનોને સગવડો પૂરી પાડવી, નર-નારીઓ પાંચ લાખથી વધારે માણસોને કોઈ તકલીફ ન પડવા દેવી, મહા મોટા પ્રોસેશન ફુલેકાઓ કાઢવા, રાત-દિવસો ભોજન, ચાહ-નાસ્તા આદિ ચાલુ જ રાખવા, હજારો વાહનોની સગવડો સાચવવી, દવાખાનાઓ, માર્ગદર્શકો, લાઉડસ્પીકરો સૂચકવર્ગો અને દેવના કાયમી દર્શનો, અભિષેકના મહામહોત્સવના દર્શનો, આચાર્ય, વિદ્વાનોના સત્કાર, સંતમંડળો, વિપ્રમંડળો, અતિથિઓના સત્કાર, સત્સંગિ મહેમાનો, યાત્રાળુઓના સત્કાર, યજમાનોના સેવા કરનારાઓના સત્કાર વગેરે વગેરે આપે વારંવાર સભાઓ ભરીને પ્રમુખપદ શોભાવીને સ્વર્ગીય રીતે સંચાલન કર્યું, કરાવ્યું. આવી કુશળતા વિશ્વભરના અખબારોમાં ઘણી પ્રસિદ્ધ થયેલી વાંચવામાં આવી છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં ઘણું વાંચવા મળે છે, આપ તરફથી સમગ્ર સત્સંગમાં સમિતિ દ્વારા મોકલવામાં આવેલી દેશ-પરદેશમાં મળતી કંકોત્રીઓ વાંચી, આપે વ્યાસપીઠ સાચવ્યું, વગેરે વડે ઘણો જ આનંદ થયો છે. આપ તમામ સમિતિઓના દ્રષ્ટા, સંચાલક, હેડ પરમપુરુષ હતા તેથી દેવો પણ તે મહોત્સવમાં હાજર રહેલા હશે. કારણ કે, કે કોઈ વિઘ્ન થયાં જ નહીં. **આખા વિશ્વમાં જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરના ૧૫૦ વર્ષના પાટોત્સવની મહતી કીર્તિ માણસે માણસે વ્યાપી ગયેલી છે. 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવો એ મહાયજ્ઞ થયો છે, દેશ-પરદેશમાં સર્વત્ર વખણાય છે, આપ જેવા સમર્થ મહાવિદ્વાન મહામહોપાધ્યાય, ભારતભૂષણ, વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ, દાર્શનિક પંચાનન, ષડ્દર્શનાચાર્ય, નવ્યન્યાયાચાર્ય, સાંખ્યયોગતીર્થ, વેદાંતતીર્થ, મીમાંસાતીર્થ, દાર્શનિક માર્તંડ, સાહીત્યમનીષી, તાર્કિક વાચસ્પતિ, એમ.એ., પી.એચડી., ડી.ફિલ., ડી.લિટ્, આવી ડિગ્રીઓ વડે સુશોભિત દિગન્ત કીર્તિ વિશ્વના મહાવિભૂતિ સ્વરૂપે દિવ્ય મહાત્મા આપ જ્યાં બિરાજો ત્યાં શી ખામી હોય. લાખો માણસો જમીને, લાખો દર્શન કરીને, કરોડો સાંભળીને પણ આનંદિત રસબત્તર થયા છે. આપ જેવા પરમ સંત પુરુષનો પ્રતાપ જાણી, આપની આજ્ઞાઓ શિરધરી અસંખ્ય સંત-હરિભક્તો અને પબ્લિક જનતાએ કારભાર ઉપાડી લીધા અને મહામહોત્સવ યશસ્વી સર્જી દીધો એ આપમાં પરમેશ્વરના પ્રવેશ વડે થયેલ છે, એમ સર્વે માની રહ્યા છે.** કોઈ વિઘ્ન, કલેશ, તોફાન, આપત્ વિના લાખોનો મહોત્સવ થયો તે ગણેશજી, શંકરભગવાન, વિષ્ણુ નારાયણ, લક્ષ્મીજી, સતી, ધર્મ, ભક્તિ, ઘનશ્યામ, દિક્પાળો, લોકપાળો, ભૌતિક દેવતાઓ, યજ્ઞનારાયણ, અંગદેવતાઓ, ગ્રહદેવતાઓ

વગેરેનો મોટો રાજીપો અને સાથ-સહકાર ગણાય. અગ્નિનો ભય નહિ, જળની તાણ નહિ, ભોજનની છોળો ઉછળે, વાહનોના મેળાઓ ભરાય, માણસોના મેરામણ ઉછળ્યા, ચાહ, પાણી, નાસ્તા, ભોજન છાયાંની સ્વર્ગભૂમિ થઈ પડી, જ્યાં નકાર બોલાતો ન હતો, યજ્ઞ નારાયણના સુગંધિત ધૂપો સ્વર્ગ સુધી પહોંચ્યા હતા. વેદમંત્રો વિપ્રોદ્વારા ભગવાનના ધામોમાં કાનોમાં પહોંચ્યા, દૂરદર્શન, દૂરશ્રવણ, દૂરપ્રાપણ તો દેવોએ સાચવ્યા હોય તેમ વપરાણા, ઘૃત, દૂધની તો નદીઓ વહેતી હતી, ભોજનના પર્વત શ્રૃંગો શોભતા હતા. ભગવાનની બહુ જ મોટી મહેરબાની કહેવાય, દરરોજ સપ્ત દિવસો સુધી જુદી જુદી મોહનથાળ, મૈસુબ, બુંદી વગેરેની રસોઈઓના મહાકુંડ, સરોવરો ભર્યા હતા. ભોજનના સ્વાદ મિષ્ટતા તો સમુદ્ર પારના દેશોમાં વખણાવા લાગ્યા હતા, ભારતને ભારે શોભાવ્યું. **આપની વૃદ્ધાવસ્થામાં આપમાં પરમેશ્વર, ઈશ્વર, દેવોના વાસ પ્રવેશ થયા, તેથી આ આવું મોટું સંચાલન, સત્યસંકલ્પ એવા તમોએ મહામહોત્સવના પ્રમુખપદે રહી નિર્વહિત કર્યું.**

શ્રીઘનશ્યામ મહારાજ, શ્રીહરિષ્કૃષ્ણમહારાજ, શ્રીરાધા-રમણ દેવ, શ્રીરણછોડ, ત્રિકમજી, શ્રીસિદ્ધેશ્વર મહાદેવ, શ્રીહનુમાનજી, શ્રીગણપતિ, સર્વ બ્રહ્મચારી , સંત-પાર્ષદ હરિભક્તોનો દૈવી પ્રયાસ સફળ થયો. અમોને ઘણો આનંદ થાય છે. રાજ્ય, સ્વરાજ્ય દેવતાએ નિજકાર્ય માનીને આ મહાકાર્ય પાર પાડયું હોય એમ જણાય છે. આચાર્ય મહારાજ, સંત સદ્‌ગુરુઓ, બ્રહ્મચારીઓ, પાર્ષદો, કોઠારીઓ, મંત્રીઓ, સમિતિઓ, સ્વયંસેવકો, સ્વયંસેવિકાઓ, સત્સંગમંડળો, શહેરીજનો, રાજ્યમંડળો, ચેતન-અચેતન તમામ વર્તુળોને સંભારીને અમારા દંડવત્ પ્રણામ, નમસ્કાર પહોંચે એમ શ્રીજી મહારાજ પ્રતિ પ્રાર્થના કરી વિરમું છું. અમારી ખબર રાખતા આવ્યા છો એ રીતે જ રાખજો, ખુશી ખબર લખજો, દર્શન-પૂજન, ભક્તિ બને તેટલી કરીએ છીએ, સુખી છીએ, દેશમાં આવવા વિચાર છે, દર્શને આવીશું. ભગવદિચ્છા બલવતી. એજ...

- બેરિસ્ટર એન.કે.ઈ. ...

વિશ્વેશ ચતુર્વેદી (વેદવેદાંતાચાર્ય).

માધ્વીય મહાવિદ્યાલય : લાશીયો, બર્મા.

બ્રહ્મદેશમાં લાશીયો મહાવિદ્યાલયમાં દાર્શનિક તાર્કિક મહાવિદ્વાનની નિયુક્તિ કરવા કાશીજીમાં હું કાષાયામ્બરી માધ્વસાધુ આવ્યો હતો. અધ્યાપક ખોળવા પ્રિન્સીપાલ શ્રીમંગળદેવ શાસ્ત્રી પાસે ગયો તેમણે પ્રકાણ્ડ પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી બતાવ્યા, મેં તેમને જોયા. તેઓ અધ્યાપનમાં પ્રવચનમાં લબ્ધીકીર્તિ છે. તેઓને બે હજાર મુદ્રા વડે સ્વીકૃત કર્યા, કાષાયન્ધારી સંત જોઈને વૈષ્ણવ જોઈને હું બહુ રાજી થયો. પંડિતવર્ય તેઓ પ્રાર્થના કર્યા થકા પણ બ્રહ્મદેશમાં જવા ઈચ્છા રહિત હતા. **મેં તેઓ આચાર્યવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજની પૂજા કરી. તેમના પુસ્તકો જોયા. હું તો આશ્ચર્યચકિત થયો, મેં આવા દિવ્ય ભવ્ય બ્રહ્મશીલ વિદ્યાનિધિ કાવ્ય વ્યાકરણ દર્શન તર્કાદિ સર્વ શાસ્ત્રસંપન્ન બીજા ન જોયા, ન મળ્યા તેથી નિરાશ થઈને લાશીયો ચાલ્યો ગયો. આવા પંડિત પ્રવર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને હજુ પણ સંભારૂ છું. માનસમાં જોઉ છું, જ્ઞાનમાં ધ્યાન કરું છું, અને શ્રેય પ્રાપ્ત કરું છું.** શ્રીશિવનાથ ઝારખંડી પંડિત પણ શ્રીસ્વામીજી મહારાજને લાશીયો જવા ભલામણ કરતા હતા પણ સ્વામીજી મારે ત્યા જવા અંગીકારતા ન હતા.

- વિશ્વેશ ચતુર્વેદી...

મહામહિમોપાધ્યાય પ્રભાકર દેવર્ષિ.

બ્રહ્મદેશ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું મેધાવી વ્યક્તિત્ત્વ, બ્રહ્મોપાસના, ગ્રંથ લેખન, તત્ત્વચિંતન, આત્મનિવેદિતા, સ્થિતિપ્રજ્ઞતા, અસમ્પ્રજ્ઞાત, સમાધિમત્તા આદિક જે સ્થિતિ તેમાં યોગી, મહાયોગી પહોંચી શકે છે. **મોક્ષની અવસ્થામાં જીવનને સાચવવાવાળા આ સંત આત્મસાક્ષાત્કારના અનુભવમાં જ વર્તે છે, જેમણે પોતાના નિત્ય આત્મ ચૈતન્યમાં બ્રહ્મ ચૈતન્યને મેળવીને પરબ્રહ્મમાં સ્થિરતા કરી એવા સૌરાષ્ટ્રમાં આ સંત અનેકના મોક્ષ કરવા સમર્થ છે,** જે સદા સારસ્વતોપાસક, બ્રહ્મોપાસક અને નિરોધોપાસક છે, જેમાં શારદાદેવી, લક્ષ્મીદેવી સુમૂર્તિ મુગ્ધ થઈ વસેલા છે એવા આ સ્વામીશ્વર, મહામહામંડલેશ્વર, પ્રભાકર પ્રકાશીને જગતના વિદ્વાનો અભિનંદન અર્પે છે. આજ અમો પણ તેમને અભિનંદન આપીએ છીએ.

- પ્રભાકર દેવર્ષિ...

કુમારદત્ત કાનડી (વેદમૂર્તિ મહાચાર્ય).

કોલંબો-સિલોન. (શ્રીલંકા).

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી વિશ્વહિતકર પવિત્ર સાત્ત્વિક અવતાર છે, ભારત તે આદ્યાત્મિક ચિંતકોનો સાગર મહાનિધિ છે, તેમાં શ્રીસ્વામીજી એક મહાનતત્ત્વ ચિંતક મહારત્ન છે, પ્રથમ કોટિના સ્થિર સ્વયંજાત સ્કોલર છે, વિદ્વાનોના ઊંચા શિખર પર સ્થિત છે, એમને અમારા અસંખ્ય અભિનંદન છે.

- કુમારદત્ત કાનડી...

કુમારદત્ત કાનડી (વેદમૂર્તિ).

કોલંબો-સિલોન. (શ્રીલંકા).

ભારત માતાના પવિત્ર સેવક ભારતીય વિદ્યાઓના પવિત્રપ્રાણ ભારતીય વિદ્વાનોને તત્ત્વચિંતન માટે ભારતીય વિદ્યાઓના નવીન આવિષ્કારો કરીને જ્ઞાન-વિજ્ઞાનનું આસ્વાદન કરાવી રહેલાં, ભારતને અનેક ગ્રંથો આપનારા, જીવનમાં અમૃત રેડનારા, સંસ્કારો ખિલવનારા, તેજસ્વી પ્રકાંડ પંડિત, મહાન આચાર્ય એવા **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને પરમાત્માએ અથવા સરસ્વતીએ અથવા બૃહસ્પતિએ અથવા પુણ્યપતિએ સ્વામીશ્રીના સ્વરૂપમાં એક વિદ્યામૂર્તિ મહા દિવ્યશક્તિ ભારતને આપેલી છે.** તેવાં આ મહાઆચાર્યજીને અમારા કોટિ કોટિ વંદન સાથે અભિનંદન છે.

- કુમારદત્ત કાનડી...

❋ દેશની યુનિવર્સિટીના વિદ્વાનોના શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને અભિનંદન ❋

ડો. રામજી ઉપાધ્યાય.

સાગર યુનિવર્સિટી.

બ્રહ્મા વિષ્ણુ મહેશની મૂર્તિ, સરસ્વતી લક્ષ્મી સતીના એકાત્મા, ઋગ યજુ સામ અથર્વના મંત્ર સ્વરૂપ, સ્મૃતિ પુરાણોના પિણ્ડ સ્વરૂપ, ન્યાય તર્ક વૈશેષિક સાંખ્ય યોગ વેદાન્ત મીમાંસા કાવ્યસંહિતાઓના અવતાર, ખગોળ ભૂગોળ તારાચક્ર મહવ્યૂહોના ધર્તા, શીત ઉષ્ણ વૃષ્ટિના નિર્માતા, અષ્ટવિધ દૈવ પંચવિધ તિર્યગ, એકવિધ માનવના સ્વરૂપે થનારા, બીજ કાર્ય ભક્ષ્ય પાનના આપૂરક, જડચેતનના સાક્ષી જ્ઞાતા પરમગુરૂ ઉપદેષ્ટા, નૈષ્ઠિક ધર્મપાલક, નિર્લિપ્તિ સંહારક, એવા **પ્રાચીન યુગના વ્યાસાચાર્યો સમા શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજી જે વૈદિક યુગના હતા તે વિકાસયુગના આદેય મહાપુરૂષ છે, પોતે સ્વયં નિજકૃત સર્વ નિભાવવા અવતરે છે. તેવા શ્વેતાયન વ્યાસ મહર્ષિને અમારા અનંતગણા અભિનંદન અર્પણ છે, આપ પ્રાચીનયુગના વિદ્યાગુરૂ છો, તેજ યુગે યુગે નવીન યુગના વિદ્યાગુરૂ છો, સર્વે વ્યાસો તમારામાંથી પ્રગટે છે, તમો આદ્ય વ્યાસ શ્વેતાયન મુનિ સ્વયં તેત્રીશમાં વ્યાસ હાલના યુગમાં છો.** આપને મારા અનેક અભિનંદનો સાથ પ્રણામ.

- ડો. રામજી ઉપાધ્યાય...

ડો.મુકુંદ માધવ શર્મા.

(M.A., Ph.D., D.Litt.,) સંસ્કૃત વિભાગાધ્યક્ષ,
ગૌહાતી યુનિવર્સિટી, આસામ.

યુગો યુગોના વિદ્વાનોના પુણ્યો વડે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી જેવા વિદ્વાન સંત આ નવા યુગમાં અવતર્યા છે, જેમનું સમગ્ર સાહિત્ય અભ્યુદય અને મોક્ષને માટે છે, શાંતિ સુખને માટે છે, માનવ કલ્યાણ માટે છે, વિશ્વવંદ્ય શ્રીસ્વામીજીને અમારા અનેક અભિનંદન પ્રાપ્ત હો.

- ડો.મુકુંદ માધવ શર્મા...

ડો. સુરેશચંદ્ર શિવાસ્કર.

રીડર અને સંસ્કૃત યુનિવર્સિટી, અલાહાબાદ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી વિશ્વવન્દ્ય આચાર્ય મહારાજ તત્ત્વજ્ઞાનના મહાન સ્કોલર હોવા છતા પણ સંસ્કૃતના તમામ વિવિધ સાહિત્યના સફળ તત્ત્વચિંતક, વિવેચક, લેખક અને અધ્યાપક તથા ઉપદેશક સંત છે. જગદ્વન્દ્ય આચાર્ય છે, બ્રહ્મરિતિએ બિરાજે છે, એમનું ઉમદ્દું કાર્ય દર્શનિક આલંકારિક, સાહિત્યક, શાબ્દિક, વાક્યીય, પ્રમાણિક, ઐતિહાસિક, શ્રૌત, વૈદિક, આગમિક, નૈગમિક, સાર્વરાત્રિક, શાકત, નૈષાર્દિક, ભૌતિક, માંત્રિક, પૌરાણિક આદિ આદિ ચતુર્દશ વિદ્યાઓની મૂર્તિ સ્વયંરચિત સ્વસમુદ્ભાવિત શાસ્ત્રો છે તે વિવિધ શાખાઓનું સર્વોત્કૃષ્ટ વિશ્વને ઉત્તમપ્રદાન છે, ભારતને પોતાનું ધન છે, સૌરાષ્ટ્રને પોતાનો નિધિ છે, **કાશીનગરીનું નામ વારાણસી વધારે પ્રકાશન પામતા કાશીનાથ અન્યત્ર ચાલ્યું ગયું એવી ભ્રાંતિ થવા પામતી જ નથી. એકત્રથી અન્યત્ર કાશી પ્રસિદ્ધ જ છે. આવા કાશીના કાશીસ્વરૂપ ત્રિદેવમય, ત્રિવિભૂતિમય, ત્રિપુરાસુંદરીમય, ત્રિવિદ્યામય, ત્રિવેદમય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી, કૃષ્ણવલ્લભ, કૃષ્ણસ્વરૂપ અત્યારે વિદ્યમાન છે,** તેમને અમારા અસંખ્ય અભિનંદન ગંગા, યમુના, સરસ્વતી ત્રિવેણી તરફથી સ્વીકારવા વિનંતી છે.

- ડૉ.સુરેશચંદ્ર શિવાસ્કર...

ડો. કલ્યાણકુમારદાસ (એમ.ડી. ફિલ, રીડર).

સંસ્કૃત વિભાગ, કલકતા યુનિવર્સિટી.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ન્યાયિક, ધુરંધર, વિદ્વાન સંતે નવાયુગમાં ન્યાયતર્કના મહાવિદ્વાનના દેશોમાં સૌરાષ્ટ્રની ગણત્રીની ખામીને સદંતર મટાડી છે. બંગાળ, મિથિલા, દ્રામિડ અને સૌરાષ્ટ્ર દેશો ન્યાયિકોની જન્મભૂમિઓ તરીકે હવે ગણત્રીમાં આવેલ છે, વ્યક્તિલુપ્ત થાય પણ ગ્રંથો લુપ્ત થતા નથી, ગ્રંથો વડે ઉપલા કહ્યા ચાર દેશો આજે પંકાવામાં ન્યૂન નથી. દુનિયાના વિદ્વાન આજે તે તે દેશોને મહા વિદ્વત્ રત્નની ખાણો માને છે. પૂર્વકાશી નદિયાશાન્તિ, ઉત્તર કાશી હરિદ્વાર, દક્ષિણકાશી ભૂતપુરી, પશ્ચિમકાશી જૂનાગઢ, મધ્યકાશી વારાણસી પછી બાકીની કાશીઓ જ્યાં જે વિદ્વાન ત્યાં તે કાશી, **વિવિધ કાશીઓના વિદ્વાનોએ પશ્ચિમ કાશીના વિદ્વાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને સન્માન આપવા અભિનંદન ગ્રંથ તૈયાર કરેલ છે.** તેના અવસર પર સાચા અર્થના ગુરૂદેવ સ્વયંભૂ વિદ્વાન શંકરમૂર્તિને મારા અભિનંદન સંપૂર્ણ હો.

- ડૉ. કલ્યાણકુમારદાસ...

ડો. એસ.વેંકટ. સુબ્રહ્મણ્યમ (એમ.એ., પીએચ.ડી.).

સંસ્કૃત વિભાગાધ્યક્ષ, કેરલ યુનિવર્સિટી.

દર્શન, ભક્તિ, તર્ક, ન્યાય, યોગ, સાંખ્ય, કાવ્ય, ઈતિહાસ, ધર્મશાસ્ત્રો, વેદાંતોના પિણ્ડાત્મક સરસ્વતીના ઉપાસક **સંસ્કૃતના મહાપંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું વિશ્વવિખ્યાત પાણ્ડિત્ય લક્ષ્યમાં લઈ થતા વિદ્વાનો તરફથી સન્માનો એ જબરો ભારતીય સંસ્કૃતિ માટે પ્રજાનો ગૌરવવંતો પ્રસંગ છે.** આવો અભિનંદન ગ્રંથ વિદ્વાનોને સંસ્કૃત, હિન્દી, ગુજરાતી ભાષામાં જ્ઞાનાંજલિ અર્પણ સ્વરૂપે મૂર્તિમાન હર્ષપ્રમોદાત્મક છે. મારા પણ તેમાં અભિનંદન સમાવેશ કરવા.

-ડૉ. એસ.વેંકટ. સુબ્રહ્મણ્યમ...

ડો. ડી.સી. નાયક (એમ.એ., પીએચ.ડી.).

રીડર એન્ડ ફિલોસોફર,

ઉત્કલ યુનિવર્સિટી, ઓરિસ્સા.

સ્વામીશ્રી સંસ્કૃત સાહિત્યના વ્યાપક તલસ્પર્શી વિદ્વાન અને પવિત્ર વૈષ્ણવ સંત છે, **તેમની સેવાઓ યુગો સુધી ચિરસ્થાયી રહેશે, સ્વામીજીએ સ્વપ્રતિભા વડે ભારતની ચેતનાને જાગ્રત કરી વિદ્વતાના સર્વોચ્ચ શિખરો સર કર્યા છે.** તેમનું શાસ્ત્રો પ્રત્યેનું બહોળું જ્ઞાન નવ્ય ન્યાયના ક્ષેત્રમાં નવી ક્ષિતિજો શોધી આપે છે, આવા પંડિતવર્ય સ્વામીશ્રીનું અભિનંદન સંસ્કૃતના એક મહાન સ્કોલરનું અભિનંદન છે, તે આપણને જ્ઞાન, વિજ્ઞાનોની સત્ય દિશામાં વાળે છે.

-ડૉ. ડી. સી. નાયક...

ડો. એસ. રાઘવાચાર્ય (પ્રોફેસર ઓફ ફિલોસોફી).

મદ્રાસ યુનિવર્સિટી.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહાગુજરાતના બાળક, કાશીજીના વિદ્યાસ્નાતક, ભારતના પ્રિયભૂષણ, વિશ્વના કરતાર એવા દિવ્ય મૂર્તિ શ્રીસ્વામીજીએ જ્ઞાન અને ભક્તિને ક્ષેત્રે સિદ્ધ કરી બતાવ્યું છે કે, સાહિત્યના જગતમાં જ્ઞાન ઉપાસના, તે પવિત્ર દૈવી સાત્ત્વિક જીવનને આધારે સુમૂર્ત વ્યાપક, સફળતાપૂર્વક સિદ્ધ કરી શકાય છે. નરમાંથી નારાયણ પર્યંત પહોંચાય છે. **આજના યુગમાં સૂર્ય સમાન સાર્વવિદ્યક ભગવાન સ્વરૂપ સંત 'પ્રાદુર્ભૂતઃ સુરાષ્ટ્રેઽસ્મિન ઋદ્ધિ કીર્તિ દદાતુ નઃ' પ્રગટ થયેલ છે, જેને દુનિયા ચતુઃસમુદ્રા સપ્તસાગરા પૃથ્વી ઓળખવા લાગી છે, જેનું કિરણ એક જ ભૂગોળ માટે બસ થઈ પડે છે, આવા સંત વિદ્વાન દેવ ઈશ્વરને અમારા અનંતાનંત અભિનંદન છે.**

-ડૉ. એસ.રાઘવાચાર્ય...

ડો. વી. સુબ્બારાવ. (M.A., Ph.D., D.Lit., B.A.L., B.E.D.).

આંધ્ર યુનિવર્સિટી.

હૃદયમાં પરમાત્માના સાક્ષીએ સ્વામીજીની સ્તુતિ, અભિનંદન કરવા તે પરમપિતા પરમેશ્વરના ગુણગાન કરવા બરાબર છે. સ્વામીશ્રીએ પાણ્ડિત્ય પૂર્ણ ગ્રંથો રચ્યા છે, તે સાક્ષાત સરસ્વતી ભગવતીનું આરાધન છે. સ્વામીજીના દરેક ગ્રંથો તેમની અદ્વિતીય પંડિતતાના પ્રતીક છે, **શ્રીસ્વામીજીની સંસ્કૃતભક્તિ વડે હૃદયમાં પ્રેમ સુમૂર્ત થઈ જાય છે. આવા વિદ્વાનો વડે ભારતીય સંસ્કૃતિની સંપતિ વધતી રહે છે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજીનું થતું અભિનંદન સન્માન ભારતીદેવીનું સન્માન છે.** આચાર્યજીના વિપુલ ગ્રંથોની માર્મિકતા જોઈને તેમની દિવ્યશક્તિઓ અવગત થાય છે.

- ડૉ.વી.સુબ્બારાવ...

ડો. વ્રજનંદન મિશ્ર (પીએચ.ડી.).

પંજાબ યુનિવર્સિટી, હોંશિયારપુર.

વિદ્વાનોને માટે યુગપુરૂષોના અવતારો થાય છે, વિશ્વની સમસ્ત પ્રજાને કલ્યાણનો ઉપદેશ વિદ્વાન સંત આપી શકે છે, એવા આ અવતારી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહાપ્રભુજી પ્રગટ થઈ દર્શનશાસ્ત્રો, કાવ્યો, સ્મૃતિઓ, પુરાણો, ઈતિહાસો, ઉપદેશો વિગેરેના વિકાસો કરી સંસ્કૃત ક્ષેત્રના ઉચ્ચ ઉદયના કૃપાળુ થયા છે. તેઓ વંદનીય પૂજનીય પ્રભુને અમારા વારંવાર અભિનંદન છે. શ્રીમહામુનિ જૈમિની અને પાણિનીની પરંપરામાં ભગવાન વેદવ્યાસ પછી નવા શ્વેતાયન વ્યાસ પંડિતજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામીજી નૈષ્ઠિકવ્રતી શંકરાવતાર વ્યાસજીનું પ્રાકટ્ય સંસ્કૃત સાહિત્યક્ષેત્રે એક અભૂતપૂર્વ ઘટના છે. આપે રૈવતાચલની ગુફામાં રહીને વિશાલ સંસ્કૃત સાગરની ભરતીઓના પુરો વહાવ્યા છે. આપના તે યત્ન માટે અમારા અનેકાનેક અભિનંદન છે. આપ અપ્રતિ ફલેચ્છુ પરોપકારી દેવતા ઘણા સન્માન પાત્ર છો ઘણું જીવો.

- ડૉ. વ્રજનંદન મિશ્ર...

ડૉ. મેંકર, (M.A., Ph.D., D.Phil.,).

હેડ ઓફ સંસ્કૃત, બોમ્બે યુનિવર્સિટી.

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી માત્ર સંત છે તથા આધ્યાત્મિક શક્તિશાળી છે એટલું જ નહિ, પણ વ્યાપક મહાન ધુરંધર વિદ્વાન છે, ફિલોસોફર છે, ઊંચા દર્જાના સર્વદર્શનાચાર્ય છે. **આવા મહાન વિદ્વાન અને આચાર્યશ્રીને તમામ વિદ્યાઓના લેખક મહા વિદ્વાન પવિત્ર દૈવીપુરૂષ કાંઇ તેમના સેવકોને માટે જ ટૂંકી હદની મૂર્તિ નથી તેમ તેવા કાફલાના જ ગુરૂ છે એમ નથી જ કિંતુ તમામ ભારતીયોના સ્વામી ગુરૂ છે, જેમણે ભારતીઓને માટે તમામ ભારતીય સંસ્કૃત વિદ્યાઓના શાસ્ત્રો લખ્યા છે, માટે ભારતીઓના મોટામાં મોટા ઓલરાઉન્ડ ગુરૂમૂર્તિ છે અને એક શુભ માર્ગદર્શક શિક્ષક છે. આપ અતિ પવિત્ર દૈવી શિક્ષક ઉપદેશક છો. આપના જીવન અને કાર્યો ધાર્મિક અભ્યુદયો માટેના માનવોના કલ્યાણ માટેના તથા અજ્ઞાન ટાળી જ્ઞાન આપવા માટેના છે.** માનવોને ઈશ્વરીય શક્તિઓ સમર્પવા માટે એક ઈશ્વરીય માર્ગદર્શક છો, આવા એક ગુરૂના ગુરૂ વિશ્વગુરુવર્યને સન્માન આપવા અને અભિનંદન પૂજન કરવા માટે, પવિત્ર પુરૂષ અને વિદ્યાઓના આદ્યાત્મિક રસ આપનારા નેતાને માન આપવા માટે અમોને કિંમતી તક મળી છે. તે આપને અભિનંદન માટે સફળતા તથા પરમેશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે, 'આપ દીર્ઘકાળ જીવો લોકકલ્યાણાર્થે શાસ્ત્ર સેવા કરતા રહો.

- ડૉ. મેંકર...

ગોરધનનાથ શુકલ.

અલીગઢ, યુનિવર્સિટી.

શ્રી સર્વાચાર્ય મહાચાર્ય સ્વામીજી એ દર્શનશાસ્ત્રો કાવ્યવિદ્યાઓ પુરાણપદ્ધતિઓ ધર્મશાસ્ત્રો આદિકનું એક અજોડ ઐતિહાસીક મહાકાર્ય ગંભીર ગુરૂતમકાર્ય કરેલ છે, એ વિશ્વને ઈશ્વરાસ્થાજનક છે. આવા ટૂંકા યુગમાં દીર્ઘ કામ તે માનવી શક્તિ ઉપરવટ છે. દૈવી અવતાર જેની કલમ શ્લોકબદ્ધ ગણપતિની પેઠે ચાલી જ જાય તેવા મહાવ્યાસાચાર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને અમારા અનેક સાર્વભૌમ અભિનંદનો છે.

- ગોરધનનાથ શુકલ...

મુકુંદમાધવ શર્મા, (M.A., Ph.D., D.Lit.).
ગૌહાતી, યુનિવર્સિટી, આસામ.

વેદાંતમૂર્તિ સર્વવિદ્યાનિધાન નૈષ્ઠિકયતિ સંતવર્ય સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આ નવયુગના લેખક સર્જક બોધક આદેય મહાપુરૂષ છે, જે યુગે યુગે જગતના સંસ્કારોના સંસ્કરણ માટે જરૂરત પડ્યે અવતરિત થાય છે. **નિત્ય સર્વજ્ઞ અવતરણ ઈશ્વર સર્વજ્ઞમાં હોય છે, તેનું અવતરણ મહર્ષિ સર્વજ્ઞમાં હોય છે, તેનું અવતરણ માનવસર્વજ્ઞમાં હોય છે, તેનું અવતરણ ગ્રંથ સર્વજ્ઞમાં હોય છે. તેનો લાભ લોકસમાજ લઈ શકે છે, આવી પ્રણાલીએ શ્રીસ્વામીજી મૂલપુરૂષ જ છે.** તેમણે આ યુગના માનવોને સ્વયં અવતરીને નીતનવીન વિદ્યા કલાઓના લાભો આપ્યા છે, ઘણું જીવો શ્રીઆચાર્ય પ્રભુજી અમારા હજારો અભિનંદનો આપને છે.

- મુકુંદમાધવ શર્મા...

ડો. યુ. એન. ધલ.
ઉત્કલ યુનિવર્સિટી.

શ્રીસ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આ વેગવંત યુગના શાસ્ત્રોમાં કલમના વેગવાળા વ્યાસજી છે, યુગાનુરૂપ વિદ્વાન સર્વ કલાસંપન્ન વિદ્વાન છે. સર્વ શાસ્ત્રોના ફિલોસોફર લિટરેચર ડૉકટર છે, મહાન સ્કોલર છે. **એક વ્યક્તિમાં તમામ વિદ્યાઓને સ્થાન હોય તે સર્વજ્ઞ વ્યક્તિ ઈશ્વરાંશ આચાર્ય વિદ્યા સજીવનાર્થ પ્રગટ થયા ગણાય છે.** તેવા પવિત્ર સૌરાષ્ટ્રના દિવ્ય સંતને અમારા ઘણા ઘણા અભિનંદન હો.

- ડૉ. યુ.એન.ધલ...

ડો. હિરણીય.
બેંગલોર, યુનિવર્સિટી.

સંસ્કૃતના તમામ વિભાગોના પ્રકાણ્ડ વિદ્વાન અને પ્રસિદ્ધ નામધારી **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સંતવર્ય આજે પૃથ્વીનો સૂર્ય છે. શાસ્ત્રોમાં ગૂઢ ભરેલી ગૂંચવણોને નિજકિરણાવલીઓ વડે ઉકેલી છે.** આ પ્રસિદ્ધ વિદ્વાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી રાષ્ટ્રીય વિદ્વદ્વર્યનું સન્માન એ સમાજનું ગૌરવ છે, આપને અમારા અનેક અનેક અભિનંદન.

- ડૉ.હિરણીય...

ડો. ટી.વી. વ્યાસ (વાઇસ ચાન્સેલર).

આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર.

ભગવાન ધન્વન્તરીએ જે કાર્ય આર્યુવેદ માટે કરેલ છે તથા અશ્વિનીકુમારોએ જે ઔષધીઓ ખોળી છે, તેવું રસપ્રદ અમર કામ જ્ઞાનૌષિધિઓની શોધ, સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ સંસ્કૃત સાહિત્ય માટે સંપૂર્ણ કરેલી છે. હિરણમયપાત્રમાં સિંહણનું દૂધ આપ્યું છે, દર્દીનું દર્દ મટી જાય તેવું સાહિત્ય આપ્યું છે. આપ વિશ્વભરમાં આ યુગમાં સૌરાષ્ટ્રમાં મોટામાં મોટી પંક્તિના વિદ્વાન વિરાજો છો, તેથી મહાગુજરાતને ભારે ગૌરવપણું છે. હાલનો ઇતિહાસ અદ્વિતીય આપ વિદ્વાનને વખાણશે. આપને અમારા ઘણાં અભિનંદનો છે.

- ડૉ. ટી.વી. વ્યાસ...

ડો. એલ.બી. ઠક્કર.

આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર.

સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ જીવન જીવવાનો પવિત્ર સંદેશ માનવજાતિ માટે શાસ્ત્રો દ્વારા સમર્પિત કરેલ છે. ભણો, સાત્ત્વિક હો, ભક્ત હો, શીલ રાખો, દાનેશ્રીહો, વિનીત હો, જ્ઞાની હો, વિચારશીલ રહો, ક્ષમા રાખો, શુદ્ધિ રાખો, રાગદ્વેષ તજો, અજ્ઞાનની અશુદ્ધી તજો, વિજ્ઞાન પ્રદિપ પ્રજવલો, બ્રહ્મદશામાં રહેતા શીખો, તત્ત્વનિર્ણય કરો, સંશયો, વિપર્યયો, વિકલ્પોને તજો, સત્યતાને પકડો, આધ્યાત્મિક વિમર્શ કરો, કલ્યાણમાં અભ્યુદય મેળવો, શાસ્ત્રી પંડિત વિદ્વાન થાઓ, અપરોક્ષાનુભૂતિમાં ભળો, આવા આવા ઉપદેશો નિજ ગ્રંથોમાં સારરૂપે દર્શાવ્યા છે. આવા પવિત્ર સંતને અમારા હજારો ધન્યવાદ અને અભિનંદન સ્વીકાર હો.

- ડૉ. એલ.બી. ઠક્કર...

ડો. ધર્મેન્દ્ર શાસ્ત્રી, (M.A., M.O.L., D.Litt.,).

કુરૂક્ષેત્ર યુનિવર્સિટી.

મહામહામંડલેશ્વર પંડિતવર્ય આચાર્યવર્ય શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની ગહન અને વ્યાપક વિદ્વતાને જોઈને આ જગતના કોઈ પણ વિદ્વાન સ્વામીજીની સેવાથી પ્રભાવિત થયા વિના રહેશે નહિ. **ભારતના મનીષીઓ ભારતીય સંસ્કૃતિના જે ઉચ્ચ સંસ્કારો ઊગતી પેઢીઓમાં સીંચવા ઇચ્છતા હતા અને દેશાંતરને પણ આપવા ઈચ્છતા હતા તેજ વસ્તુ શ્રીસ્વામીજીના ગ્રંથોએ વિશ્વને તેમજ ભારતને આપી છે.** આવા વિશ્વરૂપ સ્વામીજીને અમારા અભિનંદન સ્વીકૃત હો.

- ડૉ.ધર્મેન્દ્ર શાસ્ત્રી...

ડો. ટી. એમ. પી. મહાદેવન.

મદ્રાસ યુનિવર્સિટી, મદ્રાસ

આપણા દેશમાં આવા મહાપુરૂષોની ખાણો છે, પણ વિદ્વતા, સર્વશાસ્ત્રીય વિદ્વતા, ભક્તિમત્તા, નૈષ્ઠિકતા, શાસ્ત્રરચયિતૃતા, સારસ્વતોપાસના, વૈષ્ણવતા, સાત્ત્વિકતા, નિર્વ્યસનિતા, શુદ્ધિ, પંચદેવોપાસના, ધાર્મિકતા, દ્વિજતા, કલ્યાણ વ્રતિમત્તા, આવા અમૂલ્યગુણો જેમાં મળે તે તો ઈશ્વરોનો ઈશ્વર છે, આવા ઈશ્વરાંશને જરૂર ચિરસ્થાયી અભિનંદન ઘટે. ભગવાન પ્રતિ ઉત્તમ સંદેશા પહોંચાડનાર પુરૂષવર્ય ગણાય, વિશ્વના મહાનવિભૂતિ સ્વરૂપ ગણાય, વિશ્વાત્મા સ્વામીજી છે, સ્વામીજી સાર્વભૌમ છે, સાર્વભૌમ સ્વામીજી છે, સદાચાર સતીવિદ્યાઓ સધર્મ સતી ભક્તિ સતીકૃતિઓની મૂર્તિજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી છે. મહાપુરૂષના ગ્રંથોની સાથે સ્વામીજી બ્રહ્મસ્વરૂપને અમારા શ્રદ્ધાંજલિવાળા ઉત્કૃષ્ટ અભિનંદન છે.

- ડૉ. ટી.એમ.પી. મહાદેવન...

ડો. જી. ઈ. નાયક, (એમ.એ., ડી.લિટ્.,).

ઉત્કલ યુનિવર્સિટી, ભુવનેશ્વર.

જગતમાં સાધુ થતાં આવડે, વિદ્વાન થતાં વાર લાગે, સાધુતા વિદ્વત્તા બન્ને મેળવે તેવામાં તો વાર્ધકય દેખાવા લાગે, **ખરું વાર્ધકય પણ એજ છે જેમાં સંતતા, વિદ્વતા, શાંતિ, બ્રહ્મચિંતન જણાય, આવા બ્રહ્મજગતના બ્રહ્મસ્થિતિક ઉચ્ચ કોટિના વિદ્વાન સંતનું અભિનંદન તે સાહિત્યની મહા સેવા છે.** ભારતના વિદ્વાનો એ પ્રકારે ઉપજતા રહે એવા અમારા અભિનંદન છે.

- ડૉ. જી.ઈ. નાયક...

ડો. ગોવિંદચંદ્ર પાંડે (કુલપતિ).

જૈપુર યુનિવર્સિટી.

ગુણસંપન્ન, પ્રતિભાસંપન્ન પવિત્ર સંત સ્વામીશ્રીને તમામ ચેતનો વંદે છે, ભારત ભૂમિમાં ગૌરવ મેળવી સૌરાષ્ટ્રને ઉજળું કર્યું છે, અનેક જીજ્ઞાસુઓને તૃપ્ત કર્યા છે, ઉજળો સૂર્ય ચમકે છે, તેમને દેશના અને અમારા અભિનંદન છે.

- ડૉ. ગોવિંદચંદ્ર પાંડે...

વાઇસ ચાન્સેલર.

વેંકટેશ્વર યુનિવર્સિટી, તિરૂપતિ યુનિવર્સિટી.

શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાએ મહાભારતને દબાવ્યું હોય તેમ પ્રાગટય મેળવ્યું છે, પાંચહજાર વર્ષે આ યુગમાં હવે પછી તેના પાઠો ભજવાશે એવી કરામત તેમાં છે. આપ પોતે જ તેમાં સ્થિર સંવાદિત પાત્ર સ્વરૂપ છો. આપ ન્યાય, તર્ક, કાવ્ય દર્શનોના પુણ્યશ્લોક, વંદનીય ધર્મમૂર્તિ છો, જાગ્રત જયોતિ છો, વિદ્યાસૂર્ય છો, શાંતિચંદ્રમાં છો, જીવન પ્રાણ છો, આપની સુવાસ પૃથ્વીમાં ફેલાઈ છે, સર્વત્ર આપના પ્રમાત્વ વિમર્શ, ખ્યાતિ સત્‌દર્શન, પ્રત્યક્ષ દર્શન, તત્ત્વપ્રભાવલી, કિરણાવલી આદિ આદિ ગ્રંથો તો શિક્ષા વિભાગમાં સ્થાન મેળવનારા થયાં છે, આપને ધન્ય છે. આપ સમસંસ્કૃતના મહાન પંડિત અને તેજસ્વી સ્કોલર દિવ્ય પુરૂષનું સન્માન કરવામાં અને અભિનંદન આપવામાં શ્રીવેંકટેશ્વર યુનિવર્સિટી ગૌરવ અનુભવે છે.

- વાઇસ ચાન્સેલર...

રામશરણ ત્રિવેદી (દર્શનાધ્યાપક).

યુનિવર્સિટી, બેંગલોર.

ભારતના વિદ્વાનો ભારતીય વિદ્વાનને મહાસ્વાગત સાથે સમ્માન કરે છે, **જે વિદ્યામૂર્તિમાં સર્વવિદ્યાઓને સ્થાન છે, સંસ્કૃત સાહિત્યને પ્રથમ સ્થાન છે,** તેવા મહાવિદ્વાન શ્રીસ્વામીજીને અમારા અનેક અભિનંદનો છે.

- રામશરણ ત્રિવેદી...

ડો. ધર્મેન્દ્રકુમાર ગુપ્તા, (M.A.,O.L., Ph.D.,) વિદ્યાવાચસ્પતિ.

પંજાબ યુનિવર્સિટી, હરિયાણા.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સંત ધાર્મિક નેતા, મહાન સ્કોલર, ફિલોસોફર, દર્શનાચાર્ય, ભારતીય સંસ્કૃતિના નિર્માતા છે, સત્યના મહાન શોધક છે, આધ્યાત્મિક ગુરૂ છે. **એમણે નવી રચનાઓમાં વેદવ્યાસનું તથા શંકરાચાર્યજીનું તથા રામાનુજાચાર્યજીનું કાર્ય કરેલ છે,** સમાજના મનમાં આકર્ષણ ઉપજાવનારા છે, ધન્યવાદના પાત્ર છે, હજારો આપને અભિનંદન હો.

- ડૉ.ધર્મેન્દ્રકુમાર ગુપ્તા...

ડૉ. બાબુલાલ શુકલ, (ડિ.લીટ્).
ઈન્દૌર યુનિવર્સિટી.

સ્વામીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના અનેક ગ્રંથોનો અભ્યાસ કરવાની તક મને મારા છાત્ર જીવનમાં તેમનાથી મળી છે. **હું તેમની તેજસ્વી બુદ્ધિ, સાહિત્યજીવન અને પ્રતિભાથી ખૂબજ પ્રભાવિત થયો છું,** તે સ્વામીજીને મારા હજારો અભિનંદન છે.

- ડૉ. બાબુલાલ શુકલ...

કે. ૨. જોષી, (ડિ.લીટ્).
યુનિવર્સિટી નાગપુર.

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વયં અધ્યયન અધ્યાપનમાં સર્વોત્કૃષ્ટ શિક્ષક સિદ્ધ થઈ ચૂક્યાં છે. આપના ગ્રંથાવલોકન કરનારને આપની પ્રતિભા પ્રતિ બહુ માન ઉપજે છે, **વિદ્યાવાચસ્પતિ સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનો જ્ઞાનસૂર્ય જગત ઉપર કિરણો ફેલાવશે,** આપને અમારા અભિનંદન છે.

- કે. ૨. જોષી...

ડૉ. આનંદ, (એમ.એ., ડિ.લિટ્).
અલીગઢ યુનિવર્સિટી.

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાાર્યજી મહારાજ આપ સ્વેચ્છા ભારતીય સંસ્કૃતિના પ્રતિક પ્રગટ્યાં છો, તમે પોતે જ પવિત્ર દેવેશ્વર છો, તમે પોતે જ ભારતીય આત્મા છો, મારા અભિનંદન આપને સ્વીકૃત હો. આપની કૃતિયો આગળ નિગમ મહાભારત ન્યાયદર્શન વેદાંતદર્શન ઈત્યાદિ સન્માન છે. આપ વડે મળતા અમૃતો અભિનંદનના આનંદ થાય છે.

- ડૉ. આનંદ...

નાગરાજ માઈસોર.

મૈસુર યુનિવર્સિટી.

સંસ્કૃત વિષયમાં નવી ખોજ અને ઊંચા અભ્યાસના સ્થાનના વિભાગમાં, અલંકાર શાસ્ત્રના ખજાના તરીકે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી વિશ્વ વિખ્યાત વિદ્વાન છે. હજારો પ્રકારે ફિલોસોફી તત્ત્વજ્ઞાનની કૃતિઓરૂપી રત્નોના રચનારા છે, પ્રાતઃ સ્મરણીય છે. એમના નામ વડે અભિનંદન ગ્રંથનું પ્રકાશન થઈ રહ્યું છે, આવું જાણીને મારું ચિત્ત પ્રમોદ પામે છે. ગીર્વાણવાણીને જે વાણી આવા આ સમયના વિદ્વાનોમાં અગ્રગણ્ય એવા પંડિતની પૂજ્યતા વધારે છે. આપનું આ કાર્ય સર્વ વિધ યશઃ શ્રીપ્રાપ્તિ કરનારું હો, એમ આદર સહિત ભક્તિ સહિત આશા ધરાવું છું અને ગૌરવજ્ઞાપક અભિનંદન ગ્રંથ સારી રીતે પ્રસિદ્ધ હો.

-નાગરાજ માઈસોર...

ડો. ડાંગે.

મુંબઈ યુનિવર્સિટી.

તર્ક, ન્યાય, મીમાંસા, સાંખ્ય, યોગ જેવા ગહન વિષયો ઉપર જ નહિ, પરંતુ સાહિત્ય, કાવ્ય, ભક્તિ આદિમાં પણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની મધુરી વાણી તત્ત્વમાધુર્ય ભરેલી છે. એમના પાવન વિચારો ઉચ્ચ દર્જાના છે. તેમને અમારા હાર્દિક ઘણાં ઘણાં અભિનંદનો છે.

- ડૉ. ડાંગે...

ડો. મેંઈનકર, (M.A., Ph.D., D.Litt.,).

હેડ ઓફ ધ ડિપા. ઓફ સંસ્કૃત, બોમ્બે યુનિવર્સિટી.

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય માત્ર એક સંત કે આધ્યાત્મિક નેતા નહિ પરંતુ એક ઉચ્ચ દરજ્જાના બુદ્ધિજીવી, તત્ત્વજ્ઞાની અને દર્શનશાસ્ત્રી છે. તેવા મહાન આત્માને, ભણેલ બુદ્ધિજીવી સત્યનિષ્ઠ અનુયાયી ધરાવે છે. તેમજ તે સમગ્ર ભારતીય લોકોના એક મહાનતાના પ્રતિકરૂપે તેમજ એક આધ્યાત્મિક માર્ગદર્શક અને શિક્ષક પણ છે. તેઓ એક પવિત્ર શિક્ષક છે અને તેમનું જીવન અને કર્મ હંમેશા આધ્યાત્મિક ભાવનાવાળું અને માનવજાત ઉપર પ્રકાશ પાડનારું રહ્યું છે. તેવા સત્યનિષ્ઠ પવિત્ર પુરુષ અને યુગપુરુષના અમે ઋણી છીએ, અમારા તેમને વંદન.

-ડૉ. મેંઈનકર...

ડો. વર્ણેકર, (એમ.એ., ડિ.લીટ્).

નાગપુર યુનિવર્સિટી.

અમો આપને અભિનંદનગ્રંથ વડે અભિનંદન કરીએ છીએ, રાષ્ટ્રના સંતનું સમ્માન કરી ગૌરવ મેળવીએ છીએ. **ગૃહી સંત ગૌતમે ન્યાય આપ્યો, સંત વ્યાસજીએ વેદાંત આપ્યુ, યોગી જન પતંજલિએ સંયમ આપ્યો, કર્મકાણ્ડી સંત જૈમિનીયે યજ્ઞયાગ આપ્યાં, શ્રીઆચાર્ય સંત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ તમામ શાસ્ત્રોના દોહન સાથે શ્વેતાયનસંહિતા આપી,** તેમને અભિનંદન છે.

- ડૉ. વર્ણેકર...

ડો. ગૌરીભાઇ ભટ્ટ, (કુલપતિ).

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

સૌરાષ્ટ્ર ગુજરાતને વિદ્યાવાળો છે, એવું દેખાડવા ત્યાગી માર્ગસ્થ બ્રહ્મચારી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે સંસ્કૃત અંગ્રેજી હિન્દી અભ્યાસ કરી, સૌરાષ્ટ્રના વિદ્યાવંત ગૌરવને વધારવા શરીર ઘસી નાખતા એવા મૂર્ધન્ય વિદ્વાનને અમારા કોટિકોટિ અભિનંદન છે.

- ડૉ. ગૌરીભાઇ ભટ્ટ...

ડો. પ્રભાકર ડોંગરે.

એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા.

પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહાવૈષ્ણવ આચાર્યશ્રીને મારા દંડવત્ પ્રણામ. **આપ મહાભાગવત ભક્ત છો, આપે ઘણાં મંદિરો કરાવ્યાં છે, આપે ઘણાં વૈષ્ણવભક્તો કર્યા છે, આપે અતિ જ્ઞાન ભર્યા ઘણાં ગ્રંથો લખ્યાં છે, આપે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિના માર્ગો ચલાવ્યાં છે,** ઉદ્ધારક એવા આપના ચરણકમલોમાં મારા સસ્નેહ અભિનંદન સાથે પ્રણામ.

- ડૉ. પ્રભાકર ડોંગરે...

શ્રી હરસુખભાઇ સંઘવી, (કુલપતિ).

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

એક ઉતરપ્રદેશ કે બંગાલ મિથિલા દ્રવિડ જ વિદ્વત્તાભર્યા દેશો છે એવી મારી માન્યતા હતી, પણ જ્યાં જ્યાં હું વિદ્વાનોના સંપર્કમાં આવતો ગયો તેમ તેમ વિશેષ પ્રભાવ પડતો ગયો કે વિદ્વાનો તેવા એક દેશના જ માણસો છે એમ નથી. વિદ્વાનો તો સ્વયંસિદ્ધ હોય છે તેઓ પવિત્ર ઠેકાણે પ્રગટ થાય છે અને કાશી વિગેરેની પવિત્રતા લેવા યાત્રા જ કરે છે. **ધન્ય છે મહાગુજરાતને તથા સૌરાષ્ટ્રને, આજ સૌરાષ્ટ્રમાં એક સંત એવા વિરાજે છે, જેમની મૂર્તિના દર્શન મેં જાતે પોતે તેમના નિવાસ રૂમે જઈને કર્યા. મને તેમની મૂર્તિમાં ઘણો મોટો પ્રભાવ પડ્યો તેમનું સાહિત્ય જોતાં તો એમ થયું કે - આવા લેખક, રીડર, અધ્યાપક, સંશોધક, સંસ્કૃતિ નિર્માતા, સ્કોલર અત્યારે બીજા દેશો કરતા આપણી ભૂમિમાં અન્ય સર્વથી વધી જાય તેવા છે. તેમની સંસ્કૃત વાણી મોતીના દાણા પેઠે અમૃત વરસાવતી સાંભળીને મને શાંતિ થઈ ગઈ,** આવા સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના સર્વે અભિનંદનો સાર્થક છે એમ મેં માની મારા પણ અભિનંદનો તેમને આપ્યા. સર્વત્ર એ સંતમૂર્તિ મને સ્મરણમાં ઉપસ્થિત રહ્યા કરે છે, તેમને ઉમદા કાર્યની સફળતા ઈચ્છતા સાથે મારા પ્રણામ.

શ્રીહરસુખભાઇ સંઘવી...

ડો. જાવડેકર.

એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા.

ભારતભૂષણ, મહારત્ન, મહામહોપાધ્યાય, ન્યાયાચાર્ય, તર્કશાસ્ત્રી, દર્શનાચાર્ય, સંહિતાચાર્ય, કાવ્યમનિષિ, પીએચ.ડી., ડી.ફિલ, ડી.લીટ્, એમ.એ. **શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે એજ્યુકેશન વિભાગને શિક્ષણાર્થ અનેક ગ્રંથો રચી આપ્યાં છે. વિદ્વાનો અગાધતામાં ઝોલા ખાય ત્યારે તે પદાર્થ અગમ્ય થાય છે, પૂર્ણ સાવધાન થાય તે તે ગહન પદાર્થો અવગત થાય છે, ભારતને આ વિદ્યાઓ શ્રીસ્વામીજીએ અર્પી છે.**

આપશ્રી આદ્યાત્મિકતાના મહાચિંતક છો, આપના પ્રતિ નતમસ્તક થવાય છે, આપની વિદ્યાકીર્તિ જીવન સરસ્વતી આપને અનેક પ્રકારના અભિનંદનો અપાવે છે, આપશ્રી અભિનંદન મૂર્તિ છો, આપને અમારા ઉત્કૃષ્ટ અભિનંદન પ્રાપ્ત હો.

- ડો. જાવડેકર...

ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, (એમ.એ., પીએચ.ડી.).

નિયામક પ્રાચ્યવિદ્યા મંદિર, અધ્યક્ષ, ગુજરાતી વિભાગ,
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા.

પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્મૃતિ ગ્રન્થ તમે પ્રગટ કરી રહ્યા છો, એ જાણી આનંદ થાય છે. હું તો એને અભિનંદન ગ્રન્થ અથવા અભિવાદન ગ્રન્થ કહું, કેમ કે એ વડે એક પ્રકાંડ પંડિતની સરસ્વતી સેવાનું અભિનંદન થાય છે. **પંડિતજીએ તેમના વિપુલ અને વિદ્વત્તાપૂર્ણ સાહિત્ય સર્જન દ્વારા આપણી વિદ્યાસંપત્તિને સવિશેષ માતબર બનાવી છે.** એમને મારા અભિનંદન અને તમે આદરેલા મહત્કાર્ય માટે શુભ કામનાઓ.

- ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા...

શ્રી યશવંત શુકલ.

વાઇસ ચાન્સેલર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

આનંદ તો એ છે જે- શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે ગ્રંથો રચ્યા. અને બ્રહ્મશીલવ્રતમાં જીવન ગાળી લોક સેવા અર્પી સરસ્વતી શારદાનાથને રાજી કર્યા, ભારતનું ગૌરવ વધાર્યું છે. **જે ગૌરવ મહામહોપાધ્યાય નવ્યન્યાય તર્ક સાર્વભૌમે કરેલુ વધે છે અને દેશને દેખતો સૂર્ય દર્શાવે છે તે ગૌરવ પીએચ.ડી., ડી.ફિલ., ડી.લીટ્, રિડર, વડે દર્શાવાતુ નથી. સર રાધાકિશન, ભગવાનદાસ બાબુ, આદિત્યનાથ ઝા આદિ ૬ વિદ્વાનો સંસ્કૃત વડે ગ્રંથો વડે ભારતનું ગૌરવ વધારી ગયા છે. પોતે ગૌરવ સાથે સ્વર્ગના સંબંધો ધરાવનારા થયા છે, તેવી જ શ્રીસ્વામીજીની કલમે ગૌરવ વૃદ્ધિ પામતું જાય છે,** આપને મારા હજારો અભિનંદન. આપ ભારતીય પવિત્રતાનું પ્રતીક છો, આપ આ યુગના મહાન ચિંતક તેજસ્વી સ્કોલર સાધક ગહનયોગી છો, તીર્થંકર છો, આપ મહાવિભૂતિ સ્વામી છો એમ ભાસે છે, ૪૫ ગ્રંથો માર્મિક તત્ત્વાન્વિતોના લેખક એવા શ્વેતાયન વ્યાસજી આપને અમારા પ્રણામ સાથે અભિનંદન હો.

- શ્રી યશવંત શુકલ...

ડો.તપસ્વી નાંદી.

ભાષાસાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

પુજ્ય પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની વિદ્યા સેવા વિપુલ અને બહુમૂલ્ય છે. તેમણે ગુજરાતી, હિન્દી અને સંસ્કૃતમાં તત્ત્વજ્ઞાન વિષયક શાસ્ત્ર ગ્રંથો અને કાવ્યોની રચના કરી છે. તેઓશ્રીની શ્રીહરિની સેવા અને સરસ્વતીની આરાધના અખંડ રીતે ચાલુ રહે અને વિશાળ લોક સમુદાયને તેમની જ્ઞાનોપાસનાનો લાભ મળતો રહે તેવી પરમ કૃપાળુ પ્રભુને પ્રાર્થના અને શુભેચ્છાઓ. પ્રભુ તેમને દીર્ઘ અને નિરામય જીવન અર્પો.

તા.૨૬-૨-૭૬

- તપસ્વી નાંદી...

ડો. કે.રંગનાથન.

સંસ્કૃત વિભાગાધ્યક્ષ, યુનિવર્સિટી બેંગલોર.

જૂનાગઢના મહાન સંત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી માનવસમાજમાં ગ્રંથો દ્વારા ચમકી રહ્યા છે, માટે ભારતમાં સંત રૂપે તેમજ વિશ્વમાં સંત રૂપે પ્રગટ થયા છે, **તેમની વિદ્યાઓ વાંચીને વિદ્વાન વર્ગ નેત્રે વાંચીને આત્માનો અનુભવ પ્રસાદ મેળવે છે. એવા હૃદયે હૃદયે વ્યાપક સંતને મારા વિશ્વવંદનીય પ્રભુને સંમ્માન સાથે અનેક અભિનંદન,** પ્રણામ હાર્દિક સ્વાર્પણતા અસ્તુ.

- ડો. કે. રંગનાથન...

ડો. વર્ણેકર.

નાગપુર, યુનિવર્સિટી નાગપુર.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિનારાયણાચાર્યજીએ ન્યાય, તર્ક, સાંખ્ય, યોગ, વેદાંત, મીમાંસા, પ્રામાણ્ય ખ્યાતિ, આદિ મહાકઠિન વિષયો પર વિચાર કર્યા છે નવીન પદાર્થો બુદ્ધિગમ્ય પ્રકાશિત કર્યા છે, સંસ્કૃત હિન્દી ગુજરાતીમાં યથાપાત્ર ઉપદેશ્યા છે. પ્રદીપ આપી અંજવાળામાં લીધા છે. **સ્વામીશ્રી ભારતના મહાન ઋષિરાજ પવિત્રાત્મા છે, ભક્તિના ક્ષેત્રમાં ગરકાવ છે, તમામ ગ્રંથોમાં શ્રીહરિ શરણ તો નિહિત જ છે. આપ સંસ્કૃત સાહિત્ય વડે, સંસ્કૃતિના સંસ્કારો જનતામાં રેડવા રાત-દિન કલમ ચલાવી રહ્યા છો, આવા સંત સાચા ફિલોસોફર અને લિટરેચર છે,** તેમને મારા અનેકાનેક અભિનંદન અર્પિત હો.

- ડો. વર્ણેકર...

ડો. શિવમંગળસિંહ સુમન.

ઉજ્જૈન, વિક્રમ યુનિવર્સિટી.

આજ કહેવાથી તો વિમર્ષિને ભારે પડી જાય, પણ તેવા ભયને સાહિત્ય સૂર્યપ્રકાશ નિર્ભયતા આપે છે, અમર્ષીઓ કરી ન શકે પણ વિમર્ષી પૂરા ન થઈ શકે, તે સ્વ સ્વદેશ-સ્વોપાસ્ય વિગેરેને માટે અનુપયોગી જ રહે છે. **પંડિતવર્ય સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ જગતભરના વિજ્ઞાનો ભરી મૂર્તિ છે એમ ભાસે છે, એમના ગ્રંથોના વિષયો ભારતીય વાઙમયની વિશાળતાને પ્રકાશ વડે દર્શાવે છે, માટે રાષ્ટ્ર સ્વામીજીની મેધાવી શક્તિ વડે ગૌરવપાત્ર થયેલ છે, નવીન યુગમાં વિદ્વાનોની ગણત્રીમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ઉત્તમસ્થાનમાં અભિનંદનીય છે, અભારતીયોને ભારતીય અંજવાળું કેવું છે તે સ્વામીજીના ગ્રંથોએ અવકાશમાં દેખાડી આપ્યું છે, યુનિવર્સિટીઓ પણ હેબતાઈ જવાના પગરણમાં ખસે છે. આવા ગહન વિષયો જરૂર આવી પડવાના, ભારત જે વિદ્યાઓમાં ગૌરવ લ્યે છે, તે લેશે જ, વિદ્યાલયોએ ભારતીય વિદ્યાઓ વધારે હૃદયધાર્ય, શિરોધાર્ય કરવી જ પડશે.શ્વેતાયન વ્યાસભગવાને આ બાબત પ્રગતિના યુગમાં સમર્પિ છે, આવા સર્વગુરૂસ્વરૂપ હરિને અમારા અનેક અભિનંદન છે.**

- ડૉ. શિવમંગળસિંહ સુમન...

ડો. કે.રા. જોષી.

નાગપુર યુનિવર્સિટી.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજમાં સંસ્કૃત સાહિત્ય, ભારતીય સંસ્કૃતિના અભ્યુદયો અને વૃધ્ધિ માટે અસાધારણ પ્રતિભા વસેલી છે. તે શાસ્ત્રીજી સ્વયં લાંબોકાળ લોકસેવા માટે જીવો, સંસ્કૃત સેવા વધારતા રહો, આપની છત્રછાયામાં અનેક બુદ્ધિશાલીઓને માર્ગદર્શન મલતું રહો, આપના અનેક કામ સમૃધ્ધ થતા રહો, આપની સંસ્કૃત ભારતી આપના પ્રખ્યાત નામ સાથે જગત્પ્રાન્તાવલમ્બિની વધતી રહો, આવા મારા અભિનંદનો સ્વીકૃત થાઓ.

- ડૉ. કે.રા. જોષી...

ડો. એસ. કાન્જે.

બોમ્બે યુનિવર્સિટી.

શ્રીમાન શ્રીપતિ પૂજનીય સંત પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પૃથ્વી પર વિદ્યા અવતાર, ભગવદ્‌વિજ્ઞાનાવતાર સ્વયં ભગવાન સ્વરૂપ જણાય છે, વિદ્વત્સાર્વભૌમ જરૂર વિદ્યાઓના સાર્વભૌમરાજા છે, વિવિધ ઉપાધિઓ સ્થાને છે, ગ્રંથ રત્નો વડે ઉપાધિઓ સાર્થક શોભે છે, વિદ્વત્પરિતોષ આપે છે, અંદર પોલ નથી, સુદૃઢ સાહિત્યમાં કર્કશ ન્યાયગ્રંથિઓમાં તર્કના અગાધ નિધિઓમાં આપ સ્વામીશ્રીની ભારતી ધ્રૂવવત્ અવિચળ ચળકે છે, વિશ્વમાં અને વિદ્વાનોમાં આપ અરૂણેશ્વર છો, પ્રાચીન પંડિત એવા થકા પણ નવ્યક્ષેત્રના વિશાળ પંડિત છો. આપનું નામ પુસ્તકો સાથે યુનિવર્સિટીઓમાં ઉચ્ચ સ્થાન લેતું થયું છે. સાંખ્ય, યોગ, તર્ક, ન્યાય, શાબ્દિક, સાહિત્ય, આધ્યાત્મિક, બ્રહ્માનન્દ, ભક્તિ, વિજ્ઞપ્તિ, પ્રમિતિ, પ્રમાણ, ખ્યાતિ આદિ વિષયો ઉપર તો આપની લેખિણી તલસ્પર્શી થયેલી છે, થાક વિનાની છે, પ્રદેયદાનવાલી છે, સત્ય મોતી વિણનારી છે, રત્નોના તીર્થો બનાવનારી છે, આચાર્યોના ઉદ્‌ઘાટન કરનારી છે, ઋષિ મુનિઓના વાસ વસાવનારી છે, વિપ્રવર્યોના વાણી વિલાસ વધારનારી છે, ભક્તિધારામાં તો મોક્ષધારા વરસાવનારી છે, વ્યાખ્યાન આખ્યાનોમાં માધુર્ય મિષ્ટતા દેનારી છે. સંસ્કૃત, હિન્દી, ગુજરાતી, અંગ્રેજીના જ્ઞાતા આપની સુર-ગંગા, ગંગાસાગરમાંથી પ્રકટ થઈ હોય કે શંકરની જટાના રોમનું રૂપાંતર પામી હોય તેવી કામ કરી રહી છે, આપને આવા આવા હજારો અભિનંદન અર્પીએ છીએ.

- ડો. એસ.કાન્જે...

સત્યવ્રત પ્રોફેસર.

સંસ્કૃત આર્ટ્સ, સાયન્સ યુનિવર્સિટી ઓફ દિલ્હી.

મને ઘણો આનંદ થાય છે, તમો સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહાવિદ્વાન પંડિતજીને અભિનંદન સન્માન આપવા તૈયારી કરો છો. **મોટામાં મોટા વિદ્વાનોમાં પણ પ્રકૃષ્ટ વિદ્વાન શ્રીસ્વામીજી છે, મહાવિદ્વાનને તેમની વિદ્વતાને જગતના વિદ્વાનો સન્માન આપતા થકા સ્વયં વિદ્વાનોજ સમ્માનિત થઈ જાય છે.** આપ સર્વે તેમાં સફળ હો, મારી હાર્દિક પૂજય સ્વામીજી પ્રતિ સમ્માનાંજલિ સમર્પિત હો. આપ સમગ્ર ભૂગોળના વિદ્વાનોના મુર્ધન્ય વિદ્વાન છો, આપના ચરણમાં નત મસ્તક.

- સત્યવ્રતના પ્રણામ...

ડો. જી.સી. નાયક, (એમ.એ., પીએચ.ડી.).

રીડર ઇન ફિલોસોફી, ઉત્કલ યુનિવર્સિટી, ભુવનેશ્વર, ઓરિસ્સા.

સ્વામીજી મહારાજ એક અતિ પ્રખ્યાત વિદ્વાન છે, પોતે સ્વયં દૈવી ચમત્કારી આત્મા છે, તે આ જરૂર આપણા તરફથી થતા સમ્માન અને પૂજાને પાત્ર છે. આપણે તેઓશ્રીને સમ્માનિત કરીએ તેમાં તો આપણે પોતે જ ઘણાં સમ્માનના પાત્ર થઈ જઈએ છીએ, આપણાં બધાની આદ્યાત્મિક ઉન્નતિને માટે સ્વામીશ્રીની દૈવીશક્તિ વધતી રહો. આપણાં દેશના યુવા વિદ્વાનો તે નિમિતે ઘણાં ઘણાં હોતા રહો. **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે સંસ્કૃત વાડમય ગ્રંથો દ્વારા નિજ શ્વેતાયન મૂલક શ્રીહરિશરણાગતિ નામક મહાવિદ્વાનોનો અસીમ સંપ્રદાય માનવ સમાજમાં સ્થાપિત કર્યો છે, તેમાં યથાપાત્ર સુધાપાન લેતા રહેશે અને મહર્ષિઓને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, અભ્યાસ, આત્મતત્ત્વ, ચિંતનનો અવસર આપતા રહેશે.** ઘણું જીવો સ્વામીજી, અને ઘણા વિસ્તરો સ્વામી ગ્રંથ અને સંપ્રદાય, હું આપ સર્વે ને નિજ અભિનંદન સમર્પણ મહાકાર્યમાં સુસફળતા ઈચ્છું છું અને શ્રીઆચાર્યજી અવતારી પુરૂષની સાર્થક લાંબી જીંદગી ઈચ્છું છું.

- જી.સી. નાયક...

વેન્કિટ સુબ્રહ્મોનિયા ઐયર, (એમ.એ., પીએચ.ડી,).

પ્રોફેસર ઓફ સંસ્કૃત, પ્રિન્સીપાલ કારીયાવટ્ટમ,
ત્રિવેન્દ્રમ, યુનિવર્સિટી ઓફ કેરાલા.

સ્વામીજી યોગ કલા વડે, અસ્મિતાના સહારા વડે, સમ્પ્રજ્ઞાન સ્થિતિમાંજ દ્વિતીય સ્વરૂપને ધારણ કરીને, પૃથ્વી પર સ્થપાયેલા તમામ સંપ્રદાયોને જોઈ આવતા હોય તેમ તે સાંપ્રદાયીક આશ્રિતોના મોક્ષીય સાધનો વડે, પ્રાપ્ય દિવ્ય લોકોને પણ જોઈ આવતા હોય તેમ પ્રત્યક્ષદર્શી અલૌકિક પ્રત્યક્ષદર્શી માનસ અલૌકિક પ્રત્યક્ષદર્શી, બ્રહ્મદર્શી, આત્મદર્શી, સર્વદર્શી થયા હોય તેમ દુનિયાભરના સંપ્રદાયોના સંપ્રદાયને તાત્ત્વિક પ્રાપ્ય જ્ઞાન જિજ્ઞાસુઓને આપવા માટે 'અખિલ ભૂમંડલિય સાંપ્રદાયિક મુક્તિ વ્યવસ્થા' નામક સંસ્કૃત, ગુજરાતી મહાગ્રંથ રચેલ છે. આવા વિદ્વાનને અભિનંદન આપવામાં આપ સફળ થાઓ.એવી પ્રાર્થના સાથે વિરામ લેતા.

તા. ૨૩-૩-૭૬

- એસ. વેન્કિંગ સુબ્રહ્મોનિયા ઐયર...

સુરેશચન્દ્ર શ્રીવાસ્તવ, (રીડર ઇન સંસ્કૃત).

અલ્લાહબાદ યુનિવર્સિટી.

પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સંસ્કૃતના પ્રકાંડ લેખક છે, ૪૫ પિસ્તાલીશ જેટલી અભ્યાસમાં શિક્ષણ માટે ઉપયોગી પાઠ્ય બુકો લખ્યા છે, જે અતિપ્રસિદ્ધિ પામેલી છે. **નવા જમાનાના સ્વામી શ્રીઆચાર્યમહારાજ વ્યાપક વિદ્વાન અને અજોડ લેખક છે, જુના જમાનાના તમામ ફિલોસોફરોના ગ્રંથોની ઉપર નાના મોટા વિષયો લઈને શ્રીસ્વામીજીએ નવો વિકાસ કરી ઘણી નવી બુકો વડે જૂના ઉપર ઓપ ચઢાવી દીધો છે. અમારી યુનિવર્સિટીમાં જ્યારે હું મારા પોસ્ટઆચાર્યના વિદ્યાર્થીઓને ભણાવતો ત્યારે શ્રીસ્વામીજીને મળેલી તે ટેક્સ્ટ બુકો ભણાવવાનો, તેમાંય પણ યોગ સૂત્ર, સ્વામિનારાયણભાષ્ય, તથા ન્યાયસિદ્ધાંત મુક્તાવલી, કિરણાવલી, સાંખ્યતત્ત્વકૌમુદી કિરણાવલી, ભણવાનો શુભ સમય મળ્યો હતો, ત્યાં આપ સ્વામીશ્રીની તે નવીન સભાષ્ય અને સટીક બુકોને ભણી, ભણાવીને આશ્ચર્યચકિત થયો હતો. સ્વામીજી મહારાજે તમામ વિષયોને સરલ બનાવ્યા છે, સચોટ સાધ્યાં છે, વિશદ્ સમજાવ્યાં છે અને નવા તાર્કિક વિકાસો તથા પરિષ્કારો તથા ન્યાયરીતિ વડે સાધનાઓ ખૂબ જ કરી છે. હું ખરેખર તેમના ગ્રંથો પર પ્રભાવિત થયો છું.** એમના સ્પષ્ટ વિવેચન, સાધન, સાધ્ય, પ્રમાણ, ઉપપત્તિઓ વિગેરે તથા વસ્તુસ્વરૂપ સ્થિતિઓ તથા હેતુહેતુ મદ્ભાવ સાધનિકાઓ આદિ જોઈને તો એમ જ થયું આ વર્તમાન યુગમાં આવો કોઈ લેખક નથી. યુનિવર્સિટી જે ગ્રંથોને વસાવવા માંડી સંસ્કૃતના વિદ્વાનો અને વિદ્યાર્થીઓ તો ઊંડાણમાં વિચાર જ કરી જાય છે. આવા લેખક કઠિન સ્થલીઓમાં શું લખે છે તે જુઓ, આવા ઊંડાણમાં ઉતરવું પડે ત્યારે શ્રીસ્વામીજીના લેખનો આધાર લેવાય છે, આવા મહાન લેખકને યુનિવર્સિટી માનસત્કાર અને અભિનંદન આપે છે, ધન્યવાદ આપનો ભવદીય.

તા. ૩૦-૩-૭૬

- સુરેશચન્દ્ર શ્રીવાસ્તવ...

એસ. એસ. રાઘવાચાર (પ્રોફેસર ઓફ ફિલોસોફી).
યુનિવર્સિટી ઓફ માઇસોર.

આપ વિદ્વાનો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ શ્રીઆચાર્યવર્ય, મહા વિદ્વાન, સંત મહાત્મા જગત્પ્રસિદ્ધ, સર્વ વિદ્યાઓના આરપાર પામેલા, મહારાજશ્રીની સર્વોપરી મહત્તાને અનુલક્ષીને તેમના અભિનંદન સમ્માન કરવા ધારી રહ્યા છો, તેની તૈયારીઓ કરી રહ્યા છો. તેથી હું મારા આત્મામાં અતિ આનંદ પામું છું. **આપણે સર્વ વિદ્વાનોનું એ કર્તવ્ય છે, ભારતીય વિદ્વાનો એવા આપણે શ્રીસ્વામીજી મહારાજના અલૌકિક, લૌકિક, દાર્શનિક, વિજ્ઞાનના મૂલ્યાંકનમાં દર્શન શાસ્ત્રોની ભાષ્ય ટીકા, રચનાઓમાં તથા મૌલિક સંસ્કૃત ગ્રંથોમાં અનેક ફિલોસોફીઓના પ્રકરણોમાં તેમની ગગન ગામિની લોકાંત પહોંચેલી વિમલ, વિશાલ ખ્યાતિ કીર્તન વધાવવા તથા સ્વરૂપતા બતાવવા જરૂર અભિનંદન સમ્માન કરવું જ જોઈએ. આ શ્રીપરમેશ્વરનું, બૃહસ્પતિઓનું, મહર્ષિઓનું, શ્રીસરસ્વતીનું, આચાર્યોનું અને સચ્છાસ્ત્રોનું તથા શાસ્ત્રીય આત્માઓનું સમ્માન છે. જરૂર આ સમ્માન ભાવિ ભારતીય અને સંસ્કૃત વિદેશીય પ્રજાને પ્રયત્નશીલ કરશે તથા વિદ્યાપ્રેમી બનાવશે, ભારતનો આવો વિદ્વાન સૂર્ય અનેક ચંદ્રોના અંજવાળા વધારશે, દુનિયાને પ્રકાશિત કરશે, આવા કૃષ્ણપક્ષના યુગમાં શ્વેતાયન પક્ષની જરૂરત છે, તેને પ્રપોષીને ધવલતા લાવવામાં આપણો ઉદ્યમ સમર્પિત કરવો.** શ્રીઆચાર્ય સ્વામીજીની મૂર્તિ ભક્તિરસ ભરી છે તેને જ્ઞાન, નકશાને ઘણું છેટું જ રહે, પણ પ્રભુ અવતારમાં તો બંને સમાવિષ્ટ હોય તેથી આચાર્ય સ્વામીશ્રીએ ભક્તિ સ્વરૂપમાં જ્ઞાન, વિજ્ઞાન, શાસ્ત્રભિપ્રાય, તાત્ત્વિક સમસ્યાઓ, જ્ઞપ્તિના વિશાલ ક્ષેત્રોને પોતાનાં અંગમાં સમાવીને, અંગીપણામાં મુખ્યતા સાચવીને, વર્તમાન જગતને ગ્રંથો દ્વારા ઘણી સેવા આપી છે, પોતે પોતાનું ચેતન જ્ઞાની ક્ષેત્ર સાચવ્યું, સરસ્વતીને, લક્ષ્મીજીને, સાવિત્રીને, શારદાને રાજી રાખતા ગયા એવા આ મહાન સારસ્વત ભક્ત સૂર્યને મારા પવિત્ર પ્રણામ સમર્પિત હો, વિશિષ્ટ બ્રહ્માંડદ્વૈતમાં ઓતપ્રોત એવા આ આચાર્યશ્રીને આપ વિદ્વાનો કૃત અભિનંદન સાથે, મારા સમ્માનાભિનંદન સમર્પિત હો, આપની મહત્તાના સમ્માનમાં અસીમ મારાં અભિપ્રાયો સ્વીકૃત હો, **ઉત્તમ ઈચ્છાઓ, આશિષો અને ભાવનાઓ સાથે મારા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સંત નારાયણને શ્રીમન્નારાયણને મારા દંડવત્ પ્રણામ, માનવમૂર્તિને પ્રણામ હો.**

તા. ૧-૪-૭૬

- એસ.એસ. રાઘવાચાર...

ડો. પ્રભાકર કે. ડોંગરે, (એમ.એ., એમ.ઈ.ડી., પીએચ.ડી.).
પ્રિન્સીપાલ સંસ્કૃત મહાવિદ્યાલય, એમ.એસ. યુનિવર્સિટી, બરોડા.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના શુભેચ્છુક અનુયાયિઓના સમૂહના વિશાળ લખાણો અને શાસ્ત્રો ઉપર મારો ખાસ હાર્દિક ઊંડો અભિપ્રાય સંતોષ પામશે તો પણ કાંઈક વધારે પ્રાર્થિત નિવેદન કરી શકાય. **પૂજય સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે પોતાની સરલ સંસ્કૃત શૈલી અને વિદ્વતાભરી રીતે અમૂલ્ય તત્ત્વજ્ઞાનની ભારતીય દર્શન શાસ્ત્રોની ભાષ્ય ટીકાઓના ૪૪ ગ્રંથો રચીને જનતાની તથા સરસ્વતીની ઘણી સેવાઓ કરી છે, સંપ્રદાયના અનુયાયીઓને પણ વિશાલતામાં લાવવા માટે હિન્દી, ગુજરાતી વગેરેમાં પણ ઘણાં ગ્રંથો લખ્યા છે.** હું પણ વૈષ્ણવ ભક્ત છું, છતાં ચાલુ જમાનામાં દુનિયા કઈ તરફ જઈ રહી છે, તેને કલ્યાણ અને અભ્યુદયના માર્ગમાં સ્થિર રાખવા, સાયન્સ આદિ તથા કલ્પિતતાઓથી યોગ્યતામાં પાછા વાળવા, સારા નાગરિક, દેશે દેશ ભક્ત રહે તેવા ઘડવા, એવી સ્થિતિએ ધ્યાન દઉં છું, તો તેવા પ્રકારના ઉપદેશ ગ્રંથ અને કૃતિ રચના તેના પ્રકાશનો તે જરૂર એવી સેવામાં સામાન્ય જનતાને, દેશી સમાજને ઉપસ્થિત રાખશે, આવી વૈદિક શાસ્ત્રીય અને સામાજીક ઘડતરની જરૂરત છે. તેવા ઉપજાવવા હરેક સંપ્રદાયની વફાદારી છે, જે વિશાલ ક્ષેત્ર ભારતમાં એવી ઈશ્વરીય એકતાઓ જે વિદ્યાઓ વડે થાય તેવી વિદ્યાઓ અને મહાવિદ્યાલયો સ્થાપિત કરવા, અને પ્રજાને વૈદિક બળ આપવું, તે માટે સભા, સોસાયટીઓ રચવી અને કાર્ય કરતા રહેવું, આવા કાર્યમાં તત્પર એવા મહા સંસ્કૃત આદિના લેખક, પ્રકાંડ વિદ્વાન સ્વામીશ્રીને આવા બલ દેવાના અભિનંદન ઈશ્વર દ્વારા સમર્પુ છું. ભગવાન તેમને બધાં બળ આપો, લાંબુ જીવન આપો, પ્રભુને કરવાના કાર્યો તેવા મહાત્માઓ કરો, દેશને સત્યયુગી બનાવો, અને ધાર્મિક, સામાજીક, વૈજ્ઞાનીક વિકાસો કરો એવી શુભેચ્છાના અભિનંદનો પાઠવું છું, અભિનંદન ગ્રંથમાં મારા આટલા અભિનંદન સમર્પિત એક ભારતીય ગુજરાતના સૌરાષ્ટ્રીય વિદ્વાન પુરૂષને આટલું સંસ્કૃત, ત્યાગી, ભક્તિ સરસ્વતીમય નૈષ્ઠિક જીવન સર્વસ્વ અર્પિત કરનારને ધન્યવાદ આપું છું,આવા અનેક વિદ્વાનો હો, ચિરઃસ્થાયી હો.

- પ્રભાકર કે. ડોંગરે...

ડો. કે. કૃષ્ણામૂર્થી, (પ્રોફેસર અને હેડ, સંસ્કૃત).

કર્ણાટક યુનિવર્સિટી, માયસોર સ્ટેટ, ભારત, ધારવાર-૩.

મહાધુરન્ધર પંડિતજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના મહાસમ્માનપત્રમાં મારા પણ અભિનંદન અર્પણ કરવા સ્વીકારજો, આપ સર્વે મહાપ્રખ્યાત પંડિતજીના અભિનંદન કરવા કટિબદ્ધ થયા છો તેથી મને ઘણો જ આનંદ થાય છે. **શ્રીસ્વામીજી પંડિતવર્ય મહાવિદ્વાન છે, સર્વશાસ્ત્ર નિષ્ણાત છે, તેઓશ્રીએ ૪૫ ગ્રંથો સંસ્કૃત વિગેરેમાં લખી દાર્શનિક વિદ્યાઓનો વિકાસ વિશેષપણે કરેલ છે. ન્યાય, વેદાંત, સાંખ્ય યોગ, મીમાંસા, અદ્વૈત, વિશિષ્ટદ્વૈત કાવ્ય આદિ વૈજ્ઞાનિક, તાર્કિક વિમર્શો લઈને ઘણી ઘણી સરસ્વતીની સેવા તથા ભારતની સેવા કરી છે. ધન સેવા કરતા બૌદ્ધિક સેવા ઉત્તમ છે, નિજ આત્મીય ચૈતન્ય વિજ્ઞાનાત્મક અર્પણ સેવા સર્વોત્તમ સેવા છે, તે પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ કરીને નિજજીવન સાર્થક કરેલ છે.** આપણા બધાની તેવી સેવામાં શ્રધ્ધાપૂર્વક સમર્પિતતા છે.

- કે. કૃષ્ણમુર્થી...

ડો. ડી. સી. સિરકાર.

પ્રોફેસર કલકતા યુનિવર્સિટી, કલકતા.

આપના તરફથી મહાન કાર્ય થઈ રહ્યું છે, જે અત્યારે જગતમાં અતિ અદ્‌ભુત અને અનુપમ ગણાશે. અદ્વિતીય વિદ્વાનને માટે તેવું મહાન કાર્ય થવુ જ જોઈએ, હું ખૂબ જ ખુશી થાઉં છું. **સ્વામીજી મહારાજ આચાર્ય પુંગવ વિદ્વદગ્રગણ્ય ત્યાગીસંત સંસ્કૃતના ઓલરાઉન્ડ સ્કોલર, સૌરાષ્ટ્ર મહાગુજરાતના વિદ્વાનવન્દ્ય શાસ્ત્રીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજશ્રીને તેમની વિદ્વતાના સમ્માનમાં સર્વશાસ્ત્રોના સારરૂપ અભિનંદન ગ્રંથ અર્પણ કરવાના અવસરે મારા પણ અભિનંદન છે.** હું કાયમી પંડિતજી સ્વામીજીની સારી સ્વાસ્થ્ય અવસ્થા ઈચ્છુ છું. મારા પ્રણામ શ્રીજીને સમર્પિત હો. આપના દીર્ઘાયુને માટે પરમેશ્વર પાસે પ્રાર્થના કરું છું.

તા.૨૭-૨-૭૬

- ડી. સી. સિરકાર...

ડો. એસ. જી. કાંટાવાળા, (એમ.એ., પીએચ.ડી., રીડર ઈન સંસ્કૃત).
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા.

વિશ્વવિખ્યાત વિદ્વદ્વર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામીજી મહારાજના સમ્માનમાં એક મહાગ્રંથ, તેમની મહા વિદ્વતાને દર્શાવતો, તથા તેમના લિખિત ગ્રંથોનો પરિચય આપતો, તથા સરસ્વતીના દર્શન શાસ્ત્રોના તત્ત્વ પદાર્થોના ખુલાસા આપતો દાર્શનિક પુષ્ટિકારક મહા અભિનંદન ગ્રંથ, શ્રીસ્વામીજી મહારાજને ભેટ અપાશે. જેમાં હજારો કુલપતિઓ વાઈસ ચાન્સેલરો, રીડરો, પ્રોફેસરો, પ્રિન્સીપાલો, ડાઈરેકટરો, રાજકીય કોલેજના વિદ્વાનો, મહાવિદ્યાલયોના અધ્યાપકોના ગહન કિંમતી લેખો હશે, આવા સમ્માન પાત્ર શ્રીસ્વામીજીને મારા પણ બહુગુણિત અભિનંદન પાઠવું છું. સ્વામીજી એકલા સંસ્કૃતનાં જ પ્રસિધ્ધ વિદ્વાન છે એટલું જ નહિ. કિન્તુ ભારતીય વિવિધ વિભાગના સંસ્કૃત દર્શન શાસ્ત્રોના તથા ભાષ્ય ગ્રંથોના તથા દર્શનો, સાહિત્યો, ઈતિહાસો, કાવ્યો, પુરાણો, તત્ત્વજ્ઞાનો, પ્રમાણ સંસ્થાનો, બ્રહ્મ પ્રસ્થાનો, પરમાણુવાદો, માયાવાદો, બ્રહ્મવાદો, પરબ્રહ્મ વિશિષ્ટતાવાદો, અદ્વૈત દ્વૈતવાદો, વિગેરેના તલસ્પર્શી વ્યાખ્યાતા લેખક, સંશોધક, નવાં આવિષ્કારક મહાવિદ્વાન છે, ઘણા ગ્રંથોના લેખક છે, વેદાન્તના ઘણા સંશોધક છે, ન્યાયતર્કના તલગત તાર્કિક, પરિષ્કારકારક છે, નવા દર્શન શ્રીસ્વામિનારાયણ દર્શન, સપ્તમદર્શન કારક છે, શક્તિવાદ, વ્યુત્પત્તિવાદ, પ્રામાણ્યવાદ, સદસધ્ધેતુ, હેત્વાભાસવાદ, વ્યાપ્તિવાદ, બ્રહ્મકારણતાવાદ, અવિદ્યામાયા કારણતાવાદ, પરમાણું કારણતાવાદ, ક્ષણિકતાવાદ, પરિણામવાદ, તાદાત્મયવાદ, વિશિષ્ટ શક્તિવાદ, ખ્યાતિવાદ, કારણવાદ, અવચ્છેદકતાવાદ, ગુણવાદ, મિથ્યાવિવાદ, સત્યવિવાદ, ભાવનાવાદ, પરિષ્કાર પધ્ધતિઓ પ્રમાણે પધ્ધતિઓ, શબ્દ પધ્ધતિઓ, અલંકાર પધ્ધતિઓ, કાવ્ય પધ્ધતિઓ, વ્યાખ્યા, વ્યાખ્યાન, ટીકા પધ્ધતિઓ, ષટપક્ષીની પદ્ધતિઓ તથા વાદ જલ્પ વિતણ્ડ પદ્ધતિઓ, નિગ્રહ પદ્ધતિઓ, શાસ્ત્રાર્થ પ્રસ્થાન પધ્ધતિઓ જાત્યુત્તર પદ્ધતિઓ, દોષ-ગુણ પધ્ધતિઓ, આદિના મહા વિદ્વાન **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ હાલના યુગમાં વિકાસૈશ્વર્યની ચળકતી મૂર્તિ સ્વયં પ્રગટ થયેલી છે. પરિષ્કારમયમૂર્તિ, સમાધાનમૂર્તિ, સંસ્કૃતોદ્ધારકમૂર્તિ સ્વયં સરસ્વતી સાર્વભૌમ શારદાદેવી મૂર્તિમાન વિદ્યાપુરૂષ પ્રગટ થયેલી છે, આચાર્યોના મહાચાર્ય શ્રીસ્વામીજીએ સંસ્કૃતની સેવા અપાર કરી છે. તેના સમ્માનમાં અભિનંદનોને આવકારાશે.** સર્વ પ્રકારની સફળતાઓને જીવન પોષણ આપશે, વિદ્વજ્જગતને ઊંચુ લાવશે, આવા હાર્દિક ઉમળકાઓ સાથે આપને અભિનંદન સમ્માન અર્પિએ છીએ.

તા. ૧૭-૨-૭૬

- એસ.જી. કાંટાવાળા...

લલ્લનજી ગોપાળ.

બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાણસી.

આપ વિદ્વાનો ભારતીય મહાગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશમાં એક વિદ્વાન સંતને માટે સમ્માનના અવસરમાં તેમને અભિનંદન ગ્રંથ અર્પણ કરવા ઈચ્છો છો તે ઘણો ઉમદા પ્રયત્ન છે. આવા સંત વિદ્વાન તો એ એક જ છે કે જે તેમની સાથેના સમયના હશે તેમનામાં ભાગ્યેજ હાથ આવે. **પ્રખ્યાત સંસ્કૃત લેકચરર, રીડર, રાઈટર, ફિલોસોફર, લોજીશ્યન, પોએટર, એન્ડ ન્યુ થીંકર, પ્રોફેસર આવા સર્વગુણ સંપન્ન મળવા મુશ્કેલ છે. આપે વિદ્વાન જગતને ન્યાય વૈશેષિક, સાંખ્ય યોગ, વેદાંત, મીમાંસા, સાહિત્ય, કાવ્ય, ઈતિહાસ, સંહિતા, તત્ત્વચિંતામણી, વિજ્ઞાન ચિંતામણી, આદિ ઘણા પ્રકરણો પુસ્તકો લખ્યા પ્રકાશિત કર્યા વિદ્વજજગતને આપ્યા અને સંસ્કૃત શારદાનો વિકાસ કરી, સરસ્વતી માતાની આશિષો મેળવી અને હજુ પણ લખવામાં જ આપનું સંસ્કૃત સંસ્કૃતિમાં ઓતપ્રોત જીવન છે. આપ અઢાર કલાક લખવામાં વાપરો છો, વચલો સમય ઈશ્વર જપ વિગેરેમાં સાર્થક કરો છો, આ વર્તન જગદ્વિખ્યાત પરિચિત જનતામાં વખણાય છે.** આવા શાંતિ બ્રહ્મવિદ્યા પ્રિય તમો પરમેશ્વર મહર્ષિ દેવતાઓના અને શક્તિઓના અતિ પ્રિય સારસ્વત મહાપુરૂષ છો, આપ આવા વિદ્વાનને ખોળીને સમજીને તેમના ગ્રંથોને માટે, તેમના આત્માને અર્પણ કરવા એક અભિનંદનોનો મહાગ્રંથ તૈયાર કરી રહ્યા છો તેમાં વિદ્વાન સ્વામીજીને માટે મારા પણ ઘણા પ્રકારના અભિનંદનો સમર્પિત થાઓ, જેનું હું ઘણુ જ સુખ અનુભવું.

તા. ૮-૧-૭૬

- લલનજી ગોપાલ...

ડો. યુ.એન. ઢાલ.

સંસ્કૃત, ઉત્કલ યુનિવર્સિટી. ભુવનેશ્વર.

શ્રી શાસ્ત્રીજી સ્વામી મહારાજે સંસ્કૃત વાઙમય સમુદ્રમંથન તર્ક અને બુદ્ધિ વડે કર્યું, તેમાં ઘણા ગ્રંથો રૂપી રત્નો પ્રગટાવ્યા, વિદ્યા સરસ્વતી વિજ્ઞાનીઓનું ધન ઉપજાવીને સર્વને માટે તૈયાર કર્યું, પણ વિષ્ણુરૂપી નારાયણ એવા સત્પાત્રને તે અર્પિત થયું. શ્રીસ્વામીજી મહારાજે વિદ્યાસાગરમાંથી લક્ષ્મીજી આપ્યાં છે, એટલું બસ છે.

તા. ૯-૭-૭૬

- યુ.એન. ઢાલ...

આર.કે. ત્રિપાઠી, (એમ.એ., ડી.લિટ, ફિલોસોફી).

બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાણસી.

મને ઘણો આનંદ થાય છે કે, એક ઉત્તમ ફિલોસોફી ભરેલો 'અભિનંદન ગ્રંથ' એક મહાન વિદ્વાન, ભારતીય ત્યાગી સંતના સમ્માન માટે તૈયાર થઈ રહ્યો છે. **સમગ્ર દુનિયાના સંસ્કૃત, અંગ્રેજી દેશો જાણે છે કે - ભારતમાં વર્તમાન યુગમાં એક મહાધુરંધર વિદ્વાન છે, જેમની જીભે સરસ્વતી છે, કલમમાં સરસ્વતી છે, હૃદયમાં તાર્કિક શારદા છે, આત્મામાં બ્રહ્મવિદ્યા છે, કામકાજમાં લેખન કળા છે, ચિંતનમાં અને આવિષ્કારમાં તમામ ફિલોસોફીઓ છે, જેઓ ભારતીય તત્ત્વજ્ઞાનના એવરેસ્ટ શ્રૃંગની પેઠે ઊંચામાં ઊંચી વ્યક્તિ છે. સમગ્ર શારદા સરસ્વતીઓના પંડિત છે. મૂર્તિમાન જ્ઞાનના ભગવાળા ભગવાન છે, લાખો લેખકોમાં પણ પ્રથમ નંબરથી એ એકજ લેખક છે, ભારતની તમામ વિજ્ઞાન પદ્ધતિઓ તેમના જ્ઞાનતત્ત્વમાં ભરપુર સુજ્ઞાત છે, એ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજ મહાચાર્યશ્રીએ અનેક ભિન્ન વિજ્ઞાનોના અનેક શાસ્ત્રો રચ્યા છે, જે શાસ્ત્રો યુનિવર્સિટીની પરીક્ષાઓમાં ઉપયુકત થયા છે, જેથી તાર્કિક વિદ્વાનો થવાય છે.** ભારતના સુપુત્ર, વિદ્વાન, નૈષ્ઠિક, ધાર્મિક, કાષાયામ્બરી વૈષ્ણવ, યજ્ઞોપવીતી સંત ભારતને અભ્યુદય આપતા રહે, સરસ્વતી સેવા રૂપ પ્રસાર કરતા રહે, નવા નવા તત્ત્વજ્ઞાનો આપતા રહે એવી પ્રાર્થના સાથે વિરામ પામું છું.

તા.૬-૧-૭૬

- આર. કે. ત્રિપાઠી...

જી. માડ્લા સિધ્ધેયાહ.

(ડાયરેક્ટર), યુનિવર્સિટી માયસોર.

જૂનાગઢ શહેરના વતની શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના સંસ્કૃતના ઘણા ગ્રંથો જોઈને હું આંતરિક વિશેષ રાજી થાઉં છું, **તેમની સંસ્કૃત સેવા તથા દર્શનોની મહત્તી સેવાઓ તે માનવસમૂહને અતીવ કિંમતી વિજ્ઞાન આપનારી થશે,** હું માન સમ્માન સાથે તે બદલ શ્રીસ્વામીજી મહારાજને અભિનંદન સાથે ધન્યવાદ અર્પુ છું.

- જી. માડ્લા સિધ્ધેયાહ...

કે.રી. પાંડુરંગી, (M.A., વેદાંત વિદ્વાન મીમાંસા શિરોમણી, પોષ્ટ ગ્રેજ્યુએટ).

સંસ્કૃત પ્રાકૃત પાલી, બેંગ્લોર, યુનિવર્સિટી, કેમ્પસ, જ્ઞાનભારતી.

મને ઘણો આનંદ ઉપજે છે જે - ભારતીય વિદ્વાનો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજશ્રીના સમ્માનમાં એક અભિનંદન ગ્રંથ તૈયાર કરી રહ્યા છો. **વિદ્વતાભર્યા અભિનંદનોથી ભરપૂર એ ગ્રંથ બતાવે છે જે- શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ હરેક વિદ્યાઓના જબરા વિદ્વાન આપણા યુગમાં છે. એમણે મૂળ ભાષ્યો અને ટીકાઓ, ટીપ્પણીઓના ઘણા સંસ્કૃત દાર્શનિક સાહિત્યક અને સંહિતાઓ તથા ફિલોસોફીઓના ગ્રંથો લખ્યા છે જે ટેકસ્ટ બુકો છે. ન્યાય, નવ્ય ન્યાય, વૈશેષિક, વેદાન્ત, સાંખ્ય યોગ, મીમાંસા, સાહિત્ય, સંહિતાઓ આદિ એમના ઘણા ગ્રંથો અભ્યાસ ઉપયોગી સ્કૂટ તત્ત્વ વિવેચકો છે. તેઓમાં માત્ર વિદ્વતા વિષયમાં જ છે એમ નહિ, વિદ્વતા સાથે સંયમી મહાન સન્તવર્ય છે. ભક્તિ કરનારા અગણિત ભકતોને નિજ ઉપદેશ વડે શ્રીઆચાર્યજીએ આદ્યાત્મિક ભક્તિ જ્ઞાનના બળ આપ્યા છે. એમના સમ્માનમાં તેમનો પરિચય આપતો અભિનંદન ગ્રંથ પ્રગટ થઈ રહ્યો છે.** તેમાં મારા પણ અભિનંદન સામેલ કરજો, આપના સદ્‌ગુણોને સંભારીને સમર્પિત થતો હું પોતે ઘણો આનન્દ અનુભવું છું. વધારે આપ સ્વામીજીના આશીર્વાદો વડે મારા આત્માને વધારે પાવન અને બ્રહ્મભાગી માનીશ, આપની કૃપાના પાત્ર.

તા. ૨૯-૧૨-૭૫ - કે. ટી. પાંડુરંગી...

ડૉ. રામગોપાળ, (એમ.એ., પીએચ.ડી., સંસ્કૃત પ્રોફેસર).

પંજાબ યુનિવર્સિટી, પંજાબ.

પરમ વિદ્વાન સદ્‌ગુરૂ સ્વામીવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના સમ્માનમાં એક અભિનંદન ગ્રંથ પ્રકાશિત થઈ રહ્યો છે, તે સાંભળીને મને ઘણો જ આનંદ થાય છે. **વૈષ્ણવ, તત્ત્વજ્ઞાન, ભક્તિ વિગેરે તથા ભારતીય દર્શન શાસ્ત્રોના તત્ત્વજ્ઞાન ભરેલી સંસ્કૃત વિદ્યાઓના જગતભરમાં પ્રચાર કરવાનો પ્રયત્ન ધરાવતા શ્રીશારદાના સેવક સ્વામીજી મહારાજનો પરોપકારી ઉલ્લાસ ઘણો ઘણો સ્તુત્ય આદરણીય છે.** શ્રીઆચાર્ય સ્વામીજી મહાવિદ્વાન છે, તેમના સમ્માનના શુભ અવસર પર મારા અભિનંદન અર્પવા માટે આપનું પરમ પાવન સમ્મેલન પૂર્ણ સફળતા પામો અને તમામ ભૌગોલિક વિદ્વાનોના અભિનંદનો વિશિષ્ટ ઉત્સાહ સાથે પરમ પવિત્ર નૈષ્ઠિક વિદ્વાન સંતવર્યને સમર્પિત હો. સ્વામીજી મહારાજ દીર્ઘાયુ ભોગવો અને સંસ્કૃત જગતનું પોષણ કરી સરસ્વતીની સેવા કરતા રહો એવી અભ્યર્થના કરતો આપનો વિશ્વાસુ.

તા. ૨૭-૫-૭૬ - ડૉ. રામગોપાલ...

ડો. વી. આઇ. સુબ્રહ્મોનીયમ, (એમ.એ., પીએચ.ડી.).

પ્રોફેસર, યુનિવર્સિટી કેરાલા, કરિયાવટ્ટમ, ત્રિવેન્દ્રમ,

પરમેશ્વર અને સરસ્વતીના અતિ કૃપા પાત્ર વ્હાલા વિદ્વાન શંકરની મૂર્તિ, પાવન આત્મા, વિદ્યાઓના સાગર મહાસાગર, અનન્ત તાર્કિક વિદ્યાઓના તારા- સ્વર્ગ સ્વરૂપ, અસીમ વિદ્યાઓના પરમ વ્યોમ એવા, વર્તમાન યુગના સમયમાં આવા સર્વજ્ઞકલ્પ સત્યુગી મહર્ષિ, શ્વેતાયન વ્યાસજી મહામહર્ષિ બ્રહ્મશીલી, આત્મશીલી, જ્ઞપ્તિશીલી, યોગશીલી, કાવ્યશીલી, તથા ઉપદેશશીલી, મહાપરોપકારી, સૃષ્ટિથી નિર્લેપ છતાં પરોપકાર માટે સલેપ જણાતા એવા પરમપુરૂષ છતાં પરિચ્છિત્ત માનવ યતિપુરૂષ સર્વ વ્યાપક છતાં કાશીજી મહા ગુજરાત, સૌરાષ્ટ્ર અને સંસ્કૃત, હિન્દી, ગુજરાતી ક્ષેત્રના તેના તેના વ્યાપ્ય પુરૂષ, **અન્તર્યામી છતાં ઉપરી પણ નિયમનશીલ એવા આ અગ્નિ અંબરધારી, જ્ઞાનતૃપ્તિ, વિહારી, અસંસારી, શ્રીસ્વામીજી મહારાજ, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સર્વાચાર્યજી મહારાજ, પરમ પ્રખ્યાત શાસ્ત્રીવર્ય, સ્વયં નિજ ગ્રંથ કૃતિઓ દ્વારા કાયમ પ્રખ્યાત રહ્યા થકા, વિદ્યાલયોના અભ્યાસીઓમાં તો જરૂર ઝગમગતા રહેશે, તથા સંસ્કૃતના પ્યારા ચિરંજીવી યોગીન્દ્ર રહેશે. આવા મહાત્મા, ઈશ્વરાત્મા, વિદ્યાત્મા, નિત્ય વિજ્ઞાનાત્માને સમ્માનિત કરવા અભિનંદન ગ્રંથ વૈજ્ઞાનિક વિદ્વાનો તરફથી સમર્પિત થઇ રહ્યો છે, તે તેમના શાશ્વત સ્મરણ માટે જગતને ઉપકારક થશે. અમૂર્ત પુરૂષ વિશેષ મૂર્ત સ્વરૂપે સ્મૃતિમાં આવતા રહેશે, ભવિષ્યની પ્રજાના નિઃશ્રેયસ માટે ઉદ્ધારક થશે, તેવા પ્રભુશ્રીને યતિવર તપસ્વી શ્વેતાયનમુનિને ભગવન્મય બ્રહ્મમૂર્તિને અભિનંદન સમર્પિત હો,** આપનો શ્રધ્ધાળુ.

તા.૧૭-૫-૭૬ -વી. આઇ. સુબ્રહ્મોનીયમ...

અશોક ચેટરજી શાસ્ત્રી, (M.A., D.Phil, Ph.D., D.Litt.,).

પ્રોફેસર, કોલેજ, આર્ટ્સ એન્ડ કોમર્સ, કલકતા.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ મહાઆચાર્ય એક જગતભરમાં પ્રખ્યાત મહાવિદ્વાન સંત ભારતના વતની બિરાજે છે. સૌરાષ્ટ્રના આ મહાવિદ્વાને ૪૪ સંસ્કૃત ગ્રંથો ગુજરાતી તથા હિન્દી ગ્રંથો પણ લખ્યા છે. હિન્દુસ્તાનની તમામ ફિલોસોફીઓમાં ભાષ્યો ટીકાઓ અને ટિપ્પણીઓ રચી છે. **આપની કૃતિઓ આ જગતમાં ચિરંજીવી રહેશે. આપની પવિત્રતા જગતભરના ભકતોના હૃદયોમાં વસેલી રહેશે.** આપ વિદ્વાન મંડલે આપેલા શ્રીસ્વામીજીના અભિનંદનોમાં મારું પણ અભિનંદન સ્વીકૃત હો, ઘણું દીર્ઘ જીવો સ્વામીજી.

તા. ૧-૧-૭૬ - અશોક ચેટરજી શાસ્ત્રી...

એસ. એન. ઘોસલ.

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, યુનિવર્સિટી, કલકતા.

પરમ પૂજનીય પંડિતવર્ય સ્વામીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી માટે મારો હાર્દિક અભિપ્રાય નિવેદીત કરું છું. સ્વામીશ્રી એક મહા વિદ્વધ્ધુરંધર છે જે ભાગ્યે જ બીજા જોવામાં આવશે. સમગ્ર ભારતીય સંસ્કૃત વાડમય તત્ત્વજ્ઞાનોનાં શાસ્ત્રીય સિધ્ધાંતોના મહાનિધિ શ્રીસ્વામીજી છે. એમના ગ્રંથો સાંખ્ય, વેદાન્ત, ન્યાય, મીમાંસા, તર્ક, યોગ, સાહિત્યની ફિલોસોફી વડે ભરેલા વાચકોને ગહનાતીગહન તત્ત્વ વિષયો, વિજ્ઞાની વિષયો, જ્ઞાનમય વિચારો ઘણાં ઘણાં સરલ કરીને ધાર્મિક સિસ્ટમ સાથે ખુલાસાવાર સ્પષ્ટ સમાધાનોથી ભરપુર ગ્રંથો શ્રીસ્વામીજીએ રચી રચી ને આપ વિદ્વાનોને આપ્યાં છે. વાચક વર્ગને જરૂર એ જણાઈ આવશે, અતિ સ્પષ્ટ ભાષ્યો, ટીકાઓ અને ટીપ્પણો તથા મૌલિક મહારથી ગ્રંથો સ્પષ્ટ સામાન્ય અને વિશેષતઃ વિશિષ્ટ નવા આવિષ્કારો તે વિદ્વાનોને રચી અર્પણ કર્યા છે, પ્રભાત્ત્વવાદ, જાતિવાદ, પ્રામાણ્યવાદ, આદિ આદિ પણ લખી આપ્યા છે. **આપ તાર્કિક છો, યોગી છો, ભકત છો અને ઐતિહાસીક બહુશ્રુત વિદ્વાન છો, ન્યાયિક છો અને મહાકવિ પણ છો. આપે પોતાની સમગ્ર શક્તિ ભારતીય સંસ્કૃતનો સંપ્રદાય કાયમી ભવિષ્યની જનતામાં જીવીત રહેવા માટે પોતાના દેશને માટે શાસ્ત્રરચના વાળી સેવા બજાવી છે. અંગ્રેજ લોકો આવ્યાં પહેલા આપણા ભારતમાં સંસ્કૃત ભાષા વિભિન્ન વિભાગોના દેશોમાં સર્વને માટે અતિ ગૌરવ ભરેલી સન્માનાર્હ હતી જ અને તે પ્રમાણે ભણાવાતી સ્મૃતિઓના નિયમો પ્રમાણે ધર્મ અને શિક્ષા હતા. વચલા જમાનામાં તે નિર્બલતાને પામી એમ જણાવા લાગ્યું અંગ્રેજી ભાષા ઠેરઠેર વધી પડી. આવા યુગમાં સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે સંસ્કૃતમાં પ્રકાશ પોતાથી બની શકે તેટલો જોરથી ગ્રંથો દ્વારા એટલો બધો પ્રવાહીત કર્યો છે કે, સમગ્ર જગતને સંસ્કૃત પ્રવાહ જરૂર પલાળશે, અને સર્વ જનતામાં સંસ્કૃત જીવન ચાલુ રહેશે જ, વિદ્વાનોની દુનિયા તૈયાર થશે. લાંબા કાળે વિશ્વની જનતા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની ગંભીર વિદ્વત્તાને ઓળખતી થશે તે પ્રમાણે વિદ્વતા મેળવતી થશે અને સંસ્કૃતના જીવનને પોષણ આપતી થશે, અને આચાર્યશ્રીની સંસ્કૃતકીર્તિ પ્રાચીન વ્યાસદેવો જેવી વધશે, આવી ધારણાથી વિદ્વાનો તેમને અભિનંદન અર્પી રહ્યાં છે, તે અનુષ્ઠાન સત્ય છે, આપણો દેશ આવા અનુષ્ઠાન વડે ભવિષ્યોમાં પણ અભિનંદન પાત્ર થતો રહેશે.** આવું અમારૂં અભિનંદન કૃપાથી સ્વીકારજો.

- એસ. એન. ઘોસલ...

એ. એમ. શાસ્ત્રી.

એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા.

આ સાંભળી ઘણું જ રાજી થવાય છે, કે જગપ્રસિદ્ધ આચાર્યવર્ય પંડિત ધુરંધર સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના અભિનંદનનો ગ્રંથ વિદ્વાનો દ્વારા તૈયાર થઈ રહ્યો છે. **સામાજીક, ધાર્મિક અને શાસ્ત્રીય ધર્મ તત્ત્વો, જ્ઞાન વિજ્ઞાન તત્ત્વો, ભક્તિ તત્ત્વો, તાર્કિક પદાર્થ તત્ત્વો, ફિલોસોફીઓ આદિ આદિના ગ્રંથો શ્રીસ્વામીજીએ ઘણા લખ્યા છે, તે એક એક ગ્રંથ શ્રીસ્વામીજીની વિદ્વતાનું બહોળું ઐક્યતાનુ ભાન કરાવે છે, તેનાથી વિશાળ સાર્વજ્ય પ્રતિભા સિધ્ધ થાય છે.** શ્રીઆચાર્યજી મહારાજને માટે તમામ સંમ્માન અને અભિનંદનો ઈચ્છું છું, જગતભરમાં શ્રીસ્વામીજીના વિજ્ઞાનો કે જે શાસ્ત્રીય પ્રણાલીના નવા વિકસીત વિજ્ઞાનો છે, તે લોકકલ્યાણ માટે સમગ્ર પૃથ્વીમાં પ્રચાર પામો તથા 'અભિનંદન ગ્રંથ' જગત્ વ્યાપ્ત્ થાઓ, શાસ્ત્રીજી મહારાજ ચિરંજીવો, આપની તબીયત તંદુરસ્ત રહો, આપ કાયમ જગતની સંસ્કૃત વૈજ્ઞાનીક સેવા કરતા રહો, આવા અમારા હાર્દિક અભિનંદન છે.

- એ.એમ.શાસ્ત્રી...

ડો. સીતાનાથ ગોસ્વામી. (એમ.એ., ડી.ફિલ.).

વેદ વેદાંત વ્યાકરણ તીર્થ. પ્રોફેસર સંસ્કૃત, જાદવપુરી, યુનિવર્સિટી કલકતા.

જે વિદ્વાન તમામ વિદ્યાઓના પાર પામેલા હોય તેજ સંસ્કૃત વાડમય તમામ તત્ત્વજ્ઞાનાદિ વિભાગો ઉપર ગ્રંથ લખી શકે. ભારતની ફિલોસોફીઓ અનેક વિભાગોમાં પથરાએલી છે, આવા વિદ્વાનોના ગ્રંથોને પહોંચી વળવા જેટલી શક્તિ મારા જેવી એક વ્યક્તિમાં હોતી નથી પણ મને ત્રણ બુકો ઉપર વધારે પ્રીતિ સમીક્ષા ઉપજી છે. ખ્યાતિ વિમર્શ, પ્રમાત્વ વિમર્શ, ચિત્સુખી ટિપ્પણી. અમારી યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગોમાં જો ઉપલી ત્રણ બુક મોકલો તો તેને અભ્યાસમાં પણ લઇ શકાય, અને તે જો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પંડિતવર્યની બુકો અભ્યાસ માટે સંતોષ આપનારી થશે તો જરૂર તેનું મૂલ્યાંકન વિદ્વાનો કરશે. **આવા મહાવિદ્વાનોના ગ્રંથો તો સર્વત્ર માન્ય થઈ ગયેલા છે માટે ભારતને અને ભારતેત્તર દેશોને પણ ઉપયોગી છે, સંસ્કૃત શારદાની સેવા સ્વામીજીએ ઘણી કરી છે. આવી એક જ વ્યક્તિએ હાલમાં તમામ સંસ્કૃત વિભક્તિ વિષયો ઉપર ગ્રંથો લખ્યા છે.** તેઓ સરસ્વતીમૂર્તિ સ્વરૂપ પંડિતવર્યને અમારા ઘણાં ઘણાં અભિનંદન છે.

તા. ૧૭-૭-૭૬

- સીતાનાથ ગોસ્વામી...

ડો. કાલીચરણદાસ. (એમ.એ., ડી.ફિલ.).

પ્રોફેસર ઓફ ફિલોસોફી, ગૌહાટી યુનિવર્સિટી.

પ્રખ્યાત વિદ્વાન સ્વામીશ્રીશ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના સમ્માનમાં મારા અભિનંદન અર્પું છું. સ્વામીજી ભારતમાં તમામ ફિલોસોફીઓનાં સંસ્કૃતના તાત્ત્વિક મહાવિદ્વાન છે, ભારતીય તત્ત્વજ્ઞાન દાર્શનિક સિધ્ધાંતોની પ્રણાલીઓ સંસ્કૃતના દર્શનશાસ્ત્રો આદિમાં શ્રીસ્વામીજીએ અનેક ગહન વિષયોના ગ્રંથો લખ્યાં છે. મૂળ દર્શનો તથા ભાષ્યો અને ટીકા ગ્રંથો તથા મૌલિક નવા તાર્કિક ગ્રંથો તથા વેદાંતના નિજબુધ્ધિથી પ્રગટ કરેલા પદાર્થો ભરેલા ગ્રંથો જે લખ્યાં છે તેથી શ્રીસ્વામીજીની વિદ્વતા સમગ્ર જગતના વિદ્વાનોમાં પ્રભાવ પાડનારી થયેલ છે. સ્વામીશ્રીની વિદ્વતા ભારતીય તત્ત્વજ્ઞાનોના તમામ ક્ષેત્રનાં વિભાગોમાં વ્યાપક વરતે છે. દુનિયાભરના વિદ્વાનો આપશ્રીના ગ્રંથો જોઈ નત મસ્તક થાય છે. આપને એવું અભિનંદન સમર્પું છું કે, આપ કુદરતી હજુ પણ ઘણી ઘણી ભારતની વિજ્ઞાની પ્રણાલીને ઘણાં ગ્રંથોમાં લખી લખીને આપતા રહો. ચિરંજીવો અને અંતદૃષ્ટિ કે જે દિવ્યદૃષ્ટિ કહેવાય તે વડે આધ્યાત્મિક વિદ્યાઓને પ્રગટ કરતા રહો, આવા અમારા અભિનંદન સ્વીકારજો. **સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે મોટું કામ તો એ કર્યું છે જે, ભારતના તત્ત્વજ્ઞાનમય દર્શનો જેવાકે ન્યાય, નવ્યન્યાય, સાંખ્ય, યોગ, વેદાંત, ઉપવેદાંતો, વિશિષ્ટાદ્વૈતવેદાંત, મીમાંસા કાવ્ય આદિ આદિમાં અતિગહન વિષયો પર નિજીય અપરોક્ષાનુભૂતિ પ્રગટ કરીને ભારે વિમર્શ ભર્યા ગ્રંથો લખ્યાં છે તેની કઠિનતાઓ દુર કરી છે, તે ગ્રંથો વિશાલ વિદ્વતાનો બોધ કરાવે છે જે વિશ્વવિખ્યાત તત્ત્વજ્ઞાનીઓના વિચારોને આવરીને તેઓથી ઉપરવટ વર્તે છે.** આપ પંડિતવર્ય સ્વામીજીને મારા હાર્દિક અભિનંદન ફરી આપતો રહું, એમ ઈચ્છું છું. ત્યાગી, તપસ્વી, ઉદ્યોગી, વિજ્ઞાની, લોકહિતકારી યોગી અધ્યાત્મવિત્ બ્રહ્મચારી સાત્ત્વિકમૂર્તિ શ્રીસ્વામીજી મહારાજની પેઠે આપ સર્વે વિદ્વાનો પણ એવી જ સ્થિતિને મેળવો અને લોકના હિતકારી વધારે હો એવી અભિલાષાઓ સેવું છું. દરેક રીતે આપને ધન્યવાદ, આપનો સેવક.

તા. ૧૧-૭-૭૬

- ડૉ. કાલીચરણદાસ...

ડો. કે. કુંજુન્ની રાજા, (M.A., Ph.D.,).

પ્રોફેસર, સંસ્કૃત યુનિવર્સિટી, મદ્રાસ.

જુનાગઢના શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સુપ્રસિધ્ધ સંતવર્ય, ધુરંધર સંસ્કૃતના વિદ્વાન છે. તેમણે પોતાની ખ્યાતિ વિસ્તારે એવા સંસ્કૃતના ઘણાં ગ્રંથો રચ્યા છે તે નિમિત્તે અવસરે શ્રીસ્વામીજી મહારાજને સમ્માન અને અભિનંદન આપતું એક અભિનંદન પુસ્તક મહાગ્રંથ મહાવિદ્વાનોનાં અભિનંદનો દ્વારા સુશોભિત આ સંતપુરૂષને સમર્પિત થશે. હું પણ આ વિદ્વાનમંડળમાં મળીને સ્વામીજી મહારાજને અભિનંદન આપવા ઉત્સુક છું. **શ્રીઆચાર્યજી મહારાજે પોતાની વિદ્વતાની કીર્તિ સમગ્ર ભારતમાં સમુદ્ર પર્યંત સંસ્કૃત સાહિત્યના તમામ ગ્રંથો લખીને વિસ્તારેલી છે.** આપની સુકીર્તિ આબાદ વધતી રહો એવા અમારા અભિનંદન સ્વીકારજો.

તા. ૩૦-૧૨-૭૫

- ડૉ. કે. કુંજુન્ની રાજા...

ડો. પી. આનંદ.

સંસ્કૃત ડિપાર્ટમેન્ટ, એ.એમ.યુ. અલીગઢ યુનિવર્સિટી.

વિદ્વદ્વરેણ્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે વિવિધ દર્શનશાસ્ત્રોના વિષયોને અનુસરીને અધિકાર સહિત નિર્મિત નિજગ્રંથોમાં તે તે વિષયોની જ્ઞાન સીમાઓ અત્યંત વિસ્તૃત કરી છે, અનેક સમૂહિત ગ્રંથોની કઠિન સ્થલીઓના સમાધાનો માટે આ શ્રીસ્વામીજી શાસ્ત્રીજી મહારાજે ભાષ્યો, રચ્યાં છે. દર્શનશાસ્ત્રોમાં પરિશ્રમ કરનારા આચાર્ય મહારાજનું સત્ય આચાર્યપણું વિધિસર સ્થાપિત દૃઢ કરે છે, આથી મોદ-પ્રમોદ સહિત આવા મહાવિદ્વાનને અભિનંદન વડે જરૂર વિદ્વાનો સમ્માન કરો અને આવું શુભ શ્રવણ તે પરમાનંદ આપનારું છે. **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની ભારતી સરસ્વતી બાલઅરૂણની પ્રભા જેમ અંધારુ ભગાડે છે તેમ અજ્ઞાનને માનસ જાડ્યને તથા વ્યાધિને હરવાને માટે સમર્થ છે.**

- ડૉ. પી. આનંદ...

ડો. એસ.બી. વાર્નેકર. (M.A., D.Litt.),

પ્રોફેસર અને પ્રધાન પંડિત, યુનિવર્સિટી, કેમ્પસ, અમરવલી રોડ, નાગપુર.

ભારતીય મહાવિદ્વાન ભૂમંડલના ગૌરવભર્યા મહામનીષી સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સંસ્કૃત જગતના તેજસ્વી સૂર્ય છે. આપની સંસ્કૃતની સેવા માટે મારા અભિનંદન છે, નત મસ્તક.

- ડૉ. એસ.બી. વાર્નેકર...

આર. આર. વર્મા.

હેડ ડિપાર્ટમેન્ટ ઓફ ફિલોસોફી, લખનૌ યુનિવર્સિટી.

પ્રસિદ્ધ સંત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને મારા અભિનંદન જરૂર ભેટ હો. આપ દીર્ઘાયુ રહીને ભારત તથા ભારતેત્તર દેશોને પણ નવી વિદ્યાઓ આપો ચિરંજીવો, ઈશ્વરીય કાર્યો કરી દેશોને સુખી થાય તેમ સંતોષતા રહો. **આપના અભિનંદન ગ્રંથ પ્રકાશન તે ભારતની ઉન્નતિ માટે છે. ભાવિ પ્રજા તેને આધારે ઘણો ઘણો અભ્યુદય મેળવશે,** માટે હાર્દિક આવા શુભેચ્છારૂપ અભિનંદન સિવાય બીજા કોઈ અભિનંદન આપવાને મારી યોગ્યતા અશક્તિવાળી છે. આપ સ્વામીજી મહારાજને હજારો મહાવિદ્વાનો અભિનંદન આપી રહ્યા છે તથા અભિનંદન ગ્રંથ પ્રકાશિત થઈ રહ્યો છે તે યોગ્ય છે. પૂજય સ્વામીશ્રીમહાવિદ્યાઓના સર્વજ્ઞ અવતારી પુરૂષે અનેક ફિલોસોફી તથા કર્મ, વ્યવહાર, ધર્મ, ઉપાસના, તત્ત્વ, ભક્તિ વિગેરેના ઘણાં ગ્રંથો લખ્યા છે. સંસ્કૃતના આવા મહાનિધિ પંડિતશ્રીને મારૂં વિદ્યાવર્ધક લોકહિતકારક અભિનંદન સમર્પુ છું, ભારતના હિતેચ્છુ.

- આર.આર. વર્મા...

ઉપેન્દ્ર ઠાકુર.

એશિયા ઇન્ડિયાના પ્રાચીન અભ્યાસ વિભાગ,
મગધ યુનિવર્સિટી, બૌદ્ધ ગયા, બિહાર, ભારત.

પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ, સ્વનામ ધન્ય મહાવિદ્વાન છે. એમના સમ્માનમાં અભિનંદન ગ્રંથ પ્રકાશનની યોજના છે, તે કરવા યોગ્ય જ છે. **સ્વામીજી મહારાજે લગભગ ૪૫ નાના-મોટા સંસ્કૃત ગ્રંથો, ભાષ્યો, ટીકાઓ વિગેરે લખ્યાં છે. તે ભારતની અમૂલ્ય નિધિ છે, તેમની સેવાને દેશ કયારેય ભૂલશે નહિ.** આવા અભિનંદનના પ્રસંગમાં તેઓશ્રીને અભિનંદન સાથે મારી શ્રદ્ધાંજલિ અર્પિત કરું છું, ભવદીય.

તા. ૨૩-૩-૭૬

- ઉપેન્દ્ર ઠાકુર...

મહોપાધ્યાય વાસુદેવ વેંકટરાજ શર્મા.

પ્રિન્સિપાલ, સંસ્કૃત કોલેજ, ત્રિવેન્દ્રમ, મેમ્બર એકેડેમિક કાઉન્સીલ, કેરાલા, યુનિવર્સિટી, સંસ્કૃત શિક્ષણ વિભાગના બોર્ડના મેમ્બર, કાલિકત યુનિવર્સિટી.

આ મોટું પ્રમોદ સ્થાન છે, કે જે મહાપંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજને માટે આપ સર્વે દ્વારા અભિનંદન ગ્રંથ પ્રકાશિત કરાય છે, શ્રીમાન આચાર્ય ૪૦થી ઉપર સંખ્યાક ગ્રંથો રચ્યા છે. તે ગ્રંથો તેમનું ઊંચા પ્રકારનું શાસ્ત્રીય પાંડિત્ય બતાવે છે, જો કે આચાર્યશ્રીના તમામ ગ્રંથો વાંચવા નથી મળ્યાં, પણ ન્યાયમુકતાવલીની કિરણાવલિ ટીકા મળી છે અને સારી રીતે ભણાઈ છે, સ્થાલી વત પુલાકની રીતે એક દાણો ચડેલો જોઈ બધો ભાત ચઢયો એક જ ટીકા પણ સર્વે શાસ્ત્રોના પારંગતપણાને સ્પષ્ટ બતાવી આપે છે. દીનકરી આદિક અનેક વ્યાખ્યાઓના ગૂઢગહન વિષયો પણ તેમાં લીધા છે, અતિ સરલ રીતિથી પ્રતિપાદિત કર્યા છે. **કિરણાવલીના પઠનમાત્રથી ન્યાયશાસ્ત્રના સર્વે સિધ્ધાન્તો જ્ઞાત થઈ જાય છે, તે ગ્રંથને અંતે આપેલા પરિશિષ્ટ વિષયો તો મોટામાં મોટો ઉપકાર કરે છે કેવલ ન્યાયશાસ્ત્રમાં પ્રવેશ ઈચ્છતા છાત્રોને જ ઉપયોગી છે એમ નહિ કિન્તુ અધ્યાપક પંડિતોને પણ તે કિરણાવલી આદિ વ્યાખ્યાઓ અત્યંત ઉપકારક છે.** શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ના રચિત તમામ ગ્રંથો આપે મુદ્રિત કરીને પ્રચારમાં મેલવા એવી અમારી પ્રાર્થના આપને છે. દિગન્ત કીર્તિવાળા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના આયુષ્ય આરોગ્ય સુખ સદા રહો એમ ઈચ્છિએ છીએ.

તા.૩-૩-૭૬ - વાસુદેવ વેંકટરાજ શર્મા...

શ્રીદયાકૃષ્ણપ્રાચાર્ય.

ફિલોસોફી વિભાગ, રાજસ્થાન યુનિવર્સિટી,, જયપુર.

જયાં સુધી મને જણાય છે કે, **પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનાં ઘણાં ન્યાય દર્શન સાહિત્યના ઘણા ભાષ્યો, ટીકાઓ આદિ એક મારા જીવનમાં હું પૂરા વાંચી પણ ન શકું, જેમાં જેમાં મારી ગતિ પડી તે તે વાંચીને મને એમ થયું છે કે, વિશ્વમાં એક વ્યાસજી સ્વયં ઈશ્વર અવતરિત થયા છે, એમના અભિનંદન માટે હું નત મસ્તક છું.** આપ મોટા વિદ્વાનના અભિનંદન તે ભારતનું અભિનંદન છે, સધન્યવાદ મારા પ્રણામ.

તા. ૨૭-૩-૭૬ - દયાકૃષ્ણપ્રાચાર્ય...

ડો. આર. સી. દ્વિવેદી. (પ્રોફેસર, ચેરમેન, સંસ્કૃત ડિપાર્ટમેન્ટ,)

ઉદયપુર યુનિવર્સિટી, રાજસ્થાન.

પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પોતાના વૈદુષ્ય શાસ્ત્રરચના તથા સાહિત્ય તપ વડે સમાજની સેવા માટે સુવિખ્યાત વિદ્વાન વર્તે છે, તેમના રચિત ગ્રંથોએ સંસ્કૃત દર્શનશાસ્ત્રસમૂહ તથા ભક્તિવાંગ્મય મૂર્તિરૂપશ્રીની વૃદ્ધિ કરી છે, હું અતિ પ્રસન્ન થાઉ છું. દેશના આવા મૂર્ધન્ય વિદ્વાન તથા પરમાચાર્યનું આપ સર્વે અભિનંદન કરી રહયા છો. આ અભિનંદન તેમની વિદ્યા તથા શ્રીદેવી સરસ્વતીનું અભિનંદન પૂજન છે, તેમાં મારું પણ અભિનંદન સ્વીકૃત હો.

- ડૉ.રામચન્દ્ર દ્વિવેદી...

ડો. યુ. એન. ધલ. (M.A., Ph.D., P.G.)

ડિપાર્ટમેન્ટ ઓફ સંસ્કૃત, ઉત્કલ યુનિવર્સિટી, ભુવનેશ્વર-ઓરિસ્સા.

શ્રીસ્વામીજીના નામે અભિનંદન ગ્રંથ તૈયાર થાય છે તે પવિત્ર વિદ્વાનોના ઉત્કૃષ્ટ કાર્યોના ટેકાઓ રૂપે થશે, એજ એક મોટું સન્માન છે કે જે નામ કાયમી બોલાશે. સંસ્કાર સાહિત્ય અને સુધારાના પિતા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને મારા અભિનંદન સાથે અનેકવાર પ્રણામ.

- ડૉ. યુ. એન. ધલ...

પ્રોફેસર વેલુરી સુબ્બારાવ. (પ્રોફેસર અને હેડ ઓફ ડિપાર્ટમેન્ટ સંસ્કૃત,).

આંધ્ર યુનિવર્સિટી, વાલટેઈર, આંધ્રપ્રદેશ (ભારત).

પ્રકાંડ અને પ્રખર સંસ્કૃતના વિદ્વાન આદરણિય પૂ. સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના સન્માનના ઉત્સવના શુભ સમાચારથી મારા માટે ખૂબ આનંદ આપનાર સમાચાર છે. **એમણે રચેલા મહાગ્રંથો અને મહાગ્રંથોની માર્ગદર્શીક ટીકાઓ, અભ્યાસી અધ્યયન કરનાર માટે ઉત્તમ માર્ગદર્શક સ્વરૂપે આજે પણ ખૂબ ખૂબ ઉપયોગી ગ્રંથો તરીકે ખ્યાતનામ છે. વિદ્વાનો પણ આ ગ્રંથોથી ખૂબ જ અભિભૂત છે.** પરમાત્મા એમને દિર્ઘાયુ આપે, ઉત્તમ સ્વાસ્થ્ય આપે અને એમની મહાન વિદ્વત્ રચનાઓ વિશ્વને મળતી રહે એવી પ્રાર્થના કરું છું. સત્કાર સમારોહને મારી શુભકામનાઓ.

- વી. સુબ્બારાવ...

ડો. પી.એન. કવઠેકર. (એમ.એ., પીએચ.ડી.).

સાહિત્યાચાર્ય, પ્રિન્સીપાલ સંસ્કૃત કોલેજ, ઇન્દોર. ડીન ફેકલ્ટી ઓફ આર્ટસ એજ્યુકેશન, ચીફ એડિટર યુનિવર્સિટી, રિસર્ચ જર્નલ, મેમ્બર અક્ઝિક્યુટીવ, કાઉન્સિલ, ચીફ એમ્પ્લોયમેન્ટ ઇન્ફોર્મેશન એન્ડ ગાઇડન્સ બરો. યુનિવર્સિટી ઓફ ઇન્દોર.

॥ અભિપ્રાય ॥

વિદ્યા વારિધિ સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના માટે અભિનંદન ગ્રંથ પ્રકાશન તે મહાકાર્ય અભિનંદનને યોગ્ય છે. 'સ્વદેશે પૂજ્યતે રાજા, વિદ્વાન સર્વત્ર પૂજ્યતે', શ્રીસ્વામીજી મહારાજનું વિદ્યાક્ષેત્ર સર્વત્ર પૃથ્વીમાં વ્યાપક છે, સૂર્યના અગમ્ય ગુહાંધકારનો નાશ પણ શ્રીસ્વામીજીના જ્ઞાનસૂર્યે કર્યો છે. આવા મહામહોત્સવ વડે જગતના જ્ઞાનક્ષેત્રમાં ચેતના ઉભરાશે. **શ્રીસ્વામીજી મહારાજના આશીર્વાદ વડે ભારતવર્ષમાં ઉત્તમ ફલસ્વરૂપે સંસ્કૃત સાહિત્યની તમામ વિદ્યાઓ ફરીથી જાગ્રતીવાળી થશે તથા નવી પેઢીઓને જૂની ભારતની પેઢીઓમાં ગૌરવનિષ્ઠા ઉપજશે અને અભિનંદનો પણ મેળવવા ઉત્કંઠાઓ વધશે, જેથી ભારતીય વિદ્યાઓ ભારતના વિદ્વાનો દ્વારા વિજયપતાકાવાળી સમગ્ર પૃથ્વીમાં રહેશે.** આવા સરસ્વતીમય મહાવિદ્વાન, વર્તમાન સમયમાં હાલમાં પૃથ્વી પર ભાગ્યે જ હશે. પાંચ હજાર વર્ષો પછી સ્વયં ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વરૂપ સર્વજ્ઞ સન્ત બ્રહ્મચારી વૈષ્ણવ પ્રગટ થયા છે, એમને માટે સમગ્ર જગત ઉપાસના કરે છે, તેમાં મારી પણ ઉપાસના રૂપી આ અભિનંદન અર્પુ છું.

તા. ૨૨-૩-૭૬

- ડૉ. પ્રભાકર નારાયણ કવઠેકર...

ડો.વેંકટાલયમ્.

ઉજ્જૈન યુનિવર્સિટી.

સર્વેજનો મહત્તમતાને ઈચ્છે છે પણ તેટલી મહેનત કરતા નથી, રાત-દિવસ મહેનત કરતા નથી. રાત-દિવસ મહેનત કરે ત્યારે વિદ્વતા લાંબે ગાળે મળે છે, તે પણ ઉપરછલ્લી નહિં અંતઃપ્રવિષ્ટા વિદ્વતા સાચી છે, **એક શાસ્ત્રમાં જ નહિ તમામ શાસ્ત્રોમાં વિદ્વતા તો સ્વર્ગોના પુણ્ય ભેગા કરીએ ત્યારે મળે. સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ અસંખ્ય સ્વર્ગોના પુણ્ય મેળવ્યાં હશે** ત્યારે તેમને કાશીના શ્રી વામાચરણ ભટ્ટાચાર્ય, દામોદર ગોસ્વામી જેવા મહાદાર્શનિક ગુરૂનો યોગ થયો, જેમની પાસેથી તમામ વિદ્વતાઓ મેળવી સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં ગ્રંથોની ઉત્કૃષ્ટતા આકર્ષણવત્તા અને પરોપકારિ સાધુતા દરેકને આકર્ષે તેમ છે. મારા હાર્દિક અભિનંદન.

- ડૉ.વેંકટાલયમ્...

ડો. કપિલદેલ શાસ્ત્રી. (M.A., Ph.D.,).

સાહિત્યાચાર્ય, કુરૂક્ષેત્ર.

આ જાણીને હાર્દિક પ્રસન્નતા થઈ છે જે, ભારતમાં પરમ સંત મેધાવી અસાધારણ વિદ્વાન સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના પાવન સમ્માનમાં વિદ્યા ભરેલો ઓતપ્રોત અભિનંદન ગ્રંથ આપ વિદ્વાનો પ્રકાશિત કરો છો, આપના આ યજ્ઞમાં અમારી શ્રદ્ધા અને સમ્માન્ રૂપી હવિષ્ય અર્પણ કરીએ છીએ. **સ્વામીશ્રી રચિત વિવિધ શાસ્ત્રો તેમજ તમામ દુનિયાને ઉપયોગી એવી સંસ્કૃત-ભાષાની ટીકા ભાષ્ય કૃતિઓ તે સંસ્કૃત સાહિત્યને અદ્‌ભુત દાન છે.** આપના અભિનંદનમાં અમો પણ અમારા અભિનંદન પાઠવીએ છીએ.

તા. ૧૨-૫-૭૬

- કપિલદેવ શાસ્ત્રી...

ડો. રામસુરેશ ત્રિપાઠી. (M.A., Ph.D., Dlitt.).

સંસ્કૃત વિભાગાધ્યક્ષ, અલીગઢ યુનિવર્સિટી.

આ નવા યુગના પરમપુરૂષની ઓળખાણથી પરમ આનંદિત થયો છું. પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના સન્માનમાં એક અભિનંદન ગ્રંથ પ્રકાશિત કરવામાં આવી રહ્યો છે, તેવા બીજા પણ **ગ્રંથો શ્રીસ્વામીજીએ લખીને ભારતને અર્પ્યા છે. ભારતીય દર્શનશાસ્ત્રો, કાવ્યસંહિતા, તત્ત્વજ્ઞાન વિગેરેની વિચાર ધારાઓ વડે આવિષ્કરણ કર્યું છે.** તે આવા સર્વતંત્ર સ્વતંત્ર નિજાત્મ અપરોક્ષાનુભૂતિજન્ય ગ્રંથ પ્રાકટ્ય કરનારા સંત, વિદ્વાનને અમારા પ્રણામ.

- ડૉ.રામસુરેશ ત્રિપાઠી...

ડો. વૈદ્ય પ્રકાશ શર્મા. (A.M., B.S., A.M.A., Ph.D.).

રાજસ્થાન, જેપુર યુનિવર્સિટી.

ભારતના અને વિશ્વના વિખ્યાત મહાન વિદ્વાન, સંયમી, ત્યાગી, સંત વૈષ્ણવ સાર્વભૌમ એવા અને વિદ્વાનોમાં કોઈ વિલક્ષણ પ્રતિભાના સ્વામી તપઃ પૂત સત્કર્મજ્ઞ, **પૂજયપાદ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આ રાષ્ટ્રની દિવ્ય વિભૂતિ છે. આ શ્વેતાયન મહર્ષિની કર્મશક્તિનું ગહન પરિમાપન અમારા સામર્થ્યથી બહાર છે, છતાં આશીર્વાદ મેળવવા આવા મહાવિદ્વાન અવતારી પુરૂષથી અનુકરણ કરીને પણ ચરિત્ર નિર્માણ માટે તલપતા અમો આપને અભિનંદન અર્પિએ છીએ,** અમારી સંસ્કૃતિ પર દયા કરજો.

- ડૉ.વૈદ્ય પ્રકાશ શર્મા...

ઈશ્વરલાલ દવે. (એમ.એ., પીએચ.ડી.).

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી. રાજકોટ.

અભિનંદન ગ્રંથ વિષયમાં શુભ કામના

પંડિતજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી અભિનંદન ગ્રંથ પ્રસિદ્ધ થઈ રહ્યો છે, તે માટે હું પણ અભિનંદન પાઠવું છું. આ પ્રકાશન અત્યંત સુસમૃદ્ધ અને ચિરસ્થાયી બનો. એવી મારી શુભકામનાઓ પ્રકાશિત કરી રહ્યો છું.

તા. ૨૦-૪-૭૬ - ઈશ્વરલાલ દવે...

અનંતરાય રાવલ.

ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી. અમદાવાદ.

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ રચેલા સંસ્કૃત ગ્રંથોની નામાવલિ જોઈને તેમની શાસ્ત્રજ્ઞતા અને વિદ્યાની ઉપાસના પ્રતિ અતિ આદર ભાવ ઉપજે છે. તેમને જે અભિનંદન આપવામાં આવશે તેમાં પોતાનો પણ સ્વર ભેળવું છું.

તા. ૧૧-૬-૭૬ - અનંતરાય રાવલ...

ડૉ. ડી. એન. શાસ્ત્રી. (એમ.એ., એમ.ઓ.એલ.લીટ્.).

એડવાઈઝર, ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડોલોજી, ટિયરચાગંજ, દિલ્હી.

પંડીતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજશ્રીની અગાધ વ્યાપક વિદ્વતા જોઈને કોઈપણ સંસ્કૃતપ્રેમી ચકિત થયા વિના નહિ રહે. એમના સંસ્કૃત દર્શન ક્ષેત્રમાં ન્યાય નવ્યન્યાય, સાંખ્યયોગ, પૂર્વ મીમાંસા, વેદાંત આદિ આદિમાં ચિત્સુખી જેવા મૂર્ધન્ય ગ્રંથો પર બધા વ્યાપક ક્ષેત્રોમાં એમની અગાધ વિદ્વતા તેમના રચેલ ગ્રંથો પરથી સ્પષ્ટ પ્રતીત થાય છે, અને બીજાપણ તેઓશ્રીના રચેલા ગ્રંથો, સ્તોત્રો, ઈતિહાસો, સંહિતાઓ અને ભક્તિ ગ્રંથો સાહિત્યો પણ અતિ મહત્વ પૂર્ણ છે, શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા તો એક અપાર સૃષ્ટિઓનો સર્વેનો એક પરાવેદ છે. આવા શ્રેષ્ઠ વિદ્વાન માટે તેમના અભિનંદનના અવસરમાં હું સપ્રણામાંજલિ વડે અભિનંદન અર્પુ છું. **ભારત પાંચમો વેદ છે પણ શ્રીસ્વામીજી રચીત લક્ષ્મીનારાયણ સંહિતા અગાધ છઠ્ઠો વેદ છે.**

તા. ૩૦-૫-૭૬ - ધર્મેન્દ્રનાથ શાસ્ત્રી...

ડૉ. એસ.પી. સિંહ, (એમ.એ., ડી.ફિલ.,).

હેડ ઓફ ફિલોસોફી, મગધ યુનિવર્સિટી, બોધગયા.

આપ વિદ્વાનોના મહાપ્રયત્નરૂપ અભિનંદનગ્રંથ સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના સમ્માનમાં તૈયાર થઈ પ્રકાશન માટે યોજીત કરાયો છે. **શ્રીસ્વામી મહારાજ નાનપણથી જ ત્યાગ આશ્રમ બ્રહ્મચારિપણામાં રહી ૩૭ વર્ષો સુધી કાશીજીમાં સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી અભ્યાસ કરી મહાઅગાધ વિદ્વાન થયા છે આપશ્રી દાર્શનિકપંચાનન, ષડ્દર્શનાચાર્ય, વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ, નવ્યન્યાયાચાર્ય, ન્યાયવૈશષિકશાસ્ત્રી, સાંખ્યયોગ તીર્થ, વેદાન્ततીર્થ, મીમાંસાતીર્થ, સાહિત્યમનીષી, દાર્શનિકમાર્તણ્ડ, ભારતભૂષણ, મહામહોપાધ્યાય. એમ.એ., ડી.ફિલ, ડી.લિટ, ડૉ. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી વિદ્યમાન યુગના ભારતના મહાધૂરંધર વિદ્વાન વિરાજીત છે.** ૭૦ વર્ષની અવસ્થાએ પહોંચ્યા છે, તમામ સંસ્કૃત પ્રસ્થાન વિજ્ઞાનોના ૪૫ પિસ્તાળીશ ગ્રંથો લખ્યા છે, મહાપંડિતોને પણ ઉપયોગી ભાષ્યો અને કિરણાવલીઓ લખી છે, જે વિદ્યાલયોમાં વિદ્વાનો દ્વારા ભણાવાય છે, **જગતમાં પ્રસિદ્ધ એવા એમના ગ્રંથો સારસ્વત મહામંડળ સ્વરૂપે છે, તેમની વિદ્યાઓ તર્કો, સિદ્ધિઓ સ્વતંત્ર વિવેચિત છે, નવા નવા પદાર્થો વર્ણવેલ છે, સતવાદ, ખ્યાતિવાદ, પ્રમાત્વવાદ, પ્રત્યક્ષવાદ, સાકારવાદ, તત્ત્વવાદ આદિક તો ખાસ જોવા વાંચવા સમજવા જેવા છે, બ્રહ્મરસાયન ભાષ્ય આદ્યન્ત વાંચનારાને કોઈ તત્ત્વજ્ઞાન અવગત કરવું બાકી રહેતું નથી, તમામ ભારતીય પ્રસ્થાનો તેમાં સામેલ છે, પ્રસંગે ૨૬૨ પ્રકરણોમાં ઉપનિષદ વિદ્યાઓ તરીકે ઉમેર્યા છે.** આવા સકર્તુક વ્યાપક વિદ્વાનને સમ્માનવામાં તેમના તમામ વિદ્વાનો સાથે આવા પ્રસંગ કે અવસર પર મારું અભિનંદન સમ્માન સ્વામીજી મહારાજશ્રીને સમર્પિત હો, શુભેચ્છક તથા આપના ઉદ્યમની સફળતા ઈચ્છતો ભક્ત.

- એસ.પી. સિંધ...

રામશરણ ત્રિવેદી.

દર્શનાધ્યક્ષ, બેંગલોર યુનિવર્સિટી.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સંસ્કૃતના મૂળ આદિ પ્રોદ્ભાવક બ્રહ્મપુરૂષ ફરીથી આ યુગમાં પ્રગટ થયા છે, પ્રભુસ્વરૂપને અમારા ઘણાં અભિનંદન છે.

- રામશરણ ત્રિવેદી...

કલ્યાણકુમારદાસ ગુપ્તા.

રીડર, યુનિવર્સિટી કલકતા-૨૦.

આપ ભારતીય વિદ્વવૃન્દ મહાવિદ્વાન સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના સમ્માન માટે અભિનંદન ગ્રંથ પ્રકાશિત કરવા યત્નશીલ છો, એ જાણી મને ઘણો આનન્દોત્સવ થઇ રહ્યો છે. તે **સ્વામીજી આપણાં ભારતના અગ્રગણ્ય મહામહોપાધ્યાય અને ભારતભૂષણ છે, અદ્વિતીય વિદ્વાન વખાણાય છે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સત્યજ્ઞાનના ગુરૂવર્ય છે. સત્ય, માર્મિક, તાર્કિક અને આત્મીયશાસ્ત્રો રચનારા છે. એમના જીવન અને કામકાજો તે બીજાઓને આંતરિક પ્રેરણા આપનારા થશે.** સ્વામીજીએ બાળપણથી બ્રહ્મચારી સંત રહી સંસ્કૃત, આંગ્લ, હિન્દી અને ગુજરાતી આદિ અભ્યાસ કર્યો, તેની જ્ઞાપક શાસ્ત્રી આચાર્ય સાર્વભૌમ ભારતભૂષણ, તીર્થ, એમ.એ., ડી.ફિલ, ડી.લિટ., આદિ મહાન ડિગ્રીઓ પ્રાપ્ત કરી છે, **તાજી વિદ્વતાના પ્રતીક એક જ દેવીપુરૂષ મહાત્મા પૃથ્વી પર અત્યારે બિરાજે છે, સૌરાષ્ટ્રના ભારતના પૃથ્વીના ધન્યભાગ્ય છે એવા સત્પુરૂષ વડે પૃથ્વી સસ્વામિનીપણાના સંતોષવાળી પોતાને સદા માનતી રહેશે.**

- કલ્યાણ કુમારદાસ ગુપ્તા...

ડૉ. જી.સી. નાયક, (એમ.એ., પીએચ.ડી.,).

રીડર ઇન ફિલોસોફી, ઉત્કલ યુનિવર્સિટી, ભુવનેશ્વર, ઓરિસ્સા.

સ્વામીજી આચાર્યવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી વિદ્વાન પુરૂષને અભિનંદન ગ્રંથ સ્વરૂપ એ પૂજનીય મહનીય સત્કાર કરવા બાબત મને વાકેફ કરેલ છે તેથી આપ સર્વે વિદ્વાનમંડળને હું ઘણાં ધન્યવાદ આપું છું. સ્વામીજી મહારાજ એક અતિ પ્રખ્યાત વિદ્વાન છે, પોતે સ્વયં દૈવી ચમત્કારી આત્મા છે, તે આ જરૂર આપણા તરફથી થતાં સમ્માન અને પૂજાના પાત્ર છે, આપણે તેઓશ્રીને સમ્માનિત કરીએ તેમાં તો આપણે પોતે જ ઘણાં સમ્માનના પાત્ર થઈ જઈએ છીએ, આપણા બધાની આદ્યાત્મિક ઉન્નતિને માટે સ્વામિશ્રીની દૈવીશક્તિ વધતી રહો, આપણાં દેશના યુવા વિદ્વાનો તે નિમિતે ઘણાં ઘણાં હોતા રહો, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે સંસ્કૃત વાડ્મય ગ્રંથો દ્વારા નિજ શ્વેતાયન મૂલક શ્રીહરિશરણાગતિ મંડળ નામક મહાવિદ્વાનોનો અસીમ સંપ્રદાય માનવ સમાજમાં સ્થાપિત કર્યો છે, તેમાં યથાપાત્ર સુધાપાન લેતા રહેશે, અને મહર્ષિઓને ધર્મજ્ઞાન વૈરાગ્ય ભક્તિ અભ્યાસ આત્મ તત્વ ચિંતનનો અવસર આપતા રહેશે, ઘણું જીવો સ્વામીજી, અને ઘણાં વિસ્તરો સ્વામી ગ્રંથ, સંપ્રદાય, હું આપ સર્વે ને નિજ અભિનંદન સમર્પણ મહાકાર્યમાં સુસફળતા ઇચ્છું છું.

તા. ૨૨-૭-૭૬

- જી.સી. નાયક...

ગિરીશચંદ્ર દીક્ષિત. (દાર્શનિક, સાહિત્ય સંશોધન વિભાગ).

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી., જામનગર, સૌરાષ્ટ્ર, ગુજરાત રાજ્ય.

આચાર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ભારતીય દર્શન શાસ્ત્રોના સર્વોત્તમ પ્રતિભાઓના એકમાત્ર પ્રતિનિધિ સ્વરૂપ મૂર્તિ છે. વિદ્યમાન વિદ્વાનોમાં પ્રાચીન વિદ્યાશાખાઓની વિદ્વત્તાઓ અને શાસ્ત્રીય કોટિઓ તથા કોડપત્રો તથા તર્ક પરંપરાના શાસ્ત્રાર્થો પરિષ્કારો આદિકના પ્રશસ્ત-પ્રકાંડ અને ન્યાયિક નવ્યન્યાય પરંપરાના બંગાલ મૈથિલ તથા દ્રાવિડના પ્રખ્યાત વિદ્વાનોના વંશજ એવા પ્રામાણિક પંડિત મૂર્તિમાન ખજાનારૂપ પ્રતીક શ્રીસ્વામીજી સ્વયં ભારતનાં પ્રથમ નંબરના મહાવિદ્વાન, કોમલ હૃદયવાળા, સુરસ સ્વભાવવાળા, ઉદાર મનોવૃત્તિવાળા, વિરાજમાન આજ મહાગુજરાતને સૌરાષ્ટ્રને ગૌરવાન્વિત કરે છે. સંસ્કૃત વિદ્યાધ્યયનના વાતાવરણને સારી રીતે ઉજ્જીવિત રાખવા માટે જ ભાગવત વિદ્યાપીઠ સ્થાપવા સૌરાષ્ટ્રમાં પ્રયત્નશીલ છે, તે સ્થાપના આવા સંત મહાપુરૂષ હસ્તક થવા વડે ભવિષ્ય ઉજ્જવલ થશે. **આવા મહાપુરૂષોના સમ્માન અભિનંદન તો વિશેષરૂપથી એક મહાવિદ્યાલય સ્થાપના કરીને તેનાં સંસ્કૃત વિદ્યા કેન્દ્ર વિભાગમાં શુધ્ધ શાસ્ત્રીય અધ્યાપનની સફલ વ્યવસ્થા તેમના સ્મારક પ્રતિનિધિ તરીકે કાયમ મૂર્તિ સ્વરૂપે રાખવી એ છે.**

તા. ૧૫-૬-૭૬

- ગિરીશચંદ્ર દિક્ષીત...

શિવચરણ ધ્યાની. (BA.B., I.M.S., આયુર્વેદાચાર્ય, M.P.A.),

અધ્યક્ષ દ્રવ્ય ગુણ વિભાગ સ્નાતકોત્તર પ્રશિક્ષણ એવં અન્વેષણ સંસ્થાન,
ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી જામનગર.

હું શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના વ્યક્તિપરક પ્રત્યક્ષ પરિચિત નથી, પણ આપ શાસ્ત્રીજીના ગ્રંથોની સૂચિદ્વારા એ વાત સ્પષ્ટ થઈ આવે છે- જે તેમનો વાણીવિદ્યા સંસ્કૃત પર ઘણો મોટો અધિકાર છે. તેઓ એક તમામ કરતા મોટા ઉભ્દટ વિદ્વાન છે. એવા વિદ્વાનોનું અભિનંદન જરૂર કરવું જોઈએ. મારા તરફથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના દીર્ઘાયુષ્ય માટે ભગવાનથી પ્રાર્થના તથા તેમના વતી ચાલતી ઉપકૃતિ, ભવિષ્યમાં પણ જ્ઞાન-વિજ્ઞાન માટે સેવાઓની આશા વિગેરે કરતા તેમજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના અભિનંદન ગ્રંથની સફળતાની ઈચ્છાવાળા.

તા. ૨૫-૫-૭૬

- શિવચરણ ધ્યાની...

વૈદ્યરાજ ત્રિલોકચન્દ્ર જૈન. (એ.એમ.એમ., એસ.બી.એચ.).
સાહિત્ય શાસ્ત્રી, સિદ્ધાન્ત શાસ્ત્રી, ગુપ્રોફેસર,
પ્રશિક્ષણ કેન્દ્ર ગુજરાત આયુર્વેદ વિશ્વવિદ્યાલય, જામનગર.

પ્રાતઃ સ્મરણીય વંદનીય મહાતીર્થ સ્વરૂપ સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું અભિનંદન કરવા અભિનંદન ગ્રંથ તૈયાર થઈ રહ્યો છે. **શ્રીસ્વામીજી મહારાજે આધ્યાત્મિક વિષયો ઉપર અભૂતપૂર્વ મૌલિક વિચારધારાઓ લખી છે. અનેક ગ્રંથો પ્રગટાવ્યા છે, જેમાં બ્રહ્મલોક, ધામ, ઈશ્વરલોક, સૃષ્ટિઓ, આત્મા, પરમાત્મા, અવતારો, પ્રકૃતિ તત્ત્વો, આવિદ્યક સંસાર, જ્ઞાન જ્ઞેય જ્ઞાતા જ્ઞુપ્તિ, પ્રમાતા પ્રમાણં પ્રમેયં પ્રમા, તત્ત્વ નિર્ણાયક વાદ-પ્રતિવાદ, નિગ્રહસ્થળો, હાર્ય-જીતના ન્યાયો, માયિકપ્રક્રિયાઓ,યોગપ્રક્રિયાઓ, શાબ્દિક પ્રક્રિયાઓ, તત્ત્વજ્ઞાનની પ્રક્રિયાઓ, કર્મકાંડ ઉપાસનાકાંડની પ્રક્રિયાઓ, ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિની પ્રક્રિયાઓ, માનવ સામાન્ય વિશેષ ધર્મ પુણ્યાદિ પ્રક્રિયાઓ, વ્રત, નિયમ, તીર્થ આદિ પ્રક્રિયાઓ વિગેરે વિગેરે તાર્કિક રીતિ વડે બહુજ સ્પષ્ટ સુન્દર સમજાવ્યા છે.** ન્યાય, વેદાન્ત, સાંખ્ય, મીમાંસા, યોગ સાહિત્ય આદિ ઉપર એમના ગ્રંથો સર્વત્ર મનનીય સ્થિતિમાં ગ્રાહય થઈ પડ્યા છે. આવા અજોડ એક જ લેખક અધ્યાપક પ્રવાચક શાસ્ત્રાર્થક એવા બધા ગુણોવાળા, અદ્વિતિય વ્યક્તિ વિશેષ અત્યારે ભારતમાં, સૌરાષ્ટ્રમાં, કાશીજીની મૂર્તિ સ્વરૂપે પંડિતવર્ય બ્રહ્મસન્યાસી બિરાજે છે, **આવો આ સંસ્કૃતનો યુવા સમય શ્રીસ્વામીજી મહારાજે પ્રગટ કર્યો છે. વેદવ્યાસજીના પાંચ હજાર વર્ષો બાદ આજ આચાર્યશ્રી એવા શ્વેતાયનવ્યાસનો સંસ્કૃતમાં શક અમાપ વર્ષો સુધી ચાલશે, જયાં સુધી કે સમસ્ત સંસારના વાડમય ઉપર બીજો આબાલ બ્રહ્મચારી મહાવિદ્વાન લેખક નહીં થાય. સર્વેને આપનું સાહિત્ય સર્જન જીવન ઔષધ અમૃતપાન સમ થયા કરશે. આપ ઈશ્વરાંશ સર્વ કાર્યોમાં સફળ છો અને વધારે સફળતા મેળવશો.** અમારે માટે પણ યોગ્ય સેવા આપતા રહેશો. આવા હર્ષથી આપશ્રીનાં અસંખ્ય અભિનંદનો કરીએ છીએ.

- ત્રિલોકચન્દ્ર જૈન...

કવિ ડો. શ્રીધર ભાસ્કર વર્ણેકર, (સંસ્કૃત વિભાગાધ્યક્ષ).

નાગપુર વિશ્વવિદ્યાલય.

સંકટ વડે વિહ્વલતા માનસમાં ન થવા દેવી, પ્રતિકુળ ભાવના વડે શા માટે કંપો છો. મકરાલય સાગર ધીર છે અને દુસ્તર છે. એવા સાગરને પણ નૌકાદિ સહાયતા વિનાના પણ હનુમાન ઉલ્લંઘી ગયા, એવા વીર ધીર બલવાન હનુમાનજીને શા માટે વંદન નથી કરતા ? પ્રતિકુળ ભાવના વડે કંપવું નહિ.

(૧) સકલ સાધનવાળો દુર્જય રાવણને એકલા વનવાસી રામચન્દ્રજીએ માર્યો, એવા ધીર વીર શ્રીરઘુનાથજી શ્રીરામચન્દ્રજીને શા માટે વંદન નથી કરતા ? પ્રતિકુળ ભાવના વડે શા માટે કંપો છો ?

(૨) કાલીયનાગનું ઘોરબંધન આંટો વળવો તે છેદીને તેના ફણાઓ ઉપર જેણે નર્તન કર્યુ, એવા ધીર વીર ગોપાળ શ્રીકૃષ્ણને શા માટે નથી વંદન કરતા ? પ્રતિકુળ ભાવના વડે શા માટે ધ્રુજી જાઓ છો ?

(૩) ચાણુર, મુષ્ટિક, કુવલ્યાપીડગજ તથા કંસ મામાને જેમણે એકલા હણ્યા, તેવા કંસનાશક ધીર વીર શ્રીકૃષ્ણને શા માટે વંદન નથી કરતા ? પ્રતિકુળ ભાવના વડે શા માટે કંપો છો ?

(૪) સાત ચક્રવાળા વ્યૂહવાળા શત્રુના મહા સૈન્ય મધ્યે એકલો બાળક જે પ્રવેશ્યો, તેવા અર્જુન પુત્ર ધીર વીર અભિમન્યુને શા માટે નથી વંદન કરતા ? પ્રતિકુળ ભાવના વડે શા માટે ધ્રૂજો છો ?

(૫) વન વનમાં ભમતા અને ધન તથા સૈન્ય વિનાના તથા મહાસૈન્યવાળા દિલ્લી પતિને ધિક્કારનારા એવા નરસિંહ રણવીર રાણા પ્રતાપને શા માટે નથી વંદન કરતા ? પ્રતિકુળ ભાવના વડે શા માટે કંપો છો ?

(૬) જલદુર્ગવાળા તથા આગરાપુરના કિલ્લામાં તથા નગરમાંથી જે શત્રુ સૈન્યે આવરિત કરેલી એવા શિવાજી વીર ધીર ત્યાંથી નિકળી ગયા, આવા શિવાજીને શા માટે નથી સંભારતા ? પ્રતિકૂળતાની સ્થિતિઓ વડે શા માટે પાછા પડી જાઓ છો ? માટે બળીયા રહો. **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી જેવા મહા પંડિત આવા અસહાય યુગમાં પણ સમગ્ર સરસ્વતીના શાસ્ત્રોના સાગરને વલોવી નાખ્યો, એવા મહાપુરૂષને શા માટે નથી સંભારતા ? શા માટે અભિનંદન નથી આપતા ? જરૂર આપો, પ્રતિકૂળપણાને ન ગણકારો.**

- કવિ શ્રીધર ભાસ્કર વર્ણેકર...

ડો. જયમન્ત મિશ્ર. (એમ.એ., પીએચ.ડી.) વ્યાકરણ સાહિત્યાચાર્ય.

વરિષ્ઠ પ્રાધ્યાપક એવં અધ્યક્ષ સંસ્કૃત વિભાગ બિહાર વિશ્વવિદ્યાલય.

શ્રીકૃષ્ણો વિજયતે ! સરસ્વતી સ્વરૂપ મહાયજ્ઞના અનુષ્ઠાનના વ્રતધારી બુદ્ધિમાન કવિરાજ વિદ્વદ્વર્ય **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી દર્શનશાસ્ત્રોરૂપી ગહનઅરણ્યમાં સિંહસમાન પાંચમુખવાળા નિર્ભય વિચરે છે. બ્રહ્મજ્ઞાનરૂપી સુધાસાગરના રસોના પાનપરાયણ વર્તે છે.** દ્વૈત, અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, શુધ્ધાદ્વૈત, દ્વૈતાદ્વૈત, શકિતવિશિષ્ટાદ્વૈત, વિશિષ્ટબ્રહ્માદ્વૈત, આવાં આવાં સિધ્ધાન્તોની ગહન ગ્રંથીઓને ભેદવામાં મહાન પટુ છે. અવતાર અને અવતારીના સિધ્ધાંત નિરુપણમાં નિપુણ બુધ્ધિવાળા છે. વિવિધ ગ્રંથોના ભાષ્યો અને વ્યાખ્યાઓ વડે તત્ત્વોના પ્રકાશક પ્રખ્યાત છે, અને વિદ્વાનોનાં ઉપકારક છે. **જેમનાં હૃદયમાં પ્રતિભા, અભ્યાસ અને વ્યુત્પત્તિ, એવી ત્રિવેણી વસેલી છે. એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય- તીર્થરાજને અમો નમસ્કાર કરીએ છીએ.**

તા. ૨૩-૬-૧૯૭૬

- જયમન્ત મિશ્ર...

શ્રીમુકુંદમાધવ શર્મા. (એમ.એ., પીએચ.ડી, ડી.લિટ્).

કાવ્યતીર્થ, સંસ્કૃત વિભાગ પ્રધાન, ગૌહાટી વિશ્વવિદ્યાલય.

॥ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને સત્ અભિનંદનમ્ ॥

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સ્વામીશ્રી કીર્તિમંડિત અશેષ શાસ્ત્રજ્ઞાતા પરિપૂર્ણ આપ અમારી વિનયાંજલિને ગ્રહણ કરશો. **આપના ધારેલા કાર્યોના પુણ્યો અને વૈભવો વડે આ ધરિત્રીને પણ ધન્ય છે, અને ગુજરાત રાજ્ય પણ આપના અગણિત ગુણો વડે ધન્યપણાને પ્રાપ્ત છે. આપના કવિઓ, વિદ્વાનો, વિજ્ઞાનીઓ, સત્તાધીશોના મહાસમારોહમાં પૂજન સમયે પુણ્યશાલી આ સમગ્ર વિશ્વમાં આપ મહામાન્ય પદને પ્રાપ્ત હોવાથી તમામ સમાજ આપના અનેક પ્રકારના યશને ગાય છે.** આપે કંકુમવાપી નગરીની ભૂમિને નિજ ચરણ રજો વડે ધન્ય બનાવી છે. આપના નામના યશો વડે તે જનતા પણ ધન્યપણાને પામેલ છે, **આપની પૂણ્યમૂર્તિમાં શ્રીસ્વામિનારાયણ ભગવાન પોતે જ વિરાજે છે.** એવા આપના ભાગ્યને પણ શ્રીસ્વામિનારાયણ પ્રભુ વિશેષ ઉત્કૃષ્ટતાને પમાડો. શાક વર્ષ ૧૯૭૮ તેની રીતે છ નમ્બરે અષાઢમાં બુધવારે આ પ્રશસ્તિ થોડી વાણી બળ વડે પણ રચીને અર્પિત કરી છે, તે ભગવદિચ્છાથી લોકના સુખને માટે હો.

- શ્રીમુકુન્દમાધવ શર્મા...

રામજી ઉપાધ્યાય. વરિષ્ઠ પ્રાધ્યાપક.

અધ્યક્ષ સંસ્કૃત વિભાગ, સાગર વિશ્વવિદ્યાલય, સાગર.

હાલમાં ભારતને ચરિત્રમાં બળવાન કરવા માટે મહાત્માઓનો અધિકાર છે. **પ્રાચીન મહર્ષિઓમાં વેદ પુરાણ ઈતિહાસોમાં કથિત માર્ગે અવલંબીને આદર્શ ચરિત્ર પાળીને પળાવવા લોકહિતપરાયણ એવા ઘણાં વિદ્વાનો કટિબધ્ધ છે. તેઓમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ અગ્રગણ્ય મહા આચાર્યવર્ય સ્વામીશ્રી દીપી રહ્યા છે.** આવા વિદ્વાન પરોપકારી નૈષ્ઠિક ધર્મશીલી સ્વામીશ્રીને અભિનંદન આપવા સમાજ ઉત્સાહ ધરાવે છે. તેથી સમાજનું પરમ ઔત્સુક્ય તથા સારો ઉત્કર્ષ અને ગ્રાહય પરિવર્તન થશે જ, એ રીતે અભિનંદન આયોજનનું સાફલ્ય ઈચ્છિએ છીએ.

તા. ૨-૭-૭૭

- રામજી ઉપાધ્યાય...

શ્રીનિવાસ શાસ્ત્રી. (એમ.એ., પીએચ.ડી.).

સંસ્કૃત વિભાગ, બી.એન. ચક્રવર્તી વિશ્વવિદ્યાલય, કુરુક્ષેત્ર.

પૂજનીય શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજશ્રી સમાન ધર્મ પ્રાણો વડે ષટ્દર્શનોના તત્ત્વોના શોધકો, વેદાંત સિધ્ધાંતના જિજ્ઞાસુઓ વિશેષપણે શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના તત્ત્વોને શાસ્ત્રીયતત્ત્વમાં સ્થાન છે એમ સંધાન કરવાવાળા,એવા પંડિત વર્ગે અભિનંદન આપવા તથા સમ્માનિત કરવા. **જેઓ છ દર્શનશાસ્ત્રોમાં પૂર્ણ નિષ્ણાંત છે, જેમને સંતપુરૂષો અનુસરે છે, જેમણે સાંખ્ય યોગ, વેદાંત, મીમાંસા, સાહિત્ય, પુરાણ, ઈતિહાસો વિગેરેના ઘણા ગ્રંથો લખ્યા છે, જેમને સરસ્વતી પોતાના અનુગ્રહવાળા સર્વતંત્ર સ્વતંત્રો એવા વિદ્વાનો અતિશય સમ્માન સ્પૃહા કરે છે, જેઓથી વીતરાગ સાધુ-સંતો પણ વેદાંતો ભણવા માટેના લાભ લે છે, જેમની વિદ્વતાને ધ્યાનમાં લઈને ઉદાસીનો પણ ઉત્તમ રીતે તેઓના પક્ષમાં રહીને આનંદ અનુભવે છે, એવા મહા સંત પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજમાં કાયમી અભિનંદન પ્રશસ્તિ આપનારા અમારા હૃદયો સ્નિગ્ધ ભાવને ભજે છે.** એવા શ્રીશાસ્ત્રીજી મહારાજ ત્યાગી બ્રહ્મચારી તપસ્વી ભક્તિમાન સંતને જરૂર અભિનંદન પ્રણામપૂર્વક આપીએ છીએ.

તા. ૯-૬-૭૬

- શ્રીનિવાસ શાસ્ત્રી...

ડો. ગોવર્ધનનાથ શુકલ.

આચાર્ય એવં અધ્યક્ષ હિન્દી વિભાગ, અલીગઢ વિશ્વવિદ્યાલય, શુકલ સદન.

॥ અભિનંદનમ ॥

પૂજયપાદ સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું ઉચ્ચકોટીનું સાધુપણું તથા વિદ્વાનપણું, તે આજ સમસ્ત રાષ્ટ્રને પુરેપુરૂં પરિચિત છે. તેઓશ્રીએ ભારતીય સાહિત્ય અને સંસ્કૃતિની રક્ષા કરી એટલું જ નહિ કિન્તુ તેમણે પોતાની ઊંચી દ્રષ્ટિ વડે સમસ્ત ભારતની ઉન્નતિ અને સામુદાયિક સમુચ્યમાં મહાનીતિનું મહાયોગદાન કર્યું છે. શ્રીસ્વામીજીએ વિશેષપણે દર્શનશાસ્ત્રો અને અધ્યાત્મ વિજ્ઞાનોના ક્ષેત્રમાં ગુરૂતર ગમ્ભીર મહાકાર્યો કર્યા છે. આ મહાસુખપ્રદ અને આશ્ચર્યકારક વિષય છે, સંસ્કૃત ભાષા ઉપર એમનો અસાધારણ અધિકાર છે. આવા ઉત્કૃષ્ટ ગ્રંથોની રચના માટે સ્વામીજી મહારાજને વારંવાર વિનંતી સાથે પ્રણામ કરું છું.

તા. ૧૫-૬-૭૬ - ગોવર્ધનનાથ શુકલ...

ડો. રવીન્દ્ર ભ્રમર.

હિન્દી વિભાગ, અલીગઢ વિશ્વવિદ્યાલય.

કાવ્ય, ન્યાય, દર્શનોના પુણ્યભર્યા શ્લોકોની પ્રત્યક્ષમૂર્તિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને વન્દન કરું છું. ધર્મમૂર્તિ, ભવ્ય વિશાળ ભાલવાલા, અક્ષત ચંદન વડે પૂજેલાં તથા શાસ્ત્રો અને ધર્મોની જાગ્રત જયોતરૂપી જનતાના જીવનને પ્રકાશ દેનારા, તથા મહાવિદ્વાન સંતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ શ્રીધર્માચાર્ય શાસ્ત્રાચાર્ય જગદ્‌ગુરૂજીને અભિનંદન પાઠવું છું.

તા. ૯-૬-૭૬ - ડો. રવીન્દ્ર ભ્રમર...

ડો. રામચંદ્ર દ્વિવેદી. (અધ્યક્ષ, પ્રોફેસર સંસ્કૃત).

ઉદયપુર વિશ્વવિદ્યાલય, ઉદયપુર.

મને આ જાણવામાં આવ્યા પછી હાર્દિક પ્રસન્નતા થઇ કે, વિશ્વ વિખ્યાત સંસ્કૃતના મહાવિદ્વાન એવં **ભારતીય પરંપરાના સિદ્ધ મહાપુરૂષ સંતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજીના અભિનંદન તેમના ગ્રંથો દ્વારા નૂતન ગ્રંથરૂપે થાશે.** ભારતીય દર્શન અને સંસ્કૃત સાહિત્યને શ્રીસ્વામીજી મહારાજે પોતાની પ્રતિભા વડે દેખાડી દીધું છે, તેમનું અભિનંદન કરવું તે અમારે માટે પ્રેરણાદાયક થશે અને ભવિષ્યના કર્તવ્યોને પણ બતાવશે.

તા. ૫-૭-૭૬ - રામચન્દ્ર દ્વિવેદી...

પંડિત શોભિત મિશ્ર. (પ્રાધ્યાપક).

મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, સંસ્કૃત મહાવિદ્યાલય, વડોદરા.

શ્રીમાન્ વિદ્વાનોમાં મહાવિદ્વાન પંડિતપ્રકાંડ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજશ્રીને વાણી વિદ્વાનો એ લોકના બંધુ છે એમ જોવા, ભ્રમરો જેમ કમળને શોભારૂપ છે તેમ ભારતભૂષણ તરીકે વિભૂષિત જોવા, ચાતકો મેઘને ચિંતવે છે તેમ ચિંતવવા, ચકોરો ચન્દ્રને જુએ છે તેમ જોવા ઇચ્છવા, આ શાસ્ત્રીજી સ્વામીજી તર્કશાસ્ત્રના તત્ત્વ મર્મજ્ઞ છે, ન્યાયશાસ્ત્રના પારદ્રષ્ટા છે, સંસ્કૃત વિદ્યાના પ્રચારમાં દક્ષ છે, ભારતીય સંસ્કૃતિના સંરક્ષણમાં તત્પર છે, તેઓ પોતાની વિશિષ્ટ વિદ્વતા વડે તથા વિનય સદાચારાદિ ગુણો વડે સમસ્ત બુદ્ધિમાન વિદ્વાનોને નિજવિદ્વતામાં મેળવી લેતા થકા, વિદ્વાનોરૂપી માનસરોવરના હંસ પરમહંસ છે, આવા વિદ્યમાન બિરાજે છે. આવું નિવેદન કરતો હું મહાન આનંદના દુઝાણાના પ્રવાહમાં ઉલ્લાસવાળો થાઉં છું. આવા વિદ્વાનોમાં અતિઅગ્રગણ્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય શાસ્ત્રી વર્યના કૃતિરૂપ ન્યાયમુકતાવલી કિરણાવલી આદિ ગ્રંથો અચલ મૂલવાળા થયા એ આ સૂક્ષ્મ દ્રષ્ટિ વડે જોવાથી શાસ્ત્રીજીના પૂર્ણ પાંડિત્યનો પરિચય તો એક દાણો પાક્યે બધો ચોખાના પાકની પેઠે ઓળખાઈ જાય છે, શું અધિક કહેવું, ભગવાન આવા મહાભાગ્યશાલી વિદ્વાનને સર્વથા ચિરાયુ કરો અને કુશળ રાખો એમ ઈચ્છુ છું.

તા. ૨૧-૨-૭૬

- પંડિત શોભિત મિશ્ર...

હરિન્દ્રભૂષણ જૈન.

વિક્રમ વિશ્વવિદ્યાલય, ઉજ્જૈન

॥ અભિનંદનમ્ ॥

સંસ્કૃત ભાષાના પ્રકાણ્ડ પંડિત, ભારતીય દર્શનોના અભિનવ વ્યાખ્યાતા વિદ્વત્શિરોમણી, **સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આ ભારતના એક અમૂલ્ય ખજાના છે. એમણે સંસ્કૃત ભાષામાં અનેક મૌલિક ગ્રંથોની રચના કરી છે અને સૂરસરસ્વતીના ભંડારને સુસમૃદ્ધ બનાવ્યો છે.** આવા મહાન સંતપુરૂષનાં અભિનંદન અત્યંત ઉચિત અને પ્રશંસનીય છે. ભારતીય સંસ્કૃતિના ઉન્નાયક આ મહર્ષિને હું અભિનંદન સાથે મારી પ્રણામાંજલિ ભેટ કરું છું.

તા. ૨-૭-૭૬

- હરિન્દ્રભૂષણ જૈન...

શ્રીકૃષ્ણકાન્ત ચતુર્વેદી. (એમ.એ. સંસ્કૃત, પાલી, પીએચ.ડી.).

સાહીત્યાચાર્ય, પ્રવાચક, રીડર,
સરસ્વતી વિહાર જબલપુર વિશ્વવિદ્યાલય, જબલપુર.

મને આ જાણવામાં આવવાથી ઘણીજ પ્રસન્નતા થઈ- જે આપ વિદ્વન્મંડળ સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજશ્રીનું અભિનંદન કરવા માટે અભિનંદન ગ્રંથ પ્રકાશિત કરી રહયા છો. **સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રાચીન પરંપરાના તથા અધ્યાત્મ ચિંતનના મહાન પંડિત છે. આટલા બધા વિશાલકાય સંસ્કૃત, હિન્દી વાણીમયના નિર્માણકર્તા સ્વામીશ્રી વસ્તુતઃ મહર્ષિકલ્પ છે.** એમણે આધ્યાત્મિક કઠિન તાર્કિક વિષયોની અત્યંત સરલ સુબોધ વ્યાખ્યા ભાષ્ય ટીકા ટિપ્પણ આદિ કર્યા છે, તથા વિદ્વાનોને માટે પણ વિષયગાંભીર્ય સર્વત્ર ઓતપ્રોત રચેલ છે. **ભારતીય સંસ્કૃત વાંડન્મય ઈતિહાસમાં આપનું નામ અમર રહેશે.** આવા શુભ અવસર ઉપર મારી શુભ કામનાઓ સ્વીકાર કરજો.

તા. ૧૪-૭-૭૬

- કૃષ્ણકાન્ત ચતુર્વેદી...

મહાવીરદાસ જૈન.

સ્નાતકોત્તર ભાષા વિજ્ઞાન વિભાગ, વિશ્વવિદ્યાલય, જબલપુર.

આ જાણીને અતિ પ્રસન્નતા થઈ- જે ભારત વર્ષના પ્રખ્યાત વિદ્વાન સંત ભક્ત મેધાવી પ્રકાંડપંડિત સ્વામીજી **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના અભિનંદનનો ગ્રંથ પ્રકાશિત થઈ રહયો છે. આવા વિદ્વાન માટે અભિનંદન પ્રયાસ સ્તુત્ય છે.** મારી શુભ કામનાઓ તેમાં સ્વીકાર કરજો.

- મહાવીરદાસ જૈન...

ડો. અયોધ્યાનાથ શાસ્ત્રી.

વ્યાકરણાચાર્ય, રીડર સંસ્કૃત, સંસ્કૃત વિભાગ, વિશ્વવિદ્યાલય વર્ધમાન.

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી જેવા સંસ્કૃત ભાષાના વિવિધ શાખાના વિદ્વાન આ વિશ્વ માટે દુર્લભ છે, તેમજ તેટલા ગ્રંથો અન્ય દેશો માટે દુર્લભ છે, પણ ભારત નિજવિદ્વાનો બીજા દેશોને ગ્રંથો સાથે આપી રહેલ છે એજ ગૌરવ છે, પ્રત્યાભિનંદન છે. સ્વામિનારાયણ સંપ્રદાય તેમજ મહાગુજરાત આવા વિદ્વાન સંત માટે અતિ ગૌરવ અનુભવે છે, સંતો સિદ્ધો પ્રગટ થાય છે. આવા વ્યક્તિ ભારતને માટે ગૌરવની વસ્તુ છે, આવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પરમપુરુષ નિજીય વ્યાપક શક્તિશાળી ઉપકારક જીવનની અનુભૂતિઓના કારણે તે દૈવી પુરુષ છે, આપણા માનવજીવનમાં અમૃત સિંચન કરી અમર બનાવનારાં છે, ભારતીય રત્નોમાંના એક તેજસ્વી રત્ન છે, નિજ જીવનના મૂલ્યની શોધમાં સ્વામીજી વ્યકત ઓળખાયા છે.

- ડૉ. અયોધ્યાનાથ શાસ્ત્રી...

ડો. રમેશકુમાર શર્મા. (LL.B., M.A., Ph.D.),

પ્રોફેસર તથા અધ્યક્ષ, કાશ્મીર વિશ્વવિદ્યાલય, અમરસિંહ બાગ, શ્રીનગર.

॥ શ્રીવલ્લભાચાર્ય વંદનમ્ ॥

અમૂર્ત, નિર્ગુણ, નિરપેક્ષ, સૂક્ષ્મ, જીવોના ભાવાત્મક સુખ-દુઃખોથી ઉદાસીન, છતાં ન્યાયકર્તા કર્મોમાં નિર્લિપ્ત છતાં ભાવુક કૃષિ મહર્ષિ સંત મુનિ ભકત તરફ સુરકત એવા **પ્રભુના પ્રતીક સ્વરૂપ સ્વામીજી મહામહર્ષિ શ્વેતાયન વ્યાસજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ નટનાગર શ્રીકૃષ્ણને ભજીને પ્રેર્યા છે, જે ભકતોની દેખરેખ રાખવા આવ્યા છે, તે ગાય-વાછડાની સંભાળ રાખે તેમ જગતની સંભાળ સંત વિદ્વાનના સ્વરૂપમાં રાખે છે, તેમની લીલાનું પ્રયોજનતો એ છે જે નિજવંશોના યોગ ક્ષેમ કરવા, ભકતોને તેવી ચિંતાઓ હોતી જ નથી. ભગવાન તો ભકતો ભેળા ભળીને ઉપાધિઓમાં સાંત્વના આપે છે તથા ઈષ્ટભાવનાઓ પૂરી કરે છે.** ચારે તરફથી જયારે સંસારી જવાલાઓની લુક લાગતી હતી ત્યારે દક્ષિણમાંથી શ્રીમહાપ્રભુજી વલ્લભાચાર્યજીએ મધુર ભક્તિ વડે અમૃત રસ પાવા શરૂ કર્યા હતા. કન્હૈયાના રસ ખાઈ-પીને અમર થયેલી પ્રજા હાલમાં દેશ વિદેશોમાં પણ શ્રીકૃષ્ણ મગન આનંદમાં રહી ગુરૂદેવ આચાર્યોના અભિનંદન કર્યા કરે છે. શ્રીકૃષ્ણસ્વરૂપ સ્વયં વલ્લભાચાર્યજી પ્રગટયા છે તેઓને વ્રજવાસીને નામે અભિનંદન સાથે મારા વિશેષ પ્રણામ કરું છું.

- રમેશકુમાર શર્મા...

રામજી ઉપાધ્યાય.

પ્રોફેસર તથા અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ, વિશ્વવિદ્યાલય સાગર.

સંસ્કૃત ભાષા તથા વિદ્વત્તાને, એક સુબધ્ધ તારમાં રાખીને સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પોતાના જીવનને ભારતની સાંસ્કૃતિક જ્યોતિ જગાવવામાં સમર્પિત કરી દીધું છે, એમનો આદર્શ બધાને સર્વ સમર્પિતની પ્રેરણા કરે છે. **આચાર્યજી સંસ્કૃત, સાહિત્ય અને ભારતીય સંસ્કૃતિના અભ્યુદય તથા સમર્થન માટે અસાધારણ પ્રતિભા અને કુશળતા ધરાવે છે, સ્વયં ન્યાયતર્ક મૂર્તિ છે. 'કર્તુમ અકર્તુમ અન્યથાકર્તું' સમર્થ પરમપુરૂષ પ્રગટ હોય એમ શ્રદ્ધા ઉપજે છે.** આવા દિવ્ય પુરૂષો જ વડે ભારતની વિદ્યાઓ સુરક્ષિત રહે નવા વિકાસમાં પ્રગટ થતી જાય છે અને ઉચ્ચતમ કીર્તિ વધતી જાય છે. તેમજ ઋષિ મુનિ આચાર્યોનાં ઉત્તમ જ્ઞાનિતાના સ્મરણો અવિચળ રહેતા જાય છે. આવા વિદ્વાન સ્વામીજીને અમારા હજારો અભિનંદનો છે.

તા. ૨૬-૩-૭૬

- રામજી ઉપાધ્યાય...

ગોવિંદ ચંદ્ર પાંડે.

વિશ્વવિદ્યાલય, કુલપતિ (વાઈસ-ચાન્સેલર),
જયપુર (રાજસ્થાન)

સ્વામી શ્રી કૃષ્ણવલ્લભાચાર્ય અભિનંદન ગ્રંથ તૈયાર થાય છે. એવું જાણીને મને ખૂબ આનંદ થયો છે. **સ્વામીજીનું જ્ઞાન અને વિદ્યતા સર્વ વિદિત છે. એમણે લખેલ અનેક ગ્રંથમાંથી અનેક વાચકોને જ્ઞાન-તૃપ્તિ મળી છે.**

આપના આયોજનની સફળતામાં મારી શુભકામનાઓ.

તા. ૬-૬-૭૬

- ગોવિંદ ચંદ્ર પાંડે...

ડૉ. શિવમંગળસિંહ સુમન. (એમ.એ., ડી.લિટ.).

કુલપતિ, વિક્રમ વિશ્વવિદ્યાલય, ઉજ્જૈન.

આ મહાન હર્ષનો વિષય છે કે, પંડિતવર્ય સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી દાર્શનિકપંચાનન, ષડદર્શનાચાર્ય, નવ્યન્યાયાચાર્ય, સાંખ્યતીર્થ, વેદાંતતીર્થ, કાવ્યમનીષી, ન્યાયવૈશેષિક શાસ્ત્રી, વૈષ્ણવ. વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ વિદ્વાનનું અભિનંદન, કુંકાવાવ નગરીમાં સૌરાષ્ટ્ર ગુજરાતમાં આયોજિત થઈ રહ્યું છે, **આવા મહા વિદ્વાનનું અભિનંદન ભારતીય વાઙમયનું અભિનંદન છે.** આવા પુણ્ય પર્વ ઉપર હું આવા સમ્માન સમારોહમાં મારી હાર્દિક કામનાઓ સાથે અભિનંદન પાઠવું છું, પરમપિતા શ્રીહરિથી પ્રાર્થના કરું છું કે, આચાર્યજી શતાયુ પૂર્ણ જીવો, જેથી આપણો દેશ તેમના દ્વારા વધારે ગૌરવાન્વિત થાય.

તા. ૨૭-૨-૭૬

- ડૉ. શિવમંગલસિંહ સુમન...

ડૉ. વી. શ્રીવાકણકર, એવં ડૉ. સુરેન્દ્રકુમાર આર્ય.

વિક્રમવિશ્વ વિદ્યાલય, ઉજ્જૈન.

પરમવિદ્વાન સંતવર્ય સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના અભિનંદન ગ્રંથ ઉપર અમારી શુભ કામનાઓ સ્વીકાર કરશો. આવા અભિનંદન ગ્રંથ વડે મહાન વ્યક્તિની મહત્તાનો આદર થાય છે, તથા તેમને અનુસરીને તિક્ષ્ણ બુધ્ધિવાળા જનો અભ્યાસની પ્રેરણા લ્યે છે. સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના ત્યાગ, તપ, અભ્યાસ, નૈષ્ઠિકતા, શીલતા, સક્રિયતા, જ્ઞાનિતા, ભક્તિમત્તા, અસંસારિતા આદિ આદિ માર્ગ પર રહેવાની મુમુક્ષુઓને પ્રેરણા મળે છે. વર્તમાનની પ્રજાને સતૃષ્ણ જોઈને સ્વામીજી મહારાજે તેમને અધ્યાત્મસંદેશ ગ્રંથો દ્વારા, ત્યાગ દ્વારા આપીને અનુગૃહિત કર્યા છે. અમે બંને શાસ્ત્રીઓ આપના અભિનંદન ગ્રંથ માટે શુભકામના તથા વિશ્વાસ જણાવીએ છીએ- જે આ કાર્ય આપણી ભારતીય પરંપરામાં અભિનંદન ગ્રંથ વડે શ્રીસ્વામીજીના સંસ્કૃત સાહિત્ય વાઙમય યુગ નિર્માણકારીપણે માન્ય થશે. શોધ, સંસ્કૃતિ, ધર્મ, વિજ્ઞાન, ઈતિહાસ, આદિ આ ગ્રંથમાં સમન્વિત સામગ્રી યુગો પર્યંત શોધકર્તાઓને માટે જ્યોતિપુંજ થતી રહેશે.

- ડૉ. વી. શ્રીવાકણકર તથા ડૉ. સુરેન્દ્રકુમાર આર્ય...

ડો. ભગીરથ મિશ્ર.

પ્રોફેસર તથા અધ્યક્ષ, સાગર વિદ્યાલય, સાગર.

પ્રકાંડ વિદ્વાન ભારતના પ્રસિધ્ધ આચાર્ય જગદ્‌ગુરુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને માટે શ્રેષ્ઠ અભિનંદન ગ્રંથ મુદ્રિત થઈ રહ્યો છે, તેથી ઘણો આનંદ થાય છે. મહાપુરૂષો અને વિદ્વાનોના અભિનંદનો તથા સન્માન કરવું એ ભારતીય સંસ્કૃતિ છે. સદ્‌ગુરૂ વિદ્વાનો દ્વારા જ્ઞાન, વિજ્ઞાન, સત્કર્મ, ધર્મ, ઉપાસના, પ્રેયઃ, શ્રેયઃ સિધ્ધ થાય છે, સંપ્રદાય પ્રણાલીઓ પ્રેયઃ શ્રેય આપનારી છે. ગુરૂ દ્વારા મળી વિજ્ઞાન જ્યોત સંપત્તિ વડે હૃદયાન્ધકાર નષ્ટ થાય છે, હાર્દિક અભિનંદન તે પ્રકાશમય થાય છે. અભિનંદન વડે વિદ્વાન વર્ગ આજે પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને અભિનંદન આપીને કૃતજ્ઞતા જ્ઞાપિત કરે છે. **રાજા, અધિકારી, પ્રધાન, ગુરૂ, યોગી, યતિ, તપસ્વી, યાત્રાલુ, ગૌર, પુરોહિત, અતિથિ, ચમત્કારી, મહાત્મા, દૈવીમાનવ, વિદ્વાન, શિક્ષક, આદિકને અભિનંદન અપાય છે. વરરાજાને અભિષેક, પાત્રને યજ્ઞોપવિત, પાત્રને વિજય, પાત્રને અભિનંદનો અપાય છે, દાનેશ્રીને પરોપકારીને અભિનંદનો અપાય છે, પણ દેશ માટે વિદ્વતા દ્વારા સેવકને અભિનંદન આપવું તે ઘણું ઉત્તમ છે. આવા વિદ્વાનને જે અભિનંદન તે સરસ્વતીને તથા પરમાત્માને અભિનંદન છે.** તેમા મારૂં પ્રેષિત અભિનંદન આપ સ્વીકારજો.

તા. ૨૫-૭-૭૬

- ભગીરથ મિશ્ર...

ડો. પ્રભાકર કાવડેકર. (એમ.એ., પીએચ.ડી., ડિ.લીટ્).

ઈન્દૌર વિશ્વવિદ્યાલય.

'સ્વદેશે પૂજયતે રાજા વિદ્વાન સર્વત્ર પૂજયતે' સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું વિદ્યાનું ક્ષેત્ર એટલું બધું વ્યાપક છે કે સૂર્ય માટે અગમ્ય ગૃહાંધકારનો નાશ પણ સ્વામીજીના જ્ઞાનનો સૂર્ય કરી રહ્યો છે. આ અભિનંદન મહોત્સવથી સંપૂર્ણ દેશમાં ચેતના આવશે, શ્રીસ્વામીજીના આશીર્વાદથી જ ભારતવર્ષમાં સંસ્કૃત વિદ્યાનું પુનઃ જાગરણ થઈ શકશે. નવી પેઢીમાં પણ ભારતની અતીત પેઢીમાં પણ ગૌરવની નિષ્ઠા વધશે.

- ડૉ. પ્રભાકર કાવડેકર...

ડો. ભગીરથ મિશ્ર.

અધ્યક્ષ, સાગર વિશ્વવિદ્યાલય.

મહાપુરૂષો વિદ્વાનો આચાર્યોનું સન્માન અભિનંદન કરવું તે ભારતીય સંસ્કૃતિની મુખ્ય વિશેષતા તે વડે આપણો જ્ઞાનાવરક અંધકાર ખસેડી શકીએ છીએ. સહવાસ પ્રકાશે છે, મૈત્રી તેનો આંતરિક આનંદ વિકસાવે છે, ગુરૂતા મહા પ્રદીપો ઉપજાવે છે, અને સત્પાત્રતા તે પ્રકાશે છે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને સન્માન સાથે મારા અભિનંદન હો.

- ડૉ. ભગીરથ મિશ્ર...

રામ સુરેશ ત્રિપાઠી.

અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ, અલીગઢ મુસ્લિમ વિશ્વવિદ્યાલય.

એ જાણીને પ્રસન્નતા થઈ- કે પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના સન્માનમાં અભિનંદનગ્રંથ પ્રકાશિત કરવામાં આવી રહ્યો છે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ અનેક પ્રૌઢ ગ્રંથો લખીને ભારતીય દર્શનનો વિકાસ કર્યો છે. ન્યાયદર્શન અને સાંખ્યદર્શનના ક્ષેત્રમાં નૂતન વિચારધારાનો સમાવેશ આચાર્યજીની વિશેષ દેણ છે. ભામતીકાર વાચસ્પતિ મિશ્રની જેમ આચાર્યજી સર્વતંત્ર સ્વતંત્ર રૂપે ચિંતન કરતા રહ્યાં છે. **ભક્તિ અને યોગના, સ્વામિનારાયણના વચનામૃતના, આચાર્યજી દ્વારા બ્રહ્મરસાયન ભાષ્ય વ્યાખ્યાન, લોકહિતને પ્રશ્રય આપતા રહ્યાં છે.** એવા મહાન આચાર્યને અભિનંદનમાં અમે સાદર પોતાનું મસ્તક ઝુકાવીએ છીએ.

- રામ સુરેશ ત્રિપાઠી...

ડો.શિવપ્રસાદ ભારદ્વાજ શાસ્ત્રી. (M.A., M.A.L., Ph.D.).

સાહિત્યચાર્ય, સાહિત્ય રત્ન, પંજાબ વિશ્વવિદ્યાલય, હોંશિયારપુર.

પરમવિદ્વાન, અવિરત સરસ્વતીની સેવાના સુવ્યસની સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના અભિનંદન રૂપ ગ્રંથના પ્રકાશનમાં તથા પ્રકાશન સમિતિના સ્થાનમાં જે સત્યતા છે, તે આવા ઉદરંભરિ યુગમાં સરસ્વતીના સાચા સેવકોમાં જ અત્યારે જોવામાં આવે છે. આચાર્યશ્રીના અભિનંદન આપ સત્ય સેવકો સ્વરૂપે સત્ય જ છે, આ ગ્રંથ પ્રકાશનમાં ઉત્સાહ ધરાવતા પણ વિદ્વાનો આશીર્વાદને યોગ્ય છે. આચાર્યજીનો સદા જય હો, મારૂ અભિનંદન છે.

તા. ૪-૬-૮૬

- શિવપ્રસાદ ભારદ્વાજ...

ડો. શિવપ્રસાદ ભારદ્વાજ શાસ્ત્રી. (એમ.એ., એમ.એલ., પી.એચડી.).

સાહિત્યાચાર્ય, સાહિત્યરત્ન, પંજાબ વિશ્વવિદ્યાલય, હોશિયારપુર.

સંસ્કૃત સરસ્વતી સુરદેવતાને સતત સેવાપરાયણ વ્રતવાળા, પરમ વિદ્વાન નિરંતર પઠન-પાઠન તપસ્વી, સરસ્વતીના મહાસરોવરમાં સ્નાતક પવિત્રાત્મા, **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામીશ્રીનું દીર્ઘ સમયમાં ઉપાર્જિત સંસ્કૃત શાસ્ત્રોપાસનાવાળું વ્રત જોઈને તેઓશ્રીના અભિનંદન માટે ગ્રંથ પ્રકાશન થશે આ વૃત્તાંત જાણીને પણ મારું ચિત અતિ પ્રમોદ પામે છે.** ગ્રંથ સંપાદક મંડળીની દૃઢકાર્યશીલતા જોઈને વિદ્વતાની અગાધ તલસ્પર્શી વૈદુષ્યવાળી, સારમયી વિદ્વતા વડે સંભવત એવો અભિનંદન ગ્રંથ નિયતરૂપે મહાપંડિત એવા શ્રી સ્વામીજીને વિદ્વતાને અનુરૂપ થશે આવી દૃઢ આશા સેવું છું.

તા.૧૯-૭-૧૯૭૬

- શિવપ્રસાદ ભારદ્વાજ...

ડો. વ્રજવિહારી ચૌબે. (એમ.એ., પીએચ.ડી.).

સાહિત્યરત્ન, પ્રાધ્યાપક, વિશ્વેશ્વરાનંદ, સંસ્કૃત તથા ભારત ભારતી સંસ્થાન, પંજાબ વિશ્વવિદ્યાલય, પો. સાધુ આશ્રમ, હોશિયારપુર.

ભારતીય ચિંતનની પરાકાષ્ઠા છ દર્શનોમાં છે, પરમસત્તાની અનુપમ મીમાંસા તેમાં છે બીજે નથી, વિદ્વદ્વર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજશ્રીએ અત્યંત વિદ્વતાપૂર્વક દાર્શનિક ગ્રંથો ઉપર પ્રામાણિક ભાષ્યો લખ્યાં છે. તેથી દર્શનોનાં વિદ્યાર્થીઓ એમના બહુત ઋણી છે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સર્વ પ્રતિભા સંપન્ન વ્યક્તિ છે. દાર્શનિક તત્ત્વોને અવલંબીને મૌલિક કાવ્ય રચનામાં પણ એમની કવિ- પ્રતિભા અજોડ છે. **એક લાખ છવ્વીસ હજાર શ્લોકોવાળી એમની શ્વેતાયનસંહિતા - લક્ષ્મીનારાયણસંહિતા, વૈષ્ણવ ધર્મ તથા દર્શનોનો એક વિશ્વકોષ છે.** આવી ચતુર્મુખી પ્રતિભા સંપન્ન મહાન વ્યક્તિના ચરણોમાં શ્રદ્ધારૂપી પુષ્પ અર્પણ કરું છું. હું શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું હાર્દિક અભિનંદન કરું છું, અને મને વિશ્વાસ છે જે **શ્રીસ્વામીજી મહારાજનું વ્યક્તિત્ત્વ સાર્વભૌમ પુરૂષના રૂપમાં જલ્દી પ્રખ્યાત થશે. વિદ્વાનપણું અને નૃપપણું તે બેતૂલ્ય નથી, રાજા પોતાના રાજ્યમાં પૂજાય, વિદ્વાન તો સર્વ પૃથ્વીમાં પૂજાય છે.**

તા. ૧૪-૫-૭૬

- ડૉ. વ્રજવિહારી ચૌબે...

ડૉ. વ્રજનંદન મિશ્રા. (પીએચ.ડી.).

પંજાબ વિશ્વવિદ્યાલય, હોંશિયારપુર.

પ્રશસ્તિ

આ પવિત્ર ભારત વર્ષમાં, સૌરાષ્ટ્રમાં અતિપ્રસિદ્ધ તથા પુણ્યશાળીઓનાં નિવાસ સમાન સુંદર પ્રદેશ છે, જ્યાં સત્યુગમાં શર્યાતિ નામે રાજા હતો. તેની સુકન્યા નામે પુત્રી હતી જે રયવન ઋષિ પ્રત્યે મોહિત થયેલી. જ્યાં દ્વાપર યુગમાં વિશ્વના સ્વામી એવા તથા શ્રીકૃષ્ણનો દેહ ધારણ કરનાર વિષ્ણુ ધર્મસ્થાપનાર્થે દ્વારિકામાં વસતા હતા. જેનાં વિષ્ણુનાં ચરણકમળના સ્પર્શથી આ ભૂમિ પવિત્ર બની, ત્યાં પુણ્યવાન લોકોનાં નિવાસ સમાન અને સુંદર એવી કુંકાવાવ નામે નગરી છે. તે નગરીમાં પૂર્વ જન્મમાં સત્કર્મ કરનાર તથા સ્વામિનારાયણના સેવક શ્રીકૃષ્ણવલ્લભાચાર્યનો જન્મ થયો.ભગવાનનાં ચરણકમળ પ્રત્યે અનુરાગી એવા તેઓશ્રીએ સંસાર વાસનાનો ત્યાગ કર્યો. **અત્યંત બુદ્ધિમાન એવા તેઓશ્રીએ ન્યાયદર્શન, વૈશેષિક દર્શન, સાંખ્યદર્શન, યોગદર્શન, મહર્ષિ વ્યાસનું (વેદાંત) દર્શન તથા જૈમિનિનાં મીમાંસા દર્શન આત્મસાત્ કર્યા. બુદ્ધિમાન એવા તેઓશ્રી પાણિનિનાં વ્યાકરણે શાસ્ત્રનો ગહન અભ્યાસ કરીને તથા સર્વશાસ્ત્રોના જ્ઞાતા થઈને મૈત્રાવરુણની જેમ શોભી ઊઠ્યા.**

પરમ જ્ઞાની એવા તેઓશ્રીએ સાહિત્ય તત્ત્વના અભ્યાસ દ્વારા કાવ્ય સર્જનમાં પૂર્વકાલીન કવિઓ કરતાં ઉચ્ચત્તર સ્થાન પ્રાપ્ત કર્યું, આ પ્રમાણે તેઓશ્રી ગુરુ પાસેથી વિધિપૂર્વક શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત કરીને, નક્ષત્રો વચ્ચે શોભતાં ચન્દ્રની જેમ વિદ્વાનો વચ્ચે શોભી ઉઠ્યાં. સર્વ શાસ્ત્રોના જાણનાર તથા કૃપાશીલ એવા તેઓશ્રીએ લોકોનાં કલ્યાણ માટે ગ્રન્થો રચના કરવાનું વિચાર્યું. તેઓશ્રીએ દેવભાષા સંસ્કૃતમાં, રાષ્ટ્ર ભાષા હિન્દીમાં તથા માતૃભાષા ગુજરાતી ભાષામાં જ્ઞાનદાયક એવા ઘણા ગ્રન્થોની રચના કરી. મીમાંસા, ન્યાય, વેદાંત, સાંખ્ય, યોગ તથા અન્ય વિષયો ઉપર અત્યંત મનનીય ગ્રન્થો રચ્યાં. સદુપદેશ આપતા આ રત્ન સમાન ગ્રન્થોની સંખ્યા બેતાલીસ (૪૨) થઈ જે અત્યંત પ્રસિદ્ધિ પામ્યાં. તદુપરાંત **તેઓશ્રીએ એક લાખ છવ્વીસ હજાર શ્લોકોવાળી શ્રીશ્વેતાયન સંહિતાની રચના કરી. તેમાં લક્ષ્મીનારાયણ વિષયક તથા ભાવ શુદ્ધિદાયક એવાં અનેક આખ્યાનો સુંદર રીતે આલેખાયેલાં છે. વિવિધ દેશના વિદ્વાનો આ ગ્રન્થથી પ્રભાવિત થઈને તેને વિશ્વ વિખ્યાત એવા 'નોબેલ' પુરસ્કારને પાત્ર માને છે.** વિદ્વાનોના શિરોમણિ એવા તેઓશ્રી દેવી સરસ્વતી સાહિત્યને સમૃદ્ધ કરતાં રહીને ચિરંજીવ બની રહો.

- ડૉ. વ્રજનંદન મિશ્રા...

ડૉ. શ્યામલાલ શર્મા, (ડી.લિટ્.).

પંજાબ વિશ્વવિદ્યાલય, હોશિયારપુર.

અભિનંદન કુસુમાંજલિ

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના શ્રેષ્ઠ વિદ્વાન, સાંખ્યયોગથી શુદ્ધ તથા સ્થિર મતિવાળા, નવ્યન્યાય વિશે ગહન લેખન કરનાર, મીમાંસાના શ્રેષ્ઠજ્ઞાતા, વેદાંતનાં જ્ઞાનવડે સામાન્યજનના માનસિક અંધકારને દૂર કરનાર તથા ધર્માચાર્યોમાં શ્રેષ્ઠ એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યનાં અભિનંદન વિશે જાણીને ચિત્ત અત્યંત પ્રસન્નતા અનુભવે છે. ગૌતમકણાદના સિદ્ધાંતોથી અભ્યાસયુક્ત એવી સવા લાખ શ્લોકોમાં રચાયેલી તેઓશ્રીની રચના 'શ્રી લક્ષ્મીનારાયણ સંહિતા' સ્વામીશ્રીની બુદ્ધિપ્રતિભા પ્રદર્શિત કરે છે. ધર્મોપ્રદેશમાં વેદવેદાંતમાં વેદાંત રહસ્ય, દેવતાઓનાં સ્વરૂપ, દેવોનો અનુગ્રહ પ્રાપ્ત કરવા માટેના ઉપાયો વગેરે વિષયોની ચર્ચા ખૂબ સુંદર શૈલીમાં તેઓશ્રીની સંહિતામાં જોવા મળે છે. આવા મહાનુભાવના ગ્રંથો જ તેઓશ્રીની પ્રતિભા પ્રકટ કરે છે. આવા વિદ્વાનોની દિવ્ય વાણી સર્વલોકોનાં કલ્યાણનું કારણ બને તેવી ભાવના વ્યક્ત કરું છું.

- ડૉ. શ્યામલાલ શર્મા...

પંડિત વેદાનંદ ઝા. (વ્યાકરણ ન્યાય વેદાંત સાહિત્યાચાર્ય).

સાહિત્ય રત્ન, એમ.એ., પ્રિન્સીપાલ, મોતીનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલય, દિલ્હી.

વિદ્વાનનું અભિનંદન તે માતા સરસ્વતીનો અમૃતથી કરેલો અભિષેક છે. લક્ષ્મીપતિને જેમ લાલ કમળથી કરવામાં આવેલો અભિષેક શ્રીની કીર્તિ વધારનારો છે, તેમ **વિદ્વાનોની પ્રતિભાનું પ્રકાશન અભિનંદન વડે જાણવામાં આવે છે તે સરસ્વતીના સાક્ષાત્કારનું દર્પણ છે, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આવા સારસ્વત દર્પણમાં પ્રત્યક્ષ થાય છે.** એમને અમારા ઘણા અભિનંદન છે. આચાર્ય મિશ્ર ઝા પંથકમાં વિદ્યાઓના બગીચા હતા, તે બગીચાઓ ખીલતા નવા યુગમાં આ સમુદ્રાંત વિશાલ થયા છે, તેવા બગીચાના સુમન સૌરભ લેનારા વિદ્વાનોને અમારા અભિનંદનો છે.

- પંડિત વેદાનંદ ઝા...

ડો. વ્રજમોહન ચતુર્વેદી. (એમ.એ., પીએચ.ડી., ડી .લિટ્.).

રીડર ઈન સંસ્કૃત, દિલ્હી વિશ્વવિદ્યાલય.

પરમ પૂજય જગદ્‌ગુરૂ વિશ્વવંદ્ય શ્રીસ્વામીજી મહારાજનું વૈદુષ્યમય વ્યક્તિત્ત્વ ફકત સંસ્કૃતને જ નહિં કિંતુ સર્વ પ્રકારના વિદ્યાપ્રેમીઓને પ્રેરણા આપનારું છે. તેમની જવલંત કૃતિઓ સર્વ પ્રકારના સાહિત્ય માટે પૂર્ણ નિર્દેશન અને માર્ગદર્શન પુરૂ પાડનારી છે, ભારતીય વિદ્વાનો જરૂર યથા સ્થાને તે કૃતિઓનો વિદ્યાલયોમાં ઉપયોગ કરશે. નવી વિદ્યાઓના અધ્યયનો પણ અતિ ઉપયોગી થશે, આવા સંતને હજારોવાર અમારા અભિનંદનો છે. આવા વિદ્વાન જ્યાં છે ત્યાં વારાણસી છે, તથા સર્વે અભિનંદન પણ ત્યાં જ છે.

- સેવક ડૉ. વ્રજમોહન ચતુર્વેદી...

ડો. કૃષ્ણલાલ. (એમ.એ., પીએચ.ડી.).

દિલ્હી વિશ્વવિદ્યાલય.

સ્વામીજી મહારાજ વૈષ્ણવવિદ્વતસાર્વભૌમ આચાર્યવર્યને અભિનંદન એ ભારતીય વિદ્વાનોનો કીર્તિસ્તંભ છે, લેખકની પ્રતિભા સમાજના જીવનને અભિવ્યક્ત કરનારી છે, આચાર વિચારો લેખન વડે સમન્વિત થાય છે, અમર જીવન સર્જાવે છે, સંતોના મહાન કાર્યોને બિરદાવનારા રાષ્ટ્રો મહાન હોઈ શકે. તત્ત્વચિંતકો પાસેથી રાષ્ટ્ર સંસ્કૃતિ મેળવે છે, તે રાષ્ટ્ર અભ્યુદયને માર્ગે હોય જ, તેવા રાષ્ટ્રમાં દૈવેચ્છાથી અનેક સંસ્કૃતિ શોધક જનો પ્રગટે છે. **સૌરાષ્ટ્ર એવો દેશ છે જેમાં લોમશમહર્ષિ, બગડાલવઋષિ, કણ્વરૂષિ, કપિલજી, દતાત્રેય, દામોદર ત્રિવિક્રમ, શ્રીકૃષ્ણનારાયણ, મહર્ષિઓ, સુદામા, ભક્ત દયાનંદ, મહર્ષિ, ગાંધીજી, નરસીંહ મહેતા, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આદિ આદિક દૈવીજનો પ્રગટ થયા છે જેઓએ દેશ વાસ્તે તન, મન સર્મપ્યા છે, એવા એવા મહાન સંતોને અમારા શ્રેષ્ઠ અભિનંદન છે.**

- ડૉ. કૃષ્ણલાલ...

ડો. વિજયેન્દ્ર.

સ્નાતક આચાર્ય તથા અધ્યક્ષ હિન્દી વિભાગ, દિલ્લી વિશ્વવિદ્યાલય.

હું આવો ઉત્તમ અવસર જાણીને અતિ પ્રસન્ન થાઉં છું કે મહાપંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની સાહિત્યિક સેવાના ઉપલક્ષ્યમાં તેઓશ્રીનું સારસ્વત સમ્માન કરવા માટે એક અભિનંદન ગ્રંથ તૈયાર થાય છે. આ ઉત્તમ અનુષ્ઠાનનું મારા હૃદયથી સુસ્વાગતમ્ કરું છું. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનો મહાન વ્યાપક પરિચય એમના ગ્રંથો દ્વારા મહાપંડિત્યથી જ વૈદુષ્ય ક્ષેત્રમાં થયેલ છે જ, રચેલા ગ્રંથો વિદ્વાનની ઓળખાણ કરાવે છે. વિદ્વતા તે સાચી ઓળખાણ છે, શ્રીશાસ્ત્રીજી મહારાજે સંસ્કૃત, હિન્દી, ગુજરાતીમાં લગભગ પચાસ ગ્રંથો લખીને સાહિત્યની મોટી સેવા કરી છે. વિદ્વાન વર્ગ મહાવિદ્યાલયોમાં જેમના ગ્રંથોને ભણાવે છે. **આવા યુગમાં જીવિકાને નહિ ગણીને શ્રીશાસ્ત્રીજી મહારાજે સાહિત્યને સમૃદ્ધ બનાવવા પ્રયત્ન કર્યો છે. એમના સર્વતોવ્યાપી ગ્રંથોની વિશાલતાને જોઈને વિસ્મય થાય છે, જે આ જ ભારતમાં દૈવીપુરૂષ, વ્યાસજી સાક્ષત્ હાજર છે, જેમણે બધાં દર્શનો, બધાં સાહિત્યો, બધાં શ્રુતિવેદાંત, સાંખ્ય યોગો તથા કાવ્યો, પુરાણો, ઈતિહાસો, અલંકારો, ભક્તિ વ્યાખ્યાનો આવા આવા સરસ્વતીના તમામ ભારતીય ક્ષેત્રમાં એક જ જીવનમાં,ભાષ્ય વ્યાખ્યા વિવેચનોના વિષય બનાવીને સંસ્કૃત, હિન્દી પ્રેમીજનતાને માટે વિપુલ ગ્રંથો પઠનીય મનનીય સમર્પ્યા છે.** શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ એવા એવા વિવાદાસ્પદ વિષયો પણ લઈને સૈધ્ધાંતિક ગ્રંથો બનાવ્યાં છે, જેવા કે- ખ્યાતિ વિમર્શ, જાતિ વિમર્શ, પ્રમાત્વ વિમર્શ, સાકારત્વ વિમર્શ, સર્વસાક્ષાત્કાર વિમર્શ, અવતારાડવતારિ તથા અખિલ ભૂમંડલીય સાંપ્રદાયિક મુક્તિવ્યવસ્થા, શ્વેતાયનસંહિતા, તત્ત્વમુક્તાકલાપ, કિરણાવલી ઈત્યાદિમાં મનનીય સામગ્રી એકત્રિત કરી આપી છે. સર્વ સત્ એવી જ્ઞાન સ્થિતિઓ કે જેમની કલ્પના પણ અદ્ભુત છે. સંસ્કૃત ભાષામાં ન્યાય મીમાંસાના મીમાંસા ગ્રંથો, તેની ટીકાઓ, કિરણાવલી તથા કિરણ આદિ તો સામાન્ય પાઠક માટે કઠિનતમ થઈ પડે છે, તે અને તેના ભાષ્યો આદિને પણ સરલ સુબોધ સંસ્કૃતમાં વિશાળકાય કરીને સરલજ્ઞાનના ક્ષેત્રો બનાવ્યા છે. **આપણને તે જણાય છે જે- આવા ગ્રંથો સંસ્કૃત સાહિત્ય માટે પંડિત પરંપરાઓના ખજાનારૂપે છે. તેની અતિ આવશ્યકતા છે. ભારતીય સંસ્કૃત ભાષાને જીવતી રાખવા માટે આવો પ્રયત્ન ખૂબ જ સ્તુત્ય છે, આંગ્લ વિદ્વાનો કરતાં સંસ્કૃતના સર્વતોમૂખી વ્યાપક આવા વિદ્વાનો સરસ્વતીની મૂર્તિ ભારતને માટે અવતારો છે. તે દ્વારા વ્યાપક રાષ્ટ્રીય સંસ્કૃતિની અવિચળ ઉપયોગીતા વધતી રહેશે. સંસ્કૃતમાં તેનું બીજ છે, સંસ્કૃતના મર્મજ્ઞ મનીષી વિદ્વાનોનું સમ્માન અભિનંદન કરવું તે સામાજીક વિદ્વત્કર્તવ્ય છે.** મારા પણ આપના અભિનંદનો સાથે ઉત્કૃષ્ટ અભિનંદન સ્વીકૃત હો...

- ડૉ. વિજયેન્દ્ર સ્નાતક...

ડો. વ્રજમોહન ચતુર્વેદી. (એમ.એ., પીએચ.ડી.).

સાહિત્યાચાર્ય, રીડર, સંસ્કૃત વિભાગ,
વિશ્વવિદ્યાલય, દિલ્હી-૭.

પરમપૂજય શ્રીસ્વામીજી મહારાજનું વૈદુષ્યમય વ્યક્તિત્ત્વ સંસ્કૃત જ નહીં પણ સર્વપ્રકારના વિદ્યાપ્રેમીઓને માટે પ્રેરણાદાયક છે. ભારતીય દર્શનોની સર્વે વિદ્યાઓમાંથી શ્રીસ્વામીજીની વિવિધ કૃતિઓ શ્રીસ્વામીજી માટે જ્વલંત નિદર્શન છે. સ્વામીજી મહારાજનું પાંડિત્ય અખંડિત સાર્વદાર્શનિક છે. અમો આવા વિદ્વાન તપસ્વીના વિદ્યાવિલાસ યુકત સમ્માન અભિનંદન સાથે તપસ્વી શતાયુની પ્રાર્થના ભગવાન પાસે કરીએ છીએ, અમારા અભિનંદન સ્વીકારજો.

- વ્રજમોહન ચતુર્વેદી...

ડો. ઓમપ્રકાશ. (M.A., LL.B. Ph.D., D.Litt.).

હિન્દી વિભાગ, દિલ્હી વિશ્વવિદ્યાલય,
ઇ-૧, ઇન્દ્રપ્રસ્થ કોલેજ નિવાસ, દિલ્હી.

વિદ્વદ્વર્ય, તપોમૂર્તિ, કાવ્યો અને દર્શનશાસ્ત્રોના કેસરી સિંહ, સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રદીપ, શ્રીસ્વામિજીમહારાજ લોકકલ્યાણ માટે વધારે શોભે છે. ગ્રંથરત્નોનાં રચનારા, તત્ત્વોના નવીન સંગ્રહ કરનારા, સરસ્વતીના પ્યારા યતિરાજ, શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય જય પામે છે. વિદ્યાઓના નિધિ, તર્કોના તીર્થ, સત્કર્મયોગી, વિચાર વિનયશીલ, **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સંસ્કૃતિવાળી મહાસંહિતાને રચીને આવા કલિના સમયમાં એક સ્વયં વ્યાસાવતાર પ્રગટ છે, એવા વિદ્યાવિલાસી તથા નવ્યન્યાયાદિના નવ્યસિદ્ધાંતોમાં તપસ્વી, દર્શન શાસ્ત્રાવતારી, સદાચારધર્મ ભાગવતધર્મની મૂર્તિ એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય શાસ્ત્રીજી મહારાજને નમઃ નમઃ નમઃ વારંવાર નમસ્કાર કરું છું.**

- ડો. ઓમપ્રકાશ...

ડૉ. સત્યવ્રત શાસ્ત્રી. (એમ.એ.એમ. ઓ.એલ., પીએચ.ડી.).
વ્યાકરણાચાર્ય, વરિષ્ઠ પ્રાધ્યાપક એવં અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ
તથા પ્રમુખ કલાસંકાય, દિલ્હી વિશ્વવિદ્યાલય, દિલ્હી.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના અભિનંદનની સાતશ્લોકી-

ચર અચર એવા સર્વ વિશ્વના પરિપાલયિતા શ્રીકૃષ્ણ વંદનીય છે જ, તો તેના વલ્લભ તે એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી કેમ વંદનીય ન હોય ?, કિન્તુ હોય જ.

(૧) વિદ્વાનોની કક્ષામાં પ્રશંસનીય, સદા સદાચાર અને સદવિચારવંત સૌમ્ય આકૃતિવાળા સારા સદ્‌ગુણવાળા એવા બુધ્ધિમાન આ સંતવર્ય છે, જયાં દૈવી આકૃતિ હોય ત્યાં દૈવી ગુણોનો વાસ હોય છે.

(૨) શાસ્ત્રોમાં અભ્યાસ નિપુણપ્રતીતિ તથા જેમને ભારતની વિદ્યાઓ પ્રિય છે, પ્રાચીન અર્વાચીન એવા વિદ્વાનોની તત્ત્વચિન્તકવાણીનાં ભોગી એવા આ સંતવર્ય પણ્ડિતોમાં શ્રેષ્ઠ પણ્ડિત છે.

(૩) શ્વેત સાત્ત્વિક ઉજળા ગુણો તથા શ્વેત કીર્તિના તેજના સમૂહો તે બધી દિશાઓમાં દિગન્ત વ્યાપેલા છે, જેઓ કુશાગ્ર તિક્ષ્ણબુધ્ધિવાળા એવા પણ્ડિતવર્ય શ્રીસ્વામીજીના ધ્રૂવ એવા યશઃસ્તરોને વિસ્તારે છે.

(૪) **આવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહાકવિ છે, મહાવિદ્વાન છે, મહાબળવાળા છે, મહામતિ છે, તેઓ મહાકીર્તિવડે વિરાજે છે.**

(૫) **વિશ્વ જેને અભિનંદન આપે છે અને વિદ્વદ્‌અગ્રગણ્ય એવા આ સંતના અભિનંદનમાં વિશ્વ સમસ્ત અભિનંદન પામે છે, આવો નંદન શબ્દાર્થ લાક્ષણિક રીતે બન્નેના આનંદરૂપી અર્થમાં વર્તે છે.**

(૬) વિદ્વાન બુધ ડાહ્યા એવા વિદ્વાનોમાં અગ્રસ્થાનગ્રાહી, અનેકવિધ ગ્રંથોના પ્રણેતા એવા શુભ મૂર્તિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પરમપુરૂષની આવરદાને પ્રાપ્ત હો.

'ઈતિ શુભ પ્રશસ્તિ'.

તા. ૫-૬-૭૬

- ડૉ. સત્યવ્રત શાસ્ત્રી...

ડો. ધર્મેન્દ્રકુમાર ગુપ્તા. (એમ.એમ.ઓ.એલ., પીએચ.ડી.).

અધ્યક્ષ સંસ્કૃત એવં પાલી વિભાગ,
પંજાબ વિશ્વવિદ્યાલય, પટિયાલા.

શ્રીવૈષ્ણવવિદ્વૈતસાર્વભૌમ પણ્ડિતપ્રવર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહોદય વિદ્વાન સંતને અભિનંદન આપવા માટે જ આપ વિદ્વાનો વડે આયોજન કરાયેલું છે. આવા શુભ અવસરમાં તેમના ચરણકમલોમાં તેમના અભિનંદન ગ્રંથનું સમર્પણ પણ થશે આવું સન્માન મને પરમપ્રમોદનું કારણ બને છે. **એક લાખ છવ્વીશ હજાર શ્લોકોમાં લખાએલી શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા તથા તેતાળીશ સંખ્યાંક ન્યાય, યોગ, તર્ક, સાંખ્ય, વૈશેષિક, ધાર્મિક, ઐતિહાસીક તથા વૈજ્ઞાનિક વિવિધ વિષયના ગ્રંથોના રચયિતા પણ્ડિતવરેણ્ય એવા સ્વામીશ્રીનું અભિનંદન સન્માન તે સંસ્કૃતાનુરાગી સર્વે વિદ્વાનોના ચિતમાં ગૌરવ આપશેજ એ સ્વાભાવિક જ છે.** આવા શુભ અવસરમાં આપનો આવો મહાન ઉદ્યમ તે સાર્થક સકળ આનંદપ્રદ હો, એમ વારમવાર મારી શુભકૃતિવડે શ્રીસ્વામીજીની પ્રશંસા નિવેદીત કરતો હું પટિયાલાના પંજાબી વિશ્વવિદ્યાલયમાં સંસ્કૃત પાલી વિભાગનો અધ્યક્ષ વિરમુ છું.

તા. ૨૦-૫-૭૭ - ધર્મેન્દ્રકુમાર ગુપ્ત...

ડો. કૃષ્ણલાલ (એમ.એ., પીએચ.ડી.), પ્રવાચક રીડર.

સંસ્કૃત વિભાગ, દિલ્લી વિશ્વવિદ્યાલય, દિલ્લી.

પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આધુનિક ભારતમાં દાર્શનિક વિદ્વાનોમાં સંસ્કૃત પંડિતોમાં અગ્રગણ્ય છે, સર્વે ષડ્દર્શનો વિગેરેને અવલમ્બીને મહા વિશાલ સાહિત્ય રચેલ છે. **આ યુગમાં એકલાખ છવ્વીશ હજાર શ્લોકોવાળી શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા રચવી મહાઆશ્ચર્ય ઉપજાવે છે, તે સિવાયના ત્રીશેક હજાર બીજા શ્લોકો અને એક લાખ લીપીઓ સંસ્કૃતમાં રચી છે તે, આવા અદ્‌ભુત વિદ્વાન સુરસરસ્વતીના કૃપાપાત્ર આદરણીય સ્મૃહણીય સેવકના સ્મરણ વડે પણ સંભારનાર જનને બહુ મોટું પુણ્ય મળે છે.** અભિનંદન ગ્રંથ વડે વિદ્વાનની સ્મૃતિનું સફળપણું થશે તેવા વિદ્વદ્વરેણ્ય પુજય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શાસ્ત્રી સ્વામી મહારાજના પ્રતિ વિનીત શ્રધ્ધાંજલિ અર્પુ છું.

તા. ૨૩-૩-૭૬ - કૃષ્ણલાલ...

❋ વિદ્યાભૂમિ કાશી-વારાણસીની યુનિવર્સિટીના વિદ્વાન પંડિતોના અભિનંદનો ❋

રેવાપ્રસાદ દ્વિવેદી, સાહિત્યાચાર્ય, (એમ.એ., પીએચ.ડી, ડી.લિટ).

અધ્યક્ષ સંસ્કૃત સાહિત્ય વિભાગ, કાશી, હિન્દુ વિશ્વવિદ્યાલય, વારાણસી.

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાય રૂપી ક્ષીરાબ્ધિમાં શ્રીલક્ષ્મી સરસ્વતીની પ્રાપ્તિ માટે મંથન દંડરૂપ મંદ્રાચલન ફળવત્ ભગવાનની મૂર્તિ એવા, તથા સંસ્કૃતવાણીના કલ્પવૃક્ષ દ્રોણ દ્રોણાચળ અને મહોમેઘરૂપ આપ શ્રીકૃષ્ણદેવતા એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આપ ચિરંજીવો, પ્રજ્ઞા વડે પરમવ્યોમમાં વિહરતા હંસવત્ પરમહંસની સંપત્તિવાળા એવા વલ્લભ નામના આપ સિદ્ધયોગી પુરૂષ સ્વામીશ્રી, આપનો પ્રકાશ સંસ્કૃત શાસ્ત્રીય ગ્રંથોના મુખોથી પ્રાણ આપતો થકો પ્રસરતો જાય છે, એવા આપ ચિરંજીવો. **આપ શરીર વડે સુંદર પ્રભાવશાલી, પ્રતિભા વડે મહાતાર્કિક, પંડિતતાના રહસ્યો વડે વ્યાપક વિદ્વાન આપ ગૌર શંભુ છો, કે શ્વેત શ્વેતાયન નારાયણ છો, કે શુદ્ધબ્રહ્મ છો, આવા સર્વથા ધવલ છો છતાં નામ કૃષ્ણ ધાર્યું છે. તો બધી રીતે અમારા વલ્લભ પ્રિય સ્વામી છો.** આવા મહાપંડિત આપણામાં છે. એમ તમો સમ્માન વડે પંડિતોના મત વડે ઉન્નતિવડે અને પોતાના પંડિતપણાની ઓળખાણ વડે પણ જરૂર આપણામાં સારા પંડિતો છે તે આપણે જ છીએ એવો ગર્વ ધારણ કરો છો. વિદ્વાનોનાં સમાજમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય યતિમુનિવર શાસ્ત્રોના લેખોની મહા નિર્મળતા વડે આજ શ્રીભામતીકાર વાચસ્પતિ આવેલા હોયને શું ! એવા બિરાજે છે. વિવિધ વાદોના ભરેલા માટે જ મહાક્ષોભવાળા શાસ્ત્રોરૂપી શ્રીનરસિંહ ભગવાનને સાંત્વના આપનારા પ્રહ્લાદજીની સમાન છો.

સમન્વય શક્તિ જેમા, એવા, અને વચ્ચે વચ્ચે ક્ષત થયેલી વૈદિક શાસ્ત્રીયશ્રુતિ સ્મૃત પરંપરાઓ સ્વરૂપ ગંગા નદીના અક્ષત, પ્રવાહના રક્ષણ માટે શંકર ભગવાનના રક્ષક અક્ષયપાત્ર સમાન એવા, તથા કુદી કુદીને કયાંક કયાંક અથવા સર્વ ઠેકાણેથી ભાગતી અદ્રશ્ય થવા જતી એવી સુરવાણીરૂપી સમુદ્રની સરસ્વતીને ઊંચે લાવવા ઉદ્ધારવા વારાહ ભગવાનની પેઠે પ્રયત્નશીલ એવા, જે સ્વામીજી શ્રીકૃષ્ણના વહાલાપણાના નામને ધારણ કરતા એવા મહા પ્રાજ્ઞ પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આપ ચિરંજીવો. હું માનું છું-કે આ મારા સદ્વિચારો વડે આપને ઘણો સંતોષ થશે જ. **શ્રીસ્વામીજીને હું પ્રણામ કરું છું, જેઓને મેં વારાણસીમાં જ પંડિત સભાઓમાં દેખ્યા અને સંસ્કૃત વ્યાખ્યાનો તથા શાસ્ત્રાર્થોમાં સાંભળ્યા હતા. એમની શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા એક સંસ્કૃતના મહા સાહિત્યમાં મહાન મોટામાં મોટા ભાગના ગ્રંથોમાંનો એક મહાન ગ્રંથ છે. મેં પોતે જ તેમની લખેલી ન્યાયકિરણાવલી સારી રીતે નિહાળી છે, અને બીજી પણ કૃતિઓમાં આરપાર નિરીક્ષણ કર્યું છે, મને તેમના પ્રતિ ખોળ એવી મળી કે એમનો પ્રભાવ અને ઉચ્ચ પાંડિત્યની સ્થિતિ તેમની દરેક કૃતિઓમાં ઓલરાઉન્ડ આરંપાર છે. આવા એક વ્યાપક લેખક પંડિત ભાગ્યે જ નિપજ હોય છે જેવા કે આ એકજ વ્યક્તિ હાલમાં છે અને તે કોઈ ઈશ્વરીય શક્તિના દૈવી આશીર્વાદ વિના થતી જ નથી, કાં તો પોતે ઈશ્વર મહેશ્વર જ છે.** જે ગ્રંથો સ્વામીજી મહારાજે લખીને પ્રસિદ્ધ

કર્યા છે, તે ઉપર મને ઘણી જ અસર અને પ્રભાવ પડયા છે, જેટલું લખું તેટલું આ વિષયમાં થોડું જ છે- કે જે સ્વામીશ્રીએ પોતાના ગ્રંથો લોકસેવામાં અર્પ્યા છે, હું વારંવાર શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહાશાસ્ત્રાચાર્યને મારા હૃદયથી મોટામાં મોટી પાંડિત્યની દૈવી મહત્તાને અભિનંદન સ્વરૂપે અર્પુ છું.

તા. ૯-૩-૭૬ - રેવાપ્રસાદ દ્વિવેદી...

કેદારનાથ ત્રિપાઠી.

ન્યાય વેદાંત સાંખ્ય યોગાચાર્ય, પ્રાચ્ય વિદ્યાધર્મ વિજ્ઞાન સંકાય, કાશી હિંદુ વિશ્વવિદ્યાલય, વારાણસી-૫,

॥ શુભાડભિનંદનમ્ ॥

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના વિશિષ્ટ વ્યાખ્યાતા, ધર્મ, જ્ઞાન ભક્તિ વડે કર્યો છે સ્વરૂપ સત્ય આનંદધન સાકારમૂર્તિ પરબ્રહ્મ શ્રીસ્વામિનારાયણ પરમાત્મા રૂપી એક મહાતત્ત્વનો સાક્ષાત્કાર, જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્માત્મક પાંચ મુખ્ય તત્ત્વોના વિવેચનોમાં નિપુણ, **શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સર્વતત્ત્વોના મર્મજ્ઞ, પ્રથમ અવસ્થામાં જ ષડદર્શનાચાર્ય નવ્યન્યાયાચાર્ય સાંખ્ય યોગ વેદાંત મીમાંસા તીર્થ આદિ ઉપાધિધારી, માટે જ દાર્શનિકપંચાનન બિરૂદ વડે અલંકૃત થયેલા, પંડિતપ્રવર શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામિનારાયણ મહારાજ કેવલ સ્વામિનારાયણ સંપ્રદાયાત્મક નભોમંડળના જ આભૂષણ છે એમ નહિ કિંતુ ભારત દેશાત્મક સાગરના એક અગ્રગણ્ય રત્ન છે, આ નિશ્ચિત જ છે.** આ સ્વામીજી મહારાજ દાર્શનિક તત્ત્વોના નિરૂપણોમાં નિપુણતમ છે કાવ્યકુશળ છે, આ બાબત એમની વિવિધ કૃતિઓના અવલોકન વડે સ્ફૂટ થાય છે. દાર્શનિક ક્ષેત્રમાં નવ્યન્યાયથી આરંભીને પ્રાયશ સમસ્ત દર્શન શાખાઓમાં આ વિદ્વાન પુરૂષે લખેલા અનેક ગ્રંથો સંસ્કૃત સમાજમાં પંડિતે પંડિતે હાજર છે, આવા ચારેકોર પ્રસરતા રસમય ઉજ્જવલ કીર્તિવાળા સંસ્કૃત સેવામાં નિજ સમગ્ર જીવન અર્પનારા સાચા અર્થવાળું નામ ધારણ કરનારા શ્રીકૃષ્ણને વહાલા શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામિનારાયણ મહાભાગ્યવાળી મૂર્તિને હૃદયથી જ અભિનંદન આપીને તેઓને નિજ શ્રદ્ધાંજલિ સમર્પિત કરું છું.

તા. ૬-૧-૭૬ - કેદારનાથ ત્રિપાઠી...

સુબ્રહ્મણ્ય શાસ્ત્રી.

સમ્માનિત દર્શન પ્રાધ્યાપક, શ્રીસાધુવેલા સંસ્કૃત મહાવિદ્યાલય, ભૂતપુર્વ મીમાંસા વિભાગાધ્યક્ષ પ્રાચ્યવિદ્યાધર્મ વિજ્ઞાનસંકાય, કાશી, હિન્દુ વિશ્વવિદ્યાલય.

શ્રીમાન ગુજરાત સૌરાષ્ટ્રના વતની શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શાસ્ત્રીજી ન્યાયવેદાંતાદિ તમામ શાસ્ત્રોના પારદ્રષ્ટા પાર પામેલા છે, સંસ્કૃત સેવકોને ઘણો ઉપકાર કરવા સરલ અને ઉત્કૃષ્ટપદો વડે ગંભીર ભાષા દ્વારા વિવિધ ટીકાઓ તથા અનેક મૂલ ગ્રંથોના રચયિતા છે, આ પ્રસિદ્ધ વિદિત છે. મહા વિદ્વાનોને ઉપકારક થાય તેવા ગ્રંથોને હજુ પણ આ સ્વામીશ્રીમહારાજ રચી રચીને સંસ્કૃતજ્ઞોની મોટી સેવા કરતા થકા આયુર્વેદોકત દિવ્ય સમગ્ર આયુષ્યને પ્રાપ્ત કરી ચિરઃ સમય નીરોગી દ્રઢશરીરવાળા જીવો એમ રાધાપતિ શ્રીકૃષ્ણ ભગવાન દ્વારકાધીશને પ્રાર્થના કરું છું.

માધ, શુકલ -૨ સંવત ૨૦૩૨

- સુબ્રહ્મણ્ય શાસ્ત્રી...

શ્રીમૂલશંકર શાસ્ત્રી.

કાશી હિન્દુ વિશ્વવિદ્યાલય, વારાણસી ૨૨૧૦૦૫.

પૂજનીય વર્તમાન શ્રીમાન્ પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય શાસ્ત્રીજી સાથે મારે પણ અધ્યયન સમયથી જ સૌહાર્દમિત્રતા ભરેલ પૂર્ણ પરિચય છે, પઠન સમયમાં જ તેઓશ્રીનું ભણવામાં તેજ ચાતુર્ય અને મોટી પ્રતિભા વિભિન્ન દર્શનશાસ્ત્રોના કઠિન ગહન તત્ત્વોમાં પણ તેમના સ્પષ્ટ વિવેચનની શકિત તથા સંસ્કૃત વ્યાખ્યાન કુશળતા અને શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં દ્રઢભક્તિ, વિશેષરૂપે પ્રૌઢ કાવ્ય નિર્માણ સામર્થ્ય, ન્યાય સાંખ્ય યોગ મીમાંસા વેદાંતાદિ મૂલ ગ્રંથો ઉપર વિસ્તૃત સ્પષ્ટ વ્યાખ્યાશકિત આંગલ ભાષાનું વૈદુષ્ય વિગેરે વિગેરે જોઈને અનેક વિદ્વાનો ચમત્કૃતિ આશ્ચર્યને પામ્યા છે. હાલમાં શ્રીસ્વામીજીએ નિર્માણ કરાએલા ન્યાયાદિ વ્યાખ્યા ગ્રંથોની ટીકાભાષ્યોની સહાયતાઓને ઘણાં ઘણાં દાર્શનિક વિદ્વાનો લ્યે છે. **હું વિશ્વાસ કરું છું કે- ગુજરાત પ્રદેશમાં સહસ્ત્રવર્ષો પહેલાં થયેલા શ્રીહેમચન્દ્રાચાર્યને પણ આ સ્વામીજી અનેક વિવિધ તત્ત્વોના વિસ્તૃત ગ્રંથોની રચના વડે ઉલ્લંઘીને આગળ ઉચ્ચ પદ ધરાવે છે,** પરમાત્માને પ્રાર્થના કરું છું જે- આવા આચાર્યવર્ય સારા સ્વાસ્થ્ય સાથે દીર્ઘજીવી રહો, **આ શાસ્ત્રીજી કેવલ ગુજરાતના મસ્તકોને નહીં પણ સમગ્ર ભારતના મસ્તકોને ઉન્નત કરનારા છે.**

તા. ૨૯-૧-૭૬

- મૂલશંકર શાસ્ત્રી...

ડો. સત્યસ્વરૂપ મિશ્ર.

કાશી વિશ્વવિદ્યાલય.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ લૌકિક સમૃદ્ધિમાં લોકવૈતૃષ્ણ્ય વર્તે છે, શારદા સેવામાં અતિ તપસ્યા વાપરે છે, સાક્ષાત્ નિજમાં વસતિ દૈવી શક્તિઓને ખૂબ જ જનસેવામાં યોજે છે, એમને માટે વિદ્વદ્વર્ગ તમામ નતમસ્તક છે, ગૌરવ અનુભવે છે. અસાધારણ મધાવિપણું સાર્થક કર્યું છે. **વાતચીતમાં વખત જાય તે તેટલી ક્ષણ પૂરતો ઉપયોગી થાય, પણ તે વખત લેખનમાં સાર્થક થાય તો ભવિષ્યમાં કરોડોને ઉપયોગી થાય. ગીતા અર્જુનને ઉપયોગી થઈ, પણ વ્યાસજીએ લખી તો વિશ્વને ઉપયોગી થઈ પડી છે. આમ ક્ષણનું મૂલ્ય સમજનારા સ્વામીજીએ ગ્રંથો જગતને ઉપયોગી આપ્યાં છે, વિશ્વની સંસ્કૃતિઓ ભારતના શાસ્ત્રોમાંથી લઈને વિશ્વવાસી લોકો નિજ સંસ્કૃતિમાં ઉપર્યુકત કરશે, ઉચ્ચ સિદ્ધાંતોને બિરદાવશે.** આવા ખરી વિભૂતિ સંત વિદ્વાન લેખક શાંત તેજસ્વી વ્યક્તિ વિશ્વને ઉપયોગી થાય છે, દેશોની સ્થિતિઓ આચાર્ય સંત સદ્‌ગુરૂ ત્યાગી વિદ્વાનો વડે સુસ્થિતિઓ રૂપે વૃદ્ધિ પામે છે, તેના આનંદો તે અભિનંદનો ગણાય છે. આવા સંત હાલમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી છે, તેમને અમારા અસંખ્ય હાર્દિક અભિનંદન છે.

- ડૉ. સત્યસ્વરૂપ મિશ્ર...

કમલેશદત્ત ત્રિપાઠી.

પ્રવકતા પ્રાચ્યવિદ્યા ધર્મવિજ્ઞાન સંકાય-કાશી હિન્દુ વિશ્વવિદ્યાલય, વારાણસી.

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયાચાર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું અપ્રતિહત પાંડિત્ય શાસ્ત્રોના મર્મોના ઉદ્‌ઘાટનમાં અકુંઠિતમતિ, તત્ત્વવિચારમાં અપ્રતિહતદ્રષ્ટિ, તથા તેમના કિરણાવલી, લક્ષ્મીનારાયણ સંહિતાદિ ગ્રંથોમાં વ્યાપકતા જોઈને તેમના પ્રતિ વિદ્વાનોના મન શ્રદ્ધા વડે પ્રપૂરિત થાય છે. આચાર્યશ્રીના અભિનંદન અવસરમાં અમે પ્રણતિપૂર્વક સ્વકીય હાર્દિક આદર પ્રકાશિત કરીએ છીએ.

તા.૨૦-૧-૭૬

- કમલેશદત્ત ત્રિપાઠી...

રામનરેશ વર્મા. (એમ.એ., પીએચ.ડી.).

શાસ્ત્રાચાર્ય, રીડર, હિન્દી વિભાગ,
કાશી હિન્દુ વિશ્વવિદ્યાલય, વારાણસી ૫,

બહુજ પ્રસન્ન થવાય છે જે, શ્રીમાન સ્વામીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આચાર્યશ્રીની ૭૦ વર્ષોની સમાપ્તિની પૂર્તિમાં સ્મરણ માટે અભિનન્દનનું આયોજન ધામધૂમથી કરી રહ્યા છો. વાસ્તવમાં **તેઓશ્રી પંડિત સાર્વભૌમ તો છે જ તેમજ સહૃદય શિરોમણિ છે તથા સદાચાર ધર્મોની પ્રતિક મૂર્તિ પણ છે, આવા મહાપુરૂષની સ્મૃતિમાં અભિનન્દન ગ્રંથના પ્રકાશન આ એક મહાપુણ્યનો સમારંભ છે.** આવા દિવ્ય પુરૂષના ચરણોમાં હું મારા સો એ સો નમન તથા અભિનન્દન નિવેદિત કરૂ છું.

તા. ૨૦-૪-૭૬

- રામનરેશ વર્મા...

પ્રેમલત્તા શર્મા.

સંગીતશાસ્ત્ર વિભાગ, સંગીત લલિતકલા.
કાશી હિન્દુ વિશ્વ વિદ્યાલય, વારાણસી.

પંડિતવર્ય સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના પરિચયનું સૌભાગ્ય કાશીજીમાં મને મળેલ નહિ, પણ **તેમના રચિત ગ્રંથો મહાગૌરવશાલી મહાવિદ્વતા ભરેલા વાંચી તેમની સુચિ જોઈને આશ્ચર્યચકિત થવાય છે. અહીંના વિદ્યાલયોમાં ચાલતા ગ્રંથો જોઈને માલુમ પડે છે કે- તેઓશ્રીનું વ્યાપક અને પ્રગાઢ પાંડિત્ય અવશ્ય ચળકે છે,** અહીનાં વિદ્વાનો સભાના અવસરમાં અભિનંદનની પ્રશસ્તિ કરે છે, તેમાં મારા પણ અભિનંદન સ્વીકાર હો.

તા. ૧૬-૩-૭૬

- પ્રેમલતા શર્મા...

દેવસ્વરૂપ મિશ્ર.

આચાર્ય અધ્યક્ષ, છાત્રકલ્યાણ સંસ્થાના અધ્યક્ષ,
સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલય, વારાણસી.

પૂજનીય માનનીય ભવ્યમૂર્તિ શ્રીમાન દાર્શનિકપંચાનન, ષડદર્શનાચાર્ય, નવ્યન્યાયાચાર્ય, સાંખ્યાયોગવેદાંતમીમાંસાતીર્થ, પાંડિત્યપ્રકર્ષ વડે પ્રાપ્ત દિગન્ત વ્યાપ્ત ધાર્મિકતાવાળા, અને તેથી જ ઉત્કૃષ્ટ અનેક દેશોના લોકોમાં પ્રસિદ્ધ જાણીતા થઈને મહાકીર્તિવાળા તથા સર્વ પ્રકારના શાસ્ત્રાર્થકલામાં દક્ષ તથા જેમનું પ્રસન્ન મુખ છે, દયાળુ હૃદય છે, સુધા જેવી મીઠી વાણી છે, કરણ ઈન્દ્રિય અન્તઃકરણ સાધન પણ પરોપકારને માટે છે એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય કોના વંદનીય ન હોય, કિન્તુ સર્વના વંદનીય છે. વંદનીય ગુણગણ વડે ગૌરવથી વિભૂષિત, **શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજી મહારાજ મને લાંબા કાળ સુધી પરોક્ષ હતા એવાને છેવટે પ્રત્યક્ષથી જોઈને હું સારી રીતે ઓળખી શકયો છું. વ્યાકરણ વૃધ્ધિ ગુણોનો બાધ કરે છે પણ સત્પુરૂષોમાં વૃદ્ધિ ગુણોનો બાધ કરતી નથી, આવી પૂર્વાચાર્યોની વાણીનું પૂર્ણ લક્ષ્યપણું શ્રીસ્વામીજી મહોદયમાં મેં જોયું, સર્વવિદ્યાઓ તેમનામાં ભરપુર છે છતા તેમાં બીજા ગુણો પણ અપેક્ષીત છે જ. સો માનવોમાં કોઈક જ શૂરવીર હોય, હજારોમાં કોઈક જ પંડિત હોય, લાખોમાં કોઈક જ વકતા હોય, દાતાર તો હોય કે ન પણ હોય આમાં કહ્યા પ્રમાણે દ્વન્દ્વશાલી વિરલ ચઢીયાતા તે તમામ ગુણો સ્વામીજીમાં પ્રત્યક્ષ જોયા છે.**

કેટલાક ખૂબ લોકોત્તર બુધ્ધિવાળા તથા વિદ્વતાવાળાઓ પણ લેખનકળામાં શૂન્ય હોય છે, આ સ્વામીજીએ કેવલ ન્યાયશાસ્ત્ર એક જ ભણી લીધું એમ નથી, કિન્તુ વિવિધ વિષયોને અધિકારમાં લઈને એક એક મહાન મહાન નિબંધ ગ્રંથ એમ કેટલાક ગ્રંથો રચેલ છે. ન્યાયસિધ્ધાન્ત મુક્તાવલીની કિરણાવલી ટીકા કયા બુદ્ધિશાળી ન્યાય સંસ્કારી વિદ્વાનોના મનને નથી ઝડપમાં લેતી, શ્રીહરિવાકયસુધાસિન્ધુ ગ્રંથની ભૂમિકા તે સ્વામિનારાયણ સંપ્રદાયની ભૂમિકાનું રક્ષણ કરે છે. દુષ્કર એવો પ્રમાત્વવાદ સર્વે દાર્શનિકોના ભિન્ન મતોવાળો ભિન્ન વિસ્તારવાળો જેવો જટિલ શ્રીસ્વામીજી મહારાજે આદિત્યનાથ ઝા મહોદયના અભિનંદન ગ્રંથોમાં બતાવ્યો છે. તેણે કરીને તથા અન્યત્ર નહીં બતાવાએલ તેવા સિદ્ધાંતો બતાવીને દાર્શનિક વિદ્વાનોના મંડળને મહાન ઉપકાર કરેલ છે. આવા મહાન શાસ્ત્રીવર્યમાં નિયમ આસન પ્રાણાયામ પ્રત્યાહાર ધારણા ધ્યાન અને સમાધિ પણ વસેલા છે, તે વડે જ નિરંતર ક્ષતિ રહિત નિકલતા મણિના કિરણોની સમાન એકાકાર થયેલી મનોવૃત્તિ વિશેષ જ્ઞાન પ્રકાશના કિરણોવાળી અને તેવી ભક્તિવાળી સુભરપૂર અન્તઃકરણ વૃતિશાલી આ સંતવર્ય છે તથા ભગવાનના સારાં ચરિત્રોના ચિંતનમાં જ એકતાંનપણામાં જ વર્તે છે. લોકોત્તર ચમત્કારકારી બીજી વિદ્યાને નહિ અપનાવીને ભગવાનના સ્પર્શને પ્રાપ્ત

કરતી કરતી પરિપૂર્ણ આનંદાનુમૂર્તિને ભોગવનારાં છે. **આવા પરોપકાર વ્રતવાળા સંસ્કૃત સંસ્કૃતિના સંરક્ષણ પરાયણ એવા ચોંટતા સંસારને ખસેડવામાં અતિદક્ષ, એવા સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય આચાર્ય મહારાજશ્રીનું અભિનંદન કરીને અભિનંદન કરનારાઓ સ્વયં પણ અભિનંદિત થશે જ એમ માનું છું.** શ્રીસ્વામીજી મહારાજને દીર્ઘઆયુષ્ય તથા નીરોગિત્તા પાર્વતીપતિ પરમેશ્વર શ્રીભગવાન વિશ્વનાથ આપો એવી પ્રાર્થના કરતો હું વિરમુ છું.

તા. ૭-૧-૭૬ - દેવસ્વરૂપ મિશ્ર...

મીઠાલાલ હિમ્મતરામ ઓઝા.

(સિદ્ધાન્તજ્યોતિષાચાર્ય, એમ.એ.) પ્રાધ્યાપક,
વરાણસેય સંસ્કૃત વિશ્વ વિદ્યાલય, ડી. ૩/૩૮ મીરઘાટ, વારાણસી (ઉત્તર પ્રદેશ) કાશી.

મારે સૌરાષ્ટ્રની યાત્રાના પ્રસંગમાં મહામાન્ય શ્રીમાન કૃષ્ણવલ્લભાચાર્ય શાસ્ત્રી સ્વામી મહોદયનો સમાગમ થયો હતો, એમની વૃત્તિ પ્રિયપ્રાય હતી, વિનયભરી રીતિ, તથા વાણીનિયમ વિગેરે, સદ્‌ગુણો તથા કાયમ ભગવાનના નામનો જપ, માળા ફેરવવી, નેત્રવૃત્તિ સંયમ, વિગેરે સદ્‌ગુણો ભવભૂતિકથિત સાધુ લક્ષણો સર્વાંશે જોવામાં આવ્યાં. તેમનામાં સૌહાર્દ સૌજન્ય વિદ્યા તપો વડે પવિત્રતા જીવનમાં આદર્શ લેવા યોગ્ય ગુણો જોઈને અતિશય આનંદના પ્રવાહોમાં સ્નાતક થયેલો મને હજુ સુધી તેમનો પ્રસંગ સત્સંગ ક્ષણે ક્ષણે નવો નવો હોય એમજ સ્મરણમાં આવ્યા કરે છે. શ્રીશાસ્ત્રીજી સ્વામીનું જીવન સુરસરસ્વતી દેવીની આરાધનામાં વ્યાપ્ત, લોકોપયોગી અનેક સંસ્કૃત પ્રાકૃતના તત્ત્વજ્ઞાનના ગ્રંથો રચી રચીને લોકોને સત્યમાર્ગ બતાવે છે. ભક્તિમાં તથા વિવિધ દર્શનશાસ્ત્રોની શાખાઓમાં તથા તેથી ભિન્ન એવા આધ્યાત્મિક મોક્ષીય વિજ્ઞાનીય વિષયોમાં અને તર્કો વડે સ્થાપિત સર્વપ્રત્યક્ષતા સર્વસાકારતા સર્વજ્ઞાન સત્યતા સર્વજ્ઞમિ પ્રખ્યાપિતતા આદિ આદિ વિષયોમાં ગહનાતિગહન સુયુક્તિક વિમર્શોવાળી એમની કૃતિયો હાલમાં વિદ્વાનોમાં પ્રકાશિત વર્તે છે. ભગવાન ત્રિકામદર્શી, સૃષ્ટિસર્જક કાશીવિશ્વેશ્વર અપ્રતિમ, અનુપમ, પાણ્ડિત્યયુકત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યશાસ્ત્રીજીને દીર્ઘાયુષ્ય અને કાર્યક્ષમતા આપો. એમ સ્વામીજીના મંગળમય ચરણારવિન્દોમાં પ્રાર્થીને વિરમુ છું.

પોષ શુકલ ૫, મંગળવાર, સં. ૨૦૩૨. - મીઠાલાલ હિમ્મતરામ ઓઝા...

ડો.મનોહરલાલ દ્વિવેદી. (B.Lib., S.C., M.A., Ph.D.,)

સાહિત્યચાર્ય, અથર્વવેદાચાર્ય, પ્રાધ્યાપક
સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલય, વારાણસી.

॥ શ્રીગુરૂઃ શરણમ્ ॥

શ્રીમાન્ પરમ પૂજનીય પણ્ડિતપ્રવર વિવિધ શાસ્ત્રોમય મહાસાગરના પાર પામેલા **શ્રીસ્વામિનારાયણ સંપ્રદાય સંરક્ષણમાં તત્પર વર્તતા એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામી મહોદયનું વિવિધ શાસ્ત્રરચનાનું કાર્ય જોઈને અતિઅતિ આનંદના દોહિત પ્રવાહ મેળવીને ચિત્ત ખુશી ખુશી થાય છે. આ વિદ્વાન સંતપુરૂષે પિસ્તાળીશથી અધિક ગ્રંથોનું સંપાદન કરેલ છે. આવું આ વિશાલકામ ભારત વર્ષને મોટા ગૌરવને માટે નિશ્ચિત જ છે.** શ્રીપાર્વતી પરમેશ્વરના ચરણોમાં પ્રાર્થના કરું છું કે- આ સંતપુરૂષ ભવિષ્યને માટે પણ ગ્રંથ રચનાનું કાર્ય કરતા થકા ચિરસમય જીવો.

પૌષ શુકલ પંચમી, મંગળવાર. સં. ૨૦૩૨ - મનોહરલાલ દ્વિવેદી...

ભૂપેન્દ્રપતિ ત્રિપાઠી.

આચાર્ય તથા અધ્યક્ષ, વ્યાકરણ વિભાગ, સમ્પૂર્ણાનંદ
સંસ્કૃત વિશ્વવિદ્યાલય, વારાણસી.

પંડિત પ્રવર શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય શાસ્ત્રીજી સંસ્કૃત ભાષા અને ભારતીય સંસ્કૃતિઓના ઉપાસક ગુર્જર પ્રદેશના સૂર્ય સમાન તેજસ્વી વિદ્વાન છે, તેઓ લોક કલ્યાણ માટે પ્રયત્ન પરાયણ રહે છે, આવા મહાસમર્થ વિદ્વાનોના સવિશેષ સત્કાર કરવા યોજના કરતા એવા સૌરાષ્ટ્રના ઉત્સુકજનો આવા પવિત્ર કર્મ વડે પોતાના કર્તવ્યધર્મને સર્વ રીતે પાલન કરનારા છે, ન્યાયાદિ અનેક શાસ્ત્રોના પાર પામેલા શ્રીશાસ્ત્રીજી ''શતાયુ રહીને લોકકલ્યાણાર્થ સત્કર્મ કરવા'' એવા વેદ વચનને સાર્થક કરતા થકા આ લોક તથા પરલોકના કલ્યાણ માટે હો, એમ ભવાનીપતિ વિશ્વનાથ ભગવાનને પ્રાર્થુ છું.

તા. ૬-૧-૭૬ - ભૂપેન્દ્રપતિ ત્રિપાઠી...

મ.મ. વિદ્યાવાચસ્પતિ પંડિતરાજ પંડિત સાર્વભૌમ શ્રીકાલીપ્રસાદ મિશ્ર.

ભૂતપૂર્વ પ્રિન્સીપાલ સંસ્કૃત મહાવિદ્યાલય, હિન્દુ વિશ્વવિદ્યાલય કાશી, સમ્માનિત પ્રાધ્યાપક, સમ્પૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલય, વારાણસી.

અભિનંદનીય પંડિતપ્રવર આચાર્ય મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પોતાના નિર્મલ પ્રતિભા પ્રભાવ વડે પરમ પ્રસિદ્ધિને પામેલા બિરાજે છે. **આ શાસ્ત્રીજી વાદ-વિવાદ સભાઓમાં સકલપંડિતોના અગ્રણી થઈને વિકલ્પોદ્ભાવક વાદિઓ દ્વારા ઉપજેલા દોષોને સમૂલ ઉડાડી દેતી એવી અલૌકિક કલ્પના તર્કજન્ય વિચાર પદ્ધતિ વડે ઉડાડીને વિચાર વિવેકશીલ શુદ્ધ ધુરંધર વિદ્વાનોમાં માનપાત્ર મનીષીવર્ય વારંવાર માન્ય થયેલા છે. આ કોઈપણ વિદ્વાનનું અજાણ્યું નથી. આ સ્વામી મહારાજે રચેલ** તમામ કૃતિઓને લાજ પમાડે એવો કિરણાવલી નામનો ગ્રંથ તાર્કિક ગહનમતિ એવા અનેક પંડિતોના ઘરમાં તેની તેની પાઠશાલાનાં પુસ્તકાલયોમાં વર્તમાન છે, તે ખૂબ જોરથી આ શાસ્ત્રીસ્વામીજીના અનુપમ યશને ગાય છે, કાશીસ્થ વિનયી અધ્યાપકો આ ગુરુવર્યના મહનીય યશ સાથે જ એમના નામની સ્તુતિ કરે છે માટે અવશ્ય અભિનંદનીય એવા આ આચાર્યશ્રીના અભિનંદન વડે અમો પણ અભિનંદનીય થઈએ છીએ.

તા. ૭-૧-૭૬

- શ્રીકાલીપ્રસાદ મિશ્ર...

શ્રી કરૂણાપતિ ત્રિપાઠી. (કુલપતિ).

સંપૂર્ણાનન્દ સંસ્કૃત વિશ્વવિદ્યાલય, વારાણસી.

આવા ભૌતિક અને વૈજ્ઞાનિક વિકાસશીલ યુગમાં જયારે માનવો વિવિધ પ્રકૃતિઓ વડે વિવિધ પ્રપંચમાં જ રચ્યાપચ્યા રહે છે. પણ સર્વશાસ્ત્રોમાં નિષ્ણાંત અભ્યાસ અને પ્રચારમાં સદા સાવધાન પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ રાષ્ટ્રીય સરસ્વતીના વિકાસ દ્વારા મોટો ઉપકાર કરવાના જીવનવાળા છે. આ બાબત સમજીને નાગરિકજનો જે આવા વિદ્વાનનું અભિનંદન કરે છે તે પ્રતિ હું પણ અતિ આનંદિત થઈને મારી શુભ આકાંક્ષા તેમના અભિનંદન માટે મોકલું છું.

તા. ૪-૨-૭૬

- શ્રી કરૂણાપતિ ત્રિપાઠી...

જગન્નાથોપાધ્યાય.

પાલિ-વિભાગાધ્યક્ષ, સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલય, વારાણસી.

કવિ તાર્કિક ચક્રવર્તિત્ત્વને ધારણ કરનારા મહાપંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામીશ્રીની પ્રતિભાનો વૈભવ કાશીમાં જ નિજકિશોર અવસ્થામાં જોયેલો છે. તે દિવસથી આરંભીને આજ સમય સુધી વિવિધ વિદ્યાના પ્રસ્થાન શાસ્ત્રોમાં ગ્રંથ ભાષ્ય ટીકા આદિ રચના નિમિત્ત વડે તેઓશ્રી સરસ્વતી સંબંધી મહા કૌશલ પ્રગટ કરેલ છે, તે આપણે વિદ્વાનોએ સ્વીકારવા યોગ્ય જ છે એમ હું જાણું છું. હાલમાં **વૃદ્ધતામાં યુવાનપણાના ઉત્સાહરહિત અવસ્થામાં પણ કાર્ય કુશળતારૂપી યુવાપણું વાપરતા આચાર્યશ્રીએ સવા લાખથી અધિક શ્લોકવાળી શ્રીલક્ષ્મીનારાયણસંહિતા તથા વીશેકહજાર શ્લોકોવાળા બીજા ગ્રંથો તથા લાખેક લીપીવાળા ત્રીજા ગ્રંથો રચ્યા છે. તેમાં નિરંતર ઉદ્યમી સ્વામીશ્રીએ પોતાના જીવનનો ચોથો ભાગ જ્ઞાનયજ્ઞમાં સારી રીતે સફળ કર્યો છે, આ કાર્ય તે તેમના પોતાના હિતમાત્ર માટે નથી કે કોઈ લાભ માટે નથી પણ સકલ દેશના હિત માટે છે, આ પરમ પ્રમોદરૂપ છે.**

તા. ૧૭-૧-૭૬

- જગન્નાથોપાધ્યાય...

શ્રી બાલકૃષ્ણ મિશ્ર.

સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલય, વારાણસી.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આપે પાંડિત્ય પૂર્ણ એવી ન્યાયમુકતાવલીની કિરણાવલી રચી છે, તે ગૌતમના ઉત્તમ પ્રમાણોવાળી, તત્ત્વોનાં બોધ આપતી, પરિષ્કૃત પ્રજ્ઞાવાળાઓ વડે અવગત થાય એવી, નવા નવા પરિષ્કારો ભરેલી, વિજ્ઞપંડિતો વડે સમજાય તેવી, અભ્યાસ વખતે અન્તઃ પ્રવેશ કરવા લાયક, પ્રશ્નોતરો વડે શાંતિ પમાડનારી, ન્યાયિક વર્ગને આદરણીય થયેલી, સૂર્યકિરણો જેવી કિરણાવલી તે અવલંબન લેવા યોગ્ય કઠિન તર્કોનો સાકર સમાન રસ આપતી, નવીન પ્રાચીન પ્રદાર્થોના આવિષ્કારવાળી અર્થો વડે પ્રપૂરણીય, અધ્યાપન માટે પણ યોગ્યતાવાળી, સર્વેએ ગ્રહણ કરવા યોગ્ય, વિદ્વાનોની સ્પૃહાપાત્ર, અતિ અત્યંત રમણીય સૂરમા જેવી મેં પોતે આદ્યંત જોઈ તે પાવન તર સુગમ અને ગહન તમ એવી પણ મને તો અતિ આહ્લાદક આપનારી સુપ્રતિષ્ઠિત છે, તે સર્વમ્ વિજય પામો. એવા આશીર્વાદ પાઠવું છું.

- શ્રી બાલકૃષ્ણ મિશ્ર...

શ્રી બદ્રીનાથ શુકલ.

ડાયરેક્ટર, સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલય, વારાણસી.

॥ શ્રીકાશી વિશ્વનાથો વિજયતે ॥

આપણને સર્વેને અતિ અપાર હર્ષ થશે જો શ્રીસ્વામીજીને યોગ્ય પુરસ્કાર પણ મળી જાય અને આ કાર્યમાં વિશ્વવિદ્યાલય કુલપતિનો સહયોગ પણ ઘણો મળે તો ગૌરવનો અને આનંદનો વિષય થશે. શ્રીસ્વામીજી મહારાજના ભકતોના તરફથી વિશ્વવિદ્યાલયમાં શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના દાર્શનિક સિધ્ધાંતના કાયમી આચાર્ય સુધીના અભ્યાસ માટે એક શિક્ષાપીઠ વિભાગ સ્થપાય અને તેનું નામ શ્રીસ્વામિનારાયણ પીઠ વેદાંત અથવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય પીઠ વેદાંત વિભાગ રખાય, તેને માટે એક અધ્યાપક કાયમી રખાય તેનો પગાર રૂ. ૧૫૦૦ થી ૨૦૦૦ માસિક હોય, દસ છાત્ર વૃતિઓ પણ બંધાય, પ્રત્યેક છાત્રને માસિક રૂ.૩૦૦ અપાય. તેઓ સાંપ્રદાયિક ભાષ્ય તથા દાર્શનિક વિદ્યાઓના અધ્યયન કરે, તથા સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના નવીન આવિષ્કારવાળા ગ્રંથો પણ ભણાવાય, લક્ષ્મીનારાયણસંહિતાના વિભાગો પણ સાહિત્ય કાવ્યોમાં દાખલ થાય અને એક એક વિભાગ સંપૂર્ણ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાય માટે જ અભ્યાસનો હોય, કદાચ છ લાખ ૬,૦૦,૦૦૦ રૂપિયાનો મેળ થાય તો અભિનંદનની સાથે વિદ્વત્સન્માન શ્રેષ્ઠતમ છે. આવા કાર્ય વડે વિશ્વમાં જે પ્રતિષ્ઠા છે તે દસ ગણી થશે. **અમારા સ્વામીજી મહારાજને કાશીજીના મહાધુરંધર ન્યાયિક દાર્શનિક વિદ્વાન માટે વારંવાર આંતરિક અભિનંદનો છે, તેઓ કિરણાવલી ટીકાઓ ભાષ્યો અભિનંદનો આપ્યા જ કરે છે. સંસ્કૃત સેવક સૌરાષ્ટ્રના વિદ્વત્સૂર્ય સ્વામીશ્રીઘણું દીર્ઘ જીવો, અને પશ્ચિમ દિશાને કીર્તિવાળી ચાલુ રાખો, હરેક દિશાઓમાં જગદ્વિખ્યાત એક બે જ પંડિતો વસે છે. પશ્ચિમ સૌરાષ્ટ્રમાં હાલમાં આવા જગવિખ્યાત પંડિત વસે છે તેને લઈને કાશીજીની કીર્તિ સાથે સૌરાષ્ટ્રની મહાકીર્તિ વિશ્વમાં ફેલાણી છે અને શ્રીહરિ ઈચ્છા વડે વિશ્વનાથ કૃપા વડે જરૂર તેવી કીર્તિ વધતી રહો.**

તા.૧૦-૪-૭૬

- બદ્રીનાથ શુકલ...

એન. કે. દેવરાજ.

પ્રોફેસર, દર્શન વિભાગ, કાશી- હિન્દુ વિશ્વવિદ્યાલય, વારાણસી.

ઘણું જ પ્રસન્ન થવાય છે જે- મહાપણ્ડિત સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના આદર સમ્માન માટે અભિનંદન ગ્રંથનું પ્રકાશન થઇ રહ્યું છે. **કોઇપણ દેશની વાસ્તવિક વિભૂતિ, તે તેમના સંત વિદ્વાન અને લેખક હોય છે. સ્વામીજીના શાંત અને તેજસ્વી વ્યક્તિત્ત્વમાં તે ત્રણ ગુણો છે જ, માટે આ પુરૂષરત્ન વિશિષ્ટ પરમ પુરૂષરત્ન છે.** હું શ્રીસ્વામીજી પ્રતિ મારી એ ભાવના પ્રકાશિત કરું છું, ઘણું જીવો.

તા. ૧૪-૫-૭૬

-એન. કે. દેવરાજ...

મનહરલાલ દ્વિવેદી. (બી.એલ.એસ., પીએચ.ડી.).

કાશી- હિન્દુ વિશ્વવિદ્યાલય વારાણસી.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ભારતના મહાન વિદ્વાન આચાર્ય છે, ઉચ્ચકોટીનાં વૈષ્ણવ સંત છે, વિવિધ શાસ્ત્રોના પારંગત છે, કાશીની વિદ્વત્સભાઓમાં એમનું નામ પંકાય છે. કાશીના વિદ્વાન નદીયાશાન્તિમાં, બૌધ્ધપ્રયાગમાં, મિથિલામાં, ભૂતપૂરીમાં એવા પૂનામાં પ્રસિધ્ધ સ્થળોમાં પંકાય છે, મદ્રાસમાં માયસોરમાં પણ પંકાય છે, સૌરાષ્ટ્રમા મહા ગુજરાતમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહામહોપાધ્યાય વર્તમાનમાં પંકાય છે. આવા ઉચ્ચ કોટિના સાધુવૃત્તિ મહાપંડિતને અમારા અભિનંદન છે.

-મનહરલાલ દ્વિવેદી...

ડૉ. સામવ્રતસિંહ. (એમ.એ., પીએચ.ડી., ડી. લિટ.).

સંસ્કૃત વિશ્વવિદ્યાલય વારાણસી.

ભક્તિધારા સારસ્વતધારા સાથે વહેવડાવીને જનતામાં મહાશાંતિ ઉપજાવનારા શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સંત મહારાજ પોતાની કલમ વડે સાહિત્યને વિકસાવી રહ્યાં છે. **સંસ્કાર અને પ્રતિભા જ્ઞાન, ભક્તિ અને ધર્મમેધ સમાધિ, સાધના અને સેવા, નિરાભિમાન, દેશગૌરવમાન, શરીર અનાસ્થા, વિદ્યામાં આસ્થા, આવા અનેક ગુણો સ્વામીજીમાં મળે છે જે બીજે મળતા નથી,** આવા સંતને હાર્દિક હજારો અભિનંદન છે.

-ડૉ. સામવ્રતસિંહ...

શ્રીગુરુ ગણેશજી બટુકનાથ શાસ્ત્રી ખ્રીસ્તે.

સમ્પૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલય, વારાણસી.

શ્રીમાન વિવિધ વિદ્યાસાગરના પારદૃષ્ટા, ન્યાયવિદ્યાના વાચસ્પતિ પંડિતપ્રવર વામાચરણભટ્ટાચાર્યથી શાસ્ત્રરહસ્ય પ્રાપ્ત કરનારા **સ્વામિનારાયણ સમ્પ્રદાયનાં મહાવિદ્વાન પરમાચાર્ય ભગવાનમાં પ્રીતિ વધારવા ભકતવૃન્દો ઉપર અનુગ્રહ રાખનારા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યસ્વામીજી શાસ્ત્રીજીના દિગન્ત વિદ્વાન્ મહામંગલોની મંડલીની માલા જેવી યશકુસુમાજલિ સાંભળીને પરમાનંદના મહાખજાનાને ઉપજાવે છે, સકલસૂરસરસ્વતીના સેવક વિદ્વાનોને તો અતિ આનંદ આપે છે.** આ શાસ્ત્રીજી આચાર્યવર્યે કરેલા સો એ સો એવા ગ્રંથોમાં તેમની રચનાની નિપુણતા વ્યાખ્યાનની વિદ્વતા સમ્પ્રદાયની ઉન્નતિની ઈચ્છા એ બધાં વિશ્વોના ભદ્ર માટે વારંવાર હો, એમ કાશી સ્થિત ભગવાનને પ્રાર્થીએ છીએ.

તા. ૩-૧-૭૬

- બટુકનાથ શાસ્ત્રી ખ્રીસ્તે...

શ્રી બદરીનાથ શુકલ. (આચાર્ય – અધ્યક્ષ).

ન્યાયવૈશેષિક વિભાગ, સંપૂર્ણાનન્દ સંસ્કૃત વિશ્વવિદ્યાલય, વારાણસી.

આ વૃતાંત જાણીને મારું મન અત્યન્ત હર્ષવડે પ્રફુલ્લિત થાય છે, જે સ્વામિનારાયણ સમ્પ્રદાયના પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સરસ્વતીની આરાધના રુપી તપ વડે જીવનને પવિત્ર કરીને જનતાને પ્રેરણાપ્રવાહ આપવા તેમના સદ્‌ગુણોએ આકૃષ્ટચિત્તવાળા અનેક સત્પુરૂષોએ તેમનાં સન્માનવર્ધક માટે 'અભિનંદન ગ્રંથ' તૈયાર કરી રહ્યા છે. **શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય શાસ્ત્રીજી કેવલ મારાજ સુપરિચિત છે એટલુ જ નહિ કિન્તુ પોતાના કેટલાક ગંભીરગહન ગ્રંથો વડે પ્રાયશઃ સમગ્રશિક્ષાજગતના સુપરિચિત છે, તેમના રચેલા ગ્રંથો તેમના વૈદુષ્યના ગામ્ભીર્યના પ્રામાણિકપણાને તથા તેમની કીર્તિને વિસ્તારતા થકા જય પામે છે, હજારો જિજ્ઞાસુઓને જ્ઞાનામૃતનો વરસાદ વરસાવીને તેમના માનસિક તાપોને શમાવતા થકા વર્તે છે, ધર્મના સંસ્કારની સંસ્કૃતિઓને વધારવામાં કર્યો છે સમર્પિત આત્મા જેમણે એવા આ મહાવિદ્વાનની સત્કારભાવના વડે જે કાંઈ આકર્ષક સત્કર્મ કરાય તેમાં મારો હાર્દિક સહયોગ છે.** હું આ વિદ્વાન સ્વામી આચાર્ય મહારાજશ્રીનું નીરોગી દીર્ઘજીવન તથા ઉતરોતર યશોવિસ્તારને ઈચ્છતો થકો તેમના અભિનન્દનનાં સમારંભમાં પૂર્ણ સાફલ્ય ઈચ્છુ છું.

તા. ૫-૧-૭૬

- બદરીનાથ શુકલ...

❋ ભારત દેશની વિશ્વવિદ્યાલયો / યુનિવર્સિટીઓના વિદ્વાનોનાં અભિનંદન ❋

ડૉ. રામનાથ વેદાલંકાર (આચાર્ય એવં ઉપકુલપતિ).

પ્રો. વાઇસચાન્સેલર, ગુરૂકુલ, કાંગડી વિશ્વવિદ્યાલય,
હરિદ્વાર, સહારનપુર.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શ્રીસ્વામીજી મહારાજ ધુરંધર વિદ્વાન છે, તેઓએ દર્શનશાસ્ત્રોના તથા સંસ્કૃત વિવિધ સાહિત્યોના ઘણાં ગ્રંથો લખ્યા છે. **આપનું બ્રહ્મચારી જીવન સરસ્વતીની સેવામાં સાર્થક થયું છે. આપે લોકહિતાર્થે, નવીન આવિષ્કારો કર્યા છે, આપના ગ્રંથો દર્શન શાસ્ત્રોમાં કઠિન વિષયોમાં સ્થાન લેશે, નવીન નવીન પદાર્થ સિદ્ધિઓ વ્યાસજી તથા પૂર્વાચાર્યો તથા મહર્ષિઓ પેઠે કરી છે. આટલું વિશાળ કામ તો સારસ્વતાવતાર ભગવાન પોતે કરી શકે.** આપે ન્યાયવૈશેષિકના અનેક પદાર્થો તથા સાંખ્યયોગના તત્ત્વો અને આદ્યાત્મિક સિદ્ધિઓ તથા બન્ને મિમાંસાઓના પરબ્રહ્મ તથા શબ્દબ્રહ્મ તત્ત્વો, બીજા દર્શનોના અદ્વૈતના ભિન્ન ભિન્ન સિદ્ધાન્તો તથા વૈષ્ણવોના દાર્શનિક સિદ્ધાન્તો તથા શૈવિઓના આગમ નિગમ સિધ્ધાંતો, તથા કાવ્યના અલંકાર સિદ્ધાંતો તથા જ્ઞાન વૈરાગ્ય ભક્તિના સિધ્ધાંતો તથા મુક્તિના સિધ્ધાંતો તથા આલોક પરલોકના વિવરણો તથા ઐતિહાસિક સૃષ્ટિઓના વિવરણો તથા જયોતિષચક્ર, વનસ્પતિચક્ર તથા ધાર્મિક સ્મૃતિઓનાં સિધ્ધાંતો તથા મૂર્તિ મંદિર પ્રાસાદ નિર્માણ સિધ્ધાંતો તથા વૈદિક પ્રતિષ્ઠાકાણ્ડ તથા વ્રાત્ય અને પત્નીવ્રત સિધ્ધાંતો તથા સર્વમાનવ રિવાજના સિધ્ધાંતો તથા આશ્રય જ્ઞાતિ વિશિષ્ટતાના પ્રામાણિક સિધ્ધાંતો તથા પ્રમાણ પ્રમેય પ્રામાણ્યના સ્વરૂપો તથા નારીનરોના સ્નિગ્ધ ભાવો આત્મીય મોક્ષના સિધ્ધાંતો, તથા દિવ્ય સમજણના ઉપદેશો તથા તીર્થ મંદિર ઉપાસનાના ફલો તથા દૈવી આખ્યાન ઉપાખ્યાનો વિગેરે વિગેરે સમસ્ત સંસાર સાહિત્યને પોતાના હૃદયમાંથી જ મૂર્ત કરી બતાવેલ છે. **આપની મૌલિક તથા ભાષ્ય ટીકાઓ જોતા તો આપે શિક્ષા જગતને આવરી લીધું છે. પ્રસંશનીય ચિરંજીવી વ્યાપક કાર્ય કરેલ છે, આપના પ્રમાત્વ વિમર્શ, સર્વસત્ વિમર્શ, સર્વ પ્રત્યક્ષ વિમર્શ, ખ્યાતિજ્ઞમિ વિમર્શ સંપ્રદાયોના વિમર્શો, વૈદિક ધર્મરક્ષા વિમર્શ તો અલૌકિક કાર્ય લૌકિકોને માટે સરલ કરી આપ્યાં છે.** આવા સ્વયં અવિચલ વિકાસોને માટે અભિનંદન મહાઆયોજનમાં મારો પણ ભાગ ગુરૂકુલ કાંગડી તરફથી શુભ અભિનંદનરૂપે સ્વીકારજો. ભગવાનના આશીર્વાદેચ્છુક - ભવદીય.

-ડૉ. રામનાથ વેદાલંકાર...

ડો. ગોવિંદપ્રસાદ શર્મા સુવેદી.

संस्कृत विश्वविद्यालय, वाराणसी.

લોકપરોપકારક, શાસ્ત્રીય જ્ઞાની, સંત ત્યાગમૂર્તિ, માનવ ચેતનાને ચેતવનારી ઐશ્વર્યમૂર્તિ, ભક્તિજ્ઞાન કર્મના સંન્દેશાઓને મુક્તિમાં પહોંચાડનારા સ્વામી **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આજ આ યુગના વિરલ પુરૂષ છે.** ગિરનારી ગુફાના યોગી છે, હૃદયગુફાના આત્મા છે, આત્મગુફાના પરમાત્મા છે, કર્મગુફાના ફલપ્રદાતા અન્તર્યામી છે, જ્ઞાન ગુફાના સર્વજ્ઞ સર્વદેશી વિદ્વાન છે, ભક્તિગુફાના શરણાગતિ આપનારા આચાર્યશ્રી છે. એમને અમારા અનેકાનેક અભિનંદનો છે. **ભારત દેશનું સૌભાગ્ય તો એ છે જે- આવા વિરલ સંતો, વિદ્વાનો, પ્રભુના લાડીલા ભક્તો, આ ભૂમિમાં જન્મ લે છે. એમનું અસ્તિત્ત્વ પણ ભારત માટે અતિ ગૌરવ છે, હિન્દુઓ માટે અતિ અભ્યુદયદાયક છે. સ્વામીશ્રી એક યુગપુરૂષ છે, જે યુગવાણીને આ જગતના લોકો સુધી પહોંચાડવા અવતરે છે, એવા અમારા ભારતીય નારાયણ સ્વરૂપને સન્માન સાથે અભિનંદન આપીએ છીએ.**

- ડૉ. ગોવિંદપ્રસાદ શર્મા સુવેદી...

ડો. વિનોદચંદ્રસિંહા. (એમ.એ., પીએચ.ડી.).

निदर्शक पुरातत्त्व संग्रहालय, गुरुकुल कांगडी, विश्वविद्यालय हरिद्वार.

ઘણું જ પ્રસન્ન થવાય છે જે- દેશના એક મહાન પંડિતવર્યને સમ્માન આપવા વિદ્વદ્વર્ગ અભિનંદન ગ્રંથ પ્રકાશિત કરી રહયા છે. **શ્રીસ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશમાં પ્રાકટય પામ્યા છે, પણ આવા વિદ્વત્ ધુરંધર માટે સમગ્ર ભારતને તેમના પર મહાન ગર્વ છે. તેમની પુણ્યશાલી સ્મૃતિમાં 'અભિનંદન ગ્રંથ'ની રચના સર્વથા ઉચિત છે. શ્રીઆચાર્યવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું જીવન તપ, ત્યાગ, બ્રહ્મશીલતા આદિ દૈવી જીવન છે. ભવિષ્યના હજારો વર્ષો સુધી એ મહાત્માજીનું જીવન તથા ગ્રંથ આપણે માટે પ્રેરણાપ્રદ થતા રહેશે.** આવા પાવન અવસર પર હું શ્રીઆચાર્ય મહારાજના ચરણોમાં મારી શ્રદ્ધા સાથે અભિનંદન નમ્રતા સાથે અર્પણ કરું છું.

તા. ૨૦-૪-૭૬

- ડૉ. વિનોદચંદ્ર સિંહા...

ડો. રામનાથ વેદાલંકાર.

ઉપકુલપતિ ગુરૂકુલ કાંગડી, વિશ્વવિદ્યાલય હરિદ્વાર.

લોકપરોપકાર...

મહાપંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજશ્રી દ્વારા લિખિત મૌલિક પુસ્તકો તથા પ્રાચીન પુસ્તકોની ટીકાઓ દેખવાથી સ્પષ્ટ થઈ જાય છે જે- તેમણે શિક્ષા જગતમાં ઉલ્લેખનીય આદરણીય અભિનન્દનીય કાર્ય કર્યુ છે.

- ડો. રામનાથ વેદાલંકાર...

ડો. વિનોદચંદ્ર સિંહા. (એમ.એ., પીએચ.ડી.), ડાયરેક્ટર.

ગુરૂકુલ, કાંગડી, વિશ્વવિદ્યાલય, હરિદ્વાર.

પોતાને સન્માન જોઈતું હોય તો વિશ્વનું સન્માન કરવુ, વિશ્વનું સન્માન કરે તેઓને પોતાને વિશ્વ તરફથી સન્માન મળે છે. વિશ્વની સાર્વભૌમ વિદ્યાની વિભૂતિમૂર્તિ સદાચાર ધર્મમૂર્તિ સંતનૈષ્ઠિક મહાપુરૂષના સન્માન અભિનંદન વડે ભારતનું સન્માન થાય છે તે સાથે વિદ્વાનોનું સન્માન થાય છે એટલે ભારતના મહાગુજરાતના સૌરાષ્ટ્ર દેશમાં પ્રગટ થઈ મૂર્તિ સમસ્ત દેશાવરોના ગર્વપાત્રમૂર્તિ સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજના નામે તેમની પવિત્ર સ્મૃતિમાં અભિનંદન ગ્રંથની રચના સર્વથા યોગ્ય છે. તેમનું જીવન, તપ, ત્યાગ, વિદ્યાવિજ્ઞાન આદિ હજારો વર્ષો સુધી આપણા માટે પ્રેરણાની ગંગા છે. માટે સન્માન સાથે અમારા અભિનંદન છે.

ડો. વિનોદચંદ્ર સિંહા...

ડો. વિનોદચંદ્રસિંહા. (અધ્યક્ષ).

પ્રાચીન ભારતીય ઈતિહાસ વિભાગ, ગુરૂકુલ કાંગડી, વિશ્વવિદ્યાલય, હરિદ્વાર.

આવી ઉત્તમ સૂચના જાણીને ઘણી પ્રસન્નતા થઈ છે કે, આપ સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય અભિનંદન ગ્રંથ જલ્દી પ્રકાશિત કરી રહ્યાં છો. **શ્રીઆચાર્યજીના જીવનમાં સેવા, ત્યાગ, તપસ્યાનો નિશ્ચય થાય છે. ભવિષ્યમાં અનેક વર્ષો સુધી સ્વામીશ્રીના આદર્શ કાર્યોની જગતને પ્રેરણા મળતી રહેશે.** આવા પાવન અવસરમાં હું શ્રીઆચાર્ય મહારાજનાં ચરણોમાં શ્રદ્ધાપૂર્વક નમસ્કાર કરું છું, ભવદીય.

તા. ૪-૬-૭૬

- વિનોદચન્દ્ર સિંહા...

ડો. અભેદાનંદશાસ્ત્રી. (એમ.એ., પીએચ.ડી.).

વેદાંત દર્શનાચાર્ય, રીડર અને અધ્યક્ષ, દર્શનવિભાગ,
ગુરૂકુલ કાંગડી, વિશ્વવિદ્યાલય, હરિદ્વાર.

શ્રીસ્વામીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના સમ્માનમાં અભિનંદન ગ્રંથ પ્રકાશિત થાય છે, તે સાથે મારા પણ અભિનંદન છે. **સ્વામીજી સ્વયં તપસ્વી બ્રહ્મશીલી વિદ્યાશીલી મેધાવી ગ્રંથ તર્કશીલ અને સર્વશાસ્ત્ર નિષ્ણાત તથા ઈતિહાસ પુરાણ સ્મૃતિ અલંકાર વિગેરેના બહુશ્રુત વિદ્વાન છે. ભારતીય વિદ્યાઓના પ્રકાંડ તથા સંસ્કૃતના આરપારગામી સર્વત્ર સ્વતંત્ર વિદ્વાન છે, આવા સાર્વભૌમ વિદ્વાનને અમર બનાવવા માટે એમની શાસ્ત્રરચનાઓ વિદ્વતાપૂર્ણ કૃતિઓ પરિપૂર્ણ છે.** હું શ્રીસ્વામીજી મહારાજ તથા તેમના ગ્રંથો, ભાષ્યો, ટીકાઓ, સાંપ્રદાયિક રચનાઓ તાર્કિક પરિષ્કૃતિઓ આદિક પ્રતિ મારી હાર્દિક નતમસ્તક શ્રદ્ધા વ્યકત કરું છું તથા અભિનંદનો માટે ધન્યવાદ અર્પુ છું.

તા. ૧૫-૪-૭૬

- ડૉ.અભેદાનંદ શાસ્ત્રી...

ડો. અભેદાનંદ શાસ્ત્રી. (એમ.એ., પીએચ.ડી.).

વેદાંત દર્શનાચાર્ય, ગુરૂકુલ કાંગડી, વિશ્વવિદ્યાલય, હરિદ્વાર.

શ્રીમાન વિદ્વદ્વર્ય સંત પુરૂષ સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તપસ્વી, સંયમી, સાધક, બહુશ્રુત, બહુજ્ઞ, વિદ્યાંતદર્શી, પ્રકાંડ પંડિત, સંસ્કૃત સાગરાવગાહી કવિ ધુરંધર છે, એ ભારતના વિભૂષણ છે, એ અમર છે. એમનો લખેલ ગ્રંથ 'શ્વેતાયન સંહિતા' મહાઈતિહાસ આ સમયમાં જગદ્વ્યાપ્ત સૃષ્ટિ વ્યાપ્ત ઈતિહાસ છે, તેમનું સન્માન સપ્ત પાતાળ, સપ્ત સ્વર્ગ, ઈશ્વરલોક, બ્રહ્મલોકમાં પણ સર્વત્ર થઈ રહ્યું છે, તેમને આવા વ્યાપક વિદ્વાન સર્વજ્ઞ પુરૂષને અમારા અસંખ્ય અભિનંદનો અર્પણ હો.

- ડૉ. અભેદાનંદ શાસ્ત્રી...

❋ દેશની મહાવિદ્યાલયોના વિદ્વાનોના શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને અભિનંદન ❋

વેદાનંદ ઝા. (એમ.એ.હિ.સા. રત્ન પ્રાચાર્ય)
વ્યા. ન્યા.વે. સાહિત્યાચાર્ય, પ્રિન્સિપાલ,
શ્રીમોતીનાથ સંસ્કૃત મહાવિદ્યાલય, રમેશ નગર, નવી દિલ્હી.

॥ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પ્રશસ્તિ ॥

દયા વડે ઉદય પામેલા સૂર્ય સમાન ઉદયનાચાર્ય સ્વયં પ્રગટ થઈ ન્યાય અરણ્યમાં ગહન ગુફા શિબિરોમાં રહેલા ગુપ્ત અર્થોને જેમણે પ્રકાશિત કર્યા છે તેઓ શ્રીકૃષ્ણ નામને ફરીથી ધારવા માટે જ સ્વેચ્છા વડે અવતીર્ણ થયા હોય એમ માનવામાં આવે છે, કારણકે તેમણે કિરણાવલી નામક ગ્રંથો ફરીથી રચ્યા છે. કિરણાવલી ટીકા ન્યાયશાસ્ત્રી કમલોના મકરંદોના ગુણોને આપતી વિસ્તારતી સતીને જેમણે વાંચી વિચારી, એવા ક્યા પંડિતવર્યને વિશદ અર્થો બતાવતી થકી અતૂલ્ય પ્રમોદ ન આપે, કિંતુ આપે જ. સાંખ્ય શાસ્ત્રોના પણ નિગૂઢાર્થ, વિષયો હૃદયને ગમે તેવા સાર્થક પદ્યોની રચના વડે ગ્રંથ સ્વરૂપે કર્યા છે તે કેના હૃદયને મોહ ન પમાડે, અર્થાત સર્વેને પમાડે જ. શ્રીવાચસ્પતિ મિશ્ર રચેલી વિશાલ સ્પષ્ટ સાંખ્ય તત્ત્વકૌમુદી ઉપર તત્ત્વોને સ્ફૂટ કરતી સદાશયને પ્રકાશિત કરતી કિરણાવલી રચી, તે પણ પ્રગટ થયેલા સૂર્યની કિરણાવલી એની સમાન જ સાંખ્યના હતગદ રહસ્યના ભાવોને પ્રકાશિત કરે છે. હે વિબુધેશ્વર પંડિતેશ્વર ભગવાનને વ્હાલા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી, કાવ્ય નિર્માણ નિગમ આગમ સારના પાર પામનારા, આપે સારા તમામ દર્શન શાસ્ત્રોરૂપી સુદર્શન ચક્રની ધારાઓ વડે પ્રદીપ્ત કર્યા છે. શ્રીહરિના હાથના નખાંબુજના સારને વર્ણન કરનારા આપને તમામ લોકો મેળવી નથી શકતા પણ આપ સર્વત્ર છો. શ્રીકૃષ્ણના તેમજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ગુણો વાણી વડે વર્ણન કરવા અશક્ય છે તો તુલના આપવામાં તો કયાંથી શક્ય થવાય કારણ કે તુલના દેવામાં પણ પ્રમાણ અપેક્ષિત છે. અમિત સદ્‌ગુણો હોવાથી મિત એવા પ્રમાણ જ ત્યાં પહોંચતા નથી, માટે આપ અતુલ અમાપ ગુણી છો. ન્યાયમાં, સાંખ્યમાં, યોગમાં, કાવ્યોમાં, મીમાંસામાં, દ્વેત શાસ્ત્રોમાં જેમણે પોતાના કિરણો મેલ્યાં છે એ પ્રવીણ આપ અમાપ છો, શિક્ષાના પયોધિને પાર પામ્યા છો, વિશાલ કાવ્યભક્તિ આદિના રસોના પાર પામેલા છો, શ્રૌત વૈદિક વેદાંતના સારના અન્તને પામેલા છો, વિદ્વાનો રૂપિ કમલોમાં તીર્થોના સંદેશાઓ હરનારા મધુગ્રાહી ભ્રમરોની પેઠે શ્રીકૃષ્ણ એવા આપ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી દૈવી અવતારી જય પામો છો. વિદ્વાનો અને સંતપુરૂષોના સમુદાય તેમાં સ્થિર ગણાતા, લક્ષ્મી પતિ નારાયણના ચરણકમલના રસને પીતાં પીતાં શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાના રચનારા, શ્રીકૃષ્ણને વ્હાલા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહાવૈષ્ણવ આપ કોઈ અલૌકિક દિવ્યપુરૂષ જય પામો છો. જેમના પાદારવિન્દો વંદનીય છે, સમસ્ત વિદ્વાનોને અતિ પ્રસાદિત કરેલા છે, તથા તમામ સાચા શાસ્ત્રોની કથાઓના મકરન્દ રસપાન કરાવતા એવા છો, શ્રીસ્વામીવર્ય વિદ્વદ્ ધુરંધર જય પામો છો, આપને અભિનંદન અર્પૂ છું.

તા. ૩૦-૭-૭૬

- વેદાનંદ ઝા...

મચ્છારામ દ્વિવેદી.

વ્યાકરણાદિ પ્રાધ્યાપક શ્રીસ્વામિનારાયણીય સંસ્કૃત પાઠશાલીય
પ્રધાનાધ્યાપક નવ્યવ્યાકરણ વેદાંતાચાર્ય મુંબઈ સંસ્કૃત મહાવિદ્યાલય

''શ્રીસ્વામિનારાયણ પાદામ્બોજરજો વિજયતેતરામ્''

અતિ માનનીય સકલશાસ્ત્રીયસાગરના પાર પામેલા પરમહંસ પરિવ્રાજક સંત શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય શાસ્ત્રી મહોદય ! આપે ખેલન યોગ્ય બાલ્ય સમયમાં જ વિષયોને તો વિષ માનીને પિતાના ઘરને દુઃખ ઘર માનીને દોષ સમૂહને કાપનારી શ્રીસ્વામિનારાયણ ભગવત્સંબંધવાળી દીક્ષા લઈને વિશેષ ઉત્તમ પાંડિત્ય માટે કાશીમાં રહીને નવ્યન્યાય આદિકના પારને પામીને મહા વિદ્વાનોના ચરણ સેવીને ગૌતમ કણાદના ન્યાય વિભાગોમાં તથા પાતંજલ યોગશાસ્ત્રમાં જૈમિનીય મીમાંસાશાસ્ત્રમાં કપિલજીના સાંખ્યશાસ્ત્રમાં, વેદાંતમાં, દર્શનોમાં અનેક આચાર્યો તીર્થ વિગેરે ઉપાધિઓ મેળવીને તથા અનુપમ વૈદુષ્ય મેળવીને, અધ્યયન, બોધ, આચરણ અને પ્રાધ્યાપન વિગેરે સિદ્ધાંતને લક્ષ્યમાં રાખીને કેવલ વિદ્યાર્થીઓને જ ઉપકારક એમ નહિ કિન્તું મહાવિદ્વાનોને પણ ઈષ્ટ પરિષ્કૃત પદાર્થોનો લાભ મળે એવી પોતાની બુદ્ધિમાંથી પણ પ્રગટ કરેલા તથા તર્ક સંગ્રહ, સાંખ્યતત્ત્વ કૌમુદી, ન્યાયસિદ્ધાંત મુકતાવલી આદિકના કિરણ ટીકાત્મક ગ્રંથો તથા વેદોદિત અક્ષરબ્રહ્મ સિધ્ધાંત પ્રતિપાદક ગુણાતીતબ્રહ્મોપનિષત્, બ્રહ્મરસાયન ભાષ્ય, અખિલભુમંડલીય મુક્તિવ્યવસ્થા આદિક ભાષ્ય ગ્રંથો રચીને તેમજ **જીવ ઈશ્વર માયા બ્રહ્મ પરબ્રહ્મના ભેદ પ્રતિપાદક વિશિષ્ટાદ્વૈતમાં પણ વિશિષ્ટા બ્રહ્માંડદ્વૈત તથા બ્રહ્મ વિશિષ્ટાદ્વૈત પ્રતિપાદક એવા લેખો, ગ્રંથો રચીને તથા શ્રીસહજાનંદ સ્વામીજીને સર્વ અવતારોના અવતારીપણાના નિર્ણાયક મહા નિબંધ ગ્રંથો તથા અન્ય વિશેષ ભાષ્યો છપાવીને સમસ્ત જગતનો મહાઉપકાર કરતા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પૂજનીય થયા છે.** અને હવે પણ એકાન્તિક ધર્મ પ્રચાર માટે વિદ્યા દેવતાના વિસ્તાર માટે આપ સ્વામીજીને નિરોગીપણું દીર્ઘ આયુષ્ય આપીને આપસમાન એવા બીજા સંતોને પણ સંપ્રદાયના ઉદય માટે તૈયાર કરશો, એવી પ્રાશિષ પ્રાર્થના સાથે સમગ્ર કલ્યાણ ગુણોના સાગર એવા શ્રીહરિને પ્રાર્થના કરીને તમોને વિશેષપણે પૂજીને વિરામ પામું છું.

- મચ્છારામ દ્વિવેદી...

લક્ષ્મીશંકર ગૌ. શુકલ. (વ્યાકરણાચાર્ય).
કાવ્યતીર્થ, સાહિત્યોત્તમા, સાહિત્ય પ્રાધ્યાપક,
શ્રીમહારાજા સયાજીરાવ વિશ્વસંસ્કૃત મહાવિદ્યાલય, વડોદરા.

શ્રીમાન ભગવદ્ ભક્તિમાં જ પ્રીત હૃદયવાળા, જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિના નિધિરૂપ, અનેક શાસ્ત્રોરૂપી મહાસાગરના પારંગત પરમ ભાગવત શ્રીમદ્ સહજાનંદ સ્વામિનારાયણ ભગવાનના ચરણ કમળમાં ભ્રમર તુલ્યતાવાળા, મહાસરસ્વતીના ઉપાસક, દાર્શનિકપંચાનન, ષડદર્શનાચાર્ય, સાંખ્યયોગ વેદાંત મીમાંસા તીર્થ, કાવ્યકુશલ, ન્યાયવૈશેષિકશાસ્ત્રી, વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ ઇત્યાદિ અનેક પદવી વિભૂષિત, વિદ્વાનોમાં ચૂડામણિરૂપ, સત્સંગિમૂર્ધન્ય પણ્ડિતપ્રવર સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને આદરપૂર્વક અભિનંદનમ્.

અનેક જન્મોના સુકૃતોના ઉદયો વડે અનેક પ્રયત્નો વડે સમ્પાદિત વિદ્યાના ઉપાસક શ્રીમાન સહજાનંદ સ્વામિનારાયણ ભગવાનના અનુગ્રહના બળ વડે એક જન્મમાં જ જેઓ અવિદ્યાવાલા જગતમાં નિશ્ચલ વૈરાગ્ય વડે વર્તતા સ્થિતપ્રજ્ઞ પૂજનીય બીજા પ્રપંચ જાળને પડતા મેલીને કેવલ સરસ્વતીના ઉપાસકરૂપી થયા થકા જ્ઞાનસાગરમાં નખશિખાપર્યન્તની ડૂબકી મારીને સર્વે તત્ત્વજ્ઞાન પદાર્થોરૂપી મોતીના સમૂહ મેળવીને અનેક વિદ્યાવાળા શાસ્ત્રો નિગમ-આગમોના ખજાનારૂપ શ્રીવિશ્વેશ્વર મહારાજના પ્રતિષ્ઠારૂપ પાવનમાં પાવન દેવગંગાજીના જલ મિશ્રિત વાયુ વડે આંદોલિત એવી કાશીનગરીમાં રહીને મહાપંડિત ગુરૂચરણોને સેવીને વાદીઓને જીતીને વિવિધ વિદ્વાન દેવોને માટે કિરણાવલીઓ વિસ્તારતા **પૂજનીય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ દિગન્તમાં સમુદ્રપારના ભૂમંડળને પણ પ્રકાશિત કરે છે તથા પ્રાચીન શાસ્ત્રોના ગહન ભાગોને પણ ચંદ્ર સૂર્ય તારામંડળોની આવરદા સુધી અને સ્વર્ગાદિલોકપર્યન્ત પણ એમની કિરણાવલીઓ પ્રકાશ આપતી જ રહેશે. દુર્બોધ એવા શાસ્ત્રો તત્ત્વોને પરમ સાફલ્ય વડે જિજ્ઞાસુઓને અનાયાસે અવગત થાય તેમ આપે નિજ બુદ્ધિ વડે વિવિધ ગ્રંથોની ટીકાઓ, ટિપ્પણીઓ, વિવૃત્તિઓ, નવીન ગ્રંથોની રચનાઓ વડે સંસ્કૃત વાંડ્મય વિજ્ઞાનને અત્યંત ઉપકાર કર્યો છે. ભક્તિ સહચરિત ધર્મ વૈરાગ્ય આદિ ગુણો વડે સત્સંગિ એવા શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓને એવી સરલતા કરી દીધી છે કે જેણે કરીને આ આખું ભારત હજારો વિદ્વાનો વડે વ્યાપ્ત થશે.** ભગવાન ચીંદમ્બરાધિપતિ શ્રીપુરૂષોતમનારાયણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ને ચિરઃકાલ માટે આયુષ્ય, આરોગ્ય, બળ વિદ્યોપાસના આદિ વધારતા રહો એમ ઈચ્છું છુ.

- લક્ષ્મીશંકર ગૌ. શુકલ...

વિદ્યારત્ન પરશુરામ શાસ્ત્રી. (વ્યાકરણાચાર્ય).

વિદ્યાભૂષણ, સાંખ્યરત્ન, ભૂતપુર્વ રાજ્યપણ્ડિત, જમ્મુ-કાશ્મીર
મહારાજ કર્ણસિંહ હરિસિંહ પ્રધાનાચાર્ય, રઘુનાથ સંસ્કૃત મહાવિદ્યાલય જમ્મુ,
સમ્માનિત અધ્યાપક સમ્પુર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલય, વારાણસી.

શ્રીવૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ, દાર્શનિકપંચાનન, ષડ્દર્શનાચાર્ય, વિશ્વનાં વિદ્વત્સમુદાયના વંદનીય, વિલક્ષણ બુધ્ધિવડે શિષ્યવર્ગના હૃદયના ગહન અજ્ઞાનને હરનારા એવા શ્રીમાન આચાર્ય **સ્વામી શ્રીકૃષ્ણવલ્લાભાચાર્ય મહોદયના વિષયમાં જે કાંઇ લખવું તે તો સૂર્યને પ્રકાશ કરવા પતંગિયા તથા ડૂંભારણા દેખાડવા જેવું ગણાય, મહાભાગ્યશાળી એવાં આ વિદ્વાનની વિદ્વતા તો તેમના જ્ઞાન-વિજ્ઞાન વડે વિસ્તરાયેલ શાસ્ત્ર સિધ્ધાંતોવાળી વિવિધ ગ્રંથ રચનાઓ વડે જ સ્પષ્ટ જણાઈ આવે છે. લગભગ એક લાખ છવ્વીશ હજાર શ્લોકોમાં રચાયેલી શ્રીશ્વેતાયનસંહિતા તો મહાભારતને પણ ઉલ્લંઘીને વર્તે છે. જરૂર આવા એક જ ગ્રંથ વડે સંસ્કૃત સાહિત્યની બહોળી સમૃદ્ધિ રચાઈ છે.** તે પાંચ હજાર વર્ષનાં આ વર્તમાન સમયમાં સર્વ ગ્રંથ રચનાઓથી ઉપરવટ વર્તે છે, નામ માત્રથી પરિચિત આ સેવક પરશુરામ શાસ્ત્રી, ભગવાન આચાર્યશ્રીના ચરણોમાં સો સો વાર નમસ્કાર પ્રણામ કરીને વિરામ લ્યે છે.

તા.૩-૯-૧૯૭૬

- વિદ્યારત્ન પરશુરામ શાસ્ત્રી...

શ્રી રાજેશ્વર શાસ્ત્રી દ્રાવિડ. (કાશી રાજગુરૂ).

પ્રધાનાચાર્ય, સાંગવેદ વિદ્યાલય, રામઘાટ, વારાણસી.

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયાચાર્ય, આચાર્ય પ્રવર વર્ણાશ્રમ ધર્મપરિક્ષણ માટે સર્વથા કટિબદ્ધ સર્વ સાધન સહિત વર્તે છે. આ પરિશીલન માં અમદાવાદમાં અખિલ ભારતીય વર્ણાશ્રમ સંઘના અધિવેશનમાં તેમાં સંમિલિત એવા આચાર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું દર્શન મને થયું હતું, આશા રાખું છું કે હવે પછી એ **સ્વામીશ્રી આચાર્યજીની સહાયતા વડે વિદ્યારક્ષણ થશે જ** માટે જ સ્વામિનારાયણ સંપ્રદાયસ્થ અને અમારા ગુરૂભાઈ એવા વામાચારણ ભટ્ટાચાર્ય સમીપે સારી રીતે નવીન પ્રાચીન તમામ ન્યાયશાસ્ત્ર ભણીને તૈયાર પ્રખર પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું અભિનંદન થવું એ તેમના તેજને લાયક છે માટે સુહૃદયવડે અનુમોદન આપું છું.

- શ્રી રાજેશ્વર શાસ્ત્રી દ્રાવિડ...

રામપ્રસાદ ત્રિપાઠી.

અધ્યક્ષ પ્રાચીન વ્યાકરણ દર્શન આગમ વિભાગ,
સંપૂર્ણાનંદ સંસ્કૃત મહાવિદ્યાલય, વારાણસી.

પૃથ્વીમાં ઘણા પંડિતો વિદ્યામાં જ જીવન ગાળનારા હોય છે, પણ કઠિન જટિલ ગ્રંથોની ગહન ગૂંચવણોને ભેદીને સ્પષ્ટ વિવેચક દક્ષ કોઈક કયાંક એકાદ જ હોય છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સ્વામીશ્રી મર્યાદાના ઉપાસક, ન્યાય મીમાંસા વેદાંતાદિ અનેક શાસ્ત્રોમાં વિશ્વપ્રખ્યાત પાંડિત્ય ધરાવનાર અપૂર્વ અનેક મૂલગ્રંથ રત્નોના નિર્માણ વડે ભારતની બે પ્રતિષ્ઠાઓ છે એક સંસ્કૃત સાહિત્ય ભાષા અને બીજી ધાર્મિક સંસ્કૃતિ, આ કથનને સાર્થક કરતાં દિગન્ત વ્યાપ્ત છે. યશસમૂહ જેમનો, એવા ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશમાં જન્મવાળા, અલંકારરૂપી, શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય શાસ્ત્રી મહારાજના પરિચયને કોણ નથી જાણતા ? સર્વે સુજ્ઞા જાણે છે. નિજ સંપ્રદાયના સિદ્ધાંતોને અનુસરતા ભાષ્યોની રચના વડે ભાષ્યકાર આચાર્યોની પદ્વીને મેળવતા, એવા આ શ્રેષ્ઠતમ્ વિદ્વાને બહુ બહુ ગંભીર વિષયના નવા નવા ગ્રંથો તથા ગૂઢાતિગૂઢ અભિપ્રાય ભરેલા ઘણા ગ્રંથો નવા નવા પરિષ્કારો વડે પ્રકાશ ફેલાવતી અને સ્થળ સ્થળમાં નિર્મલ હૃદયોને પણ ખૂંચતી શંકાપિશાચિનીઓને સમૂલ મૂળમાંથી ઉખેડી નાખતી વિદ્વાનોના મનોને હરતી, ટીકાઓ પણ મહામનોયોગ વડે રચી છે. **આ સ્વામીશ્રીની આદરણીય મહાકૃતિઓ, દેશ વિદેશોમાં અનેક શિક્ષા સંસ્થાઓમાં સંસ્કૃત વિદ્યાને અને ભારતીય સંસ્કૃતિને અતિશય ઉપદેશ આપતી થકી તથા પ્રસાર પામતી થકી વર્તે છે. આ પરમપ્રમોદનું અતિશય ઉચ્ચતર સ્થાન છે.** સારાં શરીર સ્વાસ્થ્ય વડે ચિરાયુષ્ય તથા અનુપમ પ્રતિભા વડે સંપન્ન એવા આ આચાર્યવર્ય ભારત રાષ્ટ્રના ગૌરવને સર્વાતિશાયિ વધારનારા હો, એમ ભવાનીપતિ ભગવાન વિશ્વનાથજીને પ્રાર્થું છું

તા. ૫-૧-૭૬

- રામપ્રસાદ ત્રિપાઠી...

ડો. નરેન્દ્રનાથ શર્મા. (એમ.એ. સાહિત્યરત્ન, પીએચ.ડી.).
અધ્યક્ષ સંસ્કૃત વિભાગ, શાસકીય મહાવિદ્યાલય,
શિવની (મધ્યપ્રદેશ).

સંસ્કૃત સાહિત્ય અને દર્શનોના તત્ત્વજ્ઞાનો તથા સંસ્કૃતિની ગંભીરતાઓ વિશ્વ વ્યાપ્ત છે, ઋષિ મહર્ષિઓ દ્વારા પ્રાચીન સમયથી જ ગંભીરતાનું મૂલ્યાંકન થતું આવ્યું છે. હાલમાં ભારતવંદ્ય અને વિશ્વવંદ્ય પંડિત ધુરંધર સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ તે ગંભીરતાને વિશાળ સ્વરૂપમાં મુકી છે. સ્વામીજી મહારાજે પોતાની બહુમુખી બહુવિષયિણી તિક્ષ્ણાતિ તિક્ષ્ણ તાર્કિક - પ્રતિભા વડે સંસ્કૃત ગ્રંથોને નિજીય તિક્ષ્ણ પ્રતિભા વડે મૌલિક ગ્રંથ ભાષ્ય ટીકા ટિપ્પણ આદિ સ્વરૂપમાં પ્રગટ કર્યા છે. સંસ્કૃત, હિન્દી, ગુજરાતીનો સંગમ પ્રત્યેક વિદ્વાનો માટે ઉપકારક રચ્યો છે. આપે ચુમ્માલીશ ગ્રંથોની રચના કરી છે, તે સંસ્કૃતમાં અથાહ પ્રેમ ઉપજાવે છે. તર્કસંગ્રહ, દીપિકાકિરણાવલી, ન્યાયસિધ્ધાંત, મુકતાવલી કિરણાવલી આદિ તર્ક ગ્રંથ, સાંખ્યતત્ત્વકૌમુદી કિરણાવલી, માઠર ભાષ્ય કિરણ યોગદર્શન ભાષ્ય, ભોજવૃતિ કિરણ, અર્થ સંગ્રહ મીમાંસાકિરણાવલી, વેદાંતચિત્સુખી ટિપ્પણી, શ્રુતિતાત્પર્ય નિર્ણય, તત્ત્વમુક્તાકલાપ, વેદાંતસાર,આદિ આદિ દર્શનોના અખંડિત રહસ્યાત્મક તત્ત્વોને સ્પર્શિત કર્યા છે. તેમજ કવિકાવ્યગૌરવમ્, લક્ષ્મીનારાયણસંહિતા, હિતોપદેશ આદિ આદિ ઉપર કાવ્યના ક્ષેત્રમાં આવા સમર્થ ભક્તિશાસ્ત્રમાં નૈષ્ઠિક વ્રતમાં સ્થિત મહાવિદ્વાન શ્રીસ્વામીજીને અભિનંદન દેવા અમો ઉત્સાહિત અને સમર્પિત છીએ. **બ્રહ્મરસાયન ભાષ્ય તો ૨૬૨ સુધાસિન્ધુ ઉપનિષદોની ઉપર ચાર હજાર પેજોનું વિશાળ સાગર વિજ્ઞાન તમામ વિદ્યાઓનાં વિચાર ખજાનારૂપે આપણને રચી આપ્યું છે, જેનું ગૌરવ ભવિષ્યની ભૂગોલીય પ્રજા લેશે.** આવા મહાતપસ્વી, ત્યાગી, વિજ્ઞાની નૈષ્ઠિક પુરૂષને પરમેશ્વર ચિરઃકાળ જીવાડો અને સંસ્કૃત સેવા કરાવો. **આવા સંતને અશેષ પ્રણામ, અશેષ પ્રણામ, અશેષ પ્રણામ.**

- નરેન્દ્રનાથ શર્મા...

ડૉ. નરેન્દ્રકુમાર શર્મા, (એમ.એ. સાહિત્યરત્ન, પીએચ.ડી.).

અધ્યક્ષ સંસ્કૃત વિભાગ, શાસકીય મહાવિદ્યાલય, શિવની.

સંસ્કૃત સાહિત્ય સંસ્કૃતિ સાથે સમગ્ર વિશ્વમાં વ્યાપ્ત છે, બ્રહ્મા નારાયણો લોકપાલો દિક્પાલો પિતૃઓ મહર્ષિઓ દેવતાઓ વિદ્વાનો આચાર્યો સંસ્કૃત સંસ્કૃતિનું મૂલ્યાંકન કરતા આવ્યાં છે, વિશ્વવંદનીય સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ નિજ આત્મચૈતન્યમાં રહેલા સાર્વજ્ઞ્યપણાથી સંસ્કૃત મૌલિક ગ્રંથો નવા નવા આ યુગમાં બહુવિધ સર્વ વિદ્ય ગ્રંથ ભાષ્યો, ટીકાઓ આદિ ગહન રચનાઓ ૪૫ થી ઉપર પ્રેમ પ્રગટાવીને ભારતવિશ્વને આપેલ છે. એક તરફ ન્યાય તાર્કિક, બીજી તરફ શ્રુતિ વૈદાંતિક, ત્રીજી તરફ સાંખ્ય યૌગિક, ચોથી તરફ મીમાંસાનુષ્ઠાનિક, પાંચમી તરફ ઐતિહાસિક, છઠ્ઠી તરફ સર્વ દાર્શનિક અને સાતમી તરફ કાવ્યક્ષેત્રિક એવા એવા અનેક વિષયોમાં જેમની તલસ્પર્શી ગતિ છે. આવા અગાધ વિદ્વાનને અવતારી અંશી પ્રથમ પુરૂષને સન્માન સાથે અભિનંદનો યોગ્ય જ છે, તેમાં અમારા પણ અભિનંદન છે.

- ડૉ. નરેન્દ્રકુમાર શર્મા...

જવાલાપ્રસાદ ગૌડ. (વ્યાકરણાચાર્ય, ન્યાયાચાર્ય પ્રધાનાધ્યાપક).

શ્રીસંન્યાસી સંસ્કૃત મહાવિદ્યાલય, સિદ્ધપીઠ અમરનાથ મઠ
સી. કે. ૩૭. ૮૫૫-૧૨ ઢુણ્ઢિરાજ ગણેશ વારાણસી. ઉત્તરપ્રદેશ.

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના વિશિષ્ટ તત્ત્વવાળા અનેક ગ્રંથોના રચનારા ટીકાકાર સકલ શાસ્ત્ર પારંગત અને તાર્કિક મહામોટા મંડલોને ધ્રૂજાવે એવા સ્વામિનારાયણ સંપ્રદાયના વેદ પ્રામાણ્યવાદી સંત શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજનો આ અભિનંદન ગ્રંથ તે વિદ્વાનો ને ચિતમાં ચમત્કાર ધરાવશે. હર્ષ થાય છે જે- શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજે લખેલ ગ્રંથો ભારતીય શાસ્ત્રોના અંગો વિદ્વતાપૂર્ણ સંસ્કૃતમાં છે.આ લોકોમાં દર્શનશાસ્ત્રોના ઉદ્ધારક શ્રીસ્વામીજીએ વાસ્તવિક જીવન સાફલ્ય કર્યું છે, આ ઘણો આનંદનો વિષય છે અભિનંદન વડે ધન્ય ભાગ્ય માનુ છું.

તા. ૬-૧-૭૬

- જવાલા પ્રસાદ ગૌડ...

જયરામ શાસ્ત્રી. (ન્યાય વેદાંતાચાર્ય).

ભૂતપૂર્વ મહામહિમોપાધ્યાય, જમ્મૂ નગરસ્થ,
શ્રીરઘુનાથ સંસ્કૃત મહાવિદ્યાલય પ્રધાનાચાર્ય, વર્તમાનમાં રેશમઘર કોલોની, કાશ્મીર.

સૌરાષ્ટ્ર પાવન દેશમાં પ્રગટેલાં જ્ઞાનવિજ્ઞાનમૂર્તિ કલાઓના નિધિ એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી જગદ્‌ગુરૂ આચાર્ય મહારાજ તેમના ગુણકાર્યો વડે અભિનંદન પાત્ર થયા છે. શ્રીરામાનુજસ્વામી તથા અન્ય આચાર્યોની સમગ્ર શાસ્ત્ર રચનાઓની યુક્તિઓમાં અતિકુશળ સાહિત્યોના સાર પ્રતિપાદક, મીમાંસા ન્યાય વૈશેષિકોના સારમાં રસિક, વેદાંતશાસ્ત્રના આંતર વિભાગોમાં પૂર્ણ પણ્ડિત, શ્રૌત સ્માર્ત શાસ્ત્રોના આચાર-વિચારોની પરંપરાઓમાં પ્રસરતા મહાતેજો વડે અતિ ઉજ્જવલ, અને ગીર્વાણ વાણીમાં મહાન પરમગુરૂ એવા શ્રીમાન્ સ્વામીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ વિજય પામે છે.

સત્ય સનાતન ધર્મના સંપૂર્ણ અભ્યુદય માટે સદ્વિદ્યાઓના પ્રચાર માટે રાષ્ટ્રની સર્વવિધ શ્રીને સમ્યગ્ વધારવા માટે સતત પ્રયત્નશીલ, ધાર્મિક, દાર્શનિક, નૈતિક, પૌરાણિક, સાંપ્રદાયિક એવા મૌલિક તત્ત્વોને વિશેષપણે પ્રતિષ્ઠાપિત કરવા માટે અનેક એવા ભાષ્યો ટીકાઓ, પ્રકરણો, શાસ્ત્રોના રચવામાં અતિ કુશળ તથા વિવિધ વિદ્યાઓ વડે વિદ્યોતિત યશસ્વી, શાસ્ત્રોના રહસ્યોના ઉદ્‌ઘાટનશાલી, લેખનકલામાં મહાકુશલ વિચક્ષણ તથા ઘણી જ વિદ્વત્ સભાઓમાં સમ્માનિત થયેલા, સ્વતંત્ર ભારત સામ્રાજયની સીમાઓના અંતમાં પણ વિભૂષણરૂપ, ભારતીય વિદ્વાનોના સમાજમાં જે મહાપુરૂષો પ્રસિદ્ધ છે તેમાંના એક અગ્રગણ્ય મહાવિદ્વાન, પાખંડ ખંડનના હેતુ એવા વેદ શાસ્ત્રોરૂપી, શસ્ત્રધારી મહાયોદ્ધા, અતિ બુદ્ધિવાળા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજશ્રીને સ્વલ્પ એવા મારા અભિનંદન વાકયાત્મક ભેટ વડે આદર સહિત વિશેષ અભિનંદન કરું છું. સદા પૂજનીય આપના પ્રતિ સતત શુભભાવનાવાળો.

તા. ૨૨-૫-૭૬

- જયરામશાસ્ત્રી...

પંડિત વંસીધર વશિષ્ઠ. (સાહિત્યાચાર્ય).

અધ્યાપક શાસકીય સંસ્કૃત મહાવિદ્યાલય, ઉજ્જૈન.

॥ શુભ અભિનંદનમ્, શ્રીરામ શરણમ્ ॥

વિદ્વદ્વર્યોના શિરોમણિ પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના સમ્માન કરાતી પ્રક્રિયામાં તેઓશ્રીની જન્મભૂમિ વાસ્તવ્ય જનો દ્વારા થતું એવું તેમની સ્મૃતિના ગ્રંથનું પ્રકાશન સાંભળીને મારું મન ઘણું જ આહ્લાદ અનુભવે છે. **તેઓશ્રીનાં રચેલા ગ્રંથોને સારી રીતે તીક્ષ્ણધી વડે જોઈને મને નિશ્ચિત થયેલ છે કે- જે આ પંડિતવર્યે સર્વે શાસ્ત્રોમાં સાહિત્ય કાવ્ય ભક્તિના તત્ત્વોમાં જે કાંઇ નિજ રચનાઓમાં પ્રાગલ્ભ્ય સ્થાપ્યું છે, તે પ્રામાણ્યકોટિમાં ઉત્તમ છે અને અભિનંદનીય છે,** માટે હું અત્યાર સુધીમાં ચુમ્માલીશ ગ્રંથોના નિર્માતા પંડિતપ્રવર એવા શ્રીપંડિતવર્ય સ્વામીજી મહારાજને સૌહાર્દ પરાયણ એવા પ્રણામો સાથે સ્તુતિ કરીને શ્રીમાન્ પ્રભુ શ્રીરામચન્દ્રજીથી સ્વામીજી મહારાજનું દીર્ઘાયુષ્ય અને અક્ષય પ્રતિષ્ઠાને ઇચ્છું છુ. બુદ્ધિશાળી એવા અને વિદ્વદ્વર્યોમાં શિરોમણી એવા મહાપુરૂષને જે અભિનંદન સમ્માન અર્પણ થાય છે તે તેમના શિવશાંતિવાલા તમામ ભક્તોને પણ શુભ કરો.

તા. ૨૭-૩-૭૬

- પં. વંશીધર વાશિષ્ઠ...

કૃષ્ણશાસ્ત્રી કાનિટકર. (એમ.એ. વ્યાકરણાચાર્ય).

પ્રાધ્યાપક તથા અધ્યક્ષ સંસ્કૃત વિભાગ, શાસકીયકલા તથા વાણિજ્ય મહાવિદ્યાલય, ઇન્દૌરપુર.

॥ શુભ પ્રશંસનમ્ ॥

જેમની લેખની સંસ્કૃત, હિન્દી અને ગુર્જર ભાષામાં સુચમત્કારીક છે, તથા વિવિધ ગ્રંથો લખે છે, તે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સન્માન્ય છે. સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની વેદાંત, ન્યાય, મીમાંસા, સાંખ્યયોગ, વૈશેષિક, કાવ્ય આદિકમાં સૂક્ષ્મ અર્થોને દેખતી, બતાવતી ઉત્તમ મતિ છે. **વિદ્વાના શાસ્ત્રાર્થોના વિનોદમાં કાશીપંડિત મંડલીના બુધવર પંડિતોએ સ્તુતિ કરેલા છે, જે સ્વામીશ્રીએ સુવિશદ્ વ્યાખ્યાઓ વડે શાસ્ત્રોમાં રહેતા કાઠિન્યોને સરલ કરી નાખ્યા છે, જેણે ઘણા નૂતન ગ્રંથો લખીને પૂજયતા મેળવી છે, જે અધ્યયન, અધ્યાપન વડે અર્ચ્યતાને પામેલા છે.** તેઓ સ્વામીજી આજે સીત્તેર ઉપરના વર્ષોને ભોગવી રહયા છે, તેમના મંગળોને હું સર્વથા ઇચ્છું છું. જે સરસ્વતીના પ્રિય પુત્ર શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીશ્રી સો એ સો વર્ષો વધારે વધારે જીવો.

તા. ૨૦-૭-૭૬

- કૃષ્ણશાસ્ત્રી કાનિટકર...

ડૉ. જયનારાયણ રા. પાઠક.

પ્રાધ્યાપક, સંસ્કૃત મહાવિદ્યાલય, વડોદરા

॥ અભિનંદનમ્ ॥

સ્વાધ્યાય તથા શાસ્ત્ર સંપન્ન, વ્યાકરણ મીમાંસા ન્યાય સાહિત્યાદિ સાગરના પાર પામેલા, વિવિધ ડિગ્રીઓ ઉપાધિઓવાળા, સુશિલતા, સુજનતા આદિ ગુણગણ અલંકૃત, કરૂણા ભરેલા હૃદયવાળા, નાના પ્રકારના આગમ-નિગમના મહાસાગર સ્વરૂપ, પૂજયપાદ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજીએ ૪૩ થી વધારે પુસ્તકો લખ્યાં છે, તેને જોઈ જોઈને પક્ષપાતશૂન્ય ગુણૈકપક્ષપાતી એવા કયા વિદ્વાનજનને મનમાં ઉલ્લાસ ન થાય ? સ્વામિનારાયણ સંપ્રદાયના સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય શાસ્ત્રીજીનાં ૭૦માં જન્મ મહોત્સવમાં અનેક વિધ શાસ્ત્રોની સેવામાં કટિબધ્ધ રહેતા, એવા આ વિદ્વાન સંતવર્યને ભગવાન શ્રીસ્વામિનારાયણ પ્રભુ નીરોગી અને નિરૂપાધિક દીર્ઘાયુ આપે, અને શાસ્ત્રીય સરસ્વતીની ઉપાસના એમની પ્રતિદિન વધતી રહે, એમ અભિનંદન પાઠવું છું.

તા. ૨૬-૨-૧૯૭૭ - ડૉ. જયનારાયણ રા. પાઠક...

શાસ્ત્રી કાન્તિલાલ યાજ્ઞિક.

પ્રધાનાચાર્ય, શ્રીનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય, પેટલાદ, જીલ્લો ખેડા, ગુજરાત.

પરમ આદરણીય સૌજન્યપૂર્ણ વિદ્વાનોમાં અતિમાન્ય સ્વામી **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી કેવલ સ્વામિનારાયણ સંપ્રદાયના અલંકાર છે એમજ નથી, પણ સમસ્ત વિદ્વાન મંડલોના તેમાં પણ પૃથ્વીના અને વિશેષપણે ભારતના મહાઅલંકાર છે એમાં અતિશયોક્તિ નથી.** આ વિદ્વાન સ્વામીજી વારાણસીમાં અધ્યયન સમયથી જ મારા અતીવ પરિચિત છે. **તેઓના ગૌરવ માટે જે કાંઇ કરાય છે તે તેમના ઉપકાર માટે નહિ પણ આપણા પોતાના સો એ સો ઋણોથી મુકત થવા માટે છે** આવો મને દૃઢ વિશ્વાસ છે અનેક દાર્શનિક ગ્રંથોના નિર્માતા વિવૃત્તિકાર એવા સ્વામીશ્રી કોના કોના સમ્માનનીય નથી એમ કહી શકાય તેમજ નથી, નિખિલ જગતના ઉપકારપરાયણ ભગવાન સ્વામિનારાયણ આ સ્વામીજી વિદ્વાન મહાદૈવી પુરૂષને આરોગ્ય સહિત દીર્ઘાયુ આપે એમ પ્રાર્થું છું.

તા. ૧૦-૩-૭૬ - કાન્તિલાલ યાજ્ઞિક...

સ્વામી રામેશ્વરાનન્દાચાર્ય. (વેદાંતવ્યાકરણાચાર્ય, સાહિત્ય રત્નભૂષિત).

શ્રીરઘુવીર રામાનન્દ વેદાંત મહાવિદ્યાલય : શ્રીકૌસલેન્દ્ર મઠ, અહમદાવાદ-૬૬,
શ્રીરઘુવર સંસ્કૃત મહાવિદ્યાલય વિશ્રામ, દ્વારકા, શ્રીશેષમઠ શીંગડા, સૌરાષ્ટ્ર.

નેત્રો વડે પ્રત્યક્ષ નથી જોયા તો પણ જગતમાં સત્સિદ્ધાન્ત અનાદિ વૈદિક વિશિષ્ટ દ્વૈતમત સંરક્ષણ પરક અનેક ગ્રંથ રચના પરાયણ છે એમ સાંભળ્યા એવા શ્રીસ્વામિનારાયણાશ્રિત પંડિત પ્રવર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે પોતાના સંપ્રદાયના મતસ્થાપનપરાયણ એવા રચેલ કેટલાક ગ્રંથો મેં જોયાં વાંચ્યા છે. **જગદ્‌ગુરૂ શ્રીરામાનંદાચાર્ય બોધાયન મહર્ષિ પ્રવર્તિત, આનંદભાષ્યકાર આદિક સદાચાર્યો વડે સમ્પ્રવર્તિ વિશિષ્ટાદ્વૈતમત રક્ષણમિષથી સનાતન ધર્મરક્ષણદીક્ષિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજશ્રીને અભિનંદન અપાય છે. તે સમયાનુસાર યોગ્ય જ છે.** આપના અભ્યુદયની કામનાવાળો.

-સ્વામી રામેશ્વરાનન્દાચાર્ય...

પં. વ્રજકાન્ત ઝા. (પ્રધાનાચાર્ય).

શ્રીકાશી વિશ્વનાથ સંસ્કૃત મહાવિદ્યાલય, એલિસબ્રીજ,
અહમદાબાદ.

પૂજનીય ભગવાનની સમાન, માન્ય વિદ્યાઓના વિશારદ તથા શારદા દેવીને નિજયાં વસાવનારા, શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયને પ્રકાશમાં લાવનારા, ન્યાયસિદ્ધાંતમુકતાવલી કિરણાવલ્યાદિ ૪૩ ગ્રંથોની રચના કરનાર, અદ્‌ભુત શક્તિ સંપન્ન, લોકોત્તર ચમત્કારકારી મિત્ર પંડિતો વડે પરીક્ષિત થાય એવી કાવ્ય નિર્માણ શક્તિવાળા, અપૂર્વ મોક્ષોપયોગી ઉપદેશક મતિવાળા, સંસારપ્રદ પંક્તિઓથી ઉપરવટ વર્તનારા વાસના સંતતિથી રહિત, **સકલ પ્રાણીઓને હિતકારી વિવિધ શાસ્ત્ર પ્રબંધોના સમૂહો રચનારા પંડિતપ્રવર શ્રીમાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામી મહોદય આ ભારતવર્ષમાં વિશ્વના માન્ય પૂજ્ય ધન્યતાના પાત્ર તરીકે શોભી રહ્યા છે.**

-પં. વ્રજકાન્ત ઝા...

ભગવાન દત્તમિશ્ર.

પ્રાચાર્ય : રાંચીસ્થ ગણપતિ રાજકીય સંસ્કૃત મહાવિદ્યાલય, કલકત્તા.

આજ પરમેશ્વરની પરમ અનુકંપા વડે વિદ્યા, વ્રત, તપ વગેરેથી પવિત્ર ચરિત્રશાલી તથા મહામહિમ પંડિત હૃદયશાળી તથા ગહન છ દર્શનશાસ્ત્રોના અરણ્યમાં વિચરણ કરતા પ્રવિષ્ટ એવા સિંહ સમાન પાંચમુખી પરમ પંડિતવર્ય તથા સુર સરસ્વતીની આરાધના વડે પ્રાપ્ત કરેલી છે વિવિધ વિદ્યાઓરૂપી મહાવિભૂતિઓ જેમણે તથા તે વડે ખૂબ જ પ્રકાશિત છે અંતઃકરણ જેમનું એવા, નિજનિર્મિત ૪૨થી અધિક નાના પ્રકારના શાસ્ત્રીય ભાષ્ય અને ટીકારત્નો વડે, સરસ્વતીદેવીના વિશાળ કાર્યને પણ અધિક અધિક વિસ્તારમાં મેલતા તથા સનાતન ધર્મના રક્ષણ માટે જે એક વ્રતવાળા તથા વર્ષો સુધી પોતાના જીવનને વેદ વૈદિક દેવવાણીના ગ્રંથોના અધ્યયન અધ્યાપન રૂપી મહાપુણ્યના ફળોના ઉદય થવાથી જ આ અવસરમાં સુમૂર્તિ શરીર ધારણ કરનારા પોતાના નિર્મલ શ્વેતયશોરાશિઓ વડે શ્વેત સાત્ત્વિક પ્રકાશિત કર્યા છે દિગંત પ્રદેશો જેમણે તેવા મહામહા પૂજનીય વિદ્વાનોમાં અગ્રગણ્ય પૂજનીય ચરમકમળ છે, જેમનાં એવા શ્રીમાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામીજીની પૂજાનો અવસર ઉપસ્થિત થયો છે એવા વિશાળ દૃઢ આનંદના દોહન વડે પરિપૂર્ણ હૃદયવાળો હું શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામીજીને સવિનય પ્રણામ અભિનંદન કરતો થકો પરમેશ્વર પાસે માગું છું કે, **આ ભૂતલમાં વિદ્વાન સમૂહોને અમોને નિજયશના સૌરભો વડે અપનાવતા બ્રહ્મમૂર્તિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સો વર્ષો જીવો.**

વિક્રમ સંવત ૨૦૩૩ શ્રાવણ કૃષ્ણ પ્રતિપદા. - ભગવાન દત્તમિશ્ર...

પં. હરિહરાચાર્ય. (વેદાંતાચાર્ય).

વેદાંતશિરોમણી, સંસ્કૃત વિદ્યાલય, અમરાવતી.

પંડિતવર્ય ધુરંધર વિદ્વાન સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી છે. આપની પવિત્રતા ગંગાજી સમાન નરનારાયણ સમાન છે, ગુણગ્રાહિતા સંત સમાન છે, વિમર્શિતા હંસ સમાન છે, તેજસ્વીતા ભાસ્કર સમાન છે, આપની વિદ્યા પરાવિદ્યા સમાન છે. આપ પ્રથમ કોટિના મહાવિદ્વાન સંત છો. **મધુર દ્રષ્ટિ, કોમળ ભાવના, વિતરાગિતા, ઊંચી તાર્કિકશક્તિ, નવસર્જન તીક્ષ્ણતા, શરણરક્ષિતા, માનવશુદ્ધતા, બ્રહ્મવિપ્રતા, ધર્મવતા આદિ આદિ મહાન ગુણો વડે અને શાસ્ત્ર રચનાઓ વડે આપ સન્માનનીય મહાપુરૂષ છો.** આપને અમારા અસંખ્ય અભિનંદન છે.

-પં.હરિહરાચાર્ય...

શાસ્ત્રી દયાશંકર રેવાશંકર. (વ્યાકરણ સાહિત્ય પુરાણ વેદાંતાચાર્ય).

શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય. ઉપાધ્યાપક,
શ્રી મનોહર સંસ્કૃત પાઠશાળા, પ્રધાન અધ્યાપક, અમદાવાદ-૧.

પરમ સમ્માનાર્હ સકલવિદ્વત્ત્વ ઔદાર્ય આદિ ગુણગણ અલંકૃત, શ્રીહરિ મર્યાદાપાલક, દર્શનાચાર્ય કાવ્યાદિગ સમ્મતીર્થ, મહામહોપાધ્યાય, ભારતભૂષણ, પંડિતસમ્રાટ, શ્રીસૌજન્ય રત્ન, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ, પ્રતિ, જૂનાગઢ. લિ. દયાશંકર રેવાશંકર શાસ્ત્રીના જય શ્રીસ્વામિનારાયણ પૂર્વક હાર્દિક શુભાશીર્વાદ વિશેષ વિનંતી સાથે જણાવવાનું જે **તા.૨૫-૧૦-૭૮ ના રોજ, ગાંધીનગર, રાજભવનમાં, ગુજરાત રાજ્ય તરફથી આપનો સંસ્કૃત વિદ્વાન તરીકે મોટો સત્કાર સમારંભ યોજાયો હતો, તેમાં ગુજરાત રાજ્ય તરફથી આપનો સત્કાર થયેલો જાણી હું તથા શ્રી ગુર્જર પ્રદેશ સંસ્કૃત વિકાસમંડળ તથા શ્રી મહાગુજરાત વેદપુરાણોકત્ કર્મકાંડપ્રચારક સભાના સભ્યો, આપશ્રીને શત્શો ધન્યવાદો સાથે શુભ આશીર્વાદોની રાશીઓ અર્પીએ છીએ કે, આપશ્રી નીરોગિતાપૂર્વક શતાયુષી બનીને સંસ્કૃતનો વિકાસ કરો.** આપે તમામ શાસ્ત્રોને વિકસાવ્યા છે, આપનું નામ સભામાં ગયા પછી મેં વાંચ્યુ, જેથી મારા હૃદયને એટલો આનંદ થયો છે કે જેવું મહોદધિનું પૂર ઉછળે, એ લખવા અસમર્થ છું, આપ ત્યાં અવશ્ય પધારશો એમ હતું. પણ આપ અસ્વાસ્થ્યને લીધે ન આવી શક્યા, તેથી પત્ર લખવા પ્રેરાઈને અધિક અભિનન્દનો મોકલું છું, મારી તબિયત પણ નરમ છે, આશીષ આનંદ પત્રથી સંભાળ લેશો, અમો પંડિતો આપને હાર્દિક આશીર્વાદો આપી શકીયે, બીજું તો શું આપીએ ? આપ તંદુરસ્ત રહીને હજું ગીર્વાણ શાસ્ત્રોની ટીકાઓ, ભાષ્યો વગેરે તથા કાવ્યો, ઈતિહાસોની સેવા કરો. **આપ વિશ્વ પ્રસિદ્ધ સરકાર સંમાન્ય, વિદ્વદ્વૃંદ સમ્માન્ય, સત્કાર્ય, દિગન્ત યશસ્વી, લેખક, અધ્યાપક, પ્રવકતા, શાસ્ત્રાર્થ વિજયી, ભારતીય રાષ્ટ્રીય મહાવિદ્વાન તરીકે સર્વાગ્રગણ્ય સંતવર્ય મહાકવિવર્ય પંકાઓ છો, મહાગુજરાતને તેમજ ભારતને તે સાથે સૌરાષ્ટ્રને મહાભાગ્યવંતપણું આપ વડે છે, જે પૃથ્વી ઉપર અત્યારે અદ્વિતીય વિદ્વદ્વૃંદ મૂર્ધન્ય પુરૂષ બિરાજે છે. હાલમાં સૌરાષ્ટ્રનો વાવટો બધાથી ઊર્ધ્વ ફરકે છે. વિશ્વવિખ્યાત વિભૂતિ પુરૂષને અમારા અભિનંદનો છે.**

તા. ૬-૧૧-૭૮

- શાસ્ત્રી દયાશંકર રેવાશંકર...

તારાનાથ ચેટર્જી.

સપ્તતીર્થ, સંસ્કૃતવિભાગ, સંસ્કૃત મહાવિદ્યાલય, મણીપુર.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સૌરાષ્ટ્રીય વિપ્ર સંતે જે બ્રહ્મચારી દીક્ષા લઈ જેમાં વિશ્રાંતિ મેળવી, વિદ્યા ભણીને જેમાં સ્થિરતા સંગ્રહી, ત્યાગાશ્રમમાં રહી જેમાં બ્રહ્મનિષ્ઠા પ્રાપ્ત કરી, ગ્રંથ લેખનમાં રહી જે જે દિવ્ય સ્થળોમાં વિશ્રાંતિ કરી, આત્મનિવેદિપણે જ્યાં જ્યાં મૂર્તઆનંદપિણ્ડ મેળવ્યાં તથા વિશ્વ માટે જે જે જ્યાં સુસ્થળીઓ પ્રપીત કરી તેમાં પ્રાપ્ત એવા પ્રભુને જેવે જેવે સ્વરૂપે ઉપાસ્ય અપનાવ્યાં તેવે તેવે વિશ્રાંતિ સ્થલે અમોને પહોંચાડે એવી અભ્યર્થના સાથે મહાયોગેશ્વર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને અમો અભિનંદનના નૈ:શ્રેયસીય આનંદને અર્પીએ છીએ.

- તારાનાથ ચટર્જી...

મીઠાલાલ ઓઝા.

સિદ્ધાંત જ્યોતિષાચાર્ય, એમ.એ. સંસ્કૃત વિદ્યાલય, વારાણસી.

પરમપૂજનીય સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ સંન્યાસધર્મ પાળીને સંસ્કૃતના દર્શનોની જે સેવા કરી છે, તે માટે વિદ્વત્સમાજ તેમને માટે ઋણિજ રહેશે. વિશ્વવિભૂતિ એવા પરમપૂજય આચાર્ય સ્વામી શ્રીવારાણસીમાં અભ્યાસમાં હતા ત્યારથી તેમને હું ઓળખું છું. સ્વામીશ્રીની વિદ્વતા, બુધ્ધિમતા, બહુશ્રુતતા જેવા ઉચ્ચગુણો અલૌકિક છે, જ્ઞાનામૃત પીનારા છે, જગતની સેવામાં નિજજીવન સમર્પિત કરનારાં છે, સૌમ્ય ભાવવાળા પવિત્રમૂર્તિ છે, આવા સંતને વિદ્વાનોના અભિનંદન છે, તેમાં મારા અભિનંદન છે.

- મીઠાલાલ ઓઝા...

પરિમલ સતીશ ભટ્ટાચાર્ય.

સંગીત સંસ્કૃત વિદ્યાલય, દેહરાદુન.

પંડિતજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી વિશાળતાને કારણ સર્વધર્મો પ્રતિ આચાર્ય સન્માન્ય છે, મહા તત્ત્વચિંતક છે, પરમ કલ્યાણકારી મહા દિવ્યપુરૂષ છે, વંદનીય સદ્‌ગુરૂ મહામહામંડલેશ્વર દેવેશ્વર ઈશ્વરેશ્વર છે, તેમને સર્વવિશ્વના અભિનંદન સાથે મારા અભિનંદન છે. વિદ્વત્કોટિમાં પ્રવેશ્યા છો છતાં સાર્વભૌમ વિદ્વાન થયા છો તે આપની સ્વયંભૂ શક્તિ છે, આપને અનેકવાર પ્રણામ.

- પરિમલ સતીશ ભટ્ટાચાર્ય...

પં. નંદકિશોર શાસ્ત્રી.

અધ્યાપક, સિધ્ધાંત જ્યોતિષાચાર્ય, શા.સ.મ. વિદ્યાલય, ઉજ્જૈન.

॥ સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું અભિનંદન સમ્માનમ્ ॥

શ્રીમાન્ આચાર્યવર્ય સ્વામીશ્રીએ વિદ્વાનોના મોદ પ્રમોદ માટે વેદાંત ન્યાયાદિ વિવિધ વિષયોમાં ગ્રંથરત્નો રચીને વિદ્વાન સમુદાયોમાં મૂર્ધન્યપદને પ્રાપ્ત કરેલ છે. **મુમુક્ષુજનો તેમના ગ્રંથોને ભણી વાંચીને સ્વજન્મ સાફલ્ય કરશે.** આવું ચિન્તવીને મારું આ અભિનંદન શ્રધ્ધેય સ્વામીજીના ચરણોમાં જરૂર અર્પિત હો એમ ઇચ્છું છું.

તા. ૨૭-૩-૭૬

પં. નંદકિશોર શાસ્ત્રી...

પંડિત હરિરામ શુકલ.

સાંગવેદ વિદ્યાલય, કાશી.

અમારા સમાન ન્યાય કક્ષાના અધ્યયનના સ્નાતક, પ્રિય મિત્રવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહામાન્યવર, શાસ્ત્રાર્થ તર્કવાદ વિવાદમાં નિષ્ણાત સુશક્તિશાલી, બ્રહ્મશીલવ્રતી સંત છે, **ઘણા મુખો વડે વખણાતી એવી કિરણાવલીને એક મુખવાળો હું શું વર્ણવું ? પણ દીપિકા કિરણાવલી ભણાવનારાઓને પરમ ઉપકારિણી તેના તમામ પદાર્થ તત્ત્વોનો પરમ સ્ફોટભાવ કરનારી ઊંડા તત્ત્વરૂપ હાર્દના આવરણોને હરનારી બાલ બુદ્ધિપણામાં ધારણ થઈ શકે તેવી સર્વ ટીકાઓમાં અગ્રણ્યસ્થાનપણે વર્તે છે.** શ્રીમાન સ્વામીજી મહારાજે મહાન ઉપકાર કર્યો છે, સર્વે પદાર્થો સરલ પણે વર્ણવ્યા છે, શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજની પૂર્વજન્મીયબુધ્ધિ આ ગ્રંથો વડે અનુમિત થાય છે.

- શ્રીહરિરામ શુકલ...

સૂર્યનારાયણ મિશ્ર.

સંસ્કૃત વિદ્યાલય, સાકેત, આયોધ્યા.

મહાપંડિત સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના 'અભિનંદન ગ્રંથ'ના પ્રકાશનમાં જે જે વિદ્વાનોનો સહયોગ રહ્યો છે, તે સર્વે વિદ્વાનો અતિ પ્રતિભાશાળી છે. જેવો સંકલ્પ કરવામાં આવ્યો છે. તેવો આ 'અભિનંદન ગ્રંથ' અદ્વિતીય થશે જ. વિદ્વાનોની શ્રમ-સફળતા માટે શ્રીગણપતિજીને પ્રાર્થના કરું છું. મારી શુભકામનાઓ પાઠવું છું.

- સૂર્યનારાયણ મિશ્ર...

શાસ્ત્રીલાલજી ના. મોઢા. (વેદાંતાચાર્ય).

રાજકીય પાઠશાલા, જામનગર.

મહાવિદ્વાન દિર્ઘાયુ તથા સ્વાસ્થ્યશાળી એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ભૂમિતલમાં ભારતવર્ષને પ્રખ્યાત કરો.

સમગ્ર શાસ્ત્રોરૂપ સાગરોના પારંગત વિદ્વન્મૂર્ધન્ય, સ્વધર્મ કર્મમાં નિરત, **સ્વનામ વડે ધન્યવાદપાત્ર એવા સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના સર્વોપરીતાપણાનો વિશાળ લેખ પણ અલ્પ જ ગણાશે.** પ્રથમ બ્રહ્મચારી અવસ્થાથી જ શાસ્ત્રો ભણવામાં બહુજ પરિશ્રમ લેનાર શ્રીસ્વામીજી પોતાની અભ્યાસ અવસ્થાથી જ અનેક સંસ્કૃત ગ્રંથો સંસ્કૃત ભાષામાં રચતા થયા છે. તેમણે ટીકાઓ ઘણી રચી છે, તેમાં પણ તેમણે ન્યાય સિદ્ધાંતમુકતાવલી ઉપર અતિવિસ્તારવાળી ગહન અને સરલ તાર્કિક એવી કિરણાવલી ટીકા રચી છે તે તો એકજ ટીકા મહોદય એવા આ સ્વામીજીને પ્રકાંડ પણ્ડિતોના મંડળમાં ઉત્તમ રીતે ગણત્રી કરાવવામાં સમર્થ પરિપૂર્ણ છે. **આ સ્વામીજીનું સંસ્કૃત ભાષામાં સંભાષણની કુશળતા પણ સંસ્કૃતજ્ઞોને માટે ચિત્ત હરનારી છે. પોતાના અજ્ઞાનમાં જ ભમેલા ફલથી તો અતિદુઃખી એવા સંસારિજનોને તત્ત્વજ્ઞાનોપદેશમાં સત્યમાર્ગ બતાવીને બહુ પ્રકારનાં દુઃખોને શમાવનારા મહાત્મા આ સ્વામીજીનું તપસ્વી પવિત્ર જીવન છે, સરલ સ્વભાવ, વિષય વૈરાગ્ય, સત્કર્મ, સંસક્તતા, બ્રહ્મશીલતા, ભકિત, દયાળુતા, વિવેકિતા એવા સર્વે ભગવાનના ગુણો વિશેષપણે વર્તે છે આ બધું જોતા સ્ફુટ માલુમ પડે છે કે- આવા મહાપુરૂષોને સત્કારો જે કાંઇ કરાઇ રહ્યા છે તે કેવલ તેમને માટે જ છે, એમ નહિં પણ સંસ્કૃત વાણીમય સનાતન ધર્મનો સત્કાર કરાય છે, અધિક શું કહેવું, પણ ભારત ભૂમિની સંસ્કૃતિનો સત્કાર તે દ્વારા કરાય છે. આ મારો સ્પષ્ટ અભિપ્રાય છે.**

તા. ૧-૭-૧૯૭૬

- શાસ્ત્રીલાલજી ના. મોઢા...

શાસ્ત્રી વાસુદેવપ્રસાદ ત્રિભુવન પંડ્યા. (પ્રાચાર્ય).

શ્રી ડાકોર સંસ્કૃત પાઠશાલા, ગુજરાત રાજ્ય, જિલ્લો, ખેડા.

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયસ્થ પંડિતપ્રકાંડ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય શાસ્ત્રીજીના કયારેક પ્રત્યક્ષ દર્શન કરેલ, અને કુંકાવાવમાં ઉત્કૃષ્ટતમ સ્કૂલ, કૉલેજના પ્રાધ્યાપક પ્રિન્સિપાલે સ્મરણ કરાવવાથી વધારે સ્મરણ કરું છું. **શ્રીમન્ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય શાસ્ત્રીજી મહારાજના પૂર્વ સમયમાં કાશીના અધ્યયનમાં તથા તેમની પ્રવૃતિ વિષયક સ્મરણોને જ્યારે વધારે ધ્યાનમાં લઉં છું, ત્યારે પૂર્વતન અધ્યયન સમયે વારાણસીમાં તેમની સાથે જ એકત્ર મળવું તથા શાસ્ત્રાર્થમાં બેસવું, વિજય મેળવવો ઈત્યાદિ મેં પ્રત્યક્ષ જોયેલ છે તે અત્યારે તદાકાર દેખાઈ આવે છે. સદા શ્રીસ્વામીજી મંદ સ્મિત મુખ વડે વાણી ઉચ્ચરતા થકા જ સહાધ્યાયીઓ સાથે પ્રગલ્ભ વાણીને બોલતા થકા શ્રોતાને વિસ્મય પમાડનારા હતા.** તે અધ્યયનના સમયમાં જ તેમણે પોતાની પાંડિત્ય સૂચક કિરણાવલી ટીકાયુકત મુકતાવલી રચના એમના સહયોગનો વધારે પરિચય કરાવે છે, ઈસ્વીસન ૧૯૪૨ થી પૂર્વ સમયમાં જ મારા ભાગ્યથી દૂર થયા, તેથી ૩૪ વર્ષો લગભગ વિયોગના ગયા, સ્મરણ તો થયા કરે છે, આવા મધ્યગાળામાં દર્શન થયાં નથી, એથી મન ખેદિત રહે છે, તો પણ **શ્રીસ્વામીજીએ રચેલા શાસ્ત્રીય પુસ્તકોને વાંચુ છું. તે વડે દર્શન તુલ્ય આનંદ થાય છે, તે જોઈને તેમનું પ્રત્યક્ષ દર્શન માનીને મારા આત્માને ધન્ય ગણું છું.** સૂર્યનારાયણના બહુગુણો કહેવા તેવા વિસ્તારથી વિરામ પામું છું .

- વાસુદેવ શાસ્ત્રી...

શાસ્ત્રી લાલજી નારાયણજી મોઢા.

વેદાંતાચાર્ય, વારાણસી, શિક્ષાશાસ્ત્રી-તિરૂપતિ, આચાર્ય અને નિરીક્ષક,
રાજકીય સંસ્કૃત પાઠશાળા, જામનગર.

॥ શ્રી પરમાત્માને નમઃ ॥

સમાદરણીય પૂજય શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ! સાદર પ્રણામ સાથે મહાઆનંદ થાય છે જે - આજે **આપણી રાષ્ટ્રીય ગુજરાત સરકાર દ્વારા સંસ્કૃતના એક મહાન પ્રાચીન મૂર્ધન્ય અને નવ્ય વિદ્વાનનું સન્માન ભારતીય મહાગુજરાત સરકાર તરફથી થઈ રહેલ છે,** આપના દ્વારા સંસ્કૃત તેમજ સમાજની વધારેમાં વધારે સેવા થવા દીર્ઘાયુષ્ય ઉતમ સ્વાસ્થ્ય અને અનુકુલતા આપને પ્રભુ આપતા રહે, એવી શ્રીપરમાત્માને પ્રાર્થના કરું છું.

તા. ૨૬-૧૧-'૭૮

- શાસ્ત્રી લાલજી નારાયણજી મોઢા...

શ્રીવાસુદેવ શાસ્ત્રી.

પ્રાચાર્ય, ડાકોર સંસ્કૃત પાઠશાળા.

પંડિતવર્ય વિજ્ઞાનશ્રેષ્ઠી, ત્યાગી, તપસ્વી, સંયમી, નૈષ્ઠિકવ્રતી, બાલસંન્યાસી સંત આપ ભારતીય સંસ્કૃતિના નવયુગના આદ્યશંકરાચાર્યજી છો. અસત્ય મુકાવી સત્‌બ્રહ્મના બ્રહ્મવિદ્યાઓના આપનારા છો, મુક્તિદીક્ષા આતુર સંન્યાસ આપનારા છો, માયાન્યાસ છોડાવનારા છો, આત્માનો બ્રહ્મમાં સંન્યાસ લેવડાવનાર છો, જ્ઞાનવિજ્ઞાન શબ્દો વાક્યો વડે ગ્રાહ્ય થાય છે, શબ્દ શાસ્ત્રો લખીને આપ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ જગતને અદ્યાત્મ ચિજ આપી છે, આપના જ્ઞાનની ગહનતા અને આપની નૈસર્ગિક મધુરતા તે બન્ને બધાને આકર્ષે છે, આવા આપ ચમત્કાર શક્તિધારી ભગવાનને અમો અભિનંદન આપીએ છીએ.

- શ્રીવાસુદેવ શાસ્ત્રી...

બળવન્તરાય શાસ્ત્રી.

પ્રાચાર્ય ગ. સં. પાઠશાળા, ભાવનગર.

હું મહા આનંદપૂર્વક સુચન કરું છું કે, જે આપે દાર્શનિકપંચાનન, ષડ્‌દર્શનચાર્ય વેદાન્ત મીમાંસા તીર્થાદિ વિશિષ્ટપદ્‌વીને ધારણ કરતા એવા પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શાસ્ત્રીસ્વામીજી માટે અભિનન્દનાત્મક ગ્રંથ પ્રકાશિત કરી રહ્યા છો તે ઘણું શોભાસ્પદ છે. **શ્રીસ્વામીજીની યશપતાકા સત્સંગ સમાજમાં વિદ્વત્સમાજમાં ફરકે છે જ, વળી આ અભિનંદન ગ્રંથ વડે તો દેશ વિદેશમાં પણ ફરકશે.** આ ગ્રંથમાં ભાવિના સંશોધકોથી નવી ખોજરૂપી ઘણું સાહિત્ય પણ જાણવા મળશે, તે અનેક વિદ્વાનોના અભિપ્રાયો વચનરચના આદિ પણ નિબંધો મહત્તાપૂર્ણ તેમાં હશે, આવો આ તમારો પ્રયત્ન આરંભથી જ દેખાય છે, માટે આપે આરંભેલુ આવું શ્રેષ્ઠ કાર્ય ભગવત્કૃપાવડે પરિપૂર્ણ હો એવી ઈચ્છા ધરાવુ છું. આવા સંસ્કારી રચના કાર્યમાં પ્રયત્નશીલ એવા સર્વ કાર્ય કર્તાઓને ધન્યવાદ આપીને વિરામ લઉ છું, ભવદીય.

- બળવન્તરાય શાસ્ત્રી...

શ્રીકૃષ્ણશંકર શાસ્ત્રી.

શ્રી ભાગવત વિદ્યાપીઠ, અમદાવાદ.

શ્રદ્ધેય શીલ વિદ્વવર્ય પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના સૌરિ સૌરભ થી તેજ વ્યક્તિ અપરિચિત હશે કે જે વ્યક્તિ ભગવાન સૂરિથી કે ભગવાનશારિથી અપરિચિત હશે. તેઓશ્રીનું સર્વતોમુખ પાંડિત્યનો પરિમલ તેઓ જ્યારે વારાણસીમાં વિદ્યાધ્યન કાળમાં વિરાજતા ત્યારથી જ હતો. 'પાણિનીય કાણાદં ચ સર્વ શાસ્ત્રોપકારકમ્' આ સુક્તિ અનુસાર તેઓના તલ સ્પર્શીય તજજ્ઞપણાથી તેઓ પ્રત્યેક દર્શનનો સર્વાંગ મર્મ જાણી શકતા.

વૈષ્ણવ સિદ્ધાંતમાંના એક વિશિષ્ટ સંપ્રદાય શ્રીસ્વામિનારાયણ જગતમાં તેઓ એક અપ્રતિમ વિદ્વદ્વર્ય પુરુષ છે. પાંડિત્ય સાથે સંસ્કૃતિના ઉપાસક છે એટલું જ નહીં પણ સંસ્કૃ ત અને સંસ્કૃતિના હિમાયતી છે તેમજ ઉપકારક પણ છે. અનેક વિદ્યાર્થીઓ તેઓશ્રીનાં સંપર્કમાં આવીને તર્કશાસ્ત્રનો જ નહિ પ્રત્યેક શાસ્ત્રનો અર્ક પામ્યા છે. 'તર્ક શુદ્ધ તેમની દલીલ વેદાનુગામી વિવેચન, ભક્તિપૂર્ણ નિરુપણ, સિદ્ધાંતપ્રતિપાદન પ્રતિભા, સદા સ્વપક્ષ રક્ષણમાં સમાન વૃત્તિ' આવું તો અગણ્ય તેઓમાં વિરાજે છે.

૫૦, જેટલાં સ્વતંત્ર ભાષ્યાત્મક વિવેચનાત્મક તેઓના પાંડિત્યપૂર્ણ ગ્રંથો તેમની જ નહીં, સંપ્રદાયની સંસ્કૃત વાડ્મયની એ સમસ્ત વિશ્વની સંપત્તિ છે. આવા મતિ સંપન્ન પુરુષો જ સાચા સંપન્ન છે. તેઓમાં સમર્થન તે તો સાક્ષાત્ સરસ્વતી ભગવતીનું જ ગૌરવપૂર્ણ સમારાધન છે. ૫રમ સારસ્વત પુરુષ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને મારા તરફથી પ્રણામ છે.

તા.૨૯-૩-૭૬

- કૃષ્ણશંકર શાસ્ત્રી...

ડો. રામચન્દ્ર પાંડે. (જ્યોતિષાચાર્ય, પીએચ.ડી.).

વ્યાખ્યાતા જ્યોતિષ, શ્રીરણવીર કેન્દ્રીય સંસ્કૃત વિદ્યાપીઠ, જમ્મુ, કાશ્મીર.

સંસ્કૃત વાણીમયના અપાર સાગરમાં જ્ઞાન-વિજ્ઞાનના મહાસેતુ સ્વરૂપ કલિયુગમાં વેદવ્યાસ મહાવ્યાસ સ્વરૂપ મહામનીષી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના અમો હાર્દિક અભિનંદન કરીએ છીએ. જેમના અધિકાંશ ગ્રંથોએ દર્શનશાસ્ત્રોની નિગૂઢ ગ્રન્થિઓને શિથિલ કરીને સ્પષ્ટ રીતે જીજ્ઞાસુઓને સુગમ માર્ગ બતાવેલ છે, એવા મહાવિદ્વાનને અમારા ઉત્તમોતમ અભિનંદન છે.

- રામચંદ્ર પાંડે...

શ્રીકૃષ્ણશંકર શાસ્ત્રી.

શ્રી ભાગવત્ વિદ્યાપીઠ, અમદાવાદ.

શાસ્ત્રીજીના ગ્રંથો જોયા તે પહેલા તેમને કાશીજીમાં ખ્યાતકીર્તિ સાંભળ્યાં જોયાં હતાં. પંડિત આચાર્ય મહાન દાર્શનિક તાત્ત્વિકલેખક યશસ્વી કવિવર્ય છે, આપના ગ્રંથો જયપુર યુનિવર્સિટીમાં શોભારૂપ છે. **આપને અભિનંદન તે સર્વ વિદ્વાનોને અભિનંદન છે, આપના ગ્રંથો વડે પ્રાચીન અર્વાચીન સંસ્કૃતની સેવા થઈ છે, આપે રાષ્ટ્ર અને ધર્મ વિદ્યાની સાથો સાથ સેવા કરી છે. આપ પ્રથમકોટિના સ્કોલર છો. મહાન ધર્મગુરૂ આચાર્ય છો, આદ્યાત્મિક નેતા છો, પરમપવિત્ર ભારતીય મહાપુરૂષ છો, આપ સંસ્કૃત અને સંસ્કૃતિના ઉપાસક છો,** તર્કશુદ્ધ આપની દલીલો, વેદાનુગામી આપનું વિવેચન, ભક્તિપૂર્ણ નિરૂપણ, સિદ્ધાંત પ્રતિપાદન સાથે નિર્ણય ફલ, પ્રતિભા સ્વપક્ષ રક્ષણમાં અતિભાવવૃતિ આવા તો અસંખ્ય ગુણો આપનામાં છે, આપને આ તમામ માટે મારા અભિનંદન છે.

- કૃષ્ણશંકર શાસ્ત્રી...

શ્રી શંકરપ્રસાદ બ્યાનાર્જી. (ન્યાયતર્ક વેદાન્તીર્થ દેવશર્મા).

ખડગપુર મહાવિદ્યાલયે સંસ્કૃત વિભાગીય પ્રધાનાધ્યાપક : પ્રો. ખડગપુર,
નિવાસસ્થાન અલીગંજ, જિલ્લા : મોદિનીપુર પ.વ.

મહાભાગ આપના હસ્તકૃત લીપી પ્રાપ્ત કરીને હું અતિ આનન્દિત થયો છું તમો સર્વશાસ્ત્ર પારંગત પંડિત શ્રેષ્ઠ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના સ્મારક રૂપે એક અભિનંદન ગ્રંથ પ્રકાશિત કરો છો. આ સમાચાર વડે મદીયચિત એટલું બધું આનંદીત થાય છે કે જે હું આ પત્રમાં પ્રકાશિત કરવા અશકત છું. **આ પંડિત પ્રકાણ્ડ ન્યાય વેદાન્ત સાંખ્ય મીમાંસાદિ દર્શનોમાં પારંગત વિદ્વાન છે. દાર્શનીક તત્ત્વોમાં સાહિત્યક ચમત્કારિતાના સમાવેશ વડે હદય ગ્રાહિ એવું વર્ણ એમનું પ્રધાન પણે વૈશિષ્ટય છે જેવુ સ્વપક્ષ સ્થાપનમાં તેવું જ પરપક્ષ ખણ્ડનમાં પણ સર્વત્ર વિલક્ષણ સામર્થ્ય છે.** આપનો આવો અભિનંદનનો ઉદ્યોગ તે સર્વેનો પ્રશંસાસ્પદ છે, હું પણ શ્રીસ્વામીજીને આનંદપૂર્વક અભિનંદન અર્પુ છું.

- શ્રી શંકર પ્રસાદ બ્યાનાર્જી...

❋ ભારત દેશની સંસ્કૃત વિદ્યાપીઠના વિદ્વાનોના અભિનંદન ❋

ડો. શ્રી ઉંમારણ ઝા. (એમ.એ., પીએચ.ડી.).
ન્યાયાચાર્ય દર્શન વિભાગ, શ્રીરણવીર કેન્દ્રીય સંસ્કૃત વિદ્યાપીઠ,
શાસ્ત્રીનગર, જમ્મુ-તાવી, કાશ્મીર.

અભિનંદનીય ગુણમહનીયચરણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સંસ્તવ સપ્તકમ આપ સ્વામીશ્રીનું અતિ સમ્માન જનતા દ્વારા થઈ રહ્યું છે તેથી ઘણો આનંદ થાય છે. **આપશ્રીની જીવ્હામાં ગીર્વાણ દેવતા વિરાજેલી હોવાથી અતિમિઠાશ છે, પણ્ડિતો પણ જયાં મસ્તક ઝુંકાવે છે, એવી તો આપે કિરણાવલી ટીકા રચી છે.** જાતિ વિમર્શ, ખ્યાતિ વિમર્શ, વિશિષ્ટબ્રહ્મદ્વૈત, બ્રહ્મવિશિષ્ટદ્વૈત, એવી એવી તો ગ્રંથાવલીઓ રચી છે. જે આપની મતિ પરમસત્ય એવા શ્રીકૃષ્ણમાં અતિગાઢ પ્રીતિથી સંસ્કત છે, તેથી આપનું સાચું વૈષ્ણવપણું છે, અને સાચા આપના ગ્રંથોથી પણ તે નિશ્ચિંત થાય છે. સર્વ શાસ્ત્રોમાં જેમનો અવિપ્રતિહત બોધ છે અને નવ્યન્યાયમાં તો કોઈ વિચિત્ર તર્કશક્તિવાળા તે તમોએ ઘણા શાસ્ત્ર સમૂહ ગ્રંથો રચ્યા છે, અને જનતામાં તેથી જ પરમપ્રિયપણાને પામ્યા થકા ધન્યતાના પાત્ર થયા છો. ન્યાયસિદ્ધાંતમૂક્તાવલીની કિરણાવલી, શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજ શાસ્ત્રીવર્યે પ્રકાશિત કરેલી છે. **આ મહાત્મા દ્વિજ પંડિતરાજોએ પૂજયા અને દેવીશક્તિવાળા વિદ્વાનોએ સેવ્યા એવા થકા વિરાજે છે. તેમજ શ્રીકૃષ્ણની પેઠે લોકમાં અતિ પ્રિય થઈ પડયા છે.** આપના સત્સંગભાષ્ય તથા બ્રહ્મરસાયનભાષ્ય કૌસ્તુંભ સમાન કિરણ પ્રકાશો અતિ પ્રસિદ્ધ શોભે છે. વેદાંત સિધ્ધાંતના મતોને વિચાર્યા છે. સાંખ્ય અને યોગમાં ઘણું ચિત્ત એકાગ્ર કર્યું છે. કિરણાવલી વડે હિતોપદેશને પણ વિસ્તાર્યો છે, એવા વૈષ્ણવાચાર્ય આપે ઘણું ઘણું સાહિત્ય પ્રકાશિત કર્યું છે. વિશિષ્ટાદ્વૈત તથા વિશિષ્ટ બ્રહ્માદ્વૈત મતમાં તથા સાંખ્યમાં પણ સ્થિરમતિવાળા આ વિદ્વાન છે, તથા જાતિવિમર્શ ખ્યાતિ વાદ, સુધા સિન્ધુ બ્રહ્મરસાયનભાષ્યરૂપી મહાસાગરના પાર પામેલા છે. **આ પરમપુરૂષ મીનાવતાર નથી- કર્માવતાર નથી પણ વિદ્વાનોના સમૂહોના સાર્વભૌમરાજા છે, તેથી પાંચ મૂખવાળા અને બ્રહ્માજી કે શંકર ભગવાન કે કેસરીસિંહ જેવા આ સ્વામિશ્રી પણ્ડિતવર્ય એક ન્યાયવૈશેષિકરૂપી મુખવાળા, બીજા સાંખ્યયોગરૂપી મુખવાળા, ત્રીજા મીમાંસારૂપી મુખવાળા, ચોથા સર્વ વેદાંતોરૂપી મુખવાળા, અને પાંચમાં ક્ષણિક વાદાદિ દર્શનોરૂપી મુખવાળા એમ પંચાનન, ચારપગના નોરીયાં અને એક દ્રાઢવાળાપણું આવા પંચાનન શ્રીશાસ્ત્રીજી મહારાજ કેના ચિત્તને ન હરે કે પ્રહાર ન કરે, હરે જ.**

શ્રીકૃષ્ણના ચરણોમાં આ સ્તુતિ સપ્તકની ભેટ શ્રી મિથિલા દેશવાસી શ્રી ઉંમારણ ઝા આદરપૂર્વક અર્પણ કરે છે.

તા. ૩-૬-૭૬

- ડો. ઉંમારણ ઝા...

ડો. રુદ્રદેવ ત્રિપાઠી. (એમ.એ. પી.એમ.ડી.).
રીડર તથા અધ્યક્ષ અનુસંધાન તથા પ્રકાશન વિભાગ,
સંસ્કૃત વિદ્યાપીઠ, ૧૧૬, શાંતિ નિકેતન, નવી દિલ્હી.

આ સાંભળીને મારા મનમાં ઘણો આનંદ થાય છે, જે સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની શાસ્ત્રસેવા, ધર્મસેવા, રાષ્ટ્રસેવા, વિદ્યાસેવા, આદિગુણો જોઈને તેઓશ્રીને અભિનંદન આપવા ભારતના વિદ્વાન ધુરંધરો પ્રયત્નશીલ થયા છે. **આખા વિશ્વમાં આંગળીને વેઢે ગણત્રી કરવામાં શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં વડા વેદ, વેદાંત, ન્યાય, મીમાંસાદિ શાસ્ત્રોમાં પ્રગાઢ પાંડિત્ય મંડિત આચાર્યવર્યે પોતાની અનેક શાસ્ત્રીય રચનાઓ વડે દેશનું ઘણું ગૌરવ વધાર્યુ છે. શ્રીલક્ષ્મીનારાયણસંહિતા રૂપ મોટો ગ્રંથરાજ શ્રીશ્વેતાયન મહર્ષિરૂપ સ્વામીશ્રીએ રચી પોતાનું અપૂર્વ પ્રતિભા ગૌરવ ખ્યાત કરેલ છે.** હૃદયગ્રાહિણી વિદ્યાને પ્રતિદિન આરાધીને નાના વિધ ગ્રંથો રચ્યા છે અને સાહિત્ય સેવા કરી છે તે અપૂર્વ સેવા સાચી સેવા છે. આવા મહાપંડિત સંતવર્યને અભિનંદન અર્પીને ભારતીય વિદ્વાનો પોતાના કર્તવ્યને અદા કરે છે તેમાં મારી પણ સમર્પણતા છે, અભિનંદન સફળ હો.

-ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી...

ડો. રુદ્રદેવ ત્રિપાઠી. (એમ.એ. પી.એમ.ડી.).
અધ્યક્ષ સંસ્કૃતાનુસંધાન કેન્દ્ર, સંસ્કૃત વિદ્યાપીઠ, દિલ્હી.

શ્રીસ્વામીજીના નવા યુગના ગ્રંથો તેમની પ્રતિભા વૈભવને વ્યક્ત કરે છે, જેમાં વિવિધ પ્રકારના વિદ્વાનોને સંસ્કૃત સાહિત્યની વિવિધ શાખાઓને આસ્વાદન કરવાની તક મળે છે, આવા વિદ્વદ્વર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને અમારા ઘણાં ઘણાં અભિનંદનો છે.

-ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી...

ડો. અમરનાથ પાંડે.

સંસ્કૃત વિભાગ - કાશી વિદ્યાપીઠ, વારાણસી.

આજ ભારતમાં પંડિત ધુરંધર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું અભિનંદન વિદ્વાન મંડળ કરે છે તેથી ઘણો આનંદ થાય છે. **શ્રીઆચાર્યજી સ્વયં દાર્શનિક, ન્યાયિક, તાર્કિક, આદ્યાત્મિક, વૈજ્ઞાનિક, તાત્ત્વિક, યૌગિક, શાબ્દિક, પ્રમાણિક, આલંકારિક, ઐતિહાસિક, પૌરાણિક, ઔપદેશિક, મહાદેશિક, બ્રહ્માભ્યાસી, ભક્તિભરપૂર ત્યાગમૂર્તિ સુબુદ્ધિ એવા કવિવર્ય મહાલેખક છે. આવા વિદ્વાન સાર્વભૌમ આજ કાશીજીને ભારતને અને સૌરાષ્ટ્રને શોભાવી રહ્યાં છે.** કાશીનગરીમાં તો હરેક પાઠશાલાઓમાં એમના ગ્રંથો પાઠનમાં પ્રચલિત છે, જ્યાં વિદ્યાર્થીઓ શાસ્ત્રીઓ માર્ગમાં કે બગીચાઓમાં કે વિરામસ્થળોમાં દેખો ત્યારે તેમના હાથમાં શ્રીસ્વામીજી મહારાજના પુસ્તકો અભ્યાસાર્થે દેખવામાં આવે છે, ધન્ય છે આવા વિશાલ કીર્તિ અનન્ત મૂર્તિ દૈવી ચમત્કારિક સરસ્વતીમૂર્તિ સાક્ષાત્ સર્વ વિદ્યાવતાર શ્રીશાસ્ત્રીજી મહારાજને. એમની પ્રશસ્તિ અભિનંદન શ્લોક મોકલાવું છું. ઘણું જીવો સરસ્વતીને સેવો, ભગવાનને ચિંતવો, અને લોકકલ્યાણ કરતા રહો તથા વિદ્વાનોને વિદ્યાઓના મહોત્સવો આપતા રહો. આવા મારા અભિનંદન સ્વીકૃત હો.

તા. ૩૧-૧-૭૬

- અમરનાથ પાંડે...

અજયમિશ્ર શાસ્ત્રી.

પ્રાચીન ભારતીય ઈતિહાસ, સંસ્કૃત તથા પુરાતન વિભાગ નાગપુર વિદ્યાપીઠ, અંબા-વિહાર, દક્ષિણ અંબઝરી માર્ગ, નાગપુર.

આદરણીય સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજશ્રીના સમ્માનરૂપ અભિનંદન ગ્રંથ પ્રકાશિત થાય એ અત્યંત આનંદપ્રદ વિષય છે. **શ્રીસ્વામીજીની સામાજીક, ધાર્મિક અને સાહિત્યિક રચનાઓ સર્વને માટે ગૌરવનો વિષય છે,** માટે હું આપના અભિનંદન આયોજનની સફળતા ઇચ્છતો થકો શ્રીસ્વામીજી મહારાજના દીર્ઘાયુષ્ય અને સુસ્વાસ્થ્ય માટે પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

- અજયમિશ્ર શાસ્ત્રી...

એમ. ડી. બાલસુબ્રહ્મણ્યમ.

કેન્દ્રીય સંસ્કૃત વિદ્યાપીઠ, તિરૂપતિ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહાવિદ્વાન પુરૂષના સમ્માન માટે લખાતા અભિનંદન ગ્રંથમાં મારો અભિપ્રાય મહા સમ્માનિત અભિનંદન ભર્યો સ્વીકારશોજી. **હિન્દુસ્તાન અને બીજા દેશોમાં સર્વત્ર વિશાલ વિદ્વતાની ક્રેડિટ માટે સર્વે વિદ્વાનો નતમસ્તક શ્રીસ્વામીજી પ્રતિ ઝુકી રહ્યા છે, એમના ગ્રંથો ન્યાય સાંખ્ય યોગ મીમાંસા વેદાંત આદિ પર સ્વતંત્ર કંટ્રોલવાળા સંસ્કૃત તર્કોવાળા તાત્ત્વિક વિષયોવાળા ગહન પ્રણાલીઓવાળા છે. ચુમ્માલીસ ગ્રંથો વિદ્યમાન છે અને હજુ પણ લખતા રહે છે, સંસ્કૃત વાડમય લેખન ક્ષેત્રના સર્વોપરિ વિદ્વાન પંડિતરાજ બધા વિદ્વાનોમાં આજ પ્રથમ નંબરે છે.** આ પોતે જ શ્વેતાયન વ્યાસજીએ લક્ષ્મીનારાયણસંહિતા સમગ્ર જગતની ઐતિહાસીક સંહિતા રચી છે. આ સંહિતામાં એક લાખ છવ્વીશ હજાર શ્લોકો છે તે સિવાય પચીસેક હજાર બીજા ગ્રંથોના શ્લોકો છે અને લાખ એક ગદ્યો લખ્યા છે. સ્વામીજીનું જીવન સંસ્કૃત તત્ત્વોમાં ઓતપ્રોત વિચાર ચિંતનપરાયણ છે, નવું ખોળે છે, વિકાસ કરે છે, અને જગતને સેવામાં અર્પે છે. ખાણ પ્રમાણે રત્ન પાકે છે, ભારત પ્રમાણે વિદ્વાનો પાકે છે. સ્વામીશ્રીના સમ્માનમાં અભિનંદન ગ્રંથમાં મારા તરફથી અભિનંદનો હો, મારી ઈચ્છાઓ ભેટ થાઓ.

- એમ. ડી. બાલસુબ્રહ્મણ્યમ...

પંડિત અનંતાચાર્ય જયસ્વાલ.

વિદ્યાપીઠ, પટણા.

ભારતીય સંસ્કૃતિની વાટિકા સંસ્કૃત છે, આપણે તે વાટિકાના સેવક છીએ, આપણે સંસ્કૃત દેવતાના આશીર્વાદ પાત્ર છીએ. આપણે માટે વધારે યત્નશીલ મહાવિદ્વાન સંસ્કૃત પ્રેમી એવા આચાર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને આપણે સંમ્માન સાથે અભિનંદન આપીએ છીએ, તે અભિનંદન આપણે માટે જ ફળીભૂત છે, આપણે ભારતપ્રતિ આવી સંસ્કૃતિનિષ્ઠાનું સંમ્માન કરીએ છીએ તે ભારતનું સમ્માન કરીએ છીએ અને તે આપણું જ સમ્માન વિદેશીઓને જણાશે, આ રીતે ભારતનું ગૌરવ છે. વિદ્યમાન વિદ્વાનોમાં પ્રાચીન નવીન વિદ્યાઓના આચાર્ય મહામહોપાધ્યાય, ભાષ્ય ટીકાઓ અને મૌલિક કૃતિપરાયણ કોડપત્રોના પણ તાર્કિક મહાપંડિત સ્વામીશ્રીને હાર્દિક રીતે અભિનંદન આપીએ છીએ. આપના સ્મરણ માત્રથી આત્મામાં શાંતિ વળે છે, આપ કોઈ આત્મશાંતિપ્રદ મહાદૈવી ઈશ્વરીય પુરૂષ છો, આપને અમારા અભિનંદન છે.

- પં. અનંતાચાર્ય જયસ્વાલ...

ડો. રામચંદ્ર પાંડે.

રણવીર વિદ્યાપીઠ, જમ્મુ-કાશ્મીર.

બ્રહ્મમુક્તોના સમાજમાંથી ઈશ્વરીય વિશ્વમાં અવતર્યા એવા સર્વજ્ઞ પ્રભુ અપાર જ્ઞાન સેતુઓ બાંધી વેદવ્યાસ તરીકે કામ કરનારા થયા, એવા નવયુગના મહાન વિદ્વાનને અમારા અનેક અભિનંદન છે.

- ડો. રામચંદ્ર પાંડે...

ડો. અમરનાથ પાંડે. (એમ.એ., ડી.ફિલ.).

અધ્યક્ષ સંસ્કૃત વિદ્યાપીઠ, વારાણસી.

સંત જો વિદ્વાન હોય તો તે વિદ્યા વડે જગતનું કલ્યાણ કરે અને વિદ્વાન જો સંત હોય તો પવિત્રતાથી વિશ્વને પવિત્ર બનાવે, સ્વામીજીમાં બંને યોગ્યતા છે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ પોતાના જ્ઞાન, તપ, ભક્તિ વડે માનવ સમાજના ઉચ્ચ સંસ્કારો માટે સાહિત્યની ભેટ વિશ્વને આપી છે, એ ગૌરવની વાત છે. આવા મહાવિદ્વાન શાસ્ત્રીજીને અમારા ઘણાં ઘણાં અભિનંદનો છે.

- ડો.અમરનાથ પાંડે...

ડો. ચન્દ્રકિશોર ગોસ્વામી.

વનસ્થલી વિદ્યાપીઠ, રાજસ્થાન.

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમાં દર્શનોમાં તત્ત્વોને વ્યકત કરવાની શક્તિ, સૂક્ષ્મ અન્વેષક દ્રષ્ટિ, તાર્કિક ભાષ્યાદિ રચવાની શક્તિ એ આદિક વડે સંસ્કૃતનું વિશાલકાય વિવેચન, તે વડે સંસ્કૃત સાહિત્યનું ઘણું ગૌરવ વધારવાની સેવા છે. **સ્વયં ગ્રંથોદ્વારા અમૃતવાણી વિચારોનું પીયૂષ પિરસતા શ્રીપંડિતજી પોતાના ગ્રંથોની વધારે વિશિષ્ટતાના કારણે વિદ્વાનોથી જુદા જ મહાન વિદ્વાન તરીકે સૂર્ય સમાન તરી આવે છે.** વાત્સલ્યમૂર્તિ જીવનસાગરને મથી મધુર સંસ્કૃત અમૃત વિદ્વાનોને આપતા એવા પરોપકારી આપને અમો અભિનંદન આપીએ છીએ.

- ડો. ચન્દ્રકિશોર ગોસ્વામી...

ડૉ. ચક્રધર બિજલ્વાન. (એમ.એ., પીએચ.ડી.).

પ્રાધ્યાપક, લાલબહાદુર શાસ્ત્રી સંસ્કૃત વિદ્યાપીઠ,

૧/૬ શાંતિ નિકેતન, નવી દિલ્હી.

પરમ આદરણીય શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજી મહારાજ, સાદર ચરણવંદના. **આપનું સાહિત્ય જોયું, મને ઘણો હર્ષ થયો, હું આપના મહાન ગ્રંથોને જોઈને આપના ચરણોમાં મારા પ્રણામાંજલિ સમર્પિત કરું છું.** આપની 'તત્ત્વપ્રભાવલી'નું અંગ્રેજી ભાષાંતર ખૂબ જ શ્રદ્ધાપૂર્વક કરવા ઈચ્છું છું, તે દસ માસમાં પૂર્ણ કરી દઈશ. મને પીએચ.ડી.ની ડિગ્રી ન્યાયમંજરી ઉપર પ્રબંધ લખવા વડે દિલ્હી વિશ્વવિદ્યાલયથી મળેલ છે. **હું આપના દર્શન વડે કૃતાર્થ થવા ઈચ્છું છું,** આપની 'તત્ત્વપ્રભાવલી' એક પ્રત મને મળેલ છે તે બદલ આપનો આભારી છું, કૃપા પત્ર વડે કૃતાર્થ કરશો.

શિષ્ય, ચક્રધર બિજલ્વાન આપને અનેક અભિનંદન સમર્પિત કરું છું.

તા. ૨૧-૪-૭૭

- ડૉ. ચક્રધર બિજલ્વાન...

અનંતલાલ દેવશર્મા ઠાકુર.

જયસ્વાલ વિદ્યાપીઠ, પટણા.

॥ અભિનંદનમ્ ॥

સર્વતન્ત્ર સ્વતંત્ર પરમભાગવત સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની ૭૦મી જન્મસ્મૃતિના પવિત્ર દિવસે તેમના અનુયાયિ શિષ્યો અને તે દેશવાસી વિદ્વાનોએ સ્વામીજીના અભિનંદન સ્મૃતિગ્રંથ પ્રકાશિત કરવા ઈચ્છેલ છે, તે અમારે માટે પરમપ્રમોદનું સ્થાન છે. **શાસ્ત્રોની મૂર્તિરૂપ એવા આ વિદ્વાન સંતનું સ્મરણ પણ પાવન કરનારું છે. તેમના રચેલા ગ્રંથોની અધ્યયન અધ્યાપનની વ્યવસ્થા જો અધિકારીવર્ગ કરે તો સારી રીતે તેમની સ્મૃતિનું સંરક્ષણ થાય એમ માનું છું. આ અભિનંદન સ્મૃતિગ્રંથ પ્રકાશિત થઈને પવિત્રવિદ્યાના આદર્શ પ્રચારને તથા ધર્મનિષ્ઠાને વધારશે.**

પાટલિપુત્ર-પટનાથી વિદ્વાનજનોનો આવકાર કૃપાપાત્ર એવા.

તા. ૩૩-૩-૭૬

- અનંતલાલ ઠાકુર...

શ્રીઅમરનાથ પાંડે. (એમ.એ., ડી.ફીલ).

અધ્યક્ષ સંસ્કૃત વિભાગ, કાશી વિદ્યાપીઠ, વારાણસી.

॥ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના અભિનંદન માટે પદ્યો ॥

ન્યાયશાસ્ત્રમાં જેમની સરસ્વતી ઉજળી ઉજળી શુદ્ધિ કરેલી વિચરે છે, સાંખ્ય યોગમાં ખૂબ સારા વિલાસવાળી પ્રૌઢતા ધરાવતી જેમની વિદ્યા શોભે છે. શાબ્દિક શાસ્ત્રોની ઉત્કૃષ્ટ ચિંતનવાળી સ્ફૂર્તિ મનોહારી પરિષ્કારવાળી શારદા જેમની અવ્યાહત પ્રવર્તે છે એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી માંગલ્યોના એક જ નિધિ છે, તેજસ્વિતાઓના વિધાનવાળા છે તેમની પાવન સરસ્વતી નદી સર્વત્ર પ્રવાહવાળી વર્તે છે. સદાશય લોકહિત કારિણી વિદ્યાને સતત પ્રકટાવતા એવા, તથા કવિવરોએ જેવા વિદ્વાનોના વૃત્તાંતો વર્ણવ્યા છે, તેવા જ પ્રકારના વૃત્તાંતવાળા કવિવરોના યશોને તાજા કરતા એવા, યોગોમાં ગૂઢ એવી અપાર અગાધ ગહન સિધ્ધિવાળા, ઊંડાણના તત્ત્વપ્રકારોને બતાવતા એવા, આ શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શ્રીમાન સ્વામીશ્રીએ વિમર્શવચનો વડે ઉપનિષત્ વેદાંત અને વેદ પણ વ્યાખ્યાત કરી આપ્યા છે. સાધુ પદોના અર્થશાલી પ્રયોગો વડે યોગ્ય પ્રસંગોમાં કાવ્યને પણ ઉમેરતા ગયા છે અને નવા નવા વિવિધ કઠિન જ્ઞમિ વિષયના ગ્રંથોને રચીને કૃતકૃત્ય વિદ્વાન એવા આ સ્વામીશ્રી વિરાજે છે. **પ્રસન્ન મુખવાળા સ્વામીજી કલ્યાણ તથા સાચા સંતમાં પ્રીતિને પણ અવલંબે છે. વિદ્યારણ્યના વિસ્તારોમાં વિચારીને તેમાં હૃદય પરોવીને રહેતા એવા આ કોઈ નવા વલ્લભાચાર્ય પ્રગટ થયા છે. સદાચાર સમન્વિત તથા લોકોમાં વિદ્વાનોમાં પ્રખ્યાત રીતે માન્ય, માનવોના હિતમાં રત, એવા આ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય શાસ્ત્રીજી સંતરૂપે ખરા વલ્લભાચાર્યજી છે. મહાજ્ઞમિથી વિભુષિત સત્‌બ્રહ્મ સત્‌ખ્યાતિ સત્શાસ્ત્ર સત્યધર્મ સતી શારદાઓ વિગેરેની આરાધનામાં તત્પર એવા કૃષ્ણ પોતે જ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી વર્તે છે. તેઓ સરસ્વતીના નિધિને પોષણ પમાડતા થકા શિષ્યો દ્વારા અભિનંદન અપાયા અતિ શોભે છે.**

તા. ૨૪-૪-૭૬

- અમરનાથ પાણ્ડેય...

ડો. રુદ્રદેવ ત્રિપાઠી. (એમ.એ., સંસ્કૃત-હિન્દી, પી.એચ.ડી.).
સાહિત્ય સાંખ્યોગાચાર્ય, પ્રવાચક અનુસંધાન વિભાગ,
શ્રી લા.બ.શાસ્ત્રી કેન્દ્રિય સંસ્કૃત વિદ્યાપીઠ, નવી દિલ્હી.

॥ અભિનંદન સંદેશ ॥

આ અમોને મહાપ્રમોદનું સ્થાન વૃતાંન્ત મળ્યું છે કે - શ્રીવૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ, દાર્શનિકપંચાનન, ષડ્દર્શનાચાર્ય, આદિ વિવિધ વિષયાવગાહિ પાણ્ડિત્યની પ્રતિભામણ્ડિત એવા પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહાભાગ વિદ્વાનનાં શાસ્ત્રો તથા સમાજ સેવાઓ જોઈને તેઓના મહિમાશાલી સમર્થન કરનાર નાના વિધ લેખ, પ્રલેખ, આદિ સુસમૃદ્ધિયુકત અભિનંદન ગ્રંથ રત્ન સમર્પણ કરવા આદર સમ્પન્ન સંસ્કૃત વિદ્વાનો ઉત્સાહિત છે.

વિદ્યાવૈભવો વડે વન્દિત, ગુરુદેવ, શાસ્ત્રોમાં આદરવાળા, પાણ્ડિત્યપૂર્ણ, પૃથ્વીમાં પરોપકારોમાં પ્રખ્યાતિ પામેલા, વેદાંત ન્યાયાદિ વિભિન્ન શાસ્ત્રોની જેમની રચનાઓ છે તે જોઈને શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજનું આ સ્તોત્ર વિશ્વને વિસ્મય પમાડે એવું કહેવાય છે.

(૧) **ન્યાયમાં, સાંખ્યમાં, યોગમાં જેમણે બહુગહન વિશાલ ટીકાઓ અને પ્રટીકાઓ રચી છે, પોતાના આચાર્ય પદની પ્રતિષ્ઠા કરે એવી મતિ સંભૃત તર્કાન્વિત ગ્રંથો પણ રચ્યા છે, શિક્ષાપત્રીની કિરણાવલી તથા બ્રહ્મરસાયન, અને સત્સંગ ભાષ્ય, તથા સાંખ્ય યોગના ભાષ્યો રચીને લોકમાં શુભ જ્ઞાન પ્રકાશ ફેલાવ્યો એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ભારતમાં વિશેષપણે પ્રકાશો.**

(૨) **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના નિર્મલ ચમત્કાર, ચરિત્રો ભૂમણ્ડલમાં સૂર્ય સમાન અત્યંન્ત પવિત્ર પ્રસરેલા છે, તેમાં આવા કલ્યાણકર પૂર્ણશાસ્ત્ર રચનાઓરૂપી મહામુકુટ પણ ચમકી રહ્યો છે તે ધારી રહેલા સ્વામીજી વિજય અને પ્રતિષ્ઠા પામો.**

(૩) **કવીન્દ્રવર્ય એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજીના વિદ્વાનપણાના ભાવોને કહેતી એવી અભિનંદન મણિ માલા તેમના કંઠમાં સુશોભિત રહો.**

(૪) ઘણીક ભકિતના પ્રભાવથી આ યતિવર્ય ભુવનોમાં પ્રખ્યાત કીર્તિવાળા એવા વિદ્વતવર્યસુકાન્ત મૂર્તિ જય પામો. સકલ શાસ્ત્રોના અભ્યાસક્રમ અને વિદ્યામાં અવગાહન તથા પુણ્યકારી સેવન જેમણે તથા પંડિતોએ સ્તુતિ કરેલા એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સદા વિજય પામો. આપને માટે હું સદા સર્વદાતાર એવા પરમાત્માને વંદીને, યાચીને આપનું દીર્ઘજીવિત્વ અને નીરોગિત્વને માગું છું.

- રુદ્રદેવ ત્રિપાઠી...

❋ ભારત દેશની સંસ્કૃત કોલેજના વિદ્વાનોના અભિનંદન ❋

પં. શિવદત્ત મિશ્ર. (નવ્યન્યાયાચાર્ય).

ગવર્નમેન્ટ ક્વિન્સ કોલેજ કાશી.

॥ ઓમ કાશીવિશ્વેશ્વરને નમઃ ॥

ત્યાગીવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સંસ્કૃત માટે જ સર્વસ્વાર્પિત કરનારા, તમોએ પરમગુરૂવર્ય શ્રીવામાચરણ ભટ્ટાચાર્યજીનાં ચરણો સેવીને સમગ્ર ન્યાયશાસ્ત્ર વિવિધ કોડપત્રો તથા સર્વે વાદગ્રંથો ભણી લીધા છે, વિદ્વાનોની સભામાં તર્કતીર્થ શ્રીવામાચરણ ભટ્ટાચાર્યજીએ સંસ્કૃતોના ભાષણ માટે આજ્ઞા આપેલી, તમે દાર્શનિક તત્ત્વ સંભૃત વાગ્ધારાઓ વડે વ્યાખ્યાનો કર્યા છે અને કરો છો. વિદ્વન્મણ્ડલમાં પ્રશસ્ત કીર્તિ હાલમાં વિરાજો છો. આગળ વિદ્વાનો વડે આદર સત્કાર પામતા થકી વૃદ્ધિ પામો. તેમજ સારા યશોમંડળને પામીને સુપ્રતિષ્ઠિત છો. **પ્રાચીન નવીન ન્યાયશાસ્ત્ર વિદ્યાનું પ્રરક્ષણ કર્તા એવા તમે ન્યાયના ટીકા ગ્રંથો ગહન અતિગહન પદાર્થોના વિવેચનો કરી સ્પષ્ટ કર્યા છે, જે અભ્યાસ અને પરીક્ષાઓમાં કઠિન ગણાતા તે ઉપયોગી સરલ બનાવ્યા છે, તે તમારી કીર્તિને વિસ્તારે છે.** ગંગેશોપાધ્યાયની તત્ત્વ ચિન્તામણિના જેવો, મૈથિલ વલ્લભ આચાર્યની લીલાવતી જેવો, તમારો તત્ત્વપ્રભાવલી નામનો ગ્રંથ તે ન્યાય તર્કની પદ્ધતિ વડે સર્વ પ્રસ્થાનોનાં પદાર્થ ભરેલો તથા પ્રમેય, પ્રમાણ પ્રમાતા અને પ્રમિતિ ખણ્ડાંત્મક મહાગૌરવશાલી તે ગ્રંથ તમારો રચેલો અમે આદ્યઅન્ત જોયો આનવીક્ષિકી વિદ્યા સંભૃત અધિક વિશિષ્ટવાદિઓના પદાર્થ ગર્ભિત ન્યાય સિદ્ધાંત મુક્તાવલીથી ઉત્કૃષ્ટ કિંમતી મુદ્રણાર્થે મોકલ્યો તે અતિ આનંદ પમાડે છે, વિદ્વાનોની વિશિષ્ટ તર્ક વિદ્યાના નેત્રોનો ખોલનારો છે, આથી મહા આનંદ થાય છે.

વિ.સ. ૧૯૯૬

- પં. શિવદત્ત મિશ્ર...

પંડિત છબીલાલ યોત્રેલ.

પીડેશ્વર, વિદ્યાપીઠધરણ, પૂર્ણિયા, બંગાલ.

ભારતના મહાગુજરાતના પશ્ચિમ ભાગ સૌરાષ્ટ્ર ભૂમિસ્થ અમરેલી જિલ્લાના કુંકુમવાપીનગરીમાં જન્મ લઈ, **કાશીનો અભ્યાસ તથા સંત દીક્ષા લઈ મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહાવૈષ્ણવ સાર્વભૌમે સંસ્કૃત ઘણાં ગ્રંથો લખ્યાં, તેઓ સ્વયં આ રાષ્ટ્રની દિવ્ય વિભૂતી છે.** તેમના ગ્રંથો તેમની અલૌકિક જવલંત શક્તિના પ્રતીકો છે, આવા પ્રતિભાશાલી વિશ્વવંદ્ય વિદ્વાન શ્રીસ્વામીજીને મારા અનેક અભિનંદન સાથે પ્રણામ છે.

- પંડિત છબીલાલ યોત્રેલ...

મહામહોપાધ્યાય માધવશાસ્ત્રી ભંડારી.

દર્શનાધ્યાપક, ક્વિન્સ કોલેજ, કાશી.

બુદ્ધિમાન વિદ્યાધ્યાયી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યશાસ્ત્રીએ લખેલ યોગદર્શનનું ભાષ્ય મેં સૂક્ષ્મ દ્રષ્ટિ વડે જોયું, યોગિની પેઠે બધું આરપાર દેખનારા તમે સર્વે લૌકિક અલૌકિક દિવ્ય પદાર્થો પણ અભ્યસ્ત્ કર્યા હોય એમ વર્ણન કર્યા છે, શાસ્ત્રીય તત્ત્વ વિજ્ઞાન તેના વાદવિવાદ સ્વરૂપે સ્પષ્ટ કર્યું છે, ભાષ્ય ભોજ વૃતિનું કિરણ પઠન પાઠનને યોગ્ય વિકસીત લખ્યું છે જેને જોઈને, યોગ્ય કર્યુ છે. તમને હું સંભારીશ, વિખ્યાત વિદ્વાન થશો એમ હાર્દિક આશીર્વાદો આપું છું.

- મહામહોપાધ્યાય માધવરાવ શાસ્ત્રી...

એમ. એમ. ગોપીનાથ કવિરાજ.

વારાણસી પ્રિન્સીપાલ, ક્વિન્સ કોલેજ. કાશી.

મહાવિદ્વાન મહાફિલોસોફર મહાન સંત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ઘણું જીવો, આપ મારા ગુરૂજી શ્રીવામાચરણ ભટ્ટાચાર્યજીના સ્ટુડન્ટ મારા ગુરૂભાઈ છો, **સંસ્કૃતના હરેક વિભાગના અગાધ વિદ્વાન છો, જગતમાં પ્રસિદ્ધિ પામેલા છો. આપે ઘણાં મૌલિક ગ્રંથો ભાષ્યો ટીકાઓ ટેકસ્ટ યોગ્ય ગ્રંથો લખ્યા છે.** આપની વિદ્વતા અને સંતતા તથા જનોપકારકતાને સમ્માનવા વિદ્વાનો આપને અભિનંદનો આપી રહ્યા છે, તેમાં મારા પણ અભિનંદન સ્વીકૃત હો.

- ગોપીનાથ કવિરાજ...

શ્રી આશુતોષ ભટ્ટાચાર્ય, (ન્યાય વૈશેષિકાચાર્ય).

સંસ્કૃત કોલેજ કલકતા,

અધ્યક્ષ નવદ્વીપ ગવર્નમેન્ટ સંસ્કૃત કોલેજ, કલકતા, નવદ્વીપ.

પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય શાસ્ત્રીજી મહારાજે ન્યાયાદિસમસ્ત શાસ્ત્રોમાં તથા બહુગ્રંથોમાં નવી નવી ટીકા ભાષ્ય વિગેરે રચીને તે તે ગ્રંથોનું પ્રકાશન કરીને સંસ્કૃત અનુરાગીઓને ખૂબ ખૂબ સહાયતા કરી તથા આનંદ વધાર્યો છે, આ રીતે ખૂબ સાક્ષાત શાસ્ત્રોની મૂર્તિ એવા શ્રીસ્વામીજી માટે ન્યાયવૈશેષિકાચાર્ય આશુતોષ ભટ્ટાચાર્ય ભગવાન પાસે દીર્ઘાયુષ્ય તથા ગ્રંથ પ્રકાશન અધિક ચાતુર્ય પ્રાર્થુ છું.

તા. ૨-૧-૭૬

- આશુતોષ ભટ્ટાચાર્ય...

શ્રી મોહન શર્મા. (તર્ક વેદાંતતીર્થ).

ન્યાયાદિ દર્શનાધ્યાપક, મહાચાર્ય વિભાગ, સંસ્કૃત કોલેજ કલકત્તા.

॥ ૐ નમો નારાયણાય ॥

વિદ્વાન કુલના આભૂષણરૂપ શ્રીમાન **શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહાનુભાવ સ્વામીજી વિવિધ શાસ્ત્રોમાં વિશેષતઃ ષડ્દર્શનોમાં તથા વીશદર્શનોમાં પાંડિત્યપૂર્ણ વિદ્વાન છે.** તેમનું શિક્ષાપ્રચારમાં નૈપુણ્ય છે, તે જોઈને અમો અતિ સંતોષ પામીએ છીએ. ભગવાનની કૃપાવડે આ વિદ્વાન શાસ્ત્રીજી આચાર્ય રૂચિકર ઘણું જીવો, એમ પ્રાર્થના કરું છું.

તા. ૨-૧-૧૯૭૬

- મોહન શર્મા...

પંડિત દર્શનસિંહ. (એમ.એ., પીએચ.ડી., પી.ઇ.એસ.).

સ્નાતકોત્તર હિન્દી વિભાગ, ગવર્નમેન્ટ કોલેજ, હોંશિયારપુર, પંજાબ.

સંસ્કૃત ભાષા ભારતીય સંસ્કૃતિની પોષણવાહિકા છે, સંસ્કૃતના કોઈપણ વિદ્વાનનું સન્માન કરવું તે ભારતીય સંસ્કૃતિ પ્રતિ આપણી આસ્થા અને નિષ્ઠા છે. સ્વનામ ધન્ય શ્રધ્ધેય સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની સંસ્કૃત સેવાઓ તો બહુજ છે. તેઓ બહુમુખી પ્રતિભાના સ્વામી છે, **માનવીય જીવનના મહત્વના કોઈ પણ વિષય આપ સ્વામીજીની લલિત લેખિનીના અસ્પર્શી નથી રહયા. સ્વામીશ્રીદ્વારા પ્રણીત સંસ્કૃત ગ્રંથોની રાશિમાં તેમની સરસ્વતી સાધના મૂર્તિમાન થઈ ગઈ છે, આવા મહા વિદ્વાનની કૃતિઓ વડે વિશ્વભરના વિદ્વાનોને લાભ મળ્યો છે મળે છે અને મળશે.** કાયમી સાધનાનું ઉદાહરણ સાધનરૂપ શ્રીસ્વામીજી મહારાજની સંમુખમાં હું શ્રધ્ધાવશ નમસ્કાર કરું છું.

તા. ૧૨-૬-૭૬

- પં. દર્શન સિંહ...

દેવકીનંદન શાસ્ત્રી.

પ્રિન્સીપાલ, ટી.મ. કોલેજ, કાશી.

દર્શનતત્ત્વસાર નામનો ગ્રંથ દૂધ, દહીં અને માખણની પેઠે દર્શનશાસ્ત્રોના આવશ્યક જ્ઞાન-વિજ્ઞાનની પ્રતિભાઓ વડે ઉપજતા અને દાર્શનિક વિવેકીજનોએ વિવેચિત કરેલા આકર્ષણવાળા, જોવા યોગ્ય, અધ્યયન યોગ્ય તથા છાત્રોને ઉપકારક છે, તે શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીશ્રીએ રચ્યો છે, ખૂબ ગ્રાહ્ય છે. દાર્શનિક પંડિત જીવનકૃષ્ણ ભટ્ટાચાર્ય તથા ક્ષીરોદબંધુ ભટ્ટાચાર્ય તથા રામશરણ દર્શનાધ્યાપક આદિ વિદ્વાનોએ મુક્તકંઠે પ્રશંસા કરેલો છે.

- દેવકીનંદન શાસ્ત્રી...

રઘુનાથ ઐરી. (એમ.એ., પીએચ.ડી., એચ.ઇ.એસ.).

વિદ્યાભૂષણ, સીનિયર લેક્ચરર, સંસ્કૃત હેડ, ગવર્નમેન્ટ કોલેજ, ઈન્દોર.

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું અભિનંદન તે ભારતીય સાહિત્ય દર્શન શાસ્ત્રોના સત્કારરૂપ છે. શ્રીસ્વામીજીની વિવિધ વિષય સંબંધી જ્ઞાન-વિજ્ઞાન ભરેલી પુષ્ટિ ટેકાવાળી રચનાઓને દેખીને સર્વે સંસ્કૃત પાઠક વિશેષપણે પ્રભાવિત થાય છે. **હિન્દુ દર્શન શાસ્ત્રો ઉપર ભાષ્ય ટીકાઓમાં શ્રીસ્વામીજીએ મૌલિકતા, સુબોધતા અને વિષય પ્રવેશ ક્ષમતાઓ ઉતારેલી છે. આવી ઉત્તમતા બીજા લેખક વિવેચકોમાં ભાગ્યે જ જોવા મળે. શ્રીસ્વામીજીની કાવ્ય રચનાઓમાં સર્વત્ર ભારતમયતા અનુપ્રણાલી પ્રાણ તરીકે લીધી છે. શ્રીસ્વામીજી મહારાજે સંસ્કૃત મહાકાવ્ય પરંપરાને આગળને આગળ વુદ્ધિ પમાડી છે. આ યુગના તેઓશ્રી લબ્ધ પ્રતિષ્ઠાવાળા દાર્શનિક શાસ્ત્રોના વ્યાખ્યાતા અને વિવેચક ઉત્તમ પુરૂષ છે. ગદ્ય અને પદ્ય બધ્ધ અનેક રચનાઓના મૂર્તિસ્વરૂપે પ્રણેતા એવા આ વિદ્વાનના અભિનંદન તે ઉપજતા લેખકોને માટે તે તે પ્રેરણાઓના પ્રવાહરૂપે ટેકો થશે. આ અભિનંદન ગ્રંથ આપણે બધાને માટે શ્રીસ્વામીજીના વ્યક્તિત્ત્વ તથા કર્તૃત્વપણા તરફ અધિક પરિચય આપનાર થશે.** શ્રીસ્વામીજીના ગ્રંથોના વિવેચનો કરવામાં અસમર્થ એવો પણ હું શ્રીસ્વામીજીના અભિનંદન ગ્રંથમાં મારું નામ જોડાવીને એમના અનુચર મંડલમાં સ્થાન પ્રાપ્ત કરવાની અભિલાષા રાખું છું. શ્રીસ્વામીજી મહારાજનું વ્યક્તિત્ત્વ અને કર્તૃતત્ત્વ યુગ યુગાન્તર સુધી ભારતીય વિદ્વાનોને આવી પ્રેરણા આપતાં રહેશે.

તા. ૪-૬-૭૬

- રઘુનાથ ઐરી...

ડૉ. કર્ણસિંહ. (એમ.એ., પીએચ.ડી.).

સંસ્કૃત કોલેજ મેરઠ ચન્દ્રિકા, શિવાજી માર્ગ, મેરઠ.

પ્રભુની મહેરબાની વાળા પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ગ્રંથો તથા વિદ્વતા જોઇ સાંભળીને મારું મસ્તક શ્રધ્ધા વડે વારંવાર નમન કરે છે, એવા મહાન સંસ્કૃત સંતના સમ્માનમાં અભિનંદન ગ્રંથનું પ્રકાશન નિશ્ચિત કર્યું છે, તે ઘણું પુનીત સ્તુત્ય કાર્ય છે. **સદ્‌ગુરુ સ્વામી શ્રીશાસ્ત્રીજી મહારાજની પ્રતિભાથી પ્રકટિત વિશાલ તત્ત્વજ્ઞાન સાહિત્ય રાશિવડે તેમને આ સમયના ભગવદંશાવતાર વ્યાસજી શ્વેતાયન વ્યાસજી કહીએ. વેદ, વેદાંગ, દર્શન, શાસ્ત્રો, ઈતિહાસો, કાવ્યો, પુરાણો, કાવ્યો, સાહિત્યો, ભક્તિશાસ્ત્રો, શિલ્પિશાસ્ત્રો, જયોતિષ, પ્રતિષ્ઠાશાસ્ત્રો તમામનાં મહાચાર્ય શ્રીસ્વામીજી છે,** આપને મારા અભિનંદન પ્રાપ્ત થાઓ.

- કર્ણસિંહ...

ડૉ. કાલીકુમાર દત્ત. (એમ.એ., શાસ્ત્રી, ડી.ફિલ.).

કાવ્ય સાંખ્ય તીર્થ, પ્રોફેસર એન્ડ લિટરેચર,
પોસ્ટ ગ્રેજ્યુએટ, રિસર્ચ, સંસ્કૃત કૉલેજ, કલકતા.

જૂનાગઢ નગર નિવાસી પંડિતજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આચાર્ય મહારાજ પ્રસિદ્ધ સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી, ગુજરાતીના મહાન વિદ્વાન સંતને તેમની યોગ્યતા જણાવતા અભિનંદનનો ભરપૂર એક ગ્રંથ તેમના સંમ્માન માટે તૈયાર થઈ રહ્યો છે, જે યોગ્ય પ્રસિદ્ધ વિદ્વાન વર્ગના માનવોમાં પ્રસિદ્ધી તો છે જ, પણ તેમના પુસ્તકો ચારે ભાષામાં તત્ત્વજ્ઞાન કાવ્ય આદિના ખાસ વિદ્વતાભર્યા વિભિન્ન દર્શન શાસ્ત્રોના સ્વતંત્ર ગ્રંથો પણ હાલ અભ્યાસ પાત્ર થયેલા છે. **હિન્દુસ્તાનના સન્તોમાં આજ સ્વામીશ્રી ઊંચા દર્જાના વિદ્વાન, યોગી, યતિ, બ્રહ્મચારી, અધ્યાપક, લેખક, ઉપદેશક, ધાર્મિક વૈષ્ણવ ભક્તિયુક્ત વર્તે છે, આપણા જૂના નવા દેશોને સ્વામીશ્રીનો જબરો પ્રભાવ છે. જે તે દેશોના વિદ્વાન અને ભક્તિવાળા નર નારીઓ તમામને અસર કરનાર છે, ભાગ્યે જ આવા મહાન વિદ્વાન સન્ત મળી શકે, પરમેશ્વરની મહેરબાની વડે આવા વિદ્વાન, ત્યાગી, જ્ઞાની, ભકત, સન્ત દેશને સાંપડે છે. ભારતના મોટા ભાગ્ય છે જે-** ભારતીય વિદ્વાનો એમને અભિનંદન, સમ્માન આપી રહ્યા છે. મારો પણ તેમા ભાગ છે.

તા. ૨-૧-૭૬

- કાલીકુમાર દત...

આશુતોષ ભટ્ટાચાર્ય.

સંસ્કૃત કોલેજ, કલકતા.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પાસે પ્રજ્ઞા જ્યોતિ અને આત્મ ચૈતન્યશક્તિ વસેલાં છે, તેઓ કિંમતી તારલા સમાન છે, આપના કિરણોના તેજમાં ભક્તિ, જ્ઞાન, જીવન, વૈરાગ્ય, તપ, નિર્લેપતા, બ્રહ્મતા આદિ વિશ્વાત્મા સાથે વસેલા પણ પ્રકાશે છે. આપને અભિનંદન તે સમગ્ર ભારતના અને મહાન વિદ્વાનોને અભિનંદન પણ છે. આપ ભારતીય દર્શનોના તેજસ્વી ઘૃમણિ છો, આપશ્રી ન્યાયાચાર્ય છો, ન્યાયના ગ્રંથમાં મને પ્રીતિ છે. આપને માટે વિદ્વાનો દ્વારા અભિનંદન તે ન્યાય છે. આપને મારા સર્વશાસ્ત્રોના ધ્યાનમાં ઘણાં ઘણાં અભિનંદન હો. **આપે ન્યાયકિરણાવલીઓ એવી લખી છે, જેથી ઉપરવટ કે સમાન કોઈ લખવાની હિંમત કરશે નહિ.** મહાકાલી મા આવા વિદ્વાનોની રક્ષા કરતાં રહો.

-આશુતોષ ભટ્ટાચાર્ય...

ડો. કાલીકુમાર દત્ત.

સંસ્કૃત કોલેજ, કલકતા.

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ બ્રહ્મચારીવ્રત જીવનપર્યંત રાખ્યું છે, વિદ્વતા મેળવીને આત્મીય ગ્રંથમાં સ્થિતિ સાચવી છે, ત્યાગાશ્રમે અરણ્યાશ્રમ વનપ્રસ્થાન પણ નિભાવેલ છે, સાધુ દીક્ષા સન્યાસ આશ્રમમાં સદા વિશ્રાંતિ લીધેલ છે. આપ બ્રહ્મના જાણકાર છો, શરણાગતરક્ષક છો, જનતામાં જ્ઞાનરૂપે પ્રવેશો છો, અને પરબ્રહ્મ તરફ દ્રવણ રાખો છો. મુકતાવલી ઘરેણું છે, લેખિની હથિયાર છે, જ્ઞાનિતા આચારિણી છે, ભક્તિમાતાને સેવો છો, ધર્મને પાળો છો, રાગદ્વેષને તજો છો, શરણાગતિ સાચવો છો, સમૃદ્ધ છો છતાં નિર્લેપ સંત છો, સિદ્ધાસને સદા બેસો છો, નાસિકાવૃતિ કાયમી છે, અન્યવૃત્તાંત અપ્રિય છે, આત્મ પરમાત્મ સંસર્ગ પ્રિય છો, વિદ્યાપ્રેમીના પ્રેમી છો, અજ્ઞાનીથી આઘા વસો છો, દેહ, આત્મા, જગ, ચેતન જુદાં ગણો છો તેવી રીતે વર્તો છો. ભોજન, પાન, વિલેપન, અંબર, આભરણોમાં અનાસ્થા સેવો છો, દેહયાત્રા નિભાવો છો, સમુદ્ર સૂર્યને તડકે તપે નહિ તેવા શાંત છો, સારું ઠેકાણું દેખીને વાસુદેવ આપમાં વસ્યાં છે, એવા આપ યોગીજનને મારા અનંત પ્રણામ તથા અદ્‌ભુત પ્રતિભાને નમસ્કાર તથા ચંદ્રસમાં શીતલતા દેનારા આપને મારા સાત્ત્વિક અનેકાનેક અભિનંદન છે.

- ડૉ. કાલીકુમાર દત્ત...

એચ.ડી. સાંકલિયા. (એમ.એ., એલએલ.બી., પીએચ.ડી.).

ડેક્કન કોલેજ, પૂના.

સ્વામીજી વિદ્વધુરંધર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના વિરચિત ગ્રંથો વિદ્વાનોને ભારે પ્રભાવ પાડનારા છે, એ નિઃશંકવાત છે. જે સ્વામીજી મહારાજે છેલ્લામાં છેલ્લી વિદ્વતા ભરેલા ભારતીય દર્શન શાસ્ત્રોના ગ્રંથો રચી વિદ્વાનો માટે જગતભરમાં ઉપયોગી તેવી તાર્કિક તત્ત્વજ્ઞાનની વિશાલ સંસ્કૃત સેવા કરી છે, આપને આ વિષે અભિનંદન આપું છું. **આપ ભવિષ્યને માટે દિગંત કીર્તિ વ્યાસજી યશઃ શરીર, કાયમી જીવો અને સ્વગ્રંથો દ્વારા જગતને ઉત્સાહિત કરતા રહો. સર્વ પ્રત્યક્ષ, સર્વ સત્યમ્, સપ્તમ્ સ્વામિનારાયણ દર્શનમ્ ખ્યાતિ વિમર્શ આવા આવા મહામૂલ્ય બૌદ્ધિક ગ્રંથો આપે નવા જ રચીને જગતના વિદ્વાનોને આપ્યા છે. તેથી આપ નવા શક પ્રવર્તી આચાર્ય છો.** આપને મારા હજારો અભિનંદન પ્રાપ્ત હો.

તા. ૨૯-૯-૭૬

- એચ.ડી. સાકલિયા...

મહામહોપાધ્યાય નવ્યન્યાયાચાર્ય પાંડુરંગ શાસ્ત્રી ગૌસ્વામી.

ડેક્કન કોલેજ, પુના.

અનંતશ્રી વિભૂષિત પરમપૂજ્ય આચાર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને, તો જયારે શ્રીવામાચરણ ભટ્ટાચાર્યજી પાસે ભણતર ચાલું હતું ત્યારે એક જ વર્ષ, એમ એક જ કક્ષામાં અભ્યાસ કરતા સમયથી જ ઘણાં સારી રીતે ઓળખું છું. આચાર્ય સુધી સાથે જ અભ્યાસ કર્યો છે. શ્રીમધુસૂદન ભટ્ટાચાર્ય બંગાળી, શ્રીપાંડુરંગ શાસ્ત્રી હું દક્ષિણી, શ્રીક્ષિરોદબન્ધુ ભટ્ટાચાર્ય બંગાળી, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ગુજરાતી, આ ચાર સબ્રહ્મચારીઓ સાથે જ આચાર્યો થયા છીએ. આજે વિશ્વમાં ધુરન્ધર વિદ્વાનો ગુરૂકૃપા વડે થયેલા છે. આપે કાશીમાં જ ન્યાયકિરણાવલીઓ લખી. **આપની વિદ્વતા, બુદ્ધિમતા, બહુશ્રુતતા, વ્યાખ્યાતૃતા, પ્રવચન પ્રદાતૃતા, આદિક શ્રીગુરૂવરોએ ખૂબ જ વખાણ્યાં છે. દસ હજાર વિદ્વાનોની સભામાં ગુરૂજીની આજ્ઞાએ આપે લેક્ચર સંસ્કૃત ધારાબંધી વ્યાખ્યાનો આપેલાં પ્રત્યક્ષ પ્રમાણ વિદ્વાનોએ આપને નિજ સભામાં સ્થાન આપ્યાં છે. આપમાં અલૌકિક ગુણો વસે છે, કોઈ અવતારી પુરૂષ છો, એમ વિદ્વાનો કહેતા હતાં. આપે બધાં દર્શનોમાં સ્નાતક થઈને ઊંડાણના દાર્શનિક ગ્રંથો લખ્યાં છે, તે બધા વિદ્વાનોને માન્ય થયા છે, ભણાવાય છે.** મારા ગુરૂબંધુ આપ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયને આશ્રયે વિદ્યાપ્રસાર મહાકાર્ય કરી રહ્યા છો, આવા કાર્યો માટે બાળમિત્રતાને સંભારીને આપને અભિનંદન કરું છું તથા ધન્યવાદ આપું છું, **આપ મહામહોપાધ્યાય તથા ભારતભૂષણ, તથા ડી.ફિલ, અને ડી.લિટ્ થયા છો તેથી મને સુધાના ઓડકાર આવે છે.**

- શ્રી પાંડુરંગ શાસ્ત્રી...

હુકમચંદ પટિયાલ.

ડેક્કન કોલેજ, પોસ્ટ ગ્રેજ્યુએટ અને રીચર્સ ઈન્સ્ટિટ્યૂટ, પૂના.

મને આ જાણ્યા પછી અપાર હર્ષ થયો છે, આપ દ્વારા બહુ શાસ્ત્રજ્ઞ સ્વામીશ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજને અર્પવા માટે અભિનંદન ગ્રંથનું આયોજન થઈ રહયું છે, **આવા અદ્વિતીય વિદ્વાન માટે તો આ અભિનંદન એક નાની એવી ભેટ છે.** હું આવા અવસરે શ્રીસ્વામીજીમહારાજ તથા આપ સર્વે વિદ્વાન આયોજકોનું હાર્દિક અભિનંદન કરું છું, શુભ કામનાઓ તથા સમ્માન આપું છું.

તા.૭-૬-૭૬

- હુકમચન્દ પટિયાલ...

ડો. હુકમચંદ પટિયાલ. (એમ.એ., પીએચ.ડી.).

ડેક્કન કોલેજ, પુના.

વેદ, વેદાંગ, વેદાંત, ન્યાય, તર્ક, મીમાંસા, સાંખ્ય, યોગ, ધર્મ, દર્શન, કાવ્ય, સાહિત્ય તથા અનેક શાસ્ત્ર નિષ્ણાંત સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું અભિનંદન જરૂર સમસ્ત દેશોના વિદ્વાનોએ કરવું ઉચિત છે, કારણકે શ્રીપંડિતજી સ્વામીશ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી વિશ્વના સારા વિદ્વાન છે, તેમાં તમામ દર્શનશાસ્ત્રોની વિદ્યાઓ ભરી છે. તેઓ દેશ માટે શાસ્ત્રોના મંથન કરે છે અને સર્વ પ્રજાને આપે છે. તેઓ સર્વાત્મ હિતકર સ્વયં જગદ્‌ગુરૂ છે, મહાચાર્ય છે, પરમાચાર્ય છે, આચાર્યોના આચાર્ય છે, વેદવ્યાસ છે, દ્વૈતવ્યાસ છે, સર્વધર્મો સર્વકલાઓ, ભક્તિઓ તેમાં ભરેલી છે. તેમનું અભિનંદન એ સારસ્વત બ્રહ્મ અભિનંદન છે, માટે જરૂર તેમાં અમારા અર્પિત અભિનંદન સ્વીકૃત હો.

- ડો. હુકમચંદ પટિયાલ...

હુકમચંદ પટચાલ. (એમ.એ., પીએચ.ડી.).

ડેક્કન કોલેજ, પૂના.

વેદ, વેદાન્ત, ન્યાય, મીમાંસા, સાંખ્ય, યોગ, ધર્મ, દર્શન, કાવ્ય તથા સાહિત્ય, ઈતિહાસ, પુરાણ, સ્મૃતિ આદિ અન્ય બહુવિધ શાસ્ત્રોના પરમ નિષ્ણાંત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું અભિનંદન સમસ્ત વિદ્વાન વર્ગ કરી રહ્યાં છે. તેઓ આપણા મહામહોપાધ્યાય, ભારતભૂષણ, એમ.એ., પીએચ.ડી., ડી.ફિલ., ડી.લિટ, ડોકટરેટ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજના અભિનંદન સાથે શાસ્ત્રસમૂહનું, વિદ્યાઓનું પણ અભિનંદન કરી રહ્યા છીએ. અમો એમનું દીર્ઘાયુ ભગવાનથી પ્રાર્થીએ છીએ. 'શતં જીવં શરદો વર્ધમાનઃ' આવા તમોને દિવ્ય દેવતાઈ પુરૂષને સંસ્કૃત સંસ્કૃતિના ઉપાસક, યોગિ, યતિ, મુનિ, સન્તને સાદર પ્રણામ.

- હુકમચન્દ પટિયાલ...

ડો. મિહેન્દલે. (એમ.એ., પીએચ.ડી.).

સંસ્કૃત પ્રોફેસર, ડેક્કન કોલેજ, પૂના.

હું ઘણો રાજી થાઉં છું, આપ વિદ્વાનોએ સ્વામીજી ધુરંધર વિદ્વાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં માન-સમ્માનમાં અર્પણ કરવાનો એક અભિનંદન ગ્રંથ તૈયાર કરેલો છે. જેમાં હરેક સંસ્કૃતની ફિલોસોફીઓના તત્ત્વો જેવા કે ન્યાય, વેદાન્ત, સાંખ્ય યોગ, મીમાંસા, ધર્મ, ભક્તિ, વિજ્ઞાન, તર્ક, સાહિત્ય, કાવ્ય, અલંકાર, શક્તિ, લક્ષણાઓ આદિ આદિ **અસંખ્ય વિષયો ઉપર શ્રીસ્વામીજી મહારાજે પોતાની અપ્રતિહત ઉદાર લેખની ચલાવી છે. અનેક જ્ઞાનપ્રકરણો ઉપર, મહાન ગ્રંથો પ્રમાણો ઉપર તથા ખ્યાતિવાદોને આવરીને ઘણા ઊંડાણના ગ્રંથો લખ્યા છે. આથી નક્કી થાય છે કે, શ્રીઆચાર્યજી કુદરતી દૈવી આચાર્ય પ્રગટયા છે જગદ્‌ગુરૂ પણે વર્તમાનમાં માન-સમ્માન અને અભિનંદન યોગ્ય છે. એમના ગ્રંથ વડે અભિનંદનને પાત્ર છે.** આપ વિદ્વાનો મહારાજશ્રીને અભિનંદન ગ્રંથ અર્પણ કરો, તેમાં મારો પણ ભાગ છે, એમ સ્વીકારજો આપની સફળતાને ઈચ્છતા ભવદીય વિશ્વાસુ...

તા. ૨૬-૬-૭૬

- ડૉ. મિહેન્દલે...

ડો. વી.પી. ઝવેરી. (એમ.એ., પીએચ.ડી.).

એમ.પી. સાયન્સ આર્ટ્સ કોલેજ, ધોલકા.

સ્વપ્નમાં પણ જેમને ન્યાયશાસ્ત્રના પરિષ્કારો ચાલતા હોય છે એવા તલ્લીન થયેલા સારસ્વતાર શ્રીશાસ્ત્રીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું સન્માન અભિનંદન તે ભારતના ગૌરવ માટે છે, ભારતીય વિદ્વાનોની કીર્તિ વધારનારું છે. ભારતીય વિદ્યાઓ ભારતના વિદ્વત બગીચાઓમાં ફુલડે ફુલડે સુગંધિત કમનીયતા દેતી આવે છે, **રાજચમ્પાઓ, કદંબો, બટ મોગરાઓ જેવા વિદ્વાનો ભારતમાં ઘણાં ઘણાં છે. પણ પારિજાત તો ભગવાન શ્રીકૃષ્ણે સ્વર્ગમાંથી આપ્યું તે આ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી છે, જેનું મૂલ્યજ અમૂલ્ય છે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં પ્રસંગથી ભારત પારિજાતવાળું શોભે છે.** આવા શ્રેષ્ઠ આચાર્યનું સન્માન અભિનંદન મહાગૌરવનો પ્રસંગ છે. તેમને મારા પણ અનેક અભિનંદન હો.

- ડૉ. વી.પી. ઝવેરી...

ડો. એમ. ટી. બુચ.

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,

જામનગર.

પરમપૂજનીય માનનીય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને મારા તરફથી સન્માન અર્પવાનું મને મોટું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. સ્વામીશ્રી સંસ્કૃતના અગાધ વિદ્વાન છે. અગાધ શાસ્ત્રીય અભ્યાસ અંતઃપ્રવિષ્ટ તથા સર્વતો દિશિ ઊંડાણનું ચોજાળુ જ્ઞાન અને અભ્યાસ તે સંસ્કૃતની તમામ શાખાઓના તમામ અંત સુધીના વિદ્વાન વર્તે છે. પોતાની આંતરદ્રષ્ટિથી બ્રહ્મદ્રષ્ટિ જેટલું વિશાળ સંસ્કૃત સાગરના ઊંડાણનું તમામ તાત્ત્વિક ભણેલા આત્મીય ચૈતન્યવાળા દૈવી પુરૂષ છે. તેમના જાતિ અને ગુણો તેમના હૃદયના હુકમમાં રહેલા છે, જેમાં આપણે તેમાં સમાવિષ્ટ થઈ જાઈએ, તેમની રચના મહાન અને આત્મીય પાવરવાળી જેમાં સૃષ્ટિઓ ભરી છે, **તેમના સર્વોપરી ગ્રંથ છે અને કિંમતી ઈતિહાસ છે, જેથી સ્વામીજી તે સર્વના રચયિતા જરૂર વેદવ્યાસજી છે. આ જમાનામાં હાલના વેદવ્યાસજી આવા આપણને ઈશ્વરે આપ્યાં છે, માતા ઈન્ડિયાના આવા ઈલમી સર્વોપરી બાળક વિદ્વાન આ શાસ્ત્રીજી આજે પ્રથમ નંબરના ભારતીય પુત્ર છે, આવા પવિત્ર ભગવાનના પવિત્ર ચરણોમાં ઈન્ડિયા અને વિદ્વાનો તથા હું મસ્તક નમ્રતા અર્પણ કરું છું.**

તા. ૭-૧૨-૭૬

- ડૉ. એમ.ટી. બુચ...

ડો.એમ. ટી. બૂચ. (એમ.એ., પી.એચડી.).

પ્રિન્સિપાલ, વી.એમ. મહેતા મ્યુનિ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,

જામનગર.

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી અભિનંદન ગ્રંથનું પ્રકાશન એક ભવ્ય અને પ્રશંસનીય કાર્ય છે. આ કાર્યમાં ઈશ્વરના આશીર્વાદ મળશે. આવા અદ્‌ભૂત સંભવ મહાન વિદ્વાનની સેવા કરીને આપણે સૌ કૃતાર્થ થઈશું.

- ડૉ. એમ.ટી. બુચ...

ડૉ. એમ.ટી. બૂચ. (એમ.એ., પીએચ.ડી.).

વી.એમ. મહેતા મ્યુનિ. આર્ટસ અને કોમર્સ કૉલેજ, જામનગર.

સ્તુતિ, પ્રસંશા, બિરદાવલિ

પરમ વંદનિય શ્રીસ્વામીજી કૃષ્ણવલ્લભાચાર્યજીને આદરભાવ આપતાં હું મારી જાતને વધારે ભાગ્યશાળી ગણાવું છું. તેમનું માપી ન શકાય તેવા વાંચનનું ઊંડાણ, તેમની બુદ્ધિમતાનો વિસ્તાર, તેમની વિવિધતાભરી જ્ઞાનની ઓળખ, તેમનાં સંસ્કૃત સાહિત્યનું મોટું જોડાણ, તેમની દૂરંદેશીપણાની વિશાળતા, તેમની મહાન દક્ષતા અને હૃદયની ઘણી મહાન લાક્ષણિક્તાઓને અમારા નમસ્કાર છે. તેમનો મહાન ફાળો 'લક્ષ્મીનારાયણ સંહિતા'માં રહેલો છે. જે એક યુગ નિર્માણક અને ખૂબજ મહત્ત્વનો છે. ખરેખર સ્વામીજી આધુનિક દિવસોનાં 'વેદવ્યાસ' છે. ઘણા મુખ્ય શ્રેષ્ઠ બુદ્ધિજીવિઓએ આ ભારતપુત્રના ચરણોમાં સ્તુતિ, પ્રશંશા પ્રકાશિત કરી છે.આ ક્ષુદ્ર પણ તમારા પૂજ્ય ચરણોમાં સ્તુતિ કરે છે.

- ડૉ. એમ.ટી. બૂચ...

ડી. કે. લાડવા. (એમ.એ., આસિસ્ટન્ટ ડાયરેક્ટર).

એસ.એસ. ફાઈનાન્સ ડિપાર્ટમેન્ટ, ગુજરાત સરકાર, રાજકોટ.

સ્વામી શાસ્ત્રી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી જ્ઞાનમાં આધુનીક યુગનાં પથદર્શક છે. તેમણે દર્શનશાસ્ત્રમાં આપેલો ફાળો તેમજ ધાર્મિક તાત્ત્વિક પુસ્તકોની શ્રેણી માત્ર એક ધર્મમાં કે તત્ત્વદર્શનમાં સિમાસ્તંભ નથી પરંતુ બંને પૂર્વીય અને પશ્ચિમી વિશ્વ માટે નવી પેઢી માટે પ્રેરણાસ્ત્રોત રહેશે. જે પ્રેરણા, ઉજાસ, શાંતિ સ્થાપશે.

હકિકતે તેમનો સમૃધ્ધ અને વૈભવશાળી ફાળો આજનાં પૂર્વીય તત્ત્વચિંતક અને ધર્મમાં વિશાળ સ્વરૂપે રહેલો છે. જેથી તે અનહદ ઉત્કટતા બહાર પણ જેવા કે પૂર્વિય પ્રદેશોમાં પણ સ્વીકારાઈ છે. તેઓ પણ મોટા પૂજ્યભાવ રૂપે તેને સ્વીકારતાં અને સમજતાં થયાં છે. આવી મહાન વ્યક્તિને ખૂબ જ આદરભાવ અને વંદન. તેઓ ગૌરવશાળી અને દૈવીકૃપાયુક્ત વ્યક્તિ છે. તેમની પ્રાથમિકતા તેઓ વિદ્વાન છે. તેઓ તે ઉપરાંત સ્વીકારવાવાળા, કદર કરવાવાળા અને આદર ભાવવાળાં છે. માત્રને માત્ર એક તત્ત્વચિંતક નથી. તેઓ વધારે ગુણિયલ, પારદર્શિત અને સહજ જીવનને સમર્પિત તેમજ તે બધા ગુણ ઉદાહરણ રૂપે સાચા જીવનનાં સંત તરીકે ઓળખાય છે. ખરેખર એક મહાન મનુષ્ય હજારો વર્ષોમાં એક વખત જન્મે છે. તેઓ ભારત માટે ગર્વ લેવા સમાન બાબત છે. આવો એક મહાન પુત્ર ભારતની ધરતી પર જન્મ્યો છે. મારા ક્ષુદ્રના તેમને (મહાન વ્યક્તિને) સલામ છે.

- ડી.કે. લાડવા...

સી. વી. ઠકરાલ. (સંસ્કૃત અધ્યક્ષ).

કે. એચ. માધવાણી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, પોરબંદર.

શ્રીમાન સંસ્કૃતના પ્રકાંડપંડિત સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું સસુચિત સન્માન કરવા માટે તમો સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી અભિનંદન ગ્રંથ પ્રકાશિત કરો છો તેમાં મારા અનેક અભિનંદન છે. **સૌરાષ્ટ્રમાં આવા વિદ્વાન છે તો તે આપણું પરમ સદ્‌ભાગ્ય છે. તેમનું સન્માન કરીને આપણે આપણું પોતાનું જ સન્માન કરીએ છીએ, અભિનંદન દ્વારા ઋણ ચુકવાશે. અભિનંદન ગ્રંથ સાથે સ્વામીજીનું સાહિત્ય આમજનતા વાંચે એવું વ્યવસ્થાન ગોઠવાય તે રાષ્ટ્રના હિતમાં વધારે ગણાશે.** મારા અભિનંદન વડે આપની પ્રસન્નતા ઈચ્છતો.

- સી. વી. ઠકરાલ...

ડો. સુદર્શન મજિઠિયા. (એમ.એ, પીએચ.ડી.).

શામળદાસ કોલેજ, ભાવનગર.

સંસ્કૃતના પ્રકાંડ વિદ્વાન અને પ્રતિભાશાળી લેખક સરસ્વતીના પ્રત્યક્ષ સાધક સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી વિવિધ વિષયોના મર્મજ્ઞ મહા વિદ્વાન તલસ્પર્શી પંડિત છે, મનીષી છે, તેમની શારદા ભક્તિ, તપસ્યા પવિત્રતા માટે મારી હાર્દિક બધાઈ અને સન્માન સાથે મારા વિશાલ અભિનંદન છે.

તા. ૩૦-૧૧-૭૬

- ડૉ. સુદર્શન મજિઠિયા...

ડો. બીપીન ઝવેરી. (પ્રિન્સિપાલ).

ધોળકા એજ્યુકેશન સોસાયટી અને શ્રીમતી વિજ્યા,
શ્રીમતી રંભાબહેન દામોદરદાસ શાહ, આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધોળકા.

દર્શન, ભક્તિ, તર્ક, ન્યાય, યોગ અને સાંખ્યના ઉપાસક તથા સંસ્કૃતના મહાપંડિત **સ્વામીશ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું થતું સન્માન ભારતીય સંસ્કૃતિ અને પ્રજા માટે ગૌરવવંતો પ્રસંગ છે.** આ પ્રસંગનું આયોજન કરનાર સૌને મારી હાર્દિક શુભેચ્છાઓ અને સ્વામીજીને મારા વંદન પાઠવું છું.

- બીપીન ઝવેરી...

ડૉ. ઇસ્ટેલ્લર. (ડી. લિટ., સંસ્કૃત).

St. Xavier's College, Bombay મુંબઈ.

વ્હાલા વિદ્વાનો, આપ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પંડિતવર્યશ્રીને સમ્માનિત કરવા એક અભિનંદન ગ્રંથ પ્રકાશીત કરી રહ્યા છો, તે તરફ ઘણો ખુશી થયો છું, આપને તે બદલ ઘણા ધન્યવાદો આપું છું. હું ભારત તથા અન્ય દેશોમાં પ્રવાસમાં ઘણો રોકાઈ ગયેલ તેથી મારે મુંબઈ લાંબે સમયે આવવાનું થયું, મારે ઘણા વિષયો ઉકેલવાના હતા. શ્રીપંડિતજી મહારાજ અને હું તેવા સમગ્ર દેશના હિતને માટે સંસ્કૃત વિષયોના લેખકો વિભિન્ન વિભાગના છીએ અને તેમાં જ ઘણાં ગરકાવ રહીએ છીએ, શ્રીસ્વામીજી મહારાજની વિદ્વતાભરી સ્થિતિ ઉપર હું પૂરતી રીતે સિધ્ધાંત વર્ણવી શકું તેમ નથી જ, બીજાઓ તેવા પંડિતો કરી શકશે. આપ પંડિતજીના સતત પરોપકારી જીવનને, સંસ્કૃ ત પ્રસારને અને અથાહ ઉદ્યમને ઘણો હૃદયમાં ધારું છું. ખાસ એમની મુલાકાતમાં મારા ઊંડાણના અભિપ્રાયો ભારતીયરીતિના મિત્રતાભર્યા ઠાલવીશ. **શ્રીસ્વામીજી ત્યાગી, નિઃસ્પૃ હી, વિતરાગ, નિર્મલ, આત્મવિદ્યાવારિધિ, કલ્યાણપથમાં બિરાજે છે, લોકકલ્યાણ માટે પ્રયત્ન કરે છે, સંસ્કૃત માતાને વિશેષ પૂજે છે.** હું ઋગ્વેદને વધારે ધારણ કરું છું અને તેના વિષયોને વધારે ગ્રહણ કરવા ઈચ્છુ છું. તેમની મને ઘણી કિંમત છે, વેદ વૈદિક વિભાગોમાં મારો અભ્યાસ, અનુભવ ભારતમાં લાંબા કાળથી સંતોષના ખજાનારૂપે છે. મને આવા ભારતીય ભવનમાં જનતા કઈ રીતે વેદ બાબતની ગ્રાહિણી થઈને મને મળે ? જે નાતજાતની સીમામાં રહેલી જનતાથી બહાર છલાંગ મારે તોજ મહા વિદ્વાનો નિપજી શકે, અને વૈદિક વિદ્યાઓનો ખજાના થઇ શકે. **શ્રીસ્વામીજી મહારાજ કોઈ પણ વિભાગમાં સ્થિત હોવા છતા જેમણે તમામ માનવ સમૂહ માટે ભારે ચમત્કારિક વિદ્યાઓ લેખન વડે પ્રસરાવી છે, જેને તેમના અને આપણા અનુપાલકો શિખીને આપણને તેમાં આરામ આપશે, આવા વૈદ-વૈદિક દાર્શનિક તમામ ક્ષેત્રોમાં વિચરતા મહર્ષિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ને મહામહર્ષિ કવિ કહીએ તો પણ ઓછું છે.** આપણને ઈશ્વરના સેવકો, બાલો કાયમ નિજ કૃતિઓની વફાદારીઓમાં રક્ષણ કરે છે, શ્રીપંડિતજીના આશીર્વાદો માનવતા અને ઊંડા તત્ત્વજ્ઞાનમાં સ્થિર રહેતા આપણને મદદરૂપ હો. સદાઉચ્ચ ઈચ્છાવાળા શુભાકાંક્ષી સેવક...

- ડૉ. ઇસ્ટેલર...

પ્રો. ડૉ. એમ. વી. જોષી. (એમ.એ., પીએચ.ડી.).

સંસ્કૃત વિભાગના હેડ તેમજ સંસ્કૃત વિષયના પીએચ.ડી . માર્ગદર્શક
એમ.પી. શાહ આર્ટ્સ અને કોમર્સ કોલેજ, સુરેન્દ્રનગર.

એ એક ખુશીની વાત કહેવી ઘટે કે પ્રાચિન સાહિત્ય ભણનાર જાણનાર ખાસ કરીને સંસ્કૃત તેમજ ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવાનું શ્રેય એક બાહોશ વિદ્વાન જુદાં જુદાં શાસ્ત્ર તેમજ ન્યાયદર્શનો જાણનાર કે તેમાં કીર્તિ મેળવનાર એવા સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને ફાળે જાય છે.

ન્યાયીક દર્શનમાં તેમનો અનોખો અનુપમ ફાળો તેમને એક સનાતન અને કિર્તિ અર્પણ કરે છે.

હું ખરા હૃદયે તેમને તેમના અનુપમ લખાણ અને કિર્તિઓને શુભકામનાઓ પાઠવું છું અને 'વાંગ્મય તપસ્' માટે તેઓ ઘણું જીવે એવી પ્રાર્થના કરું છું અને આશા રાખું છું કે વધારે સારા અને શ્રેષ્ઠ લખાણો ભવિષ્યમાં તેમની કલમ દ્વારા પ્રસ્તુત થાય.

મારા અંતઃકરણથી તમને પ્રણામ.

- પ્રો. ડૉ.એમ.વી. જોષી...

ડી. આર. શદાશિવ એ. કાન્ગે. (M.A., D.L.D.C., Ph.D., D.Litt.,)

સાહિત્યરત્ન, રિડર, પોસ્ટ ગ્રેજ્યુએટ, સંસ્કૃત, સ્ટડી, બોમ્બે યુનિવર્સિટી,
ડૉ. એસ.એમ.ટી. સીન્ધુ એસ. ડેન્જે, લેખક, એલ્ફીન્સ્ટોન કોલેજ, મુંબઇ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સર્વે પંડિતોના વલ્લભ છે એમા સંદેહ નથી, સાંખ્ય યોગ તર્ક મીમાંસા ન્યાય ભક્તિ સાહિત્ય આદિ ગહન વિષયોમાં તથા ભક્તિભાવમાં પણ આવા મહાન જગદ્વન્દ્ય આચાર્યશ્રીની વાણી માધુર્યસંભૃત ઉપદેશવાળી છે, સંસ્કૃત હિન્દી ગુજરાતી ભાષાઓમાં ધારાપ્રધારાવાહિત એવા એમના વિચાર વિજ્ઞાન ભર્યા પ્રવાહો પાવન અને બોધ ભરેલા છે, એમને મારા અભિનંદન હો.

તા. ૩-૪-૭૬

- સદાશિવ એ. કાન્ગે...

રમેશ બેટાઇ.

પ્રિન્સીપાલ, દ્વારકા કોલેજ.

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની મહાનતા તેમનું જીવન છે, પવિત્રતા તેમની ભક્તિ છે, ઉપાસના તેમનું જ્ઞાન છે અને વિદ્વતા તેમનું આયુષ્ય છે. આવા પવિત્ર દૈવી પુરૂષના દર્શનથી જ જીવન ધન્ય બની જાય છે, કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સ્વયં પ્રગટ થયા છે, આપને મારા અસંખ્ય અભિનંદન.

-રમેશ બેટાઇ...

ડો. શોભાનંદ ઝા. (એમ.એ. પીએચ.ડી.).

પ્રાચ્ય સંશોધન મંદિર, દ્વારકા, કોલેજ.

ભારતના મહાવિદ્વાન કાશીના પ્રખ્યાત પંડિત શ્રીમાન ધીમાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહામહોપાધ્યાય શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના આચાર્ય સંત છે, જેમને સમસ્ત જગત જાણે છે. તેમના ગ્રંથો તેમની કીર્તિ જોતાં ભારતીય પશ્ચિમી તેમજ બૌદ્ધ સંસ્કૃતિ, તેમને અભિનવ વ્યાસ એવી ઉપમાંથી નવાજે છે, તેઓ સ્વયં શ્વેતાયનવ્યાસજી છે.

- ડો. શોભાનંદ ઝા...

ડો. ઉપેન્દ્ર પંડયા.

પ્રિન્સીપાલ, ધર્મેન્દ્ર કોલેજ, રાજકોટ.

જગતની નવી પેઢીઓમાં ઉત્કૃષ્ટ કિંમતવાળા, સાચી સમજણવાળા નવયુવકો વિદ્યા નિષ્ણાત નિપજે તેટલા માટે શ્રીસ્વામીજી મહારાજે ગ્રંથો દ્વારા અમૃતપાન કરાવ્યું છે, તે માટે જીવન અર્પણ કર્યું, આવાં વિદ્વાન, સૌરાષ્ટ્રના વતની, કાશી જઇ વિદ્યા મેળવીને સંતસ્થિતિમાં સ્વદેશમાં વસે છે તે માટે ઘણું ગૌરવ લેવા જેવું છે, આપને ઘણાં ઘણાં અભિનંદન છે.

- ડો. ઉપેન્દ્ર પંડયા...

ડૉ. ન.મ. કંસારા. (એમ.એ., પીએચ.ડી.).

પ્રોફેસર સંસ્કૃત, ગુજરાત કોલેજ, અમદાવાદ.

દર્શનો અને કાવ્યોના ક્ષેત્રોમાં પાંગરેલી વિદ્વત્પ્રતિભાનો પ્રગટ ઉન્મેષ તેજ તેમના ૪૫ ગ્રંથો ગુજરાતમાં આંગળીના વેઢે ગણાય એવા જે પ્રકાંડ સંસ્કૃત પંડિતો હયાત છે, તેમાં **પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું સ્થાન પ્રથમ છે એમાં કોઈ શંકા નથી. ભારતભરના ખ્યાતનામ પંડિતો અને વિદ્વાનો એમનું ગૌરવ કરવા તત્પર છે, એમાં ખૂબ પંડિતજીનો મહિમા તો પ્રગટ જ છે, પરંતુ ગૌરવ કરનારાઓની પણ ગુણગ્રહિતા પ્રકાશિત પ્રસરે છે.** પ્રભુજીને હું પ્રાર્થું છું કે- પંડિતજીની સર્વતોમુખી પ્રતિભાનો લાભ એમના ગ્રંથોરૂપે હજુ પણ સંસ્કૃત સાહિત્યને વધારે મળતો રહે અને એમના પાણ્ડિત્યના વારસદાર એમના વિદ્યાર્થીઓની પરંપરા ચાલુ રહે એવા અભિનંદન સન્માન સાથે મારા ઘણાં ઘણા પ્રણામ.

તા. ૧૪-૭-૭૬

- ડૉ. ન. મ. કંસારા...

સી.એલ. શાસ્ત્રી. (પ્રિન્સિપાલ).

આચાર્ય શ્રીસહજાનંદ કોલેજ, અમદાવાદ.

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના દિગ્ગજ વિદ્વાન સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી એક એવા વિદ્વાનો માયલા છે કે જેમણે ન કેવલ ભારતીય દર્શનમાત્ર લખ્યા, અપિ તુ ભારતીય વ્યાકરણ કાવ્ય પુરાણ ધર્મશાસ્ત્ર તથા નિજીય ન્યાયતર્ક, મીમાંસા, સાંખ્ય યોગ, વેદાન્ત તથા સાહિત્ય સંહિતા, આદિના અવિરત મનન કરીને અતિ વિદ્વતા પૂર્ણ ગ્રંથોનું નિર્માણ કરીને સંસ્કૃત ભાષાને ગૌરવાન્વિત બતાવી છે. ભારતીય આધુનિક ભાષાઓના વિકાસ પછી સંસ્કૃત સર્જન શિથિલતાને પામ્યું, એવા આ સમયમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીરચિત ગ્રંથ અમૂલ્ય મહત્ત્વ રાખે છે, અને સંસ્કૃત શિથિલતાને ભગાડનારા છે. શ્રીસ્વામીજીના ૪૫ ગ્રંથો અદ્વિતીય પાણ્ડિત્ય ભરેલા છે, સંસ્કૃત ભારતીના શૃંગાર છે, આવા આંતરરાષ્ટ્રીય વિદ્વાનને અમો કોટિશઃ અભિનંદન દઈને સ્વયં તેના ગૌરવના અનુભવ પ્રાપ્ત થઈએ છીએ.

- સી.એલ. શાસ્ત્રી...

સી. એલ. શાસ્ત્રી. (પ્રિન્સિપાલ).

આચાર્ય શ્રીસહજાનંદ કોલેજ, અમદાવાદ

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાય એક ઉચ્ચ કોટિનો વૈષ્ણવ સંપ્રદાય ધર્મભક્તિ પ્રધાન સંપ્રદાય છે. તેમાં **સ્વામીશ્રીએ ભારતીય વિદ્યાઓનાં સમૂહમાં રહી અનેક વિદ્યાઓ પ્રાપ્ત કરી, તમામ દર્શનતત્ત્વો અવગત કર્યા. અભ્યાસ તો નિમિત્ત માત્ર યોગીજનોને હોય છે. નિજજ્ઞાનને ઉદ્બોધકતા કરી, સર્વ સામાન્ય લાભાર્થ ગ્રંથો રચ્યાં, આત્મીય નૈસર્ગિક વિદ્યાઓ વ્યાપ્ત કરી સર્વત્ર પહોંચાડી ભારતીય સંસ્કૃતનું ગૌરવ અતિ ગૌરવાત્મ વધાર્યું.** ઉચ્ચ વિદ્વતા વડે આપ કિરણાવલીઓ દ્વારા વિદ્વજ્જનોમાં નિવાસિત થયા છો. આપને અનેક અભિનંદન સમર્પણ કરું છું.

- સી.એલ. શાસ્ત્રી...

ડૉ. ન. મ. કંસારા, (પીએચ.ડી.).

પ્રોફેસર સંસ્કૃત વિભાગ, ગુજરાત કોલેજ, અમદાવાદ.

સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની સર્વદર્શનોમાં જોવા મળતી અવ્યાહત્ગતિ તથા તેમાં પરિષ્કૃત તત્ત્વો તથા કવિ પ્રતિભા તે એમને આજે હયાતી ધરાવતા ગુજરાતના સંસ્કૃત પંડિતો કવિઓમાં મુખ્ય પદ અપાવે તેમાં આશ્ચર્ય નથી, આવા વિદ્વાનને મારા અનેક ધન્યવાદો છે અનેક અભિનંદન છે.

- ડૉ. ન.મ. કંસારા...

પંડીત રામાનંદ ઝા. (વ્યાકરણાચાર્ય સાહિત્યાચાર્ય).

આયુર્વેદ કોલેજ, અધ્યાપક, જૂનાગઢ.

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ગ્રંથ રચનાના મહાન યોગી, ગહન ચિંતક, પવિત્ર તપસ્વી, નિઃસ્વાર્થ લેખક, પ્રતિભાશાલી વક્તા, સમસ્ત સમાજ સુધારક, પવિત્ર ધાર્મિક નેતા છે. આપે ન્યાય, તર્ક, સાંખ્ય, યોગ, વેદાંત, મીમાંસા, કાવ્ય, સાહિત્ય, વેદ, ધર્મ જેવા ગંભીર વિષયોનું આલોચનાત્મક મંથન કરી સૈદ્ધાંતિક ભાષ્યો ટીકાઓ વ્યાખ્યાઓ લખી છે તે સર્વોચ્ચ કોટિના ગ્રંથો છે, આપને મારા અનેકવાર અભિનંદન છે.

- પંડીત રામાનંદ ઝા...

ડૉ. વસંત ગી. પરીખ.

કમાણી સાયન્સ કૉલેજ અને પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે એકબાજુથી નીતિ અને સદાચાર દ્વારા લોક સમસ્તના જીવનમાં નિર્મળતા પ્રસારી, તો બીજી બાજુએ શાશ્વત સત્યના ચિંતન દ્વારા એમાં ઉંડાણ પણ પ્રગટ કર્યું. ધર્મ અને દર્શન (Religion and Philosophy)ના અદ્વૈતનો મંત્ર એક સૂરે ગુંજે છે. એમની વાણીમાં એટલે જ પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી જેવા તેજસ્વી ગુરુજનોએ જ્ઞાન અને ભક્તિ-ઉભયના ક્ષેત્રો સમાન સાહજિકતાથી સિદ્ધ કર્યા છે. **પંડિત કૃષ્ણવલ્લભાચાર્યજીનો વિવિધ શાસ્ત્રોનો ઉંડો અભ્યાસ તેમના ગ્રન્થ રાશિમાં ચમકી રહ્યો છે. ષડ્દર્શનના ગ્રન્થો રચેલા તેમના ભાષ્યો હિન્દુ ધર્મનાં તત્ત્વચિંતનને પુષ્ટ બનાવે છે અને સાથે સાથે એમના સ્ત્રોતો અને ભક્તિ સાહિત્ય ભગવત્પ્રાપ્તિ માટેની આરત પણ જગાડે છે.** પૂજ્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના સન્માન અર્થે પ્રકાશિત થઈ રહેલો અભિનંદન ગ્રન્થ એ સમયોચિત અને આવકારદાયક કાર્ય છે. સર્વ ગુણાનુરાગીઓની સાથે હું પણ તેમને નમ્રતાથી પ્રણમું છું.

- ડૉ. વસંત પરીખ...

❋ ભારતની વિવિધ સંસ્થાઓના સંચાલક વિદ્વાનોનાં સ્વામીશ્રીને અભિનંદન ❋

જે. એલ. કે. જલાલી.

રેસિડેન્ટ, ઓલ ઈન્ડીયા સારસ્વત કલ્ચરલ આર્ગેનાઇઝેશન, જમ્મુ-કશ્મીર.

મહામહોપાધ્યાય, ડી.ફીલ, ડી.લીટ્, ન્યાયાચાર્ય પરમાદરણીય પૂજનીય સંસ્કૃતની મૂર્તિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ભારતમાં મહાગુજરાતના સૌરાષ્ટ્ર પ્રાંતમાં, અમરેલી જિલ્લાની કુંકુમવાપીનગરીમાં સન તા. ૨૧-૧૦-૧૯૦૫ માં સવારે સૂર્યોદય પહેલાં આપનો જન્મ થયો હતો, માતાનું નામ કંભરાદેવી અને પિતાજીનું નામ ગોપાલકૃષ્ણ હતું. દીક્ષા ગ્રહણ પહેલાં આપનું નામ કુંવરજી હતું, બચપનથી જ તેજસ્વી ભક્તિપરાયણ પરમ પવિત્ર પરમેશ્વર પ્રતિ શ્રદ્ધાવાળા હતા, ઘર તજી સ્વામિનારાયણ ધર્મમાં દીક્ષા લીધી હતી. દીક્ષાનું નામ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી છે, જૂનાગઢ મંદિરમાં બિરાજે છે, વિશ્વના એક મહાન સંત બ્રહ્મશીલી સતત અઢાર કલાક લેખન કાર્ય કરે છે. બ્રહ્મનિષ્ઠ સ્થિતિમાંજ અભ્યાસ તથા સત્સંગ સેવા કરે છે, વિશાલ દષ્ટિએ લોકસેવા કરે છે, પ્રેમથી શરણાગતને કલ્યાણપ્રદ ઉપદેશ આપે છે. આપે સ્વામિનારાયણ ધર્મના નિયમો પાળી અભ્યાસ કર્યો, વિચરણ કર્યા, સભાઓ કરી, વિશ્વના વિવિધ સાહિત્યો રચ્યા, વાલ્મિકી તથા તુલસીદાસજી સમાન અનેક વાચસ્પતિ સમાન લેખિની ભારત માટે પણ ખૂબ જ ચલાવી. આપ ભારતીય રાષ્ટ્રીયસંત, વિદ્વાન, પરમેશ્વર પરમ ઉપકારક છો. કાશ્મીર, અમેરીકા, જર્મન, ઈંગ્લેન્ડ આદિ સ્થળોમાં આપનું પ્રસિદ્ધ નામ છે, વેદવ્યાસજી પછી ૫૦૦૦ વર્ષોમાં વિશ્વમાં સર્વોચ્ચ કોટિનું સંસ્કૃત મહાકાવ્ય સ્વામીજીએ રચી જગતને ભેટ આપ્યું, આપ સર્વજ્ઞ સનાતન છો, મહાનયોગી, ગહનચિંતક, પવિત્રતપસ્વી, સિદ્ધ જનસેવક, સમાજસુધારક છો. ધાર્મિક નેતા છો, ગિરનાર રૈવતાચલની છાયામાં આરણ્યક મહર્ષિની પેઠે રહ્યાં છો. વામન ત્રિવિક્રમજીનાં દરરોજ દર્શન કરો છો, વિદ્યાના અવતાર છો, આપને કુંકુમવાપી મંદિરમાં પધરાવ્યા છે. આપનો આદર કાશીમાં, વિદેશોમાં, વિદ્વાનોમાં, ખૂબ જ પ્રથમ નંબરે છે. આપ વિશ્વ પ્રસિદ્ધ વિદ્વાન છો, આપ સંસ્કૃતના સ્કોલર લેખક મહાન સંત પ્રથમ કોટિના વિદ્વાન વર્તમાનમાં વેદવ્યાસજીનો અવતાર છો, હાલમાં આપની તુલનાએ કોઈ નથી. આપ વચનસિદ્ધ, ચમત્કારિક, મહાનયોગી છો, દિગંતયશસ્વી છો, આપ પંડિત સાર્વભૌમ છો, સંતશિરોમણી, સદાચાર ધર્મમૂર્તિ છો, ભક્તિ, જ્ઞાન અને શ્રધ્ધાની ત્રિવેણી આપે વહાવી છે. આપની કિરણાવલીઓ જગતના વિદ્વાનોને પ્રકાશ આપનારી છે, તે ભારતનું ગૌરવ વધારે છે, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આપ કેવલ સંત કે પાવરદાર લિડર છો, એટલું જ નહિ, પણ સર્વોતમ વ્યાપક પ્રથમ નંબરના મહાન લેખક તત્ત્વ ચિંતક ઉચ્ચકોટિના દર્શનાચાર્ય છો, આપ આચાર્ય સંત વિદ્વાનને હું અભિનંદન સમર્પુ છું, તમામ ભારતને પણ સ્વદેશના વિદ્વાન તરીકે અભિમાન લેવા માટેની આપ દૈવી, ઈશ્વરીય પ્રત્યક્ષ મૂર્તિ છો, તેમજ ચમત્કાર ભર્યા લીડર અને ટીચર તથા મોક્ષપ્રદ પરમઆત્મા છો.

-જે. એલ. કે. જલાલી...

રાજનારાયણ શાસ્ત્રીજી.

સર્વતંત્ર, શાસ્ત્રાર્થ વિદ્યાવતાર વિશ્વવિશ્રુત, મહામહોપાધ્યાયાદિ ઉપાધિ વિભુષિત પંડિત સમ્રાટ પ્રાતઃ સ્મરણીય શ્રીશિવકુમાર શાસ્ત્રી પ્રતિષ્ઠાપિત વારાણસેય સર્વ વિધ વિદ્વત્સમાજ પ્રતિનિધિભૂત શ્રીકાશીવિદ્વત્પરિષત કાર્યાલય, શાસ્ત્રાર્થ મહાવિદ્યાલય, દશાશ્વમેધ, વારાણસી.

ધર્મગ્લાનિ અધર્મવૃદ્ધિ રૂપી સંકટ જોઈને વૈદિકસનાતન ધર્મરક્ષાના વ્રતવાળા વેદશાસ્ત્રોના પ્રચાર આચારો વડે ઓળખાતા ભગવાન શ્રીસ્વામિનારાયણ અમારા સરયૂપારીણ દ્વિજકુલાલંકાર એવા પ્રગટ થયા હતા. ધર્માવતાર અખંડભૂમંડલાચાર્ય એવા એ પ્રભુએ નિજકાર્યક્ષેમ સૌરાષ્ટ્ર નિર્ધાર્યું. ત્યારથી જ શ્રીસ્વામીનારાયણ સંપ્રદાય જગદ્વન્દ્ય પ્રસરેલ છે. અસંખ્ય મહાત્માઓ ધર્મપ્રચારકવિદ્વાનો ધર્મ મર્યાદા વ્યવસ્થાપકો પ્રગટ થયા તેમાં દૈવશક્તિ સમન્વિતોમાં વાસ્તવિક અદ્વિતિય ત્યાગ-તપની મૂર્તિ લોકકલ્યાણકારી સાત્ત્વિક ભકતોના શિરોરત્નભૂત પ્રખ્યાત યશસ્વી **સ્વામીશ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ હરેક દિશાઓમાં નિજ તપ ત્યાગ વિદ્યા ભક્તિની વિશેષતા વડે સંપ્રદાયના મહા નગારાને બજાવે છે. ઉધ્ધૌષણાઓ કરે છે, આ સ્વામીજીએ સર્વે દર્શનશાસ્ત્રો અભ્યસ્ત કર્યા વિવિધ ગ્રંથો ઘણાંક લખ્યા, પ્રકાશિત એવા ગ્રંથ સમુદાયને જોનારા વિદ્વાનોના હૃદયમાં આ સ્વામીજી દર્શનશાસ્ત્રોના સુમૂર્ત અવતાર છે એમ મનાય છે.** ભક્તિસંભૃત વિદ્વાન ભક્તો દ્વારા આ સંત વિદ્વાનનો સત્કાર થઈ રહ્યો છે. તે ભગવાનના રાજીપાવાળી ભક્તિ શરણભક્તિ માટે થઈ રહયો છે, એમ હું માનું છું.

તા. પોષ શુકલ સપ્તમીક, સંવત ૨૦૩૨ - રાજનારાયણશાસ્ત્રી...

ડૉ. સૂ.ના. વ્યાસ. (ડી.લિટ).

ભારતી ભવન, ઉજ્જૈન.

શ્રીયુત પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું અભિનંદન થશે એથી હું ઘણો પ્રસન્ન થાઉં છું. **પંડિતજી સરસ્વતીના સરલ સાધક વિવિધ વિષયોના મનીષી મહાવિદ્વાન છે.** એમના ગ્રંથ અને પ્રતિભાને માટે મુકતકંઠે વિદ્વાનો અભિનંદન કરે છે. તેવા ભારતના સુપ્રસિદ્ધ વિદ્વાનનું અભિનંદન સમ્માન થવું જ જોઈએ, તેના શુભ અવસર પર મારા પણ અભિનંદન છે.

તા. ૨૭-૬-૭૬ - ડૉ. સુ.ના.વ્યાસ...

ત્રિલોચનસિંહ બિન્દ્રા.

લેક્ચરર, (V.V.B.I.S. & I.S.) **સાધુ આશ્રમ, હોંશિયારપુર, પંજાબ.**

સદ્‌ગુરૂ વિદ્વાન યોગી સન્ત સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજશ્રીને વિદ્વાનો દ્વારા થતા અભિનંદન સમ્માન સમારોહ અવસરમાં મારા અભિનંદન સમર્પિત કરવા ઘણો ઘણો ખૂશી થાઉં છું. સ્વામીજી મહારાજનો ૭૦મો જન્મજયન્તિ મહોત્સવ સર્વે સ્થળોમાં ઉજવાઇ રહ્યો છે. શ્રીસ્વામીજી મહારાજનું પવિત્ર વ્યક્તિત્ત્વ તથા નિર્મલ સાત્ત્વિક પ્રતિભા, સર્વજ્ઞ પ્રજ્ઞાની અદ્વિતીયતા તથા તમામ ભારતીય દર્શન, તાર્કિક, આલંકારિક શાસ્ત્રોમાં વિશાલ વિદ્વતા, સર્વતંત્ર, સ્વતંત્રતા તથા ન્યાય, વેદાન્ત, મીમાંસાદિ દર્શન શાસ્ત્રોમાં અસીમ અપ્રતિહત શાસ્ત્રાર્થીય તાત્ત્વિકધીમત્તા, પરિષ્કૃત પ્રજ્ઞા, પ્રતિભા પ્રવાહ, અપાર અને અગાધ છે તથા **તેમનું ભારતીય નવ્યન્યાય શાસ્ત્ર, તર્ક શાસ્ત્ર, વૈશેષિક ન્યાય શાસ્ત્ર તો દુનિયાભરમાં સમ્માનિત કરાવવા માટે અભિનંદન અર્પાવવા માટે પહોંચી વળ્યું છે, એમની આત્મીય શક્તિશાલી ભૂમંડલીય ચમત્કારી ઐશ્વર્ય સરિતા તો આખી દુનિયામાં વિશાલતાને પામતી થકી શ્રીસ્વામીજીરૂપ મહા વિદ્વાન પુરૂષે પ્રસાર પમાડી થકી જગત ક્ષેત્રને પલાળીને ઈશ્વરીય મહાસાગરને પ્રાપ્તિ કરતી કરાવતી થશે. શ્રીસ્વામીજીએ અનેક શાસ્ત્રો રચ્યાં છે, તેમણે એક વિશાલ સ્વર્ગીય મહા અરણ્ય સમ એક લાખ છવીસહજાર શ્લોકોમાં મહાસંહિતા શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા સર્વેને ઉપાસના માર્ગદર્શન માટે રચી છે. જે દેશી-વિદેશી જિજ્ઞાસુ વિદ્વાનોને, કથાકારોને હજારો પ્રકારના જીવનદાન આપનારી છે. આ એક પૌરાણિક સૂચના પ્રદ મહા ઐતિહાસિક ગ્રંથ રચી નવીન જગતને ઉપકાર કર્યો છે, પ્રાચીન, અર્વાચીન, પારંપરિક, વૃત્તાન્તોને તાજા રખાવવા માટે, સારસ્વત ઐતિહાસીક સૃષ્ટિભરનો મહા ઈતિહાસ આપણને સ્વામીશ્રીએ આપ્યો છે, આવા જ્ઞાનના ખજાનામાં શ્રીહરિમય સંતમાં કયારેક તો ઓતપ્રોત થાઓ, એવી પ્રાર્થના કરું છું.** આવા વ્યાપક મોટા વિદ્વાન અને મહા સંતપુરૂષ માનવોના હૃદયોને ફેરવી, ધોઈ-ધફોઈને સાફ કરી, કચરા કાઢીને તત્ત્વજ્ઞાનની વિજળીને અંદર સુપ્રકાશિત કરીને, ભવિષ્યના યુગના માનવોને માટે અન્તઃ સૂર્ય સમાન કામ આપનારા છે. એમને જરૂર જરૂર સમ્માન- અભિનંદન- પૂજન- સ્વાગત- આદર વડે, હાર્દિકભાવના વડે ખૂબજ ભાવભીનો થઈને અપનાવું છું. આપ સંસારીઓનું કલ્યાણ કરો, ચિરંજીવો, બ્રહ્મ શ્રોતાઓ મોક્ષમાં મોકલો, જગતના ઉપકારક જ્ઞાતાઓ સરજો, એવી સ્તુતિ કરું છું.

- ત્રિલોચનસિંહ બિન્દ્રા...

મહેન્દ્ર પંડ્યા.

ગુજરાતી પ્રાધ્યાપક, રિજ્યોનલ કોલેજ ઓફ એજ્યુકેશન,
શ્યામલાગિરી, ભોપાલ, (મધ્યપ્રદેશ).

સદ્‌ગુરુ વિદ્વાન ગુરુવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની સાહિત્ય સેવા ખરેખર અજોડ છે, એમણે સંસ્કૃત, ગુજરાતી, હિન્દી સાહિત્યમાં પણ ગ્રંથો રચી તુલનાત્મક ભાષા દૃષ્ટિ કેળવી છે. એમની પ્રચંડ સર્જનાત્મક શક્તિથી હું ખૂબ પ્રભાવિત થયો છું. પરમ કૃપાળુ પરમાત્મા સ્વામિનારાયણ ભગવાન એમને ઉત્તરોત્તર સાહિત્ય સેવા કરવાનું બલ અને વેગ આપે તેવી અભ્યર્થના છે. આપશ્રીએ વૃદ્ધા અવસ્થા હોવા છતાં સર્જનાત્મક વલણ રાખી અનેક સાહિત્ય કૃતિઓ રચેલ છે, એ ખરેખર અનેક વિદ્વાનોને પ્રેરણા અને પાથેય પૂરા પાડે તેમ છે.

તા.૨૮-૬-૭૭ - મહેન્દ્ર પંડ્યા...

બાબુલાલ શુકલ. (એમ.એ.).

સાહિત્યાચાર્ય, પ્રાધ્યાપક, સંસ્કૃત વિભાગ તથા સંશોધન મંડૌર, ઉજ્જૈન.

મને અતિ આનંદ થાય છે જે- સંસ્કૃતનો ઉદ્ધાર કરવા ગ્રંથરચનાઓ કરનારા અપ્રતિમ કીર્તિમાન પંડિતજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનો અભિનંદન ગ્રંથ તૈયાર થઈ રહ્યો છે. અમો છાત્રજીવનમાં મિત્ર હતા, અને વધારે પરસ્પર પરિચિત હતા. તેમની ન્યાય સિદ્ધાન્ત મુકતાવલીની ટીકા તેમની પાસે જ અવગત કરી હતી. સાંખ્ય યોગ, વેદાંત પણ તેમનામાંથી જ શીખી લીધા હતા. **એમની લિખિત લક્ષ્મીનારાયણ સંહિતાને જોઈને તો હું દિગ્મૂઢ બની ગયો છું જેમાં એક એક અંશ મહાવિદ્વતા ભરેલી ભિન્ન ભિન્ન દાર્શનિક, ઐતિહાસિક, વૈજ્ઞાનિક સૃષ્ટિ, ઔપયોગિક, તાત્ત્વિક, પ્રજાપારંપરિક, તથા બ્રહ્મલોક સુધીના ભક્તિ, ધર્મ, જ્ઞાન, સંભૂત તથા સ્તોત્રો પૂજાઓ દેવ પ્રતિષ્ઠાઓ મીમાંસાકાંડો, સ્વર્ગીયકાંડો, ઉપાસનાકાંડો, અનુષ્ઠાનો આદિ તાર્કિકી તત્ત્વો વિગેરે તો અસંખ્ય અમાપ તત્ત્વોથી ભરેલી રચેલ છે તે શ્રીસ્વામીજી મહારાજનું સર્વજ્ઞ દૈવીપણું નક્કી કરાવનારી છે.** સ્વામીજીને આટલો બધો વિજય તો તે વિશ્વ વિખ્યાત પંડિત ધુરંધર શ્રીવામાચરણ ભટ્ટાચાર્યજી તથા સાર્વભૌમ દામોદરલાલ ગોસ્વામીજીની કૃપા પણ સાહિત્યનો એક નિધિ બનશે. હું આવા ચતુરસ્ર વિદ્વાનનું દીર્ઘાયુષ્ય તથા કાર્ય સંપરાયણતા તથા ભારત પ્રિયતાને માટે પણ અભિનંદન આપું છું, તમારા આયોજન સફળ થાઓ.

તા. ૩૦-૩-૭૬ - ભવદીય બાબુલાલ શુકલ...

જે. પી. ઠાકર.

ડેપ્યુટી ડાયરેક્ટર, વડોદરા.

હીઝ હોલીનેસ પંડિતવર્ય આચાર્યવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને સમ્માન આપવા એક અભિનંદન ગ્રંથ તૈયાર થઈ રહ્યો છે તે સાંભળી મને ઘણો આનંદ થાય છે. આપણા દેશના સંસ્કૃતના મોટાં મોટાં વિદ્વાનોમાં માન્યપાત્ર શ્રીસ્વામીજી મહારાજના તે અભિનંદન ગ્રંથમાં મારા પણ અભિનંદન ગણીને મને કૃતાર્થ કરશો. **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે દુનિયાભરમાં શ્રેષ્ઠત્તમ સમગ્ર સંસ્કૃત વાડમયના નિગૂઢ તત્ત્વોના વિવેચક ઘણાં ગ્રંથ લખીને ભારતની મહા સેવા કરી છે અને તમામ તત્ત્વજ્ઞાનોના ખુલાસા કરી જગતભરના મહા વિદ્વાનોના નેત્રો તથા હૃદય ખોલી દીધાં છે. ભવિષ્યમાં આપણી જનતાને આ તેમનું દૈવી સારસ્વતજ્ઞાન વિજ્ઞાન ભણવા મળશે. આપણા દેશની મહત્તા વધારનારા આવા મહાવિદ્વાન ધાર્મિક અને શાસ્ત્રીય ક્ષેત્રમાં અનહદ સેવા બજાવી રહ્યા છે,** એમને માનવોને ઉપકાર કાર્ય કરવાની અલૌકિક શક્તિ સામર્થ્ય સહિત ભગવાન અર્પો, એવા મારા અભિનંદન આપીને વિરમું છું.

તા. ૯-૨-૭૬

-જે.પી. ઠાકર...

એ. એન. જાની.

ડાયરેક્ટર, હેડ-સંસ્કૃત, તિલક રોડ, બરોડા.

પરમ વિદ્વાન શાસ્ત્રીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં સીત્તેર વર્ષની સંપતિના ઉપલક્ષ્યમાં એક અભિનંદન ગ્રંથ વિદ્વાનમંડળ, ભક્તમંડળ, મિત્રમંડળ તરફથી પ્રકાશિત થઈ રહ્યો છે તે સાંભળી ઘણો સંતોષ થાય છે. **શ્રીઆચાર્યજી મહારાજ જગપ્રસિદ્ધ મહાધુરંધર વિદ્વાન છે. શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિત મહાત્યાગી વૈષ્ણવ સંત છે.** તેમણે સંસ્કૃત સાગરના શાસ્ત્રોના વિવિધ તત્ત્વજ્ઞાનના ગ્રંથો લખ્યા છે. મૌલિક ગ્રંથો ભાષ્ય ગ્રંથો ટીકા ગ્રંથો પણ અતિ ઉપયોગી કઠીન તત્ત્વોના સ્પષ્ટભાવ જ્ઞાપક, સાંખ્ય, યોગ, ન્યાય, વેદાંત, મીમાંસા, તથા અન્ય દર્શનો ઉપર લખ્યાં છે. **ચાલુ શતાબ્દિમાં આવા વ્યાસજી સમાન મહાન લેખક બીજા નથી.** એવા સંસ્કૃત હિન્દી ગુજરાતીના મહાન તલસ્પર્શી તાર્કિક શ્રીઆચાર્યજી મહારાજને અભિનંદન અર્પુ છું, આપ સો સો વર્ષો દીર્ઘજીવી હો.

તા. ૯-૨-૭૬

-એ. એન. જાની...

જી. એમ. કાલે. (એમ.એ.).

સંસ્કૃત પ્રચારિણી સભા, મારગો, ગોવા.

મેં પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના લગભગ તમામ ગ્રંથો વાંચીને નક્કી કર્યું છે જે- આવા ઈશ્વરીય અવતારી સંતો અનાદિકાળથી પ્રગટ થતા આવે છે. તે જન્મીને પછી તેવા નિપજતા નથી તેમ તેઓને જન્મમરણ નથી. તે તો ઈશ્વર સ્વયં જ્ઞાન, શક્તિ, બલ, ઐશ્વર્ય, તેજ, વીર્ય તે છ ભગવાળા સ્વયં પ્રગટે છે. આ દિવ્ય નૈષ્ઠિક વૈષ્ણવ સાર્વભૌમ સૌરાષ્ટ્રના સંતને મારા હજારો અભિનંદન છે.

- જી.એમ. કાલે...

ડો. જી. કે. પાઇ.

ડાયરેકટર, કોચીન.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી જગતભરના વિદ્વાનોમાં મોટા વિદ્વાન છે માટે તેમને સર્વ વિદ્વાનો મળી અભિનંદનો આપી રહ્યા છે, તે અભિનંદન ગ્રંથ શ્રીસ્વામીજીને તથા વિદ્વાનોને ચિરઃપ્રસિદ્ધિ માટે છપાઇ રહ્યો છે. આવા અભિનંદન હું શ્રીઆચાર્યજી માટે મોકલું છું. શ્રીસ્વામીજીના નવા સંસ્કૃતનાં આવિષ્કારો તથા શાસ્ત્રો ભારતીય અભ્યાસક્રમમાં ઉપયોગી થશે અને ચિરંજીવીતા નિભાવશે તથા ભવિષ્યના વિદ્વાનોને ઉત્સાહ પ્રદર્શક બનશે. દૈવી નૈષ્ઠિક ત્યાગી દિક્ષીત વૈષ્ણવ વિદ્વાન આચાર્યજીને માટે થનારા આયોજનમાં મારા હાર્દિક અભિનંદન સ્વીકારજો.

- જી. કે. પાઇ...

એસ. એ. ઉપાધ્યાય.

ડાયરેકટર, ભારતીય વિદ્યાભવન, કુલપતિ કમલાપતિ સ્થાપિત, મુંબઇ.

શ્રીસ્વામીજી મહારાજે જગતભરની સેવા એમના સસ્કૃત ગ્રંથો દ્વારા કરી છે. એમના ગ્રંથો પ્રખ્યાત છે અને વધારે પ્રખ્યાતિને પામતા રહો, વિદ્વાનો અને વિદ્યાપ્રેમીઓ, અભ્યાસીઓ અપનાવીને તેવી જ દિગંત ખ્યાતિને પ્રાપ્ત થાઓ, ઊંડા ફિલોસોફીના પ્રકારોને સ્વાગત કરો, દિગંતકીર્તિ વિદ્વાનો તૈયાર થાઓ, **પૂજય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સ્વયં સિદ્ધ દૈવી વિખ્યાત મહાવિદ્વાન સંસ્કૃતમય મહાત્મા છે, એમને હાર્દિક ભાવ સમર્પીને, તમો તેમના આશીર્વાદો વડે, વિજ્ઞાની પરોપકારી માર્ગોને અનુસરો, આપને માર્ગ આપનારા જે સ્વામીશ્રી મળ્યા છે તેવા બીજાને ભાગ્યે જ પ્રાપ્ત થાય,** મારા પૂજય ગુરૂજીને અભિનંદન કોલેજની મળતી સફળતા હો!

- એસ. એ. ઉપાધ્યાય...

બી. સુબ્બારાયન.

તેલુગુ ભાષા સમિતિ, મદ્રાસ.

સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી કાશીજીના વિખ્યાત પંડિત છે, સમગ્ર જગતમાં સંસ્કૃત સંસ્થાઓ, મહાવિદ્યાલયોમાં તથા વિદ્વાન મંડળમાં તેમની કૃતિઓ બધા દર્શનોના ભાષ્યો, ટીકાઓ, ટીપ્પણીઓ, ભણવા ભણાવવામાં ચાલુ સુપ્રસિધ્ધ છે, તે ઉપલક્ષીને તેમની શાશ્વત કીર્તિ માટે અને તેવા આચાર્યશ્રીસંતવર્યના રાજીપા માટે તથા માતા સરસ્વતીની પ્રસન્નતા માટે તથા ભાવિ પ્રજાના ઉત્સાહ માટે તેવાં સત્પુરૂષને અભિનંદન-સમ્માન કરવામાં આવે છે, તે અવસરે અમારું પણ અભિનંદન ચિરંજીવો શાશ્વતી ખ્યાતિ વડે વિભૂષિત રહો, યશઃતનું વિસ્તરો, દેશસેવા સરસ્વતી સેવા લેખન દ્વારા કરતા રહો એવી અભિલાષાઓ સાથે નમ્રતાથી વિરમું છું, ભારતીય વિદ્યાઓનો વિશેષ વિજય આપ દ્વારા થતો રહો. અભિનંદન.

તા. ૩૦-૧૨-૭૫

- બી. સુબ્બારાયન...

શ્રી વરદરાજ.

'સધર્મ સંપાદક', કલકત્તા.

સંસ્કૃતના પ્રકાણ્ડવિદ્વાન, પ્રતિભા સંપન્ન ભારતીય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સરસ્વતીની સાધક મૂર્તિ છે, મર્મજ્ઞ મનિષિ છે, મેધાવી વ્યકિત છે, વિભિન્ન તત્ત્વોના ૪૫ ગ્રંથોના લેખક છે, અજોડ કવિરાજ છે, આદ્યાત્મિક અપરોક્ષ જ્ઞાની છે, આપના લેખો તો સર્વજન હિતકર અને સ્વાન્તઃ સુખ આપનારા છે. **આપે જગતને નિજ સંપ્રદાય માનીને તેમને સેવા આપી છે, વિશ્વના પ્રથમકોટિના વિદ્વાન આજ પૃથ્વી પર આપ વિરાજો છો, જગત અન્તઃકરણ તથા આત્મામાં જેને દર્શન માટે ઈચ્છે છે, તેના આપ પ્રતિક છો, આપ નોબલ પુરસ્કાર તથા હજારો પુરસ્કાર અને અભિનંદનોને યોગ્ય છો.** આપના પુસ્તકો તત્ત્વપ્રભાવલી વિગેરેને વિદ્વાનો અંગ્રેજી, હિન્દી આદિમાં ભાષાન્તર કરી રહ્યા છે, આવી સેવા ઉપાડતા આપશ્રીને અમારા હજારો ધન્યવાદ સાથે અભિનંદન અર્પીએ છીએ.

- શ્રી વરદરાજ...

ડૉ. જી. કે. ભટ્ટ.

ડાયરેકટર, પોસ્ટ ગ્રેજ્યુએટ, રિસર્ચ, ડક્કન જીમખાના, પૂના.

મહા ગુજરાતના સંસ્કૃતના વિદ્વાન અધ્યાપક, ધાર્મિક ઉપદેશક અને તત્ત્વજ્ઞાની મહાન સંતવર્ય શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં સમ્માનમાં એક અભિનંદન ગ્રંથ તેમના ઘણાં આશ્રિતો અને ભારતના મહા વિદ્વાનો મળી પ્રકાશિત કરે છે તેથી હું ઘણો ઘણો આનંદિત થાઉં છું. સ્વામીશ્રી અદ્વિતીય સંસ્કૃતના મહાવિદ્વાન છે, એમણે લગભગ ૫૦ જેટલી વિભિન્ન શાખાઓનાં ભારતની તમામ સંસ્કૃત, વિજ્ઞાનની, દર્શનોની પધ્ધતિઓના સંસ્કૃત ગ્રંથો તથા હિન્દી અને ગુજરાતી ગ્રંથો ભાષ્યો ટીકાઓ વિગેરે લખ્યા છે. જો કે શ્રીઆચાર્ય મહારાજનો શ્રીસ્વામીનારાયણ વૈષ્ણવ સંપ્રદાય છે, અને તેનું શ્રીસ્વામિનારાયણ દર્શન શાસ્ત્ર ઉત્તમ વૈજ્ઞાનિક ગ્રંથ છે. તે શ્રીઆચાર્યજીની ઉમદા તાત્ત્વિક વિશિષ્ટ બ્રહ્મદ્વૈત સિધ્ધાંતની કૃતિ છે. **સ્વામીજીએ તો ભારતીય વિદ્વતાને અનુસારે ન્યાય, નવ્યન્યાય, વેદાન્ત, મીમાંસા, સાંખ્ય યોગ, વૈશેષિક, તર્ક સાહિત્ય આદિના ઘણા માર્મિક ગહન ગ્રંથો લખ્યા છે. ખ્યાતિ વિમર્શ, ચિત્સુખી ટિપ્પણી, શ્રુત્યર્થ તાત્પર્યનિર્ણય, તત્ત્વમુક્તાકલાપ, કિરણાવલી આદિ વેદાંતના અદ્વૈત, દ્વૈતાદ્વૈત, શુધ્ધાદ્વૈત, વિશિષ્ટ દ્વૈત, દ્વૈત આદિ વિષયોના મુદ્દાઓ ઉપર ઘણા વિશાલ વિચારો કર્યા છે. આ બધા ઉપર આશ્ચર્યકારક રચનાઓ કરી છે. આ આચાર્યશ્રી પોતે તમામ ભણ્યા છે. છતાં નિષ્પક્ષ હૃદયવાળા, નિર્દોષ નિર્મલ આત્માં એવા તેમણે જગતના તમામ મુમુક્ષુઓ માટે બ્રહ્મ સાથે જ ધાર્મિક વિશાલતાને અવલમ્બીને તથા વ્યાપક પરમાત્માને અને આત્માને અવલંબીને પાવરફુલ ચમત્કારિક ગ્રંથો લખ્યા છે.** આવા મહાન વિદ્વાન જગદ્ગુપકારક જગદ્ગુરૂ સંતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજને શ્રેષ્ઠ સદ્‌ગુરૂ એક પવિત્ર પુરૂષ તથા ઈશ્વરીય તત્ત્વવિજ્ઞાની નેતા એવા ત્યાગી મહાત્માને મારું સમ્માન અભિનંદન સાથે સમર્પિત હો અને મારા કિંમતિ શ્રધ્ધેય ધન્યવાદ સાથે મારા વિનીત ઘણાં ઘણાં પ્રણામો સમર્પિત હો.

તા. ૧-૪-૭૬

- ડૉ. જી. કે. ભટ્ટ...

ડો. વિનોદચંદ્ર સિંહા.

ડાયરેકટર પુરાતત્ત્વ સંગ્રહાલય, હરિદ્વાર.

સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું લોકોપકારી જીવન, તપ, ત્યાગ, ભક્તિ, વિજ્ઞાન, અધ્યાપન તત્ત્વાન્વેષણનાં યત્ન ભરેલા જગતને પ્રેરણા આપે એવું શ્રેયઃસ્કર દૃષ્ટાંત તરીકે અતિ ગ્રાહય છે.

- ડૉ. વિનોદચંદ્ર સિંહા...

ડો. એસ. એ. ઉપાધ્યાય.

જેટી ડાયરેકટર, ભારતીય વિદ્યાભવન, મુંબઈ.

વિદ્વદ્વર્ય સંતપુરૂષ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી એક ઈશ્વરીય, આત્મા, પવિત્ર ઉપદેશક, લેખક, શિક્ષક, ધાર્મિક જીવનદાર, પરમેશ્વરીય માર્ગદર્શક, માનવોના ઉધ્ધારક અને સમ્માનપાત્ર આત્મા છે. **આવા દૈવીક પુરૂષને માટે ભેટમાં ભક્તિ, અભિનંદન અને સદ્‌ગુરૂતા હોઈ શકે, તે એવા પવિત્રપુરૂષ છે, મોક્ષ સાધન પ્રદર્શક છે અને અનેક કિંમતી શરણે જવાના આધાર છે, સંસ્કૃતના ઉચ્ચતમ અધ્યાપક મહાત્મા છે. એમના આશીર્વાદ અને પધ્ધતિ આપણે લેવા જોઈએ.** હું પણ આપની સાથે તેમને હાર્દિક અભિનંદન અર્પુ છું.

- ડૉ. એસ.એ. ઉપાધ્યાય...

વી. વી. ગીરી.

પ્રેસિડેન્ટ ઓફ ઈન્ડિયા, મદ્રાસ.

આપ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને માટે જે જે અભિનંદન, સમ્માનો આપવા માટે તૈયારીઓ છે, તે તેવા યોગ્ય પ્રખ્યાત વિદ્વાન પુરૂષને માટે બધા સફળ હો, મારા તે સાથે અભિનંદન પાઠવું છું, મહાન સંતને અર્પિત થાઉં છું.

- વી.વી.ગીરી...

તેલુગુ ભાષા સમિતિ.

મદ્રાસ.

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યકૃત ગુણાતીતબ્રહ્મૌપનિષત્, બ્રહ્મરસાયનભાષ્ય, અખિલ ભૂમંડલિય સાંપ્રદાયિક મુક્તિવ્યવસ્થા તથા તત્ત્વપ્રભાવલિ આદિક ગ્રંથો સમસ્ત જગત માટે પરમ ઉપકારી થશે, સાંપ્રદાયિક ગ્રંથો પણ બિનસાંપ્રદાયિકત્ત્વથી ભરેલા છે, માટે સમગ્ર જનતાને જરૂર ઉપયોગી થશે. ભારત માટે ભારતના સાહિત્ય માટે સ્વામીજીનું લેખન મહાગૌરવ ભરેલી ભેટ છે, ભારતના સંતનું સન્માન તે આંતરરાષ્ટ્રીય મહાન યુગપુરૂષનું સન્માન છે, તેથી જ ભારતનું સન્માન ગૌરવ ભર્યું છે, સ્વામીજી વિશ્વના કિંમતી મહારત્ન છે, સત્યતીર્થ છે. એમને અમારા ઘણાં ઘણાં અભિનંદન.

- તેલુગુ ભાષા સમિતિ...

પંડિત રામકૃષ્ણ શાસ્ત્રી.

અવ્યવ રણવીર સંસ્કૃત પુસ્તકાલય, કાશી.

ત્યાગી છતાં વિદ્યાનુરાગી, સર્વશાસ્ત્રપારંગત, પ્રતિભાસાગર, કાવ્ય નિર્માણ સામર્થ્યવાળા, ઈતિહાસ રચના શક્તિવાળા, વૈષ્ણવ ધર્મગુરૂ પ્રકાણ્ડ વિદ્વાન, જગદ્‌ગુરૂ ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિવાળા, સાકારમૂર્તિ પ્રગટબ્રહ્મ પરિબ્રહ્મ સ્વરૂપ, પ્રભુના સાક્ષાત્ અવતાર, વિશ્વની મહાનવિભૂતિ, અતિગૂઢ તત્ત્વચિંતક સાહિત્યજગતના પરમપૂનીત ધ્યેય શ્રધ્ધેય સંત, વિદ્વન્માન્યમૂર્તિ, વિશ્વદર્શિત શાસ્ત્રસ્તત્ત્વ, સૌરાષ્ટ્ર ભૂમિ બાલક દૈવીશક્તિવાળા, સૌરાષ્ટ્ર ભગવન્મૂર્તિ મહાગુજરાતના વિદ્વત્સાર્વભૌમ, સાધુજીવન પરાયણ, જગધ્ધિતકારી, કવિતાર્કિક ચક્રવર્તિ, મહાજ્ઞાની, કાશી હિંદુ વિશ્વ વિદ્યાલયના એક તેજસ્વી અધ્યેતા સ્કોલર સંત, ભારતીય ગ્રંથરત્ન રચયિતા જગદ્વિદ્વવૃન્દને માનદ્ એવા અલૌકિક માયાનિર્લેપ મૂર્તિ શ્રીકૃષ્ણવલ્લભચાર્યજી મહારાજને મારા સો એ સો અભિનંદન છે.

- પંડિત રામકૃષ્ણ શાસ્ત્રી...

દલસુખ માલવિયા.

ડાયરેકટર, ભારતીય સંસ્કૃત મંદિર, અમદાવાદ.

હું બનારસમાં હતો ત્યારે મેં ઘણા સંસ્કૃતના વિદ્યાર્થીઓને સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની પાસે ભણતાં જોયાં છે. ન્યાયતર્ક દર્શનકાવ્ય આદિકની ભાષ્ય ટીકાઓ ભણતાં જોયાં છે, ટિપ્પણીઓ લખાવતાં તથા પ્રશ્નોત્તર કોપીઓ લખાવતાં જોયાં છે, કોડપત્ર કાલ્પનિક વિષય તો તુરત જ ટાંકી લેવરાવતા જોયાં છે. આવા વિદ્યાપ્રેમી મહાન વિદ્વાન સરલશૈલીના શિક્ષક શ્રીસ્વામીજીને મારા અસંખ્ય અભિનંદન છે.

- દલસુખ માલવિયા...

પં. શ્રીધરશાસ્ત્રી.

ભારતી પરિષદ વિભાગ, અમદાવાદ.

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પવિત્ર ભક્તિવાળા, ઉપદ્રેષ્ટા વ્રતી, સંયમી સ્વનામખ્યાત, વિદ્વદ્વર્ય અજોડ પંડિત છે. મહાગુજરાત સૌરાષ્ટ્રમાં એમની કીર્તિ ભારતનું ગૌરવ વધારે છે, પ્રથમ અંગુલિને વેઢે ગણત્રીના છે. વિવિધ વિષયોના મહા વિદ્વાન શાસ્ત્રીસમાજમાં અગ્રગણ્ય છે, રાષ્ટ્રના પરમ ઉદાર સેવક છે. **પ્રકાશને ગોતવો હોય તો શ્રીસ્વામીજીના ગ્રંથોમાં પડેલી તેજસ્વિતામાંથી ગોતો, રત્ન શોધવા હોય તો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં હૃદયાકાશમાં વિહરો, શ્રીસ્વામીજીની અધ્યાત્મ સાધના વડે સુસમ્પન્ન જીવનની દીપ્તિ આલોક પરલોકમાં સર્વત્ર પથરાતી રહેશે.** આવા વિદ્વાન મહામાન્યતાના પાત્ર છે, એમને મારા અભિનંદન છે.

- પં. શ્રીધરશાસ્ત્રી...

એલ. બી. ઠાકર. (એકિંટગ રજીસ્ટ્રાર),

ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી, જામનગર.

મને એ જાણી ને ખૂબજ આનંદ થયો કે 'સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનો અભિનંદન ગ્રંથ' બહાર પડશે. **વિશ્વના પ્રથમ હરોળના સંત તેમજ સંસ્કૃત સાહિત્યના આ યોગીને મારા ખૂબ ખૂબ અભિનંદન.** આ ગ્રંથ પ્રસિદ્ધ થયે સ્વામીજીને સારા પ્રતિભાવો મળશે.

દિનાંક : ૨૫-૫-૧૯૭૬

- એલ.બી.ઠાકર...

સૂર્યનારાયણ મિશ્ર.

સંસ્કૃત શક્તિશાલા, અયોધ્યા.

વિશ્વવિખ્યાત વિદ્વાન મહાપંડિત પરમ પૂજય સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ન્યાય, તર્ક, વેદાંત, મીમાંસા, યોગ, ધર્મ, શૈવ, વૈષ્ણવ, શાકત દર્શન, આગમ, નિગમ, ઈતિહાસ, પુરાણ સંહિતા આદિકના અદ્‌ભુત લેખક છે, શાસ્ત્રો દ્વારા વિશ્વમાં અમર થઈ ગયા છે, આપણાં બધા માટે આ ગૌરવ છે. **સામાજીક સેવા ધાર્મિક સ્થાપના સાહિત્યિક રચનામાં તત્પર સ્વામીજી સ્વયં દિવ્ય, ભવ્ય અને પવિત્ર છે. સ્વામિનારાયણ વૈષ્ણવ સંપ્રદાયના અદ્વિતીય માન્યવર સંત ગુરૂવર્ય છે, હિંદુધર્મના સંવર્ધક વિકાસક એવા પ્રયત્નશીલ છે.** પ્રતિભાશાલી તેજસ્વી સંતવર્યને તેમના આત્મીય ઉલ્લાસને વિદ્વાનો સન્માનપૂર્વક અભિનંદનો આપે છે. હું પણ મારા અભિનંદન અર્પણ કરું છું.

- સૂર્યનારાયણ મિશ્ર...

ડૉ. હરીશંકર શાસ્ત્રી.

દૈવજ્ઞભૂષણ, પી.જી.ટી. સેન્ટર, જામનગર.

વિશ્વના કલ્યાણ અને જ્ઞાનદાનનાં સતત સાધક, સંત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી દૈવી શક્તિના સાક્ષાત્ અવતાર છે. સ્વતંત્ર રાષ્ટ્રના શુભ કર્તવ્યોને ભારતીય વિદ્વાનોએ નિજાત્માના અંશ માનીને સ્વીકાર્યા છે, તેથી તેમના ગૌરવમય ગ્રંથોમાં રાષ્ટ્રીય ચેતના અભિવ્યક્ત થાય છે. જે વ્યક્તિ સ્વકાવ્યો, તત્ત્વજ્ઞાનો વિગેરે આત્માના અંશમાંથી સરલ રીતે અભિવ્યક્ત કરી શકે, તે વિશ્વનો કલ્યાણકારી યુગપુરૂષ છે. તેનાંથી માનવોના કલ્યાણકારી રહસ્યો પ્રગટ થાય છે સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના ગ્રંથોમાં વિશ્વની ઓતપ્રોતતા છે, તે સ્વામીજીની વિશ્વમાં ઓતપ્રોતતાને જણાવે છે, એવા આ આચાર્ય સંતવર્ય સ્વામીશ્રી વિશ્વના પોષણકર્તા, કલ્યાણકર્તા હોય તેમ તેમના ગ્રંથોના વિદ્યાર્થીઓ આ ભગવા સંતને ભગવાન માનતા થયા છે અને પોતે તેના ચરણોમાં સર્વસ્વાડપર્ણ કરી અહોભાગ્ય મોક્ષભાગ્ય માને છે. આવા સદ્‌ગુરૂ પ્રભુજી પૃથ્વી પર પધાર્યા છે, તેમને વિદ્વાનગણ સમગ્ર વિશ્વમાં ઓળખતો થયો છે. આવા પુરૂષોત્તમ પરમ પુરૂષનું ભજન સ્મરણ પ્રત્યેક વિદ્વાનને સહેજ મળ્યું છે, એવા પ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને અમારા સર્વના અનેક અભિનંદન.

- ડૉ. હરીશંકર શાસ્ત્રી...

સ્વામી ગોપાલદત્ત શાસ્ત્રી.

બલરામપીઠ, આરા.

શ્રીસ્વામીજી મહારાજના અભિનંદન ગ્રંથમાં અમારા આર્ટિકલોને સ્થાન મળે તે અમારો આનંદમય અવસર છે. સંસ્કૃત ભાષાના પ્રચંડ પંડિત, ભારતીય દર્શનોના અભિનવ વ્યાખ્યાતા, **વિદ્વત્શિરોમણિ મહર્ષિ સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ભારતના એક અમૂલ્ય ખજાનો છે, ભારતીય સંસ્કૃતિના ઉદ્ધારક શ્રીશાસ્ત્રીજીને મારા અભિનંદન સાથે પ્રણામ. આપ આ યુગની મહાવિભૂતિ છો, આપે પૃથ્વીમાં વિખરાએલ જ્ઞાનોનું સંકલન કરી વેદોને સંહિત કર્યા છે, એવા આપ અજ્ઞાન અંધકારને દૂર કરનારા સૌરાષ્ટ્ર ક્ષિતિજમાં દેખાતા મહા સૂર્ય છો.** આપ તત્ત્વચિંતક મહાવિદ્વાનને અમારું અભિવાદન છે, વિદ્યોપકાર કરતા રહો.

- સ્વામી ગોપાલદત્ત શાસ્ત્રી...

ટી.વી. વ્યાસ. (વાઈસ ચાન્સેલર).

ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી, ધન્વંતરી મંદિર, જામનગર.

'સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી અભિનંદન ગ્રંથ' પ્રકાશિત થવા જઈ રહ્યો છે એ જાણીને સાચે જ મને ખૂબ આનંદ થયો. **સંસ્કૃત સાહિત્યનાં મહાન પંડિત તેમજ ભારતીય સંસ્કૃતિનાં પ્રતિકસમા તેઓને મારા ખૂબ ખૂબ અભિનંદન.** મને ખાતરી છે કે આ પુસ્તક ખરેખર સારી સાહિત્યિક નામનાં તેમજ તેના પ્રકાર સ્વરૂપે સારી પ્રતિષ્ઠા મેળવશે. 'ગ્રંથ'ને મારી શુભકામનાઓ.

તા. ૨૫-૫-૧૯૭૬

- ટી. વી. વ્યાસ...

પં. સુરચૈતન્યમ્.

તર્ક દર્શનરત્ન, ગુરૂકુલ મદ્રાસ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમાં જ્ઞાન-વિજ્ઞાનનો મહાસાગર ભરેલો છે, ભગવાન વ્યાસજીના સર્વ ગુણોથી મણ્ડિત સર્વજ્ઞપૂર્ણ સ્વામીજીએ ચૌદ વિદ્યાઓનો વિકાસ કર્યો છે. આવા સર્વવિદ્યામય મૂર્તિ ભગવત્ચરણને અમારા અનંતગણા અભિનંદન હો.

- પં. સુરચૈતન્યમ્...

એમ.વી. શાહ. તેમજ લક્ષ્મણજી ભગત.

સરપંચ, કુંકાવાવ. જીલ્લો-અમરેલી.

વિશ્વને ભારતને મહાન પ્રકાણ્ડ પંડિત વિદ્વાન સંત મળ્યાં છે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ લેખનમૂર્તિ, વ્યાખ્યાનમૂર્તિ, કાવ્યમૂર્તિ, વિજ્ઞાનમૂર્તિ, શ્વેતાયન વ્યાસમૂર્તિ છે, આપને માટે અભિનંદન ગ્રંથ તૈયાર થાય છે. ૪૭ ગ્રંથોના રચયિતા સ્વામીશ્રીને દેશના વિદ્વાનો અભિનંદન આપી રહ્યાં છે, લક્ષ્મીનારાયણ સંહિતા ભારતને દેન છે, નોબલ પુરસ્કાર કમિટિએ આ સંહિતાની પ્રશંસા કરી છે. શ્રીસ્વામીજી આપને અમારા અભિનંદન અર્પિત થાઓ, સ્વામીજી ઘણું જીવો.

- એમ.વી. શાહ તેમજ લક્ષ્મણજી ભગત...

ડૉ. જે. એલ. કે. જલાલી. (ડી.લીટ્.).

પ્રેસિડેન્ટ, જમ્મુ-કાશ્મીર.

સદ્‌ગુરૂ સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આજ નવયુગમાં શાસ્ત્રોના લેખક મહાન વ્યાસજી છે, સંતધર્મ રક્ષક મહાન આચાર્ય છે. નૈષ્ટિક ધર્મરક્ષક મહાબ્રહ્મચારી છે, બ્રહ્મસ્થિતિસાધક મહાવેદાંતી છે, નવપરિષ્કૃત વિદ્યામાં નવા આવિષ્કારક વાચસ્પતિ છે, વિદ્વાનોના યશોપાલક શારદા સ્વયં છે, વિશ્વરક્ષક બ્રહ્મમૂર્તિ છે, ભક્તિરક્ષક ભગવાન છે, પ્રાચીન ધર્મરક્ષક અવતાર છે, વૈરાગ્યરક્ષક શંભુ છે, ગ્રંથ સૃષ્ટિસર્જક બ્રહ્માજી છે, લક્ષ્મીપાલક વિષ્ણુ છે, સરસ્વતીપાલક નારાયણ છે, પાંચ હજાર વર્ષના કૃષ્ણદ્વૈયાપન વ્યાસ પછી હાલમાં નવા વ્યાસ શ્વેતાયન વ્યાસજી છે, મહાભારત પછી શ્વેતાયન સંહિતા અજોડ ઈતિહાસ છે. આમના લેખક તેમજ ૪૫ ફિલોસોફિઓ કાવ્યો આખ્યાનો વિગેરે ગ્રંથોના લેખક સ્વામીજી આચાર્ય મહારાજ પરમાચાર્ય સંપ્રદાયાચાર્ય વિદ્યાચાર્ય વિશ્વવિખ્યાતાચાર્ય જગદ્‌ગુરૂ વૈષ્ણવાચાર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિનારાયણાચાર્ય ભગવાનને અમારા અભિનંદન છે.

- ડૉ. જે. એલ. કે. જલાલી...

ડો. એસ. એ. ઉપાધ્યાય. (ડી.લિટ્.).

જેટી, ડાયરેક્ટર ભારતીય વિદ્યાભવન, મુંબઈ

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજમાં સત્ય આચાર્યતત્ત્વ છે, સાચા સંપ્રદાયાચાર્ય છે, ત્યાગી સાધન આચાર્ય છે, સમસ્ત ભારતીય વિદ્યાઓના આચાર્ય મહાન સમર્થ વિદ્વાન છે, ધાર્મિક નૈષ્ઠિક ભક્તિવાળા મહાત્મા છે, મહાવૈષ્ણવ આત્મનિવેદી સુમર્યાદિત મૂર્તિ છે. દૈવી શક્તિશાલી વચનસિધ્ધ ભગવાન છે, એમના આશીર્વાદો અને માર્ગદર્શક ઉપદેશો જરૂર આપને મળ્યા જે બીજાને દુર્લભ છે તે ગ્રહણ કરતા રહેવા જોઈએ. આપ પ્રભુ વિશ્વવંદ્યમૂર્તિને અમારા અભિનંદન છે.

- ડૉ.એસ.એ. ઉપાધ્યાય...

શ્રી જમનાશંકર દેવશંકર શાસ્ત્રી.

મંત્રી, ધર્મસભા, ખંભાત.

આચાર્યોના પરમાચાર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ધર્માચાર્ય સંતપુરૂષે જ્ઞાનવિજ્ઞાન, વિવેક, નિપુણતા, કુશળતા, લેખન, અધ્યાપન, શીલવ્રત, ત્યાગ, ભક્તિ, ધર્મ ભાવના, પુરૂષાર્થ, દેશસેવા, વિદ્વત્સેવા, નમ્રતા, જગદ્‌ગુરૂતા વડે વિશ્વને ઉપકાર કરેલ છે, આપને સન્માન સાથે અમારા ઘણા અભિનંદનો છે. **આપે ખંભાતમાં એક મહીનો પબ્લિક સભાઓમાં ઉપદેશો વડે ખંભાતની અને આસપાસના ગામોની જનતાને મોક્ષ સાધનો રસમય રેડ્યાં હતાં, તે સંસ્મરણોના ભણકારા હજુ પણ વાગતા રહે છે, એવા આપને અમો ભૂલતા જ નથી.** આપ લોક કલ્યાણકારી દીર્ઘજીવી હો.

- શ્રી જમનાશંકર દેવશંકર શાસ્ત્રી...

ડો. ઓમપ્રકાશ. (M.A., LL.B., Ph.D., D.Litt., D.Phil.,).

દિલ્હી.

વિદ્વદ્વર્ય કાવ્યદર્શનકેસરી મહામહોપાધ્યાય સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી નવા યુગમાં નિજ વાણી, અનુષ્ઠાન અને યોગ, તપ, વિદ્યાની સંસ્કૃતિના મહાન આચાર્ય છે. દિલ્હી તેમને ખૂબ જ સન્માને છે.

- ડૉ. ઓમપ્રકાશ...

ડો. પદ્મશ્રી વિ. સી. વરૂણકર, તેમજ ડો. સુરેન્દ્રકુમાર આર્ય.

પુરાતત્ત્વ વિભાગ, વિક્રમ વિદ્યાલય, ઉજ્જૈન.

શ્રીસ્વામીજી મહારાજની વ્યક્તિત્ત્વપણાની મહત્તા બધા દેશો માટે આદરનો વિષય છે, વર્તમાન અર્થસંકુલ માનવ માટે અદ્યાત્મભાવનો દિક્‌સંકેત આપી શ્રીસ્વામીજીએ લોકોનાં અંતરપ્રદેશને અભિનંદનથી ભરી દીધા છે. તેઓ યુગ નિર્માણકારી પુરૂષ છે, તેમનો શક પ્રવર્તશે. તેઓ નવીન શોધક, તાર્કિક, સાંસ્કૃતિક, ધાર્મિક, ઐતિહાસિક, વિગેરે તે તે વિષયોના સુંદર સમન્વયકારી અન્વેષક અને યોજક મહાજયોતિઃ પૂંજ છે. આવા વિષ્ણુમૂર્તિને અમારા ઘણાં ઘણાં અભિનંદન છે.

- ડૉ. પદ્મશ્રીવિ.સી. વરૂણકર તેમજ ડૉ. સુરેન્દ્રકુમાર આર્ય...

મહામહોપાધ્યાય શ્રીગણપતિશાસ્ત્રી.

રાજકીય પ્રધાનાધ્યાપક, ત્રિવેન્દ્રમ.

જ્ઞાન અને ભક્તિ વડે સાહિત્ય સેવા કરનારા પ્રસિદ્ધ વિદ્વાન ન્યાયિક શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી માનવ કલ્યાણકારી આ યુગના એક શ્રેષ્ઠ મહાપુરૂષ છે. આપને વિદ્વાનો તરફથી તેમજ અમારા પણ અભિનંદન છે.

- મહામહોપાધ્યાય શ્રીગણપતિશાસ્ત્રી...

અનંતરાય રાવલ.

ગુજરાતના મહાન લેખક. અમરેલી.

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની સર્વતોમુખી પ્રતિભા, સંસ્કૃત વ્યાખ્યાન, કૌશલ્ય તથા ગ્રંથ તત્ત્વ સરલતા, જોઈ વાંચીને અનહદ આનંદ થાય છે. આપની સંસ્કૃત કૃતિઓએ ભારતમાં વિજય મેળવ્યો છે, આપની શાસ્ત્રજ્ઞતા અને વિદ્યોપાસના અલૌકિકતાનું સંમ્માન ઉપજાવે છે, દિવ્યમૂર્તિ ઈશ્વરાંશને અમારા અપાર અભિનંદનો છે.

- અનંતરાય રાવલ...

ડો. આર.એસ. શિવગણેશ મૂરથી.

લેક્ચરર ઇન સંસ્કૃત, ઈન્દોર.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ એક મહાનમાં મહાન સંસ્કૃતના લેખક અને ગૂઢ તત્ત્વ સંશોધક વિદ્વાન છે. શ્રીઆચાર્યજીએ પોતે ૪૫ ગ્રંથો લગભગ લખ્યાં છે, સંસ્કૃત શારદાની આવી મોટી સેવા કરી છે. ભાષ્યો, ટીકાઓ, ટિપ્પણીઓ અને મૌલિક ગ્રંથો પણ લખ્યાં છે, સંસ્કૃતમાં અભ્યાસોના વિભિન્ન વિભાગોમાં ટેકસ્ટ બુકો લખી છે. વેદાન્ત સાંખ્ય આદિ આત્મદર્શનાર્થ પણ ગ્રંથો લખ્યા છે, તર્ક સાંખ્ય યોગ, મીમાંસા, ન્યાય, આદિ દર્શન શાસ્ત્રો આધ્યાત્મિક લૌકિક-અલૌકિક તત્ત્વજ્ઞાન માટેના પણ લખ્યા છે, લખાણમાં નવા પરિષ્કૃત ગહન તત્ત્વો નવીન નવીન શોધ્યાં છે. ન્યાય યુક્તિઓ, વેદાન્ત પેટિકા, મીમાંસા પેટિકા પ્રમાણો આદિ ખુબ જ ઉતાર્યા છે અને વસ્તુસિદ્ધિઓ કરી ભારતીય જિજ્ઞાસુઓને માટે ઘણો ઉપકાર કર્યો છે. **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ પોતાના જીવનને સરસ્વતી સેવામાં કિંમતી બનાવ્યું છે, લોકસેવામાં ઉપયુક્ત બનાવ્યું છે, આત્મસેવામાં સાર્થક કર્યું છે, ભગવત્સેવામાં સમર્પિત કર્યું છે, મોક્ષ માટે નિર્વિઘ્ન સ્થિતપ્રજ્ઞતા કરી રાખી છે, નિર્લેપતા, શીલતા, સંતતા, ઉદારતા, દાનિતા, શાંતિ, સાત્ત્વિકતા, ત્યાગ, ધર્મ, જ્ઞાન, વિતરાગિતા, ક્ષમા, સંતોષ, નૈષ્ઠિકતા, ધ્યાનિતા, તત્ત્વ ચિંતકતા, સૌમ્ય પવિત્રતા, નિર્મલ દૃષ્ટિમત્તા, પારમાર્થિક લક્ષ્યતા, બ્રહ્મચિંતિતતા, વૈષ્ણવતા, શૈવિતા, શિષ્યતા, વિનીતતા, અધ્યાપકતા, આદરણીયતા ભક્તિ આદિ આદિ મોટા મોટા સદ્‌ગુણો નિજમાં સારી રીતે વસાવ્યા છે. જ્ઞાન, શક્તિ, બલ, ઐશ્વર્ય, તેજ વીર્ય આદિ સદ્‌ગુણોનો વિકાસ કરેલ છે, ઉપાસના સુમૂર્ત અપનાવી છે, તમામ નિજ કૃતિઓમાં અભ્યસ્ત તત્ત્વોના નવીન ખોજના પોઈન્ટો લઈને કિંમતી વિજ્ઞાનો વિદ્વાનોને આપ્યાં છે. સર્વ પ્રત્યક્ષમ્, સર્વ સુમૂર્તમ્ સર્વ પ્રમા, ઈત્યાદિ સિધ્ધાંતો અનેક ન્યાય યુક્તિવાળા તો વાંચવા જેવાં છે. આ સ્થિતિને અંગે જરૂર એમના સમ્માન માટે જગતનો વિદ્વાનવર્ગ સ્વામીશ્રીના અભિનંદનોનો ગ્રંથ તૈયાર કરી રહ્યા છે કે જે સ્વામીજી મહારાજને સમર્પિત થશે. શ્રીસ્વામીજી મહારાજના લાખો શિષ્યો, વૈષ્ણવો, વિદ્વાનો એમની આજ્ઞામાં વર્તનારા છે, તેઓ મહા મહોત્સવ ઉજવે છે, સ્વામીશ્રીની આશ્વિન કૃષ્ણાષ્ટમી ઉજવે છે,** તે સમયમાં હું પણ અભિનંદન અર્પણ કરવા હાજરી આપવા ઈચ્છાવાળો છું, જરૂર દર્શન થશે. જુદા જુદા દેશોમાં વસતા ભકત સેવકો વિદ્વાનો નિજ અભ્યાસ માટે સ્વામીશ્રીના ગ્રંથોને આવકારે છે અને સંસ્કૃતના સુપ્રકાશિત તત્ત્વજ્ઞાનને માટે તલખે છે, એ દેશવાસીઓને માટે આ અભિનંદન ગ્રંથ પણ બીજા ગ્રંથોની પેઠે દિગંત ઉજળી કીર્તિ ગાતો ચિરંજીવી થશે અને નિજ ઉપમાશ્રય અનેક વિદ્વાનો ઉપજવાની દેશને પ્રેરણા કરશે, આવી શુભ કામનાવાળો ભવદીય સેવક.

તા. ૨-૮-૭૬

- ડૉ. શિવગણેશ મુર્થી, મનુભાઈ શાહ...

પં. બુદ્ધિપ્રકાશ શાસ્ત્રીજી.

ન્યાય વેદાંતાચાર્ય, મણ્ડલેશ્વર ઉદાસીન વિદ્યાલય, દેહરાદુન.

પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી એક બહુજ તપસ્વી સંત છે, ગ્રંથ લેખક અદ્‌ભુત વિદ્વાન છે, સંયમી મહાયોગી છે, બ્રહ્મચારી નૈષ્ઠિક છે, પ્રતિભાશાલી શાસ્ત્રચિંતક છે, પવિત્ર બ્રહ્મમહાત્મા છે. તેમનું સન્માન તે વિદ્વાનોનું સન્માન છે, **તેઓ અમૃત સંદેશ લઈને જીવનગ્રહણ કરનારા બ્રહ્મ પોતે છે, આપણને બ્રહ્મ ભણાવીને સ્વરૂપમાં લીન થશે,** તેમને અમારા ઘણાં સન્માન છે.

- પં. બુદ્ધિપ્રકાશ શાસ્ત્રીજી...

પ્રભાકર માચવે.

રાષ્ટ્રપતિ નિવાસ, સિમલા.

શારદા સરસ્વતી ભારતી વાણી ગીર્વાક બ્રહ્માણીના સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે વિશ્વના વિદ્વાનોને ભારત તરફ આકર્ષિત કર્યા છે. પૂર્વ અને પાશ્ચાત્ય સંસ્કૃતિના સેતુરૂપ થયાં છે, તેમને મારા અભિનંદન છે.

- પ્રભાકર માચવે...

ડો. કરણસિંહ.

એમ.એ., પીએચ.ડી., સંસ્કૃત વિભાગ, મેરઠ-સીટી.

પરમ વિદ્વાન પંડિતવર્ય સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના કૃતિત્ત્વ અને વ્યક્તિત્ત્વનો પરિચય મેળવી મારું મસ્તક શ્રદ્ધાથી વારંવાર નમી જાય છે. આવા મહાન સંસ્કૃત સંતના સન્માનમાં અભિનંદન ગ્રંથના પ્રકાશરૂપ પુનિતકાર્યમાં મારું પણ સ્વઅલ્પ સમર્પિત અભિનંદન સ્વીકૃત હો.

- ડો. કરણસિંહ...

ડો. કે. વી. અભયંકર ભંડારકર.

ઓરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, પૂના.

શ્રીસ્વામિનારાયણ ધર્માન્વિત સર્વધર્મભાસ્કર પ્રકાંડ પંડિત સર્વશાસ્ત્રોના આચાર્ય સાર્વભૌમ મહામહોપાધ્યાય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને અમારા ઘણાં ઘણાં અભિનંદન છે.

- ડો. કે. વી. અભયંકર ભંડારકર...

આત્મલીલા યોગીની.

સતીમઠ, રૂદ્રારણ્ય.

પતંજલિ મુનિએ 'શરીર અને પિંડે સો બ્રહ્માંડે' એ રીતે બ્રહ્માંડ સાથે વિરાટ સાથે એકતા યોગ સમાધિ વડે જોઈને, શરીરમાં પરમેશ્વર, જીવાત્મા, માયા, મહત્ત્વ, અહંકાર, શ્રોત્ર, ત્વક, ચક્ષુ, રસના, ઘ્રાણ, વાક, હાથ, પગ, પાયુ ઉપસ્થ, શબ્દ સ્પર્શ, રૂપ, રસ, ગંધ, આકાશ, વાયુ, તેજ, જલ, પૃથ્વી આટલા તત્ત્વો શરીરમાં અને બ્રહ્માંડમાં છે. તેને એકતાના ઐશ્વર્યો સાધે તો બ્રહ્માંડને પોતાના શરીરની પેઠે સંચાલન કરે એવો મહાસમર્થ યોગી થાય. શરૂઆતમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ એવા યમ પાળવા, શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, ઈશ્વરપ્રણિધાન એવા નિયમો પાળવા, સિદ્ધાસન, ગોરખાસન વિગેરે સાધવાં. નોલી, ધોતી, બસ્તિ, નલપ્રક્ષાલિની, વ્રજોલી વિગેરે શીખવા, પૂરક, કુમ્ભક, રેચક, પ્રાણાયામો કરવા, વૃત્તિઓ પાછી ખેંચવી- પ્રત્યાહાર ત્રાટક વિગેરે કરવા, ધારણા કોઈ દૈવી ચીજોમાં વૃતિ બાંધવી, કુંડલીની જાગ્રતિ કરવી, આ અભ્યાસ સિધ્ધ થયે એકતાન વૃત્તિ સ્થિરતા રૂપી ધ્યાન ટકી શકે અને ધ્યેય ચીજ સમૂહરૂપે વૃતિમાં ભાસે તો સમ્પ્રજ્ઞાત સ્થિતિ, સમૂહ મટીને એકજ ધ્યેય તત્ત્વ પરમાત્મા ભાસે તો અસમ્પ્રજ્ઞાત, સમાધિ સ્થિતિ ગણાય, ધારણા સાથે એકાગ્રતા થાય, પણ ધ્યાન સાથે નિરોધ થવા લાગે, ઊંચી સ્થિતિ ધ્યેય ધ્યાતા બેજ વૃત્તિમાં ચિરચૈતન્યમાં ઝબકે, આત્મામાં ઉંડુ ઉતરાય અને હૃદાત્મામાં કે બ્રહ્મરંધ્રમાં પરમાત્માને પકડાય એટલે માયિક સૃષ્ટિ લય થાય અને મુક્તસ્થિતિમાં વરતાય. આ રીતે યોગશાસ્ત્ર વ્યાપક નિજાત્માને ભગવાનમાં સમર્પિત કરી કરાવીને સત્‌ચિદાનંદ સ્વરૂપમાં જ સ્થિરતારૂપી મોક્ષનો અનુભવ થાય, સ્વાનુભવ વડે માયા વિયોગ કૈવલ્ય મુક્તિ, સ્થિતિ મળે - આમ યોગશાસ્ત્ર તત્ત્વજ્ઞાનમાં પણ અપરોક્ષનું ભાવાત્મક ધ્યાન વડે સમાધિ દ્વારા મોક્ષને વર્ણવે છે. સાંખ્ય કરતા યોગની ભગવાનના અવલંબનવાળી ઊંચી કોટિ છે. આવા **યોગશાસ્ત્ર ઉપર શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજીએ સુંદર ભાષ્ય તથા કિરણ વિગેરે લખ્યાં છે, પોતે યોગનાં પણ આચાર્ય થયા છે. યૌગિક ઘણી રીતિયોના અભ્યાસ કરી સ્થિરવૃત્તિ, અસ્મિતાયોગ, ધ્યાનમાં દૂરદર્શન, અપરોક્ષ પ્રવાહ સાક્ષાત્કાર, વચનસિદ્ધિ, સત્યસંકલ્પ સ્વાત્મવત્ સર્વદર્શિતા, વિશિષ્ટબ્રહ્મદર્શિતા, સ્વેતર વૃત્યલગ્નતા ભગવદારાધના, વૈષ્ણવતા, પ્રાતિભજ્ઞાનિતા સ્થિતપ્રજ્ઞતા, પરકાર્યફલ પ્રદાતા, આદિ આદિ અનેક સિદ્ધિઓવાળા ઈશ્વર પરમેશ્વર સ્વયં સિદ્ધપુરૂષ વર્તે છે, તેમને અસંખ્ય સૃષ્ટિઓ અભિનંદન આપે છે, અદ્યાત્મદીપ એવા આ પ્રભુને હું પણ અભિનંદન સમર્પું છું.**

- આત્મલીલા યોગીની...

મહંત શાંતિપ્રસાદ (વેદાંતાચાર્ય).

શ્રી આણદાબાબા સેવાશ્રમ, જામનગર.

॥ શ્રીમાન આનંદરામ ગુરુનાં ચરળકમળને નમસ્કાર ॥

પંડિત પ્રવર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું અભિનંદન.

(૧) આ અભિપ્રાય લેખન માટે મારું મન અતિ મુગ્ધ છે તેમાં કોઈ શંકા નથી, શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીને નમસ્કાર.

(૨) તે શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય પૃથ્વીમાં પ્રિય શા માટે ન હોય ? શ્રીહરિનાં શાસ્ત્ર સાથે જોડાયેલ તેઓશ્રી લોકોને અતિપ્રિય છે.

(૩) તેઓશ્રી ન્યાય, કાવ્ય, સાંખ્ય આદિમાં વિખ્યાત વિદ્વાન હતા. વારાણસીમાં પોતાનાં કાર્યને લીધે પંડિત સમુદાયમાં અતિ પ્રીતિપાત્ર બન્યા હતા. શ્રીજી મહારાજનાં પરમ તત્ત્વનાં આસક્ત તથા વિરોધી મતાવલંબીઓનું ખંડન કરનાર શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય દીર્ઘ જીવન પ્રાપ્ત કરે.

(૪) જેઓશ્રીની સૂર્ય સમાન પ્રભા ધરાવતી 'કિરણાવલી' નામની ટીકા વિદ્યાર્થીઓનાં ચિત્તમાં શાસ્ત્ર તરીકે સ્થાન અને સન્માન કેમ પ્રાપ્ત ન કરે ? આવા તેઓશ્રીના ગ્રન્થો વિશે જાણીને અતિપ્રસન્ન અને ધન્ય બનેલા વિદ્યાર્થીઓ બોલી ઊઠે છે કે, 'સર્વે પંડિતોમાં શ્રેષ્ઠ એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય જેવા ગુરુ અમને પ્રાપ્ત થાઓ.'

(૫) સ્વધર્મમાં પરાયણ અને સંપ્રદાયમાં અદ્વિતીય એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સો શરદ (વર્ષ) જીવે.

(૬) અભિનંદન રૂપી માળામાં સ્નેહરૂપી કેસરથી સુશોભિત તથા પ્રેમરૂપી સુગંધથી મુક્ત એવું ભાવના પુષ્પ સ્થાપિત કર્યું છે.

વિદ્વદ્‌શ્રેષ્ઠ, ષડ્‌દર્શનાચાર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ભારતના ગણ્યાં ગાંઠ્યા સમર્થ વિદ્વાનોમાં એક છે. સંસ્કૃત જગત્‌ના પ્રખર તેજસ્વી સૂર્ય છે, ગુજરાતનું ભૂષણ છે અને શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના શિરોમણિ છે. આ સંપ્રદાયમાં સ્વામીશ્રી સહજાનંદથી માંડીને આજ સુધીમાં આવા વિદ્વાન કોઈ થયા નથી અને ભવિષ્યમાં થશે કે નહીં તે અનિશ્ચિત છે.

તેઓશ્રીનાં પાંડિત્યનો જેમણે જેમણે અનુભવ કર્યો છે તેઓ પ્રભાવિત થયા વિના રહ્યાં નથી. પછી તે પ્રાચીન પદ્ધતિનાં ઉપાસક હોય કે નવીન પદ્ધતિનાં ઉપાસક હોય. તેમનાં જ્ઞાનથી જેટલો સંતોષ સંસ્કૃતના પંડિતોને થાય છે તેટલો જ કોલેજોના પ્રોફેસરોને પણ થાય છે.

આવા મહાન વિદ્યોપાસક શારદા કૃપા પાત્ર સાક્ષર રત્નનું જેટલું સન્માન તે ઓછું છે. આવી વિભૂતિઓ સંપ્રદાયમાં રહેવા છતાં ક્ષુદ્ર બંધનોથી પર હોય છે અને કદાચ સંપ્રદાયના માણસો જાણતા હોય છે તેથી વિશેષ જગત્‌ના માણસો તેઓને જાણતા હોય છે.

આથી આ વિદ્વાન વિભૂતિને પરમેશ્વર ખૂબ ચિરાયુ બનાવે અને તેઓ પોતાના જ્ઞાનનિધિમાંથી અનેક જિજ્ઞાસુઓને પ્રકાશ દાન કરતાં રહે તેવી હાર્દિક શુભકામના સાથે ઈશ્વરને પ્રાર્થુ છું.

- મહંત શાંતિ પ્રસાદ...

ડો.શ્યામલાલ શર્મા. (એમ.એ., પીએચ.ડી., ડી.લિટ્.).

વિશ્વેશ્વરાનંદ વૈદિક અનુસંધાન કેન્દ્ર, હોંશિયારપુર, પંજાબ.

લેખક બ્રહ્મવત લેખિનીનું ગૌરવ અને લેખોનું ગુરૂત્વ સમતોલે વ્યાપે છે, શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા તેવી વિશ્વવન્દ્ય વિશ્વગ્રાહ્ય વિશ્વસંશોધક વિશ્વકલ્યાણકારી આ નવા સત્યુગમાં થઈ રચાણી છે. શ્વેતાયન વ્યાસ એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને આવી સંહિતા અને બીજી રચનાઓનો સમૂહ સંહિતા સ્ત્રોત, તત્ત્વજ્ઞાન ભારતોત્તર મહા ઈતિહાસ આદિ આદિ અપનાવીને આપ પરિચ્છિન્ન બ્રહ્મમૂર્તિ સ્વરૂપને વ્યાપક બ્રહ્મ સ્થિતિમાં સાર્વજ્ઞય પ્રકાશીને ભાવના, કલા, ધર્મ, જ્ઞાન, પ્રેમ, કવિતા, સમર્પણ, મુક્તિ આદિ આપનારા આપ પ્રજ્ઞેશ્વર પરમાત્માને અમારા અભિનંદન અંકાર્પિત કરીએ છીએ.

- ડૉ.શ્યામલાલ શર્મા...

પ્રભુદત બ્રહ્મચારી.

સંકીર્તન ભવન, ઝુસી.

સંસ્કૃત સાહિત્યના ઉદ્ભટ વિદ્વાન પંડિતપ્રવર સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના અભિનંદન માટે સૌરાષ્ટ્રમાં અભિનંદન ગ્રંથનું પ્રકાશન થઈ રહ્યું છે એ અત્યંત પ્રસન્નતાની વાત છે. **સ્વામીજી મહારાજને તેમના સંસ્કૃત વાણીમયથી એક પ્રતિભાશાળી વિદ્વાન તથા ભારતી દેવીના સરસ સાધક તથા ઉત્કૃષ્ટ કાવ્ય રચનાઓના પારંગત, તર્કોના નિષ્ણાત, આવા સુપરિષ્કૃત વિદ્વાનને મેં પરિચયથી વધારે જાણ્યા છે.** સ્વામીજી મહારાજનું વ્યક્તિત્ત્વ અને તેમની અમર કૃતિઓને માટે તથા એમના અભિનંદન માટે મારી હાર્દિક શુભકામનાઓ સ્વીકાર કરજો.

- પ્રભુદત બ્રહ્મચારી...

વિશ્વેશ્વરાનંદ વૈદિક શોધ સંસ્થા.

(ભારતીય સંઘ તથા પ્રાદેશિક સરકારો તથા વિશ્વવિદ્યાલયો દ્વારા સંરક્ષીત)

પ્રધાન : પ્રો. દીવાન આનંદ કુમાર (M.A.B., (Cantab), Bar. At law)

ભૂતપૂર્વ ઉપકુલપતિ, પંજાબ વિશ્વવદ્યાલય

ઉપપ્રધાન : ડો. જી. એલ. દત્તા, (M.A., Ph.d.),

પ્રો. સાધુ આશ્રમ, (હોંશિયારપુર, (પંજાબ) ભૂતપૂર્વ ઉપકુલપતિ, વિક્રમ વિશ્વવિદ્યાલય

એસ.ભાસ્કરન્ નાયર. (M.A.)

- કાર્યકારી સંચાલક

આ અત્યંત ખુશીનો વિષય છે કે, સંસ્કૃત તથા ભારતીય સંસ્કૃતિના મૂર્ધન્ય વિદ્વાન, વાણીની દેવી સરસ્વતીના સતત સાધક મહામનીષિ સંત સ્વામીશ્રી કૃષ્ણવલ્લભાચાર્યજીના અભિનંદન માટે એક ગ્રંથ પ્રકાશિત કરવામાં આવી રહ્યો છે. **સ્વામીજીની સારસ્વત સાધના સૌ જાણે છે. ભારતીય ધર્મ તથા દર્શન શાસ્ત્ર પર સ્વામીજીએ જે ગ્રંથરત્નોની રચના કરી છે તે ગુણવતા તથા માત્રા બંનેની દૃષ્ટિથી એક મહાન ઉપલબ્ધિ છે.** પ્રસ્તુત અભિનંદન ગ્રંથના પ્રકાશનના સંદર્ભમાં અમારા વિશ્વેશ્વરાનંદ વૈદિક શોધ સંસ્થાન તથા અમારી તરફથી પણ આ પરમપુનિત પ્રયાસની સફળતા માટે હાર્દિક શુભ કામના કરું છું.

- એસ. ભાસ્કરન નાયર...

કા. ચે. ત્રિવેદી. (આચાર્ય).

શ્રીસુરગવાળા, સાર્વજનિક હાઈસ્કૂલ, વડીયા.

વિશ્વવન્દ્ય પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજશ્રી વિરચિત પુસ્તકો કેવલ સાંપ્રદાયિક નથી, કિન્તુ જીવોના લૌકિક પારલૌકિક આત્મસુખના ઉન્નતિકારક સર્વ સામાન્ય મહાશાસ્ત્રો છે. છાત્રોને ભણવામાં આ પુસ્તકો પગથીયારૂપે પણ થાશે અને દેવભાષાના પરમોપકારથી વિદ્યાલયોમાં વપરાશે. હું આચાર્ય મહારાજને અભિનંદન કરું છું.

- કા. ચે. ત્રિવેદી...

શ્રીસ્વામિનારાયણ સંચરીક શ્રી ધીરજધારી શાસ્ત્રી.

મથુરાવાસી શ્રીસ્વામિનારાયણ ગૌર મંત્રી વિદ્વત્પરિષદ, મથુરા, (ઉત્તરપ્રદેશ).

આજ સુધી થયેલા ભગવાનના અવતારોએ માનવજીવન ઉત્તમ બનાવ્યાં છે, ઉપાસનાવાળું માનવ જીવન ઈષ્ટદેવની આજ્ઞાનુસારે કાયિક, વાચિક, માનસિક, આચરણ કરવામાં તથા તેમના સિધ્ધાંતો પાળવામાં સફળતા મેળવે છે. પરમપૂજય ભારતરત્ન પંડિત કુલભૂષણ, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ઉપરોકત સદ્‌ગુણોની મૂર્તિ છે. આપ શ્રીઉધ્ધવસંપ્રદાયમાં જેમ વિખ્યાત છો તેમજ ભારતવર્ષમાં અને વિદેશોમાં પણ નિજ રચિત ગ્રંથો દ્વારા વિખ્યાત છો. આપની ગ્રંથ રચનાઓ, ભાષ્યો, ટીકાઓના પદાર્થ તત્ત્વો અનુપમ છે, ગહન અને વિશદ પણ છે. આપના અભિનંદન ભગવાન અક્ષરાધિપતિ પૂર્ણ પુરૂષોત્તમ શ્રીસહજાનંદ સ્વામીજીની મનીષા છે. સંસ્કૃત તથા હિન્દીમાં સાંપ્રદાયિક ગ્રંથોની રચના કરીને આપે હિન્દી ભારતના હરિભકતો ઉપર ઘણી અનુકંપા કરી છે. **ભારતવર્ષના વિદ્વાનો અને ઉધ્ધવ સંપ્રદાયના અનુયાયીઓ સદા આપ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ઋણી રહેશે.** અંતઃ પરમપૂજય સ્વનામ ધન્ય પંડિત કુલભૂષણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજી મહારાજના અભિનંદન ગ્રંથના પ્રયાસો સફળ દેખીને અમારા હૃદયમાંથી ભાવભરી કુસુમાંજલિ સમર્પણ કરીને મને પોતાને ધન્ય માનું છું.

- પંડિત ધીરજધારી શાસ્ત્રીજી...

શ્રી રામમૂર્તિ.

આન્ધ્ર વિશ્વકલા પરિષત્. વિશાખાપટ્ટનમ્.

॥ સંદેશ ॥

શ્રીમાન વિખ્યાત કીર્તિ પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજશ્રીને અભિનંદન ગ્રંથ સમર્પણ સર્વથા પ્રશંસનીય છે. આચાર્ય મહારાજશ્રી કાવ્ય કવિતા તથા સાંખ્ય ન્યાય વેદાંતાદિ શાસ્ત્રો દ્વારા ટીકાગ્રંથ તથા પ્રવચનદ્વારા સંસ્કૃત, હિન્દી, ગુજરાતી ભાષાનાં અમૃતમય અમરવાણી વિશાલ પ્રચાર વડે કૃતકૃત્ય અને ધન્યવાદાર્હ બિરાજે છે. ભણનારા, ભણાવનારા વિદ્વાનોને શ્રીસ્વામીજી મહારાજના વિશિષ્ટ પ્રકારની રચનાવાળા ગ્રંથો તેમજ તેમનો અભિનંદન ગ્રંથ સૂર્યચન્દ્ર વ્યાપી કીર્તિ વધારશે.

- શ્રીરામમૂર્તિ...

ડો. જગપુર્ણદાસ શાસ્ત્રી. (પીએચ.ડી., સાહિત્યાચાર્ય, વાચસ્પતિ),
મંદિર પુરાણીમણ્ડી, જમ્મુ-તાવી.

॥ માનસોલ્લાસ ॥

અત્યારે સ્વરાજ્યમાં પણ આપણાજ લોકો નિજ પરંપરાઓનાં ખંડન કરવા કટીબદ્ધ થયેલ છે, તેમજ પોતાને પહેલાની માફક સર્વેના હિતમાં જોડેલા દેખાડીને પોતાની સંસ્કૃતિ અને સભ્યતાને નહિ સંપાદન કરવામાં કેટલાક સફળ સાધકો બનીને પોતાનું કૌશલપણું દાખવે છે. પણ ભારતીય સંત પરંપરા તો સદા સંઘર્ષણમાં રહેતા માનવ માનસોને 'સત્યમ્ શિવમ્ સુન્દરમ્' આવા પ્રભુને સાક્ષાત કરાવવા માટે પોતાના તન, મન, આદિ અર્પણ કરતા રહે છે. આ લોકમાં વિદ્યાવાળા સંતોની જે જે ઉત્તમગતિ છે તે વડે જ આ લોકો જીવતા રહે છે, તેથી વિપરીત ગતિથી જીવન બચવાનું નથી. આ મારી કહેવત પોતાની ઐતિહાસીક મહત્તાને લઈનેજ પ્રચલિત થયેલી છે. તે આજે વિવિધ વિષમતાના સમાધાનો કરતી થકી વર્તમાનમાં જ ચાલુ છે. સાધક સંતો અને વિદ્વાન સંતો, એ બન્નેના મધ્યે તે એકજ રહસ્યમય સંસ્થિતિ વર્તે છે. અત્યારનાં આવા જટિલ જનજીવનમાં જો આપણે થોડો સમય વિચાર સાવધાનપણે વિવેકરૂપે કરતા રહીએ, તો એ સ્પષ્ટ થાય છે જ કે- ભારતીય સાહિત્ય સંગ્રહમાં સંતોના જીવનનો સમર્પિત સાગર વિદ્યાસમર્પણ સિવાય બીજો કોઇ પણ નથી. આ શાસ્ત્રવિદ્યા સમર્પણ રચનાઓ વિગેરેનો અનાદિર પ્રવાહ નિરંતર અદ્યાપિ ચાલુ જ છે. એવો આદર્શરૂપ અમારા પરંપરા પ્રવાહને આશરીને કેટલાક નવા વિકાસવાળા ચાલુ આવા સમયમાં પણ અમો ગણત્રીમાં લેવા લાયક કેટલાક વિદ્વાનો સત્ય સાહિત્ય સર્જન પરાયણ એવા સંતોને જ દર્શન વિષય કરવામાં સફળ થઈએ છીએ પણ નિજ કર્તવ્યકલાપ બાબતમાં સમીક્ષા કરીએ તો તે અત્યારે પણ આપણો સંસ્કૃત-સમાજ લગભગ પાછો પડેલો જણાય છે. તે એવી પડતીને દૂર કરવા માટે એવી રચનાવાળી નવીન આવશ્યકતાની જરૂરત જણાય છે જે કે- હરેક દિશાઓમાં સંસ્કૃત સાહિત્યોના પ્રકાશનોના પ્રબંધો સુયોજીત ટકી રહે તેવો આરંભાય તે ઈષ્ટ છે.

હું ઘણો પ્રસન્ન થાઉં છું - કે જે **ગુજરાત રાજ્યમાં કેટલાક સંસ્કૃતિની સંસ્કૃતિના સ્નેહી એવા સભ્યો અને સદસ્યો મુનિજનો આ સમયની આવશ્યકતાને અનુભવીને સમ્મુખ ચાલી રહ્યા છે. શ્રીસ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહોદય, માટે અભિનંદન ગ્રંથ સંપાદન જરૂર જરૂર તે સંસ્કૃત શ્રૃંખલાનું પ્રથમકડી રૂપ સાધન છે. મહાવિદ્વાન સંતવર્ય શ્રીસ્વામી મહોદયના સંસ્કૃતના પરાયણ સત્કર્મશીલ વ્યકિતપણામાં વિશ્વના વિદ્વાન કોણ - ગર્વ ન લ્યે ? બધાં જ લ્યે. આવા સાધના પરાયણ ભારતીય આકાંક્ષિત જનોમાં રહેલા મહાનુભાવ સ્વામીજી ભારતીય મહાવિદ્વાનોની આકાંક્ષાં પૂરનારા મહાન વિદ્વાન છે. આવા સંતના અભિનંદન કાર્યવડે જરૂર આપણી સંસ્કૃતિનો પ્રવાહ પ્રગતિશીલ રહેશે. અનેક વિદ્વાનો નવીન ચૈતન્ય શકિત મેળવશે, નવજીવન પ્રાપ્ત કરશે. સંમૂર્છિત એવો પણ સંસ્કૃત સમાજ**

ફરીથી ઊંચા જીવનને મેળવશે. સ્વતંત્ર રાષ્ટ્ર એવા ભારતનો અક્ષય એવો સંસ્કૃતનિધિ તે પ્રચાર પામીને પૂર્વ હતો તેમ જગતમાં ગૌરવપદને મેળવવા પોતાના શુભ સંકલ્પને ફરીથી ઉદ્‌ઘોષિત કરશે. આવા ભાવ સંપૂર્ણ નિજ શબ્દોવડે હું પણ તે તે અભિનંદનકર્તાઓના સહચારીઓમાં તેમના સ્વરો સાથે મારો સ્વરપણ વારંવાર મેળવીને શ્રીસ્વામીશ્રીની સત્કૃતિઓમાં નતમસ્તક થઈને માનસોલ્લાસ સહિત શુભ અભિનંદન પ્રશંસન પ્રકાશિત કરું છું, જે આવી શુભ સત્કાર યોજના જલ્દીથી સંપૂર્ણ સફલ હો.

તા. ૧૭-૫-૭૬ - ડો. જગપુર્ણદાસ શાસ્ત્રી...

શાસ્ત્રી કેશવ શર્મા.

ડાકોર, આંબાવાડી, જીલ્લો ખેડા

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં દીક્ષા અને શિક્ષા મેળવીને વિચરતા એવા તથા ન્યાય વેદાંતાદિ અનેક શાસ્ત્રાધ્યયનવડે શુદ્ધાન્તઃકરણ એવા તથા વ્યાકરણ મીમાંસા ન્યાયાદિના સાગર એવા શ્રીમાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ વર્તે છે. **પ્રત્યક્ષ દર્શન વિના પણ તે મહાસમર્થ વિદ્વાન વર્ગે કરેલા અનેક ગ્રંથો અને ભાષ્યો તથા ટીકાઓ જોઈને કેના માનસ હૃદય પ્રસન્નતાના આંદોલનને ન પામે, કિન્તુ પામેજ. જોકે અનેક મહાવિશિષ્ટ વિદ્વાનોમાં અગ્રગણ્ય એવા, તથા રચેલા ગ્રંથોની ટીકાઓ રચનારા વિદ્વાનો તો ઘણા છે, પણ આ સ્વામીજી તો સૂર્યની પેઠે જ નિજમાં રહેલા જ્ઞાન-વિજ્ઞાન રૂપી મહાપ્રકાશને જગતમાં પ્રસરાવીને તે વિદ્વાનોની પંક્તિમાં મહા મહા વિદ્વાન એવી ગણના પામે છે. એવા આ મહાપ્રતાપી સંતમાં મારું ચિત્ત નિઃશંક ધન્યવાદ આપનારું ધન્યવાદ પામનારું પણ થાય છે.** આ બાબત તે એમ જ છે, અને આવા મહિમા વડે હું તે વિદ્વદ ધુરંધર પંડિતજીને કોટી પ્રણામ કરું છું.

તા. ૧૦-૪-૭૬ - શાસ્ત્રી કેશવશર્મા...

રામકૃષ્ણશાસ્ત્રી અવ્યય. (ગ્રંથપાલ).

શ્રીરણવીર સંસ્કૃતાનુસંધાન પુસ્તકાલય, શ્રીરઘુનાથ મંદિર, જમ્મુ-તાવી.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સાંખ્ય, યોગ, વેદાંત, ન્યાય, મીમાંસા, નીતિ, ભક્તિ, કાલ્ય તથા કાવ્યોના મર્મ અલંકારોમાં, કઠિન ગહન વિષયોને લઈને નૈસર્ગિકશક્તિ વડે ગ્રંથો રચી રચીને શાસ્ત્રસાગરના સુધાના પાન કરાવીને જગતના ઉપકારક થયા છે. **સ્વામીશ્રી બુદ્ધિશાળીઓમાં શ્રેષ્ઠ છે, સર્વત્ર કીર્તિભર્યા સત્કર્મો કરીને તેને યત્નતઃ પ્રસારીને પ્રિયસંપટને અને આત્મકલ્યાણને પ્રાપ્ત કરનારા થયા છે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ગોપીવલ્લભને વ્હાલા છે, લોક અને લોકોત્તેર સર્વ પ્રમાણોના જાણકાર છે, સાધક અને સાધુ બંનેને બોધ આપનારા છે.**

તા. ૯-૨-૭૬

- રામકૃષ્ણશાસ્ત્રી...

દલસુખભાઈ માલવાણિયા (અધ્યક્ષ).

લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યા મંદિર,
એલ.ડી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડોલોજી, ગુજરાત યુનિવર્સિટી પાસે, અમદાવાદ.

હું જ્યારે બનારસમાં હતો ત્યારે મેં ઘણાં સંસ્કૃતના વિદ્યાર્થીઓને સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી નવ્યન્યાય અને બીજા દાર્શનિક ગ્રંથોની ટિપ્પણી વાંચતા જોયા છે. કઠણ વિષયને પણ સરળમાં સરળ રીતે રજુ કરવાની તેમની હથૌટી પ્રશંસા માગી લે તેવી છે. ન્યાય સિદ્ધાંત મુકતાવલી ઉપરની તેમની કિરણાવલી મેં પણ વાંચી છે, અને તેથી પ્રભાવિત થયો છું. તેમનું સન્માન થાય તે ઉચિત જ છે.

તા.૨૬-૨-૭૬

- દલસુખ માલવાણિયા...

ડો. જી.પી. શર્મા, સુવેદી, (એચ.એમ.એ.એમ.એસ. ઓનર્સ).

આયુર્વેદ વિજ્ઞાનાચાર્ય, ભિષગાચાર્ય, વૈદ્યરત્ન, કવિરાજ, વારાણસી.

ગ્રહણ કરવા યોગ્ય છે નામ જેમનું, એવા પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજે ચાલીસથી વધારે ગ્રંથો રચ્યા છે, તે પ્રકાશિત થયેલા બધાં ગ્રંથો મેં જોયા છે, આ સ્વામીશ્રી સ્વયં સુરભારતી સંસ્કૃત સરસ્વતીના વરવારૂપી મહાવ્રતમાં બહુકાલમાં દીક્ષિત થયેલા છે, તે આ અમારા ચિતમાં પરમ સંતોષ આપે છે. આવા મહાભાગ્યશાલી સર્વ દર્શન શાસ્ત્રોના ટીકા કાર્ય કરતા અને પ્રખ્યાતિ પામતા યશોને વિસ્તારતા રૂચિકાર માંગલિક અભ્યુદય ના ભાગીદાર ખૂબ ખૂબ હોય એમ ઈચ્છું છું.

- શ્રી ગોવિન્દપ્રસાદ શર્મા...

ડો. જગપૂર્ણદાસ શાસ્ત્રી. (સાહિત્યાચાર્ય, વાચસ્પતિ).

સંગઠન મન્ત્રી, વિશ્વ હિન્દુ પરિષદ્, જમ્મુ કાશ્મીર પ્રદેશ,
મન્દિર પુરાણી માંડી, જમ્મુ-તવી.

॥ માનસોલ્લાસ ॥

આજે સ્વતંત્ર ભારતમાં પણ આપણા જ કેટલાક સંશોધકો વિદ્વાનો આપણી પોતાની જ પરંપરા (સંસ્કૃતિ)નું ખંડન કરવા કટિબદ્ધ થયેલા છે ત્યારે બધાંના કલ્યાણ માટે પોતાની જાતને નિયુક્ત કરીને કેટલાક સફળ સાધક વિદ્વાનો પોતાની સંસ્કૃતિ અને સભ્યતાના પુનરુદ્ધાર માટે કુશળતા દર્શાવી રહ્યાં છે. માનવ જ્યારે સંઘર્ષ કરી રહ્યો છે ત્યારે ભારતીય સંત પરમ્પરા હમેશાં 'સત્યમ્ શિવમ્ સુન્દરમ્'ના સાક્ષાત્કાર માટે પ્રયત્નશીલ છે. કારણ કે - સંત જેવા વાદળોની શીતલતા સમાન (પક્ષપાત વિનાની) છે. તેઓ તાપથી ત્રસ્ત લોકોનાં મનને તૃપ્ત કરે છે. આવી ઐતિહાસિક સુભગ ઉક્તિ આજે પણ અનેક પ્રકારની વિષમતાઓનું સમાધાન કરે છે. સાધક અને વિદ્વાન એવા બંને પ્રકારના સંતોની એકરૂપતા રહસ્યમયી છે. તે ઉદાત્ત પરમ્પરાને અનુસરીને આજે પણ આપણને સાધનમાં લીન સંતો અને વિદ્વાનો જોવા મળે છે. આ મહાનુભાવો સાહિત્ય સર્જન માટે સતત પ્રયત્નશીલ છે. પરંતુ આવા સત્કાર્યની પ્રશંસા કરવામાં આપણો સંસ્કારી સમાજ પાછો પડે છે. આ ખામી દૂર કરવા કોઈક દિશાએથી યોજનાબદ્ધ, સંસ્કારયુક્ત કાર્યક્રમનું આયોજન થવું જોઈએ. એ જાણીને મને અત્યંત આનંદ થાય છે કે, વિશાળ ભારત દેશનાં ગુજરાત રાજ્યમાંથી કેટલાક સંસ્કારી, સંસ્કૃતિ અને સભ્યતાના ચાહક વિદ્વાનો ઉપર્યુક્ત જરૂરિયાત અનુભવીને આગળ આવ્યા છે. પંડિત પ્રવર, સર્વસન્માન્ય, સૌમ્ય-સંત સ્વભાવવાળા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યના અભિનંદન ગ્રન્થનું સંપાદનકાર્ય તે પ્રથાના જ મંગલમય શ્રીગણેશ છે. તે સ્વામિ મહોદયનાં આદર્શ વ્યક્તિત્ત્વ તથા કુશળ કર્તૃત્વ વિશે કયા બુદ્ધિશાળીને ગર્વ ન થાય? ભારતીયોની આશાઓને પરિપૂર્ણ કરનાર, સર્વસાધન યુક્ત સ્વામી મહોદય સંત તથા વિદ્વાન છે. એમનાં અભિનંદન કાર્યથી સંસ્કૃતિ રૂપી ગંગાનો પ્રવાહ સતત વહેતો રહેશે. જિજ્ઞાસુઓમાં નવચેતના જાગૃત થશે. સંસ્કૃતિના સંપર્કમાં આવેલ સંસ્કારી સમાજ જાગૃતિ પ્રાપ્ત કરશે. સ્વતંત્ર ભારત દેશ અખૂટ ભંડાર સમી સંસ્કૃત ભાષા સર્વતોમુખી પ્રચાર થતાં જગતમાં પહેલાં જેવું ગૌરવભર્યુ સ્થાન પ્રાપ્ત કરશે. આ પ્રમાણે અલ્પ શબ્દોમાં સમર્થન વ્યક્ત કરીને હું પણ અન્ય સમર્થકોના સ્વરમાં સૂર પુરાવીને, માનનીય સ્વામીશ્રીનાં સત્કાર્યને નમન કરીને, મારી શુભકામના વ્યક્ત કરીને શરૂ થઈ રહેલાં આ આયોજનની પૂર્ણ સફળતા ઇચ્છું છું.

- ડો. જગપૂર્ણદાસ શાસ્ત્રી...

પ્રા. ડૉ. મ. વ્ર. જોશી. (એમ.એ., પી.એચડી.).

વિભાગાધ્યક્ષ, પી.એચડી. પદ્‌વી માર્ગદર્શક.

એમ.પી. શાહ વિનયન-વિજ્ઞાન મહાવિદ્યાલય, સુરેન્દ્રનગર (ગુજરાત).

શાસ્ત્રી શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય - અભિનંદન સમિતિના સભ્યો, સહર્ષ નિવેદન છે કે- ન્યાયાચાર્ય વગેરે અનેક પદ્‌વીથી શોભાયમાન એવા પરમ માનનીય શાસ્ત્રીશ્રી કૃષ્ણવલ્લભાચાર્યનાં અભિનંદન માટે એક ગ્રન્થનું પ્રકાશન થઈ રહ્યું છે તે જાણીને મન અત્યંત પ્રસન્ન થાય છે. **પ્રાચીન વિદ્યાના પ્રેમી, સંસ્કૃત ભાષા પ્રત્યેના સ્નેહથી ભરપૂર હૃદયવાળા, ભારતની સનાતન સંસ્કૃતિના અનુરાગી, સર્વે સજ્જનોના સતત પ્રયત્નથી વિવિધ શાસ્ત્રોનાં પારંગત, વિદ્વદ્ શ્રેષ્ઠ, નવ્યન્યાયનાં વિવેચનથી પ્રખ્યાત પાંડિત્યવાળા, શાસ્ત્ર કવિનું પદ યોગ્ય રીતે જ ધરાવનાર, અસંખ્ય ગ્રન્થોનાં નિર્માણની કુશળતા ધરાવનાર, શાસ્ત્રીશ્રી કૃષ્ણવલ્લભાચાર્યનું અભિનંદન તથા અભિવાદન થઈ રહ્યું છે તે સમાચાર આનંદદાયક છે.** આ સત્કાર્યનું આયોજન કરનાર સર્વે ધન્યવાદને પાત્ર છે. શ્રીમાન્ શાસ્ત્રી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યને મારા હાર્દિક અભિનંદન પાઠવું છું. શ્રીમાન્‌નાં આરોગ્યપૂર્ણ દીર્ઘજીવન માટે પાર્વતી સહિત ભગવાન્ ભૂતનાથને પ્રાર્થના કરું છું કે, જેથી 'વાણીમય તપ' અત્યંત વૃદ્ધિ પામે તથા આનાથી પણ વધારે પાંડિત્યપૂર્ણ ગ્રન્થરત્નોની રચના કરવા માટે તેઓશ્રી સમર્થ બને. 'કૃષ્ણ' યુક્ત, ખાસ કરીને કૃષ્ણની ભક્તિ પ્રત્યે હંમેશાં આસક્ત, 'વલ્લભ' નામધારી, પોતાના લોકોના પ્રિય એવા તેઓશ્રી ઉચ્ચ કીર્તિ, આરોગ્ય તથા સુખ પ્રાપ્ત કરે તેવી 'મનસુખ'ની કામના છે.

દિનાંક - ૧૧-૧૨-૧૯૭૬ - પ્રા. ડૉ. મ. વ્ર. જોશી...

પંડિત હંસરાજ તોલારામ.

કાવ્યતીર્થ, આર્યજ્યોતિષ કાર્યાલય, કલકત્તા.

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના ભૂષણરૂપ પૂજય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી જેઓ સંસ્કૃતના પ્રખર વિદ્વાન છે. એમણે ન્યાય, દર્શન, શાસ્ત્ર, તર્કશાસ્ત્ર વિગેરે અનેક ગ્રંથોની ટીકાઓ અને ટિપ્પણીઓ કરી છે. એમની જેટલી પ્રશંસા કરું એટલી ઓછી છે. સુજ્ઞેષુ કિં બહુના.

તા. ૨૧-૭-૭૬. ૨૭ - પં. હંસરાજ તોલારામ...

શાસ્ત્રી કાશીરામનો પુત્ર કેશવરામ.

ગુજરાત સંશોધન મંડળ, અમદાવાદ.

મહાન દાર્શનિક, ષડ્દર્શનાચાર્ય, નવ્યન્યાયાચાર્ય, સાંખ્ય, યોગ, વેદાંત, મીમાંસા નિષ્ણાત, પંડિતવર્ય, મહામહોપાધ્યાય, પરમ ભાગવત શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય માટે હાલ અભિનંદન ગ્રન્થ અર્પણ કરવાની વિચારણા થાય છે તે અતિ આવશ્યક છે તેમ હું માનું છું. તેઓશ્રીનું ગ્રન્થ નિર્માણ સામર્થ્યને જોઈને ચિત્તમાં આનંદ થાય છે. એ સત્ય છે કે હાલ આવા વિદ્વાનો ઘણા ઓછા છે. ગુજરાત પ્રદેશમાં આવો કોઈ વિદ્વાન દૃષ્ટિગોચર થતો નથી. આ મહાનુભાવ કેવળ શ્રેષ્ઠ પંડિત જ નહીં, પરંતુ ઉચ્ચકોટિના ભક્ત પણ છે. આ તેઓશ્રીની વિશેષતા છે. આવા મહાનુભાવ સર્વદા વંદન તથા અભિનંદનને પાત્ર છે. આ શ્રીમાન્નાં ચરણને માનપૂર્વક પ્રણામ સાથે કૃતાર્થતા અનુભવું છું.

- કેશવરામ કાશીરામ શાસ્ત્રી...

શાસ્ત્રાર્થ મહારથી, પંડિત માધવાચાર્ય શાસ્ત્રી.

ધર્મધામ, ૧૦૩ એ, કમલાનગર, દિલ્હી-૧૧૦૦૭, સંસ્થાપક- ધર્મપ્રેસ, માધવ પુસ્તકાલય, સનાતનધર્મ, દિગ્વિજય મંડલ, લોકાલોક માસિક, ગીતાભવન.

॥ શ્રીહરિઃ ॥

વારંવાર ઘણાં જ અભિનંદન આપીએ છીએ, વિદ્વાન એવા યોદ્ધાઓના સમ્રાટ, કવિસમૂહોના તિલક, સર્વતંત્ર સ્વતંત્ર, નાના પ્રકારના ગ્રંથોમાં રહી એવી ભારે ભારે ગુંચવણોને ભેદવામાં પ્રવીણ, નવ્ય ન્યાયશાસ્ત્રમાં તથા દર્શનોમાં પ્રકૃષ્ટર મતિવાળા, સાંખ્ય યોગ વેદાંતના નિષ્ણાંત, મીમાંસા શાસ્ત્રરૂપ અગાધ સાગરમાં તરવાના મંથનમાં નિપૂણ એવા આ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ વિરાજે છે. અમે વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ, એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને વારંવાર ઘણાં ઘણાં અભિનંદન અર્પીએ છીએ, માધવાચાર્ય શાસ્ત્રીજીની રસ અને સુગંધવાળી અમોદ-પ્રમોદવાળી પુષ્પોની માનસિકમાળા આ શ્લોક કૃતિરૂપ નિજાત્માને કૃતાર્થ કરતી એવી થકી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શ્રીકૃષ્ણની પ્યારી હો એમ પ્રાર્થના કરે છે.

ગુરૂપુર્ણિમાં, ૨૦૩૩

- પંડિત માધવાચાર્ય શાસ્ત્રીજી...

યુ. એન. ઢેબર.

શ્રી વલ્લભ કન્યા કેળવણી મંડળ ભક્તિનગર, રાજકોટ.

પંડિત પૂજ્ય મહારાજશ્રીના અભિનંદન ગ્રંથ વિષયમાં મારી શુભકામનાઓ પ્રકાશિત કરું છું. આપના સર્વે પુરુષાર્થો સફળ રહે.

તા. ૫-૩-૭૬ - યુ.એન. ઢેબર...

અધ્યક્ષ ડો. સ્વામી શ્રીશ્યામનારાયણ.

સાધુ આશ્રમ, હોંશિયારપુર, પંજાબ.

માનનીય ! પરમ્ શ્રધ્યેય આચાર્યવર્યજીના અભિનંદન ગ્રંથ માટે શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાનો ઉંડો અભ્યાસ કરવામાં મને અનેક આખ્યાન વર્ણનના રસા-સ્વાદમાં આનંદ પ્રાપ્ત થયો માટે અભિનંદનમાં ઉત્તમ અભિનંદન પાઠવી રહ્યો છું. આપના સત્પ્રયત્ન માટે સદ્‌ભાવના છે.

તા. ૪-૬-૭૬ - સ્વામી શ્રીશ્યામનારાયણ...

ગોપીકામોહન ભટ્ટાચાર્ય. (એમ.એ., ડી.ફીલ.).

કાવ્ય ન્યાયતીર્થ, પ્રોફેસર એવં અધ્યક્ષ સંસ્કૃત પાલી પ્રાકૃત વિભાગ, કુરુક્ષેત્ર.

પરમ પૂજ્ય સંતવર્ય વિદ્વધુરંધર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામીજી મહારાજના ૭૦ સપ્તતિ પૂર્તિના અવસર ઉપર હું મારી શુભ કામનાઓ અર્પણ કરું છું. **આપે ભારતીય દર્શનશાસ્ત્રોના વિવિધ ગ્રંથો સંસ્કૃત પદ્ય ગદ્યમાં તથા હિન્દી ગુજરાતીમાં લખ્યાં છે અને ભારતની સેવા બજાવી છે તે તો અનુપમ અપાર અપ્રતિમ છે, આપના ગ્રંથોના સૂચિપત્ર વડે પણ આપની વ્યાપક ઊંડી ગંભીર તાર્કિક, દાર્શનિક, વૈજ્ઞાનિક, કવિત્વ સાર્વજ્ય વિષયતાનું ભાન થઈ આવે છે.** આવા ભારતીય વિદ્વાનના પ્રતિ હું હાર્દિક સમ્માન સાથ અભિનંદન પ્રગટ કરું છું, પરમેશ્વરથી પ્રાર્થના કરું છું જે આપ આચાર્ય વિદ્વાન મહાનુભાવ સંત ચિરકાળ જીવો અને ભારતીય દર્શનશાસ્ત્રોની સમૃદ્ધિને વધારે વિશાળ કરો.

- ગોપિકામોહન ભટ્ટાચાર્ય...

વૈદ્યશાસ્ત્રી વ્રજલાલ નાનજી ત્રિવેદી.

વૈદ્યાચાર્ય ભિષગ્વિભૂષણ, દૈવજ્ઞ આયુર્વેદ, રાજકોટ.

સર્વાવતારી એવા સહજાનંદસ્વામીને નમસ્કાર કરું છું. શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાન સદા તમારું મંગલ કરો.

પરમાદરણીય, સંસ્કૃત દૈવભારતીના ઉપાસક, ધર્મ, આચાર, વિચાર, સત્કર્મ, સત્કાર્ય પરિશીલન ચતુર, અસંખ્ય જન મનોરથ પૂરવામાં કલ્પવૃક્ષસમ, સાધુજનહિતકારી, સદ્‌ભાવનાથી વિકસિત અંતઃકરણવાળા, વેદાંત દર્શન ન્યાય કર્મ મીમાંસાદિ શાસ્ત્રોના સમ્યક્ અભ્યાસવાળા, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મૂર્ધન્ય, સર્વદા પ્રસન્ન મનવાળા સાધુગુણગણવિભૂષિત, દિવ્ય અતિદિવ્ય ભવ્ય અતિભવ્ય વિદ્વાનોના ગુણસમૂહોથી મંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શાસ્ત્રીજી સ્વામી મહારાજ વિજય પામો છો.

વંદનીય સ્વામીજી ! અમો સર્વે જાણીએ છીએ કે- બાલપણથી જ સરળ સૌમ્ય સાત્ત્વિક શાંત સ્વભાવ વડે સચ્છાસ્ત્ર પરાયણ પૂજનીય એવા આપે શ્રીમાન્ ત્યાગ વૈરાગ્ય શમ દમાદિ ગુણ સુગંધથી, પ્રપૂર્ણ સાંસારિક ભોગોને તૃણવત્ મિથ્યા સમજીને ભાગવત્ ધર્મ અવલંબીને અહો દિવસ-રાત્રિ શ્રીસ્વામિનારાયણ સિદ્ધાંતને અનુસરીને અનેક શાસ્ત્રો રચ્યાં છે. આ અમારે માટે અતીવ આનંદનું સ્થાન છે. વધારે શું કહીએ, **આપ મહાનુભાવ ઉદ્ધવજી સમાન ભક્તિમાં છો, ધર્મમાં યુધિષ્ઠિર સમાન છો, પ્રભામાં ભાસ્કર સૂર્ય સમાન છો, શીતળતામાં સુધાકર ચંદ્ર સમાન છો, ગાંભીર્યમાં સાગર સમાન છો, સ્થિરતામાં હિમાચલ સમાન છો, ક્ષમામાં પૃથ્વી સમાન છો, વિચરણમાં નારદજી સમાન છો, જ્ઞાનમાં શુકદેવજી સમાન છો, ભગવદ્‌ગુણ સંકિર્તનમાં વ્યાસજી સમાન છો, તે આ અતિશયોક્તિ નથી પણ આપ સ્વયં અવતારી છો.** શ્રીસ્વામિનારાયણ ભગવાન તથા સંતોના ગુણાનુવાદમાં નિપુણ છો, જ્ઞાનના ગંગાધર શંકર છો, ભવાબ્ધિમાં અતિલોભ કામાદિ દુઃખો વડે તપેલાઓને કથામૃત રસો વડે તૃપ્તિ આપનારા દ્વિતીય વ્યાસ છો. ભગવાનમાં પ્રસન્નતા ભરેલા મનવાળા શ્રીકૃષ્ણ આપ બધાના શ્રેયને માટે વધતા રહો, કાશીમાં આપનો મોટો મહિમા છે, આપ સર્વશાસ્ત્રોનાં સિદ્ધાંતોના જાણકાર છો, વિદ્વાનોની શ્રેણી સભામાં, સંતોમાં, શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં, બહુમાન સમ્માનપાત્ર તરીકે માનેલા છો, શ્રી સત્સંગિજીવન ગ્રંથની સારબોધિની ટીકા રચનારા આપ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શાસ્ત્રીજી સ્વામીજી ઘાટી પ્રભામંડળો વડે તેજસ્વી લાંબુ જીવો.

- વ્રજલાલ નાનજી ત્રિવેદી...

ડો. કૃષ્ણકાંત ચતુર્વેદી.

સંસ્કૃતપાલી વિભાગ, બિહાર.

આચાર્ય પ્રવર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સંપૂર્ણ સમગ્ર ભારતમાં સુવિખ્યાત વિદ્વાન સત્પુરૂષ છે. એમની વિદ્વતાપૂર્ણ લેખની વડે લગભગ પિસ્તાલીશ ગ્રંથો રચાયા છે. **સ્વામીજી સંસ્કૃતમૂર્તિ ગ્રંથમય સ્વરૂપ છે, દાર્શનિક સાહિત્ય એમના અંગો અંગમાં ભર્યું છે. દર્શનોના ગુઢાર્થ, યથાર્થોમાં અસાધારણ પ્રવેશ સૂક્ષ્મ અન્વેષણદૃષ્ટિ આંતરિક તાર્કિક વિકાસ, પરિષ્કૃત વિચારણાઓ વિગેરે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમાં છે તેવા કોઇ બીજામાં ક્યાંય અત્યારે દેખવા મળતા નથી. બધા ફુલફટાકિયા અંગ્રેજી માર્ગે ચઢી ગયા છે. શ્રીસ્વામીજીમાં તો સાંખ્યયોગ, નવ્યન્યાય, ન્યાયવૈશેષિક, વેદાન્ત, કાવ્ય, ઈતિહાસ વિવિધ સંપ્રદાયોના પ્રસ્થાનો, ધ્યેય ઉપાસનાઓ વિશદ્ તર્ક સંમત પ્રણાલીઓ આદિ આદિના વિવેચનો આપના ગ્રંથોમાં સવિસ્તાર જોવા મળે છે.** હિતોપદેશ જેવા શિક્ષાપ્રદ ગ્રંથની પણ સરલ સંસ્કૃત ટીકા આપે કરી છે. જટિલ ભાષ્યો, સાંખ્ય યોગ ભાષ્ય, સત્સંગ ભાષ્ય, બ્રહ્મરસાયન ભાષ્ય એ તો મહાસાગર સમાન નિર્મિત છે. કિરણાવલી કિરણો સાહિત્ય ઐતિહાસીક પદ્યો તો મહાભારત કે પુરાણો કરતા અધિક છે. આવા મહાવિદ્વાન પર સરસ્વતીની બૃહસ્પતિની શ્રી શંકરની તથા સાક્ષાત બુદ્ધિદેવતાની પ્રસન્નતા છે. તેઓશ્રીના ઉપાસ્ય ઈષ્ટદેવ તેમના હૃદયમાં જ જેમ તેમ વાણીમાં પણ બિરાજે છે. જેથી વાક્સિદ્ધિ પણ વર્તે છે, આવા સંયમી પરમપુરૂષને અભિનંદન જરૂર જરૂર યોગ્ય છે. આપે શિક્ષાપત્રીની સરલ ગહન ટીકા લખી છે. **અત્યારના આંગલ ઉછાળાને લઈને દુર્બલ થયેલા સંસ્કૃત વાતાવરણમાં સંસ્કૃ ત સાર્વભૌમ શાસ્ત્રોના પ્રકૃષ્ટ જ્ઞાન વિસ્તારવા અતિપુણ્યશાલી કાર્ય છે, તે સ્વામીજી કરી રહ્યા છે. એમના લખેલા ગ્રંથોમાં આંગલ અગ્રગણ્યોને ચંચુપ્રવેશ પણ મુશ્કેલ જણાય છે.** એવા આ મહાન વિદ્વાન માટે તેમના પ્રભુની છત્રછાયા દીર્ઘકાળ બની રહે, જેથી જગતના વિદ્યાદાનમાં માર્ગદર્શન મળતું રહે. એવા આ વિદ્વાનને મારા હજારોવાર અભિનંદનો છે.

તા. ૨૪-૩-૭૬

- કૃષ્ણકાંત ચતુર્વેદી...

ડોકટર વિશ્વનાથ બેનર્જી.

પ્રોફેસર, પ્રધાન-સંસ્કૃત પાલી અને પ્રાકૃતભાષા,
વિશ્વભારતી શાંતિ નિકેતન, વેસ્ટ બંગાલ.

પરમપ્રખ્યાત ધ્યેય મહાપુરૂષ પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજશ્રીના પાંડિત્ય, ગ્રંથ રચના, સંસ્કૃત ધુરંધરતા અને ભારતીય વિદ્યાઓના તત્ત્વવેત્તાપણા માટે કોઈપણ પ્રાધ્યાપકની જરૂરત નથી. એ મહાવિદ્વાનના ભારતીય ફિલોસોફીઓની ટેકસ્ટ બુકો, ભાષ્યો, ભણાતી ટીકાઓ, દાર્શનિક તત્ત્વ વિવેચનો, આકર્ષણ તત્ત્વ વિચારો અને ખુલાસાબંધ વિવેચનાઓ અનેક શાખાઓમાં વિસ્તૃત રહેલી કૃતિઓ, તેમની યશઃકીર્તિના ગાયનો ગાતી જ રહેશે. બુદ્ધિ અને તાર્કિક ઘટનાઓને તો તેમના ગહન લેખો ગગનમંડળમાં ઉલ્લેખો ચાલુ રાખશે. આપણા મોટાં ભાગ્ય છે જે આવા- દૈવી વિદ્વાનને આપણે આપણા વચ્ચે વસેલા ભણેલા રહેલા જોઈએ સાંભળીએ છીએ તથા વાંચીએ ભણીએ છીએ તથા તેમની પવિત્રતા અને શ્વેતતાને સ્મૃતિ વિષય કરીએ છીએ તથા ધ્યાનમાં ગ્રહીએ છીએ. મને ઘણો ઘણો આનંદ વધી રહ્યો છે અને સુખ વરસાવી રહ્યો છે કે- એમને સમ્માન અભિનંદન આપવા એક ગ્રંથ જગતના મૂર્ધજન્ય વિદ્વાનો દ્વારા રચાઈ રહ્યો છે તે અવસર ઉપર સમર્પિત થશે. શ્રીસરસ્વતીની શાશ્વત જીવિતતા વડે વિદ્વતા પણ શાશ્વતી જીવતી હશે જ અને તેને અવલંબને સંસ્કૃત સાહિત્યાત્મક ગ્રંથો અવલંબિત હશે જ, તેમના ઉપબૃહણ સ્વરૂપ અભિનંદન ગ્રંથ પણ તેવી જ આયુષ્યને પ્રાપ્ત થનારો થશે જ, તે વાચક નિજ વાચ્યને કે લક્ષ્યને અથવા તો ઉપક્ષ્ય મૂર્તિને શાશ્વતી રીતિએ સ્તુત્ય કરશે જ. સુજ્ઞેષુ કિં બહુનાં.

તા. ૩-૧-૭૬

- વિશ્વનાથ બેનર્જી...

કેશવરામ કાશીરામ શાસ્ત્રી.

મધુવન, એલીસબ્રીજ, અમદાવાદ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રકાંડ પંડિતને વિષે મારે શું લખવું ? આપણું સદ્‌ભાગ્ય છે- કે ઉત્તમ કોટિના એક ન્યાયિક દાર્શનિક સંપ્રાપ્તિ ગુજરાતને થઈ છે. આવા ઉચ્ચ કોટિના વિદ્વાનોથી દેશ ધીમે ધીમે વંચિત થતો જાય છે. સ્વામીશ્રી ધુરંધર વિદ્વાન સન્માન અને અભિનંદન સાથે દીર્ઘજીવી હો. એવી પ્રાર્થના સાથે પૂજયપાદ સ્વામીજીના ચરણોમાં મારા સાક્ષાત્ દંડવત પ્રણામ.

- કેશવરામ કાશીરામ શાસ્ત્રી...

મનસુખલાલ એ. મહેતા, (બી.એ., એલએલ.બી.).

ગવર્નમેન્ટ સર્વિસ, કલેકટર ઓફીસ, જૂનાગઢ.

વૈષ્ણવાચાર્યજી સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહાન વિદ્વાન સંત છે, ફીલોસોફર છે અને સંસ્કૃતના પ્રકાંડ પંડિત છે, એમનામાં દિવ્ય તેજસ્વિતા છે.

હું એમને હાર્દિક વંદન અર્પુ છું, એમની સામાજીક અને સાહિત્યિક સર્જન પ્રવૃતિથી મારું હૃદય નતમસ્તકે વંદન કરે છે. તેમના સર્જન કાર્યથી તેઓ આપણાં સૌના માનનીય, આદરણીય અને વંદનીય છે.

એમની અદ્‌ભુત તર્કશક્તિ, મનોહર અને અદ્‌ભૂત વક્તવ્યશક્તિ, એમની અસાધારણ વિદ્વતા, પવિત્ર વ્યક્તિત્ત્વ, અનેક ગ્રંથોની રચના, સંસ્કૃત ભાષાની અજોડ વિદ્વતા, ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાઓ પરનું પ્રભુત્વ આજ સુધીમાં અન્યત્ર ક્યાંય અને કોઈનામાં જોવા મળ્યું ન હોય એવું અદ્‌ભૂત અને અદ્વિતીય છે. તેથી સ્વામીશ્રી જ્ઞાન, તેજથી શોભિત છે, છતાં અંગત જીવનમાં સાદગી, સરળતા અને સર્વજન સમભાવથી મંડિત છતા મહાપંડિત છે.

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ અનેક ડિગ્રીઓ પ્રાપ્ત કરી છે. જેમ કે મહામહોપાધ્યાય, ભારતભૂષણ, વૈષ્ણવવિદ્વવત્‌સાર્વભૌમ, દાર્શનિકપંચાનન, ષડ્‌દર્શનાચાર્ય, તર્કન્યાય શાસ્ત્રી, નવ્યન્યાયાચાર્ય, સાંખ્યયોગ તીર્થ, વેદાંતતીર્થ, મીમાંસાતીર્થ, ડી.ફીલ, ડી.લિટ્, સાહિત્યમનિષિ વગેરે.

આ વિદ્વાન આચાર્યશ્રીએ અનેક રાષ્ટ્રીય માન-સન્માન પ્રાપ્ત કર્યા છે. અનેક પ્રાચીન ગ્રંથો પર ટીકાઓ લખીને સ્વામીજીએ ખૂબ મોટું અને ચિરંજીવ સર્જન કાર્ય કરીને, ભારતીય સંસ્કૃતિ પર મહાન ઉપકાર કર્યો છે. તર્ક, સાંખ્ય,યોગ, મીમાંસા અને ન્યાય શાસ્ત્ર પર એમણે કરેલું કાર્ય સદાકાળ યાદગાર રહેશે. એમના પ્રયત્નોથી ઉપરોકત વિષયો પર એમણે કરેલાં કાર્યથી અનેક અભ્યાસીને સરળતા પ્રાપ્ત થઈ છે. જે ભારતીય સંસ્કૃતિ પર સ્વામીજીનો મોટો ઉપકાર છે. હું એમને વંદન કરતા ગૌરવ અનુભવું છું. હું એમના દીર્ઘાયુ માટે પ્રાર્થના કરીને શુભેચ્છા પાઠવું છું.

કુંકાવાવમાં જન્મેલા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને વંદન કરું છું. આચાર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી 'અભિનંદન ગ્રંથ'ના પ્રકાશનને શુભકામના અર્પુ છું, જેના અનુસંધાને આ પત્ર દ્વારા હાર્દિક લાગણી મોકલુ છું. જે સ્વીકારીને ઉપકૃત કરશો. શ્વેતાયન વ્યાસજીને વંદન સાથે અભિનંદન.

તા.૧ જુન-૧૯૭૭

- મનસુખલાલ એ. મહેતા...

❋ ભારતના વિદ્વાન પંડિતો, પ્રોફેસરો, લેકચરરો તેમજ લેખકોના અભિનંદન ❋

લાભશંકર શાસ્ત્રીજી.

વ્યાકરણાચાર્ય, સી-૧, મહેન્દ્રાપુરા, મોરબી.

સંતો તો અનેક છે, સંતોની વૃતિ સમાન હોય છે, મહાસાગર એક જ છે જો કે ભિન્ન પ્રદેશસ્થ સાગરોનું જલ સમાન હોય છે, સંતો ભિન્ન હોવા છતા મનોભાવનાં સમાન હોય છે. **વારાણસીમાં એવા એક સંતનો અનુભવ થયો- તે એક સંત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી છે. તેમની ભાવના મનોવૃત્તિ સર્વભૂતો પર દયા વર્તન ઈત્યાદિ દેખીને અતીવ સંમોહ પામુ છું. ઘણાં વર્ષો ગયા બાદ અત્યારે પણ તેમના હૃદયનું સ્વચ્છપણું અનુભૂત કરું છું. એમનું પાંડિત્ય, બુદ્ધિ, પ્રભાવ, પંડિત સભામાં વકતૃત્વશક્તિ ઈત્યાદિક મારા મનને આનંદિત કરે છે. ભગવાનની ભક્તિ, ભગવત્પૂજા, પ્રભાતમાં શ્રીહરિની સ્તુતિ ઈત્યાદિક સર્વજનોને ભાવના પ્રગટાવે છે. કેળવેલી સાધુતા, સ્વચ્છ સંતતા તે સર્વજનોના હિતને માટે થાય છે. સર્વે સુખી હો એવી ભાવનાને જ જણાવતા રહે છે.** સ્વામીએ સૌરાષ્ટ્રમાં જૂનાગઢ, અમરેલી જીલ્લામાં કુંકાવાવનગરમાં જન્મ પામી, અલ્પવયમાં શ્રીસ્વામિનારાયણ ધર્માનુયાયી રહી સાધુ દીક્ષા લીધી. બાદમાં વારાણસીમાં રહીને અનેક શાસ્ત્રો ન્યાય વેદાંત મીમાંસા કાવ્યાદિ ભણ્યાં, શ્લોક નિર્માણ શક્તિ મેળવી, નવ્યન્યાયાચાર્ય પર્યંત સર્વ પ્રથમ નંબરવાળી પરીક્ષા આપી, ગુર્જર છાત્રોમાં તથા વારાણસીમાં તે પઠન-પાઠન કરતા, કરાવતા તથા દક્ષિણ અને ઉત્તર ભારત, બંગાલ, મિથિલા, આસામ,પંજાબ આદિ પ્રદેશોના ભણવા આવેલા છાત્રોમાં પણ ઉત્કૃષ્ટ સુપૂજયભાવ ઉપજાવ્યો હતો. વારાણસીમાં ગ્રંથ લેખન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ કર્યા. પરિશ્રમ બધાને ઉન્નતિ આપે છે. **અલ્પ ભોજન, રાત્રિ જાગરણ, પઠન-પાઠન ક્રિયામાં તલ્લીનપણું તેઓશ્રીના જીવનમાં પ્રત્યક્ષ કર્મકાંડમાં જોયેલા છે, શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજશ્રીનું પાંડિત્ય મેં સારી રીતે તીક્ષ્ણપણે અનુભવ્યું છે. પંડિત સભાઓમાં તેમની ઉપસ્થિતિ, શાસ્ત્રાર્થમાં પૂર્વ ઉત્તર પક્ષમાં વિજય લેવો, સભાના પંડિતોમાં મુગ્ધતા ઉપજાવવી, વાણી-પ્રવીણતા વડે તથા યુક્તિ ષટ્પક્ષી પ્રયોગો વડે તેમના તરફ પંડિતો સભ્યો આશ્ચર્યચકિત થતા હતા. કાશીમાં ઘણી સભાઓમાં સંસ્કૃત વ્યાખ્યાનો વડે પંડિતોને મુગ્ધ કર્યા હતા.** એકવાર અનેક સભ્યોની મહતી સભા હતી. પંડિતોની તે સભા વાણી-વર્ધિની નામની ચાલતી હતી તેના સભાપતિ પદ માટે યોગ્ય વિદ્વાનની વિચારણા થઈ ત્યારે તેવા તો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી એ પદ અલંકૃત કરે એમ વરણી થયા બાદ સ્વામીશ્રી તે પદે બિરાજીને નિજ સંસ્કૃતવાણીની અવિચ્છિની ધારા વડે વ્યાખ્યાન દ્વારા કાશીસ્થ વિદ્વાનોને આનંદ ઉપજાવતા થકા આશ્ચર્યચકિત કરતા હતા. **વેદાંત, ન્યાય, સાહિત્ય, દર્શન શાસ્ત્રોમાં ઘણા પરિશ્રમવાળા શ્રીસ્વામીજી સમીપે કોઈ પણ શાસ્ત્રીય ગૂંચવણીનો વિષય લઈને જઈએ ત્યારે નિજ સ્વચ્છ બુદ્ધિબલ વડે ખૂલાસા કરીને અમોને મંત્રમુગ્ધ કરતા હતા.**

ઈન્દૌરનગરમાં એક માસ ત્યાંની કોલેજમાં પ્રિન્સીપાલ પદે વિરાજિત સરકારી ધોરણે નિયમિત થયા હતા. તેમણે અનેક પુસ્તકો સંસ્કૃતમાં, હિન્દીમાં, ગુજરાતીમાં પણ રચ્યા છે. અમે સાથે એક જ કલાસમાં એમ.એ. સુધી આંગ્લ ભાષા ભણ્યા છીએ. **ન્યાયસિધ્ધાંત મુકતાવલીની કિરણાવલી નામક ટીકા ખુબ જ પ્રખ્યાત થઈ છે. ન્યાયમાં તેમના પદાર્થો અને સમન્વયોને સાધારણજન પણ અવગત કરી શકે અને પાંડિત્ય મેળવી શકે એવા લખાણો અભ્યાસીને પાંડિતાઈ આપે છે. કિરણાવલી ટીકા તો સૂર્ય કિરણો જેવી પંકિતઓ છે. આ પુસ્તકોને અત્યારે ઘણા વિદ્વાનો, સાધુઓ, સન્યાસીઓ, યતિઓ, આચાર્યો, ક્ષપણકો, મૂનિઓ, જતિઓ, સાધ્વીજીઓ પણ ભણી ભણીને નિજ નિજ સંપ્રદાયના ધર્માનુયાયિપણાને ટકાવવા સમર્થ થાય છે.** વ્યાકરણ મીમાંસા ન્યાયશાસ્ત્ર કાવ્ય અધિક પદ, વાકય, પ્રમાણ, અલંકાર, આદિના સાગરમાં પારંગત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી હાલમાં મહા વિદ્વાન સર્વવિદ્યાઓના સ્થલોમાં પ્રસ્થાનોમાં પ્રખ્યાત વર્તે છે. સાંખ્યતત્ત્વકૌમુદી ઉપર પણ તેવી સાંખ્યતત્ત્વોના વિવેચનવાળી ટીકા કરી છે કે- જે સાંખ્ય પાઠકોના હૃદયમાં મુક્તામણિની તેજોભરી પંકિતઓ હોય તેવી પ્રકાશે છે, મુકતાવલીમાં મંગળવાદથી આરંભીને કિરણાવલીના કિરણો વ્યાપ્ત વિષયો ચિત્તમાં ચમત્કૃતિઓ ઉપજાવે છે. કિરણાવલીના વિષયો અતિમનોહર સરલ સંસ્કૃત વડે વિભૂષિત છે જેને સાધારણ સંસ્કૃતજ્ઞ પણ વિષયતા અવચ્છેદ્ય અવચ્છેદક ભાવ પ્રકારતા પર્યાપ્તિ આદિકને સારી રીતે સમજીને પરિષ્કારોને બોલતા થઈ જાય છે. અન્ય એવા ન્યાયશાસ્ત્રને સ્વયં વાંચવા સુશક્ત થાય છે, કિરણાવલી ભણેલો વિદ્વાન દર્શનશાસ્ત્રોનાં ગૂઢ વિષયોને પણ ભણાવવા સમર્થ થાય છે આવી કિરણાવલી શ્રીહરિની પ્રસન્નતા ભરેલી છે, એવું **વચનામૃત સુધાસિંધુનું બ્રહ્મરસાયન ભાષ્ય ગ્રંથ તમામ સંપ્રદાય, વેદશાસ્ત્રો, પ્રકરણો, તત્ત્વપદાર્થો, જ્ઞાન-વિજ્ઞાનના ગૂઢ સિધ્ધાંતો, વિધવિધ વેદાંતોના વિષયો પણ વાંચી જાણી શકે એવી સંસ્કૃત ભાષામાં રચેલું છે.** શિક્ષાપત્રીની કિરણાવલી પણ તે તે સ્થાનમાં અનેક ભાવાભિપ્રાયવાલી આદ્યાત્મિક આધિભૌતિક આધિદૈવિક તત્ત્વોને દર્શાવનારી રચી છે.

આવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આંગ્લભાષામાં પણ વૈદુષ્ય ધરાવે છે, એમનું આંગ્લભાષાનું વ્યાખ્યાન વકતવ્ય સરલં સ્મણીયં મેં સાંભળેલા છે, એમ.એ. પણ છે. અમેરિકામાં આપની ખ્યાતિ ઘણી છે. પાઠ્ય પુસ્તકો વડે પ્રખ્યાત કીર્તિ પામેલા છે, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની નિત્ય નિત્ય વિવર્ધમાન મતિને જોઈને નિજ ચિતમાં મહાન સહજ આનંદ અનુભવું છું. આવા મુનિયતિવર્યનું ચિત્ત પણ ગંગાજળ સમાન સરલ નિર્માની સર્વજન હિતાવહ મહા આનંદપ્રદ હોવાથી બીજાઓ અજાત શત્રુતાની સુહૃદયતાને ધારે છે. માનવપ્રેમ, પ્રાણિમાત્રમાં સદ્‌ભાવના, ધર્મભાવના, ભક્તિભાવના, પાંડિત્યાદિ સંમિશ્રણ આ પંડિતવર્યમાં જોઈને શ્રેષ્ઠ આહ્‌લાદ થાય છે. વારાણસીમાં નિવાસથી આરંભીને આજ દિવસ સુધી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું જીવન સુહૃદયતા, સાધુતા, સાધારણજનને પણ પ્રમોદ ઉપજાવે છે. આચાર્યત્વ પણ યથાર્થ વર્તે છે. ધન્ય છે આ ભારતદેશને, જેમાં

આવા પરોપકારી સંતો બિરાજે છે, આવા સંતો આર્યદેશના વિભૂષણો છે, સ્વયં ધર્મ પાળે છે અને બીજાને પળાવીને મોક્ષમાર્ગ પ્રવર્તાવે છે. એમના જીવન અનુસરવા યોગ્ય છે, એમનો ઉપદેશ જનોને નિર્મલ કરે છે, જેમના લેખો જનોના સ્વ પર હિતકારક છે, જે સ્વદેશી વિદેશી જનોના હૃદયોમાં આહ્લાદ ઉપજાવે છે, તે સાધુઓ સત્ય સંત છે. આંબાનું વૃક્ષ સ્વયં કેરીને નથી ખાતું પણ અન્ય લોકોને મીઠાં ફલો આપે છે, સૂર્યનો પ્રકાશ સમગ્ર સૃષ્ટિના દેહધારીઓને હિતકારક જ છે. નદીઓના જલોનું નદીઓ નથી પાન કરતી પણ તે પણ પરોપકાર માટે જ છે તેવી જ રીતે શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય ભગવાને સ્વજીવનને પરોપકાર માટે જ વ્યતીત કર્યું છે, ધન્ય છે આવા આ સંત, ધન્ય છે એમના જીવનને અને ધન્ય છે એમના લિખિત શાસ્ત્રોને તથા ધન્ય છે ભારત ભૂમિને, જે સંત પરોપકાર પરાયણ વર્તે છે. માટે આવા સંત વિશાલ વ્યાસજી વ્યાસાત્મા વ્યાસાવતાર ધ્વનિથી સિધ્ધ થાય છે.

શ્રીજી મહારાજના ચરણકમળ પૂજનમાં જ મગ્ન ભક્તિવાળા સાદા નિર્મલ મનવાળા સદા ધીર ગંભીર, વિદ્વત્ સભાઓમાં રમણીયવાણી પ્રયોગ સમર્થ એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આપની પ્રસન્નતા અમોને સદા મળતી રહેજો. પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું સ્વભાવ સારલ્ય પણ અનુભૂત છે, જયારે કઠિન વિષયના શાસ્ત્રાર્થ પ્રશ્નનો અવસર આવે ત્યારે નિજ પઠન લેખન તલ્લીન કાર્યને તુરત જ મેલીને પ્રસન્ન મુખ વડે પ્રત્યુત્તર દેવા પ્રેમભેર તત્પર થાય છે. તે જોઈને પ્રત્યુત્તર મેળવીને ઘણો જ અમોને સંતોષ થતો રહે છે, કોઈપણ વિદ્યાર્થી દ્રવ્ય શૂન્ય હોય તે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પાસે જાય તે દ્રવ્ય મેળવીને સંતોષ પામી આશીર્વાદ પણ મેળવે છે, જયારે ભૂખ લાગેલો છાત્ર તેમને ત્યાં જાય તેને સારૂં ભોજન આપી તૃપ્ત કરે છે, શ્રીહરિની પ્રસન્નતા વડે પ્રસાદી મળેલ તે છાત્ર સંતુષ્ટ થાય છે. જામનગરના શ્રીસ્વામિનારાયણ મંદિરમાં મહંત અધ્યક્ષ પદે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના દર્શન માટે ગયેલ મેં મધ્યાહ્ન વ્યતીત સમયમાં અમોને ભોજનાદિ વડે સંતોષ પમાડ્યા હતા. મધ્યાહ્ન તડકામાં પણ કોદાળી લઈને નૂતન મન્દિર ભવન બનાવવા ભૂમિકાનું ખનન કરતા હતા એવા જોયા. મેં કહ્યું, "મહાન્ વિદ્વાન આપ આ શું કરો છો," તેમણે કહ્યું, "આપણે સંત છીએ દેવમંદિરની સેવા પરાયણ પણ છીએ". મહાન પંડિત હોવા છતા પરોપકાર માટે દૈવ ધર્મને ભાગવત ધર્મને સાર્થક કરે છે, આવા સ્વામીશ્રીપંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું જીવન અનુકરણ કરવા જેવું છે. શ્રીહરિને પ્રાર્થુ છું.- શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આ ભારત દેશમાં તથા દેશાંતરોમાં સ્વ સદ્ગુણો શિખવાડવા પણ ચિરંજીવી રહો.

- લાભશંકર શાસ્ત્રીજી...

શ્રી લાભશંકર શાસ્ત્રી.

વ્યાકરણાચાર્ય, વેદાંતશાસ્ત્રી,
એસ.ટી.સી., મહેન્દ્રપરા, મોરબી (સૌરાષ્ટ્ર).

विद्वच्चर्याविधाने द्युतियुतवचनैः सर्वविद्वत्सभासु युक्तिं ।
सूंक्ति सुद्यारां विदद्यति सुधियः पंडितानां सुमान्याः ॥
तर्कवागीशतुल्या रुचिरमतियुता: श्रीशसेवा दधानाः ।
काश्यां वादे विवादे सुविदितमहिमानः सदा सेव्यमानाः ॥
विशिष्टाऽद्वैत सिद्धांत भास्कराचार्यवर्यकाः ।
कृष्णवल्लभनामानः पुनन्तु भारतीभुवम् ॥

વારાણસીમાં હું ઘણી વખત તેમના પરિચયમાં રહ્યો છું. **પંડિત કૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજીએ કાશીમાં વિદ્યાભ્યાસ માટે રહીને ઘણાં વર્ષો સુધી દર્શન, તર્ક, સાહિત્ય, વેદાંત, મીમાંસાદિ અનેક શાસ્ત્રોનો વિદ્યાભ્યાસ કરીને પંડિતોની સભામાં અનેક વાદ-વિવાદ દ્વારા વિજયપતાકા ફરકાવીને શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયને સર્વોકૃષ્ટ સાબિત કરી બતાવ્યો છે. પોતે અભ્યાસ કરતા અને બીજા વિદ્યાર્થીઓને ન્યાય-દર્શન વગેરેનો અભ્યાસ કરાવતા. કાશીમાં 'ગોર્વાણવાગ્વર્ધિની સભા'નું સભાપતિપદ અલંકૃત કરતા હતા અને ગુજરાતી વિદ્યાર્થીઓને સંસ્કૃતમાં બોલવાનો બોધ આપતા હતા.**

પંડિત પૂજ્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામીજી એક પવિત્ર અને પરોપકારી પુરુષ છે. તેઓ સમગ્ર ભારતમાં એક અગ્રગણ્ય પંડિત છે, તેઓ તપસ્વી પણ છે, કાશીમાં તેઓ ઘણાં મંત્ર-જાપ તથા શ્રીજી મહારાજની ઉપાસના અને વ્રતો કરતા હતા. **તેમના રચેલા પુસ્તકો જ્યારે જ્યારે હું વાંચુ છું, ભણાવું છું, ત્યારે ત્યારે મારા મનમાં અલૌકિક ભાવના ઉત્પન્ન થાય છે.** ન્યાયસિદ્ધાંત મુક્તાવલીની ટીકા કિરણાવલી નામની ટીકા સંસ્કૃતમાં નવ્યન્યાયશૈલીમાં તેમણે લખેલ છે. આવા અનેક પુસ્તકોની રચના તેમણે કરી છે. તેમના ઘણા પુસ્તકો યુનિવર્સિટીમાં પાઠ્યપુસ્તકો તરીકે લેવામાં આવ્યા છે. તેમનું પાંડિત્ય અને તપસ્વીપણું મારા હૃદયમાં આનંદ આપે છે. આવા પરોપકારી વિદ્વાન સંતો શ્રીજી મહારાજના પરમ પ્રિય હોય છે. ગુજરાતની ભૂમિને પાવન કરે છે. ધન્ય છે આવા સંતોને. તેમનો સર્વદા વિજય થાઓ, એવી શ્રીજી મહારાજ પાસે પ્રાર્થના કરું છું.

સમાચાર પત્ર દ્વારા મારા જાણવામાં આવ્યું છે કે, આપની પ્રતિમાની પ્રતિષ્ઠા કુંકાવાવમાં થવાની છે. આ જાણીને મને ઘણો જ આનંદ થયો છે. આજે અમારા વારાણસીના મહાન વિદ્વાનનું આવું ભવ્ય સ્વાગત થાય છે, તે અમારા જેવા માટે ઘણો જ આનંદનો વિષય છે. આપશ્રીએ અનેક પુસ્તકોની રચના કરીને સારસ્વત મંદિરમાં ભગવતી શારદાનું બહુમાન કર્યું છે. ધર્મ અને ભક્તિનો પ્રચાર તથા સેવા ફળીભૂત થયા છે. ચતુર્દશ ભુવનોના

ઈશ્વર પુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણ ભગવાન પાસે પ્રાર્થના કરું છું કે, આપ સર્વદા સુખી રહો અને ધર્મનો પ્રચાર કરી દીર્ઘાયુષી થાઓ.

આપશ્રીના જેવા જ સંપ્રદાયમાં કોઈ મહાન વિદ્વાન અને ધર્મ પ્રચારક બને તેવી મારી ભાવના છે. આશીર્વાદ મોકલાવજો.

- લાભશંકર શાસ્ત્રી...

વૈજનાથપુરીજી. (એમ.એ., ડી.લિટ.)

ઓક્સન, ડી.લિ. ઓક્સન, ૫૭, બાદશાહબાગ, લખનૌ.

પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સંપ્રદાયના અદ્વિતીય તથા માન્યવર પંડિતગુરૂ છે. હિન્દુધર્મથી સંવર્ધિત આ સંપ્રદાયની ઉત્પતિ તથા ઉત્થાન્ પૂજય મહાપ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી દ્વારા થયેલ છે અને તેમનું શ્રીરામાનુજાચાર્ય, શ્રીમાધવાચાર્ય, શ્રીનિમ્બાર્કાચાર્ય, શ્રીમહાપ્રભુજીની શ્રેણીમાં સ્થાન છે. એકદેશી હોવા છતાં પણ તેમણે સંમ્પૂર્ણ ભારતને પોતાનું ક્ષેત્ર માન્યું, અને પશ્ચિમી ભારતમાં, વિશેષ રૂપે પોતાનો બાલકૃષ્ણ અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સ્વરૂપે ભક્તિમાર્ગ પ્રવૃત્ત કર્યો. આવા સરલ ભગવાનનો સંપ્રદાય સરલ સ્વભાવનો છે. આમાં પોતાનું સાહિત્ય ઘણું છે. તેમાં શ્રીમાન્ સ્વામીજી સ્વરૂપ સદ્‌ગુરૂઓનું સાહિત્ય વિશેષપણે ઉપકારક મહાદાન છે. પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આધુનિક યુગમાં શ્રીહરિશરણાગતિ મંડળની ભક્તિના પ્રમુખ્ય આચાર્યવર્ય છે. આ મહાહર્ષની વાત છે- જે તેમના વ્યક્તિત્ત્વ અને કૃતિઓ પ્રમાણે આ અભિનંદન ગ્રંથ સમર્પિત કરાય છે. મારી શુભ કામનાઓ તે સાથે અર્પુ છું. ભગવાન તેમને સાહિત્ય સેવા માટે વધારે દીર્ઘાયુ આપે, શુભાકાંક્ષી.

તા. ૩-૬-૭૬

- વૈજનાથ પુરી...

રાજકવિ માવદાનજી ભી. રત્નુ.

મુ.કાલાવડ, જિ. જામનગર.

(૧) દાર્શનિક પંચાનન સહ; ષટ દર્શનાચાર્ય છે ।
સાંખ્ય યોગ વેદાંત તીર્થ; નવ્યન્યાયાચાર્ય છે ॥
તીર્થ મીમાંસા સાથ સહ, જે 'કાવ્ય કુશલ' મહાન છે ।
શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી, વિદ્વાન સંત સુજાન છે ॥

(૨) વિદ્વાન વર્ય સંત શ્રી, સત્સંગના શણગાર છે ।
મુખડું મનોહર દેવ જેવા- દેહનો દીદાર છે ॥
મળતાં જ મન ખેંચાય; દીલડું લાગણીપ્રધાન છે ।
શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી, વિદ્વાન સંત સુજાન છે ॥

(૩) ઓજસ પ્રભાવિત દિવ્ય દર્શન, દયાળુ દાતાર છે ।
'જ્ઞાન સાગર' ગર્વ નહિં, મહા મુક્તના અવતાર છે ॥
કાશીના પંડિતની મહાસભામાં સન્માન છે ।
શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી, વિદ્વાન સંત સુજાન છે ॥

(૪) જન્મ જયંતિ 'જન્મ ભૂ' સીતેર વર્ષે આવતા ।
એજ માસે એજ તિથિ, પ્રતિમા પધરાવતા ॥
અનાવરણ વિધિ થતાં, સંત મૂર્તિ ઈશ સમાન છે ।
શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી, વિદ્વાન સંત સુજાન છે ॥

(૫) પૂર્વદત્ત વિદ્યા મળે, સત શાસ્ત્રોનેં, લોકો કહે ।
સત્સંગ, બિન સત્સંગમાં, એની બરાબરી કોન લહે ॥
વિદ્વાન સંત શ્રીજી તણા, (એનું) 'કવિ માવ'ને અભિમાન છે ।
શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી વિદ્વાન સંત સુજાન છે ॥

॥ દોહા ॥

એ પાંચ છંદ કવિ હૃદયના, પ્રેમ તણી પીછાન ॥
કવિ માવ સાચું કહે; એનું અમને છે અભિમાન ॥

''આકૃતિ ગુણાન્ કથયતિ'' આ પ્રમાણે સુંદર શરીર હોય, વાણી ગંગાના પ્રવાહ જેવી અસ્ખલિત હોય અને વિદ્વાન હોય એતો સોનામાં સુગન્ધ જેવું છે.

ભૂતકાળમાં ભારત માર્તન્ડ પંડિત ગટુલાલજી મહાન વિદ્વાન હતા. પણ તેને જોનારા લખે છે- 'શીળીનાં મોટાં-મોટાં ખાડા ડાઘ ચેહરા ઉપર, વર્ણ પણ કાળો સાઈ જેવો અને

બંને આંખો નહીં– આમ ઈશ્વર, હજારમાં કોકનેજ- રુપ-ગુણ-વાણી-ચાતુર્ય અને વિદ્વતા-હજારે એકાદને જ આપે છે. પૂજ્ય શાસ્ત્રી મહારાજમાં શ્રીજીની દયાથી- વિદ્વત્તાદેવ સમાન દેદીપ્યમાન દેહે, વિશાળ ચાતુર્ય, વાણી ચાતુર્ય એ બધા સદ્‌ગુણોનો સમુચ્ચય શિઘ્ર કાવ્ય કળા સુકંઠી, કંબુકંઠ વગેરે ચિત્ત આકર્ષક મુખમુદ્રા-અંગ મરોડ આદિ પ્રભુની ઘડેલી વિભૂતિયોં છે. પરમ કૃપાળુ ભગવાન શ્રીસ્વામિનારાયણ તેમને તંદુરસ્તી સહ દીર્ઘાયુ બક્ષે, અને સત્સંગમાં દિગ્વિજય કરે. આવો શુભાશીર્વાદ હું પણ ઈચ્છુ છું. 'ચારણ દેવી પુત્ર' તરીકે પાઠવી વિરમુ છું.

તા.૧૩-૨-૬૬ (મહા સુદી-૧૧, સં. ૨૦૩૨) - માવદાનજી ભી. રત્નુ...

રાજકવિ માવદાનજી રત્નુ.

મું. કાલાવડ. જિ. જામનગર

આવા ભૌતિક વૈજ્ઞાનિક વેગવંતા યુગમાં માનવસ્થિતિઓ પણ વેગવંતી થઈ જાય છે, જગત ભિન્ન દેખાવમાં તણાઈ રહ્યું છે, પણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજીનું વિદ્યાર્થી અવસ્થાથી વૃધ્ધાવસ્થા સુધીનું જીવન જોવામાં આવ્યું છે. નિગ્રહ સંયમ શીલવ્રત સાધુતા આદિને સાચવી રાખ્યા છે. 'વિદ્યા દદાતિ વિનય' તે શાસ્ત્રી સ્વામીમાં દેખાઈ આવે છે, આપે બ્રહ્મસ્થિતિએ જ્ઞાનદીપકને પ્રજવલિત રાખ્યો છે, આપે મહાન વિદ્વાન હોવા છતા સાદાઈથી ગામડાં ફરવામાં , ભકતના સંકલ્પ પૂરવામાં સર્વસ્વાપર્ણ જીવન સમર્થ્યું છે.

આપને પંડિતો અભિનંદન આપી રહ્યાં છે, તેમાં મારૂં પણ દીર્ઘ કાવ્યરૂપે પૃથક અભિનંદન પાઠવું છું, રાજી થજો, જય સ્વામિનારાયણ, સદંડવત્ સહપ્રણામ સ્વીકારજો.

- રાજકવિ માવદાનજી રત્નુ...

કવિ શ્રી નાથાલાલ દવે.

સાધનાપથ, ૧૦૧ કૃષ્ણનગર, ભાવનગર.

પૂજનીય પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ એક અપ્રતીહત બુદ્ધિમાન, તાર્કિક મહાવિદ્વાન છે તથા વિદ્વાનોમાં ખોળતા તે જેવા તે એક જ છે. તેમણે ૪૫ ગ્રંથો સંસ્કૃત, હિન્દી, ગુજરાતીમાં લખ્યા છે, તે તેમની વૈદુષ્ય કીર્તિની બોધક છે તથા તે પંડિતજીની સંસ્કૃતમાં અતિ ખંતથી જણાવી રહ્યા છે. મહાવિદ્યાલયો યુનિવર્સિટીયોમાં ચાલતા શિક્ષાભ્યાસના પરીક્ષાર્થી ગ્રંથો નવા જુનાઓ ઉપર શ્રીશાસ્ત્રીજીએ વિશાલ ભાષ્યો, ટીકાઓ, ટીપ્પણીઓ આદિ લખ્યા છે, જેવા કે યોગદર્શન ભાષ્યમ્, ન્યાયભાષ્ય, સાંખ્યયિકા ભાષ્ય, ન્યાયમુકતાવલી, કિરણાવલી, તર્કદીપિકાવલી, સાંખ્યકૌમુદી કિરણાવલી, માઠરકિરણાવલી, ભોજરાજકિરણં, તત્ત્વમુક્તાકલાપ કિરણાવલી, સાહિત્યલક્ષાધિક પચાસ હજાર શ્લોકમય સાહિત્ય, મહારણ્ય શ્રીસ્વામિનારાયણ દર્શન ઇત્યાદિમાં સર્વત્ર અપ્રતિહત ગતિવાળા વિદ્વાન છે. વ્યાકરણના ગ્રંથો, કાવ્યોના કવનગ્રંથો, કઠિન દેવ સ્તોત્રો, છન્દ શાસ્ત્ર, ભક્તિશાસ્ત્ર એ આદિ પણ ઘણાં સુબોધપ્રદ લખ્યા છે, સત્સંગીજીવન મહાઇતિહાસની સારબોધિની ટીકા લખી છે, આવા આવા ગ્રંથોને તો વિદ્યાર્થીઓ દરરોજ જેનો ઉપયોગ કરી શકે એવા દૈવી સ્તોત્રમાં રચ્યાં છે. **ભગવાન સાથે હેત થાય અને માયામાંથી મુક્ત થવાય, મોક્ષમાં રહેવાય, એવા એવા મહામુનિઓ શ્રીગુણાતીતાનંદસ્વામી તથા શ્રીગોપાલાનંદસ્વામીના વર્તોપદેશો સંસ્કૃત કાવ્યોમાં અને હિન્દીમાં રસપ્રદ આનંદપ્રદ રચ્યાં લખ્યાં છે. આવા ભગવદીય આત્મીય યત્નશીલ સંતસ્થિતિના મહાત્મા મહાવિદ્વાનને મારા નમ્રતાપૂર્વક સમ્માન અભિનંદન પ્રાપ્ત હો. સ્વામીશ્રી આવા સાદા સન્તવર્ય ધાર્મિક સ્થિતિવાળા સંત છે, તે પ્રત્યેક દિવસ, કલાક અને મિનિટ પરોપકાર માટે જ પોતાના જીવનને સાર્થક કરે છે. કલમ, માલા, જપ અને ભકત સંતોષ એ ત્રણ સત્સંગરૂપમાં મુખ્ય કાર્યો છે તેમાં કલમ અઢાર કલાક, બાકીના થાકમાં ભગવત્કાર્ય અને જપ તે વિનાનો સમય નિદ્રા જાગ્રતમાં સ્નાન, સંધ્યા, જપ, શ્રીહરિપૂજન વૈશ્વદેવ નૈવેદ્ય ભક્ત સેવામાં મિનિટો સાર્થક છે, વાંચન ભજન એ તો એમના આત્મામાં છે પણ એક નવી ખોળના તારોડિયા છે અને ભકતો તથા આશ્રિતો અને વિદ્યાર્થીઓ માટે તો પ્રકાશભાસ્કર છે. આવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને ગ્રંથાભિનંદન વડે સમ્માનિત કરવા એ આપણી તમામ જ્ઞાનિ-વિજ્ઞાની વિદ્વાનોનું કર્તવ્ય છે, સ્વધર્મ છે, સ્વામીજી પરોપકાર સાથે ઘણું જીવો.**

- કવિ શ્રીનાથાલાલ દવે...

મહામહોપાધ્યાય મ.વ. ઉપાધ્યાય.

વડોદરા.

મારા જીવતરમાં મને એમ જણાયા કરતું કે- સંસ્કૃતના વિદ્વાનો સંસ્કૃતમાં જ પડ્યા રહે છે, પ્રગતિશીલ જમાના પ્રમાણે પણ નથી હોતા, ઘણી વિદ્યાલયોમાં આવો અનુભવ થયો છે. દરેક સંસ્કૃત ભણીને જ થાકી જાય છે, તેમાં જ મગજ ખવાઈ જાય છે, બરાબર બધાં વિષયો યાદ રાખવા જ જોઈએ ત્યારે લખાય, ભણાવાય, બોલાય વિગેરે થઈ શકે, પણ એક વિદ્વાન બધો યત્ન કરવા જાય તો બધું કાચું રહે, બહુ બળ કરવા જાય તો કોથળી ટૂટી જાય, જેથી સર્વશક્તિ સંપન્ન વિશાલવૈભવી સાર્વભૌમ વિદ્વાન મળવો મુશ્કેલ પડે છે, પરંતુ મારા સદ્‌ભાગ્યે મને એક વિદ્વાનનો યોગ થયો, ભણાવતા જોયા, લખતા જોયા, વ્યાખ્યાનરૂઢ જોયા, તાર્કિક શાસ્ત્રાર્થમાં જોયા, ખાનગી ગહનતામાં જોયા, કાવ્યો રચતા જોયા, સર્વત્ર ગંગાના સાગરમુખ પ્રવાહની જેમ, તમામમાં મહાસમર્થ ત્યાગશૈલી સંત શાન્તિમૂર્તિ એવા સાત્ત્વિક યોગીવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામીજીને જોયા, તેમનું સંસ્કૃત સાહિત્ય જોઈ મારો ભ્રમ નિવૃત્ત થયો. આવા મહાન દૈવી સંપત્તિવાળા સારસ્વત પુરૂષ આજ નવયુગમાં અજોડ અદ્વિતીય છે, દ્રઢ પ્રતિભાશાળી છે. આપના ગ્રંથોના આધારથી તો ભાવિ ભારતીય જનતા અસામાન્ય પ્રગતિ મેળવી આત્માનું ભૂતિને પ્રાપ્ત કરી શકશે, આપ સત્ય મહામહોપાધ્યાય સાર્વભૌમ જગતના ભૂષણ છો, આપને મારા અનેક અભિનંદન પ્રાપ્ત હો.

- મહામહોપાધ્યાય મ. વ. ઉપાધ્યાય...

મહામહોપાધ્યાય શ્રીવામાચરણ ભટ્ટાચાર્યજી.

કાશી.

જગદ્‌ગુરુ વિશ્વવંદ્ય પરમ પૂજય સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સંસ્કૃતના પ્રકાંડ પંડિત તથા ભારતમાં ખ્યાતિ પ્રાપ્ત સરસ્વતીના વ્હાલા પુત્ર છે. આપે પુસ્તકો દ્વારા મહાવિદ્વતાનો પરિચય આપી ભારતની સંસ્કૃત સેવા બજાવી છે, આપ બ્રહ્મશીલી સંત દેશ-વિદેશ વ્યાપ્ત પ્રખ્યાત છો, આપ ભારતીય ધુરંધર પંડિતોમાંના અગ્રગણ્ય છો. આવા આપને મારા અસંખ્ય પ્રણામ અને અભિનંદન છે. આપ સૌરાષ્ટ્ર ભૂમિના કુંકાવાવનગરમાં જન્મ પામેલા કિંમતી રત્ન મહાયોગી છો, પરમપવિત્ર વિશ્વ વિખ્યાત સાત્ત્વિક સંત છો, તમોને મારા ઘણા આશીર્વાદ.

- મહામહોપાધ્યાય શ્રીવામાચરણ ભટ્ટાચાર્યજી...

ડો. આર. એસ. બેટાઇ.

દ્વારકા.

॥ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય અભિનંદનમ્ ॥

માનવીની મહત્તાનું મૂલ્ય કોઈ એટલુ બધું નથી જે અભિનંદન દ્વારા કે તત્ત્વજ્ઞાનિતાની સ્થિતિ દ્વારા કરાય, પણ શાશ્વત સમાજ દ્વારા, તેમનાં માનસ વિચારો દ્વારા, પરીક્ષા દ્વારા, વ્યક્તિની જીંદગીના સમાજને આકર્ષણની અસર દ્વારા જે મૂલ્યાંકન થાય, આવું મૂલ્યાંકન ઈશ્વરીય સંકેતરૂપ હોય છે. આ દ્રષ્ટિએ શ્રીશંકરાચાર્યની અને વલ્લભાચાર્યની મહત્તાઓ પોતપોતાની વિભિન્ન દિશાઓમાં અને દેશોમાં તથા પોતાના ક્ષેત્રમા અંકાએલી છે. આ બંને આચાર્યોએ પોતપોતાના ક્ષેત્રીય સમાજમાં હિન્દુ સમાજ ધર્મ અને વેદ ધર્મોને સેવ્યા, ફેલાવ્યા, અપનાવ્યા છે, બંને આચાર્યો તેમના પોતાના ઉભ્દાવિત ન્યાયને વાપરી, સ્વયં સ્વનીતિ પર શાશ્વત પરમ બ્રહ્મસ્થિતિ મહાચાર્યો પ્રસિધ્ધ થયા છે. તેમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યનો સમય બિલકુલ જુદા પ્રકારનો જ હતો. હિન્દુધર્મ આકસ્મિક ચઢાઈઓના પંજામાં આવીને ઘણા દુઃખોને સહન કરનારો અને નબળાઈ તથા નિર્દયપણાને પામેલો, થયેલો હતો. વેદધર્મ અને હિન્દુ સ્થિતિઓનું અસ્તિત્ત્વ તો હિન્દી, ક્રૂર સત્તાધીશોની નબળી લોઢાની ખખડી ગયેલી જંજીર જેવી થઈ ગયેલ હતી, ક્રૂર સત્તાએ ભારત ઉપર ક્રૂર સત્તાઓ પાથરીને ઈસ્લામ સમાજમાં ભેળવવા માનવોને ઐચ્છિક અને જબરદસ્તીથી અને ભયથી પગરણ આદર્યા હતા, આવા ભયાનક કારણોને લીધે મજબૂત પણ શ્રદ્ધામાં વિશ્વાસમાં પૂર્ણ વસેલો પણ હિન્દુઓનો ધાર્મિક વિશ્વાસ ધ્રૂજવા લાગ્યો હતો, ત્યારે સનાતન ધર્મ સનાતન સ્વરૂપમાં થોડાક માનવો બચ્યાં હતા, વધારે નહિ, જેમાં બચ્યાં હતા તે મૂર્તિ દૈવી પ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મુખ્ય હતા. એમણે પોતાનો ધર્મઉદ્યમ, અપ્રસિદ્ધ પ્રયત્ન અને ધાર્મિક સુચક્રપ્રચાર, પોતાના વિશ્વાસુ હૃદયમાં સાચવી, હિન્દુઓમાં તે વૈદિક ધર્મ, હિન્દુ ધર્મ તરીકે જીવતો રાખ્યો. આવા પ્રયત્નની સાચવણી જો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની ન હોત તો હિન્દુ ધર્મ ક્ષેત્ર પ્રાયઃ નષ્ટ-ભ્રષ્ટતાને પામી જાત, તે સમયે પોતાનું ચિંતિત ધાર્મિકતાપણું જલ્દીથી પોતે આચરણમાં મેલીને બધાંને આચરવા માટે અપાવવા માંડયું, તે બતાવી આપે છે જે હિન્દુઓની ધર્મની જીંદગીનું સુક્ષેત્ર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ જીવંત સુસ્થાપિત કર્યું.

હિન્દુધર્મની જિંદગીને તત્ત્વજ્ઞાનને તથા વૈદિક ભક્તિને અને પોતાનામાં રહેલી શ્રધ્ધેય ઉપાસનાને તથા બ્રહ્મસૃષ્ટિને અને સેવા પ્રેમભક્તિને જે પોતાના હૃદયની આંખો આગળ મૂર્તિમાન હતી, તેને સર્વ પ્રજાઓમાં અર્પિત થવામાં જ પોતાનું અસ્તિત્ત્વ વપરાવા લાગ્યું, પરમેશ્વરમાં પ્રેમ સ્થપાયો તે ભક્તિનું ક્ષેત્ર અલબત્ત સ્થપાઈ ગયું, આમ ભક્તિમાર્ગ જોરશોરથી ભાગવતાદિને આધારે પૂર્ણ પ્રતિષ્ઠિત થયો. આવું મહત્ત ફળવાળું અલૌકિક ઉભયમિશ્રિત કાર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહાપ્રભુજીએ કર્યું, તે આ યુગમાં

ડૉ. ડી.ફિલ, ડી.લિટ્, મહામહોપાધ્યાય, ભારતભૂષણ, ન્યાયાચાર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી વિજય પામે છે અને શંકર સ્વામીએ હિન્દુ ધર્મને આવિદ્યકપણું હટાવવા જ્ઞાન માર્ગમાં ઉતાર્યો, તેને વેદ ધર્મ કહીને બીજી બલવાન ભક્તિ પ્રમાણોને ન અવલંબીને, મુખ્ય એવા ભારતીય ઉપનિષદ્રોના, શરણાગતિના, પ્રકરણોને અમુખ્ય ગણીને તેની સામે વધારે પગ ભરાવીને ભારતીય માનસોના બળને ભક્તિ બાબતમાં નિર્બળ દેખાડીને જે રીતે હિન્દુસ્તાન વૈદિકજ્ઞાન મુખ્ય તાત્ત્વિક રીતે સુગ્રહીત થાય એવો વિશાલ માનસ ઉપાસનાનો નકશો ચિતર્યો, જે જ્ઞાનમાર્ગમાં અહંબ્રહ્મભાવના માટે શાસ્ત્રો પણ વિદ્વાનો દ્વારા તણાવા લાગ્યા. શ્રીમહાપ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ તો હિન્દુનો ભક્તિધર્મ, આચારધર્મ, ભાગવતધર્મ, શરણાગતિધર્મ, બ્રહ્મ સંબંધધર્મ, શુદ્ધાદ્વૈતધર્મ, પ્રેમધર્મ, ઉપાસના ભક્તિધર્મ, સર્વાર્પણધર્મ, ગુરૂધર્મ, સેવાધર્મ હિન્દુસમાજમાં પૂરેપૂરો પ્રવર્તાવ્યો કે જેની અત્યંત આવશ્યકતા હતી, અને જનજીવનમાં તે શરણભક્તિ ધર્મ જીવિત રાખી દીધો, એવા મહાપ્રભુજી આચાર્યવર્ય શ્રીકૃષ્ણસ્વરૂપ સ્વયં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની ભગવાનમયી મહત્તાને અમો અભિનંદન ગ્રંથ વડે સમ્માન અર્પિને તથા સમસ્ત જગતને માટે સમર્પિત તમામ શાસ્ત્રોના સારદોહન માટે તથા વૈષ્ણવપણાનું સુરક્ષણ કરવા અને શિખડાવવા માટે તમામને ભગવત્સ્વરૂપમાં પ્રેમથી જોડાવા માટેના તેમના યત્નને તેમની મહત્તાને અમો ભક્તિપૂર્વક અભિનંદન આપીએ છીએ, આચાર્ય પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના તમામ સંસ્કૃત કલ્ચરના ગ્રંથોને પણ તથા તેવા શરણ વિદ્વાનોને તથા તેમના મહાવિદ્યાલયોને પણ અભિનંદન સાથે ધન્યવાદ આપીએ છીએ.

- આર. એસ. બેટાઇ...

રામસિંહ તોમર.

વિશ્વ ભારતી, સંશોધક : રવીન્દ્રનાથ ટાગોર,
શાંતિ નિકેતન, પશ્ચિમ બંગાળ, ભારત

આચાર્યજીના વ્યક્તિત્ત્વના બધાં પાસાઓ પર વિદ્વાનો પ્રકાશ પાડશે અને જે પણ અભિનંદન ગ્રંથનું અધ્યયન અને અવલોકન કરશે તે આચાર્યજીના જીવનથી પ્રેરણા મેળવશે.

તા. ૨૩-૫-૭૬

- રામસિંહ તોમર...

પદ્મભૂષણ શાસ્ત્રી કેશવરામ.

મધુવન, અમદાવાદ.

શ્રીમદ્ દાર્શનિકપંચાનન, ષડદર્શનાચાર્ય, નવ્યન્યાયાચાર્ય, સાંખ્યયોગ વેદાંત મીમાંસા તીર્થ, મહામહોપાધ્યાય પંડિતવર્યઃ પરમ ભાગવત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને સાંપ્રત અભિનંદનગ્રંથ અર્પણ થાય છે. તે હું અત્યંત આવશ્યક માનું છું, આ ગ્રંથ નિર્માણ શક્તિ જોઈને ચિત્તમાં પરમાનંદ થાય છે, આ સત્ય છે તેમજ સાંપ્રત આવા સર્વતંત્ર સ્વતંત્ર વિદ્વાનોને માટે અલ્પ છે. **ગુજરાત દેશમાં આવા કોઈ વિદ્વાન અત્યારે દેખાતા નથી, તે માત્ર પંડિતવર્ય નથી પરંતુ ભાગવત ભક્ત પણ છે, આવી તેમની વિશિષ્ટતા છે એ સર્વથા વંદ્ય છે અને અભિનંદ્ય છે.**

તા.૧૩-૧૨-૭૬

- શાસ્ત્રી કેશવરામ...

પદ્મભૂષણ શ્રી કે.કા. શાસ્ત્રી.

અમદાવાદ.

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ દિવ્ય દૃષ્ટિસંપન્ન સર્વદ્રષ્ટા મહાપુરૂષ છે, એમણે ધર્મ સંપ્રદાય શાસ્ત્ર અને ઈતિહાસોનો સમન્વય કરેલ છે, આધ્યાત્મિક અને દૈવી તત્ત્વોને અભેદતા પમાડીને જનતા માટે વ્યકત કર્યા છે. જે શ્રીસ્વામીજીકૃતથી લક્ષ્મીનારાયણસંહિતા વાંચશે તે જગતભરનો બૃહસ્પતિ થશે. આત્માની અભિવ્યકતતાને પરમેશ્વરની સમીપે દાખલ કરનાર થશે. આરાધના, ઉપાસના, સેવા વ્યંજના, પ્રેક્ષણા, પ્રજ્ઞા, તેજસ્વિતા, ભક્તિ, ભાવના અને સુસંસ્કારોનો ખજાનો થશે તથા અગ્રગણ્ય સ્થાન મેળવશે. ભારતમાં મહાન અન્વેષક સ્વતંત્ર મહાભાગવત સર્વથા વંદ્ય શ્રીસ્વામીજી અભિન્દ્ય છે.

- શ્રી કે.કા. શાસ્ત્રી...

કૃષ્ણકેશવ શાસ્ત્રીજી.

અમદાવાદ.

મહામહોપાધ્યાય વિદ્યાનિધિ પ્રાતઃ સ્મરણીય મહાપ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની પવિત્ર સેવામાં કૃષ્ણકેશવ શાસ્ત્રીજીનાં સદંડવત્પ્રણામ. જય શ્રીહરિ વાંચજો, પત્ર દ્વારા દર્શન આપશો. આપશ્રી સાક્ષાત્ ભગવાનના અવતાર વ્યાસજી છો, વ્યાસમુનિએ એક લાખ શ્લોકોનું મહાભારત રચ્યું, આપશ્રીએ દોઢ લાખ શ્લોકોમાં ગ્રંથો અને

લક્ષ્મીનારાયણસંહિતા એક જ સવા લાખ શ્લોકોમાં લખી છે. ભારતમાં અને વિદેશમાં વિદ્વાનોમાં વખણાય છે. અંગ્રેજી ગવર્નમેન્ટે આપવા નક્કી કરેલી તે કાશીના અગ્રગણ્ય પંડિતોએ અને શંકરાચાર્યોએ તે મહામહોપાધ્યાય પદ્વી આપને આપી છે. ભારતમાં એક રાષ્ટ્રપતિ તેમજ એક વડાપ્રધાન હોય છે, તેમ હિન્દુસ્તાનમાં કાશીમાં હાલમાં એક જ મહામહોપાધ્યાય સ્વરાજ્યમાં ત્રીસ વર્ષે આપ જાહેર થયા છો, સાક્ષાત્ શ્રીજી મહારાજનો આપશ્રીમાં આવિર્ભાવ થયો છે, તે વિના આવું મહત્ કાર્ય મહત્તા સાથે થઈ શકે નહિ. આ દિન સેવકને શુભ આશીર્વાદ આપજો પત્ર દ્વારા દર્શન આપજો, દંડવત્ સ્વીકારજો શુભમ્.

તા.૩૦-૬-૭૯

- કૃષ્ણકેશવ શાસ્ત્રીજી...

પંડિત શાંતાનંદજી મહારાજ.

નદિયાશાંતિ, દર્શનાચાર્ય, તર્કતીર્થ.

સંસ્કૃત સાહિત્યમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું સ્થાન મહર્ષિ વાલ્મિકી સમાન તથા વેદવ્યાસજી સમાન ઊંચુ છે, સાહિત્યમાં ઓતપ્રોત રહેતા સ્વામીજી સંસારથી વિરકત શ્રીશ્વેતાયન વ્યાસજી સ્વરૂપે વિરાજે છે. ભારત ભૂમિના આ વિદ્વાન સંતે આખા વિશ્વને પ્રભાવિત કરેલ છે, વિદ્વાન વર્ગ આપને સન્માને છે, અભિનંદન અર્પે છે, તો પણ આપને માટે તો તે યત્કિંચત છે, આપ વિશ્વસાગર છો. આપે સરસ્વતીને સુકીર્તિમતિ આ યુગમાં ટકાવી છે અને તેમના ઉપાસક અવતાર પ્રગટ થયા છો. આપશ્રી બીજ રક્ષા માટે મત્સ્યાવતાર હતાં, બીજો ઉગાડવા માટે પૃથુ અવતાર હતા. અમૃત પ્રાપ્ત કરાવવા માટે ધનવંતરી તથા મોહિની અવતાર હતાં, યુગાંતર સ્થાપવા માટે શ્રીવાસુદેવ કૃષ્ણાવતાર હતા, તેમજ આ નવા યુગમાં પ્રાચીન વિદ્યા સરસ્વતી અર્પવા માટે આપ સર્વ આદિ વ્યાસ શંકરાવતાર શ્વેતાયન વ્યાસ તે બત્રીશ વ્યાસો પછી ફરીથી શ્વેતાયન વ્યાસ પ્રગટ થયા છો, આપ સિવાય આટલી રક્ષાગતિ બીજાની હોય નહિ, આપને અમારા ઘણાં અભિનંદન છે.

- પંડિત શાંતાનંદજી મહારાજ...

જે. એલ. કે. જલાલી.

કરણનગર, શ્રીનગર, કાશ્મીર.

પંડિતવર્ય સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનાં સન્માનમાં એક અભિનંદન ગ્રંથ તૈયાર થઈ રહ્યો છે, તેમાં તેમની વિદ્વતા, સંતતા અને ઉત્કૃષ્ટ ભક્તિમત્તા તથા આશ્રિતતા વર્ણિત હશે, તે સાંભળતા જ મને ઘણો આનંદ ઉપજ્યો છે. તમો તે કાર્યમાં સફળતા મેળવો, હું સ્વામીજી આચાર્યજીને તેવા સમ્માનિત કરવા માટે ઈશ્વરને પ્રાર્થના કરું છું, અને અભિનંદન સાથે સ્મરણ કરું છું, તેઓ વિદ્વાન ધુરન્ધર પંડિત આચાર્યજી મહારાજ લાંબુ જીવો, પોતાના આશ્રિતોને તથા જગતભરના વિદ્વાનોને આશીર્વાદ આપો તથા બીજા શરણાગત જીવોને વિદ્વાનોને સત્યમાર્ગ બતાવો, તથા વિવિધ વિજ્ઞાન, આચરણ નિઃશ્રેયસ માટે આત્મીય, ઉન્નતિ, સત્યમાં દોરો. **સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી કેવલ સંત જ છે તથા પાવરફુલ પવિત્ર નેતા છે એટલુ જ નહિ, કિન્તુ એક મહાન વ્યાપક વિદ્વાન છે, ફિલોસોફર છે, દાર્શનિક આચાર્ય છે, ઊંચા દર્જાના મહા પંડિત છે. એ પોતે લગભગ પચાસેક સંસ્કૃત, હિન્દી, ગુજરાતી પુસ્તકોના રચયિતા છે. મોટો ગહન ભાગ સંસ્કૃતનો છે, આપણા વિદ્વાન ક્ષેત્રમાં શ્રીઆચાર્ય જ એક મહાન પ્રાચીન નવીન ઉભય રીતિના વિદ્વધુરંધર છે, દુનિયામાં હાલમાં આટલા ઊંચા દર્જાના વિદ્વાન અન્યત્ર નથી. જેમના ગ્રંથો દૂર દૂર દેશોમાં પહોંચ્યા છે, કોઈ કાવ્યના, તો કાંઈ સાંખ્યના, તો કોઈ વ્યાકરણના, તેમ ઈતિહાસના, વિદ્વાન એકે એકે ખાતાના મળે પણ તમામ વિભાગોના એક જ વ્યાપક વિદ્વાન મળતા નથી. તે બાબત સ્વામીજીમાં બધી વિદ્વતા હોવાથી ગૌણતાને પામી ગયેલી છે.**

આખી દુનિયા ખોળીએ તોય આવા ધ્વજ કળશ સંપન્ન વિદ્વાન નહીં જ મળે. વિદ્વતા અને લખાણના કાવ્ય એવી વિશાળ શક્તિઓ ફિલોસોફીની કૃતિઓ, ન્યાય, સાંખ્ય, યોગ, મીમાંસા, વૈશેષિક, નવ્યન્યાય, વેદાન્ત, વેદ, અદ્વૈતવિજ્ઞાન આદિ વિભાગોનાં તમામ વિજ્ઞાનોના અગાધ વિદ્વાન શ્રીસ્વામીજી મહારાજ છે, એમણે સાતમું દર્શન શ્રીસ્વામિનારાયણ દર્શન રચ્યું છે, તે સર્વ દર્શનોનું મૂર્ધન્ય દર્શન છે, આપણા ભારતની તમામ ફિલોસોફીઓનો ખજાનો વિભકત અને સંયુકત હાલમાં શ્રીસ્વામીમાં છે. આત્મીય પરમાત્મીય તત્ત્વજ્ઞાન શ્રીસ્વામીજીમાંથી અપરોક્ષાનુંભૂતિરૂપે પ્રગટ થઈ ભારતમાં તેમજ અન્ય દેશોમાં વધારે પ્રગતિ કરી રહ્યું છે, કાયમી આપણે માટે તે વિજ્ઞાન જરૂર અંતરની આંખ્યો ખોલનારું થયા કરશે, આવા ઉત્તમ પવિત્ર આત્મા પરમચેતન સ્વામીશ્રી આચાર્યશ્રી એક મહા વિદ્વાનની અમાપ શક્તિવાળા પુરૂષને માટે વારંવાર કહેવાની જરૂરત નથી, નાના શરીરમાં પણ વ્યાપક બ્રહ્મ વિરાજેલું છે. સ્વામીશ્રી તેમના સેવકોમાં પ્રસિદ્ધ છે અને જ્ઞાનપાનારા છે એમ પણ નથી, કિન્તુ તમામ મહત્તાઓ અને ઉત્કૃષ્ટતાઓના જગતભરની પૂજનીય વ્યાપક મૂર્તિ શ્રીપાવરફુલ ચમત્કારી મૂર્તિ સ્વામીજી હાલમાં એક જ છે, ઈશ્વર પ્રતિ પહોચાડનારા, તેવી આંખ્યો આપનારા અત્યારે એક જ છે. વિદ્વાન ભક્તોએ હાથ ધરેલા અભિનંદન ગ્રંથમાંથી કરેલ સન્માનો તથા વિદ્વદ્વવર્ગ અને આશ્રિતોએ કરેલા મહાસમ્માનો

અને સ્તુતિઓ સાથે મારી જલાલીની સ્તુતિ સમ્માન અને અભિનંદન પ્રાર્થના શ્રીસ્વામીજીને જરૂર સ્વીકૃત હો. મારી ભક્તિ ઈશ્વરાવતાર એમને એમના ચરણમાં અર્પિત હો. હું માનુ છું અભિનંદન ગ્રંથ જલ્દી સમર્પિત હો, આપનો શ્રધ્ધાલુ શુભાકાંક્ષી.

- જે.એલ.કે. જલાલી...

પ્રો. ત્રિલોચનસિંહ વિન્દ્રા.

હોંશિયારપૂર, પંજાબ.

શ્રીવૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ પંડિતવર્ય સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ડોક્ટરેટ ઓફ ફિલોસોફી, ડૉકટર ઓફ લિટરેચર આદિક ઉપાધિ વડે વિભૂષિત થયા છે તે સંસ્કૃત જગતને માટે પરમ ગૌરવ વિષય છે, એમનું અભિનંદન તે વાગ્દેવીનું અભિનંદન છે. શ્રીસ્વામીજીના તમામ ગ્રંથ ઉપર લેખકગણ અધિકસાર લખે એવી વ્યવસ્થા થાય તો જગતને ઉપકાર અધિકાધિક થશે.

તા. ૨૦-૧-૭૮

- પ્રો. વિલોચનસિંહ વિન્દ્રા...

રૂકિમણીકાંત લાલજી ગોસ્વામી.

કટક.

પરમાત્મા જીવાત્માઓ મુકતાત્માઓ ઈશ્વરો માયા તથા પરમાણુઓ તેથી બ્રહ્માંડો માયાના સૂક્ષ્મ તત્ત્વો વડે આધિભૌતિક અને સૂક્ષ્મ શરીરો, અહં મમત્વ વડે સંસારીપણું, ભક્તિરસ, કીર્તનમૂર્તિમાં સ્તબ્ધતા વડે મુકતપણું અને બ્રહ્મદર્શીપણું મળે છે. આ રીતે દ્વૈત રીતિએ પણ બ્રહ્મદ્વૈત તત્ત્વદ્વૈત છતાં ભગવાન એકજ અદ્વૈત એવા શાસ્ત્રને સ્વાગત કરનારા ગૌડીય વિદ્વાનો તરફથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને દ્વૈત, અદ્વૈત તમામ મતના જ્ઞાતા વિજ્ઞવર્યને માધ્વમત દ્વારા અભિનંદન અર્પીએ છીએ. **આપશ્રી અનેક શાસ્ત્રોના નિષ્ણાત સાર્વભૌમ વિદ્વાન છો, જગદ્વન્દ્ય છો, ભારતના રત્ન છો, સૌરાષ્ટ્રના સૂર્ય છો, વિદ્વાનોમાં ધુરંધર છો, વૈષ્ણવોમાં વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ છો, આપને અસંખ્ય ધન્યવાદો આપીએ છીએ, આપે સારસ્વત વિદ્યા વિકાસ દ્વારા વૈષ્ણવ ઉપાસના માર્ગ સર્વતો દિશાઓમાં પ્રસૂત કરેલ છે. આપ ઈશ્વર કૃષ્ણ પ્રભુના ચરણમાં પહોંચેલા આચાર્યવર્ય છો, આપ એવા ઈશ્વરાચાર્ય મૂર્તિ દીર્ઘ જીવી હો.**

- રૂકિમણીકાંત લાલજી ગોસ્વામી...

મોહન વિહારીલાલજી.

ચિતોડ.

શ્રીકૃષ્ણ પરમાત્મા વિદ્યા અને અવિદ્યા શક્તિવાળા છે, આ વિદ્યા વડે પોતામાંથી પ્રગટાવેલા જીવાત્માઓને બંધન છે, વિદ્યાવડે મોક્ષ છે, શુધ્ધ, અદ્વૈત, બ્રહ્મ પોતે પરમાત્મા સ્વલીલા વિભૂતિમાં આનંદ આપવા વિશિષ્ટ સૃષ્ટિમાં વિચરે છે. અવિદ્યાના તત્ત્વોને વિદ્યાતત્ત્વો વડે શમાવીને સ્વાત્મક બ્રહ્માનંદના પ્રદાતા થાય છે, મર્યાદામાં તથા બ્રહ્મસંબંધમાં પ્રવિષ્ટ જીવોને બ્રહ્મ કુટુંબતા મળે છે, તેથી ઉધ્ધારકો છે. શરણાગતિ વડે ઉદ્ધારકની કૃપા થાય છે, બ્રહ્મસંબંધ વડે પ્રવિત્રતા થાય છે, મર્યાદા વડે સંસારમાંથી ખસાય છે અને ભક્તિ વડે ગોલોકપ્રાપ્તિ મોક્ષમાં જવાય છે. **આવા મહાપ્રભુજીના મતને તેના ભાષ્યાદિ વિસ્તારોમાં પ્રવેશીને વિદ્વતા ધરાવનારા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને શુધ્ધાદ્વૈત ભગવત્ પંડિતો દ્વારા અભિનંદન આપીએ છીએ, આપ વૈષ્ણવસાર્વભૌમ છો, આપે સત્સંગભાષ્ય ઉત્તમોત્તમ લખેલ છે, તમામ વૈષ્ણવોને ઉપયોગી છે તે માટે વિશેષ અમારા અભિનંદન આપને છે, આપ વૈષ્ણવ સર્વસ્વ છો.**

- મોહન વિહારીલાલજી...

વિઘ્નેશ્વર શિવાચાર્ય.

કડાપ્પા, પૂર્વ.

પતિ, પશુ અને પાશ, એ ત્રણ મુખ્ય ગણીને ,પશુઓ જીવો પાશ કર્મ બંધન વડે સંસારી નિત્ય સ્વરૂપી છે, મહેશ, બ્રહ્મને સર્વજ્ઞને સંસાર કર્તારને ઉપાસે ત્યારે મોક્ષમાં જાય છે. અશરીર એવું બ્રહ્મશિવ તે સ્વશરીર સ્પંદ માટે કર્તા બને છે, તેનું પ્રાકૃત શરીર નથી, પણ સ્વાત્મક શક્તિરૂપ શક્તિ શરીર છે. સ્વયં ઈશાન મસ્તકરૂપે, તત્પુરૂષ મુખરૂપે, અઘોર હૃદયરૂપે, વામદેવ ગુહ્યરૂપે, સદ્યોજાત પગરૂપે થાય છે, ઈશાનાદિના મંત્રો પણ ઈશાનાદિ નામે છે, સાકારની ઉપાસના થાય છે, કાયિક, વાચિક, માનસિક સેવાનું નામ ઉપાસના છે, તે વડે મોક્ષમાં જવાય છે. શિવસેવામાં શિવાની થઈને રહેવાય છે. મંત્રમાં, મંત્રેશ્વરમાં, મહેશ્વરમાં, મુકતાત્મામાં અને શિવમાં શિવત્વ છે, તે દીક્ષા વડે ઓળખાય છે, શિવજી પતિ છે, આત્માઓ પશુઓ પતિને મેળવે, 'પતિઃ - પરમેશ્વર વિદ્યાત્ તત્ત્વજ્ઞાનમ્, અવિદ્યા મિથ્યાજ્ઞાનમ્ પશુઃ', જીવ, પાશ, માલાદિ, જપ, તપ, ચર્યા વડે પાશ નિવૃતિઃ ત્રણ તત્ત્વોનો સંસાર છે, પાશ જવાથી, બે તત્ત્વો મોક્ષમાં છે, આવી પ્રણાલી શૈવદર્શનની છે. **શ્રીપંડિતવર્ય શાસ્ત્રીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને કાશીનગરી અભિનંદન આપી રહી છે.**

- વિઘ્નેશ્વર શિવાચાર્ય...

પંડિત સોમશિવ વેદાંતી. (વેદાંતતીર્થ).

ચિત્રાલ કાશ્મીર.

ભગવાન સ્વપ્રકાશ સ્વતંત્ર મહેશ્વર છે, પરમેશ્વર એવા મહેશ્વર, એવા મહેશ્વરે અનેક આકારે રહીને નિજાનંદ ભોગવવા આવો સંસાર નિજસ્વરૂપમાંથી પ્રગટ કર્યો છે. માયા નિત્ય સૂક્ષ્મતમ્ જગતનું મૂલ છે, શિવસન્નિધાન વડે માયાનો પરિણામ કાલ છે, કાલાધીન અદ્રષ્ટ નિયતિ ગણાય છે, તેનાથી વિદ્યાનામક ચિત્ત થાય છે, તેનાથી રાગ થાય છે, પછી પ્રકૃતિ ત્રિગુણા પછી ત્રણ મહત્તત્ત્વ અહંકાર અને મન થાય છે, પછી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ અને તેમાં જ સૂક્ષ્મ પાંચભૂત તથા દશ ઈન્દ્રિયો થાય છે, પછી સ્થૂલદેહ ઘડાય છે, તે સ્થૂલ પાંચભૂતો ગણાય છે. આ રીતે છત્રીશ તત્ત્વોમય આ સંસાર છે, તેમાં શિવ પોતે મહેશ્વર નિમ્નદશામાં આત્માઓ રૂપે થાય છે. તે સાડત્રીશમું તત્ત્વ ગણાય છે, આત્માઓ પોતાને શિવ તરીકે પ્રત્યભિજ્ઞા કરે, ભક્તિ કરે તો શિવરૂપ થાય છે. કાલથી આરંભીને પૃથ્વી પર્યંતના તત્ત્વો સ્વયં શિવજ માયામાંથી પ્રગટ કરીને તેને ભોગવે છે, આવો સકળ સંસાર છે. આવા પ્રત્યભિજ્ઞાન શિવ તે બ્રહ્મશિવ, કાલશિવ, પ્રાકૃતશિવ, તત્ત્વશિવ, એમ આત્મશિવ પણ પોતે જ છે તેથી શિવાદ્વૈત ગણાય છે. આવો આ **કાશ્મીરીય મત તે પણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ અભ્યસ્ત કર્યો છે. તેના તત્ત્વોના જ્ઞાતા એવા પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને અભિનંદન છે.**

- પંડિત સોમશિવ વેદાંતી...

મહામહોપાધ્યાય પંડિત કમલનયનાચાર્યજી. (કાશી).

બહુ જ અસીમ આનંદ ઉભરાય છે કે, વિશિષ્ટાદ્વૈત શાખામાં સૌરાષ્ટ્રમાં એક પ્રતિવાદિ ભયંકર મહાવિદ્વાન આજના યુગમાં સંભળાય છે, જેમના અમાપ, અસીમ, અતિ ગહન ગ્રંથો વિશ્વમાં વ્યાપક થવા લાગ્યાં છે. વિશિષ્ટા દ્વૈત મહામૂર્ધન્ય સિદ્ધાંત લીલો પલ્લવિત થઈ રહ્યો છે, શાખા, પ્રશાખાઓ વડે ભારતીય દેશખંડોમાં પણ સ્થિર પાયાદાર થઈ રહ્યો છે, લાખો કરોડો માનવો આવી સિધ્ધાંન્તિત ઉપાસના વડે વૈકુંઠ, ગોલોક, બ્રહ્મલોકની મુક્તિ મેળવશે, ભક્તિમાર્ગ વધતો રહેશે. ધન્ય છે તમામ શાસ્ત્રોમાં ભક્તિ વિશિષ્ટ બ્રહ્મના તત્ત્વ વિકસાવનાર ન્યાયિક ધુરંધર મહાવિદ્વાન તત્ત્વપ્રભાવલી પ્રસરાવનાર, છઠ્ઠા વેદના લખનાર, દર્શનોની સંસ્કૃતિ કરનારા મહાપંડિત શ્રીનારાયણાંશવતારને તથા ધન્ય છે તેમના ભવનને, ધન્ય છે તેમની ઉપાસનાને, ધન્ય છે નિર્ભિક વિદ્વતાને , આવા વિદ્વાનને હજારો વિદ્વાનોની એકાત્મ મૂર્તિને અમારા કોટિ કોટિ અભિનંદન છે. આપે નવીન પ્રાચીન વિકાસને જ્ઞાનધારા નદીઓને ક્ષિતિજો સુધી વહાવી છે. આપને અમારા વારંવાર સન્માન વિનય સ્વીકૃત હો.

- મહામહોપાધ્યાય પંડિત કમલનયનાચાર્યજી...

મૃડાંગપલ્લી શાસ્ત્રી.

વેલુર મદ્રાસ.

શક્તિ વિશિષ્ટ શિવજ બ્રહ્મ છે, શક્તિ દ્વારા સૃષ્ટિ સર્જે છે, શક્તિ વિશિષ્ટ ઉપાદાન કારણ શિવ પોતે જ પોતાની શક્તિમાં માયામાં પ્રવેશીને રહ્યા છે, અને સ્વતંત્ર પણ રહ્યા છે, કર્તા પોષ્ટા અને નેતા સંહર્તા શિવજ છે, શક્તિમાં શિવે પ્રવેશ કરીને ઈશ્વરપણું સ્વીકાર્યુ, ઈશ્વરે નાની અસંખ્ય શક્તિઓમાં પ્રવેશ કરીને અસંખ્ય આત્માઓ શિવ જીવ થયા છે, તેજ પ્રજાપતિઓ, લોકપાલો, દિક્પાલો, પ્રકાશકો, સંચાલકો, દેવો, માનવો સ્થાવર જંગમરૂપે થયા છે.

સર્વે આત્માઓ શિવજ છે, સર્વે શક્તિઓ શિવની જ છે, જડચેતનપણું શિવજીએ સ્વેચ્છા શક્તિ પ્રગટાવીને કરેલું છે, માટે શિવમય જગત છે. શિવ ચેતનો સંચાલકો શિવતાદાત્મ્ય ભાવના વડે ઉપાસકો થઈને શિવસાયુજ્યને પામે છે, અનુપાસક એવા ચેતનો તે શિવશક્તિના તત્ત્વો સત્વ, રજઃ, તમઃ, મહત્ત્વ, અહંકાર, ચિત્ત, મન, તન્માત્રાઓ, ઈન્દ્રિયો, અંતઃકરણો, ભૂતો અને છ કોષો રૂપે થઈને તેમાં શિવમય આત્માઓ સુખાનુભવ માટે અસુખને આવરીને વર્તે છે અને સંસારી પ્રવાહ ચાલુ રાખે છે.

શિવોચ્છાથી સ્વયં સ્વમાંથી જ સૃષ્ટિ થાય અને સ્વયં સ્વભાનથી શિવપ્રસાદ વડે શિવ થવાય, આવી રીતે શિવોપાસના, આત્મોપાસના, બ્રહ્માંડહં, શિવોડહં, આત્માડહં, વિશિષ્ટોડહં એ રીતે બ્રહ્માવસ્થાનમાં નિત્યાન સ્વરૂપમાં શિવભકત્યા મોક્ષ, આવી શક્તિ **વિશિષ્ટાદ્વૈતના શૈવ શાસ્ત્રો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના અભ્યાસ છે, તેમના ખ્યાતિવાદમાં મતો લીધેલા છે. આવા વ્યાપક વિદ્વાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને વિશ્વના વિદ્વાનો અભિનંદન આપી રહ્યા છે, તે ભારતના વિદ્વાનો માટે ગૌરવ આપનારા છે, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ને વિશિષ્ટ બ્રહ્માદ્વૈત પર વિકાસ આપનારા વિદ્વાનને હું આંતરિક પ્રસન્નતા સાથે અભિનંદન આપું છું,** તેઓ ભારતીય દર્શનોનો વિકાસ કરે, એવી શુભેચ્છા.

- મૃડાંગપલ્લી શાસ્ત્રી...

શ્રી નિવાસાચાર્ય.

તામિલનાડુ.

જીવો માયા અને ઈશ્વર નિત્ય છે, માયા ત્રિગુણવતી, સાત્ત્વિકી, રાજસી, તામસી, જીવો કર્મફલ ભોકતાઓ વિવિધ છે, બદ્ધ, મુકત અને નિત્ય એમ ત્રિવિધ કહ્યા છે, માયામાં રહેલા બદ્ધો છે, ભક્તિ પ્રપત્તિ વડે મોક્ષમાં જવાય છે, મોક્ષમાં જઈ વસે તે મુક્તો છે, ભગવત્પાર્ષદો ગણાય તે નિત્ય ભગવત્સમ છે, ભગવત્કુટુંબ, મુક્તકુટુંબ અને માયિકકુટુંબ આ રીતે પણ કહી શકાય, એ બધાં પરમેશ્વરના શરીરો છે, પરમેશ્વર બધામાં રહ્યાં છે, પરમેશ્વરને વ્યાપ્ય આધીન અને પરતંત્ર છે. ભગવાન માયા વિશિષ્ટ થકી જ જગદુપાદાન છે, સંકલ્પ વિશિષ્ટ ભગવાન નિમિત કારણ છે, કાલાદ્યન્તર્યામી ભગવાન સહકારી કારણ છે, સ્થૂલ માયાત્મશરીરી ભગવાન વિશિષ્ટરૂપે કાર્ય છે, તેના સૂક્ષ્મ માયાત્મ વિશિષ્ટ શરીરી ભગવાન વિશિષ્ટરૂપે કારણ છે, એટલે વિશેષ્ય એક છે, અદ્વૈત છે, તે પરમાત્મા છે, તેની ભક્તિ વડે મોક્ષ થાય છે. મોક્ષમાં અનેક સુખ ભગવાન સાથે મેળવે છે, મહાવૈકુંઠમાં મહાનારાયણ, શ્રીમન્નારાયણ ઉપાસ્યમૂર્તિ છે, ત્યાં ઉપાસક મુક્તો અનેક રૂપ ધારીને સેવે છે, સેવા મુક્તિ ગણાય છે, ત્યાં મુકતોની નિત્ય દિવ્ય વિભૂતિમય મૂર્તિઓ છે. તે વડે સેવા, સાકાર સેવાના આનંદને મેળવે છે, માયાને સૂક્ષ્મરૂપમાં ભગવાન સંકેલો કરે ત્યારે સૃષ્ટિનો મહાપ્રલય ગણાય છે. ભગવાન પરપુરૂષોત્તમ વાસુદેવ છે, તે અપર વાસુદેવ થઈને તેમાંથી અનિરૂધ્ધ પ્રદ્યુમ્ન સંકર્ષણ રૂપ ધારી થાય છે, અવતારો પણ ધરે છે, અંતર્યામી પણ રહે છે, મૂર્તિઓમાં પણ બિરાજે છે, વૈષ્ણવધોરી સેવા માર્ગ તે વૈકુંઠ આપે છે. આવા **શ્રીરામાનુજ સ્વામીના સિદ્ધાંતરૂપ વિશિષ્ટાદ્વૈતના શાસ્ત્રો ભણેલા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે વિશિષ્ટંમ્ ન્યાય શાસ્ત્ર, તથા શ્રુત્યર્થ તાત્પર્ય નિર્ણય તથા તત્ત્વમુકતાકલાપની વિશદ્ કિરણાવલી ટીકા લખી છે તથા વેદાંતસાર આદિ ગ્રંથો લખ્યાં છે, વિશિષ્ટ બ્રહ્મદ્વૈત સિદ્ધાંત પણ સ્વામિનારાયણ સંપ્રદાય માટે સ્વતંત્ર પરિષ્કૃત કરેલ છે, આવા વિશાલ વેદાંતોને ભણેલા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ રામાનુજ વિશિષ્ટ વેદાંતના વેદાંતાચાર્ય થયેલા છે, તેમને વિશિષ્ટાદ્વૈત વેદાંતાચાર્યોએ ઘણા ઘણા અભિનંદન આપ્યા છે. હું પણ આવા વિદ્વાનને અભિનંદન આપું છું.** આપ વિશિષ્ટ વેદાંતને વધારે વિસ્તારો અને ઉપાસના વધારે પ્રવર્તાવો એવી આશા સહિત પ્રસન્નતા સાથે વિરમું છું.

- શ્રીનિવાસાચાર્ય...

હરિહરાનંદ બ્રહ્મચારી. (વેદાંતાચાર્ય).

કાશી.

અદ્વૈત મત શંકરાચાર્યે પ્રકાશમાં મેલ્યો, એક બ્રહ્મ સત્ય છે, નિત્ય છે, નિર્ગુણ છે, નિર્ધર્મક છે, નિરાકાર છે, શુદ્ધ છે, નિત્યજ્ઞાન તે છે, તે કારણ નથી, કાર્ય નથી, સંસાર નથી, વ્યાપક છે, સર્વત્ર સભર છે, બ્રહ્મ સર્વત્ર તો છે, પણ અવિદ્યા ચોથા ભાગમાં રહેલી છે, અજ્ઞાન બીજું નામ છે, તે મિથ્યા છે, અવિદ્યામાં, મહાકારણ વિભાગ, તેથી નીચે અવ્યાકૃત કારણ વિભાગ, તેથી નીચે સૂત્રાત્મા વિભાગ, તેથી નીચે વિરાટ વિભાગ, આવા વિભાગોમાં બ્રહ્મભાગ તે ચાર ઈશ્વરો પોતાને માનતા થયા, ચાર વિભાગો તે ઈશ્વરોને અન્તઃકરણો વળગ્યાં, એટલે અવિદ્યા સંબંધ વડે બ્રહ્મ ચાર રૂપે સાકાર થયું, તેના બીજા નામ પ્રકૃતિ પુરૂષ બ્રહ્મ, પ્રધાન પુરૂષ બ્રહ્મ, મહાવિષ્ણુ ઈશ્વર બ્રહ્મ, વૈરાજ બ્રહ્મ, આવી અનેક સૃષ્ટિઓ થઈ પડી, તે ચારમાંથી બીજા ચાર નીકળ્યા, પ્રકૃતિબ્રહ્મમાંથી તુર્યાત્મા નીકળ્યો, પ્રધાન બ્રહ્મમાંથી પ્રાજ્ઞાત્મા નીકળ્યો, મહાવિષ્ણુ ઈશ્વરમાંથી તૈજસ આત્મા નીકળ્યો, વૈરાજબ્રહ્મમાંથી વિશ્વઆત્માં નીકળ્યો, ચાર ઈશ્વરોના એ ચાર કાર્યો વિશ્વ તૈજસ પ્રાજ્ઞ અને તુર્ય એ આપણા જીવોમાં નામો પડ્યા, તે ઈશ્વરોની ચાર અવસ્થાના કાર્ય ચાર જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ તુર્યા એવી અવસ્થાઓ લાગુ પડી. આ રીતે ચાર અવસ્થાવાળો જીવાત્મા સંસારી, અને ચાર અવસ્થાવાળા ઈશ્વર પણ સંસારી, અસંસારી બ્રહ્મ પોતે અવિદ્યાના ભાગોમાં પોતાને ઈશ્વરાત્મક સાકાર સંસારી ગણે છે અને તેમાંથી મલિન અન્તઃકરણવાળા જીવો થયા તે કર્મઠ સંસારી થયા, આ જીવો અહંબ્રહ્માંડસ્મિજ્ઞાન પૂર્ણ થાય તો અવિદ્યા અન્તઃકરણ અજ્ઞાન ઉડી જાય, બ્રહ્મપણામાં સ્થિર હતો અને થઈ જાય. આ પ્રક્રિયામાં ઈશ્વરો જીવો અવિદ્યા બધા મિથ્યા, કાર્ય માત્ર મિથ્યા, એક બ્રહ્મ સત્ય છે, આવો અહંબ્રહ્મ એવો અપરોક્ષાનુભવ થાય કે સંસાર માટે આવા અદ્વૈત સિદ્ધાંત ઉપર ઘણા વિદ્વાનોએ ગ્રંથો લખ્યા છે. **શાંકરભાષ્ય, અદ્વૈતસિદ્ધિ, ચિત્સુખી, પંચદશી, વેદાંત પરિભાષા, વેદાંતસાર, આદિ ગ્રંથો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ભણ્યાં અને વેદાંતાચાર્ય થયા છે, ચિત્સુખી ઉપર ટિપ્પન ટીકા લખેલ છે, કાશી, હરદ્વાર, આદિ સ્થલવાસી વિદ્વાન સન્યાસી સંતો શંકરાચાર્યજી વિગેરેએ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી અદ્વૈતના પૂર્ણ વિદ્વાન છે માટે તેમને ઘણાં સમ્માનપત્રો અને અભિનંદન પત્રો અર્પ્યા છે. મહારાજ સંત વિપ્રોને અદ્વૈત વેદાંત ઘણું ભણાવતા હતા. શ્રીશંકરાચાર્યની મૂર્તિ એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને મારા અભિનંદન પાઠવું છું.**

- હરિહરાનંદ બ્રહ્મચારી...

મીમાંસા ભાસ્કર કાશીનાથ શાસ્ત્રી.

છાતા.

વૈદિક વાકયોમાં જલ્દી ન ભાસે એવા અર્થો માટે મીમાંસા વિચાર કરનારા શ્રીજૈમિનિ ઋષિએ સૂત્રો રચ્યા, બાર અધ્યાયાયોમાં તે વ્યવસ્થા કરી. પ્રથમ અધ્યાયમાં વિધિ આજ્ઞા પ્રામાણ્ય કહ્યું, બીજામાં કર્મકાણ્ડની વિભિન્નતા કહી, ત્રીજામાં ગૌણમુખ્ય ભાવવાળા કર્મ કહ્યા, ચોથામાં યોગ અને પુરૂષાર્થ વડે અનુષ્ઠેય કર્મોના માપ વિચારો કર્યા, પાંચમામાં અનુષ્ઠાનક્રમો કહ્યાં, છઠ્ઠામાં ફલભોકતા અધિકારી બતાવ્યા, સાતમામાં પ્રકૃતિમાં કહેલા ને તેની વિકૃતિમાં લગાવટ દેખાડી, આઠમામાં પ્રકૃત્યંગોને વિકૃતિમાં દ્રવ્ય દેવતાદિ દ્વારા લાગવટ બતાવી, નવમામાં પ્રકૃતિ-વિકૃતિના દેવ ભિન્ન હોય તો વિકૃતિમાં દેવતાવાચક પદનો અધ્યાહાર એવા ઉહ બતાવ્યો, દશમામાં વિકૃતિમાં પ્રાપ્ત પ્રકૃતિના અંગોને પ્રકૃતિમાં સાવકાશપણું હોય તો વિકૃતિમાં વિશેષ અંગોનો બાધ દર્શાવ્યો, અગ્યારમામાં અનેક અંગિમાં જે અંગો તેને એક અનુષ્ઠાન વડે સર્વપર ઉપકાર થઈ જાય એવું તંત્ર-નિયમ ગોઠવ્યાં, બારમામાં એક અંગિમા અનુષ્ઠિત અંગને સામર્થ્ય રહિત બીજા અંગિમાં પણ ઉપકારકતા લેવાય, આવા વિચારોનું વાક્યશાસ્ત્ર એ મીમાંસા શાસ્ત્ર, તેનો યજ્ઞયાગાદિ કર્મકાંડમાં વિનિમય ઉપયોગ છે. અનુષ્ઠાન, દ્રવ્ય, દેવતા, હવન, પુણ્ય, સ્વર્ગ, આત્મા, વિષ્ણુ, વિધિ, નિષેધ, અર્થવાદ, ભાવના, અનુષ્ઠાન, ક્રમપ્રાયશ્ચિત, અવભૃથ, અગ્નિ, અશ્વમેધ, સર્વ મેધ, સોમયાગ, રૂદ્રયાગ, વિષ્ણુયાગ, ઈન્દ્રયાગ, બીજા નાના નાના ઘણા યાગો પર કુંડ, પાત્ર, આચાર્ય હોતા આદિક મહાકાણ્ડ ગોઠવાયેલો છે, ન્યાયને અનુસારે દ્રવ્યગુણાદિ તથા શક્તિ સાદશ્યાદિ તથા દેવતા સામર્થ્યોત્પત્ત્યાદિ પણ વર્ણવ્યા છે. આવા આ શાસ્ત્રના વિદ્યમાન યુગો નિર્બલ થયા-પોણાં, અર્ધા પા ભાગના અનુષ્ઠાનો રહી ગયા છે. ભારતના દક્ષિણના વિદ્વાનો આ કર્મકાણ્ડને વિશેષે જીવતા રાખી રહ્યા છે, બીજે મોળું પડ્યું છે, છતાં આયુઃહ્રાસ, બુદ્ધિહ્રાસ, અનુષ્ઠાનહ્રાસ, ખર્ચહ્રાસ, બળહ્રાસ, ઉપાસનાહ્રાસ વિગેરે કલિકાલે કરી દીધાં છે, જે ભણતરમાં પણ શાસ્ત્રાર્થ મિશ્રિત મીમાંસા પરિણત થયેલ છે. તેવા તાર્કિક મીમાંસકો મળે છે, અનુષ્ઠાન પ્રપૂર્ણતાકૃત વિદ્વાનો થોડાં જ મળે છે છતાં આ યુગમાં જોઈએ તેટલા તેવા વિદ્વાનો મહાવિદ્યાલયોમાં શિક્ષણ પામી તૈયાર થાય છે અને મીમાંસાશાસ્ત્રને સાચવે છે. **સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે મીમાંસા શાસ્ત્રોનો પૂરો અભ્યાસ કરી મીમાંસાતીર્થ થયાં છે, યથાશક્તિ તેના જ્ઞાતા વક્તા વરતે છે. આવા મીમાંસા શાસ્ત્રના અધ્યાપક શ્રીસ્વામીજી મહારાજે અર્થસંગ્રહ કિરણાવલી આદિ ગ્રંથો રચ્યાં પછી તેના વિદ્વાનોએ અભિનંદન પાઠવ્યાં છે, હું પણ તેવા વિદ્વાનને અભિનંદન પાઠવું છું.**

- કાશીનાથ શાસ્ત્રી...

ચક્રધર બિજલ્વાન. (એમ.એ., પીએચ.ડી.), (ન્યાયાચાર્ય).

દિલ્હી.

કણાદમહર્ષિએ દેખાતી ચીજો દ્રવ્ય, ગુણ, ક્રિયા, જાતિ, વિશેષ સંબંધ, અભાવ, એવા સાત તત્ત્વો પદાર્થો ગણાવ્યાં. તેમાં પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, કાળ, દિશાઓ, આત્માઓ અને મન એ નવને દ્રવ્યપદથી સંબોધ્યા છે, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ, સંખ્યા, પરિમાણ, પૃથકત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, ગુરૂત્વ, દ્રવત્વ, સ્નેહ, શબ્દ, બુધ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ, એવા ગુણો કહ્યાં છે, તે દ્રવ્યોમાં રહે છે, ઉત્ક્ષેપણ, અપક્ષેપણ, આકુંચન, પ્રસારણ, ગમન, એવી પાંચ ક્રિયાઓ કહી છે, વ્યાપક વ્યાપ્ય એવી જાતિઓ કહી છે, પરમાણું આદિ નિત્ય દ્રવ્યોના વિભાજક સ્વતોવ્યાવૃત એવા વિશેષો કહ્યા છે, નિત્યસમવાય આદિ સંબંધો કહ્યાં છે. અભાવ નામનો પદાર્થ પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ, અન્યોન્યાભાવ, અત્યન્તાભાવ એમ ચાર અભાવો કહ્યાં છે, આ સિવાયના પણ કેટલાક ઉપયોગી પદાર્થો અધિકરણાત્મક સ્વીકારીને કાર્યનિર્વાહ કરેલ છે, આવા વૈશેષિક દર્શનના પદાર્થોનું જ્ઞાન મોક્ષ સાધન છે, આત્મા અને પરમાત્મા બે માનીને જગત સર્જનારા પરમાત્મા સ્વીકાર્યા છે, પણ આત્માઓ વ્યાપક, મનોયોગે, જ્ઞાન મોનવિયોગે, જ્ઞાનરાહિત્ય, તત્ત્વજ્ઞાનથી મુક્તિ, સચ્ચિદાનંદ આત્માનું સ્વસ્વરૂપ સ્થિરતા મુક્તિઃ, જ્ઞાનરહિતા જડા સ્થિતિઃ, પરતઃ પ્રકાશી આત્મા, ભૂતની પેઠે બીજાના શરીરો વડે પરમાત્માને શરીરી માન્યા છે. જ્ઞાન ઈચ્છા કૃતિ ભાવના પરમાત્માના ખાસ ગુણો છે, વૈશેષિક તંત્રમાં વાયોર્ન વૈકાદશ તેજસો ગુણા, જલક્ષિતિ પ્રાણભૃતા ચતુર્દશ દિક્કાલયોઃ પંચ, ષડેવચાડમ્બરે, મહેશ્વરેડષ્ટૌ, મનસસ્તથૈવચ આ રીતે ગુણોની વ્યવસ્થા છે, ઈશ્વર પરમાણુઓ વડે સૃષ્ટિ દ્વયણુક ત્રસરેણું રજ કંકર વિગેરે ક્રમે સૃષ્ટિ રચે છે. પાપ, પુણ્ય અને વાસનાને અનુસારે રાગદ્વેષ નામના દોષો વડે સંસાર ચાલ્યા કરે છે. તત્ત્વજ્ઞાન વડે મિથ્યા જ્ઞાન મટે ત્યારે જ રાગદ્વેષ મટે પછી સારી નરસી પ્રવૃતિ બંધ થાય, એટલે જન્મ ન આવે અને દુઃખ ટળી જાય, તેથી દુઃખાભાવ, એ મોક્ષ, ફરીથી દુઃખ ન આવે એવી સ્થિતિ આત્યંતિક દુઃખાભાવ આ મોક્ષ ગણાય છે. આ વૈશેષિક રચનાર કણાદ ઋષિના મતના પદાર્થો ઉપર ગૌતમના સોળ પદાર્થનો સેળભેળ ઉપયોગ થાય છે અને નવા નવા આવિષ્કારો કરાતા જાય છે તે નવ્યન્યાય કે તર્કશાસ્ત્ર થયું. એવા આ **ન્યાય તર્ક ઉપર પંડિતજીએ અભ્યાસ કરી 'નવ્યન્યાયાચાર્ય' અને ન્યાયવૈશેષિકશાસ્ત્રી પદ્વી પ્રાપ્ત કરીને 'આચાર્ય' પણું મેળવ્યું તેમણે આ ન્યાય ઉપર કિરણાવલીઓ લખી, વિશ્વને ઘણો ઉપકાર કર્યો છે, તે બદલ પંડિતો તેમને અભિનંદન આપે છે, હું પણ આવા વિદ્વાન ન્યાયાચાર્ય સંતને અભિનંદન સમર્પુ છું, વિશ્વમાં ભારતમાં અજોડ વિદ્વાન અને અજોડ તેમના રચિત શાસ્ત્રો એ બંનેને અભિનંદન આપું છું.**

- ચક્રધર બિજલ્વાન...

ડો. ક્ષીરોદબંધુ.

ઈન્દૌર.

ન્યાયતર્કશાસ્ત્રમાં ગૌતમદર્શિત પ્રમાણ, પ્રમેય, સંશય, પ્રયોજન, દૃષ્ટાંત, સિદ્ધાંત, અવયવ તર્ક નિર્ણય, વાદ, જલ્પ, વિતણ્ડા, હેત્વાભાસ, છલ, જાતિ, નિગ્રહસ્થાન, આવા સોળ તત્ત્વોને ભણે તે તેના યથાર્થ જ્ઞાન વડે નિઃશ્રેયસ મળે, આત્માને મનનો સંયોગ હોવાથી જ્ઞાન છે, મનનો સંયોગ માટે તેટલી ઘડી જ્ઞાન શૂન્ય ગણાય છે, આત્માઓ વ્યાપક છે. મન નિત્ય અન્તઃકરણ છે તેનો સંયોગ હૃદયમાં જ થાય બીજે નહિ. આવી રીતે સંયોગ હોવા છતાં પણ અજ્ઞાનો થતા રહે છે, તેથી મિથ્યાજ્ઞાન જન્યાવાસનારૂપી સંસાર વર્તે છે. તત્ત્વજ્ઞાન વડે મિથ્યાજ્ઞાન નષ્ટ થાય અને મન આત્માનો સંયોગ મટે જેથી આત્મા મોક્ષ સ્થિતિમાં વરતવા લાગે છે.

સંસારી દશામાં આત્મામાં પ્રત્યક્ષ અનુમાન ઉપમાન શબ્દ એ ચાર પ્રમાણ વડે પ્રમેયની સિદ્ધી કરાય છે. પ્રમેય બાર ગણેલ છે- આત્મા, શરીર, ઈન્દ્રિય, વિષય, બુદ્ધિ, મન, પ્રવૃત્તિ, દોષ, પ્રેત્યભાવ, ફલ, દુઃખ, અને અપવર્ગ આપણા ઉપર પ્રમાણે લગાડવા, તેથી વધારે તો ન્યાય વિષય પદાર્થો જ્ઞાનનાં ભેદો લગભગ છે, હા-ના વાળું જ્ઞાન સંશય છે, સુખ અને દુઃખભાવ એ પ્રયોજન છે, દાખલો આપવો દ્રષ્ટાંત છે, અંતે સિદ્ધ થાય તે સિદ્ધાંત ગણાય, અનુમિતિમાં પ્રતિજ્ઞા હેતુ ઉદાહરણો ઘટના અને વચન વિશ્રામ એમ પાંચ અવયવો ગણાય છે. સાચો ઉહ તે તર્ક, અવધારણ તે નિર્ણય, બે જણા કે વધારે વચ્ચે પ્રામાણિક વાદ ગણાય છે, બીજાને દબાવવો તે જલ્પ, કોઈનું ન ગણકારવું એવો બબડાટ તે વિતંડા, ખોટા હેતુઓ તે હેત્વાભાસો કહેવાય છે, સાધ્ય ન હોય ત્યાં પણ રહે તેવો હેતુ અનૈકાન્તિક કહેવાય.

સાધ્યના અભાવ સ્થળમાં જ ન રહે તે વિરૂધ્ધ ગણાય, સાધ્ય અને અસાધ્ય બંનેને જોર આપે તે પ્રકરણસમ ગણાય, સાધ્યવાળામાં જ ન રહે તે અસિધ્ધ ગણાય છે, હેતુવાળામાં સાધ્ય જ ન રહે તે બાધિત ગણાય આવો કોઈપણ અસધ્ધેતુ તે અસાધક હોય છે, બીજો જ અર્થ કાઢીને છેતરવું તે છલ ગણાય, થોડો ઘણો ભાગ મેળવીને તોડવું તે ઘાતિ ગણાય, ભૂલોમાં પકડાય તેવા સ્થળોને નિગ્રહો ગણાય, આવા પદાર્થો ગૌતમમુનિએ લીધાં છે, તે ઉપર **ગંગેશોપાધ્યાયની તત્ત્વચિંતામણી છે અને શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજીની તત્ત્વપ્રભાવલી છે, આવા પદાર્થોનો અભ્યાસ કરી શાસ્ત્રીજી મહારાજ ન્યાયાચાર્ય થયા છે, આ ઉપર નવ્યતર્કિત પરિષ્કારોનો ગ્રંથ તે નવ્યન્યાય ગણાય છે, આ શાસ્ત્રને તેના ભાગના ગ્રંથો લખીને શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ ઘણો વિકાસ કર્યો છે.**

શ્રોત્ર ત્વક ચક્ષુ રસના ઘ્રાણ અને મન વડે જે જ્ઞાનો થાય તે ઐન્દ્રિયક સંબંધો વડે જ થાય માટે બધાં પ્રત્યક્ષો ગણાય, વ્યાપ્તિજ્ઞાન, પક્ષતાજ્ઞાન, પરામર્શજ્ઞાનો વડે જે

જ્ઞાન થાય તે અનુમિતિ ગણાય. બીજા દાખલા વડે એકની સાબીતી થાય તે ઉપમાજ્ઞાન ગણાય, શબ્દ સાગર વડે શક્તિ લક્ષણાને સહારે જે જ્ઞાનો થાય તે શાબ્દબોધ ગણાય, પ્રમા અને અપ્રમાના વિભાગોમાં પણ સંશય વિપર્યય તર્ક મિથ્યા ગણાય માટે અપ્રમામા ગણાય છે. આખું જ્ઞાનમંડળ વિષયોમાં સત્યાવલંબી હોય તો જ પ્રમા ગણાય. **પ્રમાત્વવાદ, ખ્યાતિવાદ, સર્વસાક્ષાત્વાદ, સર્વયથાર્થવાદ આવા વાદો શ્રીસ્વામીજીએ લખ્યાં છે અને કિરણાવલીઓ લખી છે જે ભણવા ભણાવવામાં ઘણી ઉપયોગી છે, જે બદલ વિદ્વાનોએ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને અભિનંદન પાઠવ્યાં છે, હું પણ આવા વિદ્વાન પુરૂષને મારા અભિનંદન પાઠવું છું.**

- ડૉ. ક્ષીરોદબંધુ...

શાંતિલાલ શાસ્ત્રી.

જુનાગઢ.

શ્રીમાન સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પરમ વૈષ્ણવ ભક્ત સંતપુરૂષ છે, તેઓશ્રીની સંસ્કૃત વિદ્યા માતૃવત્ જનની છે, તેઓ સંસ્કૃત લેખન દ્વારા વ્યાખ્યાન, તાર્કિક અધ્યાપન, દાર્શનિક તત્ત્વાન્વેષણમાં ધુરંધર વિદ્વાન છે. કાવ્ય યોજનામાં શીઘ્ર કવિરાજ છે, સાહિત્ય ઈતિહાસો પુરાણોના વાચક વિજ્ઞવર્ય છે, સર્વ વિદ્યાઓનાં ખજાના છે, કાશીમાં હું તેમની પાસેથી ભાગવત્ એકાદશસ્કંધ ભણ્યો હતો. તેઓશ્રીએ કાશીજીમાં અથાહ અગ્રપૂજય કીર્તિ મેળવી છે. આપના ન્યાય, વેદાંત, સાંખ્યયોગ, મીમાંસા, સાહિત્ય આદિના ગ્રંથો ભણનારા હજારો શિષ્યવર્ગ પંડિતો થયાં છે, આપના ગુરૂવર્યોની જે કીર્તિ હતી તે આપે તેમની કૃપાથી અને સારસ્વત સર્વસ્વાર્પણ વિધિ વડે મેળવી છે. આપ વિશ્વવંદ્ય વિખ્યાત પંડિત છો, સૌરાષ્ટ્રને માટે અભિનંદન આપવા યોગ્ય આપ વિભૂષણ છો, આપનો હિન્દી - અંગ્રેજી અભ્યાસ પણ ઘણો છે. આપને મહામહોપાધ્યાય, ડી.ફીલ, ડી.લિટ્., સાર્વભૌમ, આદિ ઉપાધિઓ વાચસ્પતિ સમતાએ વર્ણવે છે, આપે શ્રીલક્ષ્મીનારાયણ મહાસંહિતા લખી તેથી આપ શ્વેતાયન વ્યાસ સ્વરૂપે બિરાજો છો, આપને મારા ઘણાં ઘણાં અભિનંદન છે.

- શાંતિલાલ શાસ્ત્રી...

શાસ્ત્રી ચંદ્રેશ ભટ્ટજી. (સાંખ્યાચાર્ય).

વારાણસી.

અનાદિ શ્રીકૃષ્ણનારાયણને નમો નમઃ। શ્રીહરિને નમો નમઃ। સર્વોપરિ ભગવાન શ્રીસ્વામિનારાયણને નમો નમઃ

શ્રીહરિએ સૃષ્ટિ કરવા અક્ષર બ્રહ્મ સામું જોયું, અક્ષરબ્રહ્મે મુક્ત પુરૂષ સામું જોયું, મુક્ત પુરૂષે નિજ પ્રકૃતિ સામું જોયું, પ્રકૃતિમાં ચાંચલ્ય પ્રગટ થયું ત્રિગુણોની વિષમ સ્થિતિ થઈ તેથી પ્રકૃતિપુરૂષ દ્વારા અસંખ્ય પ્રધાન પુરૂષો થયા, પ્રધાન પુરૂષનું બીજુ નામ સાંખ્યે મહત્તત્વ કહેલ છે. ન્યાયશાસ્ત્રે તેને બુદ્ધિતત્ત્વ કહેલ છે, પ્રધાન પુરૂષમાંથી મહાવિષ્ણુ થયા તે ત્રણ પ્રકારનો અહંકાર સાંખ્યે કહ્યો, ન્યાયમાં મન કહેવાયું, મહાવિષ્ણુમાંથી વૈરાજ પુરૂષો થયા, તે ચોવીશ તત્ત્વોનો પિંડ વૈરાજ ગણાયો, આ તત્ત્વો સૂક્ષ્મ દશામાં જ વર્ણવાય છે, અહંકારમાથી સોળ તત્ત્વો- એટલે પાંચ તન્માત્રાઓ, દશ ઈન્દ્રિયો, પાંચ પ્રાણ અને એક મન, તે સાથે અહંકાર અને મહત્તત્વ મેળવે તે ત્રેવીશ અને પ્રકૃતિમાયા તે ચોવીશ આ ચોવીસ તત્ત્વોનો પિંડ તે વિરાગ શરીર તેમાં એક ઈશ્વર પેઠો તે વૈરાજ આત્મા એટલે પચ્ચીસ તત્ત્વો થયા, તે વૈરાટમાં પાંચ તન્માત્રાઓ સૂક્ષ્મભૂત હતા, તે સ્થૂલ ભૂત થયાં એટલે તેના નામ ગગન, પવન, અનલ, સલિલ, અવનિ પાંચભૂત તરીકે થયાં, પાંચ પ્રાણને પવનમાં ભેળવીને જુદા ન ગણે તો સાંખ્યને મતે પાંચ મહાભૂત તેને ઠેકાણે ગણે તો ચોવીસ જડ તત્ત્વો બરાબર ગણાયા અને પચીસમો આત્મા, તેમાં પરમાત્મા આમ છવ્વીશ તત્ત્વો ગણાયાં. આ સાંખ્ય પ્રક્રિયા છે. પાંચભૂતોમાં બધાં તત્ત્વો વસ્યા થકા સૃષ્ટિ સ્વરૂપ ગણાય છે. અનેક આત્માઓ નિજ સચ્ચિદાનંદ સ્થિતિમાં વ્યાપક દ્રવ્યો છે. તેઓ છવ્વીસ તત્ત્વજ્ઞાન વડે મોક્ષમાં જ છે, નિર્લેપ છે, નિષ્ક્રિય છે, નિર્ગુણ છે, નિર્બંધન છે, નિર્મોક્ષ છે, બંધન મોક્ષ, ગુણ લેપ સંસાર, વિકાર, પરિણામ ત્રિગુણી પ્રકૃતિમાં જ છે, પ્રકૃતિ આંધળી છે, આત્મા જ્ઞાનચક્ષુ વડે દેખતો છે, આંધળીને ખંભે દેખતો બેઠો, દેખતો નિષ્કર્મ એટલે લંગડો છે, તે દેખાડે તેવે માર્ગે આંધળી પ્રકૃતિ કર્માદિ પગવાળી છે. આગળ ચાલતી જાય તેનું નામ સંસાર છે, બંને જુદા પડે એટલે મોક્ષ સ્થિતિ છે, આવું આ **કપિલજીનું તથા વ્યાસજીનું મહાભારતનું સાંખ્ય શાસ્ત્ર આસ્તિક દર્શન શાસ્ત્ર છે. પરમપૂજય પ્રભુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આવા સાંખ્યશાસ્ત્રના ઉપદેષ્ટા અધ્યાપક આચાર્ય છે તેમણે સાંખ્ય ઉપર ભાષ્ય અને કિરણાવલીઓ લખી છે, તેવા પંડિતવર્ય સ્વામીશ્રીને અમારા અનેક અભિનંદન અર્પિત છે.**

- ચંદ્રેશ ભટ્ટજી, સાંખ્યાચાર્ય...

ડૉ. મહેન્દ્રાચાર્ય. (એમ.એ., ડી.ફીલ, ડી.લીટ્).

પશ્ચિમ કાશી.

મેં ન્યાયમુક્તાવલી તથા સાંખ્યકૌમુદી કિરણાવલીઓનો અભ્યાસ આપ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પાસે કાશીમાં કર્યો હતો. હું મુંબઈ પુના મદ્રાસમાં નોકરીના પદો પ્રાપ્ત કરતો ગયો, છેવટે વિશ્રાંતિ લીધી સૌરાષ્ટ્ર જૂનાગઢમાં ગિરનાર પ્રિય ભૂમિમાં તીર્થશાયી પસંદ કરી રોકાયો, આપશ્રીજામનગર બિરાજતા હતા, જૂનાગઢથી હું ભાવનગર આવી રોકાયો હતો, આપના દર્શન થતા હતા. **આપના ગ્રંથો વિશ્વમાં વિસ્તર્યા છે, આપનું વિજ્ઞાન જગતના વિદ્વાનોમાં વ્યાપ્યું છે, છેવટની આપની લક્ષ્મીનારાયણસંહિતા જગતભરમાં મહાભારત પછીનો મહાવેદ નિશ્ચિત થયો છે જે પશ્ચિમીય દેશોમાં આશ્ચર્ય મચાવનારો થયો છે. હું હવે બ્રહ્મમગ્ન છું, આપને અવતાર સ્વરૂપ માનું છું.** આપને ૪૫ ગ્રંથોના અભિનંદનો તથા આપના ખિતાબોયુક્ત નવ્યન્યાયાચાર્ય, ન્યાયવૈશેષિકશાસ્ત્રી, વૈષ્ણવ વિદ્વત્સાર્વભૌમ, ષડ્દર્શનાચાર્ય, સાંખ્યયોગ વેદાંત મીમાંસા તીર્થ, દાર્શનિકપંચાનન, દાર્શનિકમાર્તણ્ડ, કાવ્યસાહિત્ય મનીષી, ભારતભૂષણ, મહામહોપાધ્યાય, એમ.એ., ડી.લિટ્., ડી.ફીલ, ડૉક્ટરેટ **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આપને અંતરાત્મામાં રાખી સહકુટુંબ કાશીપુરીમાં છેવટ શાંતિમય બ્રહ્મ સ્થિતિમાં રહેવા વિચારું છું. આપને મારા અનેક અભિનંદન છે.**

- ડૉ.મહેન્દ્રાચાર્ય...

મનહરલાલજી શાસ્ત્રી.

કાશી.

પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સરસ્વતીના ઉપાસક, સાધક, વિવિધ વિષયોના મર્મજ્ઞ મનીષી છે, તેમનું હાર્દિક અભિનંદન સમગ્ર સંસ્કૃત વિદ્વાનોનું અભિનંદન છે, તેમનાં ગ્રંથોની ઉત્કૃષ્ટતા, સ્નિગ્ધતા અને વિદ્વતા હરેકને આકર્ષે છે તઓ કર્મયોગી, ભગવાન નિષ્ઠ સાધક, સરસ્વતીના ઉપાસક અને અપ્રતિમ આરાધક છે.

આવા જ્ઞાન કર્મ ભક્તિનાં પવિત્ર ત્રિવેણી સંસ્પર્શથી જ સમગ્ર વાતાવરણ પવિત્ર થઈ જાય છે. ભારતીય વિદ્વાનોનાં સન્માનમાં કમળની જેમ પવિત્ર, સૂર્યની જેમ તેજસ્વી વિશ્વની આ મહાન વિભૂતિને અમારી સૌની ભાવભીની અંજલિ રૂપે અભિનંદન.

- મનહરલાલજી શાસ્ત્રી...

સત્યવ્રત કૌણ્ડિન્ય. (વેદાંત દર્શનશાસ્ત્રી).

વિજયનગર.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામીજી વિદ્વાન ધુરંધર છે, તેમણે તમામ વિદ્યાઓમાં તલસ્પર્શી અભ્યાસ કર્યો છે, તેમનામાં પ્રાગ્ભવીય વિદ્યાઓ નૈસર્ગિક છે જ નિત્ય સર્વજ્ઞને ભણવું પડતું નથી, લોકરીતિ દેખાડે છે. તમામ વિદ્યાઓને માનવ એક જન્મમાં મેળવી શકતો નથી, અસીમ વિદ્યાઓ છે, તેને અસીમ તત્ત્વથી તે પ્રાપ્ત કરી શકે, અસીમ અમાપ શ્રીબ્રહ્મ છે, તે સ્વરૂપે જે શાસ્ત્રોના અધિષ્ઠાતા સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી છે, તેમનામાં પ્રાચીન અર્વાચીન બધા સમન્વયો છે, તેમના ગ્રંથોમાં તત્ત્વજ્ઞાન, ભક્તિ, સાહિત્ય, વૈરાગ્ય, વેદાંત, મીમાંસા, ન્યાયતર્ક, કાવ્ય, સામ ગાયન, પ્રતિષ્ઠાને કર્મકાણ્ડ, લોકલોકોત્તર આખ્યાનો વિગેરે વિષયો ઘણાં વિવેચનો સમન્વિત સ્પષ્ટ થયેલાં છે. આવા સર્વજ્ઞ શ્રીશાસ્ત્રીજી મહાપુરૂષ આજ નવાયુગમાં નવા વ્યાસજી છે, તેમને અમારા અભિનંદન છે.

- સત્યવ્રત કૌણ્ડિન્ય...

પંડિત ભાગવતાચાર્ય, સર્વદર્શનાચાર્ય.

સાર્વભૌમ સપ્તતીર્થ, કનખલ, ભારત.

સર્વ દર્શનોનાં આચાર્ય સાર્વભૌમ, પરમ ભાગવત્ આચાર્ય, સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સર્વ શાસ્ત્રી પંડિત છે, સાંસ્કૃતિક પ્રતિનિધિ છે, રાષ્ટ્રીય ગૌરવધારી છે, ભક્તોને પ્રિયમંગળ સુખકારી છે, પરમ પિતા પરમેશ્વરના આંશિક અવતાર છે, જ્ઞાન, ભક્તિ, તપ, યોગ, શક્તિ, ઐશ્વર્ય, ગુણ, સર્વગુણ સંપન્ન છે, દર્શન વિચારોના અને કાવ્યોના નિબંધોના સાત્ત્વિક વિદ્વતાપૂર્ણ પરમ વૈષ્ણવમૂર્તિ છે, આપ બ્રહ્મમૂર્તિ ને અમારા અનેક અભિનંદન છે.

- પં.ભાગવતાચાર્ય સર્વદર્શનાચાર્ય...

પ્રો.રમેશચંદ્ર વ્યાસ. (એમ.એ.).

કુંકાવાવ, મહાગુજરાત, સૌરાષ્ટ્ર.

જગદ્વન્દ્ય વિશ્વોના ગુરુ, સર્વપૂજય, પ્રાતઃ સ્મરણીય સંત, ત્યાગી, યોગી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના જન્મ વડે સૌરાષ્ટ્ર, કુલ તથા ગામ પવિત્ર બન્યાં છે, માતા કૃતાર્થ બન્યાં છે, પૃથ્વી પણ જેનાથી પુણ્યશાલી બની છે, એવા એ વિશ્વના એક પ્રસિદ્ધ મહાન વિદ્વાન તેજસ્વી સિધ્ધ પવિત્ર સત્તપુરૂષ માટે સંસ્કૃતના સુમૂર્ત સ્વરૂપને મારી સાભિનંદન કુસુમાંજલિ અર્પણ.

- પ્રો.રમેશચંદ્ર વ્યાસ...

ડો. વિદુષી સુષમા સક્સેના. (પીએચ.ડી.).

પ્રયાગરાજ.

ભૌગોલિક વસતિઓમાં પ્રસિદ્ધ પુરૂષ, ભારતીય વિદ્યાલયોના ઉપકારક, ગહન વિષયોમાં સુરૂચિ દ્રષ્ટિવાળા, સરલ સ્વભાવ, વિષય શોધક વૃત્તિવાલા, આનંદપૂર્ણ નવચિંતક, વિભૂત્યાત્મક જ્ઞાની સમજાવવાની શક્તિવાળા, સૌમ્ય અધ્યયનકર્તા, માવતરની પેઠે અધ્યાપક શિક્ષક, ગૃહપતિ સમાન સંરક્ષક, વિદ્યાઓ અને અધ્યાપકોમાં વ્યાપક ચેતનાવાળા, નવીન પદાર્થ આપનારા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ શ્રીરામ, સીતા શક્તિસમાન, મહાશક્તિશાળી, પ્રકૃતિપુરૂષાત્મક, જગદંકુર, જગત્કારણ, જગદાત્મક છે. આપ ભારતને નવચેતના આપવામાં બધાથી અગ્રગણ્ય છો, આપની શક્તિઓ તરફના અમારા અનેક સન્માન સાથે અભિનંદન અર્પણ થાઓ.

- ડૉ.વિદુષી સુષમા સક્સેના...

પંડિત સૂરચૈતન્ય. (ન્યાયતર્ક દર્શનરત્ન).

ગુંટકલ, દક્ષિણ ભારત.

છ હજાર વર્ષો પછી વ્યાસોત્તર વ્યાસ પ્રક્રિયામાં વ્યાસમૂર્તિ શ્વેતાયનવ્યાસ મહર્ષિ શંકરાવતાર શ્રીસ્વામી કૃષ્ણવલ્લભાચાર્યજી મહાવૈષ્ણવ સરલ દેવવાણીમાં સમગ્ર સાહિત્ય સંશોધક વિદ્યા, વિકાસમાં અદ્વિતીય વિદ્વાનમૂર્તિ છે. વિદ્વાનો, જનસમાજો, શિષ્યો, નરનારીઓને લક્ષ્યમાં રાખી તેઓના હીત માટે જ્ઞાનવિજ્ઞાન તત્ત્વચિંતન કર્મકાંડ સ્તોત્ર, ઈતિહાસ, કાવ્ય, આખ્યાન, વ્યાખ્યાન, સૂત્ર, ભાષ્ય, ટીકા, ટિપ્પણ, વિવેચન, ઉપદેશ વિગેરે પદ્ય-ગદ્યમાં રચી કુશળતાપૂર્વક વિશ્વસમાજને અર્પણ કરનારા આપ વિશ્વવન્દ્ય જગદ્‌ગુરૂ વૈષ્ણવાચાર્ય સ્વયં પ્રભુ છો, વેદોની હજારોથી અધિક શાખાઓમાં પણ પ્રગતિ કરનારી અનેકવિધ પાંડિત્યની વ્યાપકતાવાળી આપની લેખની અનુભુતિવાળી છે, શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા એક છઠ્ઠો વેદ પ્રગટ કર્યો છે, જે આ નવાયુગમાં વિશ્વને ઈતિહાસ સ્વરૂપે નિજ કુક્ષિમા સંરક્ષક છે, આવા પ્રકાંડ વિદ્વાન વ્યાસાવતાર ભાગવત પ્રભુજીને અમારા અનેકાનેક અભિનંદન છે.

- પંડિત સૂરચૈતન્ય...

પંડિત લક્ષ્મણ શાસ્ત્રી.

કેમ્પગુંતુલ, હૈદ્રાબાદ.

લૌકિક માનવોમાં દિવ્ય માનવોની કસોટી થાય છે, જ્યાં અલૌકિક માનવો નિજકાર્યરત હોય છે. ત્યાં લૌકિક માનવો ટકી શકતા નથી, પણ તેમનાથી બોધ પાઠ લઈ કાંઈક ગુણગ્રાહી થવા માંડે તે કસોટીમાં પસાર થતાં થતાં વિશ્વવંદ્ય બની શકે છે, માટે વિદ્વાનોએ દિવ્ય વિદ્વાનોમાં પ્રવિષ્ટ થવું અને દિવ્યોની કૃપા મેળવવી તે અભિનંદન વડે થાય, માટે અમારા કૃપાકારક અભિનંદન હો, સ્વામીજીને પ્રસન્નતાકારક અભિનંદન હો. અમને પણ કસોટીમાં પડવું પડે એવી કૃપાની ઈચ્છા સાથે આપના આશીર્વાદો ઈચ્છીએ.

- પં. લક્ષ્મણ શાસ્ત્રી...

વૈદ્ય શાસ્ત્રી સંપત પંડિત નારાયણ, શ્રીધરશાસ્ત્રી.

કર્મકાંડ જ્યોતિષાચાર્ય, જ્યોતિષાલંકાર, સોમવાર પેઠ, નાસિક.

વિદ્વાનોમાં સાહિત્ય રહે છે, તે કારણ થઈ નવસર્જનમાં વિકસે છે, તેવા સાહિત્યનો આશ્રય રાખી વિદ્વાનો નભે છે, સાહિત્યમાં નિઃસ્વાર્થ સેવા તે ઉત્તમ છે શ્રીસ્વામીજીએ ભારતીય ભિક્ષા દીક્ષા શિક્ષાધિકાર સેવીને શારદાનો વિકાસ વિસ્તાર્યો, એ નિઃસ્વાર્થ સેવા કરી છે. કીર્તિ તો આનુષંગિક ફલ છે, કાર્ય પરાર્થ લેખે જ કર્યા છે, વિશ્વના વિદ્વાનો શાસ્ત્રો દ્વારા પરિચિત થયા, આત્મામાં વિદ્યાપ્રેમીઓને શાંતિ અને તૃપ્તિ મળ્યા, તૃપ્ત થઈ ઉદગાર સુગંધીત થયા, તે વડે અભિનંદન વિસ્તારાણા. તેમના માટે અમારા અભિનંદન છે.

- શ્રીધર શાસ્ત્રી...

ડૉ. સત્યકામ્ વિદ્યાલંકાર.

બોમ્બે.

હું લાંબોકાળ સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની પ્રતિભાનો પરિચિત છું . તેમનો સાક્ષાત્ તથા ગ્રંથ દ્વારા ઘણો અનુભવ થયો, મહા તાર્કિક વિદ્વાન આજના જમાનામાં આપણા વચ્ચે આજ વિરાજે છે, વિદ્યાનગરીઓ જેમનાં ઉપર મીટ માંડે છે, એવા મહાવિદ્વાનને અમારા સર્વતોમુખી અભિનંદન છે.

- ડૉ. સત્યકામ્ વિદ્યાલંકાર...

વૈદ્ય હરિપ્રસાદ શર્મા.

મુકુંદગઢ, રાજસ્થાન.

મહાચાર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ દેશને શિક્ષાપ્રચાર તથા આધ્યાત્મિક પ્રચાર માટે સંસ્કૃત શાસ્ત્રો રચી માનવજાતિની અનુપમ સેવા કરેલી છે, તે વડે તેઓ સદા ચિરસ્મરણીય રહેશે, તેમની વિદ્યામય ધાર્મિક તપોભૂત જીવનવૃતિ આપણને પ્રેરણા સંભૃત જીવન પ્રદાન કરનારી રહેશે. આપના ઘણાં ઘણાં કાર્યો માટે અભિનંદન છે, આપે ભારત માટે ઘણું કરી આપ્યું છે, આપ સંત છો, આચાર્ય છો, વિદ્વાન છો. અમો આપના ઋણી છીએ.

- વૈદ્ય હરિપ્રસાદ શર્મા...

ડો.શ્રીરામ શર્મા.

હૈદરાબાદ.

આદરણીય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના અનેક ગ્રંથોને હું મેળવી ન શક્યો, મને ઘણું નિજ આળસ્ય અવરોધક થયું છે, પણ કેટલાક ભણતરના ગ્રંથો ભણેલ છું, તેથી મહાપાંડિત્યનો અનુભવ છે. આવા **લોકમાન્ય વિદ્વદભિનંદ્ય રાજ્ય સંમાન્ય સારસવ્રત, પ્રસાદપાત્ર, સ્વનામધન્ય, ભારતવિભાવસુ, ભારતભૂષણ, એમ.એ., ડી.લિટ્, ડી.ફીલ, વિદ્વત્સાર્વભૌમશ્રીપંડિતજીને મારા અનેક અભિનંદન.**

- ડો.શ્રીરામ શર્મા...

ડો. ભૂલાનાથ તિવારી.

દિલ્હી.

ભારતના મહાન વિદ્વાન સ્વામીજીને તેમના ગૌરવ સન્માન પ્રસંગે દિવ્યવિભૂતિ સ્વામીજીને હું મારા શ્રધ્ધાસુમન સમર્પિત કરું છું. આપે નવા યુગમાં નવો સંસ્કૃત વિકાસ કર્યો, નવા વ્યાસ પ્રગટ થયા, નવા અપ્રતિહત કાર્યો કરો છો, અપ્રતિહત શક્તિ છે, અસીમ વિદ્યા છે, અનેકમાં એકજ છો, જડચેતન ઉભયના ચેતન છો, સત્યકામ, સત્ય સંકલ્પ છો, ઔપનિષદ્ પુરૂષ છો, આપને આગળ પણ સારસ્વત સંસ્કૃત રક્ષણ માટે પુનઃ પુનઃ અભિનંદન છે. આપ પુરૂષરૂપે શબ્દબ્રહ્મનો અવતાર છો, બ્રહ્મ, વિમર્શ, બિન્દુ, નાદ, ધ્વનિ, ભાષા એ છએ રૂપ તમો છો, આપને વારંવાર પ્રણામ કરું છું.

- ડો. ભૂલાનાથ તિવારી...

શાસ્ત્રી શાન્તિલાલ વ્યાસ.

જૂનાગઢ.

વિદ્વદ્વરિષ્ઠ દર્શનાચાર્ય પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વયં ભારતના આચાર્ય ગુરૂ વિદ્વાનોમાંથી એક જ અગ્રગણ્ય છે. આપે સંસ્કૃત જગતને તેજસ્વીપણે વિકસાવ્યું છે, આપશ્રી ભારતભૂષણ છો, સ્વામિનારાયણ વૈષ્ણવ શિરોમણી છો. આવા એક જ વિદ્વાન સ્વર્ગીય સૂર્ય રૂપ છો. સૌરાષ્ટ્રના અહોભાગ્ય છે- જે ચમત્કારી વચનસિદ્ધ સમ્પ્રજ્ઞાત યોગી આપ સૌરાષ્ટ્રમાં વિચરો છો. મેં નાનપણથી આપના ચમત્કારો જોયા છે. કાશીજીમાં પણ સાક્ષાત આપની કીર્તિ અનુભવી છે.

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ આપનો મહાન મોભો સદાય અનુભવાય છે. આપમાં ભગવાનના ૩૯ ગુણો તથા અસંખ્ય દિવ્યગુણો તથા આઠ અને છ ગુણો ઐશ્વર્યો તથા અનેક મૂર્તિ સ્વરૂપો આપમાં રહ્યાં છે, આપ પવિત્ર વિદ્યામૂર્તિ છો તથા આપ શ્રીકૃષ્ણભક્ત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ અવતર્યા છો. આપે મને ભાગવત ભણાવ્યું ત્યારથી મારા અન્તઃ નેત્રો ખૂલ્યા દિવ્યચક્ષુઓ પ્રગટ્યાં યજ્ઞયાગમાં મારી અનુભૂતિ જાગ્રત થઈ.

આપે શ્રી ત્રીકમજી બાપા, શ્રી મટુ મહારાજ અને અને મારા પરિવારને વૈષ્ણવપણામાં ઉચ્ચે સ્થાને અપનાવ્યા છે તેથી અધિક ક્યું કૃપાળુપણું હોઈ શકે. માટે આપ પરમાત્માના ગુણવાળા મહારાજ અવતર્યા છો. આપને સદાવૈરાગ્ય, સદાભક્તિ, સદાધાર્મિકતા, સદા સધર્મે સેવા, સદાજીવદયા, સદાપવિત્રતા, નિષ્કપટતા, અજાતશત્રુતા, મહાદાનિતા, ઉદારતા, અધ્યયન, બોધ, આચરણ અને પ્રસારણ ગુણવતા, મહત્તા છતા નિર્માનિતા, વાચાલતા છતા વિચારશીલમુનિતા, તીવ્રપ્રતિભાવત્તા છતા સદ્ઉત્તમમાનિનતા, સમૃદ્ધિ વ્યાપતા છતા નિર્લેપતા, સન્માન પ્રસંગિતા છતા તેમાં તેમાં અનાસ્થાવતા આદિ આદિ અનેક સદ્ગુણો કાયમ રહ્યાં છે, આપનામાં કયારેક કોઈ પ્રકારનો શોખ જોયો નથી.

જળવત પવિત્રતા, પૃથ્વીવત આશ્રયતા ક્ષમતા, અકલેશિતા, અવિદ્યા રહિતતા, વ્યાપક બ્રહ્મતા, અન્તર્યામિતા, પરંગિતજ્ઞાતૃતા, કોમલપુષ્પ, પાંખડીવત્ સરલતા એવા એવા મહા મહા સદ્ગુણો આપમાં છે જેથી આપ જગતકરતાર પ્રભુ છો, દેહ દર્શિઓને સંસારી જેવા જણાઓ છો, એ આપની અકલ કળા છે, આપને મારા અસંખ્ય અભિનંદન છે.

- શાસ્ત્રી શાન્તિલાલ વ્યાસ...

કૌણ્ડિન્ય શાસ્ત્રી.

જામનગર.

સંસ્કૃતના તમામ શાસ્ત્રોમાં નિષ્ણાત, ભારતના વિખ્યાત પંડિતરાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ ઉત્તરપ્રદેશ સરકાર તરફથી આ ત્રીજું સન્માન મેળવ્યું છે, આના પહેલા મહાગુજરાત રાજ્ય તરફથી પ્રકાણ્ડવિદ્વાન શ્રીશાસ્ત્રીજીને દ્વિતીય મહાસન્માન મળ્યું હતું, તે પહેલા દીર્ઘસમયમાં ગ્વાલીયર સરકાર તરફથી ન્યાયકિરણાવલી લેખક તરીકે પ્રથમ મહાસન્માન મળેલ હતું, ઘણાં એવોર્ડ, ડિગ્રીઓ, ઉપાધિઓ ભારત રાજકીય અને ભારતીય વિદ્યાલયો, કોલેજો, મહાસભાઓ અને અકાદમીઓ તરફથી મળેલ છે. આવા પ્રથમ નંબરના મહાવિદ્વાન તપસ્વી અને સંત સૌરાષ્ટ્રમાં ગિરનારની છાયામાં આપે પપ (પંચાવન) તત્ત્વગ્રંથો લખી ભારતની સેવા કરી છે. વિશ્વવિખ્યાત આવા પંડિત સંત સરકારને અને દેશને સદા માન્ય છે, દેશનું ગૌરવ વધારનાર તેઓ ચિરંજીવો સંસ્કૃત મહાસંમેલનો અને યુનિવર્સિટીઓ ગૌરવ લ્યે છે. સંસ્કૃત સંમેલન, બ્રાહ્મણ મહાસંમેલન વિદ્વન્મહાસંમેલન, પંડિતમહાસભા, વિદ્વત્પરિષત્, પરીક્ષા કેન્દ્રો, આદિક એવા જગત્પ્રસિદ્ધ વિદ્વાનો દીર્ઘજીવિતામાં ફળે છે. આપ પંડિત ધુરન્ધર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ વર્તમાન યુગમાં નૈયાયિક ધુરંધર વિશ્વ પ્રસિદ્ધ એક જ દિગંત કીર્તિ મેળવેલ છે. કાશીજીમાં પણ ન્યાય નવ્યન્યાય દર્શન સાહિત્ય આદિ તમામ વિદ્યાઓના મહાસાગર તરીકે સૌરાષ્ટ્રના મહાવિદ્વાન તરીકે આપની ગણત્રી વિદ્વત્સભાઓમાં એક અદ્વિતીય નંબરમાં વખણાય છે. આ સમયમાં કાશી, નદિયાશાન્તિ, ભૂતપૂરી, મિથિલા, નાલંદા અને વિદ્યાવિભૂતિઓની વિશ્વવિખ્યાત મહાકીર્તિ મહાગુજરાત સૌરાષ્ટ્રના રૈવતાચલ ગિરનારને ફાળે વરતે છે. ગિરિવરના કેસરી લાલ સિંહો અને ગીર્વાણ અરણ્યોના દાર્શનિક પંચાનન પંડિત, સાર્વભૌમ, મહામહોપાધ્યાય, આચાર્ય તીર્થ, તર્કવાચસ્પતિ, ન્યાયમહાસાગર, ચતુર્દશ વિદ્યાનિધિ એવા કાશીની મૂર્તિ સ્વરૂપ આપે પણ સૌરાષ્ટ્રને સમગ્ર પૃથ્વીમાં વ્યોમાન્ત કીર્તિપાત્ર કર્યો છે, આપે સંસ્કૃત, હિન્દી, ગુજરાતીમાં ઘણું સાહિત્ય વિકસાવ્યું છે. સંસ્કૃત મહાસંમેલનમાં આપને સરકારે શિરોમાન્ય સન્માનપત્ર અપાવ્યા છે. હાર્દિક ઉદ્‌ગાર પ્રકાશમાં મેલતો આપનો કૃપાકાંક્ષી.

- કૌણ્ડિન્ય શાસ્ત્રી...

શ્રી બી. એમ. બધેકા.

સાહિત્યાચાર્ય, જ્યોતિષાચાર્ય, પાલીતાણા.

નરનારાયણનું વ્રત ઐશ્વર્યશીલ તપ પાલનારા સંત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આવા યુગમાં શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસના પરમપવિત્ર અવતાર જ ભારતમાં અવતરિત થયા છે. આપે તમામ સંસ્કૃત ક્ષેત્રને નવા રૂપમાં સરલ કર્યું છે, આમ જનોને નવી ચેતના આપી છે, આપ આ યુગના પ્રખ્યાત વ્યાસજી છો. લાખો માણસો આપની મૂર્તિને પૂજે છે, તીર્થમાં દર્શન કરે છે. આપ પ્રભુ અવતર્યા છો, આપે ભારતમાં ઘણીવાર ભ્રમણ કરી ભારતીય જનતાને નિજ સ્પૃષ્ટ પવન વિદ્યુત જલ આદિના સ્પર્શ વડે જનોને સત્યુગી બનાવ્યા છે. આપની દિગંતકીર્તિ વિદ્વાનોમાં પ્રસરી છે. મહાસાગરથી આરપાર પણ આપના ગ્રંથો શાસ્ત્રો સંહિતાઓ વંચાય છે, નિજમૂળ સ્વરૂપ શ્રીકૃષ્ણ અને તેના અવતારોની ભક્તિઓ ૧૦૮ પારાયણોમાં કરીને વિશેષ તાજી કરી, ઘણાં મંદિરો, કાશી, જામનગર, રાજકોટ વિગેરે સ્થળોમાં સ્થાપ્યા, મહામંડપો હરિમંદિરો કરાવ્યા, ઘણાં ઘણાં યજ્ઞો કરાવ્યાં, ઘણે સ્થળે દેવ પ્રતિષ્ઠાઓ કરાવી, ગંગા પ્રવાહની પેઠે ઉપદેશો વહેતા કર્યા, લાખો જનોને વૈષ્ણવ મંત્ર કંઠી દીક્ષાઓ આપી ભકતો બનાવ્યા, જનોઈઓ અપાવી, શાસ્ત્રો, વસ્ત્રો, ધન, વિદ્યા, દાન કર્યા. આપનું સમસ્તજીવન ભગવાનસ્વરૂપ, ભક્તસ્વરૂપ, ધર્મસ્વરૂપ ભક્તિલીન વર્ત્યું છે. આપ ભારતીય મહાવિદ્યાઓના સૂર્ય છો, આપે હજારો સભાઓ કરી, વ્યાખ્યાનો આપ્યાં છે, ભારત આપને ભૂલશે નહિ, આપના સંસ્મરણો ઘણાં ઘણાં આપને સ્થાને આપે સ્થાપ્યાં છે, સગુણોપાસના ભક્તિ સત્કર્મજ્ઞાન વિગેરે સ્થાપન કરતા જ રહો છો, આ આપ કોઈ ભારતમાં અવતાર ધરનારા પરમેશ્વર છો. આપને અમારા અનેક અભિનંદન છે.

- શ્રી બી.એમ.બધેકા...

શ્રી નરહરિ શાસ્ત્રી.

સિદ્ધપુર.

પંડિતજી મહાગુજરાતનું ઘરેણુ છે, ચિંતામણિ છે, સૂર્ય છે, તત્ત્વચિંતક શાસ્ત્રોના પથદર્શક છે, ગહન વિષયોના અન્વેષક છે, ભારતના વિદ્વાનોએ જે કાર્યો કર્યા છે તેમના કાર્યોમાં ઊંડા ઉતરી તત્ત્વચિંતક નવા વ્યાસજી સ્વયં આ નવા યુગમાં અવતરેલા છે, સરસ્વતીપુત્ર સંતપુરુષને મારા પ્રણામ. આપને મારા ઘણાં ઘણાં અભિનંદન છે, આપે તમામ સંસ્કૃત ક્ષેત્ર નવીનીસમ કર્યું છે.

- શ્રીનરહરિ શાસ્ત્રી...

સાર્વભૌમ ભાગવતાચાર્ય.

કનખલ, ભારત.

ભારત સર્વ રીતે તીર્થમય, ભગવાનના અવતાર તથા અંશકલાનું આશ્રય સ્થાન, કલ્યાણકારી, બ્રહ્મસ્વરૂપનું ઉપાસક, વિભિન્ન ખંડો તથા લોકોનું પરમ પાવનકારી બન્યું છે. વેદોમાં ઉલ્લેખાયેલ વર્ણ સંસ્કૃતિ, બાલ્યાદિ સંસ્કૃતિ, સોળ સંસ્કાર વગેરે સંસ્કૃતિ, ભાષા સંસ્કૃતિ, આત્મશુદ્ધિ વગેરે સંસ્કૃતિ, ભક્તિ વગેરે સંસ્કૃતિ, દોષ નિવારણાદિ સંસ્કૃતિ, સવિદ્યા નિવારણાદિ સંસ્કૃતિ, દોષમુક્ત રહેવાની સંસ્કૃતિ, પતિવ્રતા વ્રતની સંસ્કૃતિ, શુદ્ધિ તથા વિનય-વિવેકાદિ સંસ્કૃતિ, યજ્ઞોપવિત સંસ્કૃતિ, સત્ત્વગુણવૃદ્ધિ સંસ્કૃતિ, આંતરવૃત્તિ સંસ્કૃતિ, મોક્ષ સંસ્કૃતિ, બ્રહ્મપ્રાપ્તિ સંસ્કૃતિ, દેવાલય તથા તીર્થાલય, ધર્માલય, સેવા પરોપકારનાં સ્થાન, વિદ્યાલય, ન્યાયાલય, યજ્ઞસ્થાનો, ઉપાર્જનસ્થાનો, શ્રાદ્ધાલય, પરલોકાલય, સત્સંગ સ્થાનો, ભગવાનનાં સ્થાનો, પ્રલય વગેરે સંસ્કૃતિઓ ભારતના શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી જેવા મહાપુરુષોએ ઉજાગર કરેલ છે તથા બ્રહ્મશક્તિ ધરાવનાર સંતોએ પણ તે સંસ્કૃતિને પુષ્ટ કરેલ છે, માટે જ પૂજ્ય સ્વામીને અનેક અભિનંદન.

- સાર્વભૌમ ભાગવતાચાર્ય...

મનહરલાલજી શાસ્ત્રીજી.

જામનગર.

પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી, સરસ્વતીના ઉપાસક સાધક વિવિધ વિષયોના મર્મજ્ઞ મનીષી છે. એમનું હાર્દિક અભિનંદન સન્માન તે સમસ્ત સંસ્કૃત વિદ્વાનોનું અભિનંદન છે, તેમના ગ્રંથોની ઉત્કૃષ્ટતા, સ્નિગ્ધતા અને વિદ્વતા, દરેકને આકર્ષે છે. તેઓ કર્મયોગી ભગવદ્ ભક્તિનિષ્ઠ સાધક સરસ વત્યુપાસક અને અપ્રતિમ આરાધક છે, આવા જ્ઞાન કર્મ ભક્તિના પવિત્ર ત્રિવેણીના સંસ્પર્શથીજ સમગ્ર વાતાવરણ પવિત્ર થઈ જાય છે. ભારતીય વિદ્વાનોના સમાજમાં કમળસમ પવિત્ર, સૂર્યસમ તેજસ્વી, વિશ્વની આ મહાન વિભૂતિને અમારી સર્વેની ભાવનાવાળી ભાવભીની અંજલિ સાથે અભિનંદન સમર્પિત છે.

- મનહરલાલજી શાસ્ત્રીજી...

પંડિત સીતારામ ચતુર્વેદી. (એમ.એ.).

બેનીયાબાગ, વારાણસી.

જૂનાગઢમાં શ્રીસ્વામિનારાયણ મંદિરના વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ, દાર્શનિકપંચાનન, ષડ્દર્શનાચાર્ય, નવ્યન્યાયાચાર્ય, સાંખ્યયોગ વેદાંત મીમાંસા તીર્થ, કાવ્ય કુશળ, સાહિત્યમનીષી, દાર્શનિક માર્તન્ડ, એમ.એ., ડી.ફિલ., ડી.લીટ્, ડૉકટર શ્રીમાન સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી વિદ્વાનોની ઉદાત્ સાત્ત્વિક પરંપરાના મૂર્ધન્ય પુરૂષરત્ન છે. આપે પોતાના જીવનમાં ૪૫ ગ્રંથો વિદ્વતાપૂર્ણ મૌલિક સંસ્કૃત ગ્રંથો તથા સમીક્ષાત્મક ભાષ્યો અને ટીકાઓ લાક્ષણિક કૃતિ સ્વરૂપે રચ્યાં છે, તેમાં વિદ્વતા માટે ન્યાયતર્કાદિ દર્શનશાસ્ત્રોની કિરણાવલીઓ રચી છે અને ૧,૨૬,૦૦૦ શ્લોકોમાં લક્ષ્મીનારાયણ સંહિતા શ્વેતાયનસંહિતા નામે મહાકાવ્ય ઈતિહાસ અભૂતપૂર્વ રચેલી છે. ભારતીય દર્શનોના તત્ત્વજ્ઞાન પરમાર્થ ચિંતન વેદશાસ્ત્ર ઉપનિષદ આદિ સમસ્ત ભારતીય જ્ઞાન, વિજ્ઞાનનું દોહન કરીને કૃત, ત્રેતા, દ્વાપર, તિષ્ય સંતાન નામક ચાર ખંડોમાં સમસ્ત ભારતીય ઈતિહાસ તથા દર્શનોને સાગરોને ગાગરમાં જેમતેમ સંહિતામાં સમાવ્યા છે, મહાભારતને માટે જે ઉક્તિ તેજ આ શ્વેતાયન સંહિતા માટે પણ "યદિ હાડસ્તિતદન્યત્ર, યન્નેહાડસ્તિન કુત્રચિત્ત" ભગવાન વેદવ્યાસના મહાભારત પછી આ ધરિત્રીના સર્વદેશોમાં આવડો વિશાલકાય મહાકાવ્ય બીજા કોઈ સંસ્કૃત કાવ્ય લખાએલ નથી જેમાં છંદ છંદમાં કાવ્યકૌશલ ગરિમાં માધુર્ય ગાંભીર્ય સંવેશિત કરેલ છે. પરમ વંદનીય સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ પાંડિત્યપૂર્ણ જે ગ્રંથોની રચના કરી છે તે તેના ખૂબ પરિશીલન વડે જણાશે કે શ્રીસ્વામીજીએ જ્ઞાન, વિજ્ઞાનોને સ્વાત્મસાત કરીને સર્વબોધ્ય રીતિઓ એવું પ્રતિપાદન કર્યુ છે કે, સામાન્ય વ્યક્તિ પણ હસ્તામલકવત તેમનું સમસ્ત તત્ત્વ ગ્રહણ કરી શકે છે. આવા વિદ્વાનને અમારા અભિનંદન છે.

- પં. સીતારામ ચતુર્વેદી...

શાસ્ત્રી બળવંતરાય.

સાહિત્યાચાર્ય, કાવ્યપુરાણ તીર્થ, ભાવનગર.

આપ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજીને કાશીમાં ૨૦૦થી અધિક વિદ્વાનોએ આપની ગ્રંથોની યોગ્યતા, વકતૃતા, અધ્યાપકતા, ભાષ્યટીકા કારિતા અને પ્રત્યક્ષ સંસર્ગિતા અનુભવીને "શ્રીવૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ" નામક મોટી પદ્વી સમર્પણ કરી છે, માટે આપને મારા અભિનંદન છે.

- શાસ્ત્રી બળવંતરાય...

એચ. ટી. દવે.
બોમ્બે.

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના વિશ્વના મહાન વિદ્વાન તત્ત્વચિંતક સ્વામી આચાર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ સંસ્કૃતના ગ્રંથો રચીને નવા તત્ત્વો જનસમુદાયને સમર્પ્યા છે. શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયનો સત્ય સિધ્ધાંત શ્રીસ્વામીજીએ વિકસિત કર્યો છે, સત્ય ખોળવું હોય તો ત્યાં મળશે. વિશિષ્ટાદ્વૈત સિધ્ધાંતને શ્રીસ્વામીજીએ વિશિષ્ટ બ્રહ્માદ્વૈત મહાસત્ય યથાર્થ તત્ત્વાનુસાર સિધ્ધાંત વિકસિત કર્યો છે. અદ્વૈત પરબ્રહ્મ પરમાત્મા એક છે, તેનું તેજ સેવક બ્રહ્મતત્ત્વ પરબ્રહ્મનું સેવક સાકાર તથા સર્વત્ર તેજોમય સ્થિત તે બીજું તત્ત્વ છે. બ્રહ્મમાં રહેનારા પરબ્રહ્મ છે, બ્રહ્મ વિશિષ્ટ પરબ્રહ્મ અદ્વૈત તત્ત્વ છે, બ્રહ્મ તે જીવોમાં ઈશ્વરોમાં અને માયામાં વ્યાપક રહેલ છે, માટે જીવ વિશિષ્ટ બ્રહ્મ ઈશ્વર વિશિષ્ટ, બ્રહ્મમાયા વિશિષ્ટ બ્રહ્મ તે તેવી રીતે વિશિષ્ટ એવા બ્રહ્મમાં અદ્વૈત વિશિષ્ટબ્રહ્માદ્વૈત, અક્ષરબ્રહ્મમાં શ્રીપરબ્રહ્મ પુરૂષોતમનો નિત્ય સંબંધબોધક સિધ્ધાંત તેના આવિષ્કારક પંડિતજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી છે. પરબ્રહ્મ શરીરી છે, અક્ષરબ્રહ્મ શરીર છે, પછી શરીરિ સહિત અક્ષરબ્રહ્મ શરીરી છે, ત્યારે તેના જીવો ઈશ્વરો અને માયા શરીરો છે, શરીર વિશિષ્ટશરીરી બ્રહ્મ છે, અને શરીરરૂપ પરબ્રહ્મ છે, અક્ષરબ્રહ્મમાં શરીરપણું છે, પુરુષોતમમાં શરીરીપણું જ છે, જીવો ઈશ્વરો માયા તે પોતાના શરીરોમાં તત્ત્વોમાં શરીરી છે, અને તે જેમાં વસે છે તે શરીરો છે. આવી રીતે તમામ સૃષ્ટિ વ્યવસ્થિત છે. અમારા આવા અંશાવતારને ઘણા ઘણા અભિનંદન છે.

- એચ. ટી. દવે...

એમ. બી. સુબ્રહ્મણ્યમ.
તિરુપતિ.

ન્યાય તર્ક સિદ્ધાંતી, સાંખ્યયોગી, મીમાંસક, વેદાંતી, સાહિત્યિક કવિ, પૌરાણિક, ઐતિહાસિક, સાર્વભૌમવિદ્વાન, ભારતના રાષ્ટ્રમણિ, પંડિત ધુરંધર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ રચેલી શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા આ નવા યુગનો અદ્‌ભુત ચમત્કાર છે, સંપૂર્ણ એવી આ સ્વામીશ્રીની કૃતિ માટે વિશ્વવિદ્વાનો હંમેશને માટે આપના ઋણી રહેશે, આપશ્રી નવા વ્યાસાવતાર છો. આપને હજારો અભિનંદન છે. ભારતને માટે એક મહાન દેન આપે આપેલ છે. ઘણું જીવો સંતજન.

- એમ.બી. સુબ્રહ્મણ્યમ...

પંડિત બદરીનાથજી કાશીનાથ શાસ્ત્રી.

વડોદરા.

સંસ્કૃતોના મહાવિદ્વાનોને તૃપ્તિ આપનારા સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના વિવિધ શાસ્ત્રોનાં ગ્રંથો ભારતનું ગૌરવ વધારનારા છે આવા ભારતીય સેવક સંતનું અભિનંદન તે ભારતીય વાઙમયનું અભિનંદન છે. પ્રાચીન ઋષિઓના શાસ્ત્રીય પરંપરામાં જીવનનું અમૃત પિરસનારા શ્રીસ્વામીજી મહારાજ અભિનંદનના પાત્ર છે. કર્મયોગી ભક્તિયોગી જ્ઞાનયોગી સરસ્વતીભક્ત પવિત્ર ત્રિવેણીનો સ્પર્શ કરાવનારા આપ મોક્ષના અભિનંદન સુધી તમામ અભિનંદનોના અધિકારી છો, આપનું અભિનંદન આપના ગ્રંથો જ સુપરિચય કરે છે, કાશી વડોદરા મદ્રાસ વિગેરે વિદ્યાલયોમાં આપના ગ્રંથો આપનું સમ્માન વધારે છે, આપ મહાગુજરાતના વિદ્વાન મહાપુરુષ છો. આપ સદા અભિનંદનીય છો, આપને મારા સર્વોત્તમાભિનંદન છે.

- પંડિત બદરીનાથ કાશીનાથ શાસ્ત્રી...

પ્રણવાનંદજી.

ધર્મારણ્યમ.

ન્યાય વેદાંતમાં ઓતપ્રોત સ્વામીજી વેદાંત સર્વ વિદ્યામૂર્તિ છો, આપને સન્માન સાથે અમારા અભિનંદન અર્પિત હો.

- પ્રણવાનંદજી...

ડૉ. જૈમનનાથ મિશ્ર.

કાઠમંડુ, નેપાલ.

વિશ્વમાં સર્વત્ર સંતો બ્રહ્મ પરાયણ હોય છે, નૈષ્ઠિક રહી શારદા પરાયણ રહેનારા ભાગ્યે જ હોય છે, એવા શ્રીસ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને તેમના ગ્રંથોના આસ્વાદન કરનારા ઉચ્ચ કોટિના વિદ્વાનો અભિનંદનો આપી રહ્યાં છે. આવા અભિનંદન સમયે મારી પણ પુષ્પાંજલી સ્વીકૃત હો.

- ડૉ. જૈમનનાથ મિશ્ર...

પંડિત લક્ષ્મણ શાસ્ત્રી.

કાશી.

આપ ભારતીય સંસ્કૃતના રક્ષક છો, આપ સંસ્કૃતની ભારતીય દર્શનોની તમામ શાખાઓના વિદ્વદ્વરેણ્ય છો, સંસ્કૃત સાહિત્યભાષાના ધુરંધર પ્રકૃષ્ટ મનીષી વિદ્વાન છો, આપ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ભારતના ગણ્યાંગાંઠ્યા સમર્થ વિદ્વાનોમાંના એક છો, સંસ્કૃત જગતના પરિપૂર્ણ તેજસ્વી સૂર્ય છો, મહાગુજરાત સૌરાષ્ટ્રનું શિરોભૂષણ છો, સ્વામિનારાયણ સંપ્રદાયના ત્યાગી વિદ્વાન આચાર્યવર્ય છો, આ સંપ્રદાયમાં સ્વામી સહજાનંદજીથી માંડીને આજ સુધીમાં આવા સાર્વભૌમ વિદ્વાન કોઈ થયા નથી અને ભવિષ્યમાં થાશે કે નહિં તે અનિશ્ચિત છે, અદ્વિતીય વિદ્વાનોના સમાજમાં કાયમની જેમ પવિત્ર અને આનંદકારી શ્રીસ્વામીજીને મારા સમ્માન, વંદન અને અભિનંદન છે.

- પંડિત લક્ષ્મણ શાસ્ત્રી...

ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા.

વડોદરા.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ વિશ્વની મહાન વિભૂતિ છે, ભારતીય યુવા પેઢીના ચારિત્ર્ય ઘડનાર છે, મૂર્તિમાન વરદાન સ્વરૂપ છે, સંસ્કૃતના મહાન સ્કોલર છે, આવા સંસ્કૃતશાસ્ત્રોના મહાન સ્કોલરનું સન્માન ખૂબ જ ભવ્ય અને સર્વોત્કૃષ્ટ થવું જ જોઈએ. આપનું ભાવભીનું અભિનંદન કરીને આપણી વિદ્યા સંપત્તિને અલૌકિક માનપત્ર બનાવી રહ્યા છીએ, આપ અમારા અભિનંદન જરૂર સ્વીકારજો.

- ડૉ.ભોગીલાલ જ. સાંડેસરા...

મહેન્દ્રેશ્વર યોગી.

આસામ, ગૌહાત્તી.

વિશ્વવિખ્યાત, સંસારના મહાવિદ્વાન સંસ્કૃત પારંગત ભારતીય સિધ્ધ પરંપરામાં પ્રગટ થએલ નૈષ્ઠિક ઉપદેશક, ધર્મરક્ષક શ્રીસ્વામીજી મહારાજ તમોને વિદ્યાઓ દ્વારા સૃષ્ટિપોષક સ્વરૂપમાં સમજીને ભારે ભારે સન્માન સ્વાગત કરીએ છીએ. આપ શાશ્વતાયુષ્ય છો પણ ચિરંતનાયુ દીર્ઘાયુ રહો એવા આપના અવતરણને પ્રાર્થીએ છીએ. લોક કલ્યાણ કરતા રહો એવા અમારા અભિનંદન સ્વીકારજો.

- મહેન્દ્રેશ્વર યોગી...

ડો. એમ. એ. ઢાંકે.

વારાણસી.

દેવકી કૌશલ્યાના લાલ, કંભરાલક્ષ્મીના આત્મજ, વિદ્યાઓના સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સંસ્કૃત સારસ્વતના સર્વોપરિ વિદ્વાન સંત છે. આપે પ્રાચીન ધર્મજ્ઞાન વિગેરેના ભારત સંસ્કૃતિના સેતુરૂપ ગ્રંથો રચ્યા છે, આપે નવીન યુગના માનવોને ઠરવાનું ઠામ શ્વેતાયનીય સંહિતા અર્પેલ છે. મીમાંસા સિંધુના મંથનકર્તા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી વિદ્વાનોના પરમપવિત્ર સાર્વભૌમ ભૂમિપતિ છે, આપને મારા પણ અભિનંદન છે.

- ડૉ.એમ.એ. ઢાંકે...

ડો. ગોરધન શર્મા.

ગાંધીનગર, ગુજરાત.

આ યુગમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ આ નવાયુગમાં જે જરૂરત હતી તેવું અભુતપૂર્વ જ્ઞાન આપ્યું. પરમાત્મા, આત્મા, માયા અને વિકૃતિઓના સંસારમાં જુનું રહસ્ય તાજું કરી ભૂલકણી જનતાને આપ્યું, તે પ્રમાણે જનોને રહેવા, ચાલવા, રાજય પરિવર્તનમાં ધર્મિષ્ઠ સુખી થવા સ્વયં પ્રગટ થઈ નૈષ્ઠિકપણે વર્ત્યા. માટે જરૂર આ શ્વેતાયન વ્યાસનો શક અમાપ વર્ષો સુધી ચાલુ રહેશે એવા સૃષ્ટિના સંરક્ષક બોધક પ્રભુજી શ્રીશ્વેતાયન વ્યાસજીને અમારા સો એ સો અભિનંદનો છે.

- ડૉ. ગોરધન શર્મા...

ડો. મિથિલેશ ચતુર્વેદી.

દિલ્હી.

સાહિત્ય ઉપરથી દેશ વિજ્ઞાનમાં વધે છે, દ્રષ્ટિ વિષય સમાન સૃષ્ટિ વિકસે, વિજ્ઞાન વડે યંત્ર ગોઠવાય, સાધનો વડે નવા આવિષ્કારો થાય, પુરાણોમાં વિમાનો લખાણા તે આજ પ્રત્યક્ષ કરાયા. જળ, સ્થળ, પવનગતિઓ થતી તે આજ માનવો કરવા લાગ્યા. દૂરદર્શન, દૂરશ્રવણ થતાં તે આજ પ્રત્યક્ષ થયાં, સિદ્ધિઓ લખાણી તે રસાયનોમાંથી પ્રગટ થવા લાગી. આવા ગ્રંથોના આદ્યાત્મિક વેતા રચયિતા સર્વજ્ઞ પરમપુરૂષ નવયુગના આવિષ્કારોના પાયારૂપ પ્રભુ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને અમારા હજારો અભિનંદન છે.

- ડૉ. મિથિલેશ ચતુર્વેદી...

પરશુરામ શાસ્ત્રી.

જમ્મુ-કાશ્મીર.

મહાભારત પછી નવાયુગમાં બીજા નવા વિકાસવાળા મહાભારતની જરૂરત કુદરતે માગી લીધી, તેના માટે શ્રીશ્વેતાયન વ્યાસ ઈશ્વરાંશ ભગવાન અવતર્યા, તેઓ સર્વજ્ઞ કલ્પ છે. માટે તેમણે આ યુગને અપેક્ષિત નવું શ્વેતાયન વ્યાસસંહિતા નામનું મહાભારત રચી વેગવંત યુગને આપ્યું. તેમાં ભાગવતધર્મ, જ્ઞાન, વિજ્ઞાન, વિરાગ, વૈતૃષ્ણય, ભક્તિ સર્વાર્પણ એ સાધનો, અને સૃષ્ટિયંત્રોની નવીન કથાઓ ચમત્કાર ભરેલી કથાઓ જે વચગાળામાં થઈ. તેમજ નિજ અવતારને અંગે થઈ, તે તમામ વર્ણવેલી છે, આવી લક્ષ્મીનારાયણ સંહિતા ભારતીય સંસ્કૃતિનું પાયાદાર પવિત્ર નવીન મહાભારત છે.

- પરશુરામ શાસ્ત્રી...

પંડિત ગંટુરી ભાનુમૂર્તિ.

રાજમહેન્દ્રી.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ગ્રંથો એમના ચૈતન્યના જ્ઞાનસાગરમાંથી નિકળેલા રત્નો છે, કિંમતી મોતી છે, અજવાળુ કરનારા છે. નવીન કિંમતી ચીજો સાથે જડેલ હોય તો અસંખ્ય ગણુ મૂલ્ય આપનારા છે, સાચા વિજ્ઞાની ઝવેરીને તેની હૃદયંગમકિંમત માલૂમ પડે, તે રત્ન ધારણ કરનારને તેજસ્વી સમૃદ્ધ બનાવી દે તેવા છે. એવા શ્રીશાસ્ત્રીજીને અમારા ઘણાં ઘણાં અભિનંદન છે.

- પંડિત ગંટુરી ભાનુમૂર્તિ...

ડૉ. રામસિંહ તૌમર.

શાન્તિ નિકેતન, બોલપુર.

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના મહાવિદ્વાન ભારતીય સંસ્કૃતના મહાન સ્કોલર મહામહોપાધ્યાય ન્યાયતર્કાચાર્ય, દર્શનાચાર્ય, વિદ્વત્સાર્વભૌમ, ડી.લિટ્. ડી.ફિલ. એમ. એ., પંડિત ધુરંધર સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના ગ્રંથો વાંચીને ચકિત થયેલ હું આવા ભારતીય ભૂષણ શ્રીઆચાર્યજીને સન્માન સાથે મારા અભિનંદન સમર્પિત કરું છું.

- ડૉ.રામસિંહ તૌમર...

નરહરિ શાસ્ત્રી.

સિધ્ધપુર.

સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રાચીન આદ્યાત્મિક પરંપરાના સંસ્થાપક મહાયોગી છે. તેમણે ભારતના વિશાલ સંસ્કૃતને પોતાની કલમમાં આવરી લીધેલ છે. સંસ્કૃત, હિન્દી, ગુજરાતીમાં વાડમયને ઉપર્યુકત કરતા આપ જરૂર કોઈ મહાન મહર્ષિ છો. આપે આદ્યાત્મિક, વૈજ્ઞાનિક, કઠિન, કુબોંધ વિષયોને અત્યંત સ્પષ્ટ કરી સુબોધ્ય સફળ સમજાવવા પ્રયત્ન કર્યો છે. આપની લક્ષ્મીનારાયણ સંહિતા ભારતીય, વિદેશીય તમામના ધર્મોની દંઢતા કરાવનારી મૌલિક ઈતિહાસ વર્ણિત કરતી, વેદ દર્શનશાસ્ત્ર સાહિત્ય પુરાણ કાવ્ય પ્રાગલ્ભ્ય સંહિતાઓ ધર્મશાસ્ત્રોને નિજ સ્વરૂપમાં રાખતી ભક્તિને મુખ્ય સ્થાન આપતી વ્યાપક સંહિતા છે. આપને તેવા મહાકાવ્ય માટે પણ અભિનંદન આપીએ છીએ.

- નરહરિ શાસ્ત્રી...

ડૉ. રામકૃષ્ણ મિશન.

દેહરાદૂન.

સંત પુરૂષોના બળમાં સિદ્ધિ અને સાધના રહેલા છે, તે વડે જનતા શાંતિ પામે છે, હિત મેળવે છે. આચાર્યજીના ઉજ્જવલ વ્યાપક વ્યક્તિત્ત્વ વડે જે ભાવિ પેઢીઓ પ્રેરણા મેળવી તેમના જ્ઞાનદંડમાં વર્તશે, તેઓ પણ તેવી જ વ્યક્તિઓ ચળકશે, ત્યારે જ તેમાં આચાર્યશ્રીની વિદ્યાઓ સફળ દેખાશે. અમો ઈચ્છીએ છીએ જે આચાર્યશ્રીની લેખિની જ્ઞાન, વિજ્ઞાનના ક્ષેત્રોમાં ફાળો આપતી રહેશે, દેશ અભ્યુદયમાં વધતો રહેશે. સ્વામીજી મહારાજ આપ બ્રહ્માધિકારી મહાપુરૂષ છો, ગુરૂકૃપા વડે દિવ્યદ્રષ્ટિ સંપન્ન થયા છો. આપે ભગવાન શ્રીસ્વામિનારાયણની જેમ સૌરાષ્ટ્રમાં પ્રાગટ્ય લઈ સુશોભિત કરી ધાર્મિક ઈતિહાસોમાં એક સુવર્ણ યુગનો અભ્યુદય કરેલ છે. સૂર્યને આપેલો અર્ઘ્ય સમર્પકને માટે તો ફલપ્રદ થાય છે, તેમ આપને આપેલા અભિનંદનો આપનારાઓને ફલપ્રદ થશે. આપને દિવ્ય માનવ મહર્ષિને અમારા અસંખ્ય પ્રણામ છે.

- ડૉ. રામકૃષ્ણ મિશન...

ડો.રામવિલાસ શર્મા.

આગ્રા.

ભારતના બહુમૂલ્ય રત્ન વિદ્વાનોના ઉપબૃંહણક પંડિત, ગ્રંથ સ્વરૂપે સર્વ વિદ્વાનોને ઘેર ઘેર વિરાજતા મહાસંત નૈષ્ઠિકવ્રતશીલ સાધુ-આચાર્ય મહામંડલેશ્વર શંકરાચાર્યજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ને અમારા ઘણાં ઘણાં અભિનંદન સમર્પિત છે.

- ડો.રામવિલાસ શર્મા...

ડો.ગંગાદત્ત શાસ્ત્રી. (એમ.એ., વેદાંતાચાર્ય).

શ્રીનગર.

વિશ્વની પવિત્ર વિભૂતિ, ભારતરત્ન, રાષ્ટ્રપ્રતિક, સંસ્કૃતમૂર્તિ, પ્રિયઆત્મા, વિશ્વવિખ્યાત, ગીર્વાણ ધુરંધર વિદ્વાન, વિદ્વતાપૂર્ણ કૃતિ લેખક, ભાષ્યકાર, કિરણાવલીકાર, સાહિત્યસેવક એવા પંડીતજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને અમારા અભિનંદન છે.

- ડો.ગંગાદત્ત શાસ્ત્રી...

ડો.રઘુનાથ એરી. (એમ.એ., પીએચ.ડી., એચ.ઈ.એસ.).

હોંશિયારપુર, પંજાબ.

હે વિદ્વાનો, ભારતીય સાહિત્ય અને દાર્શનિક તત્ત્વજ્ઞાનને ઓપ ચઢાવનારા તથા હિંદુશાસ્ત્રો ઉપર નદીયો વહાવનારા ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની કૃતિઓમાં પ્રવેશ કરો, તેમાં ગૂઢ તત્ત્વો ભર્યા છે, તેને ગ્રહણ કરો અને જનતાને અર્પો. આવા વિદ્વાનને હું અભિનંદન અર્પુ છું.

- ડો.રઘુનાથ એરી...

ડો. એસ્ટેલર સોલોમન.

અમદાવાદ.

સંસ્કૃત વેદો, વેદાંગો, દર્શનો, સાહિત્યો, સંહિતાઓ, કથાઓ, કર્મકાંડો, યોગ પદ્ધતિઓ, ખગોળચક્ર, ભૂગોળચક્ર સર્જન, નવીનસર્જન વિદ્યાઓ આદિકના લાભ જનતાને મળવા માટે કલમ વડે પ્રયત્ન કરી રહેલા આજીવન વિદ્યાશીલવ્રતી સ્વામીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ઘણા સન્માન સાથે અભિનંદનના પાત્ર છે, આપ ગુજરાતના મહારત્ન છો. તેમને મારા અનેક અભિનંદન.

- ડૉ. એસ્ટેલર સોલોમન...

પંડિત શાંતાનંદજી (દર્શનાચાર્ય).

નદિયાશાંતિ.

ભગવાન અને સંસ્કૃત સાહિત્યમાં ઓતપ્રોત વર્તતા એવા નૈષ્ઠિક યતિવર્ય સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આજ વર્તમાનયુગમાં શ્વેતાયન વ્યાસાવતાર વિરાજે છે. કાશીવિદ્યા પ્રસાદી જરૂર સરસ્વતીની સેવામાં વાપરી, ગુરૂઓનું આપેલું ધન વિદ્યાર્થી પરંપરા માટે વાપર્યુ, વિપ્રોના સંન્યાસના ધર્મો આજીવન સ્વામીજીએ પાળ્યાં, વિપ્રકૃપા વિપ્રવિદ્યા મધ્યભોજન વિપ્રમાં વાસ વિપ્રોનો કર્મકાંડ વિપ્રના આશીર્વાદો વડે સંત સ્થિતિમાં પણ સ્વામીજી પોતે વિપ્રોનું ગૌરવ જાળવી રહ્યાં છે, ભારતીય વિપ્રોના અભિનંદન વિપ્રના સ્નેહસંપ સ્વામીજીમાં વર્ષી રહ્યા છે. આપ આવા બ્રહ્મરૂપ વિપ્રવર્ય શ્રીસદ્‌ગુરૂને અમારા અનેક અભિનંદન છે.

- પંડિત શાંતાનંદજી...

ડો. બી.એન. બઘેકા.

સાહિત્યાચાર્ય, પાલીતાણા.

સ્વામીજી આપશ્રી રચિત અમૂલ્યગ્રંથો આપના જીવનના કીર્તિ-સ્તંભો છે, સાહિત્યમાં તો આપે અનહદ કરામત કરી છે. કિરણાવલીઓ તો સૂર્યમાંથી પ્રગટ કરી હોય એવું સામર્થ્ય વાપર્યું છે, આપે ભારતમાં યાત્રાઓ કરી વિદ્વાનમંડલોમાં શાસ્ત્રાર્થો કર્યા તેમજ જ્ઞાન, ભક્તિ અને સત્કર્મનો પ્રચાર આપે ઘણો ઘણો કર્યો છે.

- ડૉ.બી.એન. બઘેકા...

ડો. બલદેવપ્રસાદ જોષી.

પ્રયાગરાજ.

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ વિજ્ઞાનધારા વડે દાર્શનિક નૈતિક સાહિત્યિક પૌરાણિક સંસ્કારો દેશને રેડ્યાં છે. શ્રીસ્વામીજીની નિજપ્રતિભા, તત્ત્વચિંન્તિતા, કવિતા, સર્વ સારસ્વત વ્યાપકતા, સંતતા, નૈષ્ઠિકતા તે આ યુગના મહાન વ્યાસ તરીકે તેમને ઓળખાવે છે, માટે આપ શ્વેતાયન વ્યાસજી છો. શ્રીસ્વામીજીના જીવનમાંથી વિદ્વાનોને ગ્રાહ્ય અનેક પાસાઓ મેળવવાના લાભ થયા છે. તેમની વિદ્વતા અને કૃતિઓને જે ગ્રહણ કરશે તેના જીવનને પણ અમૂલ્ય પ્રેરણાઓ મળશે, તેમાંથી સંસ્કાર ભાગીરથીનું પવિત્ર અમૃત મળતું રહેશે, એવા અમર સ્વામીજીને અમારા અનેક સ્વાગત સાથે અભિનંદન પ્રાપ્ત હો.

- ડૉ. બલદેવપ્રસાદ જોષી...

પંડિત વસંત અનંત.

ગાડગીલ, પૂના.

રત્નો મેળવવા રાષ્ટ્રનું કર્તવ્ય છે, સંતોને સાચવવા હરિભકતોનું કર્તવ્ય છે, વિદ્યાનું પૂજન તો વિદ્વાનો પોતે જ કરે છે. આ તમામ પ્રતિષ્ઠા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમાં છે. આપને અમારા અભિનંદન છે.

- પ. વસંત અનંત...

વિજયસિંહજી રતનસિંહજી.

લોધિકા, બાપાસાહેબ.

પરમપૂજય સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની વિદ્વતા, જ્ઞાન, અપરિગ્રહ, ભક્તિ, ઉપાસના, ઉદારચરિત્ર, શાંતપ્રકૃતિ, નિખાલસ સ્વભાવ, આશ્રિતોમાં દયા વિગેરે સદ્‌ગુણો સાથે સંસ્કૃત વિદ્યાઓનું ગાંભીર્ય વખણાય છે, આપ અજાત શત્રુ છો. આપની અવગણના કરનારા ઘણા તેજોદ્વેષી વલખાં મારે છે પણ આપનું કોઈ પ્રબળ સામર્થ્ય છે કે જેઓ પોતે જ હલકા બનતા જાય છે. આપ વિશ્વમાં સુકીર્તિવાળા પ્રખ્યાત થતા જાઓ છો, આપ જરૂર કોઈ અંશ મહાપુરૂષ છો, આપને અમારા ઘણાં દંડવત્ પ્રણામ સન્માન સાથે અભિનંદન છે.

- વિજયસિંહજી રતનસિંહજી...

ડો.ગ.વ. કવીશ્વર.

ઈન્દૌર.

સંસ્કૃતના તત્ત્વજ્ઞાનના અધ્યયન અધ્યાપન માટે મુક્તાવલી કિરણાવલી અજોડ વરદાન છે. સૌજન્યમૂર્તિ કેવલ સ્વામિનારાયણ સંપ્રદાયના જ અલંકાર નથી, પરંતુ સમસ્ત વિદ્વત્સમૂહોના વિદ્વાન અને સમાજના માનનીય નેતા છે. વારાણસીમાં સ્થળે સ્થળે સંભળાતા અદ્‌ભૂત ગ્રંથોમાં વખણાતા સારલ્ય પધ્ધતિવાળા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમાં જે નૈસર્ગિક રીતિ છે તે બીજા વિદ્વાનોમાં ભાગ્યે જ જોવા, જાણવા મળે છે. આપની પ્રતિભાશાલી, વિદ્વતાથી પ્રભાવિત વિદ્વાનો આપને અભિનંદન આપી રહ્યા છે, ભારતના પવિત્ર સંત એવા ઉજ્જવલ શ્વેતાયન વ્યાસજીને મારા વંદન સાથે અભિનંદન પાઠવું છું.

- ડો.ગ.વ. કવીશ્વર...

પંડિત નંદનંદન સરસ્વતી.

ભૂ.પૂ. સંસદ સભ્ય, વારાણસી.

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની સર્વેતોમુખી પ્રતિભા, સંસ્કૃતશાસ્ત્રોના વિદ્વતાપૂર્ણ ભાષ્યો અને ટીકાઓ વિશ્વના એક યુગપુરૂષનો પરિચય આપતી જાય છે. આવા મહાન યોગીને મારા પણ અભિનંદન છે.

- પં.નંદનંદન સરસ્વતી...

પદ્મવિભૂષણ સુખલાલજી.

અમદાવાદ.

દીક્ષા,શિક્ષા,સાધનાવડેજગતકલ્યાણકરનારાઆયુગપુરૂષશ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને હંમેશા આખું વિશ્વ સ્મરણ કરશે. ગ્રન્થો વડે પ્રતિભા પાંડિત્ય અને વ્યક્તિત્વ પ્રગટ થયા કરે છે. મહાગુજરાતના મહારત્ન સંત શિરોમણી પરમ પવિત્ર ભક્તાત્મા સંતવર્યને મારા અભિનંદન.

- પદ્મવિભૂષણ સુખલાલજી...

ઉછરંગરાય ઢેબર.

રાજકોટ.

સંતોએ આલોક અને પરલોકમાં કેમ વર્તવું, રહેવું જોઈએ, તે માટે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું જીવન એક મહાદ્રષ્ટાંત છે. આ જગતને ઘણાં સમય પછી આવા મહાન વિદ્વાન સંત શ્વેતાયાન વ્યાસ મહર્ષિ મળ્યાં છે, જે પોતાની સિદ્ધિ અને દિવ્યજ્ઞાનથી આલોકના સમગ્ર વિશ્વને પ્રકાશમાન કરી અલૌકિક બનાવતા જાય છે. એવા મહારાજશ્રીના અભિનંદનગ્રંથ અંગે મારા અભિનંદનો પાઠવું છું. રાજકોટ સ્વામીજીના લક્ષ્મીનારાયણ મંદિરમાં મને આવા ઉત્તમ વિદ્વાનની મુલાકાત થઈ હતી, હું આશ્ચર્યચકિત થયો હતો. આપના ઘણાં કાર્યો મને વિદિત કરાયા હતાં, આપને મારા અભિનંદન છે. આપના બધા પુરૂષાર્થો સફળ થાઓ.

- ઉછરંગરાય ઢેબર...

ડૉ. તપસ્વી નાંદી.

અમદાવાદ.

સરસ્વતીના પરમોપાસક વિવિધશાસ્ત્ર તત્ત્વોના મર્મજ્ઞ મનિષિ સંતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની વિપુલ સેવા વિદ્યોત્તમ સેવા છે, અમૂલ્ય-સેવા છે, સંસ્કૃત, હિન્દી, ગુજરાતીમાં શાન્તિપ્રદ ગ્રંથો લખ્યા છે, મહાકાવ્યની રચના કરી છે, ઉપદેશ, ધર્મ, મુક્તિ, નારાયણ, બ્રહ્મ, પરબ્રહ્મના વર્ણનો કર્યા છે. જ્ઞાન, કર્મ, ભક્તિ તથા તેના વિભાગો સર્વત્ર શાસ્ત્રોમાં ઉતાર્યા છે. આવા પરમ ગુરૂમહારાજને અમારા અસંખ્ય અભિનંદનો છે.

- ડૉ. તપસ્વી નાંદી...

ધીરજધારી શાસ્ત્રી.

મથુરાવાસી.

સમસ્ત ભારતીય વિદ્યાઓના વિદ્વાન શ્રીહરિની કૃપાવાળા નૈષ્ઠિક બ્રહ્મવર્તી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામીજી પવિત્રજીવન, ઉત્તમ ઉપાસના, ગહનસાધના, સતત અભ્યાસ વડે સ્વ-પર કલ્યાણાર્થે ઘણું કમાણાં છે, જગત માટે વાપર્યું છે. વિદ્વાનો થવાના પાયા રોપ્યા છે, આપને મારા અભિનંદન ઉત્તમ પ્રકારે પ્રાપ્ત હો.

- ધીરજધારી શાસ્ત્રી...

પંડિત શાન્તિપ્રસાદજી. (વેદાંતવ્યાકરણાચાર્ય).

જામનગર.

સંપ્રદાયોના આચાર્યો ભિન્ન છે, તેમના ભગવાન એક જ છે, જેવી ઉપાસના કરે તેવી પ્રાપ્તિ બ્રહ્મલોકમાં થાય છે, બ્રહ્મલોક ચારેકોર સર્વત્ર છે એટલે મતભેદે જનારાઓની ભીડ થતી જ નથી, અનંત અસીમ દિશાઓમાં અસંખ્ય ધામોની માન્યતા પ્રમાણે ઉપાસ્ય સ્વરૂપ પણ અસંખ્ય રીતે ઉપલબ્ધ થાય છે, જેવી ઉપાસના તેવી મુક્તિ સ્થિતિ થાય છે. વૈષ્ણવોમાં સાકાર ભગવાનોના સ્વરૂપોની ઉપાસના વડે સાકારમૂર્તિ પ્રાપ્તિ સેવામુક્તિ, શૈવોમાં નિરાકારપણે બ્રહ્મજીવન મુક્તિ, અને કૈલાસાદિકમાં સાકારમુક્તિ, ગૌલોક, વૈકુંઠ, સાકેત, અવ્યાકૃત, શ્વેતદ્વીપ, બદરીધામ આદિ સ્થળો તે બ્રહ્મલોકના ભાગો ગણાય, તેમાં ભિન્ન સ્થિતિ છે, બ્રહ્મલોકને અક્ષર બ્રહ્મલોક તરીકે સ્વામિનારાયણને સ્વીકૃત છે ત્યાં નિત્યદ્વિભુજ મુક્તોની સાકારસ્થિતિ સેવામુક્તિ ગણી છે. **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે અખીલ ભૂમંડલીય સાંપ્રદાયીક મુક્તિવ્યવસ્થાશાસ્ત્રમાં મુક્તિ તેમજ ધામોનો ઘણો જ વિસ્તાર કરેલો છે. તેઓ પરમ આદરણીય પરમ પવિત્ર મારા પરમ ગુરૂ છે. મહાન સંત છે, પવિત્ર મૂર્તિ મહાન ત્યાગી છે. આવા પવિત્ર સંતને મારા હજારો અભિનંદન છે. આપની વિદ્યાઓ વડે હું સુજીવિત છું, મારા આપને વંદન.**

- પંડિત શાન્તિપ્રસાદજી...

ડો. વસંત પરીખ.

અમરેલી, સૌરાષ્ટ્ર.

મારા દીર્ઘ વિજ્ઞાનમાં, પ્રબલ આત્મવિશ્વાસમાં, ગહન વિષયોની સ્પષ્ટતામાં મને શ્રીકૃષ્ણવલ્લભાચાર્યના ગ્રંથોએ ઘણો ફાળો આપ્યો છે, આવાં તેજસ્વી ગુરૂએ વિજ્ઞાન અને ભક્તિ બંને ક્ષેત્રો સમાન સિદ્ધ કર્યા છે. શાસ્ત્રીજીનો ઊંડો અભ્યાસ હિન્દુ ધર્મને પુષ્ટિ આપનારો નિવડ્યો છે. કેવલશુષ્કજ્ઞાની, કેવલ તાર્કિક, કેવલમાયાવાદી, કેવલપરમાણુવાદી, કેવલ સ્વપ્નવાદી, કેવલ ક્ષણિકતાવાદી, પોતાના પોઈન્ટ ઉપર મજબૂતી રાખવા કેટલીક અથડામણોના અંશોને જતાં કરે છે, તો પણ ધારી વાત બંધ બેસતી નથી. આવા પ્રસંગો જાણવામાં આવે છે, માટે તે **તમામ શાસ્ત્ર સાગર સમજી, ભણીને લોકહિતાર્થે સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ નવીન તત્ત્વશોધન કરી જનતાને આપેલ છે. આવા હિતચિંતકને મારા હજારો અભિનંદન છે.**

- ડો.વસંત પરીખ...

શ્રી મહાશંકરભાઇ. (વેદાન્તશાસ્ત્રી, સાખ્યયોગતીર્થ).

જામનગર, સૌરાષ્ટ્ર.

અમારા સૌરાષ્ટ્ર મહાગુજરાતના અને વારાણસીમાં વિદ્યાભ્યાસ વડે તૈયાર થયેલા મહાવિદ્વાનનું આવું સ્વાગત થાય છે તે અમારા જેવા માટે ઘણો આનંદનો વિષય છે. શ્રીસ્વામીજી મહારાજે અનેક પુસ્તકોની રચના કરીને કાશીજીને ઓપ ચઢાવ્યો છે, સારસ્વત મંદિર તથા ભાગવતી ભક્તિની અનન્ય સેવા કરી છે. શ્રીસ્વામીજી મહારાજમાં નવીન તર્કબુદ્ધિ જોવામાં આવેલી છે, અભ્યાસમાં, ભોજનમાં, રહેવામાં એકત્રિજ હતા. તેથી તેઓ દૈવી, બ્રહ્મશૈલી, ત્યાગી, વિશ્વવન્દ્ય બન્યાં છે, જગદ્‌ગુરૂ થયા છે, વૈષ્ણવ સાર્વભૌમ થયા છે, વેદાંતમૂર્તિ સ્વયં છે, આપને અમારા અનેક અભિનંદન સમ્માન અર્પણ કરીએ છીએ. આપે સંસારના ભૌતિક સુખો ત્યજ્યાં છે, જનકલ્યાણાર્થ ભક્તિ, ઉપાસના, વિજ્ઞાન વધાર્યા છે, ઘણાં ઊંચે સ્થાને આપ બિરાજો છો. રાજાઓ અને વડાપ્રધાનો પણ આપના ચરણોમાં નમે છે. આપ વિદ્વાન છો, સાચા વિદ્વાન છો, વિદ્યા, વિનય, પાત્રતા, ધર્મિષ્ઠતા સુહિતતા સંતોષ આપમાં રહ્યો છે, આપના ચરણોમાં ઘણાં તીર્થો વસેલાં છે, આપને જગદ્‌ઉદ્ધારક રત્નને અમારા ઘણાં ઘણાં બ્રહ્મભાવના પૂર્વક અભિનંદન છે.

- શ્રી મહાશંકરભાઇ...

હરિવલ્લભ ભાયાણી.

અમદાવાદ.

સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની સંસ્કૃતદર્શનસાહિત્યકાવ્ય વિગેરેની ભેટ એ મહતી જ્ઞાનભેટ છે, આપણા દેશના વિદ્વાનો પ્રેમ સન્માનના અધિકારી છે, આવા ભારતના મહાવિદ્વાનનું સમ્માન અભિનંદન જગતના વિદ્વાનોનું અભિનંદન છે, અધિકારીવર્ગને તો સતાને આધીન થઈ બધા વાહવાહમાં નાચવા માંડે છે, વિદ્યાના અધિકારીને તો હાર્દિક પ્રેમજ સ્વાગત કરીને અભિનંદિત કરે છે, આ અભિનંદનતો શિખામણિને ચળકતો બનાવશે, ભારતમાતા આવા વિદ્વાનો માટે જ પરમેશ્વરને શરણે ગએલી છે, જે આવા વિદ્વાનો વડે પૂજાવતી પોતાને માને છે. ધન્ય છે ભારતના આવા વિદ્વાનોને જેઓ વિદ્યા માટે સર્વસ્વ સ્વાહા કરે છે, આપને અમારૂ અભિનંદન.

- હરિવલ્લભ ભાયાણી...

ડો. વિશ્વનાથ બેનર્જી.

કાશી.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ જગદ્‌ગુરૂ, વૈષ્ણવાચાર્ય, ધર્માચાર્ય મહા સંસ્કૃતાચાર્ય છે, શાસ્ત્રાર્થોને ચૂંટે છે, આચારમાં સ્થાપે છે, સ્વયં તેને આચરે છે, માટે જગદ્વન્દ્ય મહાઆચાર્ય છે, આપના લાખો શિષ્યો છે એમ ગુજરાતી મંડલોમાંથી સાંભળવામાં આવ્યું છે.

આપે વૈષ્ણવમંત્ર અષ્ટાક્ષર આપીને હજારોને વૈષ્ણવી કંઠીઓ તથા પૂજન સત્કર્મ આપ્યાં છે અને જનતાને ભગવાન નારાયણ ભજતી કરી છે અને હજુ પણ એ પ્રમાણે જ વૈષ્ણવ ધર્મી બનાવો છો, છતાં શિવજી અને નારાયણ એકાત્મા છે એ મંત્ર સાથે જ જણાવી દો છો. સંતમૂર્તિ ભગવાન તારનારાં છે, વિપ્રમૂર્તિ વેદો તારનારાં છે, અગ્નિમૂર્તિ સંતો પાવન કરનારાં છે, ધર્મરૂપી આચાર્યો સ્વર્ગીય મોક્ષીય માર્ગ દર્શકો છે, પાતિવ્રત્ય ભક્તિરૂપી દેવીઓ સેવાભક્તિ દર્શાવનારાં છે, શાસ્ત્રી મહર્ષિઓ અજ્ઞાન ઉડાડનારાં છે, ગુરૂરૂપી સૂર્યો અંજવાળું કરનારાં છે, ભાગવત ધર્મરૂપી વહાણો સંસારપારનાં આધાર છે, યોગી યતિજનો બ્રહ્મલોકના યોગ આપનારાં છે, આવા આપનાં સૂત્રો બગીચામાં બેસીને વાતચીતોમાં નીકળતા તે પણ ઘણું યાદ આવે છે.

મને કાશીજીમાં આપનો આવો ઉજળો યોગ થયેલો તેને હું પારલૌકિક દિવ્ય ભાગ્ય માનું છું, આપ વડે કાશી શોભે તેવા આપ વિદ્વાન છો, એવા સત્યમ્ શિવમ્ સુંદરમ્‌ને મારા અનેક દંડવત્ સાથે અભિનંદન સ્વીકારવા વિનંતી. આપનું જીવન અભિનંદન સુમૂર્તજ છે, આત્માન્વેષણ પરાયણ આપ છો, જેની ભક્તિ કરવી જોઈએ તે મય આપ સ્વયં મૂર્તિ છો, અવ્યકતમાંથી વ્યકત થયા છો.

કાશીજીની સંસ્કૃત વિદ્યાની દુર્બલ અવસ્થાને મટાડી સબળ અવસ્થા કરવા આપનો પ્રાવિર્ભાવ છે, આપમાં તમામ તત્ત્વો છે, તેથી વર્ણન તે તો પુનરુક્તિ જેવું છે. ભારતદર્શનોના તેજસ્વી સૂર્ય આપમાં ન્યાયતર્ક વધારે ચળકી રહ્યાં છે, આપ ન્યાયના પ્રાણ છો, ન્યાયશીલ ન્યાયમૂર્તિ છો, ન્યાય આપવા વિચરો છો, ન્યાયની વિભૂતિ છો, આપને મારાં અનેક આનંદાભિનંદન છે.

- ડો.વિશ્વનાથ બેનર્જી...

પંડિત બટુકનાથ શાસ્ત્રી, ખ્રિસ્તે.

વારાણસી.

સ્વામી શ્રીકૃષ્ણવલ્લાભાચાર્યજીએ ન્યાય, વેદાન્ત, સાંખ્ય, યોગ, મીમાંસા, સાહિત્ય, સંહિતા, જ્ઞાનોપદેશ, વિજ્ઞાન તત્ત્વો, વાદ-વિવાદો, આવિષ્કારો આદિ આદિક ઉપર એક સાથે પોતાના મધ્યજીવનમાં અદ્‌ભુત કલમ ચલાવી છે, તેમા અદ્‌ભુત વ્યાસજીની પ્રમિતિ કરાવે છે. શોધ અન્વેષણના વિદ્વાનો બહુ જ થોડાં મળે છે, કાશીજીમાં તો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ અધ્યયનના સ્થળે નજરે ચઢે છે, જે વિદ્યાધ્યયન મૂર્તિ હતી તે ઉજ્જવલ આકર્ષક બ્રહ્મચારી તરી આવે છે, જેમના ગ્રંથો આત્મબળ, સ્થિરતા, જ્ઞાનભક્તિ વિગેરે પંકાય છે. આપ અધિક માસોમાં, શ્રાવણોમાં, ગંગાજીમાં, મણિકર્ણિકાઘાટે, સવારે ચાર વાગતા જ સ્નાન કરી 'શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે, હે નાથ નારાયણ વાસુદેવ' આવું ભજન કરતા જલકળશ લઈને ખુલ્લે પગે નીકળતા, સરસ્વતી ફાટકે સરસ્વતીની પૂજા કરી શ્રીકાશીવિશ્વનાથજીને ગંગાજળ અને પુષ્પો વડે પૂજતા પછી તુરત જ અન્નપૂર્ણાન્ત અને ઢુંઢિરાજ ગણેશજીના દર્શન કરી નિજ આશ્રયમાં પધારતા જોયા છે. આવી ભક્તિ અને વિદ્યા તે હાલ કાશીજીમાં અધિક પંકાય છે. અમો આપને કહેતા, બ્રહ્મચારીજી ! આપને ઉપાસનાનું બલ ઘણું છે, આપ ઉપર દેવતાની પ્રસન્નતા છે, જેથી સંસ્કૃત વાગ્ધારા તથા કઠિન કિરણાવલીઓ વડે આપ વારાણસેય વિદ્વાનોનામાં પંકાઈ રહ્યા છો. આપને અમારા હાર્દિક અસંખ્ય અભિનંદનો છે. આપ શ્રીસ્વામિનારાયણ પ્રભુ ઘનશ્યામસ્વરૂપે નિજ પિતાજી ધર્મદેવ સાથે કાશીજીમાં તીર્થ માટે પધાર્યા તે વખતે જ ગો-મઠમાં ઉતરેલા- તે આપ નિજ સેવકો, યાત્રીઓને લઈને દર્શન કરવા, જોવા આવેલા ત્યારે મેં આપને મઠનો પ્રાચીન પ્રસંગ પૂછેલો. આપે મને ઘાટની સીડી ઉપર જ ઉભા રહીને સંસ્કૃત ગીર્વાણમાં તે જમીનનો પ્રસાદિપણાના મહિમાનો ઈતિહાસ કહેલો તે મને નેત્રો આગળ તદાકાર દેખાય છે. **આપ કોઈ કાશીના જ પ્રાગ્ભવીય મહાન સન્યાસી વિદ્વાન પુરૂષ હાલમાં વૈષ્ણવ સંન્યાસી વરતો છો, આપનો જયકાર થાઓ, આપ અવતારી અંશ છો. આપને મારા જેટલા કાશીવિશ્વનાથજીને દંડવત્ પ્રણામ તેટલાજ દંડવત્ પ્રણામ હો, સંસ્કૃતમાં સંસ્કૃતિમાં અને શ્રધ્ધામાં આપનો ઋણી છું.** શ્રીનારાયણશાસ્ત્રી ખ્રિસ્તે સરસ્વતી ભવનમાં આપ પોષ્ટાચાર્યનું કામ કરતા ત્યારે મને કહેતા, આ વિદ્વાન બુધ્ધિમાન તાર્કિક મહાલેખક છે, તેઓ ભવિષ્યમાં બહુજ પંકાશે તે વાકય મને યાદ આવે છે. આપનો ઋણિ.

- પંડિત બટુકનાથ ખ્રીસ્તે...

સુ.ના. વ્યાસ.

પદ્મવિભૂષણ, કાશી.

શ્રી સરસ્વતીના સંપૂર્ણ અવતાર સ્વરૂપ સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ અંધશ્રધ્ધાના અંધકારોમાં વર્તમાનયુગમાં સાત્વિક સત્ય શ્રધ્ધામય ભાસ્કર પ્રગટાવ્યો છે. આવા મહાન ઋષિ સર્વજ્ઞ કલ્પ છે, આપે ચાલુ જીવનમાં અધ્યયન કરીને સારસ્વત વિશાલ સાગર વલોવ્યો હોય એ તો તર્કથી બહારની વાત છે, પૂર્વે સાગરો બનાવનારા, ઉપજાવનારાએ સાગર વલોવ્યો હતો, પીયૂષ મેળવ્યું હતું, પીયૂષના ઉપજાવનાર પણ પ્રથમથી જ હતાં. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે બ્રહ્માજી દ્વારા સરસ્વતી પ્રકાશિત કરીને ઋષિ મહર્ષિ દેવ, માનવો, સંતો, ઈશ્વરે સાગરો ઉપજાવ્યાં તેમાં પીયૂષો મેલ્યાં તેને જ ઉપજાવીને અપાવવા માટે આપે સમયાનુસાર પ્રયત્ન કરેલ હોય તેમ તર્ક સ્થિરતાને પામે છે, નહિ તો એક સાથે ટુંકા અવસરમાં, મધ્ય અવસ્થામાં અધિતિ બોધ, આચરણ પ્રસારણ કયાંથી બની શકે ? આપે સરલ સુબોધ બધી વિદ્યાઓ કરી દીધી છે. ઐતિહાસીક સૃષ્ટિને તો અતર્કય સુતર્કિત દેખાડી દીધી છે, વાંચનારાઓ સુસંગત કરશે ત્યારે ઊંડાણનું આશ્ચર્ય ચમત્કાર દર્શાવશે, આવા સંસ્કૃતિ સાહિત્ય સંસ્કારની તન્મયમૂર્તિ આપ છો, આપની કિરણાવલીઓ સંસ્કૃત, સાહિત્યની અમૂલ્ય નિધિઓ છે, આપના ભારતીય દર્શનોના ગ્રંથો સભાષ્ય સટીકા જે જે રચાયેલ છે, તે તે ભારતીય સંસ્કૃતિના મહાદર્પણો દીર્ઘદૂર્મીનો છે, આપ આવા આવિષ્કારો માટે હાર્દિક પ્રેમપાત્ર થયા છો, આપે યોગ્ય વિદ્યાઓ વડે યોગ્ય સેવાઓ આદરી છે, આપ સંસ્કૃતના પ્રબળ વિદ્વાન, પ્રતિભાશાલી લેખક, ભારતના મહાન સંત, દૈવીપુરૂષ છો, સરસ્વતીના સંપૂર્ણ સાધક છો, વિવિધ વિદ્યાઓના મર્મજ્ઞ મનીષી છો, એવા આપને અમારા અનંતના ધન્યવાદ સન્માન પ્રણામો અને અભિનંદનો છે.

- સુ.ના. વ્યાસ...

ડૉ.કૃષ્ણકાંત ચતુર્વેદી.

વારાણસી.

પ્રભુને વધારે પ્રાર્થના કરીએ છીએ જે - આવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વયં મહાપ્રભુજીની સ્મૃતિ કરાવનારા તથા મૈથિલિ વલ્લભાચાર્ય નામક ન્યાયિક વિદ્વાનની સ્મૃતિ કરાવનારા મનીષી વિદ્વાનની છત્રછાયા દીર્ઘ સમય સુધી ચાલુ રહે અને દેશી-પરદેશી અધિજિજ્ઞાષુ વિદ્વાનો તથા સંસ્કૃતજ્ઞો તથા વિદ્યાર્મગ્નોને માર્ગદર્શન આપ્યા કરે. અમારા એમને અનેકાનેક અભિનંદન છે.

- ડૉ.કૃષ્ણકાંત ચતુર્વેદી...

ડો. બાબુલાલજી શુકલ.

ઈન્દૌર.

મેં લક્ષ્મીનારાયણ સંહિતા સંપૂર્ણ વાંચી, તેમાં સમગ્ર સૃષ્ટિ, વિજ્ઞાનો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે સન્નિવેશિત કર્યા છે, અગમ્ય વસ્તુઓ પણ સુગમ કરી છે. બીજા અધ્યયનના ગ્રંથોમાં તો સૂર્યનો પ્રકાશ મેલ્યો હોય તેવી અનહદ કલમ ચલાવી છે. આપના આવા ગ્રંથો વડે મારો ગર્વ ગળી ગયો. આપની વિદ્વતાને વાચસ્પતિ પણ પહોંચવામાં વિલંબ અનુભવે એટલા આવિષ્કારો કર્યા છે. જરૂર આપ કે આપનામાં શ્રીકૃષ્ણનારાયણ શયન કરી રહેલા છે, નહિ તો આટલું સર્વજ્ઞપણું ન સંભવે, ભારતની કોઈપણ વિદ્યાઓ આપને અજાણી નથી, આપ ન્યાયમૂર્તિ છો, આપે સંસ્કૃત વિભાગોના વિજ્ઞાનોમાં ઘણો પ્રકાશ પાડ્યો છે, ઉદ્ધારક છો, આપ ચિરંજીવો અને સંસ્કૃત સરસ્વતીની સેવા ખૂબ જ કરો, આપના પુસ્તકોના અધ્યયનમાં, કથાઓમાં આપને લાખો લાખો માનવો સંભારે છે, આપ અમર છો, આપની વિદ્યા જયોતિ અમર છે, આપને અમારા અભિનંદનો છે.

- ડૉ. બાબુલાલજી શુકલ...

ડો. ઈશ્વરલાલ દવે.

રાજકોટ, સૌરાષ્ટ્ર.

અમો વિદ્વાનો ભારતના મહાન સંસ્કૃત વિદ્વાન, સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને ઘણાં ઘણાં અભિનંદનો અર્પીએ છીએ. આપ સદાચાર સમન્વિત છો, વિશ્રૃત કીર્તિ છો, માનવોના હિતમાં પ્રેમભર્યા છો, ભગવાનની આરાધનામાં તત્પર રહો છો, જ્ઞાન-વિજ્ઞાનના વિકાસમાં તાત્ત્વિક બૌદ્ધિક પ્રયત્નમાં નિર્મગ્ન વરતો છો, સરસ્વતીની કૃપાના નિધિ છો, લાખો શિષ્યો આશ્રિતોના પ્રભુ છો, આપ કેવલ પંડિત સાર્વભૌમ જ નથી પણ સહૃદય શિરોમણી અને સદાચાર તથા ભાગવત ધર્મની મૂર્તિ છો, શ્રીકૃષ્ણના મહાત્માજ્ઞાની સ્વરૂપ છો, આપશ્રી ભક્તિ જ્ઞાન શ્રધ્ધાની ત્રિવેણી પ્રગટાવીને ભારતીય પ્રજાને તો શાંતિ, સુખ, વિદ્યા, પ્રકાશ આપનારા છો. આપની ન્યાય કિરણાવલી કૃતિઓ ભારતીય ગૌરવપૂર્ણ તત્ત્વજ્ઞાનીઓના મોટા દેણાં દેનાર છે, આપની આવી ફિલોસોફીની કૃતિઓ, પૃથ્વી પર એક વિલક્ષણ સમૃદ્ધિ ચિરઃસ્થાયી નાણા રૂપ છે, તે ભારતનું મહાન ગૌરવ છે.

- ડૉ. ઈશ્વરલાલ દવે...

ડો. એસોર સોલોમન.

33, નેહરુનગર, આંબાવાડી, અમદાવાદ.

પંડિતવર્ય નવ્ય ન્યાયાચાર્ય, ષડ્દર્શનાચાર્ય, સાંખ્યતીર્થ, વેદાંતતીર્થ, કાવ્ય કુશળ, ન્યાયવૈશેષિકશાસ્ત્રી વૈષ્ણવ વિદ્વત્સાર્વભૌમ સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની સાહિત્ય સાધના અને તપશ્ચર્યા જાણીતી છે. એ ઉચિત જ છે કે તેમના આદરાર્થે અને તેમનું નામ સદા લોકોના જિહ્વાગ્રે રહે તે માટે અભિનંદન ગ્રંથનું પ્રકાશન થઈ રહ્યું છે.

સંસ્કૃત વિદ્યાનાં મૂળ પ્રત્યેકનાં હૃદયમાં દૃઢ બને અને તેમાં રહેલાં રત્નોનો લાભ સૌને મળે તે માટે, સ્વામીજીએ સંસ્કૃત, હિન્દી અને ગુજરાતીમાં ઘણું લખ્યું છે. ન્યાય, સાંખ્ય, યોગ, વેદાંતના ભિન્ન સંપ્રદાયો, મીમાંસા, ભક્તિ આદિ અનેક દાર્શનિક સંપ્રદાયો અને પ્રવાહોથી સૌ પરિચિત બને અને તેમનાં સંસ્કારોથી પાવન અને તેજસ્વી થાય તે માટે સ્વામીજીની સાધના અદ્વિતીય છે. તેને આદરપૂર્વક વંદન જ કરવાના હોય, સ્વામીજીના આશીર્વાદ સૌ પર સદા રહે, એવી પ્રાર્થના. પ્રસંગ અને મહોત્સવને સર્વ પ્રકારે ઉજ્જવલ સફળતા ઈચ્છું છું.

- એસોર સોલોમન...

શાસ્ત્રી અનુપરામભાઈ.

અમદાવાદ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આ યુગના વ્યાસ ભગવાન શ્વેતાયનપ્રભુજી આપ વિશ્વવંદ્ય વિદ્વાન છો. હું દ્વારિકાજી, જગન્નાથજી, બદરીનાથજીના શંકરાચાર્યો સાથે ઘણું વિચર્યો છું, મેં આપની કીર્તિ ઘણી સાંભળી છે, આપના વિદ્વતા ભરેલા સુવર્ણ સુગંધિત ગ્રંથો વાંચ્યા છે. શંકરાચાર્યોજી તે ગ્રંથોને ભણ્યાં છે, આ યુગમાં ભારતના સર્વશાસ્ત્ર પ્રવિષ્ટ ધુરંધર પ્રકાંડ વિદ્વાન અજોડ એક જ વખણાઈ રહ્યા છો, મેં કાશીજીમાં આપની કીર્તિ ઘણી સાંભળી જોઈ છે, મહાગુજરાત રાજ્યે આપનું બહુ સમ્માન કર્યું તેથી મને ઘણો હર્ષ થયો છે, ધન્ય છે તમારા જેવા વિદ્વાન શાસ્ત્રીઓને, આજે ભારત તમારાથી શોભે છે. આપ મારા હજારો અભિનંદન સ્વીકારજો. આપના તા. ૧૮-૧૧-૭૮ ના ગુજરાત સમાચારમાં બહુ સન્માનના સંદેશા પ્રગટ થયા છે.

તા. ૨૦-૧૧-૭૮

- અનુપરામ શાસ્ત્રી...

सत्यकाम विद्यालंकार.

चन्द्रेश्वर भवन, २/१७८, स्योन रोड, वेस्ट मुंबई.

હું વિદ્વાનોની પ્રતિભાઓમાં ઓતપ્રોત છું પણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહા પંડિતજીની પ્રતિભામાં તો આશ્ચર્ય ગરકાવ બની ગયો છું. બીજા પંડિતો મંડુક પ્લુતિઓજ કરતા હોય છે. કઠિન જગ્યામાં કૂદકો મારીને પોચી જગ્યામાં પડતા જાય છે. જયારે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તો સંસ્કૃત સાહિત્યના ગૂઢ તત્ત્વોને, સરલ તત્ત્વોને પણ સાગમટે લેતા જાય છે તમામ ગ્રંથના છૂટા છવાયાં તત્ત્વોને પણ ત્યાં ઉપસ્થિત કરી કારણ, કાર્ય, પ્રયોજક, સંસર્ગ ફલ ફૂલ નિમિત્તે આદિ આદિ તથા જાતિ, ધર્મ, જ્ઞપ્તિ, વ્યવસાય, અનુવ્યવસાય આદિ આદિ તમામ અંગોને ખૂબ ખુલાસાઓ સાથે સુસ્પષ્ટ વ્યકત કરીને આગળ ચાલે છે. આવા ગ્રંથો વાંચીને આશ્ચર્ય થાય છે જ કે- આવા પ્રકાંડ વિદ્વાન આપણાં મધ્યે આજના યુગમાં વિરાજીત છે. આવાં દિવ્ય મનીષીઓને વેદ પોતે સાચા વિદ્વાનો તરીકે વર્ણવે છે. એમને હું ઘણાં ઘણાં અભિનંદનો અર્પું છું, મારા ઘણા નમસ્કાર હો.

- सत्यकाम विद्यालंकार...

डो. भोलानाथ तिवारी.

दिल्ही.

આ બાબતની અતિપ્રસન્નતા થાય છે- જે આપ સર્વે વિદ્વાનો સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજના અભિનંદન કરો છો, તેનો ગ્રંથ પ્રકાશિત થઈ રહ્યો છે, તે તો મહાન શુભ કાર્ય છે. **આ સ્વામીશ્રી પરમેશ્વરતુલ્ય સર્વજ્ઞ વ્યક્તિ શાસ્ત્રોના સાક્ષાત્ અવતાર છે, ચારો વેદ આ સ્વામીજીમાં સમાયેલા છે, સર્વે શાસ્ત્રો તેમનાં અવયવોમાં બેઠાં છે, ભાષ્યોરૂપી સૂર્યો, ટીકાઓ રૂપી ચન્દ્રો, ટિપ્પણીઓ રૂપી તારાઓ તેમની મૂર્તિ છે.** આવા મહાન વિભૂતિને અભિનંદન સમર્પણમાં હું મારી શ્રદ્ધાંજલિ સમર્પિત કરું છું. ભારતના વિદ્વાનોમાં અગ્રગણ્ય કાશીનાં પ્રખ્યાત વિદ્વાન સ્વામીજી ઘણું દીર્ઘ જીવન જીવો તેમજ સંસ્કૃત સાહિત્ય દ્વારા સ્વદેશને ઉજજવલતા ગૌરવાન્વિત બનાવતા રહો.

- ભોલાનાથ તિવારી...

ડો. પંડિત રામમૂર્તિ ત્રિપાઠી.

વિશ્વવિદ્યાલય, આવાસ, કોઠી રોડ, ઉજ્જૈન.

પ્રાતઃવંદ્ય સ્વામીવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ભગવન્નિષ્ઠસાધક તથા સરસ્વતીના અપ્રતિમ આરાધક છે. પચાસની લગભગ આપની વૈદુષ્ય સંવલિત કૃતિઓ આપની સ્તુત્ય મૂર્તિની યોગ્યતા બતાવે છે. આવા જ્ઞાની કર્મકાંડી તથા ભક્તિવાળા જંગમ ત્રિવેણી સ્વરૂપ આપ શાસ્ત્રીજી વિદ્યાના સંસ્પર્શ માત્રથી જ સન્નિધિસ્થ સમસ્ત વાયુમંડળ નિર્મલ નિઃકલ્મષ થઈને સમગ્ર સંસારને પવિત્ર કરનારા થાઓ છો, આપના ગ્રંથો તથા અભિનંદન ગ્રંથરૂપી મહાયજ્ઞ સમર્પણમાં મારી હાર્દિક ભાવનાવાળી વાણી સમિધ આપને સમર્પિત થાઓ. આપ દર્શન વડે, વિદ્યા વડે, ઉપદેશ વડે, સત્કર્મ વડે, જગતનું કલ્યાણ કરવા અજ્ઞાન, અવિદ્યા, માયા, બન્ધનો ટાળવા માટે માન્ય સન્ત શ્વેતાયન મૂર્તિ જગતમાં વિરાજો છો, નિર્લેપ છો. આવા અવતારી પુરૂષને મારા હજારો નમન સાથે અભિનંદન સ્વીકારજો.

- ડૉ. રામમૂર્તિ ત્રિપાઠી...

ડો.હજારીપ્રસાદ દ્વિવેદી.

એ-૩૩, રવીન્દ્રપુરી, વારાણસી.

આથી મને ઘણી પ્રસન્નતા થાય છે, જે વિદ્વદ્વર્ય પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના અભિનંદનનું આયોજન થશે. પંડિતજીએ અત્યાર સુધીમાં ચૂમ્માલીશ ગ્રંથો રચ્યાં છે. **આપ ન્યાય વેદાન્ત સાંખ્ય યોગ, મીમાંસા, વેદાંત, સાહિત્ય, આદિ વિવિધ દર્શનશાસ્ત્રોના ભાષ્યકાર તથા ટીકાકાર મર્મજ્ઞ સત્ય મહા આચાર્ય છો. સંસ્કૃત, હિન્દી, ગુજરાતીનાં ઘણાં સારા લેખક છો, ભક્તિશાસ્ત્રના પુરાણોના કાવ્ય ઈતિહાસોના નિષ્ણાંત વિદ્વાન છો.** મેં પંડિતજીની શાસ્ત્રીયરચના વાંચી છે, તે વડે તેમની સરલ શૈલી તથા તાર્કિક પધ્ધતિ પ્રશંસાપાત્ર છે. આવા મહાન આચાર્યના અભિનંદનનાં અવસર ઉપર હું પોતાની પ્રણતિ નિવેદન કરું છું.

તા. ૧૨-૭-૭૬

- ડૉ. હજારીપ્રસાદ દ્વિવેદી...

શાસ્ત્રી હરિપ્રસાદજી.

પંચવટી તપોવન, નાસિક.

શ્રીમાન માનનીય વેદશાસ્ત્ર સંપન્ન સ્વતંત્ર મહામહોપાધ્યાય પંડિતરાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પ્રતિ શાસ્ત્રી હરિપ્રસાદજીના સહર્ષ સવિનય જય સ્વામિનારાયણ વાંચશો. **ગુજરાત સરકારે આપની વિદ્વતાની કદર કરી, પુરસ્કાર અર્પણ કરેલ છે. તેથી અમો ઘણા રાજી થયા છીએ, આપશ્રીએ અનેક મુશ્કેલીઓ વેઠીને વિદ્યાઅભ્યાસ કર્યો છે. તેની સાચી કદર થઈ છે, આપે દર્શનોના ગ્રંન્થો તથા સંપ્રદાયના ગ્રંન્થો રચીને ગીર્વાણ ભાષાનો ઘણો જ પ્રચાર કર્યો છે, આટલી ઉંમરે પણ આપશ્રી સાહિત્યનું સર્જન કરી રહ્યા છો, જેથી અમો ગૌરવ અનુભવીએ છીએ. દેશ-વિદેશોમાં પણ આપશ્રીની અજોડ વિદ્વતા તરીકેની સિદ્ધિ છે. આપશ્રીના ગ્રંન્થો વાંચીને સહુ કોઈ પ્રભાવીત બને છે, નવ્યન્યાયના ગ્રંન્થો આ સંપ્રદાયમાં આપશ્રીએ જ લખ્યાં છે, જેની સંપ્રદાયના અને દુનિયાના વિદ્વાનો કદર કરે છે, ઉત્તર ભારત રાજ્ય તરફથી પણ આપને મહાસન્માન મળવું જાહેર થએલ છે. આપ ભારતના રાષ્ટ્રીય વિદ્વાન અજોડ એક હાલમાં પંકાઓ છો.** આપને શ્રીલક્ષ્મીનારાયણદેવ, શ્રીરાધા-રમણદેવ, શ્રીગોપીનાથજી મહારાજ દીર્ઘાયુષી બનાવે એવી શ્રીહરિ ચરણોમાં હાર્દિક પ્રાર્થના છે, સંતમંડળના જય સ્વામિનારાયણ વાંચશો.

તા. ૩-૧૨-૭૮

- શાસ્ત્રી હરિપ્રસાદજી...

ડૉ.સત્યવ્રત સિંહ. (એમ.એ., પીએચ.ડી., ડી.લિટ).

ભવાની વિહાર, માંડલ હાઉસેજ, લખનઉ.

હું સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમના સમ્માનમાં આપના પ્રકાશિત થવાના અભિનંદન ગ્રંથમાં મારો નાનો લેખ સંસ્કૃતમાં મોકલાવું છું. શ્રીસ્વામીજી મહારાજની સાંખ્યકારિકા કિરણાવલીના સંબંધમાં વિશેષ લેખ પણ મોકલાવીશ. **સ્વામીજી મહારાજે દર્શનાશાસ્ત્રોના ગ્રંથો લખી વિદ્વાનોને તેમજ વિદ્યાર્થીઓને ભણવા ભણાવવામાં ઉપયોગી વિશાલ સાગર જેવો ઉપકાર કર્યો છે,** આવા કાશી વિદ્વમંડલ મૂર્ધન્ય નૈષ્ઠિક બ્રહ્મવર્તી આચાર્યશ્રીને મારા અનેક અભિનંદનો સાથે ધન્યવાદ.

તા. ૨૦-૪-૭૬

- ડૉ.સત્યવ્રતસિંહ...

આચાર્ય કામેશ્વર.

શુક્લતીર્થ.

નજરે નિહાળેલ અભિનંદન – જૂનાગઢ, દૈવી પાટોત્સવ મૂર્તિધારી સ્વરૂપ દેવતા, શ્રીમાન્ મહામહોપાધ્યાય ભારતભૂષણ, ન્યાયમૂર્તિ, ડૉક્ટરેટ ઓફ ફિલોસોફી, ડૉક્ટરેટ ઓફ લિટ્રેચર, ષટશાસ્ત્રોના, ૧૪ વિદ્યાઓના ૬૮ કળાઓના, શેવધિ ખજાના આત્મા, ચેતનાત્મા, બ્રહ્માત્મા, ઈશ્વરોના, બ્રહ્માંડોના સંચાલક શ્રીહરિના નિવાસપાત્ર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ શાસ્ત્રીજી સ્વામીજી આપ જેવા તપસ્વી મહાવિદ્વાને વિશ્વમાં શ્રીસ્વામિનારાયણ નામ સંપ્રદાય અને સિદ્ધાંતોના શાસ્ત્રો લખી ખૂણે ખૂણે પહોંચાડી દીધા છે, વિદ્વાનમાં વિજય મેળવ્યો છે.

કાશી વિગેરેના વિદ્વાનો આપને ધુરંધર અગ્રગણ્ય વિદ્વાન મહાવિદ્વાન માનતા થયાં છે. વડોદરાના પ્રિન્સીપાલ સાહેબ તો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તો હાલમાં પંડિતઃ - પંડીતૌ-પંડિતાઃ એમ આપને માટે એક જ છો એમ કહે છે. આપના અતિકઠિન, અતિગહન, ન્યાય વેદાન્ત, સાંખ્ય યોગ, મીમાંસાની કિરણાવલીઓને તો વિદ્વાનો ભણે ભણાવે છે, એવા આપ વ્યાસ ભગવાન પૃથ્વી પર મહાપુરાણ બે લાખ જેટલાં શ્લોકોમાં રચીને ભારતને તથા વિશ્વને આપનારા આપ પ્રગટયા છો, આપ સર્વોપરિ વંર્તો છો, આપ જ્યાં બિરાજો છો ત્યાં આપનો પ્રતાપ એવો છે કે લાખો માનવો, લાખો દેવતાઓ, આપના ધાર્યા પ્રમાણે સેવા કરનારા હાજર થાય છે.

આપના વ્યાસપીઠ ઉપર બિરાજતી વખતે પ્રતાપ જે કાંઈ મુંબઈ અને જૂનાગઢમાં જોયા સાક્ષાત્ પ્રભુની મૂર્તિ આપ છો, 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવા પ્રતાપી દૈવી નિત્યમુકત પરમપુરૂષ, ઉતમપુરૂષ, બિરાજો છો. જુનાગઢ મંદિરમાં શ્રીરાધા-રમણદેવ આદિકનો આપના પ્રતાપે દોઢસો વર્ષોનો મહામહોત્સવ, મહાપાટોત્સવ ઉજવાયો, જગતભરમાં કીર્તિ વ્યાપી ગઈ. આવું ગૂઢ ઐશ્વર્ય આપનું છે, બીજા તો શક્તિ પ્રમાણે માને જે મેં કહ્યું, પણ આપની શક્તિ વિશ્વમાં વ્યાપે તેવી જણાઈ, બૃહસ્પતિ અને સૂર્ય સમાન આપની શોભા હતી, લાખો માણસો આપના દર્શન માટે દોડતા, તલસતા, મોટી કતારોં જામતી હતી, આપનો સદાય જય છે, સૌરાષ્ટ્ર આપને લઈને ઉજળું છે.

- કામેશ્વર આચાર્ય...

વિદ્યાભાસ્કર મણિશંકર વસંતરામ ઉપાધ્યાય.

સાંખ્ય યોગાદિક વૈદિક સિદ્ધાન્તી, વડોદરા.

મને એમ મનાતું હતું કે, સંસ્કૃત વિદ્વાનો પ્રગતિશીલ વિકાસી નથી હોતા પરંતુ આજ પ્રતીતિ થાય છે- જે મહાવિદ્વાન સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે કાશીના વિદ્વાને સૌરાષ્ટ્રના સત્પુત્રે સંસ્કૃત વાઙમય સાગરને સંપૂર્ણ આતલ મસ્તક વલોવી નાખેલ છે અને વિભિન્ન પ્રકારના અમૃતો, સુધાઓ, પીયૂષો, રત્નો પ્રગટમાં લાવીને જનતાને આપ્યાં છે, જરૂર તેમની કિરણાવલીઓ સૂર્યકિરણાવલીઓ છે, જે સમગ્ર પૃથ્વીમાં અજવાળા આપી રહી છે. આપશ્રીના ૪૫ ગ્રંથો વડે સંસ્કૃત, હિન્દી, ગુજરાતી પ્રેમીજનો ભાષ્ય ટીકાઓ, ટિપ્પણીઓ વડે ઉપદેશો વડે પદ્ય-ગદ્યમાં રચેલા શાસ્ત્રો સંહિતાઓ વડે અસામાન્ય પ્રગતિ મેળવશે, આત્મોન્નતિ પામશે, કલ્યાણમાં વર્તશે. આપનું અભિનંદન તે યથાર્થ યોગ્ય અભિનંદન છે. સમસ્ત પૃથ્વીના વિદ્વાનોના અભિનંદનપાત્ર આપ ઉચ્ચ વિદ્વાન વ્યક્તિ છો, આપના ગ્રંથો ભણશે તે આપ સમાન વિશ્વવિખ્યાત પંડિત થશે, ભારત દેવી તેમના ઉપર વધારે પ્રસન્ન રહેશે.

તા. ૯-૨-૭૬

- મણિશંકર વસંતરામ ઉપાધ્યાય...

ડૉ.રામચંન્દ્ર બિલ્લૌર. (એમ.એ., હિન્દી, સંસ્કૃત, એલએલ.બી., પીએચ.ડી.).

સાહિત્યાલંકાર, ૧૦૨, જાનકીનગર, ઈન્દોર.

ભારતમાં મહાવિદ્વાન ચમત્કારી સંત પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના અભિનંદનનો ગ્રંથ તૈયાર થાય છે, અંધકારમય જગતમાં અંજવાળાની કિંમત કરતો ગ્રંથ પ્રકાશિત થાય તેની જરૂરત છે. હવે જગત ક્ષીણ થતું જાય છે, અજવાળામાં ઉપર ઉપર જતું જાય છે, વિદ્યાઓમાં પ્રવિષ્ટ થતું જાય છે. તેમને સંતોષવા પંડિત શ્રીસ્વામીજીએ નવ્ય તર્કો વડે ઘણાં તત્ત્વજ્ઞાનો વિસ્તાર્યા છે, તે અભિનંદન અને સ્વાગત માટે યોગ્ય છે. આપ વિદ્વાનોની સાધના સફળ થાઓ, મારા પણ અભિનંદન સ્વીકૃત થાઓ. પ્રભુજી ભવિષ્ય માટે પણ તેવો વૈજ્ઞાનિક વિકાસનો સુક્ષ્મદર્શી વર્ગ ઉપજાવતા રહે એવી પ્રાર્થના કરું છું, ભારતની સૂક્ષ્મ દાર્શનિક વિદ્ધતામાં ચઢતીકળા રહ્યા કરે, અનંતકાલ સુધી અભિનંદનીય પ્રણાલી ચાલતી રહે.

તા. ૨૪-૨-૭૬

- ડૉ. રામચંદ્ર બિલ્લૌર...

સીતારામ ચતુર્વેદી.

ઉત્તર બેનિયા બાગ.

॥ કાશી, ન દૈન્યં ન પલાયનમ્ ॥

ભારતના સંસ્કૃત વાઙમયના ધુરંધર, પ્રકાંડ વિદ્વાન, સાહિત્ય તર્કદર્શનાદિના મહામનીષી, લેખક, પંડિત પ્રવર, કાશીના મહાવિદ્વાન, અગ્રગણ્ય સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ષડ્દર્શનાચાર્ય, સાંખ્યયોગતીર્થ, વેદાન્ततીર્થ, મીમાંસા તીર્થ, નવ્યન્યાયાચાર્ય, ન્યાયવૈશેષિકશાસ્ત્રી, વૈષ્ણવવિદ્વત સાર્વભૌમદાર્શનિકપંચાનન, મહામહોપાધ્યાય, ભારતભૂષણ, એમ.એ., ડી.ફીલ. ડી.લીટ, સાહિત્યમનીષી, દાર્શનિકમાર્તંડ, શ્વેતાયન વ્યાસ મહર્ષિના સમ્માનમાં એમની વિદ્વતા પ્રતિ સાર્વજનિક શ્રધ્ધા માટે અભિનંદન ગ્રંથ તૈયાર થઈ રહ્યો છે.

આવા ઉદ્ભટ વિદ્વાન ગીર્વાણવાણીના જવલંત સ્તંભની સાર્વજનિક પ્રસંશા અભિનંદન રૂપમાં થશે. તેમની પ્રતિભાનું હાર્દિક સમ્માન તથા તેમના સંસ્કૃત, પ્રાકૃત, દાર્શનિક ગ્રંથોના પ્રચારનું સમ્માન તથા અસંખ્ય શિષ્યોને ભણાવ્યા, તેમનું અભિનંદન તથા રચેલા ગ્રંથોનું ભવ્ય સ્વાગત, સુધાપાનના ઘુંટડા પાયા, ભણાવ્યા. તેઓના અસંખ્ય શિષ્યો હાલમાં ભિન્ન ભિન્ન દેશોમાં આચાર્યો અધ્યાપકો આદિ છે. તેમણે આપેલા અભિનંદનો તથા પોતાના વૈદુષ્ય અને ચારિત્ર્યો વડે સાંપ્રદાયિક તથા જિજ્ઞાસુ જનતાને આપેલ જ્ઞાન બોધ દ્વારા આનંદમય અભિનંદનના પ્રત્યભિનંદનોમાં અમારું પણ નાનું એવું અભિનંદન સ્વીકૃત થજો. આચાર્ય મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આજ પાંડિત્ય સર્વતોમુખી વખણાય છે. અનેક દર્શનોનું મંથન મનન કરીને જ્ઞાન ગૌરવ વધારીને સમગ્ર ભૂગોળના સમસ્ત વિદ્વાનો, સંસ્કૃતાલયો અને જિજ્ઞાસુઓને માટે રેલમછેલ જ્ઞાનજ્ઞપ્તિ વહેતી કરી છે. કોઈ સંસ્કૃત વિદ્યાલય એવું નથી કે જયાં શ્રીસ્વામીજીનો કોઈ પણ ગ્રંથ ન હોય, આવું પૃથ્વીના સંસ્કૃત વિભાગોનું ગૌરવ નવા દર્શનકારે શ્રીસ્વામીજીએ વધાર્યું છે. આવા તપસ્વી ધર્મશીલ ભક્તિરંગિત કાષાયામ્બર બ્રહ્માત્માનું હું હાર્દિક અભિનંદન કરું છું.

- સીતારામ ચતુર્વેદી...

મહામહિમોપાધ્યાય, વિદ્યામાર્તણ્ડ, જે.ડી.લાડુ. (એમ.એ., એમ.ઓ.એલ.)

પ્રોફેસર, શાસ્ત્રી, નઇસરાક, શ્રીનગર, કાશ્મીર.

આશીર્વચન સંમતિ

શ્રીમાન દાર્શનિકપંચાનન પંડિત પ્રવર શ્રીસ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની વજ્ર લેખની વડે પ્રગટ થયેલ સવા લાખ શ્લોકોના કલેવર સ્વરૂપ 'શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા' એવી દિવ્ય નામવાળી કૃતિ એક મહાન ગ્રંથ રત્ન છે, તેની ઉપમા પોતે જ છે, તેવો બીજો હાલમાં કોઇ મોટો ઈતિહાસ નથી, તેવો તો તે એકજ છે. શ્રીસ્વામીજી મહારાજના બીજા પણ ઘણા ગ્રંથરત્નો વિદ્વતાભર્યા હિન્દી, સંસ્કૃત સાહિત્યમાં શિરોભૂષણ છે. આવા વિશ્વવન્દ્ય મહાપંડિતજીને આજ અભિનંદન ગ્રંથ દ્વારા સમભિનંદન, સમ્માનિત કરાય છે, તે આપના સમાનકાલીન સદાશિવ વિદ્વાનોના અતિશય સૌગુણ્ય ઉત્કૃષ્ટતમ સૌશીલ્ય તથા અપરિમિત સૌજન્યના પરિચાયક છે. આવા મહાન અવસર ઉપર હું એક વરિષ્ટ સંસ્કૃતપ્રેમીના સંબંધ વડે જ એવા સરસ્વતીના વરદાનપાત્ર સત્પુત્રની અખંડિત યશસ્વિતા દીર્ઘાયુ અને સાર્વદિક આરોગ્ય લાભ માટે ભગવાનને પ્રાર્થુ છું. જે તેઓ સ્વામીજીને ભવિષ્યમાં પણ લેખન સેવાનો ઉત્સાહ ઉદ્યમ અને શક્તિ આપ્યા કરે, જેથી કે શ્રીસ્વામીજી મહારાજની લોહ-સુવર્ણ લેખની દ્વારા અન્ય ભી ઉત્કૃષ્ટતમ ગ્રંથરત્ન અવિરત પ્રાદુર્ભૂત થતા રહે.

તા. ૪-૬-૭૬

- જે. ડી. લાડુ...

ડો. કર્ણસિંહ ચંદ્રિકા.

શિવાજીમાર્ગ, મેરઠ, ઉ.પ્ર.

પરમ વિદ્વાન પંડિતવર્ય સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી રચિત ગ્રંથોના પરિચયથી તેમના અતિ ઉચ્ચ વ્યક્તિત્ત્વના પરિચયમાં આવીને મારું મસ્તક વારંવાર શ્રદ્ધા સહિત નમન કરી ગયું છે. આવા મહાન્ સંતવર્યના વ્યક્તિત્ત્વ તથા કૃતિઓના આધારે અભિનંદન ગ્રંથનું પ્રકાશન કરવું તે વસ્તુતઃ સ્તુત્ય છે. **સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની પ્રતિભાથી સ્ફૂટ વિશાલ સાહિત્ય રાશિરૂપી કારણ વડે તો અમો એમને સહજ કુદરતી આ યુગના મહાન વ્યાસપ્રભુ કહીએ છીએ. મારા શ્રધ્ધા પુષ્પો સ્વીકાર કરજો.**

તા. ૨૨-૫-૧૯૭૬

- ડો. કર્ણસિંહ ચંદ્રિકા...

ગંગાદત્ત શાસ્ત્રી. (એમ.એ.વી.એચ.યૂ.).

વારાણસી વેદાચાર્ય, પીએચ.ડી. ૨૩, મોહલ્લા પંહડિયા, કેશરી કુટીર, જમ્મુ.

આ વાંચીને ઘણી પ્રસન્નતા થાય છે- જે આપ વિશ્વવિખ્યાત અને સંસ્કૃત વિદ્યાઓનાં ધુરંધર વિદ્વાન લેખક એવા સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને અભિનંદન ગ્રંથ પ્રકાશિત કરીને સમર્પિત કરાશે. આવા સર્વમૂર્ધન્ય વિદ્વાન તથા ભારતની જાજવલ્યમાન વિભૂતિઓ એકત્રિત થયેલી શ્રીસ્વામીજીમૂર્તિ સ્વરૂપે પ્રકટ છે તેમને પોતાની શ્રધ્ધામય કુસુમમાળા અભિનંદન ગ્રંથ સમર્પિત કરવાનો આપનો પ્રયાસ સ્તુત્ય છે. આવા લેખકોના સાહિત્ય પ્રતિ સહયોગ દેવાશે તે સારૂં મૂલ્યાંકન કર્યું કહેવાશે, અન્ય લેખકોને પણ પ્રોત્સાહન મળશે. **પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ પોતાનાં જીવનમાં ઘણું જ લખ્યું છે. સંસ્કૃતના પ્રગાઢ વિદ્વતાપૂર્ણ ગ્રંથોની રચના તથા ભાષ્યો અને ટીકા ગ્રંથોની રચના વડે તેમણે સંસ્કૃતવાણીની મોટી સેવા કરી છે, મુકતાવલી સાંખ્યાકારિકા સુધાસિન્ધુ આદિ કઠિન ગ્રંથો ઉપર ઉપયોગી ટીકાઓ અને દર્શન તત્ત્વ ઉપર સાર, તથા ભક્તિરસ સરિતા તથા લક્ષ્મીનારાયણસંહિતા આદિક મૌલિક રચનાઓ પણ કરી છે, તે દ્વારા પૂજય ભગવાન સ્વામીજી સદા અમર રહેશે, તેમણે રચેલા ચુમાલીશ ગ્રંથો રૂપી સંસ્કૃત સાહિત્યને મહાન પુષ્ટિદાન આપ્યું છે.** હું આપ પંડિતજીના કાર્યની હાર્દિક પ્રશંસા તથા વધાઈ આપું છું. આવા પ્રસંગમાં મારે લાયક સેવા જરૂર જણાવશો.

- ગંગાદત શાસ્ત્રી...

કૃષ્ણદેવ શાસ્ત્રી. (વ્યાકરણ સાહિત્યાચાર્ય).

સંસ્કૃતાધ્યાપક, મિરજાપુર, યુ.પી.

હું કાશીમાં શ્રીરામશરણ વ્યાકરણાચાર્યશ્રી પાસે ભણ્યો તે વખતે રાજમણિ, રામાધાર પાણ્ડે, સત્યવ્રત મિશ્ર, ભણનારા ગુજરાતી બીજા પણ સીંતેર વિદ્યાર્થીઓ હતા. **વિવિધ શાસ્ત્રોના અભ્યાસ વડે કીર્તિ પામેલા શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય ગુરૂવર્ય પ્રાણનાથ વિદ્યાલયમાં નિવાસ રાખતા પૂજય પ્રાતઃ ધ્યેય સ્વરૂપ પોતે વિદ્યા ભણાવતાં અને શાસ્ત્રો રચીને પંડીત સભામાં સંસ્કૃતમાં વ્યાખ્યાન આપતા કાવ્યો કરતા, શાસ્ત્રાર્થોમાં કીર્તિ મેળવતા પ્રકાણ્ડ પાણ્ડિત્ય વડે શોભતા હતા.** શ્રીશ્યામચરણ શાસ્ત્રીજીએ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી થકી ન્યાયનો અભ્યાસ કર્યો હતો.

- કૃષ્ણદેવ શાસ્ત્રી...

શ્રી ગુરૂલિંગ ન્યાયાચાર્ય.

તામિલનાડુ.

તત્ત્વપ્રભાવલી નામક ગ્રંથ નવીન વિશિષ્ટ ન્યાયશાસ્ત્ર છે, નવ્યન્યાયના તત્ત્વો વડે ભરપુર છે. તે તત્ત્વચિંતામણિ જેવો ગ્રંથ છે. ન્યાયમુકતાવલી તો આ ગ્રંથના અંશમાં ગતાર્થ થાય છે, આ ગ્રંથમાં પ્રમેયખંડ પ્રથમ છે. તેમા પ્રથમ પરિચ્છેદમાં વિશિષ્ટ રીતિથી પદાર્થ નિરૂપણ છે. બીજામાં પદાર્થ સાધર્મ્ય છે, ત્રીજામાં દ્રવ્ય નિરૂપણ છે, ચોથામાં ગુણ નિરૂપણ છે, પાંચમામાં તે તે ગુણોનું નિરૂપણ છે. પછી દ્વિતીય ખંડ પ્રમાણખંડ છે. આમાં છઠ્ઠા પરિચ્છેદમાં જ્ઞાનતત્ત્વ નિરૂપણ છે, સાતમા તર્કતત્ત્વ નિરૂપણ છે, આઠમામાં નવ પ્રમાણોનું સવિસ્તર નિરૂપણ છે, નવમામાં વિવિધ વિપ્રતિપત્તિઓ છે, દસમામાં અનુમાન તેના પદાર્થો સહિત નિરૂપિત છે, અગ્યારમામાં શબ્દ પરિચ્છેદ છે. આમાં શક્તિ વ્યુત્પત્તિ શબ્દસામર્થ્ય વ્યાકરણ શક્તિ લક્ષણા શબ્દબોધ તેના લક્ષણ સવિસ્તર છે. ત્રીજો પ્રમિતિખંડ છે, આમા બારમા પરિછેદમાં જ્ઞાનપ્રમિતિઓના સવિસ્તાર લક્ષણો છે. ચોથો પ્રમાતૃ ખંડ છે, આમાં તેરમાં પરિછેદમાં પ્રમાતા આત્મા સર્વદર્શન રીતિઓના પ્રશ્નોત્તર ઉત્તરપક્ષ સિધ્ધાંતો પ્રતિપાદિત છે. ચૌદમાં પરિચ્છેદમાં જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ એ પાંચ તત્ત્વો પ્રતિપાદિત છે. એવો **આ ગ્રંથ નવ્યન્યાય તત્ત્વોનો સંતાન રૂપ છે. નવ્ય પ્રણાલીવાળો વિસ્તૃત ન્યાયારણ્યનો દર્શક પંડિતોને તત્ત્વોપકારક અધ્યેતાઓને શાસ્ત્રાર્થમાં મદદરૂપ અનેક દર્શન ખ્યાતિઓનો નિરૂપક અતીવ ઉપકારક પ્રકાશિત થયો છે. રચયિતા શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય વિદ્વત્ સાર્વભૌમ નવ્યન્યાયાચાર્ય દાર્શનિકપંચાનન સાંખ્ય યોગ વેદાંત મીમાંસા તીર્થ પંડિત ધુરંધર છે.**

- શ્રી ગુરૂલિંગ ન્યાયાચાર્ય...

ચંદ્રમણિ શાસ્ત્રી. (સાહિત્યાચાર્ય, ભિષગ્વિશારદ).

અમૃતસર, પંજાબ.

કવિકાવ્યગૌરવ નામક ગ્રંથ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ કાવ્ય દોહનરૂપે નવીન આવિષ્કારવાળો રચ્યો છે. કવિવરોને દાર્શનિકોને સંસ્કૃત તૃપ્તોને પણ ઘડિક તો વાંચવા-જોવા લાયક છે. કાશીમાં મેં મારા ગુરૂવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજથી ન્યાયાદિ ગ્રંથો ભણી લીધા છે. એ મહા વિદ્વાન સંત નૈષ્ઠિકવ્રતી વિદ્યામૂર્તિ સર્વેશાસ્ત્રોમાં પ્રવીણ છે, મારા નાનાભાઈ પણ તેમનાથી ભણીને તેમની કૃપા વડે સુકીર્તિમાન સુવિદ્વાન થયેલ છે.

- ચંદ્રમણિ શાસ્ત્રી...

વિજયકુમાર શાસ્ત્રી. (આચાર્ય, પોષ્ટાચાર્ય).

દાર્જિલિંગ, નેપાલ.

॥ સર્વયજ્ઞાત્મા પ્રસીદતુ ॥

શ્રીમાન પંડિત ધુરંધર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની સર્વ દાર્શનીક કૃતિઓમાં કોઈ બાબત ઉપેક્ષણીય નથી. પદ, વાકય, પ્રમાણ, અલંકાર, છન્દ આદિ સાગરોમાં પારપામેલાની સર્વ પરીક્ષા અસ્થાનેજ છે, એમણે દર્શન શાસ્ત્રોના તમામ પ્રસ્થાનો, પ્રાયશો, ભાષ્ય અને ટીકાઓ વડે અલંકૃત કર્યા છે, નવીન પણ ન્યાય વૈશેષિક સાંખ્ય યોગ વેદાંત મીમાંસાના ગ્રંથો રચ્યા છે. વર્તમાન કાલમાં સ્વયં વાચસ્પતિ મિશ્રસ્વરૂપને ધારો છો, મીમાંસાની ટીકા અને પરિષ્કારો પણ રચ્યા છે. મહાભારતથી પણ મોટી શ્વેતાયન સંહિતા, શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા એક લાખ છવ્વીશ હજાર શ્લોકોવાળી રચી છે. જેમાં દેવ, માનવ, પશુ-પક્ષી આદિ આદિ સર્વેના યુગધર્મવાળી તથા અગણિત આખ્યાનોવાળી રચના છે. લિખિત શાસ્ત્રો જોવા વડે જ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી નિત્ય સર્વજ્ઞના સ્વરૂપે મૂર્તિમાન દેખાય છે. શ્રીહરિવાકયસુધાસિન્ધુ ગ્રંથ જે સંસ્કૃત પદ્યબદ્ધ કાશીમાં છપાણો, ૨૨૫૦ સૂત્રો વડે તથા પાંચસહસ્ત્ર પૃષ્ઠોવડે બ્રહ્મરસાયન ભાષ્યથી ભરેલો મહાપ્રબંધ દૈવી વિદ્વાન એવા આ દિવ્યવિદ્વાને રચેલ છે. સાતમું દર્શન શાસ્ત્ર, શ્રીસ્વામિનારાયણ દર્શન રચ્યું છે. તે ઉપર દર્શન પધ્ધતિ વડે કલ્યાણીવૃતિ ટીકા દાર્શનિક સિધ્ધાન્ત ભરેલી રચી છે. શ્રીહરિ સ્વરૂપનિર્ણય ગ્રંથ સૂયુક્તિવાળો સુવિપ્રતિ પત્તિઓ વડે તથા સત્સંગભાષ્ય વડે અલંકૃત કર્યો છે, સ્વયં રચિત ભાષ્ય વડે તે શોભે છે. વૈષ્ણવ શાકત તથા સાકારોપાસદક બીજાઓ પણ તથા ગોલોક, વૈકુંઠ, સાંકેત, અવ્યાકૃત, ક્ષીરસાગર, બદરિકાશ્રમ, કૈલાશ આદિ આદિ ધામસ્થ શ્રીકૃષ્ણ, શ્રીરામ, શ્રીનારાયણ, શ્રીભૂમાપુરૂષ, શ્રીવાસુદેવ, શ્રીપરમપુરૂષ, શ્રીનરનારાયણ, શ્રીસતીશ્વર મહેશ્વર આદિના ભક્તિપરાયણ એવા શાસ્ત્રી સ્વામીજીએ સ્વઈષ્ટદેવ પરમાત્માનું ધામસ્થ અને ભૂમિસ્થ સ્વરૂપનું એકપણું, ભૂમિસ્થ અને ધામસ્થ સ્વરૂપનું એકપણું એકમ્ એવ અદ્વિતીયમ્ બ્રહ્મ એવા પ્રમેયોપાસકો તેની સેવામુક્તિને મેળવે છે, આવા સિધ્ધાંતિઓનો મહાન સ્તંભરૂપ આધાર શ્રીહરિસ્વરૂપનિર્ણયાત્મક ગ્રંથ વૈષ્ણવોને અતિ ઉપકારકૃત સત્સંગભાષ્યવડે શોભાસ્પદ કરેલ છે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની પ્રશંસામાં વાણી વિરામ પામે છે. શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસ પછી પાંચ હજારથી અધિક વર્ષો ગયા પછી હાલમાં શ્રીશ્વેતાયન વ્યાસ સ્વયં પ્રગટ થયેલા લોક કલ્યાણાર્થે તથા શાસ્ત્ર સ્થિતિઓના સંરક્ષણાર્થે તત્ત્વોના વિકાસાર્થે સ્વયં પ્રગટેલા હાજર વર્તે છે, આ બાબતમાં વિદ્વાનોને સર્વથા ઐકમત્ય છે.

- વિજયકુમાર શાસ્ત્રી...

ઓમપ્રકાશ શાસ્ત્રી.

દિલ્હી.

પંડિત શ્રેષ્ઠ સ્વામીશ્રીએ રચેલા ગ્રન્થોનું લોકો અવલોકન, વિમર્શન, પઠન તથા અધ્યાપન કરે છે. વિવિધ શાસ્ત્રીય વિષયોનો આવિષ્કાર પ્રાપ્ત થાય છે. તે તત્ત્વો વિશે વિચાર કરતાં પુનઃ હર્ષ અનુભવું છું. તેઓશ્રીનું સિદ્ધાંત કૌમુદી તથા તેનાં ભાષ્ય ઉપર પૂર્ણ પ્રભુત્વ પાંડિત્ય છે. તેઓએ ન્યાયશાસ્ત્ર પચાવેલ છે. તેમાં અસંખ્ય પ્રકારનાં સંશોધન દૃષ્ટિગોચર થાય છે, તર્કનો પાર નથી, ટીકા તથા ભાષ્ય ગ્રન્થો, પૂર્વપક્ષ - પ્રતિપક્ષ વિષયક તર્ક, નિર્ણય ઈત્યાદિ જોઈ શકાય છે.

વેદાંતના ઘણા આચાર્યો છે, તે સર્વેના સિદ્ધાંતોનું તેઓશ્રીને જ્ઞાન છે. કેવલાદ્વૈત, વિશિષ્ટ દ્વૈત, શક્તિવિશિષ્ટા દ્વૈત, વિશિષ્ટ બ્રહ્માદ્વૈત, શુદ્ધાદ્વૈત, દ્વૈતાદ્વૈત, દ્વૈત ઈત્યાદિ સિદ્ધાંતોનું સ્વામીશ્રીએ વ્યાખ્યાન કરેલ છે. સાંખ્ય તથા યોગ શાસ્ત્ર ઉપર ટીકા તથા ભાષ્ય તેઓશ્રીએ કરેલ છે. ગુપ્ત રહસ્યપૂર્ણ તેઓશ્રીએ વિશદ્ રૂપે પ્રગટ કરેલ છે. મીમાંસાશાસ્ત્ર તથા વાક્યાર્થ નિર્ણયના ગહન વિષય ઉપર પણ સ્વામીશ્રીએ વ્યાખ્યા કરીને તે વિષયો સરળ બનાવ્યા છે. મીમાંસકો તેનો સ્વીકાર કરે છે. તેઓશ્રી કર્મકાંડ, મંત્રજ્ઞાન, અનુષ્ઠાન કાર્ય તથા તત્ત્વોના જ્ઞાતા છે. વિવિધ પ્રકારની પ્રણાલિકાઓ દ્વારા તેઓશ્રીએ ધર્મશાસ્ત્રોનું અધ્યયન કરેલ છે.

શ્રીસત્સંગભાષ્ય વગેરે આજે પણ સ્વામીશ્રીની જિહ્વાગ્રે રહેલ છે. દીવા જેવી ખ્યાતિ, પ્રકાશ સમાન પ્રામાણ્ય તથા વિવિધ તત્ત્વો વિશે સ્વામીશ્રી પૂર્ણ જ્ઞાન ધરાવે છે. તેઓશ્રી સાહિત્યના ધુરંધર, છન્દ રચનામાં નિષ્ણાંત, પુરાણોનાં વ્યાખ્યાનમાં વ્યાસ સમાન, આધુનિક વ્યાસ સમાન, મહાન્ સંહિતાના રચનાર તથા ઈશ્વર સમાન તેઓશ્રી સર્વોત્તમ અભિનંદનને પાત્ર છે. તેઓશ્રી ચિરંજીવ રહે, શાસ્ત્રોની રચના કરે, જગત ઉપર ઉપકાર કરે, મારા જેવાનું કલ્યાણ કરે આમ ઉત્સાહ પૂર્વક વિચારીને મનમાં સ્મરણ કરીને તેઓશ્રીને વંદન કરું છું.

- ઓમપ્રકાશ શાસ્ત્રી...

પંડિત શ્રી વ્રજકાન્ત ઝા.

વ્યાકરણ સાહિત્યાચાર્ય, ન્યાયોત્તમોત્તીર્ણ, જૂનાગઢ.

॥ જૂનાગઢમાં તથા શ્રીનગરમાં નિવાસઃ શ્રીસરસ્વતીને નમઃ ॥

શ્રુતિઓ સર્વત્ર વ્યાપી છે. સર્વેને આરાધ્ય અને આશ્રયણીય છે, ભગવન્મયી તે યથાર્થતાત્પર્યવતી છે, તાત્પર્યવાલો નિર્ણીતાર્થ તમોએ અભ્યાસ કર્યો છે. સહિષ્ણુ, પ્રયત્નશીલ કલ્યાણકૃત્, વિષ્ણુસમાન તમોએ સર્વ લોકહીત માટે પ્રબળ પ્રયત્નકારી વિવિધ વિદ્યાપારગામી અનેક ગ્રંથકારી દિવ્ય આકારધારી શ્રીવૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ, દાર્શનિકપંચાનન, ષડ્દર્શનાચાર્ય, નવ્યન્યાયાચાર્ય, સાંખ્યયોગ વેદાંત મીમાંસા તીર્થ, કાવ્યકુશલ **પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ વિબુધવર વિદ્વજજન મનોરંજક એવો શ્રુતિતાત્પર્યનિર્ણય નામનો નિર્દોષ મહાગ્રંથ આપે રચ્યો છે. તે તમોએ મહાભગીરથ પ્રયાસ કર્યો છે, ભાગીરથી ગંગાપ્રવાહ સમાન પરમપવિત્ર સકલલોકહિતાવહ અનેક સિદ્ધાન્ત ભરેલા જ્ઞાનાતુરોને વિમલ જ્ઞાનવિજ્ઞાન પ્રાપ્તક અધ્યેતાઓને વિવિધ વ્યુત્પતિ દેનાર એ ગ્રંથ છે.** તેમાં વિશિષ્ટ વૈશદ્યાખ્ય પ્રથમભાગમાં પરમ આવશ્યક જીવાત્મા માયા, ઈશ્વરબ્રહ્મ પરબ્રહ્મનો સત્યવિચાર, વિશિષ્ટ બ્રહ્માડ્વૈતપરક કર્યો છે. દ્વિતીય ભાગનાં તત્ત્વોનું સ્વરૂપ વૈશદ્ય 'સર્વ સાકાર' છે, એવો સિદ્ધાંત ન્યાય વડે શુદ્ધ કરેલ સાધ્યો છે. તૃતીય ભાગમાં જ્ઞાનપ્રમાણ્યના સ્વતોગ્રાહ્યતા પરતોગૃહ્યતાદિ વિચારેલ છે. સર્વદાર્શનિક વિચારો તથા ખ્યાતિવિચારો ઉતાર્યા છે. જાતિ વિચાર, ભક્તિરસ વિચાર, કાવ્યરસ વિચાર, ન્યાય શાસ્ત્રીય હેત્વાભાસનું ગાદાધરીય ક્રોડપત્ર, વિશિષ્ટાદ્વૈત, વિશિષ્ટ બ્રહ્માંડ દ્વૈત તથા પદાર્થ સારૂપ્ય વૈરૂપ્ય તથા અન્યાન્ય વિષયો વિવેચિત કર્યા છે, ગ્રંથોમાં અગાધબુદ્ધિવાળા **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આપે વેદ, ઉપવેદ, ઈતિહાસ, પુરાણ, ન્યાય, વૈશેષિક, સાંખ્ય યોગ મીમાંસા વિધવિધ વેદાંત શાસ્ત્ર જૈન બૌદ્ધ આવા કે શૈવ, પાશુપત, લિંગાયત, રસેશ્વર, શાકત, કાવ્ય, આદિ ગ્રંથો ભણીને તેના જ્ઞાન, વિજ્ઞાન, કર્મ, વૈરાગ્ય, ધર્મ, ભક્તિના વિચાર, ભક્તિના પ્રકાર, આત્મ પરમાત્મ વિમર્શ તેનો દાર્શનિક મત વિચાર મોક્ષ વિચાર અપૂર્વ તત્ત્વવિચાર ખ્યાત્યાદિ વિચાર પ્રામાણ્ય વિચાર, જાતિ વિચાર, ભક્તિરસ વિચાર અન્ય વસ્તુ પદાર્થો પણ સારી રીતે ગૂંથ્યા છે, તે આ ગ્રંથને કોઈપણ વિશ્વવિદ્યાલયી પરીક્ષામાં પ્રવેશ થાય તો વિદ્યાર્થીઓનાં માટે મોટો ઉપકાર થશે.** એમ ભગવાનને પ્રાર્થના કરીને વિરામ લઉં છું.

વિ.સ. ૨૦૨૮

- શ્રીવ્રજકાન્ત ઝા...

શ્રીમાન માધવાચાર્ય ગોસ્વામી દામોદર શાસ્ત્રી.

દાર્શનીક સાર્વભૌમ સાહિત્યદર્શનાચાર્ય તર્કરત્ન ન્યાયરત્ન, કાશી.

॥ શ્રીશ્રીગૌરકૃષ્ણઃ શરણ ॥

સાધુગુણ સંપન, વિદ્યાના ઉપાર્જનમાં જ એકતાનયુક્ત જીવનવાળા ભગવાનના ઉપાસક શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મારા વિદ્યાર્થીવયે, તમો મને શિક્ષાપત્રી રઘુવીરભાષ્ય પુસ્તક આપ્યું છે, તે મેં વાંચ્યુ વિશેષ પણે અવલોકિત કર્યુ છે, શાસ્ત્રીય પધ્ધતિ પ્રમાણે લખાયું છે. માયા, આત્મા, પરમાત્મા તત્ત્વોનું દાર્શનીક પ્રશ્નોત્તર રીતિ વડે સિધ્ધાંત પ્રદર્શન ઠીક ઠીક કર્યું છે. તેમાં અભિપ્રાય આપું છું, **જે અત્યારે તમે રચેલી સાંખ્ય તત્ત્વ કૌમુદીની ટીકા જોવું છું. તે પણ ન્યાય રીતિથી સરલભાષામાં પરોપકાર માટે ઠીક કરી છે, માઠર ભાષ્યનું કિરણ પણ માર્મિક વ્યાખ્યાનરૂપે સારું લખ્યું છે, વિશાલ ભાષ્ય પણ ગ્રહણાર્થને સરલ કરવા રચ્યું છે.** આ જોઈને ખૂબ જ સંતોષ પામું છું. દર્શનશાસ્ત્રોમાં તમારી પ્રખ્યાતિ થશે. અધ્યાપન વડે વિદ્યાવર્ધન તત્ત્વબોધ થતો જાય છે, વિદ્યાર્થીપણામાંજ એ કરતા રહેવું. ખ્યાતકીર્તિ થાઓ.

- ગોસ્વામી દામોદર શાસ્ત્રી...

શંકર ચૈતન્ય ભારતી.

લલિતાઘાટ, કાશી.

શ્રીસ્વામિનારાયણના વૈષ્ણવ સંપ્રદાયમાં દીક્ષા પામેલા, સર્વે વિદ્યાઓમાં અંતઃ પ્રવેશવાળી બુદ્ધિવાળા સ્વામી, સૌહાર્દ ભરેલા હૃદયવાળા, સાધુસમાજને અનુસારી વર્તન પરાયણ બ્રહ્મચારીવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પંડિત સંતવર્ય વિદ્વદ્વર્ય ન્યાયિક એવા આપે ચિત્સુખી વેદાંતની ટિપ્પણી રચી છે, ગહન સ્થળોમાં પ્રતકર્ય અને બુધ્ધિપ્રયોજ્ય પ્રામાણિકતવાળી ઝટ લઈને તેના અર્થના આયોજનમાં પ્રદીપપ્રકાશની પીઠે ઉપસહાય દેનારી લખી છે તે મેં સારી રીતે જોઇ છે. ટિપ્પણી ટીકા અતિ રમણીય છે. હું સમજું છું કે **વેદાંતમાં બીજા શાસ્ત્રોમાં સર્વત્ર આપનું અતિ પાંડિત્ય છે, અતિગતિ છે. તેમાં પણ અદ્વૈત વેદાંતમાં પ્રાગલ્ભ્ય છે. તે તો અતીવ આનંદદાયક થાય છે.** બ્રહ્માકાંક્ષી આપને અભિનંદન.

લલિતા મહોત્સવ : સવંત ૧૯૯૫

- શંકર ચૈતન્ય ભારતી...

સુબ્રહ્મણ્ય શાસ્ત્રી.

વારાણસી.

ન્યાયસિદ્ધાંત મુકતાવલીની કિરણાવલી ટીકાને એક હું જ નથી વખાણતો, પણ સત્ય યથા વિદ્વદ્વાણી વિદ્વાનો પ્રવર્ણિત જેમ છે તેમ નિવેદિત કરું છું. **ન્યાયસિધ્ધાંતમુક્તાવલીની કિરણાવલી ટીકા જે આપ સ્વામીજીએ લખી છે તે અત્યારે સર્વે ટીકાઓથી ઉપરવટ ઉત્કૃષ્ટપણું વખાણાયું છે, જેમાં મૂલના પદાર્થો ગહન વિષયો તાર્કિક પ્રણાલીએ સ્પષ્ટ કરેલ છે, તથા નવીન નવીન તાર્કિક પદાર્થો પણ વર્ણિત કર્યા છે, માટે સર્વ ટીકાની મૂર્ધન્ય આ ટીકા કિરણાવલી વિજય પામે છે.** કિરણાવલીના લેખક શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પંડિતવર્યને જોઈને આજ કાશીપંડિત સભામાં પંડિત મંડળને અને મને ઘણો ઘણો હાર્દિક આનંદ થાય છે.

- સુબ્રહ્મણ્ય શાસ્ત્રી...

ઢુણ્ઢિરાજ શાસ્ત્રી. (એમ.એ.)

સપ્તતીર્થ.

॥ શુભ પ્રશંસનમ્ ॥

વિવિધ સિદ્ધાંતવાળા, દર્શનશાસ્ત્રરૂપી વનમાં કૃતર્કિરૂંપી બલવાળા એવા પ્રતિબિંબ હાથી પોતાના કર સૂંઢને પ્રહાર તરીકે વાપરતા સંતે તેના ઉપર આક્રમણ કરીને નિજ તર્કરૂપી નોરીયાં વડે શમાવી દેતા એવા આ મહાયોદ્ધા શાસ્ત્રીજીએ નિજમતિસ્થ એવા પંચાનનસિંહને પ્રગટ કરીને ઉપયોગમાં લીધેલ છે. દર્શનશાસ્ત્રોના સુદીર્ઘ એવા વિભિન્ન માર્ગો કે જે વિરૂધ્ધ તત્ત્વોરૂપી શિલાઓ વડે વ્યાપ્ત છે, તથા કુતર્કોરૂપી અંધારાવડે વ્યાપ્ત છે. તેને દેખાડવામાં આ વિદ્વાનરૂપી મહાપ્રદીપ તે સ્ફૂટ રીતે દેખાડનારા છે. **સાંખ્યશાસ્ત્રના તત્ત્વોની ખ્યાતિમાં પણ અતિ વિલક્ષણ બુદ્ધિવાળા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સાંખ્યતીર્થ ઉપાધિ વડે શોભે છે. આ વિદ્વાન પુરુષ શુધ્ધ દૈતાદિ પરાયણ છે છતાં તેમણે વેદાંતતીર્થ પદ્વી પ્રાપ્ત કહેલ છે, અને તેઓ સર્વે તાત્ત્વિક વૈજ્ઞાનિક માર્ગોને સમુદ્રષ્ટિ વડે સેવે છે. કાવ્યમાં કુશલ છે, ન્યાય અને વૈશેષિકમાં શાસ્ત્રી છે, તથા વિદ્વાનોમાં સાર્વભૌમ પદ્વી ધરાવનાર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ છે. ખ્યાતિવાદ ગ્રંથોના વાદોમાં પ્રખ્યાત છે, તથા જાતિવાદમાં પણ નિર્મલધીવાળા છે, વિસ્તારવાળા એવા ન્યાયના ગ્રંથોમાં પણ વ્યાખ્યાઓ રચનારા છે, તથા ચિત્સુખીગ્રંથ પર ટિપ્પણી કરનારા છે.** સાંખ્યમાં, યોગમાં, જૈમિનીય મીમાંસામાં, તેઓ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ શ્રીસ્વામિનારાયણ ચરણકમલોમાં નમ્ર આશ્રિત વર્તે છે.

તા. ૨૯-૩-૭૬

- ઢુણ્ઢિરાજ શાસ્ત્રી...

ડો. વાસુદેવ કૃષ્ણ ચતુર્વેદી. (ડી-લિટ્).

કાશી, વારાણસી.

॥ શ્રીદ્વારિકેશવિજય પામે છે ॥

અભિનંદનમાં સમગ્ર સદ્‌ગુણો સમૂહોથી ગૌરવ ધરાવતા, સમસ્ત રાજાઓએ પૂજેલા, સરસ્વતી વિદ્યાના અગ્રગણ્ય ઉપાસક અનેક ગ્રંથોના જટિલ ગહન ગૂંચવણી ભરેલા કોયડાઓનાં ઉકેલ કરનારા શ્રીસ્વામિનારાયણ ચરણકમળના ભ્રમરસમા, કવિતાઓરૂપી કામિનીઓના સૌભાગ્ય બોધક, સિંદુર વ્યાખ્યાદાન વડે ચળકાટવાળી બે ભુજાઓ છે જેમની, ષડ્‌દર્શનાચાર્ય, નિરંતર વિદ્યાભ્યાસ પરાયણજનોએ વંદેલા, અનેક ધાર્મિક ઐતિહાસીક ગ્રંથો વડે પ્રાપ્ત થયેલ યશરૂપી શરીરવાળા, ગુજરાત સૌરાષ્ટ્ર દેશના મહાતિલક સ્થાપના સંપન્ન, પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજના ૭૦ સિત્તેરમાં વર્ષગાંઠની પૂર્તિના અવસરમાં, મથુરાસ્થ વિદ્વદ્વર્ગ સમ્માનિત ભારત્યનુસંધાન ભવનના પ્રધાન અમાત્ય વાસુદેવ કૃષ્ણ ચતુર્વેદે કરેલું 'હાર્દિક અભિનંદનમ્ મંગલાષ્ટકમ'.

પાણિનીય મહાશાસ્ત્રમાં ઘણો જ પરિશ્રમ કરનારા મીમાંસા મહારણ્યમાં સિંહસમા, વેદાંત મહાવનમાં મહાગજ સમા, કાણાદ મહાસાગરમાં વિચક્ષણ મહાઅગ્નિબોટ જેવા, કાપિલ સાંખ્ય શાસ્ત્રમાંથી કપિલાગૌનું દુગ્ધ દોહનારા, દર્શનશાસ્ત્રોરૂપી મહાધરાના હંસસ્વરૂપ, પાતંજલ યોગમાં પૂર્ણ અનુષ્ઠાનવાળા, વેદાંતરૂપી ભવનમાં મહાપ્રદીપ જેવા, શ્રીસ્વામિનારાયણ ભગવાને ઉપદેશેલા શાસ્ત્રોની સેવાપરાયણ તેમના સંપ્રદાયના મર્મજ્ઞ, તેમના ભક્તોએ જેમના ચરણો પૂજયા છે એવા, સંસ્કૃતજ્ઞોએ સદા વંદેલા તથા સંસ્કૃત ગ્રંથોના લખનારા, ગુજરાતી તથા હિન્દી ભાષાના પણ કવિવર્ય, વિદ્વાનજનોએ પૂજેલા, જ્ઞાનવૃધ્ધ તપસ્વી, એવા અમરેલી જીલ્લાના કુંકાવાવનગરનાં સૂર્ય સમા, ગુજરાત પ્રાંતના સદ્‌રત્ન, વિદ્યાદાનમાં પ્રીતિવાળા, તપો વડે પવિત્ર, સ્વતંત્ર શકિતશાલી; તથા ભારતીના સમુપાસક, એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને તેમના અભિનંદન જયંતિના અવસરમાં વંદન કરું છું. શ્રીમાન શ્રીવરનારાયણના ચરણકમલના સુગંધિત રજમાં પરિપાલિત એવો હું ચતુર્વેદી વાસુદેવ શાસ્ત્રી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના મંગલ પ્રસંગમાં અભિનંદન અર્પુ છું.

- ડૉ. વાસુદેવકૃષ્ણ ચતુર્વેદી...

શ્રી વિનાયક શાસ્ત્રી.

ટિકુ ૨૪, વરરૂચિ માર્ગ, માધવ નગર, ઉજ્જૈન, મ.પ્ર.

સંસ્કૃતની અસંસ્કૃતિ કૃતિનો આ વિચિત્ર સમય આવ્યો છે, એક તરફ સંસ્કૃતનો મહાન ઉદ્ઘોષ ચાલે છે તે અવળે માર્ગે જનારાને પ્રલોભન જ આપે છે, બીજી તરફ બિલકુલ સંસ્કૃતના મુખ્યપણાનો નાશ કરે, વિપરિત સ્થિતિ લાવે એવી રચનાઓ થઈ રહી છે. આવી અવસ્થામાં જેઓ સંસ્કૃતમય જીવન ધરાવે છે, વિશેષપણે તો પ્રાચીન શાસ્ત્રોની મર્યાદાના રક્ષણ માટે જ દ્રષ્ટિવાળા છે, તેઓ તેના મૂલ્યાંકન કરનારાઓ તરફથી અભિનંદનીય કેમ ના હોઈ શકે ! જરૂર અભિનંદનીય થાઓ ! ગુજરાતની સૌરાષ્ટ્રની ભૂમિના મહા આભૂષણરૂપ સત્ય દર્શન શાસ્ત્રોના વિમર્શ કરનારા અનેક ગ્રંથોના રચનારા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહા વિદ્વાન પુરૂષ, ભગવાનની ભક્તિભીના હૃદયમાં દયા ભરપૂર વિદ્વાનમાં શ્રેષ્ઠ એવા તે સ્વનામ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ધન્ય પામતા પણાં વિનયમાં કેમ વંદનીય ન થઈ શકે ? થાય જ ! જે વિદ્વાનોની તેમના અભિનંદન ગ્રંથ પ્રકાશિત કરવાની ભાવના છે. એ તમામના સાફલ્ય માટે અમે પરમેશ્વરને પ્રાર્થીએ છીએ કે તે બધું સફલ હો. સમગ્ર ભારતમાં સંસ્કૃત વિદ્વાનોની પરંપરાઓ જરૂર પ્રકાશતી દેખાતી રહો, જેના આચરણરૂપી આદર્શો ભારતીય સંસ્કૃતિ ભવ્યપણાને પ્રાપ્ત હોતી જ રહો, એમ આશા ધરનાર.

- શ્રી વિનાયકશાસ્ત્રી...

બહાદુરચંદ્ર છાબડા.

સ્પ્રિંગ્ગલેના ઉટાકામંડ, દક્ષિણ ભારત.

॥ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજને અભિનંદનમ્ ॥

ધન્ય એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને હું અભિનંદન સમર્પુ છું, જે પંડિતવર્યે ઘણાં ઘણાં ગ્રંથો રચી પ્રકાશિત કર્યા છે. શાસ્ત્રાર્થોમાં તથા કવિતાઓમાં જેમની પ્રજ્ઞા અતિશય પ્રભાવ ધરાવે છે. શાસ્ત્રીજીએ રચેલા કવિ કાવ્યગ્રંથો તેમના શાસ્ત્ર વકતૃત્વે કવિત્વને પ્રામાણિક કરે છે, આ સ્વામીજીનું સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, ભાષાનું જ્ઞાન અતિશય છે, શું બહું કહેવું ? શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સાક્ષાત્ વાગ્દેવતાના અવતાર જ છે.

તા. ૨૮-૨-૭૬ .

- બહાદુરચંદ્ર છાબડા...

દયાશંકર વાજપેયી. (એમ.એ., વ્યાકરણ સાહિત્યાચાર્ય).
પ્રાધ્યાપક શાસકીય મહાવિદ્યાલય ઇન્દૌર. ઋષિ નિવાસ,
વટરૂચિ માર્ગ, માધવનગર, ઉજ્જૈન.

મોક્ષદ્વારના ઉદ્‌ઘાટનમાં વેદાંતમાં સદા તત્પરાયણ ઉપદેષ્ટા, સાંખ્ય શાસ્ત્રોમાં અગ્રણી, બુદ્ધિપ્રજ્ઞાના તાર્કિક નવ નવોન્મેષશાલી વૈભવ ભરેલા, લોકોપકારવાળા, ગ્રંથોના ગહન સ્થલીય તત્ત્વોની ગ્રન્થિઓને ભેદીને સ્પષ્ટ તત્ત્વ બતાવનારા લેખની સંપત્તિયુક્ત, વિદ્વાનોમાં સમ્માનપાત્ર એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શાશ્વત શરદ જીવો. સંસ્કૃત વૈભવોથી પ્રકાશિત એવી આ ભૂમિમાં આપ જેવા વિવિધ દર્શન શાસ્ત્રોના વિદ્વાન મહા સંતપુરૂષ ઘણું ઘણું જીવો અને પ્રગટ થયા કરો. જેઓ આપ ભારતભૂમિમાં સાહિત્ય સંસ્કારો શુદ્ધિના ઉત્કર્ષ માટે અમૃતકણ આપતી વાણીને વારંવાર વિસ્તારતા રહો. **આ જગતમાં હજારો વિદ્વાનો નિર્મલ વિદ્યા વડે પ્રકાશવાળા થતા જ રહે છે પણ પ્રભુમાં ભક્તિ તથા લૌકિક કાર્યોમાં દક્ષતા તથા શાસ્ત્રીય વિજ્ઞાનોનું સાગરપણું તે સર્વત્ર એકમાં નથી હોતું, પણ આ સંતપુરૂષમાં પરમેશ્વરના તમામ સદ્‌ગુણો એકત્ર વસેલા છે.**

શ્રીમાન સરસ્વતીની ઉપાસનાવાળા વિદ્વાનોમાં અગ્રગણ્ય વિદ્વાન, ભગવાનના ચરણકમળના સુગંધ માટે જ તેમાં લગ્ન મનવાળા, શ્રીમાન આચાર્ય મહોદય આપ ભક્તિ ભરપુર એવા ઉપલા ત્રણ પદો વડે સાગરમાં બિંદુની પેઠે આપનદ્ધ મહામહિમા કહેવા તો સમર્થ નથી જ પરંતુ ભગવાનના મંદિરમાં મંદમતિવાળો સ્તુતિ કરે તે માન્ય થાય તેમ મારી સ્તુતિ બહિષ્કારને નહિ પામી માન્ય કરશો. **વ્યાકરણ મીમાંસા, ન્યાય સાંખ્ય વેદાંત અલંકાર ઈતિહાસો તર્કોતર સિધ્ધાંતોના સાગરની મહાનદીઓ જેવા વિવિધ ભાષાના જાણકાર માનસ નિયમન કરનારા બુધ્ધિશાળી આપના જેવા બૃહસ્પતિઓને કોણ સમજી શકે કે વર્ણન કરી શકે ?** માટે ક્ષમા ગુણ સમાધાનરૂપે માંગતો એવો હું તે માન્ય વિદ્વાનોની પ્રિય સભામાં મારું નામ અભિનંદનપ્રદ વર્ગમાં સ્વીકારશો. આપના લેખોના લાભવાળા સંતવૃન્દ, તથા વિશિષ્ટ વિદ્વાનો આપના ભાષણ ભાષ્યના તત્ત્વજ્ઞો અને અધ્યાત્મચિંતન પરાયણ ભકતજનો, તે આપ પ્રભુની પ્રેરણા વડે શ્રીહરિની સમીપ શરણાગતિને પણ પ્રાપ્ત હો.

તા. ૧૧-૩-૭૬

- દયાશંકર વાજપેયી...

ડો. શ્રીગોપાલચંદ્ર મિશ્ર. (એમ.એ, પીએચ.ડી.).

વેદ ધર્મ શાસ્ત્ર મીમાંસા આચાર્ય,

પ્રાધ્યાપક એવં અધ્યક્ષ વેદવિભાગ, કાશી.

શ્રીસ્વામિનારાયણના સંપ્રદાયના આશ્રિત આચાર્યવર્ય પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને કારણે ભારતના દાર્શનિક વિદ્વાનો સંસ્કૃત શાસ્ત્રોના રસિકો શું નથી ઓળખતા ? **આ મહાપ્રતાપી વિદ્વાન સંતપુરૂષ શાસ્ત્રતત્ત્વોના મર્મજ્ઞ છે, તેમણે પોતાની કલમ વડે વિમર્શિત સદ્વિચારો અને તર્કોવાળા બહુ ગ્રંથો રચ્યા છે. અવસ્થાએ વૃદ્ધ છે પણ શાસ્ત્રકાર્યમાં યુવાન છે, ઈન્દ્રિયોના બળ ક્ષીણ થયા છે પણ સદાકાલને માટે ક્ષીણ નથી, વૈરાગ્ય ધારણ કર્યો છે પણ ભગવાનમાંવર્ધિત અનુરાગી છે. સંન્યાસ લીધો છે પણ ગ્રંથો લખવામાં બુધ્ધિનો અવિરમિત વ્યાસ છે, સ્વભાવમાં ધીર છે પણ નવીન નવીન તત્ત્વોથી ખોળમાં સદા અધીર વ્યાપ્ત છે, ભારતીય વિદ્વાનોમાં અને ભાગવતભકતજનોમાં પ્રાપ્તાદર છે તે સાથે પરલોકમાં મોક્ષનો પણ આદર પૂર્ણ રાખેલ છે.** આ ભૂમંડલને સો સો વર્ષો સુધી શોભાવતા થકા સંસ્કૃત સાહિત્યને તથા સામ્પ્રદાયિક ભકતોના અનુરાગને વધારતા રહો, એમ હૃદયથી સ્વામીશ્રી ભગવાન વેદપુરૂષને અભિનંદન કરું છું.

તા. ૬-૧-૭૬

- ડૉ. શ્રીગોપાચન્દ્ર મિશ્ર...

ડો. રાજમણિ પાંડેય. (એમએ., પીએચ.ડી.).

૨૪૬-એ તુલારામબાગ, ઇલાહાબાદ.

શ્રધ્ધાંજલિ

ગીર્વાણવાણીરૂપી મહાસાગર તરવામાં મહાનૌકાના કર્ણધાર એવા આન્તરિક શ્રેષ્ઠ પરાવાણીથી મેળવેલી શ્રૈષ્ઠ બુદ્ધિના લક્ષણવાળા એવા શ્રીકૃષ્ણને રાજી કરવામાં અન્તઃકરણો વડે રહેનારા એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પંડિતવર્ય આચાર્યવર્યનું કૃષ્ણ પ્રેમ વડે પાંડિત્ય સર્વેના મનને હરનારું છે. અનેક શાસ્ત્રોમાં વિચક્ષણ પંડિતવર શ્રીમાન સદા ધાર્મિક, તથા વ્યાકરણરૂપી સુવિષમ્ અર્ણવને તરવા ધીર ગંભીર મહા નાવ ચલાવનારા એવા, રસદાર સાહિત્યમાં પણ કમલમાં રહેલા ભૃગની પેઠે શોભતા એવા, બુધવર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ શ્રીમાન સદા ભારતમાં શોભે છે.

- ડૉ. રાજમણિ પાંડેય...

શ્રી જી. ભાનુમર્તિ શાસ્ત્રી. - ડૉ. જી.એસ. શાસ્ત્રીજી.

વાયગ્રામ, આર.ડી, રાજમહેન્દ્રી-૫૩૩૧૦૧, આન્ધ્રપ્રદેશ.

॥ શ્રીકૃષ્ણપરમાત્મને નમઃ ॥

શ્રીવૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ, દાર્શનિકપંચાનન, ઈત્યાદિ ઉપાધિધારી સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મહારાજે લખેલા અમૂલ્યગ્રંથોના નામો વાંચીને શાસ્ત્રોના રત્નાકર સાગર જેવા આ મહાવિદ્વાનનું દર્શન ભાગ્યમાં હોય તો થાય એમ ઇચ્છનારને કયારે તેમનું દર્શન થશે એવી ઉત્કંઠાવાળું મારું મન અભિલાષા ધરાવે છે. તેઓના સર્વદર્શન શાસ્ત્રોના તત્ત્વોના સ્પષ્ટ રીતે વર્ણનોને જાણીને સર્વદર્શનોનાં જ્યોતિસ્વરૂપ હોય એમ માનું છું. તેઓએ રચેલા ગ્રંથોના વૃંદને વાંચી લેવા કે ભણવા માટે માનવનું આખું આયુષ્ય પણ ન પહોંચી શકે માટે તેમના દર્શનને ઈચ્છું છું. કયારે તે પ્રભુનું દર્શન થશે ? જલમય તીર્થોમૃત્તિકાશિલાના દેવો જલ્દી પવિત્ર નથી કરતા, કિન્તુ લાંબાકાળે પવિત્ર કરે છે. ત્યારે આવા સંતપુરૂષો દર્શનમાત્રથી જ પાવન કરે છે, આ કથન બરાબર છે.

તા. ૭-૭-૧૯૭૬ - શ્રી જી. ભાનુમર્તિ શાસ્ત્રી. - ડૉ. જી.એસ. શાસ્ત્રીજી...

પી. એન. પટ્ટાભિરામ શાસ્ત્રી.

વિદ્યાસાગર, વિદ્યાવાચસ્પતિ, શાસ્ત્રી રત્નાકર,
૪/૭ હનુમાનઘાટ, વારાણસી.

ગુર્જરદેશીય વિદ્વદ્વરેણ્ય શ્રીમાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સંસ્કૃત જગતમાં સર્વ ઇચ્છનીય કાર્ય કરતા થકા વિદ્વાનોના માનસને રંગે છે એ સાંભળી હું પણ વધારે પ્રસન્ન થાઉં છું. **સંસ્કૃત સાહિત્યના કલેવરને અનેકવિધ ગ્રંથો રચીને વ્યાપક બનાવતા એવા સ્વામીજી મહારાજ જરૂર સાધુ કાર્યકર્તા છે આવો વિશ્વાસ બેસે છે.** હાલમાં પણ સંસ્કૃતના અનુસંધાન કાર્યમાં નિસ્ત થયેલા સંસ્કૃત સમાજની સેવા કરે એ મહાપ્રમોદનો વિષય છે. આવા સ્વામીજી મહારાજ પરમપ્રતિષ્ઠાને મેળવો એમ શ્રીવિશ્વનાથજીને પ્રાર્થુ છું.

તા. ૭-૧-૭૬ - પટ્ટાભિરામ શાસ્ત્રી...

નારાયણ શ્રીધર શાસ્ત્રી વારે.

ધર્મકાંડાચાર્ય, જ્યોતિષાચાર્ય, જ્યોતિષાલંકાર,
વેદશાસ્ત્ર સમ્પન્ન ૨૦૨૨ સોમવારપેઠ, નાસીક.

॥ અભિપ્રાય ॥

વિશ્વવિખ્યાત વિદ્વાન, મહાપંડિત, પરમપૂજય, પરમમાનનીય પરમશ્રધ્ધેય, સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ન્યાયમીમાંસા, યોગ, તર્ક, ધર્મ, વેદાંતાદિ, દર્શનગ્રંથોના રચનાકાર્યમાં સહભૂત અર્પૂવ ધુરંધર વિદ્વાન છે. વળી **'શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા' નામક મહાગ્રંથનું રચનાકાર્ય તો અપૌરુષેયજ, મારી મતિમાં ભાસે છે, આવા પરમપુરૂષને અભિનંદન તે પરમાત્માને અભિનંદન છે.**

તા. ૪-૬-૭૬ - નારાયણ શ્રીધર શાસ્ત્રી વારે...

ભક્તરાજ ઘનશ્યામ ભટ્ટ. (જ્યોતિષશાસ્ત્રી, ભાગવતભૂષણ).

વ્યાકરણ સાહિત્ય પુરાણ જ્યોતિષ આયુર્વેદ, કાશી, વારાણસી.
વેદાંત પ્રથમોતીર્ણઃ એસ્ટ્રોલોજર અને પામિષ્ટ.

પરમ આદરણીય સંતશિરોમણી, વિદ્વદ્વર્ય સિદ્ધપુરૂષ, વેદ, વેદાંત, વ્યાકરણ, ન્યાય, મીમાંસાદિ, શાસ્ત્રમૂર્તિ, ભારતે વિદ્વજ્જનાડગ્રણ્ય, ભક્તિમાર્ગ પ્રવર્તક, ભગવત્કૃપાડવતાર જેમના સમીપે જવાથી આવેલાના પાપ પણ પુણ્ય સ્વરૂપે થાય છે, દોષ પણ નિર્દોષ થાય છે, સર્વ અશુદ્ધિ શુદ્ધ થાય છે. એવા શુધ્ધ અદ્વૈતબ્રહ્મ આપની કૃપા વડે સુસંપત્તિ, સંતતિ, ધર્મ, કર્મ, પરાયણ છું. **આપ ઈશ્વરથી પણ સમર્થ છો, આપનું કાશીજીમાં વિદ્વાનો દ્વારા ઘણું મોટું સન્માન થયેલ છે, આપના ચમત્કારપૂર્ણ આશીર્વાદ વડે અસંખ્ય દેહધારીઓ સુખી થતા જાય છે. આપના દર્શન માટે આવીશ. આપની કૃપા અને આશીર્વચન ઈચ્છું છું, આપના કરકમલોમાં તથા ચરણકમલોમાં ઈશ્વરના ચિન્હો છે, આપ ઈશ્વરાવતાર છો, સારસ્વત વ્યાસ છો, આપ શ્વેતાયન વ્યાસ અવતરેલ છો, આપને વિશ્વના વિદ્વાનો અભિનંદન આપી રહ્યાં છે, મારી પણ ઉપાસના આશ્રયાત્મક અભિનંદન સ્વીકારજો.**

તા. ૪-૪-૭૮ - ભક્તરાજ ઘનશ્યામ શાસ્ત્રી...

વિજયસિંહજી રતનસિંહજી.

બાપાસાહેબ, લોધિકા.

પરમપૂજય સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની વિદ્વતા, જ્ઞાન, અપરિગ્રહ, ભક્તિ, ઉપાસના, ઉદારચરિત્ર, શાંતપ્રકૃતિ, નિખાલસ સ્વભાવ, આશ્રિતોમાં દયા વિગેરે સદ્‌ગુણો સાથે સંસ્કૃત વિદ્યાઓનું ગાંભીર્ય વખણાય છે, આપ અજાત શત્રુ છો. આપની અવગણના કરનારા ઘણા તેજોદ્વેષી વલખાં મારે છે પણ આપનું કોઈ પ્રબળ સામર્થ્ય છે કે, જેઓ પોતે જ હલકા બનતા જાય છે. આપ વિશ્વમાં સુકીર્તિવાળા પ્રખ્યાત થતા જાઓ છો, આપ જરૂર કોઈ અંશ મહાપુરૂષ છો, આપને અમારા ઘણાં દંડવત પ્રણામ સન્માન સાથે અભિનંદન છે.

- વિજયસિંહજી રતનસિંહજી...

સત્સંગી મંડળ રામપુરા, સુરત.

અમે સુરતના સત્સંગીઓ તમારી સુંદર અને અતુલ્ય મનમોહક વક્તૃત્વને માણી છે. અમે આપ સદ્‌ગુરૂની સભામાં હાજરી આપી છે. પરંતુ અમે એક વાત જરૂર કહીશું કે, આથી પહેલા અમે ક્યારેય આટલા આકર્ષાયા નથી જેવા આ સમયમાં આકર્ષાયા છીએ.

તમારાં મોહક તેમજ ધાર્મિક વક્તૃત્વમાં પ્રચંડ શક્તિ રહેલી છે જે શ્રોતાઓને કલાકો સુધી આકર્ષે છે. જો અમે ના ભૂલતા હોઈએ તો તમારું વક્તૃત્વ એક વાણીનું મીઠું ઝરણું એક દૈવિય શક્તિના મુખમાંથી વહેતું હોય તેવું લાગે છે.

તમારું વક્તવ્ય હંમેશા આપણાં પૌરાણીક સાહિત્યમાંથી પસંદ થયેલા ઉદાહરણો સાથે હોય છે. અમે તમોને હંમેશા અભિનંદન પાઠવીએ છીએ અને અમારી સાથે મહેસુસ કરીએ છીએ. ભવિષ્યમાં અમે તમારા વક્તવ્યનાં સાક્ષી બનીએ તેથી આપને પ્રાર્થના કરીએ છીએ.

અમો આશા રાખીયે છીએ આપ અમોને હંમેશા આપનાં હૃદયમાં રાખશો.

- સત્સંગી મંડળ, રામપુરા- સુરત...

રેવાશંકર જીવરામ ભટ્ટ.

મુકામ, ધારી.

સ્વામીજી મહારાજે શિક્ષા વિભાગમાં ઐતિહાસિક સાંપ્રદાયિક પારમાર્થિક એવું એક 'અખિલ ભૂમંડલીય સાંપ્રદાયિક મુક્તિવ્યવસ્થા' નામક પુસ્તક લખેલ છે તથા તત્ત્વપ્રભાવલી તે શાસ્ત્રોના તત્ત્વપદાર્થો પ્રમાણો વિગેરેનું તાર્કિક લોજીકનું પુસ્તક છે. આ બંને મેં વાચ્યા, વિચાર્યા ત્યારે એમ થયું કે, અહો આવા બ્રહ્મવેતા જીવનમુક્તો, તત્ત્વજ્ઞાનીઓ, ફિલોસોફર પુરૂષો હયાતીમાં છે, આવા પુરૂષોને પ્રેમથી મળવા ઉત્કંઠા થઈ આવી. આમ ભારતીય તમામને એવા પુસ્તકોના યોગ વડે યોગી માર્ગ હાથ આવી જાય છે તથા દીવાથી દીવો પ્રગટાય એમ એવી દષ્ટિએ સ્નેહ ઉપજે છે માટે શ્રીસ્વામીજીએ ભારત અને વિશ્વને માટે તો ઘણો ભોગ આપ્યો છે, તેથી જરૂર વિશ્વંભર, વિશ્વરક્ષક, વિશ્વોપદેશક, વિશ્વરૂપ શ્રીસ્વામીજી અવતાર છે એમ મને ભાસવા લાગ્યું. તે મને અભિનંદન આપવા માટે શુભ અવસરે જરૂર ઉપયોગી થવાય તેમ મને રહે છે, આપનો સન્માન ચિંતવતો ભકત.

- રેવાશંકર જીવરામ ભટ્ટ...

બચુલાલ સવજી.

નાસિક, પંચવટી તપોવન.

॥ પ્રગટ પરબ્રહ્મ શાસ્ત્રીજી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ॥

'સંદેશ' તથા 'આજ' વગેરે દૈનિકોમાં પરમપૂજ્ય સદ્‌ગુરૂ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શાસ્ત્રીજી મહારાજનું બહુમાન કર્યાનું ગુજરાતના ગવર્નર સાહેબ તરફથી તથા ઉત્તર પ્રદેશ શાસનના ગવર્નર સાહેબ તરફથી બહુ સન્માન માન થયાનું વાંચ્યુ, ભારતની વિખ્યાત વિદ્યાપીઠો તથા રાજ્ય કેન્દ્ર સરકારો તથા શિક્ષણની ઉચ્ચ સંસ્થાઓ, આપણા સંપ્રદાયના શ્રેષ્ઠ સમર્થ વિદ્વાન સંતને માનદ્‌ ઉપાધિઓ, ખિતાબો, બહુ સમ્માનપ્રદ એવોર્ડ અને પદ્‌વીઓ આપીને તેમની શ્રેષ્ઠ વિદ્વતા તથા ઉચ્ચત્તમ કોટિની ભક્તિ, ત્યાગ, તપનું યત્‌કિંચિત્‌ શકય તમામ બહુમાન કરે તે મહા ગૌરવ છે, સંપ્રદાયે પણ સમારંભ યોજી બહુમાન સમ્માન સમર્પી ઋણ અદા કરવું જોઈએ, એજ.

- બચુલાલ સવજી...

શાસ્ત્રી શાંતિલાલ મટુલાલ વ્યાસ.

જૂનાગઢ

॥ અભિનંદન ॥

શ્રીકૃષ્ણ ભગવાને આનર્તરાજાને આપેલા નિજમણી દ્વારા પ્રગટ થયેલા સૌરાષ્ટ્ર દેશમાં નરસિંહ મહેતા, જલારામબાપા, મહાત્મા ગાંધી, દયાનંદ સરસ્વતી, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું આદિ-આદિ જગત પ્રસિદ્ધ વિભૂતિ પુરુષો પ્રગટ થતાં આવ્યા છે. તેઓએ જગતના ઉદ્ધાર માટે પોતાના જીવન સંતદશામાં ભક્તિવાળી તપસ્વી સ્થિતિમાં બ્રહ્માર્પણ કર્યા છે. આવા તારણહાર ભગવત્ પુરુષોમાં રહેલા ભગવાનના ગુણો જગતમાં પ્રખ્યાત થયા છે, તે પ્રભુના વેદશાસ્ત્રો અને ભક્તિના વિદ્વાનો, અલૌકિક દેવતાઓ કે ઈશ્વરો અવતરેલા હોય તેમ જણાય છે. કટોકટીની સ્થિતિમાં જેમની રક્ષાઓ કરી છે, તેવા સાધુ-સંતની સેવા દ્વારા સંતની સ્થિતિમાં વર્તીને દેશની જનતાને ધર્મ, કર્તવ્ય, સદ્ગુણ, ભક્તિ, અભ્યુદય અને નિઃશ્રેયસ આપ્યા છે. દેશમાં સારા સંસ્કારો રેડ્યા છે. જનતાને પ્રભુમય બનાવી છે. કર્તવ્યોના વિકાસો કર્યા છે, જનતાને સિદ્ધાંતો આપ્યા છે કે જે સત્તાધીશોને પણ ગ્રાહ્ય થઈ પડ્યા છે. અનેકના કલ્યાણ કરનારા આવા મહાપુરુષો જરૂર આવા યુગમાં ભલું કરનારા જ નિવડ્યા છે, દેશ-દેશાંતરના જનોને ઘણું-ઘણું આપી ગયા છે અને આપી રહ્યાં છે. વર્તમાન સમયના રાજ્ય નેતાલોક પણ ભારતને ઘણું-ઘણું આપી રહ્યાં છે, આપતા જાય છે, અને આપશે.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર આપનારા સંતપુરુષો દેશીય જનતાનું આ લોક અને પરલોક માટે ભલું કરતા જાય છે. સંતોના ગુણો-અદ્રોહ, ઉપકાર, શુદ્ધ ભાવના, પ્રસન્નતા, સાત્ત્વિકતા, શિલવ્રત, પ્રભુદર્શન, ઉત્કૃષ્ટ બુદ્ધિ, વિદ્યા, વિનય, સંતોષ, સહનશિલતા, અકલેશ, વિરાગિતા, વિજ્ઞાનિતા, વિવેકશિલતા, સમદર્શિતા, સહાય પ્રદતા, આધારતા, શરણાગતરક્ષિતા, દયા, ક્ષમતા, શમનિગ્રહ, તિતિક્ષા, નિર્માનિતા, વિનીતતા, સારલ્ય મિત્રતા, કોપરહિતતા, વાણી શુદ્ધિ, અવિકારિતા, નિર્લેપતા, માનપ્રદાતૃતા, દુઃખ દ્વારિતા, શુદ્ધિ વ્રતશિલતા, સ્વાગતતા, આસ્તિક્તા ઈત્યાદિ શ્રેષ્ઠ સદ્ગુણો દ્વારા બધા નેતાઓએ દેશનું અને ગામોનું કલ્યાણ કરેલ છે.

આજ સૌરાષ્ટ્રના અહોભાગ્ય છે, જેમાં મહાપુરુષ, ચમત્કારી વિભુતિ, સુમૂર્ત, ધર્મમૂર્તિ, વિદ્યામૂર્તિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પરમપુરુષ વિદ્યમાન છે. જેમને પૃથ્વીને ખૂણે-ખૂણેથી અભિનંદનો મળી રહ્યાં છે. ઔદાર્યભાવ, પદ્યાસંરક્ષણ, પાંડિત્ય ઉત્તરદાયિત્વ, જનસેવા, ગાંભિર્ય, સંતતા આદિ-આદિ ગુણો વડે આપ પોતાની પ્રતિષ્ઠા દ્વારા કુમકુમવાપી તથા સૌરાષ્ટ્રની પ્રતિષ્ઠા વધારનારા છો. આવા સૌરાષ્ટ્રમાં ધર્મમાં આસ્થા, અન્નક્ષેત્ર, અનાથ રક્ષણ, સત્કાર પરિપાલન, સંયમ, મર્યાદા આદિક ચાલુ સ્થિતિમાં પણ

દેશની વિભૂતીઓ વિદ્યમાન છે.

સૌરાષ્ટ્રની પ્રજામાં બ્રાહ્મણ ધર્મ, અમદ્યપાન, અમાંસભક્ષિ, ગુરુભક્તિ વિશેષરૂપે, ઘર-ઘરમાં માણસે માણસે દેખાય છે. તેવા આ પાવન દેશમાં શેત્રુંજો ગિરનાર આદિક મહાપવિત્ર પર્વતો રહ્યાં છે, દ્વારિકાઓ વસેલી છે. મહાતીર્થો રહેલા છે. જંગમ તિર્થરૂપ સંતોની જગ્યાઓ સ્થળે-સ્થળે રહેલી છે. આવું સૌરાષ્ટ્ર એક ધામ રહેલું છે. તેના બાળકો બ્રહ્મમુક્ત સમાન હોય જ.

- શાસ્ત્રી શાંતિલાલ મટુલાલ વ્યાસ...

કરશનદાસભગત.

મુંબઈ.

સૌરાષ્ટ્રના કુંકમવાપીનગરીમાં પ્રગટ થયાં, જૂનાગઢમાં રહ્યાં, કાશીમાં ભણ્યાં, ભારતમાં પ્રખ્યાત વિચર્યાં, કાશી આદિ તીર્થોમાં ગ્રંથો લખ્યાં, અધ્યાપક પ્રિન્સીપાલ ઈન્દોરમાં થઈ ભારતમાં પ્રકાંડ પંડિત ગણાયાં, સંત સ્થિતિમાં નૈષ્ઠિક રહ્યાં. વેદ, વિદ્યાઓ વિકસાવી, શાસ્ત્રો, દર્શનો, ભાષ્યો રચ્યાં, વિદ્વાનોમાં જ્ઞાન વિતરણ કરનારા, પ્રજામાં ઉપદેશ આપનારા, યજ્ઞયાગમાં મગ્ન રહેનારા પંડિતજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આજ ભારતમાં તેમજ વિશ્વમાં પ્રભુના અવતાર વ્યાસજી વિરાજે છે. નવા યુગના નવા સાહિત્યકાર આજ તમામ જીવોના હિત માટે માનવ સ્વરૂપે રૈવતાચળની ગુફામાં વિરાજે છે તે જગતના સૂર્ય છે, અંધકાર ટાળનારા છે, આપણાં અંધકાર ટાળો અને અમારા ભાવના ભર્યા અભિનંદન સ્વીકારો.

- કરશનદાસભગત...

શ્રીહરિશરણાગતિ મંડળ.

કાંદીવલી, મુંબઈ.

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાય પરંપરામાં પ્રગટ થયેલા સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શાસ્ત્રીજી મહારાજ આખું જીવન સંત રહી નૈષ્ઠિકવ્રત પાલી વિદ્યાનો અભ્યાસ કરી ભગવાનની ભક્તિ કરીને અને જીવોનો ઉદ્ધાર કરે તેવા મહાસંત અવતારી પુરૂષ પ્રકટ પ્રમાણ સૌરાષ્ટ્રમાં જૂનાગઢમાં વિદ્યમાન બિરાજે છે. તેઓ તત્ત્વજ્ઞાનોના અગાધ લેખક છે, નવીન ગ્રંથોના સર્જનહાર છે તથા વાચસ્પતિ સમાન તત્ત્વચિંતક છે, ન્યાયના આચાર્ય, ધર્મના આચાર્ય અને વિદ્યાઓના આચાર્ય છે, યતિમૂનિ વિદ્વાનોમાં પૂર્વજન્મના વિદ્યાવાળા છે, પોતાનું જીવન જ્ઞાન, ભક્તિમાં સાર્થક કર્યું છે, અનેક દેશોમાં તેમના શિષ્યજનો શરણાગતિ લીધેલા મોક્ષ મેળવે છે, શ્રીહરિ શરણાગતિ લીધેલા મોક્ષ મેળવે છે, શ્રીહરિશરણાગતિ લઈને મુક્તિમાં જાય છે. એમના ઉત્સવ, જન્મજયન્તિ મહોત્સવ મોટા ધામધૂમથી થાય છે, તેઓ ભગવાનમાં જ વરતે છે સ્વયંમ્ અવતારી પ્રગટ પ્રભુ છે, તેમના ઉપદેશો અનેક સંશયોના સમાધાન કરતા જાતા હોય છે, આપો આપ શંકાઓ મટતી જાય છે. આ સંતમાં ભગવાનના તમામ સદ્‌ગુણો જોવા મળે છે, ઐશ્વર્યો જોવા મળે છે, વિદ્વાનો તરફથી તેમને અભિનંદન મળે છે, તેમનો ગ્રંથ તૈયાર થાય છે, તે જગતને ભારતને અને સૌરાષ્ટ્રને ઘણાં શ્રેયસોમાં માર્ગદર્શક થશે, વિદ્યાલયોમાં અભ્યાસીઓને ઉચ્ચ ભાવનાઓના પ્રેરક થશે, દિગંત યશસ્વી વિદ્વાનોને માટે અભિનંદન ગ્રંથ ખૂબ જ ઉપયોગી થશે, સાત્ત્વિક ચેતનોને પ્રગટાવ્યા કરશે, આવા વિદ્વાન યતિ, મુનિ, નૈષ્ઠિક નારાયણાવતાર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને અમારા અસંખ્ય અભિનંદન અર્પિત થાઓ.

- શ્રીહરિશરણાગતિ મંડળ, કાંદીવલી...

સેવક કેશવજી હરિભાઈ.

શ્રીહરિશરણાગતિ મંડળ, પ્રમુખ, મુંબઈ.

પરમ પૂજય ભગવાન સાક્ષાત શ્રીહરિ પરમાત્મા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આ યુગમાં સ્વયં અવતારી ભગવાન છે, નૈષ્ઠિક વ્રતધારી છે, સુમૂર્ત કાર્યકારી છે, ચમત્કારી પરબ્રહ્મ છે, સામાન્ય સાદા માનવસ્વરૂપ છે, કુંકુમવાપીનગરીમાં દર્શન આપનારા મૂર્તિમાન છે, રાષ્ટ્રીય સ્મૃતિ ભવનમાં વિરાજે છે, ભકતોની સેવાઓ સ્વીકારે છે, ભકતોને સુખિયા કરનારાં છે, તેમણે નિજ ઉપદેશના તથા ભારતના ઘણાં ગ્રંથો લખ્યા છે, તેમાં પોતે જ વર્ણન પામેલાં છે, બધી વિદ્યાઓ તે આ ભગવાનનું વર્ણન કરનારી છે. તેવાં આ પ્રત્યક્ષ ધામોના ધામી ભગવાન મુક્તપતિ બ્રહ્મપતિ અક્ષરાતીત ને અવતારી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને અમારાં અનેકવિધ દંડવત્ પ્રણામ અને અભિનંદન અર્પિત છે.

- સેવક કેશવજી હરિભાઈ...

શ્રીહરિશરણાગતિ મંડળ, મસ્કત.

ભગવાન પ્રગટ પુરૂષોત્તમ નાડી પ્રાણ જેમના હાથમાં છે, દીન દયાળુ, અધમઉધ્ધારણ, પતિતપાવન, કરૂણાનિધાન, ભક્તવત્સલ, ભગવાન શ્રીહરિ અનાદિશ્રીકૃષ્ણનારાયણ પરમાત્મા શ્રીશ્વેતાયન વ્યાસ મૂર્તિ, શ્રીગુરૂ મહારાજ, શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજી મહારાજ, સ્વયં સૌરાષ્ટ્રને તેજસ્વી કરી રહ્યા છો, ભગવદ્‌ભક્તિ પ્રવર્તાવી રહ્યા છો, ભક્તોની રક્ષા કરી રહ્યા છો, દિવ્યમૂર્તિએ વિચરી રહ્યા છો, જન્મભૂમિમાં બિરાજ્યા થકી ભારતને સુરક્ષિત નિહાળી રહ્યા છો, વિદ્વાનોમાં વસી રહ્યા છો, ભક્તોમાં ભૂલા પડ્યા છો, એવા હે ભગવાન તમોને અમારા કોટિ કોટિ વંદન, અભિનંદન અને નમસ્કાર દંડવત્પ્રણામ સ્વીકૃત હો.

- શ્રીહરિશરણાગતિ મંડળ, મસ્કત...

શ્રીહરિશરણાગતિ મંડળ, ફુગેવાડી, પૂના.

ભગવદ્‌વતાર પ્રગટપ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની પરિષ્કૃત બુદ્ધિપ્રતિભા તથા આદર્શરૂપ જીવન નૈષ્ઠિકવ્રત વિદ્યામાં મગ્નતા, સદા સત્કર્મ વ્યાપૃતશીલતા તથા સમય સમય પર ધ્યાનશીલતા ઈત્યાદિ ગુણ પ્રસિદ્ધ છે. આવા ગુણો ગ્રહણ કરી અન્ય ભારતીય બાલક મોટા વિદ્વાન સંત થશે તથા શ્રીસ્વામીજીના ગ્રંથોનું દ્રષ્ટાંત લઈ ભારતીય લેખકો થશે તથા મોટા વિદ્વાનો થશે તથા ભારતની સેવા કરશે, મોક્ષ પણ મેળવશે, યોગ્ય સ્થળોમાં વિદ્યાલયો સ્થાપશે, વિદેશોમાં પણ અભિનંદન ગ્રંથ વિદ્યાલયો સ્થાપવાની પ્રેરણાઓ આપશે, કુંકમવાપીની ભૂમિ તીર્થરૂપમાં પ્રસિદ્ધિ પામશે, અન્ન ક્ષેત્રો, ધર્માલયો પણ વધશે, બધી સંપત્તિવાળી નગરી થશે, અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવા સંતમૂર્તિ પ્રભુજીના જ્યાં સ્વાગત સત્કાર છે, ત્યાં સર્વ પ્રકારની લક્ષ્મીજીનો પણ સત્કાર છે, તેથી સંપત્તિપૂર્ણ તે નગરી થશે. અભિનંદનગ્રંથ તો મૂર્તિમાન દેવદૂત પુરૂષ છે, તે સર્વાંગીણ વિકાસ કરશે, જનતા પણ ઘણા લાભો મેળવનારી થશે, શ્રીસ્વામીજી મહારાજ સ્વયં શ્રીમન્નારાયણ છે, તેથી તેમનો અભિનંદનગ્રંથ નારાયણને માટે વિશ્વમાં સન્માન કરનારો થશે. આવા ભગવાનને અમારા અભિનંદન તન, મન, ધન દ્વારા તથા સર્વસ્વ દ્વારા હો.

- શ્રીહરિ શરણાગતિ મંડળ, ફુગેવાડી, પૂના...

શ્રીહરિશરણાગતિ મંડળ, કુગેવાડી, પૂના.

સદ્‌ગુરૂ સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ વર્તમાન સમયમાં એક અવતારી પરમપુરૂષ છે, જેઓ અનેકરૂપ સ્વરૂપે ભક્તોને દૂર દૂર દેશોમાં દર્શન આપે છે, ભકતોના દુઃખો શમે છે, અનેકને શરણાગતિ આપે છે. તમામ જીવો ઉપર દયા રાખે છે, ભૂત ભવિષ્યની હકીકતો નેત્ર મીંચીને તુરત જ કહી બતાવે છે, પત્રો દ્વારા વર્ણવે છે, દિવ્યશક્તિશાલી, દિવ્યગુણસાગર ભગવાન જરૂર પાર્થિવતનુમાં વિચરે છે. ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ, શાસ્ત્ર, ગૌ, બ્રાહ્મણ, સંત, અનાથ આશ્રિતના રક્ષક છે, આપને સેવકો આશ્રિતોના ઘણાં ઘણાં સ્તોત્રો સાથે સેવા સાથે અભિનંદન સ્વીકાર થાઓ.

- શ્રીહરિશરણાગતિ મંડળ, પૂના...

પરગણા આસપાસના સર્વેથી શ્રીહરિશરણાગતિ મંડળ. જામવંથલી

આપે નવાનગરમાં વાસ કરી હાલાર એરિયાને શરણાગત કર્યો છે, અનેક આસુરી ઉપદ્રવો નિવાર્યા છે, અગણિત યાત્રાળુઓને યાત્રાફળો આપ્યા છે, અનેક જીવોને ચમત્કારો વડે આપત્તિમાંથી ઉગાર્યા છે, જ્ઞાત અજ્ઞાત શરણાર્થીઓને નિજકૃપા વડે સ્વબોધ આપી ભક્તિ કરતા કર્યા છે, દેશી પરદેશીઓને કંઠીઓ બાંધી છે, ઘનશ્યામ મંડળીઓ દ્વારા ઉત્સવો ઉજવાવ્યા છે, પ્રગટ પ્રભુજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આપને ભક્તમંડળોના સર્વસ્વાર્પણ સાથે અનેક ધન્યવાદ છે. આપે અનેક ધામ બંધાવ્યા, અનેક જ્ઞાન આપ્યા, વિચરીને ગામો પાવન કર્યા, સેવા ભક્તિમાં અપનાવ્યાં, દિવ્ય આંખો આપી ભક્તોમાં પીયૂષ રેડ્યા દિવ્યદર્શી બનાવ્યા, સત્સંગ વધાર્યો, એવા અભિનંદ્ય પ્રસેવ્ય સુધ્યેય મૂર્તિ આપ ભગવાનને અમારા અનેક અભિનંદન છે.

- શ્રીહરિશરણાગતિ મંડળ. જામવંથલી...

રાધિકેશ ભટ્ટાચાર્ય, ઢાકા.

રાધા વિહારી શ્રીકૃષ્ણભગવાન રાધાપતિ, ગોલાકપતિ, પટરાણિપતિ, સ્વયં સૃષ્ટિપતિ, પતિ સ્વરૂપે ભજાયા થકા સર્વ શરણાગતોને મુક્તિ આપે છે, નિજ સખીઓમાં સ્વીકૃતિ આપે છે, સખી ભાવે ભજે તેને રાધાશક્તિ માયા જન્ય, આ સંસાર છૂટી જાય છે, સર્વાત્માઓના પતિ ભગવાન એક જ છે, આ પ્રમાણે ઉપાસકો નિમ્બાર્ક કૃષ્ણાશ્રિત અમો આપ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને અભિનંદન સમર્પણ કરીયે છીએ.

- રાધિકેશ ભટ્ટાચાર્ય...

યમુનાશંકર શાસ્ત્રીજી.

ખંભાત.

ખંભાત ૨૦૦૦, અષાઢ શુકલ એકાદશી,
યમુનાશંકર શાસ્ત્રીજી, મંત્રી-વૈદિકધર્મ પ્રચારિણી સભા.
॥ અભિનંદનમ્ ॥

શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્, શ્રીમાન શ્રીસ્વામિનારાયણ સંપ્રદાય દીક્ષિત દાર્શનિકપંચાનન, ષડ્દર્શનાચાર્ય, નવ્યન્યાયાચાર્ય, સાંખ્યયોગ વેદાંત મીમાંસાતીર્થ, પદવાક્ય પ્રમાણ અલંકાર પ્રમાણ પ્રમિતિ પારાવાર પાટીણ, પંડિતવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિ મહોદયને અભિનંદન પત્રિકા.

મુમુક્ષુ વિદ્વજ્જનોનાં સહૃદય મહાત્મા શ્રેષ્ઠ શ્રીમંત ખંભાતતીર્થમાં પધાર્યા. સર્વશાસ્ત્રકુશળ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનો જય હો.

વર્તમાન ભારતવર્ષમાં વૈદિક સનાતનધર્મનાં શૈથિલ્યને મટાડી ધર્મને સારું પુષ્ટ જીવન આપવા વિવિધ ગ્રામ નગરોમાં વિચરતા આપે ખંભાત પધારી નાગરિક બૃહત્સભામાં શ્રુતિશાસ્ત્રાદિ સિદ્ધાંતાનુસાર જીવ ઈશ્વર પરમપુરુષ પુરુષાર્થ ધાર્મિકતત્ત્વ બોધક પ્રવચનો આપી ત્રણ દિવસો વાર્તમાનિક જનતાને સંતોષ આપ્યો છે, આપની ભક્તિ જ્ઞાન નિપુણતા અનુભવીને સમયોચિત પ્રવચન પ્રણાલી જોઈ અમો શાસ્ત્રજ્ઞો પણ પરમ પ્રમોદ અનુભવીએ છીએ, આપને સદ્ગુણ સંભૃત આભાર સહિત અભિનંદન અર્પીએ છીએ.

ખંભાત તીર્થમાં શ્રીસ્વામિનારાયણ મંદિરમાં સારે પ્રસંગે આપે વ્યાખ્યાનો આપી જનતાને નિર્મળ કરી છે, આપની ભારતમાં વિખ્યાત કીર્તિ છે, આપ નવ્યન્યાયમૂર્તિ છો, શ્રીકૃષ્ણને પ્રિય છો, મીમાંસા વેદાંત આદિ શાસ્ત્રોમાં મહાપંડિત છો, આપના ધર્મતત્ત્વ ભક્તિજ્ઞાન-વિજ્ઞાન ભરેલા પ્રવચનો થયાં, તે સાંભળીને લોકો સુખપ્રદ જ્ઞાનને મેળવી શાંતિને પામ્યા છે.

લક્ષ્મીપતિ ભગવન શ્રીમન્નારાયણ ખંભાતમાં પધારેલા આપ દ્વારા આંહીની જનતાનું ક્ષેમકુશળ કરો.

આપ સુજ્ઞ મહાશય જય પામો, આપના પ્રયત્નો સફળ હો, પરમાર્થ સિદ્ધ માટે પણ ચિરં રહીને શ્રીહરિ સન્નિધીમાં વાસ આપનારા અમારા સ્તોત્રને સ્વીકારજો.

- યમુનાશંકર શાસ્ત્રીજી...

શ્રી ઘનશ્યામ લક્ષ્મીશંકર ભટ્ટ.

એસ્ટ્રોલોજર અને પામીસ્ટ, ફેઇસ રીડર ભાગવત્‌ભૂષણ,
રાજકોટ. (સૌરાષ્ટ્ર)

શ્રીસ્વામીજી મહાપ્રભુજી રાજકોટમાં આપની દિવ્ય મૂર્તિના સચિન્હ બધાં દર્શન કર્યા હતા. દેવતાઈ પરમપુરૂષ, વેદ, વેદાંત, વ્યાકરણ, ન્યાય, વૈશેષિક, મીમાંસા, સાંખ્ય, યોગ, આદિ દર્શનશાસ્ત્રોમાં પારંગત વિદ્વજનાગ્રગણ્ય, ભક્તિપ્રચારક, મહાપુરૂષ, ભગવત્‌કૃપાવતાર, શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજી મહારાજ પ્રતિ, સાદર નમસ્કાર. હું કૌશિક ગોત્રીય છું, કાશીમાં વ્યાકરણ સાહિત્ય, પુરાણ જ્યોતિષ, આયુર્વેદ, વેદાંત ભણેલો છું, સનાતન ધર્મોપદેષ્ટા છું, આપની કૃપા વડે સુખ-સંપતિ, સંતતિ, આરોગ્ય, ધાર્મિક કાર્યપરાયણ છું. આપ સંતપુરૂષ ઈશ્વરથી પણ સમર્થ છો, એમ માનું છું, મારા બનેવી કુંકાવાવ નિવાસી એન્જિનિયર બળવંતભાઈ પંડ્યાએ આપના દર્શન કર્યા છે. આપે કાશીમાં સન્માન મેળવેલ તે સંસ્કૃત પત્રોમાં મેં વાંચેલ. **આપ જેવા દેવતાઈ પરમપુરૂષોના આશીર્વાદો, ચમત્કારો આર્તજનોના સુખ-શાંતિ માટે સિદ્ધ જ સંભળાય છે. આપના સામે આવવા વડે પાપીઓનાં પાપો પણ પુણ્યસ્વરૂપે ફેરવાઈ જાય છે, દોષો નિર્દોષ સ્વરૂપે થાય છે. આપની કૃપા વડે સર્વ અશુદ્ધિ પણ શુદ્ધ થાય છે.**

વિદ્વદ્‌વર્યોમાં આપ શ્રેષ્ઠ પ્રકાંડ વિદ્વાન છો, આપથી કૃપાદાન, ક્ષમાદાન ઈચ્છું છું, ફરીથી વારંવાર દર્શન ઈચ્છું છું, કૃપાદૃષ્ટિ આશીર્વચન ઈચ્છું છું, આપના કૃપાભિલાષી પંડિત ઘનશ્યામજી લક્ષ્મીશંકર ભટ્ટના પ્રણામ. **આપના ચરણોમાં બે મત્સ્ય સહિત ઉધ્વરેખાઓ, કમળો, પદ્મચિન્હો, આદિક ઘણા છે તથા કરકમળોમાં ધનુષ્ય, બાણ, ત્રિશૂળ, સ્વસ્તિક, ધ્વજ, મત્સ્ય, ચક્ર આદિ આદિક ચિન્હો મેં સાક્ષાત્ જોયાં છે, ત્યારથી આપને ઈશ્વરાવતાર માનું છું, તેથી વધારે મુક્તાવતાર, બ્રહ્માવતાર, વ્યાસાવતાર, પરમેશાંશ માનું છું, આપના દર્શનો વડે મને આત્મીયશાન્તિ વધે છે, ભૂમિ ઉપર શ્રીકૃષ્ણસ્વરૂપ મહાપ્રભુજી છો, વારંવાર આપના દર્શન કરતો રહીશ. કૃપાપાત્ર ઘનશ્યામને ઘનશ્યામ મૂર્તિમાં જોડી દેજો, શુભમ્.**

તા. ૪-૪-૭૮

- શ્રી ઘનશ્યામ લક્ષ્મીશંકર ભટ્ટ...

શાસ્ત્રી વ્રજભવનદાસ ગુપ્તા.

ચૌખંભા ઓરિયન્ટલિયા પ્રેસ, કાશી- વારાણસી.

પૂજ્ય સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ, જૂનાગઢ - સાદર પ્રણામ...

આપશ્રીની તમામ ડિગ્રીઓ ગ્રંથોના જે નવા ટાઈટલ છપાશે તેમાં દેવું ઘણું ઉત્તમ રહેશે. જેથી લોકોને જ્ઞાન થાય કે, આપશ્રી માત્ર પ્રાચીન પંડિતો જેવા જ નહીં પરંતુ આપશ્રીમાં પ્રાચીન તેમજ આધુનિક બંનેનું પાંડિત્ય સમાયેલું છે. આપશ્રીની તમામ કૃતિઓ પ્રકાશનની યોજનામાં છે. થોડા જ સમયમાં પ્રકાશિત કરવામાં આવશે. આપશ્રી આશીર્વાદ આપજો. ભારતમાં આપશ્રી પ્રથમ નંબરના મુર્ધન્ય વિદ્વાન પ્રખ્યાત છો. અહીંના વિદ્યાલયોમાં આપના ગ્રંથો ખૂબ ખૂબ પ્રચલિત થઈ ગયા છે અને સરકારે પણ સ્વીકૃત કર્યા છે. ખૂબ જ આનંદની વાત છે જે સૌરાષ્ટ્ર દેશે ખૂબ મહાન વિદ્વાનથી ભારતમાં બધી જ મહાવિદ્યાલયોમાં સુપ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. આપશ્રીના ગ્રંથો ૫૦ વર્ષોથી કાશી તેમજ અન્ય વિદ્યાપીઠોમાં ભણવા તેમજ ભણાવવામાં, વિદ્યાર્થી તેમજ પંડિતોમાં તમામ પ્રકારે ઉપયોગી થઈ પડ્યા છે અને આજકાલ તો એના પર જ અભ્યાસ નિર્ભર છે માટે આપની બધી કિરણાવલીઓને જલ્દી પ્રકાશન માટે આજ્ઞા આપજો તેમજ યોગ્ય સેવા પણ લખી જણાવશો.

તા.૨૬-૨-૧૯૭૮

- શાસ્ત્રી વ્રજભવનદાસ ગુપ્તા...

શ્રીસ્વામિનારાયણ મંદિર.

ટેમ્પલ કમિટી, જૂનાગઢ

જૂનાગઢના સદ્‌ગરૂ શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું ગુજરાત સરકાર તરફથી તથા ઉત્તર પ્રદેશ શાસન તરફથી બહુમાન સન્માન થયેલ છે, આપણા દેશના આ મહાન વિદ્વાનનું, અને સંપ્રદાયના અગ્રણી વિદ્વાન સંતપુરૂષનું સરકારશ્રીએ સન્માન કરેલ છે, જે અંગે ટેમ્પલ કમિટી સહર્ષ આનંદ અને ગૌરવ અનુભવે છે. તેઓશ્રીની સંસ્કૃત વિદ્વાન તરીકેની ખ્યાતિ ખૂબ જ પ્રસરી અને દુનિયાના વિદ્વાનોમાં શ્રીસ્વામિનારાયણ ભગવાનના મહાનમાં મહાન વિદ્વાન સંત પ્રસિદ્ધ થયા છે. વિશ્વમાં પ્રખ્યાતિના અતિ ઉત્સાહથી સત્સંગ સમાજ અને સંતોના પ્રતિનિધિ તરીકે આ કમિટિ આપના પ્રતિ આદર સન્માન સહ અતિ અભિનંદન આનંદ સાથે વ્યકત કરે છે. આ ઠરાવ કમિટિમાં સર્વાનુમતે કરવામાં આવે છે. જૂનાગઢ કો.જા.નાં. ૨૬-૨૦૩૫ તે વિદિત થાય. તા. ૧૭-૧૨-૭૮ની ટેમ્પલ કમિટીનો ઠરાવ નં.૧૪ પુ.ના. કોઠારી.

તા. ૧૭-૧૨-૧૯૭૮

- શ્રીસ્વામિનારાયણ મંદિર, ટેમ્પલ કમિટી...

સર્વગુણ સંપન્ન, મહાન વિદ્વાન, અદ્‌ભૂત શાસ્ત્રોના રચયીતા વિશ્વવંદનીય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ

ડૉ. એમ.બી. શાહ. (એમ.એ., એમ.એડ., પીએચ.ડી., સાહિત્યરત્ન)
પ્રિન્સિપાલ કે.વી. હાયર સેકન્ડરી સ્કૂલ, મોટી કુંકાવાવ, જી.અમરેલી, ગુજરાત.

ભારતના પ્રસિદ્ધ વિદ્વાન, સર્વશાસ્ત્ર સંપન્ન સંતવર્ય સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આચાર્યશ્રી૭૧થી વધારે વર્ષોમાં સ્થિત છે, જૂનાગઢ શ્રીસ્વામિનારાયણ મંદિરમાં બિરાજે છે. આપે જગતના અને ભારતભરના ઉપકાર માટે ૫૪ ગ્રંથો સંસ્કૃત, હિન્દી, ગુજરાતી આદિકમાં લખ્યાં છે તેમાં કેટલાક મૌલિક સર્જન છે. તત્ત્વપ્રભાવલી, શ્રુતિતાત્પર્ય નિર્ણય, શ્રીસ્વામિનારાયણ દર્શન, શ્રીસ્વામિનારાયણ વેદાંતસાર આદિ કઠીન તાર્કિક વિચારના ગ્રંથો, પ્રમાત્વવાદ, ખ્યાતિવાદ, સર્વપ્રત્યક્ષતાવાદ, સર્વસાકારતાવાદ, સત્ખ્યાતિવાદ, વિશિષ્ટબ્રહ્માદ્વૈતવાદ, આદિ ગ્રંથ તાર્કિક પધ્ધતિથી તત્ત્વાલોચનાત્મક બ્રહ્મરસાયનભાષ્ય, સત્સંગભાષ્ય, યોગભાષ્ય, સાંખ્યભાષ્ય, સાર્વભૂમિક સિદ્ધયાત્મક વિવેચનાત્મક ગ્રંથ, ન્યાય સાંખ્યયોગ કિરણાવલી આવિષ્કારાત્મક ટીકાઓ, તત્ત્વમુક્તાકલાપ કિરણાવલી દર્શનાત્મકસિદ્ધ સંપાદન તે સિવાયની પ્રભાવશાલી લાક્ષણિક કૃતિઓ ઉપદેશાત્મક સાહિત્યક વ્યાખ્યાનો, મહાઈતિહાસ બ્રહ્મરસાયનભાષ્ય અને શ્વેતાયન સંહિતા તો બ્રહ્મવિદ્યાઓમાં સર્વ વિદ્યાઓનો ખજાનો છે. ભારતના પરીક્ષા વિભાગમાં પ્રચલિત કેટલાક ગ્રંથો છે, દર્શનશાસ્ત્રોના છે. ઈંગ્લેન્ડ, જર્મની, ફ્રાન્સ, ઈટલી, અમેરિકા, જાપાન, સિલોન આદિના સંસ્કૃત વિભાગોમાં વિશ્વની પ્રસિદ્ધ લાયબ્રેરીઓમાં આ ગ્રંથો સ્વીકૃત છે, ઓકસફોર્ડ, કેમ્બ્રિજ આદિ યુનિવર્સિટીમાં કોઈને કોઈ ગ્રંથોએ ખ્યાતિ પ્રાપ્ત કરી છે, બનારસ, કલકતા, નદીયા, અમૃતસર, પૂના, દ્રાવિડ, મદ્રાસ, બડૌદા, આદિ વિદ્યા શિક્ષાના પરીક્ષા સંસ્થાઓમાં તે ગ્રંથ માનપાત્ર થયા છે. કવિકાવ્યગૌરવ, દર્શનતત્ત્વસાર, સુધાસિંધુસારસન્દોહન, આવા ગ્રંથો બૌદ્ધિક નવીન આવિષ્કારોના તનુસ્વરૂપમાં રહેલા છે. સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પ્રતિભાશાલી મહાન લેખક છે, ગૌરવશાલી સંત છે, ભારતીય સંસ્કૃતિના પરમ પવિત્ર મહાત્મા છે, તથા સંસ્કૃત સાહિત્ય, વ્યાકરણ, કાવ્ય પુરાણ, ઈતિહાસ, ધર્મશાસ્ત્ર, ન્યાય, તર્ક, વેદાન્ત, મીમાંસા, સાંખ્ય, યોગ, વેદોના અવિવાદાસ્પદ તેજસ્વી મહાન સ્કોલર છે, શ્રીસ્વામીજીની ગણના વિશ્વના પ્રથમ કોટિના વિદ્વાનો મહાકવિ અને સંસ્કૃતના પ્રકાંડ પંડિતોમાં થઈ છે, આપ સંસ્કૃત સાહિત્યમાં વિશ્વના પ્રથમ કોટિના વિદ્વાન મહાન લેખક છો, આપની લેખિની બધા તત્ત્વજ્ઞાનોની અભિવ્યક્તિ કરવામાં અપ્રતિહત સફળ ગતિવાળી છે. કાશી હિન્દુ વિશ્વવિદ્યાલયમાં, સંપૂર્ણાનંદ સંસ્કૃત યુનિવર્સિટીમાં, બનારસ ક્વિન્સ કોલેજમાં આપની ગણના પ્રથમકોટિના વિદ્વાનોમાં છે, કાશીની વિદ્વત્સભાઓમાં આપને વૈષ્ણવ વિદ્વત્સાર્વભૌમ આદિક ઘણી ઉપાધિઓ મળેલી છે. આપે સંસ્કૃતના શાસ્ત્રોના અધ્યયન, અધ્યાપન, લેખન, વ્યાખ્યાન આદિ ખૂબ કુશળતાપૂર્વક કર્યા છે, આપે કઠીનમાં કઠીન ગહનાતિગહન વિષયોને પોતાની કુશળતા વડે સર્વ સામાન્યને માટે પ્રભાવશાલી રીતિઓ વડે સર્વ સુલભ બનાવ્યાં છે. આપ મહાન યોગીન્દ્ર, ગહન ચિંતક, પવિત્ર તપસ્વી, સિદ્ધમુનિ, નિઃસ્વાર્થ સેવક, પ્રતિભાશાલી લેખક, પ્રબલ સમાજ સુધારક, મહાપ્રભાવશાલી ઉપદેશક, સમર્થ ધાર્મિક નેતા,

સ્વામિનારાયણ સંપ્રદાયના પરમઆદરણીય ગુરૂ, મહામુનિ, તેજસ્વી પંડિત, સંયમી સંત, વિદ્યાના સાક્ષાત્ અવતાર તથા ભારતના દૈવી પુરૂષ છો. કુંકાવાવમાં ઈસ્વીસન ૧૯૭૫માં રાષ્ટ્રીય સ્મૃતિ ભવનમાં આપની સફેદ સંગમરમરની આપ સમાન કદની સુંદર મૂર્તિ ધામધૂમે, વૈદિક હોમ-હવનપૂર્વક પ્રતિષ્ઠાપિત કરી છે, મંદિર ઉપર ધ્વજ ફરકે છે, દીવા, બત્તી, ધૂપ, નૈવેદ્ય, પૂજન શ્રીહરિનામ ધૂન્ય કાયમ થાય છે, બાજુમાં બસ સ્ટેન્ડ છે. તમામ માણસો આદરથી દર્શન કરે છે, નાળીયેર, સાકર નૈવદ્ય ધરે છે, માનતા કરે તેના સંકલ્પ પૂર્ણ થાય છે, આ સ્થળે પ્રાતઃ કાલે સત્સંગ મંડળી ધુન કરે છે, આપના મહત્વપૂર્ણ ગ્રંથો વિદેશોમાં આદર પામેલાં છે ન્યાયસિદ્ધાંત મુકતાવલી, કિરણાવલી, તર્કસંગ્રહ દીપિકા કિરણાવલી, સાંખ્યતત્ત્વકૌમુદી કિરણાવલી આદિ આદિ ન્યાય તર્કના અત્યંત મહત્ત્વપૂર્ણ ગ્રંથોએ આપને વિશ્વપ્રસિધ્ધ વિદ્વાનોની પ્રશંસાના ભાગી બનાવ્યા છે. આપની ટીકાઓએ તો તે ન્યાયાદિ ગ્રંથોને સમજવા માટે ઘણી સરલતા સમર્પી છે. આપના ન્યાય પર કરેલી આ ગ્રંથ કૃતિ તો કોઈ અલૌકિક અસાધારણ રચના છે, આપના ગ્રંથ એટલા ઉચ્ચ કોટિના છે કે, જેમાં સામાન્ય વિદ્વાનોની તો પહોંચ પણ ત્યાં સુધી નથી. સ્કોલર ડોકટરો એમનું અધ્યયન કરી શકે એવા ગ્રંથો છે, તત્ત્વપ્રભાવલી ગ્રંથ એક તત્ત્વ ચિન્તામણિનો જોટો આ નવા યુગમાં રચાયો છે.

મહાપુરૂષોની શતાબ્દિઓમાં અનેક નગરોમાં આમંત્રીત કરાયા સ્વામીજી ત્યાં પધારીને અનેક વિષયો પર સંસ્કૃતાદિ ભાષાઓમાં વ્યાખ્યાન આપ્યા છે. રાજકોટમાં છડી-છત્ર સહિત સોના-ચાંદીના ચાર અશ્વોવાળા રથમાં વિરાજમાન થઈને રાજયનું ગૌરવમય સમ્માન પ્રાપ્ત કર્યુ છે. અનેકવાર મોટા પ્રોસેશનોમાં સમ્માન પ્રાપ્ત કર્યા છે, મુંબઈમાં શતવાર્ષિક મહોત્સવમાં મહાપ્રોસેશનમાં મહાસમ્માન પામ્યાં છે, ઘણીવાર પચાસ પચાસ શણગારિત બળદોના રથના પ્રોસેશનમાં સમ્માન મેળવ્યાં છે. શ્રીસ્વામીજી મહારાજે નિજ જીવનમાં સંહિતા, શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ, સૂત્ર, ભક્તિશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર આદિના ૧૦૮ પારાયણ સંપૂર્ણ કર્યા છે આપે કુરાન, બાઈબલ, ગુરૂગ્રંથ સાહેબ, વિશ્વપટ દર્શન, જૈનતત્ત્વ પ્રકાશ, ભારતવર્ષના ઉપાસક સંપ્રદાય વિગેરેનો ઊંડો અભ્યાસ કરી તેના ઉપર વ્યાખ્યાનો આપ્યાં છે. માણાવદરમાં રાજય આચાર્યસભામાં અંગ્રેજી વ્યાખ્યાન આપ્યાં છે, કેટલાક તો તપસ્વી અનુષ્ઠાનો કર્યા છે. ભારતમાં કેટલાય સ્થળે સ્વામિનારાયણ મંદીર, સંસ્કૃત પાઠશાલાઓ તથા ભક્તિ ભવનો, સભામંડપો આદિ કરાવ્યાં છે. શ્રીસ્વામીજીમાં જ્ઞાન વિજ્ઞાન સાગર સાથે મુનિવ્રત, શક્તિઓ સાથે ક્ષમાવ્રત, ત્યાગ શીલતા સાથે અપ્રશંસાવ્રત, સંમ્માનો હોવા છતા નિર્માનવ્રત આજીવન નૈષ્ઠિકશીલ વ્રત, સંત સ્થિતિ, ભાગવતી ભક્તિ, ગ્રંથવિદ્યા પરિશીલન, ભજન-કીર્તન, નિયમ, રક્ષણ તથા પરોપકારી વિદ્યા ભણાવવી, ઉપદેશ પરાયણ કથા વિગેરેમાં જીવનવ્રતવાળા છે. ભગવાનની કૃપા વડે, પંડિતોના આશીર્વાદો વડે, સરસ્વતીની ઉપાસના વડે, માતા-પિતાના પુણ્ય વડે, મહાન સંતોના શુભ આશીષો વડે વર્તમાન યુગમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ભારતમાં તથા અન્યત્ર દિગન્ત યશસ્વી એવા ચળકે છે. શ્રીસ્વામીજીએ શિક્ષાજગતમાં ઉલ્લેખનીય ગ્રંથ કાર્ય કર્યું છે. આવા પ્રતાપી પુરૂષ અવતારી મૂર્તિ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને અનેક અભિનંદનો સાથે મારા નમન સ્વીકૃત હો.

- મનુભાઈ શાહ...

વિશ્વવિભૂતિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું સંક્ષિપ્ત દિવ્યજીવન તેમજ સત્કાર્યો

છગનલાલભાઇ બ્રાહ્મણ.

પ્રાચીન સ્કુલ હેડમાસ્તર, મોટી કુંકાવાવ,

મોટી કુંકાવાવના બાળક સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ બાળપણથી જ યોગીરાજ જેવા સુખ-શાંતિવાળા દૈવીમૂર્તિ, તેજસ્વી મૂર્તિ હતા. ભગવાનની મૂર્તિ પાસે બેસી તાલી પાડી ભજન કરતા. પાંચમાં વર્ષથી જ ન્હાતા, પૂજા કરતા, કથા-કીર્તન સાંભળતા, ભણવા જતા, ભણતરમાં વિદ્યા કંઠસ્થ કરતા, સારી રીતે સમજતા, રમતમાં ધ્યાન ન દેતા, છુટ્ટીમાં ગૌવાછડા ચારવા જતા, વાડી ખેતરમાં તે તે ઋતુઓમાં ફરતા પાણી વાળતા, રાતવાસો વાડીયે પણ રહેતા, સહનશક્તિ રાખતા, કોઈ સાથે કલેશ ન કરતા, શાંતિમાં રહેતા, ક્યાંયથી રાવ આવતી નહીં, વાડી ખેતર સીમમાં કયારેક એકલા રહેતા, પણ નિર્ભિક હતા, ભજન કરતા માળા ફેરવતા, એકાદશી આદિ વ્રત કરતા હતા. આઠમે વર્ષે જૂનાગઢ ગુરૂદ્વારે જયેષ્ઠમાં દર્શનાર્થે ગયા હતા, ત્યારથી ત્યાગી સ્થિતિના સંસ્કાર વિશેષ થયા, મંદિરમાં આવતા-જતા, સંત દીક્ષામાં દાખલ થઈ માતાજીના ભણવાની ભલામણના વચનને ધ્યાનમાં રાખી ભણતર ચાલું રાખતા, પછી સંસ્કૃત કથાઓ કરવા લાગ્યા, પારાયણો વાચ્યાં, તેમનાં મીઠા સ્વરને સાંભળી સ્પષ્ટ કથાઓ સાંભળી સભાસદો રાજી થતા હતાં, આશીર્વાદો આપતા હતા. જેતપુર, જૂનાગઢ, વડતાલ, વડોદરા અને કાશી ભણતર માટે ગયા ત્યાં રહ્યા અને પોતાની સરસ્વતિ શક્તિનો વિકાસ કરતા ગયા, સંસ્કૃત કાવ્યો રચવા લાગ્યા, સંસ્કૃત વ્યાખ્યાનો આપવા લાગ્યા, સંસ્કૃત ભાષ્યો અને સંસ્કૃત દર્શનો, તર્ક, વેદાંત, ન્યાય, મીમાંસા, સાંખ્ય યોગ વિગેરેની ટીકાઓ લખવા લાગ્યા.

તલસ્પર્શી તત્ત્વજ્ઞાનમાં નવીન નવીન પદાર્થો દર્શાવીને પંડિતોને આનંદ ઉપજાવવા લાગ્યા, અતિ તીવ્ર અભ્યાસ અને સ્નિગ્ધ મેધા તથા પ્રાગ્ભવીય વિદ્વતાના સંસ્કારો વડે પ્રાચીન નવીન પરિષ્કૃત દર્શન ન્યાયાદિ શાસ્ત્રોમાં પારંગત ધુરંધર પંડિત થયા. પૃથ્વીભરમાં પ્રકાંડ પાંડિત્યવાળા પ્રખ્યાત થયા, હજારોને ભણાવ્યાં ભારતમાં તથા અન્ય દેશોમાં પણ આ યુગના ધુરંધર વિદ્વાન પશ્ચિમ કાશીની સ્થિતિ ટકાવનારા સૂર્ય સમાન દેશના પ્રકાશક થયા. એમના બાળ બ્રહ્મચારી હોવાથી બધા સદ્‌ગુણો લોક હિતકર વર્ણવ્યા ખુટે તેમ નથી. વિખ્યાતિ પામેલા સ્વામીને પાછા પાડવા અનેક ડોળીયા ઈર્ષ્યુકોએ વાવાઝોડાં, ઉપદ્રવો ઉપજાવ્યા ખોટાઈઓ પ્રેરી, પણ તેઓ તેમની જ કપટમાયામાં, ઈર્ષ્યામાં, બળતરામાં, દાઝીને કોલસા જ બની રહ્યાં. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની વિદ્યાને તથા કીર્તિને કોઈ પહોંચી શક્યા નહિ, શાસ્ત્રીવર્યે પોતાને જોખમ કરનારા વ્યક્તિઓને પણ સંતાડીને તેના આતતાયીઓ થકી રક્ષા કરી છે. આ રીતે શરણાગત રક્ષક, આપત્તિનાશક, અધમોદ્ધારણ, પરમપુરૂષ અજાતશત્રુ તરીકે જનતાએ ગાયા છે.

શ્રીશાસ્ત્રીજી મહારાજના ધ્યેય છે કે, 'આ મારો સંપ્રદાય અને સંપ્રદાયનો હું. મારો

સંપ્રદાય જગતભરમાં પ્રસિદ્ધ થાઓ, ફેલાઓ. દુનિયામાં મુમુક્ષુઓ આ સંપ્રદાયના પ્રાચીન અર્વાચીન તત્ત્વગ્રહણ કરો, ભક્તિ કરો અને અભ્યુદય તથા મોક્ષ મેળવો, પાંચ તત્ત્વોને પવિત્ર દિલે સમજો. સંપ્રદાયના આશ્રિત થાઓ, સંપ્રદાયનો સાર્વભૌમસિદ્ધાંત જગતનાં જીવો સમજો આ રીતે એક જ તાન શાસ્ત્રીજીને મહાસાગર જેવું વિશાળ હતું, અને છે, જેને કોઈ હઠાવી, ફગાવી, સુકાવી શકે નહીં. લેખન કાર્ય તો સતત ચાલુ જ રહે છે. સંસ્કૃત, ગુજરાતી, હિન્દી આદિમાં ઘણા તાત્ત્વિક સિદ્ધાંત ભર્યા ગ્રંથો લખ્યાં, હજુ પણ લખતા જાય છે, લખતી વખતે કોઈ પણ આવે તેમનો સત્કાર કરતા જાય, હસમુખે બોલાવતા જાય. દેશી-પરદેશી દર્શનાર્થીજનોની સંભાળ, સરભરા કરતા જાય અને લેખન આદિ કાર્ય પણ શતાવધાનીની પેઠે ચાલું રાખતા જ જાય. નેત્રો સેવક તરફ હોય અને મગજ તથા કલમ બરાબર સીધી લાઈનમાં લખાણ કરતી જાય. આવું આશ્ચર્ય તો સતત જોવામાં આવે છે. શ્લોકો, પદ્યો, અકાટ્ય ગોઠવાતા જાય. મહાકવિત્વ બરાબર ઉપયોગમાં લેવાતું જાય. એ પૂર્ણ સાક્ષાત્ અનુભવેલ છે, શંકા સમાધાન ભર્યા તાર્કિક જવાબો તુરત જ અપાતા જાય, આધિભૌતિક, આધિ દૈવિક, દુઃખિયાના દુઃખો ભગવત્સ્મરણપૂર્વક ટાળવાના ઉકેલ કરતા જાય. લોકો વચનસિધ્ધિ ફળને મેળવતા જાય, સુખિયા થાય. આવા ચમત્કારો તો હજારો જોવામાં આવ્યા છે. મલિન દેવતા, ડાકિની, શાકિની, યોગિની, વેતાલિની, ભૂત-પ્રેત, પિત્રાદીકોના ઉપદ્રવોને તો તુરત જ સ્વપ્રતાપે દૈવીશક્તિ વાપરીને નાશ કરવાના હજારો દાખલાઓ પ્રખ્યાત છે. પિતૃઓના ઉદ્ધાર માટે શ્રાદ્ધ, નારાયણબલિ, આદિ કરાવવા આજ્ઞા આપતા હોય. એવા ચમત્કારો હોવાનું કારણ પરમેશ્વરની સતત ઉપાસના હૃદયશુધ્ધિ, જ્ઞાનશુધ્ધિ, નિર્દોષતા તથા જેણે કરી ધર્મ પુણ્ય સાત્ત્વિકતા નાશ ન પામે તેવા સંગ, પ્રસંગ, સત્સંગમાં જ રહેવાય. ઐશ્વર્યોની વિસ્મયતામાં ન ઉતરી જવાય તેવી ખબરદારીથી વર્તતા જોયા છે. કોઈ પ્રકારની લાલચથી, લોભથી ક્યાંય પરાભૂત થયા નથી. વસુધાને કુટુંબ ગણીને સર્વશરીરી સમાનવૃત્તિ વડે વર્તે છે, માલાજપ સતત ભજન ચાલુ જ રાખે છે. શાસ્ત્રાર્થ ચિંતન, ભગવદ્ભજન, વિશ્રાંતિ-મિશ્રિત શરીર સંભાળ, આશ્રિત સંભાળની મુખ્ય પ્રવૃત્તિઓથી જીવન સાર્થક કરે છે. યોગીજનોની માફક ઉદય અસ્ત પર્યંત નિજાસને વિરાજમાન અને સમય સમય પર દેવદર્શન, પૂજન, ભજન-કિર્તન, સત્સંગ આદિ નિયમમાં વર્તે છે. આવા અવતારી પુરૂષો જરૂર પ્રકટ થતા રહો, અને જન કલ્યાણ કરતા રહો, એવું માગીએ છીએ.

આ વિદ્વાન સ્વામીજીના જેઓ વિદ્યાભ્યાસી સત્સંગાભ્યાસી થયા તેઓ પણ ભારતની વિભૂતિરૂપ થયા છે. નૈષ્ઠિકતા, સાધુતા, ચરિત્ર, પવિત્રતા, ગુણગરિમતા, દેવાર્ચનભક્તિ, શ્રદ્ધાવર્તા, મહાપુરૂષોની સમાન તેમના શિષ્યમંડળમાં પણ છે. શ્રીહરિશરણાગતિ મંડળ આજ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ભક્તિમાં સર્વોપરિ વર્તે છે. શ્રીશાસ્ત્રીજી સ્વામીજીએ ભણાવેલા ઘણાં શાસ્ત્રીઓ, આચાર્યો, પંડિતો, આ ભૂમિમાં આભૂષણ સ્વર્ગના દેવો જેવા વર્તે છે. પૂજય સ્વામીજી મહારાજને તેમના ગુરૂવર્યોના અતિ હર્ષ ભર્યા કેવા કેવા આશીર્વાદો છે તે જોઈ, વાંચીને એમ થાય છે કે આ જરૂર કોઈ દૈવી વિભૂતિ, ઈશ્વરીય અંશ છે. જેમાં સદ્ગુરુઓ, વિદ્યાગુરુઓ પૂર્ણ ઉછાળે આશીર્વાદો આપે છે, શ્રીશાસ્ત્રીજી મહારાજ સત્કર્મ, વિજ્ઞાન અને ભક્તિમાં બરાબર

સ્નાતક છે, શરીર માટે જગતમાં કોઈપણ પ્રકારની તૃષ્ણા રહેવા દેતા નથી, જેઓ ભારતીય દિવ્ય મહારત્ન હોવા છતા સાદું જીવન ગાળે છે, મોટી ઉપાધિઓ, મોટી સત્તાઓને પોતે ઈચ્છતા નથી. કર્મનિષ્ઠતા, કર્મકુશળતા, દીર્ઘદર્શિતા, અમનસ્વિતા, દ્વન્દ્વક્ષમતા, મિત મધુર ભાષિતા, સફળ સમય ઉપયોગિતા આદિ આદિ ગુણો તો શાસ્ત્રીજી મહારાજમાં આશ્ચર્ય ઉપજાવતા નજરે પડે છે, એમ.એ. પર્યન્ત આંગલ ભાષામાં અધ્યયન કરીને પણ તેના દુર્ગુણી ડાઘ પોતામાં પેસવા દીધા નથી. ડી.ફીલ અને ડી.લિટ્નું અભિમાન આવવા દીધું નથી. સંસ્કૃત રચનાઓમાં બીજી ડખલગીરી ન પેસવા દેવામાં પોતે શ્રેયઃ માને છે. અંગ્રેજીનો સ્વઉપયોગ પુરતો જ કામ લ્યે છે, આવી મોટી પ્રતિષ્ઠા પાવનકીર્તિ, પૂર્વજન્મીય સાથે લઈ આવેલા હોય એવા વિદ્વદ ધુરંધરોના અભિનંદનો સ્વામીજીને માટે કીર્તિ વધારનારા થયા છે. મહામહોપાધ્યાય તથા ભારતભૂષણ અને વૈષ્ણવવિદ્વતસાર્વભૌમ નામના ઈલ્કાબો વડે પણ ગર્વ કે અભિમાન ધરાવતા નથી. સાદાઈમાં જ સંત સ્થિતિએ વર્તે છે, કાર્યારંભ તથા કાર્ય સમાપ્તિઓના દાખલાઓ તથા પોતાનું ભણતર ગ્રંથલેખન, દીક્ષાનિભાવ, સાધુ સ્થિતિ, એકરેણીકેણી, આદિક આ જીવનના અવિકૃત રહેલા દાખલાઓ શ્રીસ્વામીજીમાં પ્રકાશ કરી રહ્યા છે. પોતાના દિવસોનું અધ્યયનાદિ કર્તવ્ય પુરું કરી ગુરૂદેવોને સંતોષ આપી પછી તૃપ્તિપ્રદ ભોજન લેવું, એવા તો અનેક દાખલાઓ વિદ્યમાન ગુરૂવર્યો દ્વારા જાણવા મળે છે. કાલે કરીશું એવું આલસ્ય તેમની પાસે આવતું જ નથી, કોઈ અશક્તિ જણાવે તેમને પોતે એટલું જ કહે છે મારી સતત કર્મશીલતાને સંભારી કામ કરો તો તમો વિજય મેળવશો. મનુષ્યોએ પોતાનું જીવન કેવી રીતે નિભાવવું, સદુપયોગી કઈ રીતે કરવું તે શીખી લેવા શાસ્ત્રીજી સ્વયં આદર્શમૂર્તિ છે. આવા પોતાના દ્રષ્ટાંતરૂપ કાર્યો દ્વારા હિન્દુ ભારતીય સંસ્કૃતિ વિદ્યાઓની ઉપસ્થિતિ જ્યાં જ્યાં છે, ત્યાં ત્યાં દાર્શનિક, તાર્કિક, વૈજ્ઞાનીક શાસ્ત્રો દ્વારા આપશ્રીની કીર્તિ અમર છે. ગુણો તો વારંવાર પ્રસંગે, અવસરે દેખાય છે, જે નિજ સમીપે આવેલા વિદ્વાનને જરા પણ પરાભવ ન થાય તેવું અનુસંધાન રાખે છે. શાસ્ત્રાર્થોમાં કુશળ છે તો પણ તેની છેડતી સ્વયં ક્યાંય કરતા નથી, અને તેવું કરનારને સુપ્રસન્ન ચિત્તે રહેવા ધ્યાન દઈને પ્રતિ વિવેચન સ્પષ્ટતા વડે જીજ્ઞાસા શાંતિના સ્વરૂપમાં વિજય આપે છે.

દેશ-પરદેશમાંથી આવતા પત્રોના જવાબો તુરંત પોષ્ટમાં પત્ર રવાના પ્રતિદિન કરી દે છે, થકાવટનો દાખલો તેમની પાસે નથી, ચોવીશ તત્ત્વો પોતપોતાના રોગી-નિરોગી કામમાં હોય તો પણ આત્મીય બૌધ્ધિક કામલેખન, કામવ્યાખ્યાન, કામ આદિ જવર શરદી આદિકના અસ્વાસ્થ્યમાં પણ કર્યા કરતા જ જોયાં છે, જે દ્વન્દ્વોને પોતે આત્મભિન્ન તત્ત્વોમાં જ રહેવા દઈને ગણકારતા નથી. આવા બ્રહ્મ દશાના દાખલાઓ ઘણીવાર અનુભવાયા છે. શત્રુ તરફ શત્રુતા નહિ, અવરોધક સામે નિરોધકતા નહિ, નુકસાની કરનાર સામે અફસોસ નહિ, ગેરલાભ સામે ઉદ્વેગ નહિ, આવી બાબતો સદા જોવામાં આવે છે. બાલક આદિકને એમની સામે કોઈ ભય નહિ, ક્રૂરતા નહિ, કઠોર વાણી નહિ, પ્રાયઃ મૌન, સંકલ્પ વિરામ, આદિક તો પરાકાષ્ઠીય ગુણ વર્તે છે.

લોકોએ એમના ગ્રંથો ઉપર ધુલિપ્રેક્ષપ કર્યા, પણ તે ગ્રંથો પૂર્ણિમાના ચંદ્રમાંની પેઠે નિર્મલ, શિતલ, પ્રકાશ કરનારા જ સમગ્ર વિશ્વમાં ફેલાયા છે, પ્રશંસાપાત્ર થયા છે, જેમને ભણીને હજારો

પંડિતો ઉપજે છે. પોતે જ ગ્રંથો લખી પ્રેસ કોપીઓ કરીને, સંપાદિત કરીને, પોતે જ મુદ્રાપિત કરાવવામાં જરા પણ આલસ્ય ધરાવતા નથી, તેમજ ટેકો માગતા નથી. આપે સૂત્રો લખ્યા, ટીકાઓ લખી, મૂલ ગ્રંથો લખ્યાં, અનેક કઠિન વિષયો વિકસિત કર્યા તથા અનેક આકાંક્ષિતોને તેમની મરજી મુજબ લખી આપ્યાં તો પણ પોતે તેનો ગર્વ રાખતા નથી. નિગૂઢ વિષયોને સ્પષ્ટ કરી આપી દેતા- તેનો કેમ જાણે પોતાના હાથનો કે અન્તઃકરણનો જાદુ મંત્ર હોય તેવી રીતે તુરત જ રચના કરીને આપે છે.

પૂર્વજન્માભ્યાસ, દ્રઢ ચિંતન, સંસ્કાર અને નૂતન જન્મમાં ગુરુઓના આશિર્વાદો શ્રીસ્વામીજીમાં મૂર્તિમાન પ્રગટ દેખાતા હોય તેમ સાક્ષી કબુલે છે. પોતાની મુલાકાત માટે તો રાત્રી-દિવસ પોતાનું આસન અને દ્વાર, ઓરડો ખુલ્લા જ રાખે છે, નિંદ્રામાં પણ ખુલ્લા જ રહે છે, કદાચ કોઈ કાંઈ લઈ જાય તો તેનો અફસોસ કરતા નથી. તમામ પ્રણાલી મુજબ ધર્મિષ્ઠજનોને પ્રવેશ માટે રોકટોક નથી. કાર્ડ કે સૂચના મોકલવી પડતી નથી. આપની અલૌકીક ક્રાંતિમાં દર્શનાર્થી લોકોને તૃપ્તિ મળે છે, ઊંઘ ન આવતી હોય તેવા માણસને દર્શન પછી વધારે શાંતિની નિંદ્રા મળે છે, આવું દિવ્યસાત્ત્વિક નિરુપદ્રવી વાતાવરણ ઘણી શીતળતા આપનારું છે, આડંબર બિલકુલ નથી. સરલપણું, સંતપણું તથા સદ્‌ગુણો શ્રીસ્વામીજી મહારાજની પરમ પુરૂષતા દાખવે છે. તર્ક, ન્યાય, વેદાંત, સાંખ્ય, યોગ, મીમાંસા, સાહિત્ય, આગમ-નિગમવેદ, ઈતિહાસ, પુરાણ પ્રતિ આદિ આદિ શાસ્ત્રોના ધૂરંધુર વિદ્વાનોની કૃપાઓનાં કિરણો આવા સત્પુરૂષમાં વિરાજેલ છે, જે તેમની મહત્તા આપનારા વર્તે છે. આવી મહત્તા હોવા છતા સંત સ્થિતિના વેષ વડે એ મહાન હોય તેવા લાગે છે.

સાદાઈ ભરેલા, ઠાઠમાઠ વિનાના, અવિદ્વાન સાધારણ માનવ જેવાં દેખાય છે, તેમની ક્રાંતિ તો દૈવમય સમાન જોઈને તથા શરીર ચિન્હાદિ જોઈને જાણે આપ કોઈ પરમપુરૂષ જ કેમ ન હો ? એવા સંદેહમાં પડી જવાય છે. વિદ્યા છૂપી રહેતી નથી, તે વાણીમાં, અર્થોમાં, તત્ત્વજ્ઞાનમાં, વિદ્વતામાં, પરમપાંણ્ડિત્ય બતાવી દે છે. મુનિજન મણ્ડિત, નિઃસ્પૃહ, સુશાંત, આત્મજપ, સ્થિતપ્રજ્ઞ, આત્મજ, બ્રહ્મણ્યતા, સુમેધ, ચમત્કાર, પદ્માસને બેસવું, ઘોંઘાટમાં પણ એકાગ્રતામાં રહેવું, મોટી મોટી મહોત્સવ યાત્રાઓમાં પણ નગર નગરીઓના રાજપથોમાં એકાગ્રવૃત્તિ નાસિકાગ્ર વૃત્તિથી બેસી રહેવું, લક્ષ્યવેધી રહેવું, આદિ આદિ સંતસ્થિતિઓ તે યોગિ સમાનતાનું ભાન કરાવે છે. જીવનનાં અભ્યુદય અને નિઃશ્રેયસની પરાકાષ્ઠામાં પહોંચેલા સત્પુરૂષોવન્દ્ય, મહાસત્પુરૂષ માલુમ પડો છો. આપ સ્વામીજી રાજકીય બુધ્ધિવાળાઓની પરંપરામાં પ્રગટ થયેલા હોવાથી રાજકીય કુશળતાવાળા, ન્યાયભરી વાણીવાળા, અદ્‌ભૂત લેખક તત્ત્વનિર્ણાયક, કુશળબુદ્ધિવાળા, સભાઓ વિમર્શિણી સમિતિઓ વિરાટ સભાઓ આદિકમાં પ્રખ્યાત પુરૂષ થયા છો, અલૌકિક મેધા પ્રતિભા, તર્કશક્તિ, નિર્ણયાત્મક ફલ અને પ્રતાપભરી વૈભવી કર્તવ્યપરાયણતાઓ વડે બધાં પ્રકારના ગૌરવભર્યા સ્વામીજી આજ વિદ્યામાન છે, જેમની ગુણ રાશિને કોણ ગણી શકે ? આપ બધી સભાઓમાં અગ્રપદ શોભાવો છો.

ભારતમાં સર્વત્ર આપ ફર્યા છો, સર્વે સ્થળોમાં વિદ્વાન મહાવિદ્વાન રૂપમાં વખણાઈ રહ્યાં

છો, આપે અનેક પુસ્તકો વાંચી ઉત્તમ ભાષ્ય ગ્રંથો લખ્યા છે. આપ શાસ્ત્રવ્યસની, શાસ્ત્રચિંતક, જનતા પ્રિયકર, ધીમાન મળતીયા સ્વભાવવાળા એક તેજસ્વી સંયમી માનનીય પ્રાતઃસ્મરણીય પાપપ્રજ્વાલક શરણપ્રદાયક સત્પુરૂષ સંતવર્ય છો, જેમનાથી આવેલા યાત્રીઓ જરૂર આધ્યાત્મિક કાંઈક લઈને જાય છે. આપનું જીવન વિશ્વના કલ્યાણ માટે છે, નિર્મલ હૃદયવાળા જનસમૂહની માફક અન્ય સમુદાય પણ સાક્ષી દ્વારા શ્રીસ્વામીજી ને પવિત્ર પુરૂષ સમજે છે અને દર્શનાર્થી તથા સહનિવાસી તમામ સદંડવત્ પ્રણામ ચરણસ્પર્શ આદિ મર્યાદાઓ પાળે છે, પુષ્પ માળા ગજરા, અત્તર, ચંદન આદિ વડે પૂજે છે. તેઓને જરૂર ઈશ્વરમૂર્તિના પૂજન સમાન લાભ થાય છે, તો પણ મૂર્તિ સમાન અવિચળ બ્રહ્મ સ્થિતિમાં સમવૃત્તિ જ વરતે છે. કાશીજીમાં કવીન્સ કૉલેજમાં અભ્યાસ વડે આચાર્ય વડે ખિતાબવાળા થયા, પ્રથમ વિભાગમાં પણ પ્રથમ નંબરમાં પાસ થયા જેથી વધારે પાંડિત્યમાં સુપ્રતિષ્ઠિત થયા અને ભણાવવામાં અગ્રપદ પ્રાપ્ત કરવા લાગ્યા. આ બધી વિદ્યા વૈભવી ગુણવૈભવી જીવની વર્ણવી.

યોગી સ્થિતિમાં પણ અનેક સ્થળોમાં શ્રીસ્વામીજીના દર્શન વાકૂસિદ્ધિ ફળ માનતાઓ વડે દુઃખનાશ ઈષ્ટસિદ્ધિ આદિ આદિ ચમત્કારો પ્રસિધ્ધ છે અને હજુ ચાલું જ છે, જેથી પ્રાગભવીય કોઈ ઈશવ્યક્તિ આવ્યા હોય તેમ જણાય છે, જેમની વર્તમાન સ્થિતિમાં મૂર્તિ પ્રતિષ્ઠા કુંકાવાવમાં રાજકીય જનતા તરફથી વૈદિક વિધિ દ્વારા કરવામાં આવી, તે ભૂમિ અત્યારે તીર્થરૂપ થઈ છે. આ બધો યશ કુંકાવાવનગરીને અને સૌરાષ્ટ્ર દેશને તથા તેમની ખંતીલી જનતાને ફાળે જાય છે, જીવનભરના ચમત્કારો ઘણાં વ્યક્તિઓમાં સાક્ષાત ગુંજાઈ રહેલા જરૂર પ્રકાશિત થશે.

અભિનંદનો તેને પોતામાં ગણિતમાં લેશે. આપે પ્રથમઆદિ અવસ્થામાં ભણેલા ગ્રંથો આજ વાર્ધક્યમાં પણ કંઠસ્થ રસનાગ્ર નર્તનકૃત વર્તે છે, આપની મહત્તા, ગૌરવ, શ્રેષ્ઠતા, યોગિતા, સંયમિતતા આદિ આદિ પ્રાગભવીય જ છે, આ જન્મમાં તો કેવલ નિમિત્તો દ્વારા વૃદ્ધિ પામેલ છે. આપ શરીર તંદુરસ્તીમાં સ્વયં પોતાના ભિષગ્વર્ય છો, મિતાહ પથ્યાહારામાં જબરા સંયમિત છો, જીવનમાં પોતે પરાધીન થાય તેવી અસ્વાસ્થ્યને દેખેલ નથી, આપશ્રીને વિદ્યમાન કલિની અસર નથી થઈ.

સૌરાષ્ટ્રની પાવન તીર્થ ભૂમિમાં ધર્મચુસ્ત ભક્તિશાલી પ્રભુના કેન્દ્રો થતા આવ્યા છે, ઘણાં ઘણાં સંત મહાત્માઓ, કવિઓ, ચારણો, વિપ્રો, યોગિપતિઓ, ચમત્કારી બાપુઓ થતા આવ્યા છે. લિમ્બા પટેલ દેવાણી તથા કચરા ભગત સુખડીયા વિગેરે દૈવી પુરૂષો પરોપકારી જનહિતકારી પ્રસિધ્ધ પુરૂષો ભક્તો થતા આવ્યા છે. કુંકુમવાપીની ભૂમિમાં રૂકમાંગદ રાજા, લક્ષ્મીજી-નારાયણ વિગેરેના વિચરણો થયા છે. લોમશઋષિ, બગડાલવ ઋષિ, ઈન્દ્રદ્યુમ્નરાજા, વિશ્વકર્મા, ઈન્દ્રદેવ અને દેવતાઓ પણ તીર્થ કરી ગયા છે તથા શ્રીશંકરાચાર્યજી તથા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આદિક મહાન ઈશ્વરીય મૂર્તિઓ પણ જ્યાં પધારી તીર્થોત્તમ કરી ગયા છે.

દેશમાં આવા આચાર્ય ધાર્મિક સંસ્થાઓની વિશેષ સેવાઓ કરી રહ્યાં છે. આવા આચાર્યના ચરણોમાં લક્ષ્મીજી નમ્ર થયા થકી સેવા માગે છે, આવા આચાર્ય પોતાના દર્શન વડે લોકોને ચમકાવે છે, આકર્ષિત કરે છે, આદર આપે છે અને પ્રતિષ્ઠા વધારે છે. સંસ્કૃત આદિકના મહાવિદ્યાલયો

માટે આપની આ ભૂમિને આશીર્વાદ આપે છે. કંકુમવાપી નગરીને સૌરાષ્ટ્રનગર વિદ્યા કેન્દ્ર, વ્યાપાર કેન્દ્ર, રાજકેન્દ્ર થવા આશિવાર્દો આપે છે- મહાતીર્થ હો. દેવવાણીના ઉપાસકો, હજારો વિપ્રવર્યો, વિદ્વાનો આશીર્વાદો વડે ત્રિલોકિને ગજાવી રહ્યાં છે, સનાતન સંસ્કાર માટે સંબોધી રહ્યા છે. વ્યાખ્યાતા વિદ્વાનો આ ભૂમિને મેરૂ શિખરની સમાન ઉર્ધ્વપદ બનાવી રહ્યા છે, આપના કેળવણી મંડળ, પારાયણ મંડળ, સંસ્કાર ભવન મંડળ, કિર્તન મંડળ વિગેરે આજ પ્રભુને સાક્ષાત્ બોલાવી રહ્યાં છે અને કિલ્લોલ કરી રહ્યાં છે. મિથિલાનગરી, નાલંદાનગરી, પુનાનગરી, ભૂતપુરી, કાશી, નૌતમપુરી વિગેરે વિગેરે વિદ્વત ભૂમિસમાન આ કુંકુમવાપી નગરી સૌરાષ્ટ્ર ભૂમિમાં વિદ્યાઓ વડે ગુંજી ઉઠે એવા દર્શન કરાવવામાં તત્પર છે. પ્રથમ નંબરના દિગંત કીર્તિ વિદ્વાનો ભારતમાં ગણ્યા ગાઠ્યાં છે, તે માયલા એક મહાવિદ્વાન આ કુંકુમવાપી નગરીમાં પ્રગટ થયા છે. એમનું પાંડિત્ય હરેક શાસ્ત્રોમાં બેજોડ છે, અગાધ વ્યાપક છે, કઠિનમાં કઠિન દર્શનોના વિમર્શોના ઉકેલવાળા શાસ્ત્રો સ્વામીજી મહારાજે વિશદ્ કરીને અભ્યાસો માટે વિદ્વાનોને અર્પિત કર્યા છે, તમામ સંસ્કૃત શાસ્ત્રોના વિશદ્ વિવેચનો કરીને વિદ્વાનોમાં ઘણી કીર્તિ મેળવી છે. આ સમયમાં જેવી જરૂરત છે તેવાને તેવા અભ્યાસના ગ્રંથો રચી ભારતીય વિદ્યાઓમાં પુષ્ટિ કરી છે, જ્ઞાનધન કમાવું અને તેનું દાન આપવું તે મોક્ષ સ્થિતિને મદદ કરનારું પૂજય શ્રીસ્વામીજીએ કરી બતાવ્યું છે. સૌરાષ્ટ્રના ધન્યભાગ્ય છે, કાશી જેમાં વસી છે એવા વિદ્વાન આ ભૂમિમાં વિરાજે છે, આજ કુંકુમવાપી પૃથ્વીના તમામ ભાગોમાં દ્વીપોમાં વિદ્યાલયોમાં પ્રસિધ્ધ થઈ રહી છે.

સૌરાષ્ટ્રમાં આવા ૨૫૦ માઈલોના પ્રદેશોમાં ભારતીય સંસ્કાર ભરેલા શાસ્ત્રોના વિદ્યાલયો થવા લાગે, તે દ્વારા પ્રખ્યાત પંડિતો ઉપજવા લાગે, એ ઈચ્છનીય છે. સૌરાષ્ટ્ર પશ્ચિમ કાશી નામે પ્રખ્યાત છે. આવા મહા વિદ્વાનો દ્વારા પશ્ચિમ કાશી જીવતી રહે છે, આ યુગમા જ્યાં આવા વિદ્વાનો હોય ત્યાં તે પશ્ચિમકાશી રૂપ છે. આજ ધુરંધર વિદ્વાનના અભિનંદન વડે સમગ્ર પૃથ્વીમાં પશ્ચિમ કાશીની કીર્તિ ગુંજી રહી છે, બાળકની પેઠે મહાપુરૂષ સદા નિર્મલાન્તઃકરણથી રહે છે, સંસારીઓના કલ્યાણ કરતા જાય છે, સંસારીઓને નિર્મલતા સોંપતા જાય છે. અનેક મહાનિર્મલ પુરૂષોને પ્રગટાવતા જાય છે. ભારતીય ભૂમિ એવા પુરૂષોને માટે સદા પ્રસન્ન છે. આ રીતે ભારતમાતા સદા પ્રસન્ન રહેજો.

હું કુંકાવાવમાં ઘણા વર્ષો રહી સ્કૂલમાં અભ્યાસ કરાવતો સત્કર્મોના પ્રસંગોમાં પણ લાભ લેતો. કુંકાવાવના તમામ કુંટુંબોનો મને ઘણો પરિચય છે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના બાલપણના પ્રિતમય વૃતાંતો મને ઘણાં ઘણાં યાદ છે, હું છગનલાલ હેડમાસ્તર વિપ્ર શિક્ષક કુંકાવાવના બાળકોને ભણાવનાર લાંબા વર્ષો આજીવન ત્યાં રહ્યો છું. સ્વામીશ્રી પોતે સ્કૂલમાં છ ચોપડી ભણ્યા, ત્યાંથી જૂનાગઢ, વડતાલ પાછા જઈ કાશી અભ્યાસ કરવા ગયા. કાશીમાં શ્રીસ્વામીજીએ શાસ્ત્રોના પાણ્ડિત્યોની સારી નામના મેળવી, અહીં પંડિત થયા અને હાલમાં જામનગર બિરાજે છે, મેં એમની જન્મ તારીખ ૨૧-૧૦-૧૯૦૫, સંવત ૧૯૬૧ આષો વદ ૮, શનિવાર કુંકાવાવના સ્કૂલના અભ્યાસી લિસ્ટમાંથી કાઢી આપી હતી. હું જામનગર તેમના દર્શને ગયો હતો પછી તો જૂનાગઢ વધારે નિવાસ રાખે છે. પ્રતાપી ચમત્કારી પાવન સંતપુરૂષ

ભજનાનંદી શક્તિ ભરપૂર એવા સદ્‌ગુરૂ શાસ્ત્રીજી મહારાજ સૌરાષ્ટ્ર, મહાગુજરાત વિગેરે દેશોમાં યજ્ઞ, મહાપારાયણો વિગેરે પ્રસંગોમાં મૂર્તિ પ્રતિષ્ઠાના અવસરોમાં પધારે છે.

પચીસ પચાસ કે તેથી વધારે ત્યાગી વર્ગ ત્યાં ઉપસ્થિત હોય છે, વાજતે-ગાજતે પ્રોસેશનમાં સમ્માનિત કરાયા થકા ગામ, નગરોમાં પધરાવાય છે, ચોખા, ચંદન, પુષ્પો વડે વધાવેલા તથા જયકારના નાદો વડે પ્રસન્ન કરાવાયેલા થકા ઉતારાના સ્થાનોમાં લઈ જવાતા હોય છે, ઊંચા આસને વિરાજીને વ્યાખ્યાનો આપતા હોય છે. દેવ પ્રતિષ્ઠાના મુખ્ય પૂજક વિધિકારક તથા પ્રાણપ્રતિષ્ઠાકારક તથા આરતીકારક તથા બીડું હોમવામાં મુખ્ય હવનકર્તા શ્રીશાસ્ત્રીજી મહારાજના ઘણાં પ્રસંગો જોયા છે. સંસ્કૃતના વ્યાખ્યાતા ઉપદેશક સ્વામીશ્રીની પાછળ હજારો માનવો ખેંચાતા આકર્ષાતા હોય છે, ભગવાનના આનંદો વર્ષાવી રહ્યાં હોય છે, વિપ્રોને દક્ષિણા આદિ વડે રાજી કરતા હોય છે, આવા વિદ્યેશ્રી, દાનેશ્રી, ધર્મેશ્રી, ત્યાગેશ્રી, શીલેશ્રી, પ્રતાપેશ્રી, યશસ્વી દેવપુરૂષ આજ પૃથ્વી પર બિરાજે છે. તેમને માટે મારા હજારો હજાર અભિનંદન છે. આવા સંત શતવર્ષજીવી, દીર્ઘાયુ, સુસ્વસ્થ, ઉત્તમ ભક્તિ, પરોપકારવાળા, જનતાના કલ્યાણ માટે ખુબ જીવો, આવું હાર્દિક અભિનંદન પ્રેરૂ છું.

આવા સંત જેઓમાં બાળપણથી જ સ્નાન, સંધ્યા, જપ, અધ્યયન, ભગવત્પૂજન, તીર્થ દર્શન, ગુરૂસેવન, કથોપદેશ, દાન, પ્રાતઃધ્યાન, માલા આવર્તન, દિનચર્યા, નિશ્ચિત નિયમોમાં સાંપ્રદાયિક રીતિ પ્રમાણે બરાબર મહાવૈષ્ણવપણે વર્તનારા અનેકનું કલ્યાણ કરનારા 'શારદા શતં જીવો' આવી ભાવના આપી વિરમું છું.

- છગનલાલભાઈ બ્રાહ્મણ...

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ - તેઓનું પ્રદાન

શાસ્ત્રી બળવંતરાય ચુનીલાલ ત્રિવેદી.

ભાવનગર.

દેવતાઓ પણ જ્યાં જન્મવાની અભિલાષા સેવતા હોય તેવો આ ભારતદેશ સમગ્ર ભૂમંડળમાં સર્વશ્રેષ્ઠ છે. પુરાણોમાં ચાર પુરુષાર્થની સાધના ભૂમિ એવું આ નારાયણક્ષેત્ર છે જ્યાં ધર્મસંસ્થાપન તથા અધર્મ નાશ માટે સ્વયં નારાયણ અવતાર ધારણ કરે છે, આવા પવિત્ર પ્રદેશનાં પિશ્ચમ ભાગમાં આવેલ સૌરાષ્ટ્ર છે, જે પૂર્વે આનર્ત તરીકે ઓળખાતો હતો. ભારતમાતાની કટીપ્રદેશની મેખલા સમાન આ પ્રદેશ અત્યંત રમણીય અને માધુર્યપૂર્ણ છે. તેથી જ ભગવાન શ્રીકૃષ્ણે યમુના તટ ત્યજીને અહીં નિવાસ કર્યો અને અહીં જ તારા નક્ષત્રોના સ્વામી ચન્દ્રે ક્ષયમુક્ત થઈ ભગવાન સોમનાથની ભક્તિ કરી. આ પ્રદેશમાં સોમનાથ તથા દ્વારિકા નામે બે પ્રસિદ્ધ ધર્મસ્થાનો છે.

ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યની સાધના કરનાર અનેક સ્ત્રી-પુરુષો તથા નરસિંહ મહેતા જેવા અનેક ભક્તોએ ભગવાનનો સાક્ષાત્કાર કર્યો છે. અનેક વીરપુરુષોએ ધર્મરક્ષાર્થે પોતાના પ્રાણ પાથર્યા છે તથા સ્વાતંત્ર્યસેનાની મહાત્મા ગાંધી પણ આ પ્રદેશમાં જન્મ્યા. સ્વામિનારાયણ ભગવાન પણ સરયૂતટ તજીને લોકોના કલ્યાણાર્થે આ પ્રદેશમાં પધાર્યા. આ વિશિષ્ટ પ્રદેશમાં **કુંકાવાવ નામનાં ગામમાં ખેતીકાર્ય કરતા વૈશ્ય પરિવારમાં સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનો જન્મ થયો. બાલ્યકાળથી જ અત્યંત તેજસ્વી તથા પવિત્ર એવા સ્વામી યોગ્ય ગુરુ પાસેથી વિદ્યા ભણ્યા અને ત્યારબાદ ઉદ્ધવ સંપ્રદાયને અનુસરનાર ભાગવતી દીક્ષા પ્રાપ્ત કરી. પ્રાથમિક અભ્યાસ કરી વિશેષ વિદ્યાપ્રાપ્તિ માટે વારાણસી જઈને વિવિધ શાસ્ત્રોનું અધ્યયન કર્યું. પોતાની તીવ્ર બુદ્ધિથી તેઓએ ષડ્દર્શન, નવ્યન્યાય, વ્યાકરણ, સાંખ્ય, યોગ, પુરાણ, સાહિત્ય વગેરે શાસ્ત્રોમાં નિપુણતા મેળવી આચાર્ય પદ્વી પ્રાપ્ત કરી. વિદ્વજ્જનોમાં વિવિધ શાસ્ત્રોની ચર્ચા કરી વિજય પ્રાપ્ત કરી 'દાર્શનિકપંચાનન' એવી પદ્વી પ્રાપ્ત કરી તથા 'વિદ્વત્સાર્વભૌમ' જેવું ઉચ્ચ બિરુદ પ્રાપ્ત કરવા છતાં તદ્ન નિરભિમાની રહ્યાં. છતાં ગ્રામવાસી ભક્તો અને બાળકો સાથે સરળ ભાષામાં વાત કરતાં તેઓમાં ભક્તિભાવ જન્માવતા. તેમનામાં માત્ર શાસ્ત્ર જ્ઞાન જ નહીં પરંતુ વ્યવહાર કુશળતા પણ હતી. તેઓશ્રીએ જામનગર, રાજકોટ, જૂનાગઢ આદિ સ્થાનોએ મંદિરનું સફળ સંચાલન કરી આવક-જાવકની દેઢ વ્યવસ્થા કરી.**

ઉપદેશ દ્વારા અનેક લોકોમાં તેઓશ્રીએ ધર્મ દ્વારા તથા સત્સંગનિષ્ઠાની વૃદ્ધિ કરી, તેઓએ અનેક શહેરો તથા ગામોમાં પ્રવાસ કરીને સત્સંગનું મહત્ત્વ પ્રતિપાદિત કરી 'સદ્ગુરુ' એવું નામ સાર્થક કર્યું. તેઓશ્રીએ અનેક ગ્રંથોનું નિર્માણ કર્યું છે. તેના નામોલ્લેખ માત્રથી તેઓનું વિદ્વદ્જ્ઞાન દૃષ્ટિગોચર થાય છે. વિદ્યાર્થીઓના લાભાર્થે તેઓશ્રીએ અનેક કઠિન ગ્રંથો ઉપર ટીકા લખીને દુર્બોધ ગ્રંથોનું સરલીકરણ કર્યું. આપણા પ્રદેશના વિદ્યાર્થીઓ માટે તેઓશ્રીએ હિતોપ્રદેશ ગ્રંથ ઉપર કિરણાવલી ટીકા લખીને તેને સુગમ બનાવ્યો. તે પ્રમાણે ન્યાય દર્શનનો તર્કસંગ્રહ નામે

કઠિન ગ્રંથ દીપિકાટીકા દ્વારા શંકા, પૂર્વપક્ષ, ઉત્તરપક્ષ, ઈત્યાદિ વિશે સવિસ્તર ચર્ચા કરી સરલ રીતે સમજાવીને તેઓશ્રીએ વિદ્યાર્થીઓ ઉપર મહાન ઉપકાર કર્યો છે. ન્યાયબોધિની નામે ટીકા દ્વારા તેઓશ્રીએ શાસ્ત્ર બોધ સરલ બનાવ્યો. આ પ્રમાણે સાંખ્યકારિકા તથા તેની ઉપર લખાયેલી ગૌડપાદ રચિત ભાષ્ય પોતે રચેલી કિરણાવલી ટીકા દ્વારા સરલ બનાવ્યાં. તે પ્રમાણે પાતંજલ યોગસૂત્રો તથા તેની ઉપરની ભોજરાજે રચેલી ભોજવૃત્તિ પણ અત્યંત દુર્બોધ હોવાથી કિરણાવલી ટીકા દ્વારા તેને સરલ બનાવી. તે પ્રમાણે મીમાંસા દર્શનના અર્થસંગ્રહાદિ જેવા ગ્રંથોને લોકભોગ્ય બનાવવા તેઓશ્રીએ ઘણી મહેતન કરી. આ ગ્રંથો અત્યંત દુર્બોધ હોવાથી તેઓશ્રીએ 'તત્ત્વપ્રભાવલી', 'પ્રમાતત્ત્વ વિમર્શ', 'ખ્યાતિ વિમર્શ' ઈત્યાદિ ટીકા દ્વારા આવા દુર્ગમ વિષયને સુગમ બનાવ્યો.

સ્વામિનારાયણ સિદ્ધાંત વિશેના ગ્રંથો મહદંશે ગુજરાતીમાં પ્રાપ્ય છે. સંસ્કૃતમાં બહુ અલ્પ સંખ્યામાં છે તેથી તેઓશ્રીએ આ સિદ્ધાંતોનો પ્રસાર-પ્રચાર વિશ્વવ્યાપી બને તેવા શુભાશયથી આ દિશામાં ઘણો પ્રયત્ન કર્યો. શિક્ષાપત્રીનો ઉપદેશ પણ તેઓશ્રીએ સરલ બનાવ્યો. તે પ્રમાણે શ્રીગોપાલાનંદ સ્વામી તથા શ્રીગુણાતીતાનંદ સ્વામીના ઉપદેશોનું પણ તેઓશ્રીએ પ્રતિપાદન કર્યું. શ્રી રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત સાથે પોતાના વિશિષ્ટાદ્વૈતનો અભ્યાસ કરી બંને વચ્ચે કેટલી સમાનતા તથા કેટલી ભિન્નતા છે તેનું નિદર્શન કર્યું. તથા પોતાના સિદ્ધાંતોનું શ્રેષ્ઠત્વ પ્રતિપાદન કર્યું. ઈશ્વરના સગુણ સ્વરૂપ વિશે તથા 'આ કલિયુગમાં ઈશ્વરનો અવતાર કેવી રીતે શક્ય બને ?' એવી શંકા કરનારાઓના ભ્રમનિરસન માટે તેઓશ્રીએ સુધાસિન્ધુ બ્રહ્મરસાયન ભાષ્ય, સાકારત્વવિમર્શ વગેરે ગ્રંથો તેઓશ્રીનું અગાધજ્ઞાન દર્શાવે છે.

આવી વૈવિધ્યપૂર્ણ ગ્રંથ રચના આજ સુધી કોઈ કરી શક્યું નથી. તેઓશ્રીએ અનેક દેવોનાં સ્તોત્રોની રચના કરી. 'સત્સંગિજીવન' નામે અમૂલ્ય ગ્રંથ ઘણો લોકપ્રિય છે. તેમાં ભગવાન સ્વામિનારાયણનાં બાલ્યાવસ્થાથી શરૂ કરીને સમગ્રજીવન વૃત્તાંતનું નિરૂપણ કરેલ છે તથા તેનું નવાન્હ પારાયણ પણ થાય છે. તેઓશ્રીએ તેની ઉપર પોતાની નારાયણી ટીકાની રચના કરી. આટલી બધી રચનાઓમાં સ્વામીશ્રીના સર્વશ્રેષ્ઠ તથા સવા લાખ શ્લોકોમાં લખાયેલી તથા આત્મકલ્યાણકારી એવી 'શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા'નો ઉલ્લેખ અત્યંત આવશ્યક તથા પાવનકારી છે. આવા કલ્યાણકારી કાર્યો કરવા બદલ સ્વામીને અનેક અભિનંદન છે.

શાસ્ત્રી બળવંતરાય ચુનીલાલ ત્રિવેદી...

પૂજ્ય સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના જીવનના અનુભવ અને ગુણગ્રાહિતા

પં. હરિહરાચાર્ય વેદાન્તધૂપ શિરોમણી અમરાવતી,

(સંસ્કૃત મહાવિદ્યાલય, અમરાવતી)

સૌને સારું હોવું ગમે છે. પ્રથમ પોતાના અંતરમાં જોતા રહેવું જોઈએ. પોતાના જ પરીક્ષક બનીને સારું બનવાના સાધનક્રમ સંપાદન કરવા જોઈએ. બીજાની ઉન્નતિ જોઈને બળવાના સ્વભાવવાળો સળગતો જ રહેશે, ક્યારેય ટાઢક નહીં પામે તેને શાંતિજ નહીં મળે, તે સદ્‌ગુણી ક્યારેય નહીં બને ને તે પોતાના દુર્ગુણ ત્યાજવાનો પ્રયત્ન નથી જ કરતો. જલન સ્વભાવને પરાધીન છે. આથી મહત્ત્વકાંક્ષીમાં પરોન્નતિ પ્રિયતા હોવી જ જોઈએ જ. જે બીજાનું ભલું ચાહે છે, બીજાની ભલાઈના ગુણ ગ્રાહક બને છે, ભલાઈમાં આનંદ લેવા ચાહે છે, તે બધાં બીજાની ઉન્નતિ, ઉત્કર્ષ, મહત્તા, સમ્માનિતાને જોઈને ખુશ થવાનો સ્વભાવ શીખે. મોટા સંત મહાત્મા પરોપકારી લોકો તન, મન, ધનથી સેવા કરવા લાગી જાય છે. ગાય, બ્રાહ્મણ, સંત, ગુરૂ, પિતૃ જન, અનાથ, નિરાશ્રીત, અપંગ, પોતાના આશ્રયે તથા આધિન રહેલા વગેરેને આત્મવત્ પોતાના બાળકની જેમ પોષણ કરનારા પુણ્યશાળી હોય છે. પુણ્યથી આત્મા નિર્મળ, સાત્ત્વિક અભ્યુદયવાળો થાય છે. ઈશ્વર સાક્ષીની પ્રસન્નતા રહે છે. સ્વામી પણ મીઠી દૃષ્ટિથી સેવકને જોવે છે. આથી પોતાનામાં સેવકપણાના અનુભવને સતત સ્થાન આપવું જોઈએ.

સ્વામીશ્રીએ પોતાનું જીવન સેવાશ્રમમાં સમર્પિત કરી દીધું છે. સેવા નામનો બહું મોટો ગુણ સ્વામીજીમાં છે.

બાળપણમાં ગુણ વિકસાવવાની શક્તિ જોર નથી કરતી. પરંતુ નવું નવું સ્કૂલ શિક્ષણ, ઘરનું શિક્ષણ, સમાજનું શિક્ષણ, પડોશી ધર્મનું શિક્ષણ, કામકાજનું શિક્ષણ, પરિચય શિક્ષણ બધા શિક્ષણની નકલ કરવાનું શિક્ષણ વગેરે માટે બધી શક્તિઓ જોર કરે છે. માતૃભાષાનું શિક્ષણ ૩, ૪ વર્ષમાં થઈ જાય છે. અહં મમત્વનું ભાષા શિક્ષણમાંથી જ આરંભ થઈ જાય છે. હર્ષ શોકના શિક્ષણની સાથે પક્ષપાતનું બહું મોટું શિક્ષણ રૂઢ થતું ચાલે છે ! તેનાથી ભરણપોષણ માટે પોતાપણાના બીજ રોપવામાં આવે છે. મહાપુરૂષોને આજ અવસ્થામાં પારમાર્થિક જીવનનું આવવું, પક્ષપાતી જીવનનું બદલવું, કોઈને કોઈ નિમિત્તથી થઈ જાય છે. શ્રીરામચંદ્રજી, શ્રીકૃષ્ણ ભગવાન, કપિલજી, કબીરજી, શંકરસ્વામી, સ્વામિનારાયણ આદિ ભગવાનોનું જીવન બદલ્યું. સમગ્ર સૃષ્ટિ મારામાં ઓતપ્રોત બનાવાનું સ્વરૂપ અદ્‌ભુત થયું. જગતના કલ્યાણ માટે ઘરથી જ કામમાં લાગી ગયા. તેજ કાર્ય માટે નીકળી પડયા.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામીજીનું જેઠની ભીમ અગીયારસના વ્રત મહોત્સવમાં જૂનાગઢ જવાથી હૃદય બદલી ગયું. ત્યાં જ સંત આશ્રમમાં રહેવું સ્વીકાર્યું. સંસારના ખાટામીઠાંનું ભાન સત્સંગ કરવાથી થવા લાગ્યું. જન્મભૂમિ, જન્મઘર, જન્મપરિવારથી વૈરાગ્ય અને ગુરૂ દ્વારા સંત

સત્સંગ, દેવ ભક્તિ આશ્રમ સાથે રાગમાં જીવન વિતવા લાગ્યું. અભ્યાસથી વિદ્યાની કિંમત પણ ભાસવા લાગી. અભ્યાસના નવા નવા સંસ્કાર બળવાન બનતાં ગયાં. ત્યાગી દીક્ષા લઈ લીધી. વડોદરાના મહામહોપાધ્યાય ન્યાય વ્યાકરણાદિના વિદ્વાન શ્રીબદ્રિનાથ શાસ્ત્રીજી જૂનાગઢ આવ્યાં ત્યારે તેમના દર્શન કરીને ફરી પલટો માર્યો, સારા વિદ્વાન બનવું જોઈએ, જીવન ત્યાગી તો હતું જ પરંતુ વિદ્યાની તરફ વિશેષ રૂપથી પલટી ગયું. ત્યાગ રાખતા છતાં વિદ્યા સારી રીતે ઉપાર્જીત થશે. પ્રભુ ઈચ્છાથી આ નકકી થયું.

કાઠીયાવાડમાં સૌરાષ્ટ્રમાં ઉનાળામાં એક મહામારીનો રોગ અચાનક ફેલાઈ ગયો. દરેક ગામમાં દરરોજ પાંચ પચીસના મૃત્યુ એક સાથે થવા લાગ્યાં. તેનાથી એ પણ વૈરાગ્ય વધ્યો કે મરી જાત તો માનવજીવન પશુની માફક નિષ્ફળ થઈ જાત. તેનાથી બચી ગયા તો જરૂર સારું ઉપાર્જન કરી લેવું, જ્ઞાન ઉપાર્જન કરીને સત્ય અવલંબિત થવાથી તરી જઈશું, આ પ્રકારનું જીવન બદલ્યું, મોક્ષને માટે વર્તવા લાગ્યાં, સ્વદેશ છોડીને વડોદરા થઈ, મધ્યપ્રદેશ થઈ કાશીનગરી પહોંચી ગયા. બિલકુલ જીવન હિન્દુસ્તાની થઈ ગયું, અનેક નવું શિક્ષણ લેવું આવશ્યક થઈ ગયું. વિશાલ કોટિના વિદ્વાનોમાં વિદ્યાની કામના અતિશય વધી ગઈ. ગુરૂસેવા, દેવ ઉપાસના, તીર્થ સેવન, વિદ્યા અધ્યયન, ઈન્દ્રિયજન્ય, માનસિક તપ આદિમાં જીવન વિતવા લાગ્યું. અનેક મહંતોના મઢ, ગાદીઓ, મહત્તા, સમૃદ્ધિ જોવામાં આવી. તે ગૌરવ વધારે તેમાં ટેકો ન આપી શક્યા. દાદૂપન્થના મહંતને તથા નિર્મળ પંથના મહંતને કોઈકે કાપી કાપીને ટૂકડા પેટીમાં ભરીને ગટરમાં ફેંકી દીધા, ઈત્યાદિક અનિષ્ટ મહંતાય મઢાધિપ્રતિત્વ સાર્વજનિક સમૃદ્ધિના અધિપતિત્વમાં પણ નિરાશા ઉપજાવી અને પરમાત્માની કૃપાથી સાધુ આશ્રમમાં જ આશ્રય જ પ્રિય લાગ્યો.

બધી વિદ્યાઓ ભણવામાં આવી. વિદ્વાનોનું ધન આત્મીય હોય છે. તેનો ઉપયોગ ભણાવવું, શાસ્ત્ર રચવા, ઉપદેશ કરવો, ભક્તિ કરતા રહેવું, સાત્વિક સમજણ, દર્દ તથા ઉપદ્રવોના દુઃખોની અસર ન થવા દેવી અલમસ્ત રહેવું. પરમેશ્વરમાં વધુ સમર્પિત રહેવું. આ પ્રકારની નિષ્કામ દશા તથા સન્યાસ દશાનો અનુભવ હૃદયમાં આત્મામાં થવા લાગ્યો. ઈન્દ્રીયો અંતઃકરણ શાંત જ થઈ ગયા હતા. શરીર દુઃખ, સુખમય થઈ ચૂક્યાં હતા. પાંડિત્યની કળી ખીલી ગઈ હતી. આચાર્યના અભ્યાસમાં આગળ વધ્યાં. દર્શનોનાં બધી પ્રકારના વિમર્શોથી બ્રાહ્મી સ્થિતિનો અંશ જીવનમાં જીવનમુક્તિ રૂપમાં જ થવા લાગી. વિદેહમુક્તિ અડધી તો આવ્યા ગયા કરતી હતી. સંસારને ૫૦% ટકા ન અપનાવવાના સાવધાનપણાથી નક્કી કરી જ લીધું હતું. વિદ્યાના ઉપાર્જનની સાથે સાથે ભારતનું તીર્થાટન થઈ ગયું.

મહાપવિત્ર આત્મા એવા સ્વામીશ્રીએ અનેક વિષયોનાં ગ્રંથો લખીને ભણતરની સેવા કરી પછી સંપ્રદાયનું ઋણ ઉતારવાની હૃદય કામના, દેશમાં રહેવાની ઈચ્છા પ્રગટાવવા લાગી. વિચાર કરી લીધો અડધું જીવન સાત્વિક ઉપાર્જનમાં વિત્યું. હવે નિર્ગુણ જીવન વિતાવવું જોઈએ. પુનરાગમન કર્મ દ્વારા ન થવાનું સ્વરૂપ તન્મય હોવું જોઈએ, એ સાંકળને પકડીને પોતાના સંપ્રદાયના પોતાના ગુરૂદ્વાર એવા જૂનાગઢમાં રહેવું પસંદ કર્યું. પશ્ચિમ કાશી જામનગરમાં ત્યાંની જનતાના

અનુરોધથી વીસ વર્ષ તે ચમત્કારીક નગરમાં મુક્તિ સંબંધિત જીવન વિતાવ્યું. હાલ ગીરનારની છાયામાં જીવન વિતાવી રહ્યાં છે. વિદ્વાનો તરફથી અભિનંદન, આશીર્વાદ આવી રહ્યાં છે, સરકાર તરફથી સમ્માન આવી રહ્યું છે. જનતા તરફથી તૃપ્તિનો ઓડકાર આવી રહ્યો છે. જડ-ચેતન તરફથી પ્રશસ્તિઓ આવી રહી છે. ભગવાન તરફથી અતિશય નજીકમાં પહોંચ્યા છે. બ્રહ્મલોક માટે તૈયારીમાં વરતે છે. ઘણું કરીને માયા, અવિદ્યા, અજ્ઞાન, કર્મ પોતાના મરવામાં પ્રત્યક્ષ થઈ રહ્યા છે. તે મરેલા જ સ્વામીજીને દેખાય છે. તેનુ ઋણ ઉત્તરી ગયું છે, જે કઈ પણ વધ્યું હશે તે બધું બ્રહ્માર્પણથી નિવૃત્ત થઈ જશે. કાષાય વસ્ત્રો અગ્નિવર્ણના ધારણ કરવાથી આત્મા દિવ્ય, અગ્નિ, બ્રહ્મતેજોમય થઈ જ ગયા છે. વૃત્તિઓ સાક્ષીની સાથે મેળવીને સાક્ષિચૈતન્ય પ્રકાશમાં પ્રસ્થાપન કરી રહી છે. ઉપાસ્ય અંતર્યામી, સર્વનિયામક પરબ્રહ્મના આદેશ અનુસાર ભક્તાત્માને માટે રહન-સહન હોય જ છે, તેના ઈષ્ટ માટે સ્વામીજીનો વાસ છે. આ ઉત્તમ જીવનનો અનુભવ છે.

વિદ્યાર્થીઓમાંથી ગરીબાઈ રાખવી, વિનય શીખવો, અભ્યાસમાં સાવધાન રહેવું વગેરે ગુણ લીધાં હતા. પંડિતોમાંથી વફાદારી શીખવી પરોપકાર કરવો. સાદુ જ્ઞાની જીવન વિતાવવું વગેરે ગુણ લીધાં હતા. દેશના લોકોથી બંધનરહિત રહેવું. વિદેશીઓથી વાસના રહિત થવું, તીર્થોમાંથી નિષ્પાપ બનવું, શાસ્ત્રોમાંથી સ્પષ્ટ અર્થ ઉદાર અર્થ કહેવો, આ ગુણ લીધા હતા. સાધુ સંન્યાસીઓથી અગ્નિ સ્વરૂપ થવું. સમાજમાં વિવેકી બનવું. અપમાનોથી સહન શક્તિ રાખવી. સન્માનોથી ફુલાવું નહીં વગેરે ગુણ લીધાં હતા. માણસમાં સ્વાર્થી અથવા તો વિરોધી વર્ગ ઘણું કરીને ભટકાય છે. તેનો પ્રસંગ વગર વાંકે ઉભો થાય જ છે. જાનવરની જેમ મારવા દોડે છે. પશુઓથી દૂર રહેવાનો ગુણ, વિરોધીઓની પણ ઝપટમાં ન આવવાની તાલીમ લઈ લેવી જોઈએ. સ્વાર્થી લોકો આપીને, ફોસલાવીને, ઉપકાર દેખાડીને પછી ખાડામાં નાખે છે. તેનાથી ગુણ લેવો પ્રસંગ ન પાડવો, વિશ્વાસ ન કરવો, સંતો, સંસારીઓનો વિશ્વાસ ન કરવો. કરે તો કંઈક ને કંઈક નીચ દશામાં પડવું પડે. સંત સંતમાં વિશ્વાસ કરે ત્યાં કોઈ સ્વાર્થ નથી હોતો. સ્વામીજીએ આ વાતો પર ખૂબ ધ્યાન આપ્યું છે. કેટલાંય તેવા લોકોથી દૂર રહે છે, કોઈને સ્નેહ તો કરતા જ નથી. આદર સત્કાર યોગ્ય કામ કરીને પણ દૂર રહે છે. બંધનથી દૂર રહેવું જ સંતની શોભા છે. લાલચું બનવું જ નહિ, શરીર નિર્વાહ યોગ્ય પ્રસંગ ભિક્ષા આદિ સ્વીકારવી, તૃષ્ણા ન રાખવી, પૂર્ણ કામ થવું, સદા તૃપ્તિ રાખવી. ઈન્દ્રિયો સાથે મિત્રતા ન કરવી, આસન સિદ્ધ કરવું, સમૂહથી નિર્લેપ રહેવું, ભક્તિમાં, જ્ઞાનમાં સમય સાર્થક કરવો, પરોપકારી થવું, કમાયને ધર્માદો કાઢવો. ત્યાગથી શાંતિ તથા ઉન્નતિ મળે છે. બેફિકર થવાથી ફકીરપણું ઉત્તમ થાય છે. પ્રભુની ફિકર રાખવી, પ્રભુ સંતની ફિકર કરે જ છે. શ્રીસ્વામી આ પ્રકારે પોતાના જીવનનાં અનુભવતા રહેતા સદા સદ્‌ગુણ પ્રાપ્ત કર્યા. **સ્વામીશ્રી જ્ઞાનદાન, ભક્તિદાન, મોક્ષદાન આપી રહ્યાં છે. શરણાગતો માટે શરણ છે, લાલચુઓ માટે અરણ્ય છે, પ્રભુની નજીક પહોંચેલી અવસ્થામાંથી પસાર થઈ રહ્યાં છે. પરમેશ્વરના અવતારની સેવા સમાન તેમની સેવામાં હજારો લોકો હાજર રહે છે. સ્વામીશ્રી આત્મસત્તામાં પરમાત્મા સમર્પણ વિધિમાં જ વરતે છે. ભારતભૂમિના કલ્યાણ અર્થે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું જીવન છે.**

પં. હરિહરાચાર્ય વેદાન્તધૂપ...

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની ભક્તિ અને તપ...

કાવ્યપુરાણતીર્થ યોગિરાજ ભગવત્ પ્રપન્નાચાર્ય,

(સીમલા, હિમગિરિ, પંજાબ)

પૂર્વ જન્મની ભક્તિ તથા તપવાળા આત્માને કર્મને વશ આવાગમન રહેતું નથી. પોતાના ઈષ્ટ, સ્વામી, પરમાત્માની ઈચ્છાનું પાલન કરવા માટે આવાગમન કરે છે. એવી વ્યક્તિ ધામના મુક્ત જ છે. ભગવદ્ ઈચ્છાથી ગોકુલ, મથુરા પ્રદેશમાં શ્રીરાધાજી, વીરજા, સરસ્વતી, ગંગાજી, સુદામા, ઉદ્ધવજી, અક્રૂરજી, ગોપ-ગોપિકાઓ થયા, તેમજ શ્રીસ્વામિનારાયણ પ્રભુની સાથે તેમના અક્ષરબ્રહ્મ, અસંખ્ય મુક્ત, અસંખ્ય મુક્તાનિકાઓ, ઐશ્વર્ય ઈત્યાદિ સાથે આવ્યા અને પ્રગટ થયા. શ્રીવાસુદેવની સાથે તેમના ચતુર્વ્યુહ, શ્રીશંકર બ્રહ્મની સાથે તેના ચતુર્વ્યુહ શિષ્ય, શ્રીરામચંદ્રજીની સાથે તેમના ચતુર્વ્યુહ, બ્રહ્માજીની સાથે તેમના સનકાદિક ચતુર્વ્યુહ, શ્રીકૃષ્ણચૈતન્યની સાથે તેમના ચતુર્વ્યુહ, અનાદિશ્રીકૃષ્ણનારાયણની સાથે તેમના અસંખ્ય વ્યૂહ, શ્રીબુદ્ધ ભગવાનની સાથે તેમના નવનાથ સિદ્ધ ચોરાશી વ્યૂહ, શ્રીઅર્જુનની સાથે તેમના ચોવીસ વ્યૂહ, શ્રીનારાયણની સાથે તેમના પાર્ષદ વ્યૂહ, શ્રીવેદવ્યાસની સાથે તેમના અનેક વ્યૂહ, શ્રીવિષ્ણુની સાથે અનેક ઉપયોગી વ્યૂહ, શ્રીમન્વંતરની સાથે તેમના વ્યૂહ, દેવ શક્તિ માતાજી લક્ષ્મીજીની સાથે અનેક વ્યૂહ, આ બધા આજ્ઞાથી સાથે સાથે સમકાલીન પ્રગટ થાય છે. ભગવાનના અવતારોની સાથે તેમના આયુધ, વાહન, સેવક સર્વે ભગવદ્ ઈચ્છાથી જ પ્રગટ થાય છે. નિજ સૃષ્ટિમાં ભક્તોના કેટલાંક કાર્ય કરીને પોતાના વ્યૂહમાંથી યોગ્યને ગાદી પર બેસાડીને બાકીના સૌ નિજ શાશ્વત ભવનમાં ચાલ્યા જાય છે. શાશ્વત ભવનની ભક્તિ સેવા લૌકિક ભવનમાં પણ અહીં કરતા રહે છે. આ ભક્તિઓ વિવિધ રુચિથી, વિવિધ પ્રકારોની થતી હોય છે.

અર્જુન, બળદેવ, લક્ષ્મણ, ઉદ્ધવ, અક્રૂર, સુદામા, વિભીષણ, અંબરીષ, નારદ વગેરે ભક્તિમાર્ગ પ્રવર્તાવનારા લોકકલ્યાણ કરતા રહે છે. જે પ્રકારોની શરણાગતી, તે પ્રકારની ભક્તિ કરાવીને બ્રહ્મધામમાં મોકલી આપે છે. રાધિકાજી, ગોપીઓ વગેરે રતિ વિલાસની ભક્તિથી પ્રસિદ્ધ થઈ, કીર્તનકારોની કીર્તન ભક્તિ, ધ્યાન-ધારણાવાળાની સ્મરણ ભક્તિ, દાસીઓની ચરણસેવા ભક્તિ, પૂજારીઓની અર્ચન ભક્તિ, મહિમાવાળા આર્ત શરણાગતોની વંદન ભક્તિ, સર્વસ્થ સમર્પિત ભક્તોના વચન પ્રમાણે રહેવું વગેરે દાસ્ય ભક્તિ, હાસ્ય વિનોદ માટે સખ્ય ભક્તિ, સૌને માટે અંતિમ દશામાં આત્મનિવેદન ભક્તિ તો છે જ. સૌમાં રસભક્તિ હોવી જોઈએ તો પ્રભુમાં મીઠો મધૂરો સ્વાદ આવવા લાગે, પરાકાષ્ઠાએ પહોંચવા માટે, વૈરી થતાં થતાં પ્રભુ મૂર્તિમાં ઓગળી જઈને મળવા લાગે, એકાત્મ્ય આનંદ પામવા માંડે ત્યારે ભક્તિની વિધિઓની અવધિ આવવી કુદરતી બની જાય છે. પ્રભુ સ્વયં ભક્તિરસના જ્ઞાતા છે.

સ્વામીને જે પ્રકારની સેવા ભક્તિ રુચિકર છે, પ્રિય છે, તે પ્રથમ તો સ્વામી જ જાણે છે. સ્વામીના અભિપ્રાયથી સેવક ભક્તિના પ્રયોગો કરે છે. દિવ્યમૂર્તિ પરમાત્મા આનંદઘન સ્વયં વાચ્યરસ, વાચકરસ છે, બ્રહ્મરસ, કામરસ, અલંકારરસ, વેષરસ, ભૂષારસ, 'રસો વૈ

સઃ' સર્વ આનંદને વરસાવનારા છે. અનાવરણ ભક્તિ રસ સર્વોત્તમ છે. અખંડ આનંદનો આસ્વાદ માણી શકાય તેવા પરમેશ્વર મહારસોત્તમરસ છે. પ્રિયરસ, રમણરસ, સોહમ્‌રસ, યોગરસ, સામરસ્યરસ, દ્રવરસ વગેરે પરમાત્મા છે. મધુરચિત્ત રસ, અમૃતરસ, વાત્સલ્યરસ, કારુણ્યરસ, અનુકંપારસ, સાક્ષાત્ રસ પરમાત્મા છે. પ્રેમરસ, આકર્ષણરસ, પિંડરસ, પ્રસારસ, આહ્‌લાદરસ, પરમાત્મા છે. પરાનુરક્તિરસ, પ્રપત્તિપુષ્ટિ રસ, લીલારસ, સમર્પણરસ, વિનોદરસ, સ્રાવસ્રોતઃરસ, સ્વવિસ્મૃત ભગવન્ માત્ર સ્મૃતિક પૂર્ણ બ્રહ્મ કામરસ, ભક્તિરસ, સરિત્‌રસ ભગવાન જ છે. ભગવાનથી કોઈપણ ભક્તિ અજાણી નથી. દરેક પ્રકારની ભક્તિઓ વૈષ્ણવ સંતમાં રહે છે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામીજી બાળપણથી શુદ્ધ ભક્તિથી ભરેલા હતા. દર્શનાભક્તિ, કીર્તનભક્તિ, વંદનભક્તિ કરતા હતા. યોગ્યતા અનુસાર શ્રવણભક્તિ કરતા હતા. સંસ્કૃત વગેરે ભાષાનું વાંચન શીખ્યા પછી કથા-કીર્તન, ભક્તિ કાયમ કર્યા કરતા હતા. પ્રાપ્ત વેદોની, પુરાણોની, મહાભારત-રામાયણ તથા ઈતિહાસોની પારાયણો કર્યા કરતા હતા.

સ્વામીજી આખ્યાન કથાઓના પણ મહાસાગર છે, આધ્યાત્મિક કથા આખ્યાનો કરતા જ રહે છે. કોઈ પણ દિવસ વગર કથા, કીર્તન, વંદન, સ્મરણ આદિથી વાંઝીયો નથી ગયો. આત્મનિવેદી તો છે જ. ભગવાને નિવેદિત અન્નફળ, જળ, દમ, કણ, રસ આદિ લેવું, નિવેદિત કર્યા વગરનું હોય તો નિવેદિત કરીને જ લેવું. જ્યારે કંઈ પણ લે છે ત્યારે પ્રસાદ કરીને જ લે છે. વસ્ત્ર, પુષ્પહાર આદિ કંઈ પણ પ્રભુને અર્પણ કરીને લે છે. વિધિ નિષેધ માનવના ધર્મોમાં, ભક્તિમાં, અપરાધોમાં લખેલી જે કંઈ પણ માનવ સ્વરૂપમાં અગ્રાહ્ય, ત્યાજ્ય, અસ્પૃશ્ય, ન આપવા યોગ્ય, છોડવા યોગ્ય, વિસર્જનીય, દૂર કરવા યોગ્ય, અંતર રાખવા યોગ્ય વગેરે છે. તેને પ્રભુને અર્પણ ન કરવા માટે શાસ્ત્ર પ્રમાણ હોવાથી, ભક્તિમાં ન કરવાનું કરતા પણ નથી. છતાં પણ ભગવાન સાથે તાદત્મ્ય ભાવથી વરતવા પર જે ભગવન્ મૂર્તિને ગ્રાહ્ય હોય છે. તેનું સમર્પણ કરે છે. જે ભગવન્ મૂર્તિને ત્યાગ્ય છે, તેનું સમર્પણ નથી કરતા. અગ્નિ રસોઈ બનાવવા માટે ગ્રાહ્ય છે. અંદર પડવા માટે ગ્રાહ્ય નથી ! હીરો, રત્નમણિ આભૂષણ રૂપમાં ગ્રાહ્ય છે. ચૂસવા માટે ગ્રાહ્ય નથી. માટી વાસણ માંજવા માટે ગ્રાહ્ય છે, ખાવા માટે નથી. આસન બેસવા માટે ગ્રાહ્ય છે, માથા પર ધરવા માટે નથી. નવે દ્વારોથી નીકળતો મળ ત્યાજ્ય છે, ગ્રાહ્ય નથી. શર્કરા ગ્રાહ્ય છે, ઝેર નથી. સન્મુખના દર્શન ઉત્તમ છે, અન્ય નથી. દિવ્યતા ગ્રાહ્ય છે, મલિનતા નથી. ભક્તિ કર્ત્તવ્ય કરવા યોગ્ય છે, અભક્તિ નથી. સેવા કર્ત્તવ્ય કરવા યોગ્ય છે, અસેવા નહીં. પ્રસન્નતા હોવી જોઈએ, ક્રુરતા નહીં. માખણ-ઘી ખાવા યોગ્ય છે, તેનો મેલ નહીં. મધ ગ્રાહ્ય છે, માખીનાં ઈંડા કે મધપૂડો નહીં. ભગવાનની મરજીનું બધું ગ્રાહ્ય છે, મરજી વિરોધી નથી.

ભગવાન જે જે જાણતા હશે તે તેમના ભક્ત પણ જાણે છે. શ્રીવલ્લભાચાર્યજી, શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીમધ્વાચાર્યજી, શ્રીનિમ્બાર્કાચાર્યજી, શ્રીશંકરાચાર્યજી જે જે પણ ભક્તિના અંશો જાણે છે તે બ્રહ્મ છે, તેથી બધું જાણે છે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી એટલું તો જાણે જ છે, તે અનુભવની વાત છે. કપિલ ભગવાનની પાસે અશ્વશિરા રાજા ગયો અને પૂછવા લાગ્યો, 'આપ બ્રહ્મનું દર્શન કરો છો ?' કપિલજીએ કહ્યું તું પ્રત્યક્ષ કરી લે તો શંકા ન રહે અને પ્રશ્ન

હલ થઈ જાય. રાજા ધ્યાનમાં બેઠો, અંતઃચક્ષુથી જોવા લાગ્યો, ત્યારે કપિલજીની મૂર્તિમાં વિષ્ણુ ચતુર્ભુજરૂપે દેખાવા લાગ્યાં. રાજાએ કહ્યું, 'અહીં સુધી તો હું પણ સર્વત્ર જોઉં છું', ત્યારે કપિલ ભગવાને વૈરાજ સ્વરૂપ દેખાડ્યું. રાજાએ કહ્યું, 'અહીં સુધી તો હું પણ સર્વત્ર દેખું છું.' ત્યારે કપિલજીએ મહાવિષ્ણુ – મહાનારાયણ સુધી દેખાડ્યું, ત્યારે રાજાએ કહ્યું, 'અહીં સુધી તો હું પણ દેખું છું.' ત્યારે કપિલજીએ કહ્યું કે હવે એક જ પૂર્ણ રૂપ બાકી છે, જોઈ લે રાજન્ સર્વ સૃષ્ટિમય પરમાત્મા મુઝમાં છે. ત્યારે રાજા દંગ થઈ ગયો ! રાજાએ અનંત અવતાર, અસંખ્ય સૃષ્ટિઓ, અસંખ્ય મુક્તો, અસંખ્ય ઈશ્વરો, અસંખ્ય સંકર્ષણ-પ્રદ્યુમ્ન-અનિરુદ્ધ-વાસુદેવ, અનંત નારાયણ, અનંત બ્રહ્મસૃષ્ટિઓ... ને જોયા. પરમપુરૂષ મૂળ દિવ્યમૂર્તિ અવતારી પરમાત્મા બાકી રહી ગયા ત્યારે રાજાએ કહ્યું, 'આપનું મૂળસ્વરૂપ પરમપુરૂષ પરબ્રહ્મનું દર્શન કરાવો' ત્યારે કપિલજીએ કહ્યું, 'વગર યોગ્યતા, વગર કૃપાએ તે દર્શન નહીં થાય, એવો સાધુ બન, ત્યારે તે દર્શન થશે.' રાજા નિવૃત્ત થઈ ગયા, એવા સાધુ થવાના પ્રયત્ન પર જિજ્ઞાસુ થયા. કપિલજીએ કહ્યું, 'પરાભક્તિ એક રસમય-તાદાત્મ્ય થવાનો અભ્યાસ કરો,' રાજા અભ્યાસ કરવા લાગ્યો. એવો થઈને દર્શન કરીને, પરમપુરૂષના ચરણમાં તેની મૂર્તિમાં સમર્પિત થઈ ગયો. બ્રહ્માસ્મિ પણ એનો જ પ્રકાર છે, આત્મનિવેદન પણ તેનો જ પ્રકાર છે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીશ્રી કયાંક ત્યાં સુધી તો રસભક્તિમાં તો પહોંચ્યા જ છે. ત્યાં સુધી પહોંચવું પણ તપશ્ચર્યાઓથી થાય છે. સબીજ તપશ્ચર્યા તેવી સ્થિતિ માટે કામ કરે છે. વસ્તુ, પદાર્થ અર્પણ દેહમાં, દેહ અર્પણ સૂક્ષ્મ તન્માત્રાઓમાં, તન્માત્રા અર્પણ ઈન્દ્રિયોમાં, ઈન્દ્રિય વૃત્તિનું અર્પણ પણ મનમાં, મન અર્પણ અહંમ્માં, અહં અર્પણ બુદ્ધિમાં, બુદ્ધિ અર્પણ પુરૂષ રૂપ આત્મામાં, આત્મા અર્પણ સાક્ષી બ્રહ્મમાં, બ્રહ્મ અર્પણ પરબ્રહ્મમાં, પ્રતિલોભ રીતિથી કરતો રહે તો પરમપુરૂષનો સાક્ષાત્કાર થાય છે.

જીવનમાં પરમપુરૂષની આજ્ઞાથી જ જગત પ્રતિ અનુલોભ થતા રહેવા છતાં પણ આ અનુલોમપણું ભગવાનના હુકમથી જ થાય છે. આથી ભગવાનમાં પ્રતિલોમપણું જ છે. આ પ્રકારની ભક્તિ શ્રીસ્વામીજીમાં પરિપકવ પ્રત્યક્ષ દેખાય છે. આ સ્થિતિમાં જે કંઈ તેઓમાં વ્યાવહારીકતા દેખાય છે, તે આપણી દૃષ્ટિ ને દેખાય છે, તેમની દૃષ્ટિમાં પરમપુરૂષની સેવા જ છે. 'સર્વ ખલુ ઈદં બ્રહ્મ નેક નાનાસ્તિ કિંચન યલ્ય સર્વ આત્મૈવ અભૂત્' આ સ્થિતિ થઈ હોય તેઓ બધી તપસ્યાની દૃષ્ટિએ જોતા હોય છે. 'યસ્ય જ્ઞાન મય્ તપઃ। જેને જ્ઞાનમય-સર્વાત્મ દર્શનમય મહાતપ છે. તેનું 'તત્પરં પરમ પુરૂષ ખ્યાતિઃતપઃ' કહેવાય છે. સ્વામીજીનું તપ નિરાકાર ઉપવાસ, અલ્પાહાર તપ, સંકોચ-સંયમ તથા સાત્ત્વિક તપ, બ્રહ્મશીલ તપ તો સમગ્ર જીવનમાં વ્યાપ્ત છે જ. મોટા તપનું ફળ પવિત્રતા, ભક્તિમત્તા, શાસ્ત્રદર્શિતા, પરમ પુરૂષદર્શિતા, બ્રહ્મસતા સ્થિતિમત્તાના રૂપમાં તો છે જ, પરમ પુરૂષાત્મકતા હોવાથી બ્રહ્મ હોવું વધુ દેખાય છે. તેમના માટે અભિનંદન એક ભગવાનના અવતાર પ્રત્યેના અભિનંદન જેવા છે વધુ શું કહેવું, પ્રભુ (મને) પોતાને ચરણમાં રાખવાની કૃપા કરશો.

- યોગિરાજ ભગવત્પ્રપન્નાચાર્ય...

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી એક મહાન તપસ્વી છે...

મહામંડલેશ્વર ન્યાયવેદાંતાચાર્ય બુદ્ધિપ્રકાશ સ્વામી

(ઉદાસીન વિદ્યાલય- દેહરાદૂન)

તપશ્ચર્યા સૌની શુદ્ધિ તથા અભ્યુદય માટે છે. બધા દેશોમાં તેની પ્રણાલિકાઓ પ્રમાણે તપશ્ચર્યા વધુ કે ઓછી થતી હોય છે. વૈદ્ય શાસ્ત્ર ખાન-પાનાદિમાં ધ્યાન ખેંચે છે. દેશકાળ, વાતાવરણ, ઠંડી, ગરમી, ઋતુ અનુસાર અવસ્થા, સ્વરૂપ લક્ષ્યમાં રાખીને ઓછું અધિકું મિશ્રણ, ગરમ, નરમ, પથ્ય, અપથ્ય, વ્યાયામનું વિશેષ વર્ણન કરીને માણસની પોષણરીતિ વ્યવસ્થિત કરે છે. આયુર્વેદ સમસ્ત શરીર રક્ષણ માટે હિતકર બતાવે છે, અહિતકર ત્યજાવે છે, સર્વાંતર્યામી નારાયણે જઠરાગ્નિ સ્વરૂપે રહીને વ્યક્તિના પ્રાણ નિયમનની સાથે રુચિકર કે અરુચિકર પદાર્થો પ્રતિ ગ્રાહ્ય-અગ્રાહ્યત્વનો બોધપાઠ સૌને શીખવાડ્યો છે. સ્મૃતિશાસ્ત્રોએ ભોગનો સંકોચ પ્રતિપાદિત કર્યો છે. શરીર તથા ઈન્દ્રિયોની એક્તા હોવાથી ભોગ વધી જાય છે. ભોગથી રોગનો ભય ઉભો થાય છે, શરીર તથા ઈન્દ્રિયોના વ્યાપારને અલગ રાખવાથી તપશ્ચર્યાને જરૂર સ્થાન મળે છે. બંનેના અમેળથી વધુ તોફાન રોકાઈ જાય છે, ભયનું આગમન નથી થતું. શરીર, ઈન્દ્રિયો તથા મનનો જો મેળ થવા લાગે તો ચેષ્ટાઓની સંખ્યા જ હાથમાં નથી રહેતી. અનેક અનાચાર વધે છે, જીવન બરબાદ થઈ જાય છે, પરલોક પણ બગડે છે, ચોરાશી યોનિમાં રખડવું પડે છે, યમદુઃખોને ખૂબ સહેવાં પડે છે. જો જ્ઞાન, વિજ્ઞાન, વિવક દ્વારા ત્રણેયનું મિશ્રણ થવા ન દે, ત્યારે શરીરથી નિયમ, મનથી સંયમ, મનથી ઉદાસીન, જ્ઞાનથી નિર્લેપ આવશ્યક્તા પ્રમાણે ગ્રહણ કરતા સર્વે ખૂબ સુખી થાય છે.

વ્રતવાન, યતિ, મુનિ, ધાર્મિક, મર્યાદાવાળા જીવનથી અભ્યુદય, આપત્તિ રહિત, આનંદ તથા પ્રેય શ્રેયના અધિકારી પાત્ર બને છે. શરીર, ઈન્દ્રિય તથા મનના તપ આખી દુનિયાના નર-નારીઓ ઈષ્ટ સિદ્ધિ માટે સકામ અથવા તો નિષ્કામ કરે જ છે. વૃદ્ધોની તપશ્ચર્યાના દૃષ્ટાંતોથી અવૃદ્ધોની તપશ્ચર્યાઓ બરાબર ચાલી આવે છે. ચાતુર્માસના ઉપવાસ, નવરાત્રીના વ્રત, શ્રાવણના જાગરણ વ્રત, સોમવાર કે શનિવારના કે રવિવારના વ્રત, અન્ય તહેવારોના વ્રત, એકટાણાં, ઉપવાસ, ફળાહાર, પ્રવાહીથી જ નિર્વાહ, જાગરણ, બ્રહ્મચર્ય, નિષ્કામવ્રત, નિઃસ્વાદવ્રત, સુકાં કે લીલા પાંદડા માત્ર ભોજન, કાચું અન્ન, વાયુ ભક્ષણ, અલ્પાહાર, ઠંડી ગરમી સહન, ખુલ્લામાં વાસ, ગુફાવાસ, પર્વતનિવાસ, એકાંત નિવાસ, તીર્થાટન સેવન, આદિ આદિ શરીરનું તપ છે. સતત રાત-દિવસ સતત ઉભા રહેવું, ઉંચો હાથ રાખવો, લિંગ શિથિલ કરવી, પંચધૂણી તાપવું, ધારણા-પારણા, ઉપવાસ, કૃચ્છ ચાંદ્રાયણ આદિ કરવું, દિવસોપવાસ, એક પડખે સૂવું, ભૂમિ શયન, ભિક્ષાકાર આદિ આદિ શારિરીક તપ જેવી ભાવના તથા અભ્યુદય નિઃશ્રેયસ આપનાર હોય છે.

માણસની શારીરીક તપશ્ચર્યા ભાવ-શ્રદ્ધા સહિત હોવાથી ઈષ્ટ સિદ્ધિ આપે જ છે. થોડા કે ઘણાં વર્ષોની વિકસિત તપશ્ચર્યા એ માઉન્ટ એવરેસ્ટ તથા ચંદ્રમાની ભૂમિનો સ્પર્શ પણ કરાવી

દીધો. અર્જુન ઈન્દ્ર જવાળાઓમાં તપશ્ચર્યા કરીને ઈન્દ્રની પાસે પહોંચ્યો હતો. પાર્વતીએ હિમાલયમાં તપસ્યા કરીને શંકરને પ્રાપ્ત કર્યા, કાળીમાંથી ગૌરીપણું પ્રાપ્ત પણ કર્યું. વિશ્વામિત્રએ તપથી નવા નક્ષત્રો બનાવ્યા. બ્રહ્માએ તપથી વેદો પ્રાપ્ત કર્યા, ભીષ્મએ બ્રહ્મચર્યવ્રતથી કાળને હઠાવ્યો, શરીર નિગ્રહથી ઈન્દ્રિય નિગ્રહ પણ થઈ શકે છે. રસ કે ભોગનો નિગ્રહ મોટું તપ છે.

તપ દ્વારા હનુમાન યતિ થઈ ગયા, સતીઓ ચારિત્ર્યથી પૂજય દેવીઓ બની ગઈ છે, અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, શૌચ, સંતોષ, તપઃ, સ્વાધ્યાય, ઈશ્વરપ્રણિધાન, સુખદાયક આસનનો અભ્યાસ, પ્રાણાયામ, પ્રત્યાહાર, ઈન્દ્રિય વૃત્તિઓનો નિરોધ, ધારણા, ધ્યાન, સમાધિ, આત્મસત્તારૂપ વર્તવું, હંમેશા તત્ત્વવિચાર, બ્રહ્મજિજ્ઞાસામાં રહેવું, અંતર્વૃત્તિ, પ્રતિલોમસ્થિતિ, સર્વાપર્ણ બ્રહ્માપર્ણ, આત્મારૂપે સર્વદર્શન, સંકલ્પોનું વિરામ, એકાગ્રતા, નિરોધ આદિ આદિ મોટી મોટી તપશ્ચર્યાઓ છે. તે પુણ્ય તથા ભાવની વૃદ્ધિ, સાત્ત્વિક મહિમા સાથે ધર્મયજ્ઞમાં સ્થિત થઈને વ્યાપક સાક્ષી ચૈતન્યમાં તદાત્મકપણાથી બધી પ્રકારની સિદ્ધિઓને હાથમાં આમળાની જેમ હસ્તગત કરી લે છે. બળવાન કે વજન રહીત શુદ્ધ આત્મા, ઉપાસક કે ભક્ત આત્મા, સેવક કે શરણાગત આત્મા, કેવળ કે સ્વસ્વરૂપ આત્મા, વ્યાપક કે ઉપાસ્ય મહાતત્ત્વ પરમાત્મામાં સમન્વિત થાય છે. પ્રત્યેક વ્યક્તિએ ભણવું, કામકાજ શીખવું, ક્રિયા કરવી, ધંધો કરવો, સાર્વજનિક જીવન ખપાવવું, જ્ઞાનમાં અનુસ્નાતક થવું, આદિ આદિ તપશ્ચર્યાના અધિકારી છે.

મોટા ભાગના સંતો અધિક તપશ્ચર્યા કરે છે. વિકારોનો સામનો કરે છે, માન સન્માન, આદર – સત્કાર માં બહેકી નથી જતા, આશ્ચર્ય નો ભાવ આવવા દેતા નથી, અહંતા મમતા ને અવકાશ જ નથી આપતા, ઈશ્વર સંકલિત અવસ્થાને નિભાવતા રહે છે, સર્વત્ર બ્રહ્મદૃષ્ટિથી હિતકારક પરોપકારક સમર્પણમાં જ ગુજરતા જાય છે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પૂર્વ જન્મના તપસ્વી સિદ્ધયોગી જ છે. બાળપણમાં જ વ્રત તપ કરતા હતા. દેવાર્પણ, પૂજન, ભજન વધું કરતા હતા. અભ્યાસમાં પણ પ્રહલાદજીની જેમ ભગવન્નામ ભજન, માળા, તીર્થસ્થાન, શ્રાવણી સ્નાન, અધિક માસ સ્નાન, જપ-પૂજન-ભજન આદિ આદિ કર્યા કરતા હતા. કથા સ્થળે જઈને કથા સાંભળ્યા કરતાં હતાં, ગીતા આદિ વાંચતા હતા, મહાભારતની કથાઓ સાંભળતા હતા, વાર્ષિક દરેક વ્રતો કરતા હતા, નિર્જળા વ્રત કરતા હતા, જાગરણ કરતા હતા. સંતદીક્ષામાં સંતની સ્થિતિના વ્રતો બરાબર કરતા હતા, આપ ભણવા માટે સરકારી ઈલેક્ટ્રિક બતીના પ્રકાશમાં બેસીને ભણતા હતા. અડધી રાત વીત્યા પછી કરણી નક્ષત્ર માથા પર આવે ત્યારે જમીન પર જ સૂઈ જતા હતા. વાણીમાં અતિ સંયમ હતો, આહારમાં પણ સંયમ હતો.

ઋષિ મુનિઓના આખ્યાન સાંભળવાના સંસ્કારથી તપશ્ચર્યાને વિશેષ પસંદ કરતા હતા. પથારીમાં શણનો કોથળો પાથરતા અને મસ્તક નીચે ઈંટ રાખતા હતા, ચટાઈમાં જ બેસતા, સૂતા હતા. સાદા વસ્ત્ર પહેરતા હતા, કાશીમાં અન્નક્ષેત્રમાં ભોજન લેતા હતા. ગંગામાં ત્રિકાળ સ્નાન કરતા હતા. શ્રીકાશી વિશ્વનાથજી આદિના દર્શન કરતા હતા, મુખથી ભજન કરતા હતા, કોલેજ

જતી વખતે રસ્તામાં ગ્રંથનું અવલોકન તથા યાદગીરી કરતા જતા હતા. સાંજનું ભોજન સદા અનિયમિત અનાવશ્યક જ હતું. પર્ણાદ ઋષિના તથા અપર્ણા સતીના વૃત્તાંત પર અતિશ્રદ્ધાથી સ્વયં સ્વામીજીએ કાશીમાં જ ચાર દિવસના ઉપવાસ, સપ્તાહના ઉપવાસ, બાર દિવસનું જળપાન વ્રત, માસિક ફળાહાર, આદિ આદિ વ્રતો દૂધ માત્ર વ્રત, દહીં માત્ર વ્રત, દહીં-ભાત માત્ર ચાતુર્માસ વ્રત કરતા હતા.

સંવત ૧૯૯૨-૯૩માં આખું વર્ષ અન્ન ન લેવાનું વ્રત લીધું. પ્રથમ મહિનામાં માગ્યા વગર મળે તે ખાઈ લેવું એવું વ્રત ચાલુ કર્યું. તેને આખું વર્ષ પાળ્યું. બીજી વાર ન માંગવાનું વ્રત રાખ્યું, તે તો કાયમી વ્રતરૂપે આદત થઈ ગઈ, બે ચાર કોળિયા ઓછું રહે તે જળ પુરતી કે છાશ પૂર્તિથી નભાવી લેવું ટેવ જ રાખી જે જીવનભર આ વ્રત ચાલું જ છે. પોતાના માટે જુદું કંઈ જ ન રાંધવું પંચના રસોડેથી જે પથ્ય મળે તે જમવાનું પણ વ્રત રાખ્યું. તે પણ પ્રસિદ્ધ જ છે. ભિક્ષામાં ઘણું કરીને એક ગોળ કાષ્ઠ પાત્રમાં પદાર્થો લઈને, પીરસાયેલા પદાર્થોને મેળવીને ભોજન લેવુ. જળ તૂંબડી પાત્રથી પાણી પીવું, આ વ્રતને ૨૦ વર્ષ સુધી રાખ્યું. હજી પણ કાષ્ઠ પાત્ર તથા તૂંબડી સ્વામીજીની પાસે મોજુદ છે, જે પવિત્ર પાત્ર માનવામાં આવેલ છે.

સવંત ૧૯૯૨ના બીજા ભાદરવાથી વાર્ષિક તપો વ્રત કર્યું હતું. ભાદરવો એક મહીનો પાલકની કાચી ભાજી દિવસમાં એક વાર ખાઈને રહ્યાં હતા. આસોમાં કાચા શક્કરીયા ખાઈને રહ્યાં હતા. ૧૯૯૩ કાર્તિકમાં કાચા શીંઘોળા ખાઈને રહ્યાં હતા, માગશરમાં કમોદના ચોખા પાણીમાં ચોળીને ખાતા હતા, પોષમાં શીંઘોળાના લોટના પરોઠા ખાતા હતા. માઘમાં કલકત્તા ગયા હતા ત્યારે રાજગરાના લોટની પૂરી ખાતા હતા, ફાગણમાં ચોખા જમતા હતા. ચૈત્રમાં પાણીમાં બાફેલા બટાટા જમતા હતા. વૈશાખમાં વટાણાં જમતા હતા, જેઠમાં કેરી જમતા હતા, અષાઢમાં આંખોનું તેજ ઓછું થઈ ગયું. અંધારા આવતા ચકકર આવવા લાગ્યા. ત્યારે એક ગુજરાતી પુસ્તકાલયના અધ્યક્ષે કહ્યું કે, સ્વામીજી આપનું શરીર અનાજ આધારીત છે, અન્ન ત્યજવાથી આંખોને નુકસાન થશે. ઉપમન્યુ આદિના અંધાપાના દાખલા છે. આથી ધીરે ધીરે અન્ન ચાલુ કરો. ત્યારથી ભાત, દહીં જમવા ચાલું કર્યા પછી તો રોટલી, ચણા, દાળ વગેરે પચવા લાગ્યા આંખોમાં તેજ પુરાતું ગયું. દસ મહિના ઉપરોક્ત રીતે તપશ્ચર્યા કરી, બે મહીના ભાત-દહીંનું ભોજન લીધું, વર્ષની ટેક પૂર્ણ થઈ, તે તપને અપાચક વ્રતમાં પલટાવીને ચાલું રાખ્યું હતું. ત્યારથી મોટો લાભ તો એ થયો, કોઈપણ પદાર્થ ઓડકાર આવતા સુધી ખાઈ લેવાથી તૃપ્તિ થઈ જાય, ફળ હોય, રસ હોય, કંઈ પણ ચીજથી તૃપ્તિ થવા લાગી. આ મોટી સિદ્ધિ પ્રાપ્ત થઈ. કંઈ પણ ક્યારેય પણ ખાઈ લેવાથી દિવસ-રાત નીકળી જતા હતા, તપ પછી શરીર વધું સ્વસ્થ-નિરોગી થઈ ગયું. આખા જીવનમાં ક્યારેય તાવ પણ નથી આવ્યો, અન્ય કોઈ રોગ નથી થયો, મનમાં શાંતિ થઈ ગઈ, યતિપણું સુખદ થયું જ્ઞાનીપણું વધ્યું.

બુદ્ધિમાં વિશેષ પ્રકાશ થયો, રાજસી-તામસી વેગ નિર્બળ જેવા થઈ ગયા. શાંત સ્વરૂપ વધવા લાગ્યું. મેધા વધી પાંડિત્ય વધ્યું થાક ઉડી ગયો, અસંતોષ મટી ગયો. શાંતિથી બ્રહ્મમાં વધુ

સમય આપવો શાસ્ત્ર લેખનમાં તથા અન્ય કામોમાં બાકીનો સમય આપવો વગેરે વગેરેના નિયમ બરાબર સિદ્ધ થઈ ગયા. કેટલીયવાર સાથે રહેવાથી આ બાબતોનો અનુભવ કર્યો છે. હું દ્વારિકા તીર્થ કરવા ગયો.

માર્ગમાં નવાનગર જામનગર આવ્યું, ત્યાં સ્વામીજી વિરાજતા હતાં, ત્યાં પણ ઉપરોક્ત બધી હકીકતો અનુભૂત થઈ, જૂનાગઢ બાદમાં ગીરનાર તથા સોમનાથ તીર્થ કરવા ગયો હતો. ત્યાં પણ તેમની તપશ્ચર્યા એ જ પ્રકારની વધીને અનુભવાઈ, સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી પોતાની ઓરડીરૂપી ગુફાથી બહાર જ ન નિકળતા. શાસ્ત્ર, ભગવાન તથા આત્મા પરમાત્માના ભજનમાં જીવન તન્મય છે. આ તપશ્ચર્યા બહું મોટી છે. ગામડાઓમાં જાય છે તો ત્યાં પણ પોતાની તપશ્ચર્યા ચાલુ જ રાખે છે. બ્રહ્મમગ્ન એવા આ સ્વામીશ્રી સત્પુરૂષની તપશ્ચર્યા લોકકલ્યાણ માટે છે, તેમને મારા અનેક અભિનંદન છે.

- બુદ્ધિપ્રકાશ સ્વામી...

ભારતીય ગૌરવમૂર્તિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સંતરૂપમાં...

વિદ્વત્ વિધેય સ્વામી મીનાક્ષી ભાસ્કરાચાર્ય ચિદમ્બરમ્,

કર્ણાટક, મદ્રાસ રાજ્ય.

ભારત એક એવી પુણ્યભૂમિ છે જેમાં કલ્યાણકારી અનેક સંતો પ્રગટ થતા આવ્યા છે, જનકલ્યાણકારી, ધર્મમૂર્તિરૂપ સ્વયં ભારતમાં વિચરે છે. સમગ્ર પૃથ્વીમાં ભારતનું ગૌરવ ચમત્કારી આકર્ષક સંતના દ્વારા છે. તારણહાર સંતોનું સ્મરણ પણ નિષ્પાપ કરીને સ્મરણ કરનારને કૈવલ્યપદમાં પહોંચાડી દે છે, ઉત્તમગતિ થાય છે, નિષ્કામ બની જાય છે. ભગવન્મૂર્તિ સંત સ્મરણ દ્વારા પરંગતિ પ્રાપ્ત થાય છે. શ્રીહરિના ભક્ત શંકરના, વિષ્ણુના કે માતાજીના ભક્ત હોય, સૂર્ય, અગ્નિ, ગણેશ, હનુમાનજી, ભૈરવ, આદિ કોઈ પણ દેવના ભક્ત હોય, મહર્ષિ ગ્રહ તીર્થ આદિના જાપક કે ઉપાસક હોય. આ બધા સંતો સદ્‌ગુણી હોવાથી ભારતનું ગૌરવ વધારનારા છે. અન્ય દેશોમાં પણ આ જ વાત છે. માતા, પિતા, પ્રજા, દેશભક્તોથી પણ તે ભૂમિનું ગૌરવ વધતું રહ્યું છે. પાતિવ્રત્ય, શિલવ્રત આદિથી પણ દેશનું ગૌરવ કાવ્ય દ્વારા ગાવામાં આવે છે.

સતી-શંકરે અવધૂત યોગી સ્વરૂપે શિવગૌરી શિખરમાં નિવાસ કરીને હિમાલય તથા ભારતનું ગૌરવ વધાર્યું છે. તેની પાછળ અનેક અવધૂતો થતા આવ્યા છે, બ્રહ્માજીએ પુષ્કરરાજમાં, વિષ્ણુ ભગવાને વેંકટાચલમાં તપશ્ચર્યા તથા ભક્ત પર કૃપા કરીને ભારતનું ગૌરવ વધાર્યું, બુદ્ધે વનમાં, અર્હુનએ પર્વતોમાં, કપિલે સિદ્ધ સ્વરૂપે સિદ્ધપુર તથા કપીલધારામાં દત્તાત્રેયે અવધૂત સ્વરૂપે ગીરનારમાં, ઋષભે તીર્થભૂમિઓમાં, વામને બલિની યજ્ઞભૂમિ વંથલી-સોરઠમાં ત્રિવિક્રમ સ્વરૂપે, પરશુરામે માંડલા વનમાં તથા આબુમાં, શ્રીરામે દક્ષિણમાં પંચવટી આદિમાં, શ્રીકૃષ્ણએ અનેક ભૂમિઓમાં વિચરણ તથા નિવાસ કરીને ભારતનું ગૌરવ વધાર્યું છે. અંશઃકલા, અંશ અવતારોએ ભારતમાં અગણિત કલ્યાણકારી કાર્યો કર્યા, વિદ્વાન અવતારોએ શાસ્ત્રો બનાવ્યા, વ્યાસજીએ બ્રહ્મ વિદ્યાઓ પ્રગટ કરી, ઋષિઓ દ્વારા કલ્યાણકારી ઉપનિષદ વિદ્યાઓ વિકસિત થઈ. શ્રીશંકરાચાર્ય, શ્રીરામાનુજાચાર્ય, શ્રીવલ્લભાચાર્ય, શ્રીમધ્વાચાર્ય, શ્રીનિમ્બાર્કાચાર્ય, શ્રીસ્વામિનારાયણાચાર્ય, શ્રીરામાનંદાચાર્ય, વગેરે વગેરેએ ભગવાનની ભક્તિ કરાવીને ભારતમાં મોટાં મોટાં સંપ્રદાયો સ્થાપિત કર્યા, અવતારોના મંદિરો બનાવડાવ્યાં, ઈષ્ટદેવોની પ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરી, ધોરી ભક્તિમાર્ગો ચાલું કર્યા, ઈશ્વરીય ગૌરવ ફેલાવ્યું, પ્રજામાં ભક્તિનું ગૌરવ વધાર્યું, અનેક પ્રકારથી મોક્ષમાર્ગ ચાલું કરાવ્યા, અનંત અગમ્ય વિદ્યાઓનો પ્રચાર કરીને જ્ઞાન, કર્મ, ધર્મ વગેરે પુષ્ટ કર્યા, સદાચારવાળી પ્રજાને સુરક્ષિત કરી, ગુરું પરંપરાઓ સતત શ્રૃંખલાબદ્ધ બનાવી.

અદ્વૈત એક પરમેશ્વર માટે ચકનાચૂરપણામાં જીવન અર્પણ કરી દીધાં, વેદ, શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસોની ઘોષણાઓ કાયમ ચાલું રાખી દેવામાં આવી. યજ્ઞ, હવન, પૂજા, અનુષ્ઠાન કાયમી હર એક પ્રજામાં ચાલુ કર્યા, સ્નાન, સંધ્યા, જપ હોમ, સ્વાધ્યાય, પિતૃ તર્પણાદિ સત્કર્મ

સતત કરવું એમ બતાવ્યું. આવી ભારતની ગૌરવ સભર સત્પ્રવૃત્તિઓ તે તે અવતારી સંતો દ્વારા થતી આવી છે. ભારતમાં સંતો દ્વારા સર્વત્ર પવિત્રતા, અહિંસા, પરોપકારિતા, શુદ્ધિ, દેવ અર્ચના, વૃદ્ધ પૂજા, સ્વામી સતીનો સત્કાર, તીર્થ, વ્રત, દાન થતા આવ્યાં છે અને થતાં રહેશે. **શ્રીલક્ષ્મીનારાયણ શ્વેતાયન સંહિતામાં પૃથ્વી પરના ભુતકાલીન ચમત્કારી પ્રતાપો મોટાભાગે મહાભારતથી પણ વધુ નિરૂપિત છે. જે સાંભળવાથી ભારતનું પ્રાચીન-નવું ગૌરવ જાણવામાં આવે છે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજીના ગૌરવસભર ચમત્કારો ભારતને માટે ગૌરવ સ્વરૂપ છે. કેવલ સૌરાષ્ટ્ર કે મહાગુજરાતમાં જ નહીં પરંતુ ભારતમાં અને અન્ય-અન્ય દેશોમાં પવિત્ર આ સંત પ્રાતઃ સંભારવામાં આવે છે, પૂજવામાં આવે છે. તેમની આરસની પવિત્ર માળા જપતી બેઠી મૂર્તિ ૩ ફુટથી વધુ ઉંચાઈની કુંકાવાવનગરમાં રાષ્ટ્રીય પ્રાસાદમાં સુપ્રતિષ્ઠિત નગરજનો દ્વારા સ્થાપિત કરી છે. ત્યાં તીર્થભૂમિ બની છે, પ્રતિમાની સન્મુખ આરાધના કરનારના ઈષ્ટ સંકલ્પો પૂર્ણ થાય છે. ત્યાં પરચા-ચમત્કારો થતાં રહે જ છે. ભગવાનના અવતારોથી અવતારી પરમપુરૂષોના પ્રગટ થવાથી ભારતને મહાગૌરવ છે.**

વિદ્વાન સંતો દ્વારા પ્રગટ થયેલી વિદ્યાઓ દ્વારા ભારતનું બહું ભારે ગૌરવ છે, જે વિદ્યાઓને સમગ્ર પૃથ્વીનાં દેશ, વિદેશ અને પ્રદેશો સ્વીકારવા લાગ્યાં છે. શ્રીસ્વામીજીએ અનેક આધિદૈવિક, આદ્યાત્મિક વિદ્યાઓ પ્રગટ કરી છે, લખી છે, ભારતને અર્પણ કરી છે, વિદ્યાઓના સંપ્રદાય અવિરત ચાલું જ રાખ્યા છે. આ એક ભારતની જ કેવલ નહીં, સમગ્ર પૃથ્વી માટે મોટી દેણ છે. વ્યાસોએ જે કંઈ ભારતને આપ્યું છે તે તેના માટે દેણ છે, દક્ષિણા છે. એવી જ રીતે દક્ષિણમાં આલવાર સંતોએ જે કઈ કરી બતાવ્યું છે, તે ભારત માટે દેણ છે. એવી રીતે જ પેરી આલવાર, કુલશેખર, વિપ્રનારાયણ, મુનિવાહન, પેયાલવાર, મધુર કવિ નમ્માલવાર વગેરે ભારતનું ગૌરવ વધારનારા અવતાર થઈ ગયા. રેણુકાચાર્ય, દારૂકાચાર્ય, એકોરામાધ્ય, પંડિતારાધ્ય, વિશ્વારાધ્ય, નિજગુણ શિવયોગી, સિદ્ધલિંગ શિવાચાર્ય અવતાર રૂપ ભારતનું ગૌરવ વધારનારાં છે.

નાથમુનિ, વિઠ્ઠલજી, ચૈતન્ય મહાપ્રભુ, મહાવીર, જ્ઞાનેશ્વર, નામદેવ, રાંકાબાંકા, કબીર, પીપા, નરસિંહ, તુલસીદાસ, હિતાચાર્ય મહાપ્રભુજી, જગન્નાથદાસ, ગુરૂનાનક, ગોવિંદસિંહજી, શ્રીચંદ્રજી, શંકરદેવ, સંત દાદૂજી, સમર્થ રામદાસ, સંત તુકારામ, નિજાનંદાચાર્ય, પ્રાણનાથસ્વામિ, દરિયાસાહેબ, ડીંગારામ, રામકૃષ્ણ પરમહંસ, રાજા રામમોહનરાય, દયાનંદ સરસ્વતી, રાધાસ્વામી, અગસ્તીન્, લૂઈપોલ, જરથૃષ્ટ, મોહંમ્મદ, મેબ્રીલ, એંજેલા, પદ્મસંભવ, મત્સ્યેન્દ્રનાથ, ગોરખનાથ, શ્રીગુણાતીતાનંદ મુનિ, શ્રીગોપાલાનંદમુનિ, તુલાધાર વગેરે વગેરે મોટાં મોટાં અવતાર પુરૂષો ભારતમાં થઈ ગયાં છે. યજ્ઞનારાયણ વૃષભદેવ થયા હતા. આ જીવાત્માઓ નહોતા પણ પરમ પુરૂષના અવતારો પ્રગટ્યા હતાં.

સ્વયંભુ મનુ દશરથ, વસુદેવ તથા વિષ્ણુ શર્મા થવું તેમના ઘરે ક્રમશઃ શ્રીરામ, શ્રીકૃષ્ણ, શ્રીકલકી ભગવાનનું પ્રગટ થવું બતાવ્યું છે. ધ્રૂવના વંશજ વેનની ભુજાઓનાં મંથન દ્વારા વિપ્રોએ વિષ્ણુ તથા લક્ષ્મીના અવતાર સ્વરૂપ પૃથૂરાજા તથા અર્ચદિવીને પ્રગટ કર્યા હતાં. કર્દમ ઋષિથી

દેવહૂતિમાં કપિલદેવ ભગવાન અંશાવતાર સાંખ્યના જ્ઞાતા પ્રગટ થયા. શ્રીમહાદેવજીના અવતાર ભૃગુ દ્વાપરમાં થયા, તેમના ઘરે લક્ષ્મીજી પુત્રી રૂપે થયા તે ભાર્ગવીના લગ્ન ભગવાન સાથે થયા. બ્રહ્મા, વિષ્ણુ અને ચંદ્રમાં ત્રણ દેવો દતાત્રેય રૂપે થયાં. કશ્યપના ઘરે વામનજી પ્રગટ થયા હતા. વામનજી ગીરનાર પર્વતની તળેટીમાં દામોદર સ્વરૂપે બિરાજે છે. અંગિરા ઋષિના ઘરે અગ્નિ દેવે અવતાર લીધો અને તે બૃહસ્પતિ કહેવાયા. અત્રિના ઘરે શંકર દુર્વાસા રૂપે પ્રગટ થયા હતા. વિદુરજીને યમરાજના અંશાવતાર કહેવામાં આવ્યાં છે. પેરી આલવાર ગરુડનો અવતાર હતાં. તેની પુત્રી આંડાલ શ્રીરંગનાથ ભગવાન સાથે પરણી હતી અને ભગવાનની સાથે જ દિવ્ય બનીને ચાલી ગઈ. કુલશેખર કેરલના રાજકુમાર કૌસ્તુભમણિનો અવતાર હતાં. વિપ્રનારાયણ બ્રાહ્યવન માળાનો અવતાર હતા. નમ્માલવાર વિશ્વેક્સેન પાર્ષદનો અવતાર હતા. શ્રીગણેશજી શ્રીકૃષ્ણનારાયણનો અવતાર છે.

રેણુકાચાર્ય કલ્પવાક્ ક્ષેત્રમાં સોમેશ્વર શિવલિંગ દ્વારા પ્રગટ થયા હતા. દારુકાચાર્ય સિદ્ધેશ્વર લિંગથી પ્રગટ થયાં હતાં. શ્રીએકોરામારાધ્ય રામાનાથ લિંગથી પ્રગટ થયાં હતાં. શ્રી પંડિતારાધ્ય મલ્લિકાર્જુન લિંગથી પ્રગટ થયા હતા. શ્રીવિશ્વારાધ્ય કાશીવિશ્વનાથ લિંગથી પ્રગટ થયા હતા. શ્રી નિજગુણ શિવયોગી તથા સિદ્ધલિંગ શિવાચાર્ય શ્રીશંકરના અવતાર થયાં હતા. રામાનુજાચાર્ય શેષનારાયણ લક્ષ્મીજીના અવતાર હતા. નિમ્બાર્કાચાર્યને સૂર્ય અથવા સુદર્શનનો અવતાર માનવામાં આવ્યા છે. મધ્વાચાર્ય વાસુદેવનો અવતાર છે. વલ્લભાચાર્ય તૈલંગી સ્વયં ભગવાન એકસો યજ્ઞના પુણ્યપીંડ એકત્રિત રૂપમાં પ્રગટ થયા તે અગ્નિનો અવતાર પણ કહેવાતા હતા. વિઠ્ઠલજી સ્વયં ભગવદ્ અવતાર હતા. ચૈતન્ય મહાપ્રભુજી શ્રીરાધા શક્તિના અવતાર ગણવામાં આવ્યા છે. તેઓ પૂર્ણ બ્રહ્મ પણ કહેવાયાં છે. રામાનંદાચાર્ય એ વિભવાવતાર લખ્યાં છે. જ્ઞાનેશ્વર વિષ્ણુનો અવતાર છે. નામદેવ શ્રીવિઠ્ઠલનાથનો અવતાર છે. પંઢરપુરમાં રોકાબોકા શ્રીવિષ્ણુલક્ષ્મીનો અવતાર છે. કબીર યોગી દ્વારા પ્રતીચિ અપ્સરાથી પ્રહલાદનો અવતાર પ્રગટ થયો. નરસિંહ સ્વામિ માધવથી અંબામાં દત્તાત્રેયનો અવતાર થયો. તુલસીદાસ સરયૂપાણિય બ્રાહ્મણમાં વાલ્મીકિના અવતારરૂપે હતા.

શ્રી હીતાચાર્ય મહાપ્રભુ ભગવાનની બંસીનો અવતાર હતા. રાધાએ દુર્ગાનો અવતાર હતા. સમર્થ ગુરૂ રામદાસ સૂર્યના વરદાનથી પ્રગટ થયા હતા. નિજાનંદાચાર્ય દેવચંદજી બ્રહ્મઅદ્વૈતની વાસના અવતાર છે. પ્રાણનાથજી મહેંદી મસીહા કે કલ્કી અવતાર હતા. એંજેલા સશરીર સ્વર્ગમાં ચાલ્યા ગયા હતા. માર્કન્ડેયને સ્વયં નારાયણ અવતાર કહ્યાં છે. પરશુરામ આવેશ અવતાર થયા. શ્રીગોપાળાનંદ સ્વામીને શ્રીકૃષ્ણવતાર માનવામાં આવે છે. શ્રીગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મના અવતાર માનવામાં આવે છે. શ્રીરાધિકાજી શ્રીકૃષ્ણની બંસીના અવતાર સ્વરૂપે છે. ગોપીઓ દેવતાઓ હતી. **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામીને શ્રીશ્વેતાયન વ્યાસના અવતાર અનાદિશ્રીકૃષ્ણનારાયણનું સ્વરૂપ માનવામાં આવે છે, તેમના સત્સંગથી તથા પ્રત્યક્ષ દર્શનથી તથા ઈષ્ટસિદ્ધિ, ચમત્કારથી તેમનું ભગવાનપણું મને નિશ્ચિંતપણે માનવામાં આવ્યું છે. એકવાર મને સ્વપ્નમાં તેમના ચતુર્ભુજ નારાયણ સ્વરૂપમાં મુકુટવાળા તેજસ્વી દર્શન થયાં,**

ત્યારથી જ્યારે પણ ધ્યાન કરવા બેસું છું ત્યારે ઘણીવાર તેમને નારાયણ સ્વરૂપમાં જોઉં છું. આ મારું પ્રત્યક્ષ પ્રમાણ છે. હું મદ્રાસમાં મોટા ઉત્સવ પર ગયો પરંતુ તે પ્રભુ સ્વરૂપ વિદ્વાનનું દર્શન ત્યાં ન થયું, સર્વે વિદ્વાનો તેમના દર્શનાર્થે વિકળ દૃષ્ટિ થઈ રહ્યા હતાં, સભાકાર્યમાં બીજાની હાજરી હતી, પરંતુ તેનાથી વિદ્વાનોને પરમ સંતોષ મળવો અધૂરો જ રહી ગયો.

પશ્ચિમ કાશીના એક નામધારી જગદ્વન્દ્ય આસમુદ્રાંત પ્રખ્યાત નૈયાયિક ધુરંધર મહાયતિ સંત દક્ષિણ વિભાગના સારા સારા વૈષ્ણવો તથા શૈવ વિદ્વાનોને હાર્દિક આરાધ્ય છે. આ મહાબૃહસ્પતિ સ્વરૂપના ન્યાય, વેદાંત, સાંખ્યાયોગ, મીમાંસા આદિના ગ્રંથ ભણવા, ભણાવવાના ઉપયોગમાં લેનારને સંશુદ્ધિ તથા તત્ત્વ નિર્ણયોમાં મોટાં આશ્ચર્યપૂર્વક સુસંતોષ મળે છે. દક્ષિણમાં દ્રાવિડ, તેલુગુ, કર્ણાટક, મદ્રાસ, મૈસુર, મથુરા, રામેશ્વરમ વગેરે નગરોમાં સંસ્કૃત વિભાગોમાં ત્યાંની યુનિવર્સિટીઓમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય ન્યાયાચાર્યજીના દાર્શનિક ગ્રંથ ભણવા, ભણાવવામાં અતિ ઉપયોગી થઈ રહ્યાં છે. મુક્તકંઠથી તેમની કીર્તિ ફેલાયેલી છે. માયાવર, નાગપટ્ટં, તાંજોર, ત્રાવણકોર, મલય, ગૂટકલ, આરકોણમ્, કુંભકોણમ્, ત્રિચિનાપલ્લી, ત્રિવેન્દ્રમ વગેરે વગેરે સ્થળોમાં યુનિવર્સિટીઓના સંસ્કૃત વિભાગોમાં આ પ્રકાંડ પંડિતવર્યના ગ્રંથો ઉત્તમ શિક્ષણમાં ઉપયોગી થઈ રહ્યા છે. જેની પ્રસંશા એક કંઠથી ક્યાં સુધી થઈ શકે? કોલંબોથી આવેલા એક મ.મ વિરુદસ્વામી મહાચાર્યએ કીરણાવલી મારી પાસેથી લઈ લીધી. તેઓ પણ આ મહાન વિદ્વાનના પુસ્તકથી પરિચિત હતા. તેઓ કહેતા કે, કોઈ ગૌતમ અવતાર સ્વામીશ્રીછે અથવા તો શ્રીનિવાસ અવતાર સ્વરૂપમાં પણ અસંદિગ્ધતા છે.

- સ્વામી મીનાક્ષી ભાસ્કરાચાર્ય ચિદમ્બરમ્...

ભારતીય સંત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ...

મહામહોપાધ્યાય પંડિત રામકૃષ્ણ શર્મા, શાસ્ત્રી અવ્યય

(સંસ્કૃત અનુસંધાન કેન્દ્ર, રઘુનાથ મંદિર, જમ્મુ)

આર્ય સંસ્કૃતિના વિશાળ સાહિત્યભંડારમાં સંતોની પોતાની એક વિશેષ પરંપરા છે. મુખ્ય તયા સંતજીવનને આપણે બે શ્રેણીઓમાં વહેંચેલું જોઈએ છીએ. એકમાં પ્રાકૃત સંત અને બીજામાં લૌકિક સંત, પ્રકારાંતરથી તેને સ્વયંસિદ્ધ અને શાસ્ત્રસિદ્ધ પણ કહેવામાં આવી શકે છે. સાધના અથવા અભ્યાસ ક્રિયાનો સતત સંયોગ તો પ્રાયઃ બંને અવસ્થાઓમાં મૌલિક ઉપાદાન સમજવામાં આવશે. આ સાધના એક કે અનેક જન્મોની ધરોહરના રૂપમાં પણ પ્રાપ્ત થતી જોવામાં આવે છે. આપ કોઈ પણ યુગનો ઈતિહાસ વાંચી લો, બધામાં સંતજીવનના અનેક ઉત્કૃષ્ટ ઉદાહરણ દૃષ્ટિગોચર કે શ્રવણગોચર થઈ શકે છે. સંસારમાં એવો કોઈ દેશ નથી. જ્યાં કોઈ ને કોઈ રૂપમાં સંતોનો આવિર્ભાવ ન થયો હોય, વિશ્વના ઈતિહાસમાં આપણે નિષ્પક્ષ રીતે આ વાતને પરીક્ષિત પ્રયોગના રૂપમાં પારખવાની ક્ષમતા રાખીએ છીએ.

આમાં પણ ભારતખંડને તો સંતોનું ઘર જ સમજવું જોઈએ. આર્યશાસ્ત્રોમાં સમન્વય દૃષ્ટિથી જો આપણે જોઈએ તો આ રહસ્ય ખુલી જાય છે કે, સંતોની પરંપરામાં શ્રીભગવાન સગુણરૂપને જ સૌથી પ્રથમ સંત માનવામાં આપણે અસંગત નહીં કરીએ, ત્યારે આમાં શંકાને કોઈ સ્થાન નથી કે સંતોની પરંપરાનો આદિ સ્ત્રોત કોણ અથવા ક્યાંથી નીકળ્યો છે, એક સત્ જ સંતોના સંમત ઉપાસ્ય છે.

એ વાત જુદી છે કે, આ પરંપરાને ક્યાંક ભક્ત, ક્યાંક ગુરૂ, ક્યાંક આચાર્ય, આદિની પરંપરાની સંજ્ઞા આપી દેવામાં આવી છે. પરંતુ મૂળમાં સંતોના લક્ષણ આ પર્યાયોમાં જેમ ઠીક પડે તેમ અંદર સમાવિષ્ટ છે તો પણ ભારતીય સત્સાહિત્યનાં વિશાળ ભંડારમાં અહીં તહીં સર્વત્ર સંતોના લક્ષણ વાક્યોને ઘણાંખરા દોહરાવ્યા કર્યા છે, પરંતુ સુક્ષ્મદૃષ્ટિથી જોતા તે બધામાં તાલમેલ છે.

ટૂંકમાં સંતલક્ષણોમાં સર્વત્ર આજ વર્ણન મળે છે કે, સંતપુરૂષ રજોગુણ, તમોગુણથી રહિત તથા સત્ત્વશીલ હોય છે. તેઓ જન્મ, ઘડપણ, મૃત્યુનાં દુઃખોને નથી ગણતા. કોઈની સાથે દ્વેષ નથી કરતા. તેમજ કોઈની સાથે રાગ પણ નથી રાખતા અને ન ક્યારેય મોહમાં બંધાય છે. તેઓ પ્રવૃત્તિ અને નિવૃત્તિની ઈચ્છા નથી કરતા. તેને પ્રકાશ અને પ્રવૃત્તિનો મોહ નથી હોતો. તેઓ ઉદાસીનની જેમ સંસારમાં વિચરણ કરે છે, ક્યારેય સત્વાદિક્ ગુણોથી ચલાયમાન નથી થતા. તેમને કોઈ પ્રિય કે અપ્રિય નથી હોતા તેઓ પથ્થર તથા સુવર્ણને સમાન ગણે છે. સ્તુતિ કે નિંદાની સ્પૃહા નથી રાખતા. માન, અપમાનમાં સમાન બુદ્ધિ રાખે છે. મિત્ર તથા શત્રુને સમાનતાથી જુએ છે. અવ્યભિચારિણી ભક્તિ કરીને પરબ્રહ્મની ઉપાસના કરે છે, એકાંતનું સેવન કરે છે. કોઈપણ રીતના સાંસારિક-પ્રપંચ ભર્યા કાર્યોનો આરંભ નથી કરતા. ઈન્દ્રિયોના વિષયો પર વૈરાગ્ય રાખે છે, મનને નિયમમાં રાખે છે, સંકલ્પનો સન્યાસ કરે છે. બસ, આ જ

સાચા સંત છે.

પરંતુ બનાવટી સંત રજોગુણ, તમોગુણથી ભરપૂર હોય છે. તેને નથી શાંતિ અને નથી તત્ત્વનો બોધ, તે તો સંસારના જંજાળી જીવ જ છે. સંસારમાં વિચરતા તેઓ દ્વેષ, કલેશ, માનભંગ અને નિંદા ના જ ભોગી બને છે. દર્શન કરતા જ તે જીવ, ચિત્ત તથા વિતના કરનારા જ છે. પરંતુ સંસારમાં ફસાયેલા જીવોને સદુપદેશ દેનારા નથી.

શુદ્ધ સાત્ત્વિક સંત જ્યાં પ્રેમ, વીરતા, બ્રહ્મભાવ, ધર્મપ્રિયતા, દયાળુતા તથા શિક્ષાદાનથી શ્રેય પ્રાપ્ત કરીને યમ, નિયમ, આસન, દમ, સ્વાધ્યાય, તપ, આર્જવ, અહિંસા, અક્રોધ, શાંતિ, ક્ષમા, અદ્રોહ વગેરેના ભોગી છે, ત્યાં સંસારી સંત દંભ, દર્પ, ઘમંડ, અજ્ઞાનના ભોગી છે. ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજીએ સ્પષ્ટ કહ્યું છે કે, પ્રથમ દૈવી તથા બીજી આસુરી સંપદા છે. દૈવી સંપદાવાળા તો યથાર્થ સંત જ છે, તે સંતોનો સંગ જ સત્સંગ છે. દ્વૈતનો પરિત્યાગ કરીને એક નિષ્ઠાથી સંત સેવા કરવી જોઈએ. આ સંત સેવા જ જીવને સન્માર્ગે ચલાવીને ચિદાનંદના ધ્યાનમાં મગ્ન-મસ્ત બનાવ્યા કરે છે, વગેરે વગેરે.

આ લક્ષણોથી એ જ સ્પષ્ટ છે કે, 'સત્'-ની જે જે વિશેષતાઓ છે, તે બધા સંતોમાં પણ પ્રગટ થઈ જાય છે. શાસ્ત્ર ભેદથી તો કોઈ પણ જ્ઞાની સંત, કોઈ ભક્તસંત અને કોઈ કર્મયોગી સંત કહેવાય છે. પરંતુ સત્નું સારભૂત સામર્થ્ય સૌમાં આત્મીય થઈ બેસે છે, કેવળ બહિરંગ દર્શનથી આ સંતોની વિલક્ષણ કે આશ્ચર્યજનક ગતિનું કોઈ અનુમાન લગાવવું એ પોત-પોતાનામાં એક મોટી ભૂલ થઈ શકે છે. શાંત-મહાન વસંતની જેમ લોકહિત સાધક, ભયંકર ભવસાગરથી સ્વયં તરેલા અને કેવળ કરૂણાથી જ બીજાને તારનારા સત્પુરૂષ બહું વિલક્ષણ હોય છે.

'સત્' એક છે, સંત પણ તે પ્રમાણે એકત્વનું પ્રમાણ છે, સષ્ટ્રા અને સૃષ્ટિમાં એક્તા તથા અનેક્તાનું વ્યાવહારિક ભેદ દર્શન સ્વયં તથ્યનું ઉદ્બોધક છે કે એકથી અનેક અને અનેકથી પાછું એક આજ ઉત્પતિ પ્રલય અર્થાત્ આવિર્ભાવ તિરોભાવની પ્રાકૃત લીલા છે, સર્વેશ્વર સિવાય આ લીલાનું સશક્ત વર્ણન કરવામાં સંતોનું જ સામર્થ્ય દૃષ્ટિગોચર થઈ શકે છે.

અગર વેદ ઈશ્વરીય વાણી છે, તો દર્શન-શાસ્ત્ર સંતોની વાણી છે. એક 'સત્'ની અનેક્તાથી વ્યાખ્યા કરનારા સંત જ છે. બ્રહ્મવાદ, જીવવાદ અને માયાવાદની આ ત્રિપુટી જ ભારતીય દર્શનની આધાર ભૂમિ છે. નિર્ગુણ કે સગુણ બ્રહ્મનું જ્ઞાન, યોગ, ભક્તિ, નિષ્કામ કર્મ, આદિ સાધન પ્રક્રિયાઓથી સાક્ષાત્કાર કરનારા પણ સંત જ છે. ખરેખર સંત મહિમાની પ્રશંસા કરવી કોઈ આસાન કામ નથી. તદુપરાંત લોકશિક્ષણ, સ્વાધ્યાય, ભૂખ નિવૃત્તિ, ધર્મતત્ત્વની જિજ્ઞાસા, વગેરે સત્કામનાઓની પૂર્તિ માટે કંઈને કંઈ કહેવું કહેવડાવું, સાંભળવું, સંભળાવું, લખવું લખાવવું, પણ શાસ્ત્રીય અભ્યાસમાં ગણવામાં આવે છે. પોતપોતાના સમયના અનુભવપૂર્ણ પ્રવચન, સદુપદેશ અને લેખોની સ્વયં કે શિષ્યો દ્વારા સંગ્રહીત કરીને સંતોએ ભાવી પેઢીઓ માટે શાસ્ત્રીય-ઐતિહાસીક પદ્ધતિને ચાલું રાખી છે. ધર્મ પરાયણ કે વિજ્ઞાન પ્રધાન નવીન વૈજ્ઞાનિક યુગ સુધી આ પ્રણાલી પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે પ્રગતીશીલ છે. હા, અહીં એટલું અવશ્ય કહેવું પડશે કે, આજ જે સન્માન કે પ્રભાવથી નેતા શબ્દ સર્વોપરિ માની લેવામાં આવ્યો છે.

પ્રાચીન ભારતમાં સંત શબ્દ પણ કંઈ તેનાથી ઓછો આદર પ્રાપ્ત નહોતો. જો આપણે સાવધાન થઈને આ શબ્દની ખોજ કરીએ તો કોઈ આશ્ચર્ય નથી કે તેની સત્તા અને મહત્તા સાર્વભૌમ જ પ્રતીત થશે.

મૃત્યુ ને અમરત્વ તરફ લઈ જનારી સત્ પ્રેરણા આપવી પણ સંતોનો જ એક પરોપકારી સ્વભાવ છે. પોતાના કુદરતી સત્ સ્વભાવથી સંતજન સદાસર્વના કલ્યાણની સદ્ભાવનાથી જ બધું કામ કરે છે. ગતિશીલ કામના ગુણધર્મોને આત્મસાત્ કરતા સતાં હંમેશા પોતાના ચિરંતન્ ધ્યેય તરફ નિર્ભય તથા નિશ્ચય ભાવથી અગ્રેસર રહે છે. સંતોમાં તો પણ સ્થૂળતા ભાવથી વિવિધતાની રીત પ્રચલિત જોવાં મળે છે. પરંતુ મૂળથી પોતાના અને બીજાના અભ્યુદય તથા નિઃશ્રેયસની સાધનાને આગળ વધારવામાં તેમની એકનિષ્ઠામાં કોઈ અંતર નથી પડતું. પ્રસ્થાન ભેદથી જ સંતોના વિભાગ જેવું ચાલ્યું આવે છે. કોઈ એક વૈષ્ણવ સંત, બીજા શૈવ સંત, ત્રીજા શક્તિ સંત અને પછી તેમાં પણ અન્ય મત, મતાંતરો કે સંપ્રદાયોમાં અનેક વિભાગો પંથ નામથી થઈ ગયા છે.

એક જ સત્ તત્ત્વની પ્રાપ્તિ માટે પોતાના અધિકાર કે યોગ્યતા શક્તિથી સાધના કરનારા સંતોમાં અલગ અલગ દીક્ષાક્રમ પણ વિદ્યમાન છે. સાંભળેલી, ભણેલી તથા અનુભવેલી ઉપલબ્ધિઓનો લોક ઉપકાર માટે અથવા અસ્તિ-નાસ્તિના ઝઘડાઓને પતાવવા માટે સંતોએ દેશ કાળ કે સમાજની આવશ્યક્તા અનુસાર પણ પાઠ્યક્રમ ચાલુ રાખ્યો છે. આપણા ઈતિહાસમાં મૌની સંત બહું થોડાં થયા છે. વધુ તો એવા જ થયા છે કે, જેઓએ શાસ્ત્રચર્ચાને મુખ્ય માનીને તેના પ્રચાર-પ્રસારનાં જીવનપર્યંત પ્રયત્નો કર્યા અને કેટલાંક અપવાદોને છોડીને, તેઓ સદા પોતાના ઈશ્વરીય-સાક્ષાત્કારના ઉદ્દેશમાં સફળ થઈને, પોતાના અનુયાયીઓને પણ કૃતાર્થ કરતા રહ્યાં. સત્સંગમાં સંત-સમાગમ અને સત્શાસ્ત્રનું એક સરખું મહત્ત્વ છે.

આ કથનમાં કોઈ અતિશયોક્તિ નથી કે, જો સંત ન હોય તો સંસાર હંમેશા અગનજવાળાની જેમ સળગતો જ રહે. સંતવાણીને સંજીવની અમૃત કહેવામાં આવે છે. સાહિત્યના ક્ષેત્રમાં પણ સત્સાહિત્યનો વિપુલ ભંડાર સંતોની જ દેણ છે. ભારતીય દર્શનમાં જે સૂક્ષ્મતમ્ વસ્તુતત્ત્વને વિવિધતાથી સંતોએ સમજાવવાની ચેષ્ટા કરી છે, તે અંતરંગ તથા બર્હિરંગ અસ્તિત્ત્વને સ્વીકારવામાં કેટલાંક હઠવાદીઓને છોડીને પ્રાયઃ આખા વિશ્વના તત્ત્વદર્શીઓએ પ્રશંસનીય સમર્થન આપ્યું છે.

જો આજ વિશ્વના કોઈ વિજ્ઞાનપ્રધાન દેશોને એકમાત્ર વિજ્ઞાન પર જ ગર્વ છે, તો આપણે પણ એ કહેવામાં કોઈ સંકોચ નહીં કરીએ કે, ભારતના સંતાનોને પોતાના પૂર્વજ, સૌમ્ય પ્રકૃતિના સંતોની પરંપરાથી મળેલા, જ્ઞાનપ્રધાન વિજ્ઞાન પર જ પોતાનો અતૂટ વિશ્વાસ છે અને આ વિશ્વાસને અતીત, વર્તમાન તથા ભવિષ્યમાં પણ હજી વધુ સુદૃઢતા પ્રદાન કરવામાં ભારતીય સંતોનું બહું મોટું યોગદાન સમજવામાં આવશે. ભૌતિક શક્તિને જ સર્વસ્વ માનવાવાળા મહાનુભાવ, જો કયાંય માનવતાની અશાંત ભટકણને સમાપ્ત કરવામાં શાંતિ આપવા સમર્થ હોત તો આ કામ ક્યારેનુંય પુરું થઈ ચુક્યું હોત, પરંતુ એવું થયું નથી. કોઈ હઠવાદી માને કે ન

માને, પરંતુ આ એક સનાતન સત્ય છે કે, માનવતા કેવળ ભૌતિક વિભૂતિઓથી જ પૂર્ણતાને પ્રાપ્ત નથી કરી શક્તી. તે માટે અવશ્ય જ આપણે ઔપનિષદ્ માર્ગના પ્રવર્તક તત્ત્વદર્શી સંતોના અમર ઉપદેશો પર આધારિત, સર્વ કલ્યાણકારી, એક્તામૂલક, સમન્વયવાદી દૃષ્ટિકોણના પ્રચાર-પ્રસાર કરનારું સત્સાહિત્ય અપનાવવું જ પડશે.

તે સંદર્ભે આ ચર્ચા પણ પોતાના લાભની જ છે કે, આજ આઝાદ હિન્દુસ્તાનના નવનિર્માણમાં લાગેલા આપણે લોકો જૂની અને નવી સારાઈઓને હૃદયંગમ કરવા અને બુરાઈઓને દૂર કરવા કટિબદ્ધ છીએ. સર્વતોમુખી પ્રગતિ માટે, જેવું કે મેં પ્રથમ નિવેદન કર્યું છે, જ્ઞાન અને વિજ્ઞાનનો પોતાને અનુકુળ દિશામાં સુમેળ કરીને ચાલવાથી પોતાનો અને બીજાનો કલ્યાણનો માર્ગ પ્રદર્શિત થઈ શકે છે.

આ ભવ્ય ગોઠવણ માટે **સંતોની આદર્શ પરંપરા અનુસાર સત્-સાહિત્ય નિર્માતા, આ સદીના મહાન સંત સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તો વધામણીને પાત્ર છે જ કારણકે સંતોમાં વિદ્વાન્ અને વિદ્વાનોમાં સંત છે. પરંતુ વર્તમાનની સામાજિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક આવશ્યકતાઓને અનુકૂળ ભાવાત્મક એક્તાના સમર્થક પૂજય સ્વામીજીના સન્માનમાં અભિનંદન ગ્રંથનું સંપાદન કરનારા સંત સેવક સજ્જન પણ ધન્ય છે. જેઓએ બૃહદ ભારતના અભિન્ન અંગ ગુજરાત રાજયમાં એકજુટ થઈને આ પરમ શુભ કાર્યને સંપન્ન કરવાનો દૃઢ સંકલ્પ કરી લીધો છે.**

હું સમજું છું કે, આ પ્રકારના પવિત્ર એવં પ્રેરણાદાયક આયોજનોથી સંત પરંપરાના ભારતીય સંતોનું આમૂલ ઐતિહાસીક મહત્ત્વ સૌ સમક્ષ થઈને પ્રભાવી ઉત્કર્ષ વધારવામાં સફળ થશે.

જય ભારત ભારતી.

- પંડિત રામકૃષ્ણ શર્મા...

ભગવાન શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસ પછી વ્યાસમૂર્તિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજી સાક્ષાત્ વ્યાસજી

પંડિત સૂરચૈતન્ય (ન્યાયતર્કદર્શન રત્ન),
કાશી.

સૂક્ષ્મ વિદ્યાઓની ગહનતાને ઝીલવાને પાત્ર ન રહેવાને કારણે કાળ અનુસાર જેવા પ્રકારની જનતા જોવામાં આવે છે તેના માટે બુદ્ધિ અનુસાર, તેનાથી ધારણ થઈ શકે તે રૂપમાં એ પ્રાચીન વિદ્યાઓને સરળ દેવવાણીમાં રુપક દ્વારા અથવા સરળ ગદ્ય-પદ્ય દ્વારા સમજાવવા પ્રયાસરત રહેવું એ વ્યાસ દેવોનું કાર્ય છે. વેદમંત્રોની હજારો શાખાઓની અગણિત આર્થિક કઠણાઈઓને દૂર કરીને સરળતામાં ગ્રંથવિભાજન આદિ વેદોના ચાર ભાગો શ્રીકૃષ્ણદ્વૈપાયન પારાશર વ્યાસજીએ કર્યા. ચાર શિષ્યોને ઋગ, યર્જુ, સામ્ અને અથર્વ નામથી ભણાવ્યા. શિષ્યોએ પોતાની બુદ્ધિ અનુસાર ભાવિ શિષ્યવર્ગને લક્ષ્યમાં રાખીને વિશેષ સરળતા કરી દીધી. કર્મકાંડના મંત્રો શાસ્ત્રરુપમાં સરળ સંસ્કૃતમાં વ્યાખ્યા સહિત સંપાદિત કર્યા. કલ્પસૂત્રો બનાવ્યાં, કંડિકાઓ અલગ-અલગ કરી દીધી. ભગવાન નારાયણ, વિષ્ણુ, રુદ્ર, ઈન્દ્ર, દેવીઓ આદિકૃના સ્તોત્ર, હોમ, સામ્ વગેરેનું પણ એક સંપાદન સામવેદના રુપમાં કર્યું. તેના પર ઋષિએ અનેક સ્તોત્રો બનાવ્યા અને ગાન કર્યું.

શુકલ યજુર્વેદ, કૃષ્ણ યજુર્વેદ, ઋગ્વેદ્ પણ અલાયદા સંપાદન કરી દીધાં. તેના સરળ ભાષ્યનો પ્રચાર પણ સરળ સંસ્કૃત વ્યાખ્યાઓ સહિત સમયાનુસાર થયો, તેમાં અધ્યયન મુખ્ય હતું. ધીરે ધીરે ક્ષીણ બુદ્ધિ, અલ્પ મેઘાવી કંઠસ્થ યાદ્દાસ્તવાળા વિદ્યાર્થીઓ વધુ હોવાથી વધુ સરળતાઓની રચના કરવી પડી. જો કે આખ્યાનો રૂપે મહાભારત બનાવ્યું તથા વેદોના રુપક ઈતિહાસો માટે પુરાણ સંહિતાઓ બનાવવામાં આવી. તેની એકબાજુ અનેક વ્યાસો થયા, સ્મૃતિશાસ્ત્રોના મુનિઓ અનેક થયા, દર્શનશાસ્ત્રોના રચયિતા અનેક થયા, ષટ્શાસ્ત્ર પર વાચસ્પતિએ ટિકાઓ લખી, વેદનું પાંડિત્ય વેદાંગોનું પાંડિત્ય, આગમોનું પાંડિત્ય, સ્મૃતિઓનું પાંડિત્ય, સંહિતાઓનું પાંડિત્ય, ઈતિહાસોનું પાંડિત્ય, પુરાણોનું પાંડિત્ય વગેરે જેમાં હોય તેવા એક પંડિત જો મળે તો તે 'વ્યાસત્તા'ને યોગ્ય આ યુગમાં છે.

આ યુગ વિસ્તૃત વિદ્યાવાળો છે. વેદની હજારો શાખાઓની પણ અધિક શાખાઓમાં આજે વિજ્ઞાનનો વિકાસ થઈ ગયો છે. ધનુર્વિદ્યાનો વિકાસ એટલો થયો છે કે દેશ-વિદેશોમાં ગુપ્ત વિવિધ શસ્ત્ર બનાવવામાં આવે છે. તેનું વિજ્ઞાન ૧૦૦-૨૦૦ શાખાઓમાં વિસ્તૃત થઈ ગયેલું માલુમ પડે છે. યંત્રવિદ્યા, મશીનરીવિદ્યા, વાહનવિદ્યા, જળ-સ્થળ આકાશયાન્ વિદ્યા વગેરે ૧૦૦-૨૦૦ પ્રકારોની થઈ ગઈ છે. રસાયણ, ઔષધ, (ઈન્જેકશન, ઓપરેશન વિગેરે) શરીરના પ્રત્યેક અંગની વિદ્યાઓ તો ૨૦૦-૩૦૦ પ્રકારોથી પણ વધુ થઈ ગયેલી માલુમ પડે છે. ખેતીવાડી ઉત્પાદનવિદ્યા ૧૦૦-૨૦૦ પ્રકારોની થઈ ગઈ છે.

વિદ્યુતવિદ્યા (તેનો વિસ્તાર સાધન સાધ્ય પ્રકાશ કરવા, ફોટો પાડવાનું યંત્ર ચલાવવું, ધડાકા કરવા વિગેરે) પણ ૧૦૦-૨૦૦ પ્રકારોની થઈ ગઈ છે. ધાતુવિદ્યા, વસ્તુવિદ્યા, ફર્નિચરવિદ્યા ઘરવખરીવિદ્યા વગેરે પણ ૧૦૦-૨૦૦ પ્રકારોની થઈ ગઈ છે. લશ્કરીવિદ્યા, કળા-કારીગરી વગેરે ૧૦૦-૨૦૦ પ્રકારોની થઈ ગઈ છે. પોષ્ટ, તાર, વાયરલેસ્, ફોનોગ્રાફ, આકાશવાણી, રેડિયો, ટેલિફોન, દૂરદર્શન, દૂરશ્રવણ, આદિ વિદ્યાઓ પણ ૧૦૦-૨૦૦ પ્રકારોની થઈ ગઈ છે. ટ્રાન્સમીટર, સ્ટેશન વિગેરે વિદ્યાઓ પણ વધતી જ જાય છે. કોર્ટ, કાયદા, રાજનીતિ વગેરેની તો અસંખ્ય કાયદાવિદ્યાઓ થઈ ગઈ છે. ભૌતિકવિદ્યા, જાદૂવિદ્યા તથા કર્મકાંડ અનુષ્ઠાન્વિદ્યા, શાસ્ત્રવિદ્યા, અધ્યાત્મવિદ્યા વગેરે પણ હદપાર જઈ રહી છે.

મોટા મોટા સેતૂ-પૂલ વગેરે વિદ્યા સરકસ, નાટક ઈત્યાદિ વિદ્યા તથા એન્જિનિયરીંગ (શહેર, નગર, મકાનો, બંગલાઓ, મંદિરો, ધોરીમાર્ગો, બહુમાળી ઈમારતો, સંસદ ભવન, જહાજો વિગેરેની) વિદ્યાઓ ૧૦૦-૨૦૦ પ્રકારોની થઈ ગઈ છે. રેલ્વે વિદ્યાનો પાર નથી. આ બધું એક વેદમાં સંપાદિત કરીને ગણો તો અગણિત શાખાઓ અથવા લાખો શાખાઓનો વેદ વર્તમાન યુગમાં વિદ્યમાન છે જ તેનો વિકાસ કરનાર વ્યાસપદ પર આસનઃ છે. વિકાસ કરનારા નિષ્પન્ન કરનારા, ઉત્પાદન કરનારા, સંયોજન કરનારા, ઉદ્ભવ કરનારા, આવિષ્કાર કરનારા વગેરે તેના મૂળ વ્યાસ કહેવાશે. ઘરેણાં, વાસણ, સ્ટેશનરી, કરિયાણું, કાપડ વગેરેની ઈન્ડસ્ટ્રિઓ થઈ ગઈ છે.

ગેસને સળગાવી વરાળનો ઉપયોગ કરવો, વાયુવિજ્ઞાન, ઋતુવિજ્ઞાન, શુકનવિજ્ઞાન, સ્વપ્નવિજ્ઞાન, ગ્રહ-નક્ષત્રવિજ્ઞાન, જયોતિષ ગણિત વિજ્ઞાન, હસ્તરેખા વિજ્ઞાન વગેરે પણ અસંખ્ય રીતે ચાલી રહ્યાં છે. તેનો વેદ પણ હજારો શાખાઓ વાળો થઈ ગયો છે. **જો જોવામાં આવે વિચાર કરવામાં આવે તો વર્તમાન સમયમાં વ્યાસોથી દુનિયા ભરાઈ ગયેલી માલુમ પડે છે. પરંતુ વેદવ્યાસની પ્રણાલીમાં આજ પાંચ હજાર વર્ષ વિત્યા પછી વેદ, શાસ્ત્ર, સૂત્ર, પુરાણ, ઈતિહાસ, સ્મૃતિ, સંહિતા વગેરેના અલગ ગ્રંથોની રચના પછી પણ એક શ્વેતાયન વ્યાસે લક્ષ્મીનારાયણસંહિતા ૧,૨૬,૦૦૦ શ્લોકોનો ગ્રંથ, એક સર્વે વિદ્યાઓના ખજાના રૂપ બનાવ્યો. જેની સંસ્કૃત કલમ અવિરત ચાલતી જ રહી છે. ભારતને માટે ખૂબ મોટું ભારે સાહિત્ય આપ્યું. આ દેનાર દિવ્યમૂર્તિ પુરુષાવતાર શ્વેતાયન વ્યાસ છે. તેમનામાં એટલી વિદ્યાઓ ભરી છે કે તેનો તાગ નથી મળતો. અનુભવ કરનારા અને તેમના પરિચયમાં આવનાર વિદ્વાનો પણ મુક્તકંઠથી કહે છે કે, આ સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તો પૂર્વ જન્મના વિદ્વાન વ્યાસ છે. વધુ શું લખવું! અન્ય વ્યાસ નહીં પરંતુ કૃષ્ણદ્વૈપાયનવ્યાસજીના સાચા અવતારી વ્યાસ, એમની કક્ષાના વ્યાસ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શ્રીશ્વેતાયન વ્યાસ છે. તેમના વિજ્ઞાનો અન્ય સર્વે વ્યાસોના વિજ્ઞાનોને વ્યાપક રુપથી પ્રકાશિત કરે છે અને વિજય મેળવે છે. સ્વયં સ્વામીજી પણ અંશાવતાર રૂપે દેખાય છે.**

અવતારોના લક્ષણો પ્રત્યક્ષ જોવામાં આવે છે. સૃષ્ટિનું વિજ્ઞાન પરમાત્મામાં સંપૂર્ણ હોય જ છે. તેમનાથી વેદ પ્રાપ્ત કરીને અપર વાસુદેવ(શ્વેતદ્વિપપતિ) સૃષ્ટિના પ્રથમ વ્યાસ થયા

તેમનાથી અનિરુધ્ધ સૃષ્ટિ વિજ્ઞાનના વ્યાસ થયા. તેમના પછી બ્રહ્માજી વ્યાસ થયાં. તેમના શિષ્ય ઋષિ, મુનિ, આચાર્ય, સદ્‌ગુરુ સંત, ત્યાગી, ગૃહી અનેક થયા. સૌએ શ્રીવ્યાસજીની પરંપરા, પ્રણાલી જાળવી છે. વિદ્યાઓ માટે વ્યાસ પ્રગટે છે. તેમાં બ્રહ્મવિદ્યાઓમાં વ્યાસ શ્રેષ્ઠ છે. મોક્ષના તાત્પર્યવાળા વ્યાસોનો ઉપદેશ પહેલા આરાધ ઉપકારક અથવા સનેપાત ઉપકારક ઔષધરૂપ હોય જ છે, મોક્ષ માટે જે કાંઈ લોકસંગ્રહ અર્થે પરોપકાર કરવા લખવું પડે છે, તો તે માર્ગ સાફસૂથરો માનવામાં આવે છે. કૃષ્ણદ્વૈપાયન વ્યાસજીએ ગંગાજીના તીરે એકાંતમાં, બોરડીના વનમાં બેસીને યોગ્યરૂપે અથવા યોગીરૂપે પોતાને એકાગ્રતામાં સ્થિર કરીને કલમની કરામત ચલાવી, કેટલાંય આખ્યાનો, પુરાણો રચી દીધાં.

વાયુપુરાણમાં અંતે થાક, ઉદાસીનતા, અસંતોષ, અકાર્ય જેવું પોતાના હૃદયમાં ભાસવાથી ભગવાનમાં જ કેવળ સંયમી થવા માટે દિવ્ય પરમપુરૂષ ઉપદેશક દ્વારા સત્ય તત્ત્વ પ્રાપ્ત કર્યું અને શ્રીકૃષ્ણનારાયણના જ ગુણ ગાયા ત્યારે શાંતિ થઈ. વસ્તુતઃ ખરા વ્યાસ તે જ માનવામાં આવે છે, જે પોતાના વ્યાસત્વમાં પરમપુરુષના ગુણગાનથી પોતાને અને અન્યને, સૌને આત્યંન્તિક શાંતિ આપે. શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાના વ્યાસ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ શ્રીનરનારાયણ, શ્રીલક્ષ્મીનારાયણ, શ્રીકૃષ્ણનારાયણ, શ્રીપુરૂષોત્તમનારાયણના જ સંવાદમાં પરમેશ્વર, અવતાર અવતારીણિઓ, મુક્ત-મુક્તાનિકાઓ, પાર્ષદ-પાર્ષદાનિકાઓ, ઈશ્વર-ઈશ્વરાણીઓ, ઋષિ-ઋષિયાણીઓ, દેવ-દેવાંગનાઓ, પિતૃ-પિત્રાણીઓ, સંત-સાધ્વીજીઓ, ભક્ત-ભક્તાનીઓ, તીર્થ-તીર્થાનિકાઓ, સેવક-સેવિકાઓ, ગીતાઓ, સરસ્વતીઓ, શારદાઓ, બ્રહ્માણીઓ, પરીઓ, અપ્સરાઓ, ત્યાગિનીઓ, યોગિનીઓ, વૈષ્ણવ-વૈષ્ણવાનિકાઓ, શૈવ-શૈવિયાઓ, માતાજીઓ, શક્તિઓ, કુળદેવ-કુળદેવીઓ, યજ્ઞમૂર્તિઓ, વંશસૃષ્ટિઓ, ખગોળ-ભૂગોળ, અન્યગોળ, તપસ્વી-તાપસીઓ, ગણ-ગણિકાઓ, ભૃત્ય-ભૃત્યાનિઓ, બાળક-બાલિકાઓ, પ્રતિવ્રતાઓ, માતાઓ, પિતાજનો, પ્રજાપતિઓ, લોકૃપાલો, દિકૃપાલો, ગ્રહો, નક્ષત્રો, તારાઓ, માનસ સૃષ્ટિ, દિવ્ય સૃષ્ટિ-સ્પર્શ સૃષ્ટિ, સંયોગ સૃષ્ટિઓ, દ્રવ્ય-ગુણ સૃષ્ટિઓ, સ્વર્ગ-મૃત્યુ-પાતાલ સૃષ્ટિઓ, કાશ્યપી-દાક્ષી-સૃષ્ટિઓ, આર્ષી-પૌતૃકી સૃષ્ટિઓ, ચલ-અચલ-છૂટ્ટાપગ-ભૂપાદવાળી સૃષ્ટિઓ, ભૌતિકજડ સૃષ્ટિઓ, બંધનોના મોક્ષના વૃત્તાંત, દેહ-દૈહ્કિ સૃષ્ટિઓ, જીવન મુક્ત, વિદેહ્ મુક્ત, ઈશમુક્ત- બ્રહ્મમુક્ત સ્થિતિઓ, ઉત્પતિ, વિકાસ, પ્રલયની દાર્શનિક પદ્ધતિઓ, માનવીય કર્મકાંડોની પદ્ધતિઓ, દેવ આવાહ્ન, પૂજન, પ્રતિષ્ઠાદિ પદ્ધતિઓ, જપ, સાધના, તહેવાર, વ્રત, તપ, સંયમ, યોગ વગેરેની રીતિઓ, જ્ઞાન, વિજ્ઞાન, પ્રજ્ઞાન, બ્રહ્મજ્ઞાન વગેરેનું વિવરણ, અર્થશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર, ધાતુમિશ્રણ શાસ્ત્ર, સત્ય, અસત્ય, ન્યાય, નિયમ પદ્ધતિઓ, શબ્દશાસ્ત્ર, ગાયન, વાદન, કથા, નાટક, શ્રૃંગાર, અલંકારશાસ્ત્ર, પાકશાસ્ત્ર, રત્નપરીક્ષાશાસ્ત્ર, દેશ-વિદેશ રંગબેરંગી વિભિન્ન સ્વભાવશાસ્ત્ર, પશુ-પક્ષી શિક્ષણશાસ્ત્ર, સ્વપ્ન, શૂકન, અપશુકન, મંગલ, વિધ્ન વિજ્ઞાનશાસ્ત્ર, શક્તિસામર્થ્ય, કરંટ, ગેરંટી શાસ્ત્ર, હાસ્ય્, વિનોદ, વિહાર, વૈભવ, ભોગ, વિલાસ, ગપ્પા, ગાળો, તહેવાર, ઉત્સવ, મહોત્સવ, મેળા, સભા, મંત્રણા, વ્યૂહ, વિધ્ન નિવારણ શાસ્ત્ર, અગમચેતી, મહાતીર્થ, પ્રભુકૃપા, ભગવદ્ અંગીકાર ભાગવતી સંતતિશાસ્ત્ર, ઉપાસના-

ભક્તિ આદ્રિક પ્રકારો અનેક વિદ્યાઓનો સમાવેશ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં છે.

ભગવાનનો સંવાદ ભગવાન જ કરી શકે છે. ભગવાન કોઈ પણ અવતારમાં સર્વજ્ઞ છે જ તેથી સઘળાય જ્ઞાન-વિજ્ઞાન, વૃત્તાંત, ભૂત-વર્તમાન-ભાવિ હોનારત લખી શકે છે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજમાં જ્ઞાન-વિજ્ઞાનનો મહાસાગર ભર્યો છે. સર્વજ્ઞ કલ્પના હોવાથી આધુનિક વ્યાસ અથવા પ્રાચીન વ્યાસના ભગવદ્ અવતાર રૂપ વિદ્યમાન માલૂમ પડે છે. પ્રતિબિંબ કે કૃપાવાદમાં માણસમાં અંશ-કલા-આવેશ-વિભૂતિ સ્વરૂપ-રૂપ આદિક ઘટે જ છે પરંતુ વિશેષતાથી વિશિષ્ટ વ્યક્તિત્ત્વ માન્ય થતું હોય છે. શ્રીસ્વામીજી એક ભારત માટે તો વરદાન છે જ, સંસારને માટે પણ વરદાન રૂપ છે. એમના માટે અભિનંદન લખવું મારા માટે વરદાન જ છે. ઉપરાંત બદલામાં મને પ્રતિસાદ આપવો જ પડશે. મને શ્રીસ્વામીજીના દર્શન કાશીજીમાં થયા ત્યારથી જ દૈવી અંશનો નિશ્ચય થઈ ગયો છે. તેમના અભિનંદનમાં લેખ લખવાનો અવસર મળ્યો, તે મારું સૌભાગ્ય માનું છું.

- પંડિત સૂરચૈતન્ય...

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું જીવનદર્શન...

પંડિત રામશરણ ત્રિવેદી, દર્શનાચાર્ય,

બેંગ્લોર યુનિવર્સિટી.

સૌના જીવનમાંથી બોધપાઠ મળે છે કે, જીવન સાત્ત્વિક, રાજસી, તથા તામસી ત્રણ પ્રકારનું હોય છે. તેમાં સ્વાર્થ ભર્યો હોય છે અથવા પરોપકાર, હોય છે. સ્વાર્થી સંસારીઓનું જ્યારે પરોપકારી ત્યાગી સંતોનું જીવન હોય છે. પ્રભુએ વૃક્ષવેલી પરોપકારાર્થે જ સર્જી છે. ચોર, ડાકુ, લૂંટારા વગેરેનું જીવન સ્વાર્થ ભર્યું જ હોય છે. છતાં સમયના બદલાવની સાથે હૃદય પરિવર્તન થવાથી પણ પરોપકારી થઈ જાય છે.

વાલ્મિકને એમ જ થયું, પ્રથમ સર્વ અહંમમત્વ, પક્ષપાતવાળા વાલ્મિકી જ હતાં પરંતુ પાછળથી બોધ થવાથી સૌ કોઈ મયુરધ્વજ, શિબિ તથા હરિશ્ચંદ્ર, ગોપીચંદ, ભરથરી, બુદ્ધ, તુંડમાન વગેરેના સમાન પરોપકારી સંત બની જાય છે. તેઓ પોતાના જીવનમાં જ સ્વયંને જોવા ઈચ્છતા હતા કે હું પોતાના માટે નથી, અન્યને માટે છું, ઈશ્વરને માટે છું. વૃક્ષવેલી અન્યને માટે છે, તેવી રીતે સંતનું જીવન અન્યને માટે હોય છે.

કલ્પના કલ્પિત ચિંતામણી આપે છે, ચંદન સુગંધ આપે છે, મેઘ વરસાદ કરે છે, સૂર્ય પ્રકાશ આપે છે, વડીલો આશ્વાસન આપે છે. દાતાઓ દાન આપે છે, જ્ઞાનીઓ જ્ઞાન આપે છે, ભક્તો સર્વસ્વનું સમર્પણ કરે છે. દાસ સર્વસ્વ અર્પણ કરી દે છે. તેમ પોતાના જીવનમાં એ અનુસંધાન રહેવું જોઈએ 'હું સૌને ઉપયોગી બનું'. પરમાર્થે ઉપયોગી થનારનું જીવનદર્શન ઉત્તમ ગણાય છે. જ્યારે સ્વાર્થે ઉપયોગી થનાર જીવન એ 'દર્શન' નથી કહેવાતું. અહીં એક વાત સૌને સ્પષ્ટ સમજાય છે કે, અન્યત્ર જે જે નિર્વ્યાજ પરોપકાર જ દેખાય છે. તે મારામાં કેવી રીતે આવે ? મારામાં આવવું તે સ્વાર્થ તો છે, પરંતુ તે સદ્‌ગુણ ઉપાર્જનનો સ્વાર્થ છે. જો સ્વયંમાં ગુણોપાર્જન થઈ જાય, ગુણદર્શન થઈ જાય, ગુણનિવાસ દેખાઈ જાય, તેનો ઉપયોગ પરમાર્થે કરવામાં આવે તો તે પ્રથમનો સ્વાર્થ પણ પરમાર્થમાં પર્યાવસાન થઈ જવાથી જીવન દર્શનમાં ગણાય જાય છે.

બાળકનું ભોજન સ્વાર્થ માટે હોય છે. પરંતુ સનકાદિક બાળકોની ભિક્ષા બીજાના કલ્યાણ માટે હોય છે. નારદજીનો નારાયણ જપ સ્વાર્થ માટે તો છે જ, પરંતુ બીજાના કલ્યાણ માટે વધુ હોય છે. રાજાનું શિક્ષણ વિદ્યાશિક્ષણ, સૈન્ય પ્રશિક્ષણ આદિ સ્વાર્થ માટે તો હોય છે, તો પણ પોતાને પરાયણ આશ્રિત પ્રજાના જીવનના ઉત્તમ દર્શન માટે પણ હોય છે. સંત દીક્ષા દુઃખ દૂર કરવા માટે હોય છે. પરંતુ સૌના દુઃખ દૂર કરવા માટેના ઉત્તમદર્શન માટે હોય છે. આચાર્યોના પટ્ટાભિષેક સ્વાર્થના રૂપમાં હોવા છતાં પણ પ્રજાને સદાચારમાં પ્રસ્થાપિત કરવાના ઉત્તમદર્શન માટે હોય છે. જિજ્ઞાસુઓની જિજ્ઞાસાઓ સ્વાર્થ ભરી હોય છે પરંતુ તે અન્ય પ્રતિ વિતરણ કરવા માટે હોય છે. વ્યાસજીએ ''અથાતો ધર્મજિજ્ઞાસા' લખ્યું કપિલજીએ ''જિજ્ઞાસા તદ્‌ભિઘાતકે હેતૌ'' લખ્યું. પતંજલિ એ ''અથ યોગાનુશાસન'' લખ્યું, તાર્કિકોએ ''અથાતો ધર્મ

વ્યાખ્યાસ્યામઃ'' લખ્યું, શાંડિલ્ય, નારદ આદિ એ ભક્તિ જિજ્ઞાસાઓ લખી, આ લેખોમાં તેમનો જ્ઞાનઉપાર્જન સ્વાર્થ સૂચિત કર્યો, પરંતુ બ્રહ્મ, ધર્મ, વ્યક્તા, વ્યક્તજ્ઞ, વિજ્ઞાન, અષ્ટાંગયોગ સિદ્ધિ, પદાર્થ વિજ્ઞાન, અભ્યુદય તથા નિઃશ્રેયસના સાધનોનું જ્ઞાન, ભક્તિ સ્વરૂપ પ્રકારોનું વિજ્ઞાન વગેરે વગેરેના ઉપાર્જન પછી અન્યને આપવા માટે હોય છે. સ્વ તથા પર ના ઉત્તમદર્શન માટે બની રહે છે. અનિષ્ટનો નાશ કરવા માટે સંતજન સ્વયંના વ્યક્તિત્ત્વનું ઉત્તમદર્શન ઈચ્છે છે.

બિલ્વમંગલે સ્વયંના ઉત્તમદર્શન માટે આંખોમાં સૂયા પરોવી દીધાં હતા. ભીષ્મએ પોતાના શ્રેષ્ઠ દર્શન માટે લિંગ કાપી નાખ્યું હતું. શંકરે પોતાના શ્રેષ્ઠ દર્શન માટે કામ ને બાળી નાખ્યો હતો. સતી એ સુદર્શન માટે શરીરને યજ્ઞમાં સળગાવી દીધું હતું. ગોપીઓએ સુદર્શન માટે શ્રીકૃષ્ણને અપનાવ્યાં હતા. નરનારાયણે સુદર્શન માટે શીલ-તપ વગેરે સ્વીકાર્યા છે. પ્રહલાદે સુદર્શન માટે નારાયણ જપ શીખી લીધો, બલિએ સુદર્શન માટે સર્વસ્વ અર્પણ કરી દીધું, જનકે સુદર્શન માટે સદાય પ્રતિદિન સંત-મુનિઓનો સત્સંગ કર્યો હતો. મીરાંએ સુદર્શન માટે સંતના રૂપમાં ભગવાનની સેવા કરી હતી. ગરૂડ, નંદી, શેષ વગેરેએ સુદર્શન માટે આત્મનિવેદન કર્યું છે.

ઈત્યાદી સ્વાર્થમાં છેવટે તો પરમાર્થ જ નિજવિજ્ઞાનમાં દૃશ્યમાન થાય છે. દૈવી ચમત્કારી જનનું પ્રગટ થવું જ સમજપૂર્વક બહું ભારે મોટાં કાર્ય માટે હોય છે. સમુદ્ર મંથન સમયે ભગવાન મંદરાચળને ધારણ કરતા કાચબો થયા, દેવોને અમૃતપાન કરાવવા માટે મોહિની પણ થયા. બ્રહ્મા ભગવાનને ઓળખવા માટે વાછરડાઓ, ગોપબાળકો વગેરેના ચોર થયા. શિષ્ય વિદ્યાપ્રાપ્તિ માટે ગુરૂની શુશ્રૂષા કરતા હોય છે, પત્ની સર્વસ્વલાભ માટે પતિની સેવા કરતી હોય છે. મુમુક્ષુજીવો સ્વમોક્ષ માટે દીક્ષિત થાય છે, અજ્ઞાનનો નાશ કરવા માટે વિદ્યા ભણે છે, કુસંગનો નાશ કરવા સત્સંગ કરાવે છે, વ્યસન છોડાવવા માટે ઉપદેશ કે આદેશ આપે છે. નિર્માન, નિર્મોહ આદિ સ્થિતિના દર્શનાર્થે દીક્ષા ચિહ્ન સહિત વિચરણ કરે છે, પરોપકારના શિક્ષણ પ્રવર્તન માટે, પાલન કરાવવા માટે સ્વયં પાલન કરે છે, અન્યને પળાવે છે.

સ્વયં નિર્લેપ નિરીક રહે છે અને અન્યને પણ એવા એવા બનાવે છે. સંતોનો વ્યવહાર ધર્માચરણ, વિદ્યાચરણ, સંન્યાસાચરણ, વનવિચરણ, એકાંતવાસ, સજ્જન સમાગમ, દુર્જન પરિત્યાગ, દુઃખભાવ નિરસન, દુષ્કર્મ પરિત્યાગ, દોષ પરિહરણ, સર્વ સદ્‌ગુણ સમાકરણ, રાજસ-તામસ પરિવર્તન, સાત્ત્વિક્તા સમાદર, શમદમ તિતિક્ષો પરમાભિલસન, કલેશદ્વેષ વિનાશક, સુખાનંદ વિરતિ સમાન રમણ વગેરે વગેરે સદ્‌ગુણમાં જ હોય છે. સંતનો દેહ વિશાળ જ્ઞાનમૂર્તતામાં રમમાણ રહે છે. સંતની ક્રિયાઓ નિષ્કામ નિર્ગુણતામાં જ હોય છે. સંતનું માનસ સાક્ષીરૂપ ચૈતન્યમાં વ્યાપ્ત રહે છે. સંતનો અહંભાવ બ્રહ્મમાં જ સફળ થતો રહે છે. સંતનું ચિંતન મોક્ષના ચિંતનરૂપ જ હોય છે.

સંતની બુદ્ધિ આત્મતત્ત્વમાં તૃપ્ત રહે છે. સંતનો આત્મા પરમાત્મા સાથે જોડાયેલ રહે છે. સંત સ્વયં અન્ય સંત સ્વરૂપે પોતાનું દર્શન કરે છે. સર્વે તત્ત્વવેતા વિદ્વાન્ આ પ્રકારે અવિદ્યાત્મક

સાંસારિક માયિક તત્ત્વોને સ્વયંમાંથી મિટાવીને બ્રહ્મત્વમાં લગાવી દે છે. હું નથી-પરબ્રહ્મ છે, હું મન નથી, બ્રહ્મ છે, હું ઈન્દ્રિય નથી, આત્મા છે, હું શરીર નથી, ઈશ્વરની વિભૂતિઓ છે, તું તું નથી, ૐ છે, આ તે નથી, સતી સમષ્ટિ છે. બાળપણનો ક્રિડાભાવ શ્રીકૃષ્ણમાં છે, યુવાનીનો રમણભાવ બ્રહ્મશક્તિઓમાં છે, ઘડપણનો અન્યાશ્રય ભાવ પરમાત્મામાં છે અને વિલિનભાવ મુક્તિ સ્થિતિમાં છે. આ પ્રકારનું દર્શન સંતના જીવનમાં સુદૃઢ જ વર્તે છે.

જીવનમાં આવી જ સ્થિતિઓમાં કે ફરતી અવસ્થાઓમાં પરાત્મમિલિત દર્શન કરે છે. દુરાચારી આત્મા પણ અનન્યતાથી જો ભગવાનને ભજે છે તો તે સાધુ આત્મા જ છે. કારણકે સાધુને જે કરવું જોઈએ, તે કરી રહ્યો છે. જ્યારે આત્મદર્શનના જ્ઞાતા બનીને સ્વયંને નિરખવાની દૃષ્ટિવાળો બને છે. ત્યારે પુણ્ય-પાપને છોડીને સર્વત્ર દિવ્ય સ્વરૂપ પરમાત્માને જોતા માયિકદૃષ્ટિથી છૂટી જાય અથવા બ્રહ્મ સ્વરૂપમાં પહોંચી જાય છે. જીવનનું ફળ ક્ષુદ્ર કામનાઓ નથી, તે કુટુંબને વફાદાર રહેવું, સમાજને અનુકૂળ રહેવું, દેશની ઉન્નતિ કરવી, સંસ્કારોને થયોચિત પ્રવર્તાવવા, ધાર્મિક પ્રણાલિકાઓ નિભાવવી, પરોપકારી કાર્ય કરતા રહેવું, નિરાશ્રિત દુઃખીઓનું દુઃખ દૂર કરવું, અપેક્ષા કરનારને આપવું, વિદ્યા ભણવી, કલા શીખવી, હોંશિયાર થવું, સમુદાયને પ્રિય થવું, નીતિનું આચરણ કરવું, ગરીબોને મદદ કરવી, દૈવી કામકાજ કરવું—કરાવવું, પાપ દૃષ્ટિ જ્યાં જ્યાં જણાય ત્યાં ત્યાં સર્વત્ર પુણ્ય દૃષ્ટિની અનુકૂળતા ગોઠવવી, દુષ્કાળ અતિવૃષ્ટિ વગેરેમાં આશ્રય આપીને લોકોને બચાવવા, કમાણીમાંથી ખેરાત-ધર્માદો કરવો, અનાથોનું પોષણ કરવું, નિરાધારને આધાર આપવો, વચન આપવામાં સત્યનું પાલન કરવું, લાલચી, લાંચિયા ન થવું, પરમાર્થમાં વૃત્તિ રાખવી, શોક-મોહ વગેરે ઊર્મિઓને જીતવી, ઉદ્વિગ્ન ન રહેવું, પ્રસન્ન માનસ વિચરવું, કાર્યારંભમાં મૌન રાખવું, કાર્ય ફળમાં સંતોષી રહેવું, વહેંચીને ઉપયોગ કરવો, ખરાબવૃત્તિઓને મારવી, અનાચારમાં ન વહેવું, સદાચારમાં ઝૂલવું, ઈશ્વરીય તત્ત્વોમાં આત્મવત્, મિત્રવત્, પોતીકાવત્ રહેવું, અજ્ઞાનને દૂર કરવું, સુખી-પુણ્યશાળીઓમાં મિત્રદૃષ્ટિ રાખવી, દુઃખી-અપુણ્યશાળીઓમાં ઉદાસીનતા અથવા તો સુપુણ્યનો અનુગ્રહ કરવો, અનુપયુક્તની પાછળ ન પડવું, કબીરે બ્રહ્મમાં વાણી સમર્પિત કરી તેમ કરવું, રામકૃષ્ણ પરમહંસે જ્ઞાન સમર્પિત કર્યું તેમ કરવું, ઈસુએ દેહ સમર્પિત કર્યો તેમ કરવું, શ્રવણે મા-બાપની સેવા કરી તેમ કરવું, રામચંદ્રએ પિતૃવચનને વેદ વાકય માન્યુ તેમ કરવું, ઈન્દ્રદ્યુમ્નએ હૃદય મંદિરમાં જગન્નાથજી સ્થાપિત કર્યા તેમ કરવું, ભીલડીએ બોર આપી દીધાં તેમ કરવું, રૂકમણીએ સ્વયંનું સમર્પણ કર્યું તેમ કરવું.

સંતનું જીવન ઉપરોક્ત દર્શનમાં તૃપ્તિપ્રદ હોવું જોઈએ. **શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીશ્રી પોતે બાળપણથી જ શરીરમાં અનાસક્ત રહ્યાં, ઈન્દ્રિયોના વેગમાં ન વહ્યાં, મનના પ્રવાહમાં ન ડૂબ્યાં, અહંમમત્વના સંસારમાં ન ચોંટયાં, અનાત્મ વિજ્ઞાનમાં ન ઘસડાયાં, પરમાત્મીય પ્રકાશમાં આનંદ માનતા હતાં, સમજણ આવી એટલે ઉંમરલાયક થતા પહેલા જ સંત દીક્ષા લઈ લીધી, વૈરાગ્ય વધવા લાગ્યો, વિદ્યા પ્રીતિ ઉત્કૃષ્ટ થવા લાગી, આત્મચિંતનમાં ચિત્તનદીની ધારો વહેવા લાગી, પરમાત્મ ભક્તિ સાગરમાં સત્સંગરૂપી છીપમાં બુદ્ધિરૂપી વૃષ્ટિથી કિંમતી મોતી ઉપજાવવા**

લાગ્યા. જે કંઈ પણ કરતા હતા, પણ આધ્યાત્મિક લક્ષ ચૂકતા નહોતા.

કુટુંબ, પરિવાર, આસન, અખાડા, બખેડા, દેશ, પરિચિતજન, ભય, મદદ વગેરે જન્મભૂમિમાં છોડીને દૂર કાશી ક્ષેત્રમાં અવિરત નિવાસ કરી વિદ્યાઓ પ્રાપ્ત કરી. જેના પ્રકાશમાં અનેક સંસ્કારી ચમકતા થઈ ગયા. શ્રીસ્વામીજીએ વૈષ્ણવ સ્થિતિ હોવા છતાં પણ અવધૂત સ્થિતિનો તિરસ્કાર નથી કર્યો. વ્યવહાર સ્થિતિમાં રહેવા છતાં પણ પારમાર્થિક સ્થિતિમાં સદા સ્નાતક જ રહ્યાં છે.

નિવૃત્તિ ગમતી વાત હોવા છતાં પણ પરોપકારી, આત્મોપકારી, દેશોપકારી, લોકોપકારી આદિ પ્રવૃત્તિ સતત ચાલુ રાખી છે. અનેક ઉપકારો કરતા કરતા સ્વયંનું જીવન, સમર્પણ કરતા સમયે જ સાર્થક કરી લે છે. નિજ વ્યક્તિત્ત્વ, સાધુત્વ, યોગિત્વ, મહાપુરુષત્વ, દૈવત્વ દર્શનમાં, સમાગમ કરનારી વ્યક્તિને પણ દિવ્ય કર્તવ્ય, વફાદારી વગેરે જીવન દર્શન કરાવે છે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું જીવન દર્શન અભિનંદનને પાત્ર છે.

- પંડિત રામશરણ ત્રિવેદી...

વેદાન્તવાદી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામીજી સર્વવિધ વેદાન્તમૂર્તિ છે...

પંડિત શ્રી પ્રણવાનંદજી. (તર્કવેદાંતતીર્થ, સર્વવેદાંતવારિધિ)

ધર્મારણ્યમ્.

વેદોનો અંતિમ વિરામ બ્રહ્મમાં છે, બ્રહ્મ નિરાકાર અને સાકાર બંને સ્વરૂપમાં છે, શ્રૂતિઓ સ્વરૂપનું પ્રતિપાદન કરે છે. શ્રુતિઓનો આધાર રાખનારા સ્વરૂપ તથા રૂપ અને અન્યતરમાં જ શ્રવણ, મનન અને નિદિધ્યાસ કર્યા કરે છે, છેલ્લે અભ્યાસનું લક્ષ્ય દૃઢતા રાખનારને સાક્ષાત્કાર આધારિત થઈ જાય છે. શ્રીરામાનુજાચાર્યજી સગુણ, સાકાર, સશક્ત, ઐશ્વર્ય, એકદેશસ્થ મૂર્તિ, પરમાત્મા શક્તિ, ગુણ, ઐશ્વર્ય આદિ દ્વારા વ્યાપકતા પણ પ્રતિપાદન કરે છે. જ્ઞાન, શક્તિ, બળ, ઐશ્વર્ય, વીર્ય અને તેજ આ છ ભગવાળા ભગવાન નિત્યવિભૂતિના નિત્યશરીર શરીરી શાશ્વત છે. તેનાં પાર્ષદ, દાસ, દાસીઓ વગેરે અપૃથક્ સિદ્ધ સર્વે છે જ, તેનું ક્યારેય ન હોવું નથી. પ્રભુ સમર્થ હોવાથી સર્વેમાં શરીરી-અંતર્નિયામક પણ છે. તે સાક્ષી, કર્મફળ પ્રદાતા પણ છે. પ્રકારમાં પ્રકારી પરમાત્મા છે જ, પ્રકારીમાં પ્રકાર રહે જ છે તે ન્યાય સૌના ઘરમાં છે. તો પણ રામનુજ સ્વામીનો ન્યાય પ્રકારી પ્રકારમાં રહે છે. શરીરી આત્મા શરીરમાં રહે છે તે શ્રૂતિસિદ્ધ છે જ, દેહાત્મદર્શનમાં પણ લોકપ્રસિદ્ધ પણ તેમજ છે. તેથી માયા પણ આત્માઓ ચેતનવર્ગ પણ બ્રહ્મ વિશિષ્ટ જ છે. વિશિષ્ટ બ્રહ્મદૃષ્ટિ છે. સર્વેનું શરીરીમાં પર્યવસાન થવાથી નામી શરીરી છે. ઉપાસ્ય પણ શરીરી છે, સાક્ષાત્કાર્ય પણ શરીરી જ રહેશે, મોક્ષમાં પણ શરીરીની સાથે મળીને જ રહેવું પડશે. આ સિદ્ધાંતથી સર્વે તત્ત્વો સત્ય રહી ગયાં, પરમાત્માનું વર્ચસ્વ રહી ગયું, સાધન સાધ્ય, કારણ કાર્યનો નિર્વાહ પણ થઈ ગયો, આમાં શાંતિ પણ માની લેવામાં આવી. સગુણ-સાકાર વાક્ય પ્રધાન છે. નિર્ગુણ-નિરાકારના વાક્યો ગૌણ છે. માયિકગુણ રહિત અને દિવ્યગુણ સહિતનું તાત્પર્ય લઈને સમન્વિત શાસ્ત્રાર્થ નિર્ણયરૂપે ફલિત થાય છે. વિસ્તાર તર્કનો હોય છે, સિદ્ધાંતનો નહીં.

હવે, શ્રીવલ્લભાચાર્યજી તો કહે છે કે, બ્રહ્મમાં વિશિષ્ટ કારણ તથા વિશિષ્ટ કાર્ય રૂપે અશુદ્ધતા શા માટે લગાડવી જ્યારે કે શ્રુતિઓ બ્રહ્મને શુદ્ધ કહે છે. માયા-અમાયા, વિદ્યા-અવિદ્યા, જ્ઞાન-અજ્ઞાન જ્યારે બ્રહ્મના શરીર જ છે તો શક્તિઓ પણ છે, શરીરને શક્તિઓમાં કેમ ન ગણવું ? શક્તિઓ બ્રહ્મસ્વરૂપ થઈને બ્રહ્મના સંકલ્પમાં પોતાનું રૂપ દેખાડનારી જરૂર સેવિકા બની શકે છે, ત્યાં કોઈ વિરોધ નથી. આત્માઓ બ્રહ્મ બ્રહ્માંશ, શક્તિઓ પણ બ્રહ્મ બ્રહ્માંશ અનેક અનેક આકારો પણ બ્રહ્મ બ્રહ્માંશ. તો સર્વ બ્રહ્મ બ્રહ્માંશ અને સર્વ શુદ્ધ અદ્વૈતાત્મક પણ બ્રહ્મબ્રહ્માંશ જ છે. બ્રહ્મ બ્રહ્માંશમાં બ્રહ્મમાં અને બ્રહ્મ સંકલ્પમાં એક્તા જ છે. તેથી સૃષ્ટિ બ્રહ્મથી જુદી નથી, બ્રહ્મ જ છે. ત્યારે સ્વસ્વરૂપનું ભાન બ્રહ્મને થવું કુદરતી જ છે. સ્વની સાથે એકરૂપ શક્તિનો રંગ બદલતા આત્મા આત્મત્વમાં ન ભાસે અથવા બ્રહ્મત્વમાં ન ભાસે તો અબ્રહ્મત્વનો આભાસ આરુઢ થયો. તેને બ્રહ્મત્વના આભાસના અભ્યાસથી જ દૂર કરો. એટલું જ સૂચન શ્રુતિઓ દ્વારા છે. બ્રહ્મને માનો, બ્રહ્મની ઉપાસના કરો, બ્રહ્મને જુઓ, બ્રહ્મ થાઓ, આ જ વેદાંતનું કર્ત્વ્ય છે. આથી શુદ્ધ સ્વરૂપમાં રહેવું જ ઉત્તમ છે, રહેવું મેળવવું, વરતવું, આનંદ લેતો રહેવો, સદા મુક્ત થવું, સદાય બ્રહ્મ શુદ્ધ

બ્રહ્મ થવું, ત્યાં સુધીમાં વેદાંતનો અંત આવી ગયો. સગુણ-સાકાર તો બ્રહ્મ સ્વયં જ છે. આપણને થોડું ઘણું વિષમપણું લાગ્યું હોય તો તેને હટાવવું એ તો ભક્તિ-કર્ત્તવ્યથી થઈ જશે.

નિમ્બાર્કાચાર્યનો અભિપ્રાય તો જડચેતન અલ્પજ્ઞ, સેવક-સ્વામી, ભક્ત-ભજનીય વ્યવહાર યથાર્થ રાખવાથી શ્રુતિબોધ્ય એક્તા સંપાદન કરી દેખાડવી હોય તો બ્રહ્મમાં સર્વ કઈ હોવું માનવું પડે જ છે. આની મદદથી ભેદ-અભેદ નામનો પદાર્થ પણ વ્યાખ્યાકાર-પ્રતિપક્ષ, સંસર્ગ-સંસર્ગીનું હોવું માનવું કોઈ પણ અડચણ-અવરોધ નાખવાવાળું નથી છતાં હાથ-પગ, શરીરપિંડમાં થોડાથી અલગ વ્યાપ્ય દેખાયું જ છે. શરીર પણ હોય જ છે, વ્યાપ્ય સ્થિતિથી ભેદ પ્રત્યક્ષ છે. તો વ્યાપક સ્થિતિથી અથવા તાદાત્મ્ય વ્યાપ્ય વ્યાપક સ્થિતિથી અભિન્ન જ પ્રત્યક્ષ છે. જો જુદાં ધર્મવાળો અનુભવ થાય છે. તો ધર્મથી ભેદ, ધર્મી 'સ્વરૂપ'થી અભેદ થવામાં સરળતા છે જ. અલગ હોવાં છતા પણ અભિન્ન ઉપાસના કરી શકાય છે. ભિન્નતાના લીન ભાવમાં અભિન્નતા જ રહેશે. સંસારમાં જ્યારે ભેદ-અભેદ કોઈપણ હાનિકારક નથી, નહીંતર સરળ વ્યવહારકારક છે તો મુક્ત દશામાં પણ સેવક-સ્વામીનો દિવ્ય વ્યવહાર તેવી રીતે શાશ્વત છે જ. સાકાર ઉપાસનામાં બ્રહ્મલોક, ગોલોક, વૈકુંઠલોકના સેવક-સ્વામી વ્યવહારોના, શક્તિ-દાસ-દાસી, પાર્ષદ-પાર્ષદાનીઓના વ્યવહારોનું શાશ્વત તત્ત્વ ઉપાસનામાં, સેવામાં પુષ્ટિકર્ત્તા છે જ. જ્યારે જગત બ્રહ્મથી જ થયું, બ્રહ્મ સાથે જ સંબંધવાળું છે તો આ જગત-બ્રહ્મજગત બ્રહ્મમાં જ કેમ ન રહે ? ન વસે ? ન ઉચિત હોય ? બધુ ઉચિત જ છે. સુખ સેવા એ જ ભેદ-અભેદની વેદાંતી દશા છે. આથી ઠીક જ છે.

શ્રીમન્મધ્વાચાર્યજીએ તાર્કિકોના રસ્તે ચાલીને ઉપનિષદ્રોના માર્ગને સ્વીકાર્યો છે. જ્યારે આત્મા પરમાત્મા બંનેને શ્રુતિઓ આરંભમાં જ બોલે છે, તો અંતમાં એક કરવા દોડવું જ ન ઘટે, છતાં પણ અંતે ઐક્યભાવમાં દોડનારા અન્ય વ્યક્તિઓનું એવું ભાન કંઈક અન્વય અગ્રહ, સંયોગ અગ્રહ, દર્શન અગ્રહ, બારીક સમાન અભિહાર સંગ્રહ સર્વાત્મક હોવાનો લાભ વગેરે ઉત્તેજિત કરે છે. બેની સ્થિતિમાં તો રહ્યા છે, એકની સ્થિતિમાં તો ગયાં જ નથી તો પણ પરોક્ષવાદને વધારતા ગણગણાવતા રહે છે. સ્વયં તેમાં ઘૂસવા નથી ઈચ્છતા પરંતુ પોતે એજ બનવા ચાહે છે તો જે તે નથી, તે કેવી રીતે તે થઈ શકશે ? આથી અહીં તહીં સર્વત્ર જડ પરમાણુંવાદ, માયાવાદ, આત્મવાદ, પરમાત્માવાદ, મુક્તવાદ, સખી-સખાવાદ, ધામ-અધામવાદ, સેવાવાદ બધું જ બે જ છે, દ્વિત્વ સદાને માટે છે. હું બ્રહ્મ છું, ભક્ત બ્રહ્મ છું. તમે આ તે બધાં જ ભક્તબ્રહ્મ છે. ભગવાન બ્રહ્મ એક છે, આ એક અનેકની સાથે છે. સચ્ચિદાનંદ સદા સૌ છે, સ્વરૂપનું ઐકય તેમાં નથી, હોય પણ નહીં, છતાં પણ બ્રહ્મત્વ વડે બ્રહ્મ, તત્ત્વત્વ વડે તત્ત્વ, સામાન્ય રીતે એક વ્યવહારમાં હાનિ નથી. વનને અરણ્ય કહેવામાં કોઈ હાનિ નથી. ઉપાસક મોટાની ઉપાસના કરે તો મોટાની સમૃદ્ધિ પામે, ધામ મળે આનંદનો સાગર મળે, બ્રહ્માનંદ મળે, બ્રહ્મ મળે, બ્રહ્મનું મળવું બ્રહ્મૈકય છે.

શંકરસ્વામીની દષ્ટિ એનાથી અન્ય દિશામાં જ ચાલી ગઈ, અહીંનું બધું વિનાશી છે, જાગ્રત નાશવંત સ્વપ્ન નાશવંત, જ્ઞાન નાશવંત, પુણ્ય નાશવંત, કાર્ય નાશવંત, દષ્ટિ નાશવંત, અહંભાવ પણ નાશવંત, સઘળુંય નાશવંત દેખાય છે, તો અવિનાશી કોણ ? શ્રુતિ કહે છે અવિનાશી બેનો સંયોગ-વિયોગ થશે, અનેક નહીં એક જ સત્ય છે, અન્ય બધું જ અસત્ છે, સ્વરૂપથી દેખાતું હોવા

છતાં પણ આત્યંતિક સ્વરૂપમાં છે જ નહીં, આથી બધું મિથ્યા છે. મિથ્યાત્વ કહેનારા તો હું તમે છીએ તો મરણ પછી કે આત્યંતિક મૃત્યુ પછી તું હું મિથ્યા જો હોઈશું તો જ્ઞાનનું કૂટણું નિષ્ફળ રહેશે. સફળતા તો તદ્રુપમાં સત્ રૂપમાં અમિથ્યા રૂપમાં મળશે અને અમિથ્યા એક છે તો આપણે અમિથ્યા રૂપમાં કેમ સ્વયંને શામેલ ન કરીએ ? આથી બ્રહ્મપણું જ, બ્રહ્મ જ સત્ય છે, તેમાં અહીંનું દ્રશ્ય કોઈપણ નાટક નથી, ન રચના છે માટે ન રચો. 'એકમેવાદ્વિતીય એકોહમું' જ ઠીક છે. આ માર્ગને એવો દૃઢ કર્યો કે જેનાથી ક્યાંય પણ જરાક પણ લોચો પોચો ન રહી જાય પણ વેદાંત હજી પણ સાકારરૂપમાં લાગુ પડવા માંડે ત્યારે તો બધું તે વેદાંતને યુગો સુધી રાખવા લાગી જાય, સૌ કોઈ પ્રત્યક્ષ પ્રલય નથી ઈચ્છતા જ્ઞાનમાં ઈચ્છશે પરંતુ વ્યવહારમાં નહીં ઈચ્છે ? ત્યારે એક્તાનું વેદાંત અનાશ્રિત સમાન બનીને અસંસારમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરીને વિજયશ્રી થતું રહેશે. પરોક્ષ વાત શ્રુતિઓને પ્રિય લાગે છે, ત્યારે એને ભણનારાઓને પણ પ્રિય લાગે તેમાં શું કહેવું ? પરંતુ એક વાત એ પ્રકાશિત થાય છે કે, ભાવના અનુસાર સ્વરૂપ દર્શન થશે. બ્રહ્મદર્શન, બ્રહ્માત્મની બ્રહ્મતા જરૂર બ્રહ્મ થશે, આ સિદ્ધાંત ઓછો નથી.

પાશુપતાદિ શૈવોએ બ્રહ્મ જ શિવ, શિવ જ બ્રહ્મ માન્યું. શક્તિ જ શિવ, શિવ જ શક્તિ માન્યું, શિવ જ સંસાર, સંસાર જ શિવ માન્યું ત્યારે સંસાર, શિવ તથા બ્રહ્મ અભિન્ન થયા. સંસારમાં પણ અભિન્નમાં ખપી ગયા. અલગ ક્યાંથી રહું ? શક્તિ વિશિષ્ટાદ્વૈત, શિવ વિશિષ્ટાદ્વૈત, લિંગાદ્વૈત, રસાદ્વૈત, સર્વાકાર શિવ, શિવ જ બ્રહ્મ છે, હું પણ બ્રહ્મ છું. આ પ્રકારે વેદાંત બ્રહ્મમાં આપને પહોંચાડે છે.

શક્તિઓ દ્વારા સૃષ્ટિ હોવાથી શક્ત્યદ્વૈત પણ થવું સંભવ છે, શક્તિભર્યા આપણે શક્તિરતમાં શક્તિની સાથે પહોંચશું જ પ્રતિબિંબ સાકારવાદમાં તો કહેવું જ શું ? આધાર ગયો, પ્રતિબિંબ મટ્યું, બિંબ રહી ગયું, વેદાંત બિંબ સુધી પહોંચે છે. શક્તિ સંપ્રદાય, આગમિક સંપ્રદાય શિવમાં કે બ્રહ્મમાં કર્મ, ઉપાસના ભક્તિ, વિજ્ઞાન વગેરે અર્પણ કરીને તેની સાથે આપણાં જ્ઞાનીઓ પણ સમર્પિત થઈ જાય છે ! અન્ય દેશ-વિદેશમાં પણ આ જ દશા પ્રસ્તુત છે ! 'સૌ એમાં જઈને મળશે.' આ છે તેના એક કે અનેક જન્મવાદોનો સાર કેવલ કર્મવાદ, કેવલ નિરાકારવાદ જે કઈ પણ હોય, અમારો તેનો સંબંધ વર્ણન કરે છે, તેમાં અંદર કે નજીકમાં પહોંચાડે છે, પહોંચાડવા ઘોષિત કરતા રહે છે. ઘોષિત કંઈ પણ હોય, માનવ વિદ્વાન સમુદાય તે વાદોને અપનાવે છે, થાકી જાય તો 'અત્રૈવ બ્રહ્મ સમશનુતે'નો આશ્રય લઈ લે છે, તે બધું વેદાંત જ છે. ગૌતમનું, કપિલનું, જૈમિનિનું, વેદાંત પણ 'એકમેવાદ્વિતીય' જ 'સોઽનુશ્નુતે સર્વાનુ કામાન્' આપનારનો આશ્રય બતાવે છે. **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું બધું એ વેદાંત નિજમૂર્તિમાં વસે છે. તે સ્વામીજી જ વેદાંત પિંડમૂર્તિ છે. અનેક શાસ્ત્રોમાંથી સગુણ-નિર્ગુણ વેદાંત સ્વરૂપ જ જ્ઞાત થઈ આવે છે, આ અનુભૂત વિષય છે. વેદાંત મૂર્તિ વિજયતે।**

- પંડિત શ્રી પ્રણવાનંદજી...

જગત ઉપકારક શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ...

પંડિત શાંતાનંદજી. (દર્શનાચાર્ય તર્કતીર્થ)

નદીયાશાન્તિ.

સંસ્કૃત સાહિત્ય વિશાળ છે. પરમાત્માએ બ્રહ્મા દ્વારા વેદો પ્રગટ કર્યા, તે સર્વે શાસ્ત્રોના સાહિત્યનું મૂળ થયું. વેદની હજારો શાખાઓ ઋષિ મહર્ષિઓમાં વ્યાપેલી હતી. વિશાળ ભૂમંડળમાં દૂર દૂર નિવાસી ઋષિ સંતાનો દેશકાળાદિની વિપરીતતાને કારણે ઉત્તમ મધ્યમાઓ હીન કર્મઠ થવા લાગી, બુદ્ધિઓ હ્રાસ થવા લાગી, ધારણ શક્તિમાં કમી આવવા લાગી, શાખાઓ અસ્તવ્યસ્ત થવા લાગી, લાંબા સમયથી કેટલીય શાખાઓ લુપ્ત જેવી થઈ ગઈ. નિર્મૂળ-ગુપ્તવાદ લાગુ પડી ગયો. યજ્ઞકાંડ, પ્રતિષ્ઠા, સ્તુતિઓ વાળી શાખાઓ જ્યાં ત્યાં તાજી થતી રહી. ઉપયુક્ત હોવાથી સુરક્ષિત થવા લાગી, તે રહી ગઈ. ઘણું ખરું શુકલયજુર્વેદ, કંઈક ઋગ્વેદ, દેવતાઓના કારણે જરૂરી સામવેદ, ઉપયુક્ત મંત્રાત્મક અથર્વવેદ, તેમના અધિકારીઓમાં ટકી રહ્યાં. અનધિકારીઓ હટી ગયા.

અનાશ્રય, અનુપયોગ, અનભ્યાસ કારણો બની ગયા. લુપ્તતા વ્યાપ્ત થવા લાગી. હવે તો કાગળ પર જ જીવન રહી ગયા. આવનાર ઘોર કળિયુગમાં કાગળ પણ નહીં મળે, કર્મકાંડ પણ નિર્જીવન થશે, સસલાની જેમ માનવ જંગલી બની જશે, છઠ્ઠું વર્ષ યુવાની લાવશે, બારમું ઘડપણ લાવશે, તેની આસપાસ મૃત્યુ નજર દોડાવશે, આ હાલત સૌના હ્રાસની પુરાણોમાં લખી છે. તેવો હ્રાસ કેટલીયવાર થતો આવ્યો છે. નવા શાસ્ત્રોનો આવિષ્કાર પણ થતો આવ્યો છે. વેદો માટે નિરૂક્ત શાસ્ત્ર રચવામાં આવ્યું છે. તેની શુદ્ધિ અર્થે વ્યાકરણ તથા શિક્ષા રચવામાં આવી છે. વૈદિક અનુષ્ઠાન તથા વૈશદ્ય અર્થે કલ્પસૂત્ર રચવામાં આવ્યું, માત્રા વગેરેના પરિચય માટે છંદ શાસ્ત્ર રચવામાં આવ્યું. વૈદિક સૃષ્ટિનો પરસ્પર સંબંધ અસરકારક સ્થિતિ ગતિ, સામયિક તથા આકસ્મિક હોનારતો જાણવા, જણાવવા માટે જયોતિષશાસ્ત્ર રચવામાં આવ્યું. જડ-ચેતન સૃષ્ટિના વિજ્ઞાન માટે પાશુપત શાસ્ત્ર રચવામાં આવ્યું.

ઈશ્વરીય વિભૂતિઓ માટે નારદ આગમ પંચરાત્ર રચાવામાં આવ્યું. વિવિધ ધર્મો માટે આંગિરસ શાસ્ત્ર રચવામાં આવ્યું. આયુષ્ય, રસાયણ, ચિકિત્સા વગેરે માટે આયુર્વેદ શાસ્ત્ર રચવામાં આવ્યું. લડાઈઓના જ્ઞાન માટે ધનુર્વેદ શાસ્ત્ર રચવામાં આવ્યું, ભૌતિક વિજ્ઞાન માટે બ્રાહસ્પત્યશાસ્ત્ર રચવામાં આવ્યું. રાજય નિયમન, આદિ માટે પ્રજાપત્ય તથા માનવ શાસ્ત્ર રચવામાં આવ્યું. વ્યવહાર માટે કલાશાસ્ત્ર રચવામાં આવ્યું. દેવતાઓની દૈવી શક્તિઓ જાણવા માટે તંત્રશાસ્ત્ર રચવામાં આવ્યું. પરાભવ સાધના વગેરે માટે મંત્રશાસ્ત્ર રચવામાં આવ્યું. સૃષ્ટિઓના વૃત્તાંત જાણવા માટે સંહિતાશાસ્ત્ર રચવામાં આવ્યુ. રૂપક વ્યાખ્યાનો માટે પુરાણ રચવામાં આવ્યાં. ઐતિહાસીક સંગ્રહ માટે મહાભારત રચવામાં આવ્યું. આધ્યાત્મિક વિજ્ઞાન માટે દર્શનશાસ્ત્રો રચવામાં આવ્યાં. પરબ્રહ્મની ઉપાસનાઓ માટે બ્રહ્મવિદ્યાઓ એકત્રિત કરવામાં આવી. જે ઉપનિષત્ રૂપમાં પ્રગટ થઈ. નીતિ માટે ઔસનશાસ્ત્ર રચવામાં આવ્યું. મોક્ષ માટે

ભક્તિ શાસ્ત્ર રચવામાં આવ્યું, સેવા માટે ઉપાસના શાસ્ત્ર રચવામાં આવ્યું. સ્વર્ગાદિ માટે દાન શાસ્ત્ર રચવામાં આવ્યું. મુક્તિ માટે શરણાગતિ શાસ્ત્ર રચવામાં આવ્યું.

સર્વે શાસ્ત્રોમાં તત્ત્વ નિર્ણય કરવા આન્વિક્ષિકી ન્યાય વિદ્યામય ગૌતમીયશાસ્ત્ર રચવામાં આવ્યું. સેવા માટે ઉપાસનાશાસ્ત્ર રચવામાં આવ્યું. અલંકાર ઉત્સવ, મહોત્સવ, મહાનંદ-શૃંગાર વગેરે માટે કાવ્ય સાહિત્ય શાસ્ત્ર રચવામાં આવ્યાં. આ બધા શાસ્ત્રો જગતભરની પ્રજાને સહારો આપનારા છે. જે સહારો આપે છે સાથે રહે છે. તે સાહિત્ય નામથી કહેવામાં આવે છે. અનેક કલાવિદ્રોની કળાઓ, કલાનુંવિજ્ઞાન, કલામય કારીગરીઓ સાહિત્ય સ્વરૂપ હોય છે. ભૌતિક વિજ્ઞાનીઓ માટે ભૌતિક વિકાસ સાહિત્ય હોય છે. રાસાયણિક ધાતુવિદ્, વાયુવિદ, ઔત્પાલિક, વિજ્ઞાનીઓ માટે ધાતુ, વાયુ, પ્રસારણ, અકસ્માત્ નિમિત્ત વગેરે સાહિત્યો હોય છે જે જેના લક્ષ્યમાં પરિણામમાં પ્રાપ્તિમાં આકર્ષિત થાય તે તેનું સાહિત્ય હોય છે.

રાજાઓને લશ્કરી સાધન લડાઈઓનું સાહિત્ય હોય છે. ઋષિમુનિઓ, યતિ યોગી, સન્યાસી, ત્યાગીઓને ઉપાસના સંયમ, ત્યાગ ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય વગેરે સાહિત્ય હોય છે. સ્વર્ગ ઈચ્છુકોને માટે ધર્મ પરોપકાર વગેરે સાહિત્ય છે. વાસનિકને ઈષ્ટ પદાર્થ સાહિત્ય હોય છે. **ભગવદ્ અવતારોએ જે કાર્ય માટે પ્રાગટ્ય થવાનું સ્વીકાર્યું તે સાહિત્યને અપનાવીને તેઓ જગત પર ઉપકાર કરે છે. મોટાભાગે શ્રીસ્વામીજીએ દેશી ભાષાનું શિક્ષણ કૌટુમ્બિક રીત-રિવાજનું શિક્ષણ, વિદ્યાભ્યાસનું શિક્ષણ શાસ્ત્રલેખન, તત્ત્વજ્ઞાનનું શિક્ષણ ગુરૂજનોથી મેળવ્યું. તેમજ કાવ્યોમાં, ન્યાયમાં, વૈશેષિકમાં, વેદાંતમાં, સાંખ્યમાં, યોગમાં, મીમાંસામાં, નીતિમાં, ઉપદેશમાં, ઈતિહાસોમાં છંદો-નિરુક્ત-વ્યાકરણ આદિમાં, ધર્મશાસ્ત્રોમાં બ્રહ્મશિલતા, આધ્યાત્મિક સ્થિરતા, લોકઉપકારકતા, નિર્લેપતા તથા મોટા મોટા સંહિતાગ્રંથો લખીને જગત પર ઉપકાર વગેરે કર્યું છે.**

આ બધા પ્રકારના સાહિત્યમાં આપનું સ્થાન પ્રત્યક્ષ દેખાય છે. આપે ત્યાગ, તપમાં, શ્રદ્ધાથી ઉત્સાહ, સહનશીલતા વગેરે વગેરે કૌટુંબિક ગુણના રૂપમાં સ્વયંમાં વસાવ્યા છે. એકવાર કાશીજીની ક્વિન્સ કૉલેજના વિદ્યાર્થી સમુદાયે પોતાના આચાર્યપદથી બહાર પરીક્ષાર્થી, વિદ્યાર્થીઓને ઉંચી પદવી મળે તે માટે લગભગ ૪૦૦૦ હસ્તાક્ષરો કર્યા, શ્રીસ્વામીજીની પાસે જ્યારે હસ્તાક્ષર કરવા માટે તે પત્ર આવ્યો ત્યારે સ્વામીજીએ નિર્મોહ થઈને કહ્યું, ''સૌની સમાન લાભમાં પોતાનાથી જુદાને ઊંચો લાભ મળે તે માટે હસ્તાક્ષર થઈ રહ્યા છે.'' હું વિચારું છું કે સરકાર સંસ્કૃત ક્વિન્સ કૉલેજના પાસ થયેલા વિદ્યાર્થીઓને અથવા બહારના પરીક્ષાર્થી વિદ્યાર્થીઓને ટાઈટલ સર્ટિફિકેટમાં 'આચાર્ય' પદવી સરકારની સમાન જ મળે છે તો અમે તો એવા જ રહી જઈએ અને અન્યને નીચી કક્ષાની પદ્વીમાં નાખવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. આ નુકશાની કરાવવી આપણું કામ નથી. એમ કરો કે બહારના વિદ્યાર્થીઓને 'આચાર્ય' ટાઈટલ ઠીક જ છે.

પરંતુ કૉલેજના પાસ સરકારી વિદ્યાર્થીઓને મહાચાર્ય 'મહોત્તમાચાર્ય', 'પોષ્ટાચાર્ય' આદિ ઊંચી પદ્વી મળે. આ પ્રકારે માંગવું સારું છે. નીચા કરાવવું સારું નથી. આ પરોપકારી ઉદાર વાતને સારા વિદ્યાર્થી ગણ સમજી ગયાં. તુરંત સહીવાળો કાગળ કેન્સલ રદ કરી દેવાયો

તથા 'પોષ્ટાચાર્ય' તથા 'મહોત્તમાચાર્ય' માટે નવું લખાણ થયું અને નવી સહીઓ થઈ. તે પર પોષ્ટાચાર્ય, શાસ્ત્રાચાર્ય, મહોત્તમાચાર્ય આદી નિર્માણ થયાં. આ પ્રકારે બધા વિદ્વાનો માટે સાહિત્યિક દૃષ્ટિવાળા સ્વામીજી સર્વે શાસ્ત્રોમાં નિષ્ણાંત ૪૪ ગ્રંથોને લખનારા આજ ભારતીયો તથા વિદેશી મોટા મોટા વિદ્વાનોથી અભિનંદન મેળવી રહ્યા છે.

વિદ્વાન લોકો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામીજીને દરેક પ્રકારના અભિનંદનને પાત્ર માનીને સમ્માન આપી રહ્યા છે. આ ભારત માતાના વિદ્વાનો માટે ઉત્તમ કાર્ય છે. આનાથી ભારત માતાનો, ભારતીય દાર્શનિક વિદ્યાઓનો તથા ભારતીય વિદ્વાનોનો સદાને માટે ઉન્નત વિજય થતો રહેશે. સ્વામીશ્રી પશ્ચિમ કાશીમાં રહે છે તો પણ મધ્ય કાશીને પોતાનામાં તદાત્મક ભાવથી વસાવીને જ ત્યાં રહે છે. કાશીજીનાં દરેક પ્રકારના સાહિત્યમાં સઘળી વિદ્યાઓમાં આપે કલમ ચલાવ્યે જ રાખી છે. નવા પ્રકાશિત પુસ્તકો દાનમાં આપતા રહે છે.

શ્રીહરિસંભવકાવ્યના મહાકાવ્ય નિબંધનો ગ્રંથ જે સૌરાષ્ટ્રમાં લખવામાં આવ્યો છે. તેને મધ્ય કાશીમાં છપાવીને અનેક પંડિતોને અર્પણ કર્યો છે, દાનમાં આપ્યો છે. ન્યાય સાંખ્ય કિરણાવલી, મીમાંસા કિરણાવલી વગેરે વગેરે કાશીમાં જ પ્રકાશીત કરીને વિદ્યાનિધિઓના અંતેવાસીઓ માટે ઉપકાર કરી રહ્યાં છે. શ્રીલક્ષ્મીનારાયણ સંહિતામાં તો કાવ્ય, સાહિત્ય, દર્શન વગેરે જે જે વિદ્યા શાખાઓ છે તે દરેક સમાવેશિત થઈ ગઈ છે. સાહિત્યમાં ઓતપ્રોત થઈ ને આજ સ્વામીજી શ્વેતાયન વ્યાસ સ્વરૂપે બિરાજમાન છે. ભગવાન હજી પણ દીર્ઘાયુ બનાવે ૭૧ વર્ષોથી આગળ સતક સુધી પહોચે અને ભારતભૂમિ ને તથા સર્વે વિદેશો પર પણ ઉપકાર કરતા રહે.

- પંડિત શાંતાનંદજી દર્શનાચાર્ય...

પૂજ્ય સ્વામીશ્રી એક તેજસ્વી સ્કોલર પ્રતિભાશાલી વિદ્વાન...

સ્વામી કૃષ્ણકેશવ શાસ્ત્રી, ન્યાયાચાર્ય.

શ્રીસ્વામિનારાયણ મંદિર, વડતાલ.

શ્રીસ્વામિનારાયણ વૈષ્ણવ સંપ્રદાયના નૈષ્ટિક વ્રતધારી ત્યાગી આચાર્યવર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય શાસ્ત્રીજી બાળપણથી જ કોઈ દૈવી ચમત્કારી પરમપુરૂષ છે. ગીતાજીમાં વર્ણિત યોગીજન, યોગસૂત્રમાં કહેલા જન્માંતર સિદ્ધ પુરાણમાં પ્રદર્શિત મહાતપસ્વી, સંહિતાઓમાં નિરુપિત ઈશ્વરીય સંબંધી, ઐશ્વર્યશીલ વિદ્વાન, સંત, મહાત્માઓની જીવન કથામાં લક્ષ્ય કરાયેલા દિવ્યલૌકિક, અલૌકિક, સર્વજ્ઞ અંશ મુક્ત પુરૂષોની કક્ષાના છે. બાળપણમાં પણ તેમની પ્રજ્ઞામાં તર્ક જ વિશેષ સ્થાન લેતું હતું. સિદ્ધાંત પર આકર્ષિત રહેતા હતા, ઉપદેશ પ્રાપ્ત થવા પર સાર ગ્રહણ કરતા હતા અને નિર્ણય પણ યથાર્થ દેતા હતાં. આત્મા-પરમાત્માના વર્ણનમાં રસ લેતા હતા. માણભટ્ટોની પાસેથી મહાભારતની કથાઓ સાંભળ્યા કરતા હતા. ઉપદેશક સંતોની વાણી સાંભળતા હતા. ભાગવત રામાયણ આદિની પ્રાચીન કથાઓ દેવમંદિરમાં સાંભળ્યા કરતા હતા. પુરૂષોત્તમ માસ તથા એકાદશી આદિની કથાનું પાન કરતા હતા. બે દિવસના વ્રત પર વિપ્રવર્ય પાસેથી ખુલાસો મેળવતા, તેના પર સ્વયંવ્રતની મર્યાદાનું વિવેચન કરતા કહેતા કે, જયારથી દનૈયા શરૂ થાય ત્યારથી દનૈયા ઉતરતા સુધીના એક જ વ્રત સૌને માટે કેમ ન કરવામાં આવે ? જયારે વિધ્યાંચલનો સૂર્ય, ચંદ્ર, નક્ષત્રના રથમાર્ગો સુધી લાખ-બે લાખ કોશ પર્યંત વધતા જવાની વાત થતી. તેના પર કહેતાં કે, એક બે જ માઈલના ઘેરાવામાં દેહયષ્ટિવાળો વિંધ્યાંચલ વચ્ચે જ પોતાના વજનથી કે ગ્રહોના પ્રહારથી કેમ ભાંગી ન ગયો ? તેનો પગ પૃથ્વીમાં કઈ જગ્યાએ રાખ્યો હશે ? જયારે ગ્રહણની કથા આવતી હતી ત્યારે ચાર પહોર ભોજન ન લેવા માટેના વેદ નિમિત્ત બતાવવામાં આવતું કે તેમાં વેધ સૂર્ય, ચંદ્રને લાગે અને ભોજનબંધી માણસને કેમ લગાવી ?

એકાદશી ભગવાનની પુત્રી તેની જ પત્ની કેમ લખી છે ? દિવસાંતે સત્યવ્રત વહાણમાં બેઠા સવાર સુધી બીજની રક્ષા કરી સૃષ્ટિમાં વાવવા લાગ્યા સોળ મન્વંતર જેટલી તેની આયુષ્ય બનાવી, તેનાથી તો ભગવાન સંકલ્પથી નવા બીજ બનાવત તો તેજ સરળ પડત. કોઈ પરમાણુથી, ચૈતન્યથી, શૂન્યથી, માયાથી, અજ્ઞાનથી, સ્વરૂપથી સૃષ્ટિઓ લખે છે. તો તેઓ શું સર્વજ્ઞથી જ નિર્ણય કરીને એક સિદ્ધાંત કેમ ન લખી ગયા? કર્મવાદમાં કે નિર્લેપવાદમાં એકમાં જ રહેવું હતું. બધા વાદો ને કેમ અજ્ઞાનીઓની આગળ ધરી દીધાં ? ઈત્યાદિ તાર્કિક વિચારો રજૂ કરતા હતા. તથા આપ્તજનોના કહેલા સિદ્ધાંતને સ્વીકારતાં હતાં, આસ્તિક્તાથી હટતા ન હોતા.

દરેક વ્યક્તિનું કર્ત્તવ્ય છે કે, શીખવા માટે અભ્યાસી વ્યક્તિનો આધાર લે. સ્વયં વિચાર, મનન, સમાધાન પણ કર્યા કરતા હતા. જયારે શાસ્ત્રાધ્યયન કરવા લાગ્યા ત્યારે એક પરમાણુમાં બીજો પરમાણુ ઘૂસી જ જાય તો રૂપણુક કદમાં વિપુલ કેવી રીતે બનશે ? કોઈપણ શબ્દ ક,ખ,ગ, રામ, કૃષ્ણ વગેરે વ્યંજન, સ્વર એક ક્ષણમાં બોલી જ નથી શકાતા. ક્રમથી બોલી શકાય છે. તો

શબ્દસિદ્ધિ જ નથી થતી અર્થબોધ માનવો ભૂલ્યા કેમ નથી ? અવકાશ તો શૂન્ય છે. તેમાં શબ્દ ગુણ માનવો તેનાથી તો શબ્દ દ્રવ્ય જ સૂક્ષ્મ અવકાશ નામથી કેમ ન બોલવામાં આવે ? એક પ્રકૃતિમાં ત્રણ ગુણ ઘૂસાડી દીધાં. એક આત્મામાં ત્રણ સચ્ચિદાનંદ અંશ ઘૂસાડી દીધા તો તે એક તત્ત્વ નિત્ય થઈ શકે છે ?

બ્રહ્મથી જ પંચભૂત તથા ભૂતોના ગુણ, કર્મ, વિકાર માનવું તથા સૂક્ષ્મ કલ્પિત તત્ત્વોને ન માનવા, કેમ શ્રેષ્ઠ ન ગણવામાં આવે ? એક જ તત્ત્વ ચેતન અચેતન બને તો શું વાંધો ઉભો થાય છે ? બ્રહ્માંડમાં વધુ માલ છે અને નેત્રમાં થોડો છે. આને ઊલટું કેમ ન માનવામાં આવે ? ઉષ્ણતાને જ આત્મા કેમ ન માનવામાં આવે ? દસ-દસ વર્ષ પર એક નિયામક દેવદૂત આકાશમાર્ગથી આવીને સૌને ઊલટા માર્ગે જવાથી રોકે એવી વ્યવસ્થા કેમ ન બનાવી ? અને યમદંડથી સમારવાનો કે ઉગારવાનો પ્રયત્ન કેમ કર્યો ? વગેરે વગેરે તર્ક ભરેલા વિચારમાં આરુઢ થઈ જતા હતા અને વૃદ્ધો પાસેથી તેના સમાધાન પણ મેળવી લેતા હતા. **પંડિત થયા પછી કેટલાંય ગ્રંથો લખ્યા છે, તેમાં સર્વ સાકાર, સર્વ સાક્ષાત્, સર્વ વિશિષ્ટ બ્રહ્માદ્વૈતં, સર્વ અવસ્થંક, સર્વ સાપેક્ષ, સર્વ સત્ સમુચ્ચય ખ્યાતં, સર્વ યથાર્થ વગેરે વિચારવાદ પણ પોતાની કલમનો વિષય બનાવ્યો છે.**

સાંખ્ય યોગ, વેદાંત વગેરે ભાષ્ય રચનામાં પ્રસંગોપાત પદાર્થો પર, કારણ કાર્ય પર, સંસાર પર, તેના અનાદિ પ્રવાહ પર, સંતતિ પરંપરા પર, મુક્તિ સ્થિતિ પર, લોક-અલોક પર, વિવિધ પ્રસ્થાન પર, ન્યાયતર્ક આદિ યુક્તિઓ પર પણ વિવિધ વિચારો કર્યા છે. તાત્પર્ય ખેચ્યું છે, સૈદ્ધાંતિક પ્રકાશમાં ધર્યા છે તથા સુજ્ઞ પ્રતિભાશાળી જનસમાજ માટે ખૂબ ખૂબ જ્ઞાન ઉપકારો કર્યા છે. બુદ્ધિશાળી જનસમાજ માટે પણ ખૂબ ખૂબ જ્ઞાન ઉપકારક કાર્યો કર્યા છે. તેમનાં દ્વારા રચાયેલા શાસ્ત્રો વાંચતા આશ્ચર્ય થાય છે, જગ્યાએ જગ્યાએ નવા પ્રકાશનો જોવામાં આવે છે. 'સએષઃ પૂર્વેષામપિ ગુરુઃ'ની જેમ તેમની બુદ્ધિનો પાર પામવો મુશ્કેલ જેવું લાગે છે. પ્રશંસાનું નામ અર્થવાદ છે, છતાં પણ ત્યાં પણ કોઈ ને કોઈ પરંપરાગત નિજાર્થ, પણ સુસ્પષ્ટ થઈ જાય છે. આજ લાક્ષણિક્તા છે કે, અર્થવાદના સ્વરૂપને કયાંક કયાંક અવસ્થા ભેદથી ધારી લેવામાં આવે છે અને સામા પક્ષના વ્યૂહમાં દાખલ કરી દે છે. તેમના અધ્યયન સમયથી જ મારો અનુભવ વિકાસમાં દોડવાના સ્વભાવવાળો થઈ ગયો, જેનાથી મને સત્યની ખોજ કરવી સહજ જેવું લાગતું હતું.

પરમાત્માએ કે સરસ્વતીએ કે બૃહસ્પતિએ કે પુણ્યપતિએ શ્રીસ્વામીજી સ્વરૂપ એક વિદ્યામૂર્તિ, મહાદિવ્યશક્તિ ભારતને પ્રદાન કરી છે. જેણે શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસજીના સમય પછી જગતને શાસ્ત્રીય સંશુદ્ધ-સંસ્કારિત શુદ્ધ ધન, સાહિત્યરૂપે સમર્પિત કર્યું છે. ભણવું-ભણાવવું, લખવું, વાંચવું, ઉપદેશવું, પાળવું, પળાવવું, કલ્યાણમાં લગાડવું, નિઃશ્રેયસમાં પહોંચાડવું વગેરે શ્રેષ્ઠતમ્ સ્કોલર, ફિલોસોફર, રીડર, રાઈટર, સ્પીકર, થોટર, ન્યૂ સર્જક, જ્ઞપ્તિ, ક્રિએટર વગેરે વગેરે પોતાની તેજસ્વિતાથી ભરપૂર પ્રતિભાપૂર્ણ વિજ્ઞાન મૂર્તિસ્વરૂપ જગતને આપ્યું છે. તે ભારત તથા ભારતીયો માટે અધિક ગૌરવ છે.

સહવાસથી ચમત્કારો જ્ઞાત થાય છે. શાસ્ત્ર સહવાસથી, કૃતિદર્શનથી, કીર્તિના શ્રવણથી, શાંતિપ્રદ વાતાવરણથી, વાણીના પડછંદાઓથી, અંતેવાસી પ્રણાલીથી, પ્રતિસ્પર્ધિ પક્ષમાં વિચરણથી પણ વ્યક્તિનું વ્યક્તિત્ત્વ ગગનમાં ગૂંજે છે, જગતમાં પ્રસરે છે. હૃદયમાં વસે છે, ફળ આપીને વિરામ પણ પામે છે. આજે મે અવસર પામીને અભિનંદન માટે વાસ્તવિક સ્કોલરશીપ સ્વરૂપમાં અથવા સેવા દક્ષિણા સ્વરૂપમાં અનુભવેલી જાહેરાત-વિનંતીની મૂડી સમર્પિત કરી છે. આમાનો અંશ પણ લેવાથી આધ્યાત્મિક ધનાઢયતા જરૂર મળશે. તેમની દિવ્ય કૃપા જગતની સાથે સાથે મારા પર પણ વિશેષ થાઓ, આ પ્રાર્થનાની સાથે વિરમું છું.

- સ્વામીકૃષ્ણકેશવ શાસ્ત્રી...

ભારતીય વિદ્યાલયોને શ્રીસ્વામીશ્વરની દેન...

વિદૂષી શિષ્યા ડો. સુષ્મા સકસેના. (પીએચ.ડી).

પ્રયાગરાજ.

ઉત્તમ વિદ્વાનમાં શ્રીસરસ્વતી, શારદા, સતી, લક્ષ્મી, ગાયત્રી, સાવિત્રી, બ્રહ્મવિદ્યા, ગીતા, ગંગા, યમુના, ગાર્ગી, સંજ્ઞા, મહેશ્વરી, ભૂદેવી, મહાશક્તિઓ સર્વે સિદ્ધિઓ મૂર્તિમાન નિવાસ કરે છે. આ દેવીઓ ચૈતન્યશક્તિઓ છે. પ્રતિભાઓ, જ્ઞાપ્તિઓ, પ્રમાઓ, બ્રાહ્મીઓ, વિવિધ વિદ્યાઓ, કળાઓ એકબીજા વગર રહી ન શકે તેવા સંબંધથી વૈશ્વિક વિભૂતિ મહાવિદ્વાનમાં વિરાજે છે. બ્રહ્મચર્યની સાધના જ્યાં છે ત્યાં આ શક્તિઓ નિર્ભય-ઘસાયા વગર ઓતપ્રોત બનીને દાસી થાય છે. સ્વામીને માટે યશ, કિર્તી, વિજય, સુખ, સમ્માન આદિ પ્રદાન કરવાના આયોજનો ખોજતી રહે છે. સારા વિદ્યાવ્રતધારી પતિને મેળવીને પ્રતિવ્રતાપણામાંથી ક્યારેય ચૂક્તી નથી.

મેં શ્રીકાશીજીમાં રહીને સંસ્કૃત આચાર્ય સુધી ભણીને પીએચ.ડી. માટે કવિવર શ્રીસચ્ચીદાનંદજીના કાવ્ય પર નિબંધ લખવો શરૂ કર્યો, ત્યારે તે સમયે સ્વામીજીના ગ્રંથો જોઈને આશ્ચર્ય થયું કે, કોઈ ઈશ્વરનો અંશાવતાર ભૂમિ ઉપર વિરાજે છે. તેમના વિદ્વતાભર્યા સંશુદ્ધ પદાર્થોથી શણગારિત ગ્રંથોમાં શ્રેષ્ઠ વિદ્વાનો પણ આનંદપૂર્ણ થઈ જાય છે.

મેં સ્વામીશ્વરનું કવિકાવ્યગૌરવ વાંચ્યું, તેમાં પૂર્ણ સમાધાન મળી ગયા. મને આગળ-આગળ પ્રકાશ થયો, હું જ્યારે જ્યારે યાદ કરું છું, મારા આત્મામાં અધિક અધિક પ્રકાશ થાય છે. મારા મોટા ભાગ્ય એ છે કે, આવા યતિમુનિના ગુણગાન માટે સૌભાગ્ય પ્રાપ્ત થયું. ભારતમાં આવા પ્રકાંડ વિદ્વાને વર્તમાન સમયમાં વિદ્યાલયો માટે તથા વિદ્યાર્થીઓ માટે ૪૫ ગ્રંથો લખી આપ્યા છે. જે વિદ્વાનો માટે પણ ઉપયોગી છે.

આ ભારત પર, વિદ્યાશાખા પર શ્રી બ્રહ્સ્પતિ બ્રહ્મમૂર્તિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની દેણગી છે. આ ગુરુરૂપ હરિનો વિજયધ્વજ ફરકતો રહે, તેમના માટે મારા હાર્દિક અભિનંદન છે. તેમના આશીર્વાદ મળતા રહે તેવી પ્રાર્થના છે.

- ડૉ. સુષ્મા સકસેના...

શ્રીસ્વામીજી દ્વારા સંસ્કૃત-હિન્દી-ગુજરાતી ભાષામાં સાહિત્યસેવા...

નવ્યન્યાય તર્કાદિવાચસ્પતિ સ્વામી હરિસિંહજી

પંજાબી, કાશી.

શ્રીસ્વામીજીની ગહન તલસ્પર્શી વિદ્વતા ગુપ્ત ન રહી શકી, જે પ્રગટ થઈને મૂર્તરૂપમાં શિક્ષણની સેવામાં ઉપસ્થિતિ થઈ છે. પહેલા જ જ્યારે તર્ક સંગ્રહ સટીક ભણાવતા હતા ત્યારથી વિદ્યાર્થીઓને સરળતાથી અભ્યાસ માટેના અપેક્ષિત ઉપરના પદાર્થો લખાવી દેતા હતા, જે પાઠ કરીને ઓછી મેધાવાળાને જોઈ-વાંચી-સમજી પદાર્થોને જાણવા જીભે ચડાવવામાં મદદરૂપ થતું હતું. વિદ્યાર્થીઓ કંઠસ્થ કરીને તે પદાર્થોને ઉચિત જેમ હોય તેમ ઘટાવતા હતા. સ્વામીજી સાંભળીને લખાયેલા પદાર્થોની લીટીઓને ટિપ્પણીના રૂપમાં સ્વતંત્ર કાપલીમાં ઉતારી લેતા હતા, તેના પર ક્રમાંક લગાવી દેતા હતા. ન્યાયબોધિની તથા પદ્કૃત્યની ઉપર ન્યાયના પદાર્થોને સ્પષ્ટ કરી સંગ્રહીત કર્યા, તે કાપલીને પ્રકાશીત કરાવી. આ વિદ્યાર્થીઓને ઘણી ઉપયોગી થવા લાગી. તેની અનેક આવૃત્તિઓ થઈ ગઈ, ત્યારે ગિરીશ શુકલ ન્યાયાચાર્યના અનુરોધથી દીપિકાની સ્પષ્ટ વિસ્તૃત ટીકા લખવી શરૂ કરી. મારી ધારણાંથી પણ અધિક શ્રેષ્ઠ પદાર્થ વિવેચનનાં લેખમાં જોઈ, ત્યારે દીપિકા કિરણાવલીને ગુરૂરાજશ્રી વામાચરણભટ્ટાચાર્યજીના આશીર્વાદથી સ્વતંત્ર છપાવવા કહેવામાં આવ્યું. ત્યારે શ્રીસ્વામીજીએ, શ્રીભટ્ટાચાર્યજીના ચરણોમાં લિખીત કોપી રાખી, ગુરૂરાજે આશ્ચર્યવત્ જોઈ, પ્રસન્નતાથી અઘરા ઊંડા સ્થાનો જોઈ લીધા, બિલકુલ સ્પષ્ટ યથાર્થ તથા અધિક વિવેચિત કરેલ જોઈને આશીર્વાદ સાથે છપાવવા માટે કહ્યું, પ્રકાશિત થતા જ દિપિકા કિરણાવલી બહું મોંઘી, યશસ્વી, કીર્તિ વધારનારી ટીકા થઈ ચાલી અને બધા તર્ક સંગ્રહો એક બાજુ રહી ગયા. દીપિકા કિરણાવલી મૂર્ધજન્ય બની ગઈ. તે પછી સ્વામીજીએ ન્યાયસિદ્ધાંતમુક્તાવલી પર સવિસ્તાર શાસ્ત્રાર્થ ભરી ઉચિત અધિક સરળ તથા ગહન, બધી ન્યાયરીતિઓથી ભરેલી ટીકાઓ સ્વયં લખીને તૈયાર કરી તથા માસ્ટર ખેલાડી લાલ દ્વારા પ્રકાશિત કરી. લેખન, પ્રૂફ સંશોધન, છાપકામમાં સતત જાતમહેનત કરતા હતા. આ ટીકા પ્રસિદ્ધ થવાથી વિદ્યાર્થી તથા પંડિતો, સૌ ઉપયોગ કરવા લાગ્યા. આ કિરણાવલીની સામે 'દિનકરી રામરુદ્રી પ્રભા' વગેરેની ટીકાઓ નીચલા ક્રમની થઈ ગઈ. તેની બીજી આવૃત્તિ ચૌખમ્બા પ્રેસે કરી. આ ટીકા સૌથી ઉત્તમ જગપ્રસિદ્ધ થઈ ગઈ.

પંચલક્ષણી સિંહવ્યાઘ્રલક્ષણ આદિ ગ્રંથો પર વિવૃત્તિ નામની શ્રીભટ્ટાચાર્યજી કૃત ટીકાનું પ્રૂફ સંશોધન કરવું, તૈયાર ફર્મા ગુરૂજીને દઈ આવવાં આદિ આદિ સેવા કરતા હતા. ન્યાયમાં, તર્કમાં, ભણવા-ભણાવવામાં નિષ્ણાંત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના તે સમયે ગંગાજીના તમામ ઘાટોમાં માન પાન વધી ગયા. તમામ ઘાટના શાસ્ત્રાર્થમાં પણ વાદ-વિવાદમાં તત્ત્વનિર્ણય, તર્કશુદ્ધિ આદિમાં વધીને બુદ્ધિમાનીમાં વખણાતા હતા. હું સરસ્વતી ગલીવાળી સંગત પાઠશાળામાં ભણાવતો હતો. દરેક નવ્યન્યાય ભણાવતો હતો, મેં પંચલક્ષણી માથુરી પર ટિપ્પણી કરી હતી, મૂળ મુક્તાવલી પર ટિપ્પણી કરી હતી, છતાં પણ મારા વિદ્યાર્થીઓ પણ શ્રીસ્વામીજીની

ટીકાવાળા ગ્રંથ લઈને ભણવા આવતા હતા. આ આનંદની વાત છે, જે પોતાની ગુરૂપરંપરાની પ્રણાલીમાં સારા અંતેવાસી પ્રગટ થઈ જાય. હું જ્યાં સભા તથા શાસ્ત્રાર્થ હોય ત્યાં બોલાવવા માટે શ્રીસ્વામીજી પાસે સાઈકલ દ્વારા કોટવાળના પત્રનો નંબર આપીને વિદ્યાર્થીને દોડાવતો હતો, શ્રીશાસ્ત્રીસ્વામીજી બ્રહ્મચારીજી તુરંત આવતા હતા, પૂર્વપક્ષ કે ઉત્તરપક્ષ લઈ બેસી જતા હતા, શાસ્ત્રાર્થ સારો જામતો હતો. સ્વામીજીએ સાંખ્ય પર કિરણાવલી કિરણ તથા ભાષ્ય લખ્યા છે. યોગ પર કિરણ તથા ભાષ્ય લખ્યા છે, મીમાંસા પર કિરણાવલી તથા સંશોધન લખ્યું છે.

હિતોપદેશ, મિત્રલાભ પર સરળ ટીકા લખી છે. જેની પચાસથી વધુ આવૃત્તિઓ થઈ ગઈ છે. વેદાંતના ગ્રંથો લખ્યા છે, શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા સાગરસમાન ગ્રંથ લખ્યો છે અને છપાયો પણ છે. આખી પૃથ્વી પર પહોંચી ગયો છે. પંડિતો તેનું આશ્ચર્ય માને છે. સ્વામીજીની કલમ તથા મેઘા તથા એકાગ્રતા, છંદ ગૂંથણી ગણેશજીની જેમ થતી જાય છે. કાપીને નથી કરવું પડતું, એક લાખ છવ્વીસ હજાર શ્લોકોની સંહિતા આ શ્વેતાયન સંહિતા છે અને સ્વામીજીએ તત્ત્વમુક્તાકલાપ પર કિરણાવલી લખી છે. આધ્યાત્મિક આર્ષભાવથી ગુણાતીતબ્રહ્મોપનિષત, બ્રહ્મવિદ્યા સભર લખ્યું છે. ૫૪ ગ્રંથ લખીને સંસ્કૃત, હિન્દી, ગુજરાતી, ગ્રંથના રૂપમાં સંસ્કૃત આદિની સેવા કરી છે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રાચીન નવીન ન્યાયના બધા ગ્રંથો તથા દર્શનોના બધા ગ્રંથો ભણાવતા હતા, તથા લખતાં પણ રહેતા હતા. અમો ઘાટનિવાસી કાયમ શ્રીભટ્ટાચાર્યજીની પાસે ભણવા જતાં હતા. અન્ય વિદ્યાર્થીઓને ભણાવતા પણ હતા. શાસ્ત્રાર્થમાં મળતા હતા, ખૂબ રંગ જામતો હતો, આનંદ આવતો હતો, સંસ્કૃત, હિન્દી, ગુજરાતી સાહિત્યની સેવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે ખૂબ-ખૂબ કરી છે. એ સેવા માટે આ ધુરંધર તીર્થવાસી પંડિતને મારા વારંવાર અભિનંદન છે. કુંભના સ્નાન માટે જતા હતા ત્યારે હરિદ્વાર, પ્રયાગરાજ, નાસિક, આદિક સ્થળોમાં મોટા તંબૂમાં વિદ્વાન સંતોની મંડળી શાસ્ત્રાર્થના આનંદ માટે જ જાહેરાત બોર્ડ તંબુ પર લગાવીને ઘોષણા કરાતી હતી, ''કોઈપણ વિષય પર શાસ્ત્રાર્થ કરવાનું આમંત્રણ છે.'' આવો દક્ષિણા મેળવો. સ્વામીશ્રી શાસ્ત્રાર્થમાં જતા અને મહાવિજય મેળવી વિદ્વાનોને પ્રસન્ન કરતા.

॥ ઈતિ શમ્ ॥

- સ્વામી હરિસિંહજી...

દિગ્દર્શક ડાયરેક્ટર, સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી...

પંડિત સીતારામ ચતુર્વેદી, (M.A., M.A.M.A.I.T).

બેનિયાબાગ, વારાણસી.

નાટક દૃશ્ય કાવ્ય છે એટલા માટે એ ચારેય પ્રકારના અભિનયો દ્વારા લોકોની સમક્ષ ઉપસ્થિત કરવું જોઈએ. અભિનવ નાટ્યશાસ્ત્રમાં નાટક કે રૂપકની આ પરિભાષા આપવામાં આવી છે :-

''કોઈ પ્રસિદ્ધ કે કલ્પિત કથાના આધાર પર નાટ્યકાર દ્વારા રચિત રચના અનુસાર દિગ્દર્શક દ્વારા શીખવાડેલા અભિનેતા, જ્યારે રંગમંચ, સ્ટેજ પર અભિનય તથા સંગીત આદિ દ્વારા રસ ઉત્પન્ન કરીને પ્રેક્ષકોને આનંદ પ્રમોદ કરાવે છે, તેને ઉપદેશ આપે અને મનને શાંતિ પ્રદાન કરે છે, તે પ્રયોગને નાટક કે રૂપક કહે છે.

નાટ્યકાર દ્વારા રચિત રૂપકને માટે અભિનેતાઓને તાલીમ આપનારા દિગ્દર્શક કેવા હોય ? કોણ હોય ? તેનામાં કેવા ગુણ હોય ? તે કેવી રીતે અભિનેતાઓને ચૂંટે ? તેને કેવી રીતે તાલીમ આપે તથા સંગીત આદિ દ્વારા રંગમંચ પર નાટકનો પ્રયોગ કરાવીને પ્રેક્ષકોના હૃદયમાં કેમ રસ ઉત્પન્ન કરીને તેમનું મનોરંજન કરતા તેમને ઉપદેશ અને શાંતિ પ્રદાન કરે ? વિચારણીય પ્રશ્ન છે.

ભરતે પોતાના નાટ્યશાસ્ત્રનાં ઉપમાં અધ્યાયમાં દિગ્દર્શકની સાથે સૂત્રધાર, સહાયક સૂત્રધાર, વિદૂષક સૂત્રધાર, બરકન, વિદૂષક અને સેવકની ગણતરી કરી છે અને તેના લક્ષણો પણ વિસ્તારથી બતાવ્યા છે. શારદાતનયે પોતાનાં 'ભાવપ્રકાશન'માં દશમ અધિકારમાં જ્યાં સૂત્રધાર, સહાયક સૂત્રધાર આદિની વ્યાખ્યા કરી છે, ત્યાં તેઓએ તેનું વર્ણન કરતા સંગીતશાસ્ત્રના તથા દિગ્દર્શકોનાં લક્ષણ કહીને તેનું વિવરણ આપ્યું છે.

નાટકનો દિગ્દર્શક એ વ્યક્તિ છે, જે વિશેષપર્વને લાયક ભજવવા માટે નાટક પસંદ કરે, તેના માટે લાયક અભિનેતા પસંદ કરે, પસંદ કરીને નાટકની ભૂમિકાની વહેંચણી કરે, વહેંચણી કરીને તેને ચારેય પ્રકારના અભિનય દ્વારા તેની તાલીમ આપે, સંગીત શીખવે અને નાટકની તાલીમ પૂર્ણ થતા તે નાટકને યથાવિધિ રંગમંચ પર ભજવાવે. આટલી બાબતો કરી શકે તેજ આપણી પરિભાષાને અનુસાર નાટ્ય દિગ્દર્શક થઈ શકે છે. ભરતે પોતાના સૂત્રધારના એ જ લક્ષણો બતાવ્યા છે. ''સૂત્રધાર તે છે જે નાટકના ગીત, સંગીત અને સંવાદ ને યોગ્ય સંયોગને નાટ્ય શાસ્ત્રના ઉપદેશ અનુસાર ઠીક ઠીક ભજવવાની કળા જાણતો હોય.''

તેના લક્ષણો ભરતે આ બતાવ્યા છે, ''હવે અમે સૂત્રધારના ગુણો બતાવીએ છીએ. તેમના ગુણો બધા શુભ જ શુભ હોય છે. જે બધા અવસરો પર યોગ્ય વાણીનો પ્રયોગ કરવો જાણતો હોય, તાલના પ્રયોગની વિધિઓ જાણતો હોય, ચારેય પ્રકારના વાદ્યો વગાડવામાં કુશળ હોય, અનેક પ્રકારની બનાવટ, પાખંડ રચી શક્તો હોય, નીતિશાસ્ત્રના તત્ત્વને સારી રીતે

સમજતો હોય, વેશ્યાઓ સાથેના વ્યવહારમાં તથા કામશાસ્ત્રમાં ચતુર હોય, અનેક પ્રકારના ગીતોની વિદ્યાને જાણતો હોય, પિંગળ અને છંદની વિદ્યાને જાણતો હોય, સર્વ શાસ્ત્રોનો જાણકાર હોય, પૃથ્વી, દ્વીપ, વર્ષ, પર્વત અને જનતાનું પ્રમાણભૂત જીવનચરિત્ર જાણતો હોય. રાજવંશમાં ઉત્પન્ન થયો હોય, શાસ્ત્રના અર્થ જણાવવા વાળાની વાત સારી રીતે સાંભળતો હોય, સાંભળીને સમજતો હોય, સમજીને તેનું પ્રવચન કરતો હોય તથા તેનો પ્રયોગ કરવામાં સમર્થ હોય તેજ મુખ્ય સૂત્રધાર કહેવાય છે.

આગળ સૂત્રધારના સ્વાભાવિક લક્ષણોનું વર્ણન કરતા ભરત કહે છે, ''આગળ હું સૂત્રધારના સ્વાભાવિક ગુણો બતાવું છું. સૂત્રધાર મેધાવી, બુદ્ધિમાન, ધૈર્યવાન, ઉદાર, પોતાની વાતમાં દૃઢ, કવિ, સ્વસ્થ, મધુરભાષી, ક્ષમાશીલ, સદાચારી, પ્રિયવક્તા, અક્રોધી, સત્યવાદી, સૌને રાજી રાખનારો વ્યહારમાં શુદ્ધ તથા સંપત્તિ પ્રાપ્ત થવા છતાં પણ લોભ નહિ કરનારો હોવો જોઈએ.

''મંજરાજ યશોભૂષણ''ના રચયિતા અભિનવ કાલિદાસે પણ સૂત્રધારની પરિભાષાનો ઉલ્લેખ કરતાં કહ્યું છે, - જે નાટકના નેતાના ગુણો અને કવિની રચનાનાં ગુણોને ટૂંકમાં એકઠા કરી શક્તો હોય અને રંગમંચના બધા સંસ્કારોમાં પ્રવીણ હોય તેજ સૂત્રધાર કહેવાય છે.'' શારદાતનયે પોતાના 'ભાવપ્રકાશનમ્'ના નાટ્ય પ્રયોગ, ભેદ, પ્રકાર વિશેષનિર્ણય નામના દશમ્ અધિકારમાં સૂત્રધાર શબ્દનું નિર્વચન આ પ્રકારે કર્યું છે.

''જે વ્યક્તિ નાટકમાં આવેલી કથાવસ્તુ નાટકના નાયક તથા નાટકમાં રસોનું રૂપ મંગલાચરણના અંત ભાગમાં મંગલાચરણના શ્લોક દ્વારા જ સમજાવી દે છે, તે જ સુત્રધાર કહેવાય છે.''

આથી, **નાટક દિગ્દર્શકના જે ગુણોની યાદી ઉપર આપવામાં આવી છે તે બધા ગુણો નાટક દિગ્દર્શકમાં હોવા જ જોઈએ, જે દુર્ભાગ્યવશ આજકાલના નાટ્ય દિગ્દર્શકોમાં જોવા નથી મળતા. પરંતુ આનંદની વાત એ છે કે, કવિવર શ્રીકૃષ્ણવલલભાચાર્ય સ્વામીજી વિરચિત્ શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા શ્રી શ્વેતાયન સંહિતા ઉપરોક્ત વિષયોથી ભરેલી છે.**

- પંડિત સીતારામ ચતુર્વેદી...

શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજી મહારાજની દૃષ્ટિમાં અન્ય ધર્મ...

સૌગત સંસ્કૃત શાસ્ત્રાધ્યયનાધ્યક્ષ પરિમલ સતીશ ભટ્ટાચાર્ય,

દેહરાદૂન.

ભગવાન પરબ્રહ્મ એક છે, બ્રહ્મધામના વતની છે, સર્વત્ર પણ છે, માનવમાત્ર તત્ત્વમૂર્તિની ઉપાસના કરે છે, યથાબુદ્ધિ ઉપાસે છે. બુદ્ધિ આત્મચૈતન્ય છે, અવસ્થા પ્રમાણે પરિવર્તનશીલ છે, વિષય ગ્રહણ થવાથી બુદ્ધિના હોવાથી બુદ્ધિનું અસ્તિત્ત્વ રહે છે, આ સવિષય અસ્તિત્ત્વ છે. સ્વરૂપથી જ્ઞાનની નિત્યતા તો છે જ, તો પણ વિષય બુદ્ધિ પર આરુઢ હોવાથી વિષયાંતરથી રુપાંતર કહેવાય છે. વિના બુદ્ધિ ઉપાસના નથી થતી, ઉપાસના નજીકની વસ્તુમાં બુદ્ધિનું આસન જામવું, નિરાકારમાં પણ આસન તો જામે છે, કાર્યવશ મૂર્ત-સમૂર્તમાં તો આસન જામે જ છે, એકમાં જ આખી દુનિયાના ઉપાસકોની બુદ્ધિના આસન વિના સમિપતા કેવી રીતે, કયાં જામશે ? આથી સર્વત્ર અસ્તિત્ત્વ પરમાત્માનું છે, ઉપનિષદો આ વાતના મુખ્ય દૈવી પ્રમાણો છે, જગતના બધા માનવ સમૂદાયના પ્રાચીન-અર્વાચીન શાસ્ત્રો પોતપોતાના મુખ્ય પ્રમાણરૂપ છે. તેનાથી નિરાકારનું પણ સર્વત્ર રહેવું, સૌ પ્રત્યે રહેવું, માણસને નક્કી મનાય છે. સર્વત્ર છે તો આત્મામાં પણ છે, ત્યાં ઉપાસના ઉત્તમ છે, આથી આત્મામાં અંતર્યામી અથવા શુદ્ધ બ્રહ્મ ઉપાસવામાં આવે, તે સૌને માટે નિયમ જ છે, ઈશ્વર-દેવ ઋષિ, પિતૃ-નાગ આદિ જ્ઞાની જગત આત્મામાં નિર્દિધ્યાનાસન કરે છે, તેના અનધિકારી માટે બાહ્ય સ્થિત ઉપાસના હિતેચ્છુઓએ પ્રવર્તાવી છે, મૂર્તિઓની ઉપાસના કરવામાં આવે છે, વિધિથી પ્રતિષ્ઠિત મૂર્તિમાં શ્રધ્ધા જામે છે, ઉપાસના પણ થાય છે.

અતિસ્થૂળ બુદ્ધિની પ્રજાને સાકાર પ્રતિમાં રૂપ, શણગારમાં ધ્યાન-ઉપાસના થાય છે. કોઈ ઉપાસના એવી છે કે જડચેતન બંનેમાં પ્રભુ છે. તેનું નિર્દિધ્યાનાસન કરવું, કોઈ સૂર્ય, વરુણ, અગ્નિ, સંત, ગુરૂ, ગાયમાતા, પવિત્ર વૃક્ષ, કુમારી કન્યા, સતી, યોગી આદિકમાં પ્રભુને વિશેષ ઉપાસે છે. દેશ જ્ઞાતિ આદિના ઉપદેષ્ટા સુધારકમાં પણ બ્રહ્મની ભાવનાથી ઉપાસના થાય છે. હનુમાન, ગણેશ, શિવ, વિષ્ણુ, નારાયણ, અર્જુન, તીર્થંકર, જિન, અલ્લાહ, ઈશુ, ગોડ આદિ કોઈપણ પ્રતિક રૂપે બ્રહ્મની ઉપાસના પરંપરાગત પ્રવાહથી પણ થાય છે. બ્રહ્મ સર્વત્ર છે. આથી ચાહે જ્યાં પણ તેને સર્વસ્વ અર્પણ કરી શકે છે, આ સર્વત્ર બ્રહ્મની માન્યતા સૌનો એક ધર્મ છે. પ્રત્યેક વ્યક્તિનો અંતરાત્મા બ્રહ્મ છે. આ સૌની સ્વીકૃત અનંત અસંખ્ય બ્રહ્મની માન્યતા છે. આ બંનેથી ન્યારી માન્યતા વચ્ચેની કક્ષામાં રહી ગઈ, આ સમૂદાયની માટે છે, વિપ્ર સમાજ શિવમાં, ક્ષત્રિય સમાજ સૂર્યમાં, વૈષ્ણવ સમાજ વિષ્ણુમાં, કોઈ ઈશુમાં, કોઈ અલ્લાહમાં, કોઈ અકાલમાં, કોઈ ભાગ્યમાં, કોઈ કર્મમાં, બ્રહ્મત્વની ભાવનાથી ઉપાસના કરે છે. ઉપાસ્યની મૂર્તિઓ પ્રતિમાઓ અનેક પ્રકારની પ્રતિષ્ઠાપિત્ત કરે છે. પવિત્ર મંદિર, દેવાલય, પુણ્યતીર્થ બનાવડાવે છે. ત્યાં વિશેષતાથી આરાધ્ય બ્રહ્મ ઉપાસિત નિદિધ્યાસિત થઈ શકે છે. તેનું સ્થૂળ નામ છે સંપ્રદાય, સૂક્ષ્મ રૂપ છે તેનું વિજ્ઞાન, કારણ રૂપ તો એક જ છે. સાત્ત્વિક,

રાજસી, તામસી માનવ આદિ એ પોતાની પ્રકૃતિને અનુકુળ દેવ આદિની અર્ચના ઉપાસનાની રીત ચલાવી છે. તેની પુષ્ટી માટે અલગ ગ્રંથ રચવામાં આવે છે. વિભિન્ન દેશોની પ્રજાના એક જેવા જ રીતિ-રીવાજ હોવા અસંભવ છે. આથી એક સરખી પ્રતિમાઓ, એક સરખી પૂજા ઉપાસનાઓ, એક સરખી ગતિ પણ અસંભવિત છે, આ બાબતનો મેળ નથી થતો, પરંતુ સૌને સંસારથી છૂટીને બ્રહ્મની સમીપે મુક્તિમાં જવું, આ વાતનો મેળ થઈ શકે છે. આ દૃષ્ટિથી મોક્ષ ધર્મ એક છે, ઉપાસનાનો પ્રવાહ એક છે. ભાગવત્ ધર્મનું અનુષ્ઠાન, સમર્પણ, નિષ્કામ સાધન, આત્મનિવેદન એક પ્રકારના છે. ઉત્તમ-મધ્યમ-કનિષ્ઠ ભલે હોવાથી પરંતુ એક જાતીય, એક સ્વરૂપી તે સાધન છે, અદ્વૈતની એક પ્રકારની મુક્તિ છે. દ્વૈતિઓની અનેક પ્રકારની મુક્તિઓ છે. અંતે એકમાં સમાવેશ કરવો જ પડશે, એકમાં સમાવિષ્ટ થવું જ પડશે. મહાપ્રલયમાં એકની બહાર કોઈ નથી રહી શક્તું, ખંડ પ્રલયોની વાત જુદી છે. આ બધાની આગળ આગળ શું થશે? તેની શાંતિ બ્રહ્મ થવામાં જ છે. આ રીતે એક ધર્મીપણું આવી જ ગયું. જ્યાં સુધી શરીર છે, શરીરસ્થ આત્મા છે, આંખોને આધિન જુએ છે તો જુદા જુદા ધર્મો ઉપસ્થિત થતાં જ રહેશે. ક્રિયા ગતિશીલ જગતમાં એક પછી બીજાનું સ્થાન હોય જ છે. જુદું જુદું જોવામાં આવશે પણ, ચિરંજીવીઓને જુદું જુદું દેખાતુ જ જાય છે. વિજ્ઞાની જીવીઓને જુદાં જુદાંનો અવરોધ થતો રહે છે. અબાધિત એકનું દર્શન સતત અખંડ ચાલતુ જ રહે છે. આથી બધા પરિવર્તનશીલ ધર્મોમાં પણ નિત્યશાશ્વત ગુણધર્મ તો એક જ દેખાય છે. દેહધારીઓને મરવું પડશે, આ એક તો શાશ્વત આ પણ ધર્મ છે, તે બધાંને એક સરખું જ છે. દુ:ખથી છુટવું બધાને, આ પણ એક સરખું જ છે. સુખમાં જવું, આ પણ એક સરખું જ છે. સુખેથી સમર્પિત થવું, આ પણ એક સમાન જ છે. આ બધાં એક પિંડ બની જાય છે. તે મુક્તિપિંડ કહેવાય છે. આ પણ એક સમાન છે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજીના ગ્રંથોમાં આદ્યાત્મિક વિષયોમાં આ એક ગુણધર્મ સર્વત્ર સારાંશરૂપે નીકળી આવે છે. બ્રહ્મ પ્રાપ્તિ, સર્વસામાન્ય ભાગવત, પ્રાપ્તિરૂપ સિધ્ધાંત તાત્પર્ય વિષયરૂપ થઈ મળે છે. હવે વાત આવી માનવ વ્યવહાર ધર્મની. જેવો દેશ, જે પ્રકારની પ્રજા, જે બાજુ વલણ, જે ઉપદેષ્ટા મળ્યા,તેમા જેવી જેની શ્રધ્ધા, તે અનુસાર વ્યવહાર ધર્મ સ્થાન લે છે. આ ધર્મો વિભિન્ન છે, કૃત્રિમ છે. સમાજ બદલાવવાથી બદલી જાય છે. પૂર્વમાં કે પશ્ચિમમાં નમન કરો. ધરતી પર કે ઉપર નમો બધી દિશાઓ એકજ છે. વ્યાપક બ્રહ્મ પૂર્વમાં, પશ્ચિમમાં, ઉત્તરમાં, દક્ષિણમાં ઉપર નીચે, આજુ બાજુ, અંદર બહાર, સર્વત્ર છે. અન્ય ધર્મોની વિવિધ દૃષ્ટિઓ શ્રીસ્વામીજીની એક દૃષ્ટિ જ છે. સંસ્કારો જુદા છે, શરીર જુદા છે. શરિરી સંસ્કાર કરવા યોગ્ય નિત્ય સંસ્કૃત એક જ છે. સ્વામીજીની આ દૃષ્ટિ છે. પોતાને ગમે તેવી રીતે સૌમાં જોવું એક ધર્મ દૃષ્ટિ છે. રાગદ્વેષ ત્યજવા, અજ્ઞાન, અવિદ્યા, અંધારું, માયા, આદિને ત્યજવી વિદ્યા, વિજ્ઞાન, ભક્તિનું હોવું, સૌને માટે એક દૃષ્ટિ છે. બ્રહ્મરૂપ થયા વગર બ્રહ્મમાં ભળવું નહીં બને, નામ જુદું હોવું પણ અલગ નથી, ત્યાંનો પ્રદેશ સૃષ્ટિથી ત્રણ ગણો વિશાળ છે. જ્યાં જે રસ્તો મળ્યો ત્યાં જ જવાનું સ્વીકાર્યું. આગળ મોટા ત્રણ ગણામાં પહોચવું જ પડશે, આ ધર્મ એક સમાન છે. આ યુગમાં રીત-રીવાજ એકસરખાં કરવાનો આદરભાવ સમયાનુસાર સૂઝી ગયો છે, ત્યારે પણ તે

ભાવ ખંડીત જેવો તો રહેશે જ. પ્રલય સુધી રહેશે, કારણકે સ્વાર્થથી ભર્યું આ જગત છે. સ્વાર્થ સ્વયં પરમાર્થથી જુદી રીતે વરતશે. જેણે સ્વાર્થ ત્યાજ્યો તે બ્રહ્મદૃષ્ટિવાળો, પરીપકવ જ્ઞાની, બ્રહ્મચારી, એકાર્થબુધ્ધી થઈને બ્રહ્મમાં લીન થઈ જ જશે. તેના માટે એક જ ધર્મ ફલિત થયો. હવે વૈષ્ણવ, શૈવ, જૈન, બૌધ્ધ, સાક્ત આદી કોઈપણ સમાજ એકાંતિક થશે તો જરૂર એક ગુણધર્મવાળા થઈને બ્રહ્મમાં પહોંચશે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે પોતાના ગ્રંથોમાં આધ્યાત્મિક રીતથી તથા અખિલ ભૂમંડલીય સાંપ્રદાયિક મુક્તિ વ્યવસ્થા નામના ગ્રંથમાં સાંપ્રદાયિક રીતથી એક ગુણધર્મને લક્ષ્ય કરીને જનારા વિવિધ વિરામ સ્થાનોમાં રોકાશે - આ વાતનો સારી રીતે સવિસ્તાર ઉલ્લેખ કર્યો છે. પરંતુ સૌને પરબ્રહ્મ સુધી પહોંચાડ્યા છે. સ્વામીજીની દૃષ્ટિ બ્રહ્મદૃષ્ટિ છે, સ્વયં બ્રહ્મ છે. તેમના પ્રતિ જુદાં જુદાં ધર્મો પણ એક જ ધર્મ છે. ઔપાધિક, વ્યવહારીક ધર્મ તો અહીં જ રહી જાય છે. પારમાર્થિક સત્ય, બ્રહ્મ ધર્મ જ આત્મા બ્રહ્મની સાથે જશે.

અમેરીકા, ઓસ્ટ્રેલીયા, એશિયા અંતર્ગતના વિભાગોમાં પણ શાસ્ત્રો દ્વારા એકધર્મ વિજ્ઞાન પામવા લાગ્યું છે. એક ઉપાસના થવા લાગી છે, નિષ્કામ કર્મ, એક સમર્પણ રૂપ સાધન થવા લાગ્યું છે. જો કે પરમેશ્વરના જ્ઞાનમાં છે, યતિ યોગી અવતારોના જ્ઞાનમાં છે, શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીના જ્ઞાનમાં છે, તે જ એકતા છે. તે એવા મહાન યતિવર્ય ભારતના સૌના માટે પરમાર્થ ચિંતન કરનારા છે. પરમેશ્વરની જેમ અભિનંદનને પાત્ર જ છે. બધા વિદ્વાનોના અભિનંદન આ પરમપુરૂષ માટે યોગ્ય જ છે. શ્રીવેદ વ્યાસજીના વિજ્ઞાન અવતાર પછી શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય શ્વેતાયન વ્યાસ અવતાર વર્તમાનમાં જગતને એકાંતિક ધર્મનું વિજ્ઞાન આપવા માટે પ્રગટ થયા છે અને ગરીનારની ગુફામાં બીરાજે છે. શ્રીદતાત્રેય ભગવાન જે ગિરનારના શિખરમાં બિરાજે છે. જ્યાં ગિરનારનાં કુંડમાં વામન ભગવાન ત્રિવિક્રમજી બલીરાજા માટે આવ્યા હતા તથા ઉપરી મેદાનોમાં શ્રીકૃષ્ણનારાયણ બલદેવજીએ વિહાર કર્યો છે, રમ્યા છે, જ્યાં બધાં દેવતાઓ, સિધ્ધપુરૂષ, તીર્થ સાધુ, સતીઓ, ગિરનારની પરિક્રમાં કરનારા તીર્થ વાસીઓને ફળ દેવા હાજર રહે છે. આ પણ બ્રહ્મ અવતાર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યની પ્રત્યક્ષ પરિક્રમા રૂપ એક ધર્મ છે. તમામ સંપ્રદાયો મત પંથવાળા આવે છે. તીર્થ કરે છે, ફળ પામે છે, પરસ્પર વર્તે છે. વિશેષ તો બ્રહ્માનંદમાં મળે છે, મોક્ષમાં પણ જાય છે. આ ભારતભૂમિ, સૌરાષ્ટ્રભૂમિ, ગિરનારભૂમિ, કુંકાવાવભૂમિ પણ અભિનંદનને પાત્ર છે. હું પણ મારા પૂર્ણ અભિનંદન પાઠવું છું. જે ભૂમિ પર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી વધું જીવ્યા ત્યાં તેમના જેવા સંતોના અવતાર થતા રહે, વિદ્યા અને વિજ્ઞાનને મંદિરો પણ બનતા રહે, એવી ભગવત્ચરણોમાં પ્રાર્થના.

- પરિમલ સતીશ ભટ્ટાચાર્ય...

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ભારતના મહાન તત્ત્વચિન્તક...

પંડિત કુમારદત્ત કાનડી (વેદમૂર્તિ મહાચાર્ય)

કોલંબો, સિલોન.

ભારતભૂમિ આદ્યાત્મિક તત્ત્વચિંતકોની સાગરખાણ છે, ત્યાં ખૂણે ખૂણામાં તત્ત્વચિંતનો જીવંત રખાતા આવ્યાં છે. ભારતમાં તત્ત્વચિંતક બત્રીસ વ્યાસ ઈશ્વરાવતાર થયા છે. સૌએ પરમેશ્વર, ઈશ્વર, આત્મા, માયા, તત્ત્વ, સૃષ્ટિ, જ્ઞાન, સાધન કે મોક્ષનું ચિંતન કર્યું છે. વૈવસ્વતઃ મનુથી લઈને આજ દિવસ સુધીમાં માહેશ્વર યોગ પ્રદર્શિત ૩૨ વ્યાસો તત્ત્વચિંતક થયા છે.

હિમાલયના છાગલ શિખરમાં પ્રથમ શ્વેતાયન વ્યાસ થયા, તેમના શ્વેતશિખ, શ્વેતાશ્વ, શ્વેતલોહિત, નામના વેદપારંગત ચાર શિષ્યો થયા. દ્વિતીય સત્ય નામના વ્યાસ, પ્રજાપતિના અવતાર થયા, તેમના દુન્દુભિ, શત્રૂરૂપ, ઋચીક અને કેતુમાન્ નામના ચાર શિષ્યો યોગજ્ઞાની સનાતન બ્રહ્મજ્ઞાની થયા. તૃતીય ભાર્ગવ નામના વ્યાસ થયા, તેમના વિશોક, વિશાપ, વિકેશ અને શાપનાશન નામના ચાર શિષ્ય યોગી તત્ત્વચિંતકો થયાં. ચતુર્થ અંગિરા નામના વ્યાસ થયા, તેમના સુમુખ, દુર્મુખ, દુર્દમ અને દુરતિક્રમ નામના ચાર શિષ્યો થયા. પાંચમાં સવિતા નામના વ્યાસ થયા. કંક રાજયમાં તેમના સન, સનંદન, સનાતન, ઋભુ અને સનત્કુમાર એમ પાંચ તત્ત્વચિંતક શિષ્યો થયા. છઠ્ઠા લોકાક્ષી નામના વ્યાસ થયા. તેમના સુધામા, વિરજ, શંખ અને પાદ્વ ચાર શિષ્યો થયા. સાતમા શતક્રતુ વિભુ નામના વ્યાસ થયા, તેમના સારસ્વત, સુમેશ્વ, વસુવાહુ અને સુવાહન ચાર તત્ત્વચિંતક શિષ્યો થયા. આઠમા વશિષ્ઠ નામના વ્યાસ થયા. તેમના કપિલ, આસુરિ, પંચશિખ અને વાગ્બલી નામના ધ્યાની, તત્ત્વજ્ઞાની આ ચાર શિષ્ય થયા હતા. નવમા સારસ્વત નામના વ્યાસ થયા. તેમના ઋષભના અંશ પરાશરા, ગાર્ગ્ય, ભાર્ગવ અને અંગિરા નામના વેદપારંગત, તપોબલ શ્રેષ્ઠ, શાપ-અનુગ્રહ કુશળ, યોગી, તપસ્વી, ધ્યાની અને તત્ત્વવેતા એવા ચાર શિષ્યો થયા હતા. દશમા ત્રિધાયા નામના વ્યાસ થયા, તેમના હિમાલયના ભૃગુશિખરમાં બલબંધુ, નિરમિત્ર કેતુશ્રૃંગ અને તપોધન નામના ધ્યાનયોગી તત્ત્વચિંતક ચાર શિષ્યો થયા હતા.

અગિયારમા ગંગાદ્વારમાં તિષ્ઠદ્યાસ નામના વ્યાસ થયા. તેમના ઉગ્રા, માહષિ તથા લંબોદર, લમ્બ, લમ્બાક્ષ અને લમ્બકેશ નામના માહેશ્વર તત્ત્વયોગચિંતક શિષ્યો થયા હતા. બારમા શતતેજા કવિ વ્યાસ થયા, તેમના અત્રિ મહર્ષિ તથા હૈમકવનમાં ભસ્મયોગી, સર્વજ્ઞ, સમબુદ્ધિ અને સાધ્ય શિષ્યો થયા હતા. તેરમા સ્વયં ધર્મ નારાયણ નામના વ્યાસ થયા, તેમના વાલિ ઋષિ તથા ગંધમાદન પર્વતના વાલખિલ્ય આશ્રમમાં તપોવન, ઉર્ધ્વરેતા અને યોગી એવા સુધામા, કાશ્યપ, વિશિષ્ઠ અને વિરજા નામના શિષ્યો થયા હતા. ચૌદમા સુરક્ષપર્યાય નામના વ્યાસ થયા, અંગિરાના વંશમા ગૌતમ તત્ત્વચિંતક થયા. ગૌતમ વનમાં અત્રિ, ઉગ્રતપા, શ્રાવક અને સવિષ્ઠક નામના શિષ્યો થયા હતા. પંદરમાં આરૂણિ નામના વ્યાસ થયા, તેમના પરમેશ્વરના અસ્ત્ર અવતાર વેદજ્ઞ વેદશિરા મહર્ષિ, હિમાચલપ્રદેશમાં થયા. સરસ્વતી શિખરમાં કુણિ, કુણિબાહુ, કુશરીર અને કુનેત્રક નામના શિષ્યો થયા હતા. તેઓ બંસિષ્ઠ ઉર્ધ્વરેતજ્ઞ તત્ત્વચિંતક હતા. સોળમાં સંજય નામના વ્યાસ થયા.

ત્યારે ગોકર્ણવનમાં ગોકર્ણઋષિ થયા. તેમના કાશ્યપ, ઉશ્ના, ચ્યવન અને બૃહસ્પતિ નામના ચાર તત્ત્વચિંતક શિષ્યો થયા હતા. સત્તરમાં દેવકૃતજન્ય વ્યાસ થયા. ત્યારે ગુફાવાસી મહર્ષિ હિમાલયના ઉતૃંગ શિખરમાં થયા. તેનું મહાલય સિદ્ધક્ષેત્રારણ્ય નામ થયું. તેમના બ્રહ્મજ્ઞ, યોગી મહાત્મા ઉતથ્ય, વામદેવ, મહાકાલ અને મહાલય નામના મુખ્ય તત્ત્વચિંતક શિષ્યો થયા. તેમના ધ્યાનસિદ્ધ એક લાખ ધ્યાન પરાયણ યોગી મહેશ્વર કૃપાપાત્ર થયા હતા. અઢારમાં ઋતજન્ય નામના વ્યાસ થયા. ત્યારે હિમાલયના શિખંડી શિખરમાં ઋષિસિધ્યિ, નિષેવિત્ અને શિખંડી નામના તત્ત્વવેતા મહર્ષિ થયા. તેમના વાચશ્રવા, ઋચીક, શાવાશ્વ અને દૃઢવ્રત નામના વેદપારંગત ચાર શિષ્યો થયા હતા. ઓગણીસમાં ભરદ્વાજ વ્યાસ થયા. હિમાલયના જટાયુ શિખરમાં જટામાલી મહર્ષિ થયા. ત્યારે હિરણ્યનામા, કૌશિલ્ય, કાક્ષીવસ અને કુથુમિ નામના ઉર્ધ્વરિતા, યોગી અને ઈશ્વરશક્તિ શિષ્યો થયા હતા. વીસમાં વાચઃશ્રવા વ્યાસ થયા. અટ્ટહાસ મહર્ષિ થયા. ત્યારે હિમાલયના સિદ્ધ અને ચારણ સેવિત અટ્ટહાસ શિખરમાં ધ્યાની, વ્રતિ, તત્ત્વવેતા અને યોગયુક્ત એવા સુમંતુ, બર્બરી, વિદ્વાન, સુબંધુ અને કુશિકન્ધર નામના શિષ્યો થયા હતા.

એકવીસમાં વાચસ્પતિ સ્વયં વ્યાસ થયા. ત્યારે દેવદારૂ વનમાં દારૂક મહર્ષિ થયા. તેમના પ્લક્ષ, દાક્ષાયણિ, દાલ્ભ્ય અને કેતુમાલી નામના શિષ્યો થયા હતા. તેઓ ઉર્ધ્વરિતા મહાત્માઓ તત્ત્વચિંતક ધ્યાની અને તપસ્વી હતા. બાવીસમાં કાશીમાં શુકલાયન વ્યાસ થયા. ત્યારે લાંગલી, ભીમક, હલાયુદ્ધ અને વસુગણ મહર્ષિ થયા. તેમના ધાર્મિક એવા તુલ્યાર્ચિ, મધુપિંગાક્ષ, શ્વેતકેતુ, ચિત્રકૃ વગેરે શિષ્યો થયા. જેઓ બ્રહ્મભૂત ધ્યાની હતા. ત્રેવીસમાં તૃણબિંદુ નામના વ્યાસ થયા. કાલંજર પર્વતમાં શ્વેત નામના મહામુનિ થયા ત્યારે ઉસિજ, બૃહદ્રુહય, દેવલ, કવિ અને અસિત શિષ્યો થયા હતા. ચોવીસમાં ઋક્ષ નામના વ્યાસ થયા ત્યારે નૈમિષારણ્યમાં ત્રિશૂલી ઋષિ થયા. તેમના તપસ્વી એવા શાલિહોત્ર, અગ્નિવેશ્ય, યુવનાશ્વ અને શરદ્વસુ નામના શિષ્યો થયા હતા. પચ્ચીસમાં વાસિષ્ઠશક્તિ વ્યાસ થયા. ત્યારે કોટીશ્વર નગરમાં મુંડીશ્વર દંડી ઋષિ થયા. ત્યારે ઉર્ધ્વરિતા એવા છગલ, કુંભકર્ષા, કુંભકૃ અને પ્રવાહૃક તત્ત્વજ્ઞાની શિષ્યો હતા. છવ્વીસમાં પરાશર સ્વયં વ્યાસ થયા. ત્યારે પુણ્યભૂમિ રૂદ્રવટમાં સહિષ્ણુ ઋષિ થયા. તેમના ધર્મવાન એવા ઉલૂક, વૈધૃત, શર્વક અને આશ્વલાયન શિષ્યો હતા. સત્તાવીસમાં જાતૂકર્ણ્ય વ્યાસ થયા. પ્રભાસક્ષેત્રમાં સોમ શર્મા બ્રાહ્મણ તત્ત્વવેતા થયા ત્યારે અક્ષપાદ્, કણાદ્, ઉલૂક, વત્સ્ અને વિમલબુદ્ધિ તત્ત્વચિંતકો શિષ્યો થયા હતા. અઠ્ઠાવીસમાં પરાશરપુત્ર સ્વયં વિષ્ણુ દ્વૈપાયન વ્યાસ થયા. ત્યારે પરમપુરૂષ વાસુદેવ કૃષ્ણ ભગવાન તત્ત્વવેતા થયા. મેરૂ પર્વતની ગુફામાં નકુલી મહર્ષિ થયા. લકુલી આદિ તત્ત્વવેતા થયા. ત્યારે કાયાવરોહણ ક્ષેત્રમાં તપસ્વી, યોગી, વેદપારંગત એવા ઉર્ધ્વશીલ, કુશીક, ગાર્ગ્ય, મિત્રક, રુષ્ટ વગેરે મહર્ષિઓ થયા હતા. સ્મૃતિના ધર્મનો વિભાગ કર્તા મહર્ષિ થયા હતા. તેમના જૈમિનિ રોમહર્ષણ, પતંજલિ, વૈશમ્પાયન વગેરે વગેરે શિષ્ય થયા હતા. તેમણે અનેક પ્રકારની વેદ-વિદ્યાઓ પ્રગટ કરી હતી. બ્રહ્મ વિદ્યાઓ પ્રગટ કરી હતી, વ્યવહાર વિદ્યાઓ તથા મોક્ષ વિદ્યાઓ આન્વિક્ષિકી વિદ્યાઓ પણ પ્રગટ કરી હતી. કપિલજીએ સાંખ્યવિદ્યા પ્રગટ કરી, શ્રીવિજ્ઞાનભિક્ષુ, વાચસ્પતિ વગેરેએ તેના પર વિચાર કરી ટીકાઓ-ભાષ્ય લખ્યા. પંચશિખ, આસુરિ, ઈશ્વરકૃષ્ણ

આદિકે ષષ્ટિતંત્ર લખ્યું. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ સાંખ્ય પર સ્વતંત્ર ભાષ્ય લખ્યું. વાચસ્પત્ય પર કિરણાવલીઓ લખી, માઠર ભાષ્ય પર કિરણ લખ્યા. મહાભારતના સાંખ્યમાં નિરાકાર અદ્વૈત ભર્યું છે જે અવિદ્યા નાશ કરવાનું જણાવે છે, જ્યારે કપિલનું સાંખ્ય માયા અને પુરૂષ એમ બંનેને જણાવે છે, સાકાર સત્ ખ્યાતિ, સત્કાર્ય બતાવે છે. સ્વરૂપ ખ્યાતિ કૈવલ્યનું સાધન છે. કૈવલ્ય સ્વરૂપ સ્થિતિ બતાવે છે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ 'ઈશ્વરાસિદ્ધે', 'તદસિદ્ધે', 'ઉપાસાત્રૈવિધિ' વગેરે દ્વારા સત્સાકાર પ્રાપ્ય ઈશ્વરસિદ્ધિ તરફ તત્ત્વચિંતન કર્યું છે અને સેશ્વરસાંખ્યવાદ સ્થાપિત કર્યો છે. યોગ દર્શનમાં પતંજલિએ અથવામાં ચિત્તવૃત્તિ નિરોધ રાખ્યું અને ઈશ્વરપ્રણિધાન પણ રાખ્યું. પુરૂષ વિશેષ પરમગુરૂ પરમેશ્વર જરૂર રાખ્યા. સ્વરૂપની પ્રતિષ્ઠાને ચિત્તશક્તિ કે મોક્ષપ્રતિષ્ઠા કહ્યું.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ પરકાયા પ્રવેશહેતુથી, પરમાનસ પ્રવેશહેતુથી, સર્વભિન્ન તત્ત્વોમાં સંયમહેતુથી, સિદ્ધિઓ-સર્વજ્ઞ આદિની પ્રાપ્તિના સિદ્ધાંતથી સંસારપ્રદ માયાનો સંગ છૂટે છે તો માયાસંયોગની જગ્યાએ પરમેશ્વર પ્રણિધાન સંયોગ દાખલ થાય જ છે, રહે જ છે. વ્યાપક તત્ત્વને જોડાયેલ રહેતા હોવા છતા પણ સંસાર-આવાગમન નથી. હેયં- હેયસાધન, હાનં-હાનસાધનમાં હાન-મોક્ષ મળી ગયો તો દુઃખનો અહેતુ ઈશ્વર-પ્રણિધાન-વ્યાપ્ત સંયોગ હેય સાધન તો છે નહીં ઈશ્વર પ્રાપ્તિ અહેયમાં સમાવિષ્ટ થઈ જાય છે તો કાલેન અનવચ્છેદ્યગુરુત્વવાળા ઈશ્વર સગુણ, સદા શાશ્વત, એક તત્ત્વ સ્વીકાર કરી લીધું તો યોગશાસ્ત્ર અન્ય આત્માઓમાં સર્વજ્ઞ હોવું, ઈશ્વરનું અન્વયતા હોવું કેમ સિદ્ધાંત ન થઈ શકે ? પ્રણિધાનમાં આત્મા વિશેષ ઈશ્વર હોય જ છે તો અનુયોગી, પ્રતિયોગી રૂપમાં બંનેની વિશેષતાઓ ક્યાંથી ઉઠશે ? આથી આત્માઓને ઈશ્વર સમર્પણમાં અન્ય સત્, સગુણ, સાકાર, સોપાસન સેવા, સર્વજ્ઞ, ધ્યાન, આદિ ભરેલી મુક્તિ કેમ અસ્વીકૃત હોય ? જ્યારે નિત્ય સર્વજ્ઞ, સગુણ, દિવ્ય પરમપુરૂષ સાકાર સ્વીકૃત કરી લીધા તો તેના પ્રણિધાનથી દૃશ્યસંયોગના ત્યાગરૂપ માત્ર અલ્પ ફળમાં જ ચોંટી રહેવું ? જ્યારે મહાન ફળમાં તો પહોંચી જ ગયા છે ઈત્યાદિ યોગદર્શન પર ભાષ્યમાં સગુણસાકાર દિવ્યમૂર્તિ પરમાત્માની ધારણા, ધ્યાન અને સમાધિથી મુક્તિ, પરમાત્મ પ્રાપ્તિ મુક્તિ પર તત્ત્વવિચાર કર્યો છે.

મીમાંસામાં કર્મકાંડથી સ્વર્ગ, શાશ્વત સ્વર્ગ પણ પ્રાપ્ત કરે છે. દેવતાઓમાં ફળ પ્રદાતા વિષ્ણુ વ્યાપક ભગવાન છે તેથી પ્રભુની જ કર્મકાંડી ઉપાસના પર્યવસિત થઈ ગણાય. નારાયણબલિ તથા અન્ય શ્રાદ્ધ વગેરેમાં પરમેશ્વરનો આધાર લેવો જ પડે છે. યજ્ઞમૂર્તિ નારાયણનું પૂજન કરવું જ પડે છે. શબ્દ, બ્રહ્મ, પરબ્રહ્મનો અર્થબોધક છે. અંગોથી અંગી ગ્રાહ્ય જ છે, તો અંગીમાં પહોંચવું અંગીની ઉપાસના કરવી છેવટે શાશ્વત સ્વર્ગમાં અંગી પાસે જવું ઉત્તમ ફળ સિદ્ધ થઈ જાય છે. આ પ્રકારે સ્વામીજીએ મીમાંસાનો સિદ્ધાંત યથાર્થ પ્રતિપાદન કરીને મીમાંસકીય પ્રગટ થતા માર્મિક તત્ત્વસિદ્ધાંતને પોતાના મીમાંસા લેખમાં તત્ત્વચિંતન કર્યું છે.

વેદાંતમાં ઉપનિષદ્માં, પુરાણમાં તો પરમાત્મા ભર્યા જ છે. તેને કોઈ નહીં હટાવી શકે. ન્યાય-વૈશેષિકમાં પરમાત્મા સ્વીકૃત સર્વજ્ઞ, સર્વકર્ત્તા, સર્વકૃતિમાન્, સર્વ ઈચ્છાવાન્, સર્વેક્ષણવાન્, સગુણ સાકાર સ્વીકૃત છે જ. ઉપલક્ષણોથી બ્રહ્મલોકમાં જ માનવું, અન્યત્ર શક્તિથી કે મહાપરિવર્તન

જેમ સ્વીકાર કરવો, ત્યારે તો સર્વજ્ઞ સહિત ને સશરીર પણ સ્વીકારવા, સ્વયં સાવત્‌છેદ્યમૂર્તિ, સર્વમાં અન્વય છતાં વ્યતિરેક, સ્વતંત્રમૂર્તિ સ્વીકારવા વગેરે વગેરે પર વારંવાર ખૂબ જ વિચાર શ્રીસ્વામીજીએ પોતાના ગ્રંથોમાં ન્યાય આનવિક્ષિકી તર્કમાં કર્યો છે. વિશેષ નવા નવા જ્ઞાન વિષયક ઉપર્યુક્ત તત્ત્વોની વિવેચનાઓ પણ કરી છે. શક્તિ વગેરે પર પણ ખૂબ વિચાર કર્યો છે. અધિક પ્રમાણ, અધિક ગુણ, અધિક ઐશ્વર્ય વગેરે વગેરે તત્ત્વવિચાર ઠીકઠીક ઉપર્યુક્ત કર્યા છે. એક સારા દાર્શનિક ન્યાયિક સ્વામીજીએ જ્યાં જ્યાં કલમ ચલાવી, ત્યાં ત્યાં તર્કશીલ પદાર્થના વિષયમાંથી લઈને જાતિ નિગ્રહનો પણ પ્રયોગ કર્યો છે.

શુદ્ધ બ્રહ્મ અવિદ્યામાં અજ્ઞાનથી ઈશ્વર તથા જીવરૂપે મિથ્યા અભિનિવેશિત્ થયું, તો ઉપાસનાથી, જ્ઞાનથી, વાક્યબોધથી, બ્રહ્મસ્વરૂપ ખૂલી ગયું પછી 'ન પુનરાવર્તને' તેની નિત્યતા કેમ રહેશે ? ફરીથી શુદ્ધને અવિદ્યામાં ઈશ્વરત્વ તથા જીવત્વનું મિથ્યાત્વપણું કેમ નહીં થાય ? શુદ્ધની જેમ અશુદ્ધ અનંતર શુદ્ધની તે જ સ્થિતિમાં કોઈ અવરોધક તો નહીં થાય, પૂર્વે સિદ્ધિમાં અવરોધક ન થયું તો પછીથી સિદ્ધિમાં શું અવરોધ થશે ? સ્વયંથી ભિન્ન કોણ હાજર રહેશે ? સિદ્ધ કરેલી શિલામાં ભારહીન આત્મા ઉડતો જ જશે તો ઉડતાં ઉડતાં ભારહીન શીલાને ક્યારેકને ક્યારેક તો ઉલ્લંઘન કરશે જ, ત્યારે ભારવાળી દશામાં પ્રવેશવું જ પડશે. ભારહીનને સ્થિરતા હોતી નથી. જો સ્થિરતા છે તો સિદ્ધ કેટલી શીલાવાળા ઉપદેશકો પણ અહીં ન આવવા જોઈએ! અસ્થિરતાનું સાધન કે પ્રયોજન ત્યાં કોઈપણ નથી. ત્યાં નિત્યશાશ્વત સ્થિર અહીં અનિત્ય, અશાશ્વત, અસ્થિરી આ વિભિન્ન આરોપ એકની ઉપર લગાવવાથી સપ્તભંગી ! સૌને લાગે છે, તો ત્યાં સિદ્ધ કરેલી શીલાવાળાને ત્રિભંગી, નવભંગી, અષ્ટભંગી કેમ નહીં લાગે !!! પોતાની ભિન્ન દૂર દૂર જે ભંગી લગાવી શકે છે, તે ભંગી અતિદૂર પણ લગાવી શકશે. સીમામાં જે ભંગીનો અવરોધ કરશે તેના પર પણ ભંગી લાગશે જ ! શિવનું 'ભસ્મ' થવાનું વરદાન પોતાના માથે પણ લાગી ગયું ! વિમલ વિજ્ઞાનવાળાના માથા પર શું ભંગી નહીં લાગે ? મુખમાં લાગે છે ત્યારે ભંગી બોલે છે, માથે લાગવાના સ્વભાવવાળી છે તો તે અન્યના મસ્તક પરની જેમ વક્તાના માથા પર પણ લાગશે. એ તો ઠીક છે પણ 'ભંગી ન્યાય' સ્વન્યાયના માથા પર પણ લાગશે, જો એવું થશે તો સૌ નિર્ભય થઈ ગયા. સ્થિર નિત્ય શાશ્વત સાબિત થઈ જાય છે વગેરે તત્ત્વ વિચાર ઘણાં દર્શનો પર કર્યા છે. આ પ્રકારે નવ્યન્યાયમાં પણ તર્કની છૂટછાટ રહેવાથી ખૂબ ટીકાઓમાં વિચાર સ્વામીશ્રીએ કર્યો છે.

તત્ત્વપ્રભાવલી, બ્રહ્મરસાયનભાષ્ય, સત્સંગ ભાષ્ય, સાંખ્યયોગ ભાષ્ય, તત્ત્વમુક્તાકલાપ, કિરણાવલી આદિ આદિમાં શ્રીસ્વામીજીએ તત્ત્વવિચાર કરીને ભારતનું વરદાન થયા છે. ભારતના સેવક, ભારતીય વિદ્યાના વિકાસના કારીગર પણ ભારત માતાના સુયોગ્ય બાળક સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આજ ધુરંધર વિદ્વાન વિજય મેળવી રહ્યાં છે. વધુ કહેવા રસ પડે છે જ, પરંતુ તૃપ્તિમાં વિશેષ તૃપ્તિ મળવાથી 'શાંતિ' વિરામ સ્વયં મળી જાય છે. શ્રીસ્વામીજી સર્વપ્રકારના અભિનંદનને યોગ્ય વિદ્વાન છે, કિં બહુંના ? આપનો વિજય થાઓ.

- પંડિત કુમારદત્ત કાનડી...

ભારતીય સંસ્કૃત અને સંસ્કૃતિના ઉદ્ધારક પૂજ્ય સ્વામીશ્રી ચિત્ર-વિચાર-ચર્ચા-પ્રસ્તુતકર્તા

શ્રી વિનાયકશાસ્ત્રી ટિલ્લુ 'વિનય'. (એમ.એ., વ્યાકરણાચાર્ય).

ઈન્દોર-સરકારી સંસ્કૃત મહાવિદ્યાલય, નિવૃત્ત આચાર્ય,

ઉજ્જૈન - મધ્યપ્રદેશ.

માનની અભિલાષા નહીં રાખનાર તથા સંસ્કૃત ભાષાના વિદ્વજ્જનો એવા હે વિદ્વાનો, મારાં આ વંદનરૂપી હારનો ભાર સ્વીકારશો. હું કેટલાક સંકુચિત શબ્દો દ્વારા સંસ્કૃત ભાષાના પ્રચાર માટેના ઉપાય આપ સમક્ષ પ્રસ્તુત કરું છું.

મુંબઈ વાસીઓમાં પ્રખ્યાત એવાં નવીન-આધુનિક પ્રચાર તંત્રો છે. તે બાબતમાં મારે કંઈ કહેવાનું નથી. આથી ચેષ્ટાનો મને અધિકાર નથી.

જ્ઞાન, યોગ્ય વિચારણા તથા આચાર દ્વારા યોગ્ય પ્રચાર થાય છે. આ ત્રણ પૂર્વે જે પ્રચાર થતો તે આ ત્વરિત યુગનો પ્રકાર છે. અભ્યાસ, બોધ તથા આચરણથી થતાં પ્રચાર વિદ્યાના ઉપયોગનાં સાધનો છે. ત્યાં પૂર્વેના ત્રણ વિના કોઈપણ રીતે પ્રચાર શક્ય નથી. અભ્યાસ-ઉચ્ચારણ, વિચાર તથા બોધ - આ ત્રણને અનુલક્ષીને પ્રયત્ન ન થાય ત્યાં સુધી પ્રચાર ક્યાંથી સફળ થાય ? અન્યનું અનુકરણ કરવામાં કુશળ તથા દેશ અને ભાષાનાં ભાગ્ય વિશે વિચારવાના સાહિત્યકારો દ્વારા આ સંસ્કૃતિનું યત્નપૂર્વક ગાન થાય છે. ઉપેક્ષા નથી થતી છતાં ભારતદેશના કર્ણધારો વિપરીત રીતે વર્તે છે. જેને લીધે હાનિ થાય છે. આ રીતે દેવોની વાણી એવી અમર છતાં હતાશ સંસ્કૃત ભાષા દીનભાવે દયાનું દાન કરનારાઓનાં મુખ સામે જુએ છે. સૌભાગ્યવતીઓનાં લલાટ સૌભાગ્યચિહ્ન પ્રકાશથી વંચિત છે.

બાળકોને ચાર ભાષાઓનાં અભ્યાસને કારણે અત્યંત ભારરૂપ થશે તેવા ભયથી શાળાઓમાં સંસ્કૃત ભાષા (સંસ્કૃત)ને વિકલ્પ રૂપે રાખેલ છે. આ ભાષાનો પરિચય જ્યાં સુધી બાલ્યાવસ્થામાં ન થાય ત્યાં સુધી મૂળગામી લાભ નહીં થાય. બાલ્યાવસ્થામાં આ ભાષા મુખમાં ન હોય, તો તેનું સ્વાભાવિક માર્દવ-સૌંદર્ય જળવાતું નથી. કૃત્રિમ રીતે પાકેલ ભક્ષ્ય તથા મ્લેચ્છો એ સન્માનિત કરેલ ઉચ્ચાર વક્તાને કારણે માતાઓએ સુંદર શ્લોકયુક્ત ગીતાના અભ્યાસ દ્વારા પ્રયાસ કરવો જોઈએ. 'ડેડી' 'મમ્મી' એવા બીજાનું અનુકરણ કરીને વિકૃત શબ્દોનાં ઉચ્ચારણ કરવા માતા-પિતા જ બાળકોને પ્રેરે છે. શું આ શોચનીય નથી, જ્યાં માતા સમી દેવભાષા-સંસ્કૃતને ભજવામાં નહીં આવે ત્યાં સુધી બાહ્ય પ્રયત્નો આકાશ કુસુમવત્ વ્યર્થ રહેશે. બહેનોએ શું આ વિચારવું ન જોઈએ ?

માતાનાં સ્તનપાનની સાથે જો બાળકના કાનમાં વાણી માધુર્યથી સ્પષ્ટ ઉચ્ચારણ યુક્ત શૈલી પ્રવિષ્ટ કરવામાં આવે તો સહેલાઈથી આર્ષ સંસ્કાર દૃઢ થાય છે. આ બધું વ્યાખ્યાનો દ્વારા,

વાણીનાં ગર્વથી, બાળગીત, સાહસ કથા કે સુંદર ઉદ્‌બોધનથી પણ નહીં જો સંસ્કૃતિ રૂપી દૂધનું રસપાન ન થાય તો ભારતીયતાની ભાવના-ગૌરવ કેવી રીતે થાય ? પુરાતન સમય પણ ગાર્ગી વગેરે સ્ત્રી સમુદાય કાવ્ય પ્રત્યેના પ્રણયયુક્ત હતો. જો માતા સારી વિદ્યાની જાણકાર હશે, તો બાળક સ્વાભાવિક રીતે તેનું અનુકરણ કરશે.

મને આનંદ થાય છે કે, દેવભાષા સંસ્કૃતના પ્રકાંડ પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનો આ ભારતદેશ સદાય ઋણી રહેશે અને સમગ્ર ભારતવર્ષમાં ભારતીય સંસ્કૃત અને સંસ્કૃતિના ઉદ્ધારક તરીકે આ મહાન સંતપુરુષ અમર બનીને ભારતભૂમિને પ્રકાશિત કરતા જ રહેશે.

- શ્રી વિનાયકશાસ્ત્રી ટિલ્લુ...

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ વિષે પ્રશસ્તિ - રત્નમાલા...

પંડિત રતીનાથ શાસ્ત્રી.

વારાણસી, કાશી.

(૧) **વિરક્ત હોવા છતાં હું પ્રશંસનીય વિદ્યાઓ પ્રત્યે આસક્ત છું. આર્યશ્રેષ્ઠ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યનો જય હો.**

(૨) જેનો જ્ઞાનમય પ્રકાશ ઈશ્વર પ્રત્યેના સ્નેહ વડે વૃદ્ધિ પામે છે તે વિરક્તની હું ઉપાસના કરું છું.

(૩) જે ધરતી આવા સિદ્ધ તથા બુદ્ધિશાળી મહાત્માને જન્મ આપીને ઉત્કર્ષ પામી તેને અમે સહર્ષ પ્રણામ કરીએ છીએ.

(૪) **જેનું સાંન્નિધ્ય પામીને તર્કવિદ્યા પૂજ્ય બની તેવા તર્કશાસ્ત્રીઓના શિરોમણિને વંદન કરું છું.**

(૫) જેને આન્વીક્ષિકીનું જ્ઞાન નથી તેને બુદ્ધિશક્તિ નથી. તેનાથી શક્તિ વિના શું જગતમાં કોઈની પ્રશંસા થાય છે ?

(૬) વનમાં વિહરતાં કેસરી સિંહની જેમ અતિદુર્બોધ શાસ્ત્રોમાં નિર્ભયપણે વિહરતાં તથા વંદનીય એવા આપના જેવો અન્ય ભાગ્યશાળી કોણ હોય ?

(૭) જ્યારે વિજ્ઞાન સુખદાયક તથા દુઃખદાયક વસ્તુઓનાં સંશોધનકાર્ય પરાયણ છે ત્યારે સચ્ચિદાનંદ વિશેનો વિચાર શાંતિપ્રદ લાગે છે.

(૮) સુંદર શિલ્પકલાથી યુક્ત મહાલયો ઉપરની દીપમાલાની જેમ વિજ્ઞાનના ઉદય થવા છતાં અધ્યાત્મવિદ્યા, શોભી ઊઠે છે.

(૯) દિવ્ય અંજન સમાન, લોકોનાં નેત્રને આનંદદાયક તથા સુવર્ણકાંતિથી ચડિયાતો દેહ ચૈતન્ય વિના તજવો પડે છે.

(૧૦) **વિજ્ઞાનનો વૈભવ પ્રાપ્ત કરેલ હોવા છતાં સંસારને સંતોષ નથી. તે સંસાર આપની જેવા સંયમીઓનાં મુખ સામે જુએ છે.**

(૧૧) **આપનાં મુખરૂપી કમળમાંથી પ્રવાહિત થતી સરસ્વતી કાદવથી ખરડાયેલ જગતને સત્ત્વરે નિર્મલ કરે છે.**

(૧૨) હાથી, ઘોડા તથા રથોથી સુશોભિત તથા કમળોથી પૂજિત એવા મઠમાં જો સરસ્વતીનો પ્રકાશ ન હોય, તો તે અંધકાર યુક્ત છે.

(૧૩) જ્યાં સુધી સંપત્તિ વિદાય ન થઈ જાય ત્યાં સુધીમાં પુણ્ય પ્રાપ્ત કરી લેવું. લક્ષ્મી કેટલો સમય કયાં રોકાશે તે કોને ખબર ?

(૧૪) સંસ્કૃત ભાષામાં આસક્તિ ધરાવનાર જે લક્ષ્મી-સંપત્તિમાં લિપ્ત થતો નથી તે સંયમી ઉત્તમ ગુણોને કારણે જીવનમુક્ત છે.

(૧૫) જે વ્યક્તિ જ્ઞાનીઓની સન્મુખ એકાદ રચના પણ પ્રસ્તુત કરે તે સંસાર-જગતમાં પંડિતોથી સન્માનિત થઈને ઉન્નત મસ્તકે શોભી ઊઠે છે.

(૧૬) આપે લગભગ અર્ધશતક જેટલા અને વિદ્વાનોને પ્રિય એવા ગ્રન્થોની રચના કરી હોવા છતાં મનમાં જરા પણ ગર્વ ધરાવતાં નથી.

(૧૭) માછીમારો દ્વારા પણ તરવું મુશ્કેલ એવા શાસ્ત્રોરૂપી અગાધ સમુદ્રનું જેણે પાન કર્યું તેવા આધુનિક અગસ્ત્યને અમે પ્રણામ કરીએ છીએ.

(૧૮) કુતર્કરૂપી કાંટાઓથી વ્યાપ્ત તથા ગાઢ એવા દર્શનરૂપી વનમાં સિંહનું અનુકરણ કરતા આપ શોભો છો.

(૧૯) અસંખ્ય શાસ્ત્રોરૂપી સમુદ્રનાં મંથનમાં મંદરાચલ પર્વત સમા આપે બહુમૂલ્ય રત્નો વિદ્વાનોને અર્પણ કર્યા છે.

(૨૦) સત્ત્વગુણ યુક્ત વાણી સંસ્કૃત ભાષાનાં રક્ષણના વ્રતધારી તથા યોગાભ્યાસ દ્વારા પ્રાણ પર વિજય મેળવનાર આપને કોણ વંદન ન કરે ?

(૨૧) આપનાં ચરણકમળમાંથી નિષ્યંદિત થતાં મધનું દિન-રાત પાન કરતા તથા આપના યશનું ગાન કરતાં ભક્તરૂપી ભ્રમરોનું આપ રક્ષણ કરો છો.

(૨૨) આત્મકલ્યાણ કરતાં તથા સર્વ પ્રાણીઓનું પણ સદા હિત કરતાં આપના જેવો બીજો કોણ હોઈ શકે?

(૨૩) ઉપપત્તિ તથા પ્રમાણ દ્વારા કવિ અને કાવ્યનું ગૌરવ વધારનાર તથા શ્રીયુક્ત એવા આપ જ કવિઓની ગતિ છો.

(૨૪) દેશમાં જટાધારી સેંકડો તપસ્વી જોવા મળે છે. પરંતુ પ્રકૃતિથી સાધુ એવા આપની જેવા બે-ત્રણ જ જણાય છે.

(૨૫) આપનામાં શોક્ય સપત્ની રૂપે રહેલ વિદ્વતા અને સાધુતા એકબીજાને જીતવાની ઈચ્છાથી હંમેશાં સ્પર્ધા કરે છે.

(૨૬) શ્રીકૃષ્ણવલ્લભાચાર્યનાં ચરણકમળ રૂપી મધ સમાન અમૃતનું શ્રોતાઓ સુંદર ગાન કરે છે. તેમના પુષ્પોની સુવાસ દિગંતમાં પ્રસરે. ઉદય પામી રહેલી શ્રેષ્ઠ ચન્દ્રની શોભાનો વિજય થાય.

(૨૭) સીત્તેર વર્ષની પૂર્તિ સમયે સ્વદેશની લક્ષ્મીનાં લલાટ ઉપર તિલક શોભી ઊઠે છે. આપનાં સોમે વર્ષે નવીન સમૃદ્ધિથી સુશોભિત એવી શોભા ફરીવાર ચૂડામણિ બની રહે.

રતિનાથ કવિની રચેલી, નવીન તથા ઉજ્જવલ એવી આ નક્ષત્રમાલિકા (નક્ષત્રોની સંખ્યા સત્યાવીસ હોવાથી આ શ્લોકોને નક્ષત્રમાલિકા સાથે સરખાવેલ છે.) કીર્તિરૂપી શોભા સ્વામીશ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના કંઠનું આભૂષણ બને એવા અભિનંદન સમર્પિત હો.

- પંડિત રતિનાથ શાસ્ત્રી...

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી - અભિનંદનમ્...

સુધીરકુમાર ગુપ્ત.

રાજસ્થાન વિશ્વવિદ્યાલય સંસ્કૃત વિભાગ ભારતી મંદિર અનુસંધાન શાળાના વ્યાખ્યાતા, નિર્દેશક, ભારતીશોધ સાર સંગ્રહ પત્રિકાના મુખ્ય સંપાદક. જયપુર (રાજસ્થાન).

એ આનંદનો વિષય છે કે, સ્વામીશ્રી કૃષ્ણવલ્લભાચાર્યનું અભિનંદન કરતો એક ગ્રન્થ પ્રકાશિત કરવા વિદ્વાનો ઈચ્છા ધરાવે છે. સંસ્કૃત સાહિત્યનાં વિવિધ ક્ષેત્રોનાં નિષ્ણાત એવા સ્વામી મહોદય ૫૪ ગ્રન્થોના લેખક છે. લેખક નિષ્ઠાવાન, વિચારક તથા પૂજ્ય છે. ઋગ્વેદમાં કહ્યું છે કે :- 'ગિરિકન્દરાઓમાં તથા નદીઓનાં સંગમ સ્થળે વિપ્ર (ઋષિ વિદ્વાન) જ્ઞાન સાથે જન્મ્યા.' (ઋ.૮.૬.૨૮.)

આ વિદ્વાનો પણ જ્ઞાનની ગંભીરતા તથા વાણીના સંગમમાં પોતાનાં કાર્યો કરતા જગત માટે પૂજ્ય બન્યા. આવા લોકોને કોણ નમસ્કાર ન કરે ?

જ્ઞાન અગ્નિ છે. જે આ જ્ઞાન જાગૃત થાય છે તે પણ અગ્નિ જ છે. તે જ અગ્રગણ્ય તથા પુરોહિત છે. 'પુરોહિત, યજ્ઞના દેવ, ઋત્વિજ તથા રત્નો-સંપત્તિના શ્રેષ્ઠ દાતા એવા અગ્નિને હું પ્રાર્થના કરું છું.' (ઋ.૧.૧.૧)

વાણી સ્વરૂપ બ્રહ્મ ખરેખર વાણીનાં યોગ્ય જ્ઞાન તથા અનુભવ વડે જાણી શકાય છે. દરેક અક્ષર તથા વર્ણના તે તે અર્થો થાય છે જે જગતમાં જોવા મળે છે અથવા તેની કલ્પના થાય છે. આ જગત વાણીરૂપ છે. આથી જ આ ઉક્તિ છે કે - 'યોગ્ય રીતે - સાચી રીતે સમજેલ તથા પ્રયોજિત એકેક શબ્દ સ્વર્ગમાં તથા જગત્માં કામધેનું છે.' આવો સાચી રીતે જાણેલ અને પ્રયુક્ત શબ્દને જ 'જ્ઞાન' કહેવાય છે. **આવા મહાન, ઉદારતાયુક્ત, ભગવત્પરાયણ, દયાળુ, સર્વ દર્શનોના જ્ઞાતા, તર્કજ્ઞ, યોગીઓ, ન્યાયયુક્ત, વેદાંતીઓ, ધર્મધુરંધર, સર્વમાન્ય, શ્રદ્ધાકેન્દ્ર, લક્ષ્મીનારાયણ સંહિતા રચયિતા, લોકવ્યવહારના જાણકાર, સ્થિતપ્રજ્ઞ વૈરાગ્યયુક્ત તથા નિરાભિમાની તથા જ્ઞાનમાં ગુરુસમા તથા ધીરતા અને ગંભીરતામાં સમુદ્ર જેવા અને બ્રહ્મ જેવા લોકો પ્રખ્યાત થાય છે. 'તે જ જન્મ્યો કહેવાય કે જેના જન્મથી વંશ-કુળની ઉન્નતિ થાય.' આવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી જેવા આચાર્ય પોતાના જન્મથી માત્ર પોતાના વંશને જ નહીં પરંતુ સમગ્ર રાષ્ટ્રને અલંકૃત કરે છે. આના જન્મથી ભારતભૂમિ ભાગ્યશાળી બની છે. જેઓ આનું સાંનિધ્ય તથા દર્શન પામે છે તેઓ ધન્ય છે. આવા મહાત્મા વિરલ હોય છે તેવું વિચારતાં મનને સંતોષ થાય છે.**

પાપથી ભરપૂર, દુઃખી લોકોથી ભરેલી, નિર્ધન લોકોથી ભરેલી, યજ્ઞ વગેરે કર્મો ન કરનાર લોકોથી ભરેલી આ પૃથ્વી પોતાનાં કલ્યાણ માટે આવા સ્વામીશ્રીની જ અપેક્ષા રાખે છે. આવા આચાર્યને અમારાં નમન. ભગવાન પરમાત્માને પ્રાર્થના છે કે, સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું જીવન ચિરંતન બને તથા તેનાં કાર્યો પ્રતિદિન વૃદ્ધિ પામીને સર્વેનું કલ્યાણ કરનાર બની રહે.

- સુધીરકુમાર ગુપ્ત...

સ્વામીશ્રી કૃષ્ણવલ્લભાચાર્ય, અભિનંદન ગ્રન્થ વિમર્શ...

વૈદ્યશાસ્ત્રી પંડિત પ્રેમવલ્લભ શર્મા,

આયુર્વેદ સાહિત્યાચાર્ય ઈતિહાસ વિશેષજ્ઞ.

સિંહપુર.

સ્વામિનારાયણ સંપ્રદાયનાં વિશિષ્ટા દ્વૈત સિદ્ધાંતને સનાતનધર્મમાં માનનાર લોકોને માટે દૃઢતાપૂર્વક પ્રસ્તુત કરનાર સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યનાં અભિનંદનનો આ અવસર અત્યંત પુણ્યમય તથા સુસ્મરણીય છે. તે મહાનુભાવ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ ન્યાય, વેદાંત, સાંખ્ય, સાહિત્યના અત્યંત ગૂઢ વિષયો જનસામાન્યને સરળ રીતે સુલભ થાય તેવા પ્રયત્નો કર્યા. શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસના કલિયુગી અવતાર સમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યે ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર પ્રદેશમાં અવતાર ધારણ કરીને પોતાની વિશેષ પ્રતિભાથી સ્વર્ગલોકમાંથી અવતરિત થતી જ્ઞાનગંગાને જાણે કે બીજા શિવ હોય તેમ મસ્તક ઉપર ધારણ કરીને સામાન્ય વિદ્વાનોને અતિ કઠિન લાગતાં વિષયો અતિ સુજ્ઞેય બનાવ્યાં.

તેઓશ્રીએ નવ્યન્યાય સિદ્ધાંત વિષયક એક લાખ છવ્વીસ હજાર શ્લોકોનો ભવ્યજ્ઞાન પ્રચૂર ગ્રન્થ રચીને સમગ્ર ભૂમંડળમાં પોતાની કીર્તિ કૌમુદી વ્યાપ્ત કરીને ન કેવળ ભારતમાં કિન્તુ અજ્ઞાનગ્રસ્ત અને જ્ઞાન પ્રકાશની પ્રતીક્ષા કરી રહેલા ઈંગ્લેન્ડ, જર્મની, ફ્રાન્સ, ઈટલી, અમેરીકા, જાપાન ઈત્યાદિ દેશોના લોકોને જાગૃત કર્યા. તેઓશ્રીએ સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રવર્તક સહજાનંદ સ્વામીથી આરંભીને શ્રીગુણાતીતાનંદ, શ્રીગોપાલાનંદ, શ્રીશુકમુનિ વગેરે દ્વારા પ્રવર્તિત એવા વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતોનું યોગ્ય પરિશીલન કરીને દેવી સરસ્વતીનું યોગ્ય આરાધન કર્યું. પૂજ્ય સ્વામીના કરકમળની અંગુલિઓ દ્વારા અનેક ગ્રન્થો નિર્મિત થયા છે. તે સર્વગ્રન્થોમાં 'શ્વેતાયન સંહિતા' સર્વોચ્ચ સ્થાને વિરાજમાન છે.

આવો ગ્રન્થ રચનાર વિદ્વાન કોઈ કાળે જ જન્મે છે. શ્રી ભગીરથ રાજાએ ખૂબ પ્રયત્ન કરીને સ્વર્ગલોકમાંથી પરમ પવિત્ર પયસ્વિની ગંગાને અવતરિત કરી તેમ આ કલિકાળમાં મહાન વિભૂતિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીએ ગંગાસમી સાક્ષાત્ દેવી સરસ્વતીને આ વિશ્વમાં અવતરિત કરેલ છે.

- વૈદ્યશાસ્ત્રી પંડિત પ્રેમવલ્લભ શર્મા...

પૂજ્ય સ્વામીશ્રી ભગવાન્ મહર્ષિ શ્વેતાયન વ્યાસ...

સ્વામી હરીપ્રકાશજી. (ઋગ્વેદશાસ્ત્રી, શાસ્ત્રાચાર્ય, એમ.એ.).
ગાંધીનગર.

આ સંસારમાં ઘણાં સમય પછી ક્યારેક ક્યારેક એકાદ એવા મહાપુરૂષ અવતીર્ણ થાય છે કે જે તે પોતાના સ્વયં સિદ્ધ દિવ્ય જ્ઞાન દ્વારા આખા જગતને પ્રકાશિત કરીને યુગો સુધી પોતાનો પ્રભાવ છોડી જાય છે. આવા મહાપુરૂષોનો સુયોગ મળી જવો મહાન સદ્‌ભાગ્યનું સૂચક છે. આપણે લોકો વાલ્મિકી મહર્ષિ એવા ભગવાન વેદવ્યાસનાં ગુણોનું ગુણગાન સૌ પહેલાં કરીએ છીએ. પરંતુ એ જ કક્ષાના મહા પુરૂષ આજ પણ આપણી સૌની વચ્ચે વિદ્યમાન છે. જ્યારે હું કાશીમાં હતો ત્યારે ભગવાન મહર્ષિ શ્વેતાયન વ્યાસ વિરચિત ૧,૨૬,૦૦૦ શ્લોકોવાળું શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાનું પ્રકાશન ચૌખમ્બા સંસ્કૃત શ્રેણીએ કર્યું ત્યારે કેટલાંય વિદ્વાનોએ એક પંડિત સભામાં પ્રશ્ન કર્યો કે, ભગવાન મહર્ષિ શ્વેતાયન વ્યાસ ક્યારે થઈ ગયા ? ત્યારે મેં કહ્યું કે પંડિત પ્રવર વિદ્વત્સાર્વભૌમ પંડિત સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું નામ જાણીએ છીએ. તેઓ જ આ સંહિતાના રચયિતા ભગવાન મહર્ષિ શ્વેતાયન વ્યાસ છે.

એવં તેઓ દ્વારા અનેક મહત્ત્વપૂર્ણ ગ્રંથોની રચના થઈ છે, જે સાત લાખ શ્લોકોની આસપાસ થાય છે. આવા મહાપુરૂષના અભિનંદન કરવા માટે મારી પાસે એટલો મોટો વિદ્યા વૈભવ નથી, પરંતુ અભિનંદન ગ્રંથનું આયોજન કરનારાઓનો ઉત્સાહ વધારવા માટે એવં આ આયોજનને સફળ બનાવવાના ઉદ્‌દેશ્યથી જ આ નાનો એવો પ્રસંગ લખી રહ્યો છું.

આમ તો જ્યારે પણ હું આ મહાપુરૂષના દર્શન માટે એમની પાસે જાઉં છું, ત્યારે તેઓ પોતાનું લેખન કાર્ય છોડીને શાસ્ત્રોના ગૂઢ તત્ત્વોનું વિશ્લેષણ કરીને તત્ત્વના અર્થને સ્પષ્ટ કરે છે. જો તે તાત્ત્વિક સિદ્ધાંતોનો સંગ્રહ કરવામાં આવે તો કેટલાંય પુસ્તકો લખવા પડે તથા તેમના લખેલા ગ્રંથો પર સંશોધનાત્મક નિબંધ લખીને કોઈપણ વિદ્યાર્થી ડૉકટરેટ ડિગ્રી મેળવી શકે છે.

- સ્વામી હરીપ્રકાશજી...

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ રચિત 'શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા' ભૂમિકા...

ડો.પંડિત મહેન્દ્રાચાર્ય (એમ.એ., ડી. લિટ્., પી.એચ.ડી., ડી.ફીલ.)
કાશી.

આ વિશાળ ગ્રંથ સંસ્કૃત પદ્ય ૧,૨૬,૦૦૦ શ્લોક સંખ્યામાં છે. સંહિતાનું તાત્પર્ય છે, પ્રાચીન-અર્વાચીન, દિવ્ય-લૌકિક તમામ ગમ્ય-ગમ્ય વિદ્યાઓનો સંગ્રહ જેમાં હોય, નવીન બધું જ હોય, ભવિષ્યના વૃતાંત્તો દિવ્યદૃષ્ટિથી સમાવેશિત હોય. કૃત સંતાન, ત્રેતાસંતાન, દ્વાપર સંતાન, તિષ્ય સંતાન ખંડોમાં લખાયેલ ગ્રંથ ખંડનામોથી જ ચતુર્યુગ વૃત્તાંત્તોથી પરિપૂર્ણ હોવું બતાવે છે. અનુપયુક્ત કોઈ પણ વાત નથી હોતી, બધી સુસંગત બોધદાયક ઉપયુક્ત હોય છે. વિશ્વવિદ્યાલયમાં જેટલા પ્રકારો ભણાવવામાં આવે છે, તેમાં જે કાંઈ સંકલિત રહે છે, બધી વાતો સંહિતામાં રહે છે. એક મહાવિદ્યાલય કે જગતનું વિદ્યાલય, સંહિતાના રૂપમાં મૂર્તિમાન થવાનું કથન અસંગત નથી.

વાઈસ ચાન્સેલર મહાવિદ્યાલયની મૂર્તિ છે. મહાવિદ્યાલય દેશના બધા વિદ્યાલયોની મૂર્તિ છે. વિદ્યાલયો બધાં ગામે-ગામની કળાઓની મૂર્તિઓ છે. દરેક કલાઓ યુગયુગાંતરોની મૂર્તિઓ છે, દરેક યુગ સૃષ્ટિઓની મૂર્તિઓ છે. પરંપરાથી સૃષ્ટિઓની મૂર્તિ સંહિતા છે. આથી સંહિતામાં કાંઈ પણ ના હોય એવું નથી હોતુ, એકમાં ન હોય તે અન્ય સંહિતામાં હોય છે. સમગ્ર સૃષ્ટિનો સમાવેશ સંહિતામાં છે, સંહિતાઓનો સમાવેશ સર્વજ્ઞ પુરૂષોમાં, યોગીજનોમાં હોય છે. સંહિતા યોગીજનના પ્રમાણથી પ્રમાણિક છે. સંહિતા પ્રમાણમાં વિદ્વાનોના હૃદય એકમેકથી પ્રમાણિત થઈ જાય છે. અગમ-નિગમ-પંચશાસ્ત્ર-ઈતિહાસ-પુરાણ- કૌલતંત્ર- શાર્ઙ્ગધર, ભાર્ગવ પાશુપત, બાર્હસ્પત્ય, ઔશનસ્, આથર્વણ, ધાનુષ્ક, ભૈષજ સાંગ્રામિક કલાકલાપ, ધર્મશાસ્ત્ર, તત્ત્વવિજ્ઞાન, ભૌતિક વિકાસ, જ્ઞાન-વિજ્ઞાન, સસ્યવિજ્ઞાન, શરીરવિજ્ઞાન વગેરે વગેરે સંહિતાઓ છે, તે એકઠી કે અલગ જ્યાં કયાંય હોય, સર્વ પ્રજાની શિક્ષા માટે ગુરૂમૂર્તિઓ રૂપ છે. વર્તમાન સમયમાં પણ તેવી સંહિતાની મૂર્તિ દિવ્યરૂપ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સૌરાષ્ટ્રમાં વિદ્યમાન છે. તેઓ શ્વેતાયન વ્યાસ મૂર્તિ છે, તેમનામાં બધી વિદ્યાઓનો ખજાનો એકત્ર છે.

'પરઃ સન્નિકર્ષઃ સંહિતા' 'પદપ્રકૃતિઃ સંહિતા' (ઋ.પ્રતિશા ૨૮૧) પૂર્વ-પશ્ચિમનો સંબંધ થવો, અને પદોની પ્રકૃતિ સંહિતા હોય છે, તેનું કારણ તે છે કે સંહિતાથી જ પદ કરવામાં આવે છે, આથી સંહિતા પ્રકૃતિ કહેવાય છે, તેના વિકાર રૂપ પદ થાય છે, અથવા બીજી રીતે સંહિતાની પ્રકૃતિ પદ છે, સંહિતા વિકાર છે, તેનું કારણ એ છે કે પદજ હનન્ વિષય હોવાથી સંહિતા બને છે, આથી પદ પ્રકૃતિ છે, વિકાર સંહિતા છે. 'પદપ્રકૃતિતિ સર્વચરણાના પાર્ષદાનિક' બધી શાખાઓની પરિષદમાં જે જે જેવી શાખામાં નિયત કરેલી હોય, તે પદ તે સંહિતાઓની પ્રકૃતિ ગણવામાં આવે છે. ત્યાં તેવી જરૂરત છે. પરંતુ સંહિતાને પ્રકૃતિ માનવું પદ પદ ને વિકૃતિ માનવું ઉત્તમ છે. કેમ કે વેદમંત્ર મંત્રદર્શી ઋષિની દૃષ્ટિના વિષય સંહિતાથી પ્રગટ થાય છે, આથી

મંત્ર શબ્દવિકાર છે, સંહિતા પ્રકૃતિ છે, સંહિત થયેલા શબ્દનું અધ્યયન-અધ્યાપન થાય છે, અને યજ્ઞ કર્મમાં પણ સંહિતા દ્વારા મંત્ર જોડવામાં આવે છે, આથી સંહિતા પ્રકૃતિ છે. તે પ્રમાણ સિદ્ધ છે. જો પદ જ પ્રકૃતિ હોત તો પદોથી જ મંત્ર કર્મમાં લગાવી દેવામાં આવત તો સંહિતાની જરૂર જ ન પડત, પરંતુ સંહિતાથી જ કર્મમાં મંત્ર નિયોગ થાય છે, આથી સંહિતા પ્રકૃતિ છે. સંહિતાના વર્ણમાં આકાંક્ષા વિષય સ્વરૂપે છે, 'રામ' પદમાં 'રા' ની સાથે 'મ'ને આકાંક્ષા 'રામ' પદ બોલનારની છે, આકાંક્ષાથી રા-મ બંને જોડાવાથી 'રામ' પદ શબ્દ થયો ત્યારે દશરથ પુત્ર 'રામ', રામચંદ્ર, બલરામ તથા પરશુરામ આદિ વક્તાની ઈચ્છા મુજબ સ્વીકૃત અર્થ થાય છે.

આ રીતથી વર્ણોનો શબ્દ, શબ્દોનું વાક્ય, વાક્યોના પ્રકરણ, પ્રકરણોનો ખંડ, તેના ગ્રંથ રૂપે સંહિતાઓ થાય છે. આથી સંહિતાઓ પ્રથમથી જ અર્થના અનુસંધાને સંપાદિત કરવામાં આવે છે. વાક્યરચનાઓની અનુક્રમણીકાઓ, પ્રગટ કરેલી પૂર્વાપરતાઓ અસંખ્ય બનાવવામાં આવે છે, છતાં પણ અર્થ પ્રમાણે શબ્દ વર્ણ આદિ તો અનાદિકાળથી આકાશાત્મક ચાલ્યા આવે છે. તે વેદ સંહિતાઓ તથા અન્ય સંહિતાઓ સંપાદિક કરેલી મનાય છે. તે ન્યાયથી 'શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા' પણ નિત્ય શ્રીનારાયણની જ્ઞાનમય અનાદિ સિદ્ધ જ શ્વેતાયન વ્યાસરૂપ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ સંપાદિક કરી છે. વેદ સમાન પ્રમાણ છે. વેદ, વૈદિક, વૃત્તાંત્તોથી ભરપૂર છે. નિર્મૂળ કરેલી, ગુપ્ત, આવિર્ભૂત-અનાવિર્ભૂત, પ્રચલિત-અપ્રચલિત, ભૂતકાલિન ભાવી વગેરે વગેરે વૃત્તાંત્તવાળી શ્વેતાયનીયસંહિતા વર્તમાન યુગમાં ભગવદ્ અંશાત્મક આચાર્ય શ્રેષ્ઠ સૃષ્ટિના ગુરૂ ભગવત્સ્વરૂપ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ ભગવદ્ બુદ્ધિથી ઉત્પન્ન વિજ્ઞાન ઉપાર્જીત કરીને આ જગત માટે ભગીરથ પ્રયત્ન કર્યો તે સ્તુત્ય છે, અભિનંદનીય છે.

આમા વિષયો - પરમાત્મા, તેમનું ધામ, તેમના મુક્ત, મુક્તિસ્થાન, શક્તિઓ, સામર્થ્ય, ઐશ્વર્ય, ચમત્કાર, પ્રાવિર્ભાવ, મહામાયામાં પ્રવેશ, માયા, માયિકત્વ, સાત્વિક્તા, મલિનતા, રાજસત્તા, તેમાં આત્માઓનું અસ્તિત્ત્વ, મહાપ્રલય, ઉત્તર સૃષ્ટિ ક્રમ, સગુણ ઈશ્વર, ઈશ્વરોના સ્થાન, વિભાગ, કક્ષાઓ, તત્ત્વોની કથાઓ, ઈશ્વરોના કામ, પ્રધાન, પુરૂષ, મહતત્ત્વ, ભૂમાપુરૂષ, ઈશ્વર, મહાવિષ્ણુ, હિરણ્યગર્ભ, વેરાજ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશોની કોટિઓ, તેમના ધામ, લોક, પાર્ષદ, શક્તિઓ, દેવીઓ, ઈશ્વરાણીઓ, લોકપાલ, દિક્પાલ, વૈકુંઠ, ગોલોક, અવ્યાકૃત, શ્વેતદ્વિપ, બદરિકાશ્રમ, રુદ્રાસૃષ્ટિ, સનકાદિક સૃષ્ટિ, ઋષિ, મહર્ષિ, પિતૃસૃષ્ટિ, દેવસૃષ્ટિ, વ્યોમ સૃષ્ટિ, ગ્રહ, નક્ષત્ર, તારા, ધૂમકેતુ, તેમની દૃષ્ટિ, માર્ગ, છાયા, અસર-ઉત્પાત્ત, ભૌતિક સ્થિતિઓ, કાળ, સમય સૃષ્ટિઓ, મન્વંતર, ઈન્દ્ર, રાજા, પ્રજા, જ્ઞાતિઓ, તીર્થ, ખંડ, સતીઓ, ભક્તજન, ઉપાસનાઓ, જ્ઞાન-વિજ્ઞાન, ધર્મ, ભાગવત્ધર્મ, વ્યવહાર, ચમત્કારિક વૃત્તાંત્તો, તપશ્ચર્યાઓ, મંત્રાનુષ્ઠાન, યજ્ઞકાંડ, સંસ્કારકાંડ, શિક્ષણકાંડ, દંડ કાંડ, પૂજન-સન્માન, સમાધિઓ, સિદ્ધયોગી, મુનિ, સંત, વૈરાગી, પરોપકારી, દાની, સતીઓ, પ્રતિવ્રતાઓ, કન્યાધર્મ, પત્નીધર્મ, ગૃહધર્મ, આશ્રમ વર્ણ, શંકર આદિના ધર્મ, માનવતા ર્ક્તવ્ય, સદ્ગુણ, યમ, નિયમ, ધારણા, ધ્યાન, મનન, સમાધિ, સ્થિતિ, વચનસિદ્ધિ, સંકલ્પસિદ્ધિ, સંકલ્પ સૃષ્ટિ, દૃષ્ટિસૃષ્ટિ, સ્પર્શસૃષ્ટિ, મૈથુનીસૃષ્ટિ, આવરદા, ધંધો, આજીવિકાઓ, કાશ્યપી પ્રજાઓ, દૈત્ય-

દાનવ, રાક્ષસ, ભૂત, પ્રેત, પિશાચ, તામસ સૃષ્ટિઓ, કુલદેવીઓ, કુલ પર્વત, બ્રહ્મચર્યવ્રત, અવિદ્યાસૃષ્ટિ, અજ્ઞાન, તેના પર્વ, જ્ઞાનના પર્વ, કળાઓ, વિકાસ, ખેતી, વેપાર, દ્રવ્ય, ધાતુ, આવક-જાવક, સેવા, મા-બાપ, ગુરૂ-આચાર્ય, સંપ્રદાય, પરંપરાઓ, રત્ન, મૌક્તિક ઉપકરણ, શણગાર, સાહિત્ય, ગાયન, વાદન, સ્વર, વ્યંજન, વિવિધ ભાષાઓ, યુદ્ધ કળાઓ, ન્યાયાલય, ધર્મરાજ, ધર્મદૂત, દેવદૂત, રામદૂત, રુદ્રગણ, રોગ, અવસ્થાઓ, વારસાહક્ક, વંશ, વિવાહ, ઉત્સવ, વર્ષ, ઋતુઓ, પાક, ઔષધિઓ, ધન્વંતરિ શાસ્ત્ર, હયગ્રીવવિદ્યા, અશ્વિનીકુમાર રસાયન, પ્રવીણ, સમીકરણ, સમુદ્ર, દ્વીપ, રણ, આરણ્ય, નદીઓ, ખાણ, અખાત, વિશાળ વાહનો, શસ્ત્ર, સીમા, સામ્રાજય, અદૃશ્ય દેવતા, સૃષ્ટિ, અધર્મવંશ, અધ્યાત્મ વિદ્યાઓ, મૂર્તિઓ, પ્રતિમાઓ, પ્રતિષ્ઠાવિધિ, દેવાલય, કળા, સ્વર્ગ, નરક, તેના સાધનો, કર્મકાંડ, જ્ઞાનકાંડ, ભક્તિ કાંડ, વ્યાયામ, શીલકાંડ, મહાવ્રત, સ્વાધ્યાય, ઈશ્વર આરાધના, સકામ-નિષ્કામ, વિભાગ, નર-નારી, દાંમ્પત્ય, મહાકાળ, મહામૃત્યુ, ખંડપ્રલય, અસંખ્ય ખાણો, ઉધોગરીતીઓ, કાવ્ય મહોત્સવ, નૃત્યમહોત્સવ, પશુપુણ્ય મહોત્સવ, સિંહશિકાર પરાક્રમ, અદ્‌ભૂત, વસ્તુઓના પ્રદર્શનો, નાટક સમારોહ, કુંભ સ્નાન, ગ્રહણ સ્નાન સમારોહ, ઉપાલવ, તેની નિવૃત્તિઓ, જપ પદ્ધતિ, હવન, પારાયણ, મહાવિદ્યાલય, દૈવી ઈતિહાસો, દૈવી વાહન, દૈવી વૃક્ષ, દૈવી પુરુષોના આવિર્ભાવોના નિમિતે મહારણ સંગ્રામ, ભગવદ્ અવતારોના જીવન ઈતિહાસ, દેવ અસૂરોના સંગ્રામ, ઈનામ, નગર, ગ્રામાદિ નિર્માણમાપ, ભૂગોળ સ્થિતિઓ, યુગ પરિવર્તન, રિવાજ પરિવર્તન, રાજય પરિવર્તન, મોક્ષરાજય, ચાન્દ્રયણાદિ પ્રાયશ્ચિત શુદ્ધિઓ, કુમારદાન, પુણ્યક્ષેત્ર મહાત્મ્ય, શ્રાદ્ધતર્પણ વિદ્યાન, અગ્નિ આદિના ઈતિહાસ, કર્મ વિપાક, ભગવત્પરિચય, જ્યોતિર્વિજ્ઞાન, સ્વપ્નવિજ્ઞાન, શુકનવિજ્ઞાન, ગ્રામ્યઃ આરણ્યક પશુવિભાગ, ગણિકાદિકૃ શુદ્ધિ, સામુદ્રિક પરિચય, ગણિતવિદ્યા, કાળમાપક્ષણાદિ વિજ્ઞાન, પરમાણું વિજ્ઞાન, તત્ત્વશક્તિઓનાં માપ, વાયુવિજ્ઞાન, યાંત્રિકવિજ્ઞાન, વિદ્યૂતવિજ્ઞાન, વારિધિવિજ્ઞાન, ધાતવીય ખાણવિજ્ઞાન, ભૂગર્ભ જળવિજ્ઞાન, સજીવબીજ વિજ્ઞાન, ખોરાક પોષણ વિજ્ઞાન, મહામાર્ગ વિજ્ઞાન, આકાશવાણી વિજ્ઞાન, પ્રતિબિંબ વિજ્ઞાન, પ્રયોગ વિજ્ઞાન, શસ્ત્ર વિજ્ઞાન, શાળા ગ્રામશિલાદિ વિજ્ઞાન, રેખા વિજ્ઞાન, અશ્વકસ્તિ શાસ્ત્ર, રસાયનતંત્ર, રતિશાસ્ત્ર, જડીબુટ્ટી વિજ્ઞાન, પ્રસૂતિ વિજ્ઞાન, પારો શાસ્ત્ર, તોલમાપ વિજ્ઞાન, શિલ્પ વિદ્યા, ભૈરવી ચક્ર ઉપાસના, યક્ષિણી સાધના, ઈન્દ્રજાળ પ્રદર્શન, અલંકાર વિસ્તાર, નાયિકા શાસ્ત્ર, જંતુશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, ભક્તાભગવત્ તાદાત્મ્ય શાસ્ત્ર, આચાર ઉપનયનવિધિ, દીક્ષાવિદ્યાન્, કુંડ મંડપ આદિ, સર્વતોભદ્રાદિ, ભક્તભક્તાનિકા ગાથા, શરણાગતિ પ્રપન્તિ મુદ્રાધારણ નારાયણ બલિ, આદિ તથા કળિ પ્રાંત, ધર્મ, કર્મ, હ્રાસ્ આદિ અનેક વિષયો અનાદિ સૃષ્ટિઓમાં ચાલ્યા આવે છે, તે સંહિતાઓમાં સંપાદિત કરવામાં આવે છે. આ તમામ વિષય શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા શ્વેતાયન સંહિતામાં છે.

ઋગ્વેદ સંહિતા, કપિષ્કલકંઠ સંહિતા, તૈત્તિરીય સંહિતા, મૈત્રાયણી સંહિતા, હિરણ્ય કેશીય સંહિતા, પિતૃ સંહિતા, કાવ્યસંહીતા, માધ્યન્દિન સંહિતા, વાજસનેયી સંહિતા,

યજુઃસંહિતા, જૈમિનીય સંહિતા, સામ સંહિતા, અથર્વ સંહિતા, અંગિરા સંહિતા, નારદીય સંહિતા, બૃહસ્પતિ સંહિતા, મધુસૂદન સંહિતા, યમ સંહિતા, શાંડિલ્ય સંહિતા, અષ્ટાવક્ર સંહિતા, શિવ સંહિતા, સૂત સંહિતા, ગોરક્ષ સંહિતા, ઘેરંડ સંહિતા, યાજ્ઞવલ્કય સંહિતા, ગર્ગ સંહિતા, બ્રહ્મ સંહિતા, અહિબુદ્ધન્ય સંહિતા, ઈશ્વર સંહિતા, જયાખ્ય સંહિતા, પાદ્મ સંહિતા, પરમેશ્વર સંહિતા, પૌષ્કર સંહિતા, બૃહદબ્રહ્મ સંહિતા, ભારદ્વાજ સંહિતા, વિષ્ણુ સંહિતા, સાત્વત્ સંહિતા, ધનુર્વેદ સંહિતા, સુષેણ સંહિતા, કાશ્યપ સંહિતા, ચરક સંહિતા, પારદ સંહિતા, ભેળ સંહિતા, વૈદ્યવિનોદ સંહિતા, શાર્કધર સંહિતા, સુશ્રુત સંહિતા, હારીત્ સંહિતા, કર્મ વિપાક સંહિતા, નારદ સંહિતા, વારાહી સંહિતા, ભૃગુ સંહિતા, લોમશ સંહિતા, વાશિષ્ઠ સંહિતા, લાટી સંહિતા, પુરાણ સંહિતા વગેરે સંહિતાઓમાં જુદાં જુદાં વિષયોનું વર્ણન કરવામાં આવ્યુ છે. આ તમામ સંહિતાના અંશો શ્રીલક્ષ્મીનારાયણ સંહિતામાં સુસંહિત છે. આથી સર્વમાં મૂર્ધન્ય છે. માટે શ્વેતાયનીય વ્યાસ સંહિતાએ માઉન્ટ એવરેસ્ટપણું બતાવી દીધુ છે. પોતાના સ્વરૂપે તેનો પરમ્ વિજય છે. ભારત સરકારના ઘરમાં આવા વિદ્વાન છે. તેનાથી ભારત સરકારનું મોટું ગૌરવ છે.

તા. ૨૮-૭-૭૫

- ડૉ.પંડિત મહેન્દ્રાચાર્ય...

પરમપુરૂષ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને અભિનંદન...

કરશનદાસભાઈ હરિલાલ વેલજીભાઈ,

કાંદીવલી, મુંબઈ.

પદ, વાકય, પ્રમાણ, અલંકારનો અનંત પાર પામેલા વિદ્વતસાર્વભૌમ ભારતનાં સંતપુરૂષને 'સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ અભિનંદન ગ્રન્થ' સમિતિ મોટી કુંકાવાવ સૌરાષ્ટ્ર દ્વારા અભિનંદન ગ્રંથ સમર્પિત કરવામાં આવી રહ્યો છે. તે બહું આનંદની લહેર છે. આ સ્વામીશ્રી ભારતીય તત્ત્વવિદ્યાઓના સર્જનહાર તથા સિદ્ધાંત વિમર્શક, વાચસ્પતિ શ્રીદેવગુરૂ બ્રહ્સ્પતિ સમાન વિદ્વમાન છે. નવ્ય ન્યાયયાદિ શાસ્ત્રોના આચાર્ય, ધર્મના પ્રતિપાદક પાળનાર, પળાવનાર આચાર્ય ત્યાગ, ભક્તિ તથા વિજ્ઞાનના પણ આચાર્ય છે. આજીવન યતિ, મુનિ, સાધુજનો, વિદ્વતજનોમાંથી જ વિદ્યાઓ પ્રાપ્ત કરીને યતિ, મુનિ, સંતના જ જીવનમાં પોતાનો સમય સાર્થક કરી રહ્યાં છે. અનેક સ્થળોએ કેટલાંય જીવાત્માઓ તેમની શરણાગતિ સ્વીકારીને ઉદ્ધાર પ્રાપ્ત કરી ગયા છે તથા કરતા રહ્યાં છે. તેમના ગુરૂપૂજન ઉત્સવ, જન્મજયંતિ મહોત્સવ ખૂબ ધામધૂમથી થાય છે.

આ સંત સતત જ્ઞાન, વિજ્ઞાન, ભક્તિના પૂજારી છે. ભગવાનમાં રમમાણ રહે છે. તેઓ બાળપણમાં ભણવા જતા હતા ત્યારે રજાના દિવસોમાં ગાયો ચરાવવા પણ જતા હતા. પોતાની ખેતીવાડીમાં લીલોતરી પાકવાળી જમીનમાં પણ કાર્યરત રહી મહેનત કર્યા કરતા હતા. હરેક કક્ષામાં આપની સર્વોતોમુખી પ્રતિભા માલુમ પડતી હતી. કેટલાંય પ્રશ્નોનું સમાધાન પોતાની તર્ક બુદ્ધિથી જ કરતાં હતાં, જે સૌને યથાર્થ જ ઠીક પડી જતું હતું. આ સંતમાં અનેક ગ્રહણ કરવા જેવા વિલક્ષણ સદ્ગુણો વસે છે.

આ સ્વામીજી મહારાજને વિદ્વાનોની સમિતિ દ્વારા એક અભિનંદન ગ્રંથ સમર્પિત થઈ રહ્યો છે. તેનાથી ભવિષ્યની ઉન્નત્ત પ્રેમી પ્રજાને ભારતની સંસ્કૃતિમાં સુદ્રઢ પ્રેરણાઓ મળતી રહેશે. પ્રશંસનીય સાહિત્ય સેવામાં તથા વિદ્યાલયોને ચલાવવામાં ઉત્સાહ વધતો રહેશે, યશસ્વી પરંપરા વધતી રહેશે. ભારતની પ્રજામાંથી પણ યોગ્ય ચમત્કારી પુરૂષ આની સહાયતાથી દિગંત યશસ્વી પ્રકાંડ વિદ્વાન થતા રહેશે. આ અભિનંદન ભાવિ માટે હજારગણા ઉપયોગી થશે. સાત્ત્વિક વિદ્વવતાવાળી ચેતનાને પ્રગટાવ્યા કરશે. ભારતને અને વિશેષ કરીને સૌરાષ્ટ્રને ગૌરવ પ્રદાન કરતો રહેશે. ઉચ્ચકોટીના વિદ્વાન થવામાં ઉત્કૃષ્ટ પ્રેરણા આપતો રહેશે. આ વિદ્વાન સંત પુરૂષ માટે હું હાર્દિક અભિનંદન આપું છું.

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સંસ્કૃત સાહિત્ય, સંસ્કૃત ભાષા તથા કાવ્યના પ્રખર વિદ્વાન પ્રતિભાશાળી લેખક, મહાન પંડિત, ગૌરવશાળી સંત તથા ભારતીય સંસ્કૃતિના પરમ પવિત્ર મહાત્મા છે. આપ સંસ્કૃત સાહિત્ય, વ્યાકરણ, શાસ્ત્ર, કાવ્ય, ધર્મ, ન્યાય, યોગ, તર્ક તથા વેદના અવિવાદાસ્પદ તેજસ્વી તથા મહાન સ્કોલર છે.

આપની ગણના વિશ્વના પ્રથમ કક્ષાના વિદ્વાનો, મહાન તપસ્વીઓ તથા સંસ્કૃતના પ્રખર પંડિતોમાં થાય છે. આપ સંસ્કૃત સાહિત્યના વિશ્વના પ્રથમ દરજ્જાના વિદ્વાન તથા મહાન લેખક છો. સંસ્કૃત સાહિત્યમાં આપે ન્યાય, સાંખ્ય, યોગ, વેદ, ધર્મ, કાવ્ય તમામ વિષયો પર પોતાના પ્રભાવશાળી ગ્રંથ મૌલિક રૂપે લખ્યાં છે. આપની કલમ વિવિધ વિષયો પર ગંભીર, વિશદ્, ચિંતનાત્મક, આલોચનાત્મક, ટીકાત્મક, સૈદ્ધાત્મિક, વ્યાખ્યાત્મક, વિષયવિવેચન તથા પ્રતિપાદનમાં આપના ગહન જ્ઞાન તથા સર્વથા મૌલિક અભિવ્યક્તિને વ્યક્ત કરવામાં સર્વથા સફળ રહી છે.

કાશી વિશ્વવિદ્યાલય સંપૂર્ણાનંદ સંસ્કૃત યુનિવર્સિટી બનારસ, હિન્દુ વિશ્વ વિદ્યાલયમાં આપની ગણના પ્રથમ દરજ્જાના વિદ્વાનોમાં થાય છે. કાશીના ૨૦૦ પંડિતો તથા વિદ્વાનોએ આપને 'વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ'ની સર્વોચ્ચ પદ્વીથી સન્માનિત કર્યા છે. આપે સંસ્કૃત વિષયનું અધ્યયન, અધ્યાપન, લેખન ઘણી કુશળતાપૂર્વક કર્યું છે. આપે હંમેશા કઠિનમાં કઠિન વિષયોને પોતાની કુશળતાથી સર્વ સાધારણ માટે પ્રભાવશાળી રીતે સર્વસુલભ બનાવ્યા છે.

આપ મહાન યોગી, ગહન ચિંતક, સિધ્ધ, પવિત્ર, તપસ્વી, નિસ્વાર્થ સેવક, પ્રતિભાશાળી લેખક, પ્રબળ સમાજ સુધારક, મહાન ધાર્મિક નેતા, સ્વામિનારાયણ સંપ્રદાયના પરમ આદરણિય ગુરૂ, મહાન મુનિ, તેજસ્વી પંડિત, આત્મીય સાધુપુરૂષ, વિદ્યાના સાક્ષાત્ અવતાર તથા ભારતના દૈવપુરૂષ છો. કુંકાવાવમાં આપનું રાષ્ટ્રીય સ્મારક પણ બનાવવામા આવ્યું છે. આપ સંસ્કૃતના મહાન લેખક હોવાથી તથા પોતાના મહત્ત્વપૂર્ણ ગ્રંથોને કારણે વિદેશોમાં પણ ઘણો આદર પ્રાપ્ત કરી ચૂકયાં છો.

ન્યાયસિદ્ધાંત મુક્તાવલી કિરણાવલી તથા તર્ક સંગ્રહદિપીકા કિરણાવલી જેવા ન્યાયના અત્યંત મહત્ત્વપૂર્ણ ગ્રંથોની ટીકાઓએ આપને વિશ્વપ્રસિદ્ધ વિદ્વાનોની પ્રશંસાના ભાગી બનાવ્યા. આપની ટીકાઓએ વિદ્વાનોને આ ગ્રંથને સમજવા માટે ઘણી સરળતા પ્રદાન કરી, આપનું ન્યાય પર કરેલ કાર્ય અલૌકિક તથા અસાધારણ છે. આપના ગ્રંથો એટલી ઉચ્ચકોટીના છે કે સામાન્ય વિદ્વાનોની પહોંચ ત્યાં સુધી નથી. ભારતના ૨૦૦ વિદ્વાનોએ આપની તથા આપની કૃતિઓની ઘણી ઘણી પ્રશંસા કરી છે. સ્વામીશ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સંસ્કૃતના સ્કોલરના રૂપમાં, પ્રખર લેખકના રૂપમાં, મહાન પંડિતના રૂપમાં, મહાન સંતના રૂપમાં, વિશ્વના પ્રથમ કક્ષાના વિદ્વાનના રૂપમાં, અઘરા ગ્રંથોના ટીકાકારના રૂપમાં, મૌલિક, સર્જક, આલોચક તથા વિવેચકના રૂપમાં તથા સંસ્કૃ ત સાહિત્ય જગતના મહાન આધુનિક વેદવ્યાસજીના અવતાર છે. સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પરમ સાત્ત્વિક વચન સિદ્ધ, ચમત્કારિક મહાન યોગી પુરૂષ છે. ભારતના ૨૦૦ વિદ્વાનોમાંથી ૩૦ વિદ્વાનોની એક સમિતિ આપના માટે અભિનંદન ગ્રંથની તૈયારીઓ કરી રહી છે.

મહાપુરૂષોની શતાબ્દીઓમાં અનેક નગરોમાં આમંત્રણ મળતા ત્યાં પધારીને આપે અનેક વિષયો પર વિવિધ વ્યાખ્યાનો આપ્યાં. છડી, છત્ર સહિત સોના-ચાંદીના રથમાં બિરાજમાન થઈને રાજ્યનું ગૌરવવંતુ સન્માન મેળવ્યું. સ્વામીએ પોતાના જીવનમાં સંહિતાઓ, શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ, સૂત્ર, ભક્તિ તથા ધર્મશાસ્ત્રોની મળીને કુલ ૧૦૮

પારાયણો સંપૂર્ણ કરી આપે કુરાન, બાઈબલ, ગુરૂગ્રંથ સાહેબ, વિશ્વપટ દર્શન, જૈન તત્ત્વપ્રકાશનો ઉંડાણથી અભ્યાસ કરીને તેના પર વ્યાખ્યાનો આપ્યા. કેટલાંય તપના અનુષ્ઠાનો કર્યા.

સ્વામીજી જ્ઞાન વિજ્ઞાનના પ્રખર જ્ઞાતા હોવા છતાં, મુનિવ્રત સમર્થ હોવા છતાં સમાવ્રત ત્યાગનિષ્ઠ હોવા છતાં પણ પ્રશંસાથી દૂર સન્માનમાં રહેવા છતાં પણ નિર્માનવ્રત આજીવન પ્રથમ આશ્રમી બ્રહ્મચર્યવ્રત, સંત સ્થિતિ ભગવદ્ ભક્તિ, ગ્રંથોનો મનન પૂર્વક અભ્યાસ, ભજન, કિર્તન, નિયમ, રક્ષા તથા પરોપકારી જીવન આત્મસાત્ છે. ભગવાનની કૃપાથી, પંડિતોના આશીર્વાદથી, સરસ્વતીની ઉપાસનાથી, માતા-પિતાના પુણ્યથી, મહાન સંતોની પ્રસન્નતાથી, વર્તમાન સમયમાં દિગંત યશસ્વી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ભારતમાં ચમકી રહ્યાં છે.

- કરશનદાસભાઈ હરિલાલ વેલજીભાઈ...

વિશ્વવિભૂતીના રૂપમાં સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી...

શાંતિલાલ મટુલાલભાઈ શાસ્ત્રીજી.

બગસરા.

આ જન્મમાં તો કેવલ નિમિત્તો દ્વારા વૃદ્ધિ પામે છે. આપ શરીર તંદુરસ્તીમાં સ્વયં પોતાના વૈદ્યવર્ય છો, મિતાહાર, પથ્યાહાર વિગેરેમાં ઘણા જ સંયમિત છો. જીવનમાં પોતે પરાધિન થયા હોય તેવા અસ્વાસ્થ્ય યુક્ત થયા નથી. આપને ચાલતાં કલિકાલના દૂષણોનો સંસર્ગ પણ થયો નથી. સૌરાષ્ટ્રની પાવન તીર્થ ભૂમિમાં ધર્મચૂસ્ત ભક્તિવાળી પ્રજાના કેન્દ્રો થતાં આવ્યા છે. અનેક સંત મહાત્માઓ, કવિઓ, ચારણો, વિપ્રો, ચમત્કારીઓ, બાપુઓ, આચાર્ય, સતિ, સાધ્વીઓ થતાં આવ્યા છે. લિમ્બા પટેલ દેવાણી, ગોકુલ બાપા ભગત, દામોદરબાપા સત્સંગી, વૈષ્ણવ શેઠ, દાનેશ્રી શ્રેષ્ઠીઓ, સદાવ્રતી પુરુષો, પરોપકારી જનહિતકારી પ્રસિદ્ધ પુરુષો થતાં આવ્યા છે.

આ કંકુમવાપી ભૂમિમાં રુકમાંગદ રાજા, લક્ષ્મીજી, નારાયણ વગેરેના વિચરણો થયા છે. શ્રીલોમશ ઋષિ, બકડાલઘ ઋષિ, ઈન્દ્રદ્યુમ્ન રાજા, વિશ્વકર્મા, ઈન્દ્રદેવ, પ્રજાપતિઓ, દેવતાઓ અહીં તીર્થ કરી ગયા છે. આજે શંકરાચાર્યજી, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તથા સંતો, મહંતો, ઈશ્વરમૂર્તિ આચાર્યો પણ આ ભૂમિમાં પધારી તીર્થોને ઉત્તમ બનાવે છે. આવા દેશોમાં ધાર્મિક સંસ્થાઓની વિશેષ સેવાઓ કરી રહ્યાં છે. આવા આચાર્યશ્રીઓના ચરણોમાં લક્ષ્મીજી નમ્ર થયા થકી સેવા માગે છે. આવા આચાર્યો પોતાના દેશને ચમકાવે છે, આકર્ષિત કરે છે. આદર કરે છે અને પ્રતિષ્ઠા વધારે છે. સંસ્કૃત વગેરેના મહાવિદ્યાલયો માટે આપની આ ભૂમિને આર્શીવાદો આપે છે. મહાતીર્થ હો ! દેવવાણીના ઉપાસકો હજારો વિપ્રવર્યા વિદ્વાનો આર્શીવાદો વડે ત્રિલોકીને ગજાવી રહ્યાં છે. સનાતન સંસ્કાર માટે સંબોધી રહ્યા છે. વ્યાખ્યાતા વિદ્વાનો આ ભૂમિને મેરૂ શિખરની સમાન ઉર્ધ્વપદ બનાવી રહ્યા છે. આપના કેળવણી મંડળ, પારાયણ મંડળ, સંસ્કાર ભવન મંડળ, કિર્તન મંડળ આદિક સહિત તમો આજ પ્રભુને સાક્ષાત્ બોલાવી રહ્યાં છે અને કિલ્લોલ કરી રહ્યાં છે. મિથિલાનગરી, નાલંદાનગરી, નદિયા શાંતિ, પુણ્યપતન, ભૂતપુરી, કાશી નૌતમપુરી, મોટી કુંકાવાવના દક્ષિણ દિશાના વિશાળ ક્ષેત્રમાં એક યોજન દૂર છે.

મોટી કુંકાવાવના બાળક સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી બાળપણથી જ યોગિરાજ જેવા સુખ, શાંતિવાળા, અકળોશી, દૈવીસ્વરૂપ તેજસ્વી હતા. ભગવાનની મૂર્તિ પાસે બેસી તાળી વગાડી ભજન કરતાં પાંચમાં વર્ષથી જ ન્હાતા, પૂજા કરતાં કથા-કિર્તન સાંભળતા અને ભણવા જતાં હતા. ભણતરમાં વિદ્યાપાઠ કંઠસ્થ કરતા. સારી રીતે સમજતાં. રમતમાં ધ્યાન ન દેતા. છૂટીમાં ગાયો વાછરડાં ચરાવવા જતા. વાડી-ખેતર જતા રાતવાસો રહેતા, સહનશક્તિ રાખતાં કોઈ સાથે કલેશ ન કરતાં શાંતિમાં રહેતા પાણી પણ વાળતા કોઈની રાવ આવતી નહિ, વાડી, ખેતર, સીમમાં ક્યારેક એકલા રહેતા અને નિર્ભીક હતા. ભજન કરતા, માળા જપતા, એકાદશી આદિ વ્રતો કરતા હતા. આઠમાં વર્ષના જ્યેષ્ઠમાં જૂનાગઢ ગુરુદ્વારે દર્શનાર્થે ગયા હતા. ત્યારથી ત્યાગી

સ્થિતિના વિશેષ સંસ્કારી થયા હતા. મંદિરમાં આવતા જતા સંત દિક્ષામાં દાખલ થયા પૂર્વથી જ સ્વમાતાજીના મળવાની ભલામણના વચનને ધ્યાનમાં રાખી ભણતર ચાલું રાખતા સંસ્કૃત કથાઓ, પારાયણો વાંચવા લાગ્યા. મીઠા સ્વરને સાંભળી કથાઓના અર્થને સ્પષ્ટ સમજી સભાસદો રાજી થતાં હતાં. આશિર્વાદો મળતા હતા.

જેતપુર, જૂનાગઢ, વડતાળ, વડોદરા અને કાશી ભણતર માટે ગયા ત્યાં ત્યાં રહ્યાં અને પોતાની સરસ્વતી શક્તિનો વિકાસ કરતા ગયા. સંસ્કૃત કાવ્યો રચવા લાગ્યા. સંસ્કૃત વ્યાખ્યાનો આપવા લાગ્યા. સંસ્કૃત ભાષ્યો અને સંસ્કૃત દર્શન, તર્ક, વેદાંત, મીમાંસા, સારવ્યયોગ વગેરેની ટિકાઓ લખવા લાગ્યા. તલસ્પર્શી તત્ત્વજ્ઞાનમાં નવીન-નવીન પદાર્થો દર્શાવી પંડિતોને આનંદ ઉપજાવવા લાગ્યા. અતિ તીવ્ર અભ્યાસ, સ્નિગ્ધમેધા તથા પ્રાગભવિય વિરુત્તાના સંસ્કારો વડે પ્રાચીન, નવીન પરિષ્કૃત ન્યાયાદિ દર્શન શાસ્ત્રોમાં પારંગત ધુરંધર પ્રંકાડ પંડિત થયા. પૃથ્વીભરમાં પ્રકાંડ પંડિતવાળા પ્રખ્યાત થયા. હજારોને ભણાવ્યા. ભારતમાં જ જેમ-તેમ અન્ય દેશોમાં પણ આ યુગના ધુરંધર વિદ્વાન પશ્ચિમ કાશીની સ્થિતિ ટકાવનારા સૂર્યસમાન દેશના પ્રકાશક થયા. બાલ બ્રહ્મચારી હોવાથી એમના બધાં સદ્‌ગુણો લોક હિતકર વર્ણવ્યા ખૂટે તેમ નથી. વિખ્યાતિ પામેલા સ્વામીશ્રીને પાછા પાડવા અનેક ઈર્ષાળુઅલ કોઈએ વાવાઝોડાં ઉપજાવ્યા. ખોટાઈઓ પ્રેરી પણ તેઓ તેમની જ કપટ માયામાં, ઈર્ષામાં, બળતરામાં દાઝીને કોલસા જ થઈ રહ્યાં. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની કીર્તિને કોઈ પહોંચી શક્યું નહિ. શ્રી શાસ્ત્રીજી મહારાજે પોતાને જોખમી કહેનારા વ્યક્તિઓને પણ સંતાડીને તેમના આતતાયીઓથી તેમની રક્ષા કરી છે. તેમને નમ્યા છે અને જનતાએ શરણાગત રક્ષક આપત્તિનાશક અધમોદ્ધારણ પરમપુરુષ તરીકે ગાયા છે, શાસ્ત્રીજી સર્વત્ર પ્રશંસ્યા છે.

મોટા શાસ્ત્રીજી મહારાજનું ધ્યેય છે કે - આ મારો સંપ્રદાય અને સંપ્રદાયનો હું છું. મારો સંપ્રદાય જગતભરમાં પ્રસિધ્ધ થાઓ. દુનિયામાં મુમુક્ષુઓ આ સંપ્રદાયના પણ પ્રાચીન - અર્વાચીન તત્ત્વો ગ્રહણ કરે, ભક્તિ કરે અને અભ્યુદય તથા મોક્ષ મેળવે. પાંચ તત્ત્વોને પવિત્ર હૃદયમાં સમજે આવો સાર્વભૌમ સિદ્ધાંત સમજવા એક જ મહાસાગર જેવું જ્ઞાન છે. જેને કોઈ હઠાવી, ફગાવી, સુકાવી શકે નહિ. લેખન કાર્ય તો સતત ચાલુ જ રહે છે. સંસ્કૃત, ગુજરાતી, હિન્દી આદિમાં ઘણા તાત્ત્વિક સિદ્ધાંત લખ્યા ગ્રંથો લખ્યા અને હજુ પણ લખતા જ જાય છે. લખતી વખતે કોઈપણ આવે તેમને ધ્યાનમાં લેતા જાય હસતા મુખે બોલાવતા જાય દેશી-પરદેશી દર્શનાર્થીજનોની સંભાળ લેતા જાય અને લેખન કાર્યપણ શતાવધાનીની પેઠે ચાલું રાખતા જ જાય. નેત્રો સેવકો તરફ હોય અને મગજ તથા કલમ બરાબર સિધી પંક્તિમાં લખાણ કરતી જાય. આ આશ્ચર્યો તો ઘણીવાર જોયેલા છે. શ્લોકો પદો, અકાવ્ય ગોઠવતાં જાય મહાકવિત્વે બરાબર ઉપયોગમાં લેતા જાય એ પણ સાક્ષાત્ સંપૂર્ણ જોયેલ છે. શંકા, સમાધાનભર્યા તાર્કિક જવાબો તુરંત જ આપતા જાય. આધિભૌતિક આધિદૈવિક દુઃખિયા આવેલાના દુઃખો ભગવત્સ સ્મરણપૂર્વક ટાળવાના ઉકેલ પણ કરતા જાતા.

મહાયોગી સંત સ્થિતિમાં અનેક સ્થળોમાં શ્રી સ્વામીજીના દર્શન વાકૂસિદ્ધિફળ માનતા

દ્વારા દુઃખ નાશ ઈસ્ટ સિદ્ધિ આદિક ચમત્કારો પ્રસિદ્ધ છે. વર્તમાન સમયમાં પણ તેવા જ ચમત્કારો ચાલું છે, જેથી પ્રાગભવીય કોઈ ઈશ વ્યક્તિ આવ્યા હોય તેમ જણાય છે, જેમની વર્તમાન સ્થિતિમાં મૂર્તિ પ્રતિષ્ઠા જનતા તરફથી વૈદિક વિધિ દ્વારા કરવામાં આવી, તે ભૂમિ અત્યારે તીર્થરૂપ થઈ છે. આ તમામ યશ મોટી કુંકાવાવને સૌરાષ્ટ્ર દેશને અને તેમની ખંતીલી જનતાને છે. જીવનભરના ચમત્કારો અસંખ્ય વ્યક્તિઓમાં સાક્ષાત્ ગૂંજી રહેલા છે, પ્રકાશમાં આવતા જાય છે. વિદ્વાનોના અભિનંદનો પણ ચમત્કારોને ગણતરીમાં લ્યે છે.

આપે પ્રથમ અવસ્થામાં ભણેલા ગ્રંથ સતત જીવનમાં અભ્યસ્ત રાખેલા આજ વાર્ધક્યમાં પણ કંઠસ્થ રસનાગ્ર નર્તનવત્ વરતે છે. આપની મહાનતા, ગુરૂતા, શ્રેષ્ઠતા, વિદ્વતા, યોગિતા, સંયમિતતા વગેરે પ્રાગભવ્ય છે. તર્ક ન્યાય વેદાંત કાવ્ય સાંખ્ય યોગ આગમ-નિગમ આદિક શાસ્ત્રોના ધૂરંધર વિદ્વાનોની કૃપાઓના કિરણો આવા સંત પુરુષોમાં બિરાજેલ છે. આવી મહત્તા હોવાં છતાં સંત સ્થિતિના સ્વરૂપ વડે એ મહાન હોય તેવા લાગે છે. સાદાઈ ભરેલા ઠાઠમાઠ વિનાના આ વિદ્વાન સાધારણ માનવ સમાન દેખાય છે. એમની કાંતિ તો દૈવી પુરુષ સમાન તથા શરીર ચિન્હાદી જોઈને પરમ પુરુષના સંદેહમાં પડી જાય છે, વિદ્યા છૂપી રહેતી નથી. વાણીમાં અર્થોમાં તત્ત્વ ઈત્વમાં વિદ્વતા બતાવી દે છે. મુની જન મંડિતની સ્પૃહ સુશાંત આત્મજ સ્થિતી, પ્રજ્ઞઆત્મજ, બ્રહ્મવિમર્શ, બ્રહ્મપરાયણતા, સુમેધા, ચમત્કાર, પદ્માસને બેસવું, ઘોંઘાટમાં પણ એકાગ્રતામાં રહેવું, મોટા-મોટા પ્રોશેસનો, ફુલેકાઓ, વરઘોડાઓમાં પણ એકાગ્ર વર્તી, લક્ષ વેધી બેસી રહેવું.

શહેરોમાં મહા પ્રોશેસનોમાં નાસિકગવૃત્તિમાં બેસવું ઈત્યાદી સ્થિતિ યોગી સમાનતાનું ભાન કરાવે છે. જીવનની અભ્યુદયને નિઃશ્રેયસની પરાકાષ્ઠામાં પહોંચેલા આ સંત પુરુષ માલુમ પડે છે. આપ વિદ્વાન સ્વામી રાજકીય વૃષ્ણિવાળાઓની પરંપરામાં જન્મ પામેલા હોવાથી રાજકીય કુશળતાવાળા ન્યાયભરી વાણીવાળા અદ્‌ભૂત લેખક કુશળ તત્ત્વનિર્ણયક સભાઓ, મિટીંગો, વિમર્શની સમિતિઓ, વિરાટ સભાઓ આદિમાં ધર્માચાર્યો સમાન પ્રખ્યાત પુરુષ થયા છે. અલૌકિક મેધા પ્રતિભા તર્ક શક્તિ નિર્ણયાત્મક ફલ પ્રતાપ ભર્યા વૈભવી કર્તવ્ય પરાયણતાઓ વડે બધા પ્રકારના ગૌરવ ભર્યા આજ વિદ્યમાન છે. જેમની ગુણ રાશિને કોણ ગણી શકે !

આપ તમામ સભાઓમાં અગ્રપદ શોભાવો છો ! આપ ભારતમાં સર્વત્ર વિચર્યા છો. સર્વે સ્થળોમાં મહાવિદ્વાન તરીકે વખણાઈ રહ્યાં છો આપે અનેક પુસ્તકો વાંચી ઉત્તમ ભાષા ગ્રંથો પણ લખ્યા છે. આપ શાસ્ત્ર વ્યસની, શાસ્ત્ર ચિંતનપરાયણ, જનતા પ્રિયકર, ધીમાન મળતીયા સ્વભાવવાળા એક તપસ્વી, તેજસ્વી, સંયમી સંત, માનનિય પ્રાતઃ સ્મરણીય, પાપ પ્રજ્વાલક, શરણપ્રદાયક, સત્પુરુષ છો. મહાન પ્રકાંડ સર્વે શાસ્ત્રોના નિષ્ણાંત, વિદ્વાન, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી આ કુંકુમવાપી ભૂમિમાં પ્રગટ થયા છે. એમનું પાંડિત્ય દરેક શાસ્ત્રોમાં બેજોડ છે ! અગાદય વ્યાપક છે.

આપના દર્શન માટે દર્શનાર્થીઓ માટે રોક ટોક નથી ! કોઈ સુચનાઓ મોકલવી પડતી નથી, આપની અલૌકિક કાંતિમાં દર્શક લોકોને તૃપ્તિ મળે છે, ઊંઘ ન આવનાર માણસને વધારે

નિંદ્રા શાંતિ મળી જાય છે, આવું દિવ્ય સાત્ત્વિક આપનું સ્વરૂપ શીતલતા આપનારું છે. આડંબર બિલકુલ નહીં, સરલપણું ગુણ સમુદાય છે. આદિ-આદિ તેમની પરમપુરુષતા દાખવે છે !

શ્રી શાસ્ત્રીજી સત્કર્મ, વિજ્ઞાન અને ભક્તિમાં બરાબર સ્નાતક છે. શરીર માટે જગતમાં કોઈપણ પ્રકારની તૃષ્ણા થવા દેતા નથી, જે ભારતીય દિવ્ય મહારત્ન હોવા છતાં સાદું જીવન ગાળે છે. વધુ મોટી ઉપાધિઓ વિશાલ મોટી સત્તાઓને જંજાળરૂપમાં પ્રસરતી હોવાથી અધાપિ પર્યંત ઈચ્છતા નથી. કર્મ નિષ્ઠતા, વિમર્શ કુશલતા, દીર્ઘ દર્શિતા, અમનસ્વિતા, દ્વન્દ્વક્ષમતા, મિત મધુર ભાષિતા, સફલ સમયોય યોગિતા આદિક સદ્‌ગુણો તો શ્રી શાસ્ત્રીજી મહારાજમાં આશ્ચર્ય ઉપજાવનારા નજરે પડે છે. એમ.એ. પર્યંત આંગ્લ ભાષાનું અધ્યયન કરેલ છે તો પણ દુર્ગુણોના ડાઘ પોતાનામાં પેસવા દિધા નથી. અભિમાન આવવા દીધું નથી. સંસ્કૃત રચનાઓમાં અંગ્રેજી ડખલગીરીથી પોતે દૂર જ રહેવામાં શ્રેય માને છે. અંગ્રેજીનું કામ સ્વ ઉપયોગી પુરતું જ લ્યે છે. આવી મોટી પ્રતિષ્ઠા પાવન કીર્તિ પૂર્વજન્મીય આવેલી હોઈ તેની વિશેષ વૃદ્ધિ કરનારાં આજ વિરુદ્ધ ધુરંધરોના અભિનંદનો સફળ થયા છે. કાર્યારંભ તથા કાર્ય સમાપ્તિના દાખલાઓ પોતાનું ભણતર ગ્રંથલેખન, દિક્ષા નિભાવ, સાધુ સ્થિતિ એક રહેણીકહેણી આદિક આજીવનના દાખલાઓ શ્રીસ્વામીજીમાં વિશેષ પ્રકાશ કરી રહ્યાં છે, પોતાનું દિવસનું અધ્યનાદિ કર્તવ્ય પુરું કરી ગુરુદેવોને સંતોષ આપી પછી તૃપ્તિપ્રદ ભોજન લેવું એવા તો અનેક દાખલાઓ વિદ્યમાન ગુરુવર્યો દ્વારા જાણવા મળે છે. કાલે કરીશું એવું આલસ્ય તેમની પાસે આવતું જ નથી, કોઈ અશક્તિ જણાવે તેમને પોતે એટલું જ કહે છે - 'મારી સતત કર્મશીલતા ને સંભારી કામ કરો, તે વડે તમો વિજય મેળવશો.'

મનુષ્યોએ પોતાનું જીવન કેવી રીતે નિભાવવું ક્યા પ્રકારે સદુપ્રયોગ કરવો - એ શીખી લેવા શાસ્ત્રીજી મૂર્તિમાન આદર્શરૂપ છે. આવા પોતાના દૃષ્ટાંતરૂપી કાર્યો દ્વારા હિન્દુ ભારતીય સંસ્કૃત વિદ્યાની ઉપસ્થિતી જ્યાં જ્યાં છે, ત્યાં-ત્યાં દાર્શનિક, તાત્ત્વીક, વૈજ્ઞાનિક શાસ્ત્રો દ્વારા, આપની કીર્તિ અમર છે. શ્રેષ્ઠ ગુણો તો વારે-વારે દેખ્યો છે કે - સ્વસમીપ આવેલા વિદ્વાનને જરાપણ પરાભવ ન કરવા અનુસંધાન રાખે છે. શાસ્ત્રાર્થોમાં કુશળ છે, તથાપિ તેવી છેડણી સ્વયં ક્યાં કરતા નથી અને તેવું કરનારને સુપ્રસન્ન ચિત્ત રહેવા ધ્યાન આપી પ્રતિ વિવેચન સ્પષ્ટતા વડે જીજ્ઞાસા શાંતિના સ્વરૂપમાં વિજય આપે છે. દેશ-પરદેશોમાંથી આવતા પત્રોના જવાબો તુરંત આપી પોષ્ટ પત્ર રવાના કરી પ્રતિદિન લોકોને સુખિયા થવાના ચમત્કારો જોયા છે. આવતી નુકસાની કરતી વૃષ્ટિઓ હઠી જવી ઈત્યાદી દાખલાઓ સ્થળે સ્થળે છે. આવા સંત પુરુષ, યોગીરાજ વર્ણી સમિપે આવેલા યાત્રિઓ જરૂર આધ્યાત્મિક કંઈક શાંતિ, જ્ઞાન, વિજ્ઞાન શક્તિ લઈને જાય છે !

આપનું જીવન વિશ્વના કલ્યાણ માટે છે. નિર્લજ હૃદયવાળા જનસમૂહની માફક અન્ય સમુદાય પણ સાક્ષી દ્વારા શ્રીસ્વામીજી મહારાજને પરમ પવિત્ર પુરુષ સમજે છે ! દર્શનાર્થી તથા સહનિવાસી તમામ જનો સપ્રેમ સેદવત પ્રમાણે કરે છે ! પુષ્પહાર ચંદન આદિ પૂજે છે, તેઓને જરૂર ઈશ્વર મૂર્તિની પૂજા સમાન લાભ થાય છે. પણ સ્વામીશ્રી તો મૂર્તિ સમાન અચંચળ અવિચલ જ બ્રહ્મસ્થિતિમાં સમવૃત્તિ જ વરતે છે ! કાશીજીમાં ક્વિન્સ કાલેજમાં અભ્યાસ વડે આચાર્ય

બિરૂદવાળા થયા. ભણાવવામાં લિટરેચર, ફિલોસોફર આદિ-આદિમાં શિક્ષણ-પ્રશિક્ષણમાં અગ્ર પદ પ્રાપ્ત કરવા લાગ્યા ! આ સર્વ વિદ્યા વૈભવી જીવની વર્ણવી.

શ્રીસ્વામીજીમાં તો ચમત્કારો તો હજારો જોવામાં આવ્યા છે. મલીન દેવતાઈ, છાંયાવાલાઓની ડાકિની, શાકિની, યોગિની, વૈતાળલી, ભૂત-પ્રેત આદિકના ઉપદ્રવોને તો તુરંત જ સ્વપ્રતાપ દૈવી શક્તિ વડે નાશ કરવાના હજારો દાખલાઓ પ્રખ્યાત છે. પિતૃઓના ઉદ્ધાર માટે શ્રાધ્ધ મહાનારાયણ બલિ આદિ કરાવવા આજ્ઞા આપતા જાય. આવા ચમત્કારો હોવાનું કારણ પરમેશ્વરની સતત ઉપાસના હૃદય શુદ્ધિ, નિર્દોષતા તથા જેથી કરી ધર્મ પુણ્ય સાત્ત્વિકતા નાશ થાય તેવા સંગ-પ્રસંગ વિસ્મયતા ન કરવામાં અવ્રતધારીથી વર્તતા જોયા છે. કોઈ પ્રકારની લાલચ, લોભવૃત્તિ વડે ક્યાંક પણ પરામૃત થયા નથી. વસુધાને કુટુંબ માનીને સર્વ શરીર સમાનવૃત્તિ વડે વરતે છે. ભગવાનનાં લાખો નામ જપ માલા - ભજન સતત ચાલું જ રાખે છે.

શાસ્ત્રાર્થ ચિંતન ભગવદ્ ભજન વિશ્રાંતિ મિશ્રિત શરીર સંભાળમય પ્રવૃત્તિઓભર્યું જીવન વિતાવે છે. યોગિજનોની માફક ઉદયાસ્ત પર્યંત શ્વાસને વિરાજમાન અને સમય-સમય પર દેવદર્શન પૂજન ભજન સત્સંગ, કિર્તન ઈત્યાદિ નિયમમાં વર્તે છે. આવી પ્રત્યક્ષ પ્રભુ મૂર્તિને સ્મારકનો આજ આપણા દેશમાં અભિનંદનો અપાઈ રહ્યાં છે, તે આપણે માટે અતિ ગૌરવની વાત છે. આવા અવતારી પુરુષો જરૂર પ્રકટ થતાં રહો. જનકલ્યાણ કરતાં રહો એવું માંગીએ છીએ. પ્રકાંડ વિદ્વાન સ્વામીશ્રીના જેઓ-જેઓ વિદ્યાભ્યાસી, સત્સંગભ્યાસી થયા તેઓ પણ ભારતની વિભૂતિરૂપ થયા છે. નૈષ્ઠિકતા, સાધુતા, ચરિત્ર, પવિત્રતા, ગુણ ગરિમતા, દેવાર્ચન ભક્તિ શ્રધ્ધા વગેરે મહાપુરુષોના સમાન તેમના શિષ્ય-મંડલમાં પણ છે.

શ્રીહરિ, આચાર્યો, પંડિતો પણ ભૂમિમાં આભૂષણ સ્વર્ગના દેવો જેવા વર્તે છે. પૂજ્ય સ્વામીજી મહારાજને તેમના ગુરુવર્યના અતિ હર્ષભર્યા કેવા-કેવા આશીર્વાદો છે. તે જોઈ વાંચીને એમ થાય છે કે આ જરૂર કોઈ દૈવી વિભૂતિ ઈશ્વરીય અંશ છે. જેમાં સદ્‌ગુરુ, વિદ્યાગુરુઓ પૂર્ણ છલકીને ઉભરાઈને આશિષો દે છે. થકાવટનો દાખલો તેમની પાસે નથી. ચોવીસ તત્ત્વો પોતપોતાના રોગી-નિરોગી કામમાં હોય તો પણ આત્મીયકામ, બૌધ્ધિકકામ, લેખનકામ, વ્યાખ્યાનકામ, અધિક જવર, શરદી વગેરે અસ્વાસ્થ્યમાં પણ કર્યા કરતાય જોયા છે. પોતે જે દ્વન્દ્વોને આત્મ ભિન્ન તત્ત્વોમાં જ રહેવા દઈને ગણકારતા નથી. આવા બ્રહ્મદશાના દાખલાઓ સાથે ઘણીવાર અનુભવાયા છે. શત્રુ તરફ શત્રુતા નહિ અવરોધક સામે નિરોધકતા નહિ નુકસાની કરનાર સામે અફસોસ નહિ, ગેરલાભ સામે ઉદ્વેગ નહિ. આ બાબતો તો સદા જોવામાં આવે છે. બાળક વગેરેને એમની સામે કોઈ ભય નહિ ક્રૂરતા નહિ, કઠોરતા વાણી નહિ, પ્રાયઃ ! મૌનમ્, સંકલ્પ, વિરામનો અભ્યાસ ઈત્યાદિ તો પરાકાષ્ઠિય ગુણો વર્ત છે.

કેટલાકે એમના ગ્રંથોમાં ધૂળ નાખી પણ તે ગ્રંથો પૂનમની ચન્દ્રિકાની પેઠે નિર્મલ શીતલ પ્રકાશ કરનારા જ ફેલાયા છે જેને ભણીને હજારો પંડિતો થયા છે. પોતે જ ગ્રંથો લખી પ્રેસ કોપીઓ કરી સંપાદિત કરી પોતે જ સંશોધિત કરીને મુદ્રિત, મુદ્રાપિત કરાવવામાં જરા પણ આળસ જણાવતાં નથી. આપે સૂત્રો લખ્યા. ભાષ્યો લખ્યા. ટીકાઓ લખી, મૂળગ્રંથો લખ્યા અનેક

વિષયો લખ્યા તથા અનેક આકાંક્ષિતોને તેમની મરજી મુજબ લખી આપ્યા તો પણ પોતે તેનો ગર્વ રાખતા નથી. નિગૂઢ વિષયોને સ્પષ્ટ કરી આપી દેતા તે કેમ જાણે પોતાના હાથનો અથવા અંતઃકરણનો જાદુ મંત્ર હોય તેમ તુરંત જ રચના કરીને આપે કે પૂર્વજન્માભ્યાસ દૃઢ ચિરંતન સંસ્કાર અને નૂતન જન્મમાં ગુરુઓના આશીર્વાદો શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામીમાં મૂર્તિમાન પ્રકટ દેખાતા હોય તેમ સાક્ષી કબૂલે છે. પોતાની મુલાકાત માટે તો રાત્રી-દિવસ પોતાનું આસન અને પ્રવેશમાર્ગ ખુલ્લા જ રહે છે. નિદ્રામાં પણ તે ખુલ્લા જ રહે છે.

સૌરાષ્ટ્રના ગામોમાં પારાયણો મહોત્સવો યજમાનોના શુભ પ્રસંગો વગેરેમાં જતાં, હું પણ જતો. કુંકાવાવના કુટુંબોનો મને ઘણો પરિચય છે. રેલવે જંકશન કુંકાવાવ હોવાથી ઘણીવાર વિરામ કરાવવાનો પ્રસંગ થતો. પંડિત વર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના બાળપણના ભક્તિમય વૃત્તાંતો મને ઘણાં યાદ છે. પછી પોતે દીક્ષા લઈ કાશી અભ્યાસ કરવા ગયા. હું પણ ત્યારે કાશી જ્યોતિષશાસ્ત્રના વિશેષ અભ્યાસ માટે ગયો હતો. ભાગવતના પારાયણો તે વખતે પણ વાંચતો હતો. શ્રી શાસ્ત્રીજીસ્વામી પાસેથી, દશમ, એકાદશ, દ્વાદશ અવગત કર્યા હતા. કાશીજીમાં શાસ્ત્રીજીસ્વામીએ શાસ્ત્રોના પાંડિત્યની સારી નામના મેળવી પ્રકાંડ પંડિત થયા; તે બાબતનો હું પૂર્ણ સહવાસી છું.

હું પણ મારા કુટુંબ સહિત જુનાગઢમાં ત્રીસેક વર્ષથી રહેવા આવેલ છું. મંદિરની છાયામાં રહું છું. શ્રીશાસ્ત્રીસ્વામીજી સાથે કેટલાંક સ્થળે ભાગવત્ પારાયણો વાંચ્યા છે. જામનગરમાં પણ ભાગવત્ પારાયણ સાથે જ વાંચ્યા છે. બીજા નગર શહેર કે ગામોમાં જ્યાં-જ્યાં યજ્ઞ, યોગ, મહોત્સવ, હોમ, હવન, મૂર્તિપ્રતિષ્ઠા વગેરે મહોત્સવ હોય ત્યારે યજ્ઞના આચાર્ય તરીકે હું શાંતિલાલ વ્યાસ યજ્ઞ કાર્ય કરું, કરાવું. પ્રતાપી ચમત્કારી પાવન સંત પુરુષ ભજનાન્દી ભક્તિ ભરપુર એવા સદ્‌ગુરુ શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામીજી મહારાજને યજમાન જનતાએ બોલાવ્યા, આમંત્ર્યા હોય છે, તેઓ પધારે છે. પચીસ-પચાસ જેટલાં સાધુઓ, શાસ્ત્રીઓ, પુરાણીઓ, વક્તાઓ, મંડલધારીઓ, કિર્તનીયાઓ વગેરે-વગેરે પણ સાથે જ હોય છે. વાજતે-ગાજતે મહાન વિશાળ દિર્ઘ પ્રોશેસનોમાં સન્માન થતા જોયા છે. અક્ષત, ચંદન, પુષ્પ, કુમકુમ આદિથી ભગવન્ મૂર્તિની પેઠે પધરાવેલા જોયા છે. જયકારના નાદો સાંભળ્યા છે. ઊંચે આસન પર બિરાજી મૂર્તિના અંગન્યાસ પ્રાણપ્રતિષ્ઠા, ચક્ષુઃ સલાકા અંજન આદિ-આદિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને હસ્તે કરાવ્યા છે. દેવની આરતીઓ ઉતરાવી છે. મહામહોત્સવ કર્યા છે, હોમ-હવન કરાવ્યાં છે. યજ્ઞ મંડપમાં વિદ્વાન વિપ્રોની અને જનતાની હાજરીમાં સંસ્કૃતના ધારાબંધી પ્રવચનો ચાલ્યા છે. પંડિતજીના પાંડિત્ય અને સંત ધર્મ તથા આદ્યાત્મિક યોગના પ્રતાપે લાખો માણસો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની પાછળ ખેંચાયેલા જોવાય છે.

ભગવાનના આનંદ વરસી રહ્યાં હોય છે. વિપ્રોને દક્ષિણા અપાતી જોઈ છે. આવા વિધ્યેશ્રી, દાનેશ્રી, ધર્મેશ્રી, ત્યાગેશ્રી, શીલવ્રતેશ્રી, પ્રતાપેશ્રી, યશસ્વી, દેવપુરુષ આજ પૃથ્વીમાં બિરાજે છે. તેમને માટે મારા હજારો - હજાર અભિનંદનો છે. તેમના સમસ્ત જીવનનો અનુભવ

બ્રાહ્મણ, યાજ્ઞિક, જ્યોતિષી, કર્મકાંડી, પૌરાણિક શાસ્ત્રી અલ્પ હોવા છતાં પણ મોટાની કૃપા વડે કીર્તિમાન હું વિપ્ર શાંતિલાલ મટુલાલભાઈ શાસ્ત્રી, પંડિત પ્રકાંડ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની વિદ્વતા અને સંત સ્થિતિના વિશેષ ગુણો વર્ણવું તે અનુભૂત યથાર્થ છે. મહા ગુજરાત હાલના વિદ્વાનોએ આ બાબતોના મુક્તકંઠે સ્વાનુભવપૂર્વક વખાણ કર્યા છે. આવા વિદ્વાન સંતને આધારે સંપ્રદાય ઉજળા અને ઉર્ધ્વવર્તી હોય છે. આવા આ સંત શતવર્ષ જીવી દિર્ઘાયુ સુસ્વાસ્થ્યમાં ઉત્તમ ભક્તિમાં જનતાના કલ્યાણ માટે ઘણું જીવો. કાશી, મુંબઈ, અમદાવાદ આદિ મહાનગરોમાં લક્ષાવધી માનવોની મેદનીમાં વ્યાખ્યાન આપતાં આપની જે કીર્તિઓ ગવાતી હતી, તેથી હજારો ગણી કીર્તિઓ, સત્કારોના ફળવાળી કીર્તિ આપને માટે ગવાતી રહો. આવું હાર્દિક અભિનંદન પ્રેરી વિરમું છું.

- શાંતિલાલ શાસ્ત્રીજી...

મહાપુરૂષના રૂપમાં પૂજ્ય શ્રીસ્વામી મહારાજ...

કેશવજી હરિભાઈ.

શ્રીહરિશરણાગતી મંડળ, ઉપપ્રમુખ, સેવક.

(અરબસ્તાન-ઓમાન) દુબઈ.

પરમ પૂજય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામીજી મહારાજની વિશુદ્ધ બુદ્ધિપ્રતિભા તથા આદર્શરૂપ આજીવન નૈષ્ઠિક સ્થિતિ અને વિદ્યાતત્ત્વોમાં સદા જ રચ્યાં પચ્યાં રહેવું, આ બધો મૂર્તિમાન પરિશ્રમ આળસું લોકોની આળસ ઉડાડી દેનાર છે. તેમના સક્રિય જીવનને ગ્રહણ કરીને ભારતના અન્ય સતેજ બાળકો પણ મોટાં મોટાં વિદ્વાન વ્યક્તિ સ્વરૂપે પ્રગટ થશે. એમના ગ્રંથોના ઉદાહરણથી ભારતીય વિદ્યાઓની સેવા થશે, મોક્ષમાર્ગને પણ અપનાવશે, યોગ્ય જગ્યાએ વિદ્યાલયો સ્થપાશે. આ મહાપુરૂષના અભિનંદન ગ્રંથથી દેશ-વિદેશમાં અનેક પ્રેરણાઓ મૂર્તિમાન સ્વરૂપ ધારણ કરશે. આપે આપની વિદ્યા સેવાથી પૂર્વના ઋષિ મહર્ષિઓની પણ નવી પ્રસન્નતા મેળવી છે.

આ પ્રકારનો અભિનંદન ગ્રંથ થવો અતિ યોગ્ય છે. અભિનંદન ગ્રંથ સમિતિ પણ આવા શ્રેષ્ઠ કાર્ય માટે ધન્યવાદને પાત્ર ગૌરવાન્વિત થઈ રહી છે. કુંકાવાવ નગરીને આખી દુનિયામાં પ્રખ્યાત કરવા આ અભિનંદન ગ્રંથ મહાન પ્રતિકરૂપે બની રહેશે. દિવ્ય મહાન વિદ્વાન સ્વામીજી મહારાજની જન્મભૂમિ કુંકાવાવનગરી તીર્થ બનતી જાય છે. આ ભૂમિમાં મોટાં મોટાં સંત તથા ભક્તજનો થઈ ગયા છે, તે સંત ભક્તોના મંદિરની જગ્યાએ અન્નક્ષેત્રો, ધર્મશાળાઓ વગેરે ચાલી રહ્યાં છે. કુંકાવાવની પ્રજા હંમેશા બધી સંપત્તિઓ મેળવતી રહે છે. આ તે પ્રાચીન ભક્તોનો પ્રતાપ છે.

આ અભિનંદન ગ્રંથ એ બહું મોટો દિવ્ય દેવદૂત પુરૂષ મૂર્તિમાન થશે. જે સર્વાંગી વિકાસનો તથા દૈવી પરંપરાઓનો પરીચય કરાવશે. ભવિષ્યમાં અનેક અભિનંદનનો વંશ સજીવ રહેશે. આપણે સૌ મળી શ્રીસ્વામી મહારાજને અભિનંદન ગ્રંથ ભેટ કરી રહ્યાં છે. તેનાથી શ્રીસ્વામીજી મહારાજની દુનિયાભરને ભેટ થઈ રહી છે. તેમની આદ્યાત્મિક સંપત્તિઓ જનતાને ભેટ મળશે. આ ગ્રંથ દ્વારા પ્રજા કેટલાંય પ્રકારનો ઈષ્ટલાભ મેળવશે. ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું સારું સ્વાસ્થ્ય, દિર્ઘજીવન, યોગ શક્તિથી અસ્તિત્વ ચિરંતર બની રહે, એ મારા પણ અભિનંદન સ્વીકાર્ય થશે. શ્રીસ્વામીજી મહારાજની શ્વેત આરસની પ્રતિમા સ્થાપન કરવામાં મને આશીર્વાદાત્મક બહું મોટી પ્રસન્નતા પ્રાપ્ત થઈ રહી છે. તે આનંદ સાથે અભિનંદન વ્યક્ત કરીને હું મારા જીવનની સાર્થકતા અનુભવું છું.

- કેશવજી હરિભાઈ...

યુગપુરૂષના રૂપમાં વંદનીય મહારાજશ્રી...

ભરતકુમાર રતિલાલભાઈ કામદાર.

દિગ્વિજય સોલ્ટ વર્કર્સ, બેડીબંદર, જામનગર.

ભારતના મહાગુજરાત વિભાગમાં એક અવતારી પ્રભુ શ્રીસ્વામિનારાયણ ભગવાન પ્રસિદ્ધ થયા. તેઓએ જંગલી જેવી પ્રજામાંથી પણ મદ્ય-માંસ-ચોરી-હિંસા આદિ ઉપદેશ આદિ દ્વારા નષ્ટ કર્યું. તે મહા સુધારક ચમત્કારી પ્રભુના સંપ્રદાયમાં વર્તમાન સમયમાં દિગન્ત વિખ્યાત મહાપ્રતિભાશાળી બાળ બ્રહ્મચારી એક મહામના વિદ્વાન્ સંત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી વેદવેદાંત, શાસ્ત્રાદિકમાં શીઘ્રગતિના ભારતના ગણ્યાં ગાઠ્યાં ઉચ્ચકોટિના વિદ્વાનોમાં એક છે. તેમના ૫૪ સંખ્યાના સર્વે શાસ્ત્રોની નવી નવી કૃતિઓથી સંસ્કૃત ભારતી સુસેવિત બની છે. એવી વાણીના મૂર્તિમાન સ્વરૂપ તેઓ આપના અભિનંદનના ખરેખર ઉત્તમ પાત્ર છે. ભારત આદિ દેશોના વિદ્વાનો તેમને અભિનંદન પાઠવીને પોતાના એક કર્ત્તવ્યનું પાલન કરી રહ્યાં છે. દેશમાં અધિક આદ્યાત્મિક વિકાસ માટે ત્યાગી સંપ્રદાયોનું અસ્તિત્ત્વ અત્યંત ઉપર્યુક્ત છે.

બહુમુખી પ્રતિભાથી સ્વામીજી મહારાજે અનેક પ્રકારે દેશની સેવા કરી છે, તેમના અભિનંદન ગ્રંથમાં તેમની સેવારૂપ કૃતિઓનું અનેક પ્રકારે દિગ્દર્શન કર્યું હશે, તેમની અભ્યાસું ભાવિ પ્રજા પણ વિદ્વતાપૂર્વક દેશ સેવાઓ માટે પ્રયત્નશીલ નિવડતા રહેશે. સંત સ્વરૂપે લોકહિત તથા આત્મકલ્યાણ માટે જે કંઈ કરવું જોઈએ તે બધું કાર્ય આ વિદ્વાન સંતે કર્યું છે અને કરતા જાય છે. વિદ્યા ભણવી, ભણાવવી, શાસ્ત્રદાન, જ્ઞાનદાન, મોક્ષદાન, ચારિત્ર્યદાન, બ્રહ્મ ચિંતન, ઉપદેશ, સ્વયંનું સાત્ત્વિકવર્તન, જીવનમુક્ત સ્થિતિ, ગુપ્તતત્ત્વોની ચર્ચા-વિચારણા, ભારતની સેવા, સંપ્રદાયનું પોષણ, વડીલોની અનુવૃત્તિ, આશ્રિત વર્ગ સાથે સમાન વર્તન, મહાકલ્યાણકારી વિચારોનું લેખન, સદ્‌ગુણ ગ્રાહકતા, વિવેક, પોતાની માતાના ઉદ્‌ગાર 'બેટા ખૂબ ભણજે' આ આશીર્વાદને સફળતાનાં રૂપે સાકારિત કરવા જીવનનું સર્વસ્વ વિદ્યા ઉપાર્જન આદિમાં સમર્પિત કરવું, પરંપરાનું ગૌરવ તથા રિવાજને નિભાવવા, ઉચ્ચ સ્થાન પર વિદ્યામાન હોવા છતાં પણ તમામ જીવો પ્રત્યે પ્રેમ દયા, આત્મબુદ્ધિની દૃષ્ટિથી મન વાણી તથા અવલોકન, હૃદયથી મધુર અમૃ ત વર્ષા કરતા રહેવું, ઉપદ્રવોનું સહન કરવુ, પંચભૂતના શરીરમાં રહેવા છતાં પણ જળકમલવત્ નિર્લેપ રહેવું, મહેનતવાળા મોટાં કાર્યોમાં પણ વડીલોની પ્રસન્નતા માટે પ્રવૃત્ત થવું, આરંભ કરેલા કાર્યોને પાર પહોંચાડવા, વિદ્વત્ સાર્વભૌમ હોવા છતાં પણ ઓછી બુદ્ધિવાળાને પણ મુલાકાત આપવી, લીલા તણખલાંને પણ ન તોડવું, ગમે તેટલાં અપમાન કરનારનેય તેને પણ પ્રણામ આદિનો વિવેક કરવો, હારીને રાજી રહેવું, કોઈના ગૌરવ કે યોગ્યતાને ખંડિત ન કરવા, સમયના યોગ્ય વિભાગથી બધા પવિત્ર કર્ત્તવ્યો નિભાવવા, પોતાના દર્શનાર્થે આવેલા લોકો માટે અવિરત પામવું, સતત વાર્તા કરવી, ભજન કરતા જ રહેવું, વ્યર્થ સમય ન વેડફવો, સમજણથી સદા શાંતિ રાખવી, શાંત વાતાવરણ રાખવું, યોગનિંદ્રામાં જાગવું, ક્યારેય અંદરની ચિંતાને પ્રગટ ન કરવી,

હર્ષશોકના વેગ ન આવવા દેવાં, સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી પોતાની ઓરડીમાં જ નિગ્રહથી જ રહેવું, સાંજ-સવાર બપોર આદિ યોગ્ય સમયે ભગવદ્‌ીય કાર્યોનું અનુષ્ઠાન કરવું, રસાસ્વાદથી અલિપ્ત રહેવું, ક્યારેક ક્યારેક ભક્તને આધીન વરતવું, મોક્ષમાર્ગનું પોષણ કરતા જ રહેવું. અપરિગ્રહનું પાલન કરવું, આશા, તૃષ્ણા, રાગ, દ્વેષાદિકથી પરાભૃત ન થવું, વૈષ્ણવધર્મમાં પૂર્ણ રહેવું તીર્થોનું સેવન કરવું, જિજ્ઞાસુઓની જિજ્ઞાસા શાંત કરવી, અનેક પ્રકારના તર્ક વિતર્કોનો પણ યથાર્થ નિકાલ કરવો, સાગર સમ ગંભીર રહેવું. આદિ અનેક નજરે જોયેલી સંપત્તિઓ શરણાગતિના ગુરૂદેવ સદ્‌ગુરૂ શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજમાં વિદ્યમાન છે. આ કલ્યાણકારી પરમપુરૂષને આપણે લોકો શું અભિનંદન આપીએ ? સર્વે અભિનંદન તે સંત પુરૂષમાં નિવાસ કરીને રહે છે, છતાં પણ આત્માના ઉત્સાહથી ભર્યા અભિનંદન પ્રકાશિત કરતા અમે લોકો અનેરા આનંદને પ્રાપ્ત કરી રહ્યાં છીએ. તેમના અભિનંદનથી આખી દુનિયા અભિનંદિત થશે. પ્રગટ ભગવાન અમારા આ અભિનંદનથી અમો પર કૃપા દૃષ્ટિ રાખતા રહેશો. આપના અભિનંદનથી આખી સૃષ્ટિ ઉજળી છે. ભાવિ પ્રજા તેનાથી અંજવાળુ પ્રાપ્ત કરશે, અધિક ચપળતાને ક્ષમા કરશો, આ રીતે સમર્પિત હું વિરામ લઉં છું.

- ભરતકુમાર રતિલાલભાઈ કામદાર...

પરમપુરૂષ પરમેશ્વરરૂપમાં શ્રીસ્વામીજી મહારાજ...

વેલજી રવજી ચૌહાણ.

શ્રીહરિશરણાગતિ મંડળ, (પ્રમુખ), પુના.

બધી વિદ્યાઓ માણસની આંખો છે, બાહય દૃષ્ટિ વડે વ્યવહાર બરાબર થઈ શકે છે. અંતર દૃષ્ટિ દ્વારા આધ્યાત્મિક સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. વિદ્યાઓ બધાને માટે ફળદાયી છે. પ્રજા સ્કૂલો દ્વારા બધી વિદ્યાઓ ઉપાર્જન કરી આત્માનો રાષ્ટ્રનો અભ્યુદય તથા નિઃશ્રેયસ મેળવી શકે છે. જે જે લોકો વિદ્યાઓના પોષણમાં સહાયભૂત થાય છે અને વિદ્યાઓના મૂર્ત સ્વરૂપમાં તન્મય રહે છે, તે બંનેને વિદ્યા તત્ત્વજ્ઞો તરફથી અભિનંદન આપવામાં આવે છે. આવો જ પ્રસંગ પ્રજામાં ભગવતકૃપાથી, પુણ્યબળથી હાર્દિક પ્રસન્નતા સભર આશીર્વાદોથી અને સત્કાર્યોથી ઘટિત થાય છે.

એ ઉપમા ઠીક રહેશે કે વિદ્વાન સંત સૂર્ય, ચંદ્ર સમાન પ્રકાશ અને શીતળતા આપે છે. જ્યાં કયાંય પણ એવી યોગ્ય વ્યક્તિથી અજવાળું થાય છે તે અજવાળાને સતત જાળવી રાખવા અને વધારવા માટે યોગ્ય વ્યક્તિનો વાસ સૌને ઈષ્ટ હોય છે. ગામ, નગર, રાજધાનીઓ પણ વિદ્વાનોથી ઉજળી રહે છે. રાષ્ટ્ર વિદ્વાનોથી પ્રકાશિત રહે છે. વિદ્વાનોના સત્કારથી વિદ્વત્‌ભૂમિ પણ પ્રકાશિત રહે છે, વિશેષ પ્રકાશ ફેલાવે છે.

અભિનંદન ગ્રંથ સ્વરૂપમાં ઉપરોક્ત હકીકતો સમાવિષ્ટ શબ્દ નિત્ય છે. પણ આકાશમાં લીન ભાસે છે. ગ્રંથના અક્ષરો, શબ્દ, વાક્ય રચનાઓ, વારંવાર શબ્દોની વ્યક્તવાણી દ્વારા ગજાવતી રહે છે. અભિનંદનમાં વિદ્વાન લોકો, વિદ્વત-પ્રેમી લોકો, રાષ્ટ્રના પ્રતિભાશાળી લોકો અને ઉન્નતિની આકાંક્ષાવાળા સઘળાય લોકો એકત્રિત થઈ શકે છે. અભિનંદનમાં વિદ્વાન આદિ વર્ગ પોતપોતાના અભ્યુદયિક અભિપ્રાય આપીને દેશ, નગર, ગ્રામ, આદિને સાથે જ રાખીને અભિનંદનને લાયક સત્પાત્ર વ્યક્તિનો સત્કાર કરે છે. દેશમાં એવા દિગંત, વ્યાપ્ય કીર્તિવાળા પુરૂષને પ્રગટાવવા માટે ઉત્સાહ શક્તિને જાહેરમાં પ્રસરાવે છે. તેના દ્વારા અન્ય કેટલાંય વિશિષ્ટ દૈવી પુરૂષ પણ પુણ્ય, પ્રયત્ન, ઈશ્વર ઈચ્છા કે જન સમુદાયના આશીર્વાદોથી પ્રગટ થઈ આવે છે, જેનાથી દેશ સદાય સુપ્રકાશિત થતો રહે છે.

પરમાત્માએ જગત કલ્યાણ માટે બ્રહ્માજીને વેદ આપ્યા, વેદોનું વિજ્ઞાન ઋષિમુનીઓએ જગતને આપ્યું. વ્યાસાવતારોએ વિસ્તારપૂર્વક આધ્યાત્મિક વિદ્યાઓનો વિકાસ કર્યો. આચાર્યોએ વિદ્યાઓનો ભગવાનની સાથે સંબંધ બતાવીને ઉપાસના માર્ગ વિકસિત કર્યો. વિદ્વાન્ મહાપુરૂષોએ એજ ગુપ્ત રહેલી વિદ્યાઓની તત્ત્વ વિમર્શના રૂપમાં દર્શનશાસ્ત્રોની પ્રણાલી પ્રગટ કરી. શ્રેય તથા પ્રેય, સમૂર્ત, વિદ્યાઓનો લાભ ઉપનિષદો દ્વારા મળતો રહ્યો છે. તેના તાત્પર્ય રૂપ સિદ્ધાંતોનું પ્રદર્શન આચાર્યોએ ભાષ્યો દ્વારા સુસ્પષ્ટ કરાવ્યું. પ્રજા તેનાથી આત્મામાં આનંદ મેળવવા લાગી.

બુદ્ધ ભગવાને જગન્મય તત્ત્વોનું ક્ષણિકત્વ જ કહીને વૈરાગ્ય ઉપજાવ્યો, ગૌતમ મુનિએ તત્ત્વો પર ઉંડો વિચાર કરીને ન્યાયશાસ્ત્ર રૂપમાં તત્ત્વનિર્ણાયક વિદ્યાનું ગહન સ્વરૂપ પણ સરળ બનાવ્યું.

કણાદ ઋષિએ દ્રષ્ટ અદ્રષ્ટ સર્વે તત્ત્વોનું ન્યાયરીતિથી સ્વરૂપ તથા લક્ષણ આદિ વિવેચિત કરીને જગતના પદાર્થોનું વર્ણન કર્યું. કપિલ ભગવાને જડ ચેતનના મિશ્રણ રૂપ સંસારને વર્ણિત કરીને આત્માને મોક્ષમાં જવા માટે જ્ઞાનતત્ત્વને મુખ્ય માનીને આંખો ખોલી દીધી, તેનાથી વિશેષરૂપથી પતંજલિ ઋષિએ યોગ સમૃદ્ધિઓના અવલંબનથી ભગવત્પ્રાપ્તિ, રૂપ ફળને વિશેષ કરીને દર્શાવ્યું. જૈમિની ઋષિએ સ્વર્ગાદિની પ્રાપ્તિ માટે પુણ્ય, પુણ્ય ઉર્પાજન અર્થે અનેક પ્રકારના સત્કર્મો વેદના આધારે કરીને બતાવ્યાં.

યજ્ઞ, યાજ્ઞાદિ, સત્કર્મો તથા જ્ઞાન, વિજ્ઞાનાદિ, આધ્યાત્મિક, ધનને નિષ્કામ કર્મ રૂપમાં ઉપર્યુક્ત કરવાથી મોક્ષ પ્રાપ્તિ દર્શાવી. તીર્થ, વ્રત, તપ, દાન, પરોપકાર, સંયમ આદિ કરાવવા માટે સંહિતા, શાસ્ત્રપુરાણો, ઉપપુરાણોની રચના કરવામાં આવી. તેમાં સર્વત્ર અવતાર, દેવ, મહર્ષિ, ભક્તિજન આદિના ચમત્કારોની સાથે તરવાનું વિજ્ઞાન વર્ણિત કર્યું. છતાં પણ તેનાથી દૂર રહેનારી પ્રજાના માટે ગુરૂજન, પુરોહિત, સંત આદિ જંગમ તીર્થના વંશ પણ શાસ્ત્રીય રીતિથી જ વ્યવસ્થિત કર્યાં. તેને રાજા અને પ્રજાએ અપનાવ્યા. તેનાથી બધા લોકો યથેષ્ટ શ્રેય અને પ્રેય મેળવી શકે છે. દેવી જીવોને તે જલ્દી મળે છે. જંજાળવાળા જીવોને તે વાર લાગે છે. અવતારી પુરૂષ યોગીજન આચાર્ય લોકો પૃથ્વીમાં પ્રગટ થતાં જ રહે છે, તેના દ્વારા સમય સમય પર સાધારણ જીવોને પણ ભગવત્ સંબંધ પ્રાપ્ત થાય છે અને તેઓ મોક્ષભાગી બની જાય છે.

ભારતમાં એક ચમત્કારિક સાત્ત્વિક પરમપુરૂષ પૂર્વના યોગી ઈ.સ. ૧૯૦૫, ૨૧ ઓકટાબરના પ્રાતઃ કાળે પ્રગટ થયા. બાળપણમાં વૈષ્ણવી દીક્ષામાં વર્તતા હતા. તેઓના અનેક ચમત્કાર પ્રસિદ્ધ થતા જાય છે. તેઓથી દીક્ષિત લગભગ ૧૦,૦૦૦ થી વધુ સંખ્યામાં નાના મોટા જન થતા આવ્યા છે. તેઓએ નાનપણથી જ કાશીમાં વાસ કરીને સંસ્કૃતશાસ્ત્રોનો અભ્યાસ કર્યો. વ્યાકરણ, ન્યાય, વેદાંત, મીમાંસા, સાંખ્યયોગ, સાહિત્ય, આદિમાં તલસ્પર્શી અભ્યાસ કરીને અસીમ પાંડિત્ય પ્રાપ્ત કર્યું. લગભગ ૭૫ વિદ્યાર્થીઓને કાશીમાં જ ભણાવીને પંડિતો બનાવ્યાં. તેઓ દેશ, દેશાંતરમાં આજે પણ છે. તેઓએ દર્શનશાસ્ત્રોના ભાખ્ય તથા કિરણાવલી, કિરણ વગેરે ટીકાઓ ભણવા લાયક શ્રેષ્ઠ, સંશુદ્ધ, વિમર્શ વાણી લખી અને ભણાવી, ઉપરાંત ૫૪ સંખ્યામાં ગ્રંથોની રચના કરી.

ન્યાયસિદ્ધાંત મુક્તાવલી, સાંખ્યતત્ત્વ કૌમુદી, તત્ત્વમુક્તાકલાપ, આદિ પર વિશાળ વિશદ્ ટીકાઓ લખી. લક્ષ્મીનારાયણ સંહિતા ૧,૨૬,૦૦૦ શ્લોકોમાં લખી. જેમાં ચારેય યુગોના ધર્મ, પ્રજા, તીર્થ, કર્તવ્ય, ભગવાન, ભક્ત, ચમત્કાર આદિ વર્ણિત છે. આ પરમ પુરૂષે કાશીમાં ભણતા સમયે જ સંસ્કૃત મહાસભાઓમાં સંસ્કૃતવાણીની ધારા પ્રવાહોથી કેટલીવાર વ્યાખ્યાનો આપ્યા. દેશ-દેશાંતરમાં કેટલાંય શહેરોમાં જાહેરસભાઓ કરી. સનાતન ધર્મ પર જાહેર ઉપદેશ આપ્યો. મહાપુરૂષોની શતાબ્દિઓમાં અનેક નગરોથી આમંત્રણ આવવાથી ત્યાં પધારી સંસ્કૃત, હિન્દી આદિમાં વ્યાખ્યાનો આપ્યાં. છડી, છત્ર સહિત રાજ્યના સોના-ચાંદીના રથમાં વિરાજમાન થઈ સન્માન પ્રાપ્ત કર્યું. પોતાના જીવનમાં સંહિતાઓ, શાસ્ત્ર પુરાણ, ઈતિહાસ, સૂત્ર ભક્તિ, ધર્મ શાસ્ત્રોની, મળીને ૧૦૮ પારાયણ સંપૂર્ણ કરી. અંગ્રેજીમાં બાઈબલ, હિન્દીમાં કુરાનનું

પણ અવલોકન કર્યું. કુલજૂમ સ્વરૂપ ગુરૂગ્રંથ સાહિબ, વિશ્વના અન્ય દર્શનો, જૈન તત્ત્વપ્રકાશ, આચાર્યોના દિગ્વિજય તથા પ્રપન્નામૃતનુ અવલોકન કર્યું. વેદોની પ્રાપ્તિ સંહિતાઓના પાઠ પણ કર્યાં. કેટલાંય તપસ્વી અનુષ્ઠાનો કર્યાં. જીવનમાં જ્યાં જ્યાં ગયા છે. ત્યાં ત્યાં કથા ઉપદેશ સવારે તથા સાંજે સતત ચાલું જ રાખતા હતા. કેટલાંય ગામો તથા નગરોમાં ૫૧, ૫૧ જોડ શણગારેલા બળદો જોડેલા રથમાં બિરાજમાન થઈ જનતાએ કરેલા સન્માનના વળતર રૂપે શુભદર્શન, ઉપદેશ વગેરે દ્વારા સ્વાગત તથા પ્રતિષ્ઠા મહોત્સવો ઉજવાયા. જ્યાં જ્યાં પધારે છે ત્યાંના જનસમુદાયે વાજીંત્ર સાથે કિર્તન પુષ્પહારાદિથી સારા શિષ્ટાચારના રૂપમાં સત્કારિત કર્યાં. કેટલાંય સાંપ્રદાયિક મંદિરોને તૈયાર કરાવી, તેમાં ભગવદ્ અવતારોની પ્રતિમાઓ વૈદિક વિધિથી પ્રતિષ્ઠિત કરાવી.

શ્રીશંકર, શ્રીહનુમાનજી, ગણપતિજી આદિ દેવોની પણ યજ્ઞ, યાગ, હવન આદિ વિધિપૂર્વક પ્રતિષ્ઠાઓ કરાવી. વિપ્રોને તથા અનાથ સંતજન વગેરેને દાન, મહાદાન આદિ અપાવ્યા. જ્ઞાનદાન માટે ગ્રંથનું વિતરણ કરતા રહે છે. સ્વામીજીમાં જ્ઞાન-વિજ્ઞાન હોવા છતાં પણ મૂનિવ્રત શક્તિ હોવા છતાં પણ ક્ષમાવ્રત, ત્યાગશીલતા હોવા છતાં પણ અપ્રશંસા, સન્માનમાં રહેવા છતાં પણ નિર્માનવ્રત, આજીવન પ્રથમાશ્રમી શીલવ્રત, સંતસ્થિતિ ભગવદ્ ભક્તિ અનેક પ્રકારના અપમાનોને પી જવા, નચિંત બ્રહ્મસ્મરણમાં જ સમયની સાર્થક્તા, ગ્રંથ પરિશીલન, ભજન, કિર્તન, નિયમ રક્ષા, દોષોથી અપરાભવ, ગંભીરતા, તર્ક વિતર્કના સમાધાન, પરોપકાર આદિક અનેક સદ્ગુણો આ મહાપુરૂષમાં મળે છે. ભગવાનની કૃપાથી પંડિતોના આશીર્વાદથી, સરસ્વતીની ઉપાસનાથી, માતા-પિતાના પુણ્યથી, મહાન સંતપુરૂષોની પ્રસન્નતાથી, વર્તમાન સમયમાં દિગંત યશસ્વી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ચમકી રહ્યાં છે. તેમના માટે ભારત તથા અન્ય દેશોના મોટા મોટા વિદ્વાનો અભિનંદન આપી રહ્યાં છે. આ એક ભારતમાતાને તેની સાથે કાશી નગરીને તથા સરસ્વતી માતાને પણ અભિનંદન છે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તો નિમિત્ત માત્ર છે.

આ ભગવાનની જન્મભૂમિ મહા ગુજરાતના સૌરાષ્ટ્ર વિભાગમાં ગીરનાર પર્વતથી પૂર્વ દિશામાં સ્થિત કુંકાવાવ નગરી છે, જે લોમશ ઋષિનું ક્ષેત્ર છે, તેનાથી દક્ષિણમાં બગદાવલ ઋષિનો આશ્રમ પ્રસિદ્ધ છે. આ ભૂમિક્ષેત્રની દક્ષિણ બાજુ સો કોશમાં ફેલાયેલા પર્વતો અને અરણ્યવાળા ઘનઘોર વનમાં નરસિંહ ભગવાનના વંશજોના સિંહોનું જંગલ પ્રસિદ્ધ છે. જે ભૂમિમાં સાત દ્વારિકાઓ, સાગર કિનારા પર વિભિન્ન ભાગોમાં થઈ ચૂકી છે, જે દેશમાં સોમનાથ જયોતિર્લિંગ તીર્થ છે, શ્રીકૃષ્ણ ભગવાનના સ્વધામગમનનું પ્રાચીનો પીપળો નામનું તીર્થ છે, વામન ભગવાને બલિરાજાને ૧૦૦માં યજ્ઞમાં રસાતાળ પહોંચાડ્યો હતો. તે ત્રિવિક્રમ વામન દામોદરની વિશાળ પ્રતિમા સહિત તીર્થ ભૂમિ ગીરનારની તળેટીમાં છે. આનર્ત, રુકમાંગદ, ધર્માંગદ, રહુગણ, આદિ રાજાઓ આ દેશના રાજ્ય અધિપતિ થઈ ગયા છે. નરસિંહ મહેતા જલારામ આ સૌરાષ્ટ્રમાં થયા છે. રાણકદેવી આદિ થઈ ચૂકી છે, તેવી આ સોરઠી કુંકાવાવ ભૂમિમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની મૂર્તિસ્વરૂપ શ્વેત આરસની પ્રતિમા શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય રાષ્ટ્રીય સ્મૃતિભવનમાં

પ્રતિષ્ઠા વિધિ સહિત સ્થાપિત કરી છે. જેની પૂજા થઈ રહી છે. ત્યાં મેળો જામે છે તથા બાધા, માનતા માનવામાં આવે છે. બાધા રાખનારના મનોરથો પૂર્ણ થાય છે. ત્યાં દરરોજ ભજન મંડળી ભજન કરે છે.

આવા વિદ્વાન સંતની સ્મૃતિમાં અભિનંદન દ્વારા અનેક પ્રજાજન વિદ્વાન ભક્ત થશે, તે દેશના હિતમાં જ તૈયાર રહેશે. સૌરાષ્ટ્ર દેશ શ્રીસુક્ત કથિત, 'ઉપેતુ મા દેવસખઃ કીર્તિશ્ચ મણિના સહ પ્રાદુર્ભુતઃ સુરાષ્ટ્રે સ્મિન્ કીર્તિમ્ ઋદ્ધિં દદાતુ મે'- મંત્ર અનુસાર શ્રીકૃષ્ણભગવાનના ગોલોકના મુકુટનો દિવ્યમણિ, જે સૌરાષ્ટ્ર દેશ સ્વરૂપે પ્રગટ થયો છે, તે કીર્તિની સાથો સાથ સમૃદ્ધિ દેતા રહો, આવી ભૂમિના સુપુત્ર એક સંત પુરૂષને માટે બહું ભારે અભિનંદન સમૂર્ત સ્વરૂપમાં થઈ રહ્યું છે. કુંકાવાવનગરી પૃથ્વીમાં પોતાના બાળક સંતને પ્રગટ કરતા દિગંતમાં પ્રખ્યાત થઈ રહી છે. આ એક મોટું અભિનંદન જ છે. ૫૦૦ થી વધુ ધુરંધર વિદ્વાન મહામહોપાધ્યાય, પદ્મવિભૂષણ, પોષ્ટાચાર્ય, આચાર્ય, શાસ્ત્રી, તીર્થ, વાચસ્પતિ, કેસરી, પંચાનન, સાર્વભૌમ, રાજરત્ન, નિષ્ણાંત, ઉપાધ્યાય, વિશારદ, કુલપતિ, અલંકાર, વાઈસ ચાન્સેલસર, લીડર, લેક્ચરર, લીટરેચર, ડાયરેકટર, પ્રિન્સીપાલ, જનરલ સેક્રેટરી M.BB.S., D.Phil, M.A., A.M.S., M.A., P.hd., Dlit, D.Phil, વગેરે મોટા મોટા લોકો અભિનંદન આપી રહ્યા છે. આ તે દૈવી પરમ પુરૂષ માટે યોગ્ય જ છે. આપના આર્ટિકલ, ઉપદેશ, લેખ, આશીર્વાદ, મનનીય છે. જગત પર મોટો ઉપકાર કરનારા છે. વિદ્વાન લોકો પોતાના ઉપદેશ દ્વારા અસંખ્ય જીવોનો ઉદ્ધાર કરી દે છે. આ અભિનંદનની સમિતિના પૂજનીય વિદ્વાન પુરૂષોએ અનેક વિદ્વાનોને આકર્ષિત કરીને પૂર્વના અભિનંદનની જેમ જ સમગ્ર ભૌગોલિક પ્રજાજનોના અંતરઃચક્ષુ ખોલીને અવર્ણનીય ઉપકાર કર્યો છે. ભારતના ખૂણામાં રહેલી વિભૂતિઓને પ્રકાશમાં લાવ્યાં છે.

ભગવદ્સ્વરૂપ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજીએ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના મોટા મોટા મંદિર, સભામંડપ નવા બનાવડાવ્યા છે. સૌરાષ્ટ્રની રાજધાની રાજકોટમાં શ્રીલક્ષ્મીનારાયણ ભગવાનનું મોટું ભવ્ય મંદિર બનાવડાવ્યું છે. સૌરાષ્ટ્રના જામનગરમાં મોટું મંદિર, સભામંડપ વગેરે બનાવડાવ્યા છે. જૂનાગઢમાં લાખો રૂપિયા વાપરીને દિવ્યભવન (બાલમુકુંદ ભવન) બનાવડાવ્યું છે. આ સ્વામીજીના કાશી નિવાસના ફળ સ્વરૂપ શ્રીવડતાલ દ્વારા મચ્છોદરીમાં મહાદિવ્ય શ્રીસ્વામિનારાયણ મંદિર થયું છે. કેટલાંય સ્થળોમાં નાના મંદિરો પણ થતાં રહ્યાં છે. સાંપ્રદાયિક શાસ્ત્રોનું હિન્દી ભાષાંતર કરીને ભારતની જનતા માટે જ્ઞાન દાન કર્યું છે. સંસ્કૃત ફિલોસોફીના નવ્યન્યાય શાસ્ત્રાદિનું દોહન કરી કેટલાંય નવા ગ્રંથોમાં સુગ્રથિત તત્ત્વપ્રભાવલી નામનો ગ્રંથ, જે 'શ્વેતાયનિયં વિશિષ્ટં નવ્યં ન્યાયશાસ્ત્રમ્' નામથી પ્રખ્યાત થયો છે. ખરેખર પાંડિત્યથી ભરપૂર આ ગ્રંથમાં સારા સારા પંડિતોની પણ મેધા ખૂલી જાય છે.

મહાભારતની રચના બાદ પાંચ હજાર વર્ષ વિત્યા પછી સંસ્કૃત પદ્યાત્મક કાવ્ય શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા નામનો ગ્રંથ શ્વેતાયન સંહિતા રૂપમાં ચારેય યુગોના ઐતિહાસિક બહું ભારે મોટા મૂર્તિરૂપ કાવ્ય કુશળ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ પોતાની આગમ-નિગમની આગમીય અલૌકિક અટક્યા વિનાની વિજ્ઞાનશક્તિથી પ્રત્યક્ષ, સાક્ષાત્કાર વૃત્તિરૂપ ચૈતન્યમાંથી

કાઢીને પ્રગટ કરી છે. આમાં સઘળીય સૃષ્ટિના મુદ્દા ભર્યા પડયાં છે. આવા કવિવર શ્રીસ્વામીજી મહારાજ ૭૧ વર્ષથી ઉપર ચાલી જતી ઉંમરમાં પણ અખંડિત અવિરત કલમ ચલાવ્યે રાખે છે. એ જરૂર શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસજીનું સ્મરણ કરાવે છે. એમનામાં પઠન, પાઠન, લેખન, સંકલન, કવન, પ્રવચન, પ્રકલ્પન, સમન્વયીકરણ આદિ અનેક શક્તિઓ નિવાસ કરી રહી છે. અતકર્ય દેવપુરૂષની જેમ પ્રજાને પોતામાં આકર્ષિત કરી લે છે. એ જરૂર પૃથ્વી પર વર્તમાનમાં એક મહાન દૈવી પરમ પુરૂષ વિદ્યમાન છે. એમના શરીરપિંડમાં સામુદ્રિક શાસ્ત્રાનુસાર દૈવી રેખાઓ છે, કેટલાંય સ્પષ્ટ ચિહ્ન દેખાય છે, સંકલ્પ સિદ્ધ આ મહાપુરૂષના આશીર્વાદથી અડધી આવરદા વીતી ગયેલા સક્ષમ ભક્તોને પુત્રપ્રાપ્તિ સેંકડો કુટુંબોમાં વિદ્યમાન છે.

શાસ્ત્રોમાં લખેલા દિવ્ય પુરૂષ પોતાના સ્વરૂપમાં વિદ્યમાન હોવાનું સ્મરણ કરાવે છે, તેમના પ્રાગટ્ય જયંતિનો મહોત્સવ ગામ, નગરોમાં મનાવવામાં આવે છે. જન્મ જયંતિ ગુજરાતી આસો વદ અષ્ટમી, હિન્દી કાર્તિક વદ અષ્ટમી, કાશીમાં તથા મુંબઈ આદિ પંચાગ પત્રોમાં નાના ફોટા સાથે પ્રસિદ્ધ થાય છે. આ મહાપુરૂષ દ્વારા અનેક પરોપકારી પુણ્યકાર્યો થતા રહે છે. આ મહાત્માએ અનેક લોકોના દુઃખ દૂર કર્યાં. જોડ-ઝપટ મટાડ્યા, વશીકરણ દૂર કર્યાં, રોગનાશ કર્યાં, અવગતિયા જીવોના કલ્યાણ કર્યાં, યોગમાં સ્થિતિવાળાને સાત્ત્વિક અભ્યુદય પણ પ્રાપ્ત કરાવ્યા, વર્તમાનમાં પણ શાસ્ત્રચિંતન તથા બ્રહ્મચિંતનમાં જ મોટા ભાગનો સમય સાર્થક કરે છે. દર્શનાભિલાષી લોકોને રોકટોક નથી થયા. યોગ્ય જ્ઞાનવાળી મિશ્રિત ભક્તિ શ્રવણ કરાવે છે.

આપે હજારો ગામ, નગર, શહેરોમાં વિચરણ કરીને પ્રજાને આત્માના શ્રેય માટેના સાધન સમજાવ્યા છે. તેમની ભાષા ગ્રંથ (પ્રાકૃત ગ્રંથ) કેટલાંય સ્થળોમાં વાંચવામા આવે છે. આમના નિમિત્તે પવિત્ર દિવસોમાં ભક્તજનો ભજન, કિર્તન આદિ કરે છે. પ્રાકૃત લોકોથી દૂરના દૂર જ રહે છે. યજ્ઞયાગ આદિ કર્મકાંડો દ્વારા દરેક દેવતાઓના પૂજારી છે. ગૌમાતા આદિ માટે સેવક છે. આ બધો વૃત્તાંત નજરે જોઈને જ બરાબર લખ્યો છે. આ ઐશ્વર્ય, ચમત્કાર મહીમાને કેટલાંક લોકો પોતાની રૂચિ પ્રમાણે ગુપ્ત જ રખાવવા ચાહે છે, તે લોકોના સંતોષ ખાતર આપની રૂચીથી જ ગુપ્તરૂપમાં રાખવું. રૂચિ ઉત્તમ સમજીને તેમજ વર્તન રાખે છે. ફળ, ફૂલ, છાયાથી વૃક્ષની જેમ સંતવર્ય દૈવી ગુણોથી આશ્રય કરવા લાયક હોય છે. તેમજ આ સ્વામીજીનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર કરીને વૃત્તાંતોના વર્ણનમાં સત્ય આશ્રયી કદમ અતિ આનંદ અનુભવે છે.

અરૂચિવાળા દેહધારીઓ પ્રતિ સ્વામીજી મહારાજ સ્વયં તેમના સંતોષ માટે રૂચિને પ્રગટ જ નથી થવા દેતા. બાર વર્ષીય કુંભ મહોત્સવમાં હરિદ્વાર, પ્રયાગ, નાસીક, ઉજ્જૈન, કાશી, હરિહર ક્ષેત્ર, કપિલધારા, વગેરે સ્થળોમાં શાસ્ત્રાર્થના તંબુ તાણીને મહિના મહિનાઓ સુધી વિદ્વાન મંડળીમાં શાસ્ત્રાર્થ સંસ્કૃત દર્શન મતોમાં જાહેર બોર્ડથી ચાલુ રાખતા હતા. શ્રીભાગવતાનંદ સ્વામી, પરમાનંદ સ્વામી, હરીસિંહ સ્વામી, મહેશાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, શ્રીકૃષ્ણવલ્લભસ્વામી, આદિ મોટા મોટા નૈયાયિકા વેદાંતી દાર્શનિક વિદ્વાનોનાં મંડળો સંસ્કૃત તત્ત્વાર્થે શાસ્ત્રાર્થ માટે સુસજજ જ રહેતા હતા. તેમાં શ્રીસ્વામીજીએ અનેક વાર સત્કાર મેળવ્યો છે. છતાં પણ બધી વ્યક્તિઓનાં આશ્રય આકાશની જેમ નિર્લેપ જીવન વિતાવે છે.

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયની વૈષ્ણવી દીક્ષા હોવાથી સંપ્રદાય માટે ઉપર્યુક્ત વિદ્વાનો માટે ગ્રાહ્ય (૧) સ્વામિનારાયણ દર્શનમ્ (૨) તત્ત્વપ્રભાવલી (૩) શ્રુતિતાત્પર્યનિર્ણય (૪) ખ્યાતિ વિમર્શ (૫) પ્રમાત્વ વિમર્શ (૬) સુધાસિંધુ બ્રહ્મરસાયન ભાષ્ય (૭) શ્રીહરિસ્વરૂપરૂપનિર્ણય સત્સંગ ભાષ્ય (૮) સાંખ્યભાષ્ય (૯) યોગ ભાષ્ય (૧૦) સાકારાત્વ વિમર્શ વગેરે કેટલાંય ગ્રંથો લખીને મજબૂત પાયો બનાવી દીધો છે. વધુ પણ કેટલીય કિરણાવલી આદિ ટીકાઓ લખી છે. આજે જે જે વિષય વર્ણન કર્યા છે. તે દરેક અભિનંદનના રૂપમાં સમૂર્ત જ છે.

દિવ્ય સંત પુરૂષોના ગુણોનું વર્ણન પણ પ્રેય અને શ્રેય માટે ફળદાયી હોય છે, આ મહાપુરૂષના નામથી સનાતન ધાર્મિક વિદ્યાઓ પોષણ પામશે, વર્તમાન સમયમાં સમૂહોના સમૂહો વિદ્વાનોના થતા જાય છે. તેમને આત્મસાધના કરવામાં સત્પુરુષના અભિનંદન આનંદમાં રાખશે, સુમાર્ગ પર રાખશે, આશ્રિત ભક્તોને બ્રહ્મલોકના સુખમાં વર્તાવશે. સૌરાષ્ટ્રમાં મોટી મોટી ભૂગોળ પ્રખ્યાત વિભૂતિઓ થઈ ચૂકી છે. આ અવતારી પરમપુરૂષના અભિનંદન તે પૂર્વજોને પણ પ્રાપ્ત થશે જ. આ સંત સ્વરૂપ મહાન વિદ્વાન અવતારી પરમપુરૂષ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને હું અભિનંદન સ્વરૂપે સર્વસ્વ અર્પણ કરું છું. મારી ભાવના અનુસાર ભક્તિ સફળ થવાના આશિર્વાદ માંગુ છું. વધ્યું ઘટ્યું આપ ક્ષમા કરશો.

- વેલજી રવજી ચૌહાણ...

પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને વિશે પ્રત્યભિનંદન...

મિથિલાવાસી પંડિત રામનંદન ઝા. (વ્યાકરણાચાર્ય),

આયુર્વેદ કોલેજ, જૂનાગઢ.

મેરું પર્વતની આસપાસ ઋષિ તુલ્ય માનવોનો પૂર્વે નિવાસ હતો. પૃથ્વી સ્થિત હિમાલય પર્વત ઉપર સર્વોચ્ચ એવું સૂર્ય શિખર છે, તે જ શિવગૌરી શિખર, માઉન્ટ એવરેસ્ટ શિખર, કૈલાસ નામે પ્રખ્યાત છે. તેની ઉત્તરે તિબેટ-દક્ષિણમાં નેપાલ કે ભૂતનાથાલય છે. ત્યાં ઋષિતુલ્ય માનવો ફેલાયેલા છે, તે હિમાલય આસપાસના પ્રદેશોમાં સ્થિર થયા. અત્યંત દૂર પ્રદેશમાં વસવાને કારણે સમયાંતરે તેઓના આચાર, ભાષા, જાતિ-ઉપજાતિ વગેરેમાં ભિન્નતા હતી. પૂર્વે બ્રહ્માએ આર્ષપ્રજામાં વેદવિજ્ઞાન પ્રસરાવ્યું. ભિન્ન ઋષિકૂળોમાં તેની અનેક શાખાઓનો પ્રાદુર્ભાવ થયો. સૂત્ર, શાસ્ત્ર, પુરાણો, ઉપપુરાણો, ઈતિહાસ, નાટ્ય, ગાયન, નૃત્ય, શિલ્પ, ભૌતિક વિકાસ, ઉત્તમ યોગાભ્યાસ, રસાયનશક્તિ, દૂરશ્રવણ, દૂરદર્શન, સમુદ્રનાં તળિયા સુધીનું નિરીક્ષણ, ભૂગર્ભનું અવલોકન, આકાશમાં વિહાર, શરીરનાં અંગ-ઉપાંગોની શુદ્ધિ, વીજળી તથા યંત્ર શક્તિનો વિકાસ, મંત્રશક્તિ દ્વારા આદ્યાત્મિક ઉન્નતિ, દિવ્ય તથા અલૌકિક સિદ્ધિ, સંકલ્પ સિદ્ધિ વગેરે વિવિધ ક્ષેત્રોનો અદ્‌ભુત તથા અગણિત વિકાસ થયો.

પરબ્રહ્મ દ્વારા નિર્દિષ્ટ, પરમ ઈચ્છનીય, પ્રયત્નપૂર્વક શરીર દ્વારા પ્રાપ્ય, પરમેશ્વર સંબંધિત, તેમાંથી ઉત્પન્ન થયેલ, તેમાં સ્થિત અને તેમાં લીન થતું એવા પરમ તત્ત્વની ઉપાસના કરવી જોઈએ તથા પરમ કલ્યાણ પ્રાપ્ત કરવું જોઈએ. એવું આર્ષ જ્ઞાન સંસ્કૃત ભાષાનાં ગ્રન્થોમાં જોવા મળે છે. સર્વ લોકો તથા પ્રાણીઓ સુખની અભિલાષા રાખે છે. આનંદ એ આત્માનું લક્ષણ છે. આત્માનંદ શ્રેષ્ઠ છે, બ્રહ્માનંદ શ્રેષ્ઠતર છે, પરબ્રહ્માનંદ શ્રેષ્ઠતમ છે. મુમુક્ષુઓ, યોગીઓ તથા મુક્તજનો તે ભોગવે છે.

ઔષધિઓ વિશે ચર્ચા કરતું આયુર્વેદશાસ્ત્ર, સમયાનુસાર ફળાદેશ વિષયક જ્યોતિષશાસ્ત્ર, ગુણાકાર-ભાગાકાર આદિ પદ્ધતિ વિષયક ગણિતશાસ્ત્ર, માપપટી તથા ચણોઠી વગેરે દ્વારા દિશાઓ તથા વજનનું જ્ઞાન આપતું માનશાસ્ત્ર, યજ્ઞાદિ કર્મકાંડ વડે અદૃષ્ટ એવાં સ્વર્ગનું જ્ઞાન ધરાવતું અનુષ્ઠાન શાસ્ત્ર, માત્ર આત્મતૃપ્તિ આપતું વેદાંતશાસ્ત્ર, વિવિધ પ્રકારની પ્રસન્નતા તથા મનોરંજન કરાવતું નૃત્ય-ગીત- અલંકાર આદિ શાસ્ત્ર, આજીવિકા આપતું ખેતી વગેરે ઉદ્યોગશાસ્ત્ર, યુદ્ધ-રક્ષાસંબંધી જ્ઞાન આપતું અમરશાસ્ત્ર, ક્રિડા-આનંદ આપતું કલાશાસ્ત્ર, સૃષ્ટિશાસ્ત્ર, કુંડલિની-ચક્ર વગેરેનું જ્ઞાન આપતું યોગશાસ્ત્ર, ભૂગર્ભ વિશે જ્ઞાન આપતું ભૂસ્તરશાસ્ત્ર, વરસાદની આગાહી કરતું વાયુશાસ્ત્ર, કાયદાનું પાલક એવું રાજશાસ્ત્ર, ભાગ્યરેખા, શરીરપરનાં ચિહ્નો, સ્વપ્ન વિષયક તથા શુકન આદિ વર્ણવતું શાસ્ત્ર, મૂલ્યાંકન વિષયક હીરા-રત્નાદિનું શાસ્ત્ર, વિકાર વિશે જ્ઞાન આપતું ધાતુ-રસાયનશાસ્ત્ર, વિજયપ્રાપ્તિ માટેનું વ્યૂહશાસ્ત્ર, ફલ-ઘટના ચર્ચતું ખગોળશાસ્ત્ર, વાયુગતિ વિષયક સ્વરશાસ્ત્ર, રૂઢિ-પ્રણાલિકા આદિનું જ્ઞાન

આપતું લોકશાસ્ત્ર, સુખપૂર્વક જીવન વ્યતીત કરવા માટેનું નીતિશાસ્ત્ર, સદ્‌ગુણ, સત્કાર્ય, સૌજન્ય, ઉત્કર્ષ વગેરે દર્શાવતું અભિનંદનશાસ્ત્ર ઈત્યાદિ વિવિધ પ્રકારનાં શાસ્ત્રો લોકો માટે પ્રવર્તિત થયાં છે.

કુંકાવાવ અતિ ભાગ્યશાળી છે કે, જ્યાં પ્રેયસ્કર તથા શ્રેયસ્કર શાસ્ત્ર પ્રકાશિત થયું. ન્યાયાવતાર, નયાવતાર, નિત્યવતાર, અભિનંદનાવતાર ઈત્યાદિ અવતારો પ્રજાકલ્યાણાર્થે ઉત્પન્ન થયા. આવા ગુણવાન લોકો સ્વયં પ્રકાશિત, સર્વપ્રકાશ, અનંતપ્રકાશ, પ્રજાને પ્રકાશિત કરનાર બની રહે છે. આવા મહાપુરુષોમાં ધીરતા, દક્ષતા, ભદ્રતા, દૃઢતા, સહિષ્ણુતા, સંતુષ્ટતા, નૈષ્ઠિકતા, અતિઉત્સાહ, સમદૃષ્ટિ, તત્ત્વજ્ઞતા, સર્વપ્રતિ કલ્યાણ દૃષ્ટિ, મર્યાદા, સ્થિત પ્રજ્ઞતાદ્ય, નિષ્કલંકતા, સમબુદ્ધિ, જગત્ પ્રતિ આત્મદૃષ્ટિ, સમવૃત્તિ, હિતકારકતા, સમસેવિતા, આત્મદર્શન વૃત્તિ, દ્વંદ્વોમાં એક દૃષ્ટિતા, જ્ઞાન, આત્મકલ્યાણની ઈચ્છા, મોક્ષરૂપી ફળની વિદ્યા ધરાવનાર, સ્વર્ગાદિ ફળ આપનારી વિદ્યાના જ્ઞાતા, જીવન સાફલ્યની વિદ્યા ધરાવનાર, પોતાનું ઈષ્ટ કરનારી વિદ્યાના જ્ઞાતા વગેરે તેઓશ્રીમાં દૃશ્યમાન થાય છે. આવા ગુણો અનિવાર્ય છે જેની કસોટી અન્વીક્ષણથી થાય છે. આવું અન્વીક્ષણ પરિક્ષક દ્વારા થાય છે. સર્વે પદાર્થો તત્ત્વોનું યથાર્થ યોગ્ય નિરૂપણ આન્વીક્ષિકી વડે થાય છે.

પરબ્રહ્મથી આરંભીને પરમાણુ સુધીનાં તત્ત્વોનું બાહ્ય-આંતર, લૌકિક-અલૌકિક, આર્થિક, પરમાર્થિક, સાધન વિષયક, ફલવિષયક, દૃશ્ય-અદૃશ્ય,વાચ્ય-અવાચ્ય, જ્ઞેય-અજ્ઞેય, ભાવ-અભાવ વગેરેનું જ્ઞાન, અભિનંદન આન્વીક્ષિકી વિદ્યા દ્વારા પરીક્ષા કરીને થાય છે. આવી આન્વીક્ષિકી તર્કવિદ્યા, ન્યાયવિદ્યા, નિર્દોષવિદ્યા, કર્મકાણ્ડ વિદ્યા, આજીવિકા વિદ્યા, નિયમનમર્યાદા વિદ્યા, શાસન વિદ્યા વગેરે આન્વીક્ષિકી વિદ્યા અંતગતિ સમાવિષ્ટ છે. આવી વિદ્યા પ્રેરણા કરનાર તથા પ્રેરિત થનારમાં પ્રકાશિત થાય છે. આવા ભગવદ્‌વતાર તથા મહર્ષિસમા આચાર્યની કૃપાની જ્યાં વર્ષા થાય ત્યાં અવશ્ય અભ્યુદય, સિદ્ધિ, કલ્યાણ પ્રવર્તી રહે. વળી અધ્યાત્મવિદ્યા, આત્મવિદ્યા, બ્રહ્મવિદ્યા, સાક્ષિવિદ્યા, પરબ્રહ્મવિદ્યા, પરાવિદ્યા, મોક્ષવિદ્યા વગેરે પરમપુરુષ -પરબ્રહ્મને પ્રાપ્ત કરાવનારી વિદ્યાની પ્રાપ્તિ થાય છે. સર્વ વિદ્યાઓની પ્રતિષ્ઠા રૂપ આન્વીક્ષિકી વિદ્યામાં સદાચાર ધર્મનું દર્શન, ભાગવતધર્મ દર્શન, નીતિ-નય-ન્યાય-તર્ક દર્શન, દેશ-વિદેશના માનવોનું દર્શન, કર્માનુષ્ઠાન દર્શન, વૃત્તિ વ્યવહાર દર્શન, તત્ત્વજ્ઞાન દર્શન, તથા અપવર્ગ (મોક્ષ) દર્શન તથા તેનાં વિવિધ શાસ્ત્રો સમન્વિત થયેલાં છે. સર્વેનાં અંતરાત્મા એવા શ્રીહરિ જે વિદ્યા દ્વારા પ્રાપ્ત થાય છે તે વિદ્યાનું અભિનંદન સાર્થક થાય. આ આત્મા કોણ છે ? તે ક્યાં જશે ? આ બાહ્ય જગત્ શું છે ? તે સહયોગી છે કે નહીં ? અહીં રહેવાનું કે અન્યત્ર ? અથવા વિલય ? સત્ય અદૃશ્ય છે કે તેનાથી કંઈ બીજું ? પ્રવાહ કુદરતી છે કે અન્ય દ્વારા આકર્ષિત થાય છે ? શ્રુતિનું ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે કે તે માત્ર સાહિત્યમાં ઉલ્લેખિત છે ? જડનું પ્રેરણ જડ દ્વારા, ચેતનદ્વારા કે સર્વ વ્યવસ્થાપક ઈશ્વર દ્વારા થાય છે ? તે ઈશ્વર આત્મા દ્વારા આરાધના કરવા યોગ્ય છે કે પછી ગતાનું ગતિક (ગાડરિયો પ્રવાહ) છે ?

ભાવિ સાધના પ્રાપ્ય છે ? ઉપાસના સફળ થાય છે ? કે પછી માત્ર વિશ્રામ પૂરતી છે ? અપવર્ગ (મોક્ષ) નિત્ય છે કે નહીં ? ઈત્યાદિ તર્ક તથા શંકા-સંશયોનું સમાધાન, બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ થતાં જ થઈ જાય છે. વિદ્યા સંપન્ન લોકોનો આત્મવિશ્વાસ અભિનંદન વિદ્યા વડે વૃદ્ધિ પામે છે. નિરુત્સાહી વ્યક્તિમાં, અર્જુનની જેમ ઉત્સાહપૂર્વકનું તથા ગુરુજનોપદિષ્ટ બળ આવિર્ભૂત થાય છે તે દેશ તથા સમાજની સેવા માટે કર્મશીલ માણસને પ્રેરણા આપે છે. અભિનંદન દ્વારા યોગ્ય પાત્રને પ્રોત્સાહન પ્રાપ્ત થાય છે. તેના દ્વારા કર્મશીલ માનવને દેશ તથા સમાજની સેવામાં પ્રવૃત્ત કરે છે.

દેશ તથા સમાજસેવામાં લીન, સ્વસમાજથી સન્માનિત, વિદ્વાનો દ્વારા ઉત્સાહિત, સુસાધન યુક્ત, વિપરીત સંયોગોની અપેક્ષા ન રાખનાર, કેવળ સામાન્યજનનાં કલ્યાણમાં પ્રવૃત્ત, અકસ્માત આવી પડેલી મુશ્કેલીઓથી પરાજય ન પામનાર, સ્વાર્થવૃત્તિ રહિત મહાનુભાવોનું જીવન આંતરિક વિદ્યા-જ્ઞાન દ્વારા ઈહલોક-પરલોકના આનંદથી યુક્ત, મધુર, અતિસંતુષ્ટ, રસચરિત્ર યુક્ત, અનાસક્ત, ભગવાનનાં સ્વરૂપને અનુરૂપ બને છે. રાષ્ટ્રીયતા પ્રત્યેક વ્યકિત માટે મહત્ત્વની છે. ભારત પરમ પુણ્ય ભૂમિ છે. વિદ્યાલય સંબંધ, ગુરુ પરંપરા, શાસ્ત્રોની સમાનતા, ઋષિ પરંપરાની સુરક્ષા વગેરેને કારણે વૈદિક આચાર તથા વિવિધ અવતારોની ભક્તિથી પવિત્ર બનેલી ભૂમિ એટલે ભારત દેશ. રાષ્ટ્રની જનતાના ઉત્કર્ષ માટે મહાવિદ્યાલયોની સ્થાપના થાય છે. તેમાં રાષ્ટ્રીયતાના અભ્યુદય માટે લોકોને શિક્ષિત કરવા જોઈએ.

શિક્ષિત થયેલા લોકો પોતાની તથા દેશની ઉન્નતિ માટે પ્રયત્નશીલ બને છે. તેઓ કર્તવ્ય તથા અકર્તવ્ય વિશે નિપુણ બને છે. પોતાની બુદ્ધિથી દેશને સ્વર્ગ બનાવે છે. દૈવી મનુષ્યોનો આવિષ્કાર કરે છે. સમૃદ્ધિ લાવે છે. દિવ્ય નારીઓ પ્રાદુર્ભાવ પામે છે. માનવોને મહર્ષિ સમાન બનાવે છે. કન્યાઓને સરસ્વતી સમાન, કુમારોને સનકાદિક સમાન, ગાયોને કામધેનુ સમાન તથા બધું જ દિવ્ય બનાવે છે. સર્વશાસ્ત્ર વિદ્યા લોકોમાં પ્રચલિત થાય તો લોકોનો ખૂબ ઉત્કર્ષ થાય. લોકો આનંદિત થાય. રાજ્યની સમૃદ્ધિ વૃદ્ધિ પામે. દેશની ઉન્નતિ ઈચ્છનારા તથા 'આત્મવત્ સર્વભૂતેષુ' જેવી સમદૃષ્ટિ ધરાવનારાઓ દ્વારા આ શક્ય છે. સમાજની ઉન્નતિ દેશ-કાળ પ્રમાણે ઈચ્છવા યોગ્ય છે.

વિદ્યાલય, અધ્યાપન વગેરે સમયને અનુરૂપ સ્થાપિત કરવાં જોઈએ. તેમાં અભ્યાસ કરનાર લોકો પ્રભાવશાળી બની રહે તથા શક્તિશાળી બને. આવાં વિદ્યાલયોમાં વેદ, ઉપનિષદ્, ઈતિહાસ, પુરાણ, ગણિત, ભૂગોળ, ખગોળ, રસાયન, આધ્યાત્મિક, વિજ્ઞાન, સંગીત, વ્યાકરણ, યોગ, ઔષધિ, અણુ, ભૂસ્તર, ધાતુ, જલ, રત્ન, યુદ્ધ, ગ્રહ, ગૃહ ઈત્યાદિ વિવિધ વિદ્યાઓનાં અધ્યયનથી લોકો દેશની ઉન્નતિ સાધી શકે છે. શબ્દ તથા અર્થની જેમ ચેતન તથા જડ તથા ભગવાન અને જગત્ની સ્થિતિ છે. ભગવત્ પ્રાપ્તિથી સર્વ પ્રાપ્તિ થાય છે. ભગવાન સર્વવ્યાપી તથા સર્વ સ્થિત છે. ભગવત્ પરાયણ વ્યક્તિનું અભિનંદન દોષ દૂર કરે છે તથા ગુણ પ્રકટ કરે છે. આવુ જ્ઞાન સ્પર્શમણિની જેમ જનસમુદાયને સુવર્ણમય બનાવે છે. શ્રેષ્ઠતા તથા પૂજ્યતા પ્રકાશિત કરે છે. સૌભાગ્યની વૃદ્ધિ કરે છે. જેમ જલ ભરેલ ઘડો કમર ઉપર લઈ જતી સુંદરનારી

સૌંદર્ય પ્રદર્શિત કરે છે તેમ અભિનંદન (જ્ઞાનની પ્રશંસા કરતું કાર્ય) વિદ્વાન, વિવિધ પ્રદેશો તથા જનસમૂહને સુયોગ્ય બનાવે છે. આવું અભિનંદન મૂલ્યને જાણનારને આનંદ, સંતોષ, શાંતિ, સુખ આદિની પ્રાપ્તિ થાય છે. ભગવાન આનંદ ધામ છે. પ્રેમ દ્વારા આનંદ પ્રાપ્તિ થાય છે. ભગવત્સેવા પ્રસન્નતાદાયી છે. અભિનંદન અભ્યુદય તથા કલ્યાણકારી છે. આ સૃષ્ટિમાં નવીન રચના કાર્યમાં જે ઉત્તીર્ણ - પ્રવીણ છે તે અભિનંદનને પાત્ર છે. ગુપ્ત એવું પ્રાચીન રહસ્ય પણ પ્રયત્ન વડે આવિષ્કૃત થાય છે.

સર્વે અસ્તિત્ત્વ ધરાવતી વસ્તુની સૂક્ષ્મ, કારણ તથા બ્રહ્મ અવસ્થા છે. બ્રહ્મ વિવર્ત આભાસ માત્ર છે કે પરિણામશીલ તે અભિનંદન દ્વારા જ્ઞાત થાય છે. અપ્રમાણ સ્વરૂપ પ્રમાણો દ્વારા અલભ્ય વસ્તુઓ પ્રમાણ વડે ઉપલભ્ય બને. તે દ્વારા જ્ઞાન પ્રકાશિત થાય, વસ્તુનું યથાતથ સ્વરૂપનું જ્ઞાન થાય, સર્વનું કલ્યાણ-ઈષ્ટ કરનાર કારુણ્ય સંપન્ન થાય, ચિત્તની ચંચળતાનો અવરોધ થાય, આત્માનંદ પ્રકટ થાય, આત્મજ્ઞાનરૂપી સમૃદ્ધિમાં વૃદ્ધિ થાય, ભગવાનની કૃપાથી પ્રાપ્ત થયેલી દિવ્ય દૃષ્ટિ પ્રકાશિત થાય, ઈન્દ્રિયોથી ન જાણી શકાય તેવા પદાર્થોનું જ્ઞાન થાય, બધી જ વસ્તુ સર્વાત્મક સમાન છે તેવી વિશિષ્ટ બુદ્ધિ પ્રવૃત્ત થાય, ગુણોના આવિર્ભાવથી બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થાય, નિમિત્ત કારણ તથા ઉપાદાન કારણનાં જ્ઞાન દ્વારા તત્ત્વ પ્રકાશ પ્રાપ્ત થાય.

શ્રીમાન એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યનાં દર્શનરૂપી કૃપાથી હું અત્યુત્તમ તૃપ્તિ અનુભવું છું. ધર્મ, વૈરાગ્ય, જ્ઞાન, ત્યાગ, તપ, યજ્ઞ આદિ આચારથી યુક્ત અને સેવા, શરણ, ભક્તિ આદિ પારમાર્થિક કાર્યથી યુક્ત એવું ભારતવર્ષ સદા વિજયી છે. આપણે સદા ભારતીય સંસ્કૃતિરૂપી સમૃદ્ધિના સર્વદા પાલક રહ્યાં છીએ તથા રહીશું. બ્રહ્મા સર્વના પિતામહ છે. ભગવાને તેમને વેદો સમર્પિત કર્યા. આ વેદો ભારતની સામાન્ય પ્રજામાં આજે પણ જીવિત છે. વેદો, મંત્રો, બ્રાહ્મણ, સંહિતા, સૂત્ર, શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ, કાવ્ય, કથાનક વગેરે વિવિધ સ્વરૂપો વડે વિવિધ વિદ્યાઓને પરિપુષ્ટ કરે છે તેને માટે વિદ્યાલયો, ધર્માલયો, વિશિષ્ટ વિજ્ઞાનાલયો, સત્સંગાલયો, વિવિધ પ્રકારના સંપ્રદાયો નિત્ય સ્થાયી બની રહે.

આપની જેમ મારી પણ પ્રાર્થના છે કે, ભારત દેશના સૌરાષ્ટ્ર પ્રદેશના કુંકાવાવના વિદ્યાલયોમાં વૈદિકાદિ વિદ્યાના જ્ઞાતા, વીરપુરુષો, ચમત્કારી સતીનારીઓ, સત્કર્મ, ઉપાસના તથા જ્ઞાનમાં રત એવી પ્રજા, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિવાળી જનતા, ધર્મ, અર્થ, કામ, ભક્તિ તથા મોક્ષનું અનુસરણ કરતી સંતતિ, આત્મવત્ સર્વભૂત પ્રત્યે હિતદૃષ્ટિવાળા લોકો, ગૃહસ્થો ત્યાગી જેવા, ત્યાગીઓ મુક્તાત્મા જેવા, બ્રહ્મપરાયણ સમાજનો પ્રાદુર્ભાવ થાય. ગૌરવશાળી એવી આ ભૂમિમાં પ્રત્યેક સમયે મહાન વિદ્વાનો, દર્શનશાસ્ત્રીઓ, વિજ્ઞાનીઓ, કલાજ્ઞાતાઓ, મહાપ્રતિભાશાળી કવિઓ, લેખકો, અધ્યાપકો, તપસ્વીઓ તથા યોગીઓ થઈ ગયા, થાય છે અને થશે. આ મહાપુરુષોએ પ્રજાજનોને પોતાનાં કાર્યોથી ઉપકૃત કરેલ છે. વિદેશીઓનાં હૃદયમાં પણ સદ્‌ભાવના તથા ઉદારતા પ્રગટાવેલ છે.

અહિંસા વ્રતધારી ભારતમાં આવી ચડેલા હિંસક આગંતુકોના હૃદયમાં પણ અહિંસા વ્રત જાગૃત કરેલ છે તથા ઉપાસના, સત્ય, આદિનો સંચાર કરેલ છે. પૃથ્વીપટ પરના ભારત દેશના

અતિ વિસ્તૃત એવા ગુર્જર પ્રદેશની જેમ આ સભા પણ વિશાળ છે. કુંકાવાવ નગરી નાની હોવા છતાં સર્વે વિદ્વાનોની વિશાળ સભાને કારણે વિશાળ બની છે. રજોગુણ યુકત એવા આજના લોકોને સંસ્કૃત તથા અધ્યાત્મ વિદ્યા પ્રત્યે રુચિ નથી. તે દૂર કરવા ગગનમાં વિચરતાં, ભૂમિ ઉપર દોડતાં તથા સમુદ્રમાં વહેતાં વાહનો, રાજકીય નિયમો, ન્યાયલયના કાયદાઓ, સૈન્યના નિયમો, શારીરિક રોગ સંબંધી ઔષધિઓ, વિવિધ રસાયનો, મોટા ઉદ્યોગો, મહાલયો તથા ભવનોનાં નિર્માણ, અરણ્ય, ઉદ્યાન, નદી, પર્વત સાથે સંકળાયેલ આપ તથા વ્યય વગેરે વિશે અન્ય ભાષામાં લખાયેલ ગ્રંથોનું સંસ્કૃતમાં પરિવર્તન આવશ્યક છે. આ રીતે સંસ્કૃત પ્રત્યેની અરુચિ તથા ઉદાસીનતા દૂર થશે. વિવિધ વિદ્યાલયો સંસ્કૃત સિવાયની અન્ય ભાષાઓ ભણાવે તેને સંસ્કૃત ભાષાનું અધ્યાપન કરાવતી કરવાની આવશ્યકતા છે.

ગોળમેજી સભાઓ યોજીને જો આ કાર્ય કરવામાં આવે, તો સો વર્ષે પણ તેમાં સફળતા પ્રાપ્ત થાય. અન્ય ભાષાઓની જેમ સંસ્કૃત વિવિધ વિસ્તારોમાં વ્યાપી રહે. આપણે આ કાર્યની સફળતા માટે આશા રાખવી જોઈએ તથા પ્રાર્થના કરવી જોઈએ. એવું જણાય છે કે, સંસ્કૃતના જાણનારાઓએ પણ, સંસ્કૃત ભાષા વ્યાવહારિક હોવા છતાં સંસ્કૃતમાં વ્યવહાર કરેલ નથી. અપભ્રંશનો સ્વીકાર થયો અને તેમાંથી વિવિધ ભાષાઓ ઊગી નીકળી. યુગો પછી જગતમાં સંસ્કૃતનો વ્યાપ થાય એવું બને, આ અશક્ય નથી. વૈજ્ઞાનિક તત્ત્વો સંસ્કૃતમાં રચાય. આદ્યાત્મિકની જેમ ભૌતિક, લૌકિક, વ્યાવહારિક ઈત્યાદિ સર્વ કાર્યો સંસ્કૃતમાં થાય. યુગને અનુરૂપ થઈને ધર્મ પણ યૌવન ધારણ કરે. સ્વતંત્ર ભારતમાં સંસ્કૃત ભાષાને યોગ્ય સન્માન તથા ઉચિત સ્થાન મળે. જેથી પ્રાચીન અને અર્વાચીન સમૃદ્ધિઓ પ્રાપ્ય બને. વિશ્વબંધુત્વ, સુખ, શાંતિ, પુરુષાર્થની સફળતા મળી રહે.

સંસ્કૃત ભાષા દ્વારા આપણી પરંપરા સ્વરૂપે મળેલ સમૃદ્ધિઓનું રક્ષણ થયું છે અને થશે. આજના વિજ્ઞાનયુગમાં સુખ-સગવડનાં અનેક સાધનો હોવા છતાં અત્યંત માનસિક તનાવ-હતાશા પ્રવર્તે છે તે દૂર કરવા માટે તથા આત્મીય સુખ પ્રાપ્તિ માટે પ્રયત્નો કરવા જોઈએ તથા દુઃખનાં મૂળસમી તૃષ્ણા દૂર કરવી જોઈએ. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, પુરાણ, ઈતિહાસ, સંહિતા, સૂત્રો, ભાષ્યવિવરણ, પિતૃ સંબંધી, દેવ સંબંધી, ભૌતિક સંબંધી જ્ઞાન, દેવર્ષિ, બ્રહ્મર્ષિ, માનવ, નાગ, નક્ષત્રાદિ વિદ્યાઓ, યંત્ર, મંત્ર, તંત્ર વિષયક વિદ્યાઓ તથા ચિરશાંતિ અર્પતી અદ્યાત્મ વિદ્યાઓ આવા અભિનંદનાત્મક ઉત્સવોથી પ્રવૃત્ત થાય છે. વિશ્વમાં સંઘર્ષ ફેલાવતા દોષો દૂર થાય. આત્મવિશ્વાસ, ઈશ્વરોપાસના, સ્નેહ, ભક્તિ વગેરેનો આવિર્ભાવ થાય. સત્સંગથી પ્રાપ્ત થતી પરમ શાંતિ સંપન્ન થાય. સર્વ અનર્થોને દૂર કરનાર એવું વિશિષ્ટ આત્મજ્ઞાન આપશ્રીના આશીર્વાદથી પ્રાપ્ત થાય. વસુધા-પૃથ્વીને કુટુંબ માનનારા ઉદાર ચરિત લોકો આ વિદ્યાલયોમાં આવિર્ભૂત થાય.

ભારતીય વિદ્યાના કુલપતિઓએ સંસ્કૃત ભાષા તથા સાહિત્યના વિકાસ માટે ભારતમાં ઘણાં વિદ્યાલયો સ્થાપિત કર્યા છે. ત્યાં સંસ્કૃતનો અભ્યાસ કરાવવામાં આવે છે. પ્રાચીનોએ કરેલાં સંશોધનોનું ત્યાં અધ્યાપન થાય છે. હું ઈશ્વરને પ્રાર્થના કરું છું કે, કુંકાવાવમાં મહા વિશ્વવિદ્યાલય

શાશ્વત કલ્યાણ માટે સ્થાપિત થાય. આ જગત્ ટીકાકારોથી ભરેલું છે. દિવ્ય વ્યક્તિની પ્રશંસા સહન કરતું નથી. હાથી પ્રત્યે સિંહની જેમ તથા ગરુડ પ્રત્યે કાગડાની જેમ ચેષ્ટા કરે છે.

પોતાનાં જ્ઞાનની પ્રશંસા તથા અન્યનાં જ્ઞાનની ટીકા કરનાર છે. તેવા લોકો માટે આ અભિનંદન સમારોહ નથી. પરંતુ પ્રસન્ન હૃદયવાળા લોકો યોગ્ય જ્ઞાની વ્યક્તિઓનાં અભિનંદનથી આનન્દિત થશે. અભિનંદનને પાત્ર વ્યક્તિના અભ્યુદયની જેમ અભિનંદન કરનારનો પણ અભ્યુદય થાય. અભિનંદન પાત્ર વ્યક્તિના હૃદયમાં રહેલ ઈશ્વર અભિનંદન પ્રદાતાઓની પણ ઉન્નતિ કરે અને કરશે. ઉત્કર્ષની સિદ્ધિ અર્થે કરેલ અભ્યાસ સર્વે માટે આનંદદાયક છે. સ્પર્ધા દ્વારા ઈર્ષ્યાભાવ દૂર થઈને ઉત્કર્ષ પ્રાપ્તિ થાય છે. પોતાના અભ્યુદયાર્થે થયેલી સ્પર્ધા ગુણ છે. જીવનમાં ઉત્કર્ષ પ્રાપ્ત કરાનાર પ્રત્યે વ્યક્ત થયેલ અભિનંદન આનંદદાયક હોય છે. વિદ્યાલયોમાં સર્વે વિદ્યાઓનું મંગલમય આરાધન થાય, હવનાદિનાં મંડપો સ્થપાય, શારીરિક સ્વસ્થતા માટે રમતગમત તથા વ્યાયામનું આયોજન થાય, યોગાસનો વગેરેનું આયોજન થાય. વિદ્વાન પંડિતો પાસે અભ્યાસ કરીને પાંડિત્ય મેળવી ચૂકેલ હું ખરેખર વાસ્તવિક દૃષ્ટિએ પાંડિત્ય ધરાવતો નથી. મેં રચેલા ગ્રન્થોનો અભ્યાસ કરીને વિવેચન કરનારાઓએ મને અભિનંદન આપીને મારાં પાંડિત્યને પ્રકાશિત કર્યું છે. આથી મને તૃપ્તિ થઈ છે. રાજકોટમાં શ્રીરામકૃષ્ણ પરમહંસના શતાબ્દી સમારોહ નિમિત્તે આયોજિત સંમેલનમાં સંસ્કૃત વ્યાખ્યાનો પછી ત્યાં ઉપસ્થિત લોકોએ 'આ કાશી નિવાસી પંડિત છે' એવો ઉલ્લેખ મારે માટે કરેલ. આમ પ્રકાંડ પંડિતો વડે પ્રશસ્ત થયેલ હું અત્યંત સંતુષ્ટ થઈને 'કેવળ ભગવદ્ ભક્તિમાં આનંદ પ્રાપ્ત કરું' એવી પ્રાર્થના કરું છું.

- પંડિત રામનંદન ઝા...

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના વિદ્વાનોને પ્રત્યભિનન્દન...

જે રીતે ''દેશ-વિદેશના વિદ્વાન પંડિતો, રાજકીય મહાનુભાવો, ધર્મગુરૂઓ, સંતો-મહંતો, મહામંડલેશ્વરો અનેક યુનિવર્સિટીઓ, મહાવિદ્યાલયો, કોલેજો અને વિવિધ સંસ્થાઓનો વિદ્વાન સંચાલકો, પ્રોફેસરો, લેખકોએ મહારાજને કિંમતી અભિનંદનો આપ્યા.'' તે જ રીતે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે પણ સર્વેને લક્ષ્યમાં રાખી - અમૂલ્ય-અજોડ-કિંમતી પ્રત્યભિનંદન આપી સૌનું વિશેષ પૂજન કર્યું હતું.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનો સર્વ વિદ્વાનો પ્રત્યે 'પ્રત્યભિનન્દનનો વિશાળ લેખ...

પોતાના દેશને સર્વોચ્ચ કોટિમાં સ્થાન દેવાને માટે મહાવિદ્યાલયોનું હોવું આવશ્યક છે, તે ધનોનાં પ્રવાહો વડે થઈ શકે છે, ધનલાભ ધનોપાર્જક સમુદાય દ્વારા થાય છે, એ સમુદાય વ્યાપાર ઉપર વિશેષ આધાર રાખે છે, વ્યાપારોનું અસ્તિત્વ ફળદ્રુપ જમીનોમાં ઉપજતી ચીજો દ્વારા રહે છે, ઉપજાવનારા ખેતીકારો છે, ખેતીપ્રધાન આ સૌરાષ્ટ્ર દેશ છે, કૃષિ ગૌપશુરક્ષા વાણિજ્ય આદિકને ધર્મસ્વરૂપમાં દિવ્યપુરૂષોએ ગણ્યા છે, આવા ઉદ્યમો દ્વારા આપ વિદ્યાલયોના પોષક બનો, દાનેશ્રી બનો.

દાનવડે ઉત્કૃષ્ટ સ્વર્ગ અને મોક્ષ પ્રાપ્ત થશે, માતૃભૂમિ પ્રસન્નતા વડે ઉપરની ભૂમિઓમાં મોકલશે, દાન અધ્યયન અને ભગવદ્યોગ કરનારને માટે કૃષિ વિગેરે મુક્તિદશામાં પહોંચાડવાનાં સામર્થ્યો રાખે છે, પરોપકારી ધનવાલાના ભવનમાં કરૂણા ઉદારતા વિનીતતા સૌહાર્દ સમવૃત્તિ સત્કાર આદિ ગુણ રહે છે, જે કે ભક્તિમાં સામેલ છે. કલુષિત ધનવાલાના ઘરમાં કદર્યતા લુબ્ધતા ક્રુરતા નિષ્કારૂણ્ય અતિસ્વાર્થિતા અનુપકારિતા અનાશ્રયિતા દુરાશયિતા આદિ દુર્ગુણ રહે છે, જે દ્વારા સત્સંગના સત્કાર્યમાં બાધા ઉપસ્થિત થાય છે, તથા કાર્યમાં અસફળતા ઉપજે છે, દુરિતના ગંજ લાગ્યા રહે છે, દુઃખોના વાદલ વરસ્યા કરે છે, કુમાર્ગમાં ખર્ચાની નદીઓ વહેતી રહે છે, અન્તે તેના પ્રવાહમાં તણાઈને સંસાર સાગરમાં અધોગતિમાં જાય છે.

માનવજન્મમાં પ્રભુએ આપેલી સમ્પત્તિઓ દ્વારા અભ્યુદય અને મોક્ષ મેળવી લેવા, વૃદ્ધોના આશીર્વાદો લેવા, એ વડે આપણી સન્તતિ ગોધન લક્ષ્મી કુટુમ્બ પેદાશ આરોગ્ય વિગેરે નિર્વિઘ્ન સુરક્ષિત વધતાં રહે છે, ધન તો નદીપૂરની માફક આવીને ચાલ્યું પણ જાય કિન્તુ ભૂગર્ભમાં જળના ખજાના તો ભરાય, તે પ્રમાણે પુણ્યના ખજાના પ્રાપ્ત કરી લેવા જોઈએ, વિદ્યાલય વિદ્વાન અને સત્સંગ વડે ઉપર કહી બાબતોના લાભ સદા થયા કરે છે. ધર્મ ભક્તિ અને પરમાત્માને પ્રાપ્ત કરાવે એવા વિદ્યાલય આપના નગરોમાં ઉચ્ચકોટિની સંસ્થાના સ્વરૂપમાં વધો, આ મારી તરફથી જન્મભૂમિની જનતા પ્રતિ તથા સૌરાષ્ટ્ર દેશ પ્રતિ અભિનન્દન છે. અરસપરસ અભિનન્દનો વડે અંજવાલાં થયા કરશે, સ્વાર્થી અને નાસ્તિકોને પણ અંજવાળાં તો રૂચિકર હોય જ છે, પણ પરિતાપ કરાવે, તે વડે વિરોધમાં જાશે અને તેમાંજ સન્તોષ માનશે, એવું આ કુંકુમવાપીની ભૂમિમાં ન થાઓ.

કેટલાક માણસો ઉન્નતિના કામને ન દેખી શકે ન સહન કરી શકે, તે તેવા સ્વભાવ વડે દાઝતા હૃદયથી ખંડનમાં ઉતરીને વિરૂધ્ધવાણી વાપરે છે, તેવાઓને ઓળખીને તેનાથી દૂર રહેશો તો જ ઉન્નતિના કામોમાં ફલિતતા મેળવશો. પરોપકાર ભક્તિભજન કરવું, તીર્થ કરવાં, પાવન થવું, પ્રભુમાં અર્પિત રહેવું, પવિત્ર વિચારવું, પવિત્ર કરવું, પવિત્ર રહેવુ, સન્તભાવના શીખવી, હું તો સન્ત છું, અને મારી સ્વસમાન દૃષ્ટિ વડે આપ સર્વે મારા કુટુમ્બ છો, મારા કુટુમ્બને મારી સમાન ભક્તિવાળા દેખું ત્યારે તો વિશેષપણે પ્રભુમાં આરાધના દ્વારા તમારા વિશેષ વિશેષ અતિ ભલાપણું કરી શકું.

સૌરાષ્ટ્રમાં કુંકાવાવમાં મોટા મોટા ભવ્ય પુરૂષ થઈ ગયા છે, તેમના સ્મારક કુંકાવાવમાં થાઓ, જે વડે કુંકાવાવ સૌરાષ્ટ્રનગરી નામે ભાવીમાં પ્રખ્યાત થાઓ, આપ જરૂર સૌરાષ્ટ્રની ગૌરવભરી સંપત્તિઓના સ્મારક કુંકાવાવનગરીને સૌરાષ્ટ્રનગરી બનાવશો, કુંકુમવાપીનગરીમાં ભૂગર્ભમાં ખૂબ મીઠાં જળ છે, તેના પાતાલકૂપ દ્વારા આકાશમાં ઉર્ધ્વ પ્રવાહ સતત ઉછલતા ચાલ્યા કરે, પાણીની નહેર કાયમી વહે એવો ઉપયોગ કુંકુમવાપીનગરી માટે સૌરાષ્ટ્રનગરીને કાયમ લાભપ્રદ થાઓ એ પણ મારા અભિનંદન છે.

મોટા મોટાં દેવ મંદિરો, મોટાં વિશ્વવિદ્યાલયો, વિશાળ એવી ધાર્મિક અને ભક્તિભરી સંસ્થાઓ, અખુટ અન્નદાન જળદાન વસ્ત્રદાનોનાં ક્ષેત્રો, ગૌબ્રાહ્મણ સન્ત અનાથ ગરીબોના સત્કાર સૌરાષ્ટ્રનગરીમાં થતા રહો, આવા મારા હાર્દિક આપના પ્રતિ અભિનંદનો છે, કુંકાવાવમાં સારા સારા વિદ્વાનો પ્રગટ થાઓ, મોટા મોટા વિશ્વવિખ્યાત મહાપુરૂષ પ્રગટ થાઓ, નિષ્ણાત એવા રાજપુરૂષ પ્રગટ થાઓ, સતી સાધ્વી વિદુષી શીલવ્રતી બહેનો માતાઓ વિશ્વવિખ્યાત વિદુષી દેવીઓ પ્રગટ થાઓ, બ્રહ્મશીલ દેશ હિતકાર આત્મહિતકર બ્રહ્મચારીઓ યુવાનો પ્રગટ થાઓ, આવા મારા સર્મૂર્તરૂપવાળા ભાવીના અભિનંદનો છે.

દેશ-વિદેશોના અતિ વિખ્યાત-કાશી, કલકત્તા, નાલંદા, હરિદ્વાર, બસરા, કાશ્મીર, જમ્મુ, તિબ્બત નેપાલ, કોસલ દેશ, દેહલી, પાટલીપુત્ર, પૂના, મથુરા, ઉજ્જૈન, મદ્રાસ, ભૂતપુરી, અલીગઢ, બડૌદા, શ્રીનગર, જામનગર, જર્મની, અમેરિકા, ઈંગ્લેન્ડ, રશિયા, જાપાન, ચીન, બર્મા, સીલોન, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા. આદિ આદિના અનેક ઉચ્ચ કક્ષાના ઉચ્ચ પદવીધારી નામચીન વિદ્વાનોના અભિનંદનો દ્વારા આજ હું મને અભિનંદનોનો પાત્ર માનું છું.

મારામાં ગહન વિદ્યાઓ ક્યાં સુધી વસેલી છે તેની સ્વરૂપ સીમા હું પણ જાણી શક્યો નથી, હું મને અર્ધજળભરા કુંભની માફક ચેષ્ટિત થયો સમઝુ છું, પણ સંતકૃપાઓ વડે વિદ્વદ્વર્ય ગુરૂવરોની કરૂણા અને મીઠી દૃષ્ટિઓ વડે છલકતો નથી, કોઈને પરાભવ પમાડવાનું જીવનભરમાં આચરણ કર્યું નથી, તેમ કરતો પણ નથી, હારીને રાજી રહું છું, જે વિનીતતાના સહચારી ગુણો ન માલમ ક્યાંથી આવી વસ્યા છે, હૃદયની કોમળતા સાથે તે સદ્‌ગુણો પ્રતિસમય દેખાય છે, આવી સ્થિતિનું કારણ તો જરૂર વર્તમાન સમયમાં મળેલા પૂજનીય વિદ્વાનોના સુરવાગ્દેવતાઓનાં કારણાવસ્થ અવ્યકતાવસ્થામાં સ્થિત સત્તસ્વરૂપ તમામ અભિનંદનો મળતા આવ્યા છે, તે આજ પ્રસન્નતા સાથે મનોપાષાણભૂમિની ગિરનારી સ્થળીમાં વસતા સ્વલ્પ વિદ્વાનને, ખોળી ખોળીને

સ્થૂળ સ્વરૂપમાં બધા અભિનંદનો આશીર્વાદ રૂપોમાં પ્રગટ થઈ આવ્યા છે.

પૃથુરાજાને વિદ્વદ્વિપ્રજન ગુરૂઓના આશીર્વાદો ભાવિમાં પ્રકટ થઈ આવ્યા હતા, તેમ મારામાં જે આશીર્વાદો ભાવિમાં પ્રકટ થઈ આવ્યા છે, તે વડે જ મારી બુદ્ધિના વિપર્યય વિકલ્પ અન્યથાત્વ સંશય ભ્રમ કુતર્કાદિ બધા ક્ષીણ થઈ ગયા છે, અને તત્ત્વજ્ઞાનના વિભિન્ન પ્રણાલીઓના પ્રકાશો ઝળકી ઉઠ્યા છે, તાત્ત્વિક બધા પ્રસ્થાનોના ન્યાય વિચારોની ધારાઓ સ્વંય ઉછળવા લાગી, તેમને સહારે કેટલાક નવીન ગ્રંથો રચના વિષય થયા, જેના ઉપર કલમ ચલાવું છું, તે તે વિષયોની ટ્રેનગાડીઓ ભરપૂર ભરેલી મારા હૃદયમાં હાજર થઈ જાય છે, આ મામુલી આશીર્વાદોના ફળ નથી, કિંતુ ધુરંધર દૈવી વિદ્વાનોના તથા સુર તરૂવર સમાન ગુરૂ સદ્‌ગુરૂઓના આશીર્વાદોના ફળ છે, લેવા વાળા તો તૈયાર જ હોય પણ વિના પાત્રતા દિવ્ય ચક્ષુ વાળા દુર્લભ છે.

આપ ગુરૂદેવોની સુહૃનમિત્રોની અને સેવક જનોની સુપ્રસન્નતાભરી દૃષ્ટિ વડે જ મારા માનવભાવમાંથી દિવ્યભાવોના અભિનંદનો પ્રાપ્ત થયા, જે વડે મારી અનંતગણી કિંમત વધારી દીધી છે, ખરી રીતે હું હવે અપંડિતાવસ્થામાંથી પંડિતાવસ્થામાં આવ્યો, મને માનિનતા થઈ છે જે, પંડિત પ્રકાંડ ગુરૂજનોએ આજ મને પાંડિત્ય આપ્યું, જે લોક મને પંડિત કહેતા હતા તે આજ હવે સાર્થક થએલ છે, હવે મને ત્રિલોકિમાં વિદ્વાન તરીકે ઓળખશે, મારી બધી સફળતાઓમાં તરવા લાગ્યો છું, કોઈ વાતની ખામી હવે રહી નથી, સર્વે પુરૂષાર્થ મલી ચુક્યા છે, આપ લોકોને આનો બદો આપવામાં અસમર્થ જ છું, પણ સ્વાત્માર્પણ કરવામાં ગ્રંથાર્પણ કરવામાં સમર્થ છું, સમર્પિત એવા મને અને ગ્રંથોને અપનાવજો, એ પ્રાર્થના છે.

ભવિષ્યમાં મારા નામે સ્થાપિત વિદ્યાલયમાં ઉત્તમ સાત્વિક વિદ્વાનો પ્રકટ હોવામાં આપના અભિનંદનો સુમૂર્તચમત્કારવત્ કામ કરો એવી શ્રીહરિને પ્રાર્થના કરૂ છું, સૌરાષ્ટ્રના કરણધારોથી પણ એજ માગુ છું જે, આપના વિદ્યાલયોમાં ભારતીય સંસ્કૃતિવાળી વિદ્યાઓ પોષણ પ્રાપ્ત કરે, અભિનંદનો ઉક્ત પ્રકારના વિદ્વાનોમાં પોષણ પામીને સજીવન ચાલુજ રહે.

ભણવું-એ પ્રથમાવસ્થાનું કર્તવ્ય છે, ભણાવવુ-એ બીજી અવસ્થઆનું કર્તવ્ય છે, તે તે વિદ્યાઓને પરિષ્કૃતરૂપમાં પચાવવી એ તૃતિય અવસ્થાનું કર્તવ્ય છે, તે મને અભિનંદનો દ્વારા શાન્તિમાં મેલવીએ એ ચતુર્થ અવસ્થાનું કર્તવ્ય છે. બધી પ્રજાઓમાં આ ક્રમ ચાલૂજ છે, આજ ચોથી અવસ્થામાં મારા આત્માને દિવ્યવિદ્વાન આત્માઓએ અભિનંદનો આપ્યા એ મારા પરલોકને માટે પણ અભિનંદયિતાર થતા રહેશે, મારા તરફથી પણ તેજ રીતે બધા આત્માઓને બધા પ્રકારોમાં અભિનંદયિતાર થતા રહેશે.

વિદ્યાઓ સુનિર્મલ દૃષ્ટિ ઉપજાવે છે, તે વડે અજાતશત્રુતા પણ પ્રકટ છે, અજાતશત્રુને કોઈનાથી ભય હોતો નથી, સર્વત્રસ્થિત પરમેશ્વર સાથે મિત્રતાનું ભાન સર્વેમાં થઈ આવે છે, અહિંસાવ્રતીને સમીપે વૈરી પણ નિર્વૈર થઈ જાય છે, શાન્તિસાગરનેપામે છે, વિદ્વાન એરીતે સુખી હોય છે બીજાને સુખી કરે છે, બધા વર્ણના બાળકો આધ્યાત્મિક વિદ્યાઓ મેળવીને પરમાત્માને પ્રાપ્ત કરી લે, આવા સામ્યભાવ આપની કુંકુમવાપીનગરીમાં વિદ્યાલયોમાં વરતો, અભિનંદનો પણ આવા પ્રકારના પોષણ દેવાવાળા થાઓ, આવા મારા અભિનંદન પણ આપના અભિનંદનો

ભેળા ભળો. અભિનંદનના ફળ સમાજના ભલામાં છે, વ્યક્તિઓના ઉત્સાહ વધારવામાં પ્રાથમિક પ્રેરણારૂપે પણ છે, તેવા મોટા વિદ્વાનો થયા કરે જેથી અભિનંદનો સાર્થક થતા રહે- આવી શ્રીહરિથી યાચના કરૂ છું.

સંપૂર્ણ શરીરમાં સંવેદના રૂપ જ્ઞાનતત્ત્વ વ્યાપીને દર્શન મનન અભિમનન ચિન્તન બોધન અને અભિનંદનના ભાવોને ભજે છે, સચ્ચિદાનંદ આત્માના ચૈતન્યરૂપમાં કાયમી ચિદંશ સ્થિર રહીને અન્તર્યામી રહીને અન્તર્યામી સાક્ષીના સહારા વડે સર્વ પ્રકારના અભિનંદનોને પ્રકાશિત પણ કરે છે, અન્યત્ર મોકલે પણ છે, ત્યાં વિષયાકારાન્વિત થઈને તેના સ્થિરભાવાત્મક નિજભવનમાં વિશ્રાન્તિ લ્યે છે, માટે તેવી સ્થિતિઓના સ્વરૂપોમાં બધા અભિનંદનો એકબીજાની આપ-લે કરે છે, તેઓ સુખ-શાન્તિમાં પરિણત થાય ત્યારે જે સભિનંદન નામમાં સાર્થક ગણાય છે.

જન્મભૂમિમાં પ્રગટ થયેલ બાળક પોતાના આત્મસ્વરૂપમાં તો અભિનંદન વાલાજ છે, કિન્તુ જીવનની અવસ્થાઓના હિસાબે શરીરમાં પદાર્થોમાં માતા પિતામાં પરીવારમાં ઘરમાં સ્કૂલમાં નગરમાં દેશમાં રાષ્ટ્રમાં ધર્મમાં વિદ્યામાં અને અભ્યુદયમાં અન્તતઃ નિઃશ્રેયસમાં પણ અભિનંદનોને ઈચ્છયા જ કરે છે, જેટલી કાંઈ બાહ્ય ચીજો સંસર્ગમાં આવે છે તેમના પ્રતિસ્વાભિનંદન કરતા થકા તેના અભિનંદયિતારોને સ્વયં સર્જનહાર થતા જાય છે, ક્યારેકતો અભિનંદનોની સાથેજ નિરાનન્દન મિશ્રિતાનંદન કાંતો યિકન્દનમાં પણ પડી જાય છે, એ નિરાનંદનાદિ જેમાં સ્થાન ન લ્યે તેવા અભિનંદનો આજ આપના તરફથી મળી રહ્યા છે, મારી ચોથી આયુ મેં આવા મારા બહુજ મોટાં અભિનંદનો ભવત્સનેહભક્તિની સાથે રહીને મારા શાશ્વત અભિનંદન રૂપમાં કાયમી વર્તો એમ માગુ છું. મારા પ્રેરિત અભિનંદન પણ આપના પ્રતિ સમકક્ષામાં ઉદ્ભવો એમ પણ વિશેષ પણે શ્રીહરિ થકી માંગુ છું.

પરાવિદ્યા અથવા અપરાવિદ્યા અથવા બન્ને વિદ્યાઓ આપના વિદ્યાલયોમાં ભણાવાય અપરાવિદ્યા વ્યવહારમાં ઉપયોગી થશે, પરાવિદ્યા બ્રહ્મોપાસના માં ઉપયોગી થશે, બન્ને તે જીવનની તમામ અવસ્થાઓમાં શાન્તિ આપશે, બન્ને લોકોમાં સહાયક રહેશે. અભિનંદનોમાં આવા અભિનંદન પણ આપ આપી રહ્યા છો, હું પણ તેમને અન્તરાત્મામાં અન્તઃકરણમાં મનમાં ઈન્દ્રિયોમાં અને શરીરમાં ધારણ કરૂ છું, આપને પણ એવી વિશેષ પ્રાર્થના છે, કે આપ પણ એવા સ્વરૂપમાં અભિનન્દનોને ધારણ કરજો.

અભિનંદન તો બધાને તમામ વિજયી કાર્યમાં અપાય જ છે, પંડિતલોક પંડિતને અભિનંદન આપે છે, 'પ્રવૃત્તવાક ચિત્રકથઃ ઉહવાન પ્રતિભાનવાન।, આશુ ગ્રંથસ્યવક્તા ચ યઃ પંડિત ઉચ્યર્તે ભારત ॥ 'વ્યવહારે શાસ્ત્રે પરિષ્કારે નવોન્મિષે । તત્કાલપારદ્રશ્વા યઃ પંડિતો ગ્રંથિભેદકૃત' ॥ ઈત્યાદિ રીતિ વડે પંડિતને અભિનંદન વિશેષ પ્રતિષ્ઠિતતા માટે અપાય છે, આવી પ્રતિષ્ઠિતતા પ્રાપ્ત કરવાનો ઉપદેશ પણ અભિનંદનોમાં સમાએલ છે.'

જે દેશના જે ભૂમિના જે ગામના જે પુત્ર હોય તેઓ નિજ જન્મભૂમિરૂપી માતાને પણ ગુરૂદક્ષિણા આપવાના અધિકારી છે. વિદ્યાગુરૂને દક્ષિણા અર્પીને તેમના કરજમાંથી છૂટે છે, ભૂમિપુત્ર પણ ભૂમિ યોગ્ય દક્ષિણા પ્રદાન કરીને કરજથી છૂટે છે, આજ હું કઈ દક્ષિણા આપું ?

જે વડે તેના કરજમાં થી છુટું, મને દેખીને આપ લોક ખુશી થાઓ છો, અભિનંદન આપો છો, તેથી મારો આત્મા કૃતકૃત્ય થઈને પરમેશ્વમાં જ જેમ તેમ આપમાં સમર્પિત થયો થકો કરજમાંથી મુક્તતાને માને છે.

મારા વિદ્યાધ્યાયના બળે આપને ત્યાં મારે નિમિત્તે વિદ્યાલય થવામાં છે, તેથી મારા ભજન ભક્તિ ત્યાગવૃત્તિ આદિકથી આપ પણ ભક્તિમાં વિશેષ વધી રહ્યા છો, આવી નિમિત્ત માત્ર પણે પણ અરજ અદા કરવાની તકમાં ગુલતાન મારો આત્મા, આપના પ્રતિ તે રીતે જ બધા અભિનંદનો આપે છે, જે મારા ઉપર માતૃભૂમિના કોઈ કરજ અવિદિત હોય તો તેને કોઈપણ રીતે સર્વજ્ઞ ભગવાન તથા દેવતાલોક તથા ધર્મ મૂર્તિની સાથે સાથે અંતરાત્મા પણ મુક્તતામાં પાર ઉતારજો.

પ્રાચીનકાળમાં કુમાર તથા કુમારિકાઓમાં વિદ્યાભ્યાસ મુખ્ય કર્તવ્ય મનાતુ હતું, જ્ઞાન ચર્ચાઓમાં તત્ત્વજ્ઞાન મેળવવું ઉત્તમ ઈષ્ટ હતું, ઉત્કૃષ્ટ વિદ્વત્તા પ્રાપ્ત થયે પરીક્ષાઓ કરાતી હતી, પાસ થનારને ઉપાધિપ્રદાન થતા હતા, તે આજકાલ પણ થાય જ છે, એજ અભિનંદનોનું સુમૂર્ત સ્વરૂપ સ્વયં આનંદ આપતું હોય છે, તેવી ઉત્તીર્ણતાના આનંદમાં આ આપના અભિનંદનો ઉતેજક થાઓ.

ભગવાનના અભિનંદનો માટે તમામને અધિકાર છે, માનવોના બદલવા વડે પરિવર્તન થાય તો પણ પરમાત્માના તમામ બાળક સર્વ પ્રકારના અભિનંદનોના પાત્ર છે જ, પુરૂષ અને પ્રકૃતિ વર્ગને પોતપોતાના કાર્ય નિભાવવામાં જે કાંઈ અધિકાર અપાયેલા છે તેમાં રહીને જ અભ્યુદય તથા નિઃશ્રેયસ પ્રાપ્ત કરી શકાય છે, તમામને વ્યવહાર તથા અધ્યાત્મ સ્થિતિઓને માટે વિદ્યાની જરૂરત છે, વિદ્યોપાર્જનમાં કુમાર કુમારિકા સર્વેને અધિકાર છે, યજ્ઞ ભાગ પૂજન દાનાદિક વિશેષ કર્મો માટે પતિ પત્નીના અધિકારો છે, ભક્તિ ભજન ત્યાગ માટે વાનપ્રસ્થ વૃદ્ધ વૃદ્ધાઓને અધિકાર છે, આ અધિકારોમાં ઉત્તીર્ણ થએલાને અભિનંદનની પાત્રતા છે.'

નારાયણની શક્તિઓ લક્ષ્મીજી, શ્રીભૂ-લીલા, વિભૂતિ, વિકુંઠા બ્રહ્માની સાવિત્રી ગાયત્રી, શંકરની - સતી પાર્વતી, શ્રીકૃષ્ણની-રાધિકા ગોપીજન, સુર્યની - પ્રભા, સંજ્ઞા, ઈન્દ્રની-ઇન્દિરા, દક્ષની - અસિકની પલિકની, વિરિણી, હિમાચલની-મેના, ઋષિઓની - અરૂંધતી, લોપામુદ્રા, કલા, ખ્યાતિ, અનસૂયા, ગાર્ગી, મૈત્રેયી, પાંડુની-કુંતી, દશરથની-કૌશલ્યા, આદિક અનેક દેવિયાં બ્રહ્મવાદિની વિદુષિયાં થઈ ગઈ છે. પાતિવ્રત્ય પરાયણ રહીને જગન્માતાઓ અભિનંદન પાત્ર શાસ્ત્રોમાં ઈતિહાસોમાં લખાણી છે.

આ સૌરાષ્ટ્રની દેવિઓ પ્રતિ મારા એવા પણ અભિનંદન છે, જો વ્યવહાર તથા બ્રહ્મચિંતન માટે યોગ્યતાવાલી થાઓ, તમામ ભારતીય નારી વર્ગને માટે તે જ ઈશ્વરીણી માતાઓના અંશ માનવધર્મ તથા ભાગવતધર્મની પ્રતિમારૂપ થવાના મારા અભિનંદન છે, આપ લોગ-સત્ય ધર્મ સ્વાધ્યાયની સાવધાનતામાં સ્વસ્થ રહ્યા થકા માતા પિતા ગુરૂ આચાર્ય અતિથિ અનાથ સેવક આદિકના પતિ દેવવત પૂજનીય આદર સત્કાર ભરેલા વર્તનવાલાં થાઓ, સત્સંગ કરો, હિત કરો વેલીઓને વૃક્ષની પેઠે આધાર રૂપે થાઓ, મકાનના સ્તંભ સમ થાઓ, શરીરના પગ સમ થાઓ, દેશના જીવક થાઓ, રાજ્યના અંગભૂત થાઓ, પરમાત્માની નિવાસભૂમિ થાઓ, આવા આવા

મારા અભિનંદનો છે.

મંદિર આશ્રમ ક્ષેત્ર મઠ વિહાર શાલા આદિકમાં શુભ વિદ્યા પ્રદાન થતા રહો, પ્રાચીન સમયમાં આર્યાવર્ત ત્રિવિષ્ટય આદિકમાં આદિવાસી મહર્ષિગણ વિદ્યાઓ ભણાવતા આવ્યા છે, વશિષ્ઠ મહર્ષિના દસહજાર શિષ્યોવાળા આશ્રમ લખ્યા છે. આ યુગમાં પ્રાચીન વિદ્યાલય તક્ષશિલા વિક્રમશિલા નાલંદા વલ્લભી સારનાથ ચારકાશી નગરિઓ નદિયા શાન્તિ મિથિલા ભૂતપુરી આદિક અનેક મહાવિદ્યાલયોની ભૂમિયો પ્રસિદ્ધ હતી, અને છે પણ, વિદ્યાઓ ભણાવાય છે, વિદ્વાન પ્રકટે છે, તેમના અભિનંદન પ્રવાહ સતત ચાલુજ છે.'

કાશીમાં શિવકુમાર શાસ્ત્રીજી, ગંગાધર શાસ્ત્રીજી. બચ્ચાઝા, વામાચરણ ભટ્ટાચાર્ય, બાળકૃષ્ણ મિશ્ર, જયદેવ મિશ્ર, દામોદરલાલ ગોસ્વામી, નિત્યાનન્દ પન્ત, આદિ દિગન્ત યશસ્વી વિદ્વાન પુરૂષ મધુસુદન સરસ્વતી ઉદયનાચાર્ય કુમારીલ ભટ્ટ વાચસ્પતિ મિશ્ર આદિકના સ્મરણ કરાવનારા ધૂરંધર વિદ્વાન થતા આવ્યા છે, ગોપીનાથ કવિરાજ રાજેશ્વર શાસ્ત્રી, દક્ષિણમાં વીર રાઘવમ્ બંગાલમાં, મિથિલામાં, મહારાષ્ટ્રમાં અનેક વિદ્વાન વિદ્યમાન છે, જે વડે સમગ્ર ભારત વિભૂષિત ચળકે છે, ભારતના ગૌસ્વરૂપ એ ગુરૂજનો વિદ્યાઓમાં બૃહસ્પતિ સ્વરૂપ છે આવી દૈવી શક્તિયોવાલા આપ સર્વના અભિનંદનો વડે મારો આત્મા વિરામ સ્તરોને અનુભવે છે.

મોટા મોટા વિદ્યાલયોના સંસ્કૃત અંગ્રેજી હિન્દી નિજભાષા આદિકના ધુરન્ધર વિદ્વાન લોક પણ ફિલોસોફર મહાપુરૂષોના અભિનન્દન પ્રાપ્ત કરીને આજ આ માનવ જીવનમાં મને સાક્ષાત રામાનુજાચાર્ય વલ્લભાચાર્ય નિમ્બાર્કાચાર્ય મધ્વાચાર્ય શંકરાચાર્ય ગુરૂનાનક બુદ્ધભગવાન રામાનન્દ સ્વામી સહજાનન્દ સ્વામી આદિ અભિષિક્ત ભગવતઆચાર્યોના પ્રત્યક્ષ અભિનન્દન પ્રાપ્ત કરવાનો આનન્દ પ્રાપ્ત થતો જાય છે, મારી સમાન વિદ્વાનને ખોળીને પણ ભારત સરકારે કદરદાન પાત્ર બનાવ્યો તે મારો અતિરો ભાવી આનંદનો ખજાનો રચ્યો છે, તેથી ભારત સરકારને પણ મારા લક્ષાતિલક્ષ અભિનન્દનો છે, પ્રજાસત્તાક રાજ્ય ચિર શાશ્વત રહો.

અભિનંદન ગ્રંથ દેશને માટે એક અતિ મહાન ચિરસ્થાયી સિક્કો છે, વિદ્વદરત્નોનો સ્મારક છે, આમાં કોઈ અલૌકિક રસ રહેલો છે, જે જીવનભર મધુરતાને દૂર થવા દેતો નથી, પ્રફુલ્લિત માધુર્ય નવા નવા નિપજયા કરે છે, ઉદાસીન સ્થિતિમાં નિજાભિનંદનને યાદ કરવા વડે આનંદના પ્રવાહ પ્રોત્સાહ ખુશીપણું થઈ આવે છે. જયાં મોટા મોટા ગવૈયાઓ સંગીતના મહોત્સવ ઉજવે છે ત્યાં શ્રોતાશ્રાવક બંને પક્ષમાં આનંદના ફુવારા છુટે છે, આ આનંદ પ્રશંસાના મૂર્તરૂપમાં ફલિત થાય છે, તેજ આનંદ વાહ વાહના વાતાવરણમાં અભિનંદન રૂપ થઈ જાય છે, આવા અભિનંદન સર્વત્ર સ્થિર હોય જ છે, અનંદની નદીયો ઉપજાવનારા અભિનંદનો કોઈ અલૌકિક અજોડ જાદુ જેવાં છે, સમસ્ત સમાજને આનંદ ઉપજાવનારા અભિનંદન કોઈ બ્રહ્મનો અંશ છે, બ્રહ્મ વિમર્શ બિન્દુ નાદ ધ્વનિરૂપમાં મુહુર્ત સુમૂર્ત થઈને બ્રહ્માનંદ દેવા વાલા થાય છે, પરા પશ્યંતી મધ્યમા વૈખરી સ્વરૂપમાં પ્રસરીને પણ અભિનંદન તો મધુર મધુર જ રહે છે.

પ્રભુની ઈચ્છા ભક્તોના ઉપર પ્રસન્નતા રૂપમાં વરસે છે, તે પ્રસન્નતા પ્રભુના અંશોમાં અવતરે છે, અવતારી મહાપુરૂષોની પ્રસન્નતાઓ જગતની વિભૂતિઓની ઉપર સતત સ્થાન કરે

છે, તે જ પ્રભુજી ઉત્કૃષ્ટ વિભૂતિ ઉપર અભિનંદન રૂપમાં જઈને રહે છે, તે વડે બ્રહ્માનંદ સમાન તૃપ્તિ અનુભવ વિષય થતી રહે છે, એકના અભિનંદન વડે હજારો મનુષ્યોને અભિનંદન અનુભૂત થાય છે, એ ભગવાનની પ્રસન્નતાનોજ ફેલાવો છે, જોકે ક્યારેક સત્ય સંકલ્પત્વરૂપે વિદ્વતગણમાં સુમૂર્ત રૂપ ધારે છે તે ભારતીયદર્શન શાસ્ત્રોના તત્ત્વોના સુપોષણ વિકાસ રૂપજ થતા જાય છે.

વિદ્યાઓને માટે ભારત દેશ પારાવાર છે, ઘણીજ ભૌતિક સામાજિક વ્યાવહારિક ઔધમિક વૈકરિક રાસાયનિક નૈયમિક શાસનિક સંયમિત તાપસિક તાત્ત્વિક દૈહિક લૌકિક પારલૌકિક નૈતિકિ પ્રાતિભાસિક વૈકાસિક આધ્યાત્મિક મૌક્ષિક ઔપનિષાદિક એવી એવી વિદ્યાઓ ભારત દેશરૂપી મહાસાગરમાં પ્રગટ થઈને અન્યત્ર મલવા લાગે છે, ભારતમાં ભવનકલા ચિત્રકળા ઝેવરકલા હવનકલા દેવાર્ચનકલા પ્રાસાદકળા, જ્ઞાન, ગાન, ધ્યાન, કલાઓ, મંત્ર, જાદુટોણાં-કલાઓ, શ્રાધ્ધ પારાયણ કથા, કલાઓ, ગ્રન્થરચના, નવનિર્માણ કલાઓ, કિલ્લાભૂગર્ભ, નહેર કલાઓ, સૈન્યવ્યૂહ કલાઓ, વિવિધ વિજ્ઞાનોવાળી નવી નવી કળાઓ વિકસતી આવી છે, તે દ્વારા અભિનન્દન કલાઓ વિદ્યુત્પ્રકાશની માફક સામે દશ્ય-અદશ્ય કળાઓને પ્રકાશ દેતી આવી છે અને દેતી આવશે.

અભિનંદન ઘણાં પ્રકારના હોય છે, ક્ષણિક સ્થાયી જીવનસ્થાયી અને અનન્તકાળસ્થાયી ગામવ્યાપ્ત, દેશવ્યાપ્ત, વસુન્ધરાવ્યાપ્ત, તથા અજ્ઞવ્યાપી, સુજ્ઞવ્યાપી, વિજ્ઞવ્યાપી, તથા દિવ્યદૃષ્ટિવ્યાપી, તેમજ સ્વરૂપવર્ષી તથા જગદ્વર્ષી સમાજવર્ષી તથા શૂન્યપરિણામી ઉપકારપરિણામી પ્રોત્સાહનપરિણામી, વળી ક્લેશફલક વ્યયફલક તથા લાભફલક, ઈત્યાદિમાં વિદ્વાન સંતના પ્રતિ અભિનન્દન ઉચ્ચકોટિમાં સ્થાન લે છે તથા ઉચ્ચકોટિના ફૂલ આપે છે, આપના આ અભિનન્દનો સદાને માટે ઉત્કૃષ્ટતામાં સ્થિર થાઓ. પુરાણમાં નારદજી માટે કથા છે જે-તેણે સાત મન્વન્તર પર્યન્ત ગાયન કલાઓ શીખી પણ જ્યારે લક્ષ્મીજીથી શીખ્યા અને દ્વારિકામાં ભગવાનને સમીપે ગાયન કર્યું ત્યારે ભગવાને નારદજીને અભિનંદન આપ્યું કે, હે નારદ ! તમો તુંબુરૂની સમાન કલામાં પરિપૂર્ણ થયા છો.

અનસુયાના પાતિવ્રત્યમાં ત્રણ દેવોએ અભિનંદન આપ્યાં હતાં. સાવિત્રીને યમરાજાએ પતિભક્તિમાં અભિનંદનો આપ્યાં હતાં. ગાર્ગીને યાજ્ઞવલ્કય ઋષિએ આત્મજ્ઞાનમાં અભિનંદનો આપ્યા હતાં. રૈકવને દેવતાઓએ આત્માર્પણમાં અભિનંદનો આપ્યા હતાં, હનુમાનજીને શ્રી રામચંદ્રજીએ અભિનંદન આપ્યા હતા, યાજ્ઞવલ્કયને વિદ્યાઓમાં સમિતિ સદસ્ય મહર્ષિઓએ અભિનંદન આપ્યા હતાં. કોઈ પણ કાર્યમાં સફળતા કરનારને જે ધન્યવાદ અપાય છે તે પણ અભિનંદનનું સ્વરૂપ છે.

વ્યાખ્યાનમાં રસ આવે ત્યારે સભાજન તાલીઓ વગાડે છે ખુશિઆલી દેખાડે છે, તે પણ અભિનંદનનું સ્વરૂપ છે, ઉત્સવ ઉત્સાહ સંમેલન સંવેદન સત્કાર પરિતૃપ્તિ સંતોષ આદિ અભિનંદનના સ્વરૂપમાં ઘોળેલ હોય તેમ મળી જાય છે, આનંદની છોળ્યું ઉછળે છે, ચિરતાને પામે છે, અભિનંદનનું મૂળ સ્વરૂપ એક નવી જડી બુટ્ટી થઈ પડે છે, તે અભિનંદનના આનંદાંકુરોને ઉપજાવ્યા કરે છે, આનંદની વેલી કલ્પલતા સમાન ઉત્પન્ન થતી રહે છે, આત્માનંદમાં મળીને તેની

ઝાંખી કરાવે છે, એવી આનંદ લહેરો કલ્પલતા સમાન ઉત્પન્ન થતી રહે છે, આત્માનંદમાં મળીને તેની ઝાંખી કરાવે છે, એવી આનંદ લહેરો અભિનંદન દ્વારા આપમા પણ સ્થાન મેળવે એવા મારા તરફથી પ્રત્યાભિનંદનો છે, અભિનંદનનું સ્વરૂપ માનસ કે આત્મામાં રહેલા આનંદમાં સમર્પિત થઈ અત્યાનંદ ઉપજાવી દે છે.

શ્રધ્ધા ભક્તિ પ્રેમ વિશ્વાસ આશ્ચર્ય દષ્ટિલાભ સાફલ્ય સાર્વજનિક અથવા વૈભાવિક સિદ્ધિ કરવાવાળામાં આપણને અનેરો આનંદ ઉપજે છે, તે ઈચ્છા નિવૃત્તિ થયે નિવૃત્ત પણ થાય છે, એકત્ર નિવૃત્ત થવાને સમયે ઉત્તરોત્તર અન્ય જનોમાં પણ તે આનંદ વહેતો રહે તે તેનું આપૂરક તત્ત્વ અભિનંદન છે. અભિનંદનના સહારા વડે કોઈ કારણથી કમજોર થઈ પડેલાં જીવન બલિષ્ઠ થઈ જાય છે, અન્ય વિજયોને માટે પણ સામંતપણાને ભજવા માંડે છે, મૃત્યુ સમાન ભયંકર પ્રતિદ્વન્દ્વીને પણ નહીં ગણકારીને કઠિનાઈ તથા વિપત્તિઓને હઠાવીને દેશ માટે સુસમૃદ્ધ સંપત્તિઓના દેવાવાળા થાય છે. પછી આનંદનું અભિનંદન આનંદાનુભૂતિમાં વરતવા લાગે છે, અપરોક્ષાનુભૂતિમાં રહીને બ્રહ્મ સાક્ષાત્કાર કરાવવામાં પણ ઉપયોગી થઈ જાય છે, મોટામોટા અભિનંદનો વડે તો મહાતૃપ્તિ થઈ આવે છે, બીજી મહત્ત્વાકાંક્ષાની વૃત્તિઓ વિરમિત થઈ જાય છે ત્યારે બ્રહ્મકલ્પતરૂ મળવાથી પરમશ્રેયઃ પણ પ્રાપ્ત કરાવે છે, અભિનંદનમાં એવી અસંખ્ય શક્તિયો પડી છે, અભિનંદન મેળવનારને તે શક્તિયો જાગ્રત થાય છે, પરીક્ષકને વિદિત થાય છે, આવી સ્થિતિમાં બ્રહ્માનંદ દેવા વાળા અભિનંદન સ્વયં સચ્ચિદાનંદ રૂપમાં પણ ઉભરાએલ રૂપે બની જાય છે.

અભિનંદનના સ્વચ્છ ધવલ પ્રકાશ સ્વરૂપ જળકવા લાગે છે, ઉદ્વેલિત ઉભરાવાળા તરંગ ઉઠવા લાગે છે, આત્મા પ્રકૃતિ કે વિજ્ઞાન, દ્રવ્યથી ઉપજતા તમામ તત્વોમાં દ્રવ્યોની સૂક્ષ્મ સંપત્તિઓ અવતરે છે, માટે સૂક્ષ્મરૂપથી શિવસ્વરોદય, છ ચક્ર નિરૂપણ, શિક્ષાસંગ્રહ, યોગ શાસ્ત્ર, સ્વર શાસ્ત્ર, સંગીત આદિકમાં વાયુ બીજ તત્ત્વ વિજ્ઞાન સ્વર રાગ આદિકમાં ભાત ભાતના રંગ બતાવેલ છે, તે તત્વોને લઈને પ્રગટ થએલ અભિનંદન ગ્રંથના વિષયમાં આનંદ અને અભિનંદનોમાં ભાત ભાતના રંગ પેઢી પરંપરાથી અવતરે છે.

સંત કે શાસ્ત્રીય અભિનંદનમાં સાત્ત્વિક શુકલવર્ગ અવતરે છે, કે જે પ્રકાશ પ્રભા વિજ્ઞાન તેજ ચમક સત્ત્વ આદિકમાં અનુભૂત હોય છે, રાજકીય અભિનંદનોમાં રક્ત રંગ પ્રાયઃ અવતરે છે, લડાયક સંહારક અભિનંદનોમાં પ્રાયઃ કૃષ્ણ નીલરંગ અવતરે છે, સત્સંગના અભિનંદન આમંત્રણ પૂજન આદિકમાં દેવતા કાર્યફળને અનુરૂપ રંગ ચિત્ર વિચિત્ર રૂપ અવતરે છે, શ્વેત પાંડુર ઉજળા રંગ અંતની અવસ્થામાં ઉપજે છે, જેમાં ઉપજતાં જ સાત્વિક્તા છે, તેમાં પ્રથમથી કોમળતાવાળી અંતની અવસ્થા ઓત પ્રોત રહેલી હોય છે, તેમાં પ્રધાનપણે આનંદ જ વસેલ હોય છે, આ કુંકુમવાપીના સ્થાનમાં પ્રકટિત તથા અનેક ભૂમિકાઓથી વિદ્વાનોએ મોકલેલ અભિનંદન અનેક રંગો વડે રંગિત છે, જેના ફલ પણ કુંકુમવાપી નગરીમાં બધા માનવો માટે દરેક પ્રકારના અભ્યૂદય સાથે આનદંમાં ઉપજતાં જાય તથા પ્રજાનું ગૌરવ વધારતાં જાય, આવા પણ મારા પ્રત્યભિનંદન છે, આ માનવીય અભિનન્દન પરમેશ્વરીય અભિનન્દનમાં મિશ્રિત કરવાની પ્રાર્થના કરૂ છું.

ભારતીય કળાઓ આસપાસના દેશોમાં પ્રવિષ્ટ થયેલી છે, ત્યાં ત્યાંની જનતાએ ઘણા પ્રેમ વડે અપનાવી છે, ભારતીય સંસ્કૃત વિદ્યા અન્ય તમામ દેશવાસી ધીમાનોએ નિજ પ્રજામાં પ્રચલિત કરેલ છે, આ તરફ દૃષ્ટિ દેવાથી માલમ પડે છે જે ભારત બધા દેશોનું અભિનંદન પાત્ર છે, ભારતિયોમાં ભારતીય શાસ્ત્ર વિદ્યાઓ અભિનન્દનપાત્ર છે, વિદ્વાન ગણ તથા સન્તજન વિશેષપણે અભિનન્દનના પાત્ર છે, જેઓમાં અભિનન્દનોનાં પાયાઓ ભૂગર્ભ અને વ્યોમ પટલપ્રદર્શી પ્રાસાદોના આધારભૂત થઈ ગયા છે, જે આધારે વિદ્યાલયો સ્થાને સ્થાને થઈ રહેલ છે, આવી પાયેદાર સમ્પત્તિઓને પણ મારા પ્રત્યભિનન્દન છે, કે જે- અવિચળ પાયાદાર જ બની રહે.

અભિનંદન એ આંતરિક ધન છે, પણ ચળકે છે બાહેરના સુમૂર્ત રૂપમાં. કવિઓની કહાણીઓ, રસિકોની રસિકતા, કાર્યશીલોની પ્રોત્સાહિતતા, ઉપકારકોની ઉપકારિતા, દાનેશ્વરોની પ્રદાનિતા, ગુરૂઓની ઉપદેશિતા, આચાર્યોની ગરિષ્ટતા, કુટુંબીઓની સુજનતા, સત્તાધીશોની સુકારિતા, નિર્ધનોની સુવાચિતા, અશક્તોની આશીર્વાદિતા, દેશવાસીઓની માનસિક મૂર્તતા, નાણાવટીઓની ભવ્ય ભવનતા, આરાધકોની આરાધના, આ સૂક્ષ્મ મધ્યમ અને સ્થૂળ રૂપમાં અભિનંદન નામને સ્વીકારે છે, ત્યારેજ નિજ સ્વરૂપમાં સફળ ભાવ ભરેલ થાય છે, તદ્વત્ આપના અભિનંદન સુમૂર્તતાને ધારણ કરો, મારા અભિનંદન તેમાં ભળીને ઉપકારક થાઓ, એવી પરમેશ્વરથી પ્રાર્થના કરૂ છું, સૌરાષ્ટ્રભૂમિ અભિનંદનના પ્રાસાદો વડે સુશોભિત થતી રહે, ઈશ્વર તેને નિભાવતા ચાલે.

બધી વિદ્યાઓમાં સાહિત્ય સરલ છે, પણ અતિ ગહન છે, દુનિયાભરના કવિઓ તેનો અંત લેવા મથે છે તો સાહિત્યનો છેડો નથી પામી શકતા, ચિત્ર વર્ણન, ખેલ વર્ણન, સુરૂપી દેખાવ, રૂચિભરી રસભરી ચેષ્ટાઓ લખવા લાગે તો પણ તેના અંત નથી પામતા, ભિન્ન વ્યક્તિ ભિન્ન અભિપ્રાય ભિન્ન ચેષ્ટાઉ ભિન્ન કાલક્રમ, - આવા પરિવર્તનોનો અંત કોઈ લઈ શકાત નથી, અંત લેવાની ઈચ્છાવાળા આરામ કરીને આગળ ચાલવા જાય છે તેવામાં તો અંત્યેષ્ટિમાં સમાપ્ત થઈ જાય છે, ડિલનટામ્સ નામના ચૈષ્ટિક લેખકે ફિલ્મના એક 'સિતારિયો' જ લખી દીધો, તેનો ઉત્તમ ઉત્તમ પરીક્ષકોએ અતિ ઉત્કૃષ્ટ સાહિત્યક કૃતિના રૂપમાં મુક્ત કંઠે અભિનંદન ૩૭૫ પેજોમાં કર્યું, કારણકે ઈષ્ટ વિષય થઈ પડ્યો, અનેક રસ પીરસવાવાળા સાહિત્યિક પરિવેષક જરૂર રસ ગર્ધિઓના અભિનંદન પાત્ર હોય છે.

બધા દેશોમાં રસગર્ધી માનવ જાજા મળશે, તેથી વોટિંગમાં રસાભિનંદન વધી જશેજ, પણ આટલું કરવું તો આવશ્યક છે જે-રસગર્ધિઓમાંથી જ બ્રહ્મરસાસ્વાદી ઉપજશે, ઉપજાવનારામાં વ્યવસ્થિત વિદ્યાલય મુખ્ય હોય છે, જેથી મારા પ્રત્યભિનન્દન પણ તે પ્રણાલિમાં પણ બ્રહ્મરસાસ્વાદી માટે વિશેષ બળ કરે તથા અજર અમર ફલોમાં સાર્થક બને અનેક વ્યાસ ભગવાનોએ સ્વાત્મામેં સ્થિત વ્યષ્ટિ સમષ્ટિમાં ધ્યાન લગાવીને અનેક ઈતિહાસ લખ્યા છે, સમય પલટી જાવાથી તે બધાં સત્ય જ નિપજે છે, અનેક કથાકારો દ્વારા અભિનન્દિત થયા થકા તે ઈતિહાસો જનતા દ્વારા પણ અભિનંદિત બનતા જાય છે, તેમાં ખોટાપણાની દૃષ્ટિવાળા તામસી લોકો તો વિપરીત પણાના

અભિનંદનોમાં ગૂંગળાતા રહી જાય છે, પણ જ્યારે સત્ય દેખશે ત્યારેજ યથાર્થ અર્થમાં વરતવા લાગશે, મારા તેવા પ્રકારના યથાર્થપણાની સાર્વદિકતા માટે આ ભૂમિમાં અભિનંદન જાગ્રત હોતા રહો, સાક્ષિપ્રેરિત ચૈતન્યના સ્તરોમાં જે જે અભિનંદન પ્રકટ થયા કરશે તે સર્વે સાક્ષિની દૃષ્ટિના વિષય યથાર્થજ થશે જ મને સાક્ષિબ્રહ્મ સત્ય અભિનંદન પ્રાપ્ત કરાવતા રહો. વર્તમાન સમયમાં અભિનંદન પ્રગટ થયા થકા ભવિષ્યના પાત્રો ને માટે જીવિત પણ રહ્યા કરો, અતઃભાવિ લક્ષ્ય પણ બધા અભિનંદનોના લક્ષ્યરૂપમાં અનિવાર્ય છે. શ્રીહરિ તમામને માટે ઉત્તમ અભિનંદન પ્રગટ કરતા રહે.

જેના ગ્રંથો જનોને રંજન કરે છે, તે ગ્રંથ લેખક ગ્રંથો દ્વારા અભિનંદનના પાત્ર થઈ ચુકે છેજ, સાધારણ જન પણ જેમના ગ્રંથોથી તત્ત્વજ્ઞાન સુમૂર્ત મેળવે છે, તેઓ નિજ ઉલ્લાસ વ્યક્ત કરે છે, ઉલ્લાસથી અભિનંદન જન્મે છે, તેવા મારા પણ અભિનંદન આપના પ્રતિ હો. લેખક તાત્ત્વિક સૈધ્ધાન્તિક ભાવનાઓને પ્રકટ કરે છે, માનવજાતિ તેવી શાસ્ત્રીય ભાવનાઓ ને સ્વીકારે છે, ત્યારથીજ લેખક માનવજાતિના પ્રતિ અતિ પ્રતિષ્ઠિત થાય છે, આ પ્રતિષ્ઠિત અભિનંદનના સ્વરૂપમાં ભેટરૂપે થાય છે, તેવી પ્રતિષ્ઠાવાલા આપ લોક હો.'

કોઈ લક્ષ્મીનારાયણ સંહિતા દ્વારા વ્યાસ પ્રતિમાને અભિનંદન અર્પે છે, કોઈક સાંખ્ય યોગ વેદાન્તનાં ભાષ્ય દ્વારા આચાર્યાવતારને અભિનંદન અર્પે છે, કોઈ ન્યાયવૈશેષિક ગ્રન્થોની ટીકાઓ દ્વારા તાર્કિક તથા નૈયાયિક પણાને અભિનંદન અર્પે છે, કોઈ અતિગહન શક્તિ-ખ્યાતિ-પ્રભાત્વ-વ્યુત્પત્તિ આદિક વાદગ્રંથો દ્વારા ઉચ્ચકોટિના પાંડિત્યને અભિનંદન અર્પે છે, કોઈ અનેક પદ્યબધ્ધ ગ્રંથો દ્વારા કવિત્વને અભિનંદન અર્પે છે, કોઈ આલંકારિક આધ્યાત્મિક પદપારાવારિક સાર્વભૌમિકતાને અભિનંદન અર્પે છે, કોઈ વકતૃત્વ લેખકત્વ અધ્યાપકત્વ શાસ્ત્રવાદત્વના વિદ્વત્તા ભર્યા અભિનંદન અર્પે છે, કોઈ નૈષ્ઠિક બ્રહ્મશીલ સન્ત સ્થિતિને તથા ભક્તિને અભિનંદન અર્પે છે. કોઈ પૃથિવી સમાન ક્ષમાને અપરિવર્તન સ્થિતિને તથા વિનીતતાને પણ અભિનંદન અર્પે છે, કોઈ એવા ચમત્કારિક વાક્‌સિધ્ધિ મય અભિનંદન પણ આપે છે, બધાના અભિનંદનો પરમાત્માના અનુગ્રહવાળા યથાર્થ સફળ પણ છે. મારા પ્રત્યભિનંદન તે અભિનંદનોમાં મળીને આપના પ્રતિ પમ તેજ ફલોમાં સાર્થક હો.

આ વાત જરૂર હોય છે જે-જેના પ્રતિ પ્રેમી પ્રશંસકોની ઓછપ્ય નહોય તેના પ્રતિ અભિનંદનોની પણ ઓછપ્ય રહેતી નથી, પ્રશંસા ગુણો વડે સ્થાન લ્યે છે, જેટલા જેના અભિનન્દન, તેટલા તે વ્યક્તિઓના હાર્દિક પ્રેમ ગુણોથી સિધ્ધ થાય છે, જેટલા પ્રેમના સાગર, તેટલી જ કલાઓના સાગર પ્રશસ્ત વ્યક્તિ સાબિત થાય છે જ, એક વ્યક્તિમાં અનેક દ્રષ્ટા મન્તા વિજ્ઞાતાઓની પ્રશંસાઓ લાગી પડવાથી તેઓ સિધ્ધ કરે છે જે-બધી પ્રશસ્ત કલાઓની ક્ષેત્રભૂમિ પ્રશંસાપાત્ર પરમપુરૂષ તમામ વિદ્યાઓની મૂર્તિ અભિનન્દિત પ્રગટ પ્રમાણ છે, તેમને પ્રશંસાદ્વારા અપરિચિત લોક પણ ઓળખવા લાગે છે, બરાબર ઓળખીને તે વડે આત્મલાભ પ્રાપ્ત કરે છે.'

યજ્ઞમાં અદૃષ્ટ-પુણ્યાદિ દેખાતાં નથી, તથા કાલની ક્ષણ ચીજો ઉપર તુરત દેખાતી નથી, તેમજ માનસના પરિવર્તન તેજ ક્ષણમાં જ્ઞાત નથી થતાં, પણ તે બધાં પરિણામ શીલજ

છે, દશ્યની પેઠે કામ કરીને ક્યાંક વિરામ પણ લઈ લ્યે છે, અદશ્યમાં અદશ્ય થઈ જાય છે, તે પોતાનાં કામ દશ્યોમાં પ્રગટાવીને તિરોહિત થઈ જાય છે, તેજ પ્રમાણે પ્રશંસા તથા અભિનંદન ખુશિયાલી વિગેરે વ્યક્તિત્વના ઉત્કૃષ્ટ સ્વરૂપ જમાવીને સ્વયંક્ષીણતામાં માર્ગ પકડવા લાગે છે, અન્તે સ્વરૂપમાં બ્રહ્મપ્રસન્નતામાં સમાવિષ્ટ બની જાય છે, એ સર્વે અભિનંદન તથા પ્રત્યભિનંદન બ્રહ્મસ્વરૂપ દેવાવાળા હો, એવા મારા પણ સન્તસ્વરૂપદ્વારા પ્રત્યભિનંદન હો.'

શાસ્ત્ર નાટ્ય સરઘસ પ્રદર્શન આદિક પ્રશંસાના અભિનંદન રૂપમાંજ સુમૂર્તને રચ્યાં છે, જે દશ્યો દ્વારા ઐતિહાસિક પ્રસન્નતાઓ નવી નવી થતી જાય છે, સીનેમાના દશ્યો ઈષ્ટના બોધ આપીને પુરાતત્ત્વોના નવા સ્વરૂપોને ખડા કરે છે, ચાલતી અવિદિત પ્રણાલીઓને પ્રકાશમાં લાવે છે, અનભિનંદનની સાથે સાથે અભિનંદનને વહાવે છે, ગ્રાહ્ય અભિનંદન દીલમાં પેસી જાય છે, તેને લઈ લઈને દ્રષ્ટા લોક કેટલાક દિવસ સુધી તે દશ્યને સહારે ગુલતાન રહે છે, વારમવાર અભિનંદનો ને ઉપજાવ્યા કરે છે. નવી રાજ્યગાદી, નવા વિવાહ, નવા આચાર્ય પદ, નવા દ્રવ્યોપાર્જન નવા આવિષ્કાર, અતર્કય લાભ, નવી સિદ્ધિઓ, નવા સંગમ, આદિ આદિ પ્રશસ્ત-અભિનંદન આત્માઓને ઊંડી ગંભીર પ્રસન્નતામાં વરતાવવા વાળા ચિરંતન બની જાય છે, અન્તે પરમેશ્વરમાં અભ્યસ્ત રીતિને નિપજાવે છે, એવા અભિનંદન આપના પ્રતિ મારા પણ મારા પ્રતિ આપના પણ પ્રકટ થતા રહો.

આલોચકોને મૂર્તિમાન ભાવનાઓ વ્યક્તિની યોગ્યતામાં મળીને ઉજળી ઉત્કૃષ્ટ વન્દનીય બનાવે છે, વ્યક્તિઓના ઈતિવૃત્તાન્ત પાઠ્યક્રમમાં પણ સ્થાન લઈ લ્યે છે, વિદ્યાલયોમાં તેના અભ્યાસ દ્વારા બોધ પાઠવાલા છાત્રગણ સ્વયં તેમના સ્વરૂપમાં પણ પ્રકટ થઈ આવે છે, ત્યારે તે અભિનંદનોની સફળતા પર્યાપ્ત થાય છે, શાસ્ત્રકાર જનતાના પ્રતિ પોતાની સમઝણના પ્રવાહો ચલાવે છે, ત્યારેજ જનતા તેમને અભ્યસ્ત કરે છે, પોતાની નવી જ્ઞપ્તિઓને તેમાં મેળવીને પ્રકાશમા આવે છે, ત્યારે જ જનતા દ્વારા અભિનંદન પ્રકટે છે, તેઓ લિટરેચર, ફિલોસોફર, લેકચરર, રાઈટર, ટીચર, થોટર, ડોકટર આદિને વિષય કરીને તેના કીર્તિ ધ્વજ થઈ જાય છે, ગહનતાને પણ આકાશના ઉલ્લેચ કરી દે છે, ગંભીરતામાંથી સરલતા ઉપજાવે છે, માર્મિકતાને હાર્દિક અપરોક્ષ બનાવી દે છે, અભિનંદન લેવા દેવા વાળામાં જઈ જઈને વસીને ઘણા પ્રકારની વેદનાઓને મટાડે છે, શાંતિયોગ સ્થાપે છે, તરસ્યાને જલની માફક તૃપ્તિની લહેરો તથા આનંદની લહેરો આપે છે, તેવા આપણા પરસ્પર અભિનંદન તથા પ્રત્યભિનંદન સફળ હો.

દેશમાં સારા સારા દિગંત વિખ્યાત કવિ લોક થઈ ગયા, કેટલાક કવિઓએ રાજા પ્રજાના ગુણો ગાયા, દુર્લભ કવિવરોએ પરમેશ્વર તીર્થ સંત સતીઓના ગુણો ગાયા, તેમને જે જે અભિનંદનો મળ્યાં છે, તે તે સમસ્ત દેશની પ્રજાના ઉત્કૃષ્ટગુણ સામર્થ્ય ઐશ્વર્યોનાં છે. તાર્કિકોના સ્થાનની પેઠે કવિવરોના સ્થાન વિશાળ છે, જેમની પ્રતિભા સમગ્ર સૃષ્ટિમાં વ્યાપ્ત થઈને અસૃષ્ટિમાં પણ પહોંચે છે, તેથી તેઓ દ્વિગુણ રૂષિની પ્રતિમા બને છે, બુદ્ધિ પ્રતિભા પરમેશ્વરની જ્ઞાનશક્તિ દ્વારા વૃધ્ધિ પામે છે, નવા નવા કલ્પતરૂઓ વધતા જાય છે, તેમની શાખાઓ સારા સૌરભ ભરેલી સુરસદાર ફળ ભરેલી દિગન્તોમાં પહોંચે છે, દેવગણોના અવકાશમાં જઈને સ્પર્શ

કરે છે, તેમને માટે અભિનંદન તો જે જેવા પ્રકારના હોય તેવા આપના અભિનંદનોના પ્રતિ મારા પણ અભિનંદનો છે, જે બૃહસ્પતિ તથા જગત્પતિના ચરણોમાં અર્પિત થાઓ.

ગૌરવ સ્વરૂપમાં પ્રશંસા પણ અભિનંદનનું રૂપ છે, મોટા મોટા કૃપાલુ વિદ્વાનોના અભિનંદન એક નાના સરખા સૌરાષ્ટ્રમાં વાસ કરનારા મારા જેવા વ્યક્તિને માટે અપાઈ રહ્યા છે, તેઓ સર્વેના હૃદય નિસ્વાર્થ રૂપમાં શોભાસ્પદ છે, ભારતીય વિદ્યાઓના ઉપાસક ચિંતક પ્રસારક નવીન સ્વરૂપ પ્રદ વિદ્વાન વ્યક્તિમાં પ્રીતિ વડે સ્વીય ભારતીય વિદ્યાઓની જીવનીમાં સમર્પિત થએલ નિજ શિષ્ય પ્રણાલી વડે ઉચ્છરેલ મને જે જે અભિનંદન આપેલ છે તે તમામ માતા સરસ્વતીને માટે અભિનંદનો છે, મારો પ્રેમ પણ આવી પ્રણાલીમાં જ છે, નથી કોઈ કીર્તિમાં કે મોટાઈમાં કે ખ્યાતિમાં, આ બધું તો માતાજીના પ્રતાપે ઓતપ્રોત જ રહેલ છે, માટે નિઃસ્વાર્થ રૂપમાં સમર્પિત થાઓ.

માનવ માનવોમાં જ શાબાસીની ઝંખના કરતા હોય છે, બીજાથી નહિં, પરીક્ષક માનવોથી જ શાબાસી મળે છે, નિરપેક્ષ અને અપરીક્ષકોથી નહિં, ન તો આશાસ્પદ પણ થતી, કોઈપણ કૃતિ જેને માટે છે, તેણે અપનાવી હોય તો જ અભિનંદન રૂપ થાય છે, વિભિન્ન પરીક્ષક જો સર્વતોમુખી વિદ્વજ્જનતાને ધન્યવાદો વડે આનંદિત ન કરે તો હતાશ થઈ જાય છે, નિષ્ફળતાનો શોક કરતા કરતા જ અવતાર વિતાવે છે, એવા શોકિત અવતાર ન જાઓ, ઉત્સાહિત અવતાર વીતો, તેનું કારણ સુપ્રતિષ્ઠિત પરીક્ષકોના અભિનંદનો છે, આપના તે પ્રકારના અભિનંદનોમાં મારા ઉત્સાહિત સ્વરૂપ ચાલતા જ રહેશે, જન્મભરના અભ્યાસોના પરિશ્રમ તથા ગ્રંથલેખનના પરિશ્રમ તથા તત્ત્વ ચિંતનના પરિશ્રમ તથા અપરિગ્રહના પરાભવ, આદિ આદિ આ અંતિમ અવસ્થામાં વિલીન થયા, તે માટે પણ આપના જીવન પ્રધાનના પ્રતિ મારા અનેક અનેક પ્રત્યભિનંદન છે, જે ભવિષ્યના સુકૃતિઓના પ્રતિ પણ પ્રગટ થતા રહેશે, નિપજતા ગુણિઅલને આગળ ચઢાવવા માટે અભિનંદન એ મોટો આધાર છે, તે આપૂરક છે, આરબ્ધ કૃતિઓને પારતક પહોંચાડે છે, સર્વવિધ સાફલ્ય પ્રાપ્ત થવા વડે પાંડિત્ય શાંતિમાં ઠંડક દે છે, અભિનંદન શીતલતાના રૂપમાં મિત્ર બનીને પ્રવાસીને પ્રવાસમાં સફલતા દેવા વાળા શીતલ અભિનંદન આપનાં છે, તે મારા પ્રત્યભિનંદનને પણ શીતલ સ્વરૂપમાં પરિણત કરો, વિરહ તથા ગભરામણને મટાડો, સુક્ષમતા આપો.

મનુષ્યના હૃદય વાણીમાં, વાણીના ભાવ ગ્રંથમાં પ્રકટ થાય છે, એ ભાવ ઈશ્વર પ્રદત્ત હોવાથી સર્વેમાં વિરાજમાન પરમેશ્વર તે ભાવોના પ્રતિ સૌહાર્દ બતાવે છે, પર સૌહાર્દ જ્ઞાતૃજનો દ્વારા પ્રકાશિત થાય છે, તેવા સૌહાર્દ અભિનંદન રૂપમાં સુમૂર્ત માન આપે છે. માટે પરમેશ્વર તથા વિદ્વાન જનોના પ્રત્યક્ષ દર્શન અભિનંદનોમાં થાય છે, આવો લાભ મને મળ્યો છે, દૂર દૂરના ગુરૂજન આ ગ્રંથોમાં અભિનંદનોમાં દર્શન આપી રહ્યા છે જે દર્શન માટે મારા વિવિધ કલ્યાણ ઉપસ્થિત થઈ રહ્યાં છે, વ્યાસ ભગવાન અરણ્યમાં યુધિષ્ઠિરને મળ્યા ત્યારે યુધિષ્ઠિરના બધા પરિશ્રેયઃના પ્રશ્નવણ વહ્યા એમ વર્ણન કરેલ છે, 'तवात्मयोनेरिहि कि न धत्ते' આપ પ્રભુના પધારવા વડે મારામાં શું શું નથી વશ્યું ? બધું જ છે. સર્વ મળી ચુક્યું છે. અભિનંદનો વડે સર્વ કાંઈ મલી ગયું છે, આજ હું પૂજનીયોના આશીર્વાદ વડે ધન્યપાત્રતા માનું છું.

અભિનંદન મનોરંજનમાં ફેલાય છે, લૌકિક પ્રસન્નતા માટે ઉદાસીનતાને દૂર કરવા માટે આવી ગીતિકાઓ અભિનંદનના સ્વરૂપમાં ગવાય છે, તેને સાંભળીને શ્રોતાવર્ગ પોતાનું દુઃખ નદીમાં સુકવીને સુખાનંદ સાગરમાં ન્હાવા લાગે છે, આનંદ મનાવે છે, પુત્રોત્વમાં વિવાહોત્સવમાં પટ્ટાભિષેકમાં જે ગીત ગીતિકાઓ આનંદોના આનંદો આપે છે, તે પણ લોકકૃત અભિનંદનો છે, બધી દુનિયાઓ ગીતિકાઓ દ્વારા સુખીપણું માને છે, ત્યાં પંડિતાઈ કામ દેતી નથી, કિંતુ અવસર ઈષ્ટતાઈ કામ દે છે. શરદપૂનમ હોલિકા શ્રાવણમાં સામૂહિક સરસાઈ કામ આપે છે, યૌવનોદ્ભેદમાં વ્યંજકાઈ કામ આપે છે, ત્યાં ત્યાં પણ તે તે રીતિઓના અભિનંદનો પણ ભગવત્ત પ્રસન્નતા માટે સુખદાયી થાઓ.

જે કાંઈ કામ ભગવત્-અર્પણાત્મક કે દેશ પ્રજાના હિતાર્થક હોય તો તે આશીર્વાદના પાત્ર છે, વર્ણ અને આશ્રમોના ધર્મવાલા માણસો પણ આશીર્વાદ પાત્ર છે, ચોથા ત્યાગાશ્રમ બ્રહ્મશીલાશ્રમ સદાને માટે આશીર્વાદ પાત્ર છે, અપરિગ્રહી સંત જરૂર આશીર્વાદ પાત્ર છે, મને પણ તેવા આશીર્વાદ પાત્ર સમજીને જ અભિનંદન આપજો, હું સમજું છું. મારો સાધુ ધર્મ છે, શાંતિનો ધર્મ છે, ક્ષમામાં રહેવું ધર્મ છે, સહનતાનું વ્રત ધર્મ છે, આપત્તિઓ આવે તો પણ ક્યાંઈ હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા નથી, ઈશ્વરોચ્છાથી જે વાદલ આવ્યાં તેમને જ નમન કર્યા અને શાન્તિનોજ આશ્રય લીધો ઉપદ્રવોને પી લીધા, અન્ય સ્થિર સુખમાં જીવન ચલાવ્યું, અત્યારે પણ તેજ સ્થિતિ છે, માનવમાં દેવબુદ્ધિ રાખવા વડે વિનીતતા સ્વયં રહે છે, આવા ઉત્તમ સન્યાસ માટે આપના અભિનંદનો મને ફળીભૂત થાઓ, મારા પણ તેવાજ સુખદ પ્રત્યભિનંદન બધા પ્રતિ હો એજ મંગળકારી પ્રશસ્ત અભિનંદન પ્રાપ્ત કર્યા છે કરૂ છું અને કરતો રહીશ. જ્યાં સુરક્ષા સુશાસન સદુપદેશ અચૌર્ય આદિ સદ્ગુણવાળી પ્રજા વસશે તે નગર દેશ પણ અભિનંદનનો પાત્ર છે, જ્યાં શાન્તિ ત્યાં અભિનંદન, બરાબર થતા જ રહે છે.

ગુરૂકુલોની માફક જે ભૂમિમાં વિદ્યાદાનાર્થ બાળકોના સંરક્ષણ કરાય, તેવી ભૂમિ પણ અભિનંદનની પાત્ર છે, જ્યાં ચઉદ વિદ્યાઓના અડસઠ કલાઓના ચાર ઉપાયોના ચાર પુરૂષાર્થોના તથા શમ દમ આદિ સાધનોના અને ધર્મભક્તિ શીલવ્રત આદિકના પાવન પાલન વાતાવરણ છાયાં રહે છે તે ભૂમિ સદાને માટે પૂજનીય સત્કરણીય અભિનંદનીય આશીર્વાદનીય દાનાર્પણીય તથા સંભાલનીય છે, તેવા આદર્શવાળા પ્રજાજન જરૂર અનુકરણીય તથા અભિનંદનીય છે, જે ગામ, નગર, દેશથી સંબંધ રાખીને દેશની તથા પોતાની ઉન્નતિ પરાયણ છે તે ગામ, નગર અને દેશ પરસ્પર સ્વકર્તવ્ય પાલન પરક હોય જ છે, ત્યાં નિવાસ ફળ સુખકર અતિસુખદ મળે છે, સુસ્મૃદ્ધ અવસ્થાઓ ભોગવાય છે, પરોપકારાદિ દ્વારા જન્તા પોતાના ધર્મને અદા કરે છે, મહાવિદ્યાલય જલાશય વૃક્ષારોપણ સુગમ માર્ગ રચના ધર્માર્થભવન જળ પરબ વિધાન અનાથાલય અપંગાલય ફલી બગીચા નિર્માણ દેવેશ્વર મહોત્સવ સત્સંગ આયોજન ભજન કીર્તન વ્રત આદિક સત્કાર્ય બધા અભિનન્દનો વડે ભરેલાંજ હોય છે, તે પ્રજાને જ અભિનન્દનો મળે છે, પરમાત્માના પણ તેજ સન્દેશ છે, મારા ધર્મોના સાહય્ય પ્રદ થાઓ, તેઓ મારા અભિનન્દનોના પાત્ર થશોજ, દેશમાં દાની વધો, વેદશાસ્ત્રજ્ઞ નીપજો, ઉન્નતિશીલ પ્રજા થાઓ, શ્રાદ્ધ થતા રહો, તીર્થ બનો,

ધાન્ય નીપજો, ધનોપાર્જન ખૂબ ખૂબ થતા રહો, અતિથિ આવો, આશીર્વાદ મળતા રહો, તૃપ્તિ થતી રહો, આંગણે આંગણે પૂર્ણાશા વરત્યા કરો, અમારી સાદાઈ લુપ્ત ન થાઓ, લોક રાજી રાજી રહો, સુખ પ્રેરાતા રહો, સુશબ્દ સંભળાયા કરો, ઈશ્વરીય દૂતલ દ્વારા સદા રક્ષા થતી રહો, એ બધા અભિનન્દનનો છે, એના સુપાત્ર થવાના અભિનન્દ આપથી ઈચ્છુ છું.

આ યુગમાં બધા વિકસાવવા લાગ્યા છે, મોજમજાઓની સાથે હેરાનગતિ, ઘનાઢ્યતાની સાથે દરિદ્રતા, ઔદાર્યની સાથે કૃપણતા, વિજ્ઞાનની સાથે અવિદ્યા, સમ્પત્તિની સાથે તૃષ્ણા, ઉન્નતિની સાથે અવનતિ, સ્વર્ગ દર્શનોની સાથે વેદના, ભોગો સાથે રોગ, શ્વેતાઈ સાથે ઠગાઈ, આશ્વાસન સાથે કાપટ્ય, સ્નેહ સાથે છેતરપિંડી, ઉપાર્જન સાથે કવલીકરણતા, સિદ્ધિઓ સાથે પતિતતા, સત્તાઓ સાથે અતૃપ્તિ, મીઠાશ સાથે મલિનતા, સુરક્ષણો સાથે અકસ્માત, આસ્તિકતા સાથે નાસ્તિકતા, ઉલ્લાસો સાથે અમર્યાદા, ધીક્ષેત્રોમાં અહન્તા, સાર્વજનિકમાં મમતા, શાન્તિ ધરોમાં નાસ્તિકતા, ઉલ્લાસો સાથે અમર્યાદા, ધીક્ષેત્રોમાં અહન્તા, સાર્વજનિકમાં મમતા, શાન્તિ ધરોમાં કલહ, શોભન સ્થિતિઓમાં સ્વતંત્રતા, તત્ત્વ નિર્ણયોમાં અતત્ત્વવાદ, અને અવિનીતોના સામ્રાજ્ય પણ વિકસિત થતા જાય છે, અભિનંદનોની સાથે દુરભિનંદન પણ હાજરી આપે છે, હું પ્રભુથી પ્રાર્થના કરૂ છું—અભિનંદનવર્ષી સાત્ત્વિક વિદ્વાનોના અભિનંદનોના વિકાસમાં વિપરીત દુરઅભિનંદનોના બળ ન હો, દેશસુખી હો, સન્નેત્રવાળા હો.

પ્રાચીન સમયમાં વિદ્વાનો દ્વારા સમુદ્રગુપ્તને પણ અતિમોટા અભિનંદન મળ્યા હતા, સમુદ્રગુપ્ત કવિરાજ કહેવાતા હતા, તેવીજ રીતે વિક્રમાદિત્ય તથા વિદ્વાન સમ્રાટ ભોજરાજાને પણ સંસ્કૃતના ધર્મના પ્રજાહિતરાજયના પાંડિત્યના અભિનંદનો અપાયા હતાં, કવિકાળીદાસ, કવિભારવી, કવિશ્રીહર્ષ, કવિ માઘ, આદિક મહાન અભિનંદન પાત્ર થઈ ગયા, જેમના અભિનંદનો પ્રત્યેક માનવમાં જીવિત છે, વિદ્વાન ગંગેશોપાધ્યાય વિદ્વાન રઘુનાથ શિરોમણિ વિદ્વાન મથુરાનાથ વિદ્વાન ગદાધર વિદ્વાન જગદીશ વિદ્વાન મધુસૂદન સરસ્વતી વિદ્વાન કુમારિલભટ્ટ વિદ્વાન વાચસ્પતિ મિશ્ર વિદ્વાન નાથચામુન, એવા એવા મોટા મોટા વિદ્વાનો સમસ્ત વિશ્વમાં અભિનંદન પાત્ર વિદ્યમાનજ છે, વિદ્વાન બચ્ચાઝા વિદ્વાન જયદેવમિશ્ર વિદ્વાન બાળકૃષ્ણ મિશ્ર વિદ્વાન વામાચરણ ભટ્ટાચાર્ય વિદ્વાન પંડિતરાજ રાજેશ્વર શાસ્ત્રી વિદ્વાન વીરરાઘવાચાર્ય આદિક અનતિદીર્ઘકાલીન મોટા મોટા વાગ્દેવતાધિષ્ઠિત વિદ્વત્સમુદાય શ્રીશિવકુમાર શાસ્ત્રીનું સ્મરણ કરાવવાવાળા વિદ્વાનોના અભિનંદન ચઉદ ભુવનોમાં પહોંચીને અતિશય વિજય પામેલા છે, ક્યાંઈ પણ કોઈની સામે અનભિનંદન નહિં થઈ શકે, એવા લિદ્વદ્ ગણોના અભિનંદનો વડે આજ કુંકમવાપી નગરી સત્યતઃચિરંજીવી અભિનંદનવાલી થઈ રહી છે.

જે કોઈ આત્મામાં અભિનંદનના પાત્ર હોય છે, તે તેની શક્તિઓ દ્વારા ઉત્કૃષ્ટ કાર્ય કરવા વડે જ અભિનંદને પાત્ર થાય છે, કવિજન કાવ્યશક્તિઓ વડે વિદ્વજજન વિદ્યાશક્તિઓ વડે, દેવો દેવતાઈ શક્તિઓ વડે, જન સમુદાય વિકાસ શક્તિઓ વડે, પરમપુરૂષ બ્રહ્મશક્તિઓ વડે અવતારી પુરૂષ સ્વકાર્ય શક્તિઓ વડે પ્રશસ્ત અને અભિનંદનીય થાય છે. સમગ્ર સૃષ્ટિનું કારણ ભગવાને ગ્રહણ કરેલી શક્તિઓ ઉપાદાન કારણતાના ભાવ સાથને ભજે છે, પ્રભુ તેમના દ્વારા

સર્વત્ર અભિનંદનીય જ છે, ચેતન તત્ત્વ ચેતના વિના અપૂર્ણ જેવાં રહે છે, ચેતના ચેતન વિના અનાશ્રિતા, અનસ્તિતામાં ચાલી જાય છે, માટે જગતના માતા પિતાના સ્વરૂપ નારાયણ અને નારાયણી સર્વે પુરૂષ પ્રકૃતિને રૂપમાં સમવિષ્ટ વ્યષ્ટિમાં ભગવલ્લીલા વિભૂતિઓ દશ્યજ રહી છે, પ્રભુ પ્રકૃતિને અભિનંદન આપે છે, પ્રકૃતિ પ્રભુને અભિનંદન આપે છે, ભગવાન પોતાના કાર્યોને અભિનંદન આપતાજ રહે છે, કાર્ય જડ ચેતનાત્મક સમસ્ત દ્રષ્ટ વર્ગ નિજ સંચાલકોને અભિનંદન દીધા જ કરે છે.

વિદ્વાન લોક તેજ પ્રકારે આ કુંકુમવાપીને અભિનન્દનો આપે છે સત્ય છે, કે તેઓ પરમેશ્વર અને પરમેશ્વરીને અભિનન્દનો આપી રહ્યા છે, મારા પણ આપના અભિનન્દનોમા મિશ્રિત થઈ મારા પ્રત્યભિનન્દન તે પરમાત્માના સમર્પણમાં જ અનેક પ્રકારના વિવિધ લાભોમાં થાઓ, રાધા લક્ષ્મીજીની માફક વિદ્યા અવિદ્યા શક્તિઓને પ્રભુએજ ઉપજાવી છે, પ્રભુનાજ કાર્યો કરે છે, સન્તની સાથે ભગવાન્ અને ભગવતીની સાથેજ અભિનન્દન છે, તે બધાની ચઢતી કળા રાખો.

જે કોઈ આનંદ છે તે પરમાત્માના છે, જળના મિષ્ટરસ અનેક સ્વરૂપે પાર્થિવ ઔષધિઓમાં મળે છે, પરમાત્મા એક આનંદરસ રૂપ છે, તે બધામાં વિભિન્ન રૂપોમાં મળે છે, કુંડલિની જાગ્રત કરીને યોગિજન તેને પ્રાપ્ત કરે છે, ઉપાસક ભક્તિ દ્વારા સ્નેહ દ્વારા પ્રાપ્ત કરી લે છે. કૃપા દ્વારા સ્વયં પ્રાપ્ત થાય છે, હદયાકાશમાં આનંદાભિનંદન સ્વરૂપમાં ભગવાનજ આપ્યા લેવાયા થાય છે, અદ્વૈત કે દ્વૈત પ્રક્રિયાઓ વડે તેજ અંતર્નિયામક પ્રભુ ઈશ્વર બ્રહ્મપુરૂષ રૂપમાં અભિનંદન પાત્ર છે, અહં બ્રહ્માડસ્મિ પણ આત્મતત્ત્વના અભિનંદન રૂપમાં છે, સ્વેન રૂપેણ અભિનિષ્પદ્યતે - એ પણ પ્રભુની સાથે નિજ સુમૂર્ત રૂપના અભિનંદન વ્યક્ત કરે છે.

અવાસ્તવિક અર્થાત વ્યાવહારિક કે પ્રતિભાસિકના અભિનંદનો પણ વાસ્તવિક સત્પરમાત્માના પ્રતિ સમર્પિત થાય છે, કારણકે અભિનંદનના વિષય તમામ પ્રશંસનીય પરમાત્માની જ શક્તિઓ છે, તેનીજ ચીજો છે, ઉપનિષદોના બધા તત્ત્વોની સત્યતામાં તાત્પર્ય છે, સત્યતા બહુ પ્રકારની તો વિચારશીલોની જ્ઞાન ધારા વડે વિભિન્ન થએલી છે, તેથી શાશ્વતી નથી મટતી, બધા કોઈ મુક્તિને નિત્યસુખને દુઃખોના અત્યંત અભાવને સ્થિર આનંદ સ્થિતિને સ્વીકારે છે જ જેથી આંહી જે ધાર્યું તે શાશ્વત સત્ય જ અંતમાં કહ્યું તે રહ્યું, માટે સત્યત્વ– આનુપૂર્વી ક્યારેય વિપરીત-આનુપૂર્વી નથી થતી. સત્યાનુપૂર્વી પણ હોય તો તિરોભાવધર્મિણી પણ અભિનન્દન બહુ મોટા ચમત્કારી સ્તર છે, જેણે કરીને તિરોહિત વસ્તુ પણ ચેતનોની પાસે અતિરોહિત નિભ દેખાવા લાગે છે, પરમાત્મા સ્વયં જો અભિનન્દનોના અધિષ્ઠાન હોય તો જ્ઞાતી જ્ઞેય જ્ઞાનના ઐક્યજ અભિનન્દનોના પણ ઐક્યજ કરે છે, તેવા અભિનન્દન સમસ્ત જગતને માટે વ્યાપક થઈને ક્યારેય તો નકામી નકામી સમગ્ર સૃષ્ટિને માટે પણ ઉપયોગી થાય છે, કોઈને કોઈ વ્યાપક આવિષ્કારને ઉપજાવીને જગતને માટે ઘણા લાભપ્રદ થાય છે.

'આત્માના આગંતુક જ્ઞાન લીન થઈ જાય છે, અનુભવ સંસ્કાર સ્મૃતિઓ તેમની ધારાઓ પણ લીન થઈ જાય છે, પણ ચિત્ - ચૈતન્ય જે નિત્યજ્ઞાનાત્મા આત્મસ્વરૂપ સ્વયં પ્રકાશ છે તે ક્યારેય લીન થતું જ નથી, વિદ્વાનોના પ્રકટ સ્વરૂપ અભિનંદન જ્ઞાન સ્વપ્રકાશ જ્ઞાનમાં મલવા વડે

તે શાશ્વત અભિનંદન થઈ જાય છે, ઋષિમહર્ષિ યોગી અવતારી પુરૂષ, આના ઉપયોગવડે ફરીથી સત્યુગાદિના ધર્મો સ્થાપે છે, તેનીજ પુષ્ટિમાં ધાતા યથા પૂર્વમ્ અકલ્પયત એમ કહેલ છે આવા પ્રકારના અભિનંદન શાશ્વત થઈ જાય છે, જેની દૃષ્ટિમાં સાધન અને સાધ્ય ભગવાનજ છે તેમ આપેલા અભિનંદનો પણ ભગવાન માટેજ છે, સાધ્યના અભિનંદન સાધનને સાપેક્ષ છે, સાધનના અભિનંદન સાધ્યને માટે તૈયાર છે, આપણા તમામ અભિનંદનો સાધન-સાધ્યાત્મક છે.

પરિચ્છિન્ન માનવ આત્માઓની તરફથી આપાતાં અભિનંદન પરિચ્છિન્નજ હોય, જ્ઞાનની પરિચ્છિન્નતા વડે જ એમજ છે પણ પરમાત્માન્વિત જીવસાક્ષિ સ્વરૂપ ચૈતન્યમાં પ્રકટ થએલા અભિનંદન સર્વજ્ઞકર્તૃક હોવાથી સાર્વજ્ઞ્યના સ્તરોને સ્વીકારવાવાળા હોય છે, તે વાસ્તવિક ભાવને ભજનારા છે, ત્રુટિઓથી રહિત હોય છે, એવા આપના અભિનન્દન મારા પ્રતિ હો, જે પરમાત્માના નિવાસ વડે સદા પ્રાપ્ય છે, તેને પ્રાપ્તિના વિષય થવાનું નથી હોતું, તેવા આપના અભિનંદનો મારામાં પ્રકાશિત થાઓ, અજ્ઞાત-જ્ઞાતના સ્વરૂપમાં યદિ હો તો તે પણ સ્વરૂપજ્ઞાન માત્રમાં પ્રકાશને વિશેષ ચળકાવનારા હો.

અનેક સંત વિદ્વાનોએ સમાધિ સ્થિતિવાલા યોગી નૈષ્ઠિક મહાયતિ ઐશ્વર્યશાલી ચમત્કારી વચનસિધ્ધિશાલી સંકલ્પસિધ્ધનિધિશાલી દૈવતસિધ્ધદ્યુવાસી જ્ઞાનવિજ્ઞાનસિધ્ધ બૃહત્ત્વશાલી વૈરાગ્યશીલ નિર્મોહી આત્મનિષ્ઠ બ્રહ્મશાલી સર્વસદ્ગુણશાલી પણ વિશેષ મહામહિમશાલી કહીને તેવા અર્થોમાં અભિનંદનો અર્પ્યા છે, મને દેખાય છે જે-તેવા અર્થોમાં હું ન્યૂન છું, પણ તમારા આશીર્વાદો વડે તે પથ ઉપર ચાલતાં ચાલતાં તેવા અભિનંદનોની સ્વરૂપ યોગ્યતા વૃધ્ધિ પામીને વાસ્તવિક્તામાં જરૂર પહોંચાડશે, તેથી મને પણ એક મહાન આનંદ મલી રહ્યો છે જે મારા નિઃશ્રેયસને માટે સહાયક અભિનંદનોથી અખંડ આવી રહ્યો છે, જ્ઞાનયોગ કર્મયોગ ભક્તિયોગોના આનંદ પણ માલ્યા કરશે, મહાપુરૂષોનો એ ઉત્તમ ગુણ છે જે સ્વયં સર્વથા પૂર્ણ હોવા છતાં પરમપુરૂષોથી કોઈ પણ અપૂર્તિને હઠાવીને પૂર્ણતાને ઈચ્છે, આપના અભિનંદનો મારા એવા લાભ માટે થાઓ.'

'ઈન્દ્રના અશીર્વાદ વડે કામદેવ શંકરના પ્રતિ વિજય લેવા ગયો, પણ આશીર્વાદ દેનાર સ્વાર્થી હતો, અને પરાભૂત પમાડવાના પાત્ર શંકર ભગવાન બ્રહ્મસ્થિતિક નિઃસ્વાર્થી હતા, આવી વિષમતા હતી, તેથી યોગીશ્વરની સિધ્ધિ હઠવાવાળી ન હતી, કામ બાણના પ્રયોગવડે નેત્ર ખુલવાની સાથે જજો બ્રહ્મસ્વરૂપમાં નથી તે અસ્તિત્વ લગાડવા આવેલ છે તેજ અપરાધવડે મહાનપુરૂષનું તેજ સહન ન કરી શકે એવા અલ્પપાત્ર કામદેવ ભસ્મ બની ગયો, પછી તો કૃપાળું ભગવાને અપરાધીઓના અપરાધોને નહિં ગણીને રચનાના અંગ ઓતપ્રોત આકર્ષણ શક્તિને સજીવન કરવું જ અનુગણ હોવાથી જ દંડ પછી ફરી સર્જન પણ કરી દીધું, અને પ્રભુના અભિનંદન વડે આજ સમગ્ર સૃષ્ટિમાં તેજ કામદેવ વ્યાપક થઈને સત્કાર પામે છે, વામન ભગવાનની કૃપા વડે ઈન્દ્ર પણ દેવરાજ્ય ભોગવે છે, પાત્રમાં કરેલી કૃપા આશિષ આદિક અભિનંદનના સ્વરૂપમાં સુખદ થાય છે, અલ્પપાત્રમાં અસુખદ પણ બની જાય છે, આપ ગુરૂજન મારી અલ્પ પાત્રતાને દૂર કરીને આશીર્વાદાત્મક અભિનંદન આપો જેથી બધાય સુખદ થાય.'

'આદર સત્કાર ભગવાનના ગુણ છે, યોગીજનોની પાસે મધુરવાણી આદર સત્કાર હાર્દિક સ્નેહ સદા વસે છે, ગુરૂજનોના અભિનંદનો અલ્પપાત્રના પ્રતિ પણ શ્રેયઃ કીર્તિ ગૌરવ પાત્રતા આદિ દેવાવાલા થાય છે,આપના અભિનંદનો મારે માટે સદા તેવા વિધાને ફલરૂપ થાઓ, અભિનંદનો વડે પાત્રની પાત્રતા અભિનંદક જનોની સ્થિતિની સમાન સ્થિતિ દેવાવાળી થાય છે, મને પણ તેજ રીતે ફલીભૂત થાઓ, દુર્ગુણ દૂર થાઓ સદ્‌ગુણ વસો, દિવ્ય પાંડિત્ય રહે, સાત્ત્વિક સ્થિતિ હો, નિર્લિપ્ત યોગિતા હો, આ પુનઃર્જન્મ હો, ભક્તિમાં ગરકાવપણું હો, ઈત્યાદિ માંગું છું,

આત્માની વિભૂતિ રૂપ અભિનંદન સદા આનંદમાં સ્થિર રાખતા રહો, મારી અવસ્થા પણ ચોથે ભાગે તો સાક્ષત્ ભજન કરે છે માટે જરૂર નિઃશ્રેયસ ને અર્થે અભિનંદન ફલીભૂત થશે, હવે તો નિરોધ તપસ્યાનો અવસર છે, આપના આશીર્વાદો મને નિરોધમાં વરતાવે એવી પ્રાર્થના છે, કોઈ ફલના અનુસંધાન સાથે પૂરેપૂરા કરેલ કાર્યો ક્યારેય અપ્રતકર્ય સતફલ પણ આપે છે, સાત્ત્વિક અધ્યયન આજ અપ્રતકાર્ય સતફળ આપી રહેલ છે, આ મારી અપુનરાવર્તન નામક યાત્રામાં સાહાય્યપ્રદ છે, તેથી મને આત્યન્તિકી વિરતિની પૂર્વાવસ્થા પણ મળી રહી છે, સંસારની થકાવટ છૂટી ગઈ, અપવર્ગની તાજગી આવવા લાગી.

ભગવાન વિષ્ણુની સખી દાસી લક્ષ્મીજી તથા કૌસ્તુભ મણિના સમાન સુખશાન્તિ તથા અંજવાળું દેવા વાલા અભિનંદનો તે અનેક કૌસ્તુભમણિ છે જે આત્મામાં અંજવાળાં આપી રહ્યા છે, પારિજાતકની સમાન સૌરભ આપી રહ્યા છે, વિજયદેવાવાળા થઈ રહ્યા છે, બધા અભિનંદનો મધુરી સૃષ્ટિનાં અમૃતફલો છે, અનેક પંડિતોને ઉપજાવનારા બીજોથી ભરેલાં ફળો છે, અભિનંદનોનો ઉપદેશ એ છે જે-દોષ ત્યાગો, ગુણ ગ્રહણ કરો, સંસારને ઉપકારી થાઓ, આત્માને નિઃશ્રેયસ આપો, તથા તેમના સાધનોમાં યત્નશીલ બનો, આવા અભિનંદનોના પ્રકાશમાં નિકળતા ભાગ્યશાળી લોક જરૂર તે સદ્‌ગુણોને માટે યત્ન કરશે, જેથી મહાપુરૂષોના અભિનંદનો સૃષ્ટિને ઉત્તમ ફલ દેવાવાળા સાર્થક થાય, મારે માટે તો સતત સાર્થક જ થાઓ.

અભિનંદનોમાં ઉત્કૃષ્ટ વ્યક્તિ વિચાર સુકૃતવર્ણન ચારૂચારિત્ર ચિત્રણ આકાંક્ષણીય જીવનોપકથન રૂચિકર કારણ કાર્યોમાં સુમૂર્ત વર્ણન ઉત્કૃષ્ટ નવા આવિષ્કાર ગ્રાહ્ય રસલાભ આદિક ગ્રથિત હોય છે, જેની જેટલી વિદ્વતાભરી શેમુષી પ્રતિમા તેટલી જ તેની વ્યક્તિમાં સ્તરોની રચનાઓ સ્વરૂપ લ્યે છે, સમીક્ષક જનોના મસ્તિષ્કમાં પણ તેમનાજ વિશેષ સ્તર પ્રસૂત થયા કરે છે, તથા આશ્રિતજનોને ગ્રાહ્ય થર બનતા જાય છે, ગંભીર ભાવ ભરેલા અભિનંદનો સિદ્ધ પ્રતિભાવાળા યોગિજનોને તુરંત સંસ્કારમાં પેસીને ઉત્તમ રચના કરે છે, નવા આવિષ્કારો નવી ભાવી પ્રજાને માટે અતીવ ઉપકારકારક થાય છે, આવા અભિનંદનો આ અવસરમાં જરૂર મળો.

બધાં શાસ્ત્ર પ્રાયઃ એક લેખક વડે સુરૂપ મૂર્તતાને પ્રાપ્ત કરે છે, એક હૃદયથી પ્રગટ થાય છે, નાટ્ય શાસ્ત્ર પ્રાયશઃ ઘણાં હૃદયોના મેલન વડે સંગઠિત પિંડિત થઈ સુમૂર્તતા ને પ્રાપ્ત કરે છે, અભિનંદનશાસ્ત્ર તો અનેક સ્વતંત્ર હૃદયોની પ્રગટ થયેલા અગોથી વિભિન્ન મનન ધારાઓના એક મહાસાગરના સમાન સુમૂર્ત રૂપને ધારણ કરે છે, એક જ મોટા પાત્રમાં વિશ્રાંતિ લ્યે છે,

કિંતુ સમગ્ર દુનિયાના હૃદયોના ઉત્સાહોને વધારી દે છે, અભિનંદનીયની કક્ષાને ઈચ્છાવાવાલી અસંખ્ય શ્રોતૃ જનતાને તેજ કક્ષામાં પહોંચાડનાર થાય છે, અભિનંદનોમાં કલ્પિત વિકલ્પનાને સ્થાન નથી, વાર્તમાનિક પ્રાત્યક્ષિક પ્રસિદ્ધ વ્યક્તિત્વના ગુણભંડારોનાં નિષ્પન્ન સુકાર્યોના તથા ભાવી આશાસ્પદ ઉજ્જવલતાઓના પ્રાધાન્ય રહેલાં હોય છે.

અભિનંદનોના બાહુલ્ય કોઈ વિશિષ્ટ નિવેદનોમાં વ્યાપ્ત હોય છે, અભિનંદન શબ્દરૂપમાં વ્યક્તિત્વનું પ્રતિનીધિ છે, વ્યક્તિ સ્વયં અનેક સ્વરૂપોમાં વ્યસ્ત હોય છે, તે અભિનંદનોથી સ્વ સમસ્ત સ્વરૂપમાં ઉપલબ્ધ થાય છે, વ્યસ્ત વિદ્વાનોના ઐકમત્યજ સામસ્તિક સ્વરૂપોદ્ભાવક થાય છે, સુસદ્ગુણી મોટા મોટા કિંમતી પરિષ્કૃત મહાપુરૂષ ક્યાંઈ ખુણાઓમાં પડેલા હોય તેમને અભિનંદન દેશોમાં વિખ્યાત બનાવે છે, આવા કામ વડે દેશ ગૌરવાસ્પદ અધિક થાય છે.

અભિનંદન એક મૂર્તિમાન કીર્તિમણિ છે, તેને પહેરવાવાળા સમગ્ર પૃથ્વીમા સુકીર્તિ વડે પ્રખ્યાત થાય છે, આવા અભ્યુદય સ્વરૂપ અભિનંદન અપરિમિતતાનું સ્થાન લ્યે છે, પ્રાચીન સમયથી થતા આવેલા વિકાસોના પરમ વિકાસ વર્તમાનમાં અનવધિક વિકાસ દેખાય છે, તેવી જ રીતે પ્રાચીન રીતિથી ચાલ્યા આવતા અભિનંદનો જગત્ના ગ્રંથોમાં વિસ્તૃત પડેલાં છે તે બધાં વર્તમાન સમયના અસીમ વિકસિત અભિનંદનમાં અનવધિ વિકાસાનંદ દેખાય છે, ભવિષ્યમાં પણ ''વિકાસાનાં પ્રવાહેભ્યો વિકાસા અભિનંદનો । ઈયન્તાં ભાવિનૈજાનાં પ્રજાનામભિનંદને'' પ્રગતિશીલ યુગમાં ત્રિલોકિગતિક માનવ ઉપલબ્ધ થઈ રહ્યા છે તેને માટે ત્રિલોકિગતિક અભિનંદન પણ નિજ સ્વરૂપોની કલ્પના કરી રહ્યા છે.

શ્રવ્ય ચરિત્રો કરતાં દશ્ય ચમત્કાર ઉત્કૃષ્ટ છે, અધિક પ્રામાણિક યથાર્થ સ્વરૂપાપન્ન સ્થિતિક હોય છે, એવા ઉપર પ્રશસ્તિના સર્વાનુરંજક હોય છે, જીવિત ચમત્કારિક વ્યક્તિને માટે પ્રત્યક્ષાભિનંદન સત્ય અભિનંદન છે, પ્રત્યક્ષાનુભવ વ્યક્તિ સહવાસ વ્યક્તિ કૃત કાર્યાનુભવ વ્યક્તિ રચિત શાસ્ત્રાનુભવ વ્યક્તિના યશોવિતાન વિસ્તાર વ્યક્તિની સુવાસ જગતની જનતામાં પ્રસિદ્ધિ અને દુનિયામાં પ્રસૃતવિખ્યાતિપૂર્ણ અભિનંદન હોય છે.

આવા સત્ય અભિનંદનો માટે સુપાત્ર ભૂમિ કુંકુમવાપી થઈ રહી છે, જેના બાળક સંત વિદ્વાન અભિનંદનો દ્વારા વધાવ્યા જાય છે, આ અભિનંદન ભાગવત ધર્માન્વિત વૈદિક શારદાભિનંદન છે, ધર્મજ્ઞાન મૂર્તિના અભિનન્દન ધર્મજ્ઞાનના અભિનંદન જ છે, આ બંનેના નિવાસ વડે જ વ્યક્તિ અભિનંદન પાત્ર થાય છે, સાથમાં શીલવ્રત તથા ભક્તિવૈષ્ણવના સમસ્ત જગતને માટે અભિનંદનીય છે, તેના ઉપાસક સંત વિદ્વાન જરૂર જગત દ્વારા અભિનંદનીયતાના યથાર્થ પાત્ર છે, આવા આ સ્વરૂપ નિજ અભિનંદનની સાથે ધર્મજ્ઞાન શીલ ભક્તિના આપના અભિનંદનોમાં મલીને જગદ્વિજયી થાઓ, આપથી એ પણ પ્રાર્થના છે.

નિરવધિ સ્નેહનો અન્તજ જીવનાન્તમાં પરિણત થાય છે, વિદ્યાપ્રેમી આત્માના સ્નેહનો અન્ત પણ વિદ્યાના જ જીવનાંતમાં થઈ જાય છે, વિદ્યાજીવનવાલા મહાપુરૂષ જગતના ધર્મસ્થંભ છે તેવા પુરૂષોના આશીર્વાદાત્મક અભિનંદન પણ વિદ્યા પ્રેમીના જીવનને પુનર્જીવન બનાવ્યે જાય છે, એવું ન થતું હોય તો દુનિયાની વિદ્યાઓની શ્રૃંખલાઓ તુટી જાય અસ્તવ્યસ્ત થઈ જાય નિર્વિદ્ય

જગત થઈ જાય, પરમેશ્વરના આદેશ અલભ્ય થઈ જાય, નિઃશ્રેયસના માર્ગ વિચ્છિન્ન થવાથી દેવ માનવાદિક પરમ્પરા પણ પાશવી પરમ્પરામાં ગણત્રી લેનારી થઈ જાય, માટે પુરૂષાર્થ વિરોધી તમામ અનર્થ ઉત્કૃષ્ટ થયે સૃષ્ટિ રચનાના અભિપ્રેત મુદ્દાઓ બિલકુલ ન રહે સૃષ્ટિરચના નિષ્ફલ જેવી થઈ જાય તેના સાફલ્ય માટેજ ધાર્મિક ઉર્ત્તેજનારૂપમાં આશીર્વાદ તથા અભિનંદન અપાય છે, જેથી પ્રભુના તાત્પર્યાર્થ અક્ષત ચાલ્યા કરે છે, આપના અભિનંદનોમાં મારા તાત્પર્યાર્થક પ્રત્યભિનંદન મિલિત થાઓ.

અભિનંદન તે તે વિદ્વાનોનું એક કવન છે, તે રસ ભરેલજ હોય છે, વાંચનારને આનંદ ઉપજાવે છે, આનંદ તે બ્રહ્મનું રૂપ છે, બ્રહ્મ સાથે સમ્બન્ધવાળા ગુણ ગરિમ અભિનંદનો તમામને માટે અભિનંદનો છે, વિદ્વાન લોક અતિપ્રસન્ન થાય છે જે-સૌરાષ્ટ્રમાં એક ઉચ્ચ કોટિના પંડિતની જન્મભૂમિ કુંકાવાવનગરી આજ પંડિતોની ધન્યવાદ પાત્ર બની રહી છે, પ્રશ્ચિમ કાશીનું સ્મરણ કરાવનારી થઈ છે, જે કાશીના વિદ્વાન જન્મસિધ્ધ પ્રતિભા વિદ્વાન ત્યાં પ્રાકટ્ય પામ્યા છે, આ કુંકુમવાપીના અભિનંદનો તે કાશીનાજ અભિનંદનો છે, જે કાશીનગરીના પંડિતને ધારણ કરવાવાળી છે, જેથી સર્વે વિદ્યાઓનું સ્થળ બનશે, આ અભિનંદનો વડે વૈદિક વિદ્યાઓ પણ પોતાની અભ્યાસમયી અવસ્થાની આ ભૂમિમાં વાટ જોઈ રહી છે, આંહી વિધવિધ વિદ્વાનોનું નગર વેદવિદ્યાનગર વસો, બધી વિદ્યાઓ માનવોમાં વ્યાપીને વસો, વિદ્યાઓ માનવોને અતિથિ બનાવો.

ચન્દ્ર અમૃત આપે છે, આતપ પાચન શક્તિ અપે છે, મેઘ આર્દ્રપલ્લવતા આપે છે, પતિ સન્તોષ આપે છે, રાજા આશ્રય આપે છે, ગૃહિણી વિરતિ આપે છે, વિદ્યાઓ બધું કાંઈ આપનારી છે, અભિનંદન કૃતિઓ આનંદને અભિવ્યક્તિ કરવામાં સફળ થયા જ છે, ભારત દેશ ભગવાનનો ભક્ત છે, ભારતીય પ્રજા ભક્તિરૂપ બ્રહ્મરસાયન પીધા કરે છે, બાળપણથીજ પીધા કરેતો આવતી અવસ્થાઓમાં અભ્યાસ રહ્યા કરે, તેને નવીન આશ્ચર્ય ન લાગે, મોટી વિશાળ સંહિતાઓ તો ભારતીય વ્યાસોના સરલતા ભરેલા સ્વભાવસિધ્ધ સદ્ગુણ છે, મહા પંડિતજન આધ્યાત્મિક ભૌગોલિક ખગોલિક બ્રહ્મગોલિક નિબંધો સુવર્ણિત લખ્યા જ કરે છે, સ્વપ્નમાં પણ તેજ ગ્રથન થતું રહે છે, જેમાં પરમેશ્વર પ્રાતિભ વિષય દેખાયા કરે છે જ, એવા મહાકાવ્ય મહાઈતિહાસ જે ધુરંધર પંડિતોથી પ્રકટ થાય છે તેમના પ્રતિ સમસ્વભારતીય પરિષ્કૃત જ્ઞાતાઓને આનંદિત થવું તે તો સ્વાભાવિક રસાયન સ્વરૂપથી જ હોય છે.

'મહાભારત સ્કન્દપુરાણ પદ્મપુરાણ રામાયણ ભાગવત આદિ સર્વેના અંતરમાં સ્થાન લઈને લીલાચરિત્ર વિજ્ઞાન સુમૂર્તરૂપમાં પ્રકટિત ગાયા સંભળાયા થયા છે, સામાન્ય પ્રજા પણ તેના શ્રવણવડે બ્રહ્મના કેફમાં વરતવા લાગે છે, ઘણી સંહિતાઓ વિદ્યમાન છે, શ્રીશ્વેતાયનીય સંહિતા પણ સવા લાખથી અધિક શ્લોકો વાળી ચારો યુગોના ધર્મ ભરેલી અલૌકિક આખ્યાનો વડે ભરપૂર કલાવિજ્ઞાન સર્જનદેવ રૂષિ માનવાદિના વૃત્તાંતો વડે શોભતી તે કેનું હર્ષ સ્થાન ન થાય, બધાનું હર્ષ સ્થાન થાય જ,તેને માટે હજારો અભિનંદનો આવ્યા છે, આવે પણ છે, જેમણે પ્રાપ્ત નથી કરેલ તે તો તે સંહિતા માટે તલસે છે, ક્યાંથી મળે અને ક્યારે અનુભવમાં લઉ ! કેટલાંક

વિદ્વાનોએ તો અમૂલ્યની પ્રાપ્તિ માટે ખોળ કરી, પણ મૂલ્ય વિના મળતી નથી, મૂલ્ય અઢીસોથી વધારે છે, સંસ્કૃત નિર્ધન વ્યક્તિ ક્યાંથી મેળવે, પણ સનાતન ધર્મના પાયાને મજબૂત કરનારી તે સંહિતા ઉપર અનેક અભિનંદનો વડે આજ મારા પ્રત્યભિનંદનો પણ પરિપૂર્ણતાને પામે છે તો પણ મને એવાંજ કાર્યો માટે ઉત્સાહ સેવા મલ્યા જ કરે એવી રીતના આપ વિદ્વાનોથી આશીર્વાદ માગુ છું.

અભિનંદનોમાં, શતાયુ, સરસ્વતી સેવા, વિગેરે આશિષો સફળ થતા રહો, એ પણ માગુ છું, શ્વેતાયન સંહિતાની સામે બીજી બધી સંહિતાઓ બચળાં જેવડી થઈ જાય છે, અધિકમાં અધિક આકર્ષક આ સંહિતા આદિ વ્યાસ શ્વેતાયન વ્યાસના આવેશ વડે પ્રકટાવેલી થઈ છે, આમાં બધાં વ્યાસોના પ્રાણ છે, આમાં અંતિમ કવિએ પ્રાચીન મધ્યમ નવીન બધા યુગોની ધર્માદિ પરિષ્કૃતિ નીપજાવી છે, આ પોતાનાં સમયમાં અધિકતમ વિરાટતાને જડ ચેતન સૃષ્ટિની વિશાળતાને સેન્દ્રિય અને ઈન્દ્રિયાતીત અનુભૂતીયોને પ્રાચીન નિબંધોથી પણ વિશેષ ગહન રૂપોને ભક્તિ સ્તોત્રાદિ અનુષ્ઠાનોને પૃથ્વીની સાર્વભૌમિક પ્રજાઓને મૂલ રૂપોને ભગવત્સંબધોને સર્વાંગીણ વૃત્તાન્તો પોતામાં સંગ્રહ કરતી થકી તમામ વિદ્વાનોનાં અભિનંદન પાત્ર બની છે, તેથી તે પણ લેખકના જ અભિનંદનો છે.

મહાકાવ્ય મહાઉપન્યાસ ભરપૂર આ વિરાટ ગ્રથન બાહ્ય આવરણોને કાપીને આંતર બ્રહ્મ સૃષ્ટિમાં પહોંચતા થકા આશ્રિતોને બ્રહ્મના થરોમાં પહોંચાડે છે, આમાં નાનામાં નાના પણ શરીરધારી ભગવાનનાં સંબંધ વડે નિકૃષ્ટ સમર્પણ વડે પણ બ્રહ્માત્મક થઈ જવાના વૃતાંતો મળી આવે છે, પ્રાચીન પ્રારંભિક સર્જનથી લઈ આજ સુધીના દિવ્ય-અદિવ્ય બધા વૃત્તાંતો એમાં વિદ્વાનો દ્વારા અભિનંદનીય બની રહ્યા છે, એક અવતારમાં આલેખી શકાય એવા તર્ક વિદ્વાનોમાં જાગે છે, પણ આવી તો બીજી પણ લખવાવાલા વ્યાસોને શું કઠીન હોય ! જેમની લેખણી અપ્રતિહત અનવરત કવન કરતી ચાલી જતી હોય છંદોબદ્ધ નદીઓ વહતી હોય છે, સૃષ્ટિ સાગર જેમનાં વિજ્ઞાનોમાં ઉછળે છે, તેમને તો અનેક સંહિતાઓ સંકલ્પોમાં હાજર આપતી હોય છે, એમના અભિનંદનો વડે વ્યાસ ભગવાનનાં અભિનંદન થઈ જાય છે, આના દ્વારા અભિનંદનકારક લોક પરમપદના ભાગીદાર પણ થઈ જાય છે.

જેમણે માતા-પિતા ગુરૂજનોની આજ્ઞા પાળી છે તે તો અભિનંદનના પાત્ર છે જ, પણ દેશને માટે જેઓ તન મન ધન કુરબાન કરે છે, તેઓ પણ ઈશ્વરસમ સન્માનપાત્ર છે, આપ સર્વે ભારતની પ્રજા દ્વારા સન્માન પાત્ર છો, હું તો આપની છાયામાં સમ્માનની મધુરતા લઈ રહેલ છું આ વડે મારું કલ્યાણ માનુ છું, અનેકાનેક પ્રતિદ્વન્દ્વી ઉપસ્થિત હોવા છતાં તેમને તમારા આશીર્વાદોએ ઉડાડ્યા છે, મને સન્માન પાત્ર બનાવેલ છે, આથી અધિક ક્યો કેવો લાભ છે, જે કે પરમ પુરૂષાર્થ માટે મળવો બાકી ન રહે, મળેલ છે જ. અસહની અક્ષમી વિષૈલી દૃષ્ટિવાળા, હૃદયવાળા પણ આજ પવિત્ર આશીર્વાદોને વાંચીને, સાંભળીને સારી સ્થિતિમાં અસામર્થ્યાડવલંબન કરીને વરતવા માંડ્યા છે, આ પણ આપના આશીર્વાદોનો પ્રભાવ છે.

હું તો બધાનો ક્ષમા-પ્રાર્થી છું, પરલોકમાં જે સાથે મેળ રહે ત્યાં નિવાસ સારો થાય છે

આંહી મેળ વિનાના વ્યક્તિઓ સાથે ભેદભાવ અનુત્કૃષ્ટતા આવરણ બધાં કરનાર સાથે રહેવું કે પરલોકમાં તેવાની સાથે જવું તે પણ અનિષ્ટ છે જે, પરલોકમાં પણ તેઓ બાધા કરશે, માટે આવરણો આંહી જ લુપ્ત થઈ જાઓ એવી પ્રભુ પાસે પ્રાર્થના છે, મને તો માતાજીનું વચન ''બેટા સાધુ થવું હોય તો સારી પેઠે વિદ્યા ભણજે'' આવું આશીર્વચન ફળીભૂત જરૂર થયું છે, માતા-પિતાના તુલ્ય વિદ્વાનોના વચનો આજ અધિક ફળીભૂત થઈ રહ્યા છે.

રામાયણમાં પદ્ય છે, ''संति दुःसंस्थिताः कुब्जा वक्राः परमदारुणाः'' - કુબડા, વાંકા કુટિલ, કેડભાંગલાં, લોક દુષ્ટ સ્થિતિવાળાઓ મહા ભયંકર હોય છે. તેઓ અભિનંદનોને વખાણશે નહિં ઉલટા નિંદશે અને હૃદયાગ્નિ વડે બળશે, તેના તે દોષ નાશ થવા માટે આ અભિનંદનો થાઓ, સમાનાધિકરણ સદ્‌ગુણ પ્રાપ્તિ માટે પણ સ્પર્ધા ફળદાયી થાય છે. તે તો ઈચ્છનીય ગણાય અક્ષમ પુરૂષ બીજાનું બુરૂં જ ચાહે છે ભલે તે મેરૂ શિખર સુધી વ્યાપેલ હોય, પણ તે અભિનંદનોનો પાત્ર થતો નથી, સમુદ્રપાર રખડતો રાવણ કુંભકર્ણ શિશુપાલ અધર્મ જીવો અભિનંદન પાત્ર થયા જ નથી પ્રજા તેના દુર્ગુણોને ઓળખે છે, સારા પાત્રને સારા અભિનંદન માટે ગુરૂજન જનતા અતિ ઉત્સાહભરી સજાવટો વડે આનંદિત થતી હોય છે, સ્વર્ગ ગોલોક વૈકુંઠના આનંદ મેળવતી હોય છે શ્રેયઃની સભાઓ સમાજ બજાર મંડલીઓ અદ્‌ભુત સ્વરૂપમાં દેવોની માફક ઉત્સાહિત શોભે છે, આવા અભિનંદનો પ્રત્યે હું લાખો વાર સમર્પિત થાઉ છું, દૂર દૂરના અભિનંદનો આવીને મારામાં વિરામ લે છે, તેમને હું આદર સત્કાર પૂર્વક સેવવા મારામાં વાંસ આપુ છું, સદા મારી રક્ષા કરો એવી પ્રાર્થના કરૂં છું.

પૃથ્વી વસુંધરા છે, શૂરવીરંધરા છે, વિજ્ઞયોગિંધરા છે, સન્તધરા છે, રત્નધરા છે, તો પણ અપકવધરા પણ છે, અપકવોને માટે પણ વસુંધરા રત્નધરાજ છે, અનેરૈવીવિનીત સંયમી કૃપાળુ ધર્મશીલ, ત્યાગશીલ, વિદ્યાશીલોના પ્રતિ અપકવમંડળીઓ કે મંડલીશ્વરો અનન્ય અનુરક્ત ભાવના વડે નથી દેખી શકતા, પ્રતિઘાતોના નિપજાવનારા થાય છે, તેમને અભિનંદન તો મોટો દાવાનળ થઈ પડે છે, તેમના પ્રતિ તેમનાજ તે દાવાનળ અમૃતરસાયન થાઓ, એવી ગુરૂજનો પાસે પ્રાર્થના છે, તેને અને મારે માટે સુખદ થાઓ.

જગતમાં કપટ વસ્ત્ર ધારવાવાળાની ખોટ નથી, ષડયંત્ર રચવાવાળાની ખામી નથી, વિશ્વાસીઓના દીલ તોડવાવાળાની કમી નથી, ઈર્ષ્યાલુ દીલ તોડવાવાળા તો પરપ્રતિષ્ઠા દેખી શકતા જ નથી, આખી જીંદગી તેવી કમાણીનાજ અભ્યાસીઓ તેઓ છે, અદેખાઈ વડે પરોન્નતિ ભંજક બને છે પણ પરમાત્મા ભંજકના ગર્વગંજક છે, ગર્વીજ ભાંગી જાય છે, સત્પુરૂષ સુરક્ષિત રહે છે, ભગવાન આવા અભિનંદનોમાં ઉચિત કરતા રહેશે, ક્ષુદ્રજન સમૃધ્ધ પ્રશંસા ન સહીને બાવરાની પેઠે બકવાસમાં ચઢી જાય છે, તેમને તેવી સ્થિતિમાં ન જવા દેવાની પ્રભુથી પ્રાર્થના કરું છું. તારણહાર પરમપુરૂષોને તો હલકા વિચારીઓ એ દેશ નિકાલ પણ કર્યા હોય છે, તેવા ભારત ભૂમિના અપકવધી વીરોના ઝપાટામાં ન આવવા વિનીતો ને માટે પ્રભુથી પ્રાર્થના છે, કાચા બોર શિયાળના બટકા ન બની જાય, એવા વિષૈલાને વિષૈલી લાળવાળાને આવા અભિનંદનોપથ્ય પડવા પ્રભુથી પ્રાર્થના કરું છું, તેવાઓના બ્રહ્મરન્ધ્રો મહાપાણોની ઝડફમાં ચક્રાવા મારતા મટો

દુર્ઘટનાના ચક્રાવાઓ તેમની સુધનામાં સુખદ થાઓ, ઉદ્દણ્ડ કપટી, ક્રોધી, ઈર્ષ્યાલુ, અભિમાની આટા ટોપી જે કાંઈ નિજેષ્ટ પર પારકાના અનિષ્ટમાંજ યમદૂતોની પેઠે હડીયું કાઢતા હોય છે, તેમનો આત્મા આવા અભિનંદનો વડે દેવદૂત સમાન બનો.

અભિનંદનીય પુરૂષ તો કોઈ પરમપુરૂષમાં જ દેખાય ત્યારે જ તેમને માટે અભિનંદનો પ્રેરાય છે, જેમણે તરીને બીજાને તરવા માટે જીવન ઈશ્વરાર્પણ કરેલાં છે, સંસારીલોક તરફથી થતા માન અપમાનનો પરાભવ સહન કર્યા છે, જીવન સફળતામાં સદાસુચેષ્ટ વરત્યા છે, ત્યાગમાં ભાવનાવાળા છે, વિદ્યામાં જન્માર્પણ કર્યા છે, સ્વજીવન લોકાર્થ અને ઈશ્વરાર્થ કરી રાખ્યાં છે, ગંભીર અનુકૃતિઓમાં કષ્ટ દેખ્યાં છે, જીવન કઠિનાઈઓમાં વિત્યાં છે, સમાજ માટે વિદ્યાપ્રતિભાઓ વાપરી છે, આચાર્ય પણું સમ્પ્રદાયાચાર્ય ધર્માચાર્ય વિદ્યાચાર્ય યથાર્થ છે, મહર્ષિત્વ કવિત્વ ભાષ્યકારત્વ પંડિતત્વ પણ જેમાં યથાર્થ છે તેવા માટે અભિનંદનની નદીઓ સતત વહેતીજ રહેશે, તેમના પ્રત્યભિનંદનો પણ સમાન જ મળતા રહો.

દેવભાષામાં અગણિત અપાર સાહિત્ય, આગમ, નિગમ, બ્રાહ્મણ, ગીતા, સંહિતા સુત્ર, પુરાણ, ઉપપુરાણ, ઈતિહાસ, સ્મૃતિ, ધર્મ, તત્ત્વશાસ્ત્ર, ભૌતિક, ખગોળ, ભૂગોળ આદિ અનેક વિદ્યાઓને દેવ વાણીમાં રચનારા દેવ જ હોય છે, તેઓ દેવસમાન સમ્માન પાત્ર છે. સંસ્કૃતમાં કઠિનતા ગંભીરતા સંસ્કૃતિમયતા દિવ્યાર્થતા સમાયેલ છે, તેના સુરક્ષણ માટે વિદ્યાલય વિદ્વાનોને સહાય, આદિ કરાય છે, આપના અભિનંદનો તેવી સફળતામાં હો, દેવતાઈ સિધ્ધિઓ સત્કર્મ ફળ સિધ્ધિઓ, જ્ઞાન-વિજ્ઞાન સિધ્ધિઓમાં સારા સ્વરૂપોને આપનારા આપના અભિનંદનો હો.

જે કાંઈ છે તેમાં અપ્રતિહત બ્રહ્મચૈતન્ય વિદ્યામાન છે, ચિત-ચૈતન્ય સચ્ચિદાનંદમાં જે કાંઈ છે તેમાં શરીરિઓને આનંદ મળે છે, આનંદધન પરબ્રહ્મ મળે છે, પરબ્રહ્મજ અભિનંદનના આનંદ આપનારા છે. આનંદસ્વરૂપ જ્ઞાતા સ્વપ્રકાશ પ્રકાશધન અતિનંદન ઘન પરમાત્મા જ છે તે સદા આત્મસત્, બ્રહ્મસત્, પરબ્રહ્મસત્ છે, તેના સંબંધે કરી બધું બ્રહ્મસત્ છે, સત્ય છે, દિવ્ય સ્થૂળ સૂક્ષ્મ એક સ્વરૂપ છે તે સ્વોદ્ભાવિત પદાર્થોમાં અવતરે છે, અનુંસ્યૂત રહે છે, તે બૃહત છે, અબૃહત પણ થાય છે, અને આવા સ્વરૂપ નિજ ગુણો વડે અભિનંદનના પાત્ર થાય છે, આપના અભિનંદનો એ પ્રમાણે આનંદધનમાં પહોંચાડનારા થાઓ.

બ્રહ્મપતિ મુક્તપતિ ઈશ્વરપતિ માયાપતિ વ્યૂહપતિ સૃષ્ટિ પતિ પરમાત્મા નિજ વિજ્ઞાનને સ્વાન્વિત આત્માઓમાં પ્રસારીને તેમાં બુધ્ધિ પ્રકાસોને મેલ્યા, તે વડે પોતે જ પ્રકાશિત થવા વિમર્શ વિચાર પાત્ર થયા, વ્યવહારપાત્ર થયા, બુધ્ધિ વિષય થયા, બુધ્ધિના પ્રત્યક્ષ અનુમાન ઉપમાન શબ્દ અર્થાપતિ અનુપલબ્ધિ સંભવ ઐતિહ્ય ચેષ્ટા મૌની જ્ઞાન પ્રમાણમાં પોતેજ પ્રભુ ગ્રાહ્ય થતા ગયા તેમની પ્રેરણાએ વેદશાસ્ત્રાદિમાં બુદ્ધિગમ્યતા પોતામાં જ આવવા લાગી. શાસ્ત્રીય રીતે વાક્યવિદ્યા પ્રમાણવિદ્યા અલંકારવિદ્યા કલાવિદ્યા ઉદ્યોગવિદ્યા સ્વાસ્થ્ય વિદ્યા સમષ્ટિવ્યષ્ટિવિદ્યા અગણિત તત્ત્વસાધન સાધ્ય દ્વારા ફળ ભોગવવા વિગેરેમાં ભગવાનના ભગસ્વરૂપે ઉપલબ્ધ થવા લાગી. આમના અભ્યાસીઓએ પ્રમા અને ભ્રમ એવા બે વિભાગો પાડ્યા, ભ્રમમાં કેવું સ્વરૂપ છે, તે પાછળ ભ્રાંતિયોમાં પણ સત અસત બંને હોયજ તેમાં સાચું શું ખ્યાત થાય છે અને બાકીનું

તજવા લાયક છે, આવા પરોપકાર માટે ત્યાજયને તજાવીને ગ્રાહ્યને ગ્રહણ કરીને મોક્ષમાં જવા માટે યથાર્થ સચ્ચિદાનંદને અભિનંદીને મોક્ષમાં પહોંચવાના ધીવ્યાપાર વિસ્તાર્યા છે. વિદ્વાનોએ, મૃગતૃષ્ણિકા મરૂમરીચિકાના જળમાં મૃગોને જળ જ્ઞાન અયથાર્થ છે તેવું જ જગતજ્ઞાન છે. તે સમજાવવા-

૧. નૈયાયિકોની 'જલ રહિત કિરણોમાં જલ ભાન' - અન્યથા ખ્યાતિ છે.
૨. મીમાંસકોની 'હૃદય સ્ફુરિત સત્ય જલની ત્યાં ખ્યાતિ' - સત્ખ્યાતિ છે.
૩. સ્વામિનારાયણની 'કિરણ, જળ, સ્ફુરિત વૃત્તિ જળ, મળીને' સત્સમુચ્ચય ખ્યાતિ છે.
૪. રામાનુજોની - 'વિરલ જળ હોવાથી સત જળની' - સત્ખ્યાતિ છે.
૫. આયુર્વેદની - 'બધી રસાયન શક્તિઓ સર્વત્ર છે માટે' - સત્ખ્યાતિ જ છે.
૬. પ્રાભાકર મીમાંસકોની - 'બાહેર તે જળ સાચું નથી, ખ્યાપન જ થાય છે' - તે અખ્યાતિ છે.
૭. કુમારિલ ભટ્ટની - 'હાર્દિક જળ મળે છે માટે ત્યાં' - સત્ખ્યાતિ છે.
૮. મુરારિ મિશ્રની - 'વૃત્તિ વિષય આંતરિક જળ ત્યાં છે માટે' - સત્ખ્યાતિ છે.
૯. સાંખ્ય યોગની - મધ્યમ કાર્ય જળ છે સ્થૂલાવસ્થા બરાબર નથી. માટે ત્યાં - સત્કાર્ય ખ્યાતિ પણ અખ્યાતિ છે.
૧૦. યોગશાસ્ત્રની - વિકલ્પવૃત્તિકજળ અસત છે માટે - અસત્ખ્યાતિ છે.
૧૧. ક્ષણિકવિજ્ઞાનવાદી યોગાચારની - 'આંતરજ્ઞપ્તિ જલાત્મક બાહેર આવી તે પોતે આત્મા જ છે માટે ત્યાં' - આત્મખ્યાતિ છે.
૧૨. સૌત્રાંતિક તથા વૈભાષિક બૌદ્ધોની - 'જ્ઞાનાત્મા બાહેર પરિણત થયેલ હોવાથી ત્યાં' - આત્મખ્યાતિ છે.
૧૩. શૂન્યવાદી માધ્યમિકોની - 'બધી વસ્તુ શૂન્યમાં પરિણત છે માટે શૂન્યમ અસત ત્યાં' - અસત્ખ્યાતિ છે.
૧૪. જૈનોની - કોઈ વસ્તુ એક સ્વરૂપ નથી માટે - અનૈકાંતિકતા ખ્યાતિ છે.
૧૫. ચાર્વાકોની - સાક્ષાત દેખાય તે તેવુંજ સત્ય છે, માટે સાક્ષાતખ્યાતિ છે.
૧૬. માધ્વોની - સમાન રૂપ દશ્ય હોવાથી ત્યાં સારૂપ્ય ખ્યાતિ છે.
૧૭. વાલ્લભોની-લીલાનો આભાસ દેખાય છે, ત્યાં - લીળાભાસ ખ્યાતિ છે.
૧૮. નિંબાર્કોની - કિરણ જાળ ભિન્ન છે તો પણ જલમાં અભેદ દર્શન છે માટે - ત્યાં ભેદાડભેદ-ખ્યાતિ, જ્ઞાનાડજ્ઞાન ખ્યાતિ, સત્યાડસત્ય ખ્યાતિ, દૃષ્ટિ સૃષ્ટિ ખ્યાતિ છે.
૧૯. શાંકરોની - કોઈ પ્રકારની વાણી ટકતી નથી માટે ત્યાં અનિર્વયનીય ખ્યાતિ છે.
૨૦. શબ્દ બ્રહ્મવાદીઓની - ત્યાં વ્યાપક શબ્દોના થરોમાં કિરણસમૂહમાં જળનું અવલોકન તત્ત્વશક્તિ વડે થાય છે માટે - 'શક્તિવિવર્તખ્યાતિ' છે.
૨૧. પ્રત્યભિજ્ઞાન વાદીઓની - બીજે દેખેલનો દેખાવ ત્યાં થાય છે માટે - પ્રત્યભિજ્ઞાન ખ્યાતિ છે.
૨૨. પાશુપત શૈવોની - પશુપતિ ઈષ્ટ છે તેને ઈષ્ટ ત્યાં જળ દેખાય છે, તેની રચના તે જળ દેખાય છે, માટે રચના વિષયતા ખ્યાતિ છે.

૨૩. સિદ્ધાંતી શૈવોની - કિરણાધિષ્ઠાન વિરૂપ દેખાય છે, માટે - વૈરૂપ્ય ખ્યાતિ છે.
૨૪. લાકુલીશ શૈવોની - ચાકચક્ય ચળકાટ ભિન્ન ભિન્ન છે, તે અભિન્ન ભાસે છે, 'ભિન્નાઽભિન્ન ચાકચક્ય ખ્યાતિ છે.'
૨૫. વિશિષ્ટા દ્વૈતી શૈવોની - બે દ્રવ્યના સંબંધો ચળકે છે, માટે સંસૃષ્ટ ખ્યાતિ છે.
૨૬. વીર શૈવોની - જલ સ્ફુરણા કિરણ સ્ફુરણામાં મળી જવાથી - સ્ફૂર્તિ વૈવર્ત્યખ્યાતિ છે.
૨૭. નન્દિકેશ શૈવોની - શિવાત્મા તે સ્વરૂપે દેખાય છે માટે આભાસવૃત્ત્યાત્મખ્યાતિ છે.
૨૮. રસેશ્વર શૈવોની - સિધ્ધમાં અસિદ્ધ ઉપજેલ છે માટે - સિદ્ધયસિદ્ધિ ખ્યાતિ છે.
૨૯. રસેશ્વર શૈવોની - નેત્રસંયુક્ત કિરણક્રમ તે જળ વિકલ્પ ક્રમમાં ભળે છે માટે ત્યાં-ક્રમવૈકલ્પિકી ખ્યાતિ છે.
૩૦. કૌલશૈવોની-બાધાના કુલબ્રહ્મ શિવજી ત્યાં લીળારૂપમાં છે માટે ત્યાં કુળલીલા ખ્યાતિ છે.
૩૧. ઐન્દ્રજાલિકોની-તે દૈવી કિરણ શક્તિજન્ય દશ્યમાત્ર જળ છે માટે ત્યાં સર્વત્ર-'માંત્રિક શક્તિ ખ્યાતિ' છે
૩૨. પરમસર્વજ્ઞોની-જે કાંઈ દશ્ય બન્યુ તે સત્ સ્વરૂપજ છે, ત્યાં સત્જળ ઉછળે છે, તેની-સત્યતાદાત્મ્ય ખ્યાતિ છે,
૩૩. ગંગેશોપાધ્યાયની - નવા ધર્મો ઉપજે છે માટે તે દ્રવ્યમાં ધર્માન્તર આવી જવાથી અભિનવ ધર્માત્મક ભ્રમખ્યાતિ છે,
૩૪. બધાંને માટે જ્ઞાનવૃત્તિ ખ્યાતિ અવ્યભિચરિત છે.

આ જગત પણ નિત્યજ્ઞાનમાં ભાસે છે માટે જ્ઞાનવૃત્તિ ખ્યાતિ બરાબર છે જ્ઞાનમય જ્ઞાનાશ્રય જ્ઞાનરૂપ જ્ઞાતા સર્વજ્ઞાતા પરમેશ્વરને જગન્મય જુઓ, તેને અભિનંદન આપો, આપણાં પ્રત્યભિનંદન પણ આ પ્રમાણેજ હો તે પરમેશ્વરાર્પિત થાઓ આખ્યાપનો જગતમાં દ્રષ્ટાઓનાં છે, પણ જ્યાં અજગત છે મોક્ષ સ્થિતિ છે ત્યાંના ખ્યાન આવા ન હોય, પણ હોય તો નિત્ય સત્સ્વરૂપ જ હોય, માટે પ્રમાખ્યાતિ દ્વારા શાસ્ત્ર પણ રચાયાં તેને અભિનંદનીયપણું તે સત્ય પ્રમાત્મક છે, તેવા ધન્ય ભાગી આપે એમને વર્ણવ્યા છે, મારા પ્રત્યભિનંદન પણ સત્ય પ્રમાત્મકજ હો, પરબ્રહ્મ પ્રાપ્ત્યાત્મક જ થાઓ. બધાને પરબ્રહ્મ પ્રાપ્ત કરાવો. લોમશ ક્ષેત્રમાં આવા વિદ્યાલયો થાઓ, સૌરાષ્ટ્રનગરી વિશાલતાને પામો, જગતને અસાર બતાવનારી થાઓ, બ્રહ્મલોકને સત્ય દર્શાવનારી થાઓ, આત્મતત્ત્વના રસ આપનારી થાઓ, બ્રહ્મપાત્રતા મોક્ષસંચાર બ્રહ્મમાધુર્ય આપો, જગતમાંથી ઉડ્ડયન કરાવીને પ્રકાશધન આનંદઘન પાસે પહોંચાડનારી થાઓ, અભિનંદનો પ્રભુના સહયોગી બનાવનારા થાઓ, પૂર્ણતા આપનારા થાઓ.'

'શાસ્ત્રોમાં સંબંધ, વિષય, પ્રયોજન, અધિકારી, એવા ઔચિત્ય ઉપર ધ્યાન અપાય છે, વ્યક્તિનું વિષયોનું, વાચ્ય અર્થોનું, દેશ પ્રણાલીનું અવસરનું, ફલોનું, સમાજનું, પ્રશસ્તિઓનું, સિલસિલાનું ઔચિત્ય જો વ્યક્તિમાં હોય તો તેમના યોગે અભિનંદનીયતા થાય છે, અભિનંદનો અપાય છે, ત્યાં નિર્દોષતા સ્વાભાવિક જ હોય છે, તેથી દિગંત યશસ્વી પુરૂષ પ્રગટ થયા કરે છે, તે અભિનંદનો પ્રાગવસ્થા સ્વરૂપે પરમ પુરૂષાર્થ સમાન થઈ જાય છે, તે વડે પરમ પુરૂષો પ્રગટ્યા

કરો, એવા પ્રત્યભિનંદન પણ હો.'

અભિનંદન ગ્રંથ તમામ વિદ્યાઓનો ઉદ્‌બોધક છે, તેમાં અનેક વિષય વિદ્વાનો દ્વારા પ્રસ્તુત હોય છે, અનેક સદ્‌ગુણ પ્રશંસિત હોય છે, ભાવી અનેક વિકાસોના આશીર્વાદો પણ હોય છે, અનેક પ્રકારની ઉન્નતિ, તપ, વ્રત ઉપર પ્રશંસાઓ હોય છે, ભાવી મહાઐશ્વર્યશાળીઓના સૂચન પણ હોય છે, કષ્ટવાળી જીવની પણ વર્ણિત હોય છે, વિવિધ સંયમ ઐશ્વર્ય સામર્થ્ય પ્રભાવ પ્રતાપ ચમત્કાર કાર્યો પણ વર્ણવેલા હોય છે, નવા આવિષ્કારો પણ હોય છે, નરમાંથી નારાયણ બનાવાય છે, અંશ આવેશ કલા વિભૂતિ દેવ આદિના અભિષેક પણ અર્પિત કરાએલા હોય છે, કોઈ કોઈ સૂક્ષ્મ વિષય બ્રહ્મ સ્થિતિ સુધી પહોંચાડે છે, રૂપક રચનાઓ હોય છે, અલૌકિક માનસ કલ્પ્ય નૈસર્ગિક અનુભવ તથા પ્રાતિભપ્રેરણા દ્વારા વિદ્વાન જનની મૂલ્યાંકના તો અભિનંદનો વડે પ્રકાશિત થાય છે. પ્રશસ્તિઓ કોઈ પણ પ્રકારે મનુષ્યને દેવતાઈ બનાવી દે છે, દૈવી ગુણ ગણ શોભિત યતિમુનિ વિપ્ર વિદ્વાન ઈશ્વરથી સીઢીમાં ચઢતા થઈ જાય છે, ઈશ્વર ચરણમાં પહોંચે છે, અભિનંદન પરિકર્મ કરાવે છે પતિત પાવન એવા પ્રભુના પ્રતીકમાં સ્થાપે છે, એવા આ અભિનંદન જન્મ સિદ્ધ યોગિઓને બ્રહ્માનિકટ પહોંચાડનારા થાઓ.

ચાર વેદ, છ અંગ-શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરૂક્ત, છંદ, જ્યોતિષ, તથા આન્વીક્ષિકી ન્યાયવિદ્યા, મીમાંસા-વાક્યવિદ્યા, સ્મૃતિ ધર્મ વિદ્યા, પુરાણ ઐતિહાસિક વિદ્યા, આ ચઉદ વિદ્યાઓ ત્રિલોકીમાં વ્યાપ્ત છે, ગદ્ય પદ્યમાં ગ્રથિત છે, ક્વન, ગાયન, આદેશન આદિ તે ચૌદમાં જ છે, વાર્તાજીવિકા સ્મૃતિઓમાં છે, અર્થ શાસ્ત્ર ઉપાર્જન છે, ભૂસ્તર ખગોળ ભૂગોળ રસાયન ગણિત ફળ નિયમ સ્વભાવ કલા અલંકાર પણ ચૌદમાં જ છે, એકકાર્યકારિત્વ, અંગાંગિ, ઉપોદઘાત, પ્રસંગ, અવસર, હેતુતા, ઈષ્ટતા, આદિસંગતિઓ વડે વિદ્યાઓ સંકલિત કરાય છે, શરીરમાં યોગશાસ્ત્ર લાગું પડે છે, શરીરના વિભાગો આયુર્વેદ વિદ્યામાં વર્ણવાય છે, વૈદ્ય, વિદ્યા તો માણસે માણસે ઓછા વત્તા હોય છે, આ બધા અભિનંદનપાત્ર છે.

સૃષ્ટિના ગૂઢ તત્ત્વો નૈસર્ગિક પારિશ્રમિક પ્રોદ્‌ભાવિક સંકલ્પિત સુંદરતા ગ્રાહ્યતા ઈષ્ટતા ઉપયોગિતા આદિ પણ અભિનંદનીય હોય છે, ગદ્યનો જ્ઞાતા ખરા તાનમાં આવે ત્યારે ક્યાંક ક્યાંક પદ્યમાં ઉતરે છે, ચૈષ્ટિક આલંકારિક શ્રાંગારિક સૌરતિક તત્વો પણ ચિત્ ચૈતન્યની પ્રતિભાધીમાં વિશ્રમિત કરાતાં જાય છે, તે વ્યક્તિના વ્યક્તિત્વરૂપ બને છે, ત્યાં અભિનંદન સ્થાન લ્યે છે, દ્રષ્ટા શ્રોતા મંતાઓને તેવા વ્યક્તિત્વનું સૂચન અભિનંદનો આપે છે, વ્યંજના વડે નિર્ગલિત થયેલા અભિનંદનો વ્યક્તિત્વમાં સહાયક થાઓ.

સંસ્કૃત વાણીમાં તો પૂર્વ પક્ષ ઉત્તરપક્ષ સંશય નિર્ણય આદિક અભિનંદનો વડે ભર્યા છે, તે વડે ખુશી થવાય છે દેવતાઈ પણું સમઝાય છે તારણહાર થવાય છે આતિવાહિક દેવતાઓ થવાય છે, અભિનંદનોનો આવો પ્રભાવ છે, શાસ્ત્રોમાં લાલિત્ય તો હોય જ, વ્યક્તિનું લાલિત્ય અભિનંદનો વડે ખીલે છે, પૂજનીયતામાં પહોંચાડે છે, વિદ્યાઓનું સૌંદર્ય અભિનંદન છે, અભિનંદનનું સૌંદર્ય દૈવી ચમત્કારોમાં છે, ચમત્કારોનું સૌંદર્ય બ્રહ્મદશામાં છે, બ્રહ્મ દશાનું સૌંદર્ય મોક્ષમાં વિરામ લે છે, બધા માટે આવા અભિનંદનો થાઓ. અભિનંદનોના આનંદ વ્યક્તિમાં પ્યારથી ઉભરાય છે.

પ્યાર વિના તો અયોગ્યતાની સ્વમહત્તાની અન્યગૌરવની નિજબુધ્ધિમત્તાની ઉત્કર્ષ-અસહનતાની અદેખાઈની વિતંડાની અપહર્ષ હેતુઓની વિપરીતવાણીની અવનતિની આડંબરની હીનતાની હલકાપાત્રપણાની કપટની અન્યાશ્રિત સામર્થ્યની ધન બદલે કાર્યસાધકતાની પાંડિત્ય શૂન્યતાની વ્યક્તિત્વ હાનિની અન્ય દુર્ગુણોની સ્વ-આધિક્યની અન્ય સ્થાનની નાટક ભજવવાની પ્રતારક ધર્મધ્વજની વ્રતહીનતાની વિવિધતુચ્છતાની અનભિમતોપ સ્થાપનની અશ્લીલજલ્પનની વાંસે પડવાની ઉતારી પાડવાની માગ દેવરાવવાની યશોખંડનની લોકાપવાદની અપાંક્તેયની અસત્પુરૂષતાની આડંબરની અસુરતાની તિરસ્કૃતિયોની કલ્પનાઓ ઉપજે અને અભિનંદ્યપાત્રની હીનતા કરવામાં તાન લગાવે, આવાને પ્રભુ સદ્બુધ્ધિ આપે એવી પ્રાર્થના છે.

પ્રત્યભિનિંદક લોકોદ્વારા અભિનંદનોની કિમ્મત વધે છે, અભિનંદનીય વ્યક્તિની સુવાસ ફેલાય છે, ફળમાં અમૃતસુન્દરતા પ્રસરે છે, વિષૈલી કટુપતા તો નિંદકને ખોળીને તેમાં વસે છે, સ્વાભાવિક મણિતો મણિજ રહેશે 'અજાપાલતો તેને કંકર સમઝી ફેંકી દેશે, તેના ભાગ્યમાં મણિ નથી જ ગલીગલીમાં એવા આથડતા હોય છે. રાજચંપાઓના અમરફલના બગીચાઓમાં અભિનંદનીય પુરૂષ મળશે, તેઓ સુવાસ વડે સુરભિ પ્રેમીઓને પોતા તરફ ખેંચશે, સુરભિપ્રેમી સ્નેહદોરી વડે ત્યાં આકૃષ્ટ રહેશે જ, સર્વજ્ઞોની ચઢતી છે, અને ઈર્ષ્યુકોની પડતી જ છે, ગમે ત્યાં રખડે પણ ઉકરડામાં જ છે, તે બગીચાલાયક થાય એવી પ્રભુ પાસે પ્રાર્થના છે.

પાંડિત્યમાં સ્નેહ ઉપજે છે, પાંડિત્ય હૃદયંગમ હોય છે, તે ખરીદાતું નથી, કેટલાક ઉછીનું લેવા જાય છે, પણ જન્મૌષધિ મંત્ર તપ સમાધિ જન્યા સિદ્ધિયો, તથા ઉહઃ શબ્દઃ અધ્યયનમ, દુઃખવિઘાત, સુહત્પ્રાપ્તિ, દાન, એતો પૂર્વપુણ્યદ્વારા પ્રભુપ્રસન્નતા દ્વારા સત્પુરૂષોના આશીર્વાદ દ્વારા, ગુરૂઓની કૃપા દ્વારા મળે છે, તેને વિરોધી તો અન્યથાસિધ્ધ ગણાય છે, તે નિરયીજ રહે છે, ઉત્કરના જીવ ઉત્કરમાં મહોત્સવ માને છે, વલ્કલવાળા રૂષિ પ્રાતિભ સાર્વજ્ઞ્ય વડે યોગમાં સામર્થ્યમાં મનોજ્ઞજ થાય છે, આદરણીય પૂજનીય પ્રાતઃ સ્મરણીય આતિવાહિક દેવતા થાય છે બ્રહ્મલોકમાં પહોંચાડનારા થાય છે, તેમના પ્રતિ આસુર માણસ બળતણ જેવો કોલસા જેવો ખિન્ન રહે છે, તેમાં પ્રતિભા તો ઉપજે બળે છે, પ્રાતિભ શક્તિઓના અંકુરોજ બળી જાય છે, તેવા ને ન બળે ન સડે ન મરે, અભિનંદન પાત્ર થાય એવી પ્રાર્થના પરમેશ્વર પાસે ઈચ્છીએ છીએ.

જંજાળી લોક નિજ કુબુદ્ધિ વડે વિજ્ઞાનીઓની આંખોમાં ધુડ્ય ફેંકે અને પોતાના સ્વાર્થ સાધવા દોડે છે, તે તેવાજ પરીક્ષિત થાય છે જ, વિજ્ઞાની સહન કરે છે, અજ્ઞાની ગર્વ કરે છે, બબડવાથી સિદ્ધિ નથી થતી, ઘર્ષણ વ્યય આત્મર્પણથી સિધ્ધિ થાય છે, અભિનંદન બધી સિદ્ધિઓ આપે છે, પણ અભાગિયાને ન આપે, અભાગિયાની લક્ષ્મી વિંછી થઈને ભાગે છે, સુભાગિયાને નાળીયેરની પેઠે આવે છે, દુર્ભાગિયાને પ્રભુ સુભાગિયા બનાવે એવી પ્રાર્થના છે, અભિનંદનોનો મધુર આસ્વાદ આત્મામાં છે ત્યાં આનંદની લહેરો ઉછળે છે, તેમાં આનંદઘન બ્રહ્મના આસ્વાદન સતત થાય છે, સ્વપ્રકાશાનંદ ચિદ્ઘનથરોમાં આત્માસાર્વભૌમ સુખ સાગરમાં હીંચકે છે, અલૌકિક દિવ્ય સાક્ષાત્કારનો વિષય થાય છે, બ્રહ્મની અલૌકિક રમણીયતા ઓતપ્રોત

મળી જાય છે, અસીમિત ઐશ્વર્ય ચમત્કાર આવી જાય છે, માનવભાવનાઓ અભિનંદનો દ્વારા પ્રગટ સ્વરૂપ લેવા લાગે છે, બધું સ્વરૂપ પ્રીતી સ્નેહ પ્રેમ રતિ ઉલ્લાસઆનંદ સુખ ઉત્સવ ભરેલું બને છે, વિશિષ્ટ વ્યક્તિઓ તરફથી ઉદ્ભવતા અભિનન્દનોમાં બ્રહ્માનંદાસ્વાદ મળે જ છે, જે ક્યારેય નથી ભૂલાતો, નિજમાં પ્રત્યક્ષાનંદ છે તે બીજામાં પણ સમાન છે, બ્રહ્મ સંબંધ વડે તે પણ અનુભવાય છે, ઐક્ય ભાવ વડે બ્રહ્માનંદાનંદ આવે છે, પોતાની ચેતનામાં છલકતો થઈ જાય છે, તે બધાંને પરબ્રહ્મના મહાનંદાસ્વાદ રૂપે મળે છે, મુક્તિ અવસ્થામાં તો મળે જ છે, પણ જીવન્મુક્તિમાં અંશ પણ મળી જાય પરબ્રહ્માનંદની યોગ્યતા આવી જ જાય, આત્મસાક્ષાત્કાર સુરૂપ આત્મોપલબ્ધિ નિજમાં કર્મ જ્ઞાન ભક્તિને પિંડ બનાવીને પ્રકટતા લે છે, આવી ઉપલબ્ધિ ગ્રાહ્ય સ્વરૂપમાં પ્રાકટ્ય રૂપમાં છે, પ્રગટાભિન્ન છે, આસ્વાદાભિન્ન થાય છે, ત્યારે અભિનંદનોના આસ્વાદન 'સઃ અશ્નુતે સર્વાન્ કામાન્ સહબ્રહ્મણા વિપશ્ચિતા' એવો સત્ય રીતે થાય છે. આવી આનંદિત ચૈતન્યોપલબ્ધિ તમોને સર્વને પ્રત્યભિનંદન દ્વારા મળો એવી ભગવાનને મારી પ્રાર્થના છે.

તત્ત્વજ્ઞાનાપરોક્ષાભૂતિ આત્માની આનંદભરેલી ચેતના શક્તિ જ્યારે પૂર્ણ સ્વરૂપમાં યુવતી થઈ જાય છે ત્યારે પાંડિત્ય તેના ઘરેણાં થઈ જાય છે અભિનંદનો તેના પ્રશસ્ત સેવકો બને છે, વ્યક્તિઓના પ્રવાહ એના અભિજન થઈ જાય છે, તેનું સામ્રાજ્ય બ્રહ્મદશામાં સુરક્ષિત બની જાય છે, આવુ અપરોક્ષાનુભવાનંદ સ્વરૂપ આપને મળો, દુઃખોની હાજરીથી આનંદની તમન્ના ઉપડે છે, પ્રીતિવૃદ્ધિમાં કારણ થાય છે, અભિનંદનો મળવા વડે દુઃખો લીન થાય છે, આનંદમાં પરિણમે છે, આવા આનંદાનુભવ કરતા રહો. વૈષ્ણવશૈવ બૌધ્ધ જૈનો શાક્ત આદિ સર્વે બ્રહ્મપ્રીતિ સ્વરૂપમાં ગોતા લગાવતા થાય અને નિર્વાણતા મેળવે ત્યાં બ્રહ્માનંદરસ મેળવે છે, ત્યાં સુધી કે જે-નિજાત્મામાંથી છલકાઈને વહેવા લાગે છે, ત્યારે સર્વ મહાનંદાસ્વાદ થાય છે, મુક્તિ અવસ્થામાં આવી સ્થિતિ છે, જીવન્મુક્તિમાં તો તેનો અંશ મળી જાય ત્યારપછી અભિનંદનાત્મક અંગોનો અંગી આનંદઘન પરમપુરૂષ આત્મ પ્રવિષ્ટ છે તે નિર્વાણપદના આનંદને વરસાવે છે તે મુક્તિ સુખ જીવતાને પણ મળે જ છે.

આમ આ અભિનંદનો અખંડિત પારિતોષિકરૂપે મહાતૃપ્તિપદ થાઓ, પહેલા માનવને શ્રવણાનંદ પછી માનસાનંદ બૌદ્ધિકાનન્દ ચિચ્ચૈતન્યાનંદ અન્તમાં બ્રહ્માનંદ પછી પરબ્રહ્માનંદ, તેમાં અભિનંદનો પરિપકવાવસ્થાને પામો, બધા આનંદોની ટોચ અભિનંદનાનંદ છે, શારીરાનંદ સ્મૃધ્ધ્યાનન્દ સાધનાનંદ પરિકરાનંદ સત્તાધિકારતાનંદ વિજ્ઞાનાનંદ અનવલમ્બિત સ્વાતન્ત્ર્યાનદ દિવ્યાનંદ ભોગ્યાનંદ બધા છે તો આનંદજ, પણ પ્રશંસાનંદ અભિનંદનાનંદ તુરતજ શેરલોહી ચઢાવી દે છે, મરણ પથારીમાં પણ અભિનંદનાનંદ મળે તો બે ચાર દિવસ વધારે જીવાય ખરું, આમ અભિનંદનાનંદ જીવન દોરી પણ થતો રહો.

નારાયણ, વિષ્ણુ, શિવ આદિની શક્તિઓ તે આનંદકલાઓ છે, રાધાજી કૃષ્ણકલા આનંદમૂર્તિ છે, બંસી આનંદ ચુમ્બનલહરી છે, પ્રકૃતિઓ આનંદની લહેરો છે, વાહવાહ રૂપક્ષેત્ર ભૂમિઓ છે, વિદ્યાઓ આનંદાબ્ધિઓ છે, નંદનંદન આનંદ અભિનંદન પ્રત્યભિનંદન

આ અવસ્થાઓ ક્રમવડે શુદ્ધિ ચૈતન્ય બ્રહ્મસત્તામાં અને પરબ્રહ્મના શરણમાં વસવાટ પામે છે, તે સ્તુતિરૂપ થાય છે, સામરૂપ થાય છે મુક્તતા ને ભોગવે છે ગુણ ઐશ્વર્ય શક્તિઓ સામસ્તોત્ર મુક્તરૂપે આતિવાહિક થઈ તમારી સંભાળ લેનાર થાઓ.

અભિનંદનોમાં બ્રહ્મચૈતન્ય આત્મચૈતન્ય ચિત્ ચૈતન્ય આપણને મળે છે, તેથી અપવર્ગાનંદ આપનાર છે, પરમાત્મા સ્વયં કવિ છે, દાર્શનિક જ્ઞાની છે, તત્ત્વવેત્તા સર્વજ્ઞ છે, તેની શક્તિ બ્રહ્મ છે તે જગત્સૃષ્ટિના આનંદપ્રદ છે, આનંદ સાથે બધા ઉપજે છે રહે છે, લીનતાને પામે છે, આનંદોલ્લાસ માટે વેદ, દેવતા, આચાર્ય, વિપ્રો દ્વારા અભિનંદન કરાય છે, જ્યાં આનંદ છે, તેવા રસવાળા વ્યવહારો આશ્રમો જોડલાંઓ અભિનંદિત કરાય છે, અહીંના આનંદ, કામાનંદ, જ્ઞાનાનંદ, બ્રહ્માનંદ એકમેક જ છે, માટે અદ્વૈતાનંદમાં પર્યવસાન કરાયા હોય છે, સર્વત્ર સર્વદા ઉપસ્થિત આનંદવાળા વેદ શાસ્ત્ર ધર્મ મઠ સમ્પ્રદાય પરંપરારૂપે અદ્વૈત પરમેશ્વર છંદ કાવ્ય અલંકાર તત્ત્વવિચાર વિજ્ઞાનાનંદને વરસાવે છે તે પ્રમાણે અભિનંદનાનંદ સદા જીવિત જ છે.

ઋષિ પિતૃદેવ માનવ પશુ પક્ષી કીટ બાળવૃધ્ધ આદિકને વખાણનો આનંદ ઓપ ચઢાવતો જાય છે, ગીતિકા ગવાય છે, ગ્રંથો લખાયછે વિદ્યાઓ ભણાય છે કલાઓ શીખાય છે ઈતિહાસો યાદ રખાય છે કથા વ્યાખ્યાનો સંભળાવાય છે આ બધામાં અભિનન્દનો શિક્ષાપ્રદ હોયજ છે, લાભમાં છલકી ન જવાય, વિજયમાં ગર્વી ન થવાય, શક્તિમાં અવિનીત ન થવાય ગુણ ગૌરવમાં અભિમાની ન થઈ જવાય, એવું અભિનંદન વડે રહેવાય છે, શોક્તિ ન થવાય ફુલણજી ન થવાય દીનદરિદ્ર ન થવાય, અને મેધાવાન્ પ્રજ્ઞાવાન થવાય સ્મૃતિમાન્ રહેવાય, એ અભિનંદનો ના ફળ છે, સત્પાત્રને તે મળતા રહો.

સંસ્કૃતને મૃતભાષા નિષ્ફળભાષા કહેનારા પણ આ યુગમાં ધનપ્રદભાષા સંસ્કૃત થવા લાગી તેથી સંસ્કૃત માટે તેઓ મરી ફિટવા લાગ્યા છે, વિશ્વના વિદ્યાલયોમાં સંસ્કૃતના સ્થાન નિયુક્ત કરાયા છે, તત્ત્વજ્ઞાની પણ સંસ્કૃત અંગ્રેજી હિન્દી અને દેશી ભાષાજ્ઞો સંસ્કૃતમાં અભિનંદન ઉપાધિ મળે તો આનંદિત થઈ જાય છે, વિદેશીઓ પણ સંસ્કૃતને અભિનંદિત કરે છે, બધાં અભિનંદનો સંસ્કૃત સહિત હોય તો અત્યુત્કૃષ્ટ શોભાસ્પદ થાય છે, એમ.એ., પીએચ. ડી., ડી.ફિલ, ડી.લિટ. થવામાં પણ મારું જીવન તો મેં સંસ્કૃતમાં જ સમર્પિત કરેલ છે, જ્યારે જુનાગઢ બાવદીન કોલેજમાં મુંબઈ યુનિવર્સિટીમાં મેટ્રીક પસાર કરી ત્યારથી તેમાં કામ ચલાઉ વ્યવહાર રાખ્યો. સંસ્કૃતમાં જ ઓતપ્રોત શરીર, ઈન્દ્રિય, અન્તઃકરણ, સંસ્કૃતના કણોમાં પિંડિત થઈ ગયેલ છે. કાશીમાં એમ.એ. સુધીમાં પણ સંસ્કૃત જ સુમૂર્ત હતું મને ગુરૂજનોની સેવાફળી, સરસ્વતી માતાની આશિષો ફળી, આપના અભિનંદનો મળ્યા મારા બધાં પુરૂષાર્થો સિદ્ધ સફળ થયા, આપને પણ એવી રીતે પ્રત્યભિનંદન ફળીભૂત થાઓ.

મેં ભોંસલે સરકારના ઈંદોરમાં સરકારી મહાવિદ્યાલયોમાં એક માસ પ્રિન્સિપાલ પદ લીધું, મહામહોપાધ્યાય શ્રીપાદ શાસ્ત્રીજી વિદ્યમાન હતા, શિવનાથ ઝારખંડીજીએ મને ત્યાં નિયુક્ત કરેલ, મહામહોપાધ્યાય ગોપીનાથ કવિરાજે તે અનુમતિ આપી હતી, પણ મને પરાધીનતામાં અસંતોષ દેખાણો તેથી તે પદ તજી કાશીજીમાં પ્રિન્સિપાલ મંગલદેવ શાસ્ત્રીજી દ્વારા શિક્ષણવિભાગ

સમિતિમાં પરીક્ષા વિભાગમાં પણ નિયુક્ત થએલ, થોડા સમય બાદ સ્વદેશ સંપ્રદાયના આકર્ષણોથી જૂનાગઢ આવી જામનગર મંદિરમાં મહાંતપદે રહી વીશવર્ષ વ્યતીત કર્યા, વાર્તા સંહિતા વગેરે ગ્રંથો લખ્યાં.' રાજકોટમાં બે વર્ષમાં શ્રીલક્ષ્મીનારાયણ દેવનું -મંદિર પૂર્ણ કરીને પ્રતિષ્ઠા કરી. જામનગર મેલ્યા પછી બ્રહ્મરસાયન- ભાષ્ય સત્સંગભાષ્ય તત્ત્વમુક્તાકલાપ કિરણાવલી શ્વેતાયન સ્મૃતિ આદિ લખાણાં, તેમના અભિનંદનો જૂનાગઢમાં વિશ્વમાંથી મળવા લાગ્યા. આ બધાં શ્રૃંગારમય પણ ભગવાનમાં સમર્પિત એવા અભિનંદનો ભગવાનમાં સમર્પિત કરૂ છું.

બધી વૃત્તિઓમાં ચાક્ષુષવૃત્તિ બિંબોને લે છે અને પ્રતિબિંબ સરજે છે, તેવી ધારણા પછી ધ્યાન પછી સમાધિ મેળવાય, નાસાગ્રદૃષ્ટિ પછી આંતત્ત્વૃતિ પછી પ્રાતિભજ્ઞાન આત્મપ્રકાશ ખટચક્રતેજદર્શન.

વૈષ્ણવોમાં– સગુણ સાકાર સધર્મા ભગવાન પાસે સેવામાં મુક્તિ માની છે.

શૈવોમાં– સગુણ સાકાર સધર્મા ભગવાન શિવજી પાસે જવું મુક્તિ માની છે.

બ્રહ્મવાદિઓમાં– નિરાકાર નિર્ગુણ નિર્ધર્મક બ્રહ્માં મળી જવું મુક્તિ માની છે.

શાક્તોમાં– સગુણ સાકાર સધર્મા દિવ્ય શક્તિ માતામાં લયને મુક્તિ માની છે.

કબીરમાં– છ ચક્ર વિંધો, કુંડલિની જાગ્રતી કરો, સુષુમ્ના દ્વારા આગળ વધો, ગુરૂ બ્રહ્મના સહાશવડે પરબ્રહ્મમાં અર્પિત થાઓ, પહેલા અનિરાકાર થાઓ પછી અસાકારમાં મળી જાઓ મુક્તિ છે.

ગુરૂનાનકમાં– નિર્ગુણ નિરાકારના રૂપમાં ગુરૂની આજ્ઞા વડે પહોંચો આંહી ગુરૂધર્મ રક્ષામાં રહો, તે મુક્તિસાધન છે, મહામુક્તિતે મહા સ્વર્ગ છે, નિર્ગુણ નિરાકારમાં પહોંચો તે મુક્તિ છે.

રાધા સ્વામીમાં– છ ચક્રો પછી ત્રિકુટી હંસમુખીથી આગળ વધો, બ્રહ્માંડોની સીમા તજો, મહાશૂન્યના મેદાનમાં જાઓ, ભંવર ગુફામાં સોડહં સોહં પુરૂષને પકડો, તેથી ઉપર સચ્ચાલોકમાં અનામી અલખ અગમ, પુરૂષને સહારે રાધાસ્વામીના ધામમાં બ્રહ્મલોકમાં પહોંચો, તે મુક્તિ છે.

ગુરૂ ધ્યાન વડે પરમગુરૂ પરમાત્માને પામશો, ગુરૂભક્તિ અવતાર ઉપાસના પરમાત્મ પ્રાપ્તિ માટે કરો, પારસમણિના સ્પર્શ વડે લોહ સોનું થાય પારસ ન થાય, પ્રદીપથી અન્ય દેખાય પ્રદીપન થવાય, ચન્દન વડે સુગન્ધ મળે ચંદન ન થવાય, ચિન્તામણિ કલ્પવૃક્ષનો સ્વ સંકલ્પવાળાને સ્વરૂપ બનાવે છે તેવી રીતે સત્ગુરૂના સત્સંગવડે બ્રહ્મ થવાય છે.

પ્રણામીમાં– પરમધામનું પ્રતિબિમ્બ અક્ષરધામમાં, તેનું પ્રતિબિમ્બ ચિદાભાસમાં, તેનું પ્રતિબિમ્બ કેવલ બ્રહ્મ શબળબ્રહ્મ તથા વૈરાજ સૃષ્ટિમાં પડે છે, શ્રીરાજજી પરબ્રહ્મની બધી લીળાઓ તથા સુરતાઓ તેમાં આવી છે, તેના તારતમ્ય જ્ઞાનમંત્ર વડે તે પરમાત્મામાં મળવું ઉત્તમ મુક્તિ છે, અક્ષરમાં તો બધા જાય છે આવી મુક્તિયો છે.

જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ તો તમામમાં સ્વીકૃત છે જ, શક્તિઓ મધુર રસ ઉપાસના ભક્તિ જ્ઞાન કર્મ તમામને ત્યાં છે, શૈવોમાં શિવશક્તિ દ્વારા સંસારમાં પરાવિદ્યા નિત્યાનંદ સ્વરૂપાચિન્મયી શિવા ચેતનામાં તન્મય ભાવના વડે શિવસ્વરૂપમાં પહોંચાય તેવું બ્રહ્મમાં પણ પહોંચાય, પાંચ શિવના પ્રકારો ભિન્ન શક્તિઓના પ્રકારો હોય તો પણ બ્રહ્મસૂત્ર ઉપનિષદ

આગમ વિગેરે મહાવિદ્યાઓના આદેશો બ્રહ્મદશા પમાય એવા છે, આપના અભિનંદનો પણ એવી બ્રહ્મ દશામાં પહોંચાડનારા થાઓ, સ્વર્ગોમાં પણ બધા ઋષિ, મહર્ષિ, પિતૃઓ, ઈશ્વરો, પરમેશ્વર ક્રમ મુક્તિ આપે એવા પ્રત્યભિનંદનો થાઓ.'

આસામીઓં – બાવાએ સત્યલોક સુધીની કોટિયો ચઢાવી તેથી પાર ઓ બ્રહ્મના ધામમાં ચક્રો વિંધીને જવાય.'

શુદ્ધાદ્વૈતમાં – અનુગ્રહ માર્ગ વડે બધા જીવ તરી જાય છે, અનુગ્રહની સમીપેથી કાલકર્મ સ્વભાવ માયા હઠી જાય છે, ભગવાનના પ્રવેશ વડે બધાંને પોષણ મળે છે, મર્યાદા પણ પ્રેમ પાંસેથી હઠી જાય છે, ભગવાન સ્વયં સાધન સાધ્ય બને છે, કામનાઓ ઉડી જાય છે, તે ભક્તને આંહીજ ગોલોક બ્રહ્મલોક બ્રહ્માનંદ છે.'

કેવલ કર્મવાદ પણ – નૈષ્કર્મમાં દોડે છે, પ્રજ્ઞા પારમિતાના પહોંચવા માટે નિષ્કર્મ થવા બંધ તોડવા યત્ન કરવો ગુરૂની તન, મન, ધન, વડે સેવા તે પણ કૃપા આશીર્વાદો ભવકર્માદિ મટાડે છે, નરક પ્રેત તિર્યગાદિ મટાડે છે, બંધન મટાડે છે, વિમળવિજ્ઞાનોદયમાં, અનુગ્રહાદિમાં આ અભિનંદનો ફળીભૂત થાઓ.'

અભિનંદનો મર્યાદા પળાવે છે, રામચન્દ્રજીની પેઠે મર્યાદા પળાવે છે, વામનજીની પેઠે જીવઈશ્વર બ્રહ્મલોક સુધી કદમ ભરાવે છે, શ્રીકૃષ્ણની પેઠે લક્ષ્મીપ્રદ શરણપ્રદ દુઃખહારક થાય છે, વિજય આપે છે, મિત્રતા કરાવે છે, મહત્તા અપાવે છે, દૈવિપ્રેમ અપાવે છે, ઉત્તરાધિકારિતા દે છે, શ્રીરામચન્દ્રજીના આદેશ સતીયોનાં પાતિવ્રત્યમાં છે, શ્રીકૃષ્ણના આદેશ ભગવાનમાં પ્રેમ કરવાનાં છે, કપિલના આદેશ નિર્લેપતામાં છે, રૂષભદેવના આદેશ અહિંસાના છે, પૃથુના આદેશ રક્ષણમાં છે, વામનજીના આદેશ આસુરતા મટાડવામાં છે, પર્શુરામના આદેશ ગર્વ મટાડવામાં છે, સનત્કુમારોના આદેશ સંત ધર્મમાં છે, નારદજીના આદેશ ભક્તિમાં છે, દત્તાત્રેયના આદેશ સમદૃષ્ટિ બ્રહ્મમાં છે.

વ્યાસજીના આદેશ તત્ત્વજ્ઞાન વડે પરમાત્મામાં છે, બુદ્ધના આદેશ શૂન્ય સ્વભાવમાં છે. મોહિનીના આદેશ મોહ તજાવવામાં છે, શંકરના આદેશ અવધૂતતામાં છે, પતંજલિના આદેશ નિરોધમાં છે, તર્કના આદેશ દુઃખધ્વંસમાં છે, ઉપનિષદોના આદેશ બ્રહ્મસ્વરૂપમાં છે, પુરાણ સંહિતા ઈતિહાસોના આદેશ ભગવાનમાં લગાડવાના છે, સંત ગુરૂઓના આદેશ બ્રહ્મસ્વરૂપમાં છે. પુરાણ સંહિતા ઈતિહાસોના આદેશ ભગવાનમાં લગાડવાના છે, સન્ત ગુરૂઓના આદેશ પ્રભુમય જીવનમાં છે, બધાંના આદેશ સંસારી મટાડવાના મુક્તતા અપાવવામાં છે, ગૃહસ્થોના આદેશ ધર્મ, અર્થ કામ મોક્ષમાં છે, સત્તાવાળાના આદેશ સામ, દામ, ભેદ, દંડમાં છે, નિર્બલોના આદેશ પરાશ્રયમાં છે.

આચાર્યોના આદેશ શરણમાં લેવામાં છે, ભગવાન ગુરૂ વંશ પરમ્પરાઓના આદેશો અવતારોમાં છે, સ્વાર્થ ત્યાગ મોક્ષગ્રહણ શરણાગતિ એ ઉત્તમ આદેશ વડે ભગવાન પણ અર્પિત થઈ જાય છે. બલિને વામનજી, ગોપિઓને શ્રીકૃષ્ણ, સેવકોને સ્વામી, ભક્તિને મુક્તિ, ચમત્કારીઓને રાજાઓ, સતીને સ્વામી, આમ પણ અર્પિત થાય છે, ઉપાસ્ય અનેક છે સમ્પ્રદાય

અનેક છે, ધર્મ અનેક છે, ભક્તિ રીતિ અનેક છે, વિશ્વાસ વડે બધું ગમ્ય છે, ખગ મૃગ અગઅજ્ઞ પણ તરી જાય છે, માટે અભિનંદનો એવાં ફળ આપનારા થાઓ.'

વૈદિક મંત્ર લૌકિક મંત્ર સત્પુરૂષોના સૂત્રોને આધારે જનતા પરમેશ્વરના આશ્રય વડે તરી જાય છે, સ્નાન સંધ્યા વન્દન પૂજન, ભજન, દેવાર્પણ, કીર્તન, ધ્યાન, નિત્ય નૈમિત્તિક કામ્ય નિષ્કામ, કર્મ વડે પણ ઊર્ધ્વગતિ થાય છે, પશુ, પક્ષી, કીટ, પતંગ, અતિથિ, જલાંજલિ, શ્રદ્ધાંજલિ અધ્યયન, ઉપાસના વડે પણ ક્ષેમ કુશળતા રહે છે. વેદોના પ્રામાણ્ય, સેવકતા, રક્ષણ, દાન, જ્ઞાન, તપ, સંયમ, સંતતા, ઈશ્વર દેવ ગુરૂ યોગી સુચરિત્ર સંન્યાસ, સાધુ, તપસ્વી પરિવ્રાજક, શીલવ્રતી નિર્ગ્રન્થક, શાકગ્ય, ભાગ્યશાલી, પોપ, આરવાલ, લામા, બાપુ, બિશપ, આદિ આદિ તમામને અભિનંદનો ઉચ્ચતમ સ્થિતિમાં લઈ જનારા થાઓ.

હિરણ્યગર્ભ, કપિલજી, ખાખી, આદિ પણ અભિનંદન પાત્ર છે તે તપસ્વી છે, તપ બ્રહ્મને શૂન્યને સ્વર્ગને અવલમ્બે છે, અભિનંદન તેથી ઉપર લઈ જનારા હો.

ન્યાયશાસ્ત્ર પ્રમાણશાસ્ત્ર છે, જ્ઞાનાદિક પ્રમાણો વડે જગત આદિ પ્રમેયની સિદ્ધિ મનાય છે, પ્રમાણ કરણ છે, પ્રમેયજ્ઞાન કાર્ય છે, યથાર્થજ્ઞાન સિદ્ધિ છે, અયથાર્થ જ્ઞાન ભ્રાન્તિ છે, સમ્બન્ધિત કારણ કાર્ય જ્ઞાન ફલ ગણાય, સમ્બદ્ધ કારણ વડે સમ્બધ્ધ કાર્ય નિશ્ચિતજ છે, તેથી જ્ઞાન એકાધિક વિષયક છે જ, અવિશિષ્ટ અનેક વિષયક નિર્વિકલ્પક પ્રમા છે, તો વિશિષ્ટ અનેક વિષયક પણ દ્વિતીય નમ્બર પણ પ્રમા છે જ, પ્રથમજ્ઞાન નિર્વકલ્પક વ્યવસાય, દ્વિતીયજ્ઞાન સવિકલ્પક અનુવ્યવસાય, પછી થનાર તેજ જ્ઞાનને વિશિષ્ટાનુવ્યવસાય, ત્રિક્ષણ સ્થાયી ગણાય, પછીતો સંસ્કાર, અને સ્મરણો થાય, તે અધિકન્યૂન હોયતો અપ્રમા ગણાય, ત્યાં કારણમાં દોષ હોય, પ્રમા ઘણા પ્રકારની છે, આલોચન, અનુમાન, ઉપમાન, શાબ્દ, અર્થાપત્તિ, અનુપલબ્ધિ, સંભવ, ઐતિહ્ય, ચેષ્ટા, મૌની માનસજ્ઞાન, પૌરૂષેય બોધ, સાક્ષિ ચૈતન્ય પ્રકાશ, પ્રાતિભજ્ઞાન, સાર્વજ્ઞ્ય, અપરોક્ષ સાક્ષાત્કાર, આવા જ્ઞાનોમાં અભિનંદનો પુણ્યદ્વારા ફલીભૂત થાઓ.'

અર્થાકાર પ્રતીતિ તે બાહ્ય આંતર ચિતમાં ગ્રાહ્યાકાર ધાર્યાકાર ભોગ્યાકારમાં વિશ્રાંત થાય છે, તે આત્મામાં વિશ્રમે છે, તેનો સુખ દુઃખનો સાક્ષાત્કાર છે, તે ઉંડું જગત છે, વિષય વૃત્તિમાં આત્મામાં બ્રહ્મમાં બોધ ભેળા પહોંચે છે, અભિનંદનો વડે તે બ્રહ્મપરબ્રહ્મપ્રકાશ આપનારા થાઓ.

વેદાંત - સત્ ચિત્ આનંદને પકડે છે, આનંદ મુખ્ય છે, બ્રહ્મચિંતનમાં આનંદ પ્રયોજક છે, નિત્યજ્ઞાનમાં સ્વરૂપલય થવો મુક્તિ છે, બ્રહ્મ એકજ છે, કેવલ, વિશિષ્ટ શુદ્ધ અનેકાનેક અનેકાત્મક બ્રહ્મ તો એકજ છે, પિંડીકરણ એકજમાં છે, જડ ચેતન જ્ઞાનના તરંગો તેમાંજ અર્પિત હો, ઉપનિષત્ વિવિધ કારણવાદ બ્રહ્માંજ પહોંચાડે છે, પ્રકૃતિ પુરૂષ શક્તિ ભાવ અભાવ કારણજ છે, પણ અજ્ઞાન અવિદ્યા તો રાખવાનીજ સંસાર અજ્ઞાની છે માટે, સંસાર અજ્ઞાન ત્યાજ્ય છે, નિગૂઢ તત્ત્વ ત્યાજ્ય નથી આત્મા ગ્રાહ્ય છે, પ્રકાશ ગ્રાહ્ય છે, દિવ્યચક્ષુ પ્રકાશ વડે સત્ને બતાવે તે આત્મતત્વ બ્રહ્મ પરબ્રહ્મ ચૈતન્ય સાક્ષાત્ કરવું, અભિનંદનો તેને માટે ઉપયુક્ત થાઓ.

'બ્રહ્મદર્શન કરાવનારૂં શાસ્ત્ર તે દર્શનશાસ્ત્ર, તત્ત્વપદાર્થ દરેકનું દર્શન થાય, માનસદર્શન

જડ ચેતન દર્શન આત્મપરામત્મદર્શન થાય, બાહેર અંદર સુષુપ્તિમાં પણ દેખાડે તે દર્શન, અલૌકિકપણે દેખાડે, પ્રાતિભ, ધર્મમેઘ, સિધ્ધિ સમાધિ ચૈતન્ય વિજ્ઞાન સાક્ષાત્કાર વિગેરે સાક્ષાત્કરાવે એવાં દર્શન શાસ્ત્ર છે, બીજ તૃણ તરૂ કંદ કણ શાક પત્ર ઔષધિ રસ ધાતુ ધન ભવન વાહન પશુ પક્ષી યાન ગ્રામનગર દેશવિદેશ પ્રજા રાજા નર નારી દેવતા મહર્ષિતા વ્યવહાર સ્વભાવ સંતતિ ભોગ વંશ ચમત્કાર ઈશ્વર વર્ણ કર્મ ઉત્સવ વ્રત જન્મ મરણ સુખ દુઃખ સાધ્ય મોક્ષ પ્રલય મમતા નિરહંતા સ્વચ્છતા આદિ અનેક દર્શનોના અભિનંદનો અપાય છે, શાશ્વત જીવનમાં પહોચાડનારા પ્રત્યભિનંદન પણ હો, દરેક દર્શનોના પંડિતો પોતપોતાની વિદ્યાના પાત્ર ગણીને મને અભિનંદનો આપે છે તે વિદ્યાદેવીને અભિનંદનો છે, હું તો વચ્ચે રાજી થાઉં છું,

માનવસમાજ સ્વર્ગના ગ્રહ સુધી ગતિ કરી રહ્યા છે તેમને ઘણો આનંદ થાય છે તે અભિનંદનો છે, દુનિયા વાહ વાહ કરે છે, પોતે વાહ વાહ માને છે, ચંદ્રમાં ગયા, આકાશમાં ફરે છે, તેમજ આગળ શુક્રમાં ધ્રુવમાં અજવીથીના અંજવાળામાં તેના સૂર્યોમાં પછી બ્રહ્મતેજમાં જવાશે જરૂર, કાયાકલ્પ પણ થતા રહેશે, વિશ્વ એકતામાં હશે, તેવે રૂપે અભિનંદનો ફેલાશે, બ્રહ્મલોકદર્શન આત્મદર્શન પરમાણુદર્શન, એ ચેતનમાં અંતમાં પહોચ્યાં પછી અભિનંદન આપનાર થશે, વ્યાપક ચેતન ચળકશે ત્યારે બ્રહ્માનંદમાં સર્વે પ્રકારના અભિનંદનો સાક્ષાત થઈ પડશે, અત્યારે અને ત્યારે આ અભિનંદનો પ્રેયઃ શ્રેયઃ બંને આપો.

મણિધર દ્યુમણિ આંન્તરમણિ વડે અંજવાળા હોય છે, અભિનંદનો વડે અંધારું દૂર થાય અને આત્માનો પ્રકાશ વધે બ્રહ્મપ્રકાશમાં પહોચે એવી મારી સ્થિતિ અભિનંદનોએ વધારી છે, નારાયણને પરનારાયણમાં પહોંચાડેલ છે, વિશ્વના અભિનંદનો ભારતીય સંપત્તિનું સન્માન કરતા થકા સુર્ય ચંદ્ર સમાન તથા બ્રહ્મસમાન પ્રકાશ કરનારા થાઓ અને કુંકુમવાપીને સૌરાષ્ટ્રને બ્રહ્મવાપી તથા બ્રહ્મરાષ્ટ્ર વર્ણન કરનારા થાઓ વિદ્યાઓ વડે બૃહસ્પતિ દિવસ્પતિ તત્ત્વપતિ માયાપતિ ઐશ્વર્યપતિ મુક્તિપતિ સુધી વિદ્યાર્થીઓને પહોંચાડનારા થાઓ, આ સાથે મારા તમામ પ્રત્યભિનંદનો મળીને ભારતભૂમિને બૃહસ્પતિઓવાલી સ્વર્ભૂમિ કે નિત્યસર્વજ્ઞોવાળી બ્રહ્મભૂમિને બનાવો એવી મારી પ્રાર્થના અભિનંદન અને પ્રત્યભિનન્દન સંભૂત છે. ઈતિ પ્રત્યભિનંદનાનિ.

- શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ...

યુગ પરિવર્તન-સત્યુગ સ્થાપના

લેખક : શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ

કાળનું માપ શાસ્ત્રોમાં નીચે પ્રમાણે :-

ઘરમાં પડતાં સૂર્યના ચાંદરડાના પ્રકાશના કીરણમાં ઝીણા દેખાતાં રજકણનો છઠ્ઠો ભાગ પરમાણુમાં ક્રિયા (Moving) થાય; આ ક્રિયોત્પત્તિ સમયને એક ક્ષણ કહેવાય અને એ ક્રિયા થયા પછી પોતાના સ્થાનમાંથી વિભાગ (વિખુટું) પડે તે વિભાગના સમયના સમયને બીજી ક્ષણ કહેવાય એ બંને ક્ષણોનો સમય એકલવ કહેવાય, એવા ત્રણ લવ એટલે નિમેષ આંખનું મટકું કહેવાય, એવા ત્રણ નિમેષોને કક્ષ કહેવાય, ત્રણ કક્ષોને કાષ્ઠા કહેવાય, ત્રીસ કાષ્ઠાઓને કણા કહેવાય, ત્રીસ કણાઓ મુહૂર્ત કહેવાય, ત્રીસ મુહૂર્તોને માનુષ દિવસ અથવા સૌર્ય વર્ષ કહેવાય, (સૂર્યનું વર્ષ ચોવીસ કલાકનું અને મનુષ્યોનો દિવસ પણ ચોવીસ કલાકનો છે. એવા માનવ દિવસ ૧૫નો પક્ષ બે માસની ઋતુ, ત્રણ ઋતુનું અયન, બે પક્ષનો માસ, અયનનું માનવ વર્ષ એક થાયને સૂર્ય વર્ષ ૩૬૦ થાય) એવા માનવ વર્ષ એક હજારનું એક પાદ થાય, (અથવા સૌર્ય વર્ષો ત્રણ લાખ સાઈઠ હજારનો એક પાદ થાય) એવા ચાર પાદોનો એક યુગ કહેવાય, આ ચાર પાદોના નામ ૧. પ્રક્રિયા પાદ, ૨. અનુષંગ પાદ, ૩. ઉપોદઘાત પાદ અને ૪. સંહાર પાદ, તેમાં એક પાદનો સમય સત્યુગ ભોગવે છે, સત્યુગની આયુષ્ય વાયુ પુરાણમાં કહી છે.

चत्वार्याऽहुः सहस्राणि, वर्षाणां च कृतं युगम् ।
तस्य तावच्छती सन्ध्या, सन्ध्यांशश्च तथा विधः ॥

ચાર હજાર માનવ વર્ષ સત્યુગનાં છે. તેની સન્ધ્યા (સન્ધિ) ૪૦૦ વર્ષની અને સન્ધ્યાંશ ૪૦૦ વર્ષના છે. એ મળી ૪૮૦૦ વર્ષો સત્યુગનાં થયાં, તેનો એક પાદ એટલે ચોથો ભાગ = અર્થાત્ ૧૨૦૦ વર્ષ સત્યુગ આયુષ્ય ભોગવે છે.

त्रेता त्रीणि सहस्राणि, संख्या मुनिभिः सह ।
तस्यापि त्रिशती सन्ध्या सन्ध्यां शस्त्रिशतः स्मृतः ॥

ત્રેતાયુગ ૩૦૦૦ માનવ વર્ષનો કહેવાય અને તેની સન્ધિના ૩૦૦ વર્ષો તથા સન્ધ્યાંશનાં ૩૦૦ વર્ષ મળીને ૩૬૦૦ માનવ વર્ષ ત્રેતાયુગનું થયું, આ ત્રેતાયુગ બે પાદ ભોગવે છે; એક પ્રક્રિયા પાદ અને બીજો અનુષંગપાદ, એ બે પાદના વર્ષો અને તેને હિસાબે સન્ધ્યા તથા સન્ધ્યાંશોના વર્ષો વર્ષ મળી ૨૪૦૦ વર્ષનું આયુષ્ય ત્રેતાયુગ ભોગવે છે.

द्वापरे द्वे सहस्रे तुं वर्षाणां संप्रकीर्तितम् ।
तस्यापि द्विशती संध्या सन्ध्यांशो द्विशतस्तथा ॥
ઉપોદઘાતસ્તૃતીયસ્તુ દ્વાપરે પાદ ઉચ્યતે ।

દ્વાપર યુગના ૨૦૦૦ વર્ષ કહ્યા છે, અને ૨૦૦ સંધિના તથા સન્ધ્યાંશના ૨૦૦ એમ મળીને ૨૪૦૦ વર્ષ કહ્યા છે, પણ તે દ્વાપર યુગ ત્રણ પાદ સમય ભોગવે છે, એક પ્રક્રિયા પાદ બીજો અનુષંગ પાદ, અને ત્રીજો ઉપોદ્‌ઘાત પાદ એમ ત્રણ પાદના વર્ષો અને તેને હિસાબે સંધ્યા તથા

સન્ધ્યાંશના ૨૦૦ ૨૦૦ વર્ષો અને બારસો મળીને ૩૬૦૦ વર્ષનું આયુષ્ય દ્વાપર યુગ ભોગવે છે.

कलिं वर्ष सहस्त्रन्तु प्राहुः, संख्याविदो जनाः ।
तस्यापि शतिका सन्ध्या सन्ध्यांशः शतमेव च ।
संहार पादः संख्याश्चतुर्थो, वैः कलौ युगे ।

કલિ ૧૦૦૦ વર્ષનો છે અને તેની સંધિ ૧૦૦ વર્ષ તથા સન્ધ્યાંશ ૧૦૦ વર્ષ, એમ ૧૨૦૦ વર્ષ થાય છે, પણ કલી ચાર પાદ સમય ભોગવે છે, એક પ્રક્રિયા પાદ, બીજો શ્રનુષંગ પાદ, ત્રીજો ઉપોદઘાત પાદ અને ચોથો સંહાર પાદ એમ ચાર પાદના ૪૦૦૦ તથા તેને અનુસારે સન્ધ્યાના ૨૦૦, ૨૦૦, ૨૦૦, ૨૦૦ મળી ૪૮૦૦ વર્ષનું આયુષ્ય કળિયુગ ભોગવે છે.

ससन्ध्यानि सहस्त्राणि, संगराष्ट्र शक्ति, यत्वारि तु युगानि वै ।
एतद द्वादश साहस्त्रं चतुर्युगं समीरितम् ।

સન્ધ્યા અને સન્ધ્યાંશ તથા- યુગો મળી માનવ ૧૨૦૦૦ વર્ષની એક ચોકડી (ચતુર્યુગ) કહેવાય છે।

સંખ્યાના આંકડા : — **મૂળ લેખ :** ૪૮૦૦ - **સત્યુગ**
પાદો-૧ પાદ, ૨ પાદ,
માનવ વર્ષ તેથી ૧૨૦૦, ૨૪૦૦,
સૂર્ય વર્ષ : ૪૩૨૦૦૦, ૮૬૪૦૦૦,

૨૪૦૦	**૧૨૦૦ વર્ષ**
દ્વાપરયુગ	**કળિયુગ**
૩ પાદ	**૪ પાદ**
૩૬૦૦	**૪૮૦૦ આ પ્રમાણે છે**
૧૭૨૮૦૦૦	**૩૪૫૬૦૦૦, માનવ દિવસ છે.**

ચાર પાદનો એક યુગ હોવાં છતાં પાદ પ્રમાણે યુગની ઓછી વત્તી આયુષ્ય એ, વાયુ પુરાણમાં અધ્યાય ૫૭માં માનવ વર્ષ, સૌર્ય, કૌંચં, સપ્તર્ષિ, દિવ્ય, આદિ સંવત્સરો કહ્યા છે, મનુસ્મૃતિ, વાયુપુરાણ, ભાગવત.

एक द्वित्रीणिचत्वारि चतुर्युगं विदुर्बधाः द्विचतुः षडष्टांनि सन्धयः क्रमात्

વર્ષ કલિના		**સંધિના**		**વર્ષો**		**દિવસો ૧ વર્ષના**		**કલિ દિનાનિ**
૧૦૦૦	+	૨૦૦	=	૧૨૦૦	x	૩૬૦	=	૪,૩૨૦૦૦
વર્ષ દ્વાપર		**સંધિના**		**વર્ષો**		**દિવસો ૧ વર્ષના**		**દ્વાપર દિનાનિ**
૨૦૦૦	+	૪૦૦	=	૨૪૦૦	x	૩૬૦	=	૮,૬૪૦૦૦
વર્ષ ત્રેતા		**સંધિના**		**વર્ષો**		**દિવસો ૧ વર્ષના**		**ત્રેતા દિનાનિ**
૩૦૦૦	+	૬૦૦	=	૩૬૦૦	x	૩૬૦	=	૧૨,૯૬૦૦૦
વર્ષ સત્યુગ		**સંધિના**		**વર્ષો**		**૧ દિનાનિ**		**સત્યુગ દિનાનિ**
૪૦૦૦	+	૮૦૦	=	૪૮૦૦	x	૩૬૦	=	૧૭,૨૮૦૦૦

મહાભારત અને કલિપુરાણમાં એ પ્રમાણો યુગાન્ત કહીને યુગાંતરનું સ્થાપન કહેલ છે, ભાગવત દ્વાદશ સ્કંધ અધ્યાય બેમાં જ્યારે સપ્તર્ષિ મઘા નક્ષત્રમાં આવ્યા ત્યારે કળિયુગ બેઠો એમ કહેલ છે, સપ્તર્ષિ એક નક્ષત્રમાં ૧૦૦ વર્ષ રહે છે, તે હિસાબે મઘાથી રેવતી સુધી ૧૮ નક્ષત્રોના ૧૮૦૦ વર્ષ, પછી અશ્વિનીથી રેવતી સુધીના ૨૭ નક્ષત્રોના ૩૭૦૦ વર્ષ, પછી અશ્વિનીથી કૃત્તિકા સુધીના ૩ નક્ષત્રોના ૩૦૦, એ મળી ૧૮૦૦ + ૨૭૦૦ + ૩૦૦ = ૪૮૦૦ વર્ષો થયા, ૪૦૦૦ વર્ષો જતાં કળિ સમાપ્ત થઈ ચૂક્યો, ત્યારપછી તેના સંધિનાં ૪૦૦ વર્ષો ગયા, ત્યારબાદ તેના સન્ધ્યાંશનાં ૪૦૦ વર્ષ ગયા, બધા પંચાંગોમાં કળિનાં ૫૦૪૦ વર્ષ વિત્યાનું લખે છે; સપ્તર્ષિ-મઘા યોગના આરંભથી ગણીયે તો કળિયુગ પુરો થતા ઉપરાંત ૨૪૦ અને સપ્તર્ષિ મઘાના યોગના શત વર્ષના અંતથી ગણીએ તો ૧૪૦ વર્ષ કળિયુગ ઉપરાંત ચાલી રહ્યા છે, આ ઉપરાંતના વર્ષોને સત્યુગ ગૃહ નિર્માણ (ગર્ભસ્થ સત્યુગ) તરીકે મનાય છે, એ ગૃહ (ઘ) નિર્માણનાં વર્ષોમાં કળિયુગના તમામ અધર્મોની ચઢતી અને સત્યુગના સાધનોની તૈયારીઓ જોઈએ તેટલા પ્રમાણમાં થાય છે, એ ગૃહ નિર્માણરૂપી (ગર્ભસ્થ) સત્યુગનો નિવાસ (જન્મ) સપ્તર્ષિ-રોહિણી નક્ષત્રમાં બેસે ત્યારે ભાગવતમાં કહ્યો છે, વાયુ પુરાણમાં અધ્યાય ૬૬માં શ્લોક ૪૧૩માં ''યદા ચંદ્રશ્ચ સૂર્યશ્ચ તથા તિષ્ય બૃહસ્પતી. એક રાત્રે ભવિષ્યન્તિ તથા કૃતયુગં ભવેત (૪૧૩) તથા ભાગવતમાં- યદા ચંદ્રશ્ચ સૂર્યશ્ચ તથા તિષ્ય બૃહસ્પતી એક રાશૌ સમેષ્યન્તિ તદા ભવતિ તત્ કૃતમ્ (૧૨૨-૨૪) કહેલ છે.

જ્યારે **ચંદ્ર સૂર્ય પુષ્ય અને બૃહસ્પતિ એક રાત્રિમાં અર્થાત્ એક રાશી કર્ક રાશિમાં એક ચરણમાં આવશે ત્યારે ગર્ભસ્થ સત્યુગનો જન્મ થશે, આવો યોગ ભારત વર્ષના તમામ પંચાંગોના હિસાબે સંવત્ ૨૦૦૦ શ્રાવણ અમાવસ્યા મધ્યાન્હ ૧૨:૪૪ એ થાય છે,** તે સમયે સત્યુગના જન્મ પહેલાં તમામ અધર્મોનો નાશ કરનાર અને વાતાવરણને પવિત્ર કરનાર કલ્કિ ભગવાનના પ્રાવિર્ભાવ (પ્રગટ પણ) હોય જ એ શાસ્ત્ર સિદ્ધ છે. આ કલ્કિ ભગવાનનું અસ્તિત્વ છેલ્લાં ૨૦૦ વર્ષ પ્રગટ થયેલા મહાન સંપ્રદાય ધર્મ પ્રવર્તક પુરુષો રૂપે હોવાનું પોત-પોતાના આશ્રિત વર્ગોમાં માનવામાં આવે છે, બંગાલમાં રામકૃષ્ણ પરમહંસને, આસામ, સિંધ આદિમાં પ્રણામી પંથના શ્રીજી શ્રી પ્રાણનાથજીને, કલ્કિ રૂપે માનવામાં આવે છે. ગુજરાત કાઠિયાવાડમાં અષ્ટાંગ બ્રહ્મચર્ય અહિંસા સત્ય આદિ ધર્મો પળાવનારા કોલી આદિ ને પવિત્ર કરાવનારા શ્રીસ્વામિનારાયણ ભગવાનને તે કલ્કિ રૂપે ઓળખવામાં આવ્યા છે. પણ કલ્કિ ભગવાનનાં દિવ્ય કાર્ય, દિવ્ય અશ્વરોહણ સેના દ્વારા દિવ્ય શસ્ત્રોથી અસુરોના સંહાર, સમય પૃથ્વીના વાતાવરણનો ફેરફાર એ આદિ ઘણા મહાન ગ્રન્થોમાં ચિન્હો પૂર્ણ રીતે ધારણ કરનાર કલ્કિ ભગવાન સંભલ ગ્રામમાં વિષ્ણુ યશ નામના બ્રાહ્મણથી સુમતિ સ્ત્રીમાં જન્મ પામ્યા થકા સંવત ૧૯૯૯ની અરધી સાલ વીતતા જ પ્રગટ થશે એવી અત્યારની ભૂમંડલીય વિદ્વાન જનસમાજ આશા સેવી રહેલ છે. અને એ સત્ય છે, લગભગ પૃથ્વી પરની નગચ્ચર, વનચર, જળચર, પવનચર એ પ્રજાનો ૫૦ ટકા સંહાર મહાયુદ્ધ મહારોગ અને દૈવી પ્રકોપથી થશે, જેમાં ધાર્મિક સત્યુગી પ્રાણાધારીઓ જીવશે, બાકીના સંહારમાં ખપશે.

વાયુ પુરાણ ભાગવત આદિમાં કલિ કાળના અંતના ચિન્હો અને સત્યુગનાં આરંભના ચિન્હો અત્યારે બરાબર જોવાઈ રહ્યા છે. કળિના અંતના ચિન્હો વાયુ પુરાણ અધ્યાય ૫૮ શ્લોક

૩૧ થી ૧૨૫ સુધીમાં છે– ભૌતિક, અને આધ્યાત્મિક બંને ચિન્હો –

હિંસા, અસૂયા, અસત્ય, માયા, તપસ્વિનો વધ, મરકીનો રોગ, ભૂખ્યા મરણ, અનાવૃષ્ટિ ભય, દેશોના વિપર્યય (નાશ), ગર્ભમાં મરણ, યુવા મરણ, મધ્યકુમાર મરણ થાય, પ્રજા અધાર્મિક અનાચારી, અલ્પ તેજસ્વી, અસત્ય બોલતી થાય, બ્રાહ્મણો અનિષ્ટ ઈચ્છનારા, અભણ, દુરાચારી, કર્મ દોષી થવાથી પ્રજાને ભય, ઈર્ષ્યા, ક્રોધ, અક્ષમ્ય લોભ, છેતરામણી આદિકથી પ્રાણીઓને ભય થાય,. મનુષ્યોનાં મન કાયમ ક્ષોભવાળાં રહે, બ્રાહ્મણો વેદો ન ભણે, દ્વિજાતિયો યજન ન કરે, ક્ષત્રિયો અને વૈશ્યો પોતાના કર્તવ્યો ચુકે, શુદ્રો અને અન્ત્યજ યોનિના સંબંધો (મૈથુનો) બ્રાહ્મણો કરે, ચાંડાલો સાથે શયન, આસન, ભોજન આદિ કરે.

રાજાઓ ક્ષુદ્ર વૃત્તિવાળા અને શુદ્ર થઈ જાય પાખંડોના પ્રવર્તક થાય, પ્રજા બાળ હત્યા, ગર્ભ હત્યા કરનારી થાય, આયુષ્ય મેઘા બલરુપ કુલતા નષ્ટ થાય, શૂદ્રો બ્રાહ્મણના ધંધા કરે, બ્રાહ્મણો શૂદ્રોના ધંધા (શદાચારા) થાય. ચોર લોકો રાજાના હુકમ ચલાવે. પાર્થિવો ચોરવૃત્તિ વાળા થાય, ભૃત્ય લોકો મિત્ર નાશક થાય. સ્ત્રીઓ શિલવ્રત રહિત, તપ, વ્રત રહિત, પતિ વ્રત રહિત, મદ્ય-માંસ ખાનારી અને માયા ફેલાવનારી થાય, કુલટા વધે, ગાયોનો નાશ થાય, સાધુ પુરુષો થોડા પણ ન મળે.

અભિનંદન ગ્રંથના યજમાન પરિવારને સત્યુગની વાત કહી...

કાશી-વારાણસીનાં ચોખંબા પ્રેસમાંથી જ્યારે ગ્રંથ છપાઈને જૂનાગઢ આવ્યો ત્યારે મહારાજની આજ્ઞાથી શ્રીમનજીભાઈ સાંગાણીના સુપુત્ર હરજીભાઈ સાંગાણી મહારાજના દર્શને પધાર્યા, 'મહારાજે એમને આ ગ્રંથ અર્પણ કર્યો અને ગ્રંથનું પૂજન-અર્ચન કરી હરજીભાઈ સાંગાણીએ ગ્રંથ ખોલ્યો તેમાં શરૂઆતમાં ગુરૂદેવનો યુગપરિવર્તનના લેખમાં હાલમાં સત્યુગ ચાલુ થયો છે તેની શાસ્ત્રોક્ત વિગત વાંચી અને મહારાજને પૂછ્યું, 'સમાજ તો એમ કહે છે કે કલિયુગ ચાલે છે, પરંતુ આપે કૃપા કરી, શાસ્ત્રોક્ત રીતે સાબિત કર્યું કે, સત્યુગની શરૂઆત થઈ ચૂકી છે, 'હરજીભાઈની વાત સાંભળી મહારાજે તેમને કહ્યું, 'હું સત્યુગનો પહેલો ભગવાન, મારાં રચેલાં શાસ્ત્રો સત્યુગનાં પ્રથમ શાસ્ત્રો, મારા દિક્ષિત ભક્તો સત્યુગના પ્રથમ સંતો, મારા મંદિરો સત્યુગનાં પ્રથમ મંદિરો, હું સ્વયં અવતારી પુરૂષોત્તમ પરનારાયણ અનાદિશ્રીકૃષ્ણનારાયણ, અનંત જીવાત્માઓના કલ્યાણ અર્થે પૃથ્વી પર પ્રગટ થયો છું, મને ઓળખી, મારી સેવા ભક્તિ કરશે તે આ લોકમાં તો મહા સુખીયો થાશે જ તદુપરાંત અંત સમયે તે જીવાત્માને સર્વધામોમાં શ્રેષ્ઠ એવા મારા પરમધામમાં, મારી દિવ્યમૂર્તિની ચરણસેવા પણ પ્રાપ્ત થશે.' હરજીબાપા, તમે અમને ઓળખી આ શાસ્ત્રની સેવાનો સ્વીકાર કરી, અમારી આજ્ઞાનું પાલન કરી, અમને ખૂબ રાજી કર્યા છે માટે આ સેવાના ફળ સ્વરૂપે તમે તેમજ તમારો સાંગાણી પરિવાર ખૂબ સુખીયાં થાઓ. એવાં અમે આશીર્વાદ આપીએ છીએ.

મહારાજનાં આશીર્વાદનાં ફળ સ્વરૂપે હાલમાં આ યજમાન સાંગાણી પરિવાર ખૂબ સુખી સમૃદ્ધ છે અને હાલમાં પણ યથાશક્તિ સ્વામીની સેવા ભક્તિ કરી તેમને વિશેષ રાજી કરે છે.

❋ પૃથ્વી પરના પૌરાણિક અનાદિ અડસઠ (૬૮) તીર્થો ❋

પૃથ્વી પરના મુખ્ય કલ્યાણકારી પૌરાણિક-અનાદિ અડસઠ (૬૮) તીર્થોમાંનું એક મહાન તીર્થ એટલે કુંકુમવામી-લોમશાશ્રમ (મોટી કુંકાવાવ) ગામમાં દિવ્ય દેવાણી-પટેલ કૂળમાં માતા કંભરાલક્ષ્મી- પિતા ગોપાલકૃષ્ણના ખોળે અનંત જીવાત્માઓના આત્યંતિક કલ્યાણ અર્થે તેમજ અનેક સર્વજીવહિતાવહ કલ્યાણકારી સર્વશ્રેષ્ઠ શાસ્ત્રોની રચના કરવા સ્વયં પરમધામના અધિપતિ પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણનું સંતરૂપે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું પ્રાગટ્ય વિક્રમ સંવત ૧૯૬૧નાં આસો વદ-૮ને શનિવારે, તા.૨૧-૧૦-૧૯૦૫ના રોજ પ્રાતઃકાળે ૪-૪૨ મિનિટે થયું.

૧. કાશ્મીર મંડળ, ૨. કટાક્ષ તીર્થ, ૩. જલંધર પીઠ, ૪. કુરૂક્ષેત્ર, ૫. હરિદ્વાર, ૬. દેવ પ્રયાગ, ૭. ગંગોતરી, ૮. કેદારનાથ, ૯. બદરીનાથ, ૧૦. નંદપ્રયાગ, ૧૧. કુન્વપ્રયાગ, ૧૨. આદિ બદરી, ૧૩. સંભળ ગ્રામ કલ્કિ સ્થાન, ૧૪. વ્રજ ભૂમિ, ૧૫. નૈમિષારણ્ય, ૧૬. બ્રહ્માવ્રત-વિઠુર, ૧૭. પ્રયાગરાજ, ૧૮. ચિત્રકૂટ, ૧૯. અયોધ્યા, ૨૦. પુલહાશ્રમ, ૨૧. મુક્તિનાથ, ૨૨. ગીરનાર દામોદરકુંડ નારાયણધરો, ૨૩. નેપાળ પશુપતિ, ૨૪. જનકપુર, ૨૫. કાશીપુરી, ૨૬. ગોમતી ગંગા સંગમ, ૨૭. વખતસર વિશ્વામિત્ર યજ્ઞભૂમિ, ૨૮. ગંગા સરયૂ સંગમ ભૂગ્વાશ્રમ, ૨૯. શોણભદ્ર ગંગા સંગમ સેરપુરગાંવ, ૩૦. ગંડકી ગંગા સંગમ હરિહર ક્ષેત્ર, ૩૧. ગયાજીતીર્થ, ૩૨. કામરૂપ પ્રદેશમાં કામાક્ષી દેવી, ૩૩. કપિલાશ્રમ ગંગાસાગર સંગમ, ૩૪. વૈતરણી નદી (જાજપુર ગામ), ૩૫. જગન્નાથપુરી ભવનેશ્વર શિવ, ૩૬. આદિ કૂર્મ, ૩૭. રામતીર્થ, ૩૮ પદ્મનાભ, ૩૯. સિદ્ધાંચલ પર્વત શ્રી નરસિંહ તીર્થ, ૪૦. પાદગયા, ૪૧. સપ્તસાગર સેલગી ગ્રામ, ગોદાવરી સાગર સંગમ, ૪૨. વશિષ્ટ સાગર સંગમ, અન્તર્વેણી ગામ, ૪૩. કૃષ્ણાસાગર સંગમ, ૪૪. પન્ના નરસિંહ, ૪૫. તુંડિર મંડળ ૬૦ યોજન ઈશ્વરાવતારોના ૨૩ સ્થાનો ૪૬ ચોળ દેશમાં શ્રીરંગાદીશ આદિ ૪૨ અવતારોના ૩૫ યોજનમાં સ્થાનો. ૪૭. સેતુબંધ રામેશ્વર, ૪૮. પાંડ્ય દેશમાં ૨૫ યોજનમા ઈશ્વરાવતારોના ૧૮ સ્થાનો, ૪૯. મલયવાર દેશમાં પદ્મનાભ જનાર્દન આદિ સ્થાનો, ૫૦. કિષ્કિંધા વાલી રાજધાની, ૫૧. પંઢરપુર વિઠ્ઠલાવતાર, ૫૨. પંચવટી, ૫૩. ત્ર્યમ્બકેશ્વર, ૫૪. તાપી સાગર સંગમ, ૫૫. નર્મદા સાગર સંગમ, ૫૬. પ્રભાસ-પાટણ, ૫૭. સુદામાપુરી, ૫૮. માધવપુર, ૫૯. ગોમતીસાગર સંગમ, ૬૦. બેટ-દ્વારકા, ૬૧. નારાયણ સરોવર- કચ્છ, ૬૨. **કંકુમવાપી લોમશાશ્રમ (કુંકાવાવ ગામ),** ૬૩. બિન્દુ સરોવર સિદ્ધપુર, ૬૪. પુષ્કરરાજ, ૬૫. લોહાગર, ૬૬. ઉજ્જૈણ, ૬૭. ઓંકારેશ્વર, ૬૮. હિંગળાજ...ઈતિ...

આમ આ અડસઠ તીર્થ પૃથ્વી પર પૌરાણિક અનાદિ તીર્થો છે.

શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા અંતર્ગત પરમધામાધિપતિ પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ- શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની પ્રાગટ્યભૂમિ કલ્યાણકારી મહાતિર્થધામ કુંકાવાવ (કુમકુમવાપી)નો મહિમા

અનુવાદક : ડો.હર્ષદભાઈ સતાસીયા (વેદાંતાચાર્ય)-વડોદરા

કૃતયુગ સન્તાન

અધ્યાય-૫૬

શ્રીનારાયણ બોલ્યા હે લક્ષ્મિ ! સાંભળો ત્યાર પછી વૈરાગ્યના વેગથી તે રાજા ખટવાંગદ રૈવતાચળથી (ગિરનારથી) પૂર્વમાં ત્રણ યોજનથી વધારે દૂર, વ્યાઘ્રારણ્યમાં અતિ મહાન અશ્વપટ્ટનામનું રમણીય સરોવર કે જે અખંડ જળવાળું, નજીકમાં મૂળ - ફળાદિ વૃક્ષોવાળું, નિર્જન છતાં નિરૂપદ્રવવાળુ જાણી અતિ દૂર નહિ એવા તે સરોવરના કિનારે આવ્યા. શીતળ છાયામય, બોરડી-દાડમ-જાંબુ-આમલી-ગુંદા આદિક અનેક વૃક્ષોથી વ્યાપ્ત પાતાળના જળથી ભરેલ વાવથી યુકત, વળી જે વાવમાં સતત ઝરણાઓ રૂપે જળની ધારાઓ ફૂટી સ્ત્રવે છે અને વાવને પૂર્ણ કરી તે જળ સરોવરમાં આવે છે તેવા અશ્વપટ્ટ સરોવરના કિનારે સ્થિત બોરડીના મૂળમાં (નીચે) પૃથ્વી પર શાલગ્રામને સામે રાખીને તે ખટવાંગ રાજા તપ કરવા લાગ્યાં. તેમાં પ્રથમ હજાર વર્ષ સુધી તેમણે માત્ર જામ્બુનું ભક્ષણ કર્યુ. બીજા હજાર વર્ષ સુધી તેમણે ગુંદાનું ભક્ષણ કર્યુ. ત્રીજી હજાર વર્ષ સુધી તેમણે માત્ર દાડમનું ભક્ષણ કર્યુ. ચોથા હજાર વર્ષ સુધી તેમણે બોરનું ભક્ષણ કર્યુ. પાંચમા હજાર વર્ષ સુધી તેમણે આંબલીના કાતરાનું ભક્ષણ કર્યુ. છઠ્ઠા હજાર વર્ષ સુધી તેમણે કન્દનું ભક્ષણ કર્યુ. સાતમાં હજાર વર્ષ સુધી તેમણે માત્ર પાંદડાઓનું ભક્ષણ કર્યુ. આઠમાં હજાર વર્ષ સુધી તેમણે માત્ર જળનું પાન કર્યુ.

નવમા હજાર વર્ષ સુધી તેમણે માત્ર વાયુનું ભક્ષણ કર્યુ. દશમાં હજાર વર્ષ સુધી તે નિરાહારી થઈ માત્ર પગના અંગુઠાઓ પર સ્થિત થઈ શાલગ્રામમાં કૃષ્ણનારાયણ અને ગુરૂનું ધ્યાન કરતા સતત લક્ષ્મી સહિત વિષ્ણુનારાયણનું ચિંતન કરતા અને 'લક્ષ્મીપતે શ્રીમન્નારાયણાય તે નમઃ' આ મન્ત્રનો જપ કરતા સ્થિર રહયાં ત્યારે તેમના મસ્તકમાંથી મહાન અગ્નિ પ્રગટ થયો. તેની મહાજ્વાળાઓ તથા ધૂમ્ર ત્રણેય ભુવનમાં વ્યાપી ગયાં અને માનવો દેવો દૈત્યો અને નભમાં સ્થિત તમામને તે બાળવા લાગ્યાં. (આ જોઈ) પૃથ્વી દેવી કંપવા લાગી, સાગરો ક્ષોભ પામવા લાગ્યાં. એમ ત્યાં તપની અગ્નિથી ઉત્પન્ન થયેલ દાવનળ થયો. તે વ્યાપ્ત એવા દાવાનળમાં દયાળુ એવા લક્ષ્મીનારાયણ પ્રભુ તપ કરનાર અને દેહભાનથી રહિત એવા ખટવાંગદના રક્ષણ માટે આવ્યાં અને તેના મસ્તક ઉપર અમૃતનું સિંચન કર્યુ તેથી શાન્ત થયેલા તે મસ્તકમાંથી દાવાનળ નીકળતો બંધ થયો અને નારાયણે તે ખટ્વાંગદને કહયું કે હે ભકત ! ભક્તિ વડે તે મને વશ કર્યો છે. હે મહાભક્ત ! ભક્તિ કરતો તું શોભાને પામે છે. ભક્તિમય તપને કરતો તું પ્રજાનું કલ્યાણ કરીશ. હે પાપરહિત રાજા ! આ તપનો વિરામ કરો અને મારાં દર્શન કરો. નિઃસ્વાર્થ ભકતને ન આપી શકાય એવું મારી પાસે કંઈ નથી. (અર્થાત બધુ જ આપી શકું છું) હે

રાજન ! તમને શું અપેક્ષા છે ? તમને જે ઈષ્ટ હોય તે માંગો આમ કહી શ્રીહરિ મૌન રહયાં ત્યારે રાજાએ આંખ ખોલીને જોયું તો લક્ષ્મીનારાયણ દેવને ઉપસ્થિત જોયા ત્યારે શ્રીહરિની પદરજને માથે ચડાવી સ્નેહથી પરિપૂર્ણ થઈ તે અહોભાગ્યમ્ અહોભાગ્યમ્ એમ બોલતા બોલતા દર્શન કરવા પૂર્વક નૃત્ય કરવા લાગ્યો અને વારંવાર લક્ષ્મી અને નારાયણના ચરણમાં આળોટવા લાગ્યો ચક્રવર્તિ સમ્રાટ એવા તે રાજાએ દાસ થઈ ચરણ સેવા આપો તેમ વરદાન માગ્યું. વળી જયાં તપ કર્યુ તે સ્થાને પોતાની મૂર્તિની સન્નિધિમાં દર્શનની આકાંક્ષાથી લક્ષ્મી અને નારાયણ ને માગ્યાં (અર્થાત મને અહી નિત્ય દર્શન આપતા બિરાજો એમ માંગ્યું) ત્યારે નારાયણની આજ્ઞાથી લક્ષ્મી એ તથાસ્તુ એમ કહયું અને ભીના કુંકુમથી તે રાજાના ભાલમાં શુભ ચાંદલો કર્યો. લક્ષ્મીએ ચાંદલો કર્યો ત્યારે તે ભીના કુમકુમ ના ઘણાં બિંદુઓ તે વાવમાં પડયાં. અને ત્યાં લક્ષ્મીએ હાથ ધોયા. વળી તે વાવના જળનું પાન કરી તેમા સ્નાન કરી તે જળ રાજાને પીવડાવી તે શાલીગ્રામમાં લક્ષ્મીનારાયણ દેવે નિત્ય નિવાસ કર્યો. લક્ષ્મી સહિત નારાયણ મહાપ્રભુ ત્યાં નિત્ય બિરાજે છે. ત્યારથી લઈને તે વાવ કુંકુમવાપિકા નામે પ્રસિદ્ધિ પામી વળી ત્યાં તે ખટવાંગદ રાજાએ સાર્વભૌમ શ્રીનારાયણનું મંદિર કરાવ્યું અને તે લક્ષ્મીનારાયણ દેવની સેવા કરી. તે લક્ષ્મી.

કં=સુખં બ્રિભ્રતિ ઈતિ કમ્ભરા અર્થાત્ સુખને ધારણ કરે છે તે કુંભ તથા ગો:=પૃથિવ્યા: પાલકં નૃપં શરણે લાતિ ગૃહણાતિ ઈતિ ગોપાલ:

અર્થાત ગો અર્થાત પૃથ્વીના પાલક એવા રાજાને પોતાના શરણે લેનાર ગોપાલ કહેવાયા. આમ લક્ષ્મીનારાયણ કંભરા ગોપાલ કહેવાયા. તેમના પત્નીવ્રત નામનો પુત્ર સ્વયં નારાયણના અંશથી ઉત્પન્ન થયો હતો. તે કૃષ્ણવલ્લભ નામક તેમનો પુત્ર ત્યાં જ તપ કરતા પોતાના માતા પિતા રૂપ દેવોનું ધ્યાન કરતાં, આશ્રિતોને મોક્ષ દેનાર એવા કુંકુમવાપી નામના તીર્થમાં સર્વત્ર વ્યાપક હોવા છતાં દિવ્ય શરીરવાળં હેંય કલ્પો સુધી સ્થિત છે. આ દિવ્ય અશ્વપટ્ટ સરોવર, વિસ્તૃત વ્યાઘ્રારણ્ય, દિવ્ય કુંકુમવાપિકા, કંભરા- ગોપાલ મંદિર, પત્નીવ્રતદ્વિજતીર્થ અને ખટવાંગદ રાજાએ કરેલું કુંકુમવાપી (કુંકાવાવ) નામનું નગર તે સૌરાષ્ટ્ર દેશમાં છે. વૈકુંઠની સર્વ સામગ્રીઓ, દાસદાસી ગણો, સમૃદ્ધિઓ તથા ઐશ્વર્યોને લઈને શ્રીકૃષ્ણ ત્યાં બિરાજે છે. તે ભૂમિ અને જળ દિવ્ય વૈકુંઠ ધામ જેવા જ દિવ્ય છે. તેના જેટલા રજકણો છે તે પણ પવિત્ર અને મોક્ષ દેનારા છે. આ પુણ્યસ્થળી યજ્ઞ, શ્રાદ્ધ, દાનાદિક કરનારને મોક્ષ દેનારી છે. ત્યાં જે નર નારી કે કોઈપણ યોનિમાં સ્થિત જીવ દેહ છોડે છે તે અક્ષરબ્રહ્મ નામક પરામુક્તિને પામે છે. તે ભૂમિમાં જેટલા નર છે તે સર્વ શ્રીહરિના પાર્ષદો છે તથા જેટલી સ્ત્રીઓ છે તે શ્રીકૃષ્ણની પરિચારિકાઓ છે. વળી પશુ પક્ષી આદિક તથા વૃક્ષવેલી આદિક જે જે સ્થિત છે તે સર્વ વૈકુંઠ ધામમાં સ્થિત મુકતો છે એમ જાણવું પણ બીજા ન જાણવા. તેઓને દિવ્યદ્રષ્ટિથી જોવા પણ ચર્મચક્ષુથી જોવા નહી.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતયુગ સન્તાનમાં અશ્વપટ્ટ સરોવરે ખટવાંગદ રાજાના તપ કરવાથી લક્ષ્મીનારાયણદેવે આપેલ પોતાનું દર્શન તથા ચાંદલો કરતા પડેલા કુંકુમના બિંદુઓથી કુંકુમવાપી તીર્થ તથા કંભરા ગોપાલ રૂપે ત્યાં લક્ષ્મીનારાયણનો નિત્ય નિવાસ એ નિરૂપણ નામનો છપ્પનમો અધ્યાય ॥૫૬॥

દ્વાપરયુગ સન્તાન

અધ્યાય-૧૪૧

શ્રીનારાયણીશ્રી બોલ્યા, હે મારા સ્વામી ! હે અક્ષરાધિપતિ! હે અનાદિશ્રીકૃષ્ણનારાયણ! હે ગોલાકાધિપતિ ! હે કૃષ્ણ ! હે વૈકુંઠેશ ! હે નારાયણ ! હે ભૂમન્ ! હે અવ્યાકૃતનાથ ! હે વાસુદેવ ! હે અમૃતેશ્વર ! હે શ્રીપતે ! હે શ્રીપુરવાસિન્ ! જે જે વ્રતો તમે કહ્યાં તે તે વ્રતો કરવામાં જે અશક્ત હોય તેની અને સ્ત્રી, બાળક, વૃદ્ધ, રોગી અને પશુપક્ષિઓની મુક્તિ કેવી રીતે થાય ?

શ્રીપુરૂષોત્તમ બોલ્યા હે રમે ! મારા નામોના સ્મરણથી તેઓની મુક્તિ થાય છે. ''હે અનાદિશ્રીકૃષ્ણનારાયણ ! હે શ્રીકૃષ્ણ! હે સત્પતે ! હે શ્રીપતે ! હે શ્રીમન્નારાયણ ! હે નારાયણ! હે ગોવિન્દ ! હે માધવ ! હે વિષ્ણો ! હે સ્વામિન્ ! હે નરેશ્વર ! તે અચ્યુત ! હે હરિકૃષ્ણ ! હે નીલકંઠ! હે મહાલક્ષ્મીસુખાવહ ! હે બાલકૃષ્ણ ! હે દયાસિંધો ! હે શ્રીમદ્‌ગોપાલનંદન ! હે કંભરાશ્રીનંદન ! હે અશ્વપટ્ટસરોધિપ ! હે કુંકુમવાપિકાતીર્થકૃતાવાસ! હે હૃદિસ્થિત ! હે રામ ! હે શ્રીપુંડરિકાક્ષ ! હે બ્રહ્મપ્રિયાપતે ! હે વિભો ! હે હરિપ્રિયાધિનાથ તમે મારી રક્ષા કરો અને તમામ બંધનોથી મને મુક્ત કરો'' આવી રીતે મારા નામોનું સંકીર્તન મોક્ષ દેનારૂ થાય છે. હવે બીજા ઉપાય કહું છું. જ્યાં મારો વાસ છે તે અક્ષરધામ રૂપ ક્ષેત્ર શ્રીઅશ્વપટ્ટ સરોવર અને કુંકુમવાપિકા તીર્થનું માહાત્મ્ય સાંભળવું અને ગ્રહણ કરવું (અંતરમાં ઉતારવું).

વળી લક્ષ્મીનારાયણ સંહિતાની કથા સાંભળવી. એક લાખ છવ્વીસ હજાર શ્લોકાત્મક આ લક્ષ્મીનારાયણ સંહિતાની કથા સાંભળવી તે ધર્મ અર્થ કામ અને મોક્ષ રૂપ ઈચ્છાઓને પુરી કરનાર અને ભક્તિ અને મુક્તિ દેનારી છે. અનાદિશ્રીકૃષ્ણનારાયણ એવો હું તે સંહિતાત્મક બીજા રૂપે પૃથ્વી પર, જીવલોકોમાં, ઈશ્વરલોકોમાં સર્વત્ર તથા અક્ષરમાં પણ શબ્દ મૂર્તિ રૂપે સંહિતાત્મા થઈ સ્થિત છું. જે જીવાત્મા આ સંહિતાના સન્તાન પ્રકરણ અધ્યાય કે શ્લોકને પણ વાંચશે તે મુક્તાત્મા થશે. જે સ્થિરચિત્તે કરીને સાંભળશે તે બ્રહ્માત્મા થશે. લક્ષ્મીનારાયણ સંહિતાના વાચકને (વક્તાને) નમસ્કાર કરશે તે પાવન થશે. વળી આ ગ્રંથના વક્તાની જે પૂજા કરશે તે પરમ સ્વર્ગને (ધામને) પામશે. લોમશ ઋષિના આશ્રમરૂપ તીર્થમાં જઈને જે નિરંતર રહેશે તેઓની ભુક્તિ તથા મુક્તિ મારી કૃપાથી તેના હાથમાં સ્થિત રહેશે. વળી સુવર્ણ વર્ણવાળા વિમાનમાં બેસી તે સૌથી પર એવા અક્ષરધામમાં જશે. વળી આ તીર્થ અને સંહિતાની જે પ્રશંસા કરશે તે લક્ષ્મીના લોકને પામશે. જે નારીઓ આ તીર્થ કરશે તે લલિતાના ધામને પામશે. વળી તેઓ નારાયણીશ્રીના સાથે અક્ષરધામમાં આનંદને પામશે અને તે જ ધામમાં શિવરાજ્ઞીશ્રી સાથે નિત્ય નિવાસ કરીને રહેશે તથા કૃષ્ણ એવા મને પતિરૂપે પામીને નિરંતર મોહિત થશે.

હે લક્ષ્મિ ! હું પરમ તીર્થ છું અને તું પણ મારા સદંશ જ તીર્થ છો તેથી આપણા બંનેની જે નિવાસભૂમિ છે તે અક્ષરધામ સદંશ તીર્થ છે. આનર્તનામના દેશમાં, સૌરાષ્ટ્રમાં, અશ્વપટ્ટ સરોવરની નજીક ભદ્રાવતી નદી (ભાદરનદી) થી દક્ષિણમાં, શત્રુંજયા (શેત્રુજી) નદીથી પશ્ચિમમાં, રૈવતાદ્રિ (ગીરનાર) થી પૂર્વભાગમાં, વ્યાઘ્રારણ્યથી ઉત્તરદિશામાં, સો કોશ જેનો વિસ્તાર છે એવું

વર્તુળાકારવાળુ મારૂ ક્ષેત્ર તમામ પાપોને હરનારૂ, સમસ્ત પુરૂષાર્થોને આપનારું અને મોક્ષ દેનારું છે. અશ્વપટ્ટ સરોવરમાં સ્નાન કરનારાઓ મોક્ષ કે સ્વર્ગને પામે છે. કુંકુમવાપિકા ક્ષેત્રાત્મક મંડળની શ્રીહરિ એવો હું દેવો, મુક્તો અને ઈશ્વરકોટિઓ સાથે સર્વથા રક્ષા કરૂા છું. હું મારી પ્રિયા એવી કુંકુમવાપિકા બદ્રીની રક્ષા કરું છું. તેનું સ્મરણ કરતો માનવ પાપોને બાળવામાં શક્તિમાન થાય છે. તે બદ્રીના દર્શનથી, નામસંકીર્તનથી કે મૃત્તિકાના સ્પર્શથી મનુષ્ય પાપોથી મુક્ત થાય છે. હજારો યોજન સુધીમાં રહેલા નર નારી બાળક ઈત્યાદિ પણ તે બદ્રીના સ્મરણ માત્રથી પરમ ગતિને પ્રાપ્ત કરે છે. વળી મનુષ્યો તે બદ્રી (બોરડી) ના પત્ર પુષ્પાદિકના સ્પર્શથી કલ્યાણને પામે છે. અશ્વપટ્ટ સરોવરમાં સ્નાન કરીને જળપાન કરીને મનુષ્ય સાત કુળને પાવન કરે છે. મનથી બદ્રીનું ચિંતવન કરતો મનુષ્ય પુષ્કળ કામનાઓની સિદ્ધિને પામે છે. બદ્રીએ સહિત કુંકુમવાપિએ જઈને બ્રહ્મચર્યના પાલન પૂર્વક એક માસ વાસ કરી દેવતાઓ અને પિતૃઓનું તર્પણ કરવું જોઈએ. આમ કરનારો જ્યાં-જ્યાં જે-જે જન્મને પામે છે ત્યાં-ત્યાં ઈષ્ટકામોને પ્રાપ્ત કરે છે.

દેવતાઓ, દાનવો, ગન્ધર્વો, ઋષિઓ, સિદ્ધો, ચારણો વિગેરે બદ્રીના દર્શન કરીને સરોવરનું જળ પીઈને મારા અક્ષરધામને પામે છે. દુ:ખી દરિદ્ર અને અલ્પ આજીવિકા વાળા માટે કુંકુમવાપિ અને બદ્રી જેવું મોક્ષદેનારું બીજું કોઈ સ્થાન નથી. વ્યાધિ થકી, દીન અવસ્થામાં, વૃદ્ધાવસ્થાને લીધે કે દૈવયોગે પણ જે બદ્રીની સમીપે પ્રાણનો ત્યાગ કરે છે તે સૂર્યસમાન દીપ્તિમાન કાંચનવર્ણની આભાવાળા વિમાનમાં બેસી ભગવાન શ્રીકૃષ્ણના ધામમાં જાય છે અને ત્યાં શાશ્વત આનંદને પ્રાપ્ત કરે છે. ભોગ્યાદિ પદાર્થોથી પરિપૂર્ણ એવા સર્વ ઈષ્ટ કામોને પ્રાપ્ત કરે છે અને સર્વ રત્નોમય, દિવ્ય અને અનેક પ્રકારના ધ્વજોથી યુક્ત વિમાનો અને સ્ત્રીઓના સમુદાયો વડે શાશ્વતપદમાં સુખ પામે છે. જ્યાં સર્વકામના પૂર્ણ કરનારા ફળવાળા વૃક્ષો છે જ્યાં સુવર્ણમયી અને સર્વરસોથી યુક્ત પૃથ્વી છે ત્યાં (ધામમાં) તે આનંદ પામે છે. જે મનુષ્ય બદ્રીને તથા કુંકુમવાપિકાને સંભારતો થકો પ્રાણને ત્યાગે છે તે પરાત્પર એવા બ્રહ્મલોકને નિશ્ચિતપણે પ્રાપ્ત કરે છે. કુંકુમવાપિકા ક્ષેત્રમાં કર્મણા મનસા વાચા ધર્મ અને સત્યના અવલંબનપણે જે ગાય, સુવર્ણ, મણિઓ, મુક્તાઓ, ધન, ધાન્ય, વસ્ત્ર, ઈત્યાદિકનું દાન પોતાના કાર્યમાં પિતૃકાર્યમાં કે દેવકાર્યમાં કરે છે તેનું અનંતગણું તે અક્ષરપદમાં પ્રાપ્ત કરે છે. લાખો ગાયમાંથી જે પયસ્વિની (દુધ દેનારી) હોય તેનું દાન કરવું જોઈએ. તે દાન પુત્રોને દાસદાસીઓને તથા નોકરચાકરને પણ આ લોકમાંજ તારી દે છે. જે કુંકુમવાપિક્ષેત્રમાં વિવાહવિધિપૂર્વક કન્યાદાન કરે છે તેનું પુણ્ય ધામમાં અનંતપણે પ્રાપ્ત કરે છે.

હે પદ્મજે ! આ સૌરાષ્ટ્ર ભગવાન શ્રીકૃષ્ણનો મણિ હોઈ નિત્યવિગ્રહવાન છે અને મારા વાસથી પ્રલયમાં પણ આનો નાશ થતો નથી. અશ્વપટ્ટ સરોવરમાં સ્નાન કરીને રાજસૂય તથા અશ્વમેધ યજ્ઞનું ફળ તથા શાશ્વત અપુનર્ભવ રૂપ ફળને મનુષ્ય નક્કી જ પામે છે. હે રમે ! મારા નિવાસરૂપ આ ક્ષેત્રમાં સાંઈઠ કરોડ દસહજાર તીર્થો છે તે સર્વે અહીં નિવાસ કરીને રહે છે. તેથી અહિં સુવર્ણની નારી બનાવી તેનું દાન કરનારો સ્વર્ગને પામે છે. ત્યાં તે ઉર્વશી જેવી સો કન્યાઓને પામે છે અને હજારો નારીઓનો પતિ થાય છે. જ્યાં અશ્વપટ્ટ સરોવર છે તે મારૂ સિદ્ધ ક્ષેત્ર છે. ત્યાં આળોટીને પાપાત્મા પણ પંકિતઓને પાવન કરનારો થઈ જાય છે. પવિત્રોમાં સૌથી પવિત્ર મંગળોમાં સૌથી મંગળ અને મોક્ષદેનારામાં

સૌથી મોક્ષદેનાર કુંકુમવાપિકા ક્ષેત્ર છે. સરોવરથી ઉત્તર દિશામાં પાતાળથી પ્રગટ થયેલી ભગવાન શ્રીલક્ષ્મીનારાયણે પ્રેરેલી શ્વેતદ્વીપમહાગંગા કે જે શુભ્રવર્ણા અને અન્તર્જળ વાળી વહે છે તે ભક્તિ અને મુક્તિ દેનારી છે. તેને સાક્ષાત વિષ્ણુપદી (ગંગા) સ્વર્ગથી આવીને અદ્રશ્ય રૂપે અહિં મળે છે.

વળી મારા ચરણથી પાવન થયેલ બ્રહ્મહ્રદ નિત્ય આ સરોવરમાં નિવાસ કરે છે. તથા સ્વર્ગથી અમૃતની જે ધારા તે પણ આ સરોવરના જળમાં પ્રવેશ કરીને રહી છે તેથી સર્વે દેવતાઓ અશ્વપટ્ટની ભૂમિ પર રહેલા છે તેથી અહિંયા તીર્થ કરનારને અવિનાશી શાશ્વત ફળ પ્રાપ્ત થાય છે. જે મનુષ્ય એક માસ સુધી અશ્વપટ્ટ સરોવરમાં સ્નાન કરે તે સર્વ પાપોથી મુકાઈને પરમ પદને પામે છે. અજ્ઞાનતાથી પણ જે અહીં તીર્થયાત્રાદિક કરે છે તે સર્વકામનાઓથી સમૃદ્ધ એવા સ્વર્ગલોકને પામે છે. એકવાર લોમશ ઋષિ પ્રયાગક્ષેત્રમાં ગયા. ત્યાં ભરદ્વાજમુનિ હતાં પણ પ્રયાગ હતા નહીં તેથી લોમશ ઋષિએ ભરદ્વાજને પુછ્યું કે તીર્થરાજ પ્રયાગ ક્યાં ગયા છે ? મને તેના દર્શન કેમ નથી થતાં ? ત્યારે ભરદ્વાજ ઋષિએ કહ્યું કે મહાકુંભના સમયે માનવો દ્વારા સ્નાન કરી પ્રયાગરાજને અપાયેલા મહાપાપો અને અતિપાપોને ધોવા તે અશ્વપટ્ટ સરોવર ગયા છે. જ્યાં કુંકુમવાપી (કુંકાવાવ) તીર્થરૂપે સ્વયં લક્ષ્મી સ્થિત છે.

વળી જ્યાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ ભગવાન નિવાસ કરે છે. પ્રયાગરાજ ત્યાં ગયા છે. તે હમણા જલ્દીથી જ આવશે. (ભરદ્વાજના આવા વચનો સાંભળી) લોમશ ઋષિ તેમની વાટ જોતા એક મૂહુર્ત પર્યન્ત ત્યાં રહ્યા તેટલામાં સર્વપાપોને ધોઈને પ્રયાગરાજ ત્યાં પધાર્યા. લોમશ ઋષિ તેમની પૂજા કરી બદ્રીકાશ્રમમાં ગયા ત્યાં ભગવાન નારાયણનું સદા આશ્રયસ્થાન અને દિવ્ય સ્વરૂપવાળી એવી બદરી ન હતી ત્યારે લોમશ ઋષિએ તનું ઋષિને પુછ્યું કે બદરી ક્યાં ગઈ છે અને ક્યારે આવશે ? ત્યારે તનું ઋષિએ કહ્યું કે, સૌરાષ્ટ્રમાં આવેલ અશ્વપટ્ટ સરોવર અને કુંકુમવાપીક્ષેત્રમાં શ્રીપતિ પ્રાણપતિ પુરૂષોત્તમ એવા પ્રિય બાલકૃષ્ણ પ્રભુની સેવા કરવા માટે તે બ્રહ્મપ્રિયાઓમાં સુશોભિત એવી કન્યારૂપે વર્તે છે. વળી તે ભગવાન શ્રીહરિની વધૂરૂપ દાસી થઈને લક્ષ્મી સાથે બિરાજે છે. તથા ક્યારેક તે તપસ્વિની ત્યાં કુંકુમવાપિકાના તટપર બદરીવૃક્ષના રૂપે વાવની ઉપર પોતાનો ઘેરાવ પાથરતી વર્તે છે. ભગવાન શ્રીકૃષ્ણથી પ્રેરાયેલી તેની શાખા સદા વાવ ઉપર ઉત્તર દિશામાં છત્રરૂપે વર્તે છે.

હે મુને ! વિશાલાક્ષી (બદ્રિકા) જે શ્રીહરિની પત્ની અહિં (બદ્રિકાશ્રમમાં) બિરાજે છે તે જ બદ્રિ સ્વયં ત્યાં બિરાજે છે. તે બીજા રૂપે ભગવાનની સેવા માટે અહિં પણ રહે છે અને શ્રીહરિની નિવાસવેળામાં છાંયા પ્રદાન કરનારી થાય છે. તે બદ્રિ હમણાં મધ્યાહ્ન કાળની વેળામાં જલ્દીથી જ અહીં આવશે. આમ તનુ મહર્ષિ પાસેથી જાણીને લોમશ મુનિ મધ્યાહન કાળ સુધી ત્યાં રહ્યા અને સમય થતા તે સતી બદરી આકાશમાર્ગથી જલ્દીથી જ આવીને બોરડીના રૂપે થઈ. પછી લોમશ ઋષિએ તે બદ્રિ અને તેમની નીચે સ્થિત એવા નારાયણ ભગવાનનું પૂજન કર્યું અને ત્યાર બાદ તે મહાન બાલકૃષ્ણસરોવર અને માનસરોવરમાં સ્નાન કરીને વ્યોમ માર્ગે સૌરાષ્ટ્રમાં આવ્યા અને મનમાં નિશ્ચય કરીને નિત્ય મારા ક્ષેત્ર અશ્વપટ્ટ સરોવરમાં તે પૃથ્વીનું માહાત્મ્ય જાણવા પૂર્વક નિવાસ કરીને રહ્યાં. વળી મહાલક્ષ્મી એવી તે બદરી નારાયણ એવા મારા દ્વારા ''અહિં નિત્ય સ્થિર રહો'' એવી આજ્ઞા પામેલી વાપિકાના તટે સ્થિત છે. કાળાંતરે દ્રશ્યરૂપા અને અદ્રશ્યરૂપા પણ તે થશે. ભક્તોના

સમુદાયમાં તે ફરી પ્રત્યક્ષ થશે. બદરીરૂપધારિકા બ્રહ્મપ્રિયા તથા કુંકુમવાપિકાની અન્ય સખીઓ કે જે તેના જળની વૃત્તિઓ વાળી હશે તેઓ પણ પ્રત્યક્ષ થશે કારણ કે ભૂમિ રિક્ત રહેતી નથી. વળી અહીંયા દેવી હરિપ્રિયા વેલ રૂપે વર્તે છે. અનારકલિ નામક દેવી દાડિમીના રૂપે, ઉત્તેજિની નામક મારી પત્ની આંબલીરૂપે, સ્નેહિલી તથા સુભગા આ બંને ઈંગુદીરૂપે, જાંબુવતી નામની મારી પત્ની જાંબુરૂપે, રાવિણીનામક ગાયિકા ત્યાં રાયણરૂપે વર્તે છે.

એમ મારી પત્નીઓ તથા તેમની બીજી સખીઓ અને દુગ્ધિકાનામક વેલીરૂપ કન્યા, પુષ્પિકા, ઉદ્યાનરૂપા અને દ્રુમાલિકા એવી દિવ્યવિગ્રહવાળી ઘણી બધી મુક્તાનિકાઓ ત્યાં મને સેવે છે. તેઓ ક્યારેક વૃક્ષવેલી રૂપે ક્યારેક અત્યંત મનોહર શરીરવાળી પત્નીરૂપે, ક્યારેક પ્રત્યક્ષરૂપે ક્યારેક અદૃશ્યરૂપે પણ રહે છે. વળી ક્યારેક શયનમાં ક્યારેક ગજાસનમાં, ક્યારેક વિમાનમાં તેઓ મારી સાથે વિહાર કરે છે. વળી આનંદભક્ષિકા તેઓ ક્યારેક મારી પાસે રાસભૂમિમાં ક્યારેક મંડપમાં અને ક્યારેક મારા હૃદયમાં લીન રહે છે. ક્યારેક તો મારી સાથે એકાત્મક ભાવને પામીને આનંદે છે તો ક્યારેક ભોજન પાન ક્રીડા તથા સેવામાં પૃથકપણે પણ રહે છે. હે લક્ષ્મિ ! જેમ-તમે મારા હૃદયમાં અને પાસે પણ રહો છો તેમ જ તે તમારા સદૃશ કમળાઓ પણ રહે છે. તેઓનો જ્યાં નિવાસ છે તે ભૂમિ સર્વ તીર્થોમાં ઉત્તમ, તીર્થમૂર્ધન્યોમાં ઉત્તમ તથા અક્ષરરૂપ છે.

હે લક્ષ્મિ ! મારી ઈચ્છાથી બ્રહ્માંડના સર્ગ સમયે કલ્પે-કલ્પે સૌરાષ્ટ્રમાં કુંકુમવાપિકા તીર્થ મારા દ્વારા કરાય છે. દ્વીપકલ્પમાં સૌરાષ્ટ્ર અને તમારું રાજ્ય સ્વતંત્ર છે. (કે જેમાં) મારા સ્વરૂપવાળી કૃષ્ણતુલ્ય કૃષ્ણભૂમિ છે. તે મોક્ષદ્વારવતી ભૂમિ યુગોયુગમાં પણ પાવન કરનારી છે. વળી જ્યાં સુભદ્રા એવી ભદ્રિકા (સુખભાદર) નામની નદી મારા દ્વારા કરાયેલી છે. જેના જળના પાનથી, સ્પર્શથી અથવા સ્મરણમાત્રથી પણ પાપોનો નાશ થાય છે અને મનુષ્ય સ્વર્ગ તથા અક્ષરને પામે છે. મારા અર્ધસ્વરૂપ એવા નરના મારા વિયોગક્ષણે જ્યારે ઐશ્વર્યો લીન થાય છે અને દસ્યુઓ દ્વારા (કાબાઓ દ્વારા) સ્ત્રીઓ લૂંટાય છે ત્યારે નરપત્ની સુભદ્રા મહાન તીર્થસ્વરૂપા જળ રૂપે થાય છે. નિત્ય સર્વ પ્રકારે કલ્યાણકારિણી આ નદી સ્નાન કરનારાઓને મોક્ષ દેનારી છે. તે સુભદ્રા મારી બહેન રૂપે, મૂર્તિ રૂપે, કાર્ય સ્વરૂપા નદી રૂપે, બદ્રિકાશ્રમમાં દિવ્યરૂપે અને ધામમાં મુક્તાનિકારૂપે આમ પાંચ રૂપે રહે છે. પુણ્યમય સાગરો, સાગરતુલ્ય સરોવરો તથા બ્રહ્મરૂપિકા નદીઓ મારા ક્ષેત્રરૂપ કુંકુમવાપીમાં રહે છે. અક્ષરમાં તથા જીવલોકમાં પણ મૂર્તિમાન એવા વેદો, યજ્ઞો, મહર્ષિઓ, પિતૃઓ, સિદ્ધો, સાધુઓ, સાધ્વીઓ, ચક્રધારીઓ, અચક્રધારીઓ, પાર્ષદો વિગેરે સર્વે અનાદિ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ એવા મને ભજે છે.

આ કુંકુમવાપિકાક્ષેત્ર મહાન સિદ્ધિ ક્ષેત્ર તથા પરાત્પર ધામક્ષેત્ર છે, આ ધન્ય છે, સ્વર્ગને દેનારું છે, સત્ય સ્વરૂપ છે, સુખ સ્વરૂપ છે, પુણ્યમય છે, ધર્મમય છે, પાવન કરનાર છે અને ઉત્તમ છે. ભગવાન શ્રીકૃષ્ણના સંબંધવાન આ તીર્થના મહિમાને સાંભળીને પણ મનુષ્ય સ્વર્ગ, જાતિસ્મરત્વ, સર્વસ્મરત્વ, ત્રિકાળજ્ઞાન તથા સર્વજ્ઞતાને પણ પામે છે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં તૃતીય દ્વાપરયુગ સન્તાનમાં કુંકુમવાપિકા તીર્થના દર્શન સ્મરણાદિકે કરીને પાપીઓનો મોક્ષ ઈત્યાદિક નિરૂપણ કર્યું એ નામક એકસો ને એકતાલીસમો અધ્યાય ॥૧૪૧॥

ત્રેતાયુગ સન્તાન

અધ્યાય-૫૩૪

શ્રીનારાયણ બોલ્યા, હે લક્ષ્મિ ! સાંભળો, એકવાર કૈલાસમાં શંકર સૌથી શ્રેષ્ઠ એવા શ્રીકૃષ્ણનારાયણ, કુંકુમવાપિકાક્ષેત્ર, તીર્થોમાં ઉત્તમ એવું પ્રભાસક્ષેત્ર, મહારમ્ય એવા વ્યાઘ્રારણ્ય અને સિંહારણ્ય, રૈવતાચલ (ગિરનાર), અશ્વપટ્ટસરોવરતીર્થ, ભદ્રા (ભાદર) અને શત્રુંજિતા (શેત્રુજી) નદી, વૈષ્ણવ ભક્ત એવા લોમશ ઋષિ, વિષ્ણુ એવા ગોપાલકૃષ્ણ અને દેવી કંભરાલક્ષ્મીનું સ્મરણ કરતાં ધ્યાન મગ્ન થયા હતાં ત્યારે તપેલા સુવર્ણના જેવી પ્રભાવાળા, શ્રીદેવી, યોગસિદ્ધિદા, મોક્ષદાયિની એવી પાર્વતી તેમના ઉત્સંગમાં આવીને બેઠા અને શંભુનું મુખ જોઈ પ્રેમથી પરિપૂર્ણ લોચનવાળી દેવી પાર્વતીએ સ્મિત સાથે મધુર વાણીથી કહ્યું કે, તમે રાત દિવસ કોનું ધ્યાન કરો છો કે જેથી વિરામ જ પામતા નથી ? આમ કહી અતિ ભાવથી અશ્રુપૂર્ણ નયનોવાળી થઈ.

ત્યારે શંકરે ધ્યાન છોડી મહેશ્વરીને કહ્યું કે, હે પ્રિયે ! તમારી આંખોમાં આંસુઓ પ્રેમથી કે શોકથી છે ? તમને જે પ્રિય હોય તે કહો હું સદા તેવું કરીશ હે દેવેશિ ! તમે મારું હૃદય છો અને હું તમારું હૃદય છું. તમે મારું સર્વસ્વ છો અને હું તમારું સર્વસ્વ છું. આવા શંકરના વચનો સાંભળી દેવી પાર્વતી સ્વસ્થ મનવાળા થયા અને ફરી શંકરને ધ્યાનમગ્નતાનું કારણ પૂછવા લાગ્યા કે હે નાથ ! તમે કોનું ધ્યાન કરો છો ? જો તે સ્વરૂપ સનાતન, શાશ્વત અને લોકને મોક્ષ પ્રદાન કરનારું હોય તો મને કહો. ત્યારે શંકર બોલ્યા કે હે સતિ ! ધ્યાનમાં સ્થિત એવો હું આ શ્રીહરિ એવા કૃષ્ણનારાયણનો પાર પામી શક્તો નથી. તેથી તે રમાપતિને સદા ધ્યાનમાં નિરખું છું અને તેમનું જ ચિંતવન કરું છું. તે કમલાકાન્તની જ પૂજા કરું છું. તે શ્રીમાણિકીપતિની અર્ચના કરું છુ અને તે જ લક્ષ્મીપતિ પ્રભાકાન્ત એવા નારાયણની સેવા કરું છું. હે સતિ ! હું જેમનું ધ્યાન કરું છું તે આ પાર્વતીશ્વર અનાદિશ્રીકૃષ્ણનારાયણ છે. હું એમનામાંથી ઉત્પન્ન થયો છું. તેથી તેમનાથી પૃથક નથી. સાડા ત્રણ કરોડ તીર્થો જે શ્રીહરિમાં સદા નિવાસ કરે છે એવા લક્ષ્મીપતિનું હું સ્મરણ કરું છું.

હે સર્વેશિ ! હું પોતાને શ્રીકૃષ્ણનારાયણાત્મક અને તમને શ્રીહરિની બાજુમાં સ્થિત લક્ષ્મીસ્વરૂપિણી સ્મરણ કરું છું. જે ભૂમિમાં લોમશઋષિનો આશ્રમ છે. વળી જે સૌરાષ્ટ્ર નામના દેશમાં રૈવતાચળ (ગિરનાર) તથા પ્રભાસ નામનું મારું તીર્થ છે. જ્યાં શેત્રુજી અને ભાદર નામની નદીઓ છે. જ્યાં કુંકુમવાપિકા છે અને જ્યાં અશ્વપટ્ટ સરોવર છે ત્યાં ગોપાલનંદન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સ્થિત છે તેમનું હું સ્મરણ કરું છું. અસદ્‌ભાવવાળા આ શાશ્વત ક્ષેત્રને જાણતા નથી. સદ્‌ભાવનાવાળા આ સનાતન ક્ષેત્રને જાણે છે. હે દેવિ ! આ કૃષ્ણનારાયણનાં પ્રાગટ્યનું શુભ સ્થળ છે. આ ક્ષેત્રના કલ્પે-કલ્પે યુગોના ભેદ વડે જુદા-જુદા નામો થાય છે. તેને લોકો જાણતા નથી. પહેલા આ મણિક્ષેત્ર નામથી પ્રસિદ્ધ હતું. ત્યાર પછી સુરાષ્ટ્ર મંડળ અને ત્યારપછી પાદ્મક્ષેત્ર નામથી પૃથ્વી પર વિખ્યાત થયું. ત્યારપછી આ ક્ષેત્ર વૈષ્ણવક્ષેત્ર નામે થયું. ત્યારપછી તે લોમશક્ષેત્ર તરીકે વિખ્યાત થયું. ત્યારપછી તે પત્નીવ્રત ક્ષેત્ર નામે પ્રસિદ્ધ થયું. ત્યારપછી તે ઈન્દ્રદ્યુમ્ન્નામક ક્ષેત્ર થયું. ત્યારપછી તે નારસિંહક્ષેત્ર થયું. ત્યારપછી તે વ્યાઘ્રારણ્ય નામક ક્ષેત્ર થયું. ત્યારપછી તે રુંકમાંગદ ક્ષેત્ર

થયું. ત્યારપછી તે કુંકુમવાપિકા નામક ક્ષેત્ર રૂપે વિખ્યાત થયું. ત્યારપછી તે અશ્વપટ્ટ સરોવર તીર્થ નામક થયું. હવે પછી તે પ્રભાસક્ષેત્ર નામે કહેવાશે. ત્યારપછી તે સોમેશ્વર ક્ષેત્ર. ત્યારપછી કંકાક્ષેત્ર. ત્યારપછી સોમપદ ક્ષેત્ર નામે વિખ્યાત થશે. ત્યારપછી કાળાંતરે તે ગિરનારક્ષેત્ર થશે.

હે સતિ ! કલ્પની આદિમાં તથા મધ્યમાં આ સૌરાષ્ટ્રનાં મારા યોગોથી, તમારા યોગોથી, ઋષિઓના યોગોથી અને શ્રીકૃષ્ણનારાયણનાં યોગોથી કાળે-કાળે પૃથક-પૃથક નામો થશે તે તમામને હું યોગશક્તિ વડે સર્વથા જાણું છું. હે સતિ ! અનાદિશ્રીકૃષ્ણનારાયણનાં સદા નિવાસ રૂપ પુણ્યકારી આ ક્ષેત્ર સર્વદેહિઓને મોક્ષ દેનારું છે. જ્યાં વામભાગથી વિષ્ણુ, જ્યાં કૃષ્ણનારાયણ, જ્યાં તળસ્વામી, જ્યાં ગોપીનાથ, જ્યાં સિદ્ધેશ્વર, સોમેશ્વર તથા ભદ્રેશ્વર રૂપે હું તથા ભદ્રિકા રૂપે હે સતિ ! તમે છો. જ્યાં ભૂમિના મધ્યભાગમાં લક્ષ્મીનારાયણ છે. જે રાજધાનીમાં ભગવાન શ્રીકૃષ્ણની ઘણી બધી પત્નીઓ નિવાસ કરે છે. જ્યાં આનર્તે બનાવેલું રાજ્ય છે. જ્યાં ગોપાલનંદન સાક્ષાત અનાદિશ્રીકૃષ્ણનારાયણ વાસ કરે છે. તેવું તે વિશાળ ક્ષેત્ર સો યોજનના વિસ્તારવાળું છે. વળી પ્રાયઃ સમુદ્રથી વ્યાપ્ત અને ત્રણેય બાજુ પહેલાની જે પૃથ્વી તેનાથી યુક્ત છે. (સૌરાષ્ટ્ર ભગવાન શ્રીકૃષ્ણે આપેલ મણિના વિસ્તારથી થયેલ હોઈ પૃથ્વી પર તેનો સમાવેશ ના કરતા પહેલાની પૃથ્વી આવું લખેલ છે.) આવું આ સ્થાન દર્શનમાત્રથી લોકોના પાપ અને તાપને નાશ કરનારૂ છે. જ્યાં સાધુઓના, સાધ્વીઓના, યોગિનીઓના, મહાન સાત્ત્વિકોના, પૃથ્વીની રક્ષા કરનારાઓના, જ્ઞાનીઓના, તપસ્વિઓના, બ્રહ્મચારીઓના, લોકનું કલ્યાણ કરનારાઓના, ભગવદ્‌ભક્તા નારીઓના, સાધુ-ભક્તોના, સાધુ અને ભગવાન માટે દેહ અને સર્વસ્વ સમર્પિત કરનારાઓના અને ભગવાન શ્રીસ્વામિનારાયણને સર્વસ્વ અર્પણ કરનારા અને સેવનારાઓના સમૂહો નિવાસ કરીને રહે છે. જ્યાં વિષ્ણુના કળા અને વિભૂતિ અવતારો થાય છે. તે પુરાતનક્ષેત્ર મારૂ આસન છે.

હે દેવિ ! હું તે મહાનક્ષેત્રનું સ્મરણ કરું છું અને પરમશાંતિને પામુ છું. વળી તમારું જ્યારે સ્મરણ કરું છું ત્યારે તે જ ક્ષણે સમાધિમાંથી બહાર આવું છું. આવું મને પ્રિય એવું આ ક્ષેત્ર કલ્પના અંતે કાર્ષ્ણવલ્લભ તથા તમારા યોગે કરીને પાર્વતક્ષેત્ર એવા નામે વિખ્યાત થશે. હે મહાદેવિ ! તે ક્ષેત્રમાં સમુદ્ર તટે એકાંતમાં મેં મારૂં ગુપ્તસ્થાન કરી રાખ્યું છે. તે સ્થાનમાં હું નિવાસ કરું છું. યુગે-યુગે તીર્થો ઉત્પન્ન થાય છે અને લય પામે છે. જે શાસ્ત્રોના અભ્યાસી નથી તેઓથી આ ક્ષેત્રને ગુપ્ત રાખવું તે જ બરાબર છે. પૃથ્વી પર સૌરાષ્ટ્રમાં પ્રગટ થનારા પ્રભુ અનાદિશ્રીકૃષ્ણનારાયણના મહાત્મ્યને નહિ જાણનારા પાપીઓ તેમની નિંદા કરે છે અને જ્ઞાન વિનાના તેઓ આ તીર્થ છે પેલુ તીર્થ છે એમ કહી ભટક્યા કરે છે પરંતુ ગૃહમાં જ રહેલા (પોતાના જ પ્રાંતમાં રહેલા) પરમ તીર્થને જાણતા નથી. ભગવાન નારાયણ મીન-શૂલ-ધનુષ્ય-ધ્વજ-વજ્ર-સ્વસ્તિક અને ચક્ર આટલા ચિન્હો વડે ગોચર થાય છે. (પ્રત્યક્ષ જાણી શકાય છે.)

હે દેવિ ! રાધિકા, પાર્વતી, લક્ષ્મી, માણિકી, સુપ્રભા અને તમામ તત્ત્વોના સ્વામી અને પતિ એવા શ્રીકૃષ્ણવલ્લભ નામક પુરૂષોત્તમને હું ભજું છું. પરમધામમાં સ્થિત, અશ્વપટ્ટ સરોવરમાં સ્થિત, લોમશના આશ્રમમાં સ્થિત, કોટિ-કોટિ ગોપીઓના પતિ પ્રભુ અને સ્વામીનો જ્યાં કલ્પ કલ્પાંતરોમાં પણ સદા નિવાસ છે તેવા તે પુરાતન સ્થાનનુ હું નિત્ય સ્મરણ કરું છું. અન્ય શ્રેષ્ઠ તીર્થોમાં મારૂં મન

સ્થિર થતું નથી. પણ કુંકુમવાપિકા તીર્થમાં મારૂ મન તમામ રીતે સ્થિર થાય છે. તેથી સહજ પણે નિત્ય મનમાં તે સ્થાનનું સ્મરણ થયા કરે છે. જેવું હું તે ક્ષેત્રનું સ્મરણ કરું છું તેવા જ શ્રીકૃષ્ણનારાયણ જાણે કે મારા પુરાતન મિત્ર હોય તેમ મંદહાસ્ય કરતા થકા મારી પાસે આવે છે. વળી અનેક દિવ્ય ભાવો વડે લીલાઓ વડે અને કલ્પાંતરોમાં ધારણ કરેલ રૂપો વડે મને રમાડે છે.

હે પ્રિયે ! જેમ મારૂ મન તે ભગવાનમાં ગુંથાયેલું છે અને છુટું પડતું નથી તેમ તે અનાદિ શ્રીકૃષ્ણનારાયણ પણ મને પોતાનામાં આકર્ષિત કર્યા કરે છે. મને મુક્તા નથી અને મારી બુદ્ધિને પોતાના સ્વરૂપમાં નિરોધિત કરે છે. હે કાન્તે ! હે મહેશ્વરિ ! હે પ્રિયે ! તમો પણ આવા અં પરમક્ષેત્ર અને અનાદિશ્રીકૃષ્ણનારાયણનું સ્મરણ કરો. આમ ભગવાન શંકર દ્વારા કહેવાયેલી દેવી પાર્વતી કુંકુમવાપિકા તીર્થના માહાત્મ્યના શ્રવણ માત્રથી બ્રહ્માનંદથી પરિપ્લુત (ઓળઘોળ) અને બ્રહ્મમાં તન્મય અવસ્થાવાળી થઈ તેટલામાંજ તેમના હૃદયમાં કોટિ કંદર્પોથી પણ સુંદર એવા શ્રીકૃષ્ણનારાયણ દિવ્યરૂપ ધારણકરનાર બાળકના રૂપે પ્રગટ થયા અને કહેવા લાગ્યા કે માતા ! તમે મારા ક્ષેત્રમાં કેમ ક્યારેય નથી આવતા ? આમ કહી પાર્વતીને નમસ્કાર કરી તેજોમંડળના મધ્યમાં રહેનારા કોટિકાન્તાકાંતે સેવિત એવા સાક્ષાત પોતાના દર્શન આપ્યા. ત્યારપછી યુવાવસ્થાવાળા અને અક્ષરધામના મુક્તોએ વિંટાયેલા એવા ત્યારપછી ગોલોકમાં સ્થિત દ્વિભુજ અને ગોપી-ગોપના ગણોથી પૂજાયેલા એવા ત્યારપછી વૈકુંઠમાં સ્થિત ચતુર્ભુજ અને રમા-લક્ષ્મી ઈત્યાદિ વડે પૂજાયેલા એવા દર્શન આપ્યા પછી કૈલાસમાં સ્થિત, નાગસૂત્રવાળા, હિમ સમાન ઉજ્જવળ, અત્યંત દ્રઢ શરીરવાળા, યુવાવસ્થાવાળા, જટાજૂટશિરાઓવાળા શંકરના સ્વરૂપે તે થયા, આમ પોતાના દર્શન આપી પછી અન્તર્ધાન થયા. તેથી મહદ્ આશ્ચર્યને પામેલી સતી પાર્વતી સમાધીમાંથી જાગ્યા અને પતિ એવા શંકરને કહેવા લાગ્યા.

હે કાન્ત ! મેં તે ક્ષેત્રના દર્શન કર્યા અને શ્રીકૃષ્ણનારાયણના દર્શન કર્યા. એ અચ્યુત પતિના દર્શન પામીને હવે હું કૃતકૃત્ય થઈ છું. સૌથી પર અક્ષરધામમાં જે પુરુષોત્તમનારાયણ બિરાજે છે તે જ પુરુષોત્તમનારાયણ શ્રીકૃષ્ણનારાયણ રૂપે અશ્વપટ્ટ સરોવરે વર્તે છે. વળી ગોલોકમાં, વૈકુંઠમાં, કૈલાસમાં અને મારા પતિ સ્વરૂપે બિરાજીત આપ પણ તે પુરૂષોત્તમનારાયણ છો. એવું મે હૃદયમાં (સમાધિમાં) જોયું છે. હવે મને તે વિશાળ ક્ષેત્રની માહિતી કહો મને સાંભળવામાં ઘણો આનંદ થાય છે. હે શંભો ! આજે મેં જાણ્યું કે, કુંકુમવાપિકાતીર્થ તમામ તીર્થોમાં ઉત્તમ છે. તેથી તેનું માહાત્મ્ય મને કહો. વળી કુંકુમવાપિકા ક્ષેત્રમાં કેવી રીતે જપ-તપ દાન હોમ ઈત્યાદિ સુકૃતો અક્ષય ફળને આપનારા થાય છે ? તથા આ ક્ષેત્રના વર્તુળની સીમા અને ક્ષેત્રનો સાર પણ મને કહો. કારણ કે તમને આ બધા દૃશ્ય હસ્તામલકવત્ છે. (હાથમાં રહેલા આમળાની જેમ દેખાય છે.) ત્યારે શંકરે કહ્યું કે હે દેવેશિ ! સૌરાષ્ટ્ર તો મને પ્રિય છે. વળી કુંકુમવાપિકાતીર્થ મને અને શ્રીકૃષ્ણને પ્રિય છે. પ્રભાસથી ગિરનારથી અને જામનગરથી શેત્રુંજી નદી સુધીનું જે ક્ષેત્ર છે તે મને પ્રિય છે. જ્યાં નિત્ય સ્વયં ભગવાન અચ્યુત નિવાસ કરીને રહે છે. વળી જ્યાં ઋષિ લોમશ, બ્રહ્મા અને હું નિવાસ કરીને રહું છું.

સો યોજનના વિસ્તારવાળું તે સૌરાષ્ટ્ર મંડળ ભગવાન શ્રીકૃષ્ણે આનર્તને આપેલા દિવ્ય મણિથી ઉત્પન્ન થનારું દિવ્ય અને સદા પ્રાણીઓને મોક્ષ દેનારું છે. જેના પશ્ચિમમાં ગિરનાર, પૂર્વમાં શેત્રુંજો પર્વત, ઉત્તરમાં જામનગર અને દક્ષિણમાં સોમનાથ છે અને મધ્યમાં અશ્વપટ્ટ સરોવર

અને કુંકુમવાપિકા છે. જે સૌરાષ્ટ્રમાં ભદ્રા (ભાદર), હિરણ્યા, સ્વર્ણરેખા (સોનરખી), ઓજસ્વતી, હરિણિ, ઉન્મત્તગંગા (ઘેલા), શત્રુંજિતા (શેત્રુંજી) સરસ્વતી, નાગનદી, ગોમતી અને કૃષ્ણા. આ શ્રીહરિની પ્રિય દિવ્ય અને ભવથી તારનારી નદીઓ સર્વદા રહે છે. વળી ન્યંકુમતિ, વજ્રિણી, માહેશ્વરી, મહાસતી આ તીર્થો સિંહારણ્યમાં સ્થિત છે. વળી ભગવાન શ્રીકૃષ્ણનારાયણની ઈચ્છાથી સૌરાષ્ટ્રમાં જે બીજા તીર્થો, વાવો, કુવા, તળાવો, હ્રદો, સરોવરો, નદીઓ, વૃક્ષો, દેવાલયો અને સંતોના નિવાસ સ્થાનરૂપ ગામો આ બધા અત્યંત પુણ્યમય અને પાપોને હરનારા છે.

સૌરાષ્ટ્રનં મધ્યભાગમાં હરિ એવા શ્રીકૃષ્ણનારાયણ, ઉત્તરમાં ગોલોકાધિપતિ પ્રભુ શ્રીવાસુદેવ, પશ્ચિમમાં વામનદેવ, દક્ષિણમાં સોમનાથ અને પૂર્વમાં શ્રીગોપીનાથજી છે. આ સર્વે ભવથી તારનારા છે. સૌરાષ્ટ્રના મધ્ય ભાગમાં કોઈ નિકૃષ્ટકર્મ કરનારો, પાપી કે શઠ પણ નિવાસ કરે તો તે પણ સર્વપાપ થકી મુકાય છે. હે દેવિ ! મધ્યભાગમાં તમારી સાથે હું પણ નિવાસ કરીને રહું છું. વળી ત્યાં બ્રહ્માદિક દેવતાઓ પણ રહે છે અને યોગિઓ, સાધુઓ વિગેરે લોમશ મુનિની પરિચર્યા કરે છે. જે કાંઈ અશુભ કર્મો માનવબુદ્ધિએ કરાયેલા હોય તે સર્વે અહિં શ્રીકૃષ્ણનારાયણના આશ્રયથી નાશ પામે છે. ત્યાં ગોપાલેશ્વર એવા નામથી હું સ્થિત છું. પણ કલ્પોના અસંખ્યપણાથી લોકો મને જાણતા નથી. તમારા સ્નેહ અને ભક્તિ વડે મેં તમને કહ્યું કે હું અહિં નિત્ય વૈષ્ણવ બનીને (સૌરાષ્ટ્રના) મધ્યભાગમાં સર્વદા નિવાસ કરીને રહું છું. યજ્ઞ, દાન, જપ, હોમ, સ્વાધ્યાય, પિતૃતર્પણ, ચાંદ્રાયણ, ઉપવાસ, તથા તીર્થાદિકનુા અનેકોવાર આચરણ કરવાથી જે પદ મળે છે તેનાથી ક્યાંય વધુ શ્રેષ્ઠ અક્ષર નામક શ્રીહરિનું જે મહાન ધામ તે સૌરાષ્ટ્રના મધ્યભાગમાં નિવાસ કરવાથી મળે છે. તિર્યક્ યોનીવાળાઓ, પશુઓ, પક્ષીઓ, કૃમિકીટ પતંગાદિક, જળ અને સ્થળમાં વાસ કરનારાઓ, સ્થાવરો, જંગમો, બાળકો, વૃદ્ધો, નરનારીઓ, ચાંડાળો, કુબુદ્ધિવાળાઓ અને વિયોનિજ દેહીઓ પણ સૌરાષ્ટ્ર પ્રાંતના મધ્યભાગમાં નિવાસ કરવાથી મુક્ત થાય છે.

લાંબી આયુષ્યવાળા લોમશ, નારસિંહ, સનકાદિકો, માર્કણ્ડેય, પંચશિખ, વોઢુ, આસુરિ, દત્તાત્રેય, હનુમાન, ગણેશ, વ્યાસ, જામ્બવાન કપિલ અને એવા અન્યો તે ક્ષેત્રમાં નિવાસ કરે છે. તેના પ્રતાપથી મધ્યભાગવાસી જીવાત્માઓ મુક્ત થાય છે. સૌરાષ્ટ્રમાં દશ હજાર અર્બુદ અને ત્રણ કરોડ ઋષિઓ નિત્ય અદ્રશ્ય રૂપે નિવાસ કરે છે. હે સતિ ! મેરૂના ગુણો કહેવા શક્ય છે. સમુદ્રના બિંદુઓ ગણવા શક્ય છે પણ શ્રીકૃષ્ણનારાયણના આ દિવ્ય ક્ષેત્રના ગુણો કરોડો વર્ષે પણ કહી શકાય તેમ નથી. આમ દેવી પાર્વતીને કહીને ત્યાર પછી શંકર વિરામ પામ્યા. હે લક્ષ્મિ ! તમારા પતિ અને શ્રીકૃષ્ણનારાયણ એવા મારા તે પુણ્યક્ષેત્રનું માહાત્મ્ય સાંભળીને પાર્વતી શ્રીહરિનું સ્મરણ કરવા લાગી અને ધ્યાનમાં સ્થિત થઈ નિત્ય તે મુક્તિ દેનાર અનાદિ શ્રીકૃષ્ણનારાયણક્ષેત્રનું (કુંકુમવાપિકાક્ષેત્રનું) સ્મરણ કરતી હતી. આ માહાત્મ્યને સાંભળવાથી, વાંચવાથી, સ્મરણ કરવાથી કે વંદન કરવાથી આ ક્ષેત્ર જીવોને સમ્પદા ભુક્તિ અને મુક્તિ આપનારૂં છે.

ઈતિ શ્રીલક્ષ્મીનારાયણસંહિતામાં પ્રથમ કૃતયુગ સન્તાનમાં સૌરાષ્ટ્રમાં કુંકુમવાપિ તીર્થક્ષેત્રનો મહિમા પાર્વતી પ્રત્યે શંકરે કહ્યો તે વર્ણન નામક પાંચસો ચોત્રીસમો અધ્યાય ॥૫૩૪॥

❋શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જન્મકુંડળીના દર્શન❋

જન્મ સમય : વિક્રમ સંવત ૧૯૬૧, શાકે ૧૮૨૭, આશ્વિન કૃષ્ણ અષ્ટમી, શનિવાર, ઘડી ૪૬-૨૯, પુનર્વસુ ઘડી ૧૨-૪૬, સિદ્ધિયોગ ઘડી ૨૨-૧૧, બાલવ કરણ ઘડી ૧૬-૫૬, દિન માન ઘડી ૨૮-૧૧, રવિ ઉદય ૬-૨૨, અસ્ત ૫-૩૮, જન્મ તારીખ ૨૧-૧૦-૧૯૦૫, સમય પ્રાતઃકાળે બ્રાહ્મમુહૂર્તમાં ૪-૪૨ કલાકે. માતા-કંભરાલક્ષ્મી, પિતા-ગોપાલકૃષ્ણ, બાળપણનું નામ- કુંવરજી, જન્મસ્થળ : મોટી કુંકાવાવ, જિ.અમરેલી, સૌરાષ્ટ્ર.

શ્રીજન્માંગ કુંડળી



શ્રી નવાંશ કુંડળી



શ્રીજન્મચંદ્રલગ્ન કુંડળી



શ્રી જન્મલગ્ન યલિત (ભાવ) કુંડળી



પ્રાતઃકાલના ગ્રહો :-

સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.	કેતુ
૬	કર્ક	૮	૬	૧	૫	૩૦	૪	૧૦
૪	ના	૨૦	૯	૧૩	૭	૦	૪	૪
૯	૦	૩૬	૫૦	૩૯	૩૪	૪૦	૨૮	૨૮
૩૬	૦	૬	૪૮	૩૨	૩૩	૩૩	૨૭	૨૭
૫૯	૦	૪૨	૧૦૪	૨	૭૩	૩૫	૩	૩
૫૧	૦	૩૮	૪૪	૧૬૧	૮	૧	૧૧	૧૧

સૂર્યોદય પહેલાં

પ્રાતઃ જન્મ સમય
લગ્ન : તુલા રાશી
લગ્નમાં : તુલાના સૂર્ય તથા બુધ
ત્રીજે : ધનનો મંગળ
પાંચમે : કુંભના શની, કેતુ
આઠમે : વૃષભનો ગુરુ
દશમે : કર્કનો ચંદ્ર
અગિયારમે : સિંહનો રાહુ
બારમે : કન્યાનો શુક્ર.

❋ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું સવિસ્તાર જીવન ચરીત્ર ❋

ભારતમાં પશ્ચિમ સૌરાષ્ટ્રમાં કાઠિઆવાડમાં બીલખા રાજ્યના તાલુકા એવા 'આ મોટી કુંકાવાવ' નામના નગરમાં રાજકીય પટેલ દેવાણી લીમ્બા- પટેલને પાંચ પુત્રો હતા. ૧-લક્ષ્મણ પટેલ, ૨-ગોવિંદ પટેલ ૩-હરજી પટેલ, ૪-માવજી પટેલ, અને ૫-ગોપાળ પટેલ. તેઓ દ્વિજધર્મો પાળતા હતા. પાંચમા પુત્ર ગોપાળકૃષ્ણના ધર્મપત્ની કમ્મરદેવીએ વિક્રમસંવત ૧૯૬૧માં આશ્વિન વદી આષ્ટમી શનિવાર ઈસવીય સન તારીખ ૨૧, ૧૦, ૧૯૦૫માં સવારે સુર્યોદય પહેલા તૃતીય પુત્રને જન્મ આપ્યો હતો, તે વખતે કર્ક રાશિના ચન્દ્રમા હતા. તે પુનર્વસુમાં પ્રવેશતા હોવાથી ક-અક્ષર ઉપર કુંવરજી નામ ધાર્યું હતું. પાંચમે વર્ષે ગુજરાતી નિશાળે બેસાર્યા હતા. દશમે વર્ષે જુનાગઢ તીર્થ-સમૈયો કરવા જેઠ સુદી અગ્યારશ ઉપર માવજી બાપા સાથે ગયા હતા, ત્યાં રોકાણા હતા, પાછા ઘેર આવ્યા હતા, છ ગુજરાતી ભણી લીધી હતી.

તેરમે વર્ષે ફાગણવદી અગ્યારશના નિજ માતાજીની 'બેટા ખૂબ ભણજે' એવી આશિષો લઈ જેતપુર મન્દિરે ગયા હતા. ત્યાં સંસ્કૃત પાઠશાલામાં વિશ્વનાથશાસ્ત્રીજી પાસે પ્રાથમિક સંસ્કૃત-અભ્યાસ ચાલુ કર્યો હતો. લઘુકૌમુદી સમ્પૂર્ણ કરી હતી, ચઉદમે વર્ષે સંવત ૧૯૭૫માં ગુજરાત દેશમાં દંઢાવ્યમાં પંચતીર્થી કરી હતી. તથા બુરાનપુર સુધી યાત્રા કરી હતી, ચૈત્રશુકલ એકાદશીએ વડતાલમાં શ્રીપતિપ્રસાદજી મહારાજથી ત્યાગી દીક્ષા લીધી હતી, જુનાગઢમાં શાસ્ત્રીજી શ્રીબાળકૃષ્ણાનન્દજી પાસે સિદ્ધાન્ત - કૌમુદી ભણ્યા હતા, પુરાણી શ્રીહરિનારાયણદાસજી પાસે કાવ્યો ભાગવત ભણ્યા હતા, સમયાનુસાર અદીક્ષિત થઈને ઓળીયા ગામે મામાને ઘેર એક વર્ષ રહેવાનું થયું હતું.

પછી સદ્‌ગુરુઓ સાથે ફરીથી આવીને જેતપુરથી તીર્થોમાં સિદ્ધપુર, પુષ્કરરાજ, મથુરા, ગોકુલ, વૃન્દાવન, અયોધ્યા, છપૈયા, પ્રયાગરાજ, ગયાજી, કલકત્તા, ખડગપુર, જગન્નાથ, કટક, કાલીમટી, બિલાસપુર, સાવદા, બુરાનપુર, આદિક તીર્થોમાં ફર્યા હતા. બુરાનપુરમાં શ્રીપતિપ્રસાદજીમહારાજના હસ્તક યજ્ઞના દર્શન કરી, મુમ્બઈ, સુરત, ભરૂચ, વડોદરા, વડતાલ, અમદાવાદ, જેતલપુર, મૂળી, રાજકોટ, ગોંડલ, જેતપુર, અને જુનાગઢ આવ્યા હતા.

સંવત ૧૯૭૬માં ગઢપુરમાં કાર્તિકશુકલ એકાદશીએ ફરીથી ત્યાગીદીક્ષા શ્રીપતિપ્રસાદજી મહારાજથી લીધી હતી, ગુરુદ્રોહી ન થવું, એવો ઉપદેશ મળ્યો હતો.

સંવત્ ૧૯૭૭માં જુનાગઢ ભીમ એકાદશીના સમૈયામાં સત્સંગિજીવન દ્વિતીયપ્રકરણની કથા કરી હતી, પછી વડતાલ તથા વડોદરા એક વર્ષ અભ્યાસ કર્યો હતો, મૂલી વસન્તપંચમીનો સમૈયો કર્યો હતો.

સંવત્ ૧૯૭૮માં શ્રાવણમાં જુનાગઢમાં શ્રીપતિપ્રસાદજી મહારાજ પધાર્યા ત્યારે

સત્સંગિજીવનનું પારાયણ શ્રીનારાયણદાસજી સ્વામીકૃત સભામંડપમાં વાંચ્યું હતું, રાણા દિવાન, તથા વડોદરાના મહામહોપાધ્યાય બદરીનાથ શાસ્ત્રીજી તે પ્રસંગમાં ઉપસ્થિત હતા, લક્ષાવધિ માનવમેદિની ભગવાનની કથાનો લાભ લેતી હતી.

સંવત્ ૧૯૭૯ના આશ્વિનમાં જનમંગળના દસહજાર પાઠ વિદ્યાપ્રાપ્તિ થવા નિયમિત કર્યા હતા, અગ્યાર દિવસ ૦।। - પાશેરનો એક પેંડો દરરોજ જમીને પાઠનું વ્રત પૂરું કર્યું હતું.

સંવત્ ૧૯૮૦ના માઘ સુદ ૮-આઠમે પ્રેમવતીદાસને સાથે લઈ કાશી ભણવા પહોંચ્યા હતા, રણછોડગોરના રામ-મંદિરમાં એક માસ રહ્યા હતા, બે માસ સારસ્વત બ્રાહ્મણના મકાનમાં રહ્યા હતા, પછી ચોખંબા બજારમાં નિર્મલસંસ્કૃતપાઠશાળામાં રહીને પંડિત રાધાકાન્તઝા મૈથિલી નૈયાયિક પાસે તર્કસંગ્રહ ભણ્યા, તથા ન્યાયસિદ્ધાન્તમુક્તાવલી માથુરી જાગદીશી પંચલક્ષણી ભણ્યા હતા.

સંવત્ ૧૯૮૧માં જુનાગઢ આવી ઘનશ્યામચરણદાસજી પુરાણીની જોડ્ય કરીને કાશી ગયા હતા, ત્યાં પોરબંદર રાણા સાહેબ દરબારના તરફથી ચાલતા અન્નક્ષેત્રમાં ભોજન જમવા ચાલુ કર્યું હતું.

સંવત્ ૧૯૮૨, ઈસ્વીસન ૧૯૨૬માં ગવર્નમેન્ટ સંસ્કૃત ક્વિન્સ કૉલેજની ન્યાયમધ્યમા પરીક્ષા આપી હતી તેમાં પાસ થયા હતા. માઘમાં કુંભના સ્નાન માટે હરિદ્વાર ગયા હતા, ચૈત્રમાં છપૈયા, પંઢેરી, ગયા હતા, એક મહિનો શંકર ભગત કોઠારીના આગ્રહથી રોકાયા હતા, આચાર્યશ્રી આનન્દપ્રસાદજી મહારાજના દ્વિતીય-વિવાહ 'બનઘૂસરા' ગામે થયો ત્યારે શ્રીપતિપ્રસાદજી મહારાજ તથા કુંજવિહારીપ્રસાદજી મહારાજ તથા સદ્‌ગુરુ સ્વામી શ્રીનારાયણદાસજીસ્વામી તથા ગઢપુરના હરિસ્વરૂપાનન્દજી બ્રહ્મચારી વિગેરે તે વિવાહ પ્રસંગે પધરી પધાર્યા હતા. કંકોતરીના શ્લોકો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ રચ્યા હતા, તે વિવાહકાર્ય થઈ ગયા પછી સદ્ સ્વા. શ્રીનારાયણદાસજી વિગેરે સન્તમંડળ કાશી પધાર્યા હતા.

સંવત્ ૧૯૮૩માં હરિદ્વારના કુંભમાં ૧ માસ સ્નાનાર્થ બ્રહ્મગોડા દશનામસંન્યાસી આશ્રમમાં ભગવાન રોકાણા હતા, વિષ્ણુસહસ્રનામ જપ તથા ગંગાસ્નાન અને ગીતા પાઠ શિવમંદિરમાં કરતા હતા.

સંવત્ ૧૯૮૩માં નવ્યન્યાયશાસ્ત્રીનો પ્રથમ ખંડ પાસ કર્યો હતો.

સંવત્ ૧૯૮૪ અને **૧૯૮૫**માં બે વર્ષે દ્વિતીય ખંડ પાસ કર્યો હતો. કાશીમાં બ્રાહ્મણ મહાસમ્મેલન દ્વારા જ્ઞાનવાપીના મેદાનમાં ભરેલી વિદ્વાનોની વિરાટ સભામાં સંસ્કૃતમા

વ્યાખ્યાન આપ્યું હતું, જે તે વખતના 'આજ' નામના દૈનિકમાં સંક્ષિપ્ત છપાયેલ હતું, ત્યારબાદ ટાઉનહૉલની મહાસભાઓમાં અને અન્ય અન્ય કાશીના સ્થળોની પંડિતસભાઓમાં અનેકવાર સંસ્કૃતમાં વ્યાખ્યાનો આપ્યા હતાં, પ્રયાગરાજના સ્નાન-મહોત્સવ પ્રસંગે કુંભમાં એક મહિનો જાહેર શાસ્ત્રાર્થો રાખ્યા હતા, પંડિતો આચાર્યો શાસ્ત્રીઓ અને વિદ્યાર્થીઓના યોજેલ શાસ્ત્રાર્થોમાં વખતોવખત બેસતા હતા, વિજય મેળવતા હતા.

સંવત્ ૧૯૮૬માં નવ્યન્યાયશાસ્ત્રી તૃતીયખંડ પાસ કર્યો હતો, તથા સાંખ્યકારિકાનું સંસ્કૃતસ્વામિનારાયણભાષ્ય લખ્યું હતું, તથા ગૌડપાદભાષ્યનું ટિપ્પણ-કિરણ લખ્યું હતું.

સંવત્ ૧૯૮૭માં નવ્યન્યાયનો આાચર્યનો પ્રથમ ખંડ ભણીને જુનાગઢ પધાર્યા હતા, સદ્‌ગુરુ સ્વામી શ્રીકૃષ્ણચરણદાસજીના દર્શન થયા હતા, પછી તેઓ અક્ષરધામ પધાર્યા હતા. પછી જેતપુર જઈને બે દિવસો જાહેર સભાઓ કરી હતી, ત્યાંથી પોરબંદર પધાર્યા હતા, ત્યાં સુદામાજીના મંદિરમાં ત્રણ દિવસો જાહેર વ્યાખ્યાનો આપ્યા હતા, બાહેરના ભાગવતાનન્દજી તથા બીજા વિદ્વાનો સંકર્ષણાચાર્ય વિગેરે સાથે સંસ્કૃતના વેદાન્તન્યાયમાં શાસ્ત્રાર્થો થયા હતા, ભગવાનનો વિજય થયો હતો. પાણ્ડીચેરીના અરવિન્દ ઘોષ - આશ્રમના માતાજી તથા શાંતિલાલ તથા તેના પિતા સ્ટેટ ઍન્જિનિયર મણિલાલભાઈ આદિક ભગવાનની સેવા પૂજા આશીર્વાદના લાભ લેતા હતા. ત્યાંથી જુનાગઢ પધાર્યા હતા, નાગર અધિકારી અનંતરાયભાઈના અધ્યક્ષપણામાં અનંતધર્માલય-સ્થાનમાં બે દિવસ જાહેર સભા વ્યાખ્યાનો વેદાન્ત મતો ઉપર કર્યા હતા. ત્યાંથી ગોંડલ પધાર્યા હતા ત્યાં બે દિવસ જાહેરસભાઓમાં વ્યાખ્યાનો આપ્યા હતા, ત્યાંથી રાજકોટ પધાર્યા હતા, ત્યાં સદ્‌ગુરુ સ્વામી નારાયણદાસજીના અક્ષરધામ પધાર્યા પછી શ્રીહરિલીલા કલ્પતરુનું સમ્પૂર્ણ પારાયણ બદરિકાશ્રમવાડી રાજકોટમાં બોરડી નીચે વાંચ્યું હતું, એકવીશ દિવસે પારાયણ પુરું થયું હતું. ત્યાર બાદ દરબારશ્રી અર્જુનસિંહજીભાઈએ શ્રીબાળમુકુન્દ ભવન બંગલે રાજ્યની ચાંદીની વિક્ટોરિયા ગાડીમાં વિરાજમાન કરી છડી છત્ર સહિત સામૈયું કરી પધરાવ્યા હતા. ત્યાંથી કાશી પધાર્યા હતા અને યોગસૂત્રો ઉપર 'સ્વામિનારાયણભાષ્ય' લખ્યું હતું.

સંવત ૧૯૮૮માં 'શ્રીસ્વામિનારાયણવેદાન્તસાર' સંસ્કૃતમાં લખ્યો હતો, તથા નવ્યન્યાયાચાર્ય પ્રથમખંડ પાસ કર્યો હતો, અષાઢમાં નાસિકના કુંભમાં ગોદાવરી સ્નાન માટે ગયા હતા. ત્યાંના રામજીભાઈ મિસ્ત્રીને બંગલે ઉતર્યા હતા, લક્ષ્મીનારાયણના મોટા મંદિરમાં સંન્યાસી સંતો, વૈષ્ણવો, વિદ્વાનોની મહાસભામાં મોટા શાસ્ત્રાર્થમાં વિજય થયો હતો, સંન્યાસી મહાન્તે ભગવાનને સોનેરી જરીયાની મહામૂલ્યનો દુપટ્ટો સત્કારમાં ઓઢાડ્યો હતો. ત્યાંથી મુંબઈ જઈ રોકાઈને એક મહીને કાશીજી ગયા હતા. ચોમાસામાં શ્રાવણમાં કાશીથી દીલ્હી રસ્તે રાજકોટ ગયા હતા, ત્યાં હરિભાઈ સિન્ધિયા મિસ્ત્રીએ સત્સંગિજીવનનું પારાયણ શ્રાવણ સુદ પૂર્ણિમાએ બેસારવા ઈચ્છેલ તે વાંચવા રોકાયા હતા, શ્રાવણ સુદ તેરશના જુનાગઢ જઈ દર્શન

કરીને પારાયણ માટે રાજકોટ આવીને તે પારાયણ વાડીમાં પૂરું કર્યું હતું, વદ ૦)) અમાસ જૂનાગઢ કરી હતી, ભાદરવા સુદ ચોથ જેતપુર, સુદ આઠમ આંકડીયા, વદ પડવો-બીજ મોટી કુંકાવાવ તથા નાની કુંકાવાવ કરીને ભાદરવા વદ ચોથના કુંકાવાવથી આણંદ ભગતને સાથે લઈને જેતપુર પધાર્યા હતા, ભાદરવા વદ દશમ વડતાલ કરી હતી, એકાદશીના દર્શન કરીને વદ દ્વાદશીએ મુંબઈ ગયાં હતા, ૦)) અમાસે રાત્રે કાશી પહોંચ્યા હતા, ઈશ્વરાંક કલ્યાણ માસિકમાં ગોરખપુર હિન્દી લેખ મોકલ્યો હતો.

સંવત્ ૧૯૮૯મા નવ્યન્યાયાચાર્ય દ્વિતીય ખંડ પાસ થયા હતા, 'તર્કસંગ્રહ દીપિકા' ઉપર કિરણાવલી ટીકા લખી હતી.

સંવત્ ૧૯૯૦માં 'હિતોપદેશ-મિત્રલાભ'ની કિરણાવલી ટીકા લખી હતી, અને ચૌખંબા-સંસ્કૃત સિરિઝ પ્રેસને આપી દીધી હતી, પોષમાં ઈન્દોર-કલકત્તા પરીક્ષા કેન્દ્રમાં સાંખ્યયોગતીર્થ પરીક્ષા આપી હતી, પાસ થયા હતા, અષાઢ ગુરુપૂર્ણિમાએ હિતોપદેશ કિરણાવલી છાપી હતી.

સંવત્ ૧૯૯૧માં કાર્તિકમાસમાં પટણા, હરિહરક્ષેત્રમાં મહા ગંડકી નદી તથા ગંગાનદીના સંગમના જંગી મેળામાં સ્નાન માટે ગયા હતા, કાર્તિકવદમાં કાશી આવીને 'સ્વામિનારાયણ વેદાન્તસાર' સંસ્કૃત છપાવ્યો હતો, તથા કાશી નવ્યન્યાયાચાર્યના તૃતીય ખંડમાં પ્રથમવિભાગના પ્રથમ નંબરે આચાર્ય નવ્યન્યાયાચાર્યમાં પાસ થયા હતા, ઈન્દોર કેન્દ્રમાં વેદાન્ततીર્થ પરીક્ષામાં પાસ થયા હતા, ત્યાંથી મુમ્બઈ થઈ જેતપુર, આવીને રોકાણા હતા, ત્યાં જ્ઞાનવિલાસ, સુધાસિન્ધુ, શિક્ષાપત્રીભાષ્ય તથા હરિદિગ્વિજયની કથાઓ વાંચી હતી, ત્યાંથી કાલસારી, વિસાવદર, ગયા હતા. ત્યાંથી શ્રીઘનશ્યામમહારાજની મૂર્તિ પ્રતિષ્ઠામાં માણાવદર ગયા હતા, ત્યાંથી સરદારગઢ ગયા હતા, ત્યાંથી જેતપુર પધારીને રોકાણા હતા. સંવત ૧૯૯૧માં ગામ પીઠડીયાના દરબાર મૂળુવાલાની ભાદરવા સુદ નવમીની જન્મ ગાંઠે આશીર્વાદ આપવા ગયા હતા, જીળજીલણી એકાદશી ગઢપુર કરી હતી. દ્વાદશીએ આનન્દપ્રસાદજીમહારાજે સદ્ગુરુપદનો સત્કાર કર્યો હતો, પૂનમે બોટાદ જાહેર સભા કરી હતી, વદ બીજના સારંગપુર ગયા હતા, ત્યાં જાહેરપ્રવચન કર્યું હતું, હનુમાનજીના દર્શનનો લાભ લઈ વઢવાણ, વિરમગામ, મહેસાણા, જેપુર, અયોધ્યા, થઈ વદ દશમીએ કાશી પહોંચ્યા હતા, શ્રીવામાચરણભટ્ટાચાર્યજીવાળી વિવૃત્તિ ન્યાયપંચલક્ષણી, તથા સિંહવ્યાઘ્ર છાપ્યા હતાં, તથા હિન્દી શિક્ષાપત્રી લખી હતી, ૧૯૯૧ના ભાદરવા વદ ચૌદશના આણંદ ભગત દેશમાં ગયા હતા, આશ્વિનમાં હિન્દી વચનામૃતો લખવા આરંભ્યા હતા.

- આ ત્રીસ વર્ષો બાદ : સંવત ૧૯૯૨ની વસંત પંચમી માઘ સુદ પાંચમે ઉનાના શિખરોના ભર્યા ઉપર કાશીથી પરબારા ગયા હતા, ઉનામાં કળશ ચઢાવ્યાના ઉત્સવ નિમિત્તે સમૈયો હતો, જાહેર સભામાં પ્રવચન કર્યું હતું. ત્યાંથી આનંદપ્રસાદજી મહારાજ સાથે વળતી ટ્રેનમાં વેરાવળ,

જુનાગઢ, જેતપુર થઈ કાશી ગયા હતા, ત્યાં સાંખ્યતત્ત્વકૌમુદીની કિરણાવલી ટીકા રચી હતી. તેથી માઘસુદ તેરશમાં લક્ષ્મીલાભ વડે મદદ મળી હતી, અને વેદાન્તાંકમાં તથા સન્તાંકમાં 'કલ્યાણ'માં લેખો આપ્યા હતા. છબીઓ બ્લોકો છપાવ્યા હતા. ફાલ્ગુનથી અધિક ભાદરવા સુધી દહીં ભાતનું ભોજન કાયમ રાખ્યું હતું, અમદાવાદના ભણનારા હરિનારાયણદાસજી મલ્લસાધુ તથા ગઢપુરના ભક્તિવલ્લભદાસજીએ ભણવાનું દેશમાં ધારીને પાછા દેશમાં પોતાને મન્દિરે ગયા હતા, બીજા ભાદરવાથી તપોવ્રત શરુ કર્યું હતું, ભાદરવામાં સુવાપાલવની કાચી ભાજી અરધો શેર જમતા હતા, અશ્વિનમાં કાચું રતાળુ જમતા હતા.

સંવત ૧૯૯૩માં કાર્તિકમાં કાચાં શીંઘોડાં જમતા હતા, માગશરમાં કુટુનો મોથ્યનો બાફેલો ભાત જમતાં હતાં, પોષમાં શીંઘોડાના લોટના થેપલાં જમતાં હતાં, માઘમાં રાજગરાની પુરી જમતાં હતાં, ફાગણમાં કલકત્તામાં તીર્થ પરીક્ષા આપવા ગયા હતા, ફલાહાર ચાલુ હતો. વડતાલના શાસ્ત્રી હરિબળદાસજી ગુરુ શાસ્ત્રી હરિકૃષ્ણદાસજીની કલકત્તામાં મહાંતાઈ હતી. તારીખ ૧૦-૨-૩૭ના સાંજે કલકત્તાથી કાલકા મેલમાં રવાના થયા હતા, તા. ૧૩-૨-૩૭ના સવારે રાજકોટમાં રામકૃષ્ણમીશન તરફથી રાજકોટના જ્યુબીલીના ટાઉનહૉલમાં સર્વધર્મ પરિષત્ ભરાણી હતી, તેમાં તા. ૧૪ના રોજ વ્યાખ્યાન હતું, સંસ્કૃતમાં વ્યાખ્યાન આપ્યા હતા, તથા ગુજરાતી પ્રવચન આપ્યાં હતાં. તા. ૧૫મીએ મહા પ્રોસેશન સાથે ધોળા ઘોડાની દરબારી છડી છત્રવાળી ચાંદીની ઝળકતી વિક્ટોરિયા ગાડીમાં શહેરમાં ફેરવ્યા હતા, બધા દર્શન કરતા હતા. ફૂલહાર, ચોખા, પુષ્પો વડે પૂજા સત્કાર થતા હતા, બેન્ડવાજા વાગતા હતા, જયજયકાર બોલાતો હતો, ઘણો સત્કાર પામ્યા હતા. ફળાહાર ચાલુ હતું. તા. ૧૬-૨-૩૭ના જેતપુર આવી તા. ૧૮મીએ ગઢપુર થઈ તા. ૧૯મી એ અમદાવાદ થઈ તા. ૨૧મીએ મથુરા ગયા હતા. તા. ૨૫મીએ અયોધ્યા ગયા હતા, ત્યાંથી તા. ૨૭મીએ ચાલીને મખોડા તીર્થ તથા છપૈયા ગયા હતા, ત્યાં રોકાયા હતા. તા. ૩-૩-૩૭ના અયોધ્યા આવીને કાશીજી પધાર્યા હતા, ફલાહાર ચાલુ જ હતુ. કાશીમાં તીતીના લાલ ચાવલનું ફલાહાર એક માસ ચાલુ રાખ્યું હતું, સાંખ્યકારિકાનું સ્વામિનારાયણ ભાષ્ય છાપ્યું હતું, તથા ન્યાયસિદ્ધાન્ત મુક્તાવલી ઉપર કિરણાવલી ટીકા લખી હતી. સંવત ૧૯૯૩ (તા. ૭-૫-૩૭ના) ચૈત્રવદી બારશ શુક્રવારે તે ટીકા પૂર્ણ લખાઈ રહી હતી, અને માસ્ટર ખેલાડીલાલને છપાવીને આપી દીધી હતી. ચૈત્રમાં બટેકાં, વૈશાખમાં વટાણાં, જેઠમાં આમ્રફળ, ફલાહાર કરતા હતા. અષાઢમાં આંખ્યોમાં ઝાંખપ આવતી જણાઈ, તેથી ભાતદૂધ દહીં ભોજન ચાલુ કર્યું હતું.

સંવત્ ૧૯૯૩ ચૈત્રવદી ચૌદશ રવિવાર તા. ૯-૫-૩૭ના શિવપુર મહોત્સવ સભા હતી, સરકારી પોલીસ લાઈનમાં સેવા મંડળીને હાર તોરા કરાયા હતા, ત્યાંના પ્રમુખ ગુરુજીનું કામ વિસર્જન થયા બાદ પંડિતમંડળને બગીચે રોકાયા હતા, વૈશાખ પૂનમની સમ્મેલન સભા હતી, વૈશાખ વદ પડવા મંગળવારે તા. ૧૧-૫-૩૭ના કાશીજી ગંગામાં પંડિતો સાથે ગૌઘાટ તરફ મોટા પૂલ સુધી વહાણમાં ગયા હતા, પછી છુટા થઈ નિવાસે આવ્યા હતા.

સંવત્ ૧૯૯૪ના ધનુર્માસમાં સુરત આવ્યા હતા, એક માસ વ્યાખ્યાનો આપ્યા હતાં, ભરૂચમાં એક માસ રહી સ્વામિનારાયણ ભાગવત અવલોકન કર્યું હતું, પોષ વદી દશમીએ વડતાલ દર્શનાર્થે ગયા હતા, શાસ્ત્રીઓનું સમ્મેલન લાઈબ્રેરીમાં થયું હતું, ગૌરવ વધ્યું હતું. માઘવદ ત્રીજથી ફાગણ સુદ ત્રીજ સુધી હરિલીલાકલ્પતરુનું પારાયણ બ્રાહ્મણી સંતોકબાઈ તરફથી રાજકોટ બોરડી નીચે બેસારાએલું વાંચ્યું હતું, પછી લોધિકા, કાળાવડ, જામવણથળી ગયા હતા, માવદાનજી કવિને 'રાજકવિરત્ન' પદવી સંસ્કૃતમાં લખી આપી હતી, રાજકોટ, લોધિકા, થઈને ફાગણવદી દશમ જેતપુર કરી હતી, ગામ તોરી ત્રણ દિવસો જઈ આવ્યા હતા, પછી જુનાગઢ સાત દિવસો રહ્યા હતા. વૈશાખવદી અષ્ટમીએ ભાવનગર ગયા હતા, એક શેઠનું ભાગવત પારાયણ વાંચ્યું હતું, વદી તેરસ ચૌદશના બે રોજ યશોનાથજી મેદાનમાં જાહેર વ્યાખ્યાનો આપ્યા હતાં. વૈશાખ અમાસે નટવરલાલભાઈ સુરતી સાહેબ નાયબ દિવાને તથા ત્રિભુવનદાસભાઈ વૃદ્ધ દિવાન સાહેબે ટ્રાપસ પોતાના બંગલાઓમાં પધરાવ્યા હતા, તથા મહામહોપાધ્યાય માટે લખાણ રાજકોટ મોકલાયા હતાં.

જ્યેષ્ઠ શુકલ ચોથ જેતપુર કરી હતી, દશમી, એકાદશી, દ્વાદશી, જુનાગઢ કર્યા હતા, તેરશ, ચતુર્દશી બે દિવસ સોરઠ-વંથળીમાં વણિક પબ્લીક હૉલમાં વ્યાખ્યાનો આપ્યાં હતાં, જુનાગઢ એક માસ રહ્યા હતા. શિકવેરા સાહેબે દીલ્હી મોકલવા, રાજકોટ કમિશ્નર સાહેબને એ.જી.જી. દ્વારા મહામહોપાધ્યાયની રાજકીય સત્કાર-ઉપાધિ માટે લખાણ મોકલાવ્યું હતું. અષાઢ વદી નવમીએ જેતપુર થઈ રાજકોટ ગયા હતા, દરબાર અર્જુનસિંહજીભાઈને બાળમુકુન્દભવન બંગલે શ્રાવણ સુદી ત્રીજ સુધી સ્વામી નિર્ગુણજીવનદાસજી સંતમંડળ સાથે રહીને અમદાવાદ ગયા હતા. અમદાવાદમાં અઢાર દિવસો સુધી જાહેર વ્યાખ્યાનો પ્રવચનો મંદિરના સભામંડપમાં ચાલુ રાખ્યા હતાં હીરના હિન્ડોળાનો મહોત્સવ એક માસ કર્યો હતો. ત્યાંથી નડીયાદ, આણંદ, ભરુચ, સુરત ગયા હતા, સુરતમાં અરદેશરજીને ત્યાં પ્રસાદીની પાઘના દર્શન કરી આરતી ઉતારી હતી, વડતાલના શાસ્ત્રી હરિબળદાસજી ન્યાય ભણતા, સાથે હતા, પછી તેઓ વડતાલ રોકાણા હતા. ભગવાન સુરતથી મુંબઈ ભાદરવા સુદ સાતમના જઈને ભાદરવા સુદ ચૌદશના કાશી ગયા હતા.

સંવત ૧૯૯૫ના માઘવદ છઠ્ઠના જેતપુર મૂર્તિ પ્રતિષ્ઠાના મહોત્સવમાં કથા વાંચવા પધાર્યા હતા, વસંતપંચમીથી ફાગણ સુદી પડવા સુધી રોકાઈને કાશી ગયા હતા, ત્યાં 'યોગદર્શન સ્વામિનારાયણભાષ્ય' તથા 'ભોજવૃત્તિ કિરણ' તથા 'ન્યાયાસિદ્ધાંતમુક્તાવલીકિરણાવલી' - મુદ્રિત ગ્રન્થો જાહેરમાં મેલ્યા હતા. ગ્વાલીયર સ્ટેટ દ્વારા રુપિયા ૧૭૫ - એકસો પંચોતેર પારિતોષિક ઈનામ આવ્યું હતું, પોષ્ટાચાર્યમાં દાખલ થયા હતા, ઈન્દોરના રાજકીય સંસ્કૃત મહાવિદ્યાલયમાં પ્રિન્સિપાલ તરીકે એક માસ નિમણુંક નિભાવી હતી, પાછા કાશી ગયા હતા.

સંવત્ ૧૯૯૬ના વૈશાખ સુદી સાતમના કાશીથી નીકળી વૈશાખ વદી દશમના આસામમાં કામરુપ કામાખ્યાના દર્શન કરી પંડ્યા રાધિકાપ્રસાદ હરિપ્રસાદ ગોરને બંગલે ઊતર્યા હતા, તથા ગવર્નરને બંગલે ગયા હતા. એક દિવસ રોકાઈને બ્રહ્મપુત્રા નદીમાં આગબોટમાં બેસીને એકાદશીના ગૌહટી શહેરમાં ગયા હતા, ત્યાંથી બારશના મણિપુર રોડ ગયા હતા, તેરશના સાદિયા શહેર ગયા હતા, ત્યાં સત્યનારાયણ ઠાકુરવાડી બાવા જમુનાદાસજીને મંદિરે ચાર દિવસ રોકાયા હતા, મારવાડી છોટા ગોલામાં વ્યાખ્યાન આપ્યા હતાં ત્યાં બે પોલિસમેન કૈસામને શ્રીહરિની કંઠીઓ બાંધી હતી, - પોલીસ-લશ્કરી લેનમાં પધરામણીઓ થઈ હતી, ત્યાંથી વૈશાખવદ ચોથના દીબ્રુગઢ ગયા હતા, ઓં-બાવાના મંદિરે ફલાહાર કર્યા હતા, શહેરમાં આણંદના વિપ્રો વ્યાપારી સત્સંગીઓને ઘેર ભોજન તથા પધરામણી કરી હતી. વૈશાખવદ પાંચમના મુક્તિનાથ-શિવસાગર ગયા હતા, વદ સાતમના ચિતાગોંગ-ચટગાંવ બંગાલમાં ગયા હતા. પૃથિવીયન્ત્ર-સૂર્યયન્ત્ર જોઈને બારશના આગબોટમાં બેસીને કલકત્તા આવ્યા હતા, ત્યાંથી રેલમાં બેસીને અમાસના મથુરાજી આવ્યા હતા, વૃન્દાવન ગોકુલના તીર્થોમાં ગયા હતા, ત્યાંથી રેલમાં બેસીને જેઠ સુદી છઠ્ઠના જેતપુર આવ્યા હતા અને રોકાણા હતા. ભાદરવા માસમાં બટેકાના ફલાહાર ઉપર રહીને એકવીશ હજાર જનમંગળના પાઠ પુરશ્ચરણો કર્યા હતા.

સંવત્ ૧૯૯૭માં પોષસુદી પડવાએ નોંધણચોરા ગામે વચનામૃતનું એક દિવસરાત્રિનું પારાયણ વાંચવા ગયા હતા, ત્રીજના મેંગણી ગયા હતા, રીબ થઈને વદી પાંચમના જેતપુર આવ્યા હતા, માઘવદી અમાસે પબ્લીક દ્વારા અને મેનેજરદ્વારા મહામહોપાધ્યાયની અરજી-સ્મૃતિ રિન્યુ તરીકે રાજકોટ તારાચંદભાઈ ગવર્નમેન્ટી અધિકારી ઉપર મોકલાવી હતી, તથા બીજી અરજી તા. ૭-૩-૪૧ના ફાગણ સુદ નોમને રોજ રાજકોટ પ્રાન્તસાહેબ પોલિટિકલ એજન્ટ સર વિલિયમ્સ ઉપર મોકલાવી હતી. તા. ૧૦-૧૦-૪૧ના સોમવારે દ્વાદશીએ એ.જી.જી. ઉપર રિન્યુ અરજી મોકલાવી હતી, રેસીડેન્ટ સર ગીબ્સન સાહેબ હતા. જેઠ સુદ ત્રીજના કાળાવડ ગામે મૂર્તિપ્રતિષ્ઠા કરાવવા ગયા હતા. ચાતુર્માસિમાં જેતપુરમાં ઉપનિષદોની કથા વાંચી હતી. શ્રાવણવદી બીજે જેતપુર ગામમાં હરિભક્તોમાં પધરામણી થઈ હતી.

સંવત્ ૧૯૯૮માં માગશર વદ ચોથના રોંઢાં ટાણે ઠાકોરજી જાગ્યા સમયે નિર્ગુણદાસજી સ્વામી ધામમાં ગયા હતા. તે નિમિત્તે જેતપુરમાં નવ દિવસ સત્સંગિજીવનનું પારાયણ વાંચ્યું હતું. ચૈત્રવદી દ્વાદશીના કાશીમાં સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠાના મહોત્સવમાં ગયા હતા, પંડિતોની મહાસભા બોલાવી હતી, એકસોસાઠ મોટા વિદ્વાનો પંડિતો મહામહોપાધ્યાયો આદિકને અગ્યાર અગ્યાર રુપિયા અને એક એક ચાંદીની રકાબી તથા રકાબી જેવડો એક એક પેંડો આનંદપ્રસાદજી મહારાજ તરફથી સત્કાર દાનમાં શ્રીભગવાનદ્વારા આપવામાં આવ્યો હતો. રાજાસાહેબ ઘનશ્યામદાસ બીરલા પોતે તે સભામાં પધાર્યા હતા. આનંદપ્રસાદજી મહારાજને

૧૦૦૮ની ઉપાધિ તથા સ્વામી ધર્મસ્વરુપદાસજી કોઠારીને માનસહિત યોગ્ય ઉપાધિઓ સભા તરફથી મળ્યા હતા, વૈશાખ સુદી સાતમના અયોધ્યા ગયા હતા, ત્યાંથી છપૈયા, મથુરા, જેપુર, ગઢપુર થઈ દર્શન કરીને અધિક જેઠ સુદ ત્રીજના માગંરોળ અને લોજ ગયા હતા. ત્યાંથી સુદી આઠમના વેરાવળ જાદવજીભાઈ ઘીવાળાને બંગલે રહ્યા હતા. જેઠ વદ ત્રીજના જેતપુર ગયા હતા, અષાઢ સુદ ચોથના જુનાગઢ ગયા હતા, પાંચમના જેતપુર ગયા હતા.

સંવત ૧૯૯૯ના કાર્તિક પૂર્ણિમાએ જુનાગઢ દર્શન કરવા ગયા હતા, પાછા જેતપુર ગયા હતા, પોષ વદી બીજે જુનાગઢ ગયા હતા, તારીખ ૧૯-૪-૪૩ના જુનાગઢ બાવદીન કૉલેજમાં કેન્દ્રમાં બૉમ્બે યુનિવર્સિટીની મેટ્રિક પરીક્ષા આપી હતી. તા. ૩૦-૪-૪૩ના સાંકળી ગામ ગયા હતા, અષાઢ વદી બારશના અમરેલીના ઉત્સવમાં ગયા હતા, વદી ચૌદશના જુનાગઢ ગયા હતા, અમાસે સોરઠ વંથલી ગયા હતા, શ્રાવણ સુદી બીજ પછી તેરસ સુધી સત્સંગીજીવન પારાયણ સોરઠ વંથળીમાં વાંચ્યું હતું. પૂર્ણિમાનું ચંદ્ર ગ્રહણ પીપલાણાની ઓજતમાં કર્યું હતું. વદ બીજ આખામાં કરી હતી, વદ ત્રીજ સારનપીપળીમાં કરી હતી, ચોથ બોડકામાં કરી હતી, પાંચમ નાવડામાં કરી હતી, છઠ્ઠ વંથળીમાં કરી હતી, સાતમ નવાગામમાં કરી હતી, અમાસ થાણાપીપળીમાં કરી હતી, થાણાપીપળીમાં ભાદરવા સુદ બીજથી હરિલીલાકલ્પતરુનું સાતમું પ્રકરણ વાંચ્યું હતું. નોમના હાટીના માળિયામાં ગયા હતા, ત્રણ દિવસો જાહેર પ્રવચનો કર્યા હતા, ભાદરવા વદી ત્રીજે ગળોદર ગયા હતા, છઠ્ઠના જુનાગઢ ગયા હતા, સાતમના પીપલાણા ગયા હતા.

સંવત ૨૦૦૦ના માઘ માસમાં નાની કુંકાવાવ તથા મોટી કુંકાવાવ અને દેરડી પધાર્યા હતા. ફાગણમાં સોરઠ વંથળી અને થાણાપીપળી પધાર્યા હતા, ચૈત્ર સુદી દશમના આણંદ (ગુજરાતમાં) ગયા હતા, બારશના સુરત ગયા હતા, વૈશાખ વદ દશમના ખંભાત કળશમુહૂર્ત ઉપર ગયા હતા, બધા સ્થળોમાં જાહેર પ્રવચનો કર્યા હતા, ખંભાતમાં જેઠ માસમાં જાહેર પ્રવચનો રાખ્યાં હતાં, શુકલ એકાદશીએથી સત્સંગીજીવનસપ્તાહ પારાયણ વાંચ્યું હતું, એક દિવસ મેતપુર પધરામણીએ ગયા હતા, ત્યાંથી વડતાલ ગયા હતા, જેઠ સુદ નોમથી અષાઢ સુદી બીજ સુધી વડતાલ રોકાણા હતા, કોઠારી સ્વામી ધર્મસ્વરૂપદાસજીની બદલી થઈ હતી, અષાઢ સુદી અગિયારશે ખંભાતમાં ગયા હતા, માનપત્રો અપાણાં હતાં, શ્રાવણ સુદ છઠ્ઠના ભરૂચ ગયા હતા, અષ્ટમીએ વડોદરા ગયા હતા, અને જુનાગઢ આવ્યા હતા. ભાદરવા વદી અગિયારશે માણાવદર ગયા હતા, આશો વદ ચોથના સોરઠ વંથલી ગયા હતા.

સંવત ૨૦૦૧ના માગશર સુદીમાં અગત્રાય દેશમાં ફરવા ગયા હતા, બારેક ગામડા ફર્યા હતા, ફાગણમાં જુનાગઢ યજ્ઞ પાટોત્સવ વ્યાસાસને વ્યાખ્યાન કાર્ય કર્યું હતું. આખો દિવસ પ્રવચનો ચાલુ હતાં. ફાગણ વદી એકાદશી માણાવદર કરી હતી, તેરશ વેરાવળ કરી હતી,

ચઉદશ જુનાગઢ કરી હતી, અધિક ચૈત્ર બીજ માંગરોળ કરી હતી, અજાબ્યગામે નારાયણભાઈને ફળીએ ભાગવત-પારાયણ વાચ્યું હતું, અધિક ચૈત્ર વદ તેરશે વરજાંગ જાળીયા ગયા હતા, કથા વાંચી હતી, પધરામણીઓ થઈ હતી, બીજા ચૈત્રની ચોથ ઉપલેટા કરી હતી, જાહેર વ્યાખ્યાન આપ્યું હતું, આઠમથી માંગરોળમાં ભાગવત-પારાયણ છત્રીએ વાંચ્યું હતું, યજમનાન લાલજી ભીમજીભાઈ માળીયાવાળા હતા, ચૈત્ર વદ દશમથી જેઠ સુદી બીજ સુધી લોજ ગામમાં શિક્ષાપત્રી કથા વાંચી હતી, યજ્ઞ કર્યો હતો, પંચોતેર નવી કંઠીઓ બાંધી હતી, ગોવુભા દરબારે જનોઈ લીધી હતી, અને સત્સંગી થયા હતા, તેણે લોજ મંદિરમાં ખેતર આપ્યું હતું. જેઠ સુદી ત્રીજથી આઠમ સુધી કેશોદ શેઠ લાલજી લાધાને ત્યાં રોકાયા હતા, જેઠ સુદી અગિયારશ જુનાગઢ કરી હતી, અષાઢ વદ ૦)) - અમાસના રોજ જામનગર શ્રાવણની કથા વાંચવા બોલાવ્યા હતા, ત્યાં ગયા હતા, ચાલુ કથાએ શ્રાવણ વદ બીજના માણાવદર ગયા હતા, શ્રાવણ વદ અષ્ટમીએ માણાવદર શિક્ષાપત્રી સપ્તાહ વાંચ્યું હતું. દશમી જુનાગઢ કરી હતી, દ્વાદશી જામનગર કરી હતી, ભાદરવા શુદ બીજ ચાંદા સી.પી.માં કરી હતી, સુદ પાંચમથી ભાગવત સપ્તાહ ચાંદામાં પોપટલાલ હરજીવન કાછેલાને ત્યાં નવા બંગલામાં વાંચ્યું હતું, તેનો મૃતપુત્ર કાન્તીલાલ સવારે ડોશીમાને દેખાણો, તે પોતાની સદ્‌ગતિ કહીને ધામમાં ગયો હતો. ભાદરવા વદ બીજે રાજમહેન્દ્રી ગયા, વદ પાંચમના જગન્નાથપુરી ગયા, વદ આઠમના બેજવાડા કાવેરી સ્નાન કર્યા, પછી એકાદશીએ મદ્રાસ ગયા, ત્યાં જાહેર પ્રવચન આપ્યું, ચઉદશે રામેશ્વર ગયા, આસો સુદ પડવે ધનુષ્કોટિ જઈ સમુદ્રસ્નાન કર્યું, દશમના ચિદંબરમાં સ્ફટિક લિંગનું દર્શન કર્યું, બારસના તિરૂપતિ બાલાજીનું દર્શન પર્વત ઉપર કર્યું, ચૌદશના પંઢરપુર ગયા, ચન્દ્રભાગા નદીમાં સ્નાન કર્યું, આશ્વિન વદ પડવાએ પૂના ગયા, વદ ત્રીજે મુમ્બઈ આવ્યા હતા, આશ્વિન વદ આઠમના જામનગર આવ્યા હતા.

સંવત ૨૦૦૨ના માગશરથી જામનગરમાં જુના મકાનો પાડવા ચાલુ કર્યા, અક્ષય તૃતીયા વૈશાખ સુદ ત્રીજના સભામંડપનો પાયો નાખ્યો હતો. વૈશાખ સુદ સાતમના મોરઝર ગામે હનુમાન પ્રતિષ્ઠા કરી, શ્રાવણ સુદ દ્વાદશીએ તરઘડી દેવળીયા ગામે મૂર્તિની પ્રતિષ્ઠાના યજ્ઞમાં ગયા હતા. પૂર્ણિમા લાખાબાવળ કરી હતી, સાંજે જામનગર ગયા હતા, ભાદરવા વદ સાતમના સોરઠ વંથલી શિક્ષાપત્રીની કથા વાંચવા ગયા હતા, આશ્વિન શુકલતૃતીયાએ માણાવદર ગયા હતા, સાતમે જુનાગઢ ગયા હતા, એકાદશીએ જામનગર આવ્યા હતા.

સંવત ૨૦૦૩ના માઘ સુદી ચતુર્દશી તારીખ ૪-૨-૪૭ના સાંજે પોણાચાર વાગ્યે પ્લેન-બલૂનમાં બેસી મુંબઈ ગયા હતા, ફાગણ સુદ છઠ્ઠના જબલપુર ગયા હતા, ભગવાનજીભાઈ જેરામભાઈને ત્યાં રોકાણા હતા, ફાગણ વદ બીજના ઘનશૌર ગયા હતા, સાતમના માંડલા ગયા હતા, નર્મદામાં ન્હાયા હતા, દશમના જબલપુર આવ્યા હતા, બારસના ગોદિયા રાજગર મકનજીને ત્યાં ગયા હતા, તેરશ ચાંદામાં પોપટલાલભાઈ કાછેલાને ત્યાં કરી હતી, સ્વામી

નરસિંહમૂર્તિ વી.એન. ના પુત્રને કંઠી બાંધી હતી, ચૈત્ર સુધી પડવાએ મોટર વડે બલારશા ગયા હતા, પાછા ચાંદા આવીને ત્રીજના અહીરી સ્ટેટ ગયા હતા, ત્યાંના રાજા-રાણીને તથા પુત્રપુત્રીઓને કંઠી બાંધી હતી, હિંસા તજાવી હતી, રાજાએ ૨૧૦૦ - એકવીસસો રૂપિયા ભેટ આપ્યા હતા, શીલોંચા નદીમાં ન્હાયા હતા, ચોથના જંગલોમાં ફર્યા હતા, દોઢસો માઈલ જંગલોમાં ફરીને પાંચમના આલાપલ્લી ગયા હતા, પાછા ચાંદા આવ્યા હતા, દશમના રેલમાં બેસી બારશના જામનગર આવ્યા હતા, ચૈત્ર વદ સાતમના સોનારડી ગામે જઈ શિક્ષાપત્રીની કથા વાંચી હતી, વૈશાખ સુદ પડવાના જુનાગઢ આવી વૈશાખ સુદ ત્રીજના જામનગર ગયા હતા, સભામંડપનું સિમેન્ટ કોંકરેટ છત ભરાવ્યું હતું. વૈશાખ વદ બીજના બગસરા, ત્રીજથી સત્સંગિજીવન-પારાયણ વાંચવા ગયા હતા, એકાદશીએ સમાપ્તિ કરી હતી, તેરસે મોટી કુંકાવાવ પધરામણી કરી હતી, અષાઢ માસમાં જામનગર સભામંડપના પારાપીઠનું ચણતર કામ પૂરું કર્યું હતું, શ્રાવણમાં પ્રદક્ષિણામાં નીચે ગાયું બાંધવાનું ભંડક ઢાંક્યું હતું, ભાદરવામાં અલીયામોડા નદીના કરમદીધરામાં સંઘ મળી ન્હાવા ગયા હતા. હનુમાનજીને નૈવેદ્ય લાડુ ત્યાં ભોજન જમાડ્યા હતાં.

સંવત ૨૦૦૪માં કાર્તિકમાં જામનગર મન્દિરની પ્રદક્ષિણામાં ઉગમણે - ઉત્તર થાંભલા અને કમાનો કરાવી ચણાવ્યા હતા, તથા પ્રદક્ષિણા ઢાંકી હતી. માઘવદ બીજના વડતાલ, કંબોલા, સારંગપુર અને પોરબન્દર ગયા હતા. આફ્રિકાની સ્ટીમરની ત્રણ ટિકિટો કેન્સલ રદ્દી કરાવી હતી, વદ અગિયારશના બલૂનમાં બેસીને સાંજે જામનગર ગયા હતા, વૈશાખ સુદી દ્વાદશીના ખોખરી ગામે મૂર્તિ પધરાવવા ગયા હતા, જામનગરમાં શ્રાવણમાં સત્સંગિજીવનનું બીજું પારાયણ વાંચ્યું હતું, પછી મહાભારત સંસ્કૃત કથા ચાલતી હતી, શ્રાવણ વદ નોમના સભામંડપના છતમાં લાદી પથરાવી હતી, ભાદરવામાં રવેશની જાળી કોતરાવી હતી. પિલાસ્તરો કરાવ્યા હતાં, ભાદરવા સુદ એકમથી સત્સંગિભૂષણ એકપ્રકરણ વાંચ્યું હતું, સાંજે સ્કન્દપુરાણ વંચાતું હતું.

સંવત ૨૦૦૫માં આષાઢ વદ તેરશના મહાભારત સમ્પૂર્ણ કરી સમાપ્તિ પૂજન કર્યું હતું, ભાદરવામાં વાસુદેવ માહાત્મ્ય વાંચ્યું હતું.

સંવત ૨૦૦૬માં કાર્તિકમાં વાલ્મિકીય રામાયણ સંસ્કૃત કથા વાંચવી ચાલુ હતી, માગશર સુદી ચોથના ઉના ગયા હતા, માગશર સુદી બારશ સુધી સદ. પુરાણી હરિનારાયણદાસજી ધામમાં ગયા નિમિત્તે હરિદિગ્વિજયનું પારાયણ વાંચ્યું હતું, પૂનમ ગીર ગઢડા કરી હતી, દ્રોણ તથા ફાટસર પધરામણી કરી હતી, ત્રીજ ઈટવાયા કરી હતી, ચોથ મોતીસર કરી હતી, પાંચમ તુલસીશ્યામ કરી હતી, છઠ્ઠ મોટા સમઢીયાળા કરી હતી, સાતમ અંબાડા કરી હતી, આઠમ કાંધી, નોમ પાતાપર, દશમ સામતેર અને બારશ ઉના કરી હતી, તેરશ વાવરડા, ચઉદશ ઉના કરી હતી, પોષ સુદ પડવો હડમડીયા કર્યો હતો, બીજ માળીયાહાટીના કરીને માણાવદર ગયા

હતા, ત્યાંથી છઠ્ઠના જામનગર પધાર્યા હતા, પછી ચૈત્ર સુદ છઠ્ઠના કુંડલા થઈ આદસંગ ભાગવત વાંચવા ગયા હતા, આઠમથી અમાસ સુધી સપ્તાહ વાંચ્યું હતું, વૈશાખ સુદી ત્રીજ કુંડલા કરી હતી, વૈશાખ સુદ પાંચમે દેતડ મૂર્તિ પધરાવવા ગયા હતા, સાતમે સરાકડીયા મૂર્તિ પધરાવી હતી, નોમ ખાંભા કરી હતી, દશમના જામનગર ગયા હતા, આશ્વિનમાં સ્કંદપુરાણ સંપૂર્ણ કથાની સમાપ્તિમાં પૂજન કર્યું હતું.

સંવત ૨૦૦૭માં પદ્મપુરાણની કથા ચાલુ કરી હતી, ફાગણમાં ભાગવત સપ્તાહ વાંચ્યું હતું, જમીન નવેલું વેચાતું લીધું હતું, અષાઢ સુદી દશમમાં હરિલીલાકલ્પતરું વાંચવું શરૂ હતું, શ્રાવણ વદ ત્રીજના રાજકોટમાં બદલી થવાથી ચાર્જ લીધો હતો.

સંવત ૨૦૦૮માં કાર્તિક સુદ તેરશના વાડીમાં નવે મન્દિરે ઘનશ્યામમહારાજને લઈ ગયા હતા, માગશર સુદ પાંચમે ઘનશ્યામમહારાજ તથા બે હનુમાનજી અને ગણેશજીનો ફરીથી પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. માઘ સુદ પાંચમના શિવજી, દત્તાત્રેય, શેષનારાયણ અને સૂર્યની પ્રતિષ્ઠા કરી હતી. વિષ્ણુ પુરાણ વાંચ્યું હતું. ફાગણથી શિવપુરાણ વંચાતું હતું. અષાઢ સુદી એકાદશીથી સવારે સુધાસિન્ધુ વંચાતો હતો. આશ્વિન સુદી ચોથના શિવપુરાણની સમાપ્તિ કરી હતી, પછી બૃહન્નારદીયપુરાણ વંચાતું હતું.

સંવત ૨૦૦૯માં માગશર સુદ આઠમે રાજકોટમાં શ્રીલક્ષ્મીનારાયણદેવ પધરાવ્યા હતા. પોષ સુદી પૂનમથી વારાહપુરાણ વંચાતું હતું, સુધાસિન્ધુની સમાપ્તિ કરી હતી, માઘ સુદ પડવાથી હરિલીલાકલ્પતરુના ચાર ભાગો વાંચ્યાં હતાં, ચૈત્ર સુદ પડવાથી ભાગવતપુરાણ કથા ચાલુ હતી, ચૈત્ર સુદ પડવાએ આનન્દપ્રસાદજી મહારાજે રાજકોટના દેવોની આરતી ઉતારી હતી, અધિક વૈશાખમાં પુરુષોત્તમમાસની કથા વાંચી હતી, તથા ભાગવત વંચાતું હતું, અક્ષરતૃતીયાએ નવા ત્રણ ગ્રન્થો લખવાના મંગળ કર્યા હતાં. જેઠ તથા અષાઢમાં હરિલીલાકલ્પતરૂ અને હરિદિગ્વિજય વંચાયા હતાં. શ્રાવણ સુદ ત્રીજે જામનગર બદલી થઈ હતી, શ્રાવણમાં રાજકોટમાં કથા માટે રોકાયા હતા. ભાદરવા સુદ પડવાએ જામવણથળી ગયા હતા, પાંચ દિવસ રોકાણા હતા, છઠ્ઠના જામનગર જઈ સત્સંગિજીવન કથા ચાલુ કરી હતી.

સંવત ૨૦૧૦માં માગશર સુદ આઠમના રાજકોટ પાટોત્સવ કરી નોમના જામનગર ગયા હતા. તા. ૨૧-૧૨-૫૩ના આચાર્ય મહારાજની પૂજા માટે એક ભાઈ વડતાલ ગયા હતા, પ્રથમ માઘમાં શિક્ષાપત્રીભાષ્યની કથા વાંચી હતી. માઘ વદ ૬-છઠ્ઠમાં ઘનશ્યામ મહારાજને નવા રંગકામ નિમિતે ફરીથી પ્રતિષ્ઠોત્સવ કર્યો હતો, ફાગળ વદી પાંચમમાં ખોડી-રૂગનાથપુરમાં સત્સંગિજીવન પારાયણ વાંચવું શરૂ કર્યું હતું, તથા મૂર્તિ પ્રતિષ્ઠાની આરતી ઉતારી હતી. ચૈત્ર સુદ દ્વાદશી સમઢીયાળા કરી હતી, પચાસ વિઘા જમીન જુનાગઢને શ્રીકૃષ્ણાર્પણ અપાણી હતી, ત્રીજ

ખોડી કરી, ચોથ અનીડા કરી, પાંચમ ખોડી કરી, છઠ્ઠ ઝીકીયાળી કરી હતી. સાતમે સરખાગામે હનુમાનપ્રતિષ્ઠા કરી હતી, આઠમ સોનારીયા કરી હતી, નોમ કેરીયા કરી હતી, દશમે ચાડીયા જઈને તરગતળાવ જઈ બે હનુમાનજી પધરાવ્યા હતા, એકાદશી બન્ને ગોખરવાળા કરી હતી, બારશ ચાનગઢ કરી હતી, તેરશના હાથસણી જઈ હનુમાન પ્રતિષ્ઠા કરી હતી, ખોડી ત્રણ દિવસ રોકાણા હતા, વદ બીજે નીકળી ત્રીજના જામનગર પધાર્યા હતા, મોટી શિક્ષાપત્રી કથા ચાલુ કરી હતી, વૈશાખ વદ અમાસના આનન્દપ્રસાદજી મહારાજના ગાદીવાલાં તથા બ્રહ્મચારી માયાતીતાનન્દજી સ્વામી તથા કોઠારી ધર્મસ્વરૂપદાસજી સ્વામી વિગેરે સન્તમંડળ વડતાલથી જામનગર પધારીને દ્વારિકા ગયા હતા, અષાઢમાં હરિદિગ્વિજયની કથા વંચાતી હતી, ભાદરવા વદમાં બ્રહ્મવૈવર્તપુરાણ વંચાતું હતું.

સંવત ૨૦૧૧માં માઘમાં વારાહપુરાણ પુરું કર્યું હતું, વૈશાખમાં વામનપુરાણ વાંચ્યું, અષાઢમાં કૂર્મપુરાણ વાંચ્યું હતું, તા. ૧૦-૭-૫૫, સંવત ૨૦૧૧ના અષાઢ વદ પાંચમ રવિવારે જામવણથળી બાઈઓના મંદિરના ભર્યામાં ગયા હતા, સાંજે જામનગર આવ્યા હતા, શ્રાવણમાં સત્સંગિજીવનની કથા વંચાતી હતી.

સંવત ૨૦૧૨માં માગશરથી બ્રહ્માંડપુરાણ વંચાતું હતું, ચૈત્રમાં હનુમાનજી - ગણેશજીનું રંગકામ કરાવ્યું હતું, મંદિરની પ્રદક્ષિણા બાંધકામ ચાલુ રાખ્યું હતું, ઘુમટમાં કુવ્હારાનો નળ નખાવ્યો હતો, જેઠમાં ચાંદીનો મોટો હિંડોળો ગંગા-જમના કરાવ્યો હતો, ગરૂડપુરાણની કથા વંચાતી હતી, શ્રાવણથી પોષપર્યન્ત સુધાસિન્ધુ વાંચ્યો હતો.

સંવત ૨૦૧૩માં માર્કંડેય પુરાણની કથા કાર્તિકમાં વંચાતી હતી, માગશરમાં મત્સ્યપુરાણ વંચાતું હતું અને સત્સંગિજીવન ટીકાસહિત બારમહિના વાંચ્યું હતું, તથા પ્રદક્ષિણા સમ્પૂર્ણ બાંધી લીધી હતી, તથા ચાંદીના બારસાકો ડેરાના કમાડો માટેના કરાવ્યા હતા.

સંવત ૨૦૧૪માં ડેરાની કોળીમાં ઉમ્બરાઓમાં આરસ, ટાઈલ્સ, રંગકામ, ભીતોમાં ટાઈલ્સ, વિગેરે સુધારો કરાવ્યો હતો, ઘુમ્મટમાં તમામ ચિત્રરંગકામ, તથા પ્રદક્ષિણાનાં સરાં, થાંભલાઓ વિગેરેના કોતરણીકામ કરાવ્યા હતાં, શ્રીગુણાતીતાનન્દસ્વામીની પાંચપ્રકરણોની વાર્તા સંસ્કૃત શ્લોકોમાં હિન્દીભાષાન્તર સહિત રચી પૂર્ણ કરી હતી, જામનગરમાં જામવણથળીનો ચાંદીનો ગંગાજમના હિંડોળો પૂરો કરાવ્યો હતો, શ્રાવણમાં સત્સંગિજીવન કથા કરી હતી, ભાદરવામાં શ્રીગુણાતીતાનન્દસ્વામી સંસ્કૃત વાર્તાની કથા વાંચી હતી.

સંવત ૨૦૧૫માં ફરીથી શ્રીગુણાતીતાનન્દસ્વામીની સંસ્કૃત વાર્તાની કથા વાંચી હતી. પોષ-માઘમાં શ્રીગોપાળાનન્દ સ્વામીની વાર્તા ત્રણ પ્રકરણોની સંસ્કૃત શ્લોકોમાં હિન્દી ભાષાન્તર સહિત રચના પૂરી કરી હતી, અને વાંચી હતી.

સંવત ૨૦૧૬માં જામનગર પ્રદક્ષિણામાં આરસ પથરાવ્યો હતો, વાર્ષિક ઉત્સવો કર્યા હતા.

સંવત ૨૦૧૭માં ચાંદીનું પારણું કરાવ્યું હતું. પોષ સુદી પૂનમથી ઘૂમટના થાંભલાઓને આરસ ચડાવ્યો હતો. ૫૭, (સતાવનમી) જન્મ જયંતિ તમામ સ્વર્ગાદિકમાં ઉજવાઈ હતી.

સંવત ૨૦૧૮માં પ્રદક્ષિણાની બેઠકો બાંકડાઓમાં મોજક કામ કરાવ્યું હતું, પ્રદક્ષિણામાં ઈલેક્ટ્રિક ફીટીંગ કરાવ્યું હતું, શ્રોગોપાળાનન્દસ્વામીની વાર્તા સંસ્કૃતની કથા વાંચી હતી, સત્સંગિજીવન કથા ચાલુ જ હતી, આસો માસમાં સંસ્કૃતવાતોના પુસ્તકોના પારસલો કાશીથી જામનગર આવ્યા હતા.

સંવત ૨૦૧૯માં જામનગર મંદિરના કામકાજોથી નિવૃત્તિ લેવા રાજીનામું આપી અરજી દ્વારા બદલી માગી હતી, જેઠ વદી અગિયારશે રાજીનામું આપ્યા પછી અષાઢ વદ ચોથના મંગળવારે બદલી થતા જામનગરથી જામવણથળી ગયા હતા, ત્યાં સુધાસિન્ધુ અને ગુણાતીતાનન્દસ્વામીની વાર્તા-કથાઓ વંચાણી હતી, પ્રેમજી લાધા ખોલિયાએ વિદ્યાલય બંધાવવા ફૂલવાડી દાન જાહેર કર્યું હતું, શ્રાવણમાં કાળાપાણા ખાણમાંથી કઢાવ્યા હતા, મહેનત કરતા હરિભક્તોને ચા પાણી ગાંઠિઆ મોતૈયા જમાડાતા હતા, મોતૈયાની ત્રણ મોટી રસોઈઓ વણથળી લાખાણી ચાવડા હરિભક્ત સમસ્તને જમાડી હતી. ફૂલવાડીમાં અવતારો મુક્તો ઈશ્વરો દેવતાઓ વિગેરે દિવ્યરૂપે આવ્યા હતા, આશોવદી અગિયારશથી જુનાગઢ આવીને રહ્યા હતા. મંડળસહિત જુનાગઢ રહીને ત્રણ મહિના સભામાં કથાવાર્તાઓ કરી હતી.

સંવત ૨૦૨૦ના કાર્તિક સુદી ત્રીજ રવિવારે તારીખ ૨૦-૧૦-૬૩ના જુનાગઢ જુના સભામંડપમાં વ્યાખ્યા સભા થઈ હતી, પોષ સુદી અગિયારશે વડાલ વિગેરે દેશના ગામોમાં ફરવા ગયા હતા, પોષવદી ચોથ ચોકીમાં, વદ સાતમ પરબડીમાં, નોમ સાંકળીમાં, અગિયારશ નાની સાંકળીમાં, બારશ જેતલસરમાં, તેરશ રૂપાવટીમાં ચૌદશ અનીડામાં, માઘ સુદ છઠ્ઠ ખોડીમાં, આઠમ સમઢીયાળામાં, અગિયારસ ભેંસાણમાં, કરી હતાં, માઘ વદી બીજ પરબવાવડીમાં કરી હતી, વદ ત્રીજ ચણાકા કરી હતી.

માઘ વદ પાંચમનો જુનાગઢ મહારુદ્રયાગ દયાશંકર ઠાકરે કરાવ્યો હતો, તેમાં આવ્યા હતા, અગિયારશે ચણાકા પાછા ગયા હતા, અમાસના કોટડા ગયા હતા, ફાગણ સુદી ત્રીજ પીપળીયામાં, પાંચમ રાણપુરમાં, સાતમ સોડવડીમાં, અગિયારશ ખારચીયામાં, અને પૂનમ થાણાગાલોળમાં કરી હતી, ફાગણ વદ પાંચમ જુનાગઢ કરી હતી, છઠ્ઠ પીપયાણા કરી હતી, ત્યાંથી બોડકા વંથલી થઈને સાતમે ઊના થઈને બારપરોળીમાં આઠમે શિક્ષાપત્રીની કથા ચાલુ કરી હતી. ફાગણ વદ તેરશની સમાપ્તિ કરીને પાટી સમઢીયાળા કથામાં શિક્ષાપત્રીકથા અધિક ચૈત્ર

સુદ બીજથી આઠમ સુધી વાંચી હતી, તુરત જ નોમરાત્રેથી પુનમ સુધી ત્રીજી કથા સત્સંગિજીવન બે પ્રકરણો કોદિયામાં વાંચ્યા હતાં, ચૈત્ર વદ પડવો સરાકડીયા કર્યો હતો, વદ બીજ રાપડીમાં કરી, ત્રીજ આંદરસંગમાં કરી, પાંચમ જીવાપર કરી, પછી ડેડાણ ગયા હતા, વદ નોમથી અમાસ સુધી મોટા સમઢીયાળા શિક્ષાપત્રી કથા-સપ્તાહ વાંચ્યું હતું, ત્યાંથી નાના સમઢીયાળા, જીવાપર, નાલીએરી, મોલી થઈ બીજા ચૈત્ર સુદ અગ્યારશે ઉના ગયા હતા ત્યાંથી જુનાગઢ આવ્યા, વૈશાખ સુદ સાતમે જામવણથળી ગયા હતા, ચૂનાની ભઠ્ઠી નખાવી હતી, ફૂલવાડીમાં ઓરડાના પાયા ભરી આડ્ય બાંધી ભરતી ભરી વાસ્તુ લીધું હતું, જલેબી સાટા જમાડ્યા હતા, પાછા જેઠ સુદ દશમના જૂનાગઢ આવ્યા હતા. જેઠ સુદી ચૌદશનું ભંડારને મેડે નિજ મકાન બાલમુકુંદભુવનનું વાસ્તુ લીધું હતું. તારીખ ૨૧-૬-૬૪માં જીર્ણોદ્ધાર સમિતિ રચાણી, તેનું પ્રમુખપણું સ્વીકાર્યું. શ્રાવણમાં જામવણથળીમાં ભાગવતની કથા વાંચી ભાદરવામાં વદ પાંચમથી અગત્રાઈમાં ભાગવત અને શિક્ષાપત્રીની કથા સપ્તાહ વાંચી હતી, ભાદરવા વદ ૦)) - અમાસે કેશોદ રહ્યા, આશ્વિનશુકલ પડવે જુનાગઢ આવ્યા, સુદ બીજથી લાખાપાદર મૂર્તિ પ્રતિષ્ઠા કરી પચાસેક ઘરોને કંઠીઓ બાંધી હતી, આશો સુદ ચોથના મોટી કુંકાવાવ, છઠ્ઠના દેરડી, સાતમના જુનાગઢ પહોંચ્યા હતા.

સંવત ૨૦૨૧માં કાર્તિક વદ પાંચમે ધોરાજી દેશ ફરવા ગયા, વદ આઠમના જામવણથળી ગયા, વદ ૦)) અમાસના ધોરાજી આવ્યા, ત્યાંથી ફરેણી, સીમાસી, વડાળા ફરીને પોષ સુદ અગિયારશે વીરપુર જઈને રહ્યા, પોષ વદ અગિયારશે જુનાગઢ આવ્યા, ત્યાંથી જામવણથળી ગયા, ફાગણ સુદી પુનમે લાખાણી ગયા, ફાગણ વદી ત્રીજે ચાવડા ગયા, ફાગણ વદ સાતમે અલૈયા, મોડા ગયા, વદ અગિયારશે જામવંથળી ગયા, વદ તેરશના જામનગર ગયા, ચૈત્ર સુદમાં ખોખરી જઈ સુદ પાંચમના ખંઢેરા ગયા, સુદ ચૌદશના કાલાવડ, ચૈત્ર વદ આઠમના કંદોરડા ગયા હતા, વૈશાખ વદ અમાસના વીરપૂર થઈ જુનાગઢ આવ્યા હતા, અષાઢ સુદ ત્રીજના જામવંથલી ગયા, ભાદરવા વદ ચોથના જુનાગઢ આવ્યા.

સંવત ૨૦૨૨માં માગશર વદ અગિયારશ ધોરાજી કરી હતી, માઘ સુદ અગિયારશ જુનાગઢ કરી હતી, ફાગણ વદ ચઉદશથી જામનગરમાં શિક્ષાપત્રીની કથા વાંચી હતી, વૈશાખ વદ બીજથી સાતમ સુધી માણવદરમાં શિક્ષાપત્રીની કથા વાંચી હતી, ભાદરવામાં બાટવાવાળા ડૉક્ટરની શિક્ષાપત્રીની કથા માણાવદરમાં સપ્તાહ કથા વાંચી હતી, આશ્વિનમાં જુનાગઢ હરિદિગ્વિજની કથા વાંચી હતી.

સંવત ૨૦૨૩માં કાર્તિક વદમાં સણોસરા કથા વાંચી હતી, પછી શિયાળો અઢી માસ ઉપલેટામાં બન્ને મંદિરોમાં રોકાણા હતા, દેશના ગામડાઓ ભાયવદર વિગેરેમાં ફર્યા હતા, આશ્વિન સુદ બારશ-તેરશમાં જુનાગઢ શ્રીગુણાતીતાનન્દસ્વામી શતાબ્દિ અક્ષરનિવાસ નિમિત્તે

ત્રણ દિવસ સંસ્કૃત ગુણાતીતાનન્દસ્વામી વાર્તા-કથા વાંચી હતી, એકત્રીશ હજારનો ફાળો ધર્મશાળા જીર્ણોદ્ધાર માટે નોંધાયો હતો.

સંવત ૨૦૨૪માં કાર્તિકસુદમાં રાજકોટમાં સત્સંગિજીવનપારાયણ વાંચ્યું હતું, જામવણથળી ચાર દિવસો રોકાયા હતા, માગશર વદ નોમના ઉપલેટા દેશ ફરવા ગયા હતા, માઘ વદ પાંચમના ભાયાવદર ગયા હતા, ચૈત્ર વદમાં ભક્તિતનયદાસજી સ્વામી પાછળ જુનાગઢમાં સપ્તાહ કથા વાંચી હતી, વૈશાખ સુદ નોમ-દશમ-અગિયારશે, મુમ્બઈમાં મહાશતાબ્દિ પાટોત્સવમાં શેષનારાયણ શોભિત વ્યાસપીઠે શિક્ષાપત્રીની કથા વાંચી હતી, વૈશાખ વદમાં બોરીવલ્લી તથા કાંદીવલ્લી ગયા હતા, જેઠ સુદમાં પૂના ફુગેવાડી ગયા હતા, ત્યાંથી કરાડ ગયા હતા, જેઠ સુદ ૯-નોમના સાંજે રવાના થઈ પરબારા જુનાગઢ સમૈયે પહોંચ્યા હતા, ૨૩ સદસ્યોની જીર્ણોદ્ધારની સમિતિ બોલાવી હતી, ભાદરવામાં મોરજર દેશ ફરવા ગયા હતા, ત્યાંથી ધ્રાફા ગયા હતા, દીવાળી જુનાગઢ કરી હતી.

સંવત ૨૦૨૫માં કાર્તિકમાં રાજકોટ પારાયણ વાંચ્યું હતું, માગશરમાં મોરજર ગયા હતા, પછી માઘમાં રાજકોટ, જામનગર, ગોંડલ, માણાવદર, શાપુર, આદિકમાં જીર્ણોદ્ધારના ફાળા માટે ફર્યા હતા, તેનો સમસ્ત તેત્રીશ હજારનો ફાળો રોકડો થયો હતો, પ્રથમ અષાઢ મુમ્બઈ કર્યો હતો, સત્સંગિજીવન બીજું પ્રકરણ તથા પુરૂષોત્તમમાસ કથા વાંચ્યા હતા, ફાળો ૧,૫૦,૦૦૦ - એક લાખ પચાસહજારનો લગભગ થયો હતો.

સંવત ૨૦૨૬માં વૈશાખમાં કાશી લાલજીના વિવાહમાં સુદ પાંચમે પહોંચ્યા હતા, વૈશાખ સુદી નોમ શનિવારે પંડિતસભા બોલાવી હતી, સંસ્કૃત વ્યાખ્યાનો શાસ્ત્રાર્થ વિગેરે થયા હતા.

વૈશાખ સુદ દશમ રવિવારે વૈદિક-વસન્ત પૂજાની સભા બોલાવી હતી, તે સભાઓ તરફથી ભગવાનને વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ ઉપાધિ અર્પાણી હતી, પછી વૈશાખ સુદ બારશના વડોદરા જવા ઉપડ્યા હતા, વડોદરા એક દિવસ રોકાણા હતા, જાહેર વ્યાખ્યાન આપ્યું હતું, પછી જુનાગઢ આવ્યા હતા.

સંવત ૨૦૨૭માં સ્વામી હરિપ્રસાદ બાપલાની પાછળ વૈશાખમાં જુનાગઢમાં કથા વાંચી હતી તથા રાજકોટ બેડીનાનાકે નવે નામે કરેલા બાઈઓના મંદિરમાં કાર્તિકમાં સપ્તાહ કથા વાંચી હતી, સમમિની વદ નોમની રાતે રવિવારે તારીખ ૨૨-૧૧-૭૦ના રાતે જુનાગઢની પ્રાચીન ધર્મશાળા અગ્નિવડે ભસ્મીભૂત થઈ હતી, બીજે દિવસે મન્દિરે યજ્ઞ અને વાડીમાં મોટે મન્દિરે શ્રીઘનશ્યામ મહારાજના રંગકામ કરાવવાથી ફરીથી પ્રતિષ્ઠામહોત્સવ કર્યો હતો, મહોત્સવ કરીને કાર્તિક વદ ૧૨ના જુનાગઢ આવી રોકાયા હતા. જૂનાગઢ મંદિરમાં શ્રી ગુણાતીતાનંદ સ્વામી સભામંડપ જીર્ણોદ્ધાર સમિતિની બેઠક લીધી હતી. તેમાં પ્રમુખ સ્થાને શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને રાખી આગળ કામ વધાર્યું હતું.

સંવત ૨૦૨૮માં બળેલા ખંઢેરા પડાવ્યા હતાં, મૂળભૂમિતલ સાફ કરાવ્યું હતું, માઘમાં બાબરીયાવાડમાં ફાળો લેવા ગયા હતા, તેના ૭૬,૦૦૦ છોંતેર હજાર રૂપિયા નવા સભામંડપ માટે નોંધાણા હતા, પ્રથમ વૈશાખ સુદના વિરપુર કથા-સપ્તાહમાં ગયા હતા, ત્યાંથી એકહજાર ફાળામાં આવ્યા હતા, પ્રથમ વૈશાખ વદમાં રાજકોટમાં સત્સંગિજીવનની કથા સમાપ્તિમાં બાઈઓના વ્રતો પૂર્ણ થવાને નિમિત્તે યજ્ઞાદિકમાં હાજર રહ્યા હતા, બીજા વૈશાખ સુદમાં ખારાપાટમાં નાનાગોખરવાળા મનજી પૂના સાંગાણી પટેલને ત્યાં તેના નવા મકાનોમાં કથાસપ્તાહ તથા વાસ્તુમાં ગયા હતા, ત્યાં કથા સમાપ્તિની સાંજે ફાળો સિંહાસન માટે નોંધાયો હતો, તથા મોટા ગોખરવાળા, અમરેલી, ચાનગઢ, મળીને ૩૧,૦૦૦ - એકત્રીશ હજારનો ફાળો નોંધાયો હતો, જુનાગઢ આવીને બીજા વૈશાખ વદ તેરશના રાજકોટ લાડવા સાહેબ દામોદર ખીમજીભાઈના નવા બંગલે વાસ્તુમાં ગયા હતા, ચૌદશના જુનાગઢ આવ્યા હતા, પિપલાણાના સન્ત શિક્ષાપત્રી ભણતા હતા, ભગવાન આજીવન તમામ શાસ્ત્રો ભણાવતા હતા, જેઠ સુદ પૂનમ પછી સદ્‌ગુરુસ્વામી બાળમુકુન્દદાસજીની ચિત્રપ્રતિમા તથા અવતારી-અવતારોની મોટી ચિત્રપ્રતિમાં સાથે લઈને દેવપ્રકાશદાસજીને બોટાદ મુમ્બઈ-પૂના મોકલ્યા હતા, મુમ્બઈ શ્રાવણમાસ પૂરો રહ્યા હતા, અને પ્રતિમાઓના મુદ્રણ રંગીન કરાવવાના કોલ કરાર કરી છાપનારને સોંપ્યા હતા, પછી જુનાગઢ આવ્યા હતા, એક વર્ષ બાદ તે પ્રતિમા-મુદ્રિત ચિત્રો તૈયાર થયા હતા, મોટી છબીને પૂનામાં છપાવી હતી, મુમ્બઈ પ્રેસ બળી ગયો તેમાં પ્રતિમાઓ અને તેના કાગળો આબાદ બચી ગયા હતા, એવી મુમ્બઈ પ્રેસની નુકશાની હોવાથી તે કામ થઈ શક્યું ન હતું, તેથી પૂનામાં તૈયાર થયું હતું.

સંવત ૨૦૨૯માં માગશરમાં રાજકોટમાં ભાગવત-કથા વાંચી હતી, ચૈત્રમાં ગામ કાળેજમાં ભાગવત-પારાયણમાં ગયા હતા, નવા સભામંડપ માટે સાત હજારનો ફાળો નોંધાયો હતો, રાણીંગભાઈની વાડીમાં બંગલીએ ઉતારો હતો, વૈશાખમાં ગામ ગળોદરમાં ભાગવત-પારાયણમાં ગયા હતા, ત્યાં નવા સભામંડપ માટે પાંચ હજારનો ફાળો નોંધાયો હતો, બીજો સમય જુનાગઢમાં વ્યતીત થતો હતો, ગઢપુરમાં મીઠાઈવાળા શેઠ તરફથી થયેલા ઓરડાઓ નિમિત્તે મહોત્સવમાં ગયા હતા, કાયમ શાસ્ત્રો લખાતા હતાં.

સંવત ૨૦૩૦માં માગશર, પોષ, અને માઘમાં સુરતમાં રહ્યા હતા, કથાઓ વાંચી હતી, નવા સભામંડપમાં આરસ અને મોજક માટે છેતાળીશ હજારનો ફાળો નોંધાયો હતો, ચૈત્ર સુદમાં રાજકોટ નિર્મલાબાઈએ નાગરદાસભાઈ પતિદેવ પાછળ બેસારેલ ભાગવત પારાયણમાં ગયા હતા, વૈશાખ સુદી પાંચમથી મોટા સમઢીયાળા ભાગવત પારાયણ માટે ગયા હતા, સત્સંગિજીવનની પારાયણી સારબોધિની ટીકા છપાવવા બાવીશ હજારનો ફાળો નોંધાયો હતો, વૈશાખ વદ પડવો હનુમાનપરામાં કર્યો હતો, હનુમાનપરા તથા ખાંભામાં ફાળો નોંધાયો હતો, વદ બીજ ખાંભામાં કરી હતી, વદ ત્રીજે તોરી રામપરમાં ભાગવત પારાયણ માટે ગયા હતા,

વદ ચોથથી અગિયારસ સુધી ભાગવત વંચાયું હતું, રામપરમાં અગિયારહજારનો ફાળો નવા સભામંડપ માટે નોંધાયો હતો, વદ તેરશે તોરીમાં રહ્યા હતા, ત્યાં બાવીશ હજારનો ફાળો નોંધાયો હતો, વૈશાખ વદ ચૌદશ વડીયા કરી હતી, અમાસ ચારણ સમઢીયાળા કરી હતી, પાંચ હજારનો ફાળો નોંધાયો હતો, જેઠ સુદ પડવાએ જુનાગઢ આવ્યા હતા, જેઠ સુદ અગિયારશનો સમૈયો કર્યો હતો, અષાઢ શ્રાવણ જુનાગઢમાં કર્યા હતા, તત્ત્વપ્રભાવલી તથા મીમાંસાકિરણાવલી વિગેરે રચી પૂરા કર્યા હતાં, સત્સંગિજીવન સારબોધિની પારાયણી ટીકા પૂર્ણ કરી હતી, અશ્વિનમાં મોરઝર ગયા હતા, બાર હજારનો ફાળો નોંધાયો હતો, દીપોત્સવી જુનાગઢ કરી હતી, પાઠશાલાનો નવો હૉલ ચાલુ કર્યો હતો.

સંવત ૨૦૩૧માં બસ લઈને કાર્તિક શુકલ એકાદશી કરવા વડતાલ જતાં વચ્ચે ધોલેરા દર્શન ધોળકા દર્શન કરી વડતાલ દોઢસો વર્ષાના પાટોત્સવના દર્શને ગયા હતા, ત્યાં મહાસભામાં બન્ને દેશના આચાર્યો વિરાજ્યા હતા, શ્રીબાલકૃષ્ણપ્રભુજીનું ભારે વ્યાખ્યાન થયું હતું, વળતા ડભાણ થઈને જુનાગઢ ગયા હતા, માગશરમાં રાજકોટ ત્રણ દિવસો સોની માધવલાલના પુત્રીના લગ્નપ્રસંગે આશીર્વાદો દેવા પધરામણી કરવા વાહન વડે લઈ ગયા હતા, શહેરમાં પધરામણીઓ થઈ હતી. તીર્થમાં સેવકોએ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી રાષ્ટ્રીય સ્મૃતિભવન મંદિર સ્મારક કર્યું હતું, કારીગર મિસ્ત્રી ભગવાનજી રાજાભાઈ હસ્તક તે મંદિરનું કામ પૂરું થયું હતું, આ લોમક્ષેત્રમાં ભગવાનની પધરામણી પ્રતિષ્ઠાવડે મહામહોત્સવ થયો હતો, શ્રીહરિશરણાગતિમંડળે તથા તીર્થનિવાસીઓએ ઘણી ઘણી સેવાઓ કરી હતી. જુનાગઢનો મોટો નવો સભામંડપ પૂર્ણ થયો હતો. ચાંદીનું ગંગાજમના સિંહાસન પૂર્ણ થયું હતું, તે બેસારીને મૂર્તિ પ્રતિષ્ઠા કરાવી લીધી હતી, ગુણાતીતાનન્દસ્વામીની સ્મારક છત્રી પૂર્ણ કરાવી હતી.

વૈશાખ વદ ૨ ના પાટોત્સવમાં નવા સભામંડપમાં સભા ચાલુ કરી હતી. આશ્વિન કૃષ્ણાષ્ટમીએ મોટીકુંકાવાવમાં રાષ્ટ્રીયસ્મૃતિભવનમાં ભગવાનની આરસની ધોળી મૂર્તિ-પ્રતિમાના પ્રતિષ્ઠાપન દિવસે તે ગામ સમસ્તે તથા શ્રીહરિશરણાગતિમંડળ અને યાત્રાળુઓ વિગેરેએ મહામહોત્સવ ઉજવ્યો હતો, ત્રિલોકીમાં યજ્ઞ યાગ હોમ હવન દાન પૂજન ભોજન દક્ષિણા વિગેરે વિગેરે મહોત્સવો થયા હતા, નગરબ્રામણ મૂર્તિના બ્રામણ પધરામણીઓ થઈ હતી, ત્રિલોકીમાં ઉત્સવો ભોજનો અને અનેક સત્કારો થયા હતા, દ્વારકાપીઠાધીશ્વર શંકરાચાર્યજીમહારાજ શ્રીસચ્ચિદાનન્દતીર્થ સ્વામીજીમહારાજ દ્વારા તેના સાન્નિધ્યમાં આ મહામહોત્સવો થયા હતા, શ્રીહરિશ્રીબાળકૃષ્ણપ્રભુ દિવ્યસ્વરૂપે ત્યાં વિરાજ્યા હતા તથા વિચરતા હતા. કુંકાવાવવાસી સોરઠીયા પટેલ હરિભાઈએ પ્રતિષ્ઠાયજ્ઞ મહોત્સવ કરાવ્યો હતો.

સંવત૨૦૩૨માંઆશ્વિનકૃષ્ણાષ્ટમીએજેતીર્થમાંશ્રીબાળકૃષ્ણપ્રભુનીમૂર્તિરાષ્ટ્રીયભવનમાં પ્રતિષ્ઠિત કરી તેના દ્રવ્યજમાન મિસ્ત્રી કેશવજી હરિભાઈ હતા, અને તેના પ્રતિષ્ઠાવિધિના યજ્ઞના યજમાન કુંકાવાવના વતની દંપતી હરિભાઈ જીવરાજભાઈ સોરઠીયા હતા તેમણે ખૂબ ધામેધૂમે

ઉત્સવ ઉજવવામાં નાણાં ખર્ચ્યા હતા તથા શ્રીહરિ શરણાગતિમંડળે તમામ વધારાનો ખર્ચ ઉપાડી લીધો હતો. નગરવાસીઓએ ભોજનખર્ચ, પ્રસાદીખર્ચ વિગેરે ઉપાડ્યો હતો. ધામધૂમે ફુલેકા સાથે ધૂન્ય-ભજન સાથે મહોત્સવ ઉજવાયો હતો, શ્રીબાળકૃષ્ણપ્રભુના જન્મભવને ફુલેકું લઈને કુમકુમવાપીનગરીમાં ધૂન્ય-ભજન વાજિંત્ર કિલ્લોલ સહિત રાષ્ટ્રીયભવને આવીને મૂર્તિસ્થાપન થયા હતાં, સાયંકાલે વિશાળ સભા થઈ હતી. શંકરાચાર્યજી સભામાં વિરાજયા હતા, અકસ્માત જળપ્રલયમાં, જળભરતીમાં ભગવાન મૂર્તિ છાતી સુધી જળમાં ન્હાયા હતા. સૌરાષ્ટ્રના ભક્તો શિક્ષક છગનલાલ પ્રેમજી કાચા તથા રમણીકલાલ ખીમજી વાઢેર તથા હેમંતભગત આદિ ભક્તજનો ભગવાનની આજ્ઞા મુજબ સેવાઓ કરે છે. પરિચય અને અભિનંદન ગ્રંથોનું પ્રકાશન કંકુમવાપીનગરીની કેળવણી સમિતિ કરતી જાય છે, બધું સાહિત્ય કેળવણી સમિતિ કરતી જાય છે. શ્રીહરિશરણાગતિ મંડળ કાનજીભાઈ આદિક ભક્તોએ મંદિરમાં ચિન્હવાળી મૂર્તિ પધરાવી છે, રમણિકલાલ કરશન ભક્તે નિત્ય ચિન્હ સહિત ભગવાનના ચરણકમળ તૈયાર કરી પ્રકાશિત કર્યા છે, પૂના શ્રીહરિ શરણાગતિમંડળે ભગવાનની મૂર્તિ તૈયાર કરી પૂજન-દર્શનમાં સુસેવિત આત્મનિવેદીપણે અપનાવી છે, સંગેમરમરના ચરણકમલો જન્મભુવનમાં સુસ્થાપિત કર્યા છે. શ્રીદ્વારકાપીઠાધીશ્વર શ્રીશંકરાચાર્યજી સચ્ચિદાનંદતીર્થ સ્વામીજીની ઉપસ્થિતિમાં ૨૦૮ બસો આઠ ભાગવત પારાયણોના પુરશ્ચરણોનો મહામહોત્સવ થયો હતો. લક્ષાવધિ જનતાએ જ્ઞાનભક્તિ સેવાના લાભ લીધા હતા, ભોજન, દાન, દક્ષિણાના સાગર ઉછળતા હતા, હિન્દી પ્રભુઓંકા વૃત્તાંત કૃતિ શિષ્યોને સ્મરણાર્થે કથા પુસ્તિકા મળી હતી, ૭૩મી જન્મજયંતી અરેબિયામાં દુબઈની સન્લી કંપનીના વિશાળ હોલમાં ઉજવાઈ હતી, તથા તમામ દેશ-પરદેશોમાં સ્થળે સ્થળે આલોક-પરલોકમાં અતિ ધામધૂમે ઉજવાઈ હતી. જામવંથલીના તમામ ભક્તોએ અતિહેતથી ઉત્સવો કર્યા હતા. દેવલોક, ઈશ્વરલોક, બ્રહ્મલોકમાં પાતાલાદિકમાં પણ સર્વત્ર ૭૩મી જન્મજયંતી ઉજવાઈ હતી.

સંવત ૨૦૩૨માં ભક્તજનોને પરદેશમાં કમાવા જવાનો સારો સમય મળ્યો હતો, દેશપરદેશમાં ભગવાનની મૂર્તિ પ્રતિષ્ઠાના યશ ગવાતા હતાં, મૂર્તિપ્રતિષ્ઠાનું ફળ તમામને સારી કમાણી મળે તેમ અરેબિયા પ્રદેશમાં આવકાર મળવા લાગ્યા. પ્રભુજીની મૂર્તિના દર્શન કાયમ નગરીના પૂર્વગોપુર સામેની ભૂમિમાં બસ સ્ટેન્ડ સ્થળેથી હજારો યાત્રાળુઓને થાય છે, માનતાઓ, નાળિએર સાકર વિગેરે નૈવેદ્ય આરતી ધૂપ દીપ કાયમી થાય છે, ઉપર ધજા ફરકે છે, મંદિરમાં ભગવાન વિરાજે છે, તે કુમકુમવાપી નગરીની રક્ષા કરે છે. અનેક જીવાત્માઓનું કલ્યાણ કરે છે.

સંવત ૨૦૩૩માં શ્રીહરિશરણાગતિ મંડળના તમામ કારીગર ભક્તજનોને મુંબઈ, નાસિક, પૂના, જામવણથલી, ચાવડા, બાલંભા, રાજકોટ, ધોરાજી, સુરત, અમદાવાદ, કુંકાવાવ, માધાપર, કચ્છ, જીરાગઢ આદિકના ભક્તજનો કમાવા માટે દુબઈ, બગદાદ, મસ્કત, ઈરાક, ઈરાન, અજમાન, આબુધાબી, ગોબરા, શીલા, રૂવી, મોસુલ, સીલા, દુહાકટાર, કુવૈત,

જંગલ, બહેરીન, સોહાર, સર આદિ આદિ સ્થળોમાં ભગવાને કમાવા માટે જવાની છૂટ આપી. તેઓ ત્યાં પહોંચી ગયા છે, સુખી થયા છે, મહિને બેથી ત્રણ, ચાર હજાર કમાય છે, આ પ્રગટ પ્રભુજીનો પરચો તમામને લાગુ પડી ગયો છે, કમાય છે ત્યાં ત્યાં શ્રીહરિ શરણાગતિમંડળો ૨૦, ૪૦, ૫૦, ૧૦૦ જેટલા અને દેશી તો ૧૦૦૦, જેટલા જનો શુક્રવારે ભેગાં થાય છે, એકબીજાના સમાચારો મળે છે. દેશ અને ઘરની પેટે ત્યાં આનંદથી કમાય છે, સુખી થયા છે. ભગવાનની સેવાઓ કરે છે, સન્લી કંપની વિગેરેમાં શ્રીહરિની જન્મજયંતીના ઉત્સવો ધામધૂમે કરે છે. સમૂહભોજન, કથા-વાર્તા કિર્તન, ભજન, ધૂન્ય, ટેપ રેકર્ડ દ્વારા ઉપદેશ સાંભળે છે, બધાં સુખિયા થયા છે, મુંઝવણ મટાડવા દિવ્ય પ્રભુજીનાં દર્શન થયા કરે છે. સત્સંગ પળાય છે, ધર્મ પળાય છે અને સાથે પૈસા કમાવાય છે.

જૂનાગઢ મંદિરના ૧૫૦ વર્ષના મહાપાટોત્સવ કરવા માટે સભાઓ ગોઠવાતી હતી. તેમાં પ્રમુખપદે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ વિરાજતા હતા. તે અંગેના તમામ કાર્યો નિર્માણ થતા હતાં, સંચાલન સ્વરૂપમાં સમિતિઓને કામ સોંપાતા હતા, રોકડ ફંડ, પાગરણ, અનાજ, ઠામ, યજ્ઞ, રિપેરીંગ, સુધારાઓ, આવશ્યક ચીજોનો સંગ્રહ, સેવકવર્ગો, ઉપકરણ ઉપાર્જન, આદિ-આદિકની રચનાઓના સ્વરૂપો ઘડાઈ ગયા હતા, અને ફાળાઓ ચાલુ થયા હતા.

તા.૧૮-૬-૩૮ તથા ૨૬-૬-૧૯૩૮ના રોજ ભાવનગરના નાયબ દિવાન નટવરલાલભાઈ સુરતી સાહેબ, તથા જૂનાગઢના શિકેવેરા સાહેબ તથા જેતપુરના મેનેજર પારસીસાહેબ અને પબ્લિક જનતાએ ગવર્નમેન્ટમાં રાજકોટ સરકારમાં લખાયેલી મોકલાવાયેલી અને રિન્યુ કરાવાયેલી મોટામાં મોટા 'મહામહોપાધ્યાય' ઈલ્કાબ બાબતની અરજીઓ સ્થિર પડી હતી. અંગ્રેજી ગવર્નમેન્ટે સ્વરાજ્ય સોંપવા સાથે તે અધિકારો શ્રીભારતીય શંકરાચાર્યજીને આપેલા હતા, તે પ્રસંગની તાજગી ભારત સરકારમાન્ય તા.૧૦-૧૨-૭૬ના રોજ, વિક્રમ સંવત ૨૦૩૩ ગુજરાતી માગશર વદ ચોથ શુક્રવારે સાયંકાલે સંકષ્ટ ચોથના સમયમાં મહાસભામાં કુમકુમવાપીનગરીમાં ૫૦૦ વ્યાસ શાસ્ત્રી આચાર્યો વિપ્રવર્ગ પંડિતોના સાંનિધ્યમાં શ્રીદ્વારકાપીઠાધિપતિ અભિનવ સચ્ચિદાનંદજીતીર્થ સ્વામીજી દ્વારા વિશ્વવિખ્યાત મહાવિદ્વાન સંતમૂર્તિ આચાર્યવર્ય શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને મહામહોપાધ્યાય ઈલ્કાબ એનાયત કરવામાં આવ્યો હતો.

આ ઈલ્કાબ નિમિત્તે જૂનાગઢ મંદિરમાં નાગિરકોની સભા સમ્માનાર્થે યોજાયેલી હતી, મોટી કુંકાવાવના જનસમાજ પણ આવેલા હતા, સભા એ શ્રીબાળકૃષ્ણાનંદજી શાસ્ત્રીજીના સભાપતિપદે ઈલ્કાબપ્રદાનપત્ર, હારતોરા, દુપટ્ટા આદિ શ્રીશાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને સમર્પિત કર્યા હતા. એક અઠવાડિયામાં બીજી મહાસભા આયોજીત કરી હતી, તેમાં શહેરી પ્રતિષ્ઠિતજનો તેમજ કુમકુમવાપીનગરીના અધિકારીવર્ગ તથા આમ જનતા શિક્ષિતવર્ગ વિગેરેએ સ્પેશિયલ બસ દ્વારા જૂનાગઢ આવીને મહાસભામાં ઈલ્કાબ નિમિત્તક સમ્માનવર્ધન કર્યું હતું.

ચૈત્ર શુકલ પંચમી શુક્રવારે આયુર્વેદ ચક્રવર્તી શ્રીગોવિંદપ્રસાદજી વૈદ્યરાજને જૂનાગઢમાં બહુમાન સમારંભમાં, મહાસંમેલનમાં, મહામહોપાધ્યાય અતિથિવિશેષ તરીકે સમ્માન પ્રાપ્ત થયું હતું. સંસ્કૃતમાં વ્યાખ્યાન આપ્યું હતું. હારતોરા થયા હતા, ભારતમાં પ્રખ્યાત પ્રિન્સિપાલો, કુલપતિઓ વિગેરે મનોરંજન અતિથિગૃહમાં મહાસભામાં હાજર હતા. ચાર કલાક સંમેલન સભા ચાલું હતી, પ્રિન્સિપાલ ઝા સાહેબ આયોજક હતા. તેમનું સંસ્કૃતમાં વ્યાખ્યાન હતું. ચૈત્રમાં નવા સભામંડપનું રંગકામ ચાલુ કર્યું હતું. અખિલ ભારતીય આયુર્વેદ વૈજ્ઞાનિક સેમીનાર સંમેલનનું અમદાવાદથી નિમંત્રણ હતું. પ્રશસ્તિ-સન્માનપત્ર મોકલ્યું હતું. અમદાવાદ આયુર્વેદ ભવનમાં વિશાળ મધ્ય રૂમમાં ભીતે રાખેલ વિદ્વાનોનાં સ્મારક પટચિત્ર સાથે, શ્રીગોવિંદપ્રસાદજી ચક્રવર્તી વૈધને ચાંદલો, હાર અર્પણ આશીર્વાદ આપતા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું રંગીન પટચિત્ર રાખવામાં આવેલ છે.

તા.૧૩-૧૦-૧૯૭૭, સંવત ૨૦૩૩ આસો સુદ-૧ના ફાઉન્ડર પ્રેસિડન્ટ શ્રીશારદાપીઠ વિદ્યાસભા, શ્રીદ્વારકાધીશ સંસ્કૃત અકાદમી, કે.જે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં જોઈન્ટ છે તે તરફથી શ્રીજગદ્‌ગુરુ શંકરાચાર્યજી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ તરફથી 'સાહિત્યમનીષી- ડૉકટર ઓફ લિટરેચર, ડી.લિટ્'નો ઈલ્કાબ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને એનાયત કરવામાં આવ્યો હતો તથા તા.૨૪-૧૨-૧૯૭૭ના સંવત ૨૦૩૪ માગશર શુકલ ચતુર્દશી શનિવારના રોજ ફાઉન્ડર પ્રેસિડન્ટ શ્રીદ્વારકાધીશ સંસ્કૃત અકાદમી શ્રી જે.એસ. શંકરાચાર્ય ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડોલોજી આદિક દ્વારકા, કે જે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે યોજીત છે તે તરફથી 'દાર્શનિકમાર્તણ્ડ- ડૉકટર ઓફ ફિલોસોફી, ડી.ફિલ'નો ઈલ્કાબ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને એનાયત કરવામાં આવ્યો હતો.

તથા તા.૬-૬-૭૭ રવાના, તા.૧૪-૬-૭૭ના સંવત ફુલછાબમાં પેજ-૫, કોલમ-૩માં ભારતભૂષણમ્.

કુંકાવાવ તા.૧૩-૬-૭૭, જ્યોતિર્મઠ હિમાલયના જગદ્‌ગુરુ શ્રીશંકરાચાર્યજીએ કુંકાવાવના હાલ જૂનાગઢ બીરાજતા સ્વામીશ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને 'ભારતભૂષણ'નો ઈલ્કાબ આપ્યાની જાહેરાત કરતાં તાર અહીં આવવાથી સત્સંગ શિષ્યમંડળમાં અને વિદ્વાનોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ હતી. શ્રીબદરિકાશ્રમ, જ્યોતિર્મઠાધીશ્વર શ્રીસ્વરૂપાનંદ સરસ્વતી શંકરાચાર્ય મહારાજના શ્રીતોટકાચાર્ય ગુફાથી જોશીમઠ ચમેલીથી સંસ્કૃત પત્ર 'ભારતભૂષણ' ઉપાધિ જાહેર કરી હતી.

વિદ્વાન પંડિતોએ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને આપેલ વિવિધ ઉપમાઓ...

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ આ યુગમાં ડૉકટર, ફિલોસોફર, લિટરેચર, ટીચર અને રાઈટર તથા લોજીશ્યન છે. ભગવાન વેદવ્યાસ પછી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનો અભૂતપૂર્વ પ્રાવિર્ભાવ છે : વ્રજનંદન મિશ્ર.

સ્વામીજી સરસ્વતીપુત્ર છે : નરહરિશાસ્ત્રીજી.

શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસના અવતાર સ્વામીજી અવતરિત છે : પ્રેમવલ્લભશર્મા.

શ્રીરામાનુજાચાર્યની માફક આચાર્ય છે : બી.એમ. બધેકા.

સ્વામીજી અલૌકિક મહાપુરુષ છે : લક્ષ્મણશાસ્ત્રી સ્વામીજી.

રાષ્ટ્રની દિવ્ય વિભૂતિ છે : વૈદ્યપ્રકાશ શર્મા.

સ્વયં બ્રહ્મ સુદ્ધપુરુષોત્તમ સારસ્વત વ્યાસ છે : યૂ.વી. લંડન.

દ્વૈપાયન વ્યાસોત્તર સ્વામીજી શ્વેતાયન વ્યાસ છે : સુરચૈતન્ય.

સ્વામીજી વેદસાક્ષાત્કર્તા બ્રહ્મમૂર્તિ છે : પ્રણવાનંદજી.

ગૌતમાવતાર સ્વામીજી છે : ભાસ્કરાચાર્ય.

સ્વામીજીનું સ્થાન મહર્ષિ વાલ્મિકી તથા વેદવ્યાસ સમાન છે. શ્વેતાયનવ્યાસ છે : શાંતાનંદજી.

શ્રીસ્વામીજી પરમપુરુષ પરબ્રહ્મ સાક્ષી ભગવાનનો અવતાર છે : ભગવત્પ્રપન્નાચાર્ય.

સ્વામીજી વિદ્વાન અવતારી પરમપુરુષ છે : શ્રીહરેશ.

શ્રીઆચાર્યજી પરમેશ્વરના અંશાવતાર છે, વૈષ્ણવ મૂર્તિ છે : ભાગવતાચાર્ય.

સ્વયં લક્ષ્મીનારાયણ છે : મહેન્દ્રાચાર્ય.

સ્વામીજી સ્વયં શ્વેતાયન વ્યાસ છે : વીર રાઘવન.

ઈશના અવતાર છે : સીતારામ.

વેદવ્યાસ ભારત મહારત્ન છે : એમ.ટી. બૂચ.

અભિનવ વ્યાસ છે : શોભાનંદ ઝા.

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય વિદ્યાપીઠ કાશીમાં થવું જોઈએ : બદરીનાથ.

સ્વામીજી તીર્થરાજ છે : જયમંત મિશ્ર.

રાષ્ટ્રમાણિક્ય મહાકવિ છે : સત્યવ્રત.

એક લાખ છવ્વીસ હજાર શ્લોકની શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાના રચના કરનારા મહાવ્યાસજી સ્વામીજી છે : પરશુરામ.

વ્યાસસમ છે : શંકરાચાર્યજી.

સ્વયં શિવાંશ છે જગદ્રત્ન છે : શુકદેવજી.

સર્વતંત્ર સ્વતંત્ર છે : અનંતલાલ.

સર્વશાસ્ત્ર રત્નાકાર છે : ભાનુમૂર્તિ.

અભિનવ ગૌતમકલ્પ, શ્રીશંકરકલ્પ છે : સત્યનારાયણ.

રાષ્ટ્રિય વિભૂતિ છે : કૃષ્ણદેવ.

ભારતીય વિભૂતિ છે : નાગરાજ.

પૃથ્વીમાં દ્વિતીય વ્યાસ છે : વ્રજલાલ.

વિદ્યાવાચસ્પતિ પીએચ.ડી. છે : મહાશંકર.

બીજા વ્યાસજી છે : બાળકૃષ્ણ.

હેમચંદ્રથી મોટા છે : મૂળશંકર.
ભારતાલંકાર છે : રામપ્રસાદ.
ભાષ્યકાર આચાર્ય છે : રાજનારાયણ.
દર્શનશાસ્ત્રાવતાર છે : બટુકનાથ.
કવિતાકિંકચક્રવર્તી પરમાચાર્ય છે : જગન્નાથ.
વાગ્દેવીના અવતાર છે : બહાદુરચંદ્ર.
વિશ્વમાનિત દેવતા છે : નર્મદાશંકર.
વાચસ્પતિ છે કે દ્વૈપાયન વ્યાસોત્તર શ્વેતાયન વ્યાસ છે : વિજયકુમાર.
તત્ત્વપ્રભાવલી ગ્રંથ તત્ત્વચિંતામણી સમાન છે : ગુરૂલિંગ.
પુનઃપ્રગટ વ્યાસજી છે : ઓમપ્રકાશ.
સ્વામીજી સ્વયં ઉદયનાચાર્ય કે શ્રીકૃષ્ણ ભાસે છે : વેદાનંદ.
ભારતવિભૂષણ સ્વયં વ્યાસ છે : લાભશંકર.
અદ્યતન વ્યાસ છે : કર્ણસિંહ.
શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વયં મહાપ્રભુજી વલ્લભાચાર્યજી છે : રમેશ.

ડોકટર સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના અભ્યાસના ઈલ્કાબો

ન્યાયવૈશેષિકશાસ્ત્રી, નવ્યન્યાયાચાર્ય, સાંખ્યયોગતીર્થ, વેદાંતતીર્થ, મીમાંસાતીર્થ, દાર્શનિકપંચાનન, નવ્યન્યાયાચાર્ય, તાર્કિકવાચસ્પતિ, દાર્શનિકમાર્તણ્ડ, ષડ્દર્શનાચાર્ય, કાવ્યમનીષી, વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ, મહામહોપાધ્યાય, ભારતભૂષણ, એમ.એ., ડી.ફિલ, ડી.લિટ્., - ડૉકટર ઓફ ફિલોસોફી તથા ડૉકટર ઓફ લિટરેચર તથા પીએચ.ડી. ભારત મહાગુજરાત રાજ્ય બહુસન્માનીત, ઉત્તરપ્રદેશ ભારત રાજ્ય વિશેષ સન્માનીત, સર્વશ્રેષ્ઠ કલ્યાણકારી ૫૭ શાસ્ત્રોના રચયિતા શ્રીશ્વેતાયન વ્યાસહરિ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના અન્ય નામો

અનાદિશ્રીકૃષ્ણનારાયણ, શ્રીકૃષ્ણનારાયણ, શ્રીહરિવર, શ્રીબાલકૃષ્ણપ્રભુ, શ્રીહરિ, પરનારાયણ, પરપુરુષોત્તમ, વિદ્યામૂર્તિભગવાન, પુરુષોત્તમનારાયણ, તપસ્વીમુનિ, ગોતીપતિપ્રભુ; શ્વેતાયનવ્યાસ, શ્રીકૃષ્ણનારાયણસ્વામી, શ્રીનારાયણ, શ્રીભગવાન, શ્રીગોપાળકૃષ્ણબાળ, શ્રીકંભરાત્મજ, પરમપુરુષ, પરબ્રહ્મ, મહાપ્રભુજી, જગન્નાથસ્વામી, રાધિકાકાન્ત, લક્ષ્મીપતિ, અનાદિનારાયણ, શ્રીકૃષ્ણ, શ્રીવલ્લભ, શ્રીઆચાર્ય, શ્રીસ્વામી, શક્તિપતિ, મુક્તપતિ, ભક્તપતિ, શ્રીપતિ, શ્રીકૃષ્ણમહાપ્રભુ, શ્રીમહારાજ, શ્રીહરિકૃષ્ણ, શ્રીકૃષ્ણકાંત, મોટાશાસ્ત્રીજી, આચાર્યજી, શ્રીસ્વામીજી આવા અનેક નામો છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના જૂનાગઢ મંદિરનાં વિદ્વાન સંત શ્રીપ્રભુશાસ્ત્રી સ્વામીએ પોતાનાં 'સોરઠી સંતો' નામક ગ્રંથમાં સંશોધન કરીને પોતાનાં વિદ્યાગુરૂ વિશ્વવંદનીય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું લખેલ ટૂંકમાં જીવનચરિત્ર

દેવાણી પરિવારના પૂર્વજો : પટેલ શ્રી કલ્યાણજીભાઈ દેવાણી વિ.સં. ૧૮૯૫માં કુંકાવાવ રહેવા આવેલા. કુંકાવાવના દરબારશ્રીએ કુંકાવાવનું આબાદીકાર્ય પટેલ શ્રી કલ્યાણજીભાઈ દેવાણીને સોંપેલું અને એ નિમિત્તે નિર્વાહ અર્થે ચાર સાંતીની જમીન બક્ષિસ આપેલી. કલ્યાણજીભાઈ દેવાણીએ વિવિધ પ્રયત્નો કરીને કુંકાવાવ ગામને સર્વ પ્રકારે આબાદ કરેલું.

પટેલશ્રી લંબાભાઈ દેવાણી : શ્રી કલ્યાણજીભાઈ દેવાણીના પુત્ર લીંબાભાઈ દેવાણી વ્યવહારકુશળ, બુદ્ધિશાળી અને દાનવીર હતા. રાજ્યના અને સમાજના આદર્શ પુરુષોમાં તે પ્રામાણિક, આદર્શ સજ્જન ગણાતા. એ સમયમાં કુંકાવાવ બિલખા સ્ટેટનું હતું. દરબારશ્રી રાવતવાળા સ્વર્ગવાસી થયા. રાજમાતા શ્રી કમરીબાઈએ રાજસત્તા સંભાળી, રાજ્યના સલાહકાર તરીકે પટેલ શ્રી લીંબાભાઈ દેવાણીની નિયુક્તિ કરી. રાજ્ય પ્રત્યે પૂરેપૂરી વફાદારી રાખીને રાજ્ય અને પ્રજાના હિત માટે શ્રી લીંબાભાઈ દેવાણીની નિયુક્તિ કરી. રાજ્ય પ્રત્યે પૂરેપૂરી વફાદારી રાખીને રાજ્ય અને પ્રજાના હિત માટે શ્રી લીંબાભાઈએ વિવિધ કાર્યો કર્યા.

રાજ્ય પ્રત્યે પૂરેપૂરી વફાદારી રાખીને રાજ્ય અને પ્રજાના હિત અર્થે નાના મોટા વિવાદી પ્રશ્નોના યોગ્ય નિર્ણયો આપનાર નિષ્પક્ષપાતી, ન્યાયપ્રિય શ્રી લીંબાભાઈનું રાજ્યકર્તાઓએ યોગ્ય સન્માન કર્યું, બે હજાર રૂપિયા ઈનામ આપ્યું. આ રૂપિયા શ્રી લીંબાભાઈએ પ્રજા ઉપયોગી સત્કાર્યમાં વાપર્યા.

રાજમાતા શ્રી કમરીબાઈ સાથે તીર્થયાત્રામાં જઈને શ્રી લીંબાભાઈએ રાજમાતા દ્વારા કાશીમાં સદાવ્રત શરૂ કરાવ્યું, વિવિધ તીર્થસ્થાનોમાં વિવિધ દાન કરાવ્યું તેમજ રાજ્યનાં ગામોમાં પણ પ્રજા-ઉપયોગી વિવિધ કાર્યો કરાવીને રાજ્યની સંપત્તિનો રાજ્યમાતા દ્વારા સદુપયોગ કરાવીને રાજ્યની પ્રગતિ અને પ્રતિષ્ઠામાં વૃદ્ધિ કરાવી. (સૌરાષ્ટ્ર લેઉવા પાટીદારોનો ઈતિહાસ, પ્રકાશક ગારધન સોરઠિયા, 'પ્રભુની ફૂલવાડી' પૃષ્ઠ નં.૧૯૭-૧૯૮ના આધારે.)

ભગવાન સ્વામિનારાયણના આશ્રિત પટેલ શ્રી લીંબાભાઈએ રૂપિયા પાંચ હજાર ખર્ચીને કુંકાવાવમાં શ્રી સ્વામિનારાયણ મંદિર કરાવ્યું. સ્વામી શ્રી મહાપુરુષદાસજી, બ્રહ્મચારી શ્રી વાસુદેવાનંદજી, સ્વામી શ્રી યોગેશ્વરદાસજી, પુરાણી શ્રી રઘુવીરચરણદાસજી વગેરે સંતો-પાર્ષદોને કુંકાવાવમાં પધરાવીને સંવત ૧૯૩૨માં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ કરાવ્યો.

શ્રી લીંબાભાઈને પાંચ પુત્ર હતા. પુત્રોનાં નામ આ મુજબ છે : લખમણભાઈ, ગોવિંદભાઈ, હરજીભાઈ, માવજીભાઈ અને ગોપાળભાઈ. સત્સંગના શુભસંસ્કારયુક્ત, સદાચારમય જીવન

જીવનાર આ દેવાણી પરિવારનું જીવન સત્સંગના શુભ સંસ્કારોથી ઘડાયેલું હતું. સ્નાન, પૂજા, દેવદર્શન, સંત સમાગમ વગેરે સત્સંગના નિયમોનું પાલન કરીને પ્રયત્નપૂર્વક સંપત્તિ પ્રાપ્ત કરનાર સદ્‌ગૃહસ્થ હતા.

શ્રી લીંબાભાઈના પાંચ પુત્રોમાં શ્રી ગોપાળભાઈ બધાંથી નાના પુત્ર હતા. શ્રી ગોપાળભાઈનાં પત્નીનું નામ કમરબાઈ હતું.

જન્મ અને બાલ્યાવસ્થા : વિ.સં. ૧૯૬૧ના આસો વદ-૮ને શનિવાર તા.૨૧-૧૦-૧૯૦૫ના શુભ દિવસે શ્રી ગોપાળભાઈને ત્યાં પુત્ર જન્મ થયો. શ્રી ગોપાળભાઈએ તેનું નામ કુંવરજી રાખ્યું. માતા-પિતાની છત્રછાયામાં લાડકોડથી ઉછરેલા શાંત સ્વભાવના બાળક કુંવરજીને માતાનું વાત્સલ્ય, પિતાનો પ્રેમ અને સંત સમાગમના શુભ સંસ્કારો માતા-પિતા અને પરિવારનાં વડીલો દ્વારા બાલ્યાવસ્થામાં જ પ્રાપ્ત થયેલા, તેમનું બાલ્યજીવન કુંકાવાવમાં જ વ્યતીત થયેલું.

કુંકાવાવની શાળામાં તેમણે ગુજરાતીમાં ૫-૬ ધોરણ સુધીનો અભ્યાસ કરેલો. દેવદર્શન અને તીર્થયાત્રામાં શ્રદ્ધાવંત કુંવરજી દસ વર્ષના બાળક હતા ત્યારે પોતાના વડીલ માવજીબાપા સાથે દેવદર્શન અને તીર્થયાત્રા કરવા જૂનાગઢ ગયેલા અને સ્વામિનારાયણ મંદિરમાં ભીમ-એકાદશીના ઉત્સવ-સમૈયાનાં દર્શન કરીને માવજીબાપા સાથે કુંકાવાવ આવ્યા.

કુંકાવાવમાં પ્રાથમિક અભ્યાસ પૂર્ણ કરીને વિશેષ અભ્યાસ કરવા માટે જેતપુર જવાનો વિચાર કર્યો. પોતાનાં માતુશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કરીને જેતપુર ગયા. મંદિરમાં દેવદર્શન કરીને સ.ગુ. સ્વામીશ્રી બાલમુકુંદદાસજીને મળ્યા. સ્વામીને દંડવત્ પ્રણામ કરીને કહ્યું કે, 'હું ભણવા માટે અત્રે આવ્યો છું. આપની આજ્ઞા મુજબ રહીને હું અભ્યાસ કરવા ઈચ્છું છું.' સ્વામીશ્રીએ કહ્યું કે, 'ભગત ! તમે ભલે આવ્યા. આ મંદિર તમારું જ છે. અહીં રહો, દેવસેવા કરો અને વિદ્યાભ્યાસ કરો.' સ્વામીશ્રીની આજ્ઞાથી કુંવરજીભાઈ જેતપુર મંદિરમાં રહ્યા. અભ્યાસ માટે શાળામાં જવા તથા અન્ય સર્વ સગવડ સ્વામીશ્રીએ કરી આપી.

જેતપુરની પાઠશાળાના પંડિત-શાસ્ત્રી વિશ્વનાથજી પાસે પ્રાથમિક સંસ્કૃત અભ્યાસ શરૂ કર્યો. સંસ્કૃત અભ્યાસ શરૂ કર્યો. સંસ્કૃત 'લઘુસિદ્ધાંતકૌમુદી'નો અભ્યાસ તેમની પાસે જ કર્યો. સાથો સાથ કમરીબાઈ હાઈસ્કૂલમાં જવાનું શરૂ કર્યું અને વિશેષ અંગ્રેજી અભ્યાસ પણ શરૂ કર્યો. જેતપુર મંદિરમાં રહીને આ રીતે અભ્યાસ કરતાં તેમણે એક-બે વર્ષો પૂરાં પસાર કર્યા તે સમયમાં તેમના પિતાશ્રી તેમને ઘેર લઈ જવા માટે આવ્યા. સંતોને કહીને કુંવરજીને કહ્યું કે 'તમે ઘેર ચાલો.' ત્યારે તેમણે કહ્યું કે, 'મારે ઘેર નથી આવવું. અભ્યાસ કરીને સાધુ થઈને સત્સંગની સેવા કરવી છે.' છતાં પણ તેમના પિતાશ્રીએ ઘેર લઈ જવાનો આગ્રહ ચાલુ રાખ્યો, તેથી સ્વામીશ્રીએ કુંવરજીને સમજાવીને તેમના પિતાશ્રી સાથે તેમને ઘેર મોકલ્યા. કુંવરજીભાઈ થોડા દિવસ ઘેર રહ્યા પછી ત્યાંથી તેમના મામાને ઘેર ઓળિયા ગામે જતા રહ્યા. ત્યાં એક વર્ષ રહીને સમયની અનુકૂળતાએ સંતોની સાથે જેતપુર આવ્યા અને પાર્ષદના પોષાકમાં સંતો સાથે રહ્યા.

કુંવરજી બીજીવાર જેતપુર આવ્યા ત્યારે સ.ગુ. શ્રી સ્વામી બાલમુકુંદદાસજી અક્ષરનિવાસી થયા હતા, તેથી તેમના મંડળના સંતો સાથે જેતપુર રહ્યા અને ફરીથી સંસ્કૃત અભ્યાસ શરૂ કર્યો. તે સમયે તેમના પિતાશ્રીએ સાધુ થવા માટે સંમતિ આપી.

સાંપ્રદાયિક ભાગવતી દીક્ષા : વિ.સં. ૧૯૭૬ની સાલમાં કાર્તિક સુદ-૧૧ પ્રબોધિની એકાદશીના ઉત્સવ-સમૈયાનાં દર્શન અને સાધુદીક્ષા લેવા માટે સંતો સાથે જેતપુરથી વડતાલ ગયા. એ સમૈયામાં વિ.સં. ૧૯૭૬ના કાર્તિક સુદ-૧૧, મંગળવાર તા.૪-૧૧-૧૯૧૯ના દિવસે આચાર્યશ્રી શ્રીપતિપ્રસાદજીએ તેમને સાંપ્રદાયિક ભાગવતી દીક્ષા આપી અને તે સમયમાં સંતોએ તેમને સ્વામી 'શ્રીકૃષ્ણવલ્લભદાસજી' નામથી સત્સંગમાં જાહેર કર્યા. સ્વામીશ્રી બાલમુકુંદદાસજી પ્રત્યેક વર્ષે કુંકાવાવ આવતા અને ત્યાં રોકાતા, તેથી સ્વામી શ્રીકૃષ્ણવલ્લભદાસજીને ઘેર હતા ત્યારથી જ સ્વામીશ્રી બાલમુકુંદદાસજીનો પરિચય અને સમાગમનો યોગ હતો જ. કુંકાવાવથી તેઓશ્રી પ્રથમ જેતપુર ગયા ત્યારે સ્વામીશ્રી બાલમુકુંદદાસજી જેતપુર હતા અને સ્વામીશ્રીની આજ્ઞાથી જ તેઓ જેતપુર મંદિરમાં રહીને અભ્યાસ કરતા અને સ્વામીશ્રીની આજ્ઞા મુજબ રહીને મંદિરની સેવા કરતા. આ રીતે તેમણે બાલમુકુંદદાસજીની પ્રસન્નતા પ્રાપ્ત કરેલી. આ કારણથી શ્રીકૃષ્ણવલ્લભદાસજી પોતાના દીક્ષાગુરુ તરીકે સ.ગુ. સ્વામીશ્રી બાલમુકુંદદાસજીને આદરપૂર્વક માનતા અને એ મુજબ લખતા - આ સત્ય હકીકત છે.

વિદ્યાભ્યાસ માટે વિવિધ પ્રયત્નો : નીતિશાસ્ત્રીમાં કહ્યું છે કે, 'પ્રાપ્ત થયેલ પળનો પૂરેપૂરો ઉપયોગ કરીને વિદ્યાભ્યાસ કરવો.' વિદ્યાભ્યાસ માટે જરૂર પૂરતો જ આહાર, જરૂર પૂરતી જ નિંદ્રા, અભ્યાસમાં એકાગ્રતા, ચિરકાળ પર્યંત પ્રતિદિન નિયમિત સમયે આદર્શપૂર્વક ક્રમશઃ અભ્યાસ- વગેરે સદ્‌ગુણો જરૂરી છે. સુખની અપેક્ષા રાખ્યા વિના સતત વિદ્યાભ્યાસ કરનારને વિદ્યા પ્રાપ્ત થાય છે.

શારીરિક સ્વાસ્થ્યની પ્રતિકૂળતા, જીવન વ્યવહારના ખર્ચ માટે ચોક્કસ પ્રકારની આર્થિક વ્યવસ્થા નહિ, એક જ સ્થાનમાં રહીને સંપૂર્ણ અભ્યાસ કરી શકાય એવી કોઈ સુવિધા નહિ - આવી વિવિધ વિપત્તિઓ વચ્ચે રહીને શાસ્ત્રી-સ્વામીએ વિદ્યાભ્યાસ કરીને વિદ્વત્તા પ્રાપ્ત કરી છે.

સં.૧૯૭૨ થી ૧૯૭૬ સુધીના સમયમાં જેતપુર અને જૂનાગઢ મંદિરમાં રહીને અભ્યાસ કર્યો. સં.૧૯૭૭-૭૮માં વડતાલ અને વડોદરા અભ્યાસ કર્યો અને ત્યાંથી જૂનાગઢ આવ્યા. વિશેષ અભ્યાસ માટે તેમને મહેચ્છા હતી તેથી તેમણે વિચાર્યું કે પુરુષાર્થ અને પરમાત્માની પ્રસન્નતા અન બંને હોય તો જ માનવીનો પુરુષાર્થ સફળ થાય છે. તેથી તેમણે પરમાત્માની પ્રસન્નતા માટે વિશેષ ભજન-ભક્તિ શરૂ કર્યા. પ્રથમ તો તેમણે મંત્રજાપ, દંડવત્, પ્રદક્ષિણા વગેરે સામાન્ય નિયમો વિશેષ પ્રમાણમાં શરૂ કર્યા.

સં.૧૯૭૮ના આસો માસના શુભ દિવસોમાં 'જનમંગલસ્તોત્ર'નું પુરશ્ચરણ કરવાનો પ્રારંભ કર્યો. પુરશ્ચરણ પૂર્ણ થાય ત્યાં સુધી તેમણે જે નિયમો પાળેલા તે આ મુજબ હતા :

૧. પ્રતિદિન સ્તોત્રપાઠ નિયમિત સંખ્યામાં કરવા. ૨. પ્રતિદિન એક જ વાર ફળાહાર કરવો. ૩. ફળાહારમાં પાશેર વજનનો (૧૦૦ ગ્રામ) એક જ પેંડો લેવો. ૪. દિવસે નિંદ્રા કરવી નહિ. ૫. જરૂર પૂરતું જ બોલવું.

ઉપરોક્ત નિયમોનું પાલન કરીને ૧૧ દિવસે 'જનમંગલસ્તોત્ર'નું પુરશ્ચરણ પૂર્ણ કર્યું, તે નિમિત્તે વિશેષ દેવપૂજન કર્યું અને વયોવૃદ્ધ, પૂજ્ય બ્રહ્મચારી, સંતોને દંડવત્ પ્રણામ કરીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા. પુરશ્ચરણ પૂર્ણ કર્યા પછી પણ 'જનમંગલસ્તોત્ર'નો પાઠ ચાલુ રાખ્યો. વિશેષ અભ્યાસ માટે તેમણે કાશી જવાનો વિચાર કર્યો.

સ્વામીશ્રી નારાયણદાસજીના આશીર્વાદ અને સહકાર : એ સમયમાં જૂનાગઢ મંદિરમાં સ.ગુ. સ્વામીશ્રી નારાયણદાસજી મહંત હતા. સ્વામીશ્રી કૃષ્ણવલ્લભદાસજીએ સ્વામીશ્રી નારાયણદાસજીને કાશી અભ્યાસ અર્થે જવાનો પોતાનો વિચાર જણાવ્યો. તે સાંભળીને થોડીવાર વિચારીને સ્વામીશ્રી નારાયણદાસજી કહેવા લાગ્યા કે, 'તમારો વિચાર સારો છે. પરંતુ વિદ્યાભ્યાસ માટે કાશી જવું, ત્યાં રહીને અભ્યાસ કરવો, એ કાર્ય ઘણું મુશ્કેલ છે, કારણ કે ત્યાં આપણું મંદિર નથી. રહેવા અને જમવાની વ્યવસ્થા કરવી પડે. ત્યાં કોઈ સત્સંગી નથી કે જેનો આપણે ભલામણપત્ર લખીને સાથ-સહકાર મેળવી શકીએ. આમ, પૂર્વાપરનો વિચાર કરતાં જણાય છે કે આ કાર્ય થોડું મુશ્કેલીવાળું છે જ, છતાં પણ કાશી જઈને અભ્યાસ કરવાની તમારી ખરેખર ઈચ્છા છે, તેથી હું ભગવાનને પ્રાર્થના કરીશ. ભગવાન તમારી ઈચ્છા પૂરી કરશે.' થોડીવાર વિચાર કરીને સ્વામીશ્રીએ કહ્યું કે, 'હિંમત રાખીને તમે અભ્યાસ કરવા કાશી જાઓ. ત્યાં જમવા, રહેવા, અભ્યાસ કરવા વગેરેની આર્થિક વ્યવસ્થા માટે સેવાભાવી સત્સંગીઓને હું પ્રેરણા કરીશ.'

સ્વામીશ્રીએ કહ્યું કે, 'કૃષ્ણવલ્લભ, તમે જેતપુર જાઓ, ત્યાં સંતોના આશીર્વાદ મેળવો અને તેમને કાશી જવાની વાત કહો, પછી અહીં આવો.' સ્વામીશ્રીની આજ્ઞાથી શ્રીકૃષ્ણવલ્લભદાસજી જેતપુર ગયા અને ત્યાં બાલમુકુંદદાસજીના શિષ્ય નિર્ગુણદાસજીસ્વામી તથા કેશવચરણદાસજી સ્વામીને દંડવત્ પ્રણામ કરીને બધી જ વાત કરી અને આશીર્વાદ માંગ્યા. તેમની વાત સાંભળીને સ્વામી કેશવચરણદાસજી અને નિર્ગુણદાસજી પ્રસન્ન થયા, આશીર્વાદ આપ્યા અને વિશેષમાં કહ્યું કે, 'શ્રીકૃષ્ણવલ્લભદાસજી, તમે હિંમત રાખીને જાઓ, અભ્યાસ કરો. ભગવાન તમારા બધાં સંકલ્પો પૂરા કરશે, અને અમો અહીં બેઠાં બેઠાં ભગવાનને પ્રાર્થના કરીશું અને સત્સંગીઓને પ્રેરણા કરીશું,' તેથી તમને સહાય મળતી રહેશે.' આ રીતે સંતોના આશીર્વાદ લઈને તેઓશ્રી જૂનાગઢ આવ્યા.

વિદ્યાભ્યાસ કરનાર બ્રહ્મચારી, સંતો, વિપ્રબાળકો વગેરેને સર્વપ્રકારે સહાય કરવી એવો સ્વામીશ્રી નારાયણદાસજીનો સહજ સ્વભાવ હતો. સ્વામી શ્રીકૃષ્ણવલ્લભદાસજીને પણ કાશી જવા માટે સર્વ પ્રકારની સહાયતા કરેલી.

દરબારશ્રી અર્જુનસિંહજીની સહાય : સ્વામી શ્રીકૃષ્ણવલ્લભદાસજીને સર્વ પ્રકારની આર્થિક સહાય મળતી રહે એ માટે સ્વામી શ્રીનારાયણદાસજીએ જાડેજા દરબારશ્રી અર્જુનસિંહ બાપુને પ્રેરણા કરી. એ જ રીતે જેતપુર મંદિરના સ્વામીશ્રી નિર્ગુણદાસજીએ પણ દરબારશ્રીને પ્રેરણા કરી. આ બંને સંતોની પ્રેરણાથી દરબારશ્રીએ સ્વામી શ્રીકૃષ્ણવલ્લભદાસજીને અભ્યાસ કરવામાં યથાશક્તિ આર્થિક સેવા સતત ચાલુ રાખેલી. દરબારશ્રીની આર્થિક સેવાથી પ્રસન્ન થયેલા શાસ્ત્રી શ્રીકૃષ્ણવલ્લભદાસજીએ દરબારશ્રી અર્જુનસિંહજી અને પોતાના સંવાદ-સ્વરૂપે 'ગુણાતીતબ્રહ્મોપનિષદ્'નો આવિષ્કાર કરીને પ્રસિદ્ધ કરેલ છે તથા 'સ્વામિનારાયણ વેદાંતસાર'નું પ્રકાશન કરવા માટે દરબારશ્રીએ સંપૂર્ણ સહાય કરી છે. નારાયણદાસ સ્વામીની પણ સ્તુતી પણ સ્વામીશ્રીએ લખેલ છે.

વિશેષ અભ્યાસ માટે કાશીગમન : કાશી જવા માટે સાથે આવનાર સંત જોઈએ. એ સમયમાં જૂનાગઢમાં પ્રેમવતીદાસ નામે એક સંત વિદ્યાભ્યાસ કરતા. અભ્યાસ માટે તેમને પણ કાશી જવાની ઈચ્છા હતી. શ્રીકૃષ્ણવલ્લભદાસજી તેમને મળ્યા અને વાતચીત કરી. તેઓ સાથે આવવા તૈયાર થયા. એ સમયમાં એવો નિયમ હતો કે કોઈ પણ બ્રહ્મચારી સંત કે પાર્ષદને બહારગામ જવું હોય તો મંદિરના મહંતની આજ્ઞા લેવી પડે. આજ્ઞા સિવાય ગામમાં કે બહારગામ જવાય નહિ. સાથે આવનાર સંતનું નક્કી થયા પછી શ્રીકૃષ્ણવલ્લભદાસજીએ મંદિરના મહંત સ્વામીશ્રી નારાયણદાસજીને કહ્યું કે, 'સ્વામી ! પ્રેમવતીદાસજી મારી સાથે કાશી આવવાનું કહે છે. આપ કહો તો તેમને સાથે લઈને હું કાશી જાઉં.' સ્વામી કહે, 'બહું સારું. તેમને લઈને તમે કાશી જાઓ. હું તેમને કહીશ, તેથી તમારી સાથે તે આવશે.' આ રીતે બધી જ અનુકૂળતા થઈ, ત્યારપછી નક્કી કરેલા દિવસે મંદિરમાં દેવદર્શન, દંડવત્ પ્રણામ, પ્રાર્થના કરીને બ્રહ્મચારીશ્રી કૃષ્ણસ્વરૂપાનંદસ્વામી, સ્વામીશ્રી નારાયણદાસજી અને પોતાના વિદ્યાગુરુ બ્રહ્મચારી બાલકૃષ્ણાનંદજી વગેરે વડીલ પૂજ્ય સદ્‌ગુરુઓને સ્વામી શ્રીકૃષ્ણવલ્લભદાસજી દંડવત્ પ્રણામ કરી, આશીર્વાદ પ્રાપ્ત કરીને વિ.સં. ૧૯૮૦ના માઘ સુદ-૮ બુધવાર તા.૧૩-૨-૧૯૨૪ના શુભ દિવસે જુનાગઢથી નીકળ્યા અને રેલવે દ્વારા કાશી પહોંચ્યા.

કાશીમાં રહીને રમાકાન્ત ઝા નામના મૈથિલી પંડિત પાસે ન્યાયશાસ્ત્રનાં પ્રાથમિક પુસ્તકોનો અભ્યાસ કર્યો. રહેવાની અને જમવાની ખૂબ જ મુશ્કેલી હતી. રહેવાની જગ્યા વારંવાર ફેરવવી પડતી. જમવાની પણ મુશ્કેલી. અભ્યાસ માટે પુસ્તકોની ખરીદી, અન્ય ખર્ચ - આ બધી જ મુશ્કેલીઓ સહન કરીને એક વર્ષનો અભ્યાસ પૂરો કર્યો. વેકેશનમાં જૂનાગઢ આવ્યા. દેવદર્શન કરી વડીલ સંતોને દંડવત્ પ્રણામ કરીને મળ્યા. સંતોએ આદરપૂર્વક કુશળ સમાચાર પૂછ્યા. સમયની અનુકૂળતાએ મહંત સ્વામી શ્રીનારાયણદાસજીને મળ્યા અને અભ્યાસ કરવામાં પોતાને જે મુશ્કેલીઓ હતી તે સ્વામીશ્રીને કહી તથા પોતાના વિદ્યાગુરુ બ્રહ્મચારી સ્વામી બાલકૃષ્ણનંદજીને પણ કરી.

પોરબંદર સ્ટેટના અન્નક્ષેત્રમાં ભોજન વ્યવસ્થા : બ્રહ્મચારી બાલકૃષ્ણાનંદજીને કહ્યું કે, 'કાશીમાં પોરબંદર સ્ટેટનું અન્નક્ષેત્ર છે. તેમાં ભોજન-વ્યવસ્થા થઈ શકે. પરંતુ ત્યાંના રાજવીનો સંમતિપત્ર જોઈએ.' બ્રહ્મચારીશ્રીએ કહ્યું કે, 'મણિલાલ જીવરાજની સત્સંગી છે અને તે પોરબંદર સ્ટેટના ઈજનેર છે. તેમનો મારે પરિચય છે. તેમને મળીને આપણે પ્રયત્ન કરીએ.' આ પ્રકારનો નિર્ણય કરીને તે બંને સ્વામી નારાયણદાસજીને મળ્યા અને ઉપરોક્ત વાત કરી. સ્વામીશ્રીએ કહ્યું કે 'બ્રહ્મચારી, તમે શ્રીકૃષ્ણવલ્લભદાસજીને સાથે લઈને પોરબંદર જાઓ. મણિભાઈ પ્રત્યે હું ભલામણપત્ર લખી દઉં છું તે તેમને આપજો. ભગવાન બધું જ સારું કરશે.' આમ કહીને સ્વામીશ્રીએ પત્ર લખાવીને બ્રહ્મચારીને આપ્યો. તે પત્ર લઈને બંને પોરબંદર ગયા અને શ્રી મણિલાલભાઈને મળ્યા અને સ્વામીનો પત્ર આપ્યો, મૌખિક વાત કરી. સમયની અનુકૂળતા પ્રમાણે પોરબંદર સ્ટેટના રાજવી રાણાસાહેબને શ્રી મણિલાલભાઈ મળ્યા, સંતોનો પરિચય આપ્યો અને વિનંતી કરીને કહ્યું કે, 'આ સંત કાશીમાં રહીને અભ્યાસ કરે છે. તેમને જમવા માટે આપણા અન્નક્ષેત્રમાં વ્યવસ્થા થાય તેવો સંમતિપત્ર લખી આપવા આપને વિનંતી કરું છું.' શ્રી મણિલાલભાઈની વિનંતી માન્ય રાખીને શ્રી રાણાસાહેબે અધિકારીને બોલાવીને સંમતિપત્ર લખાવી, સહી કરીને શ્રીકૃષ્ણવલ્લભદાસજીને આપ્યો. તે કાર્ય સફળ કરીને બ્રહ્મચારી બાલકૃષ્ણાનંદજી અને શ્રીકૃષ્ણવલ્લભદાસજી જૂનાગઢ આવ્યા. સ્વામીશ્રી નારાયણદાસજીને કહ્યું કે, 'તમારી કૃપાથી પોરબંદરના અન્નક્ષેત્રમાં ભોજનની મંજૂરી મળી ગઈ છે.' તે સાંભળીને સ્વામીશ્રી નારાયણદાસજી પ્રસન્ન થયા.

અભ્યાસ અને પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ : વિ.સં. ૧૯૮૦થી ૧૯૯૧ એટલે કે ઈ.સ. ૧૯૨૪થી ૧૯૩૫ સુધીનાં બાર વર્ષ સતત અભ્યાસ કરીને બારમે વરસે 'નવ્યન્યાયાચાર્ય' પરીક્ષા પાસ કરીને પ્રથમ વર્ગમાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો ત્યારથી તેઓશ્રી 'નવ્યન્યાયાચાર્ય' પદ્વીથી વિદ્વાનોમાં પ્રસિદ્ધ થયા. એ જ બાર વર્ષના સમયમાં સંસ્કૃત ભાષાના વિવિધ વિષયોની પરીક્ષા પાસ કરીને સ્વામીશ્રીએ વિવિધ વિષયોની પદ્વીઓ પ્રાપ્ત કરેલી જેની વિગતો આ મુજબ છે. (૧) સાંખ્યયોગતીર્થ, (૨) વેદાંતતીર્થ, (૩) ષડ્દર્શનાચાર્ય, (૪) દાર્શનિકપંચાનન, (૫) ન્યાય-વૈશેષિક શાસ્ત્રી. આ બધી જ પદ્વીઓ સંસ્કૃત કોલેજની પરીક્ષાઓ પાસ કરીને પ્રાપ્ત કરેલી. આમ જોઈએ તો ઈ.સ. ૧૯૧૧થી ૧૯૩૫ના ૨૪ વર્ષના સમયગાળામાં સ્વામીશ્રીએ સંસ્કૃત વિદ્યાનો અભ્યાસ કરીને વિવિધ વિષયોની ઉપરોક્ત પદવીઓ પ્રાપ્ત કરી છે. આ સમયગાળામાં જ સ્વામીશ્રી સં. ૧૯૯૯માં જેતપુરથી જૂનાગઢ આવેલ, જે સમયમાં સ્વામીશ્રીએ બોમ્બે યુનિવર્સિટી દ્વારા લેવાતી મેટ્રિકની પરીક્ષા જૂનાગઢની બહાઉદ્દીન કોલેજના કેન્દ્ર દ્વારા આપીને તે પરીક્ષામાં સારા માર્ક મેળવીને પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા હતા.

અભ્યાસકાળમાં તેમજ તે પછીના સમયગાળામાં સ્વામીશ્રીએ સંસ્કૃત વિદ્યાનાં વિવિધ શાસ્ત્રોનાં પુસ્તકો લખ્યાં તેમજ અનેક શહેરોમાં અને ગામડાંઓમાં વિવિધ શાસ્ત્રોમાં કથા-પારાયણ કર્યા, વિદ્વાનોની સભાઓમાં વિવિધ શાસ્ત્રાર્થો કર્યા, જાહેર સભાઓમાં સત્શાસ્ત્ર, ધર્મ

અને સામાજિક વિષયો પર પ્રવચનો કર્યા તેમજ અભ્યાસ અર્થે આવેલ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવ્યો. એવા આ સંતશ્રી માનવજીવનમાં મળેલ સમયનો સદુપયોગ કરીને સૌને પ્રેરક બન્યા હોય એવા અલૌકીક મહામાનવ હતા.

ગુરુસેવાથી વિદ્યાપ્રાપ્તિ : જૂનાગઢના વસવાટ અને વિદ્યાભ્યાસ દરમ્યાન પોતાના વિદ્યાગુરુ બ્રહ્મચારીશ્રી બાલકૃષ્ણાનંદજીની પ્રેરણા સતત મળતી રહી અને કાશીમાં અભ્યાસ કરવાની ગોઠવણ પણ ગુરુકૃપા અને ગુરુસેવાનું જ પરિણામ છે. સ્વામીશ્રીને મન ગુરુસેવા, ગુરુ-પ્રસન્નતા એ જ વિદ્યાપ્રાપ્તિના સુયોગનું ફળ છે. તેઓ માનતા હતા કે -

'ગુરુ શુશ્રુષયા વિદ્યા ।' 'સા વિદ્યા યા વિમુક્તયે ॥'

ગુરુ કહે તેમ તેમની સેવા કરીને, ગુરુકૃપાથી વિદ્યા પ્રાપ્ત કરવી. ગુરુકૃપાથી પ્રાપ્ત થયેલી વિદ્યા મોક્ષદાયક છે. જે મોક્ષદાયક છે તેને જ વિદ્યા કહેવાય છે.

'ગુરુદેવ પરબ્રહ્મ । આજ્ઞા ગુરુણામાવિચારણીયા'- ગુરુ એ જ પરબ્રહ્મ છે, ગુરૂની આજ્ઞા એ પરબ્રહ્મની આજ્ઞા છે, એમ માનીને કોઈપણ પ્રકારનો વિચાર કર્યા વિના ગુરુની આજ્ઞાનું પાલન કરવું. ગુરુની ઈચ્છા મુજબ રહીને, ગુરુની સેવા કરીને, ગુરુકૃપાથી વિદ્યા પ્રાપ્ત કરનાર શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ મહાપુરુષોનાં ઉદાહરણો ઉપનિષદો અને મહાભારતમાં વાંચવા મળે છે.

સ્વામીશ્રી કૃષ્ણવલ્લભાચાર્યશ્રીએ પોતાના વિદ્યાગુરુઓના જીવન વ્યવહારના સદાચાર, તેમની વ્યાવહારિક ક્રિયા, તેમનો સ્વભાવ વગેરેને અનુરૂપ રહીને ગુરુની ઈચ્છા મુજબ ગુરુની સેવા કરીને ગુરુની પ્રસન્નતા પ્રાપ્ત કરીને અને ગુરુકૃપાથી તેમણે વિશ્વવિખ્યાત વિદ્વતા, શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરેલી. વામાચરણ ભટ્ટાચાર્યના વિદ્યાર્થી તરીકે રહીને કાશીમાં બાર વર્ષ સુધી અભ્યાસ કરીને આગળ જણાવ્યા મુજબની પદવીઓ પ્રાપ્ત કરી છે. ન્યાયદર્શનના 'પંચલક્ષણી' અને 'સિંહવ્યાઘ્રલક્ષણ' પર સ્વામીશ્રીના વિદ્યાગુરુશ્રી વામાચારણ ભટ્ટાચાર્યજીએ વિવૃત્તિ લખેલી છે. પોતાના વિદ્યાગુરુએ લખેલ આ બંને વિવૃત્તિઓનું પ્રકાશન પોતાના ખર્ચે કરાવીને વિદ્યાગુરુને સમર્પિત કરેલ છે. આ પ્રકારની ગુરુભક્તિથી પ્રસન્ન થયેલા વિદ્યાગુરુશ્રી વામાચરણ ભટ્ટાચાર્યે આ મુજબ આશીર્વાદ આપેલા :

श्री कृष्णवल्लभाचार्यः स्वाभिनारायणाश्रितः । विद्वान साधुवरः पुण्यसंभृतात्मा यतीश्वरः ।
योऽसौ काशीं समागत्य, तृणीकृतपरिश्रमः । अर्थः स्वार्थं विहायेदं प्रकाशयति सादरम् ।
तस्मै मत्प्रियशिष्याय, वश्यायाऽशेषभक्तये । सदानंदमयायैवमाशीर्वादः प्रदीयते ।
पुण्यपंडतिभावस्त्वं यशोमुकुटमंडितः । पुण्यायुः सर्वपुण्यानामाश्रयः सन् सुखी भव ॥

ભાવાનુવાદ : 'સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત, પવિત્રતાપૂર્ણ, સાત્ત્વિક, સૌમ્ય અને આનંદમય જીવન જીવનાર, બ્રહ્મચારી, સંતશિરોમણિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય વિદ્યાભ્યાસ કરવા કાશી આવ્યા. પૂર્ણ પરિશ્રમ કરીને અભ્યાસ કર્યો. વિદ્યાગુરુ પ્રત્યે અસાધારણ ભક્તિવાળા અને એથી જ ગુરુની આજ્ઞાનું યથાર્થ પાલન કરનાર શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય મારા વિદ્યાર્થી છે, હું કહું છું તેમ કરે છે, મારા પ્રિય શિષ્ય છે.

મેં લખેલા બે પુસ્તકો તેણે પોતાને ખર્ચે છપાવીને સાદર સમર્પિત કર્યા. ધનપ્રાપ્તિની અપેક્ષા વગર કેવળ મારી સેવા અર્થે તેમણે આ કાર્ય કર્યું. આ પ્રકારની તેઓની ગુરુભક્તિથી હું પ્રસન્ન થયો છું અને આશીર્વાદ આપું છું કે, 'તમારું જીવન સદાચારમય રહે, સર્વ પ્રકારનાં સત્કર્મો કરતા રહો, તમારી વિદ્વતા સર્વ પ્રકારે વિકસે, યશરૂપી મુકુટથી શોભતા આપ સર્વ પ્રકારે સુખી થાઓ.'

અભ્યાસકાળ દરમ્યાન વેઠેલ કષ્ટ અને સેવાવૃત્તિ : પોરબંદર સ્ટેટના અન્નક્ષેત્રમાં ભોજનની વ્યવસ્થા થયા પછી માત્ર એકવાર જ શાસ્ત્રીસ્વામીશ્રી ભોજન કરતા અને મોટે ભાગે સાંજના ભોજનને બદલે લસ્સીનું પાન કરીને ચલાવતા. રહેવા-જમવાનાં અને અભ્યાસનાં સ્થાનો ભિન્ન ભિન્ન વિસ્તારમાં અને દૂર દૂર હોવાથી બે ગાઉ એટલે કે છ કિલોમીટરની પદયાત્રા પ્રતિદિન કરવી પડતી. કાશીમાં સાંપ્રદાયિક મંદિર ન હતું, તેથી કાશીક્ષેત્રના મુખ્યદેવ 'કાશીવિશ્વનાથ મહાદેવ'નાં દર્શને પ્રતિદિન જવાનું જ. સંધ્યાઆરતી, નિત્યનિયમો, પ્રભાતનો દૈનિક ધાર્મિક પૂજનવિધિ, ઉપરાંત પોતાનાં વિશેષ વ્રત-જપ-નિયમો આ બધું જ કરવાનું જ. આ રીતે બાર વર્ષ સતત મહેનત કરીને સ્વામીશ્રીએ વિદ્યાભ્યાસ કર્યો.

વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસમાં યોગદાન : સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય એ પોતાના વિદ્યાભ્યાસનાં વર્ષોમાં પ્રાથમિક વિદ્યાર્થીઓને માર્ગદર્શક બનવાની સતત પ્રવૃત્તિ કરી હતી અને સંસ્કૃતના વિવિધ વિષયના વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવાનું શરૂ કર્યું હતું. તેમની આ પ્રવૃત્તિ વિષે શ્રીકૃષ્ણદેવ લખે છે કે, 'કૃષ્ણવલ્લભાચાર્યજી પાસે હું ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કરતો. એ સમયમાં ગુજરાતના વતની ૭૦ વિદ્યાર્થી કાશીમાં અભ્યાસ કરતા. સ્વામીશ્રી પ્રાણનાથ વિદ્યાલયમાં રહેતા અને વિદ્યાર્થીઓને ભણાવતા.' ('મૂળ અભિનંદનગ્રંથ', પૃ.૧૧૦)

વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતાં સ્વામીશ્રીના ખ્યાલમાં આવ્યું કે, 'એમને વિદ્યાભ્યાસમાં ક્યાં અને કેવી મુશ્કેલી પડી રહી છે.' એના ઉપાય તરીકે જેજે પુસ્તકોમાં સુબોધ વિવરણની જરૂર હતી તે તે પુસ્તકોનું વિવરણ લખવાની શરૂઆત કરી, જે કારણે સ્વામીશ્રીએ 'હિતોપદેશના મિત્રલાભ' પ્રકારણની સંસ્કૃત અને હિન્દી વિવૃત્તિ લખી. ત્યાર પછી તો (૧) 'તર્કસંગ્રહ'ની અર્થદીપિકાની વિસ્તૃત વિવૃત્તિ, (૨) 'ન્યાયસિદ્ધાંત મુક્તાવલી'ની વિસ્તૃત વિવૃત્તિ, (૩) 'તર્કસંગ્રહ'ની પદકૃત્ય વ્યાખ્યાની વિવૃત્તિ, (૪) 'તર્કસંગ્રહ'ની ન્યાયબોધિની વ્યાખ્યાની વિવૃત્તિ, (૫) 'સાંખ્યતત્ત્વકૌમુદી'ની વિસ્તૃત વિવૃત્તિ, (૬) 'યોગસૂત્ર'ની ભોજવૃત્તિની વિવૃત્તિ વગેરે 'પાઠ્યપુસ્તકો વિષયક કિરણાવલિ' નામની તેમની વિવૃત્તિઓ અભ્યાસ કરનાર અને કરાવનારને અભ્યાસ કરવામાં અતિશય સહાયક બની જેને કારણે ઉપરોક્ત પુસ્તકોનું અનેકવાર પ્રકાશન થયું છે. તેમણે લખેલી જે-તે પુસ્તકોની 'કિરણાવલિ' વ્યાખ્યાથી વિદ્વત્સમાજમાં તેમની વિશિષ્ટ વિદ્વાની પ્રસિદ્ધિ થઈ.

સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું સાહિત્યસર્જન : વિવિધ વિષયોમાં ૫૦થી વધારે પુસ્તકો તેમણે લખેલાં છે તે પુસ્તકો પૈકીના 'હરિવાક્યસુધાસિંધુ' (વચનામૃત)ના વિસ્તૃત વિવેચનરૂપ 'બ્રહ્મરસાયણભાષ્ય' તથા 'તત્ત્વપ્રભાવલિ' વગેરે કેટલાક પુસ્તકો ભારતીય તત્ત્વજ્ઞાન અને ભારતીય દર્શનશાસ્ત્રના અનુપમ અને અદ્વિતીય રત્નસ્વરૂપે કહી શકાય.

સંસ્કૃત સાહિત્યસાગરનું મંથન કરીને નાવીન્યપૂર્ણ વિશિષ્ટ તત્ત્વજ્ઞાનરૂપી સાહિત્યરત્નોની શોધ કરીને વિશ્વ સમક્ષ મૂકનાર પૂજ્ય શાસ્ત્રીજી શ્રોતિય બ્રહ્મનિષ્ઠ મહાપુરુષ હતા.

સાંપ્રદાયિક વિવિધ પુસ્તકો અને વ્યાખ્યાનો લખીને સાંપ્રદાયિક સાહિત્યવિષયક વિશિષ્ટ સેવા તેમણે કરી છે. વિદ્વાન કથાકારોને કથાવાચનમાં સરળતા રહે તેવા હેતુથી 'સત્સંગિજીવન ધર્મશાસ્ત્ર' અને 'સત્સંગિભૂષણ ભક્તિશાસ્ત્ર' આ બંને ગ્રંથોની સરળ, સુબોધ, સંક્ષિપ્ત વ્યાખ્યા લખીને સંપ્રદાયની ઉત્તમ સાહિત્ય સેવા કરી છે.

સાંપ્રદાયિક સાહિત્યનો રાષ્ટ્રભાષા હિન્દીમાં અનુવાદ : સાંપ્રદાયિક સાહિત્યનો રાષ્ટ્રભાષા હિન્દીમાં અનુવાદ કરીને તેનું પ્રકાશન અને પ્રસાર કરવાનો અનુપમ, અદ્વિતીય પ્રયત્ન સર્વપ્રથમ શાસ્ત્રીજીએ કરેલ છે.

વચનામૃત, શિક્ષાપત્રી, ગોપાળાનંદસ્વામીની અને ગુણાતીતાનંદ સ્વામીની વાતો - વગેરે પુસ્તકોનો રાષ્ટ્રભાષા હિન્દીમાં અનુવાદ કરીને તેનું પ્રકાશન અને પ્રસાર કરીને શાસ્ત્રીજીએ સાંપ્રદાયિક સાહિત્યની ઉત્તમ સેવા કરી છે.

વિ.સં. ૧૯૯૧ની સાલમાં તેમણે 'વચનામૃત'નો હિન્દી અનુવાદ કરેલો. તે 'વચનામૃત'ની પ્રાસ્તાવિક ભૂમિકામાં અને 'વચનામૃત'ની ટિપ્પણીમાં દાર્શનિક સિદ્ધાંતો અને 'વચનામૃત'ના તત્ત્વજ્ઞાનનો સમન્વય કરવાનો તેમણે પ્રયાસ કરેલ છે. તેમના આ હિન્દી અનુવાદની ભૂમિકા જિજ્ઞાસુએ અવશ્ય વાંચવા યોગ્ય છે.

'હરિસંભવમ્' મહાકાવ્યનું પ્રકાશન : બ્રહ્મચારીશ્રી અચિન્ત્યાનંદજી વિરચિત 'હરિસંભવમ્ મહાકાવ્યમ્' - આ મહાકાવ્ય કવિ કાલિદાસ વિરચિત 'કુમારસંભવમ્' મહાકાવ્યથી અનેકવિધ વિશિષ્ટતાવાળું મહાકાવ્ય છે. એથી જ આ મહાકાવ્યનું પ્રકાશન કરનારને ઉત્તરપ્રદેશ સરકાર તરફથી ઈનામ મળેલ છે. આ મહાકાવ્યની પ્રાસ્તાવિક ભૂમિકારૂપે શાસ્ત્રીજીએ લખેલ 'કવિકાવ્યગૌરવમ્' નામનો બૃહદ લેખ સર્વ કોઈ સાહિત્યરસિકોને એકાગ્રતા અને અભ્યાસપૂર્વક વાંચવા યોગ્ય છે. તે મહાકાવ્યનું હિન્દી ભાષાંતર શાસ્ત્રીસ્વામીશ્રી શ્વેતવૈકુંઠદાસજીએ કરેલ છે. આ મહાકાવ્યનું પ્રકાશનખર્ચ તથા તેને વિશ્વનાં સંસ્કૃત પુસ્તકાલયોમાં મોકલવાનો બધો જ ખર્ચ શાસ્ત્રી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ કરેલ છે. પોતાના વિદ્યાગુરુ બ્રહ્મચારી શાસ્ત્રીબાલકૃષ્ણાનંદજીની પ્રેરણા અને પ્રસન્નતાર્થે શાસ્ત્રીજીએ આ પ્રકાશનકાર્ય કરેલ છે.

મંદિરોની સેવા : 'પરમાત્માની પ્રસન્નતા અર્થે જ સત્કર્મો કરીને આ લોકમાં મારે એક

સો વર્ષ જીવવું છે. પરમાત્માની પ્રસન્નતાર્થે જ સત્કર્મો કરનારને કર્મબંધનો બંધનકર્તા નથી.' (ઈશવાસ્યોપનિષદ). 'ભગવાનની ભક્તિ કરીને સમયનો સદુપયોગ કરો.' (શિક્ષાપત્રી) સમયનો સદુપયોગ સત્પુરુષો ત્રણ પ્રકારે કરે છે : (૧) ભગવાનનું ભજન કરીને, (૨) સત્શાસ્ત્રો ભણી-ભણાવીને, (૩) ભગવાનની ભક્તિ કરીને. (બ્રહ્મચારી બાલકૃષ્ણાનંદજી)

સત્શાસ્ત્રો અને સત્પુરુષોનાં ઉપરોક્ત વિધાનોને શાસ્ત્રી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ પોતાના જીવનમાં ચરિતાર્થ કરેલ છે. (૧) ભગવાનનું ભજન-સ્મરણ આજીવન કર્યું. (૨) સત્શાસ્ત્રોનો અભ્યાસ કર્યો અને કરાવ્યો. (૩) તન, મન અને વાણીથી મંદિરોની સેવા કરીને ભગવાનની ભક્તિ કરી. પરમાત્માની પ્રસન્નતાર્થે જ સત્કર્મ સતત કરનાર શાસ્ત્રીજીએ મંદિરની જે સેવા કરી છે તેની સંક્ષિપ્ત માહિતી આ મુજબ છે.

જામનગર મંદિરની સેવા : સ્વામિનારાયણ ભગવાનના સમયથી જ જામનગરમાં સત્સંગીઓનો વસવાટ છે. એ સમયમાં જામનગરમાં સત્સંગીઓની સંખ્યા અલ્પ પ્રમાણમાં હતી ને સત્સંગીઓનાં સાથ, સહકાર અને સેવાથી સ.ગુ. સ્વામીશ્રી મહાપુરુષદાસજી, સ.ગુ. સ્વામીશ્રી યોગેશ્વરદાસજીએ જામનગરમાં સર્વપ્રથમ હરિમંદિર કરેલું.

સમય જતાં સત્સંગીઓની વૃદ્ધિ થવાથી સ.ગુ. સ્વામીશ્રી નારાયણદાસજીએ જામનગરમાં શિખરબદ્ધ મંદિર કરીને મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરેલી. જૂનાગઢ મંદિરની આર્થિક સહાયથી બંધાયેલા આ મંદિરનાં ઘણાં બાંધકામો અપૂર્ણ હતાં. આર્થિક આવક અલ્પ હોવાથી કરકસર કરીને સંતો મંદિરનો વહીવટ ચલાવતા. વિ.સં. ૨૦૦૧ની સાલમાં સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી જામનગર મંદિરના કોઠારીપદે નિયુક્ત થયા અને વિ.સં.૨૦૧૯ની સાલમાં નિવૃત્ત થયા. આ રીતે ૧૯ વર્ષ સુધી જામનગર મંદિરના કોઠારીપદે રહીને તેઓશ્રીએ જામનગર મંદિરના સર્વ પ્રકારના વિકાસ માટે પ્રયત્નો કર્યા.

સભામંડપનું ખાતમુહૂર્ત : સંવત ૨૦૦૧ના શ્રાવણમાસથી આરંભીને સંવત ૨૦૦૨ના કાર્તિક માસ સુધીમાં માણાવદર, ચાંદા વગેરે ગામોમાં સપ્તાહપારાયણો કરીને તથા પૂના, મુંબઈ વગેરે ગામોનાં સત્સંગીઓને કથા-વાર્તા-ઉપદેશ કરીને મંદિર માટે આર્થિક દાન એકત્રિત કર્યું.

જામનગર આવીને મંદિરમાં ભાડૂતી મકાનો ખાલી કરાવ્યાં. તે મકાનો પાડીને સભામંડપ માટે નકશા-પ્લાન કરાવ્યા અને વિ.સં. ૨૦૦૨ના વૈશાખ સુદ-૩ (અક્ષયતૃતીયા)ના શુભ દિવસે નૂતન સભામંડપનું ખાતમુહૂર્ત કર્યું. સભામંડપના નીચેના ભાગમાં ભંડાર, સ્ટોર-રૂમ, ઓફિસ વગેરેનું સુવિધાપૂર્ણ બાંધકામ કર્યું અને ઉપરના ભાગમાં સભામંડપ કર્યો, જે અત્યારે આપણે નજરે જોઈએ છીએ. સંવત ૨૦૦૨માં શરૂ કરેલું સભામંડપનું બાંધકામ સંવત ૨૦૦૩ના અષાઢ માસમાં પૂર્ણ થયું. શ્રાવણ માસમાં પ્રદક્ષિણાનું બાંધકામ શરૂ કર્યું. પ્રથમ તો ભૂમિપૃષ્ઠ સમથળ અને શુદ્ધ કર્યું. મંદિરની દીવાલોનું પ્લાસ્ટર કરાવ્યું. મંદિરની ઊંચાઈને અનુરૂપ પ્રદક્ષિણાની ઊંચાઈ નક્કી કરીને પ્રદક્ષિણાનું બાંધકામ કર્યું અને પ્રદક્ષિણાની નીચેના ભાગમાં ગૌશાળાને

અનુરૂપ બાંધકામ કરીને ત્યાં ગૌશાળા કરી. ગૌશાળાના ઉપરના ભાગનો મંદિરની પ્રદક્ષિણા સ્વરૂપે ઉપયોગ થયો. આ રીતે અતિ અલ્પ જગ્યામાં બધી જ વ્યવસ્થા કરી.

કથાપારાયણ તથા દાનવીર ભક્તો દ્વારા જેમ જેમ આર્થિક આવક થતી રહી તેમ તેમ તેને અનુસાર મંદિરનું બાંધકામ ચાલુ રાખ્યું. પ્રદક્ષિણાના ઉપરના ભાગનું બાંધકામ કરવું જરૂરી હતું, તેથી પ્રદક્ષિણાના સ્તંભ, કમાનો વગેરેનું બાંધકામ વિ.સં. ૨૦૦૪ના કાર્તિક માસમાં શરૂ કર્યું અને ઉપરનાં ભાગને મંદિરની સાથે પ્રદક્ષિણા ભાગને વ્યવસ્થિત રીતે સંમિલિત કરીને વિ.સં. ૨૦૦૪ના મહા મહિનામાં તે બાંધકામ પૂર્ણ કર્યું. મંદિરની બાજુમાં જ થોડી જમીન વેચાતી મળી હતી. વિ.સં. ૨૦૦૭માં તે જમીન વેચાતી લીધી, જેથી મંદિરનો ચોક થોડો મોટો થયો. સંવત ૨૦૧૦માં ઘનશ્યામ મહારાજની મૂર્તિને સુંદર રંગથી સુશોભિત કરીને તેની પુનઃ પ્રતિષ્ઠાવિધિ સહિત ઉત્સવ કર્યો. સંવત ૨૦૧૨માં હનુમાનજી અને ગણપતિજીની મૂર્તિઓને સુંદર રંગથી સુશોભિત કરીને તેમની પુનઃ પ્રતિષ્ઠાવિધિ સહિત ઉત્સવ કર્યો.

સંવત ૨૦૧૩થી સંવત ૨૦૧૬ સુધીમાં નિજમંદિરનાં દ્વારોને ચાંદીથી મઢીને સુશોભિત કર્યા. પ્રદક્ષિણાનું બાંધકામ પૂરું કર્યું. પ્રદક્ષિણાના સ્તંભોમાં શિલ્પકામ કરાવ્યું. મંદિર અને પ્રદક્ષિણામાં સર્વત્ર આરસકામ કરાવ્યું. ચાંદીના હિંડોળા કરાવ્યા. ઘુમ્મટ વગેરેમાં ચિત્રકામ વગેરે કાર્યો સંવત ૨૦૧૩ થી સંવત ૨૦૧૬ સુધીમાં પૂર્ણ કર્યા.

દર્શનીય હિંડોળા : જામનગર અને વંથલી મંદિર માટે કરાવેલા ચાંદીના સુંદર હિંડોળા વિશિષ્ટ કળાપૂર્ણ છે અને એથી જ એ હિંડોળા દર્શનીય છે. 'હિંડોળાના હેલાની હારે હારે વિવિધ પ્રકાના વાજિંત્રો વાજે.' મયૂર, પોપટ વગેરે પક્ષીઓ તથા સિંહ, ગજ, અશ્વ વગેરે વિવિધ આકૃતિના હલનચલનવંત કળાપૂર્ણ આ પ્રકારનો હિંડોળો વર્તમાન સમયમાં કરવો એ અતિકઠિન છે. પોતાની માનસિક કલ્પના અનુસાર વિવિધ કલાપૂર્ણ હિંડોળાના દૃશ્યનો પોતાના ચિત્તમાં નિશ્ચય કરીને, તે દૃશ્યને ચિત્તમાં સ્થિર કરીને તેને ચિત્રરૂપે (નકશા-ડ્રોઈંગરૂપે) ચિત્રકાર દ્વારા તૈયાર કરાવનાર સ્વામીશ્રીની અલૌકિક બુદ્ધિ પ્રતિભાનો આપણને એ હિંડોળાનાં દર્શનથી ખ્યાલ આવે છે.

સ્વામીશ્રીના અભિપ્રાય મુજબ હિંડોળાનું ચિત્રકામ કરનાર તથા હિંડોળાનું શિલ્પકામ કરનાર શિલ્પકારો ધન્ય છે - ધન્યવાદને પાત્ર છે. સં.૨૦૧૭થી ૨૦૧૯ સુધીના સમયમાં મંદિરનાં વિવિધ કાર્યો કર્યા. ઠાકોરજી માટે ચાંદીનું પારણું, પ્રદક્ષિણામાં તથા અન્ય સ્થળોમાં અપૂર્ણ કાર્યો પૂર્ણ કર્યા અને સં. ૨૦૧૯ના વર્ષમાં જામનગર મંદિરમાં કોઠારીપદેથી સ્વેચ્છાએ નિવૃત્ત થયા.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સન્માન પત્રિકા

શ્રીસ્વામિનારાયણ મંદિર જામનગર.

આજે અમો જામનગરના સત્સંગીબંધુઓ પરમ પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય શ્રીમદ્ દાર્શનિક પંચાનન, ષડ્દર્શનાચાર્ય, નવ્યન્યાયાચાર્ય, સાંખ્યયોગવેદાંત મીમાંસાતીર્થ સદ્ગુરુ શાસ્ત્રી મહારાજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી- ગુરુ સ્વામીશ્રી બાલમુકુંદદાસજીને સહર્ષ આ સન્માનપત્રિકા અર્પણ કરીએ છીએ.

આપે શ્રી જામનગર શ્રીસ્વામિનારાયણ મંદિરમાં અઢાર વર્ષો પર્યંત એકધારો ચોખ્ખો વહીવટી કરી નીચે દર્શાવ્યા મુજબ ઘણાં ઘણાં સેવામય કાર્યો કર્યા છે, જેવાં કે- વધારે જમીન ખરીદી, મોટો ભવ્ય સભામંડપ તથા ઢાંકણ સહિત ચોતરફ વિશાળ પ્રદક્ષિણા તથા મંદિરમાં અંદર અને બાહેર ઘણું સુશોભિત આરસકામ તથા ઘૂંમટ અને પ્રદક્ષિણામાં સ્વરૂપો અને લીલા ચરિત્રોનું દિવ્ય ચિત્રકામ તથા નિજ મંદિરમાં સોના-ચાંદીનો હીંડોળો, સોના-ચાંદીનું પારણું, નિજ મંદિરના ચાંદીના દરવાજાઓ, દરેક સ્થળે નવું ઈલેક્ટ્રિક ફિટીંગ કામ વિગેરે વિગેરે સેવાઓ કરીને મંદિરની ભવ્યતામાં વધારો કરીને આપશ્રીએ તથા આપના શિષ્યવર્ગ સંતો-પાર્ષદોએ પણ મંદિરની વ્યાવહારિક શુદ્ધ ભાવે સેવા કરીને જે ભોગ આપેલ છે, તેમજ આપના આશ્રિત એવા ગૃહસ્થ હરિભક્તો દ્વારા ઘણી ઘણી આર્થિક સેવાઓ કરાવી છે, તે ઘણું જ પ્રશંસનીય છે અને વિશેષ તો ઉત્તમ એવી આપની વિદ્વતાનો લાભ, આપે મહાભારત તથા અઢાર પુરાણો તથા ઉપનિષદો અને સંપ્રદાયના તમામ સદ્ગ્રંથોની કથાઓ દ્વારા આજ દિવસ સુધી અમોને આપીને કૃતાર્થ કર્યા છે, તે બદલ અમો આપશ્રીના ઘણા ઋણી છીએ, આપશ્રીને શ્રીહરિ દીર્ઘાયુ બક્ષે, આપશ્રી આવી ઘણી સેવાઓ સતત કરો જ છો, તે બદલ આપને આ તમામ સત્સંગીઓ ધન્યવાદ અર્પીએ છીએ અને આપશ્રીના અનેક આશીર્વાદો કાયમી ઈચ્છીએ છીએ.

લી. જામનગરના સત્સંગી બંધુઓના દંડવત્ સહિત જયશ્રીસ્વામિનારાયણ વાંચવા.

તા. ૧૦-૭-૧૯૬૩

૧. કનુભાઈ પ્રેમજીભાઈ ટ્રસ્ટી
૨. મુલજી લાધાભાઈ મિસ્ત્રી ટ્રસ્ટી
૩. મી. નારાયણ હરજીભાઈ ટ્રસ્ટી
૪. ભરતભાઈ આર. કામદાર
૫. ચુનીલાલ હરીભાઈ એન્જિનિયર
૬. કાલીદાસ પ્રેમજીભાઈ ઝવેરી
૭. પ્રભુલાલ આર. ત્રિવેદીસાહેબ
૮. મણીલાલ ગોકળદાસ લાલાણી
૯. લક્ષ્મણભાઈ એચ. ચાવડા
૧૦. ઠા. નરસીદાસ હરીભાઈ
૧૧. છેલભાઈ લાલજીભાઈ પારેખ
૧૨. દેવરાજ પિતાંબર ભારદીયા
૧૩. સોની છેલભાઈ લાલજીભાઈ
૧૪. દેવચંદ પ્રેમજીભાઈ
૧૫. સુતાર સવજી વાલજીભાઈ
૧૬. સોની શિવલાલ સામજી
૧૭. સોની હરીદાસ ગોકળદાસ
૧૮. મિસ્ત્રી જાદવ હરીભાઈ
૧૯. વૃજલાલ દલપતરામ ઓઝા
૨૦. શાંતીલાલ ભાણજી ત્રિવેદી

રાજકોટ મંદિરની સેવા : ભગવાન સ્વામિનારાયણ ત્રણ વાર રાજકોટ પધારેલા : (૧) સં. ૧૮૬૦ની સાલમાં, (૨) સં.૧૮૬૪ની સાલમાં (૩) સં. ૧૮૮૬ની સાલમાં. વર્તમાન સમયમાં રાજકોટના ભૂપેન્દ્ર રોડ ઉપરના સ્વામિનારાયણ મંદિરની વિશાળ ભૂમિ એ સમયમાં રાજકોટ સ્ટેટની હતી. તે ભૂમિમાં પીપળા, બોરડી, વડલા વગેરે વૃક્ષો હતાં. નિર્મળ નીરનાં ઝરણાંઓથી શીતળ, શાંત, પ્રાકૃતિક સૌંદર્યથી મનોરમ્ય એ ભૂમિમાં સંતો-ભક્તો સહિત ભગવાન સ્વામિનારાયણ બે વખત ત્રણ ત્રણ દિવસ રોકાયેલા (૧) સં.૧૮૬૪ની સાલમાં, (૨) સં. ૧૮૮૬ની સાલમાં. ભગવાન સ્વામિનારાયણના સંબંધથી તીર્થરૂપ થયેલી એ ભૂમિ લોધીકા સ્ટેટના રાજવી જાડેજા દરબારશ્રી અભયસિંહજી બાપુએ વિ.સં. ૧૯૪૨ની સાલમાં વેચાતી લીધી અને જૂનાગઢ સ્વામિનારાયણ મંદિર ટ્રસ્ટને એ ભૂમિ અર્પણ કરી. તીર્થસ્વરૂપ એ ભૂમિમાં શિખરબદ્ધ મંદિર કરવાનો રાજકોટના સત્સંગીઓએ નિર્ણય કર્યો અને વિ.સં. ૨૦૦૫ના ફાગણ સુદ-પના દિવસે સ.ગુ. સ્વામીશ્રી ત્યાગવલ્લભદાસજીનાં કરકમળથી મંદિરનું ખાતમુહૂર્ત થયું. મંદિરના કામમાં બે વર્ષ ઉપરાંત સમય પસાર થઈ ગયો, છતાં પણ બાંધકામમાં ધારી પ્રગતિ થઈ નહિ, તેથી રાજકોટના અગ્રગણ્ય સત્સંગીઓ જામનગર આવ્યા અને શાસ્ત્રીસ્વામીને વિનંતી કરી કે, 'આપ રાજકોટ આવીને નૂતન મંદિરનું બાંધકામ પૂરું કરી, મંદિરમાં દેવનાં સ્વરૂપો પધરાવી, મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ કરો, એવી અમારી વિનંતી છે.'

આગંતુક સત્સંગીઓની વાત સાંભળીને શાસ્ત્રીજીએ તેઓને કહ્યું કે, 'અત્યારે અહીં મંદિરનું બાંધકામ ચાલે છે તે પૂરું કરવું છે. આ બાબતમાં અહીંના સત્સંગીઓને પણ સાંભળવા જોઈએ. બીજું, રાજકોટના મંદિરની સેવા માટે આચાર્યશ્રીનો પણ સંમતિપત્ર જરૂરી છે. આ બધી બાબતોનો નિર્ણય થાય ત્યાર પછી જ રાજકોટ મંદિરની સેવાનું વિચારી શકાય.'' શાસ્ત્રીજીની વાસ્તવિક વાત સાંભળીને રાજકોટના સત્સંગીઓએ કહ્યું કે- 'એ બધી જ કાર્યવાહી અમો કરીશું.' શાસ્ત્રીજીએ કહ્યું કે- 'ભગવાનની ઈચ્છા અને આપ સર્વનો સાથ-સહકાર લઈને હું રાજકોટ મંદિરની સેવા કરીશ.' આ રીતે શાસ્ત્રીજીની સંમતિ મેળવીને રાજકોટના અગ્રગણ્ય સત્સંગીઓએ જરૂરી બધી જ કાર્યવાહી કરી. બધી જ બાબતોનો નિર્ણય થયા પછી સં.૨૦૦૭ના શ્રાવણ માસમાં આચાર્યશ્રીએ શાસ્ત્રીજીને રાજકોટ મંદિરના કોઠારી પદે નિયુક્ત કર્યા. શાસ્ત્રીસ્વામીની ધીરજ, સહનશક્તિ, કરકસરયુક્ત કાર્યકુશળતા, સર્વ પ્રત્યે સમભાવ, નિર્વેરવૃત્તિ, નિત્ય નિયમિત વ્યવસ્થિત કથાવાર્તા વગેરે સદ્‌ગુણો અને રહેણીકરણીથી પ્રભાવિત થયેલા ભાવિક ભક્તોએ સ્વામીશ્રીની પ્રેરણાથી લક્ષ્મીનારાયણદેવની જે સેવા કરી છે, તેની કેટલીક માહિતી આ પ્રમાણે છે.

રાજકોટ સ્ટેટના રાજરત્ન સમાન પ.ભ. મિસ્ત્રી મોહનભાઈ માંડણભાઈ મંદિરના બાંધકામમાં પૈસાની જરૂર પડે ત્યારે મંદિરને ખાતે ઉધારીને પૈસા આપતા. મંદિરનું બાંધકામ પૂરું થયા પહેલા જ તેઓ અક્ષરવાસી થયા. તેમણે પોતાના હસ્તક આશરે ૪૦,૦૦૦/- (ચાલીસ હજાર) રૂપિયા મંદિર ખાતે ઉધારીને મંદિરને આપેલા. મંદિર પાસે લેણી નીકળતી એ રકમ શાસ્ત્રી સ્વામીના ઉપદેશથી અને તેમના મહેતાજી મોહનભાઈની સલાહથી તેમનાં ધર્મપત્નીએ શ્રી લક્ષ્મીનારાયણદેવને અર્પણ કરી. ઉપરાંત તેર તોલા વજનની સુવર્ણની મગમાળા પણ

લક્ષ્મીનારાયણદેવને અર્પણ કરી. સરધારના વતની વણિક શેઠશ્રી અ.નિ. હીરાચંદભાઈ અને તેમનાં ધર્મપત્નીએ મંદિરના સુવર્ણકળશ વગેરે સેવાકાર્યમાં મોટી રકમની સેવા કરેલી. સાંખ્યયોગી અ.નિ. મોતીબહેને પણ મંદિરની સેવામાં યથાશક્તિ આર્થિક સેવા કરી. હીરજીભાઈ ચાવડાએ નિજમંદિરનાં દ્વાર બનાવવામાં આર્થિક સેવા કરેલી. કથા-પારાયણ, નિત્યકથા તથા અન્ય પ્રકારે દાનવીરો તરફથી મળેલ આર્થિક દાનથી લક્ષ્મીનારાયણદેવ, સ્વામિનારાયણ ભગવાન, ધર્મભક્તિ, હરિકૃષ્ણ મહારાજ,ગણપતિજી, શેષનારાયણ, દત્તાત્રેય, શિવજી વગેરે દેવનાં સ્વરૂપો તૈયાર કરાવ્યાં. દેવની નિત્યસેવામાં ઉપયોગી આભૂષણો, વસ્ત્રો વગેરે વસાવીને મંદિરના દેવની નિત્ય સેવાની સુવ્યવસ્થા કરી.

ઘનશ્યામ મહારાજની મૂર્તિ જૂના મંદિરમાંથી લાવીને નૂતન મંદિરમાં પધરાવવી એ કાર્ય ખૂબ જ વિવાદાસ્પદ હતું. રાજકોટ સત્સંગ સમાજમાં આ કાર્ય પરત્વે પરસ્પર મતભેદો હતા તેનું સમાધાન કરીને જૂના મંદિરની બધી જ મૂર્તિઓ નૂતન મંદિરમાં લાવ્યા અને તે મૂર્તિઓને નૂતન મંદિરમાં યથાસ્થાને પધરાવી. બહારથી આવેલ તમામ મૂર્તિઓનાં અંગો-ઉપાંગોને ઓપ આપીને સર્વથા સુંદર કરવાં, દેવની અમીદૃષ્ટિ દર્શનાર્થીઓ પર પડે, મંદિરના મુખ્ય દ્વારમાં પ્રવેશતાં જ ચોકમાં જ દર્શનાર્થીઓ દર્શન કરી શકે ઈત્યાદિ વિષયોનો વિચાર કરીને, તે પ્રમાણે ઉંચાઈ-પહોળાઈવાળાં આસનો તૈયાર કરીને મંદિરમાં મૂર્તિઓ પધરાવી. આ કાર્યથી શાસ્ત્રીજીની અલૌકિક બુદ્ધિપ્રતિભાનો આપણને ખ્યાલ આવે છે. આ કાર્યમાં સહભાગી બનનાર શિલ્પકારો, સત્સંગીઓ અને સંતો ભાગ્યશાળી છે.

રાજકોટ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ : વિ.સં. ૨૦૦૭ના શ્રાવણ માસમાં રાજકોટ મંદિરનાં અપૂર્ણ બાંધકામો પૂરાં કરવાનો આરંભ કર્યો અને સં.૨૦૦૮ના માગસર માસમાં મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા અંગેના જરૂરી બધાં જ બાંધકામો પૂર્ણ કર્યા. રાજકોટ સત્સંગ સમુદાયની સંમતિ લઈને, વડતાલથી આચાર્યશ્રીની મંજૂરી મેળવીને મૂર્તિપ્રતિષ્ઠાનું મુહૂર્ત જોવરાવ્યું. વિ.સં. ૨૦૦૮ના માગશર સુદ-૭, ગુરુવાર, તા.૬-૧૧-૧૯૫૧ના શુભ દિવસનું મુહૂર્ત આવ્યું. તે મુહૂર્તને શ્રેષ્ઠતમ માનીને તે દિવસે મૂર્તિપ્રતિષ્ઠા કરવાનું નક્કી કર્યું. તેના અનુસંધાને વિષ્ણુયાગ, ધાર્મિક વિધિ પ્રમાણે પ્રત્યેક મૂર્તિનું વિવિધ પ્રકારે પૂજન કરીને પૂજ્ય શાસ્ત્રીસ્વામીએ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ કર્યો. મહોત્સવ પૂર્ણ થયા પછી પણ શાસ્ત્રીજીએ મંદિરનું કામકાજ ચાલુ રાખેલું. ત્યાર પછી સાત મહિના વ્યતીત થયા તે સમયમાં વડતાલના આચાર્યશ્રીએ રાજકોટ મંદિરના કોઠારીપદે અન્ય સંતની નિયુક્તિ કરી. આચાર્યશ્રીના આજ્ઞાપત્ર અનુસાર ચાર્જ આપીને સં. ૨૦૦૯ના શ્રાવણ માસમાં મંદિરના કોઠારીપદેથી નિવૃત્ત થયા. શાસ્ત્રીજીના જીવનની રહેણીકરણી, સહનશીલતા, ધીરજ, કાર્યકુશળતા, નિર્વૈરવૃત્તિ, સર્વનું હિત કરવાની ભાવના, વગેરે શાસ્ત્રીજીના સદ્‌ગુણોથી પ્રભાવિત થયેલ રાજકોટ સત્સંગ સમાજે શાસ્ત્રીજીને જે માનપત્ર આપેલ છે, તે આ મુજબ છે.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સન્માન પત્રિકા

શ્રીસ્વામિનારાયણ મંદિર રાજકોટ.

પરમપૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રીશ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી, અમો રાજકોટના હરિભક્તો, આપશ્રીનું અત્રેથી જામનગર પ્રયાણ થતાં અમારા હૃદયની ઊર્મિઓ અને આપ પ્રત્યેની લાગણીમાંથી ઉદ્‌ભવતા અમારા અવાજને આ પ્રસંગ શબ્દરૂપ આપી કૃતકૃત્યતા અનુભવીએ છીએ.

રાજકોટના મંદિરના મહંતપદે આપના આગમન બાદ બે વર્ષના ટૂંક સમયમાં આપે આપની લાક્ષણિક શૈલીથી વિદ્વતા અને જ્ઞાનની શ્રોતાઓને જે પ્રસાદી આપી, સુધારસનું પાન કરાવ્યું તેમજ મંદિરના બાંધકામની પૂર્ણતા, ઘનશ્યામ મહારાજની જૂના મંદિરેથી ધામધૂમ સાથે નવા મંદિરે પધરામણી, લક્ષ્મીનારાયણદેવ, હરિકૃષ્ણ મહારાજ અને ધર્મ-ભક્તિ અને શ્રીજીમહારાજની નવી મૂર્તિઓની પ્રતિષ્ઠા, ધર્મધુરંધર આચાર્યશ્રીની અત્રે પધરામણી કરાવી દેવોની ઉતરાવેલી આરતી, મંદિરના શિખરો પર સુવર્ણકળશનું સ્થાપન, સંતો માટે નવી ધર્મશાળાનું અને સભાગૃહનું બાંધકામ, તેમજ શિખરબદ્ધ મંદિરને અનુરૂપ એવી નોબત વગાડવાનો પ્રબંધ આદિ આપની પ્રેરણાથી થયેલ કાર્યો માટે રાજકોટના તમામ સત્સંગીઓ આપના હાર્દિક આભારી છે. આપે મંદિરના હિતમાં જે કાર્યો કરી બતાવ્યા છે તે સૌ કોઈને માર્ગદર્શક બને, આપની વિદ્વતા, જ્ઞાન, અપરિગ્રહ, ભક્તિ, ઉપાસના, ઉદાત્ત, શાંત પ્રકૃતિ, નિખાલસ સ્વભાવ અને સત્સંગીઓ પ્રત્યેની દયાળુવૃત્તિથી આપે સત્સંગમાં સારો સમાસ કર્યો છે. આપને સંપ્રદાયની સેવાનો વિશેષ-વિશેષ લાભ શ્રીહરિ સદા આપે અને આપ શ્રીજી મહારાજનો દિવ્ય સંદેશો ફેલાવી, સત્સંગની વૃદ્ધિ કરી, લોકોનાં જીવનના કલ્યાણનો માર્ગ સરળ કરશો.

પરમકૃપાળુ પરમેશ્વર શ્રીજીમહારાજને અમે પ્રાર્થીએ છીએ કે આપને દીર્ઘાયુ આપી સત્સંગનો પ્રચાર અને પ્રસાર આપ દ્વારા કરાવે.

લિ. આપના દાસાનુદાસ ભક્તો

વિજયસિંહજી રતનસિંહજી (લોધિકા બાપાસાહેબ)	રાજારામ પુરુષોત્તમ ભટ્ટ
મૂળજી દેવરાજ ટાંક	જેઠાલાલ વાલજી મિસ્ત્રી
	ઝવેરી નારણદાસ પ્રેમજીભાઈ

જૂનાગઢ મંદિરની સેવામાં : જામનગર અને રાજકોટ મંદિરની સેવામાંથી નિવૃત્ત થઈને વિ.સં. ૨૦૨૦ની સાલમાં સ્વામીશ્રી જૂનાગઢ શ્રીસ્વામિનારાયણ મંદિરની સેવામાં જોડાયા અને આજીવન તે મંદિરમાં રહીને જૂનાગઢ મંદિરની જે વિવિધ સેવાઓ કરી છે તેથી વિગતો આ પ્રમાણે છે.

વિ.સં. ૨૦૨૩ની સાલમાં સ્વામીશ્રીએ 'અક્ષરમૂર્તિ સ.ગુ. ગુણાતીતાનંદસ્વામી સંવત્સરી શતાબ્દી મહોત્સવ' ઉજવવાનો નિશ્ચય કર્યો. આ મહોત્સવ માટે અગ્રગણ્ય સંતો અને સત્સંગીઓનો સહકાર સાધીને ગુણાતીતાનંદસ્વામીની વાતોના કથા-પારાયણનો નિર્ણય કર્યો.

ત્રણ દિવસના આ ઉત્સવના મુખ્ય યજમાન વગેરે સહાયક દાતાઓએ ઉદારતાપૂર્વક ઉત્સવમાં સહકાર આપ્યો.

ઉત્સવની સમાપ્તિ સમયની સભામાં શાસ્ત્રી સ્વામીશ્રીની પ્રેરણાથી સર્વાનુમતે નિર્ણય થયો કે, સ.ગુ. ગુણાતીતાનંદસ્વામીએ એકસો વર્ષ પૂર્વે બંધાવેલ આ સભામંડપ ખૂબ જ જર્જરીત થયો છે. તેનો જીર્ણોદ્ધાર કરવો જરૂરી છે. પવિત્ર તપસ્વી બ્રહ્મચારીઓ, સંતો, પાર્ષદો અને ભગવદ ભક્તોએ આ સ્થાનમાં રહીને તપ, વ્રત, ભજન, ભક્તિ કરીને આ સ્થાનને તીર્થરૂપ બનાવેલ છે અને બાંધકામની દૃષ્ટિએ પણ સર્વથા અસાધારણ-વિશિષ્ટ આ ધર્મશાળા-સભામંડપનો જીર્ણોદ્ધાર કરવો. આ માટે કાર્યવાહક સમિતિની રચના થઈ. શાસ્ત્રી સ્વામીશ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને સમિતિના પ્રમુખપદે સર્વાનુમતે પસંદ કર્યા. આર્થિક ફંડ એકત્રિત કરવા માટે દાન આપવાની એ સભામાં જ જાહેરાત કરી. શાસ્ત્રીસ્વામીની પ્રેરણા અને અગ્રગણ્ય સંતોના ઉપદેશથી એ સભામાં જ ૩.૩૧,૦૦૦/- લખાયા. વિવિધ દાતાઓ દ્વારા લખાયેલા રૂપિયા ધીરે ધીરે જમા થતા ગયા અને બાંધકામ ખાતે મંદિરમાં જમા થયા.

વિ.સં. ૨૦૨૪માં જેઠ માસમાં જીર્ણોદ્ધાર સમિતિની બેઠક યોજી અને તેના અનુસંધાને વિ.સં. ૨૦૨૫માં સંતોને સાથે રાખીને રાજકોટ અને જામનગર જિલ્લાના ગામોમાં ફરીને રૂપિયા ૩૩,૦૦૦/-નું ફંડ એકત્રિત કર્યું.

મુંબઈ વસતા સોરઠના સત્સંગીઓએ સં.૨૦૨૫ના અધિકમાસ અષાઢમાં શાસ્ત્રીસ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને મુંબઈ બોલાવ્યા. સ.ગુ. સ્વામીશ્રી ધર્મપ્રકાશદાસજીને સાથે લઈને શાસ્ત્રી સ્વામી મુંબઈ ગયા. ત્યાં અધિકમાસમાં 'સત્સંગીજીવન' અને પુરુષોત્તમ માસની કથા વાંચી અને તે રીતે બંને સદ્‌ગુરુઓએ કથાવાર્તાથી સત્સંગીઓને સંતુષ્ટ કર્યા. શાસ્ત્રીસ્વામીની કથાવાર્તાથી સંતુષ્ટ થયેલા સત્સંગીઓએ ધર્મશાળાના જીર્ણોદ્ધાર માટે ૧,૫૦,૦૦૦/- (એક લાખ પચાસ હજાર) રૂપિયાનું ફંડ એકત્રિત કરીને જૂનાગઢ મંદિરમાં જમા કરાવ્યું. ધર્મશાળાના જીર્ણોદ્ધારનું ફંડ એકત્રિત કરવાનું કાર્ય ચાલુ જ હતું, સાથોસાથ જીર્ણોદ્ધાર કાર્ય શરૂ કરવાની પ્રક્રિયા પણ ચાલુ જ હતી. એ સમયમાં જ સં.૨૦૨૭ના કાર્તિક માસમાં જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં અગ્નિની લાય લાગી. જે ધર્મશાળાનો જીર્ણોદ્ધાર કરવાનો હતો તે ધર્મશાળા એ અગ્નિકાંડમાં ભસ્મિભુત થઈ ગઈ.

માગશર માસમાં જીર્ણોદ્ધાર સમિતિ મળી અને તે સમિતિમાં નક્કી થયું કે, 'નૂતન સભામંડપ' કરવો. આ કાર્ય તાત્કાલીક શરૂ થયું. બાંધકામને યોગ્ય ભૂપૃષ્ઠ તૈયાર કરીને ખાતમુહૂર્ત થયું. અગ્રગણ્ય સંતો, મંડળધારી સંતો અને સત્સંગીઓનો સાથ-સહકાર સાધીને બાંધકામ ચાલુ રખાવ્યું. સાથો સાથ આર્થિક ફંડ ઉઘરાવવાનું પણ ચાલુ રાખ્યું.

આ મોટા કાર્યમાં જે તે સમયના કોઠારી સ.ગુ. શાસ્ત્રી સ્વામીશ્રી ભગવત્સ્વરૂપદાસજી, સ.ગુ. ધર્મપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી અનિરુદ્ધચરણદાસજી વગેરે સંતો તથા સત્સંગીઓએ ઉત્સાહપૂર્વક જે સેવા કરી છે તે નોંધનીય છે.

સંવત ૨૦૨૮ના વર્ષે ઊના, દેલવાડા, નાઘેર વિસ્તારના મંડળધારી સંતોને સ્વામીશ્રીએ

સાથે રાખીને પચ્ચીસ દિવસ સત્સંગીઓના ગામોમાં વિચરણ કરીને રૂ.૭૬,૦૦૦/-નું ફંડ એકત્ર કર્યું. સંવત ૨૦૨૮ના વૈશાખ માસમાં નાના ગોખરવાળાના પટેલ મનજીભાઈને ઘેર કથાપારાયણમાં તથા મોટા ગોખરવાળા વગેરે ગામોમાં સભામંડપના ચાંદીના સિંહાસન નિમિત્તે રૂ.૩૧૦૦૦/-નું દાન મળેલું. સંવત ૨૦૨૯ના વર્ષે કાળેજ, ગળોદર વગેરે ગામોમાંથી રૂ.૧૨,૦૦૦/-નું દાન મળેલું.

સંવત ૨૦૩૦ના માગશર અને પોષ બે મહિના સુરત રોકાઈને કાથાવાર્તા કરીને સત્સંગીઓને સંતુષ્ટ કર્યા. સુરતના સત્સંગીઓએ રૂ.૪૬,૦૦૦/-નું દાન એકત્ર કરી આપેલું. આ કાર્યમાં સુરતના કોઠારી સ.ગુ. સ્વામી નંદકિશોરદાસજીએ સારો સહકાર આપેલો. સંવત ૨૦૩૦ના વૈશાખ માસમાં તોરી, રામપર, સમઢિયાળા વગેરે ગામોમાં સંતો સાથે ગયા હતા અને તે ગામોમાંથી રૂ.૩૫,૦૦૦/-નું ફંડ એકત્ર થયું હતું.

એ જ વર્ષમાં મોરઝર ગામમાંથી રૂ.૧૨,૦૦૦/-નું ફંડ થયું હતું. આ સિવાય અન્ય ગામોમાં વિચરીને જૂનાગઢ શ્રીરાધારમણદેવ સ્વામિનારાયણ મંદિરની વિવિધ અને વિશિષ્ટ સેવાઓ સ્વામીશ્રીએ કરી છે.

શ્રી ઘનશ્યામ મહારાજના દૈનિક રાજભોગની વ્યવસ્થા : સ.ગુ. સ્વામી બાલમુકુંદદાસજીએ જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં વિ.સં. ૧૯૭૦માં શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવેલ છે. એ શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિને દૈનિક નૈવેદ્યની સુયોગ્ય વ્યવસ્થા ન હતી. સવાર, મધ્યાહ્ન અને સાંજે મગજના લાડુ અને દૂધનું નૈવેદ્ય ધરાવાતું હતું. શાસ્ત્રીસ્વામીએ વિચાર્યું કે, આપણા ગુરુએ પધરાવેલ શ્રીઘનશ્યામ મહારાજને પ્રતિદિન વ્યવસ્થિત રાજભોગ નૈવેદ્ય ધરાય તેવી વ્યવસ્થા કરવી જરૂરી છે. આમ વિચારીને તેમણે પોતાના શિષ્ય સત્સંગી સેવકોને પોતાનો આ શુભ વિચાર જણાવ્યો અને તે અંગે આર્થિક સેવા કરવાની પ્રેરણા કરી.

શાસ્ત્રીસ્વામીની પ્રેરણાથી સત્સંગીઓએ લાખો રૂપિયાનું આર્થિક ફંડ એકત્રિત કરીને શાસ્ત્રીસ્વામીના હસ્તક શ્રીરાધારમણદેવ મંદિરમાં અનામત ભંડોળમાં જમા કરાવ્યું અને તે અંગેનો શિલાલેખ લખાવ્યો. વિક્રમ સંવત ૨૦૩૪, વૈશાખ વદ-૨, તા.૨૪-૫-૭૮ના દિવસે જૂનાગઢ મંદિરમાં રાધારમણદેવ સાર્ધ શતાબ્દી મહોત્સવ ઉજવાયો. આ મહોત્સવમાં કથાના વક્તા શાસ્ત્રીસ્વામી હતા. આ ઉત્સવમાં તેમણે વિશિષ્ટ પ્રકારે દેવની સેવા કરી હતી.

સર્વપ્રથમ સંસ્કૃત કથાવાંચન : કથાવાંચન કરીને સત્સંગ સેવા : જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં રહીને સંસ્કૃત વિદ્યાનો અભ્યાસ કરનાર બ્રહ્મચારી કે સંત વૈશાખ માસમાં સંતસભામાં સંસ્કૃત કથાવાંચન શરૂ કરે એવી સ્વામીશ્રીએ ઈચ્છા વ્યક્ત કરી અને જેઠ સુદ-૧૧ના દિવસે સંત-સત્સંગીઓનો સમુદાય કથા વાંચનાર તે વક્તાશ્રીની પૂજા કરે અને તે સભામાં તે વક્તાને 'પુરાણી' અથવા 'શાસ્ત્રી'ની પદવી આપીને તે વક્તાનું બહુમાન કરે. આ પ્રકારની સાંપ્રદાયિક પરંપરા અનુસાર સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ જૂનાગઢ

સ્વામિનારાયણ મંદિરમાં સંતસભામાં સંવત ૧૯૭૭માં સત્સંગીજીવન દ્વિતીય પ્રકરણની કથા સર્વપ્રથમ વાંચેલી. યુવાન અવસ્થા, મધુર કંઠ, શ્લોક બોલવાની પદ્ધતિ, પદ અને વાક્યની સ્પષ્ટતાપૂર્વક શુદ્ધ ગુજરાતી ભાષાંતર કહેવાની વિશિષ્ટ શૈલી, વગેરે વક્તાના વિશિષ્ટ ગુણોથી પ્રભાવિત થયેલા સ.ગુ.બ્ર.શ્રીકૃષ્ણસ્વરૂપદાસજી, સ.ગુ.પૂ. સંતવલ્લભદાસજી, સ.ગુ. સ્વામી શ્રીકૃષ્ણચરણદાસજી, સ.ગુ. શાસ્ત્રીસ્વામીશ્રી બાલકૃષ્ણાનંદજી વગેરે શ્રોત્રિય બ્રહ્મચારી સંત અને સત્સંગીઓ સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પ્રત્યે ખૂબ જ પ્રસન્ન થયા.

સંવત ૧૯૭૭ના જેઠ સુદ-૧૧ના સમૈયામાં સંતસભામાં સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું બહુમાન કરીને તેમને 'શાસ્ત્રી' પદવીથી વિભૂષિત કરીને શાસ્ત્રી શ્રીકૃષ્ણવલ્લભદાસજી નામથી સત્સંગમાં પ્રસિદ્ધ કર્યા.

સંવત ૧૯૭૮ના શ્રાવણ માસમાં આચાર્યશ્રી જૂનાગઢ પધારેલા. શ્રાવણ માસના હિંડોળા ઉત્સવ, આચાર્યશ્રીનું આગમન-મહાતીર્થ સ્થાન આ બધા જ પ્રસંગોના અનુસંધાને સ.ગુ. સ્વામી નારાયણદાસજીએ શ્રાવણ માસમાં 'સત્સંગીજીવન'ની કથાનું આયોજન કરેલું અને તે કથાના વક્તાપદે શાસ્ત્રી સ્વામીશ્રી કૃષ્ણવલ્લભદાસજીને પસંદ કરેલા. આ પ્રસંગે વડોદરા નિવાસી સત્સંગી મહામહોપાધ્યાય બદરીનાથ શાસ્ત્રી આચાર્યશ્રી સાથે પધારેલા તથા પોરબંદર સ્ટેટના દીવાન તથા અન્ય સત્સંગીઓ આવેલા. તેઓ બધા જ શાસ્ત્રી શ્રીકૃષ્ણવલ્લભદાસજીની કથા સાંભળીને પ્રસન્ન થયા હતા.

સ.ગુ. સ્વામી નારાયણદાસજી સં. ૧૯૮૭ના માગશર માસમાં રાજકોટમાં અક્ષરનિવાસી થયા. તેમની પુણ્યસ્મૃત્યર્થે રાજકોટ સત્સંગ સમાજે 'શ્રીહરિલીલાકલ્પતરુ' કથાનું આયોજન કરેલું. તે કથાના વક્તા તરીકે સ.ગુ. શાસ્ત્રીસ્વામી બ્રહ્મચારીશ્રી બાલકૃષ્ણાનંદજી તથા શાસ્ત્રીશ્રી કૃષ્ણવલ્લભદાસજીને નિયુક્ત કરેલા. તે બંને વક્તાઓએ એકવીસ દિવસ કથા વાંચીને સંપૂર્ણ 'શ્રીહરિલીલાકલ્પતરુ' શ્રોતાઓને સંભળાવેલું. બંને વક્તાશ્રીની કથા સાંભળીને સત્સંગીઓ ખૂબ જ પ્રસન્ન થયા હતા.

સં.૧૯૯૫ના મહા વદ-૬ના દિવસે જેતપુર સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ-પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયેલો. આ ઉત્સવના અનુસંધાને કથા-પારાયણનું આયોજન કરેલું. તે કથાના વક્તાપદે શાસ્ત્રીશ્રી કૃષ્ણવલ્લભદાસજીને નિયુક્ત કરેલા. મહા સુદ-૫, વસંત પંચમીથી આરંભી મહા વદ અમાસ સુધીની આ કથામાં હજારો સત્સંગીઓ અને સંતો ઉપસ્થિત હતા અને કથા સાંભળીને સૌ સંતો-ભક્તો સંતુષ્ટ થયેલા.

ઉપનિષદની કથા : પુરાણો, ઉપપુરાણો, મહાભારત, રામાયણ વગેરે સત્શાસ્ત્રોની કથાઓ સમાજમાં અવારનવાર થતી જ હોય છે. બ્રહ્મસૂત્રો, વેદાંતશાસ્ત્ર, ઉપનિષદો, વેદો, સ્મૃતિશાસ્ત્રો વગેરે સત્શાસ્ત્રોની કથા કોઈક વિદ્વાન ક્વચિત જ કરતા હોય છે. આ પ્રકારની કથા સાંભળનારા સાક્ષર અભિજ્ઞ શ્રોતાઓ પણ દુર્લભ હોય છે. સત્શાસ્ત્રોનું વાચન, શ્રવણ અને મનન પરમાત્મ પ્રીત્યર્થે અને આત્મસંતોષ માટે જ કરવું એ જ તત્ત્વજિજ્ઞાસુઓનો મુખ્ય

હેતુ છે. વિ.સં. ૧૯૯૭ના ચાતુર્માસમાં શાસ્ત્રી સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિનારાયણ મંદિર, જેતપુરમાં રોકાયેલા. પવિત્ર ચાતુર્માસના સમયમાં ઉપનિષદોની કથા કરવાનો તેમણે નિયમ રાખેલો. પ્રતિદિન સવાર-સાંજ નિયમિત કથા કરતા, નિર્ધારિત સમયે જ સમાપ્તિ કરતા. પોતાનાં કથા-પારાયણોમાં તેઓશ્રી આ નિયમ અવશ્ય રાખતા. તેઓશ્રી કહેતા કે 'ભગવાનના સંબંધવાળા સત્શાસ્ત્રોની કથા શ્રદ્ધાથી અને આદરપૂર્વક નિયમિત સાંભળવી અને વાંચવી. સભામાં શ્રોતાઓની ઉપસ્થિત હોય કે ન હોય તો પણ નિર્ધારીત સમયે કથાની શરૂઆત કરી જ દેવી. બ્રહ્મધામસ્થ પરમાત્મા અને મુક્તો આ સભામાં વિરાજમાન છે અને તેઓ મારી કથા સાંભળે છે એવી સદ્‌ભાવનાથી કથા વાંચવી. મારી કથા સાંભળીને ભગવાન અને ભગવાનના ભક્તો પ્રસન્ન થાય જ છે. કથા વાંચવાથી મારી શંકાઓનું સમાધાન થાય છે, મારી તત્ત્વજિજ્ઞાસા સંતોષાય છે.' આવી ભાવનાપૂર્વક કથા વાંચવી અને સાંભળવી.' વિદ્વત્સભાઓમાં કે જાહેરસભા-પ્રવચનોમાં પણ તેઓશ્રી સમય મર્યાદાનું પાલન અવશ્ય કરતા.

ઈ.સ. ૧૯૧૧થી ૧૯૩૫ એમ ૨૪ વર્ષ સંસ્કૃતવિદ્યાનો અભ્યાસ કરીને વિવિધ વિષયોની પદવીઓ પ્રાપ્ત કરી, સંસ્કૃત વિદ્યાનાં વિવિધ શાસ્ત્રોનાં પુસ્તકો લખ્યાં તેમજ અનેક શહેરો અને ગામડાંઓમાં વિવિધ શાસ્ત્રોની કથા પારાયણ કરી તેમજ વિદ્વત્સભાઓમાં વિવિધ શાસ્ત્રાર્થો કર્યા. જાહેરસભાઓમાં સત્શાસ્ત્રો, ધર્મ અને સામાજિક પ્રવચનો કર્યા. અભ્યાસાર્થે આવેલ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવ્યો. આમ, માનવજીવનમાં મળેલ સમયનો સદુપયોગ કરનાર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી અલૌકિક મહામાનવ હતા.

'મહામહોપાધ્યાય' પદવીની પ્રાપ્તિ : ભારત વર્ષના સંસ્કૃત પંડિતોને અપાતી 'મહામહોપાધ્યાય' પદવીનું ઘણું જ મહત્ત્વ છે. સંસ્કૃત વિદ્યાનાં વિવિધ વિષયો વાંચી, વિચારી, સમજી, જે તે વિષયો પરત્વે પોતાનો સ્વતંત્ર વિચાર જણાવી શકે, સંસ્કૃતનું અધ્યયન-અધ્યાપન કરે અને કરાવી શકે અને વિવિધ વિષયના ગ્રંથોનું લેખન કરે તેવા પ્રસિદ્ધ પંડિતોને જ આ પદવી અપાતી હોય છે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને 'મહામહોપાધ્યાય' પદવી અપાઈ તે વિષયની ટૂંકી માહિતી નીચે મુજબ છે. તેમની જન્મભૂમિ મોટી કુંકાવાવમાં વિ.સં. ૨૦૩૩ના વર્ષે શ્રીમદ્ ભાગવત્ પુરાણના પુરશ્ચરણ સ્વરૂપે શ્રીમદ્ ભાગવત્ પુરાણ પારાયણનું મહોત્સવ સ્વરૂપે આયોજન કરેલું. આ મહોત્સવમાં ૨૫૦થી વધારે વિદ્વાન વિપ્રો અને સંતોની ઉપસ્થિતિ હતી. તે સભામાં શારદાપીઠના પીઠાધિપતિ જગદ્‌ગુરુ શંકરાચાર્યજી પણ પધારેલા.

વિ.સં. ૨૦૩૩ના માગશર વદ-૪, શુક્રવાર તા.૧૦-૧૨-૧૯૭૬ના દિવસની આ મહાસભામાં જગદ્‌ગુરુ શ્રી શંકરાચાર્યશ્રીએ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને 'મહામહોપાધ્યાય' પદવી આપી. પદવી પ્રદાન પ્રસંગે વિશાળ સભાને સંબોધતા શ્રીશંકરાચાર્યજીએ કહ્યું હતું કે, 'ભારત સરકારે સ્વીકૃતિ આપેલ 'શ્રી મહામહોપાધ્યાય'ની પદવી છેલ્લા ત્રીસ વર્ષમાં મારા હાથે આવા અલૌકિક મહાપુરુષને પ્રથમ વખત જ આપતા હું હર્ષ અનુભવું છું.' શંકરાચાર્યજીએ એ મહાસભામાં પદવીનું પ્રદાન કર્યું ત્યારે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તો જૂનાગઢ હતા. શંકરાચાર્યશ્રીએ

આપેલ એ પદવી પ્રમાણપત્ર અને સન્માનના પ્રતીકસ્વરૂપે અપાયેલ અન્ય પારિતોષિક પદાર્થો લઈને એ સભાના પ્રતિનિધિઓ જૂનાગઢ આવ્યા. તેઓ કોઠારીશ્રી અને અગ્રગણ્ય સંતોને મળ્યા અને બધી વાતથી માહીતગાર કર્યા. તેઓની વાત સાંભળીને કોઠારીશ્રી અને સંતો-સત્સંગીઓ આનંદિત થયા અને શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને સન્માનપૂર્વક તે આપવાનું નક્કી કર્યું. તેના અનુસંધાનમાં બ્રહ્મચારી શાસ્ત્રી સ્વામી બાલકૃષ્ણાનંદજીના અધ્યક્ષપદે સભાનું આયોજન કર્યું.

તા.૧૩-૧૨-૧૯૭૬ના દિવસે સભા રાખી. આ પ્રસંગે જૂનાગઢની બહાઉદ્દીન કોલેજના વિદ્વાન પ્રોફેસરો, સાક્ષર નાગરિકો વગેરેને ખાસ આમંત્રણ આપ્યાં અને તેઓ સભામાં સમયસર ઉપસ્થિત રહ્યા. સભાધ્યક્ષ બ્રહ્મચારીશ્રીએ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની પ્રશંસા કરી આશીર્વાદ આપ્યા. સન્માનપૂર્વક પ્રમાણપત્ર અને પારિતોષિક પદાર્થો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને અર્પણ કર્યા, જે સ્વામીશ્રીએ પોતાના વિદ્યાગુરુ બ્રહ્મચારી શ્રીબાલકૃષ્ણાનંદજીને પ્રણામ કરીને સ્વીકાર્યા. આ પ્રસંગે પોતાનો પ્રતિભાવ આપતાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ કહ્યું કે, 'મને આ પદવી મળી છે તેમાં પરમાત્માની પ્રેરણા અને મારા વિદ્યાગુરુઓ બ્રહ્મચારી મહારાજ શ્રીબાલકૃષ્ણાનંદજી, શ્રી વામાચરણ ભટ્ટાચાર્યજી, શ્રી દામોદર ગોસ્વામી વગેરેની પૂર્ણ કૃપાનું આ શુભફળ છે એમ હું માનું છું. પિતા જેમ પુત્રને પાળે-પોષે અને શુભ સંસ્કાર આપે એ જ રીતે મને પાળી-પોષી શુભ સંસ્કાર આપનાર મારા વિદ્યાગુરુ શ્રી બ્રહ્મચારી મહારાજ શ્રી બાલકૃષ્ણાનંદજી સ્વામીના વરદ હસ્તે આ પદવી પત્ર પ્રાપ્ત કરીને હું હર્ષ અનુભવું છું.

વિદેશમાં સેવા માટે પ્રેમભર્યો આગ્રહ : બ્રહ્મદેશ (બર્મા)ના લાશીયો નામના નગરનાં માધ્વીય મહાવિદ્યાલયના મુખ્ય આચાર્યના પદની સ્વીકૃતિ માટે વિશ્વેશ ચતુર્વેદીની સ્વામીશ્રીને સાદર વિનંતી :

બ્રહ્મદેશ (બર્મા)ના લાશીયો નગરમાં માધ્વીય મહાવિદ્યાલય છે. તેના સંચાલક પંડિતશ્રી વિશ્વેશ ચતુર્વેદી કાશી આવ્યા અને મહાવિદ્યાલયના પ્રિન્સિપાલ શ્રી મંગલદેવ શાસ્ત્રીને મળ્યા અને કહ્યું કે, 'અમારા વિદ્યાલયમાં ન્યાય, વેદાંત વગેરે દર્શનશાસ્ત્રનો અભ્યાસ કરાવી શકે તેવા દાર્શનિક પંડિતની પસંદગી માટે હું અત્રે આવ્યો છું. આપના પરિચયમાં એવા કોઈ વિદ્વાન હોય તો મને પરિચય આપો. હું તેમને મળું.'

મંગળદેવ શાસ્ત્રીએ કહ્યું કે, 'વર્તમાન સમયમાં તો અહીં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહાન દાર્શનિક વિદ્વાન છે.તે આવે તો લઈ જાઓ.'

પંડિત વિશ્વેશ ચતુર્વેદી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને મળ્યા. મહાન વિદ્વાન સંતને મળીને તે પ્રભાવિત થયા. તેમણે સ્વામીજીને વંદન કર્યા. સ્વામીજીએ પંડિતનો સત્કાર કર્યો અને આદરપૂર્વક પાસે બેસાડીને આગમનનું કારણ પૂછ્યું. પંડિતજીએ આગમનનું કારણ જણાવ્યું અને વિનંતી કરી કે 'આપ કહો તે પ્રકારની બધી જ સુવિધા તમને આપીશું. તમે કહેશો તે પ્રમાણેથી આર્થિક વ્યવસ્થા કરીશું. આપ બર્મા દેશમાં પધારો અને અમારા મહાવિદ્યાલયના મુખ્ય આચાર્યપદને આપ અલંકૃત કરો.'

પ્રત્યુત્તર આપતાં સ્વામીએ કહ્યું કે, 'આપને મળીને મને ખૂબ આનંદ થયો છે, પરંતુ બર્મા દેશમાં આવવાની મારી ઈચ્છા નથી. મારો ભારતદેશ, મારો સ્વામિનારાયણ સંપ્રદાય, મારા પૂજ્ય ગુરુઓ અને સંતો એ બધું છોડીને વિદેશમાં જવાની મારી ઈચ્છા નથી. આપ અહીં પધાર્યા તેના સત્કારસ્વરૂપે હું આપને પુસ્તકો ભેટ આપું છું. વિવિધ દર્શનશાસ્ત્ર વિષયક મેં લખેલા આ પુસ્તકો તમારા વિદ્યાલયમાં રાખજો. દર્શનશાસ્ત્રોનો અભ્યાસ કરનાર અને કરાવનારને મારાં આ પુસ્તકો સહાયક બનશે.' એમ કહીને તેમણે લખેલા પુસ્તકો પંડિતજીને આપ્યાં.

પંડિત વિશ્વેશ ચતુર્વેદી લખે છે કે, 'મારી સાથે આવવા માટે સ્વામીશ્રીને મેં ખૂબ જ વિનંતી કરી ત્યારે તેમણે મને કહ્યું કે, 'અમારા પરમ વંદનીય ગુરુ સ્વામીશ્રી નારાયણદાસજી જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરના મહંત છે. તેમણે મને ઉપદેશ આપ્યો છે કે ઉપાસ્ય ઈષ્ટદેવના સ્વરૂપમાં દૃઢ નિષ્ઠા રાખીને તેની ઉપાસના કરવી. શુભ સંસ્કારો આપનાર, વિદ્યાભ્યાસ કરાવનાર શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ ગુરુઓની આજ્ઞાનું પાલન કરીને તેમની કૃપા પ્રાપ્ત કરવી તેમજ જીવન-જરૂરી પદાર્થો પૂરા પાડીને શારીરિક પાલનપોષણ કરનાર સંપ્રદાયની સેવા આજીવન કરવી. અમારા પરમ વંદનીય એ મહંત સ્વામીની આજ્ઞાનું પાલન કરવું મારે માટે અનિવાર્ય છે. મારો સંપ્રદાય અને મારા વિદ્યાગુરુઓનો ત્યાગ કરીને આપની સાથે હું નહિ આવું.'

આના અનુસંધાને પંડિત શ્રી શિવનાથ ઝાએ પણ સ્વામીજીને કહ્યું કે, 'સ્વામીજી, પંડિતજી સાથે આપ બર્મા જાઓ. ત્યાં જવામાં આપને સર્વ પ્રકારે અનુકૂળતા રહેશે.'

સ્વામીજીએ તેમની સલાહ પણ અમાન્ય કરી અને 'સ્વામીજી બર્મા આવ્યા નહીં.' એમ પંડિતજી લખે છે અને કહે છે કે 'તેમના સમાન બીજા કોઈ વિદ્વાન મને મળ્યા નહિ. હું નિરાશ થયો. મારા દેશ બર્માના મારા વતનમાં લાશીયો આવ્યો. તેમણે લખેલ પુસ્તકો મેં વાંચ્યાં. તે પરત્વે વિચાર વિમર્શ કર્યો. હું આશ્ચર્ય પામ્યો. એ બ્રહ્મનિષ્ઠ મહાપુરુષનાં દર્શન અને મુલાકાત અત્યારે પણ મને યાદ આવે છે. જ્યારે જ્યારે તેમને સંભારું છું ત્યારે ત્યારે મારા ચિત્તમાં શાંતિનો અનુભવ થાય છે.'

આ પ્રમાણે અનંત જીવાત્માઓનું આત્યંતિક કલ્યાણ કરવા સ્વયં પરમધામાધિપતિ પરમ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ સંતરૂપમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ૮૧ વર્ષ સુધી દિવ્ય રીતે જીવન વ્યતીત કરી વિક્રમ સંવત ૨૦૪૪માં મહા વદ-૪ને શુક્રવારે તા.૨૮-૦૨-૧૯૮૬ના પ્રાતઃકાળે સૂર્યોદય પહેલાં જૂનાગઢના શ્રીસ્વામિનારાયણ મંદિરમાં પોતાના નિવાસસ્થાન શ્રીબાલમુકુંદ ભુવનમાં સ્વેચ્છાએ સ્વતંત્ર રીતે પોતાના પંચભૌતિક દિવ્ય દેહનો ત્યાગ કરી પોતાના પરમધામમાં સિધાવ્યા, તેમનો અગ્નિસંસ્કાર જૂનાગઢનાં પ્લાસવા ગામે શ્રીશ્વેતાયનબાગ નામક પવિત્ર સ્થાનમાં કરવામાં આવ્યો હતો. જ્યાં હાલમાં મહારાજના દર્શન માટે સ્મૃતિમંદિરનું નિર્માણ કરવામાં આવેલ છે.

- લિ. હરિશરણાગતિ મંડળ

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજમાં ભગવાનપણાનાં ૩૯ ગુણોના દર્શન અનેક ભક્તોએ કર્યા છે તેનું વર્ણન

લિ. શ્રીહરિ શરણાગતિ મંડળ

શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજી એક દૈવી પુરૂષ છે. નૈસર્ગિક દૈવી મહાપુરૂષોના ગુણ શ્રીસ્વામીજીમાં અનુભવાય છે. સ્વામીજી બાળ બ્રહ્મચારી છે, કિશોરાવસ્થાથી જ ત્યાગી વૈષ્ણવ સંતની ભાગવતી દીક્ષા લઈ પોતાના પૂર્વ જન્મના નૈસર્ગિક ચમત્કાર ભર્યા સદ્‌ગુણોથી જ્ઞાની મહાસમર્થ સંત સ્થિતિમાં સદા વરતતા આવ્યાં છે. પરિચય, આશ્રય કે સત્સંગમાં આવેલા બધા લોકોને તેમના સ્વભાવ સિધ્ધ દિવ્ય સદ્‌ગુણો પ્રત્યક્ષ જોવામાં આવે છે. બાળપણથી જ ભગવાનની મૂર્તિની સામે બેસીને તાળીઓ વગાડીને ભજન, ધૂન કરતા. જન્મ સ્થાનમાં જ પ્રભુની આરાધનામાં વધારે પડતા રહ્યાં કરતા હતા. માળા હાથમાં લઈ મણકાને ખેંચતા, નારાયણ નારાયણ બોલતાં, પ્રભુ પ્રસાદ, નૈવેદ્ય મળ્યા પછી ભોજન કરતા, પ્રભુને જળ ધરાવતા, ફૂલ ચડાવતા, પાંચ વર્ષ વિત્યા પછી સ્નાન નિયમથી કરી સ્વતંત્ર પૂજા કરતા હતાં. ચિત્ર પ્રતિમાને સ્થાપી દહીં મિસરી જમાડતા, દંડવત્-પ્રદક્ષિણા કરવી, મૂર્તિનો સ્પર્શ કરી હાથને મસ્તક પર તથા નેત્રો પર અડાડવા, પૂજા વિસર્જન કરવી, અન્ય પૂજા કરનારાઓને પણ પ્રણામ કરી દેવદર્શન કરવા, કથા પણ સાંભળવી, સાયંકાળે દેવદર્શને જવું વગેરે વગેરે ભગવદિય ક્રીયા કરતા હતા. દરેક લોકો તેમને દૈવી આત્મા કહેતા હતા. એકાદશીનું વ્રત કરતા હતા, માતાએ વ્રતમાં દૂધના માવાની બરફી ફળાહાર માટે આપી, તો માતાને કહ્યું આ તો ઘઉંના લોટવાળી હોય તો મારું વ્રત ભંગ થાય, ત્યારે માતાએ કહ્યું આ તો દૂધના માવાથી બની છે. આમાં લોટ નથી, ત્યારે ફળાહાર માટે ખાધું. આ રીતે ભાગવત ધર્મવાળી તપયુક્ત ભક્તિમાં મગ્ન રહેતા હતા. આ રીતના દૈવીપુરૂષમાં દયા-પરોપકાર-દાન વગેરે વગેરે અનેક સદ્‌ગુણ બાળપણથી જ જોવામાં આવતાં હતાં.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજમાં ભગવાનપણાના ૩૯ ગુણોના દર્શન અનેક ભક્તોએ કર્યા છે, તેનું ટૂંકમાં વર્ણન...

(૧) **સત્ય :** વાણીથી સત્ય બોલવું, મનમાં સત્યના જ સંકલ્પ કરવા, કર્મ પણ સત્ય જ, શુભ જ કરવા આ ત્રણેય ગુણ આ પરમપુરૂષમાં હતા.

(૨) **શૌચમ્ :** શરીરની સ્નાન આદિથી શુદ્ધિ, વાણીમાં સત્ય દ્વારા પવિત્રતા, મનથી ખરાબ સંકલ્પ જ ન કરવા, સ્વામીજીને આ ત્રણેય પ્રકારની શુદ્ધિનું પાલન કાયમ હતું.

(૩) **દયા :** કોઈપણ જીવને ન દુભવવો, બીજાના દુઃખને સહી પણ ન શકવું, પર દુઃખ દૂર કરવા પ્રયત્ન કરવા. સ્વામીજી ક્યારેય પણ કોઈ તણખલાને પણ તોડતા ન હોતા. કોઈ જંતુને મારતા નહોતા, શરીરમાં ડંખ મારનારા જંતુને પણ ઉડાડતા ન હોતા.

(૪) **ક્ષાન્તિ :** અપરાધ સહન કરવો, નાના-મોટા કોઈપણ દુઃખ આપતા હોય અથવા દોષારોપણ કરતા હોય અથવા પાછળ પડી ગયા હોય, આખી જીંદગી દ્વેષ કરતા રહ્યાં છતાં પણ તેમની સામે ન બોલવું સામે ન થવું, સહન કરીને ક્ષમા કરી નમ્રતાથી હટી જવું, સાધુવૃત્તિથી બધું સહન કરી લેવું. આ ઉદાહરણો સ્વામીજી માટે મોટાં મોટાં ઉપદ્રવોમાં પણ પૃથ્વી સમાન ક્ષમા રાખવાનો સ્વભાવ

લાખો માણસોમાં પ્રસિદ્ધ છે. દ્વેષી ઉપદ્રવીઓને પણ સમય આવ્યે સ્વામીજીએ બચાવ્યાં છે.

(૫) **ત્યાગ :** સર્વસ્વદાતા હતા, પાસે જઈને કોઈ માંગે તો આપી દે, અસંગ્રહ નામનો ગુણ સ્વામીજીમાં જીવનપર્યંત જોવામાં આવ્યો છે.

(૬) **સંતોષ :** બધા પ્રકારની સારી રીતે પૂર્ણતૃપ્તિ અતૃપ્તિનો અંશ પણ નહીં, તેનાથી ઘણું સુખીપણું રહે છે. સ્વામીજીનું અંતર સદાય સુખી જ માલુમ થાતું.

(૭) **આર્જવમ્ :** બાળ-યુવા-વૃદ્ધ, સદ્‌ગુણી-દુર્ગુણી, શિક્ષિત-અશિક્ષિત બધા પ્રતિ સરળપણું રાખવું, આ મોટો ગુણ સ્વામીજીમાં જોવામાં આવે છે.

(૮) **શમ :** મનનો નિગ્રહ કે મન શાંત રહેવું, સ્વામીજીનું મન સદા શાંત જ રહેતું કેટલાંય પ્રકારના વિક્ષેપો આસપાસમાંથી પસાર થાય, તો પણ સ્વામીજી થોડી એવી પણ ચંચળતા નહોતા જણાવતા.

(૯) **દમ :** ઈન્દ્રિયોના વેગનું વિષયો પ્રતિ લાગવું જ નહીં. જોવું, સાંભળવું, આદિ આદિ નિરર્થક કંઈ પણ ન કરવું, આવું દમન જીવનભર બ્રહ્મચારી સ્વામીજીમાં હતું.

(૧૦) **તપ :** શાસ્ત્રવિધિ પ્રમાણે ધર્મ પાળવો, જ્ઞાનપૂર્વક ભોગનો સંકોચ કરવો, ઈશ્વર ઈચ્છાથી પ્રાપ્તથી નિર્વાહ કરવો, ભૂખ-તરસ સહેવા, ઠંડી-ગરમી સહન કરવી વગેરે વગેરે તપસ્યા કરવી, જીવનભર સ્વામીજી આ રીતીથી વર્તતા જોવા મળતા.

(૧૧) **સામ્યમ્ :** આત્માને છોડીને બાકીના તત્ત્વોને યથાર્થ સમજીને તેની મિત્રતા નહીં તથા શત્રુતા પણ નહીં, શત્રુ-મિત્રભાવ રહિત વર્તવું. સ્વામીજી કહે છે કે,'સિંહથી દૂર ભાગો છો તો કૂતરાને શા માટે મારવા દોડો છો ?' સબળથી ભાગો છો તો નિર્બળથી પણ દૂર રહેવું, અર્થાત્ પીડા ન આપવી, આ પ્રકારની સામ્ય દૃષ્ટિ સ્વામીજી કાયમ રાખતા.

(૧૨) **તિતિક્ષા :** શરીર, ઈન્દ્રિય, અંતઃકરણ દ્વારા કોઈ હર્ષ-શોક આવ્યા કરે તો તે દ્વન્દ્વોમાં ન ઘૂસવું. શરીર આદિમાં તત્ત્વોના ઝઘડવાથી તોફાન થાય તો તેને દૂર કરતા રહેવું પણ તેમા સામેલ ન થવું. આવો સ્વભાવ સ્વામીજીમાં બરાબર જોવામાં આવતો.

(૧૩) **ઉપરતિ :** નિષ્ફળ, અયોગ્ય, અઘટિત, અનુપકારી, અજ્ઞાસ્ત્રીય, મફતનો વેપાર-ઉદ્યોગ વગેરેમાં પ્રવૃર્ત નહિ નિવૃત્ત રહેવું, જરા પણ પ્રીતિ ન કરવી, વિરક્ત રહેવું. આ ગુણો વિચારશીલ સ્વામીજીમાં હતા.

(૧૪) **શ્રુતમ :** - જીવનમાં અધિકાર અનુસાર સત્શાસ્ત્ર આદિનું શ્રવણ કરી શબ્દ પ્રમાણસિદ્ધ, શાબ્દિકજ્ઞાન પ્રાપ્ત કરવું, વેદ, શાસ્ત્ર, સંહિતા, પુરાણ, ઈતિહાસ, અલંકાર, જ્ઞાન વગેરેના અધ્યયન દ્વારા પણ લૌકિક-અલૌકિક યથાર્થ જ્ઞાનવાળા હોવું, સ્વામીજી આ યુગમાં વ્યાસ સ્વરૂપ જ્ઞાની-વિજ્ઞાની પ્રતિભાશાળી જ્ઞાની હતા.

(૧૫) **જ્ઞાનમ્ :** તત્ત્વોનું જ્ઞાન આત્મા, પરમાત્માનું અધિકાધિક જ્ઞાન, સંપ્રજ્ઞાત-અસંપ્રજ્ઞાત, સવિકલ્પ-નિર્વિકલ્પ, પૌરૂષેય બોધ, સાક્ષી ચૈતન્ય પ્રકાશ વગેરે વગેરે ઉચ્ચકક્ષા સુધીની સંજ્ઞપ્તિઓ, પ્રમાણ-પ્રમેય- પ્રમાતા, પ્રમિતીઓનું વિશદ્ વિજ્ઞાન સ્વામીજીમાં હતા.

(૧૬) **વિરક્તિ :** રાગ, ધૃણા, પકડી રાખવાનો આગ્રહ ન હોવો, વૈરાગ્ય હોવો, ત્યાગવાનો પ્રયત્ન

કરવો, નહીં ત્યાગેલાને પણ ત્યાગવાનું અનુસંધાન રાખવું, મનમાં જ આભાસ થયો હોય તેને પણ ત્યાગવું, આત્મા સુધી પહોંચવાજ ન દેવું, આવી સ્થિતિમાં વરતવું, બધાને ખોટું જાણવાથી સત્યભાવથી રાગનું ન હોવું, સ્વામીજીએ લાખો રૂપિયાની શાળાઓ, મંદિરો બનાવ્યા અને ત્યજી પણ દીધા હતા.

(૧૭) **ઐશ્વર્યમ્ :** સ્વામીજીમાં ઈશ્વર સમાન ઐશ્વર્ય હતું. જ્ઞાન-વિજ્ઞાનમાં, વચનસિદ્ધિમાં, સત્યસંકલ્પમાં, તેજમાં, આત્મબળમાં, અપ્રધૃષ્યતામાં, શરીર સ્વાસ્થ્યમાં, અનેક પ્રકારની સિદ્ધિઓમાં ઈષ્ટ ફળ પ્રાપ્ત કરવું, તે સ્વામીજીમાં બળવાન ઐશ્વર્ય જોવામાં આવ્યું છે. છ પ્રકારના ઐશ્વર્યોમાંથી કયાંક ક્યાંક કોઈ ઐશ્વર્ય પ્રયુક્ત કર્યું છે. તેના પ્રતાપથી કૃપાપાત્ર લોકો પ્રભુ સમાન પરમ પુરૂષ માને છે. કેટલાંય લોકોને ઘડપણમાં પણ પુત્રફળ આપ્યા છે. સ્વામીજીએ ભૂત, પ્રેત, પિશાચ, ડાકીની, શાકિની, યોગિની, વૈતાલી આદિના ઉપદ્રવોથી કેટલાંય શરણાગતોની રક્ષા કરી છે. આ પ્રકારના અનેક પ્રસંગો પ્રસિદ્ધ છે. કેટલાંય લોકોના રોગ-મહારોગ મટાડ્યા છે, માયાનો મહારોગ પણ મટાડ્યો છે, કેટલાંય પ્રાણત્યાગ કરનારાઓને પોતે જ સંત સ્વરૂપમાં દર્શન આપીને દિવ્યસ્વરૂપમાં મોક્ષમાં લઈ ગયા છે. કેટલાંય ભક્તોને સ્વપ્નમાં પોતે ભગવત સ્વરૂપના દર્શન આપ્યા છે. કેટલાંય લોકોને સૂર્ય પ્રકાશમાં પણ બીજા સ્વરૂપે દર્શન આપ્યા છે, આવું અલૌકીક ઐશ્વર્ય અનેકને ભગવાનપણાનું ભાન કરાવે છે.

(૧૮) **શૌર્યમ્ :** કોઈથી ડરવું નહીં, નિર્ભય રહેવું, આશ્રિતને નિર્ભય કરવો, સ્વામીશ્રીમાં મોટો ગુણ હતો. આપત્તિમાં ફસાયેલા જીવોને શૂરવીરતાથી છોડાવ્યા હતા.

(૧૯) **તેજ :** સભા, સમાજ, સમૂહ, મહોત્સવ, આદિકમાં તેજસ્વી પ્રભાવવાળા સ્વામીજી દેખાતા.

(૨૦) **બલમ્ :** પ્રાણાયામ રોકવા, આત્મબળથી બીજું સ્વરૂપ ધારણ કરીને બળથી નિયમન કરવું. નિયમન બળ વાપરવું. આદિક શક્તિ સ્વામીજીમાં હતી.

(૨૧) **સ્મૃતિ :** યોગ્ય સમયે માનવસ્વરૂપમાં ઝડપથી યોગ્યને સંભારવું, શાસ્ત્રાર્થમાં ગંગાના પ્રવાહસમાન સ્મૃતિધારાઓ સ્વામીજી વહેવડાવતા.

(૨૨) **સ્વાતંન્ત્રયમ્ :** કોઈપણ કામમાં અન્ય સહાયકની પરતંત્રતા ન હતી. પોતાની રૂચિ પ્રમાણે કાર્ય કરી બતાવતા.

(૨૩) **કૌશલમ્ :** ૬૪ કળાઓમાં સ્વામીજીની નિપુણતા હતી. સ્વામીજીમાં કામગીરીની કેટલીય કળાઓના ઘણાએ દર્શન કર્યા હતા.

(૨૪) **કાન્તિઃ** ચન્દ્ર સમાન શરીરમૂર્તિમાં ઉજ્જવળતા, નિરતિશય પ્રકાશ હોવાથી સ્વામીજી શ્વેતાયન વ્યાસ રૂપમાં શોભતા હતા.

(૨૫) **ધૈર્યમ્ :** કયાંય પણ પીછેહઠ ન કરવી, હારી ન જવું, પર્વત સમાન ધીરજ રાખવી, મોટાં મોટાં ઝંઝાવાતોમાં, માણસોએ ઊભા કરેલા સમરાંગણમાં પણ રૂંવાડુય ન ફરકવું. છાતીમાં ધડક-ધડક ન થવું, આ ગુણ પણ સ્વામીજીમાં હતો.

(૨૬) **માર્દવમ્ :** કોઈના પ્રત્યે ક્રૂરતા ન કરવી, અતિ કોમળ રહેવું, તે સ્વામીજીમાં ગુણ હતા.

(૨૭) **પ્રાગલ્ભ્યમ્ :** મોટા સભા સંમેલનોમાં, કાર્યવાહીઓમાં, વ્યાખ્યાનોમાં, પારાયણોમાં પ્રશ્ન, ઉત્તરમાં પ્રતિ ઉત્પન મતિ દ્વારા પ્રતિભાશાળી પૂર્ણ પ્રતિભાવાળા સ્વામીજી હતા.

(૨૮) **પ્રશ્રય :** મોટાની સમક્ષ નમ્રભાવ, સમાન પ્રતિ આદરપૂર્વકનો વિવેક સ્વામીજીમાં હતો.પોતાના આસને કોઈ પણ આવે-જાય તેમના પ્રતિ નમ્ર ભાવનાવાળા નમન કરે તેમને સામા નમે, દંડવત્ કરે તેને પણ આશીષ આપે, બાળકને પણ હસીને બોલાવે, દૂધ પીતા બાળકને પણ કંઠી, મંત્ર આપે ત્યારે હસીને અતિ કોમળ સૌમ્ય રૂપથી અપનાવે, સાકરનો કણ મુખમાં આપે ઈત્યાદિ વિનય કરે સ્વામીજીમાં હતો.

(૨૯) **શીલમ્ :** વ્રત રાખવું, કામને પોષણ ન આપવું, સારો સ્વભાવ, મિલનસાર સ્વભાવ સ્વામીજીનો હતો.

(૩૦) **સહઃપ્રાણ :** નિયમન કરી શકવાનું સામર્થ્ય, સારું ખરાબ જે કઈ આવી પડે તે લાભ-નુકસાનને બધી રીતે અપનાવવું, સહી લેવું આ મોટું સામર્થ્ય સ્વામીજીમાં હતું.

(૩૧) **ઓજ :** અન્ન, જળ, વસ્ત્ર, વાહન, ધન, જ્ઞાન દેવાનું સામર્થ્ય હતું, ઉપદેશનું મોટું સામર્થ્ય પણ સ્વામીજીમાં હતું.

(૩૨) **સુબલમ્ :** તત્ત્વોને ધારણ કરવાનું સામર્થ્ય, મેધાનું સામર્થ્ય, ગાંઠ ઉકેલવાનું સામર્થ્ય સ્વામીજીમાં હતું.

(૩૩) **ભગઃ** જ્ઞાન, શક્તિ, બળ, વીર્ય, ઓજ અને ક્રિયા વગેરે પ્રતાપરૂપે થતાં રહેવું, ઓછું ન થવું વધતુ રહેવું. આ રીતે ઉત્કર્ષણયુક્ત સ્વામીજી હતા. માટે 'ભગ' વાળા ભગવાન સ્વામીજી કહેવાતા.

(૩૪) **ગાંભીર્યમ્ :** અભિપ્રાયોમાં, કાર્યમાં ઉંડાણ, તળિયું હાથ ન આવે એવુ ઉંડાણ સ્વામીજીમાં હતું.

(૩૫) **સ્થૈર્યમ્ :** ક્રોધ, દ્વેશ, ઉદ્વેગ, ઉદાસીનતા આદિના પ્રસંગ ઉપસ્થિત થવા પર પણ તેનો વિકાર ન થવા દેવો, ક્રોધાદીકનો સદા ને માટે લય કરવો, આ ગુણ સ્વામીજીમાં હતો.

(૩૬) **આસ્તિકયમ્ :** શાસ્ત્રો પ્રદર્શિત અર્થમાં પણ વિશ્વાસ, પુણ્ય, પાપ, સ્વર્ગ, નર્ક, દેવ, ઈશ્વર, મોક્ષ આદીમાં તથા બ્રહ્મલોક, પરબ્રહ્મ તેના અવતાર વગેરે વગેરેમાં તથા વ્રત, તપ, ભક્તિના ફળમાં પણ સત્યતાનો વિશ્વાસ હોવાની બુદ્ધિ આ આસ્તિકતાનો મોટો ગુણ સ્વામીજીમાં હતો.

(૩૭) **કીર્તિ :** જગતભરમાં કીર્તિ થવી, યશ ફેલાવો, લોકોમાં સારી પ્રસંશા થવી આ ગુણ સ્વામીજીમાં હતો.

(૩૮) **માન :** યોગ્ય રીતે રહેવું પરંતુ સૌને સન્માન આપવું મધુરતાથી વ્યવહાર કરવો. સ્વયં નિર્માની રહેવું આ ગુણ પણ સ્વામીજીમાં હતો.

(૩૯) **અનહંકૃતિ :** પોતાપણાનો અહંપણાનો રૂપદોષ સ્વામીજીમાં નહોતો. દેહનું, ભવનનું, જ્ઞાનનું, પાંડિત્યનું, કોઈપણ પ્રકારનું અહંપણુ, મમત્વપણું નહોતું.

આ ૩૯ ગુણો પ્રભુના જેનામાં આવ્યા હોય, ઉપજ્યાં હોય, દેખાતા હોય, તે પણ પ્રભુ તુલ્ય છે. માટે જ સંત સ્વરૂપમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સ્વયં ભગવાન જ છે. આ વાત નિઃસંદેહ સિદ્ધ થાય છે.

સાચા સત્સંગીએ ભગવાન મનુષ્ય દેહે વર્તતા હોય તો તેને કઈ રીતે ઓળખવા ? તેની સમજણ શાસ્ત્રોમાં આપી છે. કઈ કઈ રીતે અનેક ભક્તોને શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજમાં ભગવાનપણાનાં ઐશ્વર્યના દર્શન થયા હતા. તેનું શાસ્ત્રીય પદ્ધતિથી અહિં વર્ણન કરવામાં આવ્યું છે...

લિ. શ્રીહરિ શરણાગતિ મંડળ

સાચા સત્સંગીને ભગવાન દિવ્ય મનુષ્યદેહે વર્તતા હોય તે તુરંત જ ઓળખાઈ જાય છે. ભગવાનને ઓળખવા માટે ધ્યાન દેવું. તેમના મુખારવિંદ ઉપર પ્રભા ચળકાટ કરતી હોય છે, જોનારની નેત્ર વૃત્તિ ખેંચાયા જ કરે, દર્શનથી તૃપ્તિ થાય જ નહિ, અંતઃકરણમાં હેતના ફુવ્વારા ઉછળે, મૂર્તિ રૂપાળી નિર્મળ ભાસે. મૂર્તિની મીઠાશ દૂધ કરતાં પણ વધારે જણાય, અને ઉજ્જવળતા ભાસે. શ્વાસમાં કમળથી પણ વધારે સુગંધ ફોરે, દેખનારની વૃત્તિ શીતળતા અનુભવે. ભગવાનની સૌમ્ય મીઠી હેતભરેલી દૃષ્ટિ જેના તરફ જાય ત્યાં તેને અતિ આનંદિતપણું ભાસે, સુખ શાંતિ ભાસે અને આકર્ષણ થાય, દર્શનથી તૃપ્તિ જ ન થાય.

મૂર્તિનાં રમણીયપણામાં કાંઈ ખામી ના દેખાય, હાથ પગના તળાં કમળ જેવા ઉજળાં હોય, ગૌર કાન્તિઓ ભરેલા નખમણિ હોય, ભગવાન ચાલતા હોય ત્યારે તેમને માટે જયકારના ધ્વનિઓ આકાશમાં થતા જતા હોય, આકાશમાં દેવો છત્રધારી રહ્યા હોય તેવું ભાસે, ફુલહાર પહેરાવતા હોય, ચામરો ઢોળાતા જણાય, પંખાના પવનો નખાતા જણાય, તેમનું બિરાજવાનું આસન દિવ્ય ઉજ્જવલ દેદીપ્યમાન જણાય. અંધકારનાશક અજવાળું તેમની મૂર્તિમાં ભાસે, તેમનામાં દિવ્યશક્તિઓ ભરેલી જણાય, દિવ્ય ધ્વજો આગળ અને ઉચ્ચપ્રદેશમાં ભાસે, સોનાના થાળમાં ભોજન જમતા હોય તેમ ભાસે, દેવકલ્પતરું છાયા કરતું હોય તેમ જણાય, તેમનું પ્રભામંડલ ગગનમાં ઝાંખી કરાવતું જણાય.

પ્રભુના નિવાસમાં મર્યાદા દેવતા સ્વાભાવિકપણે વસેલા જણાય, તેમની સુમૂર્ત પૂજા કાયમ થયા કરતી હોય તેમ જણાય, તેમને પુષ્પમાળાઓ, ચંદનો, સુગંધો અર્પણ થતા કાયમ દેખાય, તેમનું દૈવીપણું માનવસમાજને સુખ આપતું જણાય. તેમની મૂર્તિમાં સર્વે ભુવનોની સૃષ્ટિઓ વિરામ અનુભવે. તેમનામાં જ્ઞાન હોય, તેમનામાં સરસ્વતી અને લક્ષ્મી સુમૂર્તરૂપે વસતા હોય, સર્વ દિશાઓમાંથી સરસ્વતી, લક્ષ્મીઓ, કળાઓ અને દેવતાઓ આવતા હોય તેવું ભાસે, તેમના તરફ આકર્ષાયેલી મેદિની ખાડા ટેકરા સહિત સમતલવાળી થાય.

શીત, ઉષ્ણ ઋતુઓ તેમના તરફ સુખદાયી જ વર્તે, મંદ સુગંધ શીતળ વાયુઓ સેવામાં વર્તતા હોય છે. અશુચિ પદાર્થો દૂર ખસી જાય છે. અગ્નિદેવ પ્રકાશ, પ્રભા, અજવાળું અને ઉષ્ણતા વડે યથાપેક્ષા સેવતો હોય છે. ઝીણી ઝરમર જળવૃષ્ટિ ભગવાનને સેવતી હોય છે. ધૂળ શાંતિ જાળવે છે. દેવી પુષ્પોની વૃષ્ટિઓ ગગનદેવીઓ દ્વારા થતી હોય છે. અક્ષત વડે ભગવાનને

વધાવતા હોય છે. અરુચિકર ગંધ, રસ, વર્ણ, સ્પર્શ વગેરે ખસી જાય છે. પ્રિયકર સુગંધ, રસ, સ્પર્શો ઉપસ્થિતિ થતાં જણાય છે.

શણગારમાં સજ્જ એવા દેવતાઓ ભગવાનને ગમવા માટે સુશણગારમાં સન્માન જાળવતા હોય છે, એક દૃષ્ટિ એ વારંવાર દર્શન કરી અમૃતથી વિશેષ મધુરપાન કરતા હોય છે, ભગવાનની વાણી અતિ મીઠી, રસભરેલી, શુદ્ધ અર્થવાળી, હિત કરનારી અને રસદાર, ચોખ્ખી, કોમળ, તમામને સંભળાય તથા ગ્રહણ થાય તેવી હોય છે, તેમનું વ્યાખ્યાન તમામને પ્રિય થઈ પડે છે. શુદ્ધ સંસ્કારી વાણી વડે દેવતાઓ, બૃહસ્પતિઓ, વિદ્યાપતિઓ પણ ગળી જાય છે. મનુષ્ય, પશુ, પક્ષી, પ્રાણી પણ ભગવાનની મધુર વાણી સાંભળીને અર્થ સમજતા હોય તેમ મગ્ન થઈ કેફમાં આવી જાય છે, નાના બાળક પણ જે વાણીને ખૂબ જ ચોખ્ખા અર્થ ભરેલી ભાવ ભરેલી સમજીને રાજી થાય છે, મોતીના દાણાની પેઠે વાણીના શબ્દો ગગનને તથા શ્રોતાઓને ઠંડક શાંતિ આપે છે, ભગવાનની ભાષા સાંભળીને વૈર શમી જાય છે.

ભગવાને દેખતા જ મતાન્તરીઓ ભગવાનમાં નમ્ર થઈ જાય છે અને નિરાભિમાની થઈ ભગવાનની પ્રસાદી ગ્રહણ કરે છે, તથા શરણાગતિ લ્યે છે, ભગવાન સામે કોઈપણ વાદી પોતાના વાદને વળગી રહેતો નથી, અસમર્થ થઈ જાય છે અને ભગવાનમાં રહેલા સત્યને સ્વીકારી લ્યે છે, ભગવાનના નિત્યપ્રત્યક્ષ સાક્ષાત્કારને પોતાના અનુભવમાં લેતો થકો ગળી જાય છે, જ્યાં ભગવાન હોય ત્યાં અકસ્માતો થતા નથી, રોગના પ્રભાવ વર્તતા નથી, રાજા અને રાજ્યસત્તાઓનો ઉપદ્રવ હોતો નથી, ભગવાન હોય ત્યાં સત્યયુગ વર્તે છે.

ભગવાન વિચારે ત્યાં દુષ્કાળ મટી સુકાળ થાય છે, વૃષ્ટિઓ જરૂરત પ્રમાણે વરસે છે. આવેલા ભય ખસી જાય છે, ભગવાનની મીઠી ભાષા દૂર દૂર સુધી સંભળાય છે, તેવી ગતિવાળી હોય છે, માનભરેલી હોય છે, ગંભીરતાવાળી હોય છે, વાણીમાં ઘણાં રહસ્યો ભરેલાં હોય છે, સર્વજ્ઞપણાનાં વર્ણનો અસીમ અર્થના સાગરો ભરેલા હોય છે, જે વ્યાખ્યાનો ઉપર ચાલે તેના અનંત એવા પ્રવચનોના અંતોમાં વિરામ આવે છે.

ભગવાનની વાણીમાં પ્રતિધ્વનિઓ મીઠાશ ભરેલા ઉપજતા હોય છે. ભગવાનનાં પ્રવચનો શ્રોતાઓને ઘૃત અને મધ-સાકર જેવા મીઠાં લાગે છે તથા સ્નિગ્ધપણું સ્નેહ હેતવાળાપણું ઉપજાવે છે, શ્રોતાઓ તલ્લીન થઈ જાય છે, સાંભળનારાઓને થાક લાગતો નથી અને સાંભળવાની ઈચ્છા શાંત થતી નથી, લાંબો સમય પણ પારખવામાં આવતો નથી, ભગવાનના વચનો સાર્થક ઊંડાણ તત્ત્વોવાળાં, અર્થવિશાળતાવાળા અને લંબાણ વિનાનાં હોય છે, તથા વિરોધ કે બાધક અસિદ્ધિ વિનાના હોય છે, વ્યાખ્યાનોમાં નિરર્થક સાંકર્ય હોતું જ નથી, શ્રોતાઓના સંશયો ટળી જાય તેવી કુદરતી વાણી હોય છે, મહાબૃહસ્પતિઓને પણ ભગવાનની વાણીમાં દોષ ન જણાય એવા દિવ્ય વચનો હોય છે.

ભગવાનની મૂર્તિરૂપ સૌંદર્ય, ચેષ્ટા, વચન, હાસ્ય, દર્શન, સ્પર્શ, સેવા વગેરે મનને એકાગ્ર અને નિરોધ કરનારા હોય છે, દૂર દૂરથી દર્શનાર્થે આવનારને થાક લાગતો નથી તેમ ખર્ચનો શોક થતો નથી, સર્વસ્વ અર્પણ માટે ઝઝૂમી રહે છે, એવા તો ભગવાનનાં આકર્ષણો

હોય છે, ભગવાનના જન્મજયંતીઓના ઉત્સવોમાં ભગવાન પ્રત્યક્ષ દેખાય તેમ હાજર ન હોય તો પણ પ્રત્યક્ષ હોય તેવા આનંદ, ઉત્સાહ, ઉત્સવ, કિલ્લોલ, કિર્તન, ગાયન, વાજીંત્રનાદ, જયકારનાદ, રાસક્રીડન, પ્રસાદગ્રહણ, આરતીકરણ ભાવના વડે પૂજન વગેરે થતાં જ હોય છે. તે પ્રત્યક્ષપણું અદશ્યરૂપે રહીને જણાવે છે.

ઘણું જ વિલક્ષણપણું, નિર્લેપપણું, સ્વતંત્રપણું ભગવાનમાં હોય છે, ભક્તને રાજી કરવા તન્મય થઈ જાય છે, અભક્તને દર્શન પણ આપવામાં રૂચિ રાખતા નથી, વાતચીતે આડી-અવળી વાતો કરીને વખત ગાળતા નથી, જ્ઞાનસાગર હોવા છતાં મૌન પણ રાખતા હોય છે, તે જાણતા થકી અજાણ્યા રહે છે, પદાર્થોના વર્ણનમાં સમજાય તેવો સાર કહે, જેવા ગ્રાહક તેવાં તત્ત્વો વિસ્તારીને કહે, સંસાર તજાવવા અને બ્રહ્મસુખે સુખીયા કરવા વલણ રાખે, નિઃસાર વાતને ધ્યાનમાં લ્યે નહિ, વૈખરીવાણીવાળા સાથે મેળ કરે જ નહિ, કથાઓ સ્પષ્ટ કહે તે નાના બાળકો પણ સહેલાઈથી સમજી શકે, પ્રશ્નની જિજ્ઞાસાઓ તેને મેળે શાંતિ લેતી જાય અને સમાધાનો થતાં જાય એવી અંતર્યામી શક્તિ વાપરતા હોય છે.

સ્વપ્રશંસા પોતાને ગમતી જ નથી, પોતાના મહોત્સવોમાં પોતે હાજરી આપવામાં રૂચિ રાખતા નથી, ભગવાનને આ લોકનો કોઈપણ ગંડવા વળગતો નથી. હજારો માણસોનાં ખેંચાણથી પોતે અળગા જ રહે છે, આ લોકના જીવોને પોતાના ઘેરાવામાં પ્રીતિ હોય છે, તેવી ભગવાનને સ્વઘેરાવામાં પ્રીતિ હોતી જ નથી, પાપ ટાળે છે અને પાપીને શુદ્ધ કરે છે, ભગવાનપણું હોવા છતાં અયોગ્ય મંડળોમાં તે જણાવતા નથી, જેવું ધારેલ કાર્ય હોય તેટલું કરીને લીલા સમાપ્ત કરે છે તેમને જમાવટની ટેવ હોતી નથી, કલશે ઝઘડામાં રૂચિ હોતી નથી, અંતઃશત્રુઓને ટાળવામાં ખબરદાર રહે છે અને બાહ્ય એવા દૈત્યો વગેરેને ખસેડવામાં ક્યારેક ઐશ્વર્ય વાપરે છે.

કોઈના ગુપ્ત રહસ્યોને પ્રકાશમાં મેલતા નથી, કોઈની ખુશામત કરતા નથી. ભક્તને તો સંભારવા માટે યથા યોગ્ય વર્તી લ્યે છે, આત્માઓના શ્રેય માટે વિશેષ યત્ન કરતા હોય છે, કલ્યાણકારી શાસ્ત્રો પોતાને હાથે જ લખતા હોય છે તેમાં પોતાના સાક્ષાત્ અને પરોક્ષ વૃત્તાંતો જીવોને મૂર્તિ સ્ફુરણના અવલંબન માટે વર્ણવતા હોય છે, ભાગવત ધર્મને વિશેષ મહત્ત્વ આપતા હોય છે, અનર્થ થાય તેવું કરતાં નથી તેમ તેવું કરાવતા નથી, સારું ગ્રહણ કરે છે નરસું તમામ મેલી દ્યે છે, શુદ્ધ સંસ્કારી નિરાભિમાની જીવન ગાળે છે, અનેક પ્રકારના દુઃખો, ઉપાધિઓ, અપમાનો, કલંકો, તિરસ્કારો, અનાદરો, અવગણનાઓ, અસુવિધાઓ અને ઉત્પાતોને સહન કરતા જ હોય છે. વિશ્વંભર તરીકે વર્તતા હોય છે.

પૃથ્વી સમાન ક્ષમાવાળા હોય છે, જળ જેવા શીતળ હોય છે, તેજ જેવા પ્રકાશ આપનારા હોય છે, વાયુ જેવા જીવનપ્રાણ હોય છે, સ્વામી તરીકે જ સેવક પ્રતિ ભાવનાવાળા હોય છે, સાધારણમાં સાધારણ પ્રાણી, બાળક, વૃદ્ધ, ગરીબ, અબૂજ, અયોગ્ય વગેરેને પણ ગમ્ય પ્રાપ્ય અને સેવનીય શીલવાળા ભગવાન હોય છે, તેમને કોઈ પ્રતિ તિરસ્કાર વૃત્તિ હોતી નથી, તેમને સર્વેના સુખમાં મોદપ્રમોદ વર્તે છે, દુઃખ ટાળવા દયા વર્તે છે, પુણ્ય કાર્યોમાં સહમત હોય છે. ભગવાન સારું જ દેખે છે. નરસું દેખતા નથી, કોઈને હલકા ગણતા નથી. તમામ તેમના બાળકો

છે તેથી તમામમાં ભગવાનને વાત્સલ્યભાવના હોય છે. કોઈના સ્વભાવો ઉપર ઝઝુમી પડતા નથી અને ક્ષતિ ન થવા અનુસંધાન રાખે છે.

પોતે પ્રભુ હોવા છતાં 'હું પ્રભુ છું' એમ કહેતા નથી, અસંખ્ય શરણાગતોના મનોરથ પૂરવા છતાં 'મેં કર્યું' એમ કહેતા નથી તેમ કોઈ જાતનો લાગો લેતા નથી તેમ પોતાની સત્તા જમાવતા નથી. વ્હાલા શિષ્યોને પણ સ્વાભિમાની સ્વાર્થી કે એવા બીજા અંશોમાં દેખે તો તેને તિરસ્કારતા નથી તેમ વિશેષ તેમાં એરાતા પણ નથી, ભગવાનમાં એવું ચતુરપણું હોય છે, ભક્ત થઈને સ્વાર્થ સાધવા દોડે તેનો સ્વાર્થ સાધી દ્યે, પણ મતલબીને તો તજી દ્યે છે.

સત્સંગ કરનારા અચરજ પામી જાય એવા નિર્ભય ભગવાન હોય છે, લોકમર્યાદાને બરાબર સાચવે છે, ભક્તની અવગણના થવા દેતા નથી, પ્રભુની વાણીમાં ચમત્કાર ચેષ્ટા વગેરેમાં રીતભાતમાં પણ માનવો અને દેવતાઓ અચંબો પામી જાય છે, આશ્ચર્ય ગરકાવ થઈ જાય છે, શરણાગતના માનસિક સમાધાનો પ્રભુ સાંનિધ્યમાં તેની મેળે થતાં જાય તેવાં વ્યાખ્યાન, ચેષ્ટા, વલણ, બોલી વગેરે કરે છે, રાજાઓ ઈન્દ્રાદિકો પણ ઉપાધિ મેલીને ભગવાનની વાત સાંભળવા બેસી જાય અને ભગવાનની સવારીમાં હાજર થઈ જાય.

ભગવાનમાં ભ્રમ, પ્રમાદ, મિથ્યાજ્ઞાન હોતું નથી, તેમનું જ્ઞાન નિત્ય પ્રત્યક્ષ જ છે, એક જ ક્ષણમાં તમામ સૃષ્ટિઓને હથેળીમાં દેખતા હોય છે, ઉપદેશ દેવામાં ભગવાન થાકતા નથી, ભગવાનમાં સાચું જ્ઞાન છે, વસ્તુનું વિપરીત કે મિથ્યા જ્ઞાનરૂપ દોષ તેમનામાં નથી, તેમનામાં કોઈ જાતનું અજ્ઞાતપણું નથી ચરઅચર તમામના સ્વરૂપોને યથાર્થ જાણે છે અને જુએ છે. તેમને પોતાના ગુણોનો ગર્વ જે મદ તે નથી, પોતે સર્વગુણ સંપન્ન છે છતાં તેનો મદ નથી, ગર્વ ન કરવો એ જ પરિપૂર્ણતાપણું છે.

ભગવાન વિનય ગુણવાળા છે તોયે પોતે ક્યાંય હલકા થતા નથી, ભગવાન દયાના સાગર, ક્ષમાના સાગર છે, તેમાં ક્રોધ નથી, ભગવાનમાં માયા કપટ નથી. બહુજ સરલ અને સાચા હોય છે. ભગવાનમાં લોભ, તૃષ્ણા નથી તે તો બધાને બધું આપનાર છે. મહાસમૃદ્ધિનો પણ ત્યાગ કરે છે અને મહાસંતોષી સંત તરીકે રહે છે. ભગવાનમાં આનંદ રતિ પ્રીતિ, મનોજ્ઞતા, કાયમ હોય છે તેમને રાગ તેમજ તમન્ના હોતી નથી, ભગવાન સમભાવવાળા હોવાથી કોઈ પ્રસંગે પણ દુઃખી થતા નથી તેમનામાં પ્રસન્નતા જ રહેલી છે તેથી સર્વેનું કલ્યાણ કરે છે. ભગવાનને નિંદ્રા, તંદ્રા નથી તેવો ભાર પોતાનામાં ભરતા નથી માટે નિરંતર જાગૃત જ વર્તે છે, ભારે ભોજન વડે આલસ પેદા થાય તેવો દુર્ગુણ ભગવાનમાં નથી સદાય આળસરહિત જ હોય છે, ભગવાનને શોક કે ચિંતા નથી ત્રણ કાળના જાણકાર છે તેથી 'શું થશે ?' એવું આશ્ચર્ય કે અફસોસ નથી, પોતે સત્ય જ બોલે છે તેને ખોટું બોલવાનો દોષ હોતો જ નથી તેમજ બોલ્યું ફરવું પડે તેમ નથી, ભગવાનનું બધુંય છે તેને કોઈની ચીજ છાની લઈ લેવી પડે તેમ નથી અને તૃષ્ણા નથી, જેથી કોઈની ચીજ લઈ લેવા ધારે.

ભગવાનથી મોટા કે સમાન કોઈ નથી જેથી તેમને બીજાના ગુણ દેખીને ઈર્ષ્યા, મત્સર, અસૂયા, સ્પર્ધા દોષ ઉપજતાં જ નથી, ભગવાન પાખંડીને દેખીને પાખંડ ટળાવે છે પણ ઈર્ષ્યા

કરતા નથી, ભગવાનને આધીન કાળ, માયા વગેરે છે તેથી તેને કોઈનો ભય નથી. રાજાનો, દેવનો, દૈત્યનો, રાક્ષસનો લૂંટનો, મરણનો, અકસ્માતનો, જીવિકાનો, વિયોગનો, મૃત્યુનો, અપમાનનો ભય તેને નથી. સર્વેના સ્વામી છે તેથી તેમને બીક નથી.

ભગવાન કોઈ પણ જીવની હિંસા કરતા નથી, લીલી ભાજી પત્ર પણ તોડતા નથી, ભગવાનને સર્વ પોતાનું હોવાથી પારકાપણાને અંગે નિંદા અને તિરસ્કાર નથી, પોતાપણાને અંગે પ્રશંસા-પક્ષપાત પણ નથી, પૂજક અને નિંદકને યથા કર્મફળ મળે તેવા નિયમને પોતે નિરીક્ષક છે, ભગવાન માયિક ક્રિડાના ત્યાગી છે, ભગવાન માયિક ખેલને ચાહતા નથી, ભગવાન ઠેકડી-મશ્કરી કરતા નથી, ભગવાન સૂર્ય, ચંદ્ર, અગ્નિ, દીવા વગેરેને પ્રકાશ દેનારા છે, પૃથ્વી, જળ, તેજ વાયુ વગેરેને શક્તિઓ આપનારા છે માટે તેને આધીન થતા નથી, તે બધું ભગવાનને આધીન વર્તે છે.

ભગવાનમાં સર્વજ્ઞતા, મહત્તા, યશવત્તા, વૈરાગ્યતા, મુક્તતા, નિર્લોભિતા, સુંદરતા, વીર્યવત્તા, પ્રયત્નવત્તા, મોક્ષપ્રદાત્તા, શ્રીમંતત્તા, ધર્મવત્તા, ઐશ્વર્ય ચમત્કારવત્તા, સર્વોપરિતા, સર્વે નિયામકતા, સર્વતેજસ્વિતા વગેરે ઐશ્વર્યો છે, ભગવાન ભવભ્રમણાના નાશક છે. ભગવાન સર્વ વિદ્યાનો ખજાનો છે તથા સુચારિત્ર્યશીલ ધર્મવાન છે તથા અક્ષરધામના ભાગવત ધર્મોના પ્રાથમિક સ્થાપન કરનારા છે. ભગવાન સાધુ, બ્રહ્મચારી, પાર્ષદ, સાંખ્યયોગી અને આચાર્યના સ્થાપનારા તીર્થવિધાતા છે.

ભગવાન અનાદિકાળથી સર્વજ્ઞ હોવાથી ગુરૂઉપદેશ વિના પણ પોતે અનંત પ્રકારના સ્વતંત્ર ઉપદેશ આપે છે, ભગવાન સ્વપ્રકાશ અને સ્વપ્રત્યક્ષદર્શી તથા સ્વભાગવત ધર્મમાં દીક્ષિત જ હોય છે, ઉત્તમ પુરૂષોનો ગુણ, લક્ષણ, ચિહ્ન, સ્વરૂપ, શક્તિ, સામર્થ્ય, ચમત્કાર, બળ, શ્રી સંપત્તિ, દિવ્યતા, પ્રકાશ, પ્રત્યક્ષદર્શિત્વ વગેરે હોવાને લીધે મુક્ત અને અક્ષરપુરૂષથી પણ ઉત્તમ એવા પુરૂષોત્તમ ગણાય છે.

ભગવાન સંસારી પાખંડીઓને ક્ષોભિત કરે છે અને નીડર રહે છે, ભગવાન કમલની પેઠે નિર્લેપ રહે છે અને દોષ અડવા દેતા નથી, તથા સુરૂપ સુગન્ધિવાલા યશસ્વી હોય છે, ભગવાન માયિક લશ્કરોમાં આગળ વધતા થકા વિજય મેળવનાર હોય છે, ભગવાન તમામ પ્રાણીઓમાં અંતર્યામી રહ્યા થકા સત્યના બતાવનારા નિશ્ચય સંપત્તિવાળા છે, ગુણ પમાડનારા તથા સાચવવામાં સમર્થ ભગવાન યોગક્ષેમ કરનારા કહેવાય છે, ઉપદેશ, આશ્રય, કૃપા, સત્સંગ વડે ભગવાન તમામનું હિત કરનારા છે.

અજ્ઞાની જીવોનાં અંધકારો કાઢવામાં, જ્ઞાનપ્રકાશ આપનારા, સત્ય, અસત્ય, ધર્મ, અધર્મ, જ્ઞાન, અજ્ઞાન રાગવિરાગ વગેરે દર્શાવનારા ભગવાન તે સાચા મહાદીપકરૂપ છે, અનાદિ સમયથી પ્રકાશ ભરેલા છે, તેથી પ્રકટ થાય ત્યાંથી જ સૂર્યની પેઠે સાચા જ્ઞાન પ્રકાશક આત્મદર્શક ભગવાન જ છે, અજ્ઞાનરૂપી અંધારુ ટાળી જ્ઞાનરૂપી પ્રકાશ આપનારા ભગવાન છે, સંસારરૂપી ભવાટવિમાં ભટકતા પ્રાણીને મોક્ષમાર્ગે લઈ જનાર ભગવાન છે.

અધોગતિ, મધ્યગતિ, દેવગતિ અને ઈશગતિના ત્રાસમાં જતા પ્રાણીને શરણ આપનારા મોક્ષ દેનારા ભગવાન છે, પ્રાણીને માયાતારક સદ્‌બોધદાતા ભગવાન છે, પતિત જીવોને ઉદ્ધારનારા ભગવાન છે. જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મના યથાર્થ સ્વરૂપો સમજાવનારા ભગવાન છે. જીવસૃષ્ટિ, ઈશ્વરસૃષ્ટિ, બ્રહ્મસૃષ્ટિ તથા અક્ષરબ્રહ્મના નિયંતા ભગવાન છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિના વિમાનમાં બેસનારને ધામ સુધી પહોંચાડનારા ભગવાન છે. નિત્ય સર્વજ્ઞપણું, નિત્ય પ્રત્યક્ષદર્શીપણું આપનારા ભગવાન છે. માયાના કુહક જેને નથી અને બ્રહ્મલોકમાં વસનારા એવા મુક્તજનો તેના પતિ ભગવાન છે. ભગવાન માયાને જીતીને શરણાગતોને પણ માયા જીતવાનું બતાવે છે. ભગવાન સંસારસાગરમાંથી શરણાગતોને તારે છે. ભગવાનને રાગ દ્વેષાદિક નથી અને સ્વશરણાગતોને પણ રાગદ્વેષો છોડાવે છે. અક્ષરબ્રહ્મને, મુક્તોને, અવતારોને, ઈશ્વરોને, માયાને, જીવોને તથા સૃષ્ટિઓને ભગવાન હથેળીમાં જ જેમ છે, તેમ દેખે છે.

આવાં આશ્ચર્યકારક, અકલ્પનિય, અદ્‌ભૂત તેમજ દિવ્ય ગુણો તેમજ ઐશ્વર્યો દર્શનનાં સાક્ષાત્ નજરે નિહાળીને મનુષ્ય દેહે વર્તતા તેમજ સંત સ્વરૂપે રહેલા પ્રગટ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજમાં કર્યા હતા. માટે જ સ્વામીશ્રી સ્વયં ભગવાન છે. આ વાત નિઃસંદેહ સિદ્ધ થાય છે.

સામુદ્રિક શાસ્ત્રમાં શિવ-પાર્વતીના સંવાદમાં એવું વર્ણન છે કે, 'નારાયણના અંશ જ્યારે માનવરૂપે પ્રગટે છે ત્યારે એક, બે કે ત્રણ ચિન્હોને ધારણ કરનારા હોય છે, પરંતુ અનેક ચિહ્ને ધારણ કરનારા સ્વયં શ્રીપતિનારાયણ જ હોય છે.' શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની દિવ્ય મૂર્તિમાં એક, બે, ત્રણ નહિ પણ અનેક ચિહ્નોના દર્શન ભક્તોએ સાક્ષાત્ નજરે નિહાળેલા છે, તેનું અહિં વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે.

લિ. શ્રીહરિ શરણાગતિ મંડળ

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની દિવ્યમૂર્તિ પાંચ ફૂટ અને પોણા છ ઇંચ ઊંચી છે, મુખકમળ ચંદ્ર સમાન દર્શનીય છે, ચારેકોર તેજનું ચક્ર છે, શિખા ચોટલી સોનાના તાર જેવી ચળકે છે, શિખા ચાર ઇંચના ઘેરાવામાં કાયમ રહેલી છે, બ્રહ્મરન્ધ્ર અને શિખાની વચ્ચે એક તેજોમય ચળકતો નાનો ખાડો રન્ધ્ર છે, શિખાની નીચે પાછળ એક નાનો તિલ છે, પાસે જ બીજો શ્યામ તિલ છે, મસ્તકની વચ્ચોવચ એક ગોળ નાનું સૂર્યનું ચિહ્ન છે, તેની બાજુમાં જ એક ત્રિકોણાકાર ચિહ્ન છે.

જમણા કાનની પાછળ ત્રણ આંગળ દૂર મસ્તકમાં એક શ્યામ તિલ છે, એ લલાટમાં બે તસુ ઊંચો ઉપર એક ઊજળો તારો છે, અને લલાટમાં જમણી બાજુએ ઉપર ભાગે એક તિલ છે, કપાળની બંને બાજુ લમણાઓને છેડે એક એક ચમકતો તિલ છે, આ જમણા તિલની બાજુમાં એક ઝીણો સુંદર તારો છે, અને જમણા કાન ઉપર એક તસુ છેટે એક તિલ છે, લલાટની પંક્તિમાં એક નાનુંસરખું ફૂલનું ચિહ્ન છે, અને ડાબા લમણાની ઉપર ત્રણ તસુ છેટે ધ્રુવના તારા સમાન એક ઊજળું ચિહ્ન છે.

લલાટના બંને છેડાઓને પહોંચતી આડી સળંગ એક લાંબી રેખા છે, તેની ઉપર અર્ધા લલાટમાં એક લાંબી રેખા છે, લલાટ મધ્યે આડી રેખા ઉપર અર્ધ ચન્દ્રના આકારે એક નાની વાંકડી રેખા છે, તથા તેવી ને તેવી બીજી પણ ઝીણી રેખા છે, તથા ભ્રૂકુટિમાં વચ્ચે નાસિકાના મૂળ ઉપરથી એક ઊભી જવની રેખા છે, તથા બંને નેણોની ઉપર એક એક રેખા નેણ જેટલી જ લાંબી છે, અને લલાટ મધ્યે તિલકની બંને ઊભી રેખાઓ ચળકતી ભાલ સુધીના રોમ પર્યંત લાંબી પરિપૂર્ણ શોભી રહી છે, અને તિલક મધ્યે ગોળ ચાંદલો લલાટ મધ્યે શોભી રહ્યો છે, તે લાલાશ ભરેલો પૂર્ણિમાના ચન્દ્ર સમાન ગોળ તેજસ્વી દેખાય છે.

અને નાસિકા નમણી ઉઘડેલા તલના ફૂલ સમાન આકારવાળી છે, તથા શુકની નમણી ચાંચની સમાન નમણાં ટેરવાંવાળી છે, નાસિકાની બંને ગુફાઓ ઊઘડેલી તલપુષ્પની પાંખડીઓ વિકસેલી હોય તેવી સુશોભિત છે, નાસિકાની દાંડીની હરોળ્ય, તે પાતળી અને વિકસેલાં પડખાંવાળી છે, નાસિકાની બંને પડખાંની પુષ્પદલોની ઉપલી રેખાઓમાંથી ગાલોમાં થઈને

નીચે ઊતરતી અને મૂછના બંને છેડાને અડીને મુખના ખૂણાઓને પડખે વિશ્રાંતિ પામેલી બે ઊંડી મોટી રેખાઓ મંદ મંદ હાસ્યની સ્મૃતિ કરાવતી થકી શોભી રહી છે.

આંખ્યોના નીચલા ભાગે ગાલના ઉપલા બંને ગાળાઓ પોયણા નામના ધોળા કુમુદ-પુષ્પોની પાંખડીઓ જેવા અર્ધચન્દ્રાકારે શોભી રહ્યા છે, નાસિકાના મૂળમાં ભ્રૂકુટિની નીચાણ-વાળી દાંડીને એક આડી-ઊંડી રેખા છે, આંખનાં નીચા ભાગનાં બે પોપચાંઓ પોયણ પુષ્પ સમાન છે, તેમાં બીજના ચન્દ્રમા સમાન બબ્બે છીતી રેખાઓ છે, તથા એક એક મોટી દીર્ઘ રેખાઓ છે, કમલની પાંખડીઓ સમાન લાંબી બંને આંખો ચળકાટવાળી છે, શ્વેત ડોળાઓના ખૂણાઓ લાલ ઝીણી ઝીણી રેખાઓ રૂપી ટસર્યુવાળા શોભી રહ્યા છે, આંખો કમલપુષ્પની પાંખડીઓ સમાન લાંબી અણીદાર છે, નેત્રોમાં આકર્ષણ ચમત્કાર ભરેલો છે, આંખોમાં કાળાં ચક્રો-ચાંદલાઓ પિંગળા અને તેજ ભરેલા છે તથા ભરતમાં ભરેલા નાના આભલાં જેવડા ગોળ અને મોટાં સતારા જેવા અતિ સુશોભિત છે તથા તેના મધ્યે બંને ચણીયા બોર જેવા ઊપડતા ચન્દ્રકોમાં વચ્ચે કીકીઓરૂપી રત્નો વધારે નીલવર્ણમાં તેજસ્વી કિરણો સહિત પ્રતિબિંબોયુક્ત ગોળ દાણાંઓ શોભી રહ્યા છે.

નેત્રોની પાપણો પંક્તિબદ્ધ ઝીણી ઝીણી રોમાવલીરૂપે અર્ધછત્રની સમાન શોભે છે, તથા નીચલી પાંપણો ઝીણી રોમરેખાવાળી લાલાશના રંગ ભરેલી એવી શોભે છે, ઉપલી બંને છજાંરૂપી પાંપણો ઝીણી ઝીણી કરચલીઓવાળી છે, પાંપણોની ઉપર અર્ધે ગાળે નેણોનાં પોપચાંઓ સળંગ લાંબાં છે અને ઊપસતાં છે તથા પાપણ્યોને પોતાના નીચાણમાંથી દોઢે ચઢેલાં, શોભા આપે છે અને નેણોના બંને પૂર્ણ લાંબા ભાગો રોમાવલી વડે પીળાં, નીલા, લાલ આકાશ ધનુષ્યની પેઠે અતિ શોભી રહ્યા છે, આંખોનાં પોપચાંઓમાં ઝીણી ઝીણી આડી લાંબી ઘણીક કરચલીઓ છે, આંખોના સફેદ ગોલકમાં ચારે બાજુ ઝીણી ઝીણી લાલ ટસર્યું રેખાઓ છે, કાળી કીકીઓ અતિશય સ્વચ્છ છે, તેજ ભરેલી ચમકીલી પીળાશવાળી છે.

ભગવાનના બંને કાન લંબગોળ જલેબીના ગૂંચળાની સદૃશ આકૃતિવાળા છે, તથા વચ્ચે લાંકની નળીઓ છે, તથા નમણાં ઊપડતી અણીઓવાળાં બે બોરીયાંરૂપી ટેરવાં છે, તથા કુંડલ પહેરવાને યોગ્ય છે અને નીચેની બૂટીઓવાળા છે તથા શબ્દો પકડવાની ઊંડી નમતી નહેરોની કિનારીઓવાળા છે, તથા પૂરા ત્રણ ઇંચ લંબાઈવાળા છે અને પોણા બે ઇંચ પહોળાઈવાળા છે, તેમની પેઢલીઓમાં ઝીણાં ઝીણાં સોનેરી ચળકતા રોમ છે. કાનની નીચે બે આંગળ સુધી જડબાની ધાર ગળા તરફ વળીને ચાર ઇંચ લાંબી એવી પૂરેપૂરી દાઢી સુધી પહોંચેલી છે, દાઢીનો અગ્રભાગ બે ઇંચથી વધારે ગોળાઈએ પહોળો છે, ભગવાનના કહ્યા એવા બંને કાનોની રચના અજાયબી પમાડે તેવી છે, જમણા કાન ઉપર એક તિલ છે, તથા ડાબા કાન ઉપર એક તિલ છે, બંને કાનોમાં ફૂલ ડોળીયા ચાપવા પહેરવાનાં છીદ્રો છે.

ભગવાનનું મુખારવિંદ સુશોભિત સૂર્ય સમાન તેજસ્વી છે, પૂર્ણ ચન્દ્રના તેજ સમાન શિતળતા ભરેલું ચળકાટવાળું છે, જેનાં દર્શન કરવા દેવતાઓ આવે છે અને ચિબુકમાં તથા બંને ગાલોમાં નાના નાના સ્નેહના ખાડાં પડે છે, જમણા ગાલ ઉપર એક ઝીણો તિલ છે, તથા

બે બીજા નાના તિલ ઉપલે ભાગે રહેલા છે, અને બાજુમાં ગાલના પડખે ઉપલે ભાગે એક વજ્ર સમાન સુશોભિત ચિહ્ન છે, તે ઉજ્જવળતા ભરેલું ચળકી રહ્યું છે.

ભગવાનની ડોક ઊપડતી છે, તેને દાબતી વખતે આડી આખી હથેળી સામી જાય તેટલી વિશાળ ઊપડતી તથા પંજા જેટલી પહોળી છે, કંઠ સુશોભિત દર્શન કરવા યોગ્ય ઉજ્જવળતા ભરેલો છે, કંઠનો શંખ અર્ધા લીંબુ જેવો સોપારીની પેઠે પોણો ઇંચ ઊપડતો છે, કંઠની બંને બાજુઓ ઉપર ગયેલી નીચલા જડબાની નીચે પહોંચેલી, દાઢી સુધી લાંબી ગલોફાઓને શોભાવનારી છે, કંઠમાં કૂપમાં એક સુંદર તિલ છે, ચિબુકના મધ્યમા ડાબે ભાગે એક નાનો બૂડ મસ છે, પ્રભુને કંઠમાં બે આડી અને લાંબી રેખાઓ ચળકી રહી છે, કંઠની પાસે એક તિલ ડાબે ભાગે શોભી રહ્યો છે, અને ગળાની પાછળ ઓડ્ય ઉપર લાંબી આડી રેખા છે, તે રેખાને છેડે જમણે ભાગે એક તિલ છે, અને કંઠની હાંસડી ઉપર એક શ્યામ લાખાનો ચાંદલો છે, બંને કાન ઉપર મધ્યે અને વચલી કોર તથા નાળીઓમાં રોમાવલી રહેલી છે.

કંઠના શંખની કૂકાટિકારૂપી વાટકીની નીચે કંઠકૂપને લગતી હાંસડી બે ઇંચ નીચે છે, હાંસડીના સાંધાના બે અસ્થિના બે નકૂચારૂપી બે બોર કંઠની નીચે ઊપડતા શોભી રહ્યા છે, તે બંને બોરિયાં હાંસડીના જમણા અને ડાબા સાંધાની બે ગળોઢવું જેવાં દેખાય છે, કંઠની વાટકીની નીચે છાતીનો ભાગ વિશાળ ઊજળો અને ઊપડતો છે, તેના મધ્યમાં રોમોનું શ્રીવત્સ છે, કંઠમાં તુલસીની બેવડી જાડી કંઠી કાયમ પહેરેલી શોભે છે, ડાબા જડબા નીચે ઓડ્યની લાંબી રેખાના છેડાની બાજુમાં એક તિલ શોભે છે, તથા જમણાં જડબા નીચે એક તિલ શોભે છે તથા ઓડ્યની લાંબી રેખાની બાજુમાં એક તિલ છે તથા કંઠની બંને બાજુની હાંસડીયું સ્પષ્ટ દેખાય છે, છાતીના બંને પડખામાં પુરુષનાં ગૂઢ સ્તનોના ગોળ નીલા લાલાશ પડતા ઝીણાં બોરવાળા અને ચળકતા રોમોથી ઘેરાયેલા બે ચાંદલા મોતી જેવા છે.

જમણા ખભા ઉપર એક તીરની સમાન લાંબી રેખારૂપે ચિહ્ન શોભે છે તથા હાંસડી ઉપર એક ત્રિકોણનું ચિહ્ન છે, ત્રિકોણની બાજુમાં કાંતિવાળું અને ચાંદલા જેવું એક ગોળ ચિહ્ન છે તથા બંને ખભાઓ ઉપરથી હાંસડીયુંની વચ્ચોવચ બંને બાજુઓમાં એક એક રેખા શોભી રહી છે, તથા વાંસા ઉપર ખંભાના રંધાઓ વચ્ચે બરડા તરફને કિનારે ડાબા ખભાના રંધાની બાજુમાં એક કેરીના ફળસમાન ચિહ્ન છે, તેની બાજુમાં તલના દાણાં જેવા બે ઊજળાં તારાઓ શોભી રહ્યા છે તથા ડાબા પડખાનાં ખભા ઉપર ચળકાટવાળા બે તારાઓનાં ચિહ્ન છે તથા જમણા ખભાના રંધાની નીચે અર્ધચન્દ્ર સમાન તેજસ્વી એક ચિહ્ન છે, તેની બાજુમાં બીજું તારા સમાન ચિહ્ન શોભે છે.

બંને નેત્રોની ઊંચાઈની સમદોરીની રેખાના લેવલમાં નાસિકાની દાંડીનું મૂળ નીચાણવાળું છે, આંખ્યોના ખૂણાઓ અણીદાર કમળની પાંખડીની પેઠે કાન તરફ લાંબા છે, આંખ્યો વિશાળ છે, તથા સ્નેહ ભરેલી છે, ભગવાનની મુખાકૃતિ સૌમ્ય છે, અતિ ઉજ્જવળતા ભરેલા ગલગોટિયા ગાલ છે, ભાલ-નાસિકા-ચિબુક તથા કાન વગેરે આકર્ષણ કરનારા છે, ઉપલ્યો હોઠ ધનુષ્યની કમાનની પેઠે મધ્યભાગમાં મળેલી અણીસહિત ઊર્ધ્વ ઉપરની કિનારીવાળો થઈને બંને બાજુઓના ખૂણાઓ સુધી પહોંચેલ છે, ધનુષ્યના છેડાની દોરી બાંધવાના ઠેબાની પેઠે જરાક

ખૂણાઓ વળેલા દેખાય છે, હોઠ લાલાશ ભરેલા અમૃતવર્ષી સુન્દર છે, ચિબુકમાં નાના મસા સહિત એક ગોળ ચણાદાળ જેવડો ગર્ત ખાડો શોભે છે, મૂછની રેખા સોનેરી વર્ણવાળી ઝબકે છે, નીચેનો હોઠ લાલ ગુલાબી રંગદાર છે, જીહ્વા લાલ શ્વેત રૂપવાળી છે.

દાંત શ્વેત દાડમનાં મોટા દાણા જેવા છે, તે પેઢા સહિત મસ્કતી દાડમના મોટા દાણા સમાન શોભાવાળા છે, પેઢાંઓ મજબૂત સરખી પંક્તિમાં સ્થિતિ એવા દાડમની લાલ નાની કળીઓ જેવાં શોભે છે, બગાસુ આવે ત્યારે તાલુ ઉજળું પાંડુર રકતકાન્તિવાળું દેખાય છે, જીભ કંઠમાં કાકડો જીભના મૂળને અડે તેવો વિકાસ-સંકોચ થાય તેવો, રતાશ ભરેલો રંગીન અણીદાર ઊંધો લટકતો શોભે છે, મહારાજનો સ્વર મીઠો મધુરો અમૃત ભરેલો સર્વેને આકર્ષણ કરનારો છે, ભગવાનની વાણી બ્રહ્મવિદ્યા ભરેલી યથાર્થ પ્રામાણિક સાક્ષાત્ દિવ્ય સરસ્વતી શારદાદેવી મૂર્તિમાન છે, મહારાજની બોલીમાં અનેક અર્થો તથા અલંકારો ભાવો વગેરે સ્વાભાવિક ભરેલા છે, જેનો અન્ત પામી શકાય તેમ નથી, તેવી દિવ્ય સંસ્કૃત વેદવાણી બહુપ્રકારે મુખમાં વસેલી છે, ભગવાનની કથા-વાણી સાંભળવામાં લાખો મનુષ્યો દેવતાઓ વગેરે સમાધિ સ્થિત હોય તેવા તલ્લીન થઈ જાય છે.

ડાબા પડખાના ગળાની નીચે ડાબી હાંસડી ઉપર ખભા બાજુને છેડે એક ગોળ મસ ઝીણી ખાખટી સમાન શોભાવાળો છે, છાતીના પડખામાં કાંખ તરફ જતા એવા બે મજબૂત મસલ છે, તે ખભાઓના બાવડાઓ સાથે જોડાયેલા છે, ડાબી કાંખમાં એક લાલ તિલ છે, જમણી કાંખમાં રોમ ઉપર બે લાલ તિલ છે, ભુજાઓ ઉપર ખંભાઓથી નીચે જમણી ભુજામાં એક નાનો તિલ છે, કોણી ઉપર ડાબે ભાગે રોમવાળો એક નાના મગના દાણા જેવડો મસો છે, તેથી ઉપર બાવડામાં બે ઇંચ ઊંચો ચંદન લગાડવાને ઠેકાણે એક ઝીણો નીલ તિલ છે, તેથી નીચે કોણીની સાંધ્યથી એક આંગળ નીચે બાહેરલે ભાગે એક કાળો તિલ છે.

ભુજામાં અંદર ગાળે કોણી ઉપર ત્રણ આંગળ છેટે એક તિલ છે, તેથી ઉપર બે આંગળ ઊંચો એક તિલ છે, ભુજાઓ અતિ શ્વેત ગૈર ઉજ્જવળ શોભે છે, ભુજાઓ ઉપર આછા આછા ઝીણા ઝીણા ચળકતા સોનેરી વર્ણના રોમ છે, કોણી ઉપર હાથમાં ત્રણ ત્રણ કરચલીઓ પડે છે, ભુજાઓ અતિ પુષ્ટ છે, ભુજાઓમાં ઉપરભાગે એક એક બૂડ નાડી સોંસરવી દેખાય છે, ભુજાઓમાં બાળપણમાં શીળી કાઢેલા ત્રણ ત્રણ ચાંદલારૂપે ચાંઠાંઓનાં ચિહ્નો છે, ખંભાના મૂળમાંથી નીકળીને ભુજાઓના મસલમાં થઈને કોણીઓના મૂળમાં જતી અને હાથમાં સોંસરવી નીકળેલી પોંચા ઉપર પહોંચેલી અને અંગૂઠાના મૂળમાં થઈને પોંચા ઉપર પ્રસરી ગયેલી પાતળી નાડી પાતળી એવી સળંગ નસ છે, તે સર્વ સ્થળે ઊપડતી દેખાય છે તથા જમણા હાથના બાવડામાં કોણીના વળાંક ઉપર બાજુમાં એક તિલ છે, તથા કોણીથી નીચે તિલ છે તથા કોણીની સાધ્ય ઉપર રોમવાળો એક મસ છે, તેની પાસે એક ઝીણો તિલ છે, તથા જમણા હાથના ખભા ઉપર એક તિલ છે, તથા શીળીના ચાંદલાની બાજુમાં એક તિલ છે, તથા કોણીથી નીચે હાથમાં હાથના પોંચાથી ઉપર ચાર આંગળ ઊંચો એક મોટો તિલ છે, તથા જમણા હાથના પોંચાથી બે તસુ ઉપર એક ઝગમગતું તારા સમાન ઊજળું શ્વેત ગૌર તલના દાણા જેવું ચિહ્ન છે, તથા જમણા હાથની

કોણીથી લઈને પોંચા સુધી સોનેરી તથા કેસરિયા ઊજળા અને નીલાવર્ણના ચમકીલા સુંવાળા રોમ છે.

જમણા હાથના મૂળથી પોંચાની હથેળીની કરભે જે હથેળીની બહારની કિનારી તે ઊજળી ઊજળી શોભી રહી છે તથા ટચલી આંગળીની કરભમાં પોંચાને છેડે કાંડા ઉપરની સાંધાની ગળોઢ્ય ઊપડતી દેખાય છે, તથા તેથી નીચે સોંસરવી એક લાંબી રેખા પડે છે, તેની પડખે નીચે ઉપર અંગૂઠાના મૂળ તરફ જતી બે રેખાઓ પડે છે, એક ત્રીજી રેખા પોંચાની ઉપર કોચેલા પાંચ લીલા લાડવાની ઉપર સળંગ રેખા બે રેખાઓ સહિત પડે છે, ટચલીના મૂળથી કાંડા સુધીની કરભમાં ચાર લાંબી રેખાઓ અને બે અર્ધી રેખાઓ એમ છ રેખાઓ ઊભી રહેલી છે.

પડખાંરૂપી કરભની ઉપર તથા પોંચા ઉપર ઝીણી ઝીણી રોમાવલીઓ છે, તથા પોંચા ઉપર આંગળીઓની અને અંગૂઠાની લાકડીઓની પાંચ નસો સળંગ કાંડા તરફથી આવતી દેખાય છે, અને કાંડા ઉપરથી ધનુષ્યના કામઠા જેવી વાંકી તથા અર્ધે પોંચેથી સીધી જતી તથા અનામિકા નામની બીજા નંબરની આંગળી તરફ જતી તથા તેમાંથી ફૂટીને એક ટચલી આંગળી તરફ ગયેલી નસ છે તથા મધ્યમાં આંગળી ઉપર સીધી ગયેલી નસ છે, તથા તેના મધ્યભાગથી નીકળેલી એક નસ પ્રદેશિની આંગળીના મૂળ ભાગથી ઉપર બે આંગળીઓને મધ્યગાળે અર્ધા ઇંચ ઊંચેથી પાછી વળીને અંગૂઠાના મૂળથી એક ઇંચ ઊંચી પરબારી જતી અને કાંડા ઉપરથી આવેલી મોટી નસમાં મળી ગયેલી એક નસ છે, અને અંગૂઠાના મૂળમાંથી બે તસુ અંગૂઠા ઉપર ગયેલી છે, અર્ધા ઇંચ છેટેથી એક નસ અંગૂઠાના પડખાની આંગળી ઉપર ગયેલી છે, અને તેથી આગળ અર્ધા ઇંચથી એક નસ અનામિકા ઉપર જતાં મધ્યમાની ઉપર અને અનામિકાની ઉપર એમ બે નસું ગયેલી છે, અને પોંચાના મધ્યે લીલા લાડવાના ભાગથી એક નસ ટચલી આંગળી ઉપર ગયેલી છે, અને તેના ઉપરથી બે તસુ કરભ ઉપર તેજ નસ ગયેલી છે.

દરેક આંગળીઓના શરૂઆતના પહેલાં ભાગો ઉપર ઝીણી ઝીણી રોમાવલીઓ રહેલી છે, તથા આંગળીઓની ઉપલી લાકડીઓના ભાગોમાં ઝીણા ઝીણા ચળકતા રોમો શોભી રહેલા છે, આંગળીઓના મધ્ય સાંધાઓમાં પાંચ પાંચ રેખાઓ આડી સોંસરવી તથા બંને પડખાંઓમાં અણીઓના ખૂણાઓ મળેલીઓ રેખાઓ છે, તે જવના આકારે શોભે છે, આંગળીઓના છેડાના સાંધાઓ પણ એવી જ જવરેખાઓવાળા લંબગોળ ચાંદલાઓ સમાન ચિહ્નો વડે શોભે છે, નખોનાં મૂળ અતિ ચળકે છે, નખો શ્વેત લાલ અને સુંવાળા ગોળ ચન્દ્રમા સમાન કિરણોવાળા છે, એ જ પ્રમાણે અંગૂઠાં મધ્યે ઉપર ભાગે સાત રેખાઓ છે, તે બંને પડખાંના ભાગો સુધી પહોંચેલી બંને કોરના ખૂણા તરીકે મળેલી લાંબા ખારેકીયા બોરની સમાન આકૃતિએ શોભે છે.

અંગૂઠા આંગળીઓનાં ટેરવાં લાલાશ ભરેલાં કોમળ સુવાળાં તથા ઊભી ઊભી રેખાઓવાળાં છે, વચલી આંગળીના છેડામાં શંખનું લાંબી રેખાઓથી રચાયેલું ચિહ્ન છે, પડખાની આંગળીઓ અને અંગૂઠાનાં ટેરવાઓમાં ચાર ચાર ચક્રોનાં ચિહ્નો બંને હાથની આંગળીઓના અગ્ર ભાગોમાં છે, સાંધાઓમાં બબ્બે રેખાઓ જવના દેખાવ તરીકે રહેલી છે, અને મધ્ય સાંધાઓમાં મોટા જવની જેવી રેખાઓ બંને પડખે અણીઓ મળેલી રહેલી મધ્યે

અવકાશવાળી રેખાઓ જવ જેવી શોભે છે, તેવી જ રીતે આંગળીઓના મૂળમાં બબે આડી રેખાઓ મોટા જવ જેવી શોભે છે અને આંગળીઓની ત્રણેય લાકડીઓમાં ઊભી આરપાર ગયેલી ઝીણી ઝીણી રેખાઓ છે.

અંગૂઠાના મધ્યમાં જવનું સુંદર ચિહ્ન છે, અંગૂઠાના ચક્ર ઉપર સોંસરવી આડી એક રેખા છે, તેની નીચે ઊભી બે રેખાઓ છે, અંગૂઠાની મધ્યે પ્રથમ કાતળીમાં આડી બે રેખાઓ છે, આયુષ્યની રેખા ટચલી આંગળીના મૂળથી શરૂ થઈને અંગૂઠાના પડખાની આંગળીના મૂળ ઉપર ચઢીને ત્રણેય લાકડીઓ ઉપર જતી થકી આંગળીના ટેરવા સુધી નખને અડી ગયેલી દીર્ઘ શોભે છે, આવરદાની રેખા ઉપર આંગળીઓના મૂળ સુધી ગયેલી એક એક રેખાઓ છે, માતૃરેખા અને આયુષ્યરેખાની મધ્યે મોટું સ્વસ્તિકનું ચિહ્ન છે, માતૃરેખાના કરભ ઉપરના છેડામાં બેવડી ધજાનું દંડ સહિત ચિહ્ન છે, આયુષ્ય રેખાના મૂળમાં બીજી ઊભી ત્રણ રેખાઓ છે.

મધ્ય આંગળીના મૂળથી આયુષ્યરેખા સુધી એક ઊભી લાંબી મહાવિદ્યાની રેખા છે, ટચલી આંગળીના મૂળમાં આયુષ્યરેખાના મૂળને પડખે ત્રિલોકીની લક્ષ્મીની ત્રણ રેખાઓમાં મધ્યની રેખા લાંબી શોભે છે, કરભ ઉપર ચાર મોટી ને બે નાની એમ છ આડી રેખાઓ છે, માતૃરેખાથી આરંભીને અંગૂઠાના મૂળમાં આવેલી પિતૃરેખા સુધી લાંબું ધનુષ્ય કામઠાનું દોરડી સહિત ચિહ્ન છે, તેમાં ચઢાવેલા બાણનું ચિહ્ન છે, તથા ઊભુ ત્રિશૂળનું મોટું ચિહ્ન છે, તથા અંગૂઠાના મૂળમાં કાંડા ઉપર હથેળીની શરૂઆતમાં મત્સ્યનું મોટું ચિહ્ન છે.

અંગૂઠાના લાંબા ગાળા ઉપર કાંડાની રેખા સુધી ઊભી નવ રેખાઓ છે, સમગ્ર હથેળી તેજ ભરેલી ચન્દ્ર જેવી ચળકે છે, કાંડાથી લઈ કોણી સુધી હાથ ઝીણી ઝીણી રોમાવલીઓ સહિત શોભે છે, હથેળીમાં વચ્ચે મોટું ત્રિકોણનું ચિહ્ન છે, પિતૃરેખાથી અંગૂઠા તરફ ત્રણ લાંબી રેખાઓ દેખાય છે, અંગૂઠાના મૂળથી નીચે લાંસુ પરિઘનું ચિહ્ન છે, અંગૂઠાના મૂળની સંધિની લાંબી રેખા છે, મત્સ્યને ઉપલે ભાગે એક નાનું ઊડતા હંસનું ચિહ્ન છે, મત્સ્યના મસ્તકની રેખા ઉપર એક નાનું શિખરનું ચિહ્ન છે, મત્સ્યના મુખ પાસે એક નાના કચ્છપનું ચિહ્ન છે, ત્રિશૂળના નીચલા શૂળની નીચે એક નાના જાંબુનું ચિહ્ન છે, ટચલી આંગળીના મૂળમાં એક નાગરવેલીના પાનની રેખા છે, તથા કરભના છેડામાં ત્રણ શ્રીરેખાઓ છે, પ્રદેશિનીના મૂળમાં એક ઝીણી છત્રીની રેખા છે, આવાં ચિહ્નો ઝીણી ઝીણી રેખાઓ વડે ભગવાનની જમણી હથેળી ત્રિલાકીની અદશ્ય સમૃદ્ધિ વડે ભરેલી છે.

ડાબા ખંભાથી નીચે એક સુંદર તિલ છે, ડાબા હાથના બાવડામાં તિલની પાસે ત્રણ ઇંચ છેટે એક મસ છે, ડાબા હાથના ખભા ઉપર ગદાનું ચિહ્ન છે, ડાબા હાથના બાવડામાં કોણીની ઉપર શીળી કઢાવ્યાનાં ચંદ્રકો છે, તે ચંદ્રકોથી બે ઇંચ નીચે એક તિલ છે, તેની બાજુમાં એક બીજો તિલ છે, બાવડાની નીચે સીધા મસલમાં એક તિલ છે, તેથી ત્રણ આંગળ નીચે તે પંક્તિમાં એક ત્રીજો તિલ છે, તથા ભુજાના મસલમાં પાછળના ભાગમાં ત્રણ તિલ પાસે પાસે શોભી રહ્યા છે, ભુજાઓના મસલ સુંદર ઊપડતા અને પુષ્ટ બૂડ શ્વેત મત્સ્યની સમાન દેખાય છે, મસલમાં શ્વેત નીલ એવા રોમ શોભે છે.

સમગ્ર મૂર્તિની ચળકતી ચામડીના ઝીણા ઝીણા રોમ સોનેરી સૂક્ષ્મ તાર સમાન શોભાવાળા છે, ખંભાથી મસલ ઉપર જતી એક સીધી ધોરી નસ સુંદર શોભે છે, તથા ભુજાના મૂળમાં નીચલે ગાળે એક ઝીણો લાલ તિલ છે, તથા ભુજાના મસલમાં ઉપલા ભાગમાં ત્રણ ફૂલની પાંખડીઓ સમાન સુશોભિત ચિહ્નો છે, ભુજાના મસલની નીચે અને કોણીના આગલા ભાગમાં એક રેખા છે, તેમાંથી કોણીના પાછલા ભાગમાં જતી અને ફાટો પાડીને નીકળેલી બે ઊભી રેખાઓ છે, તથા કોણીની બંને બાજુએ રહેલી રેખાઓ શોભે છે, તથા કોણી ઉપર પાંચ આડી રેખાઓ શોભે છે, તે ખીલેલા પુષ્પ સમાન આકૃતિવાળી છે, કોણીના આગલા ભાગમાં એક તિલ છે, કોણીના વળાંક ઉપર ત્રણ આડી રેખાઓ સળંગ એવી બંને હાથમાં શોભે છે.

ડાબા હાથની કોણીની નીચે બે તસુ એક સુંદર મસ છે, તથા કોણીના પાછળના ભાગમાં એક તિલ છે, ડાબા હાથના ખભાની પાછળ કાંડા સુધી સમસ્ત હાથમાં નીલ શ્વેત અને સુવર્ણ રંગની અણીયુંવાળા ચળકતા રોમ શોભે છે, તથા ડાબી કોણીની નીચે તિલની બાજુમાં ત્રણ ઇંચ નીચે જવના દાણા જેવો એક લાલાશવાળો ખાડો પડેલો છે, ડાબા કાંડા ઉપર બે તસુ છેટે એક તિલ છે, હાથમાંથી કાંડા ઉપર આવતી બે નસો પોંચાના મધ્યમાં થોડેક ઉપર ભેળી થઈને એક ઇંચ નીચે જઈને તેમાંથી નીકળતી બે નસો ટચલી આંગળીની બંને બાજુએ ગયેલી છે, પોંચાના મધ્યભાગેથી એક નસ વચલી બે આંગળીની મધ્યે ગયેલી છે.

અનામિકાની ઉપર એક નસ આંટો ફરેલી છે, અને બીજી નસ મધ્ય આંગળીના મૂળ ઉપર આંટો ફરેલી છે, અને એક બીજી નસ કાંડામાંથી જુદી પડીને અંગૂઠાના પડખાની આંગળીના મૂળ ઉપર જરાક ઊંચી જઈને તે આંગળીના ગાળામાં ઊતરેલી છે, તે નસમાંથી અંગૂઠાની લાંક ઉપર એક નસ ઊતરેલી છે, તથા એક બીજી નસ અંગૂઠાની ઉપર દોઢ ઇંચથી નીચે જુદી પડીને અંગૂઠાના કરભ ઉપર થઈને અંગૂઠાના વચલા સાંધા ઉપર પહોંચેલી છે, એક મોટી નસ કોણી આગળ થઈને કાંડા ઉપર ગયેલી છે, તે અંગૂઠાની નસને મળેલી છે, કાંડાના ત્રણ લાંબા સળંગ એવાં બંને પડખાંઓમાં જાતાં તે રેખાઓના ત્રણ ભાગો દેખાય છે.

અંગૂઠા ઉપર કરભમાં સીધી ચાર ઝીણી રેખાઓ છે, હથેળી મધ્યે અંગૂઠાના મૂળમાં કાંડાથી નીકળતી રેખામા મત્સ્યનું સુશોભિતુ ચિહ્ન છે, તે ચિહ્નથી આરંભીને પિતૃરેખા અનામિકાના મૂળ સુધી લાંબી રહેલી છે, તેની સાથે સોંસરવી માતૃરેખા આરપાર પહોંચેલી છે, પિતૃરેખા અને માતૃરેખા ઉપર પાંચ બીજી ઊભી આડી પડેલી રેખાઓ છે, કાંડાથી લઈને હથેળીમાં સોંસરવી સીધી એક રેખા બંને મધ્યની આંગળીઓની વચ્ચે પહોંચેલી છે, માતૃરેખા ઉપર એક મત્સ્યનું ચિહ્ન છે અને આયુષ્ય રેખા ઉપર દંડ સહિત, ધજા સહિત શિખરોનું ચિન્હ છે, હથેળી વચ્ચે પદ્મનું ચિન્હ છે, એક લાંબુ મુદ્ગરનુ ચિન્હ શોભે છે.

ડાબા હાથની આવરદાની રેખા નીચે એક સ્વસ્તિકનું ચિહ્ન છે, અનામિકા મધ્યમા તથા ટચલી આંગળીનાં મૂળો સુધી એક એક ઊભળી રેખાઓ એમ ઊભી ત્રણ રેખાઓ છે, કરભ ઉપર છ રેખાઓ ઊભી છે, ટચલી આંગળીના મૂળમાં બે ઊભી રેખાઓ છે, કરભને છેડે ટચલી આંગળીને પડખાને મૂળે ત્રણ શ્રીરેખાઓ છે, આંગળીઓના સાંધાઓની રેખાઓ બબ્બે

સોંસરવી જવના દાણા સમાન લાંબી ખૂણાઓ મળેલી છે, આંગળીઓની છેલ્લી લાકડીઓની સાંધાઓની એક એક રેખાઓ સ્થૂળ પૂરેપૂરી લાંબી છે, આંગળી ઉપર મૂળથી ટેરવા સુધી ઝીણી ઝીણી રેખાઓ ઊભી રહેલી છે.

હથેળીના મધ્યે આડસોડે વચ્ચે મળીને બે વિભાગે સીધા બે મુદ્ગરના ચિહ્નો છે, માતૃ-પિતૃરેખાની વચ્ચે ચાર ખૂણાદાર મળેલી રેખાઓ છે, ડાબા પોંચા ઉપર છ ચાંદલાવાળું લાડવાનું નીલા વર્ણનુ કૃત્રિમ ચિહ્ન છે, અંગૂઠાના કરભ ઉપર કૃત્રિમ બે શંખિયા અને વચ્ચે એક શ્યામ કૃત્રિમ ચાંદલાનું નીલવર્ણનું ચિહ્ન છે, પોંચા ઉપર કાંડામાં ત્રણ રેખાઓ સોંસરવી ગયેલી છે, નખો ચળકતા ગોળ ધોળા રક્તભરેલા સુંદર છે, આંગળીઓના સાંધાઓ ઉપર બાહેરના બંને ભાગોમાં રેખાઓના છેડાઓ મળેલા હોવાથી લાંબા બદરીફળના આકારે દર્શનીય લંબગોળ ચન્દ્રકો શોભે છે.

આંગળીઓના ભાગો ઉપર તથા પોંચા ઉપર ચળકતા ઝીણા પીંગળા છેડાવાળા રોમ શોભે છે, અંગૂઠાના કરભમાં ઝીણી સોંસરવી લાંબી રેખાઓ છે, અંગૂઠા મધ્યે બે રેખાઓ વડે મોટા જવનું ચિહ્ન શોભે છે, અંગૂઠાના ઉપરના ટેરવા ઉપર ઝીણી ઝીણી રોમચન્દ્રિકાઓ શોભે છે, અંગૂઠામાં ચક્રનું ચિહ્ન સવળે ભાગે શોભે છે, મધ્યની આંગળીને છેડે ટેરવામાં શંખનું લાંબું ચિહ્ન છે, પડખાની બીજી ત્રણ આંગળીઓના ટેરવાઓમાં ગોળ ચક્રોનાં ચિહ્નો છે, ભગવાનના નખો અતિશય લાલાશવાળા ઊજળા ચળકતા શોભે છે, નખોમાં ચન્દ્ર સમાન પ્રકાશિત લાલ પાંડુર કિરણો દેખાય છે, નખોમાં લાંબી ઊભી લાલ કેસરિયા રંગની રેખાઓ દેખાય છે.

છાતીમાં સ્તન સ્થળના જમણા ભાગમાં સ્તનની નીચે એક તિલ છે, તે સાથે ગંગા-યમુના સરસ્વતી જેવી ત્રણ રેખાઓ દીપે છે, તે ત્રિવલી લાંબી દર્શનીય છે, બીજાં પડખાંઓ સુંદર ઊજળા ચળકાટવાળા છે, જમણા પડખામાં એક તિલ છે, ડાબા પડખામાં કાંખની નીચે એક તિલ છે, ડાબા ઉદરના નળથી બે ઇંચ આઘો એક તિલ ઉદરમાં શોભી રહ્યો છે, કાળજા ઉપરમાં એક સુશોભિત તિલ છે, તથા નાભિથી ઉપર સરખી પંક્તિમાં પાંચ ઇંચે તથા સાત ઇંચે દૂર એમ બે તિલ શોભે છે. નાભિ ગોળ ઊંડી ગંભીર બ્રહ્માના કમળ પુષ્પ સમાન પાંખડીઓની ગોળ કરચલીઓ પડેલી શોભે છે.

કેડ્યમાં ધોતિયું પહેરવાનો ઝાંખો ઝાંખો શ્યામ ગોળ પટ્ટો છે, બરડામાં પાંસળીઓની ઊભી પંક્તિ બંને કોરથી ભેગી થયેલી સાંધાવાળી શોભે છે, તેમાં એક ઊભી રેખા છે, ખભાના રંધાઓની વચ્ચે બંને બાજુએ એક એક ત્રાંસી રેખા પડે છે, તથા બરડામાં ડાબે ભાગે ઉદરની સમાન રેખામાં કેડ્યથી ઊંચે એક વજ્રનું ચિહ્ન છે, ડાબા બરડાની બંને બાજુએ સહેજ ત્રાંસી રેખાઓ છે, ઉદરની પાછળ બરડા તરફ એક મોટો નીલા વર્ણનો તિલ છે, તથા બીજી ઘણી ઘણી ઝીણી ઝીણી રેખાઓ કિસલય તન્તુઓના જેવી ઊજળી ચળકી રહી છે.

કેડ્ય ઉપર જમણે પડખે ધોતિયું પહેરવાના સ્થળેથી ત્રણ ઇંચ ઊંચો એક લાલ તિલ છે, તથા નાભિથી નીચે કેડ્યના પટ્ટાથી નીચાણમાં શ્રીનું શ્વેતરક્ત એવું ચણીયા બોર જેવડું ચિહ્ન

છે, તથા નાભિ ઉપર પાંચ ઇંચ ઊંચો ડાબા નળ ઉપર શ્વેત ગોળ ઊજળો એક તલનો દાણો છે, તથા ડાબી તરફ કાંખથી વાંસા તરફ ત્રણ ઇંચ આઘું તુલસીની મંજરી જેવું લાંબુ ચિહ્ન છે, ઉદરમાં નાભિથી ત્રણ ઇંચ ઊંચુ રોમના મૂળમાં એક ચણાની દાળ જેવડો મોટો નીલા વર્ણનો તિલ છે, કટિમેખલા પુષ્ટ જાડી બળવાળી ચળકતી સુશોભિત છે.

કેડ્યના પડખાની નીચેના મધ્ય ભાગો ચળકતા ઊજળા સુરૂપ તેજસ્વી લીસા અને ભરાવદાર પુષ્ટ છે, તેમાં ઊજળા ઊજળા દોરાઓ જેવી રેખાઓ છે, જઘન પેડુના ભાગમાં મળેલા સાથળના રંધાઓના પ્રદેશો અતિ ઉજ્જવળ કોમળ અને બલિષ્ઠ છે, જઘનમાં લક્ષ્મીના ચિહ્ન સહિત રોમાવલીઓ છે, મધ્ય ભાગ મધ્યમ પ્રમાણ એવો ઘણો પુષ્ટ મનોહર અને આકર્ષણ શક્તિઓ વડે પરિપૂર્ણ સ્થિતિમય છે, ડાબી બાજુએ મધ્યે એક શ્યામ ઘાટો તિલ છે, મસ્તકમણિ સમાન મણિ છે, ઉજળાશ બળ ભરેલું અંગ પરમપુરુષના ઐશ્વર્યોને ધારણ કરે છે.

ભગવાનના અંગો કોટિ કામદેવોના ગર્વોના હરનારાં, તથા દેવતાઓને પણ આકર્ષણ કરનારાં, તથા પ્રજાપતિઓ અને બ્રહ્માઓના નિવાસસ્થાનરૂપ અક્ષયસર્વતત્ત્વોના સારપરિપૂર્ણ ભરેલાં દઢતર બલિષ્ઠ સર્વમનોવાંછિત પૂરનારાં અષ્ટસિદ્ધિઓવાળા છે, પરમપુરુષની સમાન આકૃતિવાળી દિવ્યપ્રજાઓની સર્વપ્રકારની બીજાત્મક સ્થિતિને ધારણ કરનારી એવી મૂળ પ્રદેશની કોષોની સ્થિતિ છે, શિવની નાડી વડે સર્વ બ્રહ્માંડોની સૃષ્ટિની સ્થિતિમાં આનંદ આપવાના સંબંધવાળી તે સ્થિતિ છે, મિત્ર નામના દેવને વસવાની સ્થળી છે, તે ઘણી શક્તિઓવાળી છે, તથા અષ્ટસિદ્ધિઓવાળી છે, બ્રહ્મશીલવાળી કુંડળી અગ્રમણિ તે સચ્ચિદાનંદ બ્રહ્મસ્વરૂપે છે, આસન તરીકે બેસવાની ગાદીઓ ઘણી પુષ્ટ વિશાળ છતાં કોમળતાયુક્ત અને ધવળરૂપવાળી ચળકતી સ્વચ્છ છે, તથા સાથળનાં મૂળોની બંને લાંકો ધારણ સંચાલન પ્રમર્દન આદિ શક્તિઓવાળી બલિષ્ઠ છે. ગુપ્ત રોમોની મૌલિક સ્થળીઓમાં ગર્ભિત ભાગોમાં પુષ્ટિ સ્વરૂપ ઉજ્જવલ સ્નિગ્ધ તત્ત્વોના થર રહેલા છે, તે અક્ષય રહેલા છે.

સાથળની શરૂઆતના ભાગોમાં વિદ્યુત વસેલી છે, તે તેજસ્વી પ્રકાશવાળી છે, અંદર-બાહેર ચારેકોર સાથળોનાં મૂળ મજબૂત ગોળ અને ચન્દ્રની સમાન કાન્તિવાળાં છે, બાહેરના ભાગો રોમ સહિત સુંવાળા છે, કેળના ગર્ભના સ્તંભ જેવી સાથળોની સુંદરતા છે,અને હાથીસોંઢની સમાન જાડી-પાતળી તે રચના છે, રંધાના મૂળ ભાગથી સુશોભિત રોમાવલીઓની પંક્તિઓ બંને સાથળોમાં સારી રીતે દીપે છે.

જમણા સાથળના મૂળમાં બહારના ભાગે રોમ સહિત ઊજળા પ્રદેશોમાં આડું સહજ ઊંચે જાતું બે ઇંચ લાંબું ચમકતું ધોળું અંકુશનું ચિહ્ન છે, તથા ભગવાનના રોમ અતિ ચળકતા તેજ ભરેલા દેખાય છે, તથા સાથળના મૂળમાં બે તસુ ઊંચો રોમાવલીની છાયામાં એક સુંદર તિલ છે, તથા સાથળના જાંઘના ભાગો અને ઉપરના ભાગો હૃષ્ટપુષ્ટ છે, ચંદ્ર સમાન શોભતો એક ઊજળો ગૌર તિલ છે, તે સાથળના બહારના ભાગમાં શોભી રહ્યો છે, તથા ગોઠણની ઉપર ઝીણી ઝીણી કરચલીઓ પડે છે, સાથળના નીચેના પાછલા ભાગમાં બેસવાના સ્થાનની નીચે મધ્ય ભાગમાં એક તિલ છે, તથા સાથળના બહારના ભાગની બાજુમાં એક ગૌર તિલ છે.

ડાબા સાથળના મૂળથી નીચે સામે મધ્ય ભાગે જ બે ઇંચ આઘું તથા એક દોઢ ઇંચ લાંબું સંધાયેલું ઝીણી ધારવાળું અર્ધો ઇંચ ઉપર નીચે પહોળું અને મધ્યે એક ઇંચ પહોળું લાલાશ, ધોળાશ રંગવાળું ચમકતું એક ખાંપાનું ચિહ્ન છે, તેની નીચે એક તિલ છે, તથા મધ્યમાં એક તિલ છે, તથા તેથી આઘો પડખે એક ઇંચ દૂર એક તિલ છે, તથા જઘન અને સાથળના મૂળ વચ્ચે રંધાના સાંધામાં એક તિલ છે.

સાથળના પાછળના ભાગમાં બેસવાના સ્થાને એક શ્વેત તિલ છે, તેની બાજુમાં બીજો એક શ્વેત તિલ છે, તથા તેથી બે ઇંચ નીચો એક ધવલ તિલ છે, તેની બાજુમાં ત્રીજો એક શ્વેત તિલ છે, તથા તેથી બે ઇંચ નીચો એક ધોળો તિલ છે, તેની બાજુમાં એક લાલાશવાળો તિલ છે, તથા તેની ઉપર એક નીલ તિલ છે, તે મગના દાણા જેવો છે, તેથી ઉપર એક નાનો કાળો તિલ છે, તથા રંધાથી ઉપલે ભાગે નાના નાના પાંચ તિલ છે, તથા ગોઠણથી ચાર તસુ ઉપર એક ચણીયા બોર જેવડું ચિહ્ન છે, તથા ડાબા સાથળ ઉપર ચાર ચાર ઇંચ લાંબું અને બે ઇંચ પહોળું અને ઉપર મસ્તકને આકારે એક ઇંચ પહોળું તથા વચ્ચે ગળું પડેલું નીચે પલોંઠી વાળીને બેઠા હોય તેવું સંપૂર્ણ બહાર તરફ મુખવાળું એવું લક્ષ્મીજીનું શ્વેત લાલ રંગનું સુશોભિત મોટી આકૃતિવાળું ચિહ્ન છે.

ગોઠણ ઉપર બે ઇંચ છેટે એક તિલ છે, તથા ગોઠણ ઉપર એક ત્રિકોણનું તથા એક ચતુષ્કોણનું ચિહ્ન છે, તથા બંને જાનુઓ ગોળ મજબૂત પુષ્ટ ઊપડતા ભરાવદાર છે, બંને હાથની વચલી આંગળીઓના ટેરવાં ગોઠણોને અડે તેવા તેટલા લાંબા હાથ આજાનુબાહુ છે, ડાબા ગોઠણ ઉપર એક ચણીયા બોર જેવડું શુકલ ચિહ્ન છે, તથા ગોઠણો ઉપર ત્રણ ત્રણ મોટી આડી રેખાઓ બંને કોર પહોંચેલી લાંબી સળંગ શોભે છે, ગોઠણોના સાંધાઓમાં નીચે મોટી ધોરી નસોની ગ્રંથિઓ બબ્બે છે, તે ચણાથી મોટી મોટી દેખાય છે, તથા ગોઠણની નીચે સાથળના ધોરી મસળની ધાર ઉપર ત્રણ ખૂણાવાળું નાનું એક ચિહ્ન છે, તથા જમણા પગના ગોઠણની નીચે સાંધામાં એક આડી શ્વેત લાંબી રેખા દેખાય છે, તે રેખા ઉપર બે તિલ છે, તે રેખાની નીચે એક આડી નાની રેખા નીલા રંગની છે, તથા જમણા પગના ગોઠણના સાંધા નીચે એક તિલ શોભી રહ્યો છે, તથા ગોઠણના પડખાની બહારના ભાગે સ્પષ્ટ નાડીઓ દેખાય છે, તથા ભગવાનની રોમાવલિઓ ચળકાટવાળી છે, ગોઠણથી નીચે ચાર ઇંચ નીચે એક નીલા રંગનો તિલ છે.

બંને પિંડીઓ નાળિયેરની પેઠે મજબૂત તથા ઊજળીઓ રોમાવલી ભરેલી છે તથા જાડી પાતળી એવી સુંદર છે, પગનાં બંને કાંડાંઓ મજબૂત મધ્યમ રચનાનાં છે, ચરણારવિંદોના બંને તળાઓ કમાનની પેઠે ઊપડેલા ઊજળા શ્વેત ચન્દ્રમા સમાન ચળકતા સ્વચ્છ આભલા જેવા ઝળકે છે, પોંચા ઉપર અંગૂઠાની લાઈનમાં મધ્ય પંજામાં રોમાવલી છે તેમાં પણ સીધી રેખાઓ રહેલી છે, તથા બંને કાંડાંઓ ઊજળા રોમ સહિત ચળકાટવાળાં છે, પગનાં પડખાંઓમાં બંને તરફ ત્રણ ત્રણ ઘૂંટીઓ રહેલી છે, તે ઊજળી ઊપડતી સરખી પંક્તિમાં શોભે છે, ત્રણેય ઘૂંટીઓમાં અસ્થિની ડુબ ગોળાઈઓ છે, તથા અંદરની ઘૂંટીઓ ઉપર પિંડીઓમાંથી હેઠી ઊતરતી મોટી

બબ્બે રગો અને એક એક પડખાની લાંક ઉપર જતી તથા બીજી ત્રણ ત્રણ નસો તે પ્રમાણે બંને પડખાંઓમાં થઈને પંજા તરફ જઈ રહી છે, તે ઊપડતી દેખાય છે. ડાબા પગની અંદરથી ઘૂંટી ઉપર સૌરાષ્ટ્રની રેખા છે.

પગનાં કાંડાંઓમાં બબ્બે ધોરી નસો ઊતરી છે, અને પોંચાઓ ઉપર ઊભી તથા તેમાંથી જ આડી નસો નીકળીને પંજાના બંધારણને રચનારી સ્થિતિમાં રહેલી છે, તથા આંગળીઓ અને અંગૂઠાની પાંચ પાંચ નસો અંગૂઠા-આંગળીઓના છેડાઓના નખો સુધી પહોંચેલી છે, અંગૂઠાના મૂળથી એક આંગળ ઊંચે ઝીણા ઝીણા રોમોનો ઘેરો છે, બાકીના પંજાઓના ભાગો કાંડાઓથી આંગળીઓ સુધી રોમરહિત લીસા ઊજળા ચળકતા રતાશ ભરેલા છે, આંગળીઓ અને અંગૂઠાનાં મૂળ ઉપર એક સોંસરવી આડી સુશોભિત નાડી છે, તથા પંજા ઉપર મધ્ય ભાગે એક આડી નાડી છે, તથા જમણા પગની ઘૂંટીની પાછળ બે ઇંચ અંદરના ગાળે ત્રણ નાના નાના તિલ એક પંક્તિમાં રહેલા છે, તથા જમણી ઘૂંટી ઉપર મધ્યભાગે એક લાલાશ પડતું ઊજળું શ્વેત કાન્તિભરેલું ચણા જેવડું ચિહ્ન છે.

બંને ચરણારવિંદોના પંજાઓ ઉપર ઝીણા ઝીણા રોમોના ઘેરા છે, બંને પગોની પેનીઓ ઉપર સાત સાત કરચલીઓ પડે છે, તથા લાંકની ઉપર અંદરગાળે ત્રાંસી રેખાઓ છે, તે ઉપરભાગે ભેગી થઈને યજ્ઞમંડપના કળશવાળા શિખરોની જેવી શોભે છે, અને પગની ટચલી આંગળીની બાજુમાં સોંસરવા પેની સુધીમાં પડખાંઓ ઉજળા શ્વેત ગંગાના પ્રવાહ જેવાં શોભે છે, બંને ચરણોની લાંકોના પગતળાંઓ ચન્દ્ર સમાન ઊજળાં શોભે છે, તે ગોળ ઊપડતા કમાન જેવાં છે, તેમાં ચરણારવિંદોના તેજની ઝાંકી-દર્શન થાય છે, બંને અંગૂઠાના પડખાની એક એક આંગળી તે અંગૂઠા કરતાં બે બે દોરા વધારે લાંબી છે, અને બીજી આંગળીઓ કમાનની પેઠે નમતી લાઈનમાં છે, ટચલી આંગળીનો છેડો અંગૂઠાના મધ્યપર્વની દોરીમાં બરાબર રહેલો છે, તથા અંગૂઠા અને લાંબી આંગળી વચ્ચે ચાખડીઓ પહેરવાનાં ચિહ્નો છે.

બંને પગની લાંકો પગ તળાની કમાનો અર્ધો ઇંચ ઊંચી નીચે પોલાણ રહે તેવી મળેલી છે, અને અતિ ઊજળી છે, બંને ચરણોના તળિયાં સર્વ રીતે તેજસ્વી આકર્ષણ કરનારાં છે, તથા બંને ચરણારવિંદો દસ ઇંચ પરિપૂર્ણ લાંબા છે, તથા પોંચાઓ પોણાચાર પોણાચાર ઇંચ પહોળા છે, તથા પેનીઓ અઢી ઇંચ પહોળી છે, મધ્યગાળો ત્રણ ઇંચ પહોળો છે ચરણારવિંદોની બહારની અને પૃથ્વીને અડતી એવી સોંસરવી સવા ઇંચની પટ્ટી તે ફણાઓ અને પેનીની વચ્ચે ત્રણ ઇંચ લાંબી કમાન જેવી છે, તે ફણા અને પેની તરફ લાંકમાં પહોળા સાંકડા વળાંકવાળી છે, બહારની લાઈનમાં સીધી છે.

બંને ચરણોમાં અંગૂઠા આંગળી વચ્ચેથી નીસરીને માછલાને આકારે બે રેખાઓ એક ઇંચમાં થઈને પછી મળી ગયેલી એક એક રેખા એક એક ઇંચ લાંબી થઈને ચરણતળાં મધ્યે છેડા મળી ગયેલી ઉર્ધ્વરેખાઓ બરાબર ફણાની વચ્ચે પડીને, એક ઇંચ આગળ રહેલી ફણાનાં તળાંમાં રહેલી આડી રેખાને વીંધીને ત્યાંથી એકમાંથી બે રેખાઓ થઈને પહોળી ચાલતાં બંને રેખાઓ લાંકમાં સીધી આગળ વધીને સોંસરવી લાંકના પડખા તરફ પેનીની બંને પડખે લાંબેલાંબી

નીસરીને શોભતી એવી બંને સ્પષ્ટ દર્શન થાય તેવી બંને ચરણતળાઓમાં બે પૂર્ણ ઊર્ધ્વરેખાઓ છે, તે બંને ઊર્ધ્વરેખાઓ બંને પાનીઓનાં પડખાંઓમાં બીજી બીજી લાંબી રેખાઓ વડે મળેલી છે તે રેખાઓ પાંચ પાંચ ઈંચની લંબાઈવાળી બંને પડખે દેખાય છે, બંને ઊર્ધ્વરેખાઓ પરિપૂર્ણ સ્પષ્ટ છે, બંને પગની મધ્યમાં એવી એક એક આંગળીઓમાં સુશોભિતાં ગદા ચક્રોનાં ચિહ્નો, દંડ સહિત શોભે છે, અને બાકી આંગળીઓ ત્રણ ત્રણ, તથા અંગૂઠાઓ તેમાં ચક્રગર્ભિત નાળ સહિત કમળના સુશોભિતાં ચિહ્નો છે.

બંને ચરણારવિંદોની આંગળીઓમાં નીચેની સાંધાની રેખાઓમાં જવના સુશોભિત ચિહ્નો છે, જમણા ચરણના અંગૂઠાની નીચે ઉર્ધ્વરેખાના મત્સ્યની પૂંછડી પાસે કળશનું ચિહ્ન છે, તથા આંગળી નીચે તુલસી મંજરીનું ચિન્હ છે, અને તેની પાસે અર્ધો ઈંચ દૂર અંગૂઠા તરફના પંજાના વેઢાના નીચલે ભાગે કમળનું ચિહ્ન છે, તથા ટચલી આંગળીથી નીચે અર્ધા ઈંચ દૂર એક વજ્રની રેખારૂપે અર્ધો ઈંચ લાંબુ ચિહ્ન છે, તથા પંજાની આડી રેખાની નીચે એક ઈંચ લાંબુ કલ્પલતાનું ઊભું પાંદડીઓવાળું ચિહ્ન છે, તથા ઊર્ધ્વરેખાથી અંદરગાળામાં લાંકમાં એક જાંબૂફળનું ચિહ્ન છે, તથા તેથી અંદરગાળે લાંકમાં એક છત્રનું ચિહ્ન છે, તથા ઊર્ધ્વરેખાની લાંકમાં પેનીના તરફ જતી એવી બે રેખાઓની વચલે ગાળે ત્રિકોણનું ચિહ્ન છે, તથા પેનીની હદની રેખાની અંદર પેનીમાં એક સ્વસ્તિકનું ચિહ્ન છે, અને તેની નીચે પેનીમાં એક યજ્ઞકુંડનું ચિહ્ન છે, અને બીજા ઝીણા ઝીણા રેખાઓમાં બૂડ ચિહ્ન છે, અને તેની નીચે પેનીમાં એક યજ્ઞકુંડનું ચિન્હ છે, અને બીજી ઝીણી ઝીણી રેખાઓમાં બૂડ ચિન્હો છે. ટચલી આંગળીની નીચે અંકુશ, મધ્ય આંગળીની નીચે ત્રિપત્ર, અંગૂઠા નીચે ઝીણું કમળ, લાંકમાં ધ્વજ, તેના પડખામાં ત્રિશૂળ, પેનીમાં અષ્ટકોણ, તેના ખૂણાઓમાં આઠ પુષ્પના ડોડાઓ રહેલા છે.

ડાબા ચરણતળામાં અંગૂઠા નીચે એક સૂર્યનું ચિહ્ન છે, વચલી આંગળીથી અર્ધા ઈંચ નીચે શંખનું ચિહ્ન છે, તથા બીજી આંગળીની નીચે પોણો ઈંચ હેઠાણમાં નાગરવેલીના પાનનું ચિહ્ન છે, તથા પંજાની રેખાની હદ નીચે લાંક તરફ અંદરગાળે એક ઊભી છડીનું ચિહ્ન છે, તથા લાંકમાં ઊર્ધ્વરેખાની બહાર ભાગમાં મધ્યે ચક્રવાળું અષ્ટકોણનું સ્પષ્ટ ચિહ્ન છે, તથા તેથી નીચે આડું ગદાનુ ચિહ્ન છે, તથા જુદી પડતી બે રેખાની મધ્યે ઉર્ધ્વરેખાના ગાળામાં ગોપદનું ઉપડતું ચિન્હ છે. તથા તેની નીચે લાંકમાં વ્યોમનું ગોળ ચિહ્ન છે, તથા આઠ ચંદ્રકવાળું પદ્મનું ચિન્હ છે, તથા તેની પડખે નીચાણમાં બહારના ભાગે અંકુશનું ચિહ્ન છે, તથા પેનીની હદની રેખાની નીચે વહાણનું ચિહ્ન છે, તથા તેથી નીચે પેની મધ્યે તળામાં અર્ધચન્દ્રનું ચિહ્ન છે, આવાં દશ ચિહ્નો સ્પષ્ટ છે, તે સિવાયના બૂડ ચિહ્નો ડાબા ચરણમાં બીજાં પણ છે, તે પંજામાં શંખ તથા પીપળાના પાનનું ચિહ્ન છે, ગોપદની નીચે લાંકમાં બૂડ કળશ, તથા ટબૂડીનું ચિહ્ન છે, તે બંનેની નીચે બંગલાનું તથા પર્વત શિખરનું ચિહ્ન છે, અને તેની નીચે બે ચરૂઓનાં ચિહ્ન છે, તેની ઉપર બીજના ચંદ્રમાનું ચિહ્ન છે, આ રીતે ભગવાનના ચરણોમાં દિવ્ય ઘણાક ચિહ્નો છે.

અને ઘૂંટીની બાજુમાં પેની ઉપર બંગલાની રેખાઓનું ચિહ્ન છે, તથા બંને ચરણોને પડખે ઘુમ્મટની રેખાઓ છે, તથા ડાબા પગની લાંકમાં વચ્ચોવચ આઠ ગોળ પાંખડીઓવાળું

વચમાં એક ગોળ કન્દવાળું રક્તાંશરૂપમાં દેખાતું ગોળ કમળનું પુષ્પનું મોટું ચિહ્ન સુશોભિત છે, તથા જમણા પગના અંગૂઠાના ડાબી બાજુના ખૂણામાં તેજસ્વી વીજળીના દોરા જેવું ચિહ્ન છે, ભગવાનના બન્ને ચરણોનાં તળાં તથા બંને હાથનાં તળાં કુમકુમ છાંટેલા હોય તેવા કુદરતી રક્તવર્ણનાં ચળકે છે, ભગવાનનો સ્વર મીઠો મધુરો જીવપ્રાણીમાત્રને સમાધિ કરાવે તેવો શાન્તિ ભરેલો છે.

ભગવાનની ડાબી હથેળીના મધ્યે ઊભી સળંગ રેખા છે, તેના પડખામાં બીજી સળંગ રેખા છે, તે મધ્ય આંગળીના મૂળથી બે રેખાઓ એકમાંથી જુદી પડીને નીચે હથેળીમાં જતાં જતાં કાંડા ઉપર ભેળી થઈને મત્સ્ય આકારે શોભી રહી છે, તેમાં મધ્યે મધ્યે ચતુષ્કોણ તથા ત્રિકોણ તથા દ્વિકોણનાં ચિહ્નો છે, તથા ટચલી આંગળીના મૂળમાંથી એક ઊભી રેખા હથેળીમાં સોંસરવી નીચી જઈને નીચે મત્સ્યની સાથે મળેલી છે, બીજા નંબરની આંગળીના મૂળમાંથી એક રેખા લાંબી સોંસરવી હથેળીમાં કાંડા સુધી ગયેલી છે, આ બંને રેખાઓમાં વચ્ચે આડી જતી પિતૃરેખામાં એક સુંદર મત્સ્યનું ચિહ્ન છે, તેની નીચે ત્રિકોણમાં નાનું પદ્મનું ચિહ્ન છે, તથા અંગૂઠાના મૂળમાં પટમાં હથેળીમાં ઊભી રેખાઓ છે, તથા બીજી પાંચ આડી રેખાઓ અંગૂઠાની મૂળની રેખા તરફ ગયેલી છે, મધ્ય આંગળીની નીચે હથેળીમાં ધજા સહિત શિખરની રેખા છે.

ભગવાનની બંને હાથની વચલી આંગળીઓમાં શંખનાં ચિહ્નો છે, અને પગની બંને વચલી આંગળીઓમાં ગદા ચક્રના ચિહ્નો છે, તથા ભગવાનના હાથની બાકીની ત્રણ આંગળીઓ તથા અંગૂઠામાં ચક્રગર્ભિત કમલોના ચિહ્નો છે, અને ચરણોની બાકીની ત્રણેય આંગળીઓમાં તથા અંગૂઠાઓમાં ચક્રગર્ભિત કમળોનાં ચિહ્નો છે, આ રીતે હાથની અંગૂઠા આંગળીઓમાં આઠ ચક્રો અને બે શંખ છે, અને ચરણોની મધ્ય આંગળીઓમાં બે કમળો છે. સદંડ ચક્રગર્ભિત ગદાઓ છે, અને બાકીમાં ચક્ર સહિત સનાળ કમળો છે, આવા આશ્ચર્યકારક ચિન્હો ભગવાનને છે.

આ રીતે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની દિવ્ય મૂર્તિમાં નજરે નિહાળેલ અનેક ચિન્હોનું વર્ણન કર્યું છે. માટે સામુદ્રિક શાસ્ત્ર પ્રમાણે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ કોઈ અવતાર પુરૂષ નહિ, પરંતુ અવતારી પરમપુરૂષ પરમધામના અધિપતિ પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ સ્વયં છે જે અનંત જીવાત્માઓનું આત્યંતિક કલ્યાણ કરવા અતિ કૃપા કરી આ પૃથ્વી પર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ રૂપે પ્રગટ થયા છે. આ વાત નિઃસંદેહ સિદ્ધ થાય છે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ગુણ-ઐશ્વર્ય તેમજ અનેક ઉપમાઓથી સુશોભિત દોહા-ચોપાઈ દ્વારા અભિનંદન...

લિ. કવિશ્રી જયંતીલાલ

દોહા

પ્રગટ પ્રતાપ ઘણો ઘણો, જગમાંહી છે વાપર્યો નાથ,
ઝીણી રીતિ વરતાવી છે, જ્ઞાન પ્રદીપ આપ્યો છે હાથ...૧
શાસ્ત્રી જન સઘળા જગે, જાણી વાંચી લેશે હૃદે માંય,
પ્રતાપ શ્રી મહારાજનો, પ્રગટ્યા તે સુરાષ્ટ્ર છે જ્યાંય...૨
વિશ્વમાં વિખ્યાતિ ઘણી, છેડે સાગર પાર ઉતાર,
પ્રગટ કીર્તિ સરસ્વતી ગુણ, ગાય છે અપરમ પાર...૩
તે તે જોવા સાક્ષાત્ પ્રભુને હૈયે ઘરે છે બહુ હામ,
ક્યાંથી મળે શ્વેત મુરતિ, જેમાં શારદા રાજે તમામ...૪
દેશેદેશોનાઅભિનંદનો,પ્રભુપ્રત્યેછેપાઠવેપંડિતો,ઋષિ
મુનિ દિવ્ય દૃષ્ટિઓ, કરી નિશ્ચય પ્રભુનો અખંડિતો...૫
નામો વિવિધ લખિયા ગુણો, ધુરન્ધરોએ સમજી વિવેકથી.
જુએ સુણે જેહ ચિન્તવે તે, જાયે ધામે નિજ ટેકથી...૬

ચોપાઈ

પરબ્રહ્મને બ્રહ્મ કહે છે રે, કોઈ કૃષ્ણ શ્રીકૃષ્ણ કહે છે રે,
પરનારાયણ નારાયણ રે, કહે પુરુષોત્તમ પરાયણ રે...૭
અનાદિ શ્રીકૃષ્ણનારાયણ રે, વદે વ્હાલપે સ્વામિનારાયણ રે,
હરિકૃષ્ણ પરમપુરુષ રે, ધામધામી સ્વયં નિરંકુશ રે...૮
સર્વે અવતારોના અવતારી રે, રાધા રમાદિ શક્તિઓ ધારી રે,
મુક્ત મુક્તેશ ઈશાનો ઈશ રે, માયા કાલ પુરુષ પરમેશ રે...૯
અન્તર્યામી પતિ સતી સ્વામી રે, વાસુદેવ પરમધામ ધામી રે,
કર્તા હર્તા પ્રહર્તા સર્વાત્મા રે, રક્ષક પોષક તેહ પરમાત્મા રે...૧૦
ઈશ્વર કૃષ્ણદ્વૈપાયન એ છે રે, કોઈ શ્વેતાયન વ્યાસ કહે છે રે,
કોઈ સુબુદ્ધિ કવિરાજ બોલે રે, વિદ્વદ્વર્ય છે તીર્થરાજ તોલે રે...૧૧
ન્યાય નીતિજ્ઞ ભર્યા કવિ બોધે રે, દેશો તણાં માણેકરત્ન શોધે રે
સાર્વભૌમ ને સમ્રાટ સ્વામી રે, પરમ પુરુષ સત્યવ્રત ધામી રે...૧૨
વ્યાસો અનેક આમાં સમાયા રે, વિશ્વામિત્રાદિ ઋષિ એ છે આવ્યા રે,
કાર્યો અપૌરુષેયના નિર્વાહ્યા રે, પુરુષરત્ન વિભૂતિનાથ કહાવ્યા રે...૧૩

કૃષ્ણસમ્પ્રદાયે કૃષ્ણાચાર્ય રે, ધુરન્ધરં મૂર્ધન્ય વેદાચાર્ય રે,
સરસ્વતી વરદ સુત બોધી રે, સત્ત્વ વિજ્ઞાન જ્યોતિ છે સંબોધી રે...૧૪
મહાપુરુષ ભારતના મહર્ષિ રે, એ છે પ્રત્યક્ષ હરિ દિવ્યદર્શી રે,
ઈશ્વરશક્તિ નારદકલ્પ જે છે રે, જ્ઞાનપ્રદાતા અવતાર એ છે રે...૧૫
અસંખ્ય શ્રિઓથી વિભૂષિત પ્યારા રે, મહાન્ તત્ત્વચિન્તક શ્રીદુલારા રે,
સર્વોપરિ અધ્યાત્મ ચિન્તક રે, ભારત પ્રજાને ખ્યાતિ સમર્પક રે...૧૬
ભારતરત્ન છે ભારતભૂષણ રે, ભારતીયોના કલ્યાણ વર્ષણ રે,
પંડિતકુલભૂષણ મહારત્ન રે, સ્વામી એક અદ્વિતીય પ્રત્ન રે...૧૭
તપોનિષ્ઠ બ્રહ્મનિષ્ઠ શ્રુત રે, બહુવિધાવાળા સેતુકૃત રે,
ભારતસામ્રાજ્ય ભૂષણાયમાન રે, વલ્લભ ઉદયનાદિ વિદ્વન્માન રે...૧૮
વિશ્વદેવતા વાચસ્પતિ તે છે રે, એવા દેવગતિના કહે છે રે,
ગુર્જરતિલક ખલકના ધાતા રે, ભવ્યવિભૂતિ અવતાર પાતા રે...૧૯
પદે વાક્યે પ્રમાણે અલંકારે રે, કાવ્યે પ્રવચને ધારાધારે રે,
દર્શન શાસ્ત્રાવતાર કો વદે છે રે, ભારત ન્યાયસાગર કોઈ કે છે રે...૨૦
કવિતાર્કિકચક્રવર્તી સ્વામી રે, જાણે આ આવ્યા કાર્તિકસ્વામી રે,
અક્ષરમુક્ત સ્વયં ત્યાંના વ્યાસ રે, એમ વર્ણવી પામે છે ઉલ્લાસ રે...૨૧
વિદ્યાવાચસ્પતિ ધુરન્ધર રે, ગૌતમ શંકર છે આ બોલે સુર રે,
વિદ્વત્સામન્ત કહી કોઈ ગાય રે, સર્વતંત્ર સ્વતંત્ર પંકાય રે...૨૨
સ્યમન્તકમણિ ચિન્તામણિ રે, કર્તા શિવાંશ આચાર્ય ધણી રે,
મહાવ્યાસોના છે વ્યાસ પોતે રે, કહે વિદ્વાનો દિગ્ગજ જોતે રે...૨૩
બુદ્ધિ વ્યાસગુરુ વ્યાસ બોલો રે, વિદ્વત ભારતના પિતા તોલો રે,
દિવ્યપુરુષ વિષ્ણુ યોગી મૂર્તિ રે, એમાં વસી છે સૃષ્ટિઓની શક્તિ રે...૨૪
લક્ષ્મીનારાયણ આ મૂરતિ રે, આત્મા સાક્ષાતકારી દિવ્ય સ્થિતિ રે,
પરમેશ્વર કે આંશિક અવતાર રે, એમ ગાય છે કોઈ તારનાર રે...૨૫
અવતારી છે પરમપુરુષ રે, બ્રહ્મસાક્ષી છે આત્મસંજુષ રે,
સગુણબ્રહ્મ સ્વયં વાલ્મિક રે, ભારત પોતે છે આ સંયમિક રે...૨૬
રામાનુજ શંકર વલ્લભ રે, મધ્વ નિમ્બાર્ક થયા છે સુલભ રે,
એમ ગાયે કૃષ્ણદ્વૈપાયન રે, શ્વેતાયન આ આદિ વ્યાસાયન રે...૨૭
કૃષ્ણકાન્ત હરિકૃષ્ણ જે છે રે, મહાપ્રભુ શ્રીમહારાજ એ છે રે,
મુક્તશક્તિ શ્રિયોના શ્રીપતિ રે, કોઈ કહે શ્રીઆચાર્ય સુમતિ રે...૨૮
રાધાકાન્ત જગન્નાથ સ્વામી રે, શ્રીવલ્લભ પ્રભુજી બહુનામી રે,
શ્રીકંભરાતનુજ નન્દનન્દ રે, કહે તેને ગોપાળબાળ વૃન્દ રે...૨૯
ગોપીપતિ શ્રીબાળકૃષ્ણ રામ રે, તેને વર્ણવે કોઈ સત્યકામ રે,
એવા અનેકવિધ ગતિવાળા રે, ભજે પૂજે વન્દે છે વિશાળા રે...૩૦
બદરીપતિ શ્વેતપતિ સ્વામી રે, અવ્યાકૃતપતિ ધામધામી રે,
કોઈ અમૃતપતિ કૈલાસ રે, વન્દે સાકેત વૃન્દાવનવાસી રે...૩૧
ગાવે વૈકુંઠ ગોલોક નિવાસી રે, સિદ્ધશિલાના એ છે સંન્યાસી રે,
બોલે બ્રહ્મપ્રકાશી પોતે આ છે રે, દિવ્યજ્યોતિના કરતલ તે છે રે...૩૨

શબળ કેવળ શિવબ્રહ્મ પારે રે, તેને ઉપજાવનારા તે ધારે રે,
અલખપુરુષ નિરંકારી માને રે, લીલે આકાશે વસ્યા નિજ ભાને રે...૩૩
અગ્નિ સૂર્ય ચન્દ્રના કરનારા રે, સર્વે અવતારોના આ ભંડારા રે,
સાંઇ ગોંસાઇ અપ્પાસાંઇ લિંગી રે, તેઓ રમે છે આમાં નવરંગી રે...૩૪
તોયે આ છે અપાર ન પાર રે, સૃષ્ટિ કરતાર પારોના પાર રે,
ધાર્યા વિધાર્યા આવે હેતે પાંસે રે, આપ જેવા થઈને હુલ્લાસે રે...૩૫
શરણે આવ્યા તે ફાવ્યા આ વારે રે, આકાશ લેખિયા અટક્યા અંધારે રે,
દીનાનાથની દયા બહુ ભારી રે, નારી નરોને લીધાં ઉગારી રે...૩૬
બાળ વૃદ્ધોને અપંગ અનાથી રે, તેને કીધા છે પોતાના સાથી રે,
જુઓ મહેર મહારાજ કેરી રે, ગરીબોને બનાવ્યા છે લ્હેરી રે...૩૭
નાણાંવાળા માનમાં મલકાતા રે, જુએ વાટ ન મળે સુખદાતા રે,
જે જે મળ્યા ત્યાં લુંટાણાં લાતે રે, ઊંઘે એવાને એવા પરભાતે રે...૩૮
દૂતો જમના બેય કોરે ભેળા રે, જાણે લાગ્યા છે માયાના મેળા રે,
જો કે નારાયણ હરિ કહેશે રે, તેથી યમદૂતો દૂર રહેશે રે...૩૯
પણ પ્રત્યક્ષ વખોડી કાઢે રે, પરોક્ષના રસોડાં જે રાન્ધે રે,
તેને બન્નેનો લાભ ન તત્ક્ષણે રે, કર્યું સાધ્યું ન લાગે ભક્ષણે રે...૪૦
આ છે આદિથી સંત અવતારી રે, ગરીબ તાલેવાનોને સારાસારી રે,
લેવે આશરો પામે લાભ મોટો રે, દાઢે તેને ઉદ્યમ બધો ખોટો રે...૪૧
માટે સેવો સંતોને પેટ ભરી રે, થાઓ કૃષ્ણને વ્હાલા ભાવ ભરી રે,
જેવી સ્થિતિ તેવા સેવો હરિ રે, સાક્ષાત્ મળશે માન પરહરી રે...૪૨
આછી મોટી ભારે ચીજે કરી રે, આજે રાજી થાશે પોતે હરિ રે,
જે જે વ્હાલું તે આપો નામીને રે, સમે સેવો ન રાખો ખામીને રે...૪૩
સાધુ સમ્પત્તિ સર્વેની સૈયારી રે, એવી રાખી છે હરિએ આજ ધારી રે,
આવે કલવે રમુજે કરી રે, માને અમાને ગણે નહિ જરી રે...૪૪
તોયે નાથ તો ખુશી ખુશી થાયે રે, શરણે આવ્યાને રાજીપો વરસાયે રે,
જે જે ભાવે જનો જે તેડાવે રે, તેને ત્યાં જઈ કામ ભીડાવે રે...૪૫
ખેતર વાડીએ બગીચે બીડે રે, ફરવા ગાડે તે લઈ જાય હેડ્યે રે,
ચાલી પધારે પ્રાણોના નાથ રે, જમે ઓળા ચોળે ન્હાય હાથ રે...૪૬
ઘરે ભવને પધરામણી રે, ચોરે ચોટે બીરાજે વાર ઘણી રે,
દઈ દર્શે શિક્ષણ વાતવાતે રે, જાણ્યા અજાણ્યાને ગમે ગાતે રે...૪૭
સભા મંદિર મેડી મહોલ મોટા રે, તેમાં પધારે સાથે મોટા છોટા રે
સર્વે આનંદલહરી ઝીલે છે રે, સ્વામી શ્રીહરિ જેને રેલે છે રે...૪૮
આવે લાભે અભાગિયા ભાગે રે, ગીગે ફૂલ ફોરમ નવ લાગે રે,
કહે જ્યન્તીલાલ લિયો સાધી રે, સાક્ષાત્ હરિના મેલની સમાધિ રે...૪૯

(ઈતિ શ્રી સાક્ષાત્ ભગવત અનન્ત ભાવના નામે અભિનંદન પીયૂષમ્...૬)

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે સંસ્કૃત વિદ્યાભ્યાસ કરી પ્રાપ્ત કરેલ 'ડિગ્રી-સર્ટિફિકેટો, પદ્વીઓ, ખિતાબો તેમજ વિશેષ સન્માનો'ની વિગતોના દર્શન...

ફોર્મ એ, નં.૭૭, બનારસ ગવર્નમેન્ટ સંસ્કૃત કોલેજ એક્ઝામિનેશન્સ,
કાશીસ્થ રાજકીય પ્રધાન સંસ્કૃત પાઠશાલીય પરીક્ષાસુ, રોલ નંબર સંખ્યા ૮૪૧.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી, ૨૪ વર્ષ ઉંમર, **સ્વામિનારાયણના પુત્ર** આશ્રિત, પણ્ડિત શ્રીવામાચરણ ભટ્ટાચાર્યના શિષ્ય, કાઠિયાવાડ મંડલાન્તર્ગત, **જૂનાગઢ** નગર નિવાસી, **૧૯૩૦ ઈસ્વીસન** વર્ષમાં **ન્યાયવૈશેષિકશાસ્ત્રી** પદ્વીને પ્રાપ્ત થયાં, એ પ્રમાણિત કરે છે.

ગોપીનાથ કવિરાજ એમ.એ., રજીસ્ટ્રાર, **ગવર્નમેન્ટ સંસ્કૃત કોલેજ એક્ઝામિનેશન્સ**.

તા. ૧ ડિસેમ્બર, ૧૯૩૦. બનારસ.

ગવર્નમેન્ટ સંસ્કૃત કોલેજ એક્ઝામિનેશન્સ, બનારસ ફોર્મ એ, નાં. ૫૯, રોલ નં. ૫૨૬

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી, ૨૯ વર્ષ ઉંમર, **સ્વામિનારાયણના આશ્રિત**, પંડિત શ્રીવામાચરણ ભટ્ટાચાર્યજી નામના વિદ્વાનના શિષ્ય જુનાગઢ કાઠિયાવાડના નિવાસી, **સને ૧૯૩૫માં નવ્યન્યાય આચાર્ય** પરીક્ષામાં પ્રથમ શ્રેણીમાં ઉત્તીર્ણ થઈ નવ્યન્યાય શાસ્ત્રમાં **આચાર્ય** પદ્વીને પ્રાપ્ત થયા છે, એમ પ્રામાણિત કરે છે. એમ.ડી. શાસ્ત્રી એમ.એ., ડી.ફીલ. ઓકસન, રજીસ્ટ્રાર, **ગવર્નમેન્ટ સંસ્કૃત કોલેજ એક્ઝામિનેશન્સ,** યુનાઈટેડ પ્રોવિનન્સ, **બનારસ.**

તા. ૧, ડિસેમ્બર ૧૯૩૫. ક્વિન્સ કોલેજ, બનારસ.

॥ શ્રીમતે રામાનુજાય નમઃ ॥

નવ્યન્યાય, વૈશેષિક, સાંખ્યયોગ, વેદાંત આદિમાં નિષ્ણાત ગીર્વાણવકૃત્વધારા પ્રગલ્ભ વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતી સ્વામિનારાયણ સંપ્રદાયાનુયાયી અમારાથી પ્રાપ્ત કરેલ **શાસ્ત્રવિદ્યાનિધિ એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી**ને તેમના ન્યાયવેદાંતાદિ દર્શનશાસ્ત્રોમાં પૂર્ણ પાંડિત્યને અનુભવીને અમોએ **'દાર્શનિકપંચાનન'** એવી પદ્વી વડે અલંકૃત કરેલ છે. વ્યાકરણ માર્તંડ, વ્યાકરણકેસરી, ટીકમણી સંસ્કૃત કોલેજ પ્રધાનાધ્યાપક તથા વ્યાકરણ વિશિષ્ટાદ્વૈત વેદાંત પ્રધાનાધ્યાપક વ્યાકરણાચાર્ય પંડિત શ્રી પૂર્ણચંદ્રાચાર્યઃ, **ક્વિન્સ કોલેજ, બનારસ, કાશી.**

માર્ગશીર્ષ કૃષ્ણ-૨, સંવત ૧૯૮૬, કાશી.

પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી, ગુરૂશ્રી સ્વામિનારાયણજી, રહેવાસી **જૂનાગઢ**, કાઠિયાવાડ, સૌરાષ્ટ્ર, પંડિત શ્રીવામાચરણ ભટ્ટાચાર્યજી દશાશ્વમેઘ, બનારસના વિદ્યાર્થી, **સને ૧૯૩૪**ના સાંખ્ય યોગશાસ્ત્રના ટાઈટલ એક્ઝામિનેશન્સ પાસ થયા છે. તેમને એવોર્ડ, ટાઈટલ, **સાંખ્યયોગતીર્થ**, ડિપ્લોમા આપવામાં આવે છે. એમ. મુકરજી, પ્રેસિડેન્ટ, બંગાલ, પી. એન. ગુપ્તા, સેક્રેટરી બંગાલ, સંસ્કૃત એસોસિયેશન, કલકત્તા.

જુન-૧૯૩૪, બંગાલ સંસ્કૃત એસોસિયેશન, સંસ્કૃત ટાઈટલ એક્ઝામિનેશન્સ

॥ ઉઁ સરસ્વતી વિજયતામ્ ॥

શ્રીમાન **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી** સ્વામિનારાયણ સકલદર્શન શાસ્ત્રોમાં અભ્યસ્ત વ્યુત્પત્તિ પ્રાપ્ત કરીને નવ્યન્યાયશાસ્ત્રમાં પણ વિશેષ વ્યુત્પત્તિને મેળવીને ઘણા વિદ્યાર્થીઓને તમામ દર્શનોનું અધ્યયન કરાવે છે, સર્વ વિદ્વાનો દ્વારા સુપ્રશંસિત છે. સચ્ચારિત્ર્ય છે, સદાચારી છે. આવા વિદ્વાનને **'ષડ્દર્શનાચાર્ય'** ઉપાધિ આપીએ છીએ. તર્કતીર્થ ન્યાયાચાર્યોપાધિક શ્રીવામાચરણ ભટ્ટાચાર્ય, **ગવર્નમેન્ટ સંસ્કૃત કોલેજ**, પ્રધાન પંડિત.

સંવત ૧૯૯૦, રથદ્વિતીયા, કાશી.

બંગાલ સંસ્કૃત એસોસિયેશન, સંસ્કૃત ટાઈટલ એક્ઝામિનેશન્સ, પંડિત **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી**, ગુરૂશ્રીસ્વામિનારાયણજી, રહેવાસી **જૂનાગઢ**, કાઠિયાવાડ, વિદ્યાર્થી, પંડિત વામાચરણ ભટ્ટાચાર્યજીનાં કાશી ૧૯૩૫ના વેદાંત વિભાગના શાસ્ત્રમાં પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે, તેમને **'વેદાન્ततીર્થ'** એવોર્ડ ડિપ્લોમાં આપીએ છીએ. મન્મથનાથ મુકરજી, પ્રેસિડેન્ટ, બંગાલ સંસ્કૃત એસોસિયેશન, પી.એન. ગુપ્તા, સેક્રેટરી બંગાલ સંસ્કૃત એસોસિયેશન.

નવેમ્બર ૧૯૩૫, કલકતા.

બંગાલ સંસ્કૃત એસોસિયેશન, સંસ્કૃત ટાઈટલ એક્ઝામિનેશન્સ, નંબર ૧૭૩૮

પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી, ગુરૂ શ્રીસ્વામિનારાયણ, રહેવાસી હાલમાં નાગેશ્વર મઠ, **કાશી**, ચૌખમ્ભા પાઠશાળા, **૩૦ વર્ષ ઉંમર**, બનારસ, શિષ્ય પંડિત શ્રીસ્વામિનારાયણની, ઉક્ત પાઠશાળાથી **સને ૧૯૩૭**ના મીમાંસા શાસ્ત્રના ટાઈટલ ઉત્તમ એક્ઝામિનેશન્સમાં પાસ થયા છે, તેઓને મીમાંસાશાસ્ત્રનો **'મીમાંસાતીર્થ'** એવો એવોર્ડ ડિપ્લોમાં આપવામાં આવે છે.

નવેમ્બર ૧૯૩૭, કલકતા.

શ્રીમદ્ વારાણસીના વિવિધ શાસ્ત્રીય વિદ્યાના વિદ્વાન બુદ્ધિશાળીઓમાં શ્રેષ્ઠ, નવ્યન્યાયશાસ્ત્રના આચાર્ય, સાંખ્યોગ વેદાંત મીમાંસા આદિ દર્શનશાસ્ત્રોમાં અંતઃ પ્રવેશ કરેલા, પાંડિત્યવાળા, વિદ્યા ભણવામાં ઉપયોગી ન્યાય સાંખ્યયોગ વગેરે શાસ્ત્રીય ભાષ્યો અને સ્પષ્ટ કિરણાવલી વગેરે ટીકાઓ રચનારા, વિદ્વતજનોનાં હાર્દિક સ્નેહને પાત્ર, શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિત પંડિત **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી**નું શ્રીવારાણસીની વિદ્વતસભામાં ઉપસ્થિત થયેલા પંડિતોનું મંડળ **વૈષ્ણવવિદ્વતસાર્વભૌમ 'વૈષ્ણવોમાં અને વિદ્વાનોમાં સાર્વભૌમ'** એવી શુભ ઉપાધીનું સંપ્રદાન કરે છે.

દિનાંક ૯-૫-૭૦, **વિદ્વત સમાજના પ્રતિનિધિ વાસુદેવશાસ્ત્રી, સાર્વભૌમ સંસ્કૃત કાર્યાલય, કાશી.**

ધી ઓનરેબલ રેસીડેન્ટ સાહેબ, રાજકોટ, પ્રેરિત સમર્પિત, પદ્વીપ્રદાન પત્રમ્ સંવત્ ૨૦૩૩, તા. ૧૦-૧૨-૧૯૭૬, નવ્યન્યાયાચાર્ય અનેક શાસ્ત્રોના વિદ્વાન વિવિધ સંસ્કૃતતત્ત્વજ્ઞાનના ગ્રંથ લેખક **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને મહામહોપાધ્યાય** પદ્વી સમર્પીએ છીએ.

તા. ૨૬-૬-૧૯૩૮ - **શ્રીમદ્ જગદ્ગુરૂ શંકરાચાર્યજી મહારાજ...**
અભિનવ સચ્ચિદાનંદ તીર્થસ્વામીજી, શ્રી શારદા પીઠમ્, દ્વારકા.

પંડીત **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી** મહારાજને જૂનાગઢ **'ડૉક્ટરેટ ઓફ ફિલોસોફી, ડી.ફીલ., દાર્શનિકમાર્તણ્ડ'** એવી મહાપદ્વી પ્રદાન કરીએ છીએ. ફાઉન્ડર રેસિડેન્ટ **શ્રીદ્વારકાધીશ સંસ્કૃત એકાદમી, શ્રી જે.એસ. શંકરાચાર્ય ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડોલોજી** ઈત્યાદિ, દ્વારકા.

વિક્રમ સંવત ૨૦૩૨. - **શ્રીમદ્ જગદ્ગુરૂ શંકરાચાર્યજી, દ્વારકા.**

મહાવિદ્વાન **શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી** મહારાજને, જૂનાગઢ, **ડૉક્ટરેટ ઓફ લિટરેચર, ડી.લિટ્. સાહિત્યમનિષિ,** એવો શ્રેષ્ઠ ખિતાબ સમર્પિત કરીએ છીએ, ફાઉન્ડર પ્રેસિડેન્ટ, શ્રી શારદાપીઠ વિદ્યાસભા, **શ્રીદ્વારકાધીશ સંસ્કૃત એકાદમી એન્ડ શ્રી જે. શંકરાચાર્ય ઈન્સ્ટિટ્યૂટ** દ્વારકા.

તા.૧૩-૧૦-૧૯૭૭, **દ્વારકા.**

ન્યૂઝ પેપરોની કલમે "શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ગુણો, શાસ્ત્રો, વિદ્વતા, અનેક સત્કાર્યો તેમજ પ્રાપ્ત કરેલ સન્માનો તેમજ ડિગ્રી-ખિતાબો"ના વર્ણનના માહિતી...

સંસ્કૃત પ્રકાંડ પંડિત શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું મહાગુજરાત રાજ્ય સરકારે કરેલું બહુમાન.

(જનસત્તા, તા.૧૯-૧૧-૭૮, રવિવાર, પાના - નં.-૩)

અમરેલી જીલ્લાના મોટી કુંકાવાવ ગામે જન્મ પ્રાપ્ત થયેલા વેદશાસ્ત્ર પારંગત સંસ્કૃતના પ્રકાંડ પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શાસ્ત્રીજીનું ગુજરાત રાજ્ય શિક્ષણવિભાગે પ્રમાણપત્ર, રેશમની શાલ, પાંચસો રૂપિયા રોકડા, પાંચસોના રાષ્ટ્રીય બોન્ડ અર્પણ કરી યથોચિત ભવ્ય સન્માન કરતા, અમરેલી જીલ્લાની જનતા ગૌરવ અને આનંદની લાગણી અનુભવી રહી છે. આ સન્માન સમારંભ ગાંધીનગર ખાતે રાજ્યના ગવર્નર શ્રીશારદા મુખરજીના સાન્નિધ્યમાં યોજાયો હતો, પરંતુ શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની નાદુરસ્ત તબિયતને કારણે હાજર રહી શક્યા ન હોવાથી રાજકીય રાષ્ટ્રીય સેવા યોજનાના ખાસ અધિકારી એસ.ટી. સોલંકી અને શિક્ષણ નિયામક શ્રીચન્દ્રમૌલી ગુજરાત રાજ્ય વતી જૂનાગઢ ખાતે રૂબરૂ જઈને તેમને સન્માનપત્ર, શાલ રાષ્ટ્રીય બોન્ડ અને પાંચસો રૂપિયા રોકડાનો પુરસ્કાર એનાયત કર્યો હતો. આ અગાઉ શાસ્ત્રીજીને અંગ્રેજ રાજ્ય વખતની મહામહોપાધ્યાયની પદ્વી શ્રીમદ્ જગદ્ગુરૂ શંકરાચાર્યજી દ્વારા એનાયત કરવામાં આવી હતી.

સંસ્કૃત ભાષાના ઉદ્ભટ વિદ્વાન શાસ્ત્રીજીએ સંસ્કૃતનું પ્રારંભિક અધ્યયન જૂનાગઢ અને વડોદરામાં કરી ઉચ્ચ અભ્યાસ વારાણસીમાં કર્યો અને નવ્યન્યાયાચાર્ય, દર્શનાચાર્ય, સાંખ્યયોગ, વેદાંત, મીમાંસા તીર્થ એવી અનેક ઉપાધિઓ પ્રાપ્ત કરી હતી, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ ૫૩ જેટલા ગ્રંથો સંસ્કૃતનાં રચ્યા છે.

સન્માનપત્રમાં આ વાત સંસ્કૃતમાં નવાજવામાં આવેલ છે કે, 'ધન્યવાદ પાત્ર માનનીય એવા આપે યથાશક્તિ, યથામતિ, સુરભારતી, સરસ્વતી વિદ્યાની સેવા કરીને આ ભારતના મહાગુજરાત રાજ્યને વિદ્વતાની પરાકાષ્ઠાએ પહોંચાડી જે મહાન સેવા કરી છે જે બદલ આ સન્માનપત્ર બહુમાન ભરી રીતે રાજ્યપુરસ્કાર રૂપે આપશ્રીને સમર્પિત કરવામાં આવે છે. શાસ્ત્રીજીની વિદ્વતા સમગ્ર ભારતમાં સંસ્કૃતમાં પ્રસિદ્ધ છે તે બદલ ગુજરાત વિશેષ ગૌરવ અનુભવે છે.'

તા. ૨૦-૧૧-૭૮ના દિવસે દ્વારકાધીશ સંસ્કૃત ફાઉન્ડરી ઈન્ડોલોજી કોલેજ રાષ્ટ્રીય વિદ્યાલય તરફથી પી.એચડી. તાર્કિકવાચસ્પતિની પદ્વી એનાયત કરવામાં આવેલ છે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ ઉચ્ચકોટિના મૌલિક તર્કશાસ્ત્રો રચ્યાં છે, તેમાંના તત્ત્વપ્રભાવલી, ખ્યાતિવિર્મશ, પ્રમાત્વવિમર્શ, સાકારત્વવાદ, સૂત્ર, કિરણાવલી, આદિ ગહન વિષયો છે.

સંદેશ, તા. ૧-૧૨-૭૮માં, શંકરાચાર્ય ઈન્સ્ટિટ્યૂટ તરફથી ડૉ. સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને એનાયત થયેલ પી.એચડી.ની પદવી.

કુંકાવાવ, તા. ૩૦ કુંકાવાવની પવિત્ર ભૂમિમાં જન્મ લેનાર જૂનાગઢના સ્વામી મંદિરના ડૉ.સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને તા. ૨૦-૧૧-૭૮ ના રોજ જગદ્‌ગુરૂ શંકરાચાર્યની ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડોલોજી તથા શંકરાચાર્ય ઈન્સ્ટિટ્યૂટ ઓફ રિસર્ચ વિદ્યાપીઠ તરફથી તેમના ન્યાય શાસ્ત્રોમાં મૌલિક તથા પ્રસિદ્ધ ગ્રંથ તત્ત્વપ્રભાવલી ઉપર જગદ્‌ગુરૂ શંકરાચાર્યજીએ તેમને પીએચ.ડી.ની ડિગ્રી એનાયત કરેલ છે. ન્યાય ક્ષેત્રમાં આ ગ્રંથ અત્યંત મૌલિક અને કિંમતી ગણાય છે. સ્વામીશ્રી અત્યારે જૂનાગઢ મંદિરમાં બ્રહ્મચિંતન, મનન અને સ્વાધ્યાયમાં સઘળો સમય વ્યતીત કરી રહ્યા છે.

કુંકાવાવ, કેળવણી સમિતિ, એજ્યુકેશન કમિટિ, જીલ્લો અમરેલી, ગુજરાત.

સં. ૨૦૩૫, જનસત્તા, તા. ૨-૧૨-૭૮, માગશર સુદ-૨, ચોથા પાને, ચોથી કોલમમાં.

ગુજરાત રાજ્ય સંસ્કૃત એવોર્ડ વિભૂષિત મહામહોપાધ્યાય પંડિત શાસ્ત્રી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને સન્માનપત્ર અર્પણ કરી રહેલા મહાગુજરાત રાજ્યના ખાસ એવા અધિકારી શ્રી સોલંકી સમર્પણ કરતા ફોટા સહીત એવોર્ડ પત્ર સહિત દર્શન.

કુલછાબ, તા.૧-૧૨-૭૮, પાનું-૫, કોલમ-૫ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ન્યાયશાસ્ત્રના વિષયમાં પીએચ.ડી. થયાં.

કુંકાવાવ તા. ૮, જૂનાગઢ મંદિરના સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યને તાજેતરમાં જગદ્‌ગુરૂ શંકરાચાર્યની ઈન્સ્ટિટ્યૂટ ઓફ રિસર્ચ તરફથી ન્યાયશાસ્ત્ર પરના એમના સંસ્કૃત ગ્રંન્થ તત્ત્વપ્રભાવલી પર જગદ્‌ગુરૂ શંકરાચાર્યજીએ એમને પી.એચડી.ની પદ્‌વી એનાયત કરી છે.

સંદેશ, સોમવાર, તા.૫,મી ફેબ્રુઆરી ૧૯૭૯માં, ૧લા પાને, કોલમ ૪

મોટી કુંકાવાવના સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા બહુમાન.

(કુલછાબ, તા.૭-૨-૧૯૭૯, બુધવાર, પેજ-૩, કોલમ-૫માં)

ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું બહુમાન

મોટી કુંકાવાવની પવિત્રભૂમિમાં એક ખેડૂતને ઘેર જન્મ લેનાર સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું ઉત્તરપ્રદેશની સરકારે બહુમાન કરેલ છે, સ્વામીજીએ સંસ્કૃતમાં લખેલ પુસ્તક 'તત્ત્વપ્રભાવલી' ન્યાયને એક ઉત્તમ ભૌતિક ગ્રંન્થ તરીકે જાહેર કરેલ છે, ઉત્તરપ્રદેશની અકાદમીના ઉપક્રમે તા.૧૦-૨-૭૯ના રોજ લખનૌ ખાતે રાજભવનમાં એક સત્કાર સમારંભ ગોઠવાયેલ છે, સમારંભમાં સ્વામીજીને હાજર રહેવા આગ્રહ થયેલ છે. સ્વામીજી વૃદ્ધાવસ્થાને કારણે હાજર નહિ રહેતાં, તેમના વતી કુંકાવાવના એક ડેપ્યુટેશન, પારિતોષિક અને પુરસ્કાર તથા સન્માનપત્ર માટે લખનઉ જશે.

પ્રકાશ (ન્યૂઝ પેપર) તા.૧૩-૧૦-૧૯૭૫.

કુંકાવાવના આંગણે સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની પ્રતિમાની અનાવરણ વિધિ...

જયહિન્દ (ન્યૂઝ પેપર) તા.૨૭-૧૧-૧૯૫૨.

રાજકોટમાં શ્રીસ્વામિનારાયણ મંદિરમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી હસ્તક પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો.

જનસત્તા (ન્યૂઝ પેપર) તા.૨૭-૧૧-૧૯૫૨.

રાજકોટમાં શ્રીસ્વામિનારાયણ મંદિરમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી હસ્તક પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો.

સમરથ (ન્યૂઝ પેપર) તા.૧-૧૨-૧૯૭૮.

વેદશાસ્ત્ર પારંગત પ્રકાંડ પંડિત શાસ્ત્રી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું રાજ્યના શિક્ષણ વિભાગે કરેલું સન્માન તેમજ હિમાલય જ્યોતિર્મઠના જગદ્‌ગુરુ શંકરાચાર્યજીએ શાસ્ત્રીજીને 'ભારતભૂષણ' નો ઈલ્કાબ એનાયત કર્યો.

ગુજરાત સરકારે સંસ્કૃત પંડિતોનું કરેલું સન્માન

રવિવાર તા.૫-૧૧-૭૮, ફૂલછાબ પેજ નં.૩ કોલમ-૩માં

ગુજરાતના રાજ્યપાલ શ્રીમતી શારદા મુખરજીએ રાજભવન ખાતે ગુજરાતના સંસ્કૃતના બે વિદ્વાનોને, સંસ્કૃત ભાષાના પ્રસાર માટેની તેમની પ્રશંસનીય સેવા માટેના સને ૧૯૭૭-૭૮ના વર્ષ માટેના રાજ્ય એવોર્ડ એનાયત કર્યા હતા.

આ એવોર્ડ શુકલતીર્થના શ્રી પરીક્ષિત દયાશંકર ઓઝા અને જૂનાગઢના શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને એનાયત કરવામાં આવ્યાં હતાં. પોતાની નાદુરસ્ત તબિયતને કારણે શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સમારંભમાં હાજર રહી શક્યા ન હતા. પ્રત્યેક વિદ્વાનને એક શાલ, સન્માનના પ્રતીકરૂપે રંગીન ડિઝાઈનવાળું રેશમી કાપડ, રૂ.૫૦૦ની રકમની ૭ વર્ષમાં રાષ્ટ્રીય બચતના પ્રમાણપત્રો અને રૂ.૫૦૦ રોકડમાં અપાયા હતા.

સન ૧૯૭૦-'૭૧થી સંસ્કૃતના પંડિતોને આવી રીતે એવોર્ડ એનાયત કરવામાં આવે છે અને અત્યાર સુધીમાં રાજ્ય સરકારે ૨૨ (બાવીશ) પંડિતોને એવોર્ડ એનાયત કરી તેમનું સન્માન કર્યું હતું. પારિતોષિક મેળવનાર સંસ્કૃત પંડિતનું બહુમાન કરતા શ્રીમતી શારદા મુખરજીએ સંસ્કૃત ભાષાને આપણી પરંપરા મૂળ તરીકે વર્ણવી હતી. તેમણે કહ્યું કે- આપણાં ધર્મને જીવંત રાખવા માટે યુવાન પેઢીને તેમના બાળપણથી જ પંડિતોની ઉપેક્ષા કરવામાં આવી હતી.

સંસ્કૃત પંડિતો તેમનો અભ્યાસ વધારી શકે તે માટે તેમને પૂરતી સગવડ તો આપવી જ જોઈએ. શ્રીમતી મુખરજીએ વધુમાં જણાવ્યું હતું કે, અત્યારના યુગમાં સંસ્કૃત શીખવાની પદ્ધતિ બદલવી જોઈએ.

આ અગાઉ રાજ્યના શિક્ષણમંત્રી શ્રી નવલભાઈ શાહે જણાવ્યું હતું કે, સંસ્કૃત સનાતન ભાષા છે અને ભારતીય સંસ્કારનું પ્રતીક છે. આ ભાષાએ લોકોને શાંતિ બક્ષી છે. વધુને વધુ સંખ્યામાં લોકો સંસ્કૃત શીખે તે પર તેમણે ખાસ ભાર મૂક્યો હતો.

શિક્ષણ નિયામક શ્રી હેમંતકુમાર મિસ્ત્રીએ આભાર પ્રદર્શન કર્યું હતું.

સદ્‌ગુરૂ શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને

મહામહોપાધ્યયની પદ્‌વી એનાયત.

શ્રીસ્વામિનારાયણ મંદિર, જૂનાગઢનાં વિદ્વાન સંત સદ્‌ગુરૂ શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને મહામહોપાધ્યાયની પદ્‌વી શારદાપીઠના જગદ્‌ગુરૂ શ્રીશંકરાચાર્યજીએ એનાયત કરેલ છે. આ પદ્‌વી એનાયત વખતે કુંકાવાવમાં ૨૦૮ સપ્તાહ પારાયણની વિશાલ જનમેદનીને સંબોધીને શંકરાચાર્યજીએ જણાવેલ કે, ભારત સરકારે સ્વીકૃતિ આપેલ મહામહોપાધ્યાયની પદ્‌વી છેલ્લા ૩૦ વર્ષમાં મારા હાથે આવા અલૌકિક પુરૂષને પ્રથમવાર જ આ ડિગ્રી આપતા હર્ષ વ્યકત કરું છું. આ પદ્‌વી સદ્‌ગુરૂ શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને એનાયત થતા જૂનાગઢ વિસ્તારના ભાવિકોમાં ખૂબ જ ઉત્સાહ ફેલાઈ ગયો છે. જૂનાગઢની શ્રીસ્વામિનારાયણ મંદિરમાં સદ્‌ગુરૂ શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું સન્માન કરવા તેમના વિદ્યાગુરૂ સદગુરૂ શાસ્ત્રીજી શ્રીબાળકૃષ્ણાનંદજીના પ્રમુખપણા નીચે તા.૧૩-૧૨-૭૬ ના રોજ સન્માન સભા યોજીને સંસ્થાના વિદ્વાન કોઠારી શાસ્ત્રી માધવદાસજીએ સુંદર આયોજન કર્યું હતું.

આ વિશાળ સભામાં સંસ્થાના સંતો, આગેવાનો, ઉદ્યોગપતિઓ, વેપારીઓ, ડોકટરો, વકીલો, અને ધર્મપ્રેમી તથા સાહિત્યપ્રેમી જનતાએ મોટા પ્રમાણમાં ભાગ લીધો હતો, આ સભામાં વિદ્વાન સંત બ્રહ્મચારીઓ ઉપરાંત આગેવાનોમાં શ્રી પ્રભુલાલભાઈ દવે, દિવ્યકાંતભાઈ નાણાવટી, રામજીભાઈ કરકર, ડૉ. વૈષ્ણવ, ડૉ. નાદપરા, ગોવિંદભાઈ શેખડા, શશીકાંતભાઈ દવે, ભગવાનજીભાઈ બી. એ તથા વાલજીભાઈ તંત્રી વિગેરેએ પૂજય શાસ્ત્રીજી ભારત સરકારની મહામહોપાધ્યાયની પદ્‌વી મેળવતા ખૂબ જ હર્ષ વ્યકત કર્યો હતો અને વિશાલ જનમેદિનીને તેમની અમૃતવાણીનો લાભ મળે અને તેમાં તેમનું સન્માન થાય તેઓ દીર્ઘાયુષ્ય ભોગવે તેવી શુભ કામનાઓ વ્યકત કરી હતી. સદગુરૂ શાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ તેમના મુગ્ધ અને અતિપ્રિય શબ્દોમાં પ્રસન્નતાપૂર્વક સૌને શુભ આશીર્વાદ વ્યકત કરેલ હતા સભાનું સંચાલન શાસ્ત્રી શ્રીમાધવદાસજીની સૂચનાનુસાર શ્રી મનસુખભાઈ મહેતાએ કર્યું હતું.

- સદ્‌બોધ, જૂનાગઢ...

- સંવાદદાતા દ્વારા

શ્રીમાન ભગવાન શ્વેતાયન વ્યાસ અનાદિશ્રીકૃષ્ણનારાયણ મહાપ્રભુજી, સંતપતિ, યતિવર્ય, વિદ્વતવર્ગ વંદનીય, મહામહોપાધ્યાય, વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ, દાર્શનિકપંચાનન, ષડ્દર્શનાચાર્ય, નવ્યન્યાયાચાર્ય, ન્યાયવૈશેષિકશાસ્ત્રી, સાહિત્યમનીષી, દાર્શનિકમાર્તણ્ડ, સાંખ્યયોગતીર્થ, વેદાંતતીર્થ, મીમાંસાતીર્થ, તર્કવાચસ્પતિ, એમ.એ., પી.એચડી., ડી.લિટ્., ડી.ફિલ., ડૉ.શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે શ્રીભારતમાં અનેક સ્થળોએ વિચરી જાહેર પ્રવચનો આપી જનતાને નિજજ્ઞાનનો લાભ શાસ્ત્રીય સિદ્ધાંતોને વિકાસ આપી કર્યો છે, જગતને ઘણો ઉપકાર કર્યો છે, જાહેર પત્રિકાઓ દ્વારા નાગરિકો સભાઓની યોજનાઓ કરતા અને સમય પ્રમાણે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રવચનો કરતા.

આપે કાશીનગરીની વિદ્વાનોની મહાસભાઓમાં પ્રભાવશાળી પ્રવચનો આપ્યા છે, એ બાબત 'આજ' નામક કાશીના પ્રસિદ્ધ દૈનિકપત્રમાં રવિવાર, કાર્તિક સંવત ૧૯૮૫ વૈ.સનાતન ધર્મ મહાસંમેલનમાં જગદ્ગુરુ શંકરાચાર્યજી તથા મહારાજ બનારસ નૃપતિ તથા ગવર્નર તથા પ્રતિવાદિ ભયંકર આદિ વડે શોભતી વિશાળ વિરાટ સભામાં 'દીક્ષા અને શુદ્ધિ'નું સમર્થન એ વિષય ઉપર સર્વમાન્ય એવું પ્રામાણિક વ્યાખ્યાન આપ્યું હતું.

કાશીનાં બ્રાહ્મણ મહાસંમેલન તા.૨૧ ઓકટોબર, સન ૧૯૨૯ ઈ.સ.ને દિવસે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું પ્રવચન પાંચમી કોલમમાં પ્રસિદ્ધ થયેલ છે- જ્ઞાનવાપીમાં સારડા કાનૂનના વિરોધમાં સભા હેડિંગ નીચે અનંત્તર પં.શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું સંસ્કૃતમાં ઓજસ્વી ભાષણ થયું હતું, ઈત્યાદિ પ્રસિદ્ધ મુદ્રિત છે તથા તા.૭ ઓકટોબર, ૧૯૨૯ ઈ.ના પત્રમાં પૃષ્ઠ પાંચ, કોલમ પાંચમાં વિરાટસભામાં- એક સનાતની પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યશાસ્ત્રી સ્વામિનારાયણ વ્યાખ્યાન માટે ઊભા થયા હતા. તેમણે ગંભીરતાથી સંસ્કૃતમાં ભાષણ શરૂ કર્યું હતું- તેનો સારાંશ એ છે કે જે - જેનો ધર્મ રક્ષણ અને ભારતભૂમિમાં સનાતન ધર્મ માટે સર્વસ્વ અર્પણપૂર્વક પ્રાણ આપી રહ્યા છે, જેઓ ધર્મથી વિરુદ્ધ આચરણ કરીને ઉપદેશ આપે છે, જેઓ સનાતન ધર્મમાં બાધા ઉપજાવે છે, ધર્મ રક્ષા માટે આચાર્યગણ વિદ્યમાન છે, તેઓ ધર્મ ઉપર વિચાર કરે તે યોગ્ય છે, શ્રીસંપૂર્ણાનંદજીએ કહ્યું - સ્વરાજયને માટે પ્રયત્ન કરે તે ગુણ જણાય છે, પછી સભા વિસર્જન થઈ.

રાજકોટ : મે, ૧૯૪૩ના અંગ્રેજી પેપરના ખબરપત્રીએ બોમ્બે યુનિવર્સિટીના પૂરા અંગ્રેજી અભ્યાસમાં ઉત્સાહિત સંતને પ્રશંસિત કર્યા છે.

જૂનાગઢ સ્વામિનારાયણ સંસ્થાના પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ ૩૭ વર્ષની ઉંમરે, આ વર્ષમાં બોમ્બે યુનિવર્સિટીમાં એમ.એ.ના વિદ્યાર્થી તરીકે દાખલ થવાની પરીક્ષામાં ભાગ લીધો છે અને એમ.એ.ની ડિગ્રી લેવાના ધ્યેયને જાગ્રત કર્યો છે અને ત્યારબાદ એમનું જીવન અભ્યાસ અને કાઠિયાવાડના સ્વામિનારાયણ સંપ્રદાયને સમર્પિત કર્યું છે.

પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને સંસ્કૃત વિષયનું જ્ઞાન કાઠિયાવાડમાં અતુલનીય છે.

-સંવાદદાતા દ્વારા.

જૂનાગઢ શ્રીસ્વામિનારાયણ મંદિરના એક મહાવિદ્વાન સંત પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ન્યાયાચાર્ય, એમ.એ., બનારસ ક્વિન્સ કોલેજના સારા વિદ્વાનશ્રીનો સમાગમ કરવાથી તેમનામાં દિવ્યભાવના પ્રગટ થઈને બોમ્બે યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં વિધિસર પ્રવિષ્ટ થયા, બાવદીન કૉલેજમાં પરીક્ષાઓમાં પસાર થયા, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વિશ્વમાં પ્રસારણ થવામાં મદદસ્વરૂપ આગળ આગળ દૃઢ અભ્યાસ ચાલુ રાખ્યો હતો, તેઓ તમામ સંસ્કૃતના વિભાગોમાં અજોડ અદ્વિતીય પારંગત મહાધુરંધર વિદ્વાન છે, સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી, ગુજરાતીના પુરા કૃતકૃત્ય પારંગત વિદ્વાન છે, એમણે ૫૪ ગ્રંથો, ભાષ્યો, ટીકાઓ, સૂત્રો, શ્લોકો, કાવ્યો, સાહિત્ય, તત્ત્વજ્ઞાનો, તાર્કિક, દાર્શનિક પ્રણાલીના ગ્રંથો લખ્યા છે તેમણે - મહામહોપાધ્યાય, વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ, દાર્શનિકપંચાનન, ષડ્દર્શનાચાર્ય, નવ્યન્યાયાચાર્ય, ન્યાયવૈશેષિકશાસ્ત્રી, સાંખ્યયોગતીર્થ, વેદાંતતીર્થ, મીમાંસાતીર્થ, દાર્શનિકમાર્તાણ્ડ, સાહિત્યમનીષી, તાર્કિકવાચસ્પતિ, એમ.એ. ડૉકટર, પી.એચ.ડી., ડી.ફિલ, ડી.લિટ્ એવી સંસ્કૃત, અંગ્રેજી અનેક ઉચ્ચ ડિગ્રીઓ મેળવે છે, વિશ્વના છસો વિદ્વાનો તરફથી અભિનંદન પ્રાપ્ત થયા છે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની શ્વેત સંગેમરમરની મોટી બેઠી મૂર્તિ વૈદિક વિધિથી ત્યાંના રાષ્ટ્રીય ભવનમાં પધરાવવામાં આવી છે, તેમની જન્મભૂમિના ભવનમાં સંગેમરમરના ચરણકમળો પધરાવવામાં આવ્યા છે, આ સ્થળો શુભ મંદિર તરીકે તીર્થસ્થળો થયેલાં છે, માનતાઓ, બાધાઓ પૂરી થાય છે.

- સેવક વસાવડા સાહેબ,મુંબઈ.

જાહેરસભા, વારાણસી, તા.૧૧-૧-૩૨

શ્રીસ્વામિનારાયણ સિદ્ધાંત જાણવા માટે 'શ્રીસ્વામિનારયણ વેદાંતસાર' ઉપસ્થિત છે, તેથી સમજવું, શ્રી સ્વામિનારાયણનું મહાકાવ્ય- 'કૃષ્ણે ભક્તિશ્ચ સત્સંગઃ' તત્ત્વપદાર્થ- જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ, પરબ્રહ્મ પંચ તથા સત્સંગીજીવન, શ્રીહરિદિગ્વિજય તથા પ્રસ્થાનપત્રય મેળવીને વાંચવા. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી, કાશી, નાગેશ્વરમઠ, કાશી.

જાહેર વિજ્ઞપ્તિ, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી, કાશી, લાંગલેશ્વરજી.

શ્રીસ્વામિનારાયણ મતના ખંડન કર્તાઓને અટકાવવા સત્સંગ સમુદાય જાગ્રત થાઓ, 'શિક્ષાપત્રી ધ્વાન્તનિવારણ', 'સ્વામિનારાયણ મતખંડન', 'સહજાનંદનું ધતિંગ', 'સત્યાર્થ પ્રકાશ', 'વૈતાલશાસ્ત્રીનું જીવનચરિત્ર', 'આર્યવિદ્યા સુધાકર', આ ગ્રંથોમાં આર્યસમાજ તરફથી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું અંશતઃ ખંડન કરેલ છે, તેજ ખંડન માટે જાગ્રત થાઓ. સુધા, રાજકોટ, ૧૧, ૫, ૨૪ પૃષ્ઠ.

પોરબંદર, સુદામા મંદિર, જાહેરસભા.

તા.૨૨-૯-૧૯૩૧, સર્વશાસ્ત્ર સંપન્ન ભગવતાનંદજી મહામંડલેશ્વરના પ્રમુખપણે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી તથા સંકર્ષણાચાર્યજીના સંસ્કૃતના શાસ્ત્રાર્થો અને પ્રવચનોમાં સાયંકાલે ૬થી હાજર રહેવા વિદ્વત જનતાને વિજ્ઞપ્તિ. શાસ્ત્રીઓ બળવંતરાય દીક્ષિત, ભાઈશંકર કામેશ્વર, રેવાશંકર બેચર, વિશ્વનાથ માધવજી, પ્રેમજી મૂળજી, મણિલાલ રણછોડદાસ, નરભેશંકરભાઈ વકીલ ગોવિંદજીભાઈ તથા હરિલાલભાઈ, ત્રણ દિવસ શાસ્ત્રાર્થો અને વ્યાખ્યાનો રહેશે.

સંસ્કૃત સાહિત્ય માટે પુરસ્કારોની ઘોષણા

વર્ષ ૫૯, ૨૮ નવેમ્બર, ૧૯૭૮ ઈ., વારાણસી મંગળવાર સૌર, ૧૨ માર્ગશીર્ષ ૨૦૩૫ વિક્રમ. સંસ્કૃત સાહિત્ય માટે પુરસ્કારોની ઘોષણા (આજ દૈનિકમાં) કાશીના સાહિત્યકાર પુરસ્કૃત 'લખનૌ કાર્યાલય' લખનઉ ૨૭ નવેમ્બર, ઉત્તરપ્રદેશ-શાસન દ્વારા સંસ્કૃત સાહિત્ય માટે નિર્દિષ્ટ નિમ્ન લિખીત પુરસ્કારોની ઘોષણા ઉત્તરપ્રદેશ સંસ્કૃત અકાદમીના કાર્યકારિણી સમિતિએ કરેલ છે.

ત્રણ હજાર રૂપિયાના વિશેષ પુરસ્કાર નિમ્ન લિખિત વ્યક્તિઓને કરેલ છે. સંસ્કૃત ન્યાય તત્ત્વપ્રભાવલી, લેખક શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી, મહાગુજરાત, જૂનાગઢ.

વિનીત વ્રજભવનદાસ ગુપ્તા.

ચૌખમ્બા ઓરિયેન્ટાલિયા, સંસ્કૃત સંસ્થા,
વારાણસી-૨૨૧૦૦૧, (મ.પ્ર) ભારત.
પૂજ્ય સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ,
શ્રીસ્વામિનારાયણ મંદિર, ભંડારના મેડા પર, જૂનાગઢ, સૌરાષ્ટ્ર

સાદર પ્રણામ, આપકો યહ જાનકર પ્રસન્નતા હોગી કી ઉત્તર પ્રદેશ શાસન રાજ્યને આપ કી પુસ્તક તત્ત્વપ્રભાવલી પર રૂ.૩૦૦૦ કા પુરસ્કાર દેને કી ઘોષણા કી હૈ, યહ વિજ્ઞપ્તિ યહાં કે દૈનિક 'આજ' કે દીન તા. ૨૮-૧૧-૭૮ કે સંસ્કરણ મેં પ્રકાશિત હુઈ હૈ, સંભવતઃ આપકો ઉત્તર પ્રદેશ શાસન રાજ્ય કી ઔર સે ઉત્તર પ્રદેશ સંસ્કૃત અકાદમી કા પત્ર મિલ ગયા હોગા, અથવા મિલેગા, સૂચનાર્થ નિવેદન હૈ, અન્ય યોગ્ય કાર્ય લિખેંગે.

તા. ૨૫-૫-૧૯૩૮, જાહેરસભા,
યશોનાથજી મહાદેવજીના વિશાળ મેદાનમાં, ભાવનગર.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ કાશીથી પધાર્યા છે, તેમના આધ્યાત્મિક પ્રવચનોનો લાભ લેવા તમામ જનતાએ પધારવું.

લિ. ભવાનભાઈ, પારેખ મોતીલાલભાઈ, ગૌરીશંકરભાઈ ઋષિજી, આણંદભાઈ, સુરતીસાહેબ, નાયબ દિવાનજી.

મુંબઈ સમાચાર (ન્યૂઝ પેપર) તા.૩૧-૧૦-૧૯૮૧.

જુગ જુગ જીવો સંત.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની ૭૭મી જન્મજયંતી શ્રીહરિ શરણાગતિ મંડળના ભક્તોએ ધામધૂમપૂર્વક ઉજવી.

ફૂલછાબ (ન્યૂઝ પેપર) તા.૧૧-૧૧-૧૯૮૨.

જન્મદિવસ ઉજવાયો.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની ૭૮મો જન્મજયંતી શ્રીહરિ શરણાગતિ મંડળના ભક્તોએ ધામધૂમપૂર્વક ઉજવી.

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા (ન્યૂઝ પેપર) તા.૧૧-૧૧-૧૯૮૨.

જન્મદિવસ ઉજવાયો.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની ૭૮મો જન્મજયંતી શ્રીહરિ શરણાગતિ મંડળના ભક્તોએ ધામધૂમપૂર્વક ઉજવી.

જયહિન્દ (ન્યૂઝ પેપર) તા.૧-૦૩-૧૯૮૬.

વિશ્વવંદ્ય વિભૂતિ, વિદ્વત્વર્ય, પ્રકાંડ પંડિત, મહામહોપાધ્યાય સદ્‌ગુરૂ શાસ્ત્રી સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ સ્વેચ્છાએ સ્વતંત્ર રીતે પોતાના પંચભૌતિક દેહનો ત્યાગ કર્યો.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે વિક્રમ સંવત ૨૦૪૪ના મહા વદ-૪ને શુક્રવારે તા.૨૮-૨-૧૯૮૬ના પ્રાતઃકાળે જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં પોતાના નિવાસસ્થાન શ્રીબાલમુકુંદ ભુવનમાં દેહત્યાગ કરી ધામમાં સિધાવ્યા.

નોંધ : શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે પ્રાપ્ત કરેલ ડિગ્રી, સર્ટિફિકેટો તેમજ તેમના વિશેની પ્રાપ્ત થયેલા ન્યૂઝ પેપરની કોલમો આ અભિનંદન ગ્રંથમાં ફોરકલર પેઈજમાં પણ મૂકવામાં આવેલ છે. જેની વાચકમિત્રોએ અવશ્ય નોંધ લેવી.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે પોતાનાં અભ્યાસકાળ તેમજ તે પછીના સમયમાં જીવનભર અનેક શહેર તેમજ ગામડાંઓમાં વિવિધ શાસ્ત્રોની કથા-પારાયણ કરી ઉપરાંત અનેક સ્થળોએ જાહેરસભાઓમાં સત્‌શાસ્ત્ર, ધર્મ અને સામાજીક વિષયો ઉપર પ્રવચનો કર્યા તેમજ વિદ્વાન પંડિતોની મહાસભાઓમાં શાસ્ત્રાર્થ કરી મહાવિજય પ્રાપ્ત કર્યો આ તમામ વિગતોની પ્રાપ્ત થયેલ ટૂંકમાં માહિતી નીચે પ્રમાણે છે...

જાહેર વ્યાખ્યાનો વિજ્ઞપ્તિ વિગેરે

૧.	જાહેર વ્યાખ્યાન	સુરત	તા.૫-૩-૩૭
૨.	જાહેર વિજ્ઞપ્તિ વ્યાખ્યાન	ભાવનગર	તા.૨૫-૨-૩૮
૩.	જાહેર સભા	બોટાદ	તા.૧૬-૯-૩૫
૪.	વિજ્ઞપ્તિ શાસ્ત્રાર્થ	જૂનાગઢ	તા.૨૭-૯-૩૧
૫.	ઉપસંહાર ભાષણ	અમદાવાદ	તા.૧-૧૦-૩૮
૬.	જાહેરખબર વ્યાખ્યાન સંસ્કૃત શાસ્ત્રાર્થ	પોરબંદર	તા.૧૯-૯-૩૧
૭.	ગીતાજી પર પ્રવચન	જેતપુર	સંવત ૧૯૩૧
૮.	પ્રશંસના સુધા	રાજકોટ	તા.૧-૧૦-૩૮
૯.	વિજ્ઞપ્તિ વ્યાખ્યાન	ગોંડલ	તા. ૧૬-૧૦-૩૧
૧૦.	ધાર્મિક પ્રવચન	જૂનાગઢ	તા. ૧૮-૧૦-૬૩
૧૧.	વિરાટ સભા વ્યાખ્યાનો	અમદાવાદ	તા. ૧૦-૧૧-૩૭
૧૨.	વિરાટસભા	અમદાવાદ	તા.૧૪-૮-૩૮
૧૩.	વિરાટસભા-સંસ્કૃત વ્યાખ્યાનો	બનારસ	તા.૭-૧૦-૨૯
૧૪.	વિરાટ બ્રાહ્મણ મહાસંમેલન	કાશી	આજ દૈનિક
૧૫.	વિજ્ઞપ્તિ વ્યાખ્યાન	ખંભાત	તા.૨૭-૫-૪૪
૧૬.	જાહેરખબર સભા વ્યાખ્યાન	અમરેલી	તા.૨૯-૭-૪૩
૧૭.	વિજ્ઞપ્તિ જાહેર વ્યાખ્યાન	માંગરોળ	તા.૬-૫-૪૫
૧૮.	વિજ્ઞપ્તિ ધાર્મિક પ્રવચન	ઉપલેટા	તા.૧૫-૪-૪૫
૧૯.	સાપ્તાહિક જપ યજ્ઞ	અમરેલી	તા.૨૮-૭-૪૩
૨૦.	ભાષણ	અમદાવાદ	તા.૧-૧૦-૩૮
૨૧.	ક્ષત્રિય કર્તવ્ય (રાષ્ટ્રશક્તિ)	જેતપુર	તા.૧-૯-૪૧

વ્યાખ્યાન પીઠ સ્થળો

સંવત	૧૯૭૮	જૂનાગઢ સભા સ્થાનમ્
સંવત	૧૯૭૭	જૂનાગઢમાં સત્સંગિજીવન પારાયણ તથા વ્યાખ્યાનો
સંવત	૧૯૭૮	મુળી સામૈયામાં આધ્યાત્મિક પ્રવચનો
સંવત	૧૯૨૬	હરિદ્વાર કુંભ ચઢાવમાં મહાસભામાં પ્રવચનો
સંવત	૧૯૮૪	જૂનાગઢમાં અનંત ધર્માલયમાં જાહેર પ્રવચનો
સંવત	૧૯૮૬	કાશી જ્ઞાનવાપીમાં પંડિત સભામાં સંસ્કૃત પ્રવચન
સંવત	૧૯૮૭	રાજકોટ જ્યુબિલીમાં જાહેર સંસ્કૃત તથા ગુજરાતી પ્રવચન
સંવત	૧૯૮૭	ગોદાવરી નાશિક મહાસભામાં સંસ્કૃત શાસ્ત્રાર્થ, વિજય ૩૦૦ની કિંમતનો દુપટ્ટો સભામાં પારિતોષિક મળ્યું
સંવત	૧૯૮૭	મુંબઈમાં જાહેર પ્રવચન
સંવત	૧૯૮૭	રાજકોટ, જેતપુર, બોટાદ, ગોંડલ જાહેર પ્રવચનો
સંવત	૧૯૯૧	હરિહર ક્ષેત્રમાં હિન્દી જાહેર પ્રવચન
સંવત	૧૯૯૧	સારંગપુરમાં જાહેર પ્રવચન
સંવત	૧૯૯૧	કાશી જ્ઞાનવાપી મહાસભામાં સંસ્કૃત પ્રવચનો
સંવત	૧૯૯૨	ઉનાનગરમાં જાહેર પ્રવચનો
સંવત	૧૯૩૭	રામકૃષ્ણ શતાબ્દિ પરિષદમાં પ્રવચનો
સંવત	૧૯૯૪	સુરતમાં ધનુર્માસમાં પ્રવચનો, ભરૂચમાં પ્રવચનો સોરઠ વંથલીમાં પ્રવચન ભાવનગર યશોનાથ મેદાનમાં જાહેર પ્રવચનો શ્રીનગર અમદાવાદમાં ૧૮ દિવસો જાહેર પ્રવચનો
સંવત	૧૯૯૫	જેતપુરમાં જાહેર પ્રવચનો
સંવત	૧૯૯૬	કામરૂપ કામાક્ષી મંદિરે જાહેર પ્રવચન ગૌહતી મણીપુરમાં પ્રવચનો મારવાડી ગોલા વસતિમાં પ્રવચનો (આસામ) લશ્કર સમાજમાં પ્રવચનો (લશ્કર છાવણી) ૐ બાવા મંદિરે પ્રવચનો ચટગાંવમાં પ્રવચન, કલકત્તામાં પ્રવચનો
સંવત	૧૯૯૭	કાલાવડમાં જાહેર પ્રવચનો
સંવત	૧૯૯૮	મૂર્તિ પ્રતિષ્ઠા-કાશી, મહાસભા સંસ્કૃત પ્રવચનો
સંવત	૨૦૦૦	આણંદમાં પ્રવચનો સુરતમાં, ખંભાતમાં, વડતાલમાં પ્રવચનો

સંવત	૨૦૦૧	ઉપલેટામાં જાહેર પ્રવચનો ચાંદા સી.પી.માં પ્રવચનો રાજમહેન્દ્રીમાં પ્રવચનો મદ્રાસમાં દુભાષિયા નિયુક્ત કરીને પ્રવચનો, પંઢરપુરે પ્રવચનો
સંવત	૨૦૦૨	માણાવદરમાં પ્રવચનો
સંવત	૨૦૦૩	જબલપુરમાં પ્રવચનો ચાંદાનગરમાં પ્રવચનો અહીરી સ્ટેટ રાજકુટુંબને કંઠીઓ બાંધી સત્સંગી કર્યા
સંવત	૨૦૦૬	કુંડલામાં વ્યાખ્યાન આપ્યા
સંવત	૨૦૨૪	પૂના ફગેવાડી કરાડ બોરીવલી કાંદીવલી ચોપાટી આદિક સ્થળોમાં જાહેર મહાસભાઓમાં પ્રવચનો આપ્યા.
સંવત	૨૦૨૫	કાશીમાં લાલજી વિવાહ પ્રસંગે પંડિતોની મહાસભાઓમાં સંસ્કૃત પ્રવચનો આપ્યા શાસ્ત્રાર્થો કર્યા.
સંવત	૨૦૨૬	પોરબંદર મહાસભાઓમાં પ્રવચનો આપ્યા.

જૂનાગઢમાં રાધારમણદેવના ૧૫૦ વર્ષના પાટોત્સવમાં તેમજ ભગવાન શ્રીસ્વામિનારાયણના ૨૦૦ વર્ષનાં પ્રાગટ્યોત્સવના દ્વિશતાબ્દી મહોત્સવમાં વ્યાસપીઠ પર કથા-પારાયણ.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું અદ્‌ભૂત યોગદાન

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સ્વામિનારાયણ સંપ્રદાયમાં દિક્ષીત થયા હતા, માટે પોતાનું સંપૂર્ણ જીવન સંપ્રદાયમાં જ વ્યતિત કરી અને દેશ-વિદેશમાં પોતાના વિદ્વતાપૂર્ણ શાસ્ત્રોનો પ્રચાર કરી સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતનો પાયો દૃઢ કરી દીધો. તેમજ અનેક કથા-પારાયણો અને શાસ્ત્રાર્થો દ્વારા ઉપરાંત અનેક સર્વજીવહિતાવહ કાર્યો કરી સંપ્રદાયનો ખૂબ ખૂબ પ્રચાર કર્યો. આ સત્ય હકીકતની માહિતી અહિં સંક્ષિપ્તમાં રજૂ કરેલ છે.

જેતપુર, ગાદીના સ્થાનમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં જય બોલાવવાની ગોઠવણીમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય શાસ્ત્રીજીએ શ્રીસ્વામિનારાયણ ભગવાનની જય-આવે એવી મૂર્તિઓની જયમાં લિખિત જય વ્યવસ્થા કરીને તે પ્રમાણે જય બોલાવવી ચાલુ કરી હતી, શ્રીશાસ્ત્રીજી મહારાજે જ્યાં જે પારાયણો કથાઓ તથા શ્રીપતિના અવસરમાં ઉત્સવ-સમૈયાઓના અવસરોમાં સર્વત્ર નિત્ય શ્રીસ્વામિનારાયણ ભગવાનની જય બોલાવી ચાલુ રાખી જ હતી, ધોરાજીમાં શ્રીસ્વામિનારાયણ ભગવાને જયસ્વામિનારાયણ એમ સભાને અંતે ઉચ્ચાર્યું તે પ્રમાણે વચનામૃતમાં પ્રમાણ જયસ્વામિનારાયણ શબ્દ પ્રસિદ્ધિમાં છે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ કાશી તરફ ભણવા પધાર્યા ત્યારે ભારતની સામે શ્રીસ્વામિનારાયણ સંપ્રદાય કચ્છ કાઠિયાવાડ ગુજરાતના સમુદ્ર કાંઠાના એરિયાઓમાં અતિ ટૂંકી લીરમાં જણાતો, દૈનિક પેપરોવાળા તેવી બાબતના લેખો લેતા નહિ, સંપ્રદાય ન રાખવા એવા વિચારોના રાજકીય માનવો થવા લાગ્યા.

શ્રી શાસ્ત્રીજી મહારાજે નિજ નવીન વિચાર સ્વામિનારાયણ નામ અને સંપ્રદાય ભારતભરમાં તથા વિદેશોમાં શેવ વૈષ્ણવ સંપ્રદાયોની પેઠે ઓળખાણમાં આવવા લાગે એ માટે નક્કી કરી ગ્રંથ લેખન દ્વારા સુમૂર્ત સ્વરૂપે લાવવા વિ.સં. ૧૯૯૧થી આરંભ કર્યો. ગીતા પ્રેસ ગોરખપુર કલ્યાણમાં તેવા લેખો અને બ્લોકો આપ્યા, જે વડે શ્રીસ્વામિનારાયણ ભગવાન અને તે વખતના ચમત્કારી સંતો ચમત્કારો પ્રસિદ્ધિમાં મેલાણા, કાશીજીના વિશ્વવિદ્યાલય ક્વિન્સ કોલેજ વિગેરેમાંથી નીકળતા સંસ્કૃત માસિકોમાં સંસ્કૃત લેખો શ્લોકો વૃત્તાંતો વિગેરે આપ્યા, શ્રીસ્વામિનારાયણ વેદાંતસાર નામક ગ્રંથની અઢી હજાર પ્રતો છપાવીને વિદ્વાનોને ભેટ આપી. ભારતમાં પ્રચાર એક એક વર્ષમાં ચાલીસ હજારથી વધારે વિદ્યાર્થીઓ ભણી શકે માટે પરીક્ષામાં ખાસ નિર્ધારીત ટેકસ્ટ બુક સંસ્કૃત તર્ક સંગ્રહ ન્યાયગ્રંથ અને ન્યાયસિદ્ધાંતમુક્તાવલી ઉપર કિરણાવલી ટીકાઓ તથા ટિપ્પણીઓ લખીને દુકાનદારોને વિના બદલો લેવાના ઠરાવે આપી દીધીઓ જેના કેટલાક એડીશનો પ્રચારમાં નીકળ્યા, પછી સાંખ્ય યોગ શાસ્ત્રો ઉપર કિરણાવલી ટીકાઓ તથા મૂલ સૂત્રો ઉપર શ્રીસ્વામિનારાયણ ભાષ્યો લખીને પુસ્તક વિક્રેતાઓને આપી દીધા જેનો બ્હોળો પ્રચાર થયો, પછી અવિદ્વત્ પ્રજાને માટે હિન્દી વચનામૃતો હિન્દી શ્રીગુણાતિતાનંદ

સ્વામી વાર્તાઓ તથા શ્રીગોપાળાનંદ સ્વામી વાર્તાઓ લખી જાહેરમાં મૂકી, વિના મૂલ્યે યોગ્ય તમામ લાયબ્રેરીઓમાં, સંસ્થાઓમાં, ભારતમાં આપી. છ દર્શન શાસ્ત્રો ઉપર માર્મિક ટીકાઓ તથા એક એક ગહન પ્રમાત્વ પ્રામાણ્ય ખ્યાતિ પાંચ તત્ત્વો વિગેરે ઉપર સંસ્કૃત ગ્રંથો લખી જાહેરમાં આપ્યા તેનો ભારતમાં ઘણો પ્રસાર તેમજ પ્રચાર થયો. વિદ્વાનોમાં અને દિલ્હી, અલાહાબાદ, કલકત્તા, લાહોર ભૂતપુરી મદ્રાસ, નાલંદા, વડોદરા, પાટલીપુત્ર વિગેરે શિક્ષા વિભાગમાં ઘણો બહોળો પ્રચાર થયો, સરકારે અને મહાધનાઢ્ય પ્રેસોવાળાએ પોતાની કમાણી માટે પ્રચાર કર્યો. દેશ-વિદેશોના કેટકેટલા લોકોમાં આ ગ્રંથો છપાયેલા નિર્દેશ સાક્ષાત્ જોવામાં આવ્યા, જર્મન અમેરિકા ઈંગ્લેન્ડ વિગેરે સ્થળોએ એ ગ્રંથો પહોંચેલા તેના લિસ્ટમાં વાંચવામાં આવ્યા.

બનારસ યુનિવર્સિટી, લાહોર યુનિવર્સિટી, બંગાળ યુનિવર્સિટી અને વડોદરા યુનિવર્સિટી, સંસ્કૃત વિભાગમાં શ્રીસ્વામિનારાયણ વેદાંત પ્રથમા, મધ્યમા અને ઉત્તમા આચાર્ય શાસ્ત્રી રત્ન તીર્થ વિગેરે પરીક્ષાઓમાં દાખલ કરાવવા સંપ્રદાયિક તથા દાર્શનિક શાસ્ત્રોનો કોર્સ સંપૂર્ણ અરજી તરીકે મોકલવામાં આવ્યો, તેનો જવાબ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને ઉત્સાહ સાથે મળ્યો, તેમાં જણાવેલ જે કોર્સ અમો લિસ્ટમાં મેલિયે તેના માટે ચાલુ વર્ષે જ બબે વિદ્યાર્થીઓ એમ દસ વિદ્યાર્થીએ તેમાં પરીક્ષા માટે ફોર્મ ભરે જેથી તે કોર્સ ચાલુ થઈ જશે.

સ્વામીશ્રીએ કાશીજીમાં શ્રીસ્વામિનારાયણ વિદ્વાન્મંડળ સ્થાપિત કર્યું, જાહેર સભાઓમાં વ્યાખ્યાન આદિ વડે સંપ્રદાયના પ્રચાર વિશેષ સ્વરૂપે થાય તેના પત્રો વિગેરે નામ રજીસ્ટર્ડ સ્વરૂપે ગોઠવાયાં, જાહેરમાં મેલાયા. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ વિશ્વવિદ્યાલયના બ્રાહ્મણ મહા સંમેલનમાં દાખલ થઈ સભાઓમાં સંસ્કૃત વ્યાખ્યાનો અને સભ્ય તરીકેના કામકાજો ઉપાડ્યાં તે રીતે શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતો પ્રચાર કરવાનો સારો સમય મળ્યો અને બ્રાહ્મણ મહા સંમેલન ભરવા માટે આચાર્ય શ્રીવાસુદેવપ્રસાદજી મહારાજ દ્વારા સંકલન કર્યું, તે સફળ થયું અને બ્રાહ્મણ મહાસંમેલનના તમામ દસેક હજાર વિદ્વાનોમાં શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયે પ્રત્યક્ષ દર્શનરૂપે સ્થાન મેળવ્યું, ત્યારબાદ આચાર્યોને વિદ્વાનોના કુટુંબોમાં સંબંધો બાંધવા વારંવાર સલાહ-સૂચન શ્રીશાસ્ત્રીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય તરફથી અપાતું રહ્યું, જેનું ફળ કાશીના વિદ્વાનોમાં સ્થાયી કુટુંબોમાં વેવાઈવેલાના સંબંધો બંધાયા આ બાબતો ચાલુ જ હતી, શ્રીપતિપ્રસાદજી મહારાજ કાશીજી પધારેલા ત્યારે વિદ્વાનો તરફથી હારતોરા સન્માન કરાવેલા કાશીજીમાં મંદિર કરાવવા ભલામણ કરાવાયેલી, વિદ્વાનોનાં તરફ લક્ષ્ય આપી શ્રીપતિપ્રસાદજી મહારાજે કાશીજીની મંદિર કરવાની જમીનમાં ખાતમુહૂર્ત કર્યું હતું.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી અને બીજા વિદ્વાનો લક્ષ્મણશાસ્ત્રીજી વિગેરે ભેળા હતા, ત્યારબાદ આચાર્યશ્રીએ આવશ્યકતા સમજી કલકત્તામાં પધારી મંદિર માટે એક ત્રણ ચાર માળનું મકાન લઈ તેમાં મંદિર કરાવ્યું, સંતોને રાખ્યા અને કાશીજીનું મંદિર લાંબેકાળે પૂરું થયું તેમાં પ્રતિષ્ઠા મહોત્સવમાં ઘનશ્યામદાસ બીરલા તરફથી સોનાના બાકડાં, ખુરશીઓ, તંબુઓ ઉનની જાજમો વિગેરે મહા સામગ્રીઓ સમીયાણો મેળવી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ મહોત્સવ ધામધૂમે ઉજવ્યો હતો તેમાં મહામહોપાધ્યાયો આચાર્યો બીરલા શ્રી તથા અધિકારી, નાગરિકો વિગેરેની

જાહેરસભા ગોઠવી હતી તેમાં વિદ્વાન પંડિતોની મહાસભામાં સંસ્કૃતના પ્રવચનો શાસ્ત્રાર્થો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે મહાવિજય પ્રાપ્ત કરીને વડતાલ મંદિરના કોઠારી શાસ્ત્રી ધર્મસ્વરૂપદાસજી તેમજ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી હસ્તક મહાસભામાં ઉપસ્થિત સર્વ વિદ્વાન પંડિતોને દાન-દક્ષિણાઓ તેમજ પારિતોષીકો અર્પણ કરી સૌનું વિશેષ સન્માન પૂજન કરી, સર્વ વિદ્વાનો દ્વારા પૂજ્ય આચાર્ય શ્રીઆનંદપ્રસાદજી મહારાજને ધર્મગુરૂનો ૧૦૦૮ અંક સમ્માનમાં અપાયો હતો. તે પહેલા સંપ્રદાયની ગાદિ પર બિરાજમાન આચાર્ય મહારાજશ્રીના શુભ નામ આગળ ૧૦૮નો શુભ અંક સમ્માનમાં લેવામાં આવતો. હવે ૧૦૦૮નો અંક સમ્માનમાં હંમેશા લગાવવામાં આવે છે. તેનો યશ અવશ્ય નિઃસંદેહ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના ફાળે જાય છે. આ મહાન અલૌકીક કાર્ય બદલ આચાર્ય શ્રીઆનંદપ્રસાદજી મહારાજ તેમના પર વિશેષ રાજી થયા હતા.

કાશીજીમાં શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયની ઉત્કૃષ્ટતા વૈષ્ણવતા સરયૂપારીણમાં ભગવાન શ્રીહરિનું પ્રાગટ્ય અને મહાગુજરાતના મહાન સંપ્રદાય વિપ્ર ભગવાન સ્થાપિત પવિત્ર સંપ્રદાય વિશેષપણે જાહેર થયો હતો.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી વિરચિત ગ્રંથો દ્વારા વિદ્વાનોમાં દેશ-પરદેશમાં સંપ્રદાય વધારે પ્રખ્યાતિ પામવા લાગ્યો, હિતોપદેશ કિરણાવલી તર્કસંગ્રહ કિરણાવલી આદિ પ્રથમાના ગ્રંથો તો સો એ સો એડિશનોમાં મુદ્રિત થઈ પ્રેસો દ્વારા અભ્યાસીઓ દ્વારા જગતમાં વ્યાપ્ત થયા. સ્વામિનારાયણ સંપ્રદાય, આચાર્યો, બ્રહ્મચારીઓ, સાધુઓ, પાર્ષદો, હરિભક્તો, સાંખ્યયોગી સતીઓ અને ધર્મવાળી બાઈઓ તથા મંદિરો, મૂર્તિઓ, ઉપાસનાઓ, વિગેરેમાં ચડિયાતા નંબરમાં પ્રસિદ્ધિ પામ્યો. નાની મોટી શિક્ષાપત્રીઓ હજારો પંડિતોને અપાઈ, તે ઉપરથી સર્વમાન્યતા સ્થિર થઈ, જૂના વખતના લોક કથણીના ભ્રમો ટાળી નાખ્યા, મંદિર અને સંતો કાશીમાં સતત રહેવા લાગ્યા, જે તીર્થવાસીઓ દ્વારા પણ જગતભરમાં ખ્યાતિઓના પમાડનારા થયા, કોઈ કોઈ અંગ્રેજી પુસ્તકો લખાવા લાગ્યા, સંપ્રદાયોમાં બંડ જાગવા લાગ્યા, તેઓએ પણ યશકિર્તી મેળવવા કાશીના આશ્રયો લીધા. પોતપોતાને માટે ડુગડુગીઓ ચાલુ રાખી તેમાંથી મહાઢોલ વાગતા વહેતા મેલ્યા.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ સંપ્રદાય તરફથી જાહેર વ્યાખ્યાનો ગુજરાત સૌરાષ્ટ્ર વિગેરેમાં વધારે પ્રમાણમાં ચાલુ રાખ્યા અને દાર્શનિક સિદ્ધાંતોમાં વૈષ્ણવ સિદ્ધાંતોમાં અને સ્વતંત્ર તત્ત્વ પદાર્થોમાં તથા ફલ સાધન અને સ્થાપનાઓમાં, સાચો સાથ કર્મકાંડોમાં, વીજળીના પ્રકાશમય મહાપ્રકાશો જનતામાં સભાઓ દ્વારા જાહેર શિક્ષા પ્રવાહો ઉપદેશાત્મક વિજ્ઞાનો અને કર્તવ્યપરાયણાઓ વહેતી મૂકી હતી, જેથી સંપ્રદાયના નવીન યુવક સંતો આ પ્રણાલીને અપનાવીને જાહેર વ્યાખ્યાતાઓ થવા લાગ્યા, દેશ-પરદેશમાં વિચરવા લાગ્યા અને વિદેશોમાં વસતા સત્સંગીઓને સંપ્રદાયના પ્રચારમાં મદદરૂપ થવા લાગ્યા, મંદિરો પરદેશોમાં સ્થપાયાં. આવી વિશાળતાના બીજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ સંપ્રદાયની સેવા તરીકે રોપ્યાં-ઉગાડ્યા અને પોષ્યાં છે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ સૌરાષ્ટ્રમાં વસવાટ કર્યા પછી વિશ્વભરમાં સંસ્કૃત સંસ્થાઓમાં, કયાંય બાકી ન રહે તેનો વિમર્શ કરીને, શ્રીસ્વામિનારાયણ ભગવાનનું પ્રાકટ્ય, જે વડે જાણવામાં, ભણાવવામાં આવે તેનું કાર્ય, શ્રીઅચિંત્યાનંદજી બ્રહ્મચારીએ જૂનાગઢમાં રહી સંસ્કૃત ૧૭ સત્તર સર્ગોનું એક ઉત્તમ કાવ્ય શાસ્ત્ર રચ્યું, લખ્યું સટીક બ્રહ્મચારી ઈશાનંદજી શાસ્ત્રીજી બાળકૃષ્ણાનંદજી દ્વારા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને પ્રાપ્ત થયેલ, તે કાશીના મહંત શ્રીશ્વેતવૈકુંઠદાસજી ન્યાયાચાર્યને મુદ્રિત કરાવવા આપ્યું, તે સારે સ્વરૂપે મુદ્રિત થયું, અને તેને વિશ્વને છેડે સુધી પહોંચાડવા, મહાવિદ્યાલયોમાંથી સંસ્કૃત તથા અંગ્રેજી આદિ કોલેજોના દુનિયાભરના લિસ્ટો મગાવીને, તેમાંથી પ્રત્યેક શિરનામે મોકલાવવા માટે પ્રસિદ્ધ થયેલા કાવ્યના પુસ્તક રવાના કરવા વિદ્વાન શ્રીગઢપુરના કાશી નિવાસી હરિપ્રકાશશાસ્ત્રીજી દ્વારા ગોઠવણી કરી, તેઓએ આ પૃથ્વીના એશિયાના આફ્રિકા વિલાયત રશિયા, ચીન, જાપાન, જાવા, સુમાત્રા, ભારત વિગેરે દેશોમાં, ઓસ્ટ્રેલિયા, લંકા વિગેરેમાં ઈંગ્લેન્ડ વિગેરેમાં અમેરિકા, કેનેડા વિગેરેમાં ગ્રીનલેન્ડ, જર્મન, ફ્રાંસ, સ્પેન, હોલેન્ડ, પોલેન્ડ, તૂર્કસ્તાન, ઈટાલી વિગેરેમાં અરબસ્તાન, પાકિસ્તાન, બલુચિસ્તાન, અફઘાનિસ્તાન, ઈરાન, તહેરાન, બસરા, હિમાલયના તિબ્બત, કાશ્મીર, નેપાળ વિગેરેમાં કોઈ શિક્ષણ વિભાગ રહી ન જાય એ રીતે એક વર્ષ બરાબર મહેનત લઈ તમામ સંસ્થાઓમાં તે કાવ્ય રવાના કરી દીધા અને તેનો મોકલવાનો તમામ ખર્ચ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ પૂરો પાડ્યો, જે કાવ્ય વડે તથા બીજા ગ્રંથો વડે આ પૃથ્વીના ગ્લોબમાં દેશોના વિદ્વાનો શ્રીસ્વામિનારાયણ સંપ્રદાય ભારતમાં છે એમ વધારે જાણતા થયા, ઘણા પત્રો આવ્યા, જેમાં પોતાના વિભાગોમાં તે તે ગ્રંથોને નિશ્ચિત મૂકવા માટે વચનો આપ્યાં.

જગતભરના વિદ્વાનોનાં અભિનંદનો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને માટે આવવા લાગ્યા. તેથી તે અભિનંદન પત્રોનો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી અભિનંદન ગ્રંથ-વિદ્વાનોકૃત-અભિનંદનાનિ નામના ગ્રંથનું પ્રકાશન પણ કરવામાં આવ્યું.

સાંપ્રદાયિક સંતો વડે સરયૂપારીણ બ્રાહ્મણ વંશમાં શ્રીસ્વામિનારાયણ પરમાત્માએ પ્રાકટ્ય લઈ ભક્તિમાર્ગ ઉત્તમ રીતે સ્થાપ્યો, આ સરયૂપારીણ વિદ્વાનોમાં સ્પષ્ટ થયું. તે માટે ભારતમાં કાશીમાં સંપ્રદાયનું ઘણું માન સન્માન વૃદ્ધિ પામ્યું છે.

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયની પ્રસિદ્ધિ માટે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે જીવનપર્યન્ત પોતાની કલમ ચાલુ જ રાખી છે, રાત-દિવસ ભક્તિ અને જ્ઞાન વિદ્યામાં નિજ સંતજીવનને સમર્પિત કરી આત્મ નિવેદીપણું સાચવ્યું છે, તેને જગત મહાસત્તાના અવતારમાં માનવા લાગ્યું છે, જેમણે ૫૩ ગ્રંથો લખી ભારતને અને વિદેશોને સારસ્વત સેવા આપી છે, તમામ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ એવા શ્વેતાયન વ્યાસ આજ પાંચ હજાર વર્ષે વિદ્યોત્તેજન માટે ફરીથી પ્રગટ થયેલાને વિશ્વના વિદ્વાનોએ અભિનંદનો આપ્યા છે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને વિશ્વની રાજકીય અને પ્રજાકીય શિક્ષણ સંસ્થાઓએ ઘણા ખિતાબો એનાયત કર્યા છે.

મહામહોપાધ્યાય, ભારતભૂષણ, વૈષ્ણવવિદ્વત્તસાર્વભૌમ, દાર્શનિકપંચાનન, ષડ્દર્શનચાર્ય, ન્યાયવૈશૈષિકશાસ્ત્રી, નવ્યન્યાયાચાર્ય, સાંખ્યયોગતીર્થ, વેદાંતતીર્થ, મીમાંસાતીર્થ, સાહિત્યમનિષી, દાર્શનિકમાર્તંડ, એમ.એ. ડી.લિટ્, ડી.ફિલ, ડૉકટર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને આવા શ્રેષ્ઠ ઈલ્કાબો મળ્યા છે. જૂનાગઢના સાર્ધશતાબ્દિ પાટોત્સવના મહોત્સવમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે મુખ્ય પ્રમુખસ્થાને રહી તમામ વ્યવસ્થિત સેવા તથા સભા-પ્રવચન સાતત્ય તથા આમંત્રણ દાન માન-સન્માન સેવા સંઘ સેવા આતિથ્ય દેવ દરબારની શોભા અને વિનીતતા ખૂબ જ દીપાવ્યા છે.

વિશ્વભરમાં સાહિત્ય શાસ્ત્રો દ્વારા પ્રસિદ્ધ થયેલા સંપ્રદાયને સાંભળીને રાજી થતાં સત્સંગિ સમૂહોના મંડળો અસ્તિત્વમાં સાંપ્રદાયિક પ્રચારનો લાભ લેવા લાગ્યા છે, અને સાંપ્રદાયિક સાધુઓને પરદેશોમાં જવાના સાફ સાફ પરિચયો માટે પ્રથમથી રોપેલા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી દ્વારા શાસ્ત્રોના પાનાઓમાં ઘણાં સાધુઓ પરદેશોમાં સાંપ્રદાયિક પ્રચાર માટે સહેલી રીતે જવા લાગ્યા છે, પ્રચાર કરે છે, તેઓને ઘણો મજબૂત પાયો મદદરૂપ થાય છે અને થશે, માનવ સ્વભાવ પ્રમાણે સ્વકૃતિના ગર્વમાં તેમને આનંદ લેવાનો સમય પણ ઉછીનો લીધેલ હોય તેમ સાર્થક કરવામાં અપ્રતિઘાતતા છે જ, વિશ્વમાં સત્સંગ ફેલાવો, સાહિત્ય દ્વારા શ્રીસ્વામિનારાયણ સંપ્રદાય પ્રથમ નંબરે માનપાત્ર થાય તેમ છે.

ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શાસ્ત્રીજી મહારાજે જામનગરમાં મહાસભામંડપ કરાવ્યો તથા મંદિરના ઘુમ્મટ પ્રદક્ષિણા ચિત્રકળા વિગેરે રચાવ્યા, આરસ નખાવ્યો, સોના-ચાંદીના હિંડોળા વિગેરે કામકાજો કરાવ્યા. જામનગરથી રાજકોટ પધારી મહાભવ્ય મંદિર પૂરું કરાવ્યું તેમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવ વિગેરેની મૂર્તિઓ પધરાવી, ભંડાર સભામંડપમાં સોના-ચાંદીના બારણા, કળશ વિગેરે કરાવ્યા. ત્યાંથી જામનગરનું કામ પૂરું કરી જૂનાગઢ પધારી જૂનાગઢનો નવો શ્રીગુણાતીતાનંદ મહાસભામંડપ કરાવ્યો, રંગકામ આરસ કામો સોના-ચાંદીના સિંહાસનો કળશ કરાવ્યાં, શ્રી ગુણાતિતાનંદ સ્વામીના સભામાં બેસવાના આસનવાળા સ્તંભની આરસની ડેરી છત્રી કરાવી તથા ચારે તરફના બ્લોકોમાં ઉપાડકામ અને રંગરોગાન કરાવ્યા તથા સિંહાસનની જાળી વિગેરે કરાવ્યાં, સભામંડપની કારીગરી, નકશીકામ શ્રીહરિ શરણાગતિ મંડળ પાસે કરાવ્યું તથા સિંહાસનની જાળી વિગેરે કરાવ્યાં, ઓફિસ પાઠશાળાના રૂમો સીડીઓ આરસ, મોજેક વિગેરે કરાવ્યાં. મુંબઈ, પૂના, સુરત, જામનગર, રાજકોટ, ગોંડલ, જૂનાગઢ, માણાવદર, શાપુર, ઉના, બાબરીયાવાડ, કાઠિયાવાડ, સુરત જિલ્લો તથા પરદેશ વિગેરેથી દ્રવ્ય પ્રાપ્ત કરી આવા મહાન કાર્યો ત્રીસેક લાખોના કરાવ્યા, મહોત્સવનો વધારાનો સંચય શિક્ષાવિદ્યા વિભાગમાં શ્રી શાસ્ત્રીજી મહારાજે સમર્પિત કરાવેલ છે અને સત્સંગની વૃદ્ધિ કરેલ છે.

નિજ વિદ્યાનો સાગર પડ શાસ્ત્રો સંસ્કૃત, હિન્દી, અંગ્રેજી, ગુજરાતી વિગેરેમાં રચીને વિશ્વને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની ઓળખાણ અપાવી છે, તથા સરયુપારીણ બ્રાહ્મણોમાં ભગવાન સ્વયં પ્રગટ થયેલા છે, એ બાબતનો હિંદુસ્તાનને પરિચય કરાવ્યો છે.

દોઢસો વર્ષોનો શ્રી રાધારમણદેવનો મહાનપાટોત્સવ મુખ્ય પ્રમુખ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ મોટાશાસ્ત્રીજી મહારાજ હસ્તક થયો.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે પોતાનું જીવન સૌથી વધારે જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં પસાર કર્યું હતું. જૂનાગઢ મંદિરના વિકાસના અનેક કાર્યોમાં તેમજ મંદિરમાં ઉજવાતા અનેક મહામહોત્સવોમાં 'શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સ્વયં પ્રમુખ સ્થાને રહી અનેક હરિભક્તો તેમજ પોતાના શિષ્ય-ભક્તો શ્રીહરિશરણાગતિ મંડળ પાસેથી પણ તન-મન-ધનથી સર્વપ્રકારે સેવા કરાવડાવી મંદિર પ્રત્યેની પોતાની ફરજ અચૂક બજાવતા. આ હકીકતના દર્શન સત્ય અહિં પ્રસ્તુત બે મહામહોત્સવો દ્વારા કરીએ.'

શ્રીસ્વામિનારાયણ ભગવાને નિજ-સત્સંગ-સંપ્રદાય સર્વે જીવોને હિતકારક સ્થાપ્યો, જેતપુરની ગાદી ગઢપુરમાં પણ ન ઈચ્છીને વડતાલમાં સુસ્થાપિત કરી, શિક્ષાવચનો લખ્યાં, શ્રીલક્ષ્મીનારાયણ ભગવાન તથા શ્રીઘનશ્યામમહારાજ નિજ હસ્તે સ્થાપ્યા, સમૈયાઓ ચાલુ રાખ્યા, પાટોત્સવોના મહોત્સવો પ્રતિવર્ષ ચાલુ કરાવ્યા. દોઢસો વર્ષોનો પાટોત્સવ વડતાલમાં અભૂતપૂર્વ ઉજવાયો, તેવાં દર્શન વડતાલમાં કર્યા અને અમોને શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શાસ્ત્રીજીને સત્ય સંકલ્પ થયો જે- જૂનાગઢમાં આવો પાટોત્સવ ભગવાનની ઈચ્છાએ થાય તો સૌરાષ્ટ્રમાં સત્સંગનો પ્રભાવ ઘણો પ્રસરે, આવા સંકલ્પો ચાલ્યા કરતા, અને શ્રીગુણાતીતાનંદસ્વામી નવો-સભામંડપ પણ અમારે હાથે - શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના પ્રમુખપણે તૈયાર થયો હતો, તેના ઉદ્‌ઘાટન માટે તેની જીર્ણોદ્ધાર સમિતિમાં અમોએ તે વિચારો રજૂ કર્યા, તે અરસામાં દેશમાં બે-ત્રણ વર્ષો ઉપરા ઉપરી પાકમાં નબળાં નીપજ્યાં, એટલે ઉદ્‌ઘાટનનો ઉત્તમ સમૈયો ધાર્યા પ્રમાણે ન કરી શકાય તેવી સમિતિની સલાહ થવાથી સારે વર્ષે ઉદ્‌ઘાટન કરવા નિર્ધારિલ. સંવત ૨૦૩૪માં મૂર્તિ પ્રતિષ્ઠાના દોઢસો વર્ષો પૂરાં થતાં શ્રીરાધારમણદેવનો મહા મહોત્સવ ઉજવવા જૂનાગઢના તમામ સંતોનો સુવિચાર ચાલુ હતો અને તેમાં જ ઉદ્‌ઘાટન મહોત્સવ ભેળવવા સુવિચારો ગમતા થયા, તેની પાટોત્સવ સમિતિ રચાઈ, સંવત ૨૦૩૩ના ચોમાસામાં અમારા પ્રમુખપદે નિર્ણય લેવાયો. દીપોત્સવ પછી સમિતિઓ, કાર્ય વિભાગો પ્રમાણે નિર્માણ કરાઈ.

ધન, અનાજ, મસાલા, તેલ, ખાંડ, ગોળ, સાકર, લવિંગ, ઈલાયચી, તજ, ચાહ, વાસણો, પાગરણ, મકાન દુરસ્તીઓ, શહેરમાં ઉતારા તે માટે સંસ્થાઓની કાર્યવાહી વિગેરેની ત્યાગીઓ અને હરિભક્તોની સંયુક્ત સમિતિઓ નિજ કર્તવ્ય સંપાદન માટે લક્ષ્યના સ્થળો નગરો તથા દેશમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના પ્રમુખપદ હેઠળ મહાસમિતિમાં ગોઠવાયા પ્રમાણે અને નિર્દેશ મુજબ સર્વત્ર કામકાજમાં લાગી ગયા હતા. આઠ લાખથી વધારે માણસો ચાહ-નાસ્તા, મિષ્ટાન્ન, ભોજન, ઠંડા પાણી, શરબત, છાયાં ઉતારા, વિશ્રાંતિ લ્યે તેવા ન્હાવા-ધોવા, વિરામ લેવા વિગેરેની ગોઠવણીઓ માટે તત્પર રહેતી હતી. રસોડાની જબરજસ્ત વિશાળ વ્યવસ્થા, ભોજન એક પંગતમાં ૨૫ થી ૩૦ હજાર માણસો જમે તેવી મેદની, છાયાં, પિરસનારા, ગાડીઓ,

રેંકડીયો, ટ્રેકટરો, ટાંકાઓની વ્યવસ્થા વિગેરેની સક્રિયપણામાં ગોઠવણીઓ થઈ ગઈ હતી.

નાણાં, દાણા, રસ, પાગરણ વગેરેની આવક ધાર્યા કરતા ઉપરવટ થવા લાગી હતી, ત્રણેક લાખ જેટલી વીજળીની દોડતી રમતી, ફરતી લાઈટો, માળા-તોરણો, હારો અને સોએક વીઘાઓમાં પૂરા થાય તેટલા સમિયાણાઓના સાજ બેથી ત્રણ લાખના ખર્ચે નક્કી કરાયા હતા, નાગરિક સ્વરાજયના રાજકીય અધિકારીઓની મહાસભા તથા પબ્લિક નાગરિકોની મહાસભા તથા નગર અને દેશના હરિભક્તોની સભાઓ, મુખ્ય પ્રમુખ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના તરફથી યોજવામાં આવી હતી, તેમાં દેશના તમામ ગામોના ચાર ચાર હરિભક્તો બોલાવાયા હતા, તેઓને શહેરમાં પબ્લિક સંસ્થાઓ આશ્રમો, સ્કૂલો, કોલેજો, હોસ્ટેલો, ધર્મશાળાઓ વિગેરે માટે તથા બે હજારથી વધારે સ્વયંસેવકો માટે તથા તેટલી જ સ્વયંસેવિકાઓ માટે તથા શહેર શણગારવા માટે તથા મોટા વિશાળ પ્રોસેશન માટે, સોંપણી કરવામાં આવી હતી.

પોલીસ ખાતાના વડા અને નગરપાલિકાના શ્રી રાણિંગાસાહેબને પાંચસોથી હજાર સુધી પોલીસોની ગોઠવણ સ્ટેશનથી ગિરનાર, શહેર, સ્વામી-પાટોત્સવ વાડી, સ્વામી મંદિર, ઉતારાઓ અને તમામ દસ દસ માઈલની ભૂમિમાં સુરક્ષણ માટે માંગણી કરતાં જ તેમના તરફથી તે ગોઠવણી કરવાની તૈયારી રાખેલ હતી તથા જળ-પાણી પુરા પાડવા માટે જળખાતાના અધિકારી સાહેબને જળ માટે સર્વત્ર પહોંચી વળવા નિવેદન કરતાં જ તેમણે દસ માઈલના એરિયામાં ત્રણ ઈંચથી વધારે પહોળા નળોના બધા તળાવોનાં મોટા ધોધ પ્રવાહો સાત દિવસો સુધી ચાલુ રાખ્યા હતા, જેમાં વીસ લાખ માણસો પાણી પીએ, ન્હાય-ધોવે સુખી થાય એવી ગોઠવણી સ્થળે સ્થળે નળ-પાણી, કુંડ, હોજ, ટાંકાઓ, કાગ-ચકલીઓ વિગેરે તથા ઠંડાપાણીના પંખા, મશીનો, ટાંકાઓ પણ ગોઠવાઈ ગયા હતા, સરકારી ચાલુ ઈલેક્ટ્રિકના સાહેબે સાત દિવસ બરાબર સરકારી વીજ ઈલેક્ટ્રિકના પ્રવાહ રાત-દિવસ ચાલુ જ રાખ્યા હતા, છતા બે મોટા મશીનો કાયમ સ્વામિનારાયણ વાડીમાં વિદ્યુત પ્રવાહ માટે હાજર તૈયારીમાં રાખ્યા હતા. બે હજારથી ઉપર યુવાન સ્વયંસેવકો તથા યુવતીઓ બે હજાર સ્વયંસેવિકાઓ પાટોત્સવ સમિતિના ગોળ નંબરી બિલાઓ સાથે દસ માઈલની ભૂમિમાં સર્વત્ર હાજર સોંપણી પ્રમાણે તથા સરકારી અધિકારિણી માતાઓના સૂચન પ્રમાણે હાજર સેવામાં રહેતા હતા. મ્યુનિસિપાલિટીના કર્મચારીઓએ સાફસૂફીઓ ચાલુ જ રાખી હતી, કચરો લેવા ગાડીઓ તૈયાર રહેતી ફરતી હતી.

ભાવનગર રેલવે અધિકારીને આવા મહાન ઉત્સવ પ્રસંગ ઉપર દેશમાંથી આવતા તથા પાછા જતા માનવો માટે રેલવેએ વધારાની વિજ્ઞપ્તિ દેતાં જ તેઓએ સમૈયા માટે બે ખાસ સ્પેશ્યલ ટ્રેનો જેતલસર તરફથી તથા વિસાવદર, કેશોદ, શાપુર તરફથી રાત-દિવસ દોડતી એકસ્ટ્રા રેલવે મહોત્સવ માટેની જ શણગારેલી રેલવે દોડાવતી ચાલુ રાખી હતી. બસ-વાહનોની કંપનીઓથી વીસ બસ વાહનો જૂનાગઢમાં જ સ્વામી મંદિર, રેલવે સ્ટેશન, સ્વામીવાડી, સ્વામી ઉતારાઓ, સ્વામિ ગિરનાર તળેટી વિગેરે માટે રાત-દિવસ તેવા બોર્ડો વાળી ચાલુ રાખી હતી. બાહર ચારે તરફથી ૧૦૦ ઉપર બસ ગાડીઓ પણ ચાલુ રાખી હતી. રેલવેની પેઠે બસો દૂર દૂરથી આવતી-જતી હજારેકની સંખ્યામાં કામે લાગી ગઈ હતી.

ભોજન માટે, કથા માટે, યજ્ઞ માટે, ઉતારા માટે, બસ-વાહનો ઉપરા ઉપર તૈયાર જ રખાતા હતા. હજારેક રિક્ષાઓ રોકાઈ હતી. તે યાત્રાળુઓને માટે જ સ્થળે સ્થળે બોર્ડ સહિત હાજર દોડતી હતી, અસંખ્ય મોટરો દોડતી હતી. બે લાખ માણસો નરવર્ગ અને નારીવર્ગ પૃથક બેસી કથા સાંભળે તેવો વિશાળ સમિયાણો, હજારો મોટીબત્તીઓ, ટ્યુબો, પાથરણાં, ઉલ્લેચો, મંડપો, લાઉડસ્પીકરો, સર્ચલાઈટો, શરબત, જળપાન, પવનપંખાઓ, ચિત્ર ઈતિહાસ વિગેરે સુશોભિત તથા હજાર સંતો બિરાજે તેવું ઊંચું સ્ટેજ, તે સાથે વિશાળ દૈવી મહાસભામંડપ ગોઠવાયો હતો. ઉપર ધ્વજ અને કળશો શોભતા હતા. કથાના વક્તા તથા વ્યવસ્થાના નિરીક્ષક મુખ્ય પ્રમુખ શ્રીમહામહોપાધ્યાય પી.એચડી., ફિલ., ડી.લિટ્, સર્વશાસ્ત્ર નિષ્ણાત, ભારતભૂષણ પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ વિદ્વત્સાર્વભૌમ વ્યાસાસને બિરાજી કથામૃત-પાન કરાવતા હતા, સ્ટેજ ઉપર તથા પડખે કોર્ડન તરીકે અમુક વ્યવસ્થાપકો હાજર જ રહેતા હતા. જ્ઞાનયજ્ઞ સવારે ૭-૩૦ થી ૧૧-૦૦ સુધી અને બપોર પછી ૩-૩૦ થી ૭-૦૦ સુધી ગગનવ્યાપી ગર્જનાઓમાં શિક્ષાપત્રી બોધ ચાલુ જ રહેતો હતો. કથામાં તો અમૃતના મોતીઓના દાણાઓ વરસતા હતા, લાઉડ-સ્પીકરો માઈક્રોફોન મંદિરે શહેરમાં ચોક-સ્થળોમાં, સડકોમાં મહોત્સવવાડીમાં, જાફર મેદાનમાં એક ગાડીમાં, આવો ચા પીઓ, શરબત પીઓ, નાસ્તો જમો, ઠંડા જળ પીઓ, પ્રસાદ-ભોજન જમો. એમ વારંવાર જનતા મહાસાગરને આમંત્રિત કરતા હતા. રાત-દિવસ માનવોના સત્કાર થતા હતા. મહાયજ્ઞમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી ન્યાયાચાર્યજી પાટોત્સવના મુખ્ય પ્રમુખશ્રીએ જામનગરના નિષ્ણાત યાજ્ઞિક શાસ્ત્રીઓ તથા દેશના વિપ્રો વિગેરે પાંચસો બ્રહ્મદેવોને યજ્ઞમાં નિયુક્ત કર્યા હતા. તેમની સમિતિના નિર્દેશ પ્રમાણે ત્રણ દિવસ યજ્ઞકાર્ય, પૂનમ, પડવો, બીજ, વિશાળ ધામધૂમે એકસો મહાયજ્ઞ કુંડોમાં દર્શન કરનારાઓને યજ્ઞભૂમિને પ્રદક્ષિણા, વિપ્રોને દાન-દક્ષિણા, આદિ માટે ચોતરફ તથા અંતર્વિભાગમાં જઈને દક્ષિણા અપાય, પૂજન થાય એવા ચલાણોમાં માર્ગોમાં જવા છૂટ જ હતી. વિપ્રોના વૈદિક મંત્રોના નાદો સ્વર્ગ સુધી પહોંચતા હતા, પચાસ હાથથી ઊંચો યજ્ઞ, ધ્વજ-સ્તંભ આકાશમાં ફરકતો હતો, કથાના નાદો બ્રહ્મલોક સુધી પહોંચતા હતા. જય નાદો ભૂગોળ, ખગોળમાં પ્રસરતા હતા, ધૂનો બોલવાતી હતી, ગગન ગાજતું હતું. જનમેદની પ્રફુલ્લિત થતી હતી, દેવતાઓ ચંદન વરસાદની ઝીણી ઝરમરો વડે ક્યારેક બે મિનિટ, પાંચ મિનિટ ઠંડક આપતા હતા, વાયુ શીતળ વાતા હતા, આસપાસના બગીચા દેવનિવાસ સમાન ચળકતા હતા અને વૃક્ષછાયામાં આશ્રય આપતા હતા, કથાવક્તા શ્રીવ્યાસજીના દર્શનાર્થે આવતા જતા અવસરે માર્ગોમાં લાખો માનવોની કતારો ખડી રહેતી હતી. પુષ્પ, ચોખા વડે વક્તાની મોટરને વધાવતી હતી, વક્તાના જયકાર બોલાતા હતા.

સંતો ત્યાગી મુક્તજનોના દર્શન સભા-સ્ટેજ ઉપર તથા જૂનાગઢની ભૂમિમાં, ધામમાં જેમ, તેમ મંડળોના દર્શનો દિવ્યતા ભર્યા થતા હતાં, બીજા તમામ મહોત્સવોનો મૂર્ધન્ય આ મહોત્સવ ભગવાન શ્રીહરિએ અને તેના બ્રહ્મપુરુષોની ઈચ્છાએ સર્વોપરિ 'ન ભૂતો, ન ભવિષ્યતિ' એવો થયો હતો. નિજ મંદિરના પાટોત્સવના વૈશાખ વદ બીજના સવારેથી મંદિરમાં ભગવાનના દર્શન માટે અને અભિષેકના દર્શન માટે અને મૂર્તિઓના દર્શન માટે ઘણી સરળ

વ્યવસ્થા હતી, જેમાં ઘુમ્મટના ચાર દરવાજા દ્વારા જતા-આવતા નર-નારીઓઓના વિભાગોને રોકટોક વિના ચાલુ પ્રવાહે સુખે દર્શન થતાં હતાં, મંદિરના શિખરો, સભામંડપો, દરવાજાઓ, રવેસો, મકાનો, આદિક ઈન્દ્રપુરી, બ્રહ્મપુરી જેવા સુશોભિત કર્યા હતા. સૂચનાઓના ધ્વનિ યંત્રો કાયમ નિવેદનો ચાલુ જ રાખતા હતા, મંદિરમાં પણ ત્યાગી વર્ગ માટે અને વિશેષપણે બધા માટે ચાહ-પાણી-નાસ્તા-ભોજન-શરબત વિગેરે ચાલુ જ રખાતા હતા. એક માસથી સાંખ્યયોગીઓ તથા હરિભક્ત ભાઈઓ સો-બસો જેટલાં, દરરોજ અનાજ, મસાલા વિગેરે સાફસૂફ કરી તૈયાર કરતા હતાં, અને થતી બધી ખાસ તૈયારીઓ હદ ઉપરાંત સફળ થઈ હતી. ઉત્સવ સંબંધવાળા ઠેકઠેકાણે તમામ દરવાજાઓ શ્રૃંગારિત વીજળીની પૂતળીઓ વડે સક્રિય હરતા-ફરતા દૈવી, આખ્યાનોવાળા ગોઠવ્યા હતા.

લેવડ-દેવડ બેન્ક વિગેરેના વ્યવહારો મુખ્ય પ્રમુખ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની સહીઓથી થતા હતા. બેન્ડવાજા, ઉત્તમ ખેલો સાથે ઉત્કૃષ્ટ ધ્વનિઓ કરતા હતા, એકમત ન મળે તેવા ઉકેલો પ્રમુખશ્રી મોટા શાસ્ત્રીજી મહારાજ તરફથી થતા હતા, સુવર્ણ કળશો નવા નવા શોભતા હતા, નવીન ઉપાડ કામમાં ચિત્રકામવાળું મંદિર, ઘુમ્મટ, નવો સભામંડપ વિગેરે ધામના પ્રસાદો સમાન સદ્‌ગુરુ કોઠારી સ્વયંપ્રકાશદાસજી હસ્તક રિપેરીંગ કામો શોભાસ્પદ થયાં હતાં. પાગરણ વ્યવહાર હેમંતભગતે સાચવ્યો હતો, મંદિરમાં દેવોનો પાટોત્સવ અને નવા સભામંડપનું ઉદ્‌ઘાટન વૈશાખ વદી દ્વિતીયા સવારે થયા પછી દસ વાગ્યે આરતી તથા અન્નકૂટના દર્શનો વિગેરે યથાક્રમે થયા હતાં, તે નિમિત્તનો મહાયજ્ઞ બાર વાગ્યે સમાપ્ત કરાયો હતો. તેના પછી ખાસ સન્માનની સભા ગોઠવવામાં આવી હતી. આચાર્યશ્રીએ બે વખત મહાસભામાં હાજરી આપી આશિષો આપ્યા હતા.

યજમાનોને, વિપ્રોને, કાર્યકર્તાઓને, સ્વયંસેવકોને, સંતો વિગેરેને પ્રમુખશ્રી મોટાશાસ્ત્રીજી મહારાજ હસ્તક પારિતોષિકો અપાયા હતા. સહાયકો, જનતા, નગરપાલિકા વગેરેના સારા પ્રમાણમાં દ્રવ્યો દ્વારા આદિ સત્કાર થયા હતા. વસ્ત્રો, પાત્રો, ધન વ્યય વિગેરે તથા કોરી યજ્ઞપ્રસાદી આદિ અપાયા કરતા હતા. સોરઠના મોટા એરિયામાં યજ્ઞપ્રસાદ પહોંચાડાયેલો હતો. તમામ વર્ગ યજ્ઞપ્રસાદને પામ્યા હતા. આ નવો શ્રીગુણાતીતાનંદ સ્વામી સભામંડપ અને તેથી અધિકનો પાટોત્સવ વિશ્વમાં વખણાઈ રહ્યો છે, શ્રીહરિના દ્વિશતાબ્દીના પાટોત્સવના વિશ્વ વ્યાપી ઉત્સાહો પ્રસરી રહ્યા છે, શ્રી વિશ્વપ્રકાશદાસજી કોઠારીએ મહાપાટોત્સવની ઓફિસ આઠથી અધિક માસો સુધી સંભાળી કાર્યશીલતા પ્રશસ્ત બજાવી હતી. દેવપ્રકાશશાસ્ત્રીએ મંદિરમાં મહેમાનોના ચાહ-ભોજન સત્કારો મંડળી સહિત પૂરા સાચવ્યા હતાં.

ભગવાનનું કામ ભગવાન કરે છે, ભક્તોનું કામ ભક્તો કરે છે. તમામ મહોત્સવ અંતરંગના બહિરંગના બારેક ઉપરના ઉપયોગ થતાં ત્રણેક ઉપરની બધી એકત્રિત સ્થિતિ લાભમાં ગણાતી હતી, પાટોત્સવ સમિતિ, સભામંડપ જીર્ણોદ્ધાર સમિતિ અને ટેમ્પલ કમિટી કોઠારના વ્યવહારો, તે જુદા જ રાખવામાં આવેલ હતા, તમામમાં મુખ્ય પ્રમુખપણું વ્યાવહારિક વિશ્વસ્ત નેતાપણું શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજશ્રીનું હતું.

પ્રમુખશ્રી તરફથી પત્રકારોની વિશાળ પરિષદ બોલાવાયેલી હતી, તેમણે દૈનિક પત્રોમાં યથાર્થ અહેવાલો વહેતા રાખેલા હતા, આવેલા વિદ્વાનોનાં ઉત્તમ સન્માન કરાયેલા હતા, સમય સમયના વ્યાખ્યાનો તે તે પરિષદો દ્વારા યોગ્ય સમયે જ ચાલુ રખાયા હતા. તેમના સન્માન પૂર્ણ રીતે મહાસભામાં કથા-સ્ટેજ ઉપર સુશોભિત આસન ફૂલહાર-તોરા વિગેરે વડે ગૌરવભર્યા કરાતા હતાં. સાંપ્રદાયિક ઈતિહાસની સચિત્ર સુપરિચયવાળી મહાપ્રદર્શિની ગોઠવાયેલી હતી, જેમાં માનવો કલાકો સુધી અવલોકનનો રસ લેતા હતા, યાંત્રિક વાહનોની દિલ્હી નગરી જેવી ભીડ જાફર મેદાનમાં તથા ખુલ્લી ભૂમિકાઓમાં અને રાજમાર્ગોમાં પણ ભીડ ધસારાઓ વધતા હતા, માનવમેદની યાત્રાળુઓનો મેરામણ ઉમટ્યો હતો, જેની આગળ ગિરનારનું અરણ્ય પણ નાનું સૂનું થઈ પડ્યું હતું. દસ જૂનાગઢ નવા વસ્યાં હોય એવો માનવ મહેરામણ પથરાઈ પડ્યો હતો, લાખો મોઢે માનવી દેવીઓની ભક્તિ, સેવાઓ, ગીતિકાએ અને ગંગા-યમુના જેવી મહાપ્રવાહોની રેલીઓ, બલિરાજાના યજ્ઞની ગિરનારી-વનસ્થળીની વચલી ભૂમિને શોભાવી રહી હતી. જેથી વૈકુંઠ, મહાવૈકુંઠધામો આવી વસ્યાં હોય તેમ ભગવાન અને ભગવતીમય રેવતાચળની પશ્ચિમી ભૂમિ કે જે- પૂર્વ સીમા, રૈવતાચલ, દક્ષિણ સીમા, ગિર મહારણ્ય, પશ્ચિમ સીમા, અરબી સમુદ્ર તરફ વનસ્થળી, ઉત્તર સીમા, ભદ્રાવતી નદી. આ ચારેયના મધ્યમાં વસવાટથી આ નવી મહોત્સવ યજ્ઞભૂમિ નિજીય અભૂત અપૂર્વ દિવ્યતાને શોભાવતી હતી, રાત્રી સમયમાં તો ચળકતા સ્વર્ગને સ્પર્ધા કરતી હતી, જેના અવકાશમાં આકાશયાનો વેરાવળ, કેશોદ, જામનગરના આશ્ચર્ય જોવા સત્તાધીશો સહિત વારંવાર ઘેરા-ચક્કાવા લગાડતા હતા. અનેક નાની મોટી સ્પેશ્યલ, લોહમાર્ગો તથા ડામર માર્ગો અને કઠિન ભૂમિ માર્ગોમાં અનવરત ઉપરા ઉપર ઠલવાતી હતી, તેઓ નિજ સ્ટેન્ડોમાં નવી નગરી જેવી શોભતી હતી.

વીજળીના નવા સ્તંભો હારબંધ તાર સહિત સ્ટેશનો ખડા કરી દેવાયા હતા. તેના રક્ષકો સ્થળે સ્થળે નિજ પરિચાયક વેષોમાં તેમના સાધનો સાથે શિબિરો જમાવી રાત્રી-દિવસ રહેતા હતા, અજાણ્યા ભૂલા પડ્યા કે ખોવાયેલા દિશા ભ્રમવાળા માણસોને માટે દસ માઈલમાં સ્થાને સ્થાને મદદગાર દર્શક આશ્રયપ્રદો સ્થાને પહોંચાડનારા સંરક્ષક દળોની તંબુઓવાળી અને બોર્ડવાળી ઓફિસો ગોઠવાયેલી હતી. એક જ વેષ સંરક્ષક સ્વયં સેવકો અને સરકારી દળોનાં બિલાવાળા સ્વામિનારાયણના કમિક નંબરોવાળા ઓળખાય તેવા સુશોભિત વેષો સહિત સર્વત્ર નાકે-નાકે, ચોકે-ચોકે માર્ગોના યોગે અને નાળે-નાળે કેડીએ-કેડીએ મહારાજપથોમાં પણ બેસાડેલા હતા. ભારતભૂમિ તથા વિદેશના યાત્રીઓ બહુ લક્ષાવધિઓએ આ મહોત્સવનો લાભ-મહાલાભ લીધો હતો, આ મહોત્સવના અપરિતિત ઉર્ધ્વગામી આકાશના ધ્વનિઓ સાથે વિદ્યુતયંત્રોના હજારો પૂતળાંઓ પણ આબેહૂબ માર્ગદર્શકો તથા નૃત્યઆનંદો હાથ-મસ્તકના જીવતા-આકાર જેવા વ્યાપારવાળાં સ્વરૂપોમાં જનસમૂહોને યોગ્ય સૂચન અને સત્કાર કરી રહ્યા હતા, બધી દસ લાખ ઉપર માનવમેદની જણાતી હતી. તેમાં ભગવાન શ્રીહરિ તથા રાધા-રમણદેવ તથા સિદ્ધેશ્વર મહાદેવ તથા હનુમાનજી, ગણેશજી આદિકના સંરક્ષણ વડે વૃદ્ધો કે બાળકો કોઈનું માથું પણ દુખ્યું નહીં. ભોજનના નિત્ય નવા મિષ્ટાન્નોના મોહનથાળ, બુંદી, મોતૈયાના કે પાણીના ફેરફારો વડે

પેટના દુ:ખાવાઓ, વાયુ પ્રકોપો કે વિકારો પણ થયા નહિ. દોહું, બમણું જમેલું પણ પચી જતું હતું, રસોઈના સ્વાદ વખણાતા હતા. ક્યાંય કોઈ પણ જગ્યાઓ કે સંકુલિત જગ્યાઓમાં કોઈ લૂંટ, ચોરી વિગેરે થયા નહિ.

સ્થળે સ્થળે ડૉકટરો, વૈદ્યોની ગોઠવણી હતી, પણ તેમના ઉપયોગનો અવસર પ્રત્યક્ષ પ્રભુએ આવાવ દીધો નહિ, કોઈ એકાદનો સ્વર્ગવાસ કે એક્સિડન્ટ પણ થયા નહિ, ક્યાંય વાયુના વંટોળિયાનું તોફાન કે ગરમીનો ઉપદ્રવ દેખાયો નહિ તથા આકાશમાં દેવોની મહેરબાની વડે આછાં આછાં વાદળાંઓનાં અસ્તિત્વથી સૂર્યનારાયણના તડકા પણ પડ્યા નહિ. શીતળ ભૂમિમાં અડખા-પડખાંઓનાં બગીચાઓમાંથી જળ છાંટેલાની શીતળ હવા વડે રાત્રીની સમુદ્રની ઠંડી હવા વડે માણસોને ઘણી સુખ-શાંતિ મળી હતી. આસપાસમાં ખુલ્લા મેદાન હોવાથી કોઈને પણ શરીર શુદ્ધિ વાસ્તે જવામાં મુશ્કેલી ન હતી, આડશો પણ ઘણી ગોઠવેલી હતી, જંગલોમાં મંગળો થઈ પડ્યા હતા, જ્યાં સાંભળો ત્યાં શ્રીસ્વામિનારાયણ ભગવાનના જયજયકાર બોલાતા હતા, સમૈયાની સમાપ્તિ પછી યોગ્ય સન્માનો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના સૂચન પ્રમાણેની સંમતિથી ઘણા પ્રકારના સમ્માનો વિવિધ રીતે કરાયાં હતાં. જૂનાગઢ મંદિરના કોઠારીશ્રીની એક અઠવાડિયામાં બદલી થઈ હતી, નવા કોઠારી પદારૂઢ થયા પછી મહોત્સવના તમામ વહીવટ યથાયોગ્ય સમેટવા ચાલું કરાયા હતા, મહોત્સવની તૃપ્તિના ઓડકારો દ્વિશતાબ્દિ આવશે ત્યાં સુધી તો ચાલતા જ રહેશે. નવા સભામંડપનો ઉદ્ઘાટન વિધિ યોજાયો હતો, દાન અપાયા હતાં.

અકર્મણ્ય સ્વભાવો તરફ ભગવાન જોતા જ નથી, ભગવાનને ત્યાં સુકર્મણ્ય ભક્તોની ખોટ નથી, પ્રત્યક્ષ ભગવાને ભગવાનનું કામ પરિપૂર્ણ કર્યું હતું, બીજા થનાર મહોત્સવોના સુકાનિઓ તો- 'આપણાં વડે આવું દીપશે કે કેમ' - એમ એવા વિચારો સાથે વાક્યો સુમૂર્ત કરતા હતા, ભગવાન આથી મોટા મોટા ઉત્સવો કરશે એમ ભક્તોના ઉદ્ગારો નીકળતા હતા, ભવિષ્યના ઉત્સવોની ગોઠવણી અન્યત્ર થવામાં જ છે. ભવિષ્યના યુગમાં ભૂમિ માનવોના મહોત્સવો ચંદ્ર, શુક્ર, ધ્રૂવ વિગેરેના સ્વર્ગોમાં પણ થશે, તો આ પૃથ્વીના આવા ઉત્સવો તેમની આગળ ઉત્કૃષ્ટતા દેખાડવામાં થમી પણ જાય, પ્રભુ બધાંની ચઢતીકળા રાખો, એવી અભ્યર્થના સ્વીકારજો. શ્રીહરિશરણાગતી મંડળના સ્વયંસેવકો જૂનાગઢ સમૈયામાં ઉપસ્થિત હતા, તેવા અમોએ જોયેલી આ પ્રત્યક્ષ હકીકતો વર્ણવેલી છે.

જૂનાગઢ મંદિરમાં ભગવાન શ્રીસ્વામિનારાયણનો ૨૦૦ વર્ષનો પ્રાગટ્યનો મહામહોત્સવ મુખ્ય પ્રમુખ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ મોટા શાસ્ત્રીજી મહારાજ હસ્તક થયો.

(દ્વિશતાબ્દિ મહોત્સવ)

સંવત ૨૦૩૬માં સમસ્ત સંપ્રદાય દેશી, વિદેશી, મંદિરો, ગુરૂકુલો, સંસ્થાઓ, સમિતિઓ, વ્યક્તિઓએ દ્વિશતાબ્દિ મહોત્સવમાં શ્રીસ્વામિનારાયણ ભગવાનને વિશેષ ભજવા માટે સર્વત્ર ઉજવણીઓની સંકલનાઓ, કટિબદ્ધ જાહેરાતો, પત્રિકાઓ, માસિકો, દૈનિકો, પત્રો વગેરે પ્રકાશિત ચાલું કરી દીધી હતી. વડતાલ, ગઢપૂર, મુંબઈ, મૂળી, અમદાવાદ, ભુજ, મદ્રાસ, જૂનાગઢ, છપૈયા, રાજકોટ આદિ સ્થળોની જાહેરાતો આફ્રિકા, ઈંગ્લેન્ડ, અરબસ્તાન, અમેરિકા, બર્મા, દ્વીપકલ્પો વિગેરેમાં સત્સંગી વર્ગો આ મહોત્સવમાં ભાગ લઈ ઉજવવા તન, મન, ધન, ભાવના આત્મીય સંપત્તિ પરિવાર સાધન સંપત્તિ વિગેરે વડે સમર્પિત થઈ લાભ લેવા નિશ્ચિત, વ્યવસ્થિતિઓ, શોભાયાત્રા, યજ્ઞો, પાટોત્સવો, અન્નકૂટો, પૂજાઓ, પારાયણો, ધૂન્ય, ભજન, નિયમો, મહાપૂજાઓ, દેવ-મંદિરોની દિવ્ય શોભાઓ, અતિશય ભજવવા માટે તૈયારીઓ જાહેરાતમાં મેલાતી હતી. પૃથ્વીમાં સર્વત્ર મોટરોને અન્ય વાહનો વિગેરેમાં ઉત્સવોના બોર્ડો મેલાવીને સ્વામિનારાયણની ધૂન્ય, ઉપદેશવાણી, કીર્તિનો વિગેરે શહેરે શહેરોમાં, નગરે નગરોમાં, ગામડે ગામડે સર્વત્ર કીર્તન, ભજન મંડળીઓ સહિત પ્રસારિત કરાયાં હતા.

વડતાલની સંત સમિતિએ જૂનાગઢ આવીને ભાષાંતર શિક્ષાપત્રીઓ છપાવી અપાવવા માંગણી કરવા પ્રમાણે તેમને હિન્દી, અંગ્રેજી ભાષાંતરોમાં લાખો શિક્ષાપત્રીઓ છપાવી અપાવવા જૂનાગઢ સભામાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ પ્રમુખપદે વચન આપ્યું, તે પ્રમાણે નાની શિક્ષાપત્રીઓ દાનમાં છપાણી અને વડતાલમાં તેને બદલે બીજી વ્યવસ્થાઓ થઈ, સંપ્રદાયના માસિકોમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના લેખો, શ્લોકો, આશીર્વાદો, વૃત્તાંત ક્રમો વગેરે પ્રકાશિત થતા હતા. અમદાવાદ મહારાજશ્રીને ઉત્સવમાં પુરશ્ચરણ માટે ૫૦ સત્સંગી જીવનની, પ્રતો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ આપી હતી, જૂનાગઢમાં ત્યાગી સભામાં, મોટરો બે લઈ ગામડે ગામડે પ્રચાર કરવાં નિર્ણય થયો હતો.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ સાર્ધશતાબ્દિ જૂનાગઢનાં મહોત્સવના ત્રણ લાખથી વધારે રૂપિયા, ઉપલક રકમમાંથી બંને મોટરો ખરીદી પ્રસાર માટે નક્કી કર્યું હતું. તે પ્રમાણે ધામધૂમે પ્રચાર થવા લાગ્યો હતો. પાટોત્સવમાં સુશિક્ષિત યુવક સંત વર્ગો તૈયાર થયા હતા, તેઓની ૧૪ સમિતિઓ આ ઉત્સવ માટે રચીને તેમને વૃદ્ધ માજી સમિતિઓ, પ્રમુખોએ દ્વિશતાબ્દિના તમામ કાર્યો વ્યવસ્થિત સોંપ્યા હતા. નવા વર્ગે તે કાર્યો ઉત્સાહભેર ઉપાડ્યા હતા. મંદિરમાં ચીજ-સામગ્રીઓ માટે, મહિલા વર્ગ, સ્વયં સેવકો તૈયાર નોંધાયા હતા, ચીજો ખરીદાતી હતી, તેની શુદ્ધિ માટે સ્ત્રી સત્સંગીઓ કાયમી સેવા કરવા લાવ્યા હતા, મંદિરની રંગ-રોગાન શોભાઓ

ચાલુ કરી હતી, રાજકીય, નાગરિક અધિકારીઓ તથા નાગરિક સત્સંગીઓએ નળ-પાણી, ઉતારા, મકાન, દિવા, વીજળી, વાહનો, બસો વિગેરેની ગોઠવણીઓ તથા ઉતારાઓ માટે સ્વયં સેવકો, સગવડો, પગરણો, ભોજન, વ્યવસ્થા, રક્ષકો વગેરેની ખૂબ જ ગોઠવણીઓ થઈ રહી હતી.

જામ્બુવાડીમાં ભોજનશાળા, વ્યાખ્યાન કથા, સભા મંડપ, યજ્ઞ શાળા, શિક્ષાપત્રીપૂજન, મહાપૂજાઓના કુણ્ડસ્થણ્ડિલ આસન સ્થાનો રચાવા લાગ્યા હતા. જામ્બુવાડીમાં તમામ ગોઠવણો ભોજન, નાસ્તા, ચાહ, પાણી, રસોડા આદિ વ્યવસ્થાઓ ખૂબ ખૂબ જ થઈ ગઈ હતી. નજીક દિવસોમાં તમામ ત્યાગી, ગૃહી સમિતિ વર્ગો, પોતપોતાને કામે લાગી ગયા હતા. પાંચ લાખ માણસોને પૂરા પડે તેટલાં ઉતારાઓ, પાગરણો, બત્તીઓ, વાહનો, નાસ્તાઓ, ભોજનો, સ્થળો, સંરક્ષકદળો, સ્વયં-સેવક, સ્વયં-સેવિકાઓના સમૂહો કામે લાગી ગયા હતા, વીજળી વડે નવું નગર, ઉલ્લેચ મંડપો વડે નવું શહેર ખડું કરી દેવાયું હતું, બધા દેશ સમૈયા ઉત્સવમાં આવવા લાગ્યા હતા. પાંચ લાખ માણસોની હાજરી બરાબર થઈ હતી, કથા સ્થાન, સ્ટેજ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી શોભાવતા હતા, કથામૃત લાભ માનવો લેતા હતા. રસોડામાં ચાહ, પાણી, નાસ્તા તથા મિષ્ટ ભોજનો સવારથી મોડી રાત સુધી તમામને માટે ચાલું હતા, મંદિરમાં પણ ચાહ-પાણી, નાસ્તાઓ ચાલું હતા.

સંતો તમામ તથા સ્વયં સેવકો પોતપોતાની ફરજ પર બરાબર કામ આપતા હતા, જમાડવાના વીસ પચીસ હજારોની, નર, નારીઓની અલગ અલગ પંક્તિઓ થતી હતી, બરાબર પીરસાતું હતું. ૫૦૦ સ્વયં સેવકો પીરસનારા જ હતા, મંદિરમાં દર્શન સમય પ્રમાણે રોકટોક વિના ચાલુ જ હતા, માનવો ભારે આનંદ લેતા હતા, યજ્ઞભૂમિમાં ૫૦૦ કુંડોમાં વિપ્રો દ્વારા યજમાનોને હાથે, હોમ-હવન, પૂજન દક્ષિણાઓ ચાલું હતા, મહાપુજાઓના તમામ યજમાનો, મહાપૂજા કરતાં હતાં, લાઉડ સ્પીકરો દ્વારા હવન પૂજન વગેરે થતા સંભળાતા હતા. આ મહોત્સવમાં હજાર ઉપર યજમાનો હતા, વેદ્‌ઘોષોના ધ્વનિઓ ગગનમાં વ્યાપી રહ્યા હતા. ૨૦૦ વર્ષ ઉપરનો પ્રથમ દિવસ શ્રીહરિની જન્મ જયંતી બસો એક અંકનો શુભ દિવસ માનવ મહેરામણ વડે, જૂનાગઢ જેવું આસપાસ બમણાગણું શહેર વિકસિત થયું હતું.

નવમીના માધ્યાહ્ન પછી શ્રીહરિની શોભાયાત્રા શણગારેલા દશ મોટા કેરીયરો વડે મંદિરોથી રાા, ૩ વાગ્યે નીકળી હતી. શણગારેલા કેરીયરો ચારે તરફ રંગરંગીન સાજ વડે મોટાં વહાણ જેવા આકારે શોભતા હતા. તેમાં મધ્યે ઓરડાઓના રૂમો સુશોભિત રચ્યા હતા. બધામાં ખૂરશી બાકડાઓ વિગેરેની શૃંગરીત બેઠકો ગોઠવી હતી, સૂર્ય કિરણો વડે ચળકાટ ફેંકતા તોરણો કાંગરાઓ, ધ્વજો વિદ્યુતબત્તીઓના તોરણો, મોટી બતીઓ, પ્રકાશ ચંદરવાઓ ગોઠવ્યા હતા. હરેક વહાણો આગબોટો જેવા દશ્યમાં હતા, દરેક વહાણોમાં અગ્રગણ્ય સરકારી અધિકારીઓ, વિદ્વાનો, સંતો અને સ્વયંસેવકો બંધૂક, તરવાર, બાણ, કામઠાં, કમર પટ્ટા, રાજકીય વેષધારી પાર્ષદો, છડીદારો, સંરક્ષકો, ઊભા રખાયા હતા.

શોભાયાત્રામાં પહેલી આગબોટમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સુશુભાસને બિરાજ્યા હતા. તમામ લોકોને દર્શન થાય તેવા ઉંચા આસનમાં બિરાજ્યાં હતા. ભગવાન સ્વામિનારાયણ મૂર્તિ સ્વરૂપે તેમાં દર્શન આપે એ રીતે ઊભા બિરાજમાન કર્યા હતા, છડી, છત્ર, અબદાગિરિ, પંખાઓ વગેરે ધારણકર્તા પાર્ષદો સોનાના આયુધો વડે શોભતા હતા, ઉત્સવની શહેરની દેશની જનતાને અલૌકિક દર્શન થતા હતા, જયકાર બોલાતા હતા, ઈલેકટ્રીકના દોરડાઓ હરેક વહાણોમાં અને પીન સહિત પડખાંના આવતા બંગલાઓમાં લગાડાતા જાય, સ્વયં સેવકો આગળ આગળ ઈલેકટ્રીકને જોઈન્ટ કરતા જાય, આ રીતે શહેરમાં એક માઈલ લાંબી શોભાયાત્રાની ગોઠવણ અને ત્રણ માઈલ લાંબા મોટાં રસ્તાઓ યાત્રાળુઓ, દર્શકો વડે ભરચક્ક, ગીચ રીતે ભરાયાં હતા.

શહેરના બંગલે બંગલાઓ, અગાસિયો, દુકાનો, ચોક, ચૌટાઓ, મહેલો, સંસ્થાઓ, વૃક્ષો, અટારીઓ, બારીઓ, ગવાક્ષો, દરવાજાઓ, રવેશો, માનવો વડે ભરચક્કથી ભરપૂર થઈ ગયા હતા. શોભાયાત્રામાં સહકારી બેન્ડ, દેશી બેન્ડ વાજાઓ, રાસમંડળીઓ, ગરબી મંડળીઓ, દરવેષ ભર્યા નાચ-ગાણાં કાંડરીયારા અને સાથે શહેરના શોભાયાત્રાના માર્ગોને ગજાવી રહ્યા હતા. સમગ્ર શહેર, પરાઓ, સીમાની વસતીઓ, ગિરનારી આરણયક વસ્તીઓ, સાધુ, સંતો, વિદ્યાર્થી મંડળો, મંડળીઓ, પોલીસ પાર્ટીઓ, અધિકારી વર્ગો, તમામ આ મહા શોભાયાત્રામાં સામેલ થઈ ગયા હતા, ઠંડા શરબત સ્થળે સ્થળે પિવાય તેવી સગવડો હતી, નાસ્તા, પાણી મળે તેવી સગવડો હતી. પુષ્પમાળાઓ હાર, ચોખા અને કંકુમ, ગુલાલ મળે તેવી સગવડો હતી. ફળ, ફુલ, વગેરેની ઘણી જ સગવડો હતી. આકાશ દેવો વિરાજેલા હોય, સામેલ તેવી શોભાયાત્રા પાંચ માઈલ લાંબી હતી.

સ્વામિનારાયણ મંદિરથી ઉગમણી સડકે ગીરનારી સડકનો ચોક શોભાયાત્રા વડે ભરચક્ક હતો, ચોકનો રાજમહલ તેની પાછળથી ઉતરતી મોટી સડક મોટાં દવાખાનાનો મોટો ધોરી માર્ગ, શહેરના જોઈન્ટ થતા ચોક વગેરે દરવાજા, તોરણો વડે શણગારેલા હતા. તેમાં શોભાયાત્રા પસાર થતી હતી. જામ્બુવાડી સુધી નજર નાખી ન પહોંચે તેટલી જનતા મંદિરની મેરામણ, જનતા, માનવ મેરામણ ઉછળ્યો હોય તેમ દેખાતી હતી, તમામ પ્રજાઓ આ શોભાયાત્રાના દર્શન કરી ધન્ય ભાગ્ય માનતી હતી. હજારો માનવો આ પ્રસંગના પ્રભાવે સ્વામિનારાયણ ભગવાનની કંઠી બાંધી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને શરણે ભક્તિ કરનારા થયા હતા. શોભાયાત્રા ચાર કલાકે શહેરમાંથી આગળ પસાર થતી થતી કાળવા ચોક પહોંચી અને બે કલાકે ત્યાંથી જાંબુવાડી પહોંચી.

સ્વર્ગના દેવોએ આકાશ માર્ગેથી ઝીણી ઝરમરે ચન્દન સુગંધિત વૃષ્ટિ કરી હતી, ધામ શમાવ્યો હતો, રાત્રે જામ્બુવાડીમાં શ્રી ઘનશ્યામ મહારાજનો જન્મ મહોત્સવ તમામ વિધિઓ વડે ઉજવ્યો હતો, રાત્રિના અગીયાર વાગ્યા સુધી શરબત, ફળાહાર, ભોજન અપાતા હતા, અગીયાર વાગ્યે સભા સમાપ્ત થઈ અને શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ મોટર દ્વારા મંદિરે પધાર્યા હતા, બીજે દિવસે બપોરે પૂર્ણાહૂતિ સત્સંગિ જીવનકથાની પૂરી પૂજા વિધિ સહિત

કરાઈ હતી. બપોર પછી યજ્ઞ સમાપ્તિ વિધિઓ, દક્ષિણાઓ, વિદાયગિરીઓ અપાયા હતા. શ્રી મોટા શાસ્ત્રીજી મહારાજે ભગવાનને બળે દ્વિશતાબ્દિ મહોત્સવ બીજા સ્થાનો કરતા ભવ્ય યશસ્વી ઉજવ્યો હતો, સાધુ, સંત, પાર્ષદો, બ્રહ્મચારીઓ, હરિભકતો, સાંખ્ય યોગી, બાઈઓ, સેવિકાઓ, સેવિકા-વર્ગો અને સેવકો આ મહોત્સવમાં અક્ષરધામના સુખો માણી રહ્યા હતા.

ઉત્સવ પૂરો થતા નિજ દેશ, ગ્રામ, પ્રતિ જતા જનોને પ્રેમથી ઉત્સવની મહાપ્રસાદી અપાતી હતી, ગરીબોને ખૂબ જ જમાડ્યા હતા. ગૌ માતાઓ, પશુ પક્ષીઓ, મજૂરવર્ગો ખૂબ જ પ્રસાદ જમ્યા હતા, તમામને પ્રસાદ લેવા જાહેરાત અપાતી હતી, તમો ભજન કરો, સુખી હો, ભગવાન સંભારો, આત્મામાં આનન્દ વર્તાવો વગેરે બોર્ડો, ગાડીઓ, લાઉડસ્પીકરો ગર્જના કરતા હતા. કોઈ કયાંય પણ માણસની માંદગીનું વિઘ્ન કે ચીજ ચોરવાનું વિઘ્ન કે માણસ બાળક ખોવાવાનું વિઘ્ન કે અનાશ્રય વડે અકળાવાનું વિઘ્ન થયું ન હતું. ભગવાન શ્રીસ્વામિનારાયણની પૂર્ણ દયા વડે ત્રીજે દિવસે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ બનાવેલા મંદિરના નવા મહા સભામંડપમાં મોટા શાસ્ત્રીજીના પ્રમુખપણા નીચે પૂજાઓ, વ્યાખ્યા, કથા, વાર્તાઓ, દાન, દક્ષિણાઓ ખૂબ જ થયા હતા. અન્નકૂટો પુરાયા હતા અને વ્યવસ્થાઓના સંકેલા વિધિસર રીત પ્રમાણે થવા લાગ્યા હતા.

નાગરિકો તથા રાજકીય અધિકારીઓની મહાસભા તથા મહા બ્રહ્મ ભોજનની ગોઠવણ કરાઈ હતી. માનવોએ આવા સન્માન, સંભાળ, આવકાર, સરલતા, ઉદારતા, મિલનસાર ભાવ, આવો, જમો, લ્યો, વાપરો, સુખી હો, ભગવાન ભજો એવાં ગગનઘોષો, ચાલું ભણકારાઓ, પડછંદાઓ વહેવડાવતા હતા. કાર્યકર્તા, નવા સમિતિ સભ્યોના જયકાર વખણાતા હતા, વૃદ્ધ સંતોના પ્રભાવો વખણાતા હતા, ભારતના એક મહાન દૈવી, દેવ-પુરૂષ મહાવિદ્વાન જૂનાગઢમાં વિરાજે છે, એવા મહામહોપાધ્યાય સંતવર્ય સત્ત્વ સ્વભાવી આત્મશીલ ચમત્કારી યતિશ્વરની સામર્થી વડે, આવો મહાન ઉત્સવ ઉજવાયો એવા સમાચારો દેશી માસીક, પાક્ષિક, સાપ્તાહિક દૈનિક પેપરોમાં વહેતા રહેતા હતા. ધન બચત ઘણી રહી હતી, અક્ષત અનિરોધ, અસંકોચે આ મહાન ઉત્સવ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીની મૂર્તિમાં ઓતપ્રોત થઈ ગયો હતો.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની સાહિત્ય સેવા

વિશ્વવિખ્યાત પ્રકાંડ પંડિત વિદ્વત્‌વર્ય સદ્‌ગુરૂ શાસ્ત્રી સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ પોતાના જીવનકાળ દરમ્યાન અનેકવિધ ભાષામાં અલૌકીક, અદ્‌ભૂત, દિવ્ય, કલ્યાણકારી, વિદ્વતાપૂર્ણ આશરે ૫૭ જેટલા ગ્રંથોની રચના કરીને સંપ્રદાય તેમજ સમાજને બહુમૂલ્ય સાહિત્યની ભેટ અર્પિત કરેલ છે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ રચિત ગ્રંથો આ મુજબ છે -

(૧) ન્યાયશાસ્ત્રના ગ્રંથો

૧. ન્યાયસિદ્ધાંત મુક્તાવલીની કિરણાવલી ટીકા (સંસ્કૃત).
૨. તર્કસંગ્રહની દીપિકાની કિરણાવલી (સંસ્કૃત).
૩. ન્યાયબોધિની - પદકૃત્યની ટિપ્પણી (સંસ્કૃત).
૪. તત્ત્વપ્રભાવલિ, નવીન ગહન શ્વૈતાયનીય વિશિષ્ટ ન્યાયશાસ્ત્ર (સંસ્કૃત).
૫. સામાન્ય નિરુક્તિ ગદાધરીના ક્રોડપત્રી શાસ્ત્રાર્થ (સંસ્કૃત).
૬. ખ્યાતિવિમર્શ : ૩ ત્રયસ્ત્રિંશત્‌થી અધિક ખ્યાતિઓ (સંસ્કૃત).
૭. પ્રભાત્વવિમર્શ : પ્રભાત્વ અપ્રભાત્વ વિશદ્‌ વિચાર (સંસ્કૃત).
૮. સાકારત્વ-વિમર્શ : 'સર્વ સાકારમ્‌' એવો સૂક્ષ્મ વિચાર (સંસ્કૃત).
૯. સાક્ષાત્કાર-સૂત્રાણિ : 'સર્વ સાક્ષાત્‌' એવો સટીક વિચાર (સંસ્કૃત).

(૨) મીમાંસાશાસ્ત્રના ગ્રંથો

૧૦. મીમાંસાની અર્થસંગ્રહની કિરણાવલી (સંસ્કૃત).
૧૧. મીમાંસામાં અંગત્વ આદિના પરિષ્કાર (સંસ્કૃત).

(૩) સાંખ્યશાસ્ત્રનાં ગ્રંથો

૧૨. સાંખ્યકારિકા ગ્રંથનું ભાષ્ય (સંસ્કૃત).
૧૩. સાંખ્યતત્ત્વકૌમુદિની કિરણાવલી (સંસ્કૃત).
૧૪. સાંખ્યકારિકાના ગૌડપાદભાષ્યની કિરણટીકા (સંસ્કૃત).

(૪) યોગશાસ્ત્રના ગ્રંથો

૧૫. યોગસૂત્રશાસ્ત્રનું ભાષ્ય (સંસ્કૃત).
૧૬. યોગસૂત્રભોજવૃત્તિની કિરણટીકા (સંસ્કૃત).

(૫) વેદાંતના ગ્રંથો

૧૭. શ્રુતિતાત્પર્યનિર્ણય - મૂળ ગ્રંથ (સંસ્કૃત).
૧૮. ચિત્સુખી ટિપ્પની - ગહને સરળતા (સંસ્કૃત).

(૬) દર્શનશાસ્ત્રનાં ગ્રંથો

૧૯. દર્શનતત્ત્વસાર - દર્શનશાસ્ત્રીના મતો (સંસ્કૃત).
૨૦. વિવિધા વિપ્રતિપત્તિયો : વાદી-પ્રતિવાદીઓનાં તત્ત્વજ્ઞાન (સંસ્કૃત).
૨૧. વેદસ્તુતિ - સરળ અર્થમાં (સંસ્કૃત તથા ગુજરાતીમાં).
૨૨. તત્ત્વમુક્તાકલાપ - પંચસરીની વિશાલ કિરણાવલી (સંસ્કૃત).

(૭) કાવ્યગ્રંથો

૨૩. કવિકાવ્યગૌરવમ્ - કાવ્યતત્ત્વવિચાર (સંસ્કૃત).
૨૪. હિતોપદેશે મિત્રલાભની કિરણાવલી (સંસ્કૃત, હિન્દી).
૨૫. જાતિવિમર્શ - જાતિપરિવર્તનાદિ વિચાર (સંસ્કૃત).
૨૬. અખિલભૂમંડલીય સાંપ્રદાયિક મુક્તિવ્યવસ્થા ગ્રંથ (સંસ્કૃત, ગુજરાતી).

(૮) આધ્યાત્મિક ગ્રંથો

૨૭. શ્રીગુણાતિતબ્રહ્મોપનિષત્ (સંસ્કૃત).
૨૮. ભક્તિરસસરિત્ - અનેક ભક્તિરસો (સંસ્કૃત).
૨૯. પંચતત્ત્વનિર્ણય - જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ વિચાર (સંસ્કૃત).

(૯) ધર્મશાસ્ત્ર ગ્રંથો

૩૦. શ્વેતાયનસ્મૃતિ - ચાલુ સમયનું ધર્મશાસ્ત્ર (સંસ્કૃત પદ્ય-ગુજરાતી).
૩૧. જનક-સુલભા-સંવાદ : આધ્યાત્મિક જ્ઞાન સંવાદ (સંસ્કૃત પદ્ય-ગુજરાતી).

(૧૦) મહામહા ઈતિહાસકાવ્ય

૩૨. શ્વેતાયનસંહિતા (શ્રી લક્ષ્મીનારાયણસંહિતા)- ૧,૨૬,૦૦૦ શ્લોકોમાં બ્રહ્મ-સૃષ્ટિ-ઈતિહાસ (સંસ્કૃત પદ્ય).
૩૩. શ્રી ગુણાતીતોપદેશ - પાંચ પ્રકરણ (સંસ્કૃત પદ્ય અને હિન્દી).
૩૪. શ્રી ગોપાલાનંદોપદેશ - ત્રણ પ્રકરણ (સંસ્કૃત પદ્ય અને હિન્દી).
૩૫. શ્રી સ્વામિનારાયણ દર્શનશાસ્ત્ર, કલ્યાણીવૃત્તિ સહિત - સપ્તમદર્શન, સૂત્ર અને ટીકા (સંસ્કૃત).
૩૬. શ્રી સ્વામિનારાયણ વેદાંતસાર - પદાર્થનિર્ણય (સંસ્કૃત).
૩૭. વિશિષ્ટાદ્વૈતમાં પણ વિશિષ્ટબ્રહ્માંડદ્વૈતત્ત્વ વિચાર (સંસ્કૃત).
૩૮. શ્રીહરિવાક્યસુધાસિંધુ : મૂળ ૨૬૨ તરંગોનું બ્રહ્મરસાયનભાષ્ય : લગભગ ૫૦૦૦ પૃષ્ઠોમાં મહાસાગરભાષ્ય (સંસ્કૃત).
૩૯. સુધાસિંધુસાર સન્દોહન - ગ્રંથાધારે તત્ત્વપદાર્થ (સંસ્કૃત).
૪૦. વચનામૃતપ્રામાણ્યહેતવઃ - ૨૬૨ સ્તબકોમાં હેતુઓ (સંસ્કૃત).
૪૧. સુધાસિંધુસૂત્રાણિ - ૨૨૫૧ સંખ્યામાં સૂત્રો (સંસ્કૃત).

૪૨. શ્રીહરિસ્વરૂપનિર્ણયનું સત્સંગભાષ્ય, પરબ્રહ્મ-માનવરૂપમાં એકતા, તમામ ઉપાસકોને ઉપયોગી (સંસ્કૃત).
૪૩. સત્સંગિજીવન ૧૮,૦૦૦ શ્લોક, પાંચ પ્રકરણોની સારબોધિની પારાયણી સંક્ષિપ્ત સંસ્કૃત ટીકા (સંસ્કૃત).
૪૪. શિક્ષાપત્રી ૨૧૨ શ્લોકોની કિરણાવલી (સંસ્કૃત, ગુજરાતી).
૪૫. અવતાર-અવતારીપણામાં પુરાણાદિ વચનો (સંસ્કૃત).
૪૬. ભગવતો-ભગવતીનાં હનુમાન આદિનાં સ્તોત્રાણિ (સંસ્કૃત).
૪૭. શ્રીહરિવચનામૃતાનિ - ભાષાંતર (હિન્દી).
૪૮. શિક્ષાપત્રી - ભાષાંતર (હિન્દી).
૪૯. વિદ્વાનો કૃત અભિનંદનાનિ, મહાગ્રંથ (સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી, ગુજરાતી).
૫૦. ભક્તોકી અભ્યર્થનાએં (હિન્દી, ગુજરાતી).
૫૧. પ્રભુજી કે વૃત્તાંત - જીવની (હિન્દી, ગુજરાતી).
૫૨. પ્રત્યક્ષ મહિમા પિયૂષ (ગુજરાતી).
૫૩. શરણાગતિસ્પષ્ટાર્થ - આશ્રયબલ (ગુજરાતી).
૫૪. પ્રકીર્ણકમાહાત્મ્ય ઉપદેશ... આદિ (ગુજરાતી).
૫૫. સત્સંગીભૂષણ - (સંસ્કૃત).
૫૬. ભક્તોની સેવા-ઉપાસના - અનુસંધાન (ગુજરાતી).
૫૭. વિદ્વાનો દ્વારા સમર્પિત - અભિનંદનગ્રંથ. (સંસ્કૃત, હિન્દી, અંગ્રેજી, ગુજરાતી).

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ

રચિત અદ્‌ભૂત, દિવ્ય, કલ્યાણકારી, સર્વશ્રેષ્ઠ ૫૭ શાસ્ત્રોનો સંક્ષિપ્ત પરીચય.

: ન્યાયશાસ્ત્રના ગ્રંથો :

(૧) ન્યાયસિધ્ધાંત મુક્તાવલીની કિરણાવલી ટીકા (સંસ્કૃત) :

આ શાસ્ત્ર સર્વ ટીકાઓમાં મૂર્ધન્ય ટીકા તથા વિશાલ ટીકા છે. ન્યાયદર્શનમાં આવતા પ્રમાણ, પ્રમેય- સંશય, પ્રયોજન, દૃષ્ટાંત, સિધ્ધાંત, અવયવ, તર્ક, નિર્ણય, વાદ, જલ્પ, વિતંડા (વાદ), હેત્વાભાસ, છલ, જાતિ,નિગ્રહસ્થાન નામથી પરિચિત સોળ પદાર્થો તથા વૈશેષિક દર્શનના દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય વિશેષ, સમવાય અભાવ નામના સાત પદાર્થો અને નવ્યન્યાયનાં અનેક પરિષ્કૃત પદાર્થોના સ્વરૂપો પ્રકાશિત કરેલા છે, તે મંગલવાદ, ઈશ્વરવાદ, પદાર્થોના સાધર્મ્ય-વૈધર્મ્ય લક્ષણો, આત્મતત્ત્વના ચાર્વાક બૌધ્ધ વેદાન્તી વગેરેના મંતવ્યો, પ્રત્યક્ષના વિભાગો, યોગનાં સામર્થ્યો,અનુમાનની વ્યાપ્તિઓ, પક્ષતાઓ, પરામર્શો, અનુમિતિઓ, સધ્ધેતુઓ-અસ્ધેતુઓ, ઉપમાપ્રમાણ, શબ્દપ્રમાણ, શબ્દની સહાયક શક્તિ લક્ષણાઓ, યોગ્યતા, સામીપ્ય તાત્પર્ય, આકાંક્ષાઓ સ્મૃતિઓ અને સંસ્કારો, માનસ સ્વરૂપ, રુપરસાદિ ૨૪ ગુણો તેની સમાન અસમાન સ્થિતિઓ, કારણો, અર્થો, નિષેધાર્થો, ભાવાર્થો, ધર્મ, અધર્મ, વાક્ય વિભાગો, ભાવના અને પર્યાપ્તિઓ, અવચ્છેકતાઓ, વિગેરે બહુ જ સ્પષ્ટ રીતે વર્ણવ્યા છે. આ ગ્રંથનો અભ્યાસ કરનાર અન્ય તમામ ગ્રંથોનો અભ્યાસ કરવા સક્ષમ થાય છે, આવો ભારતીય તાર્કિક જ્ઞાનનો ખજાનો પરદેશીઓ માટે પણ સ્વામીશ્રીએ તૈયાર કરી આપ્યો છે.

(૨) ન્યાયબોધિની પદકૃત્ય ટિપ્પણી તથા

(૩) તર્કસંગ્રહની દીપિકા ટીકા પર કિરણાવલી ટીકા (સંસ્કૃત) :

તર્ક સંગ્રહ નામક ગ્રંથની દીપિકા નામક ટીકા ઉપર કિરણાવલી ટીકા સ્વામીજીએ લખી છે, ઉપરાંત તે ગ્રંથની ન્યાયબોધિની અને પદકૃત્યનામની બે ટીકાઓ ઉપર ટિપ્પણીઓ લખી છે. આમાં તેના મૂળોમાં જે નિગૂઢ અર્થો ભરેલા છે તે તમામ સ્પષ્ટ કરી દેખાડે એવી ગંભીર ટીકા છે તે મૂલાર્થ, અન્વયાર્થ, ગૂઢાર્થ, ઉત્કૃષ્ટાર્થ, સંક્ષિપ્ત વિશદાર્થ આદિને લઈ લઈ ને તે ઉપર લખાયેલી છે. આમાં સાત પદાર્થો, નવ દ્રવ્યો, ચોવીશ ગુણો, પાંચ ક્રિયાઓ, બે જાતિ વિભાગો, વિશેષ પદાર્થ સંસર્ગો અને ચાર અભાવોના વિવેચનો તથા ઘાતિ ઉત્તરો અને નિગૃહીત કરવાના કોયડાઓ વિસ્તૃત રીતે વિવેચિત કરેલા છે, આમાં શાસ્ત્રાર્થમાં વિજયોના અંગો પણ છે, જે બે ગ્રંથોના રૂપમાં છે.

(૪) તત્ત્વપ્રભાવલી : નવીન ગહન શ્વેતાયનીય વિશિષ્ટ ન્યાયશાસ્ત્ર (સંસ્કૃત) :

તત્વપ્રભાવલિ નામક તાર્કિક નૈયાયિકોનો આ વિશિષ્ટ મૌલિક ગ્રંથ શ્વેતાયન વ્યાસ શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી એ કઠિન તત્વસંભત નવીન વિશિષ્ટ ન્યાયશાસ્ત્ર તરીકે મૌલિક પદ્યગદ્યોમાં ૭૦૦ થી અધિક કારિકાઓમાં કંડાર્યો છે. આ ગ્રંથમાં પ્રમેય, પ્રમાણ, પ્રમિતિ, પ્રમાતા એવા ચાર ખંડો છે તેના ૧૪ પરિચ્છેદો છે. ૧. પદાર્થ નિરુપણ, ૨. પદાર્થ સાધર્મ્ય,

૩. દ્રવ્ય નિરુપણ, ૪. ગુણ નિરુપણ, ૫. તત્વગુણનિરુપણ, ૬. જ્ઞાન નિરુપણ, ૭. તર્ક નિરુપણ, ૮. નવ પ્રમાણ નિરુપણ, ૯. વિવિધ વિપ્રતિપત્તિ નિરુપણ, ૧૦. અનુમાન પરિચ્છેદ - વ્યાપ્તિ પરામર્શ, પક્ષતા, સધ્ધેતુ-અસધ્ધેતુ આદિ સહિત.૧૧. શબ્દ પરિચ્છેદ શક્તિ લક્ષણ, વ્યુત્પત્તિ પ્રયોગ અલંકાર વિધિનિષેધ, પ્રકૃતિ, પ્રત્યય ધાતુના શાબ્દબોધ આદિના વિવેચન, ૧૨. પ્રમિતિ પરિચ્છેદ પ્રમાજ્ઞાનોનો બાહ્ય આંતર તમામ જ્ઞાન, વૃત્તિ, સ્મૃતિ આદિનું વિવેચન, ૧૩. પ્રમાતા-આત્મા વિષય સર્વ દર્શનમત વિશિષ્ટ, ૧૪. જીવ, ઈશ્વર, માયા બ્રહ્મ, પરબ્રહ્મ વગેરેના વિવેચનો યુક્ત ન્યાયનો આવો ગ્રંથ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ નવ્ય ન્યાયના સ્વરૂપમાં રચેલ છે. ભાવિ નૈયાયિકોને, દર્શનાધ્યયન પરાયણોને ખૂબ જ ઉપયોગી તથા આ વિષયમાં મૌલિક જ્ઞાનનો પ્રકાશ પાથરતો આ ગ્રંથ છે.

(૫) સામાન્ય નિરુક્તિ ગાદાધરી ક્રોડમ શાસ્ત્રાર્થ (સંસ્કૃત) :

મહા તાર્કિકોને માટે નવ્યન્યાય પ્રવિષ્ટોને ઉપયોગી હેત્વાભાસની સામાન્ય નિરુક્તિ લક્ષણના લક્ષ્ય એવા વિભિન્ન અસધ્ધેતુઓમાં વ્યાપ્તિ-અવ્યાપ્તિની રીતિઓ વડે ગાદાધરીનો ક્રોડપત્ર રુપ આ ગ્રંથ છે. વિદ્યાગુરૂ મહામહોપાધ્યાય પંડિત ધુરંધર શ્રી વામાચરણ ભટ્ટાચાર્યજીની પાસે અધ્યયન સમયમાં જે નાના મોટા સમાધાનો શંકાનાશક થતા જતા હતા, તે તે સમયે લખી-લીધેલા નવા પરિષ્કારો શાસ્ત્રાર્થ વિષયના અંશો જે શીખાતા હતા તે તે આ ક્રોડપત્ર ઉપલક બૌધ્ધિક પત્ર તરીકે આ ગ્રંથ છે. નવ્ય ન્યાયાચાર્યને જ આ ગ્રંથનું આસ્વાદન મળી શકે છે.

(૬) ખ્યાતિ વિમર્શ ગ્રંથ : ૩૩ થી અધિક ખ્યાતિઓ (સંસ્કૃત) :

આ ગ્રંથમાં 'જાંજવાના જલ', 'છિપનીમાં રુપાનું ભાન', 'અંધારામાં ભૂતનું ભાન', 'સ્વપ્ન ભાન' આદિકમાં ૩૫ ખ્યાતિભેદો દર્શાવેલ છે. વિદ્વાનોના સયુક્તિક સિધ્ધાંતો છે. ખ્યાતિ એટલે ભ્રમ સ્થલીય જ્ઞાનો કેવા સ્વરૂપે સ્વખ્યાપન કરે છે તે. નૈયાયિકો ભ્રમ ખ્યાતિ અન્યથા ખ્યાતિ માને છે, શ્રી સ્વામિનારાયણ મતે સત્સમુચ્ચય ખ્યાતિ છે જ્યારે શ્રી રામાનુજમતે સત્ખ્યાતિ છે. બ્રહ્મજ્ઞાનમાં પૃથ્વીની જળ વરાળ કિરણની વરાળ અને તેના દૂર ઘટ્ટભાવાપન્નસ્થ રુપ ક્રિયા તે છે જ, તેનું જ્ઞાન સાચા વિષયો હોવાથી (હાજર) સાચુ જ છે, તેનુ સમુચ્ચય હોય તો જ તેનો તેવો રેખાવ (આકાર) કે દેખાવ થાય છે. માટે સત્યની સમુચ્ચય થએલી જ્ઞાન વિજ્ઞપ્તિ ખ્યાતિ છે, બધા જ્ઞાનોમાં સુક્ષ્મ વિચારોમાં એમ જ છે. ન્યાય તર્કને મતે જલત્વરહિત કિરણમાં જલતાપણાનું ભાન છે માટે ભ્રાન્તિખ્યાતિ છે. મીમાંસક શાસ્ત્રે રુપાનું સ્મરણ છિપનીમાં થાય છે માટે આત્મખ્યાતિ કબુલ રાખી છે. વેદાંતીઓ અદ્વૈતીઓ મિથ્યારુપ અવિદ્યામય હોવાથી અનિર્વચનીય ખ્યાતિ વર્ણવે છે. જૈનો અભાવને ત્યાં જ માનીને અસત્ખ્યાતિ કહે છે. સાંખ્યયોગ અખ્યાતિ કહે છે. આવી ખ્યાતિઓ ભ્રાંતિ જ્ઞાન વિવાદોનો ખ્યાતિ ગ્રંથ શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજીએ ૩૩ થી અધિક ખ્યાતિઓનો 'ખ્યાતિ વિમર્શ' ગ્રંથ લખ્યો છે, જે સૂક્ષ્મ તત્વાન્વેષણયોગ્ય બુધ્ધિગમ્ય છે. ખ્યાતિવિમર્શ વિદ્વાનોને આત્માની અને જ્ઞાનની ખોજ માટે તત્પર રહેનારાઓને વાંચવા યોગ્ય છે.

(૭) પ્રમાત્વ વિમર્શ : પ્રમાત્વ - અપ્રમાત્વ વિશદ વિચાર (સંસ્કૃત) :

બધા જ્ઞાનોમાં કાંઈ કાંઈ અંશ પ્રમા જ છે, અન્યભિમત અપ્રમામાં પણ નિજ વિચારો

વડે શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજીએ પ્રમાત્વ દેખાડેલ છે. આ વિષય મહાવિદ્વાનોએ અન્વેષિત કર્યો છે, પ્રમાત્વના પરિષ્કારો, નૈયાયિકોનું પ્રામાણ્ય અપ્રમાણ્ય પરતોગ્રાહ્ય છે, સાંખ્યયોગો નું સ્વતોગ્રાહ્ય છે, બૌધ્ધોનું પરતોગ્રાહ્ય, જૈનોનું સ્વતોગ્રાહ્ય, રામાનુજાદિકોનું પ્રામાણ્ય સ્વતોગ્રાહ્ય છે. આવા તત્ત્વજ્ઞાનો પર કિમતી વિચારો કર્યા છે.

(૮) સાકારત્વ વિમર્શ (સંસ્કૃત) :

આ ગ્રંથમાં વીસ વ્યાપ્તિઓ વડે પદાર્થોની સાકારત્વ સાધના કરી છે, અતિ બુધ્ધિગમ્ય વિદ્વદ્વૈદ્ય આ તાત્વિક ગ્રંથ છે.

(૯) સાક્ષાત્કાર સૂત્રાણિ : "સર્વ સાક્ષાત્" એવો સટીક વિચાર (સંસ્કૃત) :

"સર્વ સાક્ષાત" આ સિધ્ધાંત પર આ ગ્રંથ લખવામાં આવ્યો છે. અને તેના સૂત્રો પર 'કલ્યાણી વૃત્તિ' નામની ટીકા પણ સ્વામીજીએ લખી છે. સર્વે પદાર્થના સાક્ષાત્કાર પરાયણ આ ગ્રંથ છે. પરમેશ્વર, બ્રહ્મ, મુક્તો, ઈશ્વરો, ઋષિગણો, પિતૃગણો, યોગીગણો, દેવતાઓ, વ્યૂહ, સાક્ષી, અંતર્યામી, ધર્મરાજ, સૂર્યનારાયણ, ભૂતાધિકારી દેવો પણ તમામ ચીજોના પ્રત્યક્ષ દષ્ટાઓ છે. ગ્રંથમાં કરવામાં આવેલા આ પ્રકારના સૂત્રો તથા વિવેચનો વિદ્વાનોને માટે બુધ્ધિગમ્ય છે.

: મીમાંસા શાસ્ત્રના ગ્રંથો :

(૧૦) અર્થસંગ્રહ કિરણાવલી (સંસ્કૃત) :

મીમાંસા શાસ્ત્રનો આ પ્રક્રિયા ગ્રંથ છે. ગ્રંથમાં વિશાલ મીમાંસા શાસ્ત્રમાં પ્રતિપાદિત થયેલા અર્થોને અનુલક્ષીને ઉપયોગમાં આવતા પદાર્થો સંગહીત કરેલા છે. ધર્મ, યજ્ઞ(ભાવના) આજ્ઞા, વિધિ, કરણ, સાધન દ્વાર, ક્રિયાફળ, પુણ્ય, અપૂર્વ દેવતા પ્રસાદ, કાર્યસિધ્ધિ, વૈદિક યજ્ઞકાંડ, આચાર્ય, હોતા, આદિ દીક્ષિત, અગ્નિકુંડ વહિન સ્થાપના, હત, હોમ દ્રવ્ય શુધ્ધિ આદિકને લગતા અનેક બૌધ્ધિક વિષયો શાબ્દબોધ વગેરે વર્ણિત છે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ આ ગ્રંથની કિરણાવલીમાં તમામ પેટિકાઓ વાક્ય ભેદાદિ રચનાઓ, કર્મકાંડીય શ્રૃત્યર્થો વિગેરે સાનુષ્ઠાન વર્ણિત કરેલ છે. સંસ્કૃત કર્મકાંડીઓને અત્યંત ઉપાદેય ગ્રંથ છે. દ્રવ્ય ત્યાગ પ્રકાર તે તે દેવતા સ્વરુપ, તેના બલિદ્રવ્ય, તેને ક્રિયાનુષ્ઠાન વિનિમય, તજજન્ય અદંષ્ટ, તે વડે ફૂલ, અવભૃથ આદિ પ્રાપ્તિ તથા ભગવાનની પ્રસન્નતામાં વિશ્રાંતિ વિવેચિત કરી દેખાડી છે. સમજવા લાયક અભિપ્રાય અર્થો છે.

(૧૧) અંગત્વ આદિ પરિષ્કાર (સંસ્કૃત) :

આ ગ્રંથમાં સ્વામીશ્રીએ નવ્ય તાર્કિક રીતિ વડે મીમાંસાના પદાર્થોના શંકા સમાધાનવાળા પરિષ્કારો રચ્યા છે, અંગત્વ આદિના પરિષ્કારો બુધ્ધિમાં સત્વર ઝટિતિ પ્રકાશિત થઈ વિશેષબોધ કરાવે છે પરિષ્કારના પ્રવાહ આ ગ્રંથ વડે જાણવા મળે છે.

: સાંખ્ય શાસ્ત્રના ગ્રંથો :

(૧૨) સાંખ્યકારિકા ગ્રંથનું ભાષ્ય (સંસ્કૃત) :

(૧૩) સાંખ્યતત્વ કૌમુદિની કિરણાવલી (સંસ્કૃત) :

(૧૪) સાંખ્યકારિકાના ગૌડપાદ ભાષ્યની કિરણટીકા (સંસ્કૃત) :

શ્રી સ્વામીજીએ સાંખ્ય શાસ્ત્ર ઉપર પણ ત્રણ ગ્રંથોની રચના કરી છે. જે પૈકી સાંખ્યકારિકા ગ્રંથનું ભાષ્ય સ્વામિનારાયણ સંપ્રદાયના સંદર્ભમાં છે. બાકીના બે ગ્રંથો પૈકી સાંખ્યતત્વ કૌમુદિની કિરણાવલી પંડિત વાચસ્પતિએ જે તત્વકૌમુદિની ટીકા લખી છે. તેના ઉપર સ્વામીજીએ કિરણાવલી ટીકા સૂર્ય કિરણાવલી જેવી લખી છે, તેમાં કારિકાઓને લગાડી છે, તત્વ કૌમુદિની ટીકાને વિશાળતાથી વિવેચિત કરી છે. જ્યારે સાંખ્યકારિકાઓ ઉપર જે ગોડપાદ ઋષિનું ભાષ્ય છે એમાં જુની રીતો પ્રમાણે અર્થ કાકિન્યપ્રયોગ કાકિન્ય પણ છે, જેના સરળ અર્થો બતાવતું કિરણ નામનું વિવેચન શ્રી સ્વામીજીએ લખ્યું છે. પરંતુ આ ત્રણેય પૈકી સ્વામીજીએ આપેલ સાંખ્યકારિકા ઉપર સ્વામિનારાયણ ભાષ્ય ગ્રંથ વિશાલ છે, જેમાં તેમણે નિત્ય ત્રિગુણીમાયા, તેના ચોવીશ તત્ત્વો તેની સાબિતીઓ તેની સાથે આત્મા અને સાક્ષી મળી રચાતો (સર્જાતો) જડ ચેતન સંસાર એમાં કારણ શરીર, સુક્ષ્મ શરીર, અંતઃકરણ, ઈન્દ્રિયો અને તન્માત્રાઓની ક્રમોત્પતિ સાબિતીઓ ત્રણેય શરીરોના ગુણધર્મો, કાર્યો, અસ્તિત્વ વગેરે દર્શાવ્યાં છે. સંસાર યાત્રામાં અથથી ઇતિ સર્વ જીવોને ઉપયોગી થાય એવો અદ્‌ભુત, વિશાલ અને સંપૂર્ણ ગ્રંથ શ્રીસ્વામીજીએ આપ્યો છે.

: યોગશાસ્ત્રના ગ્રંથો :

(૧૫) યોગસૂત્ર શાસ્ત્રનું ભાષ્ય (સંસ્કૃત) :

(૧૬) યોગસૂત્ર ભોજવૃત્તિની કિરણ ટીકા (સંસ્કૃત) :

પતંજલિ ઋષિએ આપેલા યોગસૂત્રો ઉપર શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસજીનું ભાષ્ય છે. એવું જ વિસ્તૃત ભાષ્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ સ્વામિનારાયણ ભાષ્ય રચ્યું છે. જેમાં યોગના તમામ તત્વો, પદાર્થો, માર્ગો, પ્રકારો, સાધનિકાઓ, અંગો, શરીર સંચાલનો, 'પિંડ તે બ્રહ્માંડે' સૂત્ર ઉપર વિવેચન ઈડા, પિંગલા, સુષુમ્ણા, નાડીઓના રસ્તાઓ, લોકાન્તરો, બ્રહ્મ સંબંધો, યોગ સાધનાના ક્રમિક સોપાનો, ૧૦૦ ઉપર આસનો, પ્રાણાયામો અને તેના પ્રકારો, વૃત્તિના પાછા પ્રવાહો, પ્રત્યાહારો, સ્થુલ-સુક્ષ્મ ધારણાઓ, ઊંડા તત્વોમાં ધ્યાનો, તે વડે સૃષ્ટિમાં સમાધિઓ, સમ્પ્રજ્ઞાત સમાધિ, એકાગ્રતા નિરોધ સમાધિ, અસમ્પ્રજ્ઞાત સમાધિ, બ્રહ્મ સમાધિ, મોક્ષ, યૌગિક ક્રિયાઓ, આકાશ ગતિ, અદૃશ્ય ગતિ, જલ-અગ્નિમાં ગતિ, દૂર શ્રવણ, દૂર દર્શન, દૂર સ્પર્શ, બ્રહ્માંડ વૃક્ષાદિકમાં પરકાય પ્રવેશ, પરમાનસ બોધ, સૃષ્ટિ વિજ્ઞાન, અષ્ટ અંગોના ફળ, સાધના ફળ, સાર્વજ્ઞ્યપણું, જીવનમુક્તિ, તત્વવિચાર, છવ્વીસ પદાર્થ, વૈરાગ્યભેદ, ધર્મ જ્ઞાન વૈરાગ્ય, ઐશ્વર્ય, અધર્મ, અજ્ઞાન, અનૈશ્વર્ય, અવૈરાગ્ય ઈશ્વરોના દેવોના બંધનો, સર્વ દ્વૈત અદ્વૈતીઓના મતો, સર્વ સુ મુર્ત સાકારતાના વિવેચનો, સર્વ સત્યતાના વિવેચનો, આત્મદર્શનના પ્રકારો, ઈશ્વરના લક્ષણ, પરમેશ્વરની ઉપાસના, ભક્તિ આસ્તિક્તા, જ્ઞાન વડે મોક્ષ, ભક્તિ વડે મોક્ષ,

ફલાંતર પ્રાપ્તિ, દાર્શનિકોની પધ્ધતિઓ વર્ણવીને આ ગ્રંથને સ્વામીજીએ સર્વાંગ સંપૂર્ણ ગ્રંથ બનાવ્યો છે. જે માત્ર યોગના જીજ્ઞાસુઓને જ નહિ પરંતુ યોગના નામે ગુમરાહ થયેલાઓને યોગીઓને તેમજ યૌગિક ગુરુઓને પણ ઉપયોગી થાય એવો મહાન ગ્રંથ શ્વેતાયન વ્યાસાવતાર સ્વામીજીએ ભારતીય પ્રજાને અર્પણ કર્યો છે, જે માટે શ્રી પતંજલિઋષિ પછી સમસ્ત ભારત શ્વેતાયન વ્યાસાવતાર સ્વામીશ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી અવશ્ય ઋણી રહેશે.

એ સિવાય યોગસૂત્ર ઉપરની ભોજવૃત્તિ ટીકાનું ઊંડાણપૂર્વકનું કિરણ નામનું ટુકું વિવેચન સ્વામીજી મહારાજે સુસ્પષ્ટ કરેલ છે જેમાં યોગશાસ્ત્રમાં વપરાતા પ્રાચીનકાળના શબ્દો, તેના અર્થો, પદાર્થો અને વિન્યાસોને આધુનિક કાળના સંદર્ભે તેના સમાનાર્થી આધુનિક શબ્દો, અર્થો, પદાર્થો વિન્યાસો વગેરે નવીન રીતિથી કિરણમાં સુન્યાસ તરીકે સમજાય એમ દર્શાવ્યા છે. આ ગ્રંથ પણ યોગમાં પ્રવેશતા સર્વ જીજ્ઞાસુઓએ પ્રથમ વાંચી જવો જોઈએ.

: વેદાંત શાસ્ત્રના ગ્રંથોઃ

(૧૭) શ્રુતિતાત્પર્ય નિર્ણય (સંસ્કૃત) :

(૧૮) ચિત્સુખી ટિપ્પણી (સંસ્કૃત) :

આ ગ્રંથમાં શ્રુતિઓના તાત્પર્યો લીધા છે. ઉપક્રમ, ઉપસંહાર, અભ્યાસ, અપૂર્વતા, ફલ અને ઉત્પતીઓ ઘણી સારી રીતે પ્રતિપાદિત કરેલ છે. વિશિષ્ટાદ્વૈત સિધ્ધાંત ઉપર આ ગ્રંથ લખાયો છે. ઉપનિષદોના તાત્પર્ય તલસ્પર્શી વર્ણવ્યા છે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ તત્ત્વદીપિકા ગ્રંથ અધ્યાપન કરાવતી વખતે વિદ્યાર્થીઓને જે જે સમજાવાતું તેનું જ્ઞાન આપવા, આ ગ્રંથ ઉપર ટિપ્પણીઓ આપી તેનું સંકલન આ ગ્રંથમાં કર્યું છે, જે ચિત્સુખી ટિપ્પણી તરીકે સંપાદિત છે. તત્ત્વદીપિકા 'જગત મિથ્યા બ્રહ્મ સત્ય, આત્મા ચેતન બ્રહ્મ છે'. એવા સિધ્ધાંતો પર રચાયેલો અદ્વૈત વેદાંતનો ન્યાય યુક્તિઓવાળો શ્રેષ્ઠગ્રંથ છે. જેના પર સ્વામીજીએ જે ટિપ્પણી આપી, તે ચિત્સુખી ટિપ્પણીથી ઓળખાવ્યો છે.

: દર્શન શાસ્ત્રના ગ્રંથો :

(૧૯) દર્શનતત્વસાર - દર્શન શાસ્ત્રીના મતો (સંસ્કૃત) :

(૨૦) વિવિધ વિપ્રતિપત્તિઓ : વાદી - પ્રતિવાદીઓના તત્વજ્ઞાન (સંસ્કૃત) :

દર્શનતત્વસાર ગ્રંથમાં શ્રીસ્વામિનારાયણ ભગવાનના વચનામૃતોને આધારે બીજા દર્શનોના તત્વોના પૂર્વ પક્ષ લઈને તમામના સારરુપમાં ઉત્તર પક્ષ સિધ્ધાંત તથા વિભાગ સાધન, ભગવત દર્શન ફળ, ભક્તિ વડે ધામ ગતિ, સંસારીને પણ જ્ઞાન ભક્તિ, શરણાગતિ વડે મોક્ષ આદિ લઈને દાર્શનિક વિદ્વાનોને ઉપાદેય ગ્રંથ છે. આ ગ્રંથમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ દર્શન તત્વોને સુક્ષ્મ સ્વરુપે સંકલિત કર્યા છે.

વિવિધવિપ્રતિપત્તય ગ્રંથમાં સ્વામીજીએ પોતાનો મત વ્યક્ત કર્યો છે કે, અનેક તત્વ ઉપર પંચ વિચાર કરવા બેસે ત્યારે પોતપોતાના અભિપ્રાયો-મન્તવ્યો-મતો એક તત્વ ઉપર રજુ કરે ત્યારે તેને વિવિધવિપ્રતિપ્રતિઓમાં ગણવામાં આવે છે. પરંતુ તેનો પ્રયોગ તમામ તત્વો ઉપર થાય છે. પરંતુ તેવી અનેક તત્વો ઉપર અનેક વિપતિપત્તિઓ આ ગ્રંથમાં છે. અને નિજ ઈષ્ટસિધ્ધ

તેના ફળો છે.

(૨૧) વેદ સ્તુતિ-સરળ અર્થમાં (સંસ્કૃત) :

(૨૨) તત્વમુક્તાકલાપ કિરણાવલી (સંસ્કૃત) :

આ રામાનુજ સંપ્રદાયનો ગ્રંથ છે, શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયને માટે બહુ જ કિંમતી છે, દાર્શનિકોની આંખો ખોલનારો છે. આ ગ્રંથ ઉપર સ્વામીશ્રીએ કિરણાવલી વિશાલ ટીકા સરલભાષામાં લખી છે. મૂલ શ્લોકોના પદચ્છેદ અન્વર્ય અર્થ પણ રચેલા છે. શાસ્ત્રાર્થ ભરેલો ગ્રંથ છે. તત્વચિંતન નું ફળ ભક્તિમાં ગણાઈને મોક્ષ માટે ઉપકારી છે, તત્વ શોધનકારી આ ગ્રંથ સ્વામીજીએ તમામ દર્શનોના પૂર્વપક્ષો કરીને તેની રીતિને અનુસારે સાબિતિઓ રચી છે. બહુ જ મહત્વપુર્ણ ગૌરવભર્યો ગ્રંથ છે.

: કાવ્ય ગ્રંથો :

(૨૩) કવિકાવ્યગૌરવમ્ - કાવ્યતત્વ વિચાર (સંસ્કૃત) :

આ ગ્રંથ સાહિત્ય કાવ્યોના તત્વોને સંક્ષેપથી કહેનાર છે, વાંચનારના નેત્ર-હૃદય ખુલી જાય તેવો છે, કવિના હૃદયો તેના ગ્રંથોમાં હોય છે, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ આમાં કાંઈક અંશે હૃદય ઠાલવ્યું છે, કવિઓનું સામ્રાજ્ય સૃષ્ટિ દૃષ્ટિમાં ચમકતુ હોય છે, પોતે સૃષ્ટિ સર્જી શકે છે. કવિત્વના રસના વર્ણન લક્ષણ વગેરે સંક્ષેપથી આ ગ્રંથમાં વર્ણવેલ છે.

(૨૪) હિતોપદેશે મિત્રલાભની કિરણાવલી (સંસ્કૃત, હિન્દી) :

હિતોપદેશ સર્વત્ર અભ્યાસમાં અપેક્ષિત રાખેલ છે, તે ઉપર શ્રી સ્વામિજી મહારાજે અન્વય કર્તરિ કર્મણિ આદિ વાચ્ય સ્વરૂપોના પ્રયોગો હિન્દીમાં અર્થ સહિત વર્ણવ્યા છે. વિદ્યાર્થીઓને ભણવામાં સરલ થાય અને વ્યાકરણના વિનિયોગ જલ્દી કરતા આવડે તેવે ઢંગે કિરણાવલીમાં વિશેષપણે આપેલ છે જે અભ્યાસ માટે ઘણો ઉપયોગી છે.

(૨૫) જાતિ વિમર્શ (સંસ્કૃત) :

જાતિવિમર્શ ગ્રંથમાં ગુણ કર્મ અનુસાર જાતિનો નિર્ણય લેવાયો છે, વૈદિક રીત અનુસાર આ ગ્રંથ સ્વામીશ્રીએ લખ્યો છે. વિદ્વાનોએ દેશ દેશાંતરના વિપ્રવર્ગમાં પણ જાતિ ભિન્નતા સ્વીકારી છે. ન્યાય શાસ્ત્રમાં નિત્ય અનેક સમવેત જાતિ કહી છે, જાતિ વ્યક્તિ રુપ રામાનુજ સાંખ્ય વગેરેએ માની છે. પિંડ વિશેષતા જાતિ ધર્મસ્વરૂપ જ છે. આ રીતે કારણકાર્ય અભેદવાદી મતમાં માનવામાં આવે છે, આવા ઘણાં વિચારો શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીજીએ દર્શાવ્યા છે.

(૨૬) અખિલ ભૂમંડલીય સાંપ્રદાયિક મુક્તિવ્યવસ્થા ગ્રંથ : (સંસ્કૃત, ગુજરાતી)

આ ગ્રંથ ભૌગોલિક ખંડોના સંપ્રદાયોના અભ્યાસી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ સંસ્કૃ ત પદ્યોમાં તેમ જ ગુજરાતીમાં રચેલો છે, શાસ્ત્રીય દાર્શનિક સંપ્રદાયો તથા લૌકિક માનવીય સમ્મત સંપ્રદાયો, મતપંથો, વૈષ્ણવ, શૈવ, શાક્ત, નિરાકાર, સાકાર, ફીરસ્તા, ઓલિયા જોગી, જતિ, તપસી, સન્યાસી, અઘોરી, જ્ઞાની, નિરમ્બરી, મૂર્તિવાદી, અમૂર્તાધ્યાયી, એક જન્મવાદી, અનેક જન્મવાદી, કેવલ કર્મઠ, સસાક્ષિકર્મઠ, દુનિયાપારના મોક્ષ પ્રતીક્ષક, વિવિધ મુક્તિસ્થળ આદિના સારરુપ વગેરેના વર્ણન સાથેનો આ ગ્રંથ સંસ્કૃત શ્લોક તથા ગુજરાતીમાં લખાયો

છે. આવો ગ્રંથ દુનિયાના મતપંથ શ્રુત-બહુશ્રુત વિદ્વાન લખી શકે તેવો જનહિતાર્થ લખાયેલ છે. શાસ્ત્રો અને સદગુરુ, દૈવી આચાર્યો, અવતારો અને અવતારી પુરુષોના વચનો વડે તે તે મુક્તિસ્થાનો, વાડમય શાસ્ત્રોમાં પ્રવર્તેલા તે તે સ્થળો, અવતારોના સ્વરૂપો, મુક્તિ અને ઉપાસનાના ઉપાસકો આ ગ્રંથમાં સંક્ષેપમાં લખ્યા છે.

: આધ્યાત્મિક ગ્રંથો :

(૨૭) શ્રીગુણાતીતબ્રહ્મોપનિષત્ (સંસ્કૃત).

આ ગ્રંથ ઉપનિષદ્ બ્રહ્મવિદ્યામય છે, ૪ અધ્યાય ૧૬ પાદાત્મક છે. સ્વામીજીએ બ્રહ્મવિદ્યાઓની પરંપરા, આત્મા-પરમાત્મા સ્વરૂપ, દિવ્યમૂર્તિ વર્ણન, બ્રહ્મવ્યાપકતા સુમૂર્તના વર્ણન ઉપાસનાના વિભિન્ન માર્ગો, ધ્યાન, ધારણાઓ, તત્વજ્ઞાનો વગેરે સમાવિષ્ટ કરેલા છે. વેદાન્તોના ઉપનિષદો મય મંત્રો છે. ગુણાતીત બ્રહ્મનું બોધક છે, પરબ્રહ્મ શ્રીહરિનું દર્શક છે. પારમ્પરિક અપરોક્ષજ્ઞાન સંકલિત છે.

(૨૮) ભક્તિરસસરિત (સંસ્કૃત) :

આ ગ્રંથમાં ભક્તિરસનું માધુર્ય ભક્તિના ભેદો, ભક્તિ સ્વરૂપ પ્રેમ, આકર્ષણ, રસો, બધા રસોનો ભગવાનમાં વિરામ, ભોજનના યોગના ઉત્સવના ગાયનના નૃત્યના દર્શનના,પ્રિયમિલનના સંભોગના જે જે રસો છે, વિવાહ લગ્નના જે જે રસો છે તે સર્વે ભગવાનમાં જ છે, વિજયના તમામ રસો, ઈષ્ટતાના તમામ રસો આસ્વાદન રુપે ભગવાનમાં જ છે. આ પ્રમાણે નવીન વિકાસ વડે રસસરિતાઓ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ વહેવડાવી છે, રસ રસિયાને માટે વધારે રસદાર છે.

(૨૯) પંચતત્વ નિર્ણય (સંસ્કૃત) :

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના પાંચ તત્વો - જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મના નિરુપણો શ્લોકોમાં છે. આ ગ્રંથ મૌલિક વિદ્વાનોને વધારે ઉપયોગી છે. શ્રી સ્વામીજીએ વેદાંત તત્વરીતિથી રચેલો છે.

: ધર્મ શાસ્ત્ર ગ્રંથો :

(૩૦) શ્વેતાયન સ્મૃતિ - ચાલુ સમયનું ધર્મશાસ્ત્ર (સંસ્કૃત પદ્ય, ગુજરાતી) :

આ દિવ્ય અદ્ભુત ગ્રંથમાં પ્રાચીન-અર્વાચીન ધર્મ તેમજ લૌકિક વ્યવહારો, માનવ જીવનની સફળતા માટે જપ, તપ, નિયમો, વ્રતો, દાનો, પ્રાયશ્ચિતો તથા આત્યંતિક મોક્ષ માટે પ્રગટ પ્રભુની શરણાગતિ અને સ્નેહભક્તિ તેમ જ આજ્ઞા ઉપાસનાની દઢતા માટેનું માર્ગદર્શન, જીવ,ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મનું સમ્યક્ જ્ઞાન વર્ણન કરી પ્રગટ પ્રભુની પ્રસન્નતા, જીવોનો મોક્ષ વગેરેનું વર્ણન કરી જગત ઉપર મહાન ઉપકાર કરી ભક્તજન તથા ધાર્મિક સમાજને પણ અને અન્ય સંપ્રદાયના મુમુક્ષુઓને પણ સુખકારી થાય એવો સર્વમાન્ય અદ્ભુત ગ્રંથ રચ્યો છે.

(૩૧) જનક-સુલભા સંવાદ : આધ્યાત્મિક જ્ઞાન સંવાદ (સંસ્કૃત, ગુજરાતી) :

આ ગ્રંથમાં સત્સંગનું મહત્વ, પ્રત્યક્ષ ભગવાનની સેવાથી મોક્ષ પ્રાપ્તિ વગેરે આધ્યાત્મિક જ્ઞાનની ટૂંકમાં વાતો ''જનક અને સુલભા વચ્ચેનો સંવાદ'' સંસ્કૃતના શ્લોકોનો ગુજરાતીમાં

સરળ અર્થ કરી શ્રીસ્વામીજીએ આ ગ્રંથમાં સુંદર રીતે સમજાવ્યો છે.

(૩૨) વેદ સ્તુતિ - સરળ અર્થમાં (સંસ્કૃત તથા ગુજરાતી)

આ ગ્રંથમાં ચારેય વેદોમાં જે ઈશ્વર-સ્તુતિ કરવામાં આવી છે, તેનું ભાગવતના દશમ-સ્કંધના ૮૭માં અધ્યાયમાં શ્રી વેદવ્યાસજીએ સંસ્કૃતમાં વર્ણન કર્યું છે.

આ સંસ્કૃત શ્લોકોનું અદ્‌ભુત રીતે ગુજરાતીમાં ભાષાંતર કરી શ્લોકોને સરળ અર્થમાં શ્રીસ્વામીજીએ આ ગ્રંથમાં સમજાવ્યા છે.

: મહા મહા ઈતિહાસ કાવ્ય શાસ્ત્રો :

(૩૩) શ્રીશ્વેતાયનસંહિતા (શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા) - ૧,૨૬,૦૦૦ શ્લોકોમાં બ્રહ્મ-સૃષ્ટિ ઈતિહાસ (સંસ્કૃત પદ્ય).

શ્વેતાયનસંહિતા આ ગ્રંથ એક લાખ છવ્વીશ હજાર શ્લોકોમાં છે, મહાસંહિતા શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા તે આ છે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ આ મહાકાવ્યમાં ભારતીય સંસ્કૃતિનો મહાન ઈતિહાસ લખેલ છે. આ ગ્રંથમાં ચાર ખંડ છે, કૃતયુગસન્તાન, ત્રેતાયુગસન્તાન, દ્વાપરયુગસન્તાન, તિષ્યયુગસન્તાન. આ ચારેય સંતાનોમાં ચારો યુગોના ધર્મો, સૃષ્ટિઓ, ઈતિહાસો, ભગવાનો, શાસ્ત્રો, વિજ્ઞાનો, ફેરફારો, પ્રજાવંશો, રાજવંશો, કર્મકાણ્ડો, રીતિઓ, યજ્ઞાનુષ્ઠાનો, નિજઅવતાર, લોમશ ક્ષેત્ર, સૌરાષ્ટ્ર, કુંકુમવાપીનગરી આદિ આદિ ભારતને ગૌરવ મળે તેમ લખેલ છે,

આ ગ્રંથમાં ક્યાંક શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ પોતાના જીવન અંશનું દર્શન પણ કરાવેલ છે, આમાં અવતારો મન્વંતરો મહર્ષિઓ પિતૃગણો દેવો ઈન્દ્ર મનુ અને વ્યાસાદિકોના પરિવર્તનો, ભગવાનના અંશ કલા આવેશ વિભૂતી સ્વરૂપના પ્રાર્વિભાવો, શક્તિઓના પ્રાગટય, સૃષ્ટિઓના પ્રકરણો, ભૂગોળ, ખગોળ, સાગર, અન્તરિક્ષ, ગ્રહ, નક્ષત્ર, તારાગણ, સર્જન, તીર્થ, વ્રત, દાન, પુણ્ય, યુદ્ધ, આકાશગતિ, પ્રજાના વંશો, યજ્ઞો, શ્રીહરિના પૃથ્વી વિચરણો, કુમારદાન રીતિઓ, વૈદિક પ્રાચીન હોનારતો, રૂપક કથાઓ, અઘટિત ઘટનાઓ, પરમેશ્વરી બ્રહ્મસૃષ્ટિ, ગોરીસૃષ્ટિ, પરીસૃષ્ટિ, અપ્સરાસૃષ્ટિ, માનુષીસૃષ્ટિ, વંશો, વિભૂતિઓ, વર્ણ, આશ્રમ, લય, પ્રલય, કાલ પરિવર્તન, શિલ્પ, વિકાસ, દેવાલય વિકાસ, પ્રતિષ્ઠાઓ, ગાયનો, ગાન્ધર્વો, યુધ્ધમંત્રો, રાજ્યો, નગર નગરીઓ, ગ્રામોના વિકાસો તથા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, રૂદ્ર, ઈન્દ્ર, ચંદ્ર, અર્ક, વરૂણ, અગ્નિ, વાયુ, દેવી-દેવતાઓ, કામધેનુઓ, કલ્પવૃક્ષો, રત્નો, ચરિત્ર, ચમત્કારો, ઐશ્વયો, તીર્થો, દેશો, પર્વતો આદિના ગગનગામી વર્ણનો છે. ભારતના વિશ્વવિખ્યાત જ્ઞાનસાગર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ ભારતના ગૌરવ માટે આ મહાગ્રંથ સ્વરૂપે ભારતીય પ્રજાને તથા ભૂગોલીય પ્રજાને મહાદાન સમર્પ્યુ છે.

(૩૪) શ્રી ગુણાતીતોપદેશ - પાંચ પ્રકરણ (સંસ્કૃત પદ્ય અને હિંદી)

આ ગ્રંથ પાંચ પ્રકરણોમાં ઉપદેશાએલો છે. આ ગ્રંથ માયા તજાવે છે, બ્રહ્મદશા ઉપજાવે છે, આત્મનિષ્ઠા વિકસાવે છે, દેહાત્મભાવ ગૌણ કરે છે, માયિક ભોગોમાં વૈરાગ્ય લાવે છે, પ્રત્યક્ષ ઉપાસના ભક્તિ ઉપર ધ્યાન ખેંચે છે, ત્યાગ, વૈરાગ્ય, આત્મજ્ઞાનનો પોષક ગ્રંથ છે.

મનુષ્ય દેહની અલૌકિક સાર્થકતા તથા તેમાં રહેલી પ્રસુપ્ત દિવ્ય સામર્થ્યનું પ્રતિપાદન કરે છે. આ ગ્રંથમાં વિધિ અને નિષેધ માનવ માટે બતાવાયા છે. આ ગ્રંથ સંપૂર્ણ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ સંસ્કૃત ૬૨૦૦ શ્લોકોમાં રચ્યો છે. આ ગ્રંથનું ગુજરાતી તથા હિન્દી ભાષાંતર જનકલ્યાણ અર્થે કરેલ છે. આર્ત તથા દુઃખીને શાંતિ મળે એવો ચમત્કાર આ ગ્રંથમાં છે, આ ગ્રંથ મૂર્તિમાન બ્રહ્મ છે. ભગવત સંત મહિમા, ભગવાનનો નિશ્ચય, સંત સમાગમ, ઐશ્વર્ય ચમત્કાર, સર્વદેશી સમજણ ભરેલો આ ગ્રંથ છે.

(૩૫) શ્રી ગોપાલાનંદોપદેશ (સંસ્કૃત પદ્ય, હિન્દી) :

આ ગ્રંથ ત્રણ પ્રકરણોમાં ઉપદેશાએલો છે. આ ગ્રંથના વાંચન શ્રવણથી જીવ બ્રહ્મદશા પર આરુઢ થઈ ભગવાનની મૂર્તિમાં તદ્રુપ કરે છે, બ્રહ્મલોકની સ્થિતિમાં વાંચનારની સ્થિતિને ઉપાસના વડે પહોંચાડે છે. આ ગ્રંથ મૂતિમાન વૈષ્ણવ છે, વૈષ્ણવ અને બ્રહ્મતાને એકતા છે, બ્રહ્મ અને પરબ્રહ્મને વિશિષ્ટ એકતા છે. મુક્ત અને મુક્તપતિને સેવક સ્વામી ભાવ છે તે સ્થિતિઓને આ ગ્રંથ ખૂબ જ વર્ણવે છે ઈન્દ્રિય, અંતઃકરણ આદિ દોષોને બાળી મુકે છે. આ ગ્રંથની શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી એ સંસ્કૃત ૪૭૫૦ શ્લોકોમાં રચના કરી છે, પ્રભુમય ગ્રંથ છે. ગુજરાતીનું હિન્દી ભાષાંતર ભારતીય પ્રજા કલ્યાણ અર્થે કરેલ છે.

(૩૬) શ્રીસ્વામિનારાયણ દર્શનશાસ્ત્ર - કલ્યાણી વૃત્તિ સહિત - સૂત્ર અને ટીકા - સપ્તમ દર્શન (સંસ્કૃત) :

છ દર્શનોની સમાન આ સપ્તમ દર્શન સ્વામીજી એ ચાર પ્રકરણોમાં સૂત્રો અને તેની કલ્યાણી વૃત્તિ સહિત લખેલ છે. જે પાંડુલિપિમાં લગભગ ૪૦૦ પૃષ્ઠોનો ગ્રંથ છે. ચાર પ્રકરણો ૧, ઔપનિષદ શ્રૌત, પ્રકરણ ૨. સુધાસિંધુ પરાવાક પ્રકરણ. ૩. દાર્શનિક પ્રાતિભ પ્રકરણ. ૪. પદાર્થ તત્વ પ્રકરણ. પ્રથમ પ્રકરણમાં ૨૧ અધિકરણ છે, દ્વિતીયમાં ૬૯ અધિકરણ, તૃતીયમાં ૩૪ તથા ચતુર્થ પ્રકરણમાં ૫૯ અધિકરણ છે. સમગ્ર ગ્રંથની સૂત્ર સંખ્યા ૩૩૧ છે. 'अथ परब्रह्मोपासीत' સૂત્રથી શરૂ કરી परब्रह्म उपास्त्या तादृगास्तिस्तादृगास्तिः અંતિમ સૂત્રમાં વિરામ પામે છે. આ ગ્રંથમાં પરબ્રહ્મની ઉપાસના, મુક્તોના ધર્મ, વિભૂત્યનવકાશ, અન્વયિસાક્ષિતા સ્વરૂપ આવિર્ભાવ, દિવ્યત્વ શાશ્વતતા, આત્માન્તમૂર્તતા, બ્રહ્મપ્રકાશ વ્યાપ્તતા, વાસ્તવિક સત્વ, વિશિષ્ટકારણતા, સર્વ સત્, સત્સમુચ્ચય ખ્યાતિ, સાકારત્વ, બ્રહ્મપ્રેરણા, મહામાયા, દેવતા શક્તિ, વૃત્તિ તાદ્રુપ્ય, તત્પ્રસન્નતા, કલ્યાણ, અવતરણ, ધામ મુક્ત સાહિત્ય, સેવા, ભગવત્ સંસર્ગિ દિવ્યતા, બ્રહ્મરુપતા, ચૈતન્ય પ્રકાશ, ભાવનો, સમાગમ, બ્રહ્મદર્શન, લીલા, સાધર્મ્ય, સ્વરૂપનિષ્ઠા, ભગવતી તનુ, યથાવકાશ સેવન, ઉપાસ્તિ, પ્રતીકબ્રહ્મતા, સાધન, પ્રતાપ, સ્નેહ પ્રવેશ, માહાત્મ્ય, નિષ્કામ ભક્તિ, નિશ્ચય, કૃપા, પ્રેમલક્ષણા, સમાધિ, સત્સંગ, યોગ, નિર્વાસન, અંતર્દષ્ટિ, યોગનિદ્રા, આજ્ઞા, જ્ઞાનપ્રલય, વિક્ષેપ ભય નિવૃત્તિ, આનંદઘનતા, સુષુમ્ણામાર્ગ, પરાવાણી, વિવેક, કારણત્વ, શારીરિત્વ, અન્વયિત્વ, વ્યતિરેકિત્વ, વિશ્વ, ધામ, દેવતા, ઉપદેશ, વિશિષ્ટ ઉપાદેયત્વ, પ્રયોજન, રસભક્તિ, શ્રૃતિતર્ક, શક્ય, લક્ષ્ય, વિધિ, કેવલ પ્રકૃતિ અનુપાદનતા, શબ્દ બ્રહ્મ, શક્તિ પારતંત્ર્ય, પ્રત્યભિજ્ઞા, બ્રહ્મસંબંધ,પાશવત્વ, શૂન્યત્વ, કર્મમાત્ર, વિશિષ્ટ શિવ, વિશિષ્ટ બ્રહ્માડ્વૈત, વ્યૂહ, પદાર્થ, અંતઃકરણ, સુક્ષ્મભૂત,

મહાકાલ, દિક, તમ, ત્રિગુણ, જ્ઞાન, ચમત્કાર, અદ્રષ્ટ, આકર્ષણ, રુપાદિગુણ, તાદાત્મ્ય, વિશેષ, અભાવ, સંશય દષ્ટાંત, સિધ્ધાંત, પક્ષાદિ, અવયવપંચક, હેત્વાભાસ, તર્ક, કથા, છલ સ્વરૂપ, જાતિ, નિગ્રહ સ્થાન, મોક્ષ વગેરે દાર્શનિક વિષયોના પૂર્વ ઉત્તર પક્ષ લઈ દર્શન શાસ્ત્રનો આ નવીન ગ્રંથ છે. આ ગ્રંથમાં શ્રીસ્વામીજીનું બુધ્ધિ કૌશલ્ય વ્યાસજીની સમાન દેખાય છે.

(૩૭) શ્રી સ્વામિનારાયણ વેદાંતસાર - પદાર્થ નિર્ણય (સંસ્કૃત) :

આ સંસ્કૃત ગ્રંથ વેદાંત પ્રક્રિયાને ઉપયોગી થાય તેવો તત્વ પદાર્થ સ્વીકૃતિ માટે રચેલ છે. તમામ સાંપ્રદાયિક વેદાન્ત શ્રૃતિઓના અભિપ્રાયો ને લગાડવા માટે પદાર્થો વ્યવસ્થિત અપેક્ષિત હોય છે, તેથી હરેક સંપ્રદાયોના પદાર્થ સિધ્ધાંતો માટે પ્રક્રિયા ગ્રંથો સ્વતંત્ર રચાયા હોય છે, પતીન્દ્ર દીપિકાદિ એ પ્રયોજન પૂરે છે, તેવી જ રીતે સ્વામિનારાયણ વિશિષ્ટાદ્વૈત પ્રક્રિયાના પદાર્થો ઉદ્દેશીને લક્ષણ પરીક્ષણ સહિત તત્વ દર્શાવતો આ ગ્રંથ છે, મૂલ પ્રકૃતિ તેનાથી પ્રગટ થયેલા માયિક તત્વો કાલ, તત્વ, જીવ, ઈશ્વર, બ્રહ્મ, પરબ્રહ્મ, જ્ઞાન, શક્તિ આદિ દ્રવ્યપદાર્થો અને તેને આધારે રહેતા એવા ગુણ રુપ રસ આદિ તત્વો તથા ક્રિયા, ધર્મ તાદાત્મ્ય વગેરે અપેક્ષિત તત્વો તથા જ્ઞાનના પ્રમા પ્રમાણાદિ વિભાગો તથા વાક્ય વિચારો તથા અપેક્ષિત અન્ય સર્વ પદાર્થો આ ગ્રંથમાં સંપાદિત કર્યા છે, જેથી શ્રુતિના અર્થોનું સમન્વય સહેલાઈથી થઈ શકે, અભ્યાસમાં અતિ ઉપયોગી એવા આ ગ્રંથની રચના સ્વામીશ્રીએ કરી છે.

(૩૮) વિશિષ્ટાદ્વૈતમાં પણ વિશિષ્ટ બ્રહ્માદ્વૈતતત્વ વિચાર (સંસ્કૃત) :

જીવ, માયા, ઈશ્વર વિશિષ્ટ બ્રહ્મની સ્થિતિ છે અને બ્રહ્મ વિશિષ્ટ પરબ્રહ્મ છે, પરબ્રહ્માન્વિત બ્રહ્માન્તર્યામિક બ્રહ્મપ્રકાશિત સમગ્ર સૃષ્ટિ છે, સૃષ્ટયન્વિત બ્રહ્મ છે, બ્રહ્માન્વિત પરબ્રહ્મ છે. આ સિધ્ધાંત શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના વિશિષ્ટાદ્વૈત સિધ્ધાંતનું તાત્પર્ય સ્વરુપે છે. પાંચ પદાર્થોમાં આ સિધ્ધાંતો વાસ્તવિક સ્થિત છે તે ગ્રંથોમાંથી તરી આવે છે. બ્રહ્મના સાકાર નિરાકાર બે સ્વરૂપો સ્વીકૃત હોવાથી, નિરાકાર બ્રહ્મ તેજ સ્વરૂપ હોવાથી બ્રહ્મપ્રકાશાન્વિત સમસ્ત તત્વો હોવાથી 'તત્ તેજો વિધ્ધિ મામકમ' ગીતાજીએ કહેલ હોવાથી આ પરમ સિધ્ધાંત આવિષ્કૃત જ છે. આ ગ્રંથમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ આ સિધ્ધાંત દોહન સ્વરૂપે બતાવેલ છે.

(૩૯) શ્રીહરિવાક્યસુધાસિંધુ : મૂળ ૨૬૨ તરંગોનું બ્રહ્મરસાયન ભાષ્ય : લગભગ ૫૦૦૦ પૃષ્ઠોમાં મહાસાગર ભાષ્ય (સંસ્કૃત) :

૨૬૨ તરંગોના ૯,૦૦૦ શ્લોકો ઉપર ૨૨૫૦ સૂત્રો સાથે તે ઉપર આ મહાભાષ્ય મહાસાગર સમાન વિશાલ છે. આમાં તાત્વિક, વ્યવહારિક, આધ્યાત્મિક અને મોક્ષીય વિષયો વ્યવસ્થાપિત છે. દરેક દર્શનોના મોક્ષને અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિને લગતા વિષયો સમન્વિત છે. સાંપ્રદાયિક માનિનતાઓ, શાસ્ત્રીય તથા ઔપદેશિક નિર્ણયો ખૂબ જ સ્ફુટ કરેલા છે. સાકાર-નિરાકારતા, અનિત્ય-નિત્યતા, પ્રમાણ-અપ્રમાણતા, શરીર ઈન્દ્રિય અંતઃકરણ પ્રકૃતિ કારણાત્મક વાદ, અવતાર-અવતારી, પરમાત્મવાદ, અસત્-સત્, શૂન્ય, આદિવાદ, નાસ્તિક, આસ્તિકવાદ, સ્વર્ગનરકાદિવાદ, કર્મફલ, ત્રિઅવસ્થ, ત્રિગુણ, ચારવાણી, ત્રણનાડી, અસંખ્ય સૃષ્ટિઓ, વર્ણઆશ્રમ, વ્રત, ધ્યાન, સમાધિ, દોષનાશ, ગુણ ગ્રહણ, સમાજ વળણ,

આદિ આદિ અસંખ્ય પ્રકારના સિધ્ધાંતો આ મહામહાભાષ્યમાં લીધેલા છે. આ ગ્રંથમાં પૂર્વપક્ષ સંશય ઉત્તરપક્ષ નિર્ણય સિધ્ધાંત રીતિ વડે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ તમામ ભાષ્યકારોની રીતિઓ વડે ઉલ્લેખન, વિલેખન, આલેખન, સુલેખન વડે રચનાઓવાળા આવિષ્કૃત કર્યા છે.

(૪૦) સુધાસિંધુસારસન્દોહન - ગ્રંથ આધારે તત્વપદાર્થ (સંસ્કૃત) :

આ ગ્રંથમાં શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના તમામ છુટા છવાયા ઔપદેશિક ગ્રંથોમાં રહેલા તત્વ પદાર્થો એકત્રિત કરીને અન્ય શાસ્ત્રોની સમાન એક પદાર્થતત્વસાર રચેલ છે, તેમાં શ્રીહરિના વાક્યો વડે આત્માના પ્રકારો, કર્મોના પ્રકારો, માયા તત્વોના સ્વરૂપો, પદાર્થોની સંખ્યાઓ, અવાન્તર ગુણાદિ વર્ણનો, પ્રમાણ સ્વીકારી મિથ્યાત્વ, બિંબ પ્રતિબિંબ વિચારો, પ્રમિતિઓના ભેદો, સ્મૃતિ સંસ્કારો, ભાવનાઓ, શાબ્દિક પરિકરો, ખ્યાતિ વિપ્રતિ પતિ આદિ આદિ ઘણાં તત્વો વીણી વીણીને એકત્રિત વ્યવસ્થિત કર્યા છે, જે ઉપર ભાષ્ય ટીકા થઈ શકે તો તે વિશાલ દર્શનરૂપે સહાય આપે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ આવો આ ગ્રંથ શ્રીસ્વામિનારાયણ દર્શન જેવો જ શ્રીસ્વામિનારાયણ પદાર્થ સંકલન નામક પ્રગટ થવા મૌલિક રચના કરી આપી છે.

(૪૧) વચનામૃતપ્રામાણ્યહેતવ :-૨૬૨ સ્તબકોમાં હેતુઓ (સંસ્કૃત) :

ભગવાન શ્રીસ્વામિનારાયણના ૨૬૨ વચનામૃતો આ ગ્રંથમાં પ્રશ્નોત્તર રુપમાં સભાઓમાં તત્વ નિર્ણય થયેલા તાત્વિક સિધ્ધાંતો ભર્યા છે. દાર્શનિક તત્વો, આધ્યાત્મિક ઉપદેશો, લૌકિક વર્તનો, મુક્તિના ઉપકરણો અને પામર વિષયી મુમુક્ષુ શરણાગત, દાસ, ભક્ત, સંત, સદ્‌ગુણી, દુર્ગુણી, પવિત્રાચરણ, ભક્તિ પ્રધાનતા, ધર્મશાસ્ત્રોની રીતિઓ, પુરાણોની સાર પધ્ધતિઓ, ઈતિહાસની અનુકૂલ ગ્રાહ્યતા, આત્મસત્તા અભ્યાસ, સાંખ્યયોગ, વેદાંત શ્રૃતિ પરિશીલન, આચાર્યોના વિભિન્ન મતો, શાસ્ત્રોના વિભિન્ન સિધ્ધાંતો, તાર્કિક વિવિધ રીતિઓ, વાક્યાર્થ નિર્ણયો, ૨૪,૨૫,૨૬ તત્વોના સ્પષ્ટીકરણો, વિશિષ્ટાદ્વૈત પ્રમાણે અનુકરણો, પરબ્રહ્મ સાકારતા પ્રાધાન્ય, બ્રહ્મ વ્યાપકતા, મુક્ત, ઈશ્વર, જીવાદિતા, વૃતાંતો, પ્રત્યક્ષ દેવ બલિષ્ઠતા, ભગવાનના સ્વરૂપ રૂપો, અવતારો, અંતર્યામિતા, સૃષ્ટિકર્તૃતા, સંચાલકતા, સંહારકતા, અનેક ગુણ શક્તિમત્તા આદિ આદિ કોઈ બાકી ન રહે તેવા અભ્યસ્ત તત્વો વર્ણવ્યા છે. મૂળ આ સુધા સિંધુ નામે સંસ્કૃત પદ્યોમાં ગ્રંથ છે અને શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાનો આત્મા આ ગ્રંથરૂપે પ્રગટાવેલ હોય એવા સારસંભૃત ૨૬૨ પ્રકરણો છે, એમાં રહેલા વિષયોના પ્રામાણ્ય હેતુઓ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ રચેલા છે જે દાર્શનિક, તાર્કિક વિદ્વાનો અતીવ રસપ્રદ સુગ્રાહ્ય અનુભવી શકે તેવો આ મહાદાર્શનિક સાગર સમ ગ્રંથ છે. વૈષ્ણવ મૂર્ધન્ય ગ્રંથ છે.

(૪૨) સુધાસિંધુસૂત્રાણિ - ૨૨૫૧ સંખ્યામાં સૂત્રો (સંસ્કૃત) :

વચનામૃતોના ૨૬૨ પ્રકરણો ઉપર તેનો સંક્ષિપ્ત સાર ગ્રહણ કરી કરીને તે ઉપર ૨૨૫૧ સૂત્રો સ્વામીશ્રીએ રચેલા છે, જેમાં તમામ વિદ્યાઓનો સમાવેશ કરેલ છે.

(૪૩) શ્રીહરિસ્વરૂપનિર્ણયનું સત્સંગભાષ્ય, પરબ્રહ્મ માનવ રૂપમાં એકતા, તમામ ઉપાસકોને ઉપયોગી. (સંસ્કૃત).

શ્રીહરિસ્વરૂપનિર્ણય ગ્રંથ ઉપર સત્સંગ ભાષ્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ રચેલુ છે, સાકાર

ઉપાસના, જીવોને સુમૂર્ત સર્વથા સ્વીકારવામાં યુક્તિ પ્રયુક્તિ વિપ્રત્તિપત્તિ સાબિતી પરાયણ આ ગ્રંથ કરેલ છે, સાકારતાવાદી વૈષ્ણવોને માનવાવતારવાદી તમામને આ ભાષ્ય મહા સહાયપ્રદ છે, વૈષ્ણવ શૈવ વિદ્વાનોને અતિ ઉપયોગી આ ગ્રંથ સ્વામીશ્રીએ રચ્યો છે.

(૪૪) સત્સંગજીવન ૧૮,૦૦૦ શ્લોક, પાંચ પ્રકરણોની સારબોધિની પારાયણી - સંક્ષિપ્ત સંસ્કૃત ટીકા (સંસ્કૃત).

આ ગ્રંથ અઢાર હજાર શ્લોકોનો છે જેની શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીમદ ભાગવતની સમાન મહાપારાયણો થયા કરે છે. એના ઉપર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ સારબોધિની પારાયણી સંક્ષિપ્ત ટીકા સંસ્કૃતમાં લખી છે, જેમાં પાંચ પ્રકરણો છે, પ્રથમ ભગવદવતારની આવશ્યકતા, ભગવાન પ્રગટ થઈ પૃથ્વી પર વિચરણ આવશ્યકતા, ઉપદેશ ધર્મ ચમત્કાર આવશ્યકતા, વૈદિક ધર્મોના મૂર્ત સ્વરૂપ સ્થાપના આવશ્યકતા, સ્મૃતિ ધર્મોના પ્રવર્તન આવશ્યકતા, મોક્ષીય પ્રવરત્ન આવશ્યકતા,એ પ્રમાણે શ્રીસ્વામિનારાયણ અવતારી ભગવાનના જીવન સાથે વેદવૈદિક સ્માર્ત, શ્રૌત ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, મંદિર, ત્યાગી વર્ગ, આચાર્ય, આશ્રિત ગૃહી વર્ગ તેમના સત્કર્મ આદિ યથાપેક્ષ દિગ્વિજય જેવા સ્વરૂપે વર્ણવેલા છે, ટીકા આ પારાયણ કરનાર વકતા માટે ઉપયોગી છે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ સત્સંગીજીવન પારાયણ કરનાર વક્તા સત્સંગીજીવન પારાયણની કથા શ્રોતાઓને સરળતાથી સમજાવી શકે એ માટે રચેલી છે.

(૪૫) શિક્ષાપત્રી : ૨૧૨ શ્લોકોની કિરણાવલી (સંસ્કૃત; ગુજરાતી).

ભગવાન શ્રીસ્વામિનારાયણે પોતે જ નિજ કરકમલ વડે વડતાલમાં લખેલી શિક્ષાઓ (આજ્ઞાઓ) ભક્તજન તેમ જ ધાર્મિક સમાજને અને બીજાને પણ સુખકારી થાય એવી સંસ્કૃત ૨૧૨ કલમો (દિવ્ય આજ્ઞાઓ; કાયદાઓ) લખી છે, જેમાં રહેણી કરણી, આચાર-વિચારની શુધ્ધતા, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિની આરાધના, બ્રહ્મચારી, ગૃહસ્થ, ત્યાગી, આચાર્ય, રાજા, વિધવા-સધવાના લૌકિક તેમ જ અલૌકિક ધર્મો તથા ગુરુ-શિષ્ય ના અલૌકિક ધર્મો (અપેક્ષિત ધર્મો) તથા દ્રવ્ય , શુધ્ધિ, શરીર શુધ્ધિ તથા શ્રેય-પ્રેય સાધનો વર્ણવેલા છે. દુનિયામાં બધુ બદલતુ રહે છે, આવા ફેરફારોમાં જનતાએ કેમ વર્તવુ, સમાજ સુધારાઓ, સાત્વિક કર્તવ્યો, મોક્ષાનુસન્ધાનો આ લોક પરલોકના આત્મસુખ સાધનો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ આ કિરણાવલીમાં વર્ણવ્યા છે તથા સ્પષ્ટ કર્યા છે. આત્મા, માયા અને પરમાત્મા એવા ત્રણ તત્વોમાં જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ એવા પાંચ તત્વોના વિવેચન કિરણાવલીમાં લીધેલા છે. આ કિરણાવલી વર્તમાન જમાનાના સમાજ સુધારા માટે ઘણી ઉપયોગી છે. દારુબંધી, હિંસાબંધી, મલિનતા ત્યાગ, નાસ્તિકતા ત્યાગ, ઉપાસના, સત્કર્મ, પંચદેવાદિ પૂજા, સત્શાસ્ત્ર સેવન, ગુરુવર્ગ સેવા, પાતિવ્રત્ય-પત્ની વ્રત, શીલવ્રત, દુર્ગુણ ત્યાગ, ષટ્કર્મ, વ્રતનિયમ, શીલવ્રત, દુર્ગુણ ત્યાગ, ષટ્કર્મ, વ્રતનિયમ, પ્રાયશ્ચિતો, ગુરુ પરંપરા રક્ષણ, ભિક્ષાદીક્ષા, સમીક્ષા, વ્યસન ત્યાગ, સૂતક, સાધુતા, આચાર્યતા, દેવમંદિર મૂર્તિઓ પૂજા સંધ્યાદિ કર્તવ્ય એવા અનેક ધર્મો શિક્ષાપત્રી કિરણાવલીમાં દર્શાવ્યા છે. અર્થ દીપિકા અતિ ઉત્તમ ધર્મશાસ્ત્ર શિક્ષાપત્રી ટીકા રુપે છે. આ કિરણાવલીમાં વાક્યાર્થ વિચારો કર્યા છે.

(૪૬) અવતાર અવતારીપણા સંદર્ભના પુરાણોમાં લખાયેલા વચનો (સંસ્કૃત) :

આ ઉત્તમ સંગ્રાહક પુસ્તક છે. જેમાં ઈશ્વર, પરમેશ્વર, મહાપુરુષ, દેવપુરુષ, મુક્તપુરુષ, આભૂષણ, આયુધ, સંકલ્પ, ગુણ વગેરે પરમેશ્વરની આજ્ઞાથી પૃથ્વીમાં સર્વત્ર દરેક પ્રજાઓમાં કોઈને કોઈ ચોક્કસ હેતુ, કાર્ય માટે પ્રગટ થાય છે. પરવ્યુહ, વિભવ સ્વરૂપ, અર્ચા સ્વરૂપ, અંતર્યામી સ્વરૂપ, સ્વયં અવતાર કે સ્વયં અવતારી દરેક પ્રજામાં ભગવાન આવા વિવિધ સ્વરૂપે પ્રગટ થતા રહે છે અને તેના પ્રમાણો અને સાબિતીઓ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ પુરાણોમાંથી એકત્રિત કરી, આગમ, નિગમ, સંહિતા, શાસ્ત્ર, સૂત્ર, અર્ણવ, પુરાણ, સ્મૃતિ, ઈતિહાસ આચાર્ય વિજય તત્ત્વગ્રંથમાંથી પ્રમાણો એકઠા કરી ઉત્તમ સંગ્રાહક ગ્રંથ તૈયાર કર્યો છે. આ ગ્રંથમાંથી કોઈ પણ અવતાર કે અવતારીના પ્રકટીકરણનો હેતુ એમનું કાર્ય, એમનો સમય, સ્થળ વગેરેના પ્રમાણો મળી રહે છે. એટલે આવા પ્રમાણ મેળવવા બીજા અનેક ગ્રંથોની જરૂર પડતી નથી. જીજ્ઞાસુને આ એક ગ્રંથમાંથી જ થયેલ અવતારો, હયાત અવતાર તથા હવે પછી પ્રગટનાર અવતારોની માહિતી પ્રમાણ સહિત આ એક ગ્રંથમાંથી જ મળી રહે છે.

(૪૭) ભગવતો ભગવતી, હનુમાન આદિના સ્તોત્રાણિ (સંસ્કૃત) :

આ ગ્રંથમા પ્રસંગોપાતના સ્તોત્રો, સ્તુતિઓ, અષ્ટકો, પ્રાર્થનાઓ, નિજકૃતિઓ, એકત્રિત કરી છે. હનુમત સ્તોત્ર, ગણેશ, સૂર્ય, પાર્વતી, શંકર, નારાયણ, ગુરુ, શ્રીકૃષ્ણ, શ્રીરામ, શ્રીહરિ, શ્રીકૃષ્ણનારાયણ લક્ષ્મી આદિ અનેક સ્તવનો મળી રહે છે.

(૪૮) શ્રીહરિવચનામૃતાનિ (હિન્દી) :

શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ૨૬૨ વચનામૃતોનું હિન્દી ભાષાંતર સ્વામીજીએ સમસ્ત ભારતીય પ્રજા માટે કરી આપ્યું છે.

(૪૯) શિક્ષાપત્રી (હિન્દી) :

ભગવાન શ્રીસ્વામિનારાયણે લખેલી શિક્ષાપત્રીનું હિન્દી ભાષાંતર સ્વામીજીએ સમસ્ત ભારતીય પ્રજા માટે કરી આપ્યું છે.

(૫૦) ભક્તોની અભ્યર્થનાઓ (હિન્દી, ગુજરાતી) :

આ ગ્રંથમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ભક્તોએ તેમના પર લખેલા અમુક પત્રો દર્શાવવામાં આવેલા છે. જે પત્રોમાં ભક્તોએ તેમનો અદ્‌ભુત મહિમા ગાયો છે. તેમજ તેમના દિવ્ય ચમત્કારોની વાતો પણ કરી છે અને તેમની પાસેથી રૂડા આશીર્વાદ પણ મેળવ્યા છે.

(૫૧) પ્રભુજી કે વૃત્તાંત - જીવની (હિન્દી, ગુજરાતી) :

આ ગ્રંથમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે પોતાને આ પૃથ્વી પર જન્મ ધારણ કરવાનું કારણ તેમજ જન્મ ધારણ કર્યા બાદ જીવનમાં કરેલા અનેક સત્કર્મો તથા પોતાની દિવ્યમૂર્તિમાં રહેલા અનેક ચિહ્નો વગેરેનું સુંદર વર્ણન કર્યું છે.

(૫૨) પ્રત્યક્ષ મહિમા પીયૂષ (ગુજરાતી) :

આ ગ્રંથમાં ખૂબ જ અદ્‌ભુત રીતે દોહા-છંદ, ચોપાઈમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનો સુંદર રીતે મહિમા લીલાચરિત્રો તેમજ કલ્યાણકારી ઉપદેશો વગેરેનું વર્ણન

સ્વામીશ્રીના એક ભક્તકવિ દ્વારા કરવામાં આવ્યું છે.

(૫૩) શરણાગતિ સ્પષ્ટાર્થ - આશ્રયબલ (ગુજરાતી) :

આ ગ્રંથમાં જગતના તમામ લોકોએ ભગવાનના અવતારો, ઈશ્વરો, દેવો, ઋષિમુનિ, સંતસાધુ, આચાર્યો, ગુરુઓને શરણે જઈ શરણાગતિ લેવી, શરણાગતિ મંત્રના જપ કરવા, ઈષ્ટદેવના નામમંત્રના જપ કરવા, સત્સંગ જ્ઞાન ભક્તિ કરીને મોક્ષમાં જવાય એવી સ્થિતિ પ્રાપ્ત કરવી વગેરે ટુંકમાં વિગતો જણાવી છે. વળી શરણાગતિના પ્રકારો તેમ જ એનાથી થતા લાભો પણ સ્વામીશ્રીએ ટુંકમાં, સુંદર રીતે સમજાવ્યા છે.

(૫૪) પ્રકીર્ણક માહાત્મ્ય ઉપદેશ. આદિ (ગુજરાતી) :

આ ગ્રંથમાં કલ્યાણકારી અનેક દિવ્ય આધ્યાત્મિક ઉપદેશોનું વર્ણન સ્વામીશ્રીએ કર્યું છે.

(૫૫) સત્સંગીભૂષણ (સંસ્કૃત) :

આ ગ્રંથમાં ભગવાન શ્રીસ્વામિનારાયણના અનંત ચરિત્રોનો અદ્‌ભુત રીતે સમાવેશ કરવામાં આવેલ છે.

(૫૬) સેવા ઉપાસના અનુસંધાન (ગુજરાતી) :

આ ગ્રંથમાં ભગવત્ પ્રસન્નતાર્થે ભક્તોએ કઈ રીતે ઉપાસના રાખવી તેમજ સેવા કરવી તેનું અનુસંધાન કઈ રીતે રાખવું તેનું વર્ણન કરેલ છે.

(૫૭) વિદ્વાનો દ્વારા સમર્પિત- અભિનંદન મહાગ્રંથ (સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી, ગુજરાતી) :

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનાં જીવન, ગુણો તેમજ મહાવિદ્વતાને દર્શાવતા તથા તેમના લિખિત ગ્રંથોનો પરિચય આપતા આ અભિનંદનગ્રંથમાં ધર્મગુરૂઓ, મહામંડલેશ્વરો, સંતો-મહંતો, રાજકીય મહાનુભાવો તેમજ દેશ-વિદેશની અનેક યુનિવર્સિટીઓ, સંસ્કૃત મહાવિદ્યાલયો તેમજ કોલેજોના વિદ્વાન પંડિતો, ચાન્સેલરો, રિડરો, પ્રોફેસરો, પ્રિન્સિપાલો, ડાયરેકટરો તેમજ અધ્યાપકોના ગહન કિંમતી લેખો- અભિપ્રાયો સ્વામીશ્રી પ્રત્યેના છે. તેમજ સૌ પ્રત્યે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના પ્રત્યભિનંદન પણ આ મહાન અભિનંદન ગ્રંથમાં છે.

લિ. દક્ષિણી ન્યાયાચાર્ય હરિરામ શુકલ. રામઘાટ વારાણસી.

❋ ભારતના એક વિદ્વાન સંત અને પંડિતના મતે મહારાજની અમૂલ્ય સાહિત્ય સેવા ❋

જ્ઞાનપ્રકાશદાસજી શાસ્ત્રી, વેદાંતાચાર્ય, (એમ.એ.)
શ્રીસ્વામિનારાયણ મંદિર-ગઢડા.

ભારતીય દર્શનના મહાકાશમાં અસંખ્ય ઋષિમુનિ, સૂત્રકાર, વૃત્તિકાર, ભાષ્યકાર અને વ્યાખ્યાતા જેવા મહાન્ જયોતિર્ધર મહાપુરૂષોની એક લાંબી પરંપરા દૈદિપ્યમાન થતી ચાલતી આવી છે. પ્રત્યેક યુગમાં કોઈને કોઈ એક એવા મહાપુરૂષનો આવિર્ભાવ આ ભારતવર્ષમાં થતો રહ્યો છે કે જેને ઉજજવલ લાંબી પરંપરાના વર્તમાન પ્રતિનિધિ માનવામાં આવ્યા હોય છે. યુગના વર્તમાન પ્રતિનિધિ એજ મહાપુરૂષ છે કે, જે પોતાના પૂર્વાચાર્યોથી પ્રાપ્ત જ્ઞાનની સાથે જીવનભરની આદ્યાત્મિક સાધનાઓ દ્વારા અનુભૂત વિજ્ઞાનને પણ એજ પરંપરામાં પોતાની કલમ દ્વારા પ્રગટ કરે છે. સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી પણ આજ ભારતીય દર્શનના એક એવા જ યુગપ્રતિનિધિ મહાપુરૂષ છે.

તેઓએ દર્શનશાસ્ત્રરૂપ વિશાળ વટવૃક્ષની વિદ્યમાન અને વિરાજમાન અનેક મહાશાખાઓને લોકભોગ્ય દષ્ટિથી સુદઢ વિકાસ કર્યો છે, અને તે વિકાસમાં જ કંઈ એવા સમાધાનોને પ્રગટ કર્યા છે કે જેના આધારે અનેક જિજ્ઞાસુઓએ નિઃસંદેહ બનીને નવી દિશા મેળવી છે. જ્ઞાન-વૈભવ સંપન્ન ગુરૂજનોની સાથેના પોતાના નિવાસના સમયથી લઈને આજ સુધી આ જે કંઈ પણ પોતાની પ્રજ્ઞામાં નિખાર લાવતા ગયા છે. તત્કાળ જ એ પ્રકૃષ્ઠ પ્રજ્ઞારૂપી સૂર્યની કિરણાવલીને વિસ્તૃત, સરળ એવં સુસ્પષ્ટ શાસ્ત્રીય વ્યાખ્યાઓના રૂપમાં ગૂંથીને પ્રકાશિત કરતા રહ્યાં છે. માત્ર વ્યાખ્યાઓ જ નહીં, પરંતુ સતત ચિંતન તથા અવિરત મહાન પરિશ્રમ કરીને અનુપમ, અદ્‌ભૂત તથા અપૂર્વ અનેક મહાન વિશાળકાય ગ્રંથ પણ તેઓએ લખ્યા છે.

તેઓએ ન્યાય-વૈશેષિક, સાંખ્ય-યોગ અને પૂર્વ-ઉત્તર મીમાંસા સિવાય ભગવાન શ્રીસ્વામિનારાયણના વચનામૃતો તથા ભગવાન શ્રીસ્વામિનારાયણના સમકાલિન મહાન વિભૂતિ સ્વરૂપ સંતોના ઉપદેશામૃતોને હૃદયંગમ કરીને તે સર્વેના રહસ્યાર્થોને સ્વરચિત ગ્રંથોમાં સુસ્પષ્ટ રીતે સમજાવવાનું કાર્ય પણ નિત્તાંત પ્રશંસનીય કર્યું છે અને પ્રત્યેક ગ્રંથમાં પ્રસંગોપાત્ વિષયોની છણાવટના સમયે પોતાની પ્રજ્ઞાથી આધુનિક્તા તરફ વિશેષ ધ્યાન પણ આકર્ષિત કરતાં રહ્યાં છે.

તેઓએ સાક્ષાત કે પરંપરાગત, પ્રસિદ્ધ પૂર્વાચાર્યોના મહત્ત્વપૂર્ણ દાર્શનિક સિદ્ધાંતોના અધ્યયન દ્વારા જે અસાધારણ વિચારો પ્રગટ કર્યા છે, તે તરફ દષ્ટિપાત કરતી વખતે સૌપ્રથમ આપણું ધ્યાન ન્યાયદર્શન તરફ જાય છે. ન્યાય પ્રતિ સ્વાભાવિક પક્ષપાત હોવાને કારણે તેઓએ ન્યાય-વૈશેષિક દર્શનમાં સંશોધક વિદ્યાર્થીઓના હિત માટે તર્કસંગ્રહ અને ન્યાયસિદ્ધાંતમુક્તાવલી, બંને ગ્રંથોની સરળ તથા વિષયનો સુસ્પષ્ટ અર્થ દર્શાવતી કિરણાવલી નામની એક સુંદર ટીકા લખી છે.

ન્યાયસિદ્ધાંત મુક્તાવલીની 'કિરણાવલી' ટીકાનું સંપૂર્ણ અવલોકન કરીને ભણવા-

ભણાવવામાં પણ તેનો ઉપયોગ કરનારા ધુરંધર ન્યાયિકોથી મુક્ત મને તેની પ્રશંસા સાંભળવામાં આવે છે. તેઓનું કહેવું છે કે, મદ્રાસવાળી પ્રભા ટીકાથી પણ કિરણાવલીમાં વિશેષ સ્થળો પર નવા નવા પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ આદિ પદાર્થ તીવ્ર બુદ્ધિપ્રતિભાથી પ્રતિપાદિત થયા છે અને ન્યાયના વિદ્યાર્થીઓ માટે તો આ કિરણાવલી વરદાન સમાન સિદ્ધ થઈ છે. કાશીના સુપ્રસિદ્ધ વિદ્વાન સુબ્રહ્મણ્ય શાસ્ત્રીએ એક સભા પ્રસંગમાં સ્વામીજીને કહ્યું હતું કે, આ કિરણાવલી ટીકા તો ભણાવતી વખતે વિદ્વાન અધ્યાપકોને માટે પણ પરમ ઉપયોગી સિદ્ધ થઈ છે. તેના પ્રકાશનના થોડા સમય બાદ તિરૂપતિના પ્રસિદ્ધ વિદ્વાન્ વીર રાઘવાચાર્યજીએ પણ સ્વતઃ એક પત્ર લખીને કહ્યું હતું કે, અત્યંત અપૂર્વ રૂપથી કેટલાંય વિષયોનું સ્પષ્ટીકરણ કરનાર આ કિરણાવલી સારા વિદ્વાનો માટે પણ મનન કરવા લાયક છે.

આ કિરણાવલીના કેટલાંક વિષયો પર જ અહીં આપણે સ્વામીજીની નવીન દૃષ્ટિનો ઉલ્લેખ કરીશું. તેમનું કહેવું છે કે 'ક્ષિન્થઙ્ કુરાદિકં સકર્તૃકમ્' આ અનુમાનથી ઈશ્વરમાં ર્ક્તાપણાની સિદ્ધિ માટે આપણે પક્ષરૂપે ક્ષિતિ, અંકુર અને આદિ, આ ત્રણેય પદથી એક વ્યક્તિનું ગ્રહણ કરીશું તો 'પક્ષતાવચ્છેદક'માં અને 'પક્ષતાવચ્છેદકાવચ્છિન્ન'માં સિદ્ધ સાધન વગેરે દોષ રહેશે. જો તેની નિવૃત્તિ માટે સામાન્ય રીતે કાર્યકારણ ભાવને અપેક્ષિત માનીને ઈષ્ટસિદ્ધ કરીશું તો કાર્યકારણ ભાવમાં ગૌરવ, નિશ્ચિત પ્રમાણનો અભાવ અને અનુકૂલ તર્ક આદિ દોષ ઉપસ્થિત થાય છે, તેથી આ સૌથી બચવા માટે ત્યાં પણ ઘડાને બનાવનાર વ્યક્તિ વિશેષનો પક્ષ લઈને કુંભારના રૂપમાં ઘડો (જગત) બનાવનાર ઈશ્વર સિદ્ધિ પર વિચાર કરવામા આવ્યો છે અને મેઘપક્ષનું અનુમાન લેતા ઈશ્વરસિદ્ધિનું અનુસરણ કર્યું છે. તેવી જ રીતે સાધ્ય વિષયમાં જ્ઞાન, ચિકીર્ષા કૃર્તિ, પ્રત્યેકની ઉત્પત્તિને પ્રસિદ્ધરૂપથી પ્રગટ કરવામાં આવી છે. હેતુમાં સ્વરૂપ વડે સર્વાનુગત કાર્યત્વને લઈને સાધ્યસિદ્ધિ પર ફલિત અનુમાન દર્શાવવામા આવ્યું છે. વિશેષ રૂપથી તો ઉદયનાચાર્યની 'કાર્યાયોજન ધૃત્યાદઃ પદાત્ પ્રત્યયતઃ શ્રુતેઃ ! વાકયાત્ સંખ્યા વિશેષાચ્ય સાધ્યો વિશ્વવિદવ્યયઃ ॥ (ન્યા.કુ.૫/૧) વિસ્તૃત વિવેચન કરીને ઈશ્વરને પ્રમાતા, પરિશેષ અનુમાનથી પ્રમિતિને વિષય ગણવામાં આવ્યું છે.

તેવી જ રીતે આત્મવાદમાં તેઓએ વિવિધ પ્રસ્થાનવાદી મતોની તરફ ઈશારો કરતાં વિશિષ્ટાદ્વૈત અનુસાર સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતોનો પણ ઉલ્લેખ કર્યો છે. આગળ જ્ઞાનપ્રમાણના અવસર પર મતમતાંતરોની ખૂબ ચર્ચા, વિષયમાં લઈને સ્વામીજીએ ન્યાયના અભિપ્રાયોને ન્યાય સિદ્ધાંત અનુસાર સ્થાપિત કર્યા છે.

તે સિવાય વ્યતિરેક વ્યાપ્તિના વિષયમાં સ્વામીજીનું કહેવુ છે કે, વ્યતિરેક વ્યાપ્તિ વિપક્ષના વિષયમાં સ્વયં અન્વય વ્યાપ્તિ જ છે. કારણ કે તે અન્વય વ્યાપ્તિના પેટમાં પદાર્થરૂપે સ્થિત છે. વ્યાપ્તિનું જ્ઞાન સ્વયં વ્યતિરેકના સ્વરૂપે નથી. આ વાત પણ ન્યાયસિદ્ધાંતમુક્તાવલી કિરણાવલીમાં જ છે.

પ્રમાણોની સંખ્યાના વિષયમાં સ્વામીજીનું કહેવું છે કે, દાર્શનિકોએ ગૌરવ અને ગૌણને મુખ્ય માનીને સંખ્યા વિષયક ન્યૂન અધિક ભેદનો સ્વીકાર કર્યો છે, પરંતુ બધા પ્રમાણોથી

બધા દેહધારીઓના કોઈને કોઈ પ્રમાણ અને ઉપયુક્ત માનીને વ્યવહાર કરવામાં આવે છે. મૂંગા પ્રાણીને કેવલ ચેષ્ટાથી, બાળકને ફોસલાવીને વગેરેથી, અણઘડ અને અપ્રમાણ પ્રયોગ દ્વારા વિપરીત આર્થિક નુકસાન રૂપ ફળ સહન કરીને આદિથી, પ્રાયઃ દુરદેશીય વસ્તુઓમાં અનુમાનથી સજાતિ સદ્‌ગુણ આદિના સહારે વ્યવહાર કરવામાં આવે છે. એટલા માટે જ્યાં જેની મુખ્ય ઉપસ્થિતિનો બોધ થતો હોય છે. ત્યાં તેને મુખ્ય પ્રમાણના રૂપમાં સ્વીકાર કરવો જોઈએ. તેથી તેમનું કહેવું છે કે, બધા પ્રમાણોની પ્રામાણિકતા અનિવાર્ય છે. એવા જ અનેક વિષય છે, જેનાં પર સ્વામીજીએ ઘણું બધું લખ્યું છે. હવે અહીં આપણે ગ્રંથોના નામની સાથે તે વિશેષ વિષયોનો સંક્ષેપમાં પરિચય આપવાનો પ્રયત્ન કરીશુ.

પ્રયોગ દ્વારા સિદ્ધ જ્ઞાનના વિષયમાં પણ વિશાળ વિચારધારાઓ વહી રહી છે, જેના પર વૈજ્ઞાનીકો આગળ વધી રહ્યાં છે. વ્યક્તિનું જ્ઞાન મર્યાદિત હોવાથી અનેક પ્રકારના અંગત જ્ઞાનમાં યથાર્થતાનો પ્રકાશ નથી થતો અથવા જ્ઞાન પર જ્ઞાન પ્રેરવાથી પણ પૂર્વ જ્ઞાનનું સ્વરૂપ કોઈને કોઈ રૂપમાં અજાણ્યું રહી જાય છે. આ સ્થિતિમાં પ્રયોગ સિદ્ધ જ્ઞાન સિવાય પણ માનવું પડે છે. આ વિચાર પર સ્વામીજીનું મંતવ્ય છે કે અનેક શાસ્ત્રોમાં સ્થિત આ વિષયોના અધ્યયન બાદ જ્યારે સૌના જ્ઞાનના આધાર પર પ્રયોગ સિદ્ધ જ્ઞાનને પકડીને જ પ્રવૃત્તિ થાય છે, તો તેનાથી નિર્ણય થઈ જાય છે કે જ્ઞાનમાં પ્રમાણ તો છે જ, વિષયની હાજરી કે ગેરહાજરી જ્ઞાનના પ્રમાણને નિશ્ચિત કરનાર થતી નથી. જેટલી ભ્રાંતિઓ મિથ્યાજ્ઞાન, વિપરીત જ્ઞાન, વિકલ્પ, સ્વપ્ન વગેરેમાં તદ્રુપ થઈને ચૈતન્યને જોડી દેવાથી જ્ઞાનસ્વરૂપને જ્યારે જાણ કરવામાં આવે છે તો ત્યારે અપેક્ષા પ્રમાણે પ્રયોગસિદ્ધિ જ્ઞાન જ મળે છે તે પર કેટલાંય ઉદાહરણો આપતા સ્વામીજીએ 'પ્રમાત્ત્વ વિમર્શ' નામનો સ્વતંત્ર ગ્રંથ જ લખી દીધો છે.

ખ્યાતિજ્ઞાન સ્વયં પોતાના સ્વરૂપમાં પ્રયોગસિદ્ધ જ્ઞાન છે કે ભ્રમ છે ? આ વિચારની જે પ્રતિતિ કરે છે તેની દર્શનશાસ્ત્રમાં ખ્યાતિ નામથી પ્રસિદ્ધ છે. ભારતીય દર્શનમાં પ્રત્યેક દાર્શનિકોએ પોતપોતાની રીતે ખ્યાતિ પર વિશેષ વિચાર કર્યો છે. સ્વામીજીએ 'તત્ત્વપ્રભાવલી'માં ખ્યાતિના સ્વરૂપનું લક્ષણ સંશુદ્ધ કરતી વખતે લગભગ ૩૫-૪૦ આચાર્યોના સિદ્ધાંતોને પોતાની નજર સમક્ષ રાખ્યા છે. આ ખ્યાતિઓમાં રામાનૂજાચાર્યએ શ્રીભાષ્યમાં જે સત્ખ્યાતિ નામથી પોતાનું મંતવ્ય ભારપૂર્વક પ્રસ્તૂત કર્યું છે અને તેના પર પરવર્તી આચાર્ય શ્રીવેદાંત દેશિકે ન્યાય પરિશુદ્ધિમાં વિવેચન કરતાં જે કહ્યું છે કે 'સ્વારસ્યમ્ ત્વન્યથા ખ્યાતન્ વિખ્યાતૌ લાઘવં સ્થિતમ્ સ્વારસ્ય' અન્યથા ખ્યાતિમાં છે અને અખ્યાતિના સ્વીકારમાં લાઘવ છે, સત્ખ્યાતિ, અન્યથા ખ્યાતિ અને અખ્યાતિ આ ત્રણેયને સ્વામિનારાયણ સિદ્ધાંતમાં સત્સમુચ્ચય ખ્યાતિના રૂપમાં ફલિત કરવામાં આવ્યું છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં ૨૬૨ તરંગોના વૈભવથી સંપન્ન શ્રીહરિવાકયસુધાસિન્ધુ નામના એક વિશાળકાય ગ્રંથ, જે ભગવાન શ્રીસ્વામિનારાયણના ઉપદેશામૃતના રૂપમાં છે, તેના સારરૂપ રહસ્યાર્થોને નવનીતની જેમ ખેંચીને સ્વામીજીએ ૨૨૫૦ પરબ્રહ્મ સૂત્રોની રચના કરી છે. એ સૂત્ર અને હરિવાકય સુધાસિન્ધુ આ બંનેના વિવેચનમાં લગભગ ૫૦૦૦ પેઈજમાં

બ્રહ્મરસાયનભાષ્ય નામના એક નવા જ ભાષ્યની રચના પણ કરી છે, જે વ્યાકરણ મહાભાષ્યની જેમ પોતાના વિષયનું ગૌરવ વધારે છે, આ ગ્રંથરત્ન આદ્યાત્મિક વિચારોનો એકમાત્ર અમૂલ્ય ખજાનો છે. આમાં વિશિષ્ટાદ્વૈત તથા વિશિષ્ટબ્રહ્માદ્વૈત અને સત્ખ્યાતિ તથા સત્સમુચ્યય ખ્યાતિ આ સર્વેને સંગ્રહીત રૂપમાં લઈને અદ્વૈતા શુદ્ધાદ્વૈત, દ્વૈત, શબ્દબ્રહ્મવાદ, પ્રકૃતિકારણવાદ, ઈશ્વરીય વ્યવસ્થાવાદ, વિવિધ વૈષ્ણવ મત, શૈવ અને શાક્ત આદિ અનેક વિચારધારાઓ પર સમીક્ષા કરતા ભગવાન શ્રીસ્વામિનારાયણના શ્રીમુખથી નીકળેલા અભિપ્રાયોને વિકસીત કર્યા છે. આ મહાભાષ્યમાં સર્વત્ર પ્રત્યેક તરંગોના પ્રામાણ્ય પર પણ વિચાર કરવામાં આવ્યો છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણના પોતાના ઉપદેશોમાં જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ એ પાંચ ભેદ અનાદિ છે. એવું પ્રતિપાદન થયું છે. સ્વામીજીએ વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતને ધ્યાનમાં રાખતા આ પાંચ ભેદ વાળા સિદ્ધાંતોની પુષ્ટિ માટે વેદાંત વાકયોમાં આ પાંચ તત્ત્વોને નિશ્ચિત કરીને શ્રુતિતાત્પર્ય નિર્ણય નામના એક ગંભીર ગ્રંથની રચના કરી છે, જેમાં બ્રહ્મ અને પરબ્રહ્મ તત્ત્વોને પૃથક્ બતાવીને વિશિષ્ટબ્રહ્માદ્વૈત સિદ્ધાંતનું વિશેષ રૂપથી સ્વતંત્ર રીતે સ્થાપન કર્યું છે.

શ્રુતિતાત્પર્ય નિર્ણયની જેમ જ વિશેષ તત્ત્વોનો પ્રતિપાદન કરનારો 'સૂત્રાત્મક સ્વામિનારાયણ દર્શન' નામનો એક ગ્રંથ પણ સ્વામીજીની રચના છે. આ દર્શનને ષડ્દર્શનની જેમ જ સાતમું દર્શન પણ કહી શકાય છે. તેના પર એક 'કલ્યાણીવૃત્તિ' પણ સ્વામીજીએ જ લખી છે. તે સિવાય સ્વામીજીએ સર્વ પ્રત્યક્ષ અને પ્રત્યક્ષ પ્રમાણાધિન સર્વ સિદ્ધિને ધ્યાનમાં રાખીને એક એવો સિદ્ધાંત બતાવ્યો છે. જેમાં વિવિધ પ્રકારના સાક્ષાત્ વિષયતાશૂન્ય કોઈપણ પદાર્થ નથી, એ બતાવવામાં આવ્યું છે, આ સિદ્ધાંતથી પ્રકાશિત આ રચના ૫૦ પાનામાં કલ્યાણીવૃત્તિ સહિત 'સાક્ષાત્કાર સૂત્રાદિ' નામથી છે. આમાં પ્રમાણ માત્રને પ્રત્યક્ષમાં પ્રવિષ્ટ (દાખલ) કરાવતા સર્વ સાક્ષાત્ની પણ સિદ્ધિ કરવામાં આવી છે.

તત્ત્વપ્રભાવલી સ્વામીજીએ નવ્ય ન્યાયના આકારે ગ્રંથના રૂપમાં વિખ્યાત ગંગેશોભાધ્યાયની 'તત્ત્વચિંતામણિ'ની શૈલીમાં એક અદ્ભૂત અને અપૂર્વ 'તત્ત્વપ્રભાવલી' નામના મહાન ગ્રંથની રચના અતિશય ગૌરવપુર્ણ કરી છે. ૭૮૦ કારિકાઓમાં લખાયેલ આ ગ્રંથના પ્રમેય, પ્રમાણ, પ્રમિતિ અને પ્રમાતા એ ચાર ખંડ છે અને પદાર્થ, પદાર્થ સાધર્મ્ય, દ્રવ્ય, ગુણ, તદ્ગુણ જ્ઞાન, તર્ક, નવપ્રમાણ, વિપ્રતિપત્તિઓ, અનુમાન, શબ્દ, પ્રમિતિ, પ્રમાતા તથા પંચતત્ત્વ આ વિષયોના નામથી ચૌદ પ્રકરણો છે. આ ગ્રંથમાં વિષયનો ઉપસંહાર અને વિવેચનશૈલી એટલી ભાવગર્ભિત તથા સમૃદ્ધ છે કે જેને જોઈને મોટાં મોટાં વિદ્વાનો પણ આશ્ચર્યચકિત રહી જાય છે. વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત અનુસાર સ્વામિનારાયણ સંપ્રદાયના પદાર્થોને ન્યાયની દૃષ્ટિથી નિરૂપણ આ ગ્રંથમાં અત્યંત નવા રૂપથી થયું છે. તેની બાબતમાં જ્યારે ખુદ સ્વામીજીને જ પૂછવામાં આવ્યું તો તેઓએ 'વિશિષ્ટ ન્યાયદર્શનમ્' કહીને તેનો પરિચય આપ્યો.

આ તત્ત્વપ્રભાવલી ગ્રંથ પર કારિકાવલી પર, ન્યાયસિદ્ધાંત મુક્તાવલી અને તત્ત્વમુક્તાકલાપ પર સર્વાર્થ સિદ્ધિની જેમ સ્વામીજીની એક સર્વોત્તમ સ્વરચિત વ્યાખ્યા છે. જે

તેના મહત્ત્વને સર્વોચ્ચ શિખર પર પહોંચાડી દે છે.

વિપ્રતિપત્તિઓ અવિદ્યાથી વ્યાપ્ત આ સંસારમાં સ્થિત આધ્યાત્મિક દૃષ્ટિથી પહોંચેલી વ્યક્તિ પણ અવિદ્યાથી પર પરમેશ્વરના સ્વરૂપનું નિરૂપણ કરતી વખતે કેટલીક બાબતોમાં વિભ્રાંત જેવા જોવા મળે છે. એટલા માટે જ્યારે ભારતીય મનીષિઓ આ ભ્રાન્તિમય જ્ઞાનની કલૂષિતતાને દૂર કરીને નિભ્રાંત, નિર્દોષ અને સત્યસ્વરૂપ ઈશ્વર તત્ત્વને બુદ્ધિ ગમ્ય કરવા માટે પરિષદ્‌ના રૂપમાં એકત્ર થઈને પોત પોતાના મંતવ્યોને વાકયબદ્ધ કરીને પ્રસ્તૂત કરે છે. ત્યારે તેના મંતવ્યોમાં બે પક્ષ રહે છે, એક વિધિ અને બીજો નિષેધ પરિષદ્‌ની પ્રત્યેક વ્યક્તિ તે વિધિ પક્ષમાં પોતપોતાની વિપ્રતિપત્તિઓને રાખે છે. ભારતીય પ્રાચીન વાણીમાં, ખાસ કરીને વ્યાકરણ, મીમાંસા અને ન્યાય દર્શનમાં પદ, વાક્ય અને પ્રમાણો પર એવા અનેક વિચારો થયા છે. આ વિચારો દ્વારા નિર્દોષ એવં વિશુદ્ધ તત્ત્વની સમજણ આપનાર પરિષદો અથવા શાસ્ત્રાર્થ સભાઓનું હોવું આવશ્યક અને પ્રસિદ્ધ રાજમાર્ગ જેવું થઈ ગયું છે.

કોઈપણ વિષયની બાબતમાં વિપ્રતિપત્તિઓના ઉપસંહાર પછી નિર્ણય કરવા માટે બેઠેલા વિદ્વાનોની સમિતિ તાત્પર્ય નિર્ણય માટે પ્રતિજ્ઞાપૂર્વક ઉપક્રમ ઉપસંહાર વગેરે વિમર્શભાગોને સાધનના રૂપમાં પ્રયોજે છે. સમિતિની પ્રત્યેક વ્યક્તિ તે વિષય સાથે સંબંધિત પોતપોતાના ન્યાયના પ્રયોગો કરે છે અને વચ્ચે વચ્ચે પ્રત્યવસ્થાન પણ કરે છે. આ પરંપરામાં વિદ્વાન લોકો વાદિ-પ્રતિવાદિઓના પ્રશ્નોત્તર તથા ષટ્‌પક્ષીય કથાઓ દ્વારા તત્ત્વનિર્ણય રૂપ ફળને ઘોષિત કરીને શાસ્ત્રાર્થને પૂર્ણ કરે છે. આમાં વિપ્રતિપત્તિઓની નજીકનો જે પક્ષ પ્રમાણિક એવં બળવાન સિદ્ધ થાય છે તે જ વિધિ પક્ષ માનવામાં આવે છે અને જે પક્ષ પ્રમાણોથી અને તર્કોથી આહૂત થઈને વિપ્રતિપત્તિઓનું સમાધાન નથી આપી શક્તા તે જ નિષેધ પક્ષ સિધ્ધ થઈ જાય છે.

આ તત્ત્વપ્રભાવલીમાં પણ સ્વામીજીએ ઉપરોક્ત પદ્ધતિથી તત્ત્વના બોધ માટે દર્શનજાતિના વિચારોને સામે રાખીને અનેક રીતે ઘણી બધી વિપ્રતિપત્તિઓ ઉઠાવી છે. આ વિપ્રતિપત્તિઓના અર્થ બોધ માટે પણ એવા વિદ્વાન ગુરૂજનોના ચરણમાં લાંબા સમય સુધી નિવાસ કરવો પડે છે. આવી રીતની વિપ્રતિપત્તિઓ ન્યાયિકોના પ્રામાણ્યવાદ પર, અદ્વૈત વેદાંતિઓના મિથ્યાત્વવાદ પર અને નાસ્તિકોના ક્ષણિકવાદ પર પણ ઉઠાવવામાં આવે છે.

વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત અનુસાર સ્વામિનારાયપણ સંપ્રદાયના દાર્શનિક સિદ્ધાંતોને પ્રકાશ કરવા માટે સ્વામીજીએ એક પદાર્થ સંગ્રહરૂપ 'શ્રીસ્વામિનારાયણ વેદાંતસાર' નામના ગ્રંથની પણ રચના કરી છે, જેને તત્ત્વપ્રભાવલીનું જ સંક્ષિપ્ત રૂપ માનવામાં આવે છે.

વૈષ્ણવ સિદ્ધાંતોમાં જોવામાં આવે છે કે, ભૌતિક સૃષ્ટિમાં પ્રગટ થનાર ભગવાન્ તેમના ભવન અને તે સંબંધી પદાર્થોને નિત્ય તથા દિવ્ય આદિ શબ્દોથી કહેવામાં આવેલું છે. સર્વ નિવાસી ભગવાનૂં સ્વયં દિવ્ય મૂર્તિ જ છે, પ્રયોજનાવશાત્ તેઓ જ સ્વયં તે જ સ્વ-સ્વરૂપમાં પ્રગટ થાય છે. બદ્ધ જીવોની દૃષ્ટિ સ્થૂલ અને માયિક હોવાથી તેમને ભગવાન સ્વયંની દિવ્ય મૂર્તિમાં પોતાની અશક્તિથી માયિક, અદિવ્ય, સ્થૂળ ભાવયુક્ત દેખાય છે. ભગવત્કૃપા અથવા ભક્તની ઉપાસના અતિ ઉત્કૃષ્ટ થવાથી અદિવ્ય સ્થૂળ અને ભૌતિક માનવરૂપમાં દેખાતા

ભગવાન્ પણ બ્રહ્મલોકવાસી દિવ્યરૂપે જ દેખાવા લાગે છે, જેમ કે અર્જુન આદિ ને દેખાયા હતા. આ સર્વે બાબતો પર ધ્યાન રાખીને સ્વામીજીએ સદ્‌ગુરૂશ્રીગોપાલાનંદ સ્વામી વિરચિત 'શ્રીહરિસ્વરૂપનિર્ણય' ગ્રંથ પર સત્સંગભાષ્યની રચના કરી છે, જેમાં બ્રહ્મધામસ્થ દિવ્યસ્વરૂપ, લૌકિક મૂર્તિ અને અવતાર સ્વરૂપ, સર્વે એક જ છે એવું યુક્તિઓ અને પ્રમાણોના બળ પર પ્રતિપાદન કર્યું છે અને કેટલીય વિપ્રતિપત્તિઓ ઉઠાવીને વિધિ અને પ્રતિવિધિ પક્ષનું વિવરણ આપતા ભાષ્ય નામને સાર્થક કર્યું છે.

તે સિવાય સ્વામીજીનું મંતવ્ય એ પણ છે કે, વૈષ્ણવ મતમાં પરમાત્મા પોતાના મુળ સ્વરૂપે સદા સગુણ, દિવ્ય અને સદા સાકાર જ છે, તેથી અંતર્યામીપણે તેમની ઉપસ્થિતિ રહેવાથી અને તેનાથી વ્યાપ્ય હોવાથી જીવાત્મા પણ અંદર પ્રવેશિતની અનુરૂપ જ મૂર્તિમાન અને સાકાર સિદ્ધ થાય છે. જો એમ ન હોય તો તે ચેતન તત્ત્વને યોગીઓ, ધર્મરક્ષક મુક્તો અને પરમાત્મા કેવી રીતે જોઈ શકે ? એટલા માટે ચેતનતત્ત્વનું મૂર્તત્વ અને સાકારત્વ સુયોગ્ય છે. આ સિદ્ધાંતની સંગતતા માટે સ્વામીજીએ સાંખ્ય અને યોગદર્શનના સ્વરચિત ભાષ્યોમાં વીસ સાહચર્યો આપ્યાં છે.

ઉપરોક્ત બધા નવા વિષયોની ગંભીર વિચારણા અને સ્વપક્ષની દઢ સ્થાપના ઉપરાંત એક મહાન આશ્ચર્યજનક સ્વામીજીની રચના 'શ્રીલક્ષ્મીનારાયણસંહિતા' છે, જેની શ્લોક સંખ્યા ૧,૨૬,૦૦૦ ને જોઈને કૃષ્ણદ્વૈપાયન વ્યાસનું પ્રત્યક્ષ સ્મરણ થાય છે. સ્વામીજીએ પોતાના કાશી નિવાસ દરમ્યાન પશ્ચિમના કાશી સમાન વિદ્યાવૈભવથી સંપન્ન જામનગરમાં નિવાસ કરતા વીસ વર્ષ સુધી વેદ, વેદાંગ, પુરાણ, મહાભારત, ધર્મશાસ્ત્ર તથા સમસ્તદર્શન શાસ્ત્ર તથા શિલ્પ અને આયુર્વેદાદિ વાઙમયનું અધ્યયન મનન અને પ્રવચન કરીને પછી આ લક્ષ્મીનારાયણ સંહિતાની રચના કરી છે. ઉપરોક્ત ભારતીય સમગ્ર વાઙમયનું વિષય, ઈશ્વરીય, માનવીય અને દૈવી ઈતિહાસ, બ્રહ્મવિદ્યાઓના પ્રકરણો ભક્તોની આશ્ચર્યજનક એવં ઐશ્વર્યવાન કથાઓ, ચારેય યુગની અલગ-અલગ સ્થિતિઓ, ચોસઠ કળાઓ, ભૂગોળના તીર્થ તથા બ્રહ્મ વગેરે આ સૌનું આ સંહિતામાં સંપૂર્ણપણે અતિ પ્રકાશિત પણે વિશદ્ વિવેચન થયું છે.

અન્ય દર્શનોની જેમ મીમાંસા દર્શનના પ્રાથમિક ગ્રંથ અર્થસંગ્રહ પર સ્વામીજીએ સુંદર કિરણાવલી નામની વ્યાખ્યા લખી છે, જેમાં દ્રવ્ય, દેવતા, કર્મ આદિ દ્વારા વિષ્ણુપદથી પરમાત્માની ઉપાસનાને જ ફળદાયી રૂપે સિદ્ધાંતિત કર્યું છે. સર્વે યજ્ઞો વાક્ય અંતર્ગત લિંગ આદિ ભાવનાની વિશુદ્ધતા, અંગ અંગિત્વ વગેરે સંશુદ્ધિ અને વાક્યભેદ વગેરે સ્વીકાર્ય વસ્તુઓની આ કિરણાવલીમાં પ્રકાશીત કરવામાં આવી છે. સાથોસાથ 'કવિ તાર્કિક કેસરી'ના નામથી પ્રસિદ્ધ શ્રીવેંકટનાથ સૂરિ (વેદાંતદેશિક)નો તત્ત્વમુક્તાકલાપ કે જે વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતના સંરક્ષણમાં ઢાલની સમાન માનવામાં આવે છે. તે સંપૂર્ણ ગ્રંથ પર પણ અન્વય સાથે શ્લોક કાર્યની સ્પષ્ટતા કરતી એક નવી કિરણાવલી વ્યાખ્યા પણ લખી છે.

સ્વામીજીએ દૂરદર્શિની પ્રતિભા દ્વારા માત્ર દર્શનમાં જ નહિ પરંતુ હરિસંભવ મહાકાવ્યની ભૂમિકા 'કવિ કાવ્યગૌરવ'માં પણ લક્ષણ ગ્રંથોના પ્રાચીન સિદ્ધાંતોનો સ્વીકાર કરતા અનેકવિધ નવી વાતોનો આવિષ્કાર કર્યો છે, જેમ કે પૃષ્ઠ ૨૪ ઉપર શ્લોક ૫૪-૫૫માં સમુદાય બોધક યુગ્મ

આદિ નામો સિવાય ગ્રામક, દેશક, ભૌમક અને સૃષ્ટિક વગેરે નવા નામોની સમુચિત કલ્પના કરી છે.

આ રીતે સ્વામીજીએ દર્શનશાસ્ત્ર રૂપ ગહન અને ગંભીર મહાસાગરમાં માત્ર ડૂબકી જ નહીં પરંતુ નિર્ભીક તથા સ્વતંત્ર રૂપથી ઊંડા તળિયા સુધી વિહાર કરતા પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ વિવિધ તથા મહાન્ સિદ્ધાંત રત્નોને પ્રાપ્ત કરીને તેના ઉપર પ્રકાશ કર્યો છે. સદ્‌ગુરૂઓની વાતોના સારને સંસ્કૃત પદ્યમાં ગૂંથણી, અદ્‌ભૂત કથા આખ્યાયિકાઓનો સંગ્રહ અને કેટલાંય હરિવાકયસુધાસિંધુ સાર સંદોહન જેવા સર્વશ્રેષ્ઠ લેખોનું લેખન, આ બધું સ્વામીજીની તે તે વિષયોમાં ડૂબકી લગાવવાની સૂક્ષ્મ અને સશક્ત પ્રતિભાનો પ્રત્યક્ષ પરિચય કરાવનાર છે. અહીં તેમનો જ્ઞાન વૈભવ, મેળવેલી વિદ્વતાની બાબતમાં જે કહેવાયું છે, તે તો છેડો પકડવા બરાબર છે. આવા મહાસાગરની ગંભીરતાને તો મંદરાચલ જેવો કોઈ મહાન વિદ્વાન જ જાણી શકે છે. આપણે તો તેમને કેવલ ભારતીય દર્શનના યુગપ્રતિનિધિ કહીને જ વિરામ કરીશું.

- જ્ઞાનપ્રકાશશાસ્ત્રી, વેદાંતાચાર્ય...

ડો. વીર રાઘવન (સંસ્કૃત પ્રોફેસર).

યુનિવર્સિટી ઓફ મદ્રાસ, પ્રેસિડેન્ટ.

ઓગણીસના સૈકામાં ગુજરાતમાં નીતિ સદાચારના સુધારક અને આધ્યાત્મિકતાના પણ મહાશક્તિશાલી ઉપદેશક શ્રીસ્વામિનારાયણ ભગવાન થયાં હતાં, તેમણે જોયું કે પરદેશી સત્તાના દબાણથી અમુક વર્ષો સુધી હિન્દુધર્મ હ્રાસ સ્થિતિમાં ઉતરતો ગયો છે. તે સમયે ધર્મ અને ભક્તિનું વર્ચસ્વ પ્રવર્તાવે, ઓળખાવે અને સારી સ્થાપના કરે એવા મહાપુરૂષની જરૂરત હતી, તે સમયમાં સ્વયં શ્રીસ્વામિનારાયણ પોતે જ પ્રકાશિત થયા અને ખૂબ ધર્મભક્તિની સ્થાપના કરી. જેમના તે સિદ્ધાંતોના પોષક તેમની પરંપરામાં આજે મહાપંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી જગદ્વિખ્યાત પંડિત છે. તેમના સન્માનમાં અભિનંદન ગ્રંથ વિદ્વાનો તરફથી તૈયાર થઈ રહ્યો છે. આપના ૭૦ વર્ષ પર્યંતના જીવનની સંસ્કૃતિ બાબત તો તેની મેળે જ જ્ઞાત થઈ જાય છે, જે વિદ્યાસાગર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ પોતાના જીવનને સંસ્કૃત અભ્યાસમાં ગાળ્યું છે. અનેક સંસ્કૃત ફિલોસોફિના ગ્રંથો તમામ શાસ્ત્રોમાં પ્રવિષ્ટ થઈને લખ્યાં છે, તેમની આવી ફોરમ આખી દુનિયામાં ફેલાએલી છે, વેદો કહે છે કે સુપુષ્પિત વૃક્ષની સુગંધ દૂર દૂર જાય છે, તેમ પુણ્ય પવિત્ર ફળોની સુવાસ પણ દૂર દૂર પહોંચે છે. ભાગવતધર્મ આચાર્ય અને જુની સિસ્ટમને આધારે કઠિનાઈઓને અનુરૂપ અસલ સમ્માનિત સમયને માન આપીને જીવન વર્તાવો કરવો તે બરાબર ગણાય અને તે વખતે ઉત્તમ સિધ્ધિ માટે અભ્યસ્ત પ્રયત્નનો કિંમતી એવો અભિપ્રાય પ્રસિદ્ધ અવાજ કરવો જ જોઈએ પણ આપણા આચાર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ તો સોનામાં સુગંધ તેની મેળે ફોરમ આપતો દાખલા તરીકે સિધ્ધ કરી દીધો છે. આપના લિખીત ગ્રંથોમાં કઠિનમાં કઠિન શાખાઓવાળા સંસ્કૃતની ઊંડા વિજ્ઞાનની તાત્ત્વિકધારાઓ વહેતી કરી છે, એમની પાસે કોઈ એવો જાદુ નથી તેમ ગુપ્તમંત્ર સિધ્ધ નથી કિન્તુ અનેક વિભિન્ન શાખાઓના અભ્યાસ વડે પ્રગટ થઈ આવેલી સર્વદિગ્ગામી ચોજાળી બુધ્ધિ પ્રતિભા, ભારતીય તત્ત્વજ્ઞાનોના ક્ષેત્રમાં ધાર્મિક અને ગ્રંથોમાં પ્રાપ્ત કરેલી છે, ઈશ્વરે તેમને એવી બુદ્ધિ બક્ષિસ આપી છે. મીમાંસા, નવ્યન્યાય આદિ શાસ્ત્રોમાં ગહનવ્યાપ્તિ અને કાવ્યના ક્ષેત્રમાં વેગવંતી કવિતાશક્તિ એ બે કયાંય પણ જોવા મળે નહિ, એ બે મળવી તે ઓછી શક્તિને ન હોય, એવા સરલ નથી, ઘણાં તો એવા જ પંડિત હોય છે કે જે કવિતાઓની રચનામાં જ હોંશિયાર હોય, પણ તાર્કિક ફિલોસોફી અને વાક્યાર્થ ન્યાય વિજ્ઞાનમાં અંધજ હોય છે, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીમાં વ્યાકરણ મીમાંસા, ન્યાયના ઊંડાણો, પદસંસ્કૃતિ, વાકયાર્થ સંસ્કૃતિ, પ્રમાણ વિસ્તાર કાવ્યાલંકાર કવિત્વ આદિ એક જ સાથે મળીને રહ્યા છે, આવા વિદ્વાનને જોઈને રાજી થવાય છે. આ નિરીક્ષણથી મને સાર જોવા મળ્યો કે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ ૪૫ ગ્રંથો લગભગ દસ હજાર પેજોમાં લખ્યાં છે અને તે પરીક્ષાપયોગી તથા બૌદ્ધિક મૌલિક નિજકાર્ય સર્જનાત્મક છે. સાંખ્યશાસ્ત્ર ઉપર શ્રીઆચાર્યજીએ ભાષ્ય તથા કિરણાવલી ટીકા તથા ગૌડપાદભાષ્ય ઉપર વિશદ કિરણ લખેલ છે, અને વાચસ્પતિ મિશ્રની તત્ત્વકૌમુદી ઉપર કિરણાવલી વિશાળ સ્પષ્ટ બોધપ્રદ ટીકા લખી છે અને બીજા પણ સિધે સીધા કારિકાઓના અન્વયાર્થ વિવેચનો લખ્યાં છે, તથા યોગસુત્ર ઉપર

ભાષ્ય તથા ભોજવૃતિ ઉપર સ્પષ્ટ કિરણ લખેલ છે તથા ન્યાય અને વૈશેષિક દર્શનો ઉપર ખાસ નિજીયશાસ્ત્ર હોય તેમ શ્રીઆચાર્યજીએ તર્કસંગ્રહ દીપિકાની ગહન અને સ્પષ્ટ તત્ત્વ પ્રતિપાદક કિરણાવલી લખેલી છે, ન્યાયબોધિક અને પદકૃત્ય ઉપર ટીકા-ટિપ્પણ ગહન સ્પષ્ટતાકારક લખ્યા છે. ન્યાયસિદ્ધાંતમુક્તાવલી ઉપર પણ વિશાલ કિરણાવલી ટીકા 'ન ભૂતો, ન ભવિષ્યતિ' એવી અજોડ ગહન શાસ્ત્રાર્થ ભરેલી છાત્ર અધ્યાપક બંને ઉપયોગી થાય તેવી લખી છે અને સામાન્ય નિરૂક્તિ ન્યન્યાયની ગાદાધરી ઉપર શાસ્ત્રાર્થ બૌદ્ધિક કોડપત્રો લખ્યા છે, તથા મીમાંસા શાસ્ત્રના અર્થસંગ્રહ ઉપર વિશુધ્ધ વિશદ્ કિરણાવલી લખી છે તથા અંગત્વાદિ પરિષ્કારો લખ્યાં છે તથા નવ્યન્યાયની રીતે શાસ્ત્રાર્થો લખ્યા છે, વેદાંતના તમામ પ્રસ્થાનોને આવરી લ્યે તેવા શાંકર અને રામાનુજના સિધ્ધાતોના ગ્રંથો ઉપર ભારે ટીકા શાસ્ત્રો તથા મૌલિક ગ્રંથો રચ્યાં છે, ચિત્સુખીની ટિપ્પણી અને તત્ત્વમુક્તાકલાપ ઉપર કિરણાવલી નામક વિશાલ ટીકા લખેલી છે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી એક સાચા ધુરંધર વિદ્વાન છે, તેમણે કેવલ પ્રાચીન ટેકસ્ટ દર્શન બુકો ઉપર ભાષ્ય ટીકાઓ લખી એટલું જ નહિ, પણ તેમનો તેવો અગાધ ગંભીર સંસ્કૃતદર્શનો સાહિત્યો ઈતિહાસોનો, કાવ્યોનો મહાન અભ્યાસ અજમાવીને હરેક વિશ્વ વિદ્યાલયો, કોલેજો, સંસ્કૃત પાઠશાળાઓમાં ઉપયુક્ત પ્રાથમિક અને ઉત્તમકક્ષાની પરીક્ષાઓના ગ્રંથો ઉપર પણ સરલ ટીકાઓ લખીને ઉપકાર કર્યો છે તથા મહાવિદ્યાલયો દ્વારા તાત્ત્વિક દાર્શનિક વૈજ્ઞાનિક સાહિત્યિક સરખામણીના વિભિન્ન શાસ્ત્ર ક્ષેત્રોમાં તેવા ગ્રંથો લખી આપવામાં સમ્માનિત થએલા છે. વિભિન્ન ખ્યાતિઓ વિજ્ઞાન માન્યતાઓ ઉપર ખૂબ જ લેખિની ચલાવી છે. આચાર્યશ્રીએ મૌલિક, બૌધ્ધિક, અતિગહન વિષય કહેવાતા જ્ઞાનનાં પ્રમાભાગો પ્રમાત્વ વિમર્શ ગ્રંથ લખ્યો છે જે જ્ઞાનનું સત્યત્ત્વ દર્શાવનારો છે તથા ખ્યાતિવાદ નામનો ગ્રંથ મહાગહન વિચારોથી ભરપૂર, ભ્રમોને લક્ષ્ય કરીને તેના મતભેદો લગભગ પચ્ચીસથી ઉપરના આચાર્યોના મતો દર્શાવી એક મૌલિક ગ્રંથ તૈયાર કર્યો છે, જેમાં વિદ્વાનો પોતાના સિધ્ધાંતો ઉપર અડગ પાર લેવા મથતા હોય છે. આવો પ્રમાત્વ વિમર્શ અને ખ્યાતિવાદ તે તો ધુરંધર ન્યાયિક, તાર્કિક, વેદાંતિ વિદ્વાનોને ચંચુ પ્રવેશ કરવા લાયક થયો છે. આચાર્યશ્રીએ તત્ત્વપ્રભાવલી નામક ગ્રંથ ન્યાય શાસ્ત્ર અજોડ નવીન વિશિષ્ટ ન્યાય શાસ્ત્ર રચેલું છે કે જે પૂર્વેના ન્યાયશાસ્ત્રોને મળતું અને ચડીયાતું છે, જેમાં ઘી વિકાસ વડે તત્ત્વ વિકાસો અપનાવ્યા છે. તત્ત્વજ્ઞાનનો મૂર્ધન્ય નવ્યન્યાયનો શિરોમણી વિશિષ્ટ વેદાંતનો મુકુટમણિ એવો આ ગ્રંથ ભારતની સંસ્કૃત સંસ્કૃતિનું ગૌરવ વધારનારો થયો છે, તેમાં તત્ત્વજ્ઞાનનો વિષય મૂલ પદાર્થો દ્રવ્ય ગુણ કર્મ સામાન્ય વિશેષ સમવાંય અભાવ આદિ અધિક પદાર્થો પણ સારી રીતે વિશેષપણે ખોલ્યાં છે, તે સિવાય પારમાર્થિક ગ્રંથ એક મોક્ષને માટે તેના સાધન દ્વારા ઉપાસના કાંડાનુષ્ઠાન સહિત સાંપ્રદાયિક મુક્તિ વ્યવસ્થા નામક તમામ જગતના સંપ્રદાયોના મોક્ષ મતો ઉપાસના મતોને લઇ લઈને સૈધ્ધાંતિક સાગર જેવો રચેલો છે, જેમાં વિશ્વના ધર્મોની મુક્તિ બાબત માનિનતાઓ સ્પષ્ટ કરાઈ છે.

જો કે મોટો ભાગ સ્વામિનારાયણ સંપ્રદાયને પૃષ્ટિ આપનારા ગ્રંથોનો છે, એકાદ સંપ્રદાયને વધારે ઉપવૃંહણ કરનારો છે, પોતે પણ સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિત વૈષ્ણવ વિદ્વાન છે, તેથી તે પ્રમાણે લખીને સૈધ્ધાંતિક વિષયો સ્વમતમાં સારી રીતે ઉતાર્યા છે, તો પણ

સ્વામિનારાયણ પરબ્રહ્મના ઉપાસક પરમભક્ત છે અને વિષ્ણુભક્તિ પોષક છે, તે રામાનુજ સંપ્રદાયના તમામ તત્ત્વોમાં સંમિલીત જ છે તેથી બાહેરનું પ્રતિપાદન કરતા જ નથી તો પણ વધારે તે માને છે. પંચાયતના દેવ વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી, સૂર્યની પૂજા કરવી અને શિવજીનું વ્રત ભક્તિ પૂજન વિગેરેની સાથો સાથ શૈવીજનો અને મતોની રીતિઓને પણ અવલંબે છે, છતાં સર્વોપરિ ઉપાસનામાં તો પરબ્રહ્મ પુરૂષોતમનારાયણ એવા પરમાત્મા એકને જ સ્વીકારે છે, તે આ તેમને અસાધારણ ઉપાસક દર્શાવે છે, અવતારી તરીકે ઉપાસના વિષય છે, તેમાં વિશેષતા તો ખાસ એ લીધી છે કે નારાયણ અને મહેશ બંને એક જ છે. બ્રહ્મરૂપે નારાયણ મહેશને ઐક્ય માનવા આવો ખાસ ઉત્કૃષ્ટ પોઈન્ટ ઉત્તમ છે, તેમણે કોઈ પણ ચીજને નિરાકાર નથી એમ જણાવવા શ્રીઆચાર્યજીએ સાકારત્વવાદ મૌલિક નવો ગ્રંથ દ્રઢયુક્તિ યુકત લખ્યો છે. અદ્વૈતમાં આ સાકારત્વવાદ નિત્યસાકારતાથી ભિન્નને આવિદ્યક સાકારતા દેખાડનારો છે, તેને શ્રીઆચાર્યજીએ ઠીક ઠીક ચકાસીને નિત્ય સાકારતામાં ખેંચ્યો છે. શ્રીરામાનુજાચાર્યના વિશિષ્ટ દ્વૈતમત સાકાર તો છે જ તેને કોઈ અંશ તજવા યોગ્ય તજીને નિત્ય સાકારતાવાદ સર્વ સાકાર એવો મહાસિદ્ધાંત વર્ણવ્યો છે અને જીવ માયા વિશિષ્ટ પરબ્રહ્મને સ્થાને જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ આવા પાંચ તત્ત્વ સ્વામિનારાયણ મતે હોવાથી ત્રણ તત્ત્વ વિશિષ્ટ વ્યાપક બ્રહ્મ છે અને બ્રહ્મવિશિષ્ટ પરબ્રહ્મ છે એવો વિશિષ્ટ બ્રહ્માદ્વૈત સિદ્ધાંત સ્વતંત્ર શ્રીઆચાર્યજીએ સ્પષ્ટ કર્યો છે આચાર્યજીએ શ્રીસ્વામિનારાયણ દર્શન નામક સપ્તમદર્શન ગ્રંથ કલ્યાણી વૃતિસહિત સુત્રોમાં રચ્યો છે બધા દર્શનોના પર્વપક્ષ લઈ સિધ્ધાંત સૂત્રો વડે વિશિષ્ટ બ્રહ્મદ્વૈત સિધ્ધ કરેલ છે તથા શ્રીસ્વામિનારાયણના ૨૬૨ વચનામૃતોના ૨૨૫૦ સૂત્રો તથા તે ઉપર બ્રહ્મરસાયન ભાષ્ય મહાસાગર રચેલ છે તથા વચનામૃતોના પ્રામાણ્ય હેતુઓનો ગ્રંથ રચ્યો છે તથા શિક્ષાપત્રી ઉપર કિરણાવલી તથા દર્શન તત્ત્વસાર અને શ્રીસ્વામિનારાયણ વેદાંતસાર આ ગ્રંથો પરબારા શ્રીસ્વામિનારાયણ તત્ત્વજ્ઞાનના મણ્ડન કરનારા રચ્યાં છે અને આચાર્યશ્રીએ મૌલિક ગ્રંથ અવતારી પરબ્રહ્મ અને તેના સર્વે અવતારો થાય છે એવો અવતારાડવતારિત્વ પ્રમાણ ગ્રંથ ખાસ રચ્યો છે તથા શ્રીહરિસ્વરૂપ નિર્ણય ગ્રંથ ઉપર સત્સંગભાષ્ય નામક ગ્રંથ ઉત્તમ કોટિનો લખ્યો છે જે વૈષ્ણવોને તમામ સંપ્રદાયોને ઉપયોગી થઈ પડે તેવો ગહનતર લખ્યો છે જે સર્વ પ્રત્યક્ષ એવા સિધ્ધાંત ઉપર છે. અતિગહન વિચારોથી ભરેલો છે તથા શ્રુતિમય એક શ્રીગુણાતીત બ્રહ્મોપનિષત નામક શ્રુતિગ્રંથ લખ્યો છે જેમાં બ્રહ્મ પરબ્રહ્મની વિક્તિ પાડેલી છે તથા આચાર્યજીએ સ્વતંત્ર મૌલિક શ્રુતિ તાત્પર્ય નિર્ણયનામક ગ્રંથ લખ્યો છે તે પંચતત્ત્વોને શ્રુતિબોધ્ય સમજાવનારો છે તથા આચાર્યજીએ ભક્તિરસસરિત નામક ગ્રંથ જેમાં ભક્તિના ઘણાં રસો વર્ણવ્યા છે તે સ્વતંત્ર લખ્યો છે તથા ફિલોસોફી તથા ધર્મભક્તિ, જ્ઞાન વૈરાગ્ય, કર્મકાણ્ડ અને શ્રીસ્વામિનારાયણના સત્સંગની વૃતાંતમય જીવની બોધક સત્સંગિજીવન ગ્રંથ ઉપર એક પારાયણી ટીકા લખી છે, જે પારાયણો માટે ઉપયોગી છે તથા ગુણાતીતાનંદસ્વામી વાતો અને ગોપાળાનંદસ્વામી વાતો, એવા બે ગ્રંથો પદ્યબંધ રચ્યા છે જે સાંપ્રદાયિક બંધારણને અનુસરીને માયામાંથી કાઢવા અને પરબ્રહ્મમાં લગાડવાના કામ કરે છે, આમાં વિશાલ ઉપદેશભર્યા છે તથા પવિત્ર પુરૂષોના જીવનો વર્ણવ્યા છે આ બધા ૨૦ વીશેક હજારથી વધારે શ્લોકોમાં છે એ ઉપરાંત એક વધારે ખાસ જરૂરીઆતનો ગ્રંથ

જાતિવાદ વિમર્શ નામક લખેલ છે તથા હનુમાનજી, ગણેશ, સૂર્ય, લક્ષ્મીનારાયણ આદિઆદિના અનેક સ્તોત્રો રચ્યા છે તથા બાળકને ભણવામાં ઉપયોગી કર્મણી, ભાવિ, કર્તરિ પ્રયોગમાં દર્શાવતી મિત્ર લાભની કિરણાવલી ટીકા લખી છે તથા કવિવરોને બે ઘડી થંભાવી દે એવું કવિકાવ્ય ગૌરવં નામસ્વલ્પ ગ્રંથ પણ જટિલ સ્વરૂપમાં લખેલ છે, તે અચિંત્યાનંદ કવિવર્ય રચેલ શ્રીહરિસંભવ કાવ્યની ભૂમિકા રૂપે છે. મેં એક મહાસાગર સમવિશાળ શ્રીઆચાર્યજીનું મહાકાવ્ય આદ્યત વાચ્યું જોયું છે - જે લક્ષ્મીનારાયણસંહિતા નામક છે તેનું બીજુ નામ શ્વેતાયનસંહિતા છે, જે ચૌખંભા પ્રેસમાં બનારસમાં છપાએલ છે, તે મને મળ્યા પછી અવલોકન વડે મને ઘણો મોટો પ્રભાવ પડયો. આવા મોટા લેખક અને કાવ્ય જોડનારા પંડિત સ્વયં આચાર્યજી છે, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું સ્વકીય નામ શ્વેતાયન વ્યાસજી છે, તેમનો આ ગ્રંથ તો પરમેશ સૃષ્ટિ બ્રહ્મ સૃષ્ટિ ઈશ્વર સૃષ્ટિ બ્રહ્મા સૃષ્ટિ માનવસૃષ્ટિ તીર્થો ભૂગોળો, ખગોળો, તારામહ અને રાજાઓ પરંપરાઓ વિગેરે તથા ફિલોસોફીઓ તથા પ્રાચીન અર્વાચીન ઈતિહાસો તથા ફેરફારો સત્ય, ત્રેતા, દ્વાપર, કલિના વૃતાંતો, ધર્મો, સતી, સાધ્વી, પતિવ્રતાઓના ચમત્કારોના, સંતોના ચમત્કારો, ઋષિ મુનિઓના, દેવોના ચમત્કારો, તપશ્ચર્યાઓ, સ્થાપનાઓ, ભક્તિમાર્ગો અનેક સ્તોત્રો, સૌરાષ્ટ્ર માહાત્મય, અવતાર સ્વરૂપો, વિગેરે વિગેરે અસંખ્ય તત્ત્વ વિદ્યાઓ મુર્તિઓ મંદિરો પ્રતિષ્ઠાઓ ગાયનો ઓષધિઓ જયોતિષો ચમત્કારો વિગેરેનો આટલાંટિક મહાન સાગર જેવો ગ્રંથ જેમાં પેસિફિક મહાસાગર પણ ગુમ થઈ જાય એવો ગ્રંથ પાંચ મહાખંડ ભાગોમાં વિદ્યમાન એકજ વ્યક્તિ આચાર્યશ્રીએ એક જ દશકામાં પાંચ વર્ષમાં લખ્યો, માટે સારસ્વતાવતાર બૃહસ્પત્યના અવતાર આ આચાર્યશ્રીજરૂર કોઈ દૈવી શક્તિવાળા માલુમ પડયા છે. કવિત્વ હોય ત્યાં દાર્શનિકતા ન હોય દાર્શનિકતા હોય ત્યાં કવિત્વ ન હોય. આ આચાર્યશ્રીમાં તો તમામ વિદ્યાઓ રસનાગ્ર નર્તકીઓ થઈ રહી છે. શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય આચાર્યજીએ સંસ્કૃતમાં ઉપનિષદ સૂત્ર ભાષ્ય, ટીકા ગદ્ય પદ્ય, પુરાણ, સંહિતા, આદિ રચ્યાં છે. શ્વેતાયનસંહિતામાં સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ, કલિયુગ આવા ચારો ભાગમાં વિશ્વના દૈવી, શિવ, વિષ્ણુ, દેવીઓ, સંતો, બ્રહ્મ, ગણેશ, કુમાર, તીર્થો, યોગીઓ વિગેરે નાના મોટા પુરાણોની હકીકતો મહાભારત રામાયણની હકીકતો તથા તીર્થ ક્ષેત્રના માહાત્મય તથા વ્રત શ્રાધ્ધ ધર્મશાસ્ત્રની તમામ બાબતો તથા બ્રહ્માઓ, પ્રજાપતિઓ, ઋષિઓ, રાજાઓ તથા જ્ઞાની, વિજ્ઞાની મહારથીઓ, સૂર્યના રાજય, ચન્દ્રના રાજય વિગેરે તમામ આ સંહિતામાં ઉતાર્યા છે. આવા સમર્થ આચાર્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીએ આપનું યોગ્ય નામ શ્વેતાયન વ્યાસ તરીકે વ્યાસો માયલા પહેલા વ્યાસ તરીકે જણાવેલ છે. બધી પૌરાણિક હકીકતો સંહિતાસાગરમાં ભરપૂર છે, તે આ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીરૂપે અવતરિત શ્વેતાયનવ્યાસ વર્તમાનયુગના પ્રત્યક્ષ વ્યાસજી છે. શ્રીઆપને મારા અનેક અનેક નમ્રતા સાથે સન્માન અભિનંદન સ્વીકૃત હો.

- વીર રાઘવન...

શ્રીલાભશંકર શાસ્ત્રી. (વ્યાકરણાચાર્ય, વેદાન્તશાસ્ત્રી).

મોરબી.

વિદ્વતાની સર્વોચ્ચ ટોચે બેઠેલા, જેના સંસ્કૃત પુસ્તકો દેશ-પરદેશની યુનિવર્સિટીઓમાં અગ્રગણ્ય સ્થાન ધરાવે છે, એવા, સત્સંગમાં ભારતમાં જેનો જોટો ન મળે તેવા, તપ, ત્યાગ, વ્રત સંપન્ન છતાં સામાન્યપણે વર્તતા અને બધા સમજી શકે તેવા સત્ શાસ્ત્રોના સાર પીરસતા, પ્રેમ સંપાદન કરતા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી અંશપુરુષના ચરણોમાં નમન કરી આશિષો ઈચ્છતો સેવક લાભશંકર પંડ્યાના જય સ્વામિનારાયણ સ્વીકારજો.

આપે વિશ્વમાં સર્વત્ર હજારો યુનિવર્સિટીઓમાં નિજ પુસ્તકો સમર્પ્યા, ઈષ્ટદેવની ઉપાસના વધારવા વિદ્યા દ્વારા સેવા બજાવી તે બીજો કોઈ કરી શકેલ નથી, કરી શકશે પણ નહિ. આપ દૈવી પરમપુરુષ વિદ્વાનોમાં પ્રામાણિકપણે વર્ણવાયેલા છો. આપ દ્વારા રચીત શાસ્ત્રો વિખ્યાત મહાવિદ્યાલયોમાં પણ છે.

અમેરિકાની ૩૦ સંસ્થાઓ, ઈંગ્લેન્ડ, જર્મન, ફ્રાન્સ વિગેરેની ૨૬ સંસ્થાઓ, આફ્રિકાની ૧૩ સંસ્થાઓ, રશિયાની ૨૭ સંસ્થાઓ, ચીનની ૨૯ સંસ્થાઓ, હિમાલયની ૧૧ સંસ્થાઓ, ઈન્ડોચાઈના, બર્મા, જાવા-સુમાત્રા, ઓસ્ટ્રેલિયા, સિયામ, સિલોન વગેરેની ૧૯ સંસ્થાઓ, જાપાનની ૪ સંસ્થાઓ, અરબસ્તાન, પાકિસ્તાન, ઈરાન, અફઘાન, તુર્કસ્તાન વિગેરેની ૯ સંસ્થાઓ, ભારતની ૩૦૬ સંસ્થાઓ, આવા મહાવિદ્યાલયોમાં આપે હરિસંભવકાવ્ય, શ્રીહરિસ્વરૂપ નિર્ણય સત્સંગભાષ્ય, શ્રુતિતાત્પર્ય નિર્ણય, લક્ષ્મીનારાયણ સંહિતા, ન્યાય સાંખ્ય, યોગ મીમાંસા, વેદાંત કાવ્ય, વિગેરેના ગ્રંથો પહોંચાડી શ્રીસ્વામિનારાયણ નામને વિશ્વના વિદ્યાવિભાગોમાં અને વિદ્વાનોમાં જાગ્રત સજીવન ગાજતું કરેલ છે. આપ કોઈ પ્રભુ છો જે બૃહસ્પતિથી થાય તેવું સર્વોપરિ નિષ્ઠાનું કાર્ય જીવનભર કર્યું છે, કરતા જાઓ છો. આપને માટે હજારો યુનિવર્સિટીઓના અભિનંદનો આવ્યા, ઉચ્ચમાં ઉચ્ચ ટોચની- મહામહોપાધ્યાય, ભારતભૂષણ, વિદ્વતસાર્વભૌમ, તાર્કિકવાચસ્પતિ, ડૉકટર, પી.એચડી., ડી.લિટ્, ડી.ફિલ., આદિ મહા ખિતાબો ન્યાયાચાર્યને શોભે તેવા આપને પ્રાપ્ત થયા છે, આપ સર્વોપરિ વર્તો છો. મહાયુનિવર્સિટીઓ, મહાવિદ્યાલયો, વિશ્વવિદ્યાલયો, કોલેજો વગેરેથી હજારો ધન્યવાદો અને અભિનંદનો આપને આવ્યા છે, અભિનંદન ગ્રંથ કાશીમાં છપાય છે, અને સર્ટિફિકેટો જુદા જુદા વિદ્વાનોના યુનિવર્સિટીઓના પ્રામાણિક પત્રો પર લખાયેલા પૃથક આપના ઉપર આવેલા છે, જે જોતાં જ વિદ્વાનોના ગર્વો ગળી જાય છે, આ વિશ્વમાં આવા યશસ્વી મહાપ્રતાપી પ્રખ્યાત પુરુષવિદ્યાના લાભદાતા ભાગ્યે જ થયા હશે, આ જમાનાના યુગમાં આપને શ્રી શ્વેતાયનવ્યાસજી તરીકે વિદ્વદ્વર્ગોએ ગાયા છે તે યથાર્થ સત્ય છે, આપનામાં હજારો પી.એચડી.ઓ સમાઈ જાય એવા વ્યાપક કાર્યો આપે કર્યા છે, આપ સદાને માટે વિજયી છો.

- લાભશંકર શાસ્ત્રી...

શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસ સાથે શ્રીકૃષ્ણશ્વેતાયન વ્યાસની સરખામણી

(૧) પાંચ હજાર વર્ષ પહેલાં શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસજી થયાં, તેઓએ વેદનો વિભાગ કર્યો, ઉપનિષદોના સારરૂપ બ્રહ્મસૂત્ર રચ્યાં, શ્રીકૃષ્ણશ્વેતાયન વ્યાસજીએ વર્તમાન યુગમાં વેદોના સારરૂપ સંસ્કૃતમાં છ હજાર પાનામાં બ્રહ્મરસાયન ભાષ્ય, સવા બે હજાર સૂત્રો સહિત રચ્યું.

(૨) શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસજીએ મહાભારત તથા અઢાર પુરાણો રચ્યાં, શ્રીકૃષ્ણશ્વેતાયન વ્યાસજીએ વર્તમાન સમયમાં એક લાખ છવ્વીસ હજાર શ્લોકોમાં બહું મોટો બ્રહ્મલોક, ઈશ્વરલોક, દેવર્ષિ પિતૃમાનવાદિ લોક તથા દરેક યુગોની સૃષ્ટિઓનાં મહાસાગર સમાન શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા નામનો મહાગ્રંથ બહું મોટો ઈતિહાસ સંસ્કૃતમાં રચ્યો, જેમાં બીજા પણ અવતાર ચરિત્ર, જયોતિષ ચક્ર, દેવાલય સ્વરૂપ, પ્રતિષ્ઠાવિધિ, યજ્ઞોના સ્વરૂપો, વ્રતોના વિધાન, તીર્થોના વિધાન, સૃષ્ટિનો ક્રમ, નીતિઓ, ગીતાઓ, પાભવ્રત, ચમત્કાર, યોગ, વિજ્ઞાન, સમાધિ આદિના અંગભૂત, ભગવદ્ ભક્તિ નો વિસ્તાર મૂર્તિમાન રૂપમાં સાક્ષાત વિલસિત છે. બીજા પણ સંસ્કૃત આદિ ભાષામાં ૫૫ ગ્રંથો લખ્યા છે.

(૩) શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસજીએ 'પાતંજલ યોગ સૂત્રો' પર 'યોગભાષ્ય' લખ્યું છે. શ્રીકૃષ્ણશ્વેતાયન વ્યાસજીએ વર્તમાન સમયમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય ભાષ્ય લખ્યું છે.

(૪) શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસજીએ કેટલાંય શિષ્યોને જુદાં જુદાં વિષયો ભણાવ્યાં હતાં, શ્રીકૃષ્ણશ્વેતાયન વ્યાસજીએ કાશીજીમાં તથા અન્ય સ્થળોમાં પણ કેટલાંય શિષ્યોને પુરાણ ન્યાય વૈશેષિક વેદાન્ત, મીમાંસા, સાંખ્યયોગ, સાહિત્ય, અલંકાર આદિ શાસ્ત્રો ભણાવ્યાં છે. વર્તમાન સમયે કેટલાંય વિદ્વાનો શ્રીકૃષ્ણશ્વેતાયનજીના શિષ્યો અધ્યાપકો છે, પ્રવક્તાઓ છે, કથાકાર પણ છે. શિષ્યો પ્રથમ દ્વિતીય, તૃતીય, ચતુર્થ આશ્રમી વૈષ્ણવ મંત્ર, કંઠી ધારણ, સ્નાન, સંધ્યા, ગાયત્રી નામ જપ, હોમ, સ્વાધ્યાય, પૂજા, ધર્મકાર્ય, વગેરે વ્રતમાં વિદ્યમાન છે. તેઓ શ્રીકૃષ્ણશ્વેતાયન વ્યાસ લિખિત ગ્રંથોનો સ્તોત્રપાઠ કરે છે.

(૫) શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસજી શ્રીકાશીજીમાં ગંગાજીના સામા કીનારે બદ્રીવનમાં વિરાજતા હતા. વર્તમાન સમયમાં પણ ત્યાં વિદ્વાન લોકો દર્શનાર્થે જાય છે. ચોમાસાના સમયે તે સ્થાન ગંગાજીના પૂરથી ભરાઈ જાય છે. શ્રીકૃષ્ણશ્વેતાયન વ્યાસજી ગંગાજીના આકીનારે શ્રીનાગેશ્વર મહાદેવજીના તીર્થરૂપ શ્રીનાગેશ્વર મઢમાં ૧૫ વર્ષ સુધી વિરાજમાન રહ્યાં પછી સૌરાષ્ટ્રમાં ગીરનાર પર્વતની પશ્ચિમ તળેટીમાં વસેલા જૂનાગઢ નગરના શ્રીસ્વામિનારાયણ મંદિરમાં પોતાના નિવાસસ્થાને વિરાજતા હતા.

(૬) શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસજી પરમ ભાગવત્ વૈષ્ણવ હતા, ભક્તિ કરતા કરાવતા હતા, યુધિષ્ઠિર આદિના પણ ઉપદષ્ટા હતા. શ્રીકૃષ્ણશ્વેતાયન વ્યાસજી વર્તમાન સમયમાં સમગ્ર ભારતમાં જાહેર પ્રવચનો દ્વારા સંસ્કૃત, હિન્દી, ગુજરાતી આદિ ભાષાઓમાં ઉપદેશ આપી રહ્યાં છે. ૧૦૮ થી વધુ પારાયણ કરીને કેટલાંય મુમુક્ષુઓને વૈષ્ણવ બનાવ્યા, બનાવે છે, સ્વયં સદા ગ્રંથ લેખન તથા ભક્તિમાં નિર્મગ્ન રહે છે.

(૭) શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસજીના ૫૦૦૦ વર્ષ વીત્યા પછી વર્તમાનમાં બહું ભારે જીવનપર્યંત લેખક મહાકવિ તત્ત્વવિજ્ઞાની, બધી વિદ્યાઓમાં તથા આદ્યાત્મિક ચમત્કારોમાં પ્રગલ્ભ આ શ્રીકૃષ્ણશ્વેતાયન વ્યાસજી થયા છે. પૂર્વ વ્યાસજીની જેમ વર્તમાન વ્યાસજી બધા દેશોમાં તેમજ કુંકાવાવમાં મૂર્તિમાન તથા શાસ્ત્રવિદ્યાઓમાં તથા શિષ્ય હૃદયમાં પૂજાય છે. તેમની જન્મજયંતી મહોત્સવ ધામધૂમથી ભક્ત સમૂદાયોમાં થાય છે. (સંવત ૧૯૬૧ આસો વદ-૮, પ્રાતઃકાળે સૂર્યોદય પૂર્વે પ્રાગટ્ય)

(૮) શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસજીની જેમ શ્રીકૃષ્ણશ્વેતાયન વ્યાસજીની કલમ સતત રાત-દિવસ ભારતીય તત્ત્વ દર્શન પર ચાલતી જ રહી છે.

(૯) શ્રીગૌતમ મુનિએ ન્યાયશાસ્ત્ર તથા શ્રીપ્રણાદમુનિએ વૈશેષીક શાસ્ત્ર રચ્યું. આ શાસ્ત્રો પર વાત્સ્યાયન આદિ ભાષ્ય, વાર્તિક તાત્પર્ય ટીકાઓ, ઋષિ, મહર્ષિ, વિદ્વાનોએ રચી છે. તે સિવાય સ્વતંત્ર ન્યાય લીલાવતી ચિંતામણી, ન્યાય સિદ્ધાંત મુક્તાવલી, ન્યાય કુસુમાંજલિ, આદિ વિશાળકાય અતિ ગહન ગ્રંથો પણ મોટાં મોટાં શ્રીવલ્લભાચાર્યજી, શ્રીગંગેશોપાધ્યાય, શ્રીવિશ્વનાથ ન્યાય પંચાનન, શ્રીઉદયનાચાર્ય આદિ એ લખ્યાં છે. તેના પર દીક્ષિત માથુરી પ્રકાશ, ગાંદાધરી, જાગદીશી, દિનકરી, પ્રભા, કિરણાવલી, આદિ આદિ ગહન ટીકાઓ પણ લખવામાં આવી છે, તે બધાં વિભાગોની પરીક્ષામાં છે. તેના ક્રોડપત્ર પણ વિદ્વાનોએ લખ્યાં છે. આ બધા પ્રાચીન, નવીન ન્યાય વૈશેષિક, શાસ્ત્રોમાં આચાર્ય સુધીના અભ્યાસમાં કાશી ક્વિન્સ કોલેજમાં ફર્સ્ટ ડિવિઝન ફર્સ્ટ નંબરે પાસ કરીને વર્તમાન વ્યાસજી શ્રીકૃષ્ણશ્વેતાયનજીએ કેટલાંય વિદ્યાર્થીઓને ભણાવ્યા છે, તથા ભણાવવામાં ઉપયોગી કિરણાવલી કિરણ આદિ ટીકાઓ તથા મૂળ મહાગ્રંથ તત્ત્વપ્રભાવલી, પ્રમાત્વ વિમર્શ, ખ્યાતિ વિમર્શ, નીતિ વિમર્શ, પ્રામાણ્ય પ્રમાણ રચના, આદિ આદિ ન્યાયશાસ્ત્ર પર રચ્યાં છે. જે પરીક્ષા ઉપયોગી વિદ્યાર્થી સમયપયોગી પંડિત ઉપયોગી ભણવા ભણાવવામાં ઉપકારક તમામ સંસ્કૃત વિભાગોમાં ઉપર્યુક્ત પ્રસિદ્ધ બની ગયા છે. આ વર્તમાન વ્યાસજીની કિરણાવલી અને બધા શાસ્ત્રોની ટીકાઓ મુક્ત કંઠથી પંડિતો દ્વારા પ્રસંશા પાત્ર થઈ રહી છે.

(૧૦) કપિલજીની જેમ સાંખ્યશાસ્ત્ર પર વિશેષ સાંખ્ય વિચારનું ભાષ્ય, વિજ્ઞાનભિક્ષુની જેમ તત્ત્વચિંતન સભર સાંખ્યકારિકાઓનું પોતાનું ભાષ્ય તથા કિરણાવલી તથા પતંજલિના યોગદર્શન પર પોતાનું ભાષ્ય તથા ભોજવૃત્તિ પર કિરણ તથા માકર ભાષ્ય પર પણ કિરણ તથા મીમાંસાના અર્થસંગ્રહ પર વિશાળ કિરણાવલી તથા અંગત્વ આદિની સંશુદ્ધિ

તથા યજ્ઞીય પ્રકરણોનો પરિચય તથા સર્વે પદાર્થોનું સાકારત્વ વિમર્શ પણ વર્તમાન વ્યાસજીએ ખૂબ ખૂબ લખ્યું છે. જે વિદ્યાધ્યયનના કેન્દ્રોમાં પ્રચલિત છે, પ્રસિદ્ધ પણ છે.

(૧૧) શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસજીના વેદાંતદર્શનની જેમ શ્રીકૃષ્ણશ્વેતાયન વ્યાસજીએ શ્રીસ્વામિનારાયણ દર્શનશાસ્ત્ર સસૂત્ર સકલ્યાણી વૃત્તિક સાતમું દર્શન શાસ્ત્ર રચ્યું છે, તેમાં સર્વ દર્શનતત્ત્વોના પૂર્વ-ઉત્તર પક્ષ સિદ્ધાંત આદિ વિવેચિત કર્યા છે.

(૧૨) શ્રીરામાનુજ સંપ્રદાયનો ગ્રંથ યતિન્દ્રદીપિકા સમાન શ્રીસ્વામિનારાયણ વેદાન્તસાર તથા વિશિષ્ટદ્વૈતેયિ, વિશિષ્ટ બ્રહ્માદ્વૈતત્વ ગ્રંથ તથા તત્ત્વમુક્તાકલાપ પર કિરણાવલી વિશાળ ટીકા તથા તત્ત્વમુક્તાકલાપનો ટીકા ગ્રંથ 'તત્ત્વપ્રભાવલી' વિશિષ્ટ ન્યાય શાસ્ત્રરૂપે રચવામાં આવ્યો છે. શ્રીકૃષ્ણશ્વેતાયન વ્યાસનું દાર્શનિક, શાબ્દિક, આનુમાનિક, વૈજ્ઞાનિક મોટાં મોટાં ઉપયોગી વાદ આ ગ્રંથોમાં આવ્યા છે. અતિ ગહન તત્ત્વજ્ઞાન આ ગ્રંથોમાં છે.

(૧૩) શ્રીરામાનુજાચાર્ય, શ્રીમધ્વાચાર્ય, શ્રીવલ્લભાચાર્ય, શ્રીનિમ્બાર્કાચાર્ય, શ્રીસ્વામિનારાયણાચાર્ય, આદિ આદિ વૈષ્ણવઆચાર્યોએ તથા અવતારોની પોતાની કૃતિઓ પરબ્રહ્મ પુરૂષોત્તમની દિવ્યમૂર્તિ બ્રહ્મલોકમાં છે. એજ ભૂમિ પર શ્રીકૃષ્ણ, શ્રીરામ, શ્રીકપિલ, શ્રીદત્તાત્રેય, શ્રીહરિકૃષ્ણ, શ્રીસનકાદિક, આદિ આદિ આવેલા છે. અહીં છે એ જ ત્યાં છે, ત્યાં અહીં એક છે, દિવ્ય છે, પરિમંડલનું દર્શન, દર્શન કરનારાની દૃષ્ટિથી અલગ હોય છે, તે 'સત્સંગભાષ્ય શ્રીહરિસ્વરૂપ નિર્ણય' પર ઘણી યુક્તિઓ તથા વિવિધ વિપ્રતિપત્તિઓથી શ્રીકૃષ્ણશ્વેતાયન વ્યાસજીએ સિદ્ધ કર્યું છે.

(૧૪) સર્વ દર્શનોના લક્ષ્યમાં ભ્રાંતિ સ્થળે ઉંડો વિચાર કર્યો છે, તે ખ્યાતિવાદ એક નવી પદ્ધતિનો ગ્રંથ છે, તેના પર ૩૩ ખ્યાતિઓનો એક નવો જ ગ્રંથ શ્રીકૃષ્ણશ્વેતાયન વ્યાસજીએ બનાવ્યો છે. જે નૈયાયિક, વેદાંતીઓનો મુખ્ય વિષય છે.

(૧૫) બીજા અન્ય પણ સાંપ્રદાયિક કેટલાંક ગ્રંથો પદ્યોમાં તથા ગદ્યોમાં પણ શ્રીકૃષ્ણશ્વેતાયન વ્યાસજીએ બનાવ્યા છે.

(૧૬) શબ્દ બે કે વધુ અક્ષરોના પદ બોલતી વખતે બીજો, ત્રીજો અક્ષર બોલવાની ક્ષણે પહેલો, બીજો અક્ષર ગાયબ થઈ જાય છે. ઉચ્ચારણ પણ ભિન્ન સ્થાનોથી થાય છે, આથી કોઈપણ શબ્દ એક ક્ષણમાં, એક અધિકરણમાં એક સ્વરૂપે બની શક્તો જ નથી. આ પૂર્વ પક્ષ પર એક જ સ્વરૂપ શબ્દ હોવાથી સિદ્ધ વિષયક શ્રીકૃષ્ણશ્વેતાયન વ્યાસજીએ બહું સારો વિચાર કર્યો છે. ભરત નામના પદમાં ભ,ર,ત, ત્રણ ક્ષણમાં એક એક લય પ્રાપ્ત કરે છે, પરંતુ બ્રહ્મ એક છે, વિમર્શ, વિજ્ઞાને એક નિત્યજ્ઞાન છે, તે બિંદુ એક છે, તે નાદ એક છે તે ધ્વનિ એક છે, વ્યાપક છે, નિત્ય છે, તેની સૂક્ષ્મસ્થૂળ કનિષ્ઠ, મધ્યમ, શ્રેષ્ઠ અવસ્થાઓ સ્થાન, ઉત્પાદક, પ્રયોજક, પ્રેરક વેગ, ટકરાવ, નિમિત્ત વગેરે જુદા પદાર્થ સ્થૂળના યોગથી જ કંદપ્રાણનો ધ્વનિ, બે હોઠના પ્રાણના સ્ફોટથી ભ, એજ મૂર્ધાના યોગથી ર, એજ દાંતોના યોગથી ત, શ્રવણભેદની અવસ્થા સહિત ગ્રહણ થાય છે, શબ્દ

તે કંઠમાં ધ્વનિથી ન સંભળાયો, તે જ ભ,૨,ત, અવસ્થાઓમાં સંભળાય છે. આવી રીતે એક જ ધ્વનિના બાવન કે તેનાથી વધુ અવસ્થાઓની ગણતરીથી વ્યવહારમાં જુદાં જુદાં શબ્દશાસ્ત્ર, શબ્દવ્યૂહ, લગાડેલા હોવાથી સમાધાન એક બ્રહ્મવાદરૂપ, એક શબ્દવાદમાં સમન્વિત યુક્તિપૂર્વક છે. શબ્દબ્રહ્મણિ નિષ્ણાંતઃ પરં બ્રહ્માદિગચ્છતિ આ ઉમદા વિચાર શ્રીકૃષ્ણશ્વેતાયન વ્યાસજીએ કયાંક કયાંક કર્યો છે.

આ ભારતીય વિદ્વાન શ્રીકૃષ્ણશ્વેતાયન વ્યાસ અવતાર જગતને પૂર્વે આપેલી વિદ્યાને તાજી કરવા માટે જ પ્રગટ્યા છે. એક માણસ ભણીને આટલું વિશાળ કાર્ય નથી કરી શક્તો, જેટલું શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી સ્વરૂપે શ્રીકૃષ્ણશ્વેતાયન વ્યાસજીએ કર્યું છે, આથી ભગવાન છે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજમાં ભગવાનપણાના અનેક ગુણ, ઐશ્વર્ય, ચરિત્રો તેમજ ચિન્હોજોઈનેશ્રીહરિશરણાગતિમંડળનામનોઅનેકભક્તોનોબહુમોટોસમુદાયતેમનેશ્રીશ્વેતાયન વ્યાસરૂપમાં સ્વયં અનંત જીવાત્માઓનું આત્યંતિક કલ્યાણ કરનારા પરમધામના અધિપતિ અનાદિશ્રીકૃષ્ણનારાયણ માની તેમની શરણાગતિ સ્વીકારી તેમની જ ઉપાસના સેવા-પૂજા, ભક્તિ કરી પવિત્ર રીતે ધર્મ-નિયમમાં જીવન વ્યતિત કરી આ લોક તેમજ પરલોકમાં મહાસુખિયા થઈ રહ્યા છે.

ડૉ. મનુભાઈ શાહ (એમ.એ., પીએચ.ડી., ડી.ફીલ.)...
કુંકાવાવ, સૌરાષ્ટ્ર, ગુજરાત.

અનેરા આનંદની વાત...

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે સ્વયં ગ્રંથ રચનાનાં શ્રીગણેશ વિદ્યાભૂમિ કાશીમાં સંસ્કૃત વિદ્યાભ્યાસ કરતાં કરતાં જ ૨૮ વર્ષની નાની ઉંમરે ઈ.સ. ૧૯૩૦ની સાલમાં સૌ પ્રથમ ન્યાયસિદ્ધાંત મુકતાવલીની કિરણાવલી નામક વિદ્વત્તાપૂર્ણ ગ્રંથથી કર્યા. ત્યારબાદ પોતાના જીવનનાં અંતિમ ૮૧માં વર્ષ સુધી સતત ૫૩ વર્ષ સુધી લોકકલ્યાણાર્થે ક્રમશઃ દર વર્ષે નૂતન અદ્‌ભૂત કલ્યાણકારી ગ્રંથોની રચના કરી, તેનું પ્રકાશન કરી ભારતમાં સંસ્કૃત સાહિત્યની બહુ મોટી આવશ્યક ભેટ આપી છે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે જીવનમાં શાસ્ત્રરચનાનાં કાર્યની સાથે સાથે કથાપારાયણ, સત્સંગ પ્રચારાર્થે અનેક શહેર, ગામડાંઓમાં વિચરણ કરવું અને રૂબરૂ મળવા આવતા અનેક ભક્તોનાં પ્રશ્નોનાં સમાધાન કરવા તેમનાં દુઃખો દૂર કરી સુખી કરવા, દરરોજ નિયમથી અનેક મંત્રજાપ, માળા કરવી વગેરે અનેક કાર્યોમાં ખૂબ જ વ્યસ્ત હોવા છતાં સમય કાઢી દરરોજ સ્વબુદ્ધિથી નૂતન શાસ્ત્રનાં આશરે એક હજારથી પણ વધારે પેઈજ પણ લખતાં. ક્યારેક તો રાત્રે નિંદ્રાનો ત્યાગ કરી આખી રાત એક જ આસને બેસી પોતાનાં બંને હાથે શાસ્ત્ર માટે ક્રમબદ્ધ શ્લોકો લખતાં હોય એવા દર્શન મહારાજનાં અનેક શિષ્યો-ભક્તોએ સાક્ષાત્ નજરે નિહાળેલા છે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના મુદ્રીત ૫૭ શાસ્ત્રોનાં ૧૬,૭૦૦ પેઈજ પ્રમાણે તેમની હસ્તલિખિત પ્રત આશરે ૫૧,૬૦૦ પેઈજ થવી જોઈએ. જીવનભર સત્સંગના વિકાસાર્થે અનેક કાર્યોમાં અતિ વ્યસ્ત હોવા છતાં લોકકલ્યાણાર્થે આટલું વિશાળ સાહિત્ય સર્જન કરવું એ માનવશક્તિ ઉપરવટનું કાર્ય છે. આવું કાર્ય સ્વયં પરમાત્મા સિવાય શક્ય જ નથી. સામાન્ય બુદ્ધિજીવી વ્યક્તિ પણ અવશ્ય આ વાત સમજી શકે છે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની સતત ૫૩ વર્ષની અથાગ મહેનતનાં ફળસ્વરૂપે કલ્યાણકારી ૫૭ શાસ્ત્રોની રચના થઈ છે. આ તમામ ૫૭ શાસ્ત્રોનું ફરી નૂતન રીતે સુંદર પ્રકાશન થાય તેમજ મહારાજશ્રીના જીવનને લગતું ઘણું કિંમતી અમૂલ્ય સાહિત્ય જેમ કે, તેમની કથા-પ્રવચનની ઓડિયો, તેમના હયાતીના વિડિયો, તેમનાં ફોટોગ્રાફસ, તેમનાં ભક્તો પર પત્રો વગેરે અનેક પ્રકારનાં આવશ્યક નૂતન સાહિત્યનું પ્રકાશન પણ કરવામાં આવશે.

ઉપરાંત વિશ્વના તમામ લોકો ઈન્ટરનેટમાં ગૂગલમાં વેબસાઈટ, યુ-ટ્યુબ, પ્લે-બુક જેવા અનેક સોશ્યલ મિડિયાના માધ્યમથી અનેક લોકો ઘરબેઠાં પણ કોમ્પ્યુટર તેમજ મોબાઈલ દ્વારા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનાં તમામ સાહિત્યને નિહાળી શકે તેમજ તેમનો યથાર્થ મહિમા જાણી શકે તે માટેનાં તમામ પ્રયત્નો મહારાજની કર્મભૂમિ શ્રીહરિશરણાગતિ મંડળ જૂનાગઢધામનાં ગાદીસ્થાન તેમજ શ્રીપરમધામ સ્મૃતિ મંદિર-શ્રીશ્વેતાયનબાગ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવશે.

ભારતીય સંસ્કૃત અને સંસ્કૃતિના ઉદ્ધારક તેમજ શ્રીહરિશરણાગતિ મંડળના આરાધ્ય ઈષ્ટદેવ વિશ્વવંદનીય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનાં આ તમામ સર્વજીવહિતાવહ લોકકલ્યાણાર્થે કરવામાં આવતાં ભગીરથ યશસ્વી આ મહાન સત્કાર્યોમાં અમને જરૂર સફળતા મળે તેમજ અનેક બુદ્ધિજીવી હિતેચ્છુ લોકોનો સમાજ પણ આ તમામ કાર્યોમાં અમને અવશ્ય સાથ-સહકાર આપી ખૂબ જ મદદરૂપ બની પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણનાં આશીર્વાદ અને કૃપાપાત્ર બને એવી અમારી નમ્ર વિનંતી સહ પ્રાર્થના છે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનાં તમામ સાહિત્યને નિહાળવા માટે સર્ચ કરો...

૧. **www.paramdham.org**
૨. **www.shreekrishnavallabhacharyajimaharaj.org**
૩. **www.shreeshwetayanvyas.org**
૪. **www.anadishreekrishnanarayan.org**

આ ચાર નામો પરથી યુ-ટ્યૂબમાં પણ મહારાજનું સાહિત્ય, ઓડિયો-વિડિયોમાં જોઈ શકાશે.

લિ. શ્રીહરિશરણાગતિ મંડળ
શ્રીકૃષ્ણપ્રકાશસ્વામી - જૂનાગઢધામ
ગુરૂ : પ.નિ. પૂજ્ય સદ્‌ગુરૂ શ્રીઆત્મપ્રકાશદાસજીસ્વામી
શ્રીશ્વેતાયનબાગ ટ્રસ્ટ, જૂનાગઢ.

॥ પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણની જય ॥

॥ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જય ॥

॥ શ્રીશ્વેતાયનવ્યાસ હરિની જય ॥

॥ શ્રીકંભરાગોપાલબાળની જય ॥

॥ શ્રીબાલકૃષ્ણ લાલજીમહારાજની જય ॥

॥ શ્રીહરિશરણાગતિ મંડળની જય ॥

॥ શ્રી વિઘ્નવિનાયક દેવની જય ॥

॥ શ્રીકષ્ટભંજન દેવની જય ॥

વિદ્વાનો દ્વારા સમર્પિત- અભિનંદન ગ્રંથની જય

।। ભારત દેશનું ગૌરવ ।।

ભારતીય સંસ્કૃત એવમ્ સંસ્કૃતિના ઉદ્ધારક શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ

અભિનંદન ગ્રંથ



પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ

આંતરરાષ્ટ્રીય વિદ્વાન વિશ્વવંદનીય પ્રકાંડ પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ
(M.A., Ph.D., D.Phil., D.Litt.)

પ્રકાશક : શ્રીહરિશરણાગતિ મંડળ
શ્રીકૃષ્ણપ્રકાશસ્વામી – જૂનાગઢધામ
ગુરૂ : પૂજ્ય સદ્‌ગુરૂ શ્રીઆત્મપ્રકાશદાસજીસ્વામી



પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ રચિત

અવતાર તેમજ અવતારીની દિવ્ય ચિત્રપ્રતિમા

આ મહાપ્રસાદીની મૂર્તિ શ્રી પરમધામ સ્મૃતિ મંદિર - જૂનાગઢમાં પ્રતિષ્ઠિત છે.

● વિશ્વવંદનિય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના ગુણાનુવાદનો ગ્રંથ એટલે ''અભિનંદનગ્રન્થ'' ●



● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના પ્રાગટ્યને સીતેરમાં વર્ષ પ્રવેશ થતા તેમને વિશેષ સન્માનિત કરવા તેમજ ભાવિ પેઢી તેમના અનેક સદ્‌ગુણો તેમજ શાસ્ત્રોનો યર્થાથ મહિમા જાણી શકે માટે કુંકાવાવના સરપંચશ્રી લક્ષ્માણભાઈ પટેલ તેમજ કે.વી. હાઈસ્કુલના પ્રિન્સીપાલ ડો.એમ.બી. શાહે મળી છત્રીસ જેટલા શ્રેષ્ઠ વિદ્વાન પંડિતોનો સંયોજક તેમજ સંપાદક મંડળની રચના કરી મહારાજના ગુણાનુવાદના અભિનંદનગ્રંથની તૈયારી શરૂ કરી.

ગ્રંથના સંપાદક મંડળે દેશ-વિદેશના અનેક સ્થળોએ વિદ્વાન પંડિતોને પત્ર દ્વારા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ગુણાનુવાદના અભિનંદન ગ્રંથના પ્રકાશન માટે મહારાજના જીવન, ગુણ તેમજ શાસ્ત્રો વિશે પોતપોતાના અભિપ્રાય રૂબરૂ અથવા પત્ર દ્વારા મોકલવા પ્રાર્થના કરી.

ટૂંક સમયમાં વિદ્વાનોના સંસ્કૃત, હિન્દી, અંગ્રેજી આદિક ભાષામાં પત્ર મળતા જ તુરંત ગ્રંથના સંપાદક-સંયોજક મંડળે એ તમામ પત્રોનો સંગ્રહ કરી ''મહામહોપાધ્યાય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ-અભિનંદન ગ્રંથ'' કાશી-વારાણસી વિદ્યાવિલાસ પ્રેસમાં છપાવી વિ.સં.૨૦૩૮ ના અષાઢ સુદ ગુરૂપૂર્ણિમાના તા.૧૯-૯-૧૯૯૧ ના રોજ શ્રીહરિશરણાગતિ મંડળ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની કલમે "અભિનન્દન ગ્રન્થ" નો મહિમા



અહિં પ્રસ્તુત પત્રમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે સ્વયં અભિનન્દન ગ્રન્થ પર અતિપ્રસન્ન થઇ ભકતોને આજ્ઞા કરી છે કે,

"જે ભકતોને ઘરે ભગવાનનો વિશેષપણે વાસ રાખવો હોય તેમણે આ કિંમતી અભિનન્દન ગ્રન્થ ઘરમાં અવશ્ય રાખી તેનું પાઠન અને પુજન કરવું."

● ભકતોને વિનંતી : મહારાજના પત્રની આજ્ઞા પ્રમાણે સર્વે ભકતોએ આ ગ્રન્થ ઘરે અવશ્ય વસાવવો.



મનજીબાપા સાંગાણી　　પૂ.શાસ્ત્રીજી મહારાજ　　હરજીબાપા સાંગાણી

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ

અભિનંદન ગ્રન્થ

આ મહાન શાસ્ત્રના પ્રકાશનના યજમાનોની શુભ નામાવલિ

પરમ ભકતરાજ શ્રી હરજીભાઈ મનજીભાઈ સાંગાણી

પ.ભ.શ્રી ભગવાનભાઈ હરજીભાઈ સાંગાણી

પ.ભ.શ્રી જગદીશભાઈ હરજીભાઈ સાંગાણી

પ.ભ.શ્રી રમેશભાઈ હરજીભાઈ સાંગાણી -(હ. કુ.રવિના)

પ.ભ.શ્રી પ્રભુલાલ ભગવાનભાઈ સાંગાણી -(હ. જયદિપ,હસ્તી)

પ.ભ.શ્રી મનોજકુમાર ભગવાનભાઈ સાંગાણી -(હ. અંશ)

પ.ભ.શ્રી પ્રગટકુમાર જગદીશભાઈ સાંગાણી

(મુળગામ : નાના ગોખરવાળા / હાલઃ સુરત)





● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના આશીર્વાદથી સુખ, સમૃધ્ધિ તેમજ સત્સંગથી સુખી સમ્પન્ન એવા અમરેલી જીલ્લાના નાના ગોખરવાળા ગામના ભકતરાજ શ્રી મનજીભાઈ પુનાભાઈ સાંગાણી પરિવારના પુરૂષ ભકતો તેમજ સ્ત્રી ભકતોના અહિં પ્રતિમામાં દર્શન થઈ રહ્યા છે.

મહારાજની આજ્ઞાથી આર્થિક સેવા કરવા બદલ ખુબજ રાજી થઈ તેમની સ્મૃતિ રૂપે સાંગાણી પરિવારની આ બન્ને પ્રતિમા ''અભિનંદન ગ્રંથ'' માં છાપવામાં આવી છે.



● એકજ દ્રષ્ટિએ કોઈપણ વ્યકિતના મન કે આત્માને આકર્ષિત કર્યા વિના ન રહે એવું સ્વયં ભગવાનની મૂર્તિ સમાન આ ''શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ''ના આ મનોહર અતિ તેજસ્વી દિવ્ય યુવાન સ્વરૂપના દર્શન કરી અનેક જીવાત્માઓ પોતાના આત્મામાં શાંતિ અનુભવતા.



● કુંકાવાવ ગામમાં આ ઘરમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું પ્રાગટય થતુ હતું.
હાલમાં આ પ્રસાદીના જન્મસ્થાન પર સ્વામીશ્રીનું સુંદર મંદિર છે.



● કુંકાવાવ ગામમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના શિખરબધ્ધ જ્ઞત્મપેલેસ મંદિરમાં
''શ્રીબાલકૃષ્ણપ્રભુ -પિતા ગોપાલકૃષ્ણ -માતા કંભરાલક્ષ્મી'' પંચધાતુની મૂર્તિ પધરાવી છે.



સંતદિક્ષા લીધા બાદ
જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરના
વડિલ સદ્‌ગુરૂ સંતોના આશીર્વાદ લેતા
શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના દર્શનની સૌપ્રથમ પ્રતિમા

● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે પોતાની બાલ્યાવસ્થાના ૧૨ વર્ષ જન્મભૂમિ કુંકાવાવમાં વ્યતિત કર્યાબાદ ગૃહત્યાગ કરી સૌપ્રથમ જેતપુર મંદિરમાં આવી સદ્‌ગુરૂ શ્રીબાલમુકુંદદાસજી સ્વામી પાસે કંઠી મંત્ર ધારણ કરી તેમને ગુરૂ બનાવી ''સ્વામિનારાયણ ધર્મ''નો સ્વીકાર કર્યો.

ત્યારબાદ ૪ વર્ષ પાર્ષદમાં રહી સમય જતા તા.૪-૧૧-૧૯૨૦ ના કાર્તિક સુદ ૧૧ ના શુભ દિવસે વડતાલ દેશના આચાર્ય પૂ.શ્રીપ્રતિપ્રસાદજી મહારાજ પાસે ગઢપુરમાં ભાગવતી સંતદિક્ષા ગ્રહણ કર્યાબાદ મુળનામ કુંવરજીમાંથી ''સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી'' નામથી પ્રસિધ્ધ થયા.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના વ્યાસપીઠ પર પ્રથમ કથાના વક્તાસ્વરૂપે દર્શન



● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ જન્મભૂમી કુંકાવાવ ગામની પાઠશાળામાં ધોરણ ૬ સુધી ગુજરાતી ભણ્યા હતા. ત્યારબાદ માતાપિતાના ''બેટા ખૂબ ભણજે'' એવા આશીર્વાદ પ્રાપ્ત કરીને બાર વર્ષની નાની ઉમરે ગૃહત્યાગ કરીને જેતપુરના શ્રીસ્વામિનારાયણ મંદિરમાં આવીને સદ્‌ગુરૂ શ્રીબાલમુકુંદદાસજીસ્વામી પાસે કંઠીમંત્ર લઈ તેમને ગુરૂ બનાવી ત્યાં મંદિરમાં રહ્યા.

મહારાજે સંસ્કૃતનો પ્રાથમિક અભ્યાસ ઈ.સ.૧૯૧૬ થી ૧૯૨૦ સુધી જેતપુર તેમજ જૂનાગઢ ની સંસ્કૃત પાઠશાળામાં કર્યો હતો.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે પોતાના જીવનમાં સૌપ્રથમ કથા સોળવર્ષની નાની ઉમરમાં જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરના શ્રીગુણાતિતાનંદસ્વામીના સભામંડપમાં ઈ.સ. ૧૯૨૧ જેઠ સુદ ૧૧ ના મહોત્સવમાં શ્રીરાધારમણદેવ-શ્રીહરિકૃષ્ણમહારાજ આદિક દેવો, અનેક સંતો તેમજ હરિભકતોની સમક્ષ શ્રીમદ્‌ સત્સંગીજીવનની કથા સંસ્કૃત, ગુજરાતીમાં સૌપ્રથમ વાંચેલી.

મહારાજની યુવાન અવસ્થા, મધુરકંઠ, શ્લોકબોલવાની પધ્ધતી, પદ અને વાકયની સ્પષ્ટતાપૂર્વક શુધ્ધ ગુજરાતી ભાષાંતર કરવાની વિશિષ્ટ શૈલી વગેરે સર્વશ્રેષ્ઠ અદ્‌ભુત ગુણોથી પ્રભાવિત થયેલા અનેક વડીલ વિદ્વાન સદ્‌ગુરૂ સંતોએ મહારાજનું વિશેષ સન્માન તેમજ પુજન કરીને ''શાસ્ત્રી'' પદવી અર્પણ કરી. ત્યારબાદ મહારાજ સંપ્રદાયમાં ''શાસ્ત્રી સ્વામીશ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી'' તેમજ ''મોટા શાસ્ત્રીજી મહારાજ'' આદિક નામોથી પ્રસિધ્ધીને પામ્યા. તેમજ તેમના શિષ્ય ભકતો તેમને ''મહારાજ અને પ્રગટ ભગવાન'' એવા શુભ નામથી સંબોધતા...



● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના સ્વયં ભગવાનની મૂર્તિ સમાન આવા અતિ તેજસ્વી દિવ્ય સ્વરૂપના દર્શન કરીને અનેક વિદ્વાન પંડિતો - સંતો - હરિભકતો તેમજ મુમુક્ષ જીવાત્માઓના આત્મામાં અપાર શાંતિનો અનુભવ થતો હતો. તેમજ ભગવાનપણાનું જ્ઞાન થાતું.



પ્રકાંડ વિદ્વાન પંડિત બન્યા બાદ ''જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરના અનેક સદ્‌ગુરૂ સંતોના આશીર્વાદ લેતા''
વૈષ્ણવવિદ્વતસાર્વભૌમ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના દર્શન...

● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે દેવભાષા સંસ્કૃતનો પ્રાથમિક અભ્યાસ ઈ.સ.૧૯૧૬ થી ૧૯૨૨ સુધી ક્રમશઃ જેતપુર, જૂનાગઢ, વડતાલ અને વડોદરામાં કર્યો. ત્યારબાદ ઈ.સ. ૧૯૨૪ થી ૧૯૩૫ સુધી વિદ્યાભૂમિ કાશીક્ષેત્રમાં સંસ્કૃત વિદ્યાભ્યાસ કરી પ્રકાંડ વિદ્વાન પંડિત બન્યા હતા.



● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે પોતાના શિષ્યો શ્રીસ્વયંપ્રકાશદાસજી સ્વામી, શ્રીઆત્મપ્રકાશદાસજી સ્વામી, શ્રીદેવપ્રકાશદાસજી સ્વામી તેમજ શ્રીહેમંત ભગત આદિક સંતમંડળ સાથે અનેક તિર્થક્ષેત્રો તેમજ ગામડાઓ અને શહેરોમાં પણ વિચરણ કરી ઘણા ભકતોને કથાવાર્તા દ્વારા સત્સંગનો ખુબ જ લાભ આપ્યો છે, તેમજ અનેક ભકતોના દુઃખો દુર કરીને સંકલ્પો પુરા કરીને પણ સૌને મહાસુખીયા કર્યા છે.



● લોક કલ્યાણાર્થે સત્સંગ વિકાસના કાર્યો માટે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સ્વયં અનેક સંતો સાથે ગામડે ગામડે વિચરણ કરી વિશાળ સભા કરી તેમાં પ્રમુખ સ્થાને રહી હરિભકતોને કથાવાર્તાનો લાભ આપીને સર્વ જીવ હિતાવહ એવા કાર્યો કરવા પ્રેરણા કરતા.



ગામડા અને શહેરોમાં ઉજવાતા રાજકીય-સામાજીક તેમજ ધાર્મિક મહોત્સવમાં આમંત્રિત કરાયા થકા ''શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ'' ત્યાં પધારતા ત્યારે છડી-છત્ર સહિતના અશ્વોવાળા રથમાં બિરાજમાન કરાવી તમની ભવ્ય શોભાયાત્રા દ્વારા સન્માન કરવામાં આવતું.





નિત્ય પ્રાતઃકાળે બ્રાહ્મમુહુર્ત માં દાતાણ કરતા, સ્નાન કરતા તેમજ વસ્ત્ર ધારણ કરતા મહારાજના દર્શન...

શરીરની સ્નાન આદિથી શુદ્ધિ, વાણીમાં સત્ય દ્વારા પવિત્રતા, મનથી ખરાબ સંકલ્પ જ ન કરવા આ ત્રણેય પ્રકારની શુદ્ધિનું શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ કાયમ પાલન કરતા.







● ચંદનયુકત તિલક તેમજ કુમકુમયુકત ચાંદલો એ ભગવાનની શરણાગતિનું પ્રતિક છે, માટે જ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ હરિભકતોને હંમેશા તિલક ચાંદલો કરવાની પ્રેરણા આપતા...





● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ નિત્ય પુજામાં ભગવાનની મૂર્તિને પુષ્પહાર પહેરાવી ષોડશોપચારથી વિધીપૂર્વક પુજન કરતા તેમજ થાળ ધરાવી - જળપાન કરાવતા.

આ રીતે ભગવાનની સેવાપૂજા કરવી, એવું પોતાના શિષ્યો ભકતો ને શિખવતા.



● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રાતઃકાળે બ્રાહ્મમુહુર્તમાં સ્નાનાદિકથી પરવારી સ્વયં ઠાકોરજીની મૂર્તિનો અભિષેક કરી ષોડશોપચાર વડે પુજા કરતા.

મહારાજની આજ્ઞાથી તેમના શ્રીહરિશરણાગતિમંડળના ભકતો પોતાના ઘરે ''પંચધાતુની શ્રીબાલકૃષ્ણ પ્રભુની મૂર્તિ'' રાખી પ્રેમભાવપૂર્વક નિત્ય સેવા પુજા તેમજ ભકિત પણ કરે છે.



● હિન્દુ ધર્મમાં આવનાર દરેક તહેવાર અને શુભ દિવસોમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પોતે સ્વયં ''જે અવતાર-અવતારીની ચિત્રપ્રતિમા તેમજ ઠાકોરજીની મૂર્તિની હંમેશા સેવાપૂજા કરતા તેમને પ્રેમભાવપૂર્વક છપ્પન ભોગ અન્નકુટનો થાળ જમાડીને ભકતોને તેનો પ્રસાદ આપતા.



● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ હંમેશા સ્વાદ રહીત સાત્વીક આહાર કરનારા હતા. પણ છતાય ઘણીવાર ભકતોના આગ્રહને માન આપીને પણ સ્વાદયુકત મહાપ્રસાદ ગ્રહણ કરતા એ તેમનું ભકતવત્સલપણું સાબિત કરે છે. તેમજ મહારાજ ભગવાન તેમજ શાસ્ત્રસંબંધી ક્રિયા વિના એકક્ષણ માત્રનો પણ સમય નકકામો પસાર નહી નિર્ગમન કરનારા હતા.





સદ્‌ગુરૂ પૂ.શાસ્ત્રીસ્વામી
ઘનશ્યામપ્રકાશદાસજી
(કંડારી ગુરૂકુળ)

● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ના દર્શન આવનાર દરેક સંતો ભકતોને તેઓ સ્વયં પીરસીને મહાપ્રસાદ જમાડતા. ● માયિક પદાર્થો પામવા માટે રાંકપાણું અર્થાત સાધારણ પદાર્થ પ્રાપ્ત થાય તેમાં જ આનંદ પામનારા 'બસ ઘણું' એવી સંતોષવૃતિવાળા મહારાજ હતા.



(સુખશૈયામાં નિદ્રાધિન થતા પહેલાના શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના દર્શન)

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ બપોરના સમયે કયારેય નિદ્રા ન લેતા તેમજ રાત્રીના બે પ્રહર ગયા પછી એક અથવા દોઢ પ્રહર જ નિદ્રા લેતા હતા, આવો તેમનો નિદ્રાજીતતાનો મહાન ગુણ પણ હતો.



પૂજય હેમંત ભગત

● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના સંત મંડળમાં પુજયશ્રી હેમંત ભગતે વર્ષો સુધી મહારાજની ખુબજ સેવા કરીને અતિ પ્રસન્નતા પ્રાપ્ત કરી છે.

અને મહારાજના દર્શને આવનાર અનેક ભકતોની રહેવા જમવાની સુવિધા સાચવીને ભકતોને પણ અતિપ્રસન્ન કર્યા છે.

ઉપરાંત શ્રીહરિશરણાગતિ મંડળના વિકાસ કાર્યોમાં ખુબજ યોગદાન અને ભોગ આપ્યો છે. તેમજ મહારાજનો મહાધર્મગ્રંથ શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાનો ગુજરાતી સારાંશ લખીને શાસ્ત્રની પણ સેવા કરી છે.



● વિદ્યાભૂમિ કાશીક્ષેત્રના અનેક વિદ્વાન પંડિતો ઉદ્ધવ સંપ્રદાયના સહજાનંદસ્વામી એ ''શ્રીસ્વામિનારાયણ'' સ્વયં ભગવાન જ છે, એ માનતા ન હતા.

માટે સંપ્રદાયના અનેક વિદ્વાન સંતોમાં માત્ર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે કાશીક્ષેત્રમાં અનેક વિદ્વાન પંડિતોની વિશાળ મહાસભા બોલાવીને તેમાં શાસ્ત્રાર્થ દ્વારા વેદ-પુરાણ તેમજ ઉપનિષદ્‌ના માધ્યમથી ''શ્રી સ્વામિનારાયણ'' એ સ્વયં ભગવાન જ છે તેમજ તેમનો સિધ્ધાંત અને સંપ્રદાય કલ્યાણકારી છે, એ સાબિત કરી બતાવીને વિદ્વાનોની મહાસભામાં મહાવિજય પ્રાપ્ત કરીને અનેકવાર વિશેષ સન્માનો તેમજ અભિનંદનો પ્રાપ્ત કરીને સમસ્ત સ્વામિનારાયણ સંપ્રદાયનો સંતો-ભકતોને પોતાનો ઋણી બનાવ્યો છે.





● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે પોતાના સંતમંડળ સાથે સતત ૧૯ વર્ષસુધી જામનગરના શ્રીસ્વામિનારાયણ મંદિરમાં રહીને ''મંદિરનો પુનઃજીર્ણોધ્ધાર, સભામંડપ, ગૌશાળા, ઓફિસ, ભંડાર તેમજ શ્રીઘનશ્યામ મહારાજ અને શ્રીહનુમાનજી - શ્રી ગણપતિજીની મૂર્તિની પુનઃપ્રાણપ્રતિષ્ઠા ઉપરાંત અનેક મહામહોત્સવ, કથાઓ કરી દેવ તેમજ હરિભકતોને પ્રસન્ન કર્યા છે.''



(જામનગર મંદિરમાં વ્યાસપીઠ પર બીરાજ કથા કરતા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ)



● જામનગર સ્વામિનારાયણ મંદિરમાં ઈ.સ.૧૯૪૫ થી ૧૯૬૩ સુધીના આ ૧૯ વર્ષના સમયગાળામાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ''અઢાર પુરાણ - ચાર વેદ - ઉપનિષદો તેમજ અનેક ધર્મશાસ્ત્રોની'' અદ્‌ભુત તેમજ સુંદર રીતે, વર્ષો સુધી નિયમિત કથા કરનાર સ્વયં વ્યાસજી સમાન શ્વેતાયન વ્યાસ સ્વરૂપ મહારાજ કદાચ વિશ્વના પ્રથમ વકતા હશે તેમાં શંકાને સ્થાન





● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે રાજકોટમાં બે વર્ષ રહીને ભવ્ય શિખરબધ્ધ શ્રીસ્વામિનારાયણ મંદિરનું નિર્માણ કરી તેમાં શ્રીલક્ષ્મીનારાયણ દેવ આદિક મૂર્તિની પ્રતિષ્ઠા વિ.સં.૨૦૦૮ ના માગશર સુદ ૭ ના ગુરૂવાર તા.૬-૧૧-૧૯૫૨ ના શુભ દિવસે કરી, મહામહોત્સવ ઉજવ્યો તેમજ મંદિર ઉપરાંત સંતોની ધર્મશાળા અને ભોજનાલય આદિક પણ બનાવી સૌને પ્રસન્ન કર્યા?



ભગવાન શ્રીસ્વામિનારાયણ- શ્રીલક્ષ્મીનારાયણદેવ

શ્રીસ્વયંપ્રકાશસ્વામી

શ્રીઆત્મપ્રકાશસ્વામી



રાજકોટના બેડીનાકાના જુના મંદિરેથી
નવા મંદિરે શ્રીઘનશ્યામ મહારાજની
મૂર્તિ લાવીને પ્રાણપ્રતિષ્ઠા કરતા મહારાજના દર્શન

• સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટમાં ભવ્ય શિખરબધ્ધ સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ કાર્ય તેમજ શ્રીલક્ષ્મીનારાયણદેવ આદિક મૂર્તિમાં વેદોકત વિધિથી પ્રાણ પ્રતિષ્ઠા સ્વયં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે કરેલ છે.

નોંધઃ- વડતાલ દેશના આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજની આજ્ઞાથી તેમના પ્રતિનિધિ તરીકે વડતાલના બ્રહ્મચારી સદ્‌ગુરૂશ્રી પ્રભુતાનંદજી મૂર્તિ પ્રતિષ્ઠા માટે રાજકોટ પધારેલા પરંતુ મૂર્તિ પ્રતિષ્ઠાની વિધી શ્રીપ્રભુતાનંદજીએ સ્વયં ન કરીને શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પાસે કરાવી. આ વાતના સાક્ષી રાજકોટના અનેક ભકતો છે.

ત્યારબાદ સમય જતા પૂજ્ય આચાર્યશ્રીએ રાજકોટ આવીને મૂર્તિની આરતી-પુજન કરેલ.





શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પોતાના સંત મંડળ સાથે વર્ષો સુધી જૂનાગઢના શ્રીસ્વામિનારાયણ મંદિરમાં નિવાસ કરીને રહ્યા હતા. તેમજ મહારાજની પ્રેરણાથી તેમના શ્રીહરિશરણાગતિ મંડળના ભકતોએ જૂનાગઢ મંદિરના વિકાસના અનેક કાર્યો તેમજ મહામહોત્સવમાં તન-મન-ધનથી ખૂબજ સેવા કરી હતી.





● જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં નિર્માણ થયેલ દિવ્ય અને ભવ્ય પ્રસાદિના ''શ્રીગુણાતિતાનંદસ્વામી સભામંડપ''નું ખાતમુહુર્ત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ હસ્તે વિધિપૂર્વક કરવામાં આવેલું, ત્યારબાદ લાખો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ આ સભામંડપના સંપૂર્ણ નિર્માણ કાર્યમાં મહારાજે પ્રમુખ સ્થાને રહી મંદિરના અન્ય વડિલ સંતોને સાથે રાખી અનેક ગામડાઓ અને શહેરોમાં વિચરણ કરી હરિભકતો પાસેથી આર્થિક સહકાર પ્રાપ્ત કરી સૌના સાથ સહકારથી આ અદ્‌ભુત કાર્ય સુંદર રીતે પાર પાડયું હતું.



વિદ્યાભૂમિ કાશીક્ષેત્રમાં શાસ્ત્રાર્થ દ્વારા મહાવિજય મેળવી, વિદ્વાનો તેમજ પંડિતોની મહાસભામાં સ્વામિનારાયણ સંપ્રદાયના પૂજ્ય આચાર્યશ્રીને ધર્મગુરૂની શ્રી૧૦૦૮ ની પદવી અપાવતા શ્રીસ્વામિનારાયણ મંદિર જૂનાગઢના પ્રકાંડ પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ

વિદ્યાભૂમિ કાશીક્ષેત્રમાં સ્વામિનારાયણ સંપ્રદાયના પૂ.આચાર્ય મહારાજને ''ધર્મગુરૂ શ્રી૧૦૦૮'' ની પદવી અર્પણ કરવામાં આવી તેનો ટુંકમાં ઈતિહાસ

● વિદ્યાભૂમિ કાશીક્ષેત્રમાં વિ.સં.૧૯૯૮ માં ચૈત્ર વદી દ્વાદશીના પવિત્ર દિવસે નિર્માણ થયેલ શ્રીસ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં માત્ર સ્વામિનારાયણ સંપ્રદાયના જ નહિં પરંતુ ભારતવર્ષના સર્વશ્રેષ્ઠ પ્રકાંડ પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે ૧૦૮ જેટલા મોટા વિદ્વાનો પંડિતો મહામહોપાધ્યાયોની વિશાળ મહાસભા બોલાવી શાસ્ત્રાર્થ કરી તેમાં મહાવિજય પ્રાપ્ત કર્યાબાદ તે સર્વે વિદ્વાનોને ચાંદીની રકાબીમાં એક એક પેંડો તેમજ અગીયાર અગીયાર રૂપિયા આદિક ભેટ દક્ષિણાઓ વડતાલ મંદિરના કોઠારી શાસ્ત્રી સ્વામીધર્મસ્વરૂપદાસજી તેમજ અનેક સંતો હરિભકતોની હાજરીમાં વડતાલ દેશના પૂજ્ય આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજ હસ્તક અપાવી.

આ રીતે શ્રીકૃષ્ણલ્લભાચાર્યજી મહારાજે કાશીના સર્વ વિદ્વાનોનું વિશેષ સન્માન કરીને 'ધર્મગુરૂની શ્રી૧૦૦૮' ની સર્વશ્રેષ્ઠ પદવી સ્વામિનારાયણ સંપ્રદાયની ગાદીને અપાવી. જેથી અમદાવાદ અને વડતાલ બન્ને દેશની ગાદી પર જે આચાર્ય બિરાજમાન થાય તેમના શુભ નામની આગળ 'ધર્મગુરૂ ૧૦૦૮' ની પદવી લાગે જેથી સર્વત્ર સ્થાને પૂજ્ય આચાર્યશ્રીનું વિશેષ સન્માન થાય.

નોંધ :- આ ઐતિહાસિક પ્રસંગ પહેલા સ્વામિનારાયણ સંપ્રદાયની ગાદી પર બિરાજમાન પૂજ્ય આચાર્યશ્રીના નામ પહેલા શ્રી૧૦૮ લાગતું હતું. આ પ્રસંગ બાદ જ પૂજ્ય આચાર્યશ્રીના નામ પહેલા ધર્મગુરૂ શ્રી૧૦૦૮ ની પદવી લગાવવાની શુભ શરૂઆત થઈ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના આ મહાન યશસ્વી કાર્ય દ્વારા સ્વામિનારાયણ સંપ્રદાયના ગાદી સ્થાનની શોભામાં વિશેષ અભિવૃધ્ધિ થઈ છે. જેથી સ્વામિનારાયણ સંપ્રદાય તેમના આચાર્ય, તેના સંતો અને હરિભકતો હંમેશા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના કાયમ ઋણી રહેશે.



● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજમાં અજોડ વિદ્વતા, અતિ તેજસ્વીતા અને સર્વગુણ સંપન્નતા આવો અદ્‌ભુત ત્રિવેણી સંગમ જોઈને તેમજ મહારાજે કરેલા અનેક કલ્યાણકારી સત્કાર્ય ઉપરાંત જ્ઞાનવિજ્ઞાનથી ભરપુર સર્વશ્રેષ્ઠ સંસ્કૃત શાસ્ત્રોની રચના કરીને જે ભારતીય સંસ્કૃત અને સંસ્કૃતિની મહાન સેવા કરી છે. તે બદલ દેશ-વિદેશના અનેક વિદ્વાનો, પંડિતો, સંતો, મહંતો, મહામંડલેશ્વરો, ધર્મગુરૂઓ, આચાર્યો, રાજકીય મહાનુભાવો તેમજ અનેક યુનિવર્સીટીના સંચાલકશ્રીમાં કોઈએ પત્ર દ્વારા તો કોઈએ રૂબરૂ મળીને મહારાજને અભિનંદન પત્ર અર્પણ કરીને વિદ્વનો દ્વારા સમર્પિત વિશેષ સન્માન-પુજન કરીને આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતાનો અનુભવ કર્યો છે.

''અભિનંદન ગ્રંથ'' માં સર્વ વિદ્વાન પંડીતોના પત્રો મુકવામાં આવ્યા છે.

• મહાગુજરાત રાજ્ય સરકારે સ્વામીશ્રીનું કરેલુ બહુમાન •



સચિવ શ્રી આર.વી.ચંદ્રમૌલી

તા.૨૬-૧૦-૧૯૭૮ ના રોજ રાજભવન ગાંધીનગર ખાતે રાજ્યના ગર્વનર શ્રીશારદા મુખરજીના સાનિધ્યમાં યોજાયેલ સન્માન સમારંભમાં મહારાજ નાદુરસ્ત તબીયતના કારણે હાજર રહી શકયા ન હોવાથી, તા.૧૦-૧૧-૧૯૭૮ ના રોજ ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગના સચિવ આર.કે. ચંદ્રમૌલી અન્ય અધિકારીઓની સાથે જૂનાગઢ મહારાજના આસને રૂબરૂ જઈને તેમને સન્માનપત્ર, સાલ, રાષ્ટ્રીય બોન્ડ અને ૫૦૦ રૂપિયા રોકડાનો પુરસ્કાર અર્પણ કર્યો હતો.

જનસતા નામક ન્યુઝ પેપરમાં તા.૧૯-૧૧-૧૯૭૮ ના રવિવાર પેજ નં.૩ માં આ ક્ષણની નોંધ લેવામાં આવી છે.



હેમંતભગત સ્વયંપ્રકાશસ્વામી શાસ્ત્રીજી મહારાજ આત્મપ્રકાશસ્વામી દેવપ્રકાશસ્વામી.

● ''શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પોતાના સંત મંડળ સાથે સત્સંગ પ્રચારાર્થે જે કોઈપણ ગામડાઓ કે શહેરોમાં જતા તો ત્યાના ભકતો અનેક પુષ્પહારો થી તેમનું વિશેષ સન્માન પુજન કરી ધન્યતાનો અનુભવ કરતા.

મહારાજ ક્યારેય કોઈથી ડરતા નહી, હંમેશા નિર્ભય રહેતા તેમજ પોતાના શિષ્ય ભકતોને પણ નિર્ભય રાખતા.

તેમજ મહારાજ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માન, આ છ શત્રુઓને જીતીને તેનાથી પરાભવને નહી પામનારા હતા.







● ધાર્મિક મહામહોત્સવોમાં ''શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની ભવ્ય શોભાયાત્રા દ્વારા સન્માનપૂર્વક તેમને વકતા પદે વ્યાસાસન પર બિરાજમાન કરીને જેતે સંપ્રદાયના આચાર્યશ્રી તેમજ સંતો ભકતો મહારાજનું પુજન અને આરતી કરીને ગૌરવ અનુભવી મોક્ષભાગી થતા.''





● ગામડાઓ અને શહેરોના અનેક મહામહોત્સવમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે કથાના વક્તાપદે રહી વિવિધ શાસ્ત્રોની અનેક કથાઓ કરી છે. તેમજ ઘણા ગામડાઓ અને શહેરોમાં જાહેર સભાઓમાં સત્શાસ્ત્ર, ધર્મ અને સામાજિક વિષયો પર પ્રવચનો કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા છે.





● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે સ્વયં ''અનેક બ્રાહ્મણો તેમજ સંતોને પાણ સંસ્કૃત ભણાવીને'' સારા વિદ્વાન તેમજ વકતા બનાવીને સ્વયં તેમનું પૂજન આરતી કરીને વિશેષ સન્માન કર્યુ છે.





● લોકકલ્યાણાર્થે સર્વજીવહિતાવહ એવા અનેક શુભ કાર્યોમાં ''શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની પ્રેરણાથી'' જે સંતો કે હરિભકતો તન,મન,ધનથી સેવા કરતા તેમને મહારાજ પુષ્પહાર પહેરાવી આશીર્વાદરૂપે મૂર્તિ અર્પણ કરીને તેમને વિશેષ સન્માનિત કર્યા છે.





• જૂનાગઢમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પોતાના સૌપ્રથમ વિદ્યાગુરૂ શાસ્ત્રીશ્રી બાલકૃષ્ણાનંદજીને દંડવત્ પ્રણામ કરી પોતાનો ગુરૂ પ્રત્યેનો આદરભાવ વ્યકત કરતા. તેમજ મહારાજ વડિલોની સમક્ષ નમ્રભાવ અને સમાનપ્રતિ આદરપૂર્વકનો વિવેક રાખી સૌને સન્માન આપી હંમેશા મધુરતાથી જ તમામ પ્રકારના વ્યવહાર કરતા.



પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ

(જૂનાગઢધામ) (M.A., Ph.D., D.Phil., D.Litt.)





● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ મન, વાણી અને શરીરથી એકજ રૂપવાળા અર્થાત જેવું મનમાં એવું જ વાણીમાં અને એવીજ ક્રિયા કરનાર હતા, પરંતુ મનમાં કંઈક હોય, બોલે કંઈક અને ક્રિયા કરે કંઈક એવા નહોતા. ટૂંકમાં જેવી વાણી તેવું જ વર્તન રાખનારા પરંતુ દંભે કરીને બીજાને ઠગનારા નહોતા.

તેમજ દરેક જીવપ્રાણી ઉપર દયાવાળા અને પરનું દુઃખ દેખીને દુઃખી થનારા હતા.

મહારાજના શરીર પર કોઈ જીવજંતુ ડંખ મારે તો પણ તેઓ તેને ઉડાડતા કે મારતા ન હતા તેમજ એક તણખલાને પણ નુકશાન ન પહોચાડતા એવા દયાળુ હતા.

મહારાજ દેહાદિકના તમામ સુખદુઃખને સહન કરનારા, બીજાના ગુણોમાં દોષ નહી જોનારા તેમજ પોતાના સમાન બીજાનો ઉત્કર્ષ સહન ન કરી શકે તે ઈર્ષા તેના અભાવવાળા આવા મહાન સદ્‌ગુણની મૂર્તિ સમાન હતા.



● શ્રીસ્વામિનારાયણ મંદિર જૂનાગઢમાં બિરાજમાન શ્રીરાધારમણદેવ-હરિકૃષ્ણમહારાજ, શ્રીરણછોડત્રિકમરાયજી, શ્રીસિધ્ધેશ્વરમહાદેવ, શ્રીઘનશ્યામમહારાજ તેમજ શ્રીવિઘ્નવિનાયકદેવ, શ્રીકષ્ટભંજનદેવ આદિક મૂર્તિના દર્શન માટે નિત્ય સવાર-સાંજ આરતીના સમયે મંદિર પર જ્યારે પણ પધારતા ત્યારે અનેક સંતો અને હરિભકતોનો સમુહ મહારાજના દર્શન કરી ચરણસ્પર્શ કરી આશીર્વાદ પ્રાપ્ત કરતા.

મહારાજને પોતાના દેહનું, જ્ઞાનનું, ભવનનું તેમજ પાંડિત્યનું આદિક કોઈપણ પ્રકારના અહંપણ અને મમત્વપણ જીવનભર નહોતું.





● મંદિરમાં ઉજવાતા ધાર્મિક મહોત્સવો કે વિશાળ સત્સંગ મહાસભામાં ''શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રમુખ સ્થાને ગાદી તકીયા પર બીરાજમાન થઈ'' સૌ શ્રોતાજનોને સત્સંગ આશીર્વચન તેમજ દર્શનનો અનેરો લાભ આપતા.

જ્યારે કોઈપણ મંદિરના મહોત્સવોમાં મહારાજ પધારવાના હોય તેવા સમાચાર મળતા જ અનેક સંતો ભકતો અચુક એ પ્રસંગમાં વિશાળ સંખ્યામાં હાજરી આપી પોતાના આત્મામાં શાંતિ તેમજ ધન્યતાનો અવશ્ય અનુભવ કરતા.







● જૂનાગઢના મંદિરમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના આસને દિવસભર તેમના દર્શન પૂજન અને આરતીનો લાભ લેવા સંતો-હરિભકતોનો પ્રવાહ સતત ચાલુ રહેતો હતો.



શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ બાળકને કંઠી પહેરાવી મંત્ર આપીને આશીર્વાદ તેમજ સાકર આપી રહ્યા છે.





● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજમાં ભગવાનપણાના તમામ સદ્‌ગુણો જોઈને અનેક બાળ-યુવાન તેમજ વડિલ ભકતોએ પણ તેમની પાસેથી કંઠી-દિક્ષામંત્ર ધારણ કરી તેમને હૃદયમાં ઈષ્ટદેવના સ્થાને રાખી હંમેશા ભાવપૂર્વક તેમનું પૂજન સન્માન કર્યું છે.







● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પંચજ્ઞાનેન્દ્રિયોને જીતનારા જીતેન્દ્રિય તેમજ કર્મેન્દ્રિયોથી નિયમીત રહેનારા પરમપુરૂષ હતા.

કાન વડે ભગવાનની કથાવાર્તા- કિર્તન સાંભળનારા, ત્વચાવડે ભગવાન તથા સંતો-ભકતોનો સ્પર્શ કરનારા, આંખ વડે ભગવાન તથા સંતો-ભકતોના દર્શન કરનારા, જીભ વડે ભગવાનના ચરિત્રલીલા રસ ચાખનારા, નાક વડે પ્રભુને ચડેલા તુલસી પુષ્પની સુગંધ લેનારા હતા.

આ રીતે ભગવાનની તેમજ શાસ્ત્રની આજ્ઞાનું યથાર્થ પાલન કરવામાં દ્રઢ વ્રત રાખનારા અર્થાત સ્વધર્મમા સ્થિર બુદ્ધિવાળા મહારાજ પરમપુરૂષ હતા.





● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ મહાઅપરાધિ જીવ ઉપર ક્ષમા રાખનારા અર્થાત્ અપકાર કરનારનો ઉપકાર કરનારા હતા. અને દુષ્ટ બુધ્ધિનાજનો ગાળો દે અથવા તાડન કરે તો પણ ક્ષમા રાખીને તેનું હિત ઈચ્છનારા હતા. તેમજ સ્વાર્થ વિના સર્વને માન આપનારા હતા.



• શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને કાશી-વારાણસીના અનેક વિદ્વાન પંડીતોએ મળીને તા.૯-૫-૧૯૭૦ ના રોજ કાશી-વારાણસીની સાર્વભૌમ સંસ્કૃત પ્રચાર કાર્યાલયમાં ''વૈષ્ણવવિદ્વતસાર્વભૌમ''(સંતો અને વિદ્વાનોમાં સર્વશ્રેષ્ઠ)ની સંસ્કૃતની સર્વશ્રેષ્ઠ પદવી અર્પણ કરી તેમનું વિશેષ સન્માન-પુજન કર્યુ હતું.

અનેક મહાધર્મગ્રંથોની રચના કરવા બદલ દેશ-વિદેશના અનેક વિદ્વાનોએ આ પૃથ્વી પર ભગવાન વેદવ્યાસ પછીના દ્વિતિય વ્યાસ ''શ્રીશ્વેતાયનવ્યાસ'' તેમજ વિશ્વવિભૂતિ, ભારતીય વિભૂતિ, રાષ્ટ્રીય વિભૂતિ, ભારતાલંકાર, ભારતવિભુષણ, ભારતમહારત્ન તેમજ દૈવી પરમપુરૂષ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને પ્રગટ ભગવાન માનતા હતા અને હંમેશા તેમના પ્રત્યે પુજ્યભાવ ધરાવતા હતા.





● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ દિવસમાં ૧૮ - ૧૮ કલાક સુધી એકજ આસને બેસીને શાસ્ત્રોની રચના કરતા. તેમજ બન્ને હાથથી લખવાની અદ્‌ભુત શકિત પણ ધરાવતા.



● પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે સ્વયં ''જ્ઞાનવિજ્ઞાનથી ભરપુર સર્વ શાસ્ત્રોના સારરૂપ - સંસ્કૃત, હિન્દી, ગુજરાતી આદિક ભાષામાં ૫૭ જેટલા સર્વજીવ હિતાવહ સર્વશ્રેષ્ઠ કલ્યાણકારી શાસ્ત્રોની રચના કરી છે.''

માટે ભારત દેશના ગૌરવ અને ભારતીય દેવભાષા સંસ્કૃત તેમજ સંસ્કૃતિના ઉધ્ધારક સમા આવા અદ્‌ભુત શાસ્ત્રોથી પ્રભાવિત થયેલા દેશ-વિદેશના અનેક વિદ્વાન પંડિતોએ તેમજ જગદ્‌ગુરૂ શંકરાચાર્યજીએ પાગ મહારાજને ભગવાન શ્રી વેદવ્યાસ પછીના દ્વિતિય વ્યાસ માની જાણે સર્વેના કલ્યાણ માટે સ્વયં પરમેશ્વર પધાર્યા હોય એમ માન્ય કર્યું છે.



સરપંચશ્રી લક્ષ્મણભાઈ પટેલ

● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જન્મભૂમિ મોટી કુંકાવાવના સરપંચશ્રી લક્ષ્મણભાઈ પટેલને જ્યારે ખ્યાલ આવ્યો કે, ''આપણા ગામના ખેડુતના દીકરાની આજે હિન્દુસ્તાનમાં સર્વશ્રેષ્ઠ વિદ્વાન તરીકે ગણના થાય છે તેમજ એમણે રચેલા અદ્‌ભૂત શાસ્ત્રો દેશ-વિદેશની યુનિવર્સીટીના સંસ્કૃત વિદ્યાભ્યાસના કોર્ષમાં પણ માન્ય થયા છે. ઉપરાંત અનેક ભકતો મહારાજને સ્વયં પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ તરીકે માને પુજે છે.''

આ બધી વાતોની જાણ થતા તેમણે કુંકાવાવ ગામના પાદરમાં મહારાજના રાષ્ટ્રીય સ્મૃતિ મંદિરનો સંકલ્પ કરી તેના માટે સરકારી જમીન ફાળવી આપી તેમજ મહારાજના ગુણાનુવાદના 'અભિનંદનગ્રંથ' માં સંયોજક તરીકે સેવા બજાવીને મહારાજના વિશેષ કૃપાપાત્ર થયા હતા.



● મહારાજની જન્મભૂમિ મોટી કુંકાવાવમાં ''શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સ્મૃતિખંડ તેમજ રાષ્ટ્રીય પ્રસાદ''નામક મંદિરનું ખાતમુહુર્ત સ્વયં ધર્માચાર્ય દ્વારકા શારદાપિઠાધિશ્વર જગદ્‌ગુરૂ શંકરાચાર્ય શ્રીઅભિનવસચ્ચિદાનંદજી એ વેદોકત વિધિથી કર્યુ હતું.

કુંકાવાવ ગામના સરપંચ શ્રી લક્ષ્માણભાઈ પટેલે મંદિર માટે જમીન ફાળવી આપી હતી.





● મોટી કુંકાવાવ ગામમાં સરપંચશ્રી લક્ષ્મણભાઈ પટેલ દ્વારા આયોજીત મહાધર્મસભામાં જગદ્‌ગુરૂ શંકરાચાર્યજીએ શ્રોતાજનોને સંબોધતા કહ્યું હતું કે, ''ભારતના સંસ્કૃત સાહિત્યને સુલભ કરવા અને નવા દર્શન રચવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનો ભગીરથ પ્રયત્ન છે. મહારાજ તેમના જેવા આચાર્યવર્ય યુગોયુગોમાં સૈકે-સૈકે ભારતમાતા ઈચ્છે છે.'' આ રીતે મહારાજના અનેક ગુણોનું વર્ણન કરેલું.



જગદ્‌ગુરૂશ્રી શંકરાચાર્યજી દ્વારા અર્પણ કરાયેલ સંસ્કૃત જગતમાં શ્રેષ્ઠ એવો ''શ્રીમહામહોપાધ્યાય''નો ઈલ્કાબ શ્રી લક્ષ્મણભાઈ ના હસ્તે સ્વીકારતા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ...

● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જન્મભૂમિ મોટી કુંકાવાવમાં વિ.સ.૨૦૩૩ ના વર્ષે દ્વારકા શારદાપીઠાધિપતિ જગદ્‌ગુરૂ શંકરાચાર્ય શ્રીઅભિનવસચ્ચિદાનંદ સરસ્વતીજી મહારાજ શ્રીમદ્‌ ભાગવત પુરાણના એક મહામહોત્સવમાં અનેક વિદ્વાન બ્રાહ્મણો સાથે પધારેલા.

તે સમયે માગશર વદ ચોથ, શુકવાર તા. ૧૦-૧૨-૧૯૭૬ ના દિવસની મહાસભામાં જગદ્‌ગુરૂ શ્રીશંકરાચાર્યજીએ પ્રકાંડ પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને સંસ્કૃત જગતનો અમુલ્ય એવો ''શ્રીમહામહોપાધ્યાય'' નો ઈલ્કાબ અર્પણ કરીને વિશાળ સભાને સંબોધતા કહ્યું હતું કે, ''અંગ્રેજ ગવર્નમેન્ટે સ્વરાજ્ય સોપવા સાથે ''શ્રીમહામહોપાધ્યાય'' નો આ ઈલ્કાબ યોગ્ય મહાન વિદ્વાનને જ આપવાનો અધિકાર અમોને શંકરાચાર્યજીને આપેલા હતા, તે આ શ્રીમહામહોપાધ્યાયનો ઈલ્કાબ છેલ્લા ત્રીસ વર્ષમાં મારા હાથે આવા અલૌકિક પરમપુરૂષને પ્રથમ વખત આપતા હું હર્ષ અનુભવુ છું. ભારત દેશ તેમજ ભારતીય સંસ્કૃત અને સંસ્કૃતિની અજોડ અને મહાન સેવા કરવા બદલ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને યુગો યુગો સુધી ભારતની પેઢી યાદ કરતી રહેશે.''

આ રીતે એ મહાસભામાં શંકરાચાર્યજીએ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના અનેક ગુણો તેમજ કાર્યોનું વર્ણન કરી સભાજનોને મહારાજનો ખુબજ મહિમા કહ્યો હતો.

''શ્રીમહામહોપાધ્યાય''નો આ ઈલ્કાલનું પ્રમાણપત્ર અને સન્માનના પ્રતિક સ્વરૂપે અપાયેલ અન્ય પારિતોષિક પદાર્થો લઈને એ મહાસભાના પ્રતિનિધિ અને કુંકાવાવ ગામના સરપંચ શ્રી લક્ષ્મણભાઈ અનેક વિદ્વાનો, બ્રાહ્મણો તેમજ ભકતોએ જુનાગઢ આવી ત્યા મંદિરના સભામંડપમાં વિશાળ સભાનું આયોજન તા.૧૩-૧૨-૧૯૭૬ ના દિવસે કરી મહારાજને ''શ્રીમહામહોપાધ્યાય''નો આ ઈલ્કાબ અર્પણ કરી તેમનું વિશેષ સન્માન તેમજ પુજન કર્યું હતું.



● વૃધ્ધાવસ્થામાં પણ ''પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ''ના હંમેશા મંદહાસ્યભર્યા તેજસ્વી મુખારવિંદના દર્શનથી અનેક વિદ્વાનો- સંતો- ભકતો તેમજ જ્ઞાની-અજ્ઞાની વ્યકિત પણ પોતાના આત્મામાં શાંતિની સાથે ધન્યતાનો અનુભવ કરતા.



• પ્રકાંડપંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે સંસ્કૃતવિદ્યાભ્યાસ કરી પ્રાપ્ત કરેલ ડિગ્રીઓ •

શ્રીવૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ, મહામહોપાધ્યાય, ભારતભૂષણ, દાર્શનિકપંચાનન, ષડ્દર્શનાચાર્ય, નવ્યન્યાયાચાર્ય, ન્યાયવૈશેષિકશાસ્ત્રી, સાહિત્યમનિષી, સાંખ્યયોગતીર્થ, વેદાન્તતીર્થ, મીમાંસાતીર્થ, દાર્શનિકમાર્તણ્ડ, તાર્કિકવાચસ્પતિ, ભારત મહાગુજરાત રાજ્ય બહુસન્માનીત, ઉતરપ્રદેશ ભારતરાજ્ય વિશેષસન્માનીત, દેશ-વિદેશના ૭૦૦ જેટલા વિદ્વાન પંડિતોના અભિનંદનપત્રો દ્વારા

વિશ્વવંદનિય સદ્‌ગુરૂ શાસ્ત્રી સ્વામી શ્રી કૃષ્ણવલ્લભાચાર્ય મહારાજે સંસ્કૃત વિદ્યાભ્યાસ કરી પ્રાપ્ત કરેલ ડિગ્રી સર્ટીફીકેટોની વિગત

ક્રમ	ડિગ્રી-સર્ટીફીકેટો	પૂજ્ય સ્વામીશ્રીના વર્ષ	ઇશવીસન (ઇ.સ.)	વિક્રમ સવંત (વિ.સં.)
1	**ન્યાય મધ્યમાં** ગવર્નમેન્ટ સંસ્કૃત કોલેજ એકઝામીનેશન–બનારસ	20	1926	1982
2	**ન્યાયવૈશેશિકશાસ્ત્રી (M.A.)** ગવર્નમેન્ટ સંસ્કૃત કોલેજ એકઝામીનેશન–બનારસ	28	1930	1986
3	**દાર્શનિકપંચાનન** ટીકમણી સંસ્કૃત કિયન્સ કોલેજ–બનારસ	28	1930	1986
4	**સાંખ્યયોગતીર્થ** બંગાળ સંસ્કૃત એસોશિએસન–કલકતા	32	1934	1990
5	**ષડ્‌દર્શનાચાર્ય** ગવર્નમેન્ટ સંસ્કૃત કોલેજ–કાશી	32	1934	1990
6	**વેદાન્તતીર્થ** બંગાળ સંસ્કૃત એસોશિએસન–કલકતા	33	1935	1991
7	**નવ્યન્યાયાચાર્ય** ગવર્નમેન્ટ સંસ્કૃત કોલેજ–બનારસ	33	1935	1991
8	**મીમાંસાતીર્થ** બંગાળ સંસ્કૃત એસોશિએસન–કલકતા	35	1937	1993
9	**શ્રી વૈષ્ણવવિદ્વત્સાર્વભૌમ** સાર્વભૌમ સંસ્કૃત કાર્યાલય–કાશી	68	1970	2026
10	**મહામહોપાધ્યાય** શ્રી શારદાપીઠાધીશ્વર શ્રીમદ્‌ જગદ્‌ગુરૂ શંકરાચાર્ય–દ્વારકા	74	1976	2032
11	**દાર્શનિકમાર્તંડ (D.Phil)** શ્રી શારદાપીઠાધીશ્વર શ્રીમદ્‌ જગદ્‌ગુરૂ શંકરાચાર્ય–દ્વારકા	74	1976	2032
12	**સાહિત્યમનિષી (D.Litt)** શ્રી શારદાપીઠાધીશ્વર શ્રીમદ્‌ જગદ્‌ગુરૂ શંકરાચાર્ય–દ્વારકા	75	1977	2033
13	**તાર્કિકવાચસ્પતિ (Ph.D.)** શ્રી શારદાપીઠાધીશ્વર શ્રીમદ્‌ જગદ્‌ગુરૂ શંકરાચાર્ય–દ્વારકા	76	1978	2034
14	**ભારત મહાગુજરાત રાજય બહુસન્માનીત** ગુજરાતના રાજયપાલ શ્રીમતી શારદા મુખરજી–ગાંધીનગર	76	1978	2034
15	**ભારતભૂષણ** શ્રીમદ્‌ જગદ્‌ગુરૂ શંકરાચાર્યજી–જયોર્તિમઠ બદ્રીકાશ્રમ હિમાલય	76	1978	2034
16	**ઉત્તરપ્રદેશ ભારત રાજય વિશેષસન્માનીત** (સંસ્કૃત સાહિત્ય પુરસ્કાર) ઉત્તરપ્રદેશ સંસ્કૃત એકાદમી–લખનઉ	77	1979	2035

Form D.

No. १०२

काशीस्थराजकीयप्रधानसंस्कृतपाठशालीयपरीक्षासु

संख्या ३०५

कृष्णवल्लभदास नामा

२० वर्षवयस्कः

श्री पूर्णस्वामिनारायणजी नाम्नः पुत्रः

~~[illegible]~~ जुनागढ़ निवासी

१९२६ ईशवीये वर्षे न्याय अध्यमपरीक्षायाम्

उत्तीर्ण इति प्रमाणीकरोति

M.A.,

REGISTRAR.

Govt. Sanskrit College Examinations, Benares.

DATED BENARES:

The 1st October 1926.

न्यायमध्यमा

Form A.

No. 77

Benares Government Sanskrit College Examinations.

Roll No. 841

This is to certify that Sri Krishna Ballabhacharya

age 24 years

son of Pandit S. Narayanji pupil of

Pandit Vama Charan Bhattacharya inhabitant of Junagarh

Kathiawar obtained the Title of Sastri

in Nyaya at the

Examination of 1930, held in the Sanskrit College, Benares.

काशीस्थराजकीयप्रधानसंस्कृतपाठशालीयपरीक्षासु

संख्या ८४१

श्रीकृष्णवल्लभाचार्य्यः नामा

२४ वर्षवयस्कः

स्वामीनारायणजी नाम्नः पुत्रः

श्री पं. वामाचरण भट्टाचार्य्यतर्कतीर्थस्य- विदुषोऽन्तेवासी

काठियावाड़ मण्डलान्तर्गत जूनागढ़ ग्राम निवासी

१९३० ईशवीयवर्षे

न्याय 'शास्त्री'—इति पदवीं लब्धवान् इति प्रमाणीकरोति।

M. A.,
Registrar,
Government Sanskrit College Examinations,
Benares.

Dated Benares:
The DEC 1930 19.

न्यायवैषेशिकशास्त्री(M.A.)

श्रीमते रामानुजाय नमः

नव्यन्याय-वैशेषिक-साङ्ख्य-योग-
वेदान्तादिनिष्णातो गीर्वाणवक्तृत्वधा-
राप्रगल्भो विशिष्टाद्वैतसिद्धान्त-स्वामि-
नारायणसम्प्रदायोऽस्मदधीतशास्त्रनि--
करः 'श्रीकृष्णवल्लभाचार्या'भिधानस्त-
दीयन्यायवेदान्तादिदर्शनशास्त्रपाण्डि--
त्यमनुभूयाऽस्माभिः—

" दार्शनिकपञ्चानने "—

ति-पदव्या समलङ्कृतोऽस्ति ॥

मार्गशीर्ष–कृ० १,
सं. १९८६

हस्ताक्षर०' व्याकरणमार्तण्डः, वैयाकरणकेसरी, टीकमाणी-
संस्कृतकालेज—व्याकरणविशिष्टाद्वैतवेदान्त-
प्रधानाध्यापक– पण्डित–व्याकरणाचार्य्यः—
'श्रीपूर्णचन्द्राचार्य्यः । (क्विन्स कोलेज),

आनंद प्रेस–भावनगर

दार्शनिकपंचानन

1148

Bengal Sanskrit Association.

SANSKRIT TITLE EXAMINATION.

This is to certify that Srikrishna Vallabhacharya son of Swaminarayanji of Junagar Kathiawad district and pupil of Pandit Bama Charan Bhattacharyaof Kashi having passed the Title Examination held in the year 1935 in Vedanta (Ka) in the Second class, has been awarded the Title of Vedantatirtha, and this Diploma is granted in token thereof.

CALCUTTA,
The 14th Nov 1935

President, Bengal Sanskrit Association.

Secretary, Bengal Sanskrit Association.

Secretary, Bengal Sanskrit Association, 1 (Now).
ACJP—A 2691—1934-35—1,000

वेदान्ततीर्थ

ॐ सरस्वती विजयताम्

श्रीमान् श्रीकृष्णवल्लभाचार्यः स्वामिनारायणः सकलदर्शनशास्त्रेषु व्युत्पत्तिं लभमानो नव्यन्यायशास्त्रेऽपि विशेषव्युत्पत्तिं समासाद्य बहून् विद्यार्थिनोऽध्यापयति । सर्वैः सुप्रशंसितः सच्चरित्रः सदाचारश्चातस्तस्मै

" षड्दर्शनाचार्य्य "–

इत्युपाधिः सम्प्रदीयते.

सम्वत् १९९०
रथद्वितीया, काशी।

तर्कतीर्थन्यायाचार्योपाधिक-
श्रीवामाचरणभट्टाचार्य्यैः

आनंद प्रेस-भावनगर

Bengal Sanskrit Association.

SANSKRIT TITLE EXAMINATION.

This is to certify that Srikrishna Vallabhacharyya son of Swami narayan Ji of Junagarh Gate Junagarh, Kathiwar district and pupil of Pandit Bama Charan Bhattacharyya of Varanasi, Benares having passed the Title Examination held in the year 1934 in Sankhya in the Second class, has been awarded the Title of Sankhyatirtha, and this Diploma is granted in token thereof.

CALCUTTA,
The June 1934

President, Bengal Sanskrit Association.

Secretary, Bengal Sanskrit Association.

Secretary, Bengal Sanskrit Association, 1 (New).
ACJP—A 25—1934-35—1,000

सांख्योगतीर्थ

Form A.

No. 59

Government Sanskrit College Examinations, Benares

तमसो मा ज्योतिर्गमय ।

Roll No. 526

This is to certify that Sri Krishna Ballabhacharya, age 29 years, on 15th Oct. 1934, son of Pandit Swami Narain ji pupil of Pandit Vamacharan Bhattacharya, inhabitant of Junagarh, Kathiawar, obtained the title of Acharya in Navya Nyaya, at the Examination of 1935 and was placed in the First Division.

श्रीकृष्णवल्लभाचार्य नामा, श्री स्वामिनारायणजी नाम्नः पुत्रः, श्री वामाचरण भट्टाचार्य नाम्नो विदुषोऽन्तेवासी, १९३५ वर्षे आचार्यपरीक्षायां प्रथम श्रेण्यामुत्तीर्य नव्यन्याय शास्त्रे आचार्यपदवीं लब्धवानिति प्रमाणीकरोति ।

M.D. Shastri

M.A., D.Phil.
M.R.A.S.
(Oxon.),
Registrar,
Government Sanskrit College Examinations,
United Provinces, Benares.

Dated Benares :
The 1 DEC. 1935 193

GOVERNMENT SANSKRIT COLLEGE EXAMINATIONS

नव्यन्यायाचार्य

॥ श्रीमद्दौपनिपदः परमपुरुषो विजयते ॥

विद्वत्सम्मानपत्रम्

श्रीमद्वाराणसीविविधशास्त्रीयविद्यानिधानविपश्चिद्धुरेण्याय नव्यन्यायशास्त्राचार्याय सांख्ययोगवेदान्तमीमांसादिदर्शनशास्त्रान्तःप्रविष्टपाण्डित्याय विद्याध्ययनोपयोगिन्यायसाङ्ख्ययोगादिशास्त्रीयविशदकिरणावल्यादिव्याख्याविरचयित्रे विद्वज्जनहार्दिकस्नेहपात्राय श्रीस्वामिनारायणसम्प्रदायाश्रिताय पण्डितश्रीकृष्णवल्लभाचार्याय श्रीवाराणसेयविद्वत्सभायां समुपस्थितपण्डितमण्डलेन "वैष्णवविद्वत्सार्वभौम" इतिसदुपाधिः सम्प्रदीयते ।

[दिनाङ्कः ९-५-७०]

शुभाशंसकः

काशीस्थविद्वत्समाजस्य प्रतिनिधिः

वासुदेवद्विवेदी शास्त्री

वाराणसीस्थ-सार्वभौम-संस्कृत-प्रचार-कार्यालय-

सञ्चालकः

श्री द्वारकाधीशो विजयते । श्री शारदाम्बा चन्द्रमौलीश्वरौ विजयेतेतराम् ॥

श्री द्वारका शारदा पीठम्



पदवी प्रदान पत्रम्

श्रीमत्परमहंसपरिव्राजकाचार्य षट्त्रावयवप्रमाण पारावारीण यमनियमासनप्राणायामप्रत्याहार ध्यानधारणा-
समाध्यष्टाङ्गयोगानुष्ठानन्निष्ठ तपश्चर्याचरणचक्रवर्ति अनाद्यविच्छिन्नगुरुपरम्पराप्राप्त षण्मतस्थापनाचार्य
सांख्यत्रयपरिपालक वैदिकमार्गप्रवर्तक सर्वतन्त्रस्वतन्त्र निखिलनिगमागमसाम्हृदय श्रीमन्मुकुन्द-
साम्राज्यप्रतिष्ठापनाचार्य व्याख्यानसिंहासनाधीश्वर श्रीमद्राजाधिराजगुरुमण्डलाचार्य
चातुर्वर्ण्यशिक्षक गोमतीतीरवासि श्रीपश्चिमाम्नाय श्रीद्वारकाशारदापीठाधीश्वर श्रीमज्जगद्गुरुशङ्कराचार्य

श्रीअभिनवसच्चिदानन्दतीर्थस्वामिभिः

अत्यन्तप्रियशिष्यः स्वामि श्री कृष्णवल्लभाचार्यनि (Ph. D.) प्रति

प्रत्यग्ब्रह्मैक्यानुसंधानसमन्वित श्रीनारायणस्मरणसंसूचिताशिषः समुदस्तुतराम् ॥ श्रीजगद्गुरूणां
महेश्वरावतार श्रीमच्छङ्करभगवत्पूज्यपादाचार्याणां श्रीशारदापीठगोचरा भक्तिरनवधिकश्रेयोनिदानमिति
सार्वजनीनमेतत् ॥ साम्प्रतम्

स्वधर्ममर्यादासंरक्षणे बद्धपरिकराणां भवतां अत्यद्भुतमेधावी लब्धप्रतिष्ठ लौकिक गौरवं
आलोक्य प्रमुदितान्तःकरणा वयं भवद्भ्यः

तार्किक वाचस्पतिः
(P.HD i.e. DOCTOR OF Philosophy)

इति सत्पदवीं सम्प्रयच्छामः । इदं च श्रीद्वारकाधीशशारदाम्बाचन्द्रमौलीश्वरप्रसादरूपं सत्पट्टं
सुवर्णे रत्नमिव स्वनाम्ना संयोजितं भवद्भिर्यत्नेन संरक्षणीयमिति शिवम् ।

श्रीमच्छङ्करभगवत्पूज्यपादाचार्याणां
अवतारसंवत्सरः
विक्रमसंवत्सरः २०२५
ता. 20-11-1968
फसली: २३७१ फा. कृ. ५
स्वारी सुदाम हु २ फा

Founder-President Shri Dwarka Sharada Sanskrit Academy
श्रीमज्जगद्गुरुशङ्कराचार्यः
Shankaracharya
Dr. Shri J.S.
Dr. Shastri
on Mythology, DWARKA.

प्रभाकर प्रेस लिमिटेड, उज्जैन

तार्किकवाचस्पति (Ph.D.)

श्री द्वारकाधीशो विजयते । श्री शारदाम्बा चन्द्रमौलीश्वरौ विजयेतेतराम् ॥

श्री द्वारका शारदा पीठम्



पदवी प्रदान पत्रम्

श्रीमत्परमहंसपरिव्राजकाचार्य पदवाक्यप्रमाण पारावारीण यमनियमासनप्राणायामप्रत्याहार ध्यानधारणा-समाध्यष्टाङ्गयोगानुष्ठाननिष्ठ तपश्चर्याचरणचक्रवर्ति अनाद्यविच्छिन्नगुरुपरम्पराप्राप्त षण्मतस्थापनाचार्य सांख्यप्रवचप्रतिपादक वैदिकमार्गप्रवर्तक सर्वतन्त्रस्वतन्त्र निखिलनिगमागमसाम्राड्हृदय श्रीमल्लुप्त-साम्राज्यप्रतिष्ठापनाचार्य व्याख्यानसिंहासनाधीश्वर श्रीमद्राजाधिराजगुरुभूमण्डलाचार्य चातुर्वर्ण्यशिक्षक गोमतीतीरवासि श्रीपश्चिमाम्नाय श्रीद्वारकाशारदापीठाधीश्वर श्रीमज्जगद्गुरुशङ्कराचार्य

श्रीअभिनवसच्चिदानन्दतीर्थस्वामिभिः

अत्यन्तप्रियशिष्यम् म. म. स्वामी श्रीकृष्णवल्लभाचार्यं

D. Phil. (दार्शनिकमार्तण्ड) पदवी

प्रत्यग्ब्रह्मैक्यानुसंधानसमन्वित श्रीनारायणस्मरणसंसूचिताशिषः समुल्लसन्तुतराम् ॥ श्रीजगद्गुरूणां महेश्वरावतार श्रीमच्छङ्करभगवत्पूज्यपादाचार्याणां श्रीशारदापीठगोचरा भक्तिरनवधिकश्रेयोनिदानमिति सार्वजनीनमेतत् ॥ साम्प्रतम्

स्वधर्ममर्यादासंरक्षणे बद्धपरिकराणां भवतां विविधदर्शनेषु वैशारद्यं आलोक्य प्रमुदितान्तःकरणा वयं भवद्भ्यः

DOCTOR OF PHILOSOPHY

इति सत्पदवीं सम्प्रयच्छामः । इदं च श्रीद्वारकाधीशशारदाम्बाचन्द्रमौलीश्वरप्रसादरूपं सत्पदं सुवर्णे रत्नमिव स्वनाम्ना संयोजितं भवद्भिर्यत्नेन संरक्षणीयमिति शिवम् ।

श्रीमच्छङ्करभगवत्पूज्यपादाचार्याणां
अवतारसंवत्:
विक्रमसंवत्:
ता.
कमाङ्क:
स्वारी मुद्रणम्

Founder-President
Shri Dwarkadhish Sanskrit Academy
Shri J. S. Shankaracharya Institute
of Indology etc. DWARKA.
श्रीमज्जगद्गुरुशङ्कराचार्यः

प्रभाकर प्रेस लिमिटेड, उडपि.

दार्शनिकमार्तण्ड (D.Phil.)

श्री द्वारकाधीशो विजयते । श्री शारदाम्बा चन्द्रमौलीश्वरौ विजयेतेतराम् ॥

श्री द्वारका शारदा पीठम्



पदवी प्रदान पत्रम्

श्रीमत्परमहंसपरिव्राजकाचार्य पदवाक्यप्रमाण पारावारपारीण यमनियमासनप्रत्याहार ध्यानधारणा-
समाध्यष्टाङ्गयोगानुष्ठानन्निष्ठ तत्त्वचर्याचरणचक्रवर्ति अनार्यविच्छिन्नगुरुपरम्पराप्राप्त षण्मतस्थापनाचार्य
सांख्यत्रयप्रतिपादक वैदिकमार्गप्रवर्तक सर्वतन्त्रस्वतन्त्र निखिलनिगमागमसारहृदय श्रीमत्सुधन्व-
साम्राज्यप्रतिष्ठापनाचार्य व्याख्यानसिंहासनाधीश्वर श्रीमद्राजाधिराजगुरुमण्डलाचार्य
चातुर्वर्ण्यशिक्षक गोमतीतीरवासि श्रीपश्चिमाम्नाय श्रीद्वारकाशारदापीठाधीश्वर श्रीमज्जगद्गुरुशङ्कराचार्य

श्रीअभिनवसच्चिदानन्दतीर्थस्वामिभिः

अत्यन्तप्रियपण्डितवर्यान् महामहोपाध्याय श्रीकृष्ण वल्लभाचार्य महोदयान्

प्रति

प्रत्यग्ब्रह्मैक्यानुसंधानसमन्वित श्रीनारायणस्मरणसंसूचिताशिषः समुद्गसन्तुतराम् ॥ श्रीजगद्गुरूणां
महेश्वरावतार श्रीमच्छङ्करभगवत्पूज्यपादाचार्याणां श्रीशारदापीठगोचरा भक्तिरनवधिकश्रेयोनिदानमिति
सार्वजनीनमेतत् ॥ साम्प्रतम्

स्वधर्ममर्यादासंरक्षणे कृतपरिकराणां भवतां साहित्य रचना प्रागल्भ्यं
आलोक्य प्रमुदितान्तःकरणा वयं भवद्भ्यः

सा हि त्य म नी षी
Doctor of Literature (D. Litt)

इति सत्पदवीं सम्प्रयच्छामः । इदं च श्रीद्वारकाधीशशारदाम्बाचन्द्रमौलीश्वरप्रसादरूपं सत्पदं
सुवर्णे रत्नमिव स्वनाम्ना संयोजितं भवद्भिर्यत्नेन संरक्षणीयमिति शिवम् ।

श्रीमच्छङ्करभगवत्पूज्यपादाचार्याणां
अवतारसंवत्: —
विक्रमसंवत्: २०३३ आ. सु १
ता. १३-१०-१९७७
कमाङ्क: २२८६
स्वारी सुकाम ओकार.

Founder-President
Shri Sharada Peeth
Vidyasabha
Shri Dwarakadhish
Sanskrit Academy
&
Shri J. Shankaracharya
Research Institute
DWARKA (India)

श्रीमज्जगद्गुरुशङ्कराचार्याः

प्रभाकर प्रेस लिमिटेड, उदपि.

साहित्यमनीषी (D.Litt.)

श्री द्वारकाधीशो विजयते । श्री शारदाम्बा चन्द्रमौलीश्वरौ विजयेतेतराम् ॥

श्री द्वारका शारदा पीठम्



पदवी प्रदान पत्रम्

श्रीमत्परमहंसपरिव्राजकाचार्य पदवाक्यप्रमाण पारावारीण यमनियमासनप्राणायामप्रत्याहार ध्यानधारणा-समाध्यष्टाङ्गयोगानुष्ठानन्निष्ठ तपश्चर्याचरणचक्रवर्ति अनाद्यविच्छिन्नगुरुपरम्पराप्राप्त षण्मतस्थापनाचार्य सांख्यत्रयप्रतिपादक वैदिकमार्गप्रवर्तक सर्वतन्त्रस्वतन्त्र निखिलनिगमागमसारहृदय श्रीमत्सुधन्व-साम्राज्यप्रतिष्ठापनाचार्य व्यास्यानसिंहासनाधीश्वर श्रीमद्राजाधिराजगुरुभूमण्डलाचार्य चातुर्वर्ण्यशिक्षक गोमतीतीरवासि श्रीपश्चिमाम्नाय श्रीद्वारकाशारदापीठाधीश्वर श्रीमज्जगद्गुरुशङ्कराचार्य

श्रीअभिनवसच्चिदानन्दतीर्थस्वामिभिः

[redacted] नव्यव्याकरणाचार्य श्री कृष्णवल्लभनाथाणाँ

प्रति

प्रत्यग्वस्त्वैक्यानुसंधानसमन्वित श्रीनारायणस्मरणसंसूचिताशिषः समुल्लसन्तुतराम् ॥ श्रीजगद्गुरूणां महेश्वरावतार श्रीमच्छङ्करभगवत्पूज्यपादाचार्याणां श्रीशारदापीठगोचरा भक्तिरनवधिकश्रेयोनिदानमिति सार्वजनीनमेतत् ॥ साम्प्रतम्

स्वधर्ममर्यादासंरक्षणे बद्धपरिकराणां भवतां नैक शास्त्रवैदुष्यं, ग्रंथविस्तारं च आलोक्य प्रमुदितान्तःकरणा वयं भवद्भ्यः

महामहोपाध्यायः

इति सत्पदवीं सम्प्रयच्छामः । इदं च श्रीद्वारकाधीशशारदाम्बाचन्द्रमौलीश्वरप्रसादरूपं सत्पदं सुवर्णे रत्नमिव स्वनाम्ना संयोजितं भवद्भिर्यत्नेन संरक्षणीयमिति शिवम् ।

श्रीमच्छङ्करभगवत्पूज्यपादाचार्याणां
अवतारसंवत्: [redacted]
विक्रमसंवत्: २०३३
ता. 10-12-1976
क्रमाङ्क: २२९१ मार्गशीर्ष
स्वारी सुकाम कुं का वाच

श्रीः ।

श्रीमज्जगद्गुरुशङ्कराचार्यः

प्रभाकर प्रेस लिमिटेड, उदयपुर.

महामहोपाध्याय

● વિશ્વનો સર્વશ્રેષ્ઠ, મહાવિશાળ, અદ્‌ભુત તેમજ સર્વશાસ્ત્રોના સારરૂપ મહાધર્મગ્રન્થ ●

શ્રી લક્ષ્મીનારાયણ સંહિતા



● મહાધર્મગ્રન્થ શ્રીલક્ષ્મીનારાયણ સંહિતમાં કુલ ચાર યુગનું વર્ણન છે, તે ચાર યુગને ચાર સંતાનથી વર્ણવ્યા છે અને કુલ પાંચ ભાગમાં આ ધર્મગ્રન્થ છે. પ્રથમભાગમાં તેમજ દ્વિતિય ભાગમાં કૃતયુગ સંતાનનું વર્ણન છે, જેમાં ૫૯૦ અધ્યાયમાં ૫૫૫૨ સંસ્કૃત શ્લોકો છે. ત્રીજા ભાગમાં ત્રેતાયુગ સંતાનનું વર્ણન છે, જેમાં ૩૦૦ અધ્યાયમાં ૩૨,૨૫૮ સંસ્કૃત શ્લોકો છે. ચોથા ભાગમાં દ્વાપરયુગ સંતાનનું વર્ણન છે, જેમાં ૨૩૭ અધ્યાયમાં ૨૫,૧૬૨ શ્લોકો છે. અંતે પાંચમાં ભાગમાં તિષ્યયુગ સંતાનનું વર્ણન છે જેમાં ૧૩૨ અધ્યાયમાં ૧૩,૦૪૫ સંસ્કૃત શ્લોકો છે. આ રીત આ મહાધર્મગ્રન્થમાં કુલ ૧,૨૫૦ અધ્યાયમાં ૧,૨૬,૦૦૦ શ્લોકોનો સમાવેશ છે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે ''ભારતીય દર્શન, ઈતિહાસ, તત્વજ્ઞાન, પરમાર્થ ચિંતન, વેદ, શાસ્ત્ર, ઉપનિષદ વગેરે સમગ્ર ભારતીય જ્ઞાન-વિજ્ઞાનના સારનો ગાગરમાં સાગરની જેમ શ્રીલક્ષ્મીનારાયણ સંહિતામાં અદ્‌ભુત રીતે સમાવેશ કર્યો છે.

આ મહાધર્મગ્રન્થ વડે ''ભારતદેશ, ભારતીય સંસ્કૃત તેમજ સંસ્કૃત સાહિત્યની સ્વામીશ્રી દ્વારા અજોડ મહાન સેવા થઈ છે.'' માટે હંમેશા સૌ કોઈ સ્વામીશ્રીના ઋણી રહેશે.

દેશ-વિદેશમાં અનેક વિદ્વાન પંડિતોએ અભિનંદનગ્રન્થમાં સ્વામીશ્રી રચિત આ શ્રીલક્ષ્મીનારાયણ સંહિત ધર્મગ્રન્થનો અતિમહિમા વર્ણવ્યો છે.

કાશીક્ષેત્રના ''ચોખંબા સંસ્કૃત સીરીઝ વારાણસીના પ્રેસમાં'' શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાનું પ્રકાશન થઈ રહ્યું છે.



सम्मानपत्रम्

अत्रभवद्भ्यो वेदशास्त्रपारङ्गतेभ्यः

पं. श्री कृष्णवल्लभाचार्यजी महाभागेभ्यः,

सादरं सविनयं निवेद्यते।

धन्यैर्मान्यैर्भवद्भिर्यथाशक्ति यथामति सुरभारतीसेवां सम्पाद्य सर्वथा समुत्कर्षपराकाष्ठां नीतमिदं गुर्जर-राज्यमिति परमप्रमोदास्पदमेतत्सर्वम्। तामिमां भवतां शास्त्रे विशिष्टां सेवामालोक्य प्रमुदित-मनसाऽकिञ्चित्करं भावभूषितं राज्यपुरस्कारस्वरूपेण प्रदीयते सम्मानपत्रमिदं सबहुमानम्।

अ.भ. पंड्या

सचिवः

गुर्जरराज्यशिक्षण-

विभागस्य।

स्थलम्-गांधीनगर.

दि. २६-१०-१९७८

भारत महागुजरात राज्य बहुसन्मानीत

उत्तरप्रदेशसंस्कृत अकादमी, लखनऊ

संस्कृतसाहित्यपुरस्कारः

१९७८-७९

१९७६ ईसवीये वर्षे प्रकाशिता ..... तत्त्वप्रभावलि ... कृतिः अधिकारिविद्वद्भिः पुस्कारयोग्या घोषिता इति तल्लेखकं ..... श्रीकृष्ण बल्लभाचार्य ... विद्वांसं ..... त्रिसहस्ररूप्यकाणां पुरस्कारेण सहर्षं सभाजयति ।

विश्वनाथ शर्मा
निदेशक :

बदरीनाथ शुक्लः
अध्यक्ष :

उत्तरप्रदेश भारतराज्य विशेषसम्भानीत

HUZOOR OFFICE,
GWALIOR.

No 806
5-8-41

Sir,

His Highness the Maharaja Scindia has graciously been pleased to extend his patronage to your books योगदर्शन, न्यायसिद्धांत मुक्तावली व वेदान्तसार and has sanctioned a reward of Rs. 275/-.

I, therefore, enclose herewith a Demand Draft No. 27357 Dated 5/8/41 for Rs. 275/- in your favour.

Please let me have your stamped receipt at an early date.

Yours faithfully,

for HUZOOR SECRETARY,
GWALIOR DURBAR.

BNM/

To

Pandit Shrikrishna Ballabhacharya,
Nageshwar Pathshala,
Patni Tola
Benares City.

सर हीज हाइनेस महाराजा सिन्धिया ग्वालीयर सरकार तरफथी विशेष सन्मान

કુકાવાવના આંગણે

સ્વામીશ્રી વલ્લભાચાર્યની પ્રતિમાની અનાવરણવિધિ

તા. ૨૮ મીના રોજ યોજનારો મહોત્સવ

મોરી કુકાવાવ, તા.૧૩

સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રખર વિ... શ્રીકૃષ્ણવલ્લભાચાર્યની પ્રતિમાનો અનાવરણવિધિ મહોત્સવ તા. ૨૮-૧૦-૭૫ના રોજ યોજવાનો નક્કી ખાત નિર્ણય લેવામાં આવ્યો છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જુદી જુદી સમિતિઓની રચના કરવામાં આવી છે.

આપણા મહાન સ્વાતંત્ર્યવીરોની જન્મ તિથિ આવે છે. તેમાંથીનો જન્મ કુકાવાવ ખાતે થયો હતો.

અહીં એક વાત આપવું જરૂરી છે કે, સ્વામીજીએ અત્યાર સુધીમાં ૧૮ જેટલા પુસ્તકો સંસ્કૃતમાં લખ્યા છે. તેમના આઠ જેટલા પુસ્તકો મોડાસા-૨૦ તુલસીદીમાં પાઠય પુસ્તક તરીકે દાખલ થયેલ છે. સ્વામીજી અનારસ હિ. યુ. તુલસીદીના એમ.એ. થયા સંસ્કૃતના વિદ્વાન છે. સંસ્કૃત ભાષામાં હિન્દુસ્તાનમાં તેમનો પ્રથમ નંબર છે. સંસ્કૃતની તેર જેટલી ડીગ્રીઓ સ્વામીજીએ મેળવેલ છે. એમના જેવા પ્રખર વિદ્વાન સંતની પ્રતિમાની તેમજ નજીક આવે વતન કુકાવાવમાં મુખ્ય તેમજ તેમના પુત્ર-પુત્રીનું શિષ્ય મંડળ છે એ થી ઉપરી સંપ્રદાયનિ મંડળ ના નામે એમના ભાઈએ તેમજ ગામના કુકાવાવે સમસ્ત ગામના કાર્યક્રમ રાખી આ મહોત્સવની ઉજવણી કરાય છે. આ પ્રસંગમાં આમંત્રેલા મુખ્ય પુરુષ, સંસ્થા તથા નગરીક વિગેરે હાજરી વિગેરે ... તા. ૨૭મીના રોજ આવી પહોંચશે તેમજ રાજકોટ-મુંબઈ વગેરે ગામના ઉચ્ચ કક્ષાના સંત મહાત્માઓ અને વિદ્વાનો કુકાવાવના આંગણે પધારનાર છે.

=

।। પ્રકાશ (ન્યુઝ પેપર) તા.૧૩-૧૦-૧૯૭૫ ।।

કુંકાવાવ ગામે હિન્દુસ્તાનમાં પ્રથમ નંબરના મહાન વિદ્વાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના રાષ્ટ્રીય સ્મૃતિ મંદિરમાં મૂર્તિ પધરાવવામાં આવી.

રાજકોટમાં ઉજવાયેલો શ્રીસ્વામીનારાયણ

મંદિરમાં પ્રતિષ્ઠા મહોત્સવ



રાજકોટ તા. ૨૧

... મહારાજ શ્રી સહજાનંદ સ્વામીની ... સ્વામિનારાયણ મંદિરમાં ... પ્રતિષ્ઠા મહોત્સવ ... તા. ૨૮-૧૧-૫૨ ના રોજ ... સ્વામિનારાયણ મંદિર (ભક્તિધામ) માં તૈયાર થયેલા ... અને જાત વિગેરેમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવેલ હતો.

પરમ પૂજ્ય ધર્મધુરંધર ... મહારાજ ૧૦૦૮ શ્રી આનંદપ્રસાદ મહારાજની આજ્ઞાથી તેમના પ્રતિનિધિ તરીકે પધારતા સંસ્થાના સ્વામિનારાયણ મંદિરના પૂજ્ય પ્રેમવદન સ્વામી તથા પૂ. શ્રી ... સ્વામીની ... તથા ... પૂ. શ્રી હરિપ્રસાદજીની ... મહોત્સવ ... ઉજવવામાં આવેલ હતો. આ કાર્યમાં પધારેલા ...

।। જયહિન્દ (ન્યુઝ પેપર) તા.૨૭-૧૧-૧૯૫૨ ।।

રાજકોટમાં શ્રીસ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાનો મહામહોત્સવ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી દ્વારા તા.૬-૧૧-૧૯૫૨ના શુભ દિવસે ઉજવાયો...

ઉત્તર પ્રદેશની સરકાર દ્વારા સ્વામી કૃષ્ણ-વલ્લભાચાર્યનું બહુમાન

કુંકાવાવ તા. ૬: આજથી એક ચોક્કસ વર્ષ પહેલાં જન્મ લેનાર સ્વામી શ્રી કૃષ્ણ વલ્લભાચાર્યનું ઉત્તર પ્રદેશની સરકારે બહુમાન કર્યું છે.

એમણે સંસ્કૃતમાં રચેલા 'તત્ત્વ પ્રકાશિકા' નામના પુસ્તકને ન્યાયના ઉત્તમ મૌલિક ગ્રંથ તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

તા. ૧૦-૨-૭૮ ના રોજ ઉત્તર પ્રદેશની અકાદમીના ઉપક્રમે ગ્રંથનો ખાસ યોજવામાં આવેલ સમારંભમાં હાજર રહેવા આમંત્રણ અપાયું છે. પરંતુ પૃષ્ઠપ્રદેશના કારણે તેઓ હાજર રહી શકે એમ ન હોવાથી અમદાવાદ એ પ્રતિનિધિ મંડળ પ્રમાણપત્રક તથા પુરસ્કાર પ્રાપ્ત માટે ગ્રંથની રવાના કરશે.

।। સંદેશ (ન્યુઝ પેપર)

ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું બહુમાન થયુ...

સંસ્કૃતના પ્રકાંડ પંડિત

શાસ્ત્રીજી શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજીનું ગુજરાત સરકારે કરેલું બહુમાન

જામનગર, તા. ૧૮

જામનગર ખાતે ત્રિદિવસીય મહાન ધર્મ સમ્મેલન પંડિતનાં ત્યા સન્માન પરંપરાને પ્રોત્સાહન સંસ્કૃતના પ્રકાંડ પંડિત શાસ્ત્રી શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજીનું ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ તરફથી સન્માન



જામનગરમાં શાસ્ત્રી શ્રી કૃષ્ણ વલ્લભાચાર્યજી

પત્ર, કિંમતી શાલ, પાંચસો રૂપિયાના ચેકબુક ગોલ્ડ અને પાંચસો રોકડા આપી પ્રમોદિત ભાવ સન્માન કરવા અમરેલી જિલ્લાની જનતા મોદ અને આનંદની લાગણી અનુભવી રહી છે.

આ સન્માન સમારંભ ગાંધીનગર ખાતે રાજ્યના ગવર્નર શ્રી શારદા મુખર્જીના સાન્નિધ્યમાં યોજાયો હતો. શાસ્ત્રીજી નાદુરસ્ત તબિયતને કારણે સમારંભમાં હાજર રહી શકયા ન હોય શિક્ષણ નિયામક શ્રી ચંદ્રમૌલી ગુજરાત રાજ્ય વતી જૂનાગઢ ખાતે જઈ તેમને સન્માનપત્ર, શાલ વગેરે અર્પણ કર્યા હતા.

શાસ્ત્રી કૃષ્ણવલ્લભાચાર્યજીનું ભારતના મહાન પંડિતોમાં ગણના થાય છે. હિમાલય જ્યોતિર્મઠના જગદ્‌ગુરૂ શંકરાચાર્યજીએ શાસ્ત્રીજીને "ભારતભૂષણ"નો ઈલ્કાબ અર્પણ કર્યો હતો. તેમણે ૪૫ જેટલા સંસ્કૃતના ગ્રંથો લખ્યા છે. બનારસ હિંદુ કોલેજમાં તેમણે અભ્યાસ કરી ભવ્ય ન્યાયાચાર્ય, દર્શનાચાર્ય જેવી ૧૪ જેટલી ઉપાધિઓ મેળવી છે. શાસ્ત્રી કૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિનારાયણ સંપ્રદાયના સંત છે.

પૂ. શાસ્ત્રીજીને અર્પણ કરવામાં આવેલા સન્માનપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, "આપે મહાગુજરાત રાજ્યને વિદ્વતાની પરાકાષ્ઠાએ પહોંચાડી મહાન સેવા કરી છે. આપની વિદ્વતા સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ તે બદલ ગુજરાત વિશેષ ગૌરવ અનુભવે છે."

શાસ્ત્રીજીનું સન્માન થતાં અમરેલી જિલ્લા અને જૂનાગઢની જનતા આનંદની લાગણી અનુભવી રહી છે.

॥ જનસત્તા (ન્યુઝ પેપર) તા.૧૯-૧૧-૧૯૭૮ ॥

ભારત દેશ અને ભારતીય સંસ્કૃત તેમજ સંસ્કૃતિની અજોડ સેવા કરવા બદલ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ નું ગુજરાત સરકારે બહુમાન થયુ...

શંકરાચાર્ય ઇન્સ્ટી. તરફથી ડૉ.સ્વામી કૃષ્ણવલ્લભાચાર્યને એનાયત થયેલ પી. એચ ડી.નો પદવી

કુંકાવાવ, તા. ૩૦

કુંકાવાવની પવિત્ર ભૂમિમાં જન્મ લેનાર જૂનાગઢ સ્વામિ મોદરના ડૉ. સ્વામિ શ્રી કૃષ્ણવલ્લભાચાર્યનાં તા. ૨૬-૧૧-૭૮ના રોજ જગતગુરૂ શંકરાચાર્યની ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડોલોજી તથા શંકરાચાર્ય ઈન્સ્ટીટયુટ ઓફ રીચર્સ તરફથી તેમના ન્યાય શાસ્ત્રોમાં મૌલિક તથા પ્રસિધ્ધરૂપે 'નવ્ય પ્રભાવની' ઉપર જગતગુરૂ શંકરાચાર્યજીએ તેમનો પી. એચ. ડી.ની ડીગ્રી અનાયત કરેલ છે. ન્યાયક્ષેત્રમાં આ ડીગ્રી અત્યંત મૌલિક અને કિંમતી ગણાય છે. સ્વામિશ્રી અત્યારે જૂનાગઢ મોદરમાં ચિંતન, મનન અને સ્વાધ્યાયમાં સઘળો સમય વ્યતીત કરી રહયા છે.

સંદેશ (ન્યુઝ પેપર)
તા.૧-૧૨-૧૯૭૮

જગદ્‌ગુરૂ શંકરાચાર્યજીની ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડીલોજી તેમજ રીચર્સ તરફથી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને ડોકટર, પી.એચ.ડી.ની પદવી એનાયત કરાઈ...

વેદશાસ્ત્ર પારંગત પ્રકાંડ પંડિત

શાસ્ત્રી કૃષ્ણવલ્લભાચાર્યજીનું રાજ્યના શિક્ષણ વિભાગે કરેલું સન્માન

ગવર્નરના સાન્નિધ્યમાં યોજાઈ ગયેલો સમારંભ

અમરેલીઃ વેદશાસ્ત્ર પારંગત સંસ્કૃતના પ્રકાંડ પંડિત શાસ્ત્રી શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજીનું ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ તરફથી તાજેતરમાં સન્માન કરવામાં આવ્યું છે.

આ સન્માન સમારંભ ગાંધીનગર ખાતે રાજ્યના ગવર્નર શ્રી શારદા મુખર્જીના સાન્નિધ્યમાં યોજાયો હતો. શાસ્ત્રીજી નાદુરસ્ત તબિયતને કારણે સમારંભમાં હાજર રહી શકયા ન હોય શિક્ષણ નિયામક શ્રી ચંદ્રમૌલી ગુજરાત રાજ્ય વતી જૂનાગઢ ખાતે જઈ તેમને સન્માનપત્ર, શાલ વગેરે અર્પણ કર્યા હતા.

શાસ્ત્રી કૃષ્ણવલ્લભાચાર્યજીની ભારતના મહાન પંડિતોમાં ગણના થાય છે. હિમાલય જ્યોતિર્મઠના જગદ્‌ગુરૂ શંકરાચાર્યજીએ શાસ્ત્રીજીને "ભારતભૂષણ"નો ઈલ્કાબ અર્પણ કર્યો હતો. તેમણે ૪૫ જેટલા સંસ્કૃતના ગ્રંથો લખ્યા છે. બનારસ હિંદુ કોલેજમાં તેમણે અભ્યાસ કરી ભવ્ય ન્યાયાચાર્ય, દર્શનાચાર્ય જેવી ૧૪ જેટલી ઉપાધિઓ મેળવી છે. શાસ્ત્રી કૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામિનારાયણ સંપ્રદાયના સંત છે.

પૂ. શાસ્ત્રીજીને અર્પણ કરવામાં આવેલા સન્માનપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, "આપે મહાગુજરાત રાજ્યને વિદ્વતાની પરાકાષ્ઠાએ પહોંચાડી મહાન સેવા કરી છે. આપની વિદ્વતા સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ તે બદલ ગુજરાત વિશેષ ગૌરવ અનુભવે છે."

શાસ્ત્રીજીનું સન્માન થતાં અમરેલી જિલ્લા અને જૂનાગઢની જનતા આનંદની લાગણી અનુભવી રહી છે.

॥ સમરથ (ન્યુઝ પેપર) તા.૧-૧૨-૧૯૭૮ ॥

ગુજરાતના રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા વિશેષ સન્માન તેમજ હિમાલય જ્યોતિર્મઠના જગદ્‌ગુરૂ શંકરાચાર્યજી દ્વારા 'ભારતભુષણ'નો મહાન ઈલ્કાબ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને અર્પણ થયો...

જુગ જુગ જીવો સંત



ડોકટર શ્રી. કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ
M.A.Ph.D.D.Phil;D.Lit.
શ્રી વૈષ્ણવવિદ્વન્સાર્વભૌમ,
દાર્શનિકપંચાનન, ષડદર્શનાચાર્ય,
ન્યાયવૈશેષિકશાસ્ત્રી
નવ્યન્યાયાચાર્ય, સાંખ્યયોગતીર્થ,
વેદાંતતીર્થ, મીમાંસાતીર્થ, સાહિત્યમનીષી
દાર્શનિકમાર્તંડ, તાર્કિકવાચસ્પતિ,
ભારતભૂષણ, મહામહોપાધ્યાય,
આચાર્યવર્ય,
ભારત મહાગુજરાત રાજ્ય બહુસમાનિત
ઉત્તરપ્રદેશ ભારતરાજ્ય વિશેષ સમ્માનિત
ભાષ્યાદિ (૫૧) ગ્રન્થરચયિતા,
વિશ્વવિખ્યાત, પ્રકાણ્ડ પણ્ડિત :
તા. ૨૦-૧૦-૮૧ના રોજ શ્રી. હરિ શરણાગતિ મંડળે મહારાજશ્રીની ૭૭મી જન્મ જયંતિ દેશ વિદેશમાં ખૂબ ધામધૂમથી ઉજવી અને સમૂહ ભોજનનો કાર્યક્રમ રાખ્યો હતો. સર્વ હરિભક્તોએ ભાગ લીધો હતો.

શ્રી. શ્રી હરિ શરણાગતિ મંડળ
શ્રી. સ્વામિનારાયણ સંપ્રદાય.

જન્મ દિવસ ઉજવાયો.



શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના પ. પૂ. શાસ્ત્રીજી ડો. શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ(M.A.P.H.D.PHIL. D. LIT.) શ્રી વૈષ્ણવ વિદ્વન્સાર્વભૌમ, દાર્શનિક પંચાનના. ષડદર્શનાચાર્ય, ન્યાય-વૈશેષિક શાસ્ત્રી, નવ્યન્યાયાચાર્ય, સાંખ્યયોગતીર્થ, વેદાન્ત તીર્થ, મીમાંસાતીર્થ, સાહિત્યમનીષી દાર્શનિક માર્તંડ, તાર્કિક વાચસ્પતિ ભારત ભૂષણ, મહા મહોપાધ્યાય, આચાર્ય વર્ય, ભારત, મહા ગુજરાત રાજ્ય બહુ સન્માનિત, ઉત્તર પ્રદેશ ભારત રાજ્ય વિશેષ સન્માનિત, ભાષ્યાદી પચ ગ્રન્થ રચયિતા વિશ્વ વિખ્યાત પ્રકાણ્ડ પણ્ડિત એવા મહાન આચાર્ય શ્રી કૃષ્ણ વલ્લભાચાર્યજીની ૭૮ અઠોતેરમી જન્મ જયંતિ જામવણથલીમાં શ્રી હરિશરણાગતિ મંડળના ઉપક્રમે ફુલવાડીમાં ખૂબ ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવી. આ શુભ પ્રસંગે પરદેશ વસતા અહિના સન્સંગીઓ હાજર રહ્યા હતા. જેથી સ્થાનિક ભાવિકોમાં અનેરો ઉત્સાહ જામ્યો હતો.

આ શુભ પ્રસંગે સમૂહ ભોજનનો કાર્યક્રમ પણ રાખેલ હતો. જેનો લાભ સેંકડો દેશ વિદેશના ભાવિકોએ લીધો હતો.

Dr. Shri Krishna
Vallabhacharyaji Maharaj
M.A., Ph.D., D.phil, D.Lit.



Shri vaishnav vidvatsarvabhaum Darshanik Panchanan, Shadadarshanacharya, Nyaya vaisheshik shastri, Navyanyayacharya, Sankhya Yogatirtha, Vedant tirtha, Mimansa tirtha, Sahityamanishi, Tarkik Vachaspati, Bharat Bhushan Mahamahopadhyaya, Honoured by Gujarat State, Honoured by Uttar Pradesh state.

World famous Pukanya pandit on **8th Nov. 1982, 78th Birth date of Shri Vallabhacharya** was celebrated in the country and abroad. Every Hari Bhakta participated in katha kirtan and mass dinner.

Shri Hari Sharanagati Mandal
Shri Swami Narayan Sampradaya.

॥ મુંબઈ સમાચાર (ન્યુઝ પેપર) તા.૩૧-૧૦-૧૯૮૧ • ફુલછાબ (ન્યુઝ પેપર) તા.૧૧-૧૧-૧૯૮૨ • ટાઈમ્સ ઓફ ઈન્ડિયા (ન્યુઝ પેપર) તા.૧૧-૧૧-૧૯૮૨

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની હયાતિમાં તેમના શ્રીહરિશરણાગતિ મંડળના અનેક શિષ્યભકતો તેમની પ્રાગટ્ય તીથિ આસો વદ ૮ ના શુભ દિવસે ધુન-ભજન-કથાવાર્તા- શોભાયાત્રા-મહાઆરતી તેમજ મહાપ્રસાદ દ્વારા મહોત્સવનું આયોજન કરી, સ્વામીશ્રીના વિશેષ આશીર્વાદ પ્રાપ્ત કરતા. આ પ્રમાણે વર્તમાન સમયમાં પણ સ્વામીશ્રીની જન્મજયંતિનો મહોત્સવ ભકતો ધામધૂમપૂર્વક ઉજવે છે.

વિશ્વવંદ્ય વિભૂતિ, વિદ્વદ્વર્ય, પ્રકાંડ પંડિત, મહામહોપાધ્યાય

સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામી શ્રી

કૃષ્ણ વલ્લભાચાર્ય શ્રી











વિદ્યાભ્યાસની પ્રેરણા

જ્ઞાનનું તેડું!



સંતવર્ય નો ચમત્કાર

• શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે વિ.સં.૨૦૪૪ ના મહા વદ ૪ ને શુક્રવારે તા.૨૮-૨-૧૯૮૬ ના પ્રાતઃકાળે સ્વતંત્ર રીતે પોતાના પંચભૌતિક દિવ્ય દેહનો ત્યાગ કરી ધામમાં સિધાવ્યાના સમાચાર જાહેર જનતાની જાણ માટે 'જયહિન્દ ન્યુઝપેપરમાં તા.૧-૩-૧૯૮૬ ના રોજ પ્રથમ પેજમાં' વિસ્તારથી પ્રસિધ્ધ કરવામાં આવ્યા હતા. (આમાં સ્વામીશ્રીનું જીવનચરિત્રનું ટૂંકમાં વાર્ણન તેમજ સ્વામીશ્રીના દેહત્યાગ સમયે થયેલા બે ચમત્કારોનું પાણ વાર્ણન કરવામાં આવેલ)

श्री द्वारकाधीशो विजयते । श्री शारदाम्बा चन्द्रमौलीश्वरौ विजयेतेतराम् ॥

श्री द्वारका शारदा पीठम्



पदवी प्रदान पत्रम्

श्रीमत्परमहंसपरिव्राजकाचार्य पदवाक्यप्रमाण पारावारपारीण यमनियमासनप्राणायामप्रत्याहार ध्यानधारणा-
समाध्यष्टाङ्गयोगानुष्ठाननिष्ठ तपश्चर्याचरणचक्रवर्ति अनाद्यविच्छिन्नगुरुपरम्पराप्राप्त षण्मतस्थापनाचार्य
सांख्यत्रयप्रतिपादक वैदिकमार्गप्रवर्तक सर्वतन्त्रस्वतन्त्र निखिलनिगमागमसारहृदय श्रीमत्सुधन्व-
साम्राज्यप्रतिष्ठापनाचार्य व्याख्यानसिंहासनाधीश्वर श्रीमद्राजाधिराजगुरुभूमण्डलाचार्य
चातुर्वर्ण्यशिक्षक गोमतीतीरवासि श्रीपश्चिमाम्नाय श्रीद्वारकाशारदापीठाधीश्वर श्रीमज्जगद्गुरुशङ्कराचार्य

श्रीअभिनवसच्चिदानन्दतीर्थस्वामिभिः

विद्वद्वर्य : कमलापतयाचार्य श्री कृष्णबन्धुभट्टाचार्याणां

प्रति

प्रत्यग्रब्रह्मैक्यानुसंधानसमन्वित श्रीनारायणस्मरणसंसूचिताशिषः समुल्लसन्तुतराम् ॥ श्रीजगद्गुरूणां
महेश्वरापरावतार श्रीमच्छङ्करभगवत्पूज्यपादाचार्याणां श्रीशारदापीठगोचरा भक्तिरनवधिकश्रेयोनिदानमिति
सार्वजनीनमेतत् ॥ साम्प्रतम्

स्वधर्ममर्यादासंरक्षणे बद्धपरिकराणां भवतां वैकशास्त्रवैशद्यं, ग्रंथाविस्तारं च
आलोक्य प्रमुदितान्तःकरणा वयं भवद्भ्यः

म हा म हो पा ध्या यः

इति सत्पदवीं सम्प्रयच्छामः । इदं च श्रीद्वारकाधीशशारदाम्बाचन्द्रमौलीश्वरप्रसादरूपं सत्पदं
सुवर्णे रत्नमिव स्वनाम्ना संयोजितं भवद्भिर्यत्नेन संरक्षणीयमिति शिवम् ।

श्रीमच्छङ्करभगवत्पूज्यपादाचार्याणां
अवतारसंवत्सराः २८३२
विक्रमसंवत्सराः
ता. 10-12-1976
क्रमाङ्कः २२९८ फाल्गुन
स्वारी मुकाम कुंभकोणम्

श्रीः ।

श्रीमज्जगद्गुरुशङ्कराचार्यः

प्रभाकर प्रेस लिमिटेड, उडपि.

महामहोपाध्याय





प्रगट भगवान श्रीकृष्णवल्लभाचार्यजी महाराज (M.A., Ph.D., D.Phil., D.Litt.,)
अनंत जीवात्माओना कल्याणार्थे कल्याणकारी दिव्य ५७ शास्त्रना रचयिता श्रीश्वेतायनव्यासजी



● પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની વાણી અમૃત જેવી અતિ મીઠાશ ભરેલી હતી.

તેઓ જ્યારે પણ પ્રવચન કરતા હોય ત્યારે તેમની જ્ઞાન-વિજ્ઞાનના રહસ્યોથી ભરપુર મીઠી વાણીથી તમામ શ્રોતાજનોના મન સ્થિર થઈ જતા અને સાથે દરેક શ્રોતાજનોના મનમાં ઉપજતા અનેક પ્રશ્નોના સમાધાન પણ થઈ જતા.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ માત્ર સંસ્કૃત, હિન્દી અને ગુજરાતી જ ભાષાના જાણકાર ન હતા, એ સિવાય પણ તેઓ અંગ્રેજી, મરાઠી, ઉર્દુ આવી અનેક ભાષાના પણ જાણકાર હતા. માટે જ મહારાજની મુલાકાતે આવનાર વ્યકિત જે ભાષા જાણતી હોય તે જ ભાષામાં વાર્તાલાપ કરતા. તેમજ અનેક સભાઓમાં પણ સમય સંજોગ પ્રમાણે વિવિધ ભાષામાં પ્રવચન પણ આપતા.

આવા અદ્‌ભુત દર્શન મહારાજમાં અનેક સંતો તેમજ હરિભકતોએ પણ કર્યા હતા.





મહારાજના આ સ્વરૂપમાં આજાનબાહુના દર્શન થઈ રહ્યા છે.

● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે સર્વ કુંડલીની જાગૃતિ સાથે અષ્ટાંગયોગ સિધ્ધ કર્યો હતો, માટે જ ઘણીવાર તેઓ એક સમર્થ યોગીની જેમ સમાધિ અવસ્થામાં બેસી, બીજા દિવ્ય સ્વરૂપે દેશ-વિદેશમાં વસતા પોતાના શિષ્ય ભકતોને દર્શન આપી મુશ્કેલીના સમયમાં તેમની રક્ષા કરતા.

તેમજ મહારાજમાં ભગવાનપણાની ભાવના ધરાવનાર ભકતના પ્રાણત્યાગના અંતસમયે દર્શન દઈને તેના જીવાત્માને આત્યંતિક મોક્ષમાં લઈ જતા હતા. અને હાલમાં પણ લઈ જાય છે.

નોંધ : શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સ્થાપિત શ્રીહરિશરણાગતિ મંડળના અનેક ભકતો આ સનાતન સત્ય હકીકતના સાક્ષી છે.







● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે પોતાના જીવનમાં અત્યંત કઠીન તપ, જપ, વ્રત કર્યા હતા, જેથી તેઓએ જ્ઞાન-વિજ્ઞાનમાં, વચનસિધ્ધિમાં, સત્યસંપલ્પમાં, તેજમાં, આત્મબળમાં, શરીર સ્વાસ્થ્યમાં વગેરે અનેક પ્રકારની સિધ્ધિઓમાં ઈષ્ટફળ પ્રાપ્ત કર્યુ હતુ.



• શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના જમણા હાથમાં સ્વસ્તિક, ધનુષ, બાણ, મત્સ્ય, ધ્વજ, તેમજ આંગળીઓમાં ચક્ર અને શંખ આદિક દિવ્ય ચિહ્નો હતા. જેના સાક્ષાત દર્શન અનેક હરિભક્તોએ કર્યા છે.

સામુદ્રિક શાસ્ત્રમાં શિવપાર્વતીના સંવાદમાં વર્ણન છે કે, ''જીવાત્માનું આત્યંતિક કલ્યાણ ઇચ્છતા મનુષ્યએ અનેક ચિહ્નોને ધારણ કરનારા શ્રીપરનારાયણને ઓળખી તેની શરણાગતિ સ્વિકારીને સેવા, ભક્તિ કરવી.'' માટે જ અનેક ભક્તોએ મહારાજમાં પરનારાયણના અનેક ચિહ્નોના સાક્ષાત દર્શન કરી તેમની ઉપાસના કરી આલોક પરલોકમાં મહાસુખીયા થાય છે.



● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના બન્ને ચરણારવિંદમાં ઉર્ધ્વરેખા સહિત કુલ ૩૫ દિવ્ય ચિહ્નો હતા. તેમજ આ સિવાય એમના શરીરમાં બીજાપણ અનેક દિવ્ય ચિહ્નો હતા. જેના સાક્ષાત્ દર્શન અનેક ભકતોએ કર્યા છે. (શ્રીલક્ષ્મીનારાયણ સંહિતામાં તેમજ અભિનંદનગ્રંથમાં મહારાજના તમામ ચિહ્નોનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે.)

સામુદ્રિક શાસ્ત્રમાં શિવપાર્વતીના સંવાદમાં એવું વર્ણન છે કે, ''નારાયણના અંશ જ્યારે માનવરૂપે પ્રગટે છે ત્યારે એક, બે કે ત્રણ ચિહ્નોને ધારણ કરનારા હોય છે, પરંતુ અનેક ચિહ્ને ધારણ કરનારા સ્વયં શ્રીપરનારાયણ જ હોય છે.'' માટે જ મહારાજનો શિષ્ય ભકત સમુદાય ચિહ્નોના આધારે તેમને પરબ્રહ્મ પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ માની તેમની શરણાગતિ સ્વીકારી સેવા, પુજા, ભકિત કરી કરી પોતાના જીવાત્માનું અત્યંતિક કલ્યાણ કરે છે.



● ''શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની આ પ્રતિમામાં તેમના શાંત મુખારવિંદની પાછળ તેમની તેજસ્વી દિવ્ય શ્વેત આભા (ઓરામંડળ) ના અદ્‌ભુત દર્શન થઈ રહ્યા છે.

નોંધ :- આ રિયલ ફોટોગ્રાફ છે, આમા કોઈપણ પ્રકારની કોમ્પ્યુટરાઈઝ્ડ કરામત નથી. મહારાજમાં ''સર્વજ્ઞતા, તૃપ્તિ, અનાદિબોધ, સ્વતંત્રતા, નિત્યમલુપ્તદ્રષ્ટિ તેમજ અનંત શકિત જેવા આ છ અસાધારણ ઐશ્વર્ય હતા, જે એમનામાં ભગવાનપણું સિધ્ધ કરે છે.



શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની આ પ્રતિમામાં
તેમના ઉદર પર ''ત્રિવલી રેખા''ના દર્શન થઈ રહ્યા છે.

● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજમાં વિદ્વતા-સુંદરતા અને સુદ્‌ગુણતાનો ત્રિવેણી સંગમ હતો. જેના પ્રતિકરૂપે તેમના ઉદર પર સ્પષ્ટ ત્રિવલી રેખાના પાગ દર્શન થતા. તેમજ મહારાજના ડાબા સાથળમાં ખાપાનું અને લક્ષ્મીજીનું ચિહ્ન હતું. ઉપરાંત તેમના પગમાં બહારના ભાગમાં ત્રાગ ત્રાગ ઘૂંટીઓ પાગ હતી.

અનેક હરિભકતોએ મહારાજના દિવ્યદેહમાં આ ચિહ્નના સાક્ષાત દર્શન કરેલા.

(ભગવાન શ્રીસ્વામિનારાયગના દિવ્યદેહ પર આમાનાં અનેક ચિહ્નો હતા, માટે જ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સ્વયંશ્રીહરિની અનુભૂતિ અનેક હરિભકતોને થાતી હતી.)



● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજમાં ''ભગવાનપણાના અનેક ગુણો, ઐશ્વર્યો, લીલાચરિત્રો તેમજ દિવ્ય ચિહ્ના દર્શન કરીને ઘણા ભકતો તેમને જીવાત્માનું આત્યંતિક કલ્યાણ કરનારા તેમજ દિવ્ય પરમધામની પ્રાપ્તી કરવાનારા સ્વયં પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ'' માની તેમની શરણાગતી સ્વીકારી દિક્ષામંત્ર લઈને પવિત્ર રીતે જીવન જીવીને હંમેશા તેમની સેવાપૂજા કરે છે.

મહારાજના શિષ્યભકતોનો સમુદાય ''શ્રીહરિશરણાગતિ મંડળ'' નામથી પ્રસિધ્ધ છે. આ સર્વભકતો સાથે મળી મહારાજના ભવ્ય શિખરબધ્ધ મંદિરનું નિર્માણ કરી તેમાં પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણની મૂર્તિ પધરાવીને સેવા, ઉપાસના, ભકિત કરે છે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જન્મજયંતિ, સ્વાધામગમન તીથિ, ગુરૂપૂર્ણિમા તેમજ અન્ય ધાર્મિક શુભ દિવસોએ પણ સૌ ભકતો પોતપોતાના ગામ શહેરમાં મંદિરમાં ભેગા થઈ કથા-વાર્તા, યજ્ઞ, તેમજ જમણવારનું આયોજન કરી મહામહોત્સવ ઉજવી પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણને વિશેષ રાજી કરી મહાસુખીયા થઈ પોતાના જીવાત્માનું આત્યંતિક કલ્યાણ કરે છે.



● તિર્થધામ જૂનાગઢમાં આવેલ શ્રીસ્વામિનારાયણ મંદિરમાં ''શ્રીબાલમુકુંદ ભુવન'' નામક આ ભવ્ય મકાનમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ તેમના સંત મંડળ સાથે હંમેશા નિવાસ કરીને રહેતા. માટે આ સ્વામીશ્રીનું મુખ્ય ''ગાદી સ્થાન'' કહેવાય છે. (જે શ્રીહરિશરણાગતિ મંડળે તૈયાર કરાવેલ છે.)

આ પ્રસાદીના મકાનમાં સ્વામીશ્રીની મૂર્તિ પ્રતિમા અને તેમના શાસ્ત્રો તેમજ તેમના વપરાશની અનેક કલ્યાણકારી દિવ્ય વસ્તુઓ સુંદર રીતે રાખવામાં આવી છે. માટે જ અનેક ભકતો આ ગાદી સ્થાનમાં દર્શને આવી આત્મામાં ધન્યતા અને શાંતિનો અનુભવ કરી આશીર્વાદ પ્રાપ્ત કરે છે.



અડસઠ તિર્થમાંનું એક પૌરાણિક મહાતિર્થધામ ''જીર્ણગઢ'' એટલે જૂનાગઢધામ

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે પોતાના જીવનના સૌથી વધારે વર્ષો પવિત્ર ગિરનારની ગોદમાં આવેલ શ્રીસ્વામિનારાયણ મંદિરમાં પોતાના નિવાસ સ્થાન શ્રીબાલમુકુંદ ભુવનમાં પસાર કર્યા હોવાથી જૂનાગઢ મહારાજની કર્મભૂમિ તેમજ મુખ્ય ગાદીસ્થાન માનવામાં આવે છે.

જૂનાગઢમાં આવેલ પ્લાસવા ગામમાં શ્રીશ્વેતાયનબાગ નામક પવિત્ર સ્થળે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના પંચભૌતિક દિવ્યદેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો. અને તેજ અગ્નિસંસ્કારના મહાપ્રસાદીના ઓટા પર જ હાલમાં તેમનું નાનકડું પણ દિવ્ય એવું શ્રીપરમધામસ્મૃતિ મંદિર નું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ મંદિરમાં મહારાજની આરસની નાની દિવ્ય સુંદર મૂર્તિ પધરાવામાં આવેલ છે તેમજ મંદિરની પ્રદક્ષિણામાં મહારાજના લીલાચરિત્રો, કાર્યો, ઉપદેશ, મહિમા તેમજ જીવનચરિત્ર વગેરેનું ભકતોના દર્શન માટે ટૂંકમાં સચિત્ર સુંદર રીતે વર્ણન કરવામાં આવ્યું છે.

તેમજ મહારાજના નખ, કેશ, અસ્થિ, દાઢ, પૂજા, શાસ્ત્રો તેમજ સ્વ ઉપયોગમાં લીધેલ તમામ દિવ્ય કલ્યાણકારી મહાપ્રસાદીની ચીજવસ્તુઓ પણ અહિં મંદિરે ભકતોના દર્શનાર્થે મુકવામાં આવેલ છે.

આ પવિત્રભૂમિ પર મહારાજનો અગ્નિસંસ્કાર થયો હોવાથી એમના જીવનનું સંપૂર્ણ તપ, ઐશ્વર્ય, શકિત દિવ્ય સ્વરૂપે અહિં સમાયેલ હોવાથી આ મહાન તપોભૂમી અનેક જીવાત્માનું કલ્યાણ કરનાર, દુઃખ દુર કરનાર તેમજ અનેક સંકલ્પો પુરા કરનાર સર્વેશ્રેષ્ઠ તિર્થભૂમી બની છે.

અનેક ભકતો અહિં સ્મૃતિ મંદિરે પ્રગટ ભગવાનની મૂર્તિના દર્શન કરી આત્મામાં શાંતિ તેમજ ધન્યતાનો અનુભવ કરી વિશેષ આશિર્વાદ પ્રાપ્ત કરી મહાસુખીયા થાય છે.



પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ

પરમધામાધિપતિ પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ

ગામઃ તિર્થધામ જૂનાગઢ (શ્રી પરમધામ સ્મૃતિ મંદિર)



● અડસઠ તિર્થમાંનું એક પૌરાણિક મહાતિર્થધામ 'લોમશ આશ્રમ- કુમકુમવાપી' એટલે કુંકાવાવ ●

શાસ્ત્રોમા ચારધામ તેમજ અડસઠ તિર્થોનું વર્ણન છે. તેમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જન્મભૂમિ મોટી કુંકાવાવ ગામ એ અડસઠ તિર્થોમાં 'લોમશ આશ્રમ- કુમકુમવાપી' નામક જે પૌરાણિક તિર્થનું વર્ણન કર્યુ છે, એ ગુપ્ત મહાન તિર્થધામ કુંકાવાવ ગામ જ છે. તેનું કથા સાથે વિસ્તારથી વર્ણન સ્વામીશ્રીએ પોતાના સ્વહસ્તે 'શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા' માં કર્યુ છે.

કુંકાવાવ ગામના પાદરમાં બસ સ્ટેન્ડની બાજુમાં ''પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્મૃતિખંડ તેમજ રાષ્ટ્રીય પ્રાસાદ'' નામક આ મંદિરમાં વિ.સં.૨૦૩૨ ની આસો વદ આઠમ- સ્વામીશ્રીની બોતેરમી જન્મજયંતિના પવિત્ર દિવસે તેમના સ્વરૂપ સમાન આરસની સુંદર દિવ્ય મૂર્તિની વેદોકતવિધીથી પ્રતિષ્ઠા ખુબજ ધામધૂમપૂર્વક મહામહોત્સવ કુંકાવાવના નગરવાસીઓએ તેમજ શ્રીહરિશરણાગતિમંડળના ભકતોએ સાથે મળીને કર્યો હતો.

આ મંદિરે આવનાર અનેક ભકતો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની મૂર્તિના દર્શન કરી આત્મામાં શાંતિ અને ધન્યતાનો અનુભવ કરે છે. તેમજ અહિં સ્વામીશ્રીના આશીર્વાદથી ભકતોના અનેક દુઃખ દુર થાય છે. અને સંકલ્પો પણ પુરા થાય છે.

(નોંધઃ આ ઐતિહાસીક ઘટના કદાચ ધર્મજગતમાં પ્રથમ કહી શકાય કે, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની હયાતીમાં જ તેમની જન્મભૂમિમાં ભકતોએ મંદિર બનાવી તેમની મૂર્તિ પધરાવી કાયમ સેવાપુજા કરતા.)



પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ

પરમધામાધિપતિ પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ

ગામઃ તિર્થધામ કુંકાવાવ (સ્મૃતિખંડ તેમજ રાષ્ટ્રીય પ્રાસાદ મંદિર)



શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના સંકલ્પથી નિર્માણ થયેલ શિખરબધ્ધ પરમધામ કુલવાડી મંદિર

જામનગર જીલ્લામાં આવેલ જામવાણથલી નામક આ ગામ એ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની લીલાચરિત્રોની ભૂમી કહેવાય છે. કારણ કે જામવાણથલીમાં મહારાજે સતત ત્રણ વર્ષ સુધી શ્રીસ્વામિનારાયણ મંદિરમાં રહીને ત્યાના અનેક ભકતોના દુઃખો દુર કરીને સંકલ્પો પુરા કરીને મહાસુખીયા કર્યા છે. તેમજ ગામના ઘરે ઘરે પધરામણી કરી અને કથાવાર્તાઓ દ્વારા સૌને સત્સંગનો ખુબ જ લાભ આપ્યો છે. ઉપરાંત અનેક લીલાચરિત્રો પણ કર્યા છે.

જામવાણથલી ગામમાં કંકાવટી નદીના કિનારે કુલવાડી નામક દિવ્યભૂમિ પર મહારાજેના સંકલ્પથી તેમના શ્રીહરિશરણાગતિ મંડળના શિષ્યભકતોએ સુંદર ભવ્ય અને દિવ્ય શિખરબધ્ધ મંદિરનું નિર્માણ કર્યુ છે. વિ.સં.૨૦૫૨ ના તા.૨૭-૧૦-૧૯૯૬ આસો વદ ૮ ના મહારાજેના જન્મજયંતિના શુભ દિવસે ધામધૂમપૂર્વક મહામહોત્સવ કરીને આ મંદિરમાં પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ એટલે કે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની પંચધાતુની મૂર્તિમાં વેદોકત વિધીથી પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી છે.

અહિં મંદિરે દર્શને આવનાર અનેક ભકતો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની દિવ્ય અદ્‌ભૂત સુંદર મૂર્તિના દર્શન કરીને આત્મામાં શાંતિ અને ધન્યતાનો અનુભવ કરે છે. તેમજ અહિં મહારાજના આશીર્વાદથી ભકતોના દુઃખો દુર થાય છે અને સંકલ્પો પુરા થાય છે.



પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ

પરમધામાધિપતિ પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ

ગામઃ તિર્થધામ જામવાણથલી (શ્રી પરમધામ-કુલવાડી મંદિર)



શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના સંકલ્પથી નિર્માણ થયેલ શિખરબધ્ધ બ્રહ્મપેલેસ મંદિર

● અડસઠ તિર્થમાંનું એક પૌરાણિક મહાતિર્થધામ 'લોમશ આશ્રમ- કુમકુમવાપી' એટલે કુંકાવાવ ●

શાસ્ત્રોમા ચારધામ તેમજ અડસઠ તિર્થોનું વર્ણન છે. તેમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જન્મભૂમિ મોટી કુંકાવાવ ગામ એ અડસઠ તિર્થોમાં 'લોમશ આશ્રમ- કુમકુમવાપી' નામક જે પૌરાણિક તિર્થનું વર્ણન કર્યુ છે, એ ગુપ્ત મહાન તિર્થધામ કુંકાવાવ ગામ જ છે. તેનું કથા સાથે વિસ્તારથી વર્ણન સ્વામીશ્રીએ પોતાના સ્વહસ્તે 'શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા' માં કર્યુ છે.

અમરેલી જીલ્લાના મોટી કુંકાવાવ ગામની આ પવિત્રભૂમિ પર વિ.સં.૧૯૬૧ ના આસો વદ ૮ ને શનિવારે તા.૨૧-૧૦-૧૯૦૫ ના પ્રાતઃકાળે ૪:૪૨ મીનીટે પટેલ સમાજના દિવ્ય દેવાણી કુળ પિતા ગોપાલકૃષ્ણ અને માતા કંભરાલક્ષ્મીના ખોળે મહારાજનું પ્રાગટ્ય થયું. તેમનું બાળપણ નામ કુંવરજી હતું. ઈ.સ. ૧૯૦૫ થી ૧૯૧૬ સુધીના બાલ્યાવસ્થાના આ બાર વર્ષનો સમય મહારાજે કુંકાવાવમાં વ્યતિત કર્યો. પછી તેઓ ગૃહત્યાગ કરી સંત થવા જૂનાગઢ પધાર્યા હતા.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના સંકલ્પથી કુંકાવાવધામમાં નવ નવ શિખરનું ભવ્ય અને દિવ્ય બ્રહ્મપેલેસ નામક મંદિર નિર્માણ શ્રીહરિશરણાગતિ મંડળના ભકતોએ સાથે મળીને કર્યુ છે. તેમજ તેમાં પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ એટલે કે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની પંચધાતુની મૂર્તિમાં વેદોકત વિધીથી પ્રાણપ્રતિષ્ઠા વિ.સં. ૨૦૬૫ ના વૈશાખ સુદ ૭ ના શુક્રવારે તા.૧-૫-૨૦૦૯ ના રોજ ખુબજ ધામધૂમથી મહામહોત્સ દ્વારા કરવામાં આવી છે.

અહિં મંદિરે દર્શને આવનાર અનેક ભકતો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની દિવ્ય અદ્‌ભૂત સુંદર મૂર્તિના દર્શન કરીને આત્મામાં શાંતિ અને ધન્યતાનો અનુભવ કરે છે. તેમજ અહિં મહારાજના આશીર્વાદથી ભકતોના દુઃખો દુર થાય છે અને સંકલ્પો પુરા થાય છે.



પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ

પરમધામાધિપતિ પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ

ગામઃ તિર્થધામ કુંકાવાવ (શ્રી બ્રહ્મપેલેસ મંદિર)





શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની મહાનતા તેમનું જીવન હતું, પવિત્રતા તેમની ભક્તિ હતી, ઉપાસના તેમનું જ્ઞાન હતું, દૈવત્વ તેમની પવિત્રતા હતી. તેથી આવા દૈવી પરમપુરૂષ દર્શન માત્રથી જ જીવન ધન્ય બની જતું.

માટે જ મહારાજનું આવું દિવ્ય અદ્‌ભુત તેમજ કલ્યાણકારી પવિત્ર જીવન નવી પેઢી માટે નૈતિક તેમજ ધાર્મિક સંસ્કારો માટે તેમજ જીવન ઘડવા માટે ત્યાગી સંત અને મુમુક્ષ ગૃહસ્થ બન્ને માટે જબરદસ્ત પ્રરણાદાયક તેમજ દ્રષ્ટાંતરૂપ છે.



(પરમધામાધિપતિ પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણના સ્વધામગમન દર્શન)

● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ૮૧ વર્ષ સુધી આ પૃથ્વી પર રહ્યા. વિ.સં. ૨૦૪૪ ના મહા વદ ચોથ ને શુક્રવારે તા. ૨૮-૨-૧૯૮૬ ના રોજ પ્રાતઃકાળે બ્રાહ્મમુહુર્તમાં પોતે સ્નાનાદિ, પુજાપાઠ આદિક નિત્ય કર્મથી પરવારી પોતાના ગુરૂ બાલમુકુંદસ્વામીએ પ્રસાદીરૂપે આપેલ ગરમ ઉનની સાલ એ જમીન પર પાથરીને તેના પર સુઈને માથે ચાદર ઓઢીને મંત્રજાપ કરતા માળા ફેરવતા સ્વતંત્ર રીતે જૂનાગઢ મંદિરના પોતાના નિવાસ સ્થાનમાં પંચભૌતિક દેહનો ત્યાગ કરી પરમધામમાં સિધાવ્યા.





● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના વિદાયના - ધામમાં સીધાવ્યાના દુઃખદ સમાચાર સાંભળીને તેમના અંતિમ દર્શન માટે અનેક ગામડા-શહેરોમાંથી તેમજ દેશ-વિદેશથી અનેક વિદ્વાન પંડિતો સંતો તેમજ હરિભકતોનો પ્રવાહ તેમજ જૂનાગઢના નગરવાસીઓનો પાણ રાતદિવસ સતત ચાલુ રહેવાથી ત્રાણ દિવસ સુધી મહારાજના દિવ્ય દેહને જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં તેમના નિવાસ સ્થાન પાસે રાખવામાં આવ્યો હતો. તેમજ શ્રધ્ધાંજલી સભા યોજવામાં આવી હતી.





● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના દિવ્યદેહની અંતિમયાત્રામાં હજારોની સંખ્યામાં ગામડા શહેરોમાંથી તેમજ દેશ-વિદેશથી અનેક વિદ્વાન પંડિતો, સંતો, હરિભકતોનો તેમજ જૂનાગઢના નગરવાસીઓએ જોડાઈને મહારાજને અશ્રુભીની આંખે ભાવભીની વિદાય આપી હતી.







● તીર્થધામ જૂનાગઢના પ્લાસવા ગામે આવેલ ''શ્રીશ્વેતાયનબાગ'' નામક જે પવિત્રભૂમિ પર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના દિવ્ય પંચભૌતિક દેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો, તે તપોભૂમિ પર વર્તમાન સમયમાં મહારાજનું નાનકડું દિવ્ય શ્રી પરમધામ સ્મૃતિમંદિર છે.

પરંતુ ભવિષ્યમાં પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણના આ મહાપ્રસાદીના સ્થાન પર શિખરબધ્ધ મંદિર, એમનું જીવનચરિત્ર અને પ્રસાદીની વસ્તુઓનું સુંદર મ્યુઝીયમ, ભકતો માટે ઉતારા તેમજ ભોજનાલય ઉપરાંત ગૌશાળા તેમજ સુંદર બગીચો આ સર્વ સત્કાર્યો કરવાનો સંકલ્પ છે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના સંકલ્પ અને કૃપાથી ભવિષ્યમાં યોગ્ય સમયે જરૂર આ સર્વે કલ્યાણકારી શુભકાર્યો ભકતોના તન-મન-ધન તેમજ સર્વપ્રકારના સાથ સહકારથી અવશ્ય પૂર્ણ કરવામાં આવશે.

(પટેલ સમાજ) દેવાણી કુળ પરંપરા દર્શન



વિશ્વવંદનિય પૂજ્ય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના
પટેલ સમાજના આ પવિત્ર દેવાણી કુળમાં
મારો જન્મ થયો તે બદલ હું ખુબ જ ધન્યતાનો અનુભવ કરૂ છું

શ્રી ગુરુ પરંપરા દર્શન



શ્રી રામાનુજાચાર્ય



શ્રી રામાનંદ સ્વામી



શ્રી સહજાનંદ સ્વામી
ભગવાન શ્રી સ્વામિનારાયણ



શ્રી ગુણાતીતાનંદ સ્વામી



શ્રી બાલમુકુંદ સ્વામી



વિશ્વવંદનિય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ (જૂનાગઢ મંદિર)
(M.A., Ph.D., D.Phil., D.Litt.)



પ.નિ. શ્રી સ્વયંપ્રકાશ સ્વામી



પ.નિ. અનાદિ મહામુક્તરાજ
પાર્ષદવર્ય શ્રી હેમંત ભગત



શ્રી આત્મપ્રકાશ સ્વામી



પ.નિ. શ્રી દેવપ્રકાશ સ્વામી



પ.નિ. જ્ઞાનપ્રકાશ સ્વામી



શ્રી શ્વેતાયનપ્રકાશ સ્વામી



શ્રી કૃષ્ણપ્રકાશ સ્વામી
તેમજ
પાર્ષદવર્ય શ્રી રમેશ ભગત

॥ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સ્થાપિત શ્રીહરિ શરણાગતિ મંડળ ॥

''ॐ અનાદિશ્રીકૃષ્ણનારાયણાય નમઃ''

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ
તેમજ તેમના શિષ્ય સંતમંડળ અને શ્રીહરિશરણાગતિ મંડળના રાજીપાર્થે
આ કલ્યાણકારી ''અભિનંદન ગ્રંથ'' સોને કૃષ્ણાર્પણ...



પ્રગટ ભગવાન
શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ
(અનાદિશ્રીકૃષ્ણનારાયણ)



પ.નિ.સ્વામીશ્રીસ્વયંપ્રકાશદાસજી



પ.નિ.સ્વામીશ્રીઆત્મપ્રકાશદાસજી



પ.નિ.સ્વામીશ્રીદેવપ્રકાશદાસજી



પ.નિ.સ્વામીશ્રીજ્ઞાનપ્રકાશદાસજી



પ.નિ.પાર્ષદવર્ય શ્રીહેમંતભગત



પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના
લોકકલ્યાણ માટેના અનેક સત્યસંકલ્પો પુર્ણ કરવા
માટેનું તમામ સમાર્થ્ય અમને પ્રાપ્ત થાય એવા શુભ
હેતુથી આ કલ્યાણકારી ''અભિનંદન ગ્રંથ''
પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ તેમજ
તેમના સમસ્ત શ્રીહરિશરણાગતિમંડળને
પ્રેમભાવપૂર્વક કૃષ્ણાર્પણ કરીએ છીએ.



લી.શ્રીકૃષ્ણપ્રકાશસ્વામી
ગુરૂઃ પ.નિ.પૂ.આત્મપ્રકાશદાસજીસ્વામી
શ્રીપરમધામ સ્મૃતિમંદિર-ગાદી સ્થાનઃ જૂનાગઢધામ

વિશ્વવંદનિય શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના ગુણાનુવાદનો ગ્રંથ એટલે "અભિનંદન ગ્રંથ"

- વિશ્વના જીવોના કલ્યાણાર્થે જ્ઞાનવિજ્ઞાનસુધાસાગરમાં વિશ્વને રસાસ્વાદન આપવા, સંસ્કૃત સાહિત્યને સુલભ કરવા, નવા દર્શન રચવા પ્રકાંડ પંડિતવર્ય શ્રીસ્વામીજીનો ભગીરથ પ્રયત્ન છે. આવા આચાર્યવર્ય યુગોયુગોમાં સૈકે સૈકે ભારતમાતા ઈચ્છે છે...

  - ધર્માચાર્ય શ્રી૧૦૦૮ જગદ્‌ગુરૂ શંકરાચાર્યજી સ્વામી શાંતાનંદસરસ્વતીજી મહારાજ
  જ્યોતિર્મઠ, હિમાલય

- સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું સન્માન એ સમગ્ર રાષ્ટ્રનું સન્માન છે. વિદ્વાનો, સંતો, મહાપુરુષો એ સર્વે દેશના સહિયારા છે તેથી તે ઉપર કોઇ એક જ દેશનો અધિકાર હોઇ શકે નહી. સ્વામીશ્રી જન્મે ભારતીય છે પણ સમસ્ત વિશ્વ તેમના જેવા ગૌરવશાળી સંત ઉપરથી ગૌરવ લઇ શકે, અપાનવી શકે અને બોધપાઠ શીખી શકે, એવા સંત ઓલીયાને મારા અભિનંદન છે...

  - ડો.ફકરૂદીન અલીઅહમદ (ભારતના રાષ્ટ્રપતિ)
  રાષ્ટ્રપતિભવન, નવી દિલ્હી

- સ્વામીજી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનું સન્માન કરવું સમગ્ર દેશના વિદ્વાનોનું સન્માન કરવા બરાબર છે. તેઓ પવિત્રતા અને પાવનતાના પ્રતિક છે. ભારતના આ પવિત્ર સેવકને યુગો યુગો સુધી ભારતની નવી પેઢી સ્મરણ કરતી રહેશે...

  - શ્રીમતી ઈન્દિરાબેન ગાંધી (ભારતના વડાપ્રધાન)
  નવી દિલ્હી

- દેશના વિદ્વાનોમાં ઉચ્ચ કક્ષાના વિદ્વાન સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને અનેક વિદ્વાનો સન્માન આપે છે. આવા વિદ્વાનો સંપ્રદાયના ધ્રુવ તારા છે, સૂર્ય છે, અંજવાળા આપે છે, તેમજ જનતાને પવિત્ર પણ રાખે છે...

  - શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ (ગુજરાતના મુખ્યમંત્રી)
  ગાંધીનગર

- રાષ્ટ્રને શાંતિ આપનારા આ મહાપુરૂષ સરસ્વતીના મહાન ઉપાસક, સાધક, અમૃતપુરૂષ સંત, મહાપ્રજ્ઞાશીલ તેજસ્વી, સારસ્વત, અદ્‌ભુત વિભુતિ છે. એમણે શાસ્ત્રો દ્વારા, ભકિત દ્વારા, ત્યાગાશ્રમ દ્વારા સમાજની ઘણી સેવા કરીને ભારતની શ્રી દિપાવી છે...

  - શ્રી કે.કે. વિશ્વનાથન (ગુજરાતના રાજયપાલ)
  મુંબઇ

- સ્વામીશ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ દિવ્યદ્રષ્ટિ સમ્પન્ન સર્વદ્રષ્ટા મહાપુરૂષ છે. એમણે ધર્મ સંપ્રદાય શાસ્ત્ર અને ઈતિહાસોનો સમન્વય કરેલ છે, આધ્યાત્મિક અને દૈવી તત્વોને અભેદતા પમાડીને જનતા માટે વ્યકત કર્યા છે. માટે ભારતમાં મહાન અન્વેષક સ્વતંત્ર મહાભાગવત સર્વથા વંદનીય શ્રીસ્વામીજી અભિનંદનને પાત્ર છે...

  - પદ્મભુષણ મહામહોપાધ્યાય કે.કા.શાસ્ત્રી
  અમદાવાદ